भारतनी देवीओ

ग्रंथ बीजो

(પ્રાચીન અને ઐતિહાસિક ૨૪૯ ચરિત્ર)

આની છાપેલી [illegible] કિંમત લીધી [illegible]

[illegible]

प्रयोजक: स्व० शिवप्रसाद दलपतराम पंडित
मुकाम-कोटा, रजपूताना

सस्तु साहित्य वर्धक कार्यालय माटे
संपादक अने प्रकाशक: भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ ત્રીજી, પૃષ્ઠ ૭૩૨, પ્રત ૫૫૦૦, સં. ૧૯૯૫
ત્રણે ગ્રંથનું મૂલ્ય રૂ. ૬), પોસ્ટેજ જુદું
છૂટક દરેક ગ્રંથના રૂપિયા ૨॥

ॐ

भारतनी देवीओ

ग्रंथ बीजो

(પ્રાચીન અને ઐતિહાસિક ૨૪૯ ચરિત્ર)

આની છાપેલી અરધી કિંમત લીધી
સસ્તુ સાહિત્ય વ૦ કા૦ અમદાવાદ.

प्रयोजक : स्वर्गस्थ शिवप्रसाद दलपतराम पंडित
मुकाम कोटा, रजपूताना

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशक : भिक्षु अखंडानंद
અમદાવાદ અને મુંબઈ-૨

આવૃત્તિ ત્રીજી, પૃષ્ઠ ૭૩૨, પ્રત ૫૫૦૦, કુલ ૧૧૧૦૦
ત્રણે ગ્રંથના અમદાવાદમાં રૂ. ૬, અન્યત્ર ૬॥
છૂટક દરેક ગ્રંથના રૂપિયા ૨॥

અમદાવાદ–"સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

प्रकाशकनुं निवेदन

જનસમાજના પુણ્યયોગે 'ભારતનાં સ્ત્રીરત્નો' ની આ ત્રીજી આવૃત્તિ પ્રકટ થાય છે. આ ગ્રંથની આ અગાઉની બન્ને આવૃત્તિઓ 'ભારતનાં સ્ત્રીરત્નો'ના નામથી પ્રસિદ્ધ થયેલી; પરંતુ આ ત્રીજી આવૃત્તિ 'ભારતની દેવીઓ'ના નામથી પ્રસિદ્ધ થાય છે. 'કૃતરાજ-દુહિતા, વિષ્ણુમતી, કલ્યાણી, ચંગાવતી અને અંબરીષની રાણી' એ પાંચ રત્નો આ અગાઉની બીજી આવૃત્તિમાં ત્રીજા ગ્રંથમાં અપાયાં હતાં, તે આ ગ્રંથના છેવટનાં પૃષ્ઠોમાં અપાયાં છે; આથી બીજી આવૃત્તિમાં કુલ ૨૪૪ રત્નો આપવામાં આવ્યા હતા તેને બદલે આ આવૃત્તિમાં કુલ ૨૪૯ રત્નો અપાયાં છે.

આ ગ્રંથનું શુદ્ધિપત્ર પાન ૧૮ ઉપર આપેલું છે, તે મુજબ પ્રથમ સુધારી લીધા પછીજ ગ્રંથ વાંચવો ઘટે. આ પછી લેખકની પહેલી તથા બીજી આવૃત્તિનાં નિવેદનો અપાયાં છે તે તરફ વાચક બંધુઓનું ધ્યાન ખેંચી हरिः ॐ तत् सत्

શ્રાવણ, બજેવ, સંવત ૧૯૯૫ —ભિક્ષુ અખંડાનંદ

લેખકની બીજી આવૃત્તિની પ્રસ્તાવના

ઉત્સાહી પ્રકાશકની કૃપાથી 'ભારતનાં સ્ત્રીરત્નો' ગ્રંથ બીજાની દ્વિતીયાવૃત્તિ પણ પ્રથમ ભાગની સાથે સાથેજ સહૃદય વાચકોના કર-કમળમાં રજૂ થઇ છે.

પ્રથમાવૃત્તિમાં બૌદ્ધ સન્નારીઓનાં જે ચરિત્રો પ્રથમ તથા તૃતીય ગ્રંથમાં હતાં, તે આ આવૃત્તિમાં આ ગ્રંથના આરંભમાંજ આપવામાં આવ્યાં છે. એ બૌદ્ધ વિભાગમાં નવાં ચરિત્રો ઉમેરાયાં છે તથા ઘણાંખરાં ચરિત્રો પુનઃ સંશોધિત થયાં છે. શોક માત્ર એટલોજ છે કે કાવ્ય–દેવીની કૃપા આ ક્ષુદ્ર લેખક ઉપર નહિ હોવાથી 'ગાથા' લખનારી એ પ્રતિભાશાળી થેરીઓની કવિતાનો પદ્યાત્મક અનુવાદ આપીને વાચકોની રસવૃત્તિ તૃપ્ત કરી શકાઇ નથી. ગુજરાતના કોઈ વિદ્વાન કવિ એ કાર્ય ઉપાડી લેશે તો ગુજરાતી સાહિત્યમાં એક સારો ઉમેરો થશે. બૌદ્ધ ધર્મ કેવો હતો, તેના મુખ્ય સિદ્ધાંત શા હતા તે સમજાવવા આરંભમાંજ શ્રદ્ધેય આનંદશંકરભાઇના 'ધર્મવર્ણન' ગ્રંથને આધારે એક નાનો સરખો ઉપોદ્ઘાત લખવામાં આવ્યો છે તથા પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં પણ એ વિષય ઉપર પૂરતું વિવેચન કરવામાં આવ્યું છે.

આ ગ્રંથમાંનાં અન્ય ચરિત્રો મુસલમાનોએ ભારત ઉપર વિજય મેળવ્યો તે સમયની લગભગનાં છે. ભારતની અવનતિનો એ યુગ છે, એ તો નિર્વિવાદ છે. પ્રાચીન આર્યોના હૃદયમાં રહેલા જ્ઞાન, વૈરાગ્ય, શૌર્ય, સ્વદેશાભિમાન આદિ સદ્‌ગુણો પ્રાયઃ લુપ્ત થતા જતા હતા અને એને બદલે કુસંપ, દ્વેષ, નિરક્ષરતા, વહેમ, વિલાસપ્રિયતા આદિ દુર્ગુણો ઝડપથી પગપેસારો કર્યે જતા હતા. એ અધઃપતનના કાળમાં પણ ભારતની નારીઓએ સતીત્વ, સ્વદેશભક્તિ, સ્વાર્થત્યાગ, વીરતા અને જ્ઞાનપિપાસાનો જે પરિચય આપ્યો છે તે સર્વ રીતે એમને શોભારૂપ અને આપણે માટે ગર્વનું કારણ છે.

આ આવૃત્તિમાં મુસલમાન સન્નારીઓનાં ચરિત્રો પહેલી આવૃત્તિ કરતાં અધિક સંખ્યામાં તથા જરા વિસ્તારથી આપવામાં આવ્યાં છે. પ્રથમાવૃત્તિની પ્રસ્તાવનામાં મેં ઇ૦ સ૦ ૧૯૧૨ માં લખ્યું હતું કે, "આપણા દેશની હાલની સ્થિતિ જોતાં દેશમાં વસતી વિવિધ પ્રજાઓ હિંદુ, મુસલમાન, પારસી, શીખ, જૈન આદિમાં પરસ્પર એકતા અને સહાનુભૂતિ થવાની ઘણી જરૂર છે. એ એકતા અને સહાનુભૂતિ વધારવાના અનેક માર્ગમાંનો એક મુખ્ય માર્ગ એ પણ છે, કે સર્વ પક્ષોએ એકબીજામાં થઇ ગયેલી મહાન વ્યક્તિઓ વિષે વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવું તથા તેમને માટે સન્માનની વૃત્તિ ઉત્પન્ન કરવી." બાર વર્ષના એ અરસામાં હિંદુ–મુસ્લિમ એકતાની આવશ્યકતા, અનિવાર્યતા–ભારતનું હિત હૈડે ધરનાર પ્રત્યેક મનુષ્યને વિશેષ

પ્રતીત થઇ ગઇ છે; અને એ એકતાના બંધનને ઢીલું પડતું જોઇને પુણ્યશ્લોક મહાત્મા ગાંધીજીએ હમણાંજ ૨૧ દિવસનું અનશનવ્રત લીધું હતું; એટલે હિંદુ સન્નારીઓની સાથે મુસ્લિમ રમણીઓનાં ચરિત્ર લખવાના ઉદ્દેશના બચાવમાં વધારે લખવાનું કાંઇજ રહેતું નથી. સંક્ષેપમાં એટલુંજ કહેવું બસ છે કે, ભારત એકલા હિંદુનું નથી, પણ એમાં વસતી પ્રત્યેક જાતિનું છે. વિદેશી મુસલમાન વિજેતાઓએ ભારતવાસીઓ ઉપર અનેક અત્યાચાર કર્યા હશે, પણ સ્વદેશને છોડીને સદાને માટે ભારતનેજ પોતાનું વતન માનવામાં, ભાષા અને રહેણીકરણીમાં તથા બીજી અનેક બાબતોમાં જિતાયલી પ્રજા પાસેથી ગ્રહણ કરવામાં એમણે જે ઉદારતા બતાવી છે તે તો પ્રશંસનીયજ છે. એથી ભારતનો અઢળક પૈસો બહાર જતાં બચી ગયો છે. રાતદિવસ સાથે રહેવાથી એકબીજાની અસર બન્ને કોમ ઉપર સંગીત, કળા, ભાષા, સાહિત્ય, રિવાજ, ધર્મ, પહેરવેશ અને અને ભોજન સુધ્ધાંતમાં થયા વગર રહી નથી. પ્રોફેસર બળવંતરાય ક. ઠાકોરે અમદાવાદની સાહિત્ય પરિષદના ઇતિહાસ વિભાગના પ્રમુખ સ્થાનેથી આપેલા ભાષણમાં જણાવ્યું હતું તેમ "મુસલમાન અને હિંદુ સંસ્કૃતિના નિકટ સંબંધમાંથી જે મહાભારત પરિવર્તનો થઇને આપણી હાલની સંસ્કૃતિની જનેતા એટલે હિંદની મધ્યકાલીન સંસ્કૃતિ ઉત્પન્ન થઇ તેનાં મૂળ *મિશ્ર સલ્તનતોમાં છે."

મુસલમાનોમાં પડદાનો રિવાજ હોવાથી સાધારણ રીતે લોકો એમ માનવાની ભૂલ કરે છે કે મુસલમાન રમણીઓ બધી નિરક્ષરજ હશે. આ ગ્રંથમાં આપેલાં મુસલમાન વિદુષીઓનાં અનેક ચરિત્રો એ માન્યતાને દૂષિત સાબિત કરશે. 'અસૂર્ય–સ્પર્શા' મનાતી છતાં ઉચ્ચ અને મધ્યમ વર્ગની મુસલમાન બાળાઓને માનસિક વિકાસ કરવાનાં પુષ્કળ સાધનો પ્રાપ્ત હતાં. બાળલગ્નની પ્રથાના અભાવે બાદશાહો, જાગીરદારો અને અમલદારોની કન્યાઓ મોટી વય સુધી અંતઃપુરમાંજ રહી જ્ઞાનચર્ચા કરતી. સાહિત્ય, સંગીત અને કળા પ્રત્યે મોગલ યુગમાં સ્ત્રીઓની અધિક રુચિ હતી. સુંદર કવિતા લખવા માટે અનેક યુવતીઓએ એ કાળમાં વિખ્યાતિ મેળવી છે.

સંસ્કૃત કવયિત્રીઓમાંથી પણ અનેકનાં ચરિત્ર આ ગ્રંથમાં આપવામાં આવ્યાં છે. વૈદિક યુગની મંત્રદ્રષ્ટ્રીઓની વાત બાજુએ મૂકીએ તોપણ આ ગ્રંથમાં વર્ણવેલી થેરીઓ અને ઇંદુલેખા, નાગમ્મા, ફલ્ગુહસ્તિની, મોરિક્કા, સુભદ્રા આદિ અનેક સન્નારીઓનાં

---

* બંગાળ, જોનપુર, માળવા, ગુજરાત અને ગુલબર્ગ તથા નિઝામશાહી આદિ સલ્તનતોને પ્રો. ઠાકોર મિશ્રરૂપની સલ્તનતો ગણે છે અને તે પહેલાંની કુતુબુદ્દીનથી માંડીને ઇ. સ. ૧૫૫૬ સુધીનીને 'છાવણીશાહી' નામ આપે છે.

ચરિત્રો જોતાં જણાશે કે સુધરેલા ગણાતા ઈંગ્લેંડમાં સ્ત્રી–કવિઓનો આવિર્ભાવ છેક મધ્યકાળ સુધી નહોતો થયો (હું ભૂલતો ન હોઉં તો પ્રથમ અંગ્રેજી કવયિત્રીનો કાળ ૧૫૨૦–૪૬ છે), ત્યારે આપણે ત્યાં સૈકાઓ અગાઉ, ઘણી ઉચ્ચ પ્રકારની પ્રતિભાશાળી કવયિત્રીઓ ઉત્પન્ન થઈ છે. આપણે માટે એ ઓછા ગૌરવની વાત નથી.

આ ગ્રંથમાં આપેલાં એ ચરિત્રોને માટે મુખ્યત્વે સ્વર્ગસ્થ ભાઈ રણજિતરામના એક લેખને આભારી છું. મારી સર્વ કૃતિઓમાં એ બંધુ એટલો બધો રસ લેતા અને મારા હાથે અનેક જીવનચરિત્રો લખાય એવી અભિલાષાથી વગર પૂછયે એટલી બધી કિંમતી સૂચનાઓ કરતા કે આ પ્રસ્તાવના લખતાં અશ્રુભીની આંખે એમનું પુણ્યસ્મરણ થયા વગર રહેતું નથી. પ્રભુ એમના આત્માને સદ્‌ગતિ આપો.

કવયિત્રીમાંથી અનેકનાં જીવનનો પરિચય બહુજ સંક્ષિપ્ત છે, તેને માટે લાચાર છું. આશા છે કે એ નામસૂચનથી પ્રેરાઈ ભવિષ્યમાં શોધક બુદ્ધિવાળા વિદ્વાનો એમના જીવનનો વિશેષ વૃત્તાંત ગુજરાતની સમક્ષ મૂકશે. પ્રથમાવૃત્તિ સમયે કેટલાંક ટૂંકાં ચરિત્રો માટે કોઈ કોઈ વિવેચકો તરફથી એવો આક્ષેપ થયો હતો કે સંખ્યા વધારવા ખાતરજ એવાં ચરિત્રો આપવામાં આવ્યાં છે. હું એવી ટીકા કરનાર બંધુઓને ખાતરી આપું છું કે, એવો ઉદ્દેશ મારો કદી પણ નથી. ઉપર જણાવ્યું તેમ એ ટૂંકા પરિચયો માર્ગસૂચક બની ભવિષ્યના લેખકોને વધારે શોધખોળ કરવા પ્રેરે એજ મારો ઉદ્દેશ હતો અને હજુ પણ છે. × × ×

નવલકથા અને નાટકોના અનેક લેખકોએ વાચકોના વિનોદ પ્રત્યે વિશેષ લક્ષ્ય આપીને આ ગ્રંથમાં વર્ણવેલી અનેક હિંદુ તથા મુસ્લિમ રમણીઓને અન્યાય કર્યો છે અને એ કલ્પનામિશ્રિત કથાઓને ભોળા વાચકો ઇતિહાસ માનવાની ભૂલ કરે છે. પ્રમાણભૂત ઇતિહાસ ગ્રંથોને આધારે એવી અનેક સન્નારીઓનાં ચરિત્રોને થયેલો અન્યાય ધોઈ નાખવા યત્કિંચિત્ પ્રયાસ આ ગ્રંથમાં મેં કર્યો છે.

આ બીજા ભાગનું સંશોધન અવકાશના અભાવે મારાથી ઇચ્છાઅનુસાર થઈ શક્યું નથી તેને માટે ક્ષમા ચાહું છું. ભવિષ્યમાં ત્રીજી આવૃત્તિ કાઢવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે તો આ ગ્રંથમાંનાં ચરિત્રો પણ વધારે આકર્ષક સ્વરૂપમાં રજૂ થશે. અંતમાં સા૦ શ્રી૦ નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, સા૦ શ્રી૦ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી આદિ વિદ્વાનોએ પોતાની કૃતિઓના ઉતારા આ ગ્રંથમાં કરવાની ઉદારતાપૂર્વક પરવાનગી આપી છે, તેમનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

કોટા–રજપૂતાના. આસો માસ
૧૯૮૦ ઑક્ટોબર, ૧૯૨૪ } **શિવપ્રસાદ દલપતરામ પંડિત**

લેખકની પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

'**ભારતનાં સ્ત્રીરત્નો**' નો પ્રથમ ગ્રંથ ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ વડોદરામાં મળી, તે અરસામાં **સસ્તુ સાહિત્યવર્ધક મિત્રમંડળ** તરફથી બહાર પડ્યા પછી, તેનો આ 'બીજો ગ્રંથ' ઘણા થોડાજ સમયમાં ગુર્જર વાચક વર્ગ માટે તૈયાર કરી શકવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. બન્ને ભાગો લગભગ એકજ સાથે લખાયા હતા, એટલે સમયના સંકોચને લીધે લખાણને ફરીથી જોઇ જવાનો પણ અવકાશ મને મળ્યો નથી. એથી ભાષા, શૈલી, જોડણી વગેરેમાં અનેક અશુદ્ધિઓ રહી જવાનો સંભવ છે. આશા છે કે વાચક બંધુઓ અને બહેનો ઉદાર ચિત્તથી એ દોષો માટે મને ક્ષમા કરશે. ઘણા ટૂંકા સમયમાં પુસ્તક સમાપ્ત કરવું પડ્યાથી તેમાં લખેલી સર્વ બીનાઓની ઐતિહાસિક સત્યાસત્યતાનો નિર્ણય કરવાનું, ઇચ્છા હોવા છતાં પણ બન્યું નથી. ગુજરાતના વિદ્વાન ઇતિહાસવેત્તાઓ આમાં રહેલી અસંગતતાઓ અને દોષો ઉપર મારૂં ધ્યાન ખેંચશે તો હું તેમનો ખરા અંતઃકરણપૂર્વક આભાર માનીશ અને આવતી આવૃત્તિમાં એ ભૂલો સુધારવા બનતો યત્ન કરીશ.

આપણા દેશની હાલની સ્થિતિ જોતાં, દેશમાં વસતી વિવિધ પ્રજાઓ-હિંદુ, મુસલમાન, પારસી, શીખ, જૈન આદિમાં પરસ્પર એકતા અને સહાનુભૂતિ થવાની ઘણી જરૂર છે. એ એકતા અને સહાનુભૂતિ વધારવાના અનેક માર્ગમાંનો એક મુખ્ય માર્ગ એ પણ છે કે, સર્વે પક્ષોએ એકબીજામાં થઇ ગયેલી મહાન વ્યક્તિઓ વિષે વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવું તથા તેમને માટે સન્માનની વૃત્તિ ઉત્પન્ન કરવી. આ ઉદ્દેશથી મેં અનેક મુસલમાન સન્નારીઓનાં ચરિત્રોને આ સંગ્રહમાં સ્થાન આપ્યું છે. જનાનામાં વસનારી એ મુસલમાન બહેનોએ વિદ્યા તરફ કેટલી અભિરુચિ દર્શાવી હતી, તથા પ્રસંગ મળ્યે એ વિદ્યાનો ઉપયોગ રાજ્યકારભાર જેવા કઠિન અને દુઃસાધ્ય કાર્યમાં કેવી રીતે કર્યો હતો, તેનું યત્કિંચિત્ જ્ઞાન આમાંનાં કેટલાંક ચરિત્રો વાંચવાથી થશે.

આ પુસ્તક લખવામાં જે પુસ્તકો તથા માસિકોની મદદ લેવામાં આવી છે તેનો ઉલ્લેખ અન્યત્ર કરવામાં આવ્યો છે; પરંતુ આ એક સન્નારીનો ખાસ આભાર ન માનું તો હું કૃતઘ્નતા દોષનો ભાગી ગણાઉં. એ સન્નારી પ્રસિદ્ધ ઉર્દૂ પત્ર '**પૈસા અખબાર**'ના સંપાદકનાં પુત્રી અને '**શરીફ બીબી**' માસિકનાં સંપાદિકા **શ્રીમતી ફાતમા** છે. તેમણે પત્રદ્વારા મુસલમાન સન્નારીઓનાં ચરિત્રોના સંગ્રહરૂપ ઉર્દૂ પુસ્તકોના નામનું સૂચન ન કર્યું હોત તો આ પુસ્તકમાં મુસલમાન સન્નારીઓનાં ચરિત્રોનો સમાવેશ થઈ શકત નહિ. × × ×

બારાં-કોટારાજ્ય-રાજપૂતાના
તા. ૩૦ મે ૧૯૧૨

} **શિવપ્રસાદ દલપતરામ પંડિત**

ઉપકારનો સ્વીકાર

આ ગ્રંથ રચવામાં લેખકને નીચે લખેલાં પુસ્તકો તથા લેખોમાંથી મદદ મળી છે, જેને માટે તે, તેમના લેખકો તથા પ્રકાશકોનો ખરા અંતઃકરણથી આભાર માને છે.

૧ આર્યનારી–ભાગ બીજો. (બં.) શ્રી. કાલિ પ્રસન્ન ગુપ્ત એમ. એ., અને શ્રી દક્ષિણારંજન મિત્ર મજુમદાર.
૨ ભારતીય વિદુષી (બં.) શ્રી. મણિલાલ ગંગોપાધ્યાય.
૩ નવનારી (બં.) શ્રી. નીલમણિ બસાક.
૪ આર્યકીર્તિ (બં.) શ્રી. રજનીકાંત ગુપ્ત.
૫ ટોડ રાજસ્થાન–બે ભાગ. (અં.)
૬ ટોડ રાજસ્થાનનું પંડિત ગૌરીશંકર ઓઝાકૃત ટીકાવાળું હિન્દી ભાષાન્તર.
૭ સોલંકિયોંકા ઇતિહાસ (હિં.) રાયબહાદુર પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા.
૮ રાજસ્થાનરત્નાકર (હિં.) શ્રી. રામનારાયણ ડુંગર.
૯ ઐતિહાસિક રાણીયેં (હિં.) સ્વ૦ બાબુ કાશીનાથ ખત્રી.
૧૦ ભારતમહિલામંડળ–પ્રથમ ભાગ (હિં.) કુંવર હનુમંતસિંહજી.
૧૧ ,, દ્વિતીય ભાગ (હિં.) ,, ,,
૧૨ રમણીરત્નમાળા (હિં.) પંડિત પન્નાલાલજી.
૧૩ નારીરત્નમાળા (હિં.) પંડિત બલદેવપ્રસાદ મિશ્ર.
૧૪ ભારતવર્ષકી વીર ઔર વિદુષી સ્ત્રિયાં ભાગ. ૧ લો. (હિં.)
૧૫ ,, ભાગ ૨ જો. (હિં) બાબુ શિવવ્રતલાલજી એમ. એ.
૧૬ ભારતવર્ષકી સચ્ચી દેવિયાં (હિં.) પંડિત લલિતાપ્રસાદજી.
૧૭ સતીચરિત્રસંગ્રહ ભાગ ૧ લો. } (હિં) શ્રીયુત્ રામજીવન નાગર.
૧૮ ,, ભાગ ૨ જો. }
૧૯ સિરોહી રાજ્યકા ઇતિહાસ (હિં.) રા૦ બા૦ ગૌરીશંકર ઓઝા.
૨૦ વંશભાસ્કર ભા. ત્રીજો. } (હિં.) કવિરાજ સૂર્યમલ્લજી,
૨૧ ,, ભા. ચોથો. } સંપાદક કવિરાજ કૃષ્ણસિંહજી બારહટ
૨૨ મહિલામૃદુવાણી (હિં.) મુનશી દેવીપ્રસાદજી.
૨૩ ભક્તમાળ (ગુ.) નાભાજીકૃત.
૨૪ ભક્તમાળ (હિં.) શ્રી. શિવવ્રતલાલજી એમ. એ., રચિત.
૨૫ મુસ્લિમમહિલારત્ન (હિં.) પ્રો. જહૂરબખ્શ.
૨૬ થેરીગાથા (પાલી–બંગાલી.) શ્રી. વિજયચંદ્ર મજુમદાર.
૨૭ સામ ઑફ ધી સીસ્ટર્સ (અં.) શ્રીમતી ડૉ. મિસિસ રીઝડેવીસ.
૨૮ તેરહ ભિક્ષુણીરત્નેં (મરાઠી) પ્રો. નારાયણ કેશવ ભાગવત એમ. એ.
૨૯ બુદ્ધલીલાસારસંગ્રહ (ગુ.) આચાર્ય શ્રી. કૌશામ્બી.

૩૦ નૂપુરઝંકાર (ગુ.) સા૦ શ્રી. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા.
૩૧ બુદ્ધ (બં) શ્રી બરદાકાંત બંદોપાધ્યાય.
૩૨ પૃથ્વીરાજ (હિં.) શ્રી ચંદ્રશેખર ત્રિપાઠી.
૩૩ પૃથ્વીરાજમહાકાવ્ય (બં.) શ્રી. યોગેંદ્રનાથ ગુપ્ત.
૩૪ કથાસરિત્સાગર, ગુજરાતી પ્રેસ.
૩૫ રાજતરંગિણી ભાગ ૧ લો } (અં.) કલ્હણના સંસ્કૃત ગ્રંથનો
૩૬ ,, ભાગ ૨ જો } અંગ્રેજી અનુવાદ. ડૉ. સ્ટીનકૃત.
૩૭ આઇડિયલ્સ ઑફ ઇન્ડિયન વુમનહૂડ (અં.) શ્રી પંચાનન ભટ્ટાચાર્ય.
૩૮ પોએમ્સ બાય ઇન્ડિયન વીમેન. (અં.) સંપાદક મિસિસ માર્ગારેટ મેકિનકોલ.
૩૯ હિરોઈન્સ ઑફ હિંદ. (અં.) શાસ્ત્રી મન્મથનાથ દત્ત એમ. એ., કૃત.
૪૦–૪૩ હિસ્ટરી ઑફ ઔરંગઝેબ (અં.) પ્રો. જદુનાથ સરકારકૃત.
૪૪ અરલી હિસ્ટરી ઑફ ઇન્ડિયા (અં.) પ્રૉ. વિન્સેન્ટ સ્મિથકૃત.
૪૫ મોગલયુગે સ્ત્રીશિક્ષા (બં.) શ્રી. વ્રજેન્દ્રનાથ બંદોપાધ્યાય.
૪૬ ટેઇલ્સ ઑફ ધી સેઇન્ટસ ઑફ પંઢરપુર (અં.) સી. એ. કીનકેઇડકૃત.
૪૭ મશાહિર. ઇ. નિસ્વાન. (ઉર્દૂ) મૌલવી મહમદ અબ્બાસ સાહેબ.
૪૮ આઠ સ્ત્રીરત્ન (મરાઠી) રા. રા. હરિનારાયણ આપ્ટે.
૪૯ ઐતિહાસિક સ્ત્રીરત્ને. (મરાઠી) સૌ. યશોદાબાઇ ભટ્ટ.
૫૦ ભારતવર્ષીય યુવતીરત્નમાળા (મરાઠી) રા. રા. અનંત કેશવ ચિતલે.
૫૧ જ્ઞાનેશ્વરચરિત્ર (ગુ.) (જ્ઞાનેશ્વરી ગીતામાંનું) (પ્રકાશક સસ્તુ સાહિત્ય).
૫૨ શ્રી શિવાજી છત્રપતિ (ગુ.) રા. રા. કેલુસ્કરના મરાઠી ગ્રંથનો અનુવાદ, પ્રકાશક સસ્તુ સાહિત્ય.
૫૩ લાઇફ ઑફ જહાંગીર (અં.) પ્રો. વેણીપ્રસાદ એમ. એ., કૃત.
૫૪–૫૫ રાસમાળા ભાગ–૧–૨ જો (ગુ.) સ્વ૦ સા૦ શ્રી. રણછોડભાઇ ઉદયરામ.
૫૬ રત્નમાળા (ગુ.)
૫૭ સતીસમાજ અને સતીધર્મ (ગુ.) રા. રા. છગનલાલ વિશ્વનાથ દ્વિવેદી.
૫૮–૫૯ સતીમંડળ. ભાગ ૧–૨ જો. (ગુ.) રા. રા. કેશવજી વિશ્વનાથ દ્વિવેદી.
૬૦–૬૧ મુસલમાની રિયાસત. (ગુ.) રા. રા. સર દેસાઇકૃત મરાઠી ભાગ ૧–૨ ગ્રંથનો સ્વ૦ રા. રા. સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયીકૃત અનુવાદ.
૬૨ સ્વ૦ ભાઇ રણજિતરામ વાવાભાઇએ વસંતમાં લખેલો 'સંસ્કૃત કવયિત્રી' નો લેખ.
૬૩ ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો. (ગુ.) સા૦ શ્રી૦ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.
૬૪ ડીક્ષનેરી ઑફ ઓરિએન્ટલ બાયોગ્રાફીઝ (અં.) બીલકૃત,
૬૫ કથા ઓ કાહિની (બં.) શ્રી૦ રવીન્દ્રનાથ ઠાકુર.

अनुक्रमणिका

ककावार अनुक्रमणिका

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫	૩૨	કાશામ્બીકૃત	કૌશામ્બીકૃત
૪૭	૧૪	ભોગવતાં	ભોગવતો
૯૩	૧૩	અહત્	અર્હંત્
૧૦૪	૧૪	પાતાની	પોતાની
૧૨૭	૧૩	ધર્મેપાલ	ધર્મપાલ
૧૨૮	૧૯	**एकम**	**एकम्**
૧૪૧	૨૮	ત્રૈવિધ	ત્રૈવિદ્ય
૧૪૮	૧૧	ગાતમી	ગૌતમી
૧૫૪	૨૫	પ્રતિવ્રતા	પતિવ્રતા
૧૬૪	૨૫	રૂપાલાવણ્ય	રૂપલાવણ્ય
૧૭૦	૧૬	કાયનું	કાર્યનું
૨૧૦	૭	**क्कथितं**	**क्वथितं**
૨૧૦	૮	**पुन घृत कृते**	**पुनर्घृतकृते**
૨૧૦	૯	**निबन्धन मनर्थे**	**निबन्धनमनर्थं**
૨૧૦	૯	**परपराणाम्**	**परंपराणाम्**
૨૧૫	૧૫	સ્મરણાથે	સ્મરણાર્થે
૨૨૩	૧૩	અત્યેષ્ટિસંસ્કાર	અંત્યેષ્ટિસંસ્કાર
૨૨૮	૧૨	ભરલો	ભરેલો
૨૭૩	૧૦	પાથે	પાસે
૨૭૬	૫	સ્થાપાના	સ્થાપના
૨૮૪	૨૮	પથ્વીરાજે	પૃથ્વીરાજે
૩૩૦	૧૦	પદભ્રઠ	પદભ્રષ્ટ
૩૩૪	૬	નલલકથાદ્વારા	નવલકથાદ્વારા
૩૪૪	૩૨	રકત નીનદી	રક્તની નદી
૩૪૮	૯	અનુપમદેવીની	અનુપમાદેવીની
૩૫૦	૧૬	ભારત ર્ષના	ભારતવર્ષના
૩૬૧	૩	ટુકટા	ટુકડા
૪૦૦	૧૨	ધોયુઁ.	ધોયું.
૪૦૪	૪	કવિતાના	કવિતાની
૪૦૬	૨૬	રોશમાં	રોષમાં
૪૦૯	૬	અનાકાની	આનાકાની
૪૧૫	૩૨	ભ વતું	ભાવતું

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૨૩	૫	ક્રાંમળો	કામળો
૪૪૩	૬	દેવીપ્રાસાદજી	દેવીપ્રસાદજી
૫૦૦	૨૪	ગઢમંગળમાં	ગઢમંડળમાં
૫૧૦	૨	રાણુ	રાણા
૫૪૫	૨૩	દારૂ હતાં	દારૂ અને
૫૫૨	૫	તાબડતોબત	તાબડતોબ
૫૫૨	૨૪	એવો બનાવા પામ્યો.	એવો બનાવ બનવા પામ્યો.
૫૬૧	૧૪	ભક્તમાળ માની	ભક્તમાળમાંની
૫૬૨	૧૮	બાળકનું રૂપે	બાળકના રૂપે
૫૬૮	૧૯	તોપે	તોપો
૫૭૬	૫	વિદ્યાથીઓ	વિદ્યાર્થીઓ
૫૭૭	૧૫	પાશ્ચમ	પશ્ચિમ
૫૭૮	૨૪	સ્વાદિથી	જ્વાદિથી
૫૯૦	૧૨	મરા	મારા
૫૯૧	૬	સાભાગ્યશાળી	સૌભાગ્યશાળી
૫૯૨	૧૨	કાજકાજમાં	કામકાજમાં
૫૯૬	૧૬	નાહ.	નહિ.
૬૦૪	૯	મોજશો ખો	મોજશોખો
૬૧૨	૧૧	પક્ષપ તી	પક્ષપાતી
૬૧૯	૨૬	મિયાબાઇ	માયાબાઇ
૬૫૦	૨૫	બંડ ન ઉઠાવે.	બંડ ઉઠાવે.
૬૬૪	૨	સમાચારા	સમાચારો
૬૬૪	૨૧	મહોરે	મહોરૂં
૬૬૬	૧૧	ગૃહો	ગ્રહો
૬૬૯	૨૦	।મહિરે	મિહિરે
૬૬૯	૩૩	આવશેમાં	આવેશમાં

સ્વપત્ની-વ્યભિચાર

લગભગ બધાય પુરુષોનો એવો ખ્યાલ છે કે પોતાની વિવાહિતા સ્ત્રી સાથે મરજી પડે તેટલી વાર અને મરજી પડે તેવી રીતે ઇંદ્રિયોની વિષયવાસના તૃપ્ત કરવામાં આવે તો તેમાં કંઇ ખોટું નથી; પરંતુ ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આરોગ્યશાસ્ત્રની મર્યાદા પ્રમાણે આવું કૃત્ય એ મહાપાપ છે. ધર્મશાસ્ત્રની મર્યાદા એ છે કે ઋતુકાળની ૧૬ રાત્રિ દરમ્યાન આઠ રાત્રિજ ગર્ભાધાનબુદ્ધિથીજ સ્ત્રીપ્રસંગ કરવો; અને ગર્ભ રહી ચૂકયા પછી તથા પ્રસવ થયા પછી પાંચ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું. ઉપલી આજ્ઞાનું પાલન થાય તો આરોગ્ય, બુદ્ધિ અને જીવન સચવાઇ રહે છે અને સંતાન ધર્માત્મા ઉત્પન્ન થાય છે.

પરંતુ દુરાચારી અને ઇંદ્રિયોના ગુલામ એવા પુરુષોએ પવિત્ર વૈવાહિક શય્યાને વ્યભિચાર બુદ્ધિની દુર્ગંધથી સર્વથા ભરી મૂકી છે. પોતાની સ્ત્રી વ્યભિચારને માટે સૌથી વધારે સુગમ અને સસ્તી વસ્તુ મનાય છે. હજારો પિતાઓને એકત્ર કરી તેમના પુત્રના સોગન દઈ પૂછવામાં આવે કે તેમનો આ પુત્ર શું ધર્મપુત્ર છે? શું પુત્રપ્રાપ્તિની ધાર્મિક ફરજ અદા કરવાને, ઋતુકાળના નિયમ પ્રમાણે શુદ્ધ મનથી તેમણે સ્ત્રીગમન કરેલું હતું? તો પ્રત્યેકની પાસેથી એકજ સાચો ઉત્તર મળશે કે, કેવળ વિષયવાસના તૃપ્ત કરવા માટેજ સ્ત્રીગમન થયું હતું; અને ગર્ભ તો અચાનકજ-દૈવયોગથીજ રહેલ હતો; એટલુંજ નહિ પણ ગર્ભ રહ્યા પછી પણ એ પ્રવૃત્તિ જેમની તેમ અને જેવી ને તેવી જારી રહી હતી અને છતાં ગર્ભનો જન્મ સહીસલામત રીતે થયો તે પણ દૈવયોગથીજ. આવા પ્રકારના પુરુષોને હાલમાં પિતાનું પવિત્ર અને ગૌરવવાળું પદ મળે છે!!

આવા ઘરના વ્યભિચારનું પરિણામ પુરુષો કરતાં સ્ત્રીઓ ઉપર અને સંતાનો ઉપર વધારે ભયંકર આવે છે. સમય, કસમય, અનેક વખતે સ્ત્રીની સહવાસની ઇચ્છા નથી હોતી છતાં પણ પુરુષ પોતાની આ બૂરી લોલુપતા તૃપ્ત કરે છે. ગર્ભાવસ્થામાં તો સ્ત્રીને પુરુષસંગની બિલકુલ કામના હોતી નથી, છતાં એ અવસ્થામાં પણ તે બચવા પામતી નથી. ધર્મશાસ્ત્ર પ્રમાણે આવું

હરેક કૃત્ય મહાપાપ છે અને આવી રીતે ઉત્પન્ન થયેલ સંતતિ ધર્માત્મા નથી પરંતુ કામાત્મા છે. અફસોસની વાત તો એ છે કે રૂઢિ પણ આ ધર્માજ્ઞાનો ભંગ કરાવવામાં સામેલ છે અને તેથી આવું કૃત્ય પાપી કૃત્યમાં ગણાતું નથી; પરંતુ ગર્ભિણી સ્ત્રી સાથે સંગ કરવો એ મહાપાપ છે, એવું જો પુરુષો સમજતા થાય તો અવશ્ય આવા પ્રકારનો વ્યભિચાર બંધ થાય.

ગર્ભાધાનમાં વીર્યની મારફતે જીવ ગર્ભમાં પ્રવેશ કરે છે. શરીરનો ધર્મ છે કે કોઇ મુડદાલ વસ્તુ શરીરમાં રહેવા ન પામે; અને જો રહે તો તે સડવા માટે. વીર્યરજથી મળીને પિંડ અને શરીરના અવયવો બનવામાં પાંચ માસની મુદત લે છે. પાંચ મહિનામાં ગર્ભના અવયવો તૈયાર થાય છે. ગર્ભિણી માટે આ સમયને દોહૃદ એટલે બે હૃદયવાળો—એક ગર્ભિણીનું પોતાનું અને એક ગર્ભનું—દોહદ કહેવાય છે. આ સમયમાં ગર્ભિણી અનેક પ્રકારની ખાવાની ઇચ્છા કરે છે. આ ઇચ્છા ગર્ભસ્થ જીવની હોય છે. આ ઇચ્છાની અસર ગર્ભ ઉપર મહાન થાય છે. આ વખતના ગર્ભિણીના આચારવિચાર, ખાવુંપીવું, હરવુંફરવું એ તમામ ક્રિયાનો બળવાન પ્રભાવ ગર્ભસ્થ બચ્ચા ઉપર પડે છે. આપણાં ધર્મશાસ્ત્રોએ આ અતિ ઉપયોગી સમયમાં ખાસ પવિત્ર રહેવા માટે ગર્ભિણીના નાના પ્રકારના નિયમો ગોઠવેલા છે તેને અત્યારે આપણે નેવે મૂકયા છે. આ સમય દરમ્યાન જો વિષય માટે સ્ત્રીસંગ કરાય તો વિષયાનંદને પણ ગર્ભમાં રહેલ બાળક ગ્રહણ કરી લે છે. વળી એક વિચારવા જેવી બીજી વાત છે. જો ગર્ભમાં રહેલ બાળક પુત્રી હોય તો તેને પોતાના પિતાનોજ આ વિષયાનંદ પ્રાપ્ત કરવો પડે છે અને જો ઊંડું વિચારીએ તો આ એક પ્રકારનું પુત્રી—વ્યભિચારનું પાપકૃત્યજ ગણાય; છતાં આવાં કૃત્ય સંકોચ વિના ઘેર ઘેર વગર વિચારે થઇ રહ્યાં છે. છોકરા-છોકરીઓ ઘણી નાની ઉંમરમાંથીજ વિષયાનંદની ગંદી ચેષ્ટાઓ કરતાં માલૂમ પડે છે, તેનું કારણ શું? લોકો કહે છે કે કળિયુગ આવ્યો છે; પરંતુ ખરૂં કારણ તો તેમનાં માબાપ છે. નાના છોકરાંઓ આવી અજુગતી ચેષ્ટાઓ, તેઓ જયારે ગર્ભમાં હતાં ત્યારે તેમના માબાપના વ્યભિચારના પ્રભાવથી તેમની પ્રકૃતિમાં જે લંપટતા અને વ્યભિચારની રુચિ ઉત્પન્ન થઇ, તેને લીધે કરે છે. અનેક મૂર્ખ માબાપો એક બે વર્ષના બાળક સન્મુખ કુચેષ્ટા-

ઓ કરે છે. આટલાં નાનાં બાળકો કંઇ સમજતાં નથી એવું ધારીને તેમનો પડદો રાખતાં નથી, તે એક ભયંકર ભૂલ છે. હરેક કુચેષ્ટાનો પ્રભાવ બાળક ઉપર તો પૂરેપૂરો પડે છે. એ બધું સમજી જાય છે. માત્ર અશક્ત હોવાથી નકલ કરી શકતું નથી; પરંતુ ઉંમર વધતાં બાળક સશક્ત થાય છે કે તરતજ તેવી ચેષ્ટા તરફ લોભાય છે. નકલ કરવી એ બાળકનો સ્વભાવ છે. અનેક પ્રયોગથી માલૂમ પડી ચૂકયું છે કે નાના બાળક સન્મુખ જેવા ચાળા કરવામાં આવે છે, તેવા ચાળાનું અનુકરણ ત્રણ ચાર વર્ષ પછી સમર્થ થતાં તે કરવા માંડે છે.

ખુદ સ્ત્રી ઉપરની અસર પણ ગજબ થાય છે. પરણતી વખતની પુષ્ટ, ખીલેલા પુષ્પ સમાન કન્યા ચાર પાંચ વર્ષમાં રોગિણી અને મુડદાલ સરખી બની જાય છે. અનેક સ્ત્રીઓને છાતીના રોગ અથવા પ્રસૂતિની કસુવાવડ થાય છે. અનેકનાં ચાર પાંચ વર્ષમાં મૃત્યુ થાય છે. સ્ત્રીજાતિનો સ્વભાવ સહનશીલ હોવાથી અનેક વ્યાધિઓ જીર્ણ થઈ ક્ષયનું સ્વરૂપ પકડે ત્યાં-સુધી તે કષ્ટ પ્રકટ કરતી નથી. કેટલીક નાજુક સ્ત્રીઓનું શરીર પુરુષોની મૂર્ખતાને લીધે તૂટી જાય છે અને ગર્ભાશય અને ગુહ્ય અવયવો શિથિલ થઇ જઇ સ્થાનભ્રષ્ટ થઇ જાય છે; અને સ્ત્રી રક્તપ્રદર, શ્વેતપ્રદર વગેરે રોગોનું બલિદાન બને છે. સરખી રીતે તેની સુવાવડ ઊતરી શકતી નથી; ગર્ભાશયમાં હાથ નાખી, બાળકને કાપી નાખી પ્રસવ કરાવવાના અનેક દાખલા વધતા જાય છે અને આ ક્રિયામાં અનેક સ્ત્રીઓના પ્રાણ પણ જાય છે.

આ તો સરખી અથવા સુજોડ ઉંમરના પતિવાળી પત્નીની વાત થઈ; પરંતુ ત્રીજી અને ચોથી વારનાં લગ્નવાળા પુરુષની સ્ત્રીની વાત તો આથી પણ ભયાનક છે. આવાં લગ્ન કરનારા પુરુષો મોટે ભાગે વ્યભિચારી હોય છે. તેમની ઉંમર ૪૦ થી ૬૦ વર્ષની હોય છે. કન્યા મુગ્ધા અને વિષયસુખથી અપરિચિત હોય છે; પરંતુ તેનો પતિ રીઢા થઇ ગયેલો હોય છે. એક તો આવા પતિના સહવાસમાં કન્યાને ઉમંગ કે ઉત્સાહ હોતો નથી. મોટે ભાગે તે શરમિંદી અને ભયભીત રહે છે. બાર વર્ષની કન્યા ૪૦ વર્ષના પતિનું ભારે શરીર સહન કરી શકતી નથી. તેનાથી તે નિચોવાઇ જાય છે. અનેક દાખલામાં ગર્ભાશય અવળું થઇ જાય છે અને તે અનેક રોગોના કષ્ટ ભોગવતી થઇ જાય છે.

આથી ઊલટું આવા દાખલામાં કેટલાએક પતિ શક્તિહીન હોય છે. વ્યભિચારની લોલુપતા તો તેમની સળગેલીજ હોય છે; પરંતુ તેઓ પુરુષત્વ વગરના હોય છે. આવા પુરુષથી જોબનવંતી સ્ત્રીની કામેચ્છા સદાય અસંતુષ્ટજ રહે છે. આવા પતિ તરફ તેને તિરસ્કાર, વિરક્તિ અને ક્રોધ ઉત્પન્ન થાય છે. સ્ત્રી નિષ્ઠુર બનતી જાય છે. આમાંથી અનેક પ્રકારનાં નિંદિત પરિણામ આવે છે. કડક કુળમર્યાદાવાળાં ઘરોમાં આમાંથી સ્ત્રીને હિસ્ટીરિયા જેવા સ્નાયુમંડલના વ્યાધિઓ થાય છે; અથવા કુળ કલંકિત થાય છે. સંયમી જીવનને ઉત્તેજન મળે માટે શાસ્ત્રોક્ત ગર્ભાધાન, પુંસવન અને સીમંતોન્નયનના સંસ્કારનો તેના રહસ્ય સાથે પુનરુદ્ધાર થવાની જરૂર છે.*

* "ચિત્રમય જગત" માસિકના ઓક્ટોબર ૧૯૨૪ના અંકમાંથી સાભાર ઉદ્ધૃત.

લક્ષ્મીનો વાસ

એક દિવસ ભગવાન વિષ્ણુએ લક્ષ્મીજીને પૂછ્યું: "હે પ્રિયે! સ્ત્રીજાતિમાં તમારો વાસ ક્યાં ક્યાં છે?" ત્યારે લક્ષ્મીજીએ જવાબ આપ્યો:—

"પ્રભો! જે સ્ત્રી માતાપિતા, સાસુસસરા આદિ વડિલોની પૂજા કરે છે અને પતિ ઉપર પ્રેમ રાખે છે તેને ત્યાં મારો વાસ છે.

"જે સ્ત્રી સુંદર વસ્ત્રાલંકારોથી નહિ પણ સદાચારથી પોતાના અંગને શણગારે છે, કંકણથી નહિ પણ દાનથી પોતાના હાથને શોભાવે છે, નવા નવા અભિલાષોને નહિ વધારતાં આત્મસંયમનોજ વધારો કરે છે, સર્વ સાથે સૌજન્યથી વર્તી સલાહસંપથી રહે છે અને સદા મધુર વાણીથી બોલે છે તેને ત્યાં મારો વાસ છે.

"જે સ્ત્રી સદા ઉદ્યોગી, સંતોષી, પ્રસન્નમુખી, મિતાહારી અને મિતાચારી રહીને પોતાના હૃદયને અને શરીરને પવિત્ર રાખે છે, તેને ત્યાં મારો વાસ છે.

"જે સ્ત્રી પોતાની જાતની, બાળબચ્ચાંની, પતિની અને અન્ય કુટુંબી જનોની સંભાળ રાખે છે, બચ્ચાંને પ્રીતિપૂર્વક પોતાનાજ હાથે ઉછેરે છે અને કેળવે છે તેને ત્યાં મારો વાસ છે.

"જે સ્ત્રી સૂર્યોદય પહેલાં ઊઠીને દેહ, વાળ, દાંત, કપડાં અને પતિ તથા બાળબચ્ચાંને સુખી રાખે છે તેને ત્યાં મારો વાસ છે.

"સ્ત્રી અને પુરુષ ઉભયમાં કેળવણીનો પ્રચાર નહિ થાય ત્યાંસુધી તમારાથી કશુંજ બની શકવાનું નથી.

"પ્રથમજ સ્ત્રીઓને ઉન્નત કરો અને ગરીબમાં ગરીબ જનવર્ગને જાગૃત કરો, ત્યારેજ તમારા દેશનું કલ્યાણ થશે."

भारतनी देवीओ×

ग्रंथ २ जो

बौद्धयुगनां स्त्रीरत्नो*

ઉપોદ્ઘાત

અમારી ઘણી વાંચક બહેનોને બૌદ્ધધર્મ સંબંધી બરાબર ખબર નહિ હોય તેથી બૌદ્ધ સન્નારીઓનાં ચરિત્રનો પરિચય કરાવતાં પહેલાં બૌદ્ધ ધર્મ વિષે બે શબ્દો કહેવા અનુચિત નહિ ગણાય.

આજથી અઢી હજાર કરતાં પણ વધારે વર્ષ પૂર્વે ગૌતમબુદ્ધ નામના એક મહાપુરુષે ભારતવર્ષમાં એ ધર્મની સ્થાપના કરી હતી. બુદ્ધદેવના મૃત્યુ પછી ઘણાં વર્ષો સુધી એ ધર્મ આપણા દેશનો મુખ્ય ધર્મ રહ્યો હતો. ભારતની બહાર ચીન, જાપાન વગેરે દેશોમાં આજ પણ એ ધર્મને લોકો માને છે અને બુદ્ધદેવને જન્મ આપનાર પવિત્ર ભારતભૂમિની યાત્રા કરવા સારૂ એ દેશથી અનેક યાત્રીઓ આવે છે. જૈન ભાઇઓના તીર્થંકર મહાવીર સ્વામીનાજ સમયમાં, પણ એમનાથી જરાક પાછળ બુદ્ધદેવ

× આ ગ્રંથની આ અગાઉની બે આવૃત્તિઓ 'ભારતનાં સ્ત્રીરત્નો'ના નામથી પ્રસિદ્ધ થયેલી છે. આ તેની ત્રીજી આવૃત્તિ 'ભારતની દેવીઓ'ના નામથી પ્રસિદ્ધ થાય છે. —પ્રકાશક

* ૧–માદ્રીથી ૬૧–દેવસ્મિતા સુધીની દેવીઓ બૌદ્ધયુગની છે.

ઉત્પન્ન થયા હતા. એમના વખતમાં આર્યોનો વૈદિક ધર્મ વિકાર પામી ચૂક્યો હતો. સાપ ગયા અને લિસોટા રહ્યા એ પ્રમાણે વેદ અને ઉપનિષદ્‌ના ઉત્તમ ગહન સિદ્ધાંતો સમજનારા અને તે પ્રમાણે વર્તનારા તો થોડા રહ્યા હતા અને કર્મકાંડ, ખોટા વાદવિવાદ અને જીવહિંસા આદિ વખોડવા લાયક કામ કરનારા ઘણા લોકો રહી ગયા હતા.

જેને ખરો બોધ થયો હોય, જે મોહનિદ્રામાંથી જાગ્યા હોય તેને બુદ્ધ કહે છે. બુદ્ધદેવનો ઉપદેશ એ હતો કે કેવળ વૈદિક યજ્ઞયાગ કર્યાથી ધર્મ સધાતો નથી. પવિત્ર જીવન ગાળવું, સારા વિચારો રાખવા, એજ ખરો ધર્મ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર બધા બરાબર રીતે એ ઉચ્ચ ધર્મના અધિકારી છે. યજ્ઞમાં પશુનું બલિદાન આપવું અથવા અન્ય કોઇ પ્રકારે જીવની હિંસા કરવી એ મહાપાપ છે. બ્રાહ્મણશૂદ્રનો ભેદ ભૂલી જઇને સર્વ પ્રકારની જીવહિંસાનો ત્યાગ કરીને, બધાએ ભોગવિલાસહીન પવિત્ર જીવન ગાળવું અને જગતનું કલ્યાણ કરવું. આ પ્રમાણે જીવન ગાળવાથી ધીમે ધીમે મનુષ્યનો આત્મા બધા પ્રકારના મોહ અને પાપ-વાસનામાંથી છૂટી જઇને નિર્વાણ મેળવશે.

બૌદ્ધધર્મના મહામંત્રમાં ત્રણ વિષય બતાવેલા છે.

'**बुद्धं शरणं गच्छामि**–હું બુદ્ધને શરણ જાઉં છું.'

'**धर्मं शरणं गच्छामि**–હું ધર્મને શરણ જાઉં છું.'

'**संघं शरणं गच्छामि**–હું સંઘને શરણ જાઉં છું.'

ગૌતમ બુદ્ધનો મુખ્ય ઉપદેશ એ હતો કે આ સંસારમાં દરેક વસ્તુ ક્ષણભંગુર અને દુઃખના કારણરૂપ છે.

સંસારના એ દુઃખનો ઇલાજ શો? ઇલાજ કરતાં પહેલાં રોગનું કારણ શોધવું જોઇએ. તૃષ્ણા–સુખ ભોગવવાની રાતદિવસ લાલસામાંથી દુઃખ ઊપજે છે, માટે આત્મવાદ ત્યજી અનાત્મવાદ ગ્રહણ કરવો; એટલે કે હુંપદ છોડી દેવું.

"તૃષ્ણા અને તૃષ્ણામાંથી ઊપજતા 'ઉપાદાન' (વિષય-ગ્રહણ)નો નાશ થાય, એટલે પુનર્જન્મ અને પુનર્જન્મ સાથે જોડાયલાં જરા (વૃદ્ધાવસ્થા) અને મરણ વગેરેનાં દુઃખો શમી જાય. આ દુઃખરહિત સ્થિતિ તે નિર્વાણ. 'નિર્વાણ' એટલે બુઝાઈ

જવું-મનુષ્યના હૃદયમાં હુંપણું અને રાગદ્વેષ વગેરે જે જે વૃત્તિઓ સળગે છે તેનું બુઝાઇ જવું." (-ધર્મવર્ણન)

એ નિર્વાણ પામવાને માટે બુદ્ધદેવે જે ઉપાય બતાવ્યા છે છે તેને 'મધ્યમ પ્રતિપદા' અથવા 'આર્ય અષ્ટાંગ માર્ગ' કહે છે. એ આઠ માર્ગ નીચે મુજબ છેઃ-

(૧) સમ્યગ્ દૃષ્ટિ-સારી સમજણ, જ્ઞાન.

(૨) સમ્યક્ સંકલ્પ-સારો સંકલ્પ (ક્રિયા કરવાનો નિશ્ચય.)

(૩) સમ્યગ્ વાક્-સારી વાણી; જેમકે અસત્ય ન બોલવું, ચાડી કે નિંદા ન કરવી, ગાળ ન દેવી, મિથ્યા બકવાદ ન કરવો.

(૪) સમ્યક્ કર્મ-સારાં કર્મ, શીલ અને દાન.

(૫) સમ્યગ્ આજીવ-સારી આજીવિકા, સારો ધંધો કરીને ગુજરાન ચલાવવું.

(૬) સમ્યગ્ વ્યાયામ-સારો પ્રયત્ન.

(૭) સમ્યક્ સ્મૃતિ-સારી સ્મૃતિ તથા વિચાર.

(૮) સમ્યક્ સમાધિ-સારી સમાધિ, ચિત્ત એકાગ્ર કરવું તે.

આ નિર્વાણ પ્રાપ્ત કરવાના માર્ગમાં જે વિઘ્નો નડે છે તેને 'દશ સંયોજન' કહે છે. એ વિઘ્નો આ પ્રમાણે છેઃ—(૧) સત્કાર્ય દૃષ્ટિ-આત્મવાદ=હુંપણાની દૃષ્ટિ, (૨) વિચિકિત્સા=સંશય, (૩) શીલ-વ્રતપરામર્શ=શીલ અને વ્રતનું ચિંતન કર્યા કરવું અને એને પોતાના હુંપદ સાથે જોડવાં. (શીલ અને વ્રત પાળવાં સારાં છે, પણ એનાજ ચિંતનમાં ભરાઇ રહેવાથી નુકસાન છે. આ ત્રણ 'સંયોજન' તોડનાર 'સોતાપન્ન' થાય છે અર્થાત્ તે નિર્વાણના વહેણમાં પડે છે.) તે ઉપરાંત (૪) કામ, (૫) દ્વેષ, (૬) રૂપરાગ, (૭) અરૂપરાગ (અણદીઠ સ્વર્ગના સુખની આસક્તિ), (૮) માન, (૯) ઉદ્ધતપણું અને (૧૦) અવિદ્યા (એ પણ નિર્વાણના માર્ગમાં આડે આવનારી અને મનુષ્યને સંસાર સાથે બાંધી રાખનારી સાંકળો છે.)

બૌદ્ધધર્મમાં વળી દશ શીલ, દશ શિક્ષા અને છ પારમિતાઓ કહી છે.

(૧) હિંસા ન કરવી, (૨) ચોરી ન કરવી, (૩) જૂઠું ન બોલવું, (૪) મદ્ય ન પીવું, (૫) બ્રહ્મચર્ય પાળવું, (૬) રાતે ભોજન ન કરવું, (૭) પુષ્પહાર, ચંદન વગેરે સુગંધી પદાર્થો ધારણ ન કરવા, (૮) જમીન ઉપર સાદડી પાથરીને સૂવું, (૧ થી ૮ સુધીનાં શીલ

ગૃહસ્થ માણસે પણ અઠવાડિયામાં એક વાર પાળવાનાં છે.) (૯) નાચ અને ગાનતાનથી વિરમવું અને (૧૦) સુવર્ણાદિ ધાતુનો પરિગ્રહ ન કરવો. (સાધુઓએ દશે શીલ ખાસ પાળવાનાં છે.)

દશ શિક્ષા આ પ્રમાણે છે. (૧) હિંસા કરવી નહિ, (૨) વગર આપ્યું લેવું નહિ) (૩) બ્રહ્મચર્ય પાળવું (ગૃહસ્થે પોતાનીજ પત્ની ઉપર સ્નેહ રાખવો), (૪) જૂઠું ન બોલવું, (૫) ચાડી ન ખાવી, (૬) ઉદ્ધતાઇ ન વાપરવી, (૭) વૃથાપ્રલાપ ન કરવો, (૯) લોભ ન કરવો, (૯) દ્વેષ ન રાખવો અને (૧૦) વિચિકિત્સા એટલે કે શાસ્ત્ર અને પરમાર્થ સંબંધે સંશયપણું ન રાખવું.

છ પારમિતાઓ અર્થાત્ સંસારસાગરમાંથી પાર તરી જવાનાં છ સાધનો આ પ્રમાણે છેઃ—

(૧) દાનપારમિતા (દ્રવ્ય, વિદ્યા, ધર્મોપદેશ વગેરેનાં દાન) (૨) શીલપારમિતા.(ઉપર વર્ણવેલાં શીલ પાળવાં),(૩) ક્ષાંતિપારમિતા, (દુઃખ ખમવાં તથા પારકાના અપકારની ક્ષમા આપવી), (૪) વીર્યપારમિતા (સંસારની લાલચોને જીતી કલ્યાણને માર્ગે ચઢવાની મારામાં શક્તિ છે એમ ઉત્સાહ રાખવો), (૫) ધ્યાનપારમિતા (ધર્મ અને બુદ્ધ ભગવાનનું ધ્યાન કરવું અને (૬) પ્રજ્ઞાપારમિતા (જ્ઞાન પ્રાપ્ત કરવું)*

બુદ્ધદેવને સ્ત્રીજાતિ પ્રત્યે ઘણું માન હતું અને જનસમાજમાં સ્ત્રી જાતિનો આદર થાય એવી એમની ઇચ્છા હતી. છ દિશાઓની પૂજાનું રહસ્ય સમજાવતાં એમણે પત્નીપુત્રને દક્ષિણ દિશારૂપ માનીને તેમની પૂજાનો વિધિ નીચેના શબ્દોમાં બતાવ્યો છે. પશ્ચિમ દિશા જે પત્ની તેની પૂજાનાં આ પાંચ અંગ છે. (૧) તેને માન આપવું, (૨) તેનું અપમાન ન થવા દેવું, (૩) એક પત્નીવ્રત આચરવું, (૪) ઘરનો કારભાર તેને સોંપવો, (૫) વસ્ત્રાલંકારની તેને ખોટ ન પડવા દેવી. આ પાંચ અંગોથી જો પતિ પત્નીની પૂજા કરે તો પત્ની તે પતિ ઉપર પાંચ પ્રકારનો અનુગ્રહ કરે છેઃ—

(૧) ઘરમાં સારી વ્યવસ્થા રાખે છે, (૨) નોકરચાકરને પ્રેમથી સંભાળે છે; (૩) પતિવ્રતા થાય છે; (૪) પતિએ મેળવેલી સંપત્તિ-

* બૌદ્ધધર્મ સંબંધી ઉપરની બધી હકીકત આચાર્ય શ્રીઆનંદશંકર બાપુભાઇ ધ્રુવ રચિત 'ધર્મવર્ણન' નામના ઉત્તમ ગ્રંથમાંથી લેવામાં આવી છે, —લેખક

નું રક્ષણ કરે છે; ઉડાઉ થતી નથી અને (૫) સર્વ ગૃહકૃત્યોમાં તત્પર રહે છે.×

બૌદ્ધકાળમાં ભારતવર્ષની સ્ત્રીઓનો શો દરજ્જો હતો, એ સંબંધમાં 'પ્રબુદ્ધભારત'માં એક વિદ્વાન લખે છે કે, "ભિક્ષુઓ કરતાં ભિક્ષુણીઓની સંખ્યા ઓછી હતી, પણ સમાજમાં એમને ઘણું ઉચ્ચ સ્થાન મળેલું હતું. એમની વિદ્યા, બુદ્ધિ તથા સમાજ ઉપરની તેમની ખાસ અસર સંબંધી હકીકત આપણને 'માલતી-માધવ' જેવા સંસ્કૃત પુસ્તકોમાંથી મળી આવે છે. કોઇ કોઇ ભિક્ષુણી સમનેરા તથા અર્હત્ પદને પણ પામી શકતી હતી. મહાત્મા ગૌતમબુદ્ધના જીવનકાળમાં સુતપિતકની થેરી ગાથા અનેક વૃદ્ધ ભિક્ષુણીઓને હાથેજ રચાઇ હતી; એમાંની ઘણીખરી ગાથાઓ ઉત્તમ છે એટલુંજ નહિ, પણ સ્ત્રીઓની ઇશ્વરભક્તિ તથા બુદ્ધિનાં જ્વલંત ઉદાહરણ પણ આપણને એમાંથી મળી આવે છે. એમણે નીતિના સિદ્ધાંતો તથા બૌદ્ધધર્મના ઉપદેશોનું વર્ણન બહુજ સરસ રીતે કર્યું છે. એ થેરીઓના ઉપદેશને સાંભળવા સારૂ અનેક ભિક્ષુ તથા ભિક્ષુણીઓ એકઠાં થતાં.

બૌદ્ધ સાહિત્ય સ્ત્રીઓને ઘણુંજ ઉચ્ચ સ્થાન આપે છે. સ્ત્રીઓને પહેલાં તો બૌદ્ધ મંદિરોથી દૂર રાખવામાં આવી હતી, પણ ધીમે ધીમે બૌદ્ધ ધર્મનાં મંદિરોની એજ ધણીધોરી થઇ પડી હતી.

બૌદ્ધધર્મની પ્રબળ લહેર બધી જાતિઓમાં ફેલાઇ ગઇ હતી. એના શિક્ષણની અસર બહુજ ઊંડી હતી. એ સમયના રાજવંશ, વણિકસમાજ તથા કારીગરોમાં પણ આદર્શ સ્ત્રીઓનાં એવાં ઉદાહરણ મળી આવે છે, જે ઉપરથી સિદ્ધ થાય છે કે વિદ્યા અને બુદ્ધિ, ધર્મ અને ઉદારતા તથા દાન અને પુણ્યની પ્રવૃત્તિ કોઇ ખાસ ન્યાતની સ્ત્રીઓમાંજ જોવામાં આવતી એમ નહોતું. પ્રત્યેક જાતિ અને પ્રત્યેક વર્ણમાં એ પ્રવૃત્તિ વિદ્યમાન હતી.

બૌદ્ધયુગમાં બાળલગ્ન નહોતાં. કન્યા પુખ્ત વયની થતી ત્યારેજ તેનું લગ્ન થતું. વરની પસંદગીની બાબતમાં તેને સ્વતંત્રતા હતી. વિધવાવિવાહ નીચ જાતિઓમાંજ નહિ પણ ઉચ્ચ જાતિઓમાં પણ થતો હતો. બાળક સમજણો થાય ત્યારેજ તેને પરણાવવાનો

× પ્રોફેસર ધર્માનંદ કોશામ્બીકૃત 'બુદ્ધલીલાસારસંગ્રહ'માંથી

વિચાર કરવામાં આવતો. પ્રેમ અને સંવનનનો રિવાજ પણ હોય એમ જણાય છે. કુમારિકાઓનાં લગ્ન પણ યુવાવસ્થાને પ્રાપ્ત થતાં લગી થતાં નહોતાં. મામાની પુત્રી સાથે લગ્ન કરવાનો રિવાજ રાજકુટુંબોમાં અને ખાસ કરીને શાક્ય વંશીઓમાં પ્રચલિત હતો.

સ્ત્રીઓને ભ્રષ્ટ ગણીને એકદમ ત્યજી દેવામાં નહોતી આવતી. અંબપાલી ગણિકા તથા સમાજથી ભ્રષ્ટ થયેલી બીજી કેટલીક સ્ત્રીઓ પ્રત્યે ભગવાન તથાગતે બતાવેલી દયા તથા સહાનુભૂતિ એ વાતની સાક્ષી પૂરે છે અને પ્રકટ કરે છે કે બુદ્ધિની દુર્બળતાને લીધે–મનુષ્યમાં રહેલા કુદરતી સ્વભાવને લીધે–ઇંદ્રિયના વિકારને વશ થઇ સત્પથમાંથી ચળેલી સ્ત્રીઓને પણ સુધારી શકાય છે અને એમના જીવનનો વિશેષ તિરસ્કાર ન કરીએ તો તેઓને હાથે પણ સમાજની અધિક લાભદાયક સેવા થઈ શકે છે.



૧–માદ્રી

આ માદ્રી રાજા પાંડુની પત્ની અને નકુલસહદેવની માતા માદ્રી નથી; પણ પ્રાચીન કાળની એક બીજીજ સન્નારી છે. એ સમયમાં શિબિ દેશમાં સંજય નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેના કુમારનું નામ વેસ્સંતર હતું. રાજકુમાર ઘણો પુણ્યાત્મા અને દાન કરવામાં છૂટા હાથવાળો હતો. તેમના રાજ્યમાં ધોળા હાથી હતા અને એમ મનાતું કે, એ હાથીઓના પ્રતાપે શત્રુઓ એ રાજ્ય ઉપર આક્રમણ કરીને ફાવી શકતા નહોતા. એક દિવસ કલિંગ દેશના આઠ બ્રાહ્મણો આવીને રાજકુમાર પાસેથી માગીને એ ધોળા હાથીઓ દાનમાં લઇ ગયા. પ્રજા, એ વાતની ખબર પડતાં ઘણી ગુસ્સે થઇ. હવે પોતાના રાજ્ય ઉપર અવશ્ય આફત આવશે એવો ભય એમને ઉત્પન્ન થયો. પ્રજાજનોએ જઇને રાજા સંજય આગળ પ્રાર્થના કરી. એ વખતના રાજાઓ ઘણાજ ન્યાયી અને નિષ્પક્ષપાતી હતા. મહારાજા સંજયને પ્રજાની ફરિયાદ વ્યાજબી જણાઈ અને તેમણે પુત્રને દેશનિકાલની સજા કરી.

રાજકુમારને જ્યારે પિતા તરફની વનગમનની આજ્ઞાની ખબર પડી ત્યારે તેણે સાતસો વસ્તુઓના મહાદાનની ક્રિયા કરવા સારૂ એક દિવસની મુદ્દત માંગી. એ આખો દિવસ એણે દાનાલય-માં જઇને અનેક કિંમતી પદાર્થોનું દાન કર્યું અને રાત પડી ત્યારે મનમાં વિચારવા લાગ્યો: “કાલ સવારે મારે આ દેશ છોડીને ચાલ્યા જવું પડશે. ચાલ, હમણાંજ પિતામાતાની પાસે જઇને વિદાય લઇ આવું તથા છેલ્લા પ્રણામ પણ કરી આવું. રાતોરાતજ હું મહેલનો ત્યાગ કરીશ અને મહેલમાં ફરીથી પ્રવેશ નહિ કરૂં.”

ત્યાર પછી વેસ્સંતર અશ્વોવાળા રથમાં બેસીને પિતાના મહેલ-માં ગયો. તેની રાણી માદ્રી મનમાં ને મનમાં વિચારવા લાગી: “હું પણ ફરીથી આ મહેલમાં પ્રવેશ નહિ કરૂં. હમણાંજ સાસુજી તથા

સસરાજીને ભક્તિપૂર્વક પગે લાગી આવીને, તેમની પાસે વિદાય માગીને હું પણ પતિદેવની સાથે સાથે જઇશ.”

એવો વિચાર કરીને રાજપુત્રવધૂ માદ્રી પણ એજ રથમાં પતિની સાથે ચઢી બેઠી. વેસ્સંતરે પિતાની સમીપ જઇને તેમના ચરણમાં પડીને ભક્તિપૂર્વક કહેવા માંડ્યુંઃ “પ્રજાએ મને દેશનિકાલ કર્યો છે. કાલે હું બંક પર્વત તરફ જવા નીકળીશ. પિતાજી! મનુષ્યમાત્ર લાભ અને નુકસાન, યશ અને અપયશ, નિંદા અને સ્તુતિ, સુખ અને દુઃખ એ આઠ પ્રકારના લોકધર્મને આધીન છે. આ દુનિયામાં જીવમાત્રને કદી સુખ અને કદી દુઃખ ભોગવવું પડ્યું છે, પડે છે અને પડશે. આખી જિંદગી સુધી લાગલાગટ સુખ કોઈ પણ મનુષ્ય કદાપિ ભોગવી શકતો નથી. બધાને મૃત્યુના મુખમાં એક દિવસ સપડાવું પડશે, એમ ધારીને એ બધા દુઃખના વિચારથી ત્રાસ પામીને સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી મારા મહેલમાંની બધી વસ્તુઓને મેં ખપવાળા લોકોને દાન કરી દીધી છે અને તેમની પ્રાર્થનાનુસાર આ રાજ્યનો પણ ત્યાગ કરવાની મને ફરજ પડી છે. માણસ સંપત્તિ અને વિપત્તિમાંથી કદી પણ સંપૂર્ણરૂપે મુક્ત રહી શકતો નથી, માટે હાલ તો જો કે હું વાઘ, ચિત્તા, રીંછ વગેરે ફાડી ખાનારાં વિકરાળ જાનવરોથી વસાયલા ઘોર ભયાનક જંગલોમાં દીનતાથી વાસ કરીશ, તોપણ મારી ખાતરી છે કે, એ અરણ્યવાસમાંજ મારે હાથે કોઇ એવું કાર્ય થશે કે, જેથી મારૂં પ્રયોજન સિદ્ધ થશે. પિતાજી! આ મોહ અને સુખમાં આપજ નિરાંતે પડ્યા રહો!”

પિતાની સાથે એ પ્રમાણે વાતચીત કરીને વેસ્સંતર માતાની સમીપ ગયો અને માતાને સંબોધન કરીને કહેવા લાગ્યોઃ “મા! તારા સ્નેહ અને લાડનો બદલો હું કોઇ દિવસ વાળી શકું એમ નથી. મેં મારી પોતાની મિલકત દાન કરી દીધી તેથી પ્રજાજનોને ઘણું લાગી આવ્યું છે. એ પાપને લીધે મને દેશવટો મળ્યો છે. બંક પર્વત ઉપર જઇને ગરીબાઇથી સંન્યાસીરૂપે હું મારૂં જીવન ગાળીશ. માતા! મને શુભેચ્છાઓ સહિત વિદાય કરો!”

જનનીએ કહ્યુંઃ “બેટા! બંક પર્વત ઉપર જઇને તું યતિ બનીને અભિજ્ઞાન અને સમાપત્તિ પ્રાપ્ત કરજે. હું ખુશીથી તને રજા આપું છું, પણ આ મારી કોમળાંગી વધૂએ કદી પણ ટાઢતડકો

વેઠ્યો નથી. ગંભીર અરણ્ય એ તેને રહેવા લાયક સ્થાન કદાપિ નથી. જ્ઞાનની શોધખોળ કરવા નીકળેલા યતિની સાથે જવું, એ તેને માટે વ્યાજબી નથી. દીકરા! તારી સાથે એને પણ વનમાં લઇ જવાની જરૂરજ શી છે ? પુત્ર સહિત એને તો ઘર આગળજ રહેવા દે!"

વેસ્સંતરે કહ્યું: "માતા! મારા પોતાના દેહ ઉપર પણ મારી કોઇ સત્તા નથી, ખાસ કરીને હાલ તો હું મારા ખરીદેલા એક ગુલામને પણ મારી સાથે જવાની ફરજ પાડી શકું એવી દશામાં નથી. માદ્રીની પોતાની મરજી મારી સાથે જંગલમાં આવવાની હોય તો ભલે આવે અને ઘેર રહેવાની ઇચ્છા હોય તો સુખેથી ઘર આગળ રહે."

માદીકરાની આ પ્રમાણે વાતચીત ચાલી રહી હતી તે સાંભળીને રાજા સંજય પણ આગળ આવીને કહેવા લાગ્યાઃ—

"દીકરી માદ્રિ! તમને તો રાજમહેલમાં રહીને ચંદન આદિ સુગંધી દ્રવ્ય શરીરે ચોળવાનો અભ્યાસ છે. અરણ્યમાં જઇ ધૂળથી શરીરને ખરડી નાખવાનો અભિલાષ શા સારૂ કરો છો? તમે તો કાશીમાં બનેલા લાખો રૂપિયાનાં કિંમતી વસ્ત્ર પહેરનારાં છો, હવે વલ્કલ ધારણ કરવાની અભિલાષા શું કામ કરો છો? વધૂમાતા! અરણ્યનો નિવાસ કાંઇ નાનાં છોકરાંની રમત નથી. સંસારત્યાગી અને દુઃખ વેઠવાના અભ્યાસી સાધુસંતોને તથા રાજ્ય તરફથી સજા પામેલા અપરાધીઓને પણ એ વસમો લાગે છે, તો તમારૂં શું ગજું? તમે તો શરીર અને મન બન્નેમાં દુર્બળ છો, સહજ વાતમાં ભયભીત થઇ જાઓ છો, અરણ્ય એ તમારે યોગ્ય સ્થાન નથી; માટે મારી એજ સલાહ છે કે, તમે કુમારની સાથે ત્યાં જશો નહિ."

માદ્રીએ ઉત્તર આપ્યોઃ "આર્ય! આપ જે કાંઇ કહી રહ્યા છો તે બધું ખરૂં છે; પરંતુ હું સ્વામીથી વિખૂટી પડીને અંગ ઉપર તેલ, ફૂલેલ, ચંદન વગેરેનો લેપ કરવાની કે, કુમળી સુખશય્યામાં સૂવાની કે, લાખો રૂપિયાના મૂલ્યનાં કાશીનાં વસ્ત્રો પહેરવાની અભિલાષા જરાયે રાખતી નથી. હું તો સ્વામીની સાથે ધૂળવાળા રસ્તાઓમાં ફરવાનું, વલ્કલ ધારણ કરવાનું અને કંદ, મૂળ જે કાંઇ મળે તે ખાઇને, અરણ્યમાં ભોંય ઉપરજ સૂઈ રહેવાનું પસંદ કરૂં છું. એમાંજ હું પરમ સુખ માણું છું. મારે માટે તમે જરાયે

ફિકર કરશો નહિ.”

મહારાજ સંજયે હવે માદ્રીને ભય બતાવવા માંડ્યો: “બેટા! મારી વાત ધ્યાન દઈને સાંભળ. અરણ્ય એ આપણા રાજમહેલ જેવું નથી; ત્યાં તો ભમરા, મધમાખ, વીંછી વગેરે ઘણા જીવ છે જેના કરડ્યાથી બહુ વેદના થાય છે. એ કલેશ તમારાથી નહિ સહન થાય. વળી ત્યાં માણસને આખો ને આખો ગળી જાય એવા મોટા અજગર રહે છે. વળી ત્યાં કાળા અને મોટા મોટા વાળવાળાં રીંછ રહે છે. એક વાર નજરે પડ્યાં તો પછી ઝાડ ઉપર ચઢી ગયે પણ છૂટકો નથી. વળી ત્યાં એક નદીને કાંઠે સોયની અણી જેવાં તીણાં શીંગડાંવાળા પાડાઓ રહે છે. આટલી બધી આપત્તિઓમાંથી તમે તમારૂં રક્ષણ કેવી રીતે કરશો? સંતાનોનું મુખ જોયા વગર વાછરડું ખોવાઇ ગયું હોય એવી ગાયની પેઠે તમે વલખાં નહિ મારો કે? દીકરિ! અહીંયાં મહેલમાં બેઠે બેઠે કોઇ કોઇ વાર શિયાળની ચીસ સાંભળો છો, તો તમને મૂર્છા આવી જાય છે, તો પછી બંક પર્વત ઉપર જવું એ તમારે માટે કેવી રીતે સંભવિત છે? બપોરે પક્ષીઓ એકઠાં થઇને કલરવ કરે છે, તેનો અરણ્યમાંથી જે પડઘો નીકળે છે તે ઘણોજ ભયાનક હોય છે. જે વનમાં આવા અનેક પ્રકારના ભયનાં કારણો હાજર છે ત્યાં તમે કેવી રીતે રહી શકશો?”

માદ્રીએ ઉત્તર આપ્યો: “હે દેવ! હે શિબિરાજ્યના અધીશ્વર! અરણ્યમાં આપે વર્ણવેલી બધી આફતો હોવા છતાં પણ હું સ્વામીનું અનુગમન કરીશ અને એમ કરવાથી જેટલાં કષ્ટ પડશે તે બધાં ધીરજપૂર્વક સહન કરીશ. દેવ! દુઃખ છોડીને ફક્ત સ્વામીના સુખમાંજ હું ભાગ પડાવું, તો પછી હું પતિની સહધર્મિણી કેવી રીતે થઇ શકું? ગાઢા વનમાં થઇને જવાનો પ્રસંગ આવશે, ત્યારે હું સ્વામીની આગળ આગળ જઇશ અને ઘાસ તથા નાનાં નાનાં ઝાડવાંને સ્વામીના માર્ગમાંથી ખસેડીને આઘાં કરીશ. હું તેમની સગવડ પ્રત્યે નજર રાખીશ, એટલે સુધી કે કોમળ વેલ કે ઘાસનું તણખલું પણ એમને અડવા ન પામે તેની કાળજી રાખીશ. આર્ય રમણીને માટે સારા પતિનો સંયોગ એ દુર્લભ વસ્તુ છે. સારો પતિ મળે એટલા સારૂજ કન્યાઓ કર્તવ્યપરાયણ થઇને માબાપની સેવાચાકરી કરતી રહે છે, સદાચાર અને પવિત્રતાપૂર્વક

નીતિનું પાલન કરે છે અને કાળજીપૂર્વક સારાં વસ્ત્રાભૂષણ ધારણ કરે છે. દેવ! સ્ત્રીજાતિને માટે ભરથારહીન થવું એ અત્યંત મોટું દુઃખ છે, તો પછી આપ સમજુ થઇને પતિનું અનુકરણ ન કરતાં ઘેર બેસીને વિધવાના જેવું જીવન ગાળવાની મને સલાહ આપો છો ? હું બીજું એક દૃષ્ટાંત આપની આગળ રજૂ કરીશ. મનોહર પુલિનદ્વીપ અને સુંદર તટવાળી નદી હોય પણ જો એમાં જળ ન હોય, તો બધું વ્યર્થ છે. ઊંચા કોટ અને કિલ્લાઓ, પહેરેગીરો, ઉદ્યાન, સુંદર દરવાજાઓ, હવેલીઓ એ બધાથી સુશોભિત નગર હોય; પણ જો એમાં શાસન કરનારનો અભાવ હોય તો એ બધું ફોગટ છે. માણુસની પાસે ધન અને કુળ બન્ને હોય પણ વિદ્યા ન હોય તો એ બન્ને વૃથા છે. માણુસના શરીર ઉપર લાખો રૂપિયાનાં વસ્ત્રાભૂષણ હોય પણ જો તેનામાં સારી ચાલચલગત ન હોય તો એ બધું મિથ્યા છે; એટલુંજ નહિ પણ રમણીને દશ ભાઇ હોવા છતાં જો એને સ્વામી ન હોય તો એનું જીવન વૃથા છે. વળી એક ઉદાહરણ આપને બતાવું છું. જેવી રીતે રથની શક્તિ જયપતાકા છે, અગ્નિની શક્તિ ધુમાડો છે, રાજ્યની શક્તિ રાજા છે, મનુષ્યની શક્તિ વિદ્યા છે તેમ રમણીની શક્તિ તેનો સ્વામી છે. આર્ય! કોઇ પતિવ્રતા સ્ત્રી સ્વામીના સુખદુઃખમાં ભાગ પડાવે છે, ત્યારે દેવતાઓ, બ્રાહ્મણો અને સાક્ષાત્ ઇંદ્ર પણ એની પ્રશંસા કરે છે. હવેથી આપના પુત્ર ભગવાં વસ્ત્ર ધારણ કરશે, એટલે હું પણ એમની સાથે એવાંજ વસ્ત્ર ધારણ કરીને બધી ઋતુઓમાં તેમના દુઃખમાં ભાગ પડાવતી સાથે ને સાથે રહીશ. પર્વતોમાં કે ખીણોમાં કોઇ ફાડી કે કરડી ખાનાર જાનવર આવશે, તો પહેલી હું આગળ થઇશ કે પહેલું મને મોત આવે. એકલી તો આ રાજ્યમાં રહીને આખા રાજ્યની શાસક થવાની પણ મારી મરજી નથી. આપના પુત્ર રાજ્ય કરતા હોત, તો જરૂર હું એ રાજ્યસુખમાં ભાગી બનત. જે રમણી સુખમાં તો સ્વામીની સાથે રહે પણ દુઃખમાં તેનો સંગ છોડી દે, તે રમણી પિશાચી અને રાક્ષસી જેવી નિકૃષ્ટ છે; માટે હું તો મારા સ્વામીની સહચારિણીજ થઇશ.”

મહારાજ સંજયે કહ્યું: “વધૂમાતા! સ્વામીની સુપત્નીરૂપે તેના સુખદુઃખની ભાગીદાર બનવા સંબંધી તમે જે જે દલીલો બતાવી તે બધી વ્યાજબી છે. એને લીધે તમને અરણ્યમાં જતાં રોકવાની મારી જરા પણ ઇચ્છા નથી; પણ મારાં આ બે ફૂલ

જેવાં બાળકોનું શું! તેમને માટે તો અરણ્ય યોગ્ય સ્થાન નથીજ. તમે એમને મારી પાસેજ રાખતાં જાઓ. તમારાં કરતાં પણ વધારે કાળજી અને લાડથી અમે એમને ઉછેરીશું."

માદ્રીએ ઉત્તર આપ્યોઃ "પિતાજી! આપનાં એ સંતાનોને હું પ્રાણ કરતાં પણ અધિક ચાહું છું. અરણ્યમાં વસતી વખતે, નગર અને રાજમહેલની વાસનાઓ મનમાં જાગી આવશે તે વખતે દુઃખને લીધે મરણતોલ દશા થઇ જશે. એવે સમયે આ સુકુમાર પ્યારાં બાળકોના મુખ સામું જોઇને હું દુઃખ વીસરી જઇશ અને શાંતિ મેળવીશ."

પરંતુ રાજા સંજયનું ચિત્ત એટલાથી શાંત થયું નહિ. પૌત્ર-પૌત્રીની પ્રત્યે એમને વિશેષ સ્નેહ હતો; એટલે વનનાં દુઃખ ફરીથી ગણાવીને તથા અહીંયાં જે રાજવૈભવમાં બાળકો ઊછરી રહ્યાં છે તેની સાથે સરખાવીને ફરીથી એમને રાજમહેલમાંજ મૂકી જવા સારૂ માદ્રીને આગ્રહ કર્યો. તેના ઉત્તરમાં માદ્રીએ જણાવ્યુંઃ "આર્ય! આપ જરા પણ ચિંતા રાખશો નહિ. આપનાં પૌત્ર-પૌત્રીની દેખરેખ હુંજ રાખીશ. મને જે કાંઇ ખાવાપીવાનું અને પહેરવાઓઢવાનું મળશે તે પહેલાં એમને આપીને પછી હું કામ-માં લઇશ. એમને કોઇ પણ જાતની અડચણ ન પડે તેને માટે હું ખાસ કાળજી રાખીશ."

સસરા અને પુત્રવધૂ માદ્રી વચ્ચે આ પ્રમાણે વાતચીત થતાં થતાં આખી રાત વીતી ગઇ અને પ્રભાત થવા આવ્યું. એ વખતે ચાર ઘોડા જોડેલો રથ મહારાજા સંજયના મહેલને બારણે આવીને વાટ જોતો હતો. માદ્રીદેવી વિનયપૂર્વક સાસુસસરાને પગે પડી, વિદાય માગીને તથા દાસીઓ સાથે છેવટની થોડી મીઠી વાતો કરીને, બાળકોને સાથે લઇ રાજમહેલમાંથી વિદાય થઈ અને રાજા વેસ્સંતરના પણ પહેલાં રથમાં બેસી જઇ તેની વાટ જોવા લાગી.

ત્યાર પછી રાજકુમારે પણ બહુ સન્માનપૂર્વક જનકજનનીની પ્રદક્ષિણા કરીને એ રથમાં પ્રવેશ કર્યો અને બંક પર્વત ભણી પ્રયાણ કર્યું. હજારો દાસદાસીઓ તેમને વળાવવા સારૂ ગયાં.

માદ્રીદેવીના જીવનનો ઉત્તરાર્ધ પણ બોધજનક છે. પવિત્ર સીતાદેવીના ઉચ્ચ ચરિત્રે, પતિભક્તિનો કેવો સુંદર અને ઉજ્જવલ આદર્શ આર્યરમણીઓ આગળ મૂક્યો છે અને સંસ્કારી પતિ-

વ્રતા રમણીઓના જીવનમાં એ ઉચ્ચ આદર્શનું કેવી ખૂબી સાથે પુનરાવર્તન થતું રહ્યું છે, તે આ ચરિત્રના અવલોકન ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

વનયાત્રામાં યાચકોએ રાજકુમાર પાસેથી રથ પણ માગી લીધો, એટલે વેસ્સંતરે જાલિ નામના પુત્રને તેડી લીધો અને રાણી માદ્રીએ કૃષ્ણાજિના નામની પુત્રીને કેડે બેસાડી. પતિપત્નીએ પગે ચાલીને મુસાફરી કરવા માંડી અને બંક પર્વત ઉપર પહોંચીને એક રમ્ય સ્થાનમાં સુંદર પર્ણકુટિ બાંધીને નિવાસ કરવા લાગ્યાં.

એ પ્રમાણે ઘણો સમય વીતી ગયો. એક દિવસ પતિવ્રતા માદ્રીદેવી પતિને સારૂ સવારના પહોરમાં ફળ, કંદમૂળ તથા પુષ્પ લાવવા સારૂ ગઇ હતી. એવામાં જૂજક નામના એક બ્રાહ્મણે આવીને રાજકુમારને પ્રાર્થના કરી કે, “હું વૃદ્ધ બ્રાહ્મણ છું. મારી પત્નીને દાસદાસીની જરૂર છે. આપ આપનાં પુત્રપુત્રીને આપો તો મારૂં ઘડપણ સચવાય.”

વેસ્સંતર ના કહેવાનું શીખ્યાજ ન હતા. તેમણે બન્ને બાળકો તરતજ બ્રાહ્મણને સોંપી દીધાં. માદ્રીદેવી ફળમૂળ વીણીને આશ્રમમાં આવી, ત્યારે એણે સંતાનને જોયાં નહિ. આકુળવ્યાકુળ થઇને તેણે પતિને સમાચાર પૂછ્યા, પણ એમણે તો મૌનવ્રત લીધું હતું. રડતી કકળતી રાણી જંગલમાં બાળકોની શોધ કરવા લાગી. એના વિલાપથી અરણ્યવાસી પશુઓનાં હૃદય પણ પીગળ્યાં.

બીજે દિવસે પતિએ પત્નીને બાળકોના દાન સંબંધી ખરી હકીકત કહી, ત્યારે એ શાંત ચિત્તની સતીએ એટલુંજ કહ્યું કે, “આપે બાળકોનું દાન કર્યું તેમાં મારી પૂર્ણ સંમતિ છે, પણ આ વાત આપે મને કાલેજ કેમ ન કહી?”

વેસ્સંતરના દાનની પ્રશંસા સાંભળીને ઇંદ્રને ઘણો ડર લાગવા માંડ્યો કે, આ રાજા પત્નીને પણ કાંઈ દાનમાં ન આપી દે. એકવાર ઇંદ્રે સાધુનો વેશ ધારીને એની કુટિરમાં પ્રવેશ કર્યો અને સદ્‌ગુણી ભાર્યા માદ્રી દાનમાં માગી.

વેસ્સંતરે તરતજ સાધુવેશધારી ઇંદ્રના હાથમાં પાણી મૂકીને પત્નીનું દાન કર્યું. ઇંદ્રે પ્રસન્ન થઇને પોતાનો વેશ બદલીને ખરૂં સ્વરૂપ ધારણ કરીને જણાવ્યું: “મહારાજ! આ પતિવ્રતા માદ્રી દેવી હવે મારાં થઈ ચૂક્યાં; પણ એક અનામત વસ્તુ તરીકે હું

એમને તમારી પાસે મૂકી જાઉં છું. તેનું સારી પેઠે પાલન કરજો અને હવે બીજા કોઇને એમનું દાન કરવાનો આપનો હક્ક નથી રહ્યો એ ધ્યાનમાં રાખશો.”

થોડા સમય પછી જૂજક બ્રાહ્મણની મારફતે રાજકુમારના નિવાસના ખબર મળ્યા અને એ પોતાના પ્રધાન સાથે બંક પર્વત ઉપર જઈને પુત્ર તથા પુત્રવધૂને તેડી લાવ્યા.

કહેવાય છે કે, વેસ્સંતર એ પૂર્વાશ્રમના બોધિસત્ત્વ હતા અને એ જન્મમાં પ્રિયપત્ની અને બાળકોનું દાન કરીને ‘દાનપારમિતા’ ગુણનો અભ્યાસ કર્યો હતો.

દેવી માદ્રી (મદ્દી) નું જીવન ખરેખર બોધક અને પ્રશંસાને પાત્ર છે.*

૨—ચુલ્લબોધિની પત્ની

બોધિસત્ત્વ પૂર્વજન્મમાં એક વાર કાશી રાજ્યમાં બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતા. એ જન્મમાં એમનું નામ ચુલ્લબોધિ હતું. તેમની પત્ની ઘણી સુશીલ હતી. લગ્ન થઈ ગયું હતું, પણ પતિની વૃત્તિ વૈરાગ્ય તરફ હોવાથી એ વિદુષી તરૂણીએ પણ પોતાની કામવૃત્તિઓને અંકુશમાં રાખી અને પતિને ધર્મસાધનામાં મદદરૂપ થઇ પડવાના હેતુથી તેના વ્રતમાં ભંગ પડવા દીધો નહિ. આખરે જ્યારે ચુલ્લબોધિનાં માતપિતા મરણ પામ્યાં; ત્યારે તેણે કહ્યુંઃ “ભદ્રે! અમારા પૂર્વજોની આ અપાર સંપત્તિ તું લે અને દાનાદિક પુણ્યકર્મો કરીને આ ઘરમાં સુખેથી કાળ વ્યતીત કર. મને ગૃહસ્થાશ્રમનો હવે કંટાળો આવ્યો છે. હું પરિવ્રાજક વેશે હિમાલય ઉપર વાસ કરવા ઇચ્છું છું.”

તેની પત્ની બોલીઃ “આર્યપુત્ર! પુરુષોએ પ્રવજ્યા વેશ ધારણ કરવો અને સ્ત્રીઓએ નહિ, એવો નિયમ છે શું?”

બોધિસત્ત્વે કહ્યુંઃ “એવો કાંઈ નિયમ નથી; તોપણ તું મોટા

* શ્રીયુત ગજેંદ્રલાલ ચૌધરીના ‘શ્વસુર ઓ પુત્રવધૂ’ નામના લેખ તથા આચાર્ય કોશામ્બીના ‘બુદ્ધલીલાસારસંગ્રહ’ ઉપરથી.

કુળમાં જન્મેલી સુકુમાર સ્ત્રી છે. તારાથી અરણ્યવાસનાં દુઃખો સહ્યાં જશે નહિ. તેથી હું કહું છું કે, તારે આ ઘરમાંજ રહી દાનાદિ પુણ્યકર્મ કરવાં."

બોધિસત્ત્વે ભાર્યાને પોતાની સાથે ન આવવાને ઘણી સમજાવી, પરંતુ તે સત્ત્વશીલ સ્ત્રીએ ભાવિ દુઃખોને ન ગણકારતાં તાપસ વેશ સ્વીકારીને પતિનો માર્ગ ગ્રહણ કર્યો. થોડો સમય બન્નેએ ફળમૂળ ખાઇને હિમાલયમાં વ્યતીત કર્યો. ત્યાર પછી તેઓ ભિક્ષા માગવા સારૂ કાશી રાજ્યમાં આવી પહોંચ્યાં.

કાશીરાજ એક દિવસે બગીચામાં ફરવા ગયો હતો, ત્યાં એણે એક વૃક્ષ નીચે બોધિસત્ત્વને અને બીજા વૃક્ષ નીચે તેની પત્નીને દીઠાં. રાજા સ્ત્રીનું રૂપ જોઇને મોહિત થઈ ગયો અને કાંઇ પણ પરવા ન કરતાં એ સ્ત્રીને પોતાના મહેલમાં લઇ જવાનો સિપાઇઓને હુકમ આપ્યો. રાજમહેલમાં રાજાએ તે સ્ત્રીને લલચાવવાનો ઘણોયે પ્રયત્ન કર્યો પણ ભય કે લાલચ કશાની એ પતિવ્રતા ઉપર અસર થઈ નહિ. આખરે રાજાએ પણ બળાત્કારથી સતીનું શિયળ ભંગ કરવાનો વિચાર માંડી વાળીને તેને બોધિસત્ત્વની પાસે મોકલી આપી.

પતિની ઉચ્ચ અભિલાષાઓ પોષવા માટે, દુઃખમાં પતિની સહચારિણી થવા માટે અને આપત્તિમાં પણ પાતિવ્રત્ય ધર્મમાં અટળ રહેવા માટે ચુલ્લબોધિની પત્ની આપણી પ્રશંસાને પાત્ર છે.*

* 'બુદ્ધલીલાસારસંગ્રહ'માંથી સાભાર ઉદ્ધૃત.

૩—માયાદેવી

એ કોળિયા દેશના રાજા મહાસુપ્રબુદ્ધની જ્યેષ્ટ કન્યા હતાં. દેવદહ નગરમાં એમનો જન્મ થયો હતો. એમના જન્મ સમયે બ્રાહ્મણોએ ભવિષ્યવાણી કહી હતી કે, "આ કન્યાને પેટે ચક્રવર્તી કુમાર જન્મ લેશે." પિતાને ઘેર એમને ઉચ્ચ પ્રકારનું શિક્ષણ મળ્યું હતું અને અનેક સદ્‌ગુણોથી એમનું જીવન વિભૂષિત થયું હતું. કપિલવસ્તુના પરાક્રમી રાજા શુદ્ધોદન સાથે એમનું લગ્ન થયું હતું. રાજાએ એમને પટરાણીરૂપે સ્થાપ્યાં હતાં. માયાદેવીમાં મિથ્યા માયા લેશમાત્ર નહોતી. એમનું રૂપ અપૂર્વ હતું. અજ્ઞાનરૂપી અંધકારનો એમણે નાશ કર્યો હતો. પ્રજાની સાથે એમની વર્તણુંક માતા સમાન હતી. સદા એમના કલ્યાણમાંજ પોતે તલ્લીન રહેતાં. મુરબ્બીઓ પ્રત્યે સાક્ષાત્ ભક્તિરૂપ બનીને આજ્ઞાધીનતા દાખવતાં. ટૂંકાણમાં એ કે રાજા શુદ્ધોદનના રાજમહેલમાં તથા તેના આખા રાજ્યમાં દેવી માયા એક લક્ષ્મીસ્વરૂપ હતાં. પ્રજાનો પણ તેમના પ્રત્યે પૂરો આદરભાવ હતો.

જે મહાપુરુષદ્વારા આખા જગતનું કલ્યાણ થવાનું હતું, ભૂતદયા, મૈત્રી, કરુણા, ક્ષમા આદિ સદાચારોનો સંદેશો જગતને જેની મારફતે સંભળાવવાનો હતો, તેની માતા થવાનું વિધાતાએ સાધ્વી માયાદેવીને માટે નિર્માણ કર્યું હતું.

આષાઢી પૂર્ણિમા પહેલાં સાત દિવસ ઉપર કપિલવસ્તુમાં એક મોટા ઉત્સવનો આરંભ થતો. માયાદેવી સાત દિવસ સુધી ચંદનપુષ્પથી શરીર શણગારી અતિ આનંદથી ઉત્સવમાં ભાગ લેતાં. માયાદેવી તદ્દન નિર્વ્યસની હતાં. દારૂને કદી પણ સ્પર્શ ન કરવાનો એમને નિયમ હતો અને એ નિયમનું એમણે જિંદગીપર્યંત પાલન કર્યું હતું. બીજાં ક્ષત્રિય સ્ત્રીપુરુષો એ સમયના રિવાજ મુજબ એ ઉત્સવમાં દારૂ પીતાં, પણ માયાદેવી સર્વ પ્રકારના માદક પદાર્થથી અલિપ્તજ રહેતાં.

એક વરસ આ પૂર્ણિમાને દિવસે માયાદેવીએ આંધળાંપાંગળાં વગેરે અનાથોને અને શ્રમણ બ્રાહ્મણોને પુષ્કળ દાન દીધાં અને રાતે ઘણોખરો વખત શાસ્ત્રની કથા સાંભળવામાં ગાળ્યો.

એ રાતે સૂઇ ગયા પછી એમને સ્વપ્ન આવ્યું કે, ચારે દિશાના રક્ષક દેવો તેમને ઊંચકીને હિમાલય પર્વત ઉપર લઇ ગયા અને ત્યાં એક વિશાળ શાલ વૃક્ષની નીચે મૂકી દીધાં. પછી એ ચારે દેવોની સ્ત્રીઓએ આવીને માયાદેવીને દિવ્ય ગંધોદકથી સ્નાન કરાવ્યું અને દિવ્ય વસ્ત્રાલંકારથી શણગારીને એક સુવર્ણ વિમાનમાં ઉત્તમ પલંગ ઉપર પૂર્વમાં માથું કરીને સુવાડ્યાં. પછી એક ધોળો હાથી ત્યાં આગળ આવ્યો અને પોતાની રૂપેરી સૂંઢમાં એક શ્વેત કમળ ઘાલીને માયાદેવીની ત્રણ પ્રદક્ષિણા કરી અને તેમની જમણી કૂખમાં થઇને ધીરે ધીરે તેમના પેટમાં પેઠો.

પ્રાતઃકાળે રાણીએ સ્વપ્નની વાત સ્વામીને જણાવી. રાજાએ બ્રાહ્મણો તથા જોશીઓને બોલાવીને સ્વપ્નનું વૃત્તાંત જણાવ્યું અને તેનું ફળ પૂછ્યું.

બ્રાહ્મણોએ કહ્યું: “એનો અર્થ એ છે કે, મહારાણીને પેટે એક મહાન પુરુષ જન્મવાનો છે. એ જો ગૃહસ્થાશ્રમમાં રહેશે તો ચક્રવર્તી રાજા થશે. સંન્યાસી થશે તો બુદ્ધ થઇને જગતનું અજ્ઞાન દૂર કરશે.”

આજથી મહારાણી માયાનું માન વધ્યું. રાજા બહુજ પ્રેમ અને કાળજીપૂર્વક એની સાથે વર્તન રાખવા લાગ્યો.

માયાદેવી સગર્ભા થયાં. મૂળથીજ એમનો સ્વભાવ દયાળુ હતો, પણ સગર્ભા થયા પછી જનસમાજ પ્રત્યેની દયામાં વધારોજ થતો ગયો. વિષયવાસના એમના હૃદયમાંથી તદ્દન ચાલી ગઇ.

નવ માસ પૂરા થવા આવ્યા, એવામાં એમને પિયેર જવાની ઇચ્છા થઈ. કપિલવસ્તુથી દેવદહ જતાં માર્ગમાં લૂંબિની નામના એક સુંદર બગીચામાં તેમણે પડાવ નાખ્યો હતો. ત્યાં આગળજ તેમને પ્રસવપીડા થઈ અને બોધિસત્ત્વ–ગૌતમબુદ્ધનો જન્મ વૈશાખ સુદિ પૂર્ણિમાને દિવસે થયો. એ પુત્રનું નામ સિદ્ધાર્થ પાડ્યું

પુત્રના પ્રભાવને જોઇને માયાદેવી હર્ષઘેલાં થઈ ગયાં, અને સિદ્ધાર્થ સાત દિવસનો થયો એટલામાં તો એ દેવલોકમાં સિધાવ્યાં.

૪–મહાપ્રજાપતિ ગૌતમી

આ પવિત્ર સન્નારીનો જન્મ ગૌતમબુદ્ધના જન્મનાં થોડાંક વર્ષ પૂર્વે કોળિયા દેશની રાજધાની દેવદહ (દેવદૃષ્ટ) નામના નગરમાં શાક્યવંશના મહાસુપ્રબુદ્ધને ત્યાં થયો હતો. એમનું ગોત્ર ગૌતમ હોવાથી, એ ગૌતમી નામથી પ્રસિદ્ધ થયાં છે. પૂર્વજન્મનાં સત્કર્મોને લીધે બાલ્યાવસ્થાથીજ એમનો સ્વભાવ ઘણો સારો હતો. સદાચાર અને કર્તવ્યપરાયણતા એ એમના વિશેષ ગુણ હતા. બુદ્ધદેવનાં માતા માયાવતી એમનાં મોટાં બહેન થાય. જન્મ સમયે બન્ને બહેનોનાં શરીર ઉપર શુભ-ચિહ્નો જણાયાં હતાં. જ્યોતિષ અને સામુદ્રિક જાણનારા વિદ્વાન બ્રાહ્મણોએ બન્નેના જન્માક્ષર બનાવીને ભવિષ્યવાણી કહી હતી કે, "એમનાં સંતાન ચક્રવર્તી રાજા થશે, પછી ભલે એ મનુષ્યોના પાર્થિવ રાજ્યના કે એમના હૃદયસામ્રાજ્યના રાજા થાય."

દેવદહ નગરની પાસે રોહિણી નદીને કિનારે કપિલવસ્તુ નામના નગરમાં શુદ્ધોદન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની સાથે ગૌતમી અને તેમનાં બહેન માયાવતીનાં લગ્ન થયાં. વૈશાખ સુદિ પૂર્ણિમાના પુણ્ય દિવસે માયાવતીએ નેપાળની તરાઇમાં લૂંબિની નામક બગીચામાં બુદ્ધદેવને જન્મ આપ્યો. સુવાવડમાં સાતમે દિવસેજ માયાદેવીનું મૃત્યુ થયું. રાજાને હવે ઘણી મોટી ચિંતા થવા લાગી. જે પુત્રના જન્મ સમયે ઋષિઓએ ઘણી મોટી મોટી આશા બંધાવી હતી, જેનામાં અસંખ્ય શુભ લક્ષણો બતાવ્યાં હતાં, તેની માતા પરલોક સિધાવી. હવે એને ઉછેરવાને માટે સ્નેહાળ, રાગદ્વેષ વગરની, ચતુર, શાંત અને માતૃપદ લેવાને તૈયાર એવી સ્ત્રી ક્યાં ખોળવી? એના વિચારમાં રાજા નિમગ્ન થયો. મહાપ્રજાપતિ ગૌતમીને એજ સમયમાં નંદ નામનો પુત્ર સાંપડ્યો હતો, એટલે એ પણ નવરાં નહોતાં. માયાદેવીના મૃત્યુ પછી

એમને 'અગ્રમહિષી', 'મહાપ્રજાપતિ' અને 'પટરાણી'નું પદ પ્રાપ્ત થયું હતું, એટલે ઘરસંસારની જવાબદારી પણ વધી હતી; પરંતુ સ્વર્ગવાસી બહેન ઉપર એમને નિઃસ્વાર્થ પ્રેમ હતો. વળી પતિની મૂંઝવણું પણ એ પતિવ્રતા સમજી શક્યાં હતાં. બોધિસત્ત્વ જેવા ઉજ્જ્વળ ભવિષ્યવાળા કુમારને ઉછેરવાનો અને મોટી બહેનના પ્રેમનો બદલો વાળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો તો એને કદી પણ પાછો ન ઠેલવો જોઇએ એવો ઉદાર વિચાર કરીને એ પરોપકારી રાણી-એ પોતાના પુત્રને એક વિશ્વાસુ દાઇને સોંપી દીધો અને બહેનના પુત્ર ગૌતમને સ્તનપાન કરાવવાનું તથા ઉછેરવાનું પોતે માથે લીધું. ઘણા લાડપૂર્વક પોતાના પેટનુંજ સંતાન હોય એ પ્રમાણે એમણે બુદ્ધદેવનું અત્યંત પ્રેમ સહિત લાલનપાલન કર્યું. બાળકમાં અનેક શુભ સંસ્કાર એમણે પોતાના શિક્ષણ અને સહ-વાસથી દાખલ કર્યા. પ્રૉફેસર ભાગવત વ્યાજબી લખે છે કે, "ગૌતમ-ની પાછલી વયમાં જ્ઞાનલાલસા, દયા, ઉત્સાહ, બુદ્ધિની તીવ્રતા, ઉદ્યોગ, વિશદ દૃષ્ટિ, કાર્યદક્ષતા, નેતા બનવાની કુશળતા વગેરે જે ગુણો જણાયા હતા, તેનું મોટું શ્રેય ગૌતમીનેજ હતું."

બુદ્ધદેવ સંસારત્યાગ કરીને વનવાસી બન્યા તે સમયે મહા-પ્રજાપતિના સ્નેહાળ હૃદયને ઘણો આઘાત પહોંચ્યો હતો. અનેક વર્ષ પર્યંત ઉત્તર ભારતવર્ષમાં મુખ્ય મુખ્ય ગામોમાં ધર્મોપદેશ કરીને બુદ્ધદેવ પોતાના પિતાની રાજધાની કપિલવસ્તુમાં પહોંચ્યા હતા. ત્યાં જઇને પણ એમણે ધર્મોપદેશ કર્યો. એમના પિતા શુદ્ધો-દને બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો અને અર્હત્ પદ પ્રાપ્ત કરવાના પ્રથમ પગથિયારૂપ 'શ્રોતાપન્ન'પદ પ્રાપ્ત કર્યું. બુદ્ધદેવના પુત્ર રાહુલે શ્રમણની દીક્ષા લીધી. થોડા સમય પછી રાજાએ અર્હત્ પદ પામી-ને મહાનિર્વાણ પ્રાપ્ત કર્યું. ત્યાર પછી થોડા દિવસમાં ગૌતમીના એકના એક પુત્ર નંદે પણ પોતાના વિવાહ અને રાજ્યાભિષેકને દિવસેજ ઘરબાર છોડી દઇને સંન્યાસધર્મની દીક્ષા ગ્રહણ કરી. તેની પાછળ શાક્યવંશના અનેક ક્ષત્રિયોએ પણ સંસારનો ત્યાગ કરીને દીક્ષા લીધી.

કપિલવસ્તુમાં મહાપ્રજાપતિએ બુદ્ધદેવના ઉપદેશામૃતનું પુષ્કળ પાન કર્યું હતું. એવા મહાજ્ઞાની બોધિસત્ત્વને પોતે સ્તન-પાન કરાવ્યું છે, ઉછેરીને મોટા કર્યા છે એ બાબતનું એમને અભિ-

માન હતું. બૌદ્ધધર્મ પ્રત્યે એમને શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. પતિના મૃત્યુ તથા પૌત્ર રાહુલ અને પુત્ર નંદના સંસારત્યાગથી તેના મનમાં પણ સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. એને વિચાર આવ્યો કે, "શું પુરુષોજ ભિક્ષુ બનીને બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને ધર્મનો પ્રચાર કરે અને અમે સ્ત્રીઓ એવા પુણ્યકાર્યને ન કરી શકીએ? હું પણ આ સ્વાર્થી સંસારનો ત્યાગ કરીશ, બધી વાસનાઓનો પરિત્યાગ કરીશ, આખી દુનિયાને મારૂં કુટુંબ ગણીશ અને સર્વત્ર વિચરીને લોકોને ઉન્નત માર્ગમાં લઇ જવા પ્રયત્ન કરીશ." એ વિચારો દૃઢ થયા એટલુંજ નહિ પણ બીજી પાંચસો સ્ત્રીઓના હૃદયમાં તેમણે એ શુભ વિચારો ઠસાવ્યા. બુદ્ધદેવ વૈશાલિમાં બિરાજતા હતા, તે સમયે મહાપ્રજાપતિ મૂંડન કરાવીને ૫૦૦ શાક્ય સ્ત્રીઓ સહિત ત્યાં જઇ પહોંચ્યાં. એ રાજવંશી સન્નારીને પગે ચાલવાનો આ પ્રથમજ પ્રસંગ હતો. એના પગ સૂજી ગયા હતા. એના મુખ ઉપર ખેદ હતો. ખેદ એટલા માટે હતો કે પહેલાં કપિલવસ્તુમાં એમણે બુદ્ધદેવને ભિક્ષુણીસંઘ સ્થાપવાની પ્રાર્થના કરી હતી; પણ એમ કર્યાથી ભિક્ષુઓ અને ભિક્ષુણીઓમાં લડાઇ-ટંટા ઊભા થવાનો ભય લાગવાથી બુદ્ધદેવે એમ કરવાની ના કહી હતી. આ વખતે એ વધારે દૃઢ સંકલ્પથી બુદ્ધદેવની પાસે ગયાં હતાં. એમના શિષ્ય આનંદની મારફતે પોતાનો ઉદ્દેશ જણાવ્યો. આનંદે બુદ્ધદેવને ભલામણ કરીને પૂછ્યું કે, "ભગવન્! આપના ધર્મનો સાક્ષાત્કાર સ્ત્રીઓથી પણ થઇ શકે એમ છે કે નહિ?" બુદ્ધદેવ પહેલાં પણ અનેક વાર સ્ત્રીઓનો ધર્મશાસ્ત્ર સમજવામાં અધિકાર છે એવો ઉપદેશ આપી ચૂકયા હતા, એટલે આ પ્રસંગે પણ સ્પષ્ટ રીતે જણાવ્યું કે, "મારા ધર્મનું રહસ્ય પુરુષો જેટલું સમજી શકે છે તેટલુંજ સ્ત્રીઓ પણ સમજી શકે એમ છે." આનંદ-ને હવે લાગ મળ્યો. એણે કહ્યું: "એવું છે તો આપ મહાપ્રજાપતિ દેવીને શા સારૂ નિરાશ કરો છો? એમની પ્રાર્થના કેમ સ્વીકારતા નથી? એમણેજ આપને ઉછેર્યા છે, આપના ઉપર એમનો ઘણો સ્નેહ છે. એમના મનના સમાધાનની ખાતર, આપ એવો નિયમ કરો કે સ્ત્રીઓથી પણ પ્રવ્રજ્યા લઇ શકાય છે."

બુદ્ધદેવે આનંદની ભલામણ માન્ય રાખી અને મહાપ્રજા-પતિ તથા તેમની સાથે આવેલી ૫૦૦ શાક્ય કુમારીઓને પ્રવ્ર-જ્યા આપીને એક નવો ભિક્ષુણીસંઘ સ્થાપ્યો. ભારતવર્ષમાં સ્ત્રી-

ઓના અધિકારની બાબતમાં એક સુવર્ણાક્ષરે નોંધી રાખવા યોગ્ય દિવસ હતો. મહાપ્રજાપતિ એ ભિક્ષુણીસંઘનાં પ્રમુખ બન્યાં. બુદ્ધદેવે એ ભિક્ષુણીઓને ધર્મનો ઉપદેશ સમજાવ્યો. થોડી વારમાં એમની યોગ્યતા જોઇને બુદ્ધદેવે એ ભિક્ષુણીઓને ભિક્ષુઓના બીજા પણ અધિકાર સહિત સ્વતંત્રતા આપી. ત્યાર પછી તેમને 'ઉપસંપદા' મળી. એ સમયે પૂરા હક્ક પ્રાપ્ત થયા અને ભિક્ષુઓના મંડળમાં સર્વ વાતમાં મત આપવાનો અધિકાર એ સ્ત્રીઓને મળ્યો. મહાપ્રજાપતિ તો પૂર્વજન્મનાં સંસ્કારી સ્ત્રી હતાં, એટલે બુદ્ધદેવના ઉપદેશથી થોડા સમયમાંજ એમને સમાધિયોગ પણ પ્રાપ્ત થયો અને એકાગ્રચિત્તે ધ્યાન અને અનુષ્ઠાન કરીને અલૌકિક શક્તિ અને જ્ઞાનવડે અર્હંત્ પદ પ્રાપ્ત કર્યું. ગૌતમીએ સ્થાપેલો આ ભિક્ષુણીસંઘનો ઇ. સ.ના ચોથા શતકમાં લોપ થયો, એવો આચાર્ય કૌશાંબીનો અભિપ્રાય છે. આજકાલ બ્રહ્મદેશમાં પણ એવા પ્રકારની એક સંસ્થા છે જેમાં સ્ત્રીઓને 'દશ શીલધારિણી' ઉપાસિકા કહે છે. અસ્તુ !

એક દિવસ ભગવાન બુદ્ધદેવ જેતવન વિહારમાં સ્થિતિ કરી રહ્યા હતા, તે વખતે તેમણે દરેક ભિક્ષુણીને તેમના ગુણ અને યોગ્યતાનુસાર દરજ્જો આપ્યો હતો. એ પ્રસંગે એમણે ગૌતમીને સૌની અધ્યક્ષ બનાવી હતી અને ગૌતમીએ કૃતજ્ઞતાપૂર્વક બુદ્ધદેવ આગળ કેટલીક આત્મજ્ઞાન અને વૈરાગ્યસૂચક અમૂલ્ય ગાથાઓ ગાઇ હતી.

એક સમયે બુદ્ધ ભગવાન વૈશાલી નગરની પાસે મહાવનમાં કુટાગાર નામક નગરમાં સ્થિતિ કરતા હતા, તે વખતે ગૌતમી દેવી ત્યાંની ભિક્ષુણીઓના ઉપાશ્રય (અપાસરા)માં નિવાસ કરતી હતી. એક દિવસ વૈશાલી નગરમાં ભિક્ષા માગી આવીને ગૌતમી દેવી પોતાના વિશ્રામસ્થાનમાં જઇને વિચારવા લાગીઃ "બુદ્ધનું પરિનિર્વાણ અથવા દેહત્યાગ મારાથી દેખી શકાશે નહિ. તેમના પ્રધાન શિષ્ય યુગલ, તેમના રાતદિવસના સેવક આનંદ, મારો પૌત્ર રાહુલ અને પુત્ર નંદકુમારના દેહત્યાગનો દેખાવ પણ મારાથી કદી જોઈ શકાશે નહિ. માટે એ સર્વને પૂછીને મારે તેમની પહેલાંજ આ દેહત્યાગ કરવો એ ઠીક છે." આવા વિચારથી એણે બુદ્ધદેવને પોતાને ત્યાં તેડાવ્યા. બુદ્ધદેવ વિમાતા ગૌતમીના ઘરમાં પધાર્યા એટલે ગૌતમીએ તેમના ચરણમાં પડીને નમસ્કાર-

પૂર્વક વિનય સાથે દેહત્યાગ કરવાની—પરિનિર્વાણ લેવાની આજ્ઞા માગી. બુદ્ધદેવે પોતાના સ્વભાવસિદ્ધ કોમળ પણ ગંભીર સ્વરે કહ્યું: "હવે તમારા દેહત્યાગનો સમય થઇ ચૂકયો છે. હવે ખુશીથી જઇ શકશો." ત્યાર પછી આનંદ વગેરે સેવકોને બોધ આપીને અને ભિક્ષુણીઓને ઉપદેશ આપીને ગૌતમી સમાધિસ્થ થઇ અને એજ દશામાં એમો પવિત્ર આત્મા નશ્વર દેહનો ત્યાગ કરીને નિર્વાણ-પદને પામી ગયો.

અપદાન તથા થેરીગાથા ગ્રંથમાં એમની રચેલી વાણી છે. એ વાણીમાં બુદ્ધદેવ પ્રત્યે એમની સ્નેહભરી ભક્તિ શબ્દેશબ્દ-માં ટપકે છે. એમની રચના ઘણી સરળ અને સુખ આપનારી છે. એ કહે છે કે:—

"હે સુગત! હું તારી માતા છું અને તું મારો વીર પિતા છે; કેમકે ઉત્તમ ધર્મ શીખવીને મને નવો જન્મ આપીને તું મારો પિતા બન્યો છે. મેં તને લાડ લડાવીને નાનેથી મોટો કર્યો છે, શુદ્ધ અને પવિત્ર ધર્મરૂપી શરીર આપીને તેં મને મોટી કરી છે. મેં તો એક ઘડીભરની તારી તરસ છિપાવવાને સારૂ તને ધાવણ ધવરાવ્યું હતું. તેં મને જે ધર્મનું ધાવણ ધવરાવ્યું છે તેથી મને અક્ષય શાંતિ મળી છે. માંધાતા આદિ રાજાઓની માતાનાં નામ ભવસાગરમાં લુપ્ત થઇ ગયાં છે; તારી મા થઇને હું ભવ-સાગરથી પાર ઊતરી ગઇ છું.

"રાજમાતા, રાજમહિષી એ બધાં નામ સ્ત્રીઓને માટે સુલભ છે; પરંતુ બુદ્ધમાતા એ નામ પરમ દુર્લભ છે. સ્ત્રીઓને ભિક્ષુણી બનવાનો અધિકાર આપવા મેં તમને વારંવાર કહ્યું હતું, એટલા માટે મારો અપરાધ થયો હોય તો હે સુરશ્રેષ્ઠ! મને ક્ષમા આપજો.

"તમારી આજ્ઞાથી મેં ભિક્ષુણીઓ ઉપર શાસન ચલાવ્યું છે. એ કાર્ય કરવામાં કોઇ જાતની ત્રુટિ રહી ગઇ હોય, તો એને માટે પણ હે ક્ષમાપિતા! (ક્ષમાના આધાર) મને ક્ષમા આપજો.

"તમે જ્યારે નાના હતા, ત્યારે તમને જોઇને તથા તમારી તોતડી વાણી સાંભળીને આંખ અને કાનને જેટલી તૃપ્તિ નહોતી થઇ, તેટલી તૃપ્તિ તમે આપેલા ધર્મરસના પાનથી થઇ છે."

* * * * *

થેરીગાથામાં મહાપ્રજાપતિ કહે છેઃ “બુદ્ધવીર! હું તમને નમસ્કાર કરૂં છું. તમે સર્વ સત્તા છો, સૌથી શ્રેષ્ઠ છો; મારા જેવી કેટલીયની દુઃખરૂપી જ્વાળા તમે બુઝાવી છે. દુઃખનું નિદાન હવે મેં જાણ્યું છે. સઘળાં દુઃખનું મૂળ કારણ જે તૃષ્ણા તે હવે મારામાંથી સુકાઇ ગઇ છે; કેમકે તમે આપેલા જ્ઞાન વડે મેં ધર્મનાં શ્રેષ્ઠ આઠ અંગોને પ્રાપ્ત કર્યાં છે. પૂર્વજન્મોમાં માતા, પુત્ર, પિતા અને ભાઇરૂપે ઘેરેઘેર ભટકી છું, પણ હવે મેં ભગવાનને ખોળી કાઢ્યા છે. આ મારો છેલ્લો જન્મ છે. મારી સંસારની ગાંઠ છૂટી ગઇ છે. આ ભિક્ષુણીને હવે ફરીથી જન્મવાનું ને મરવાનું રહ્યું નથી. જુઓ! દૃઢ પરાક્રમપૂર્વક બધા સાધુમાર્ગમાં વિચરણ કરી રહ્યા છે. જીવનમાં સાધુતા પ્રાપ્ત કરવી, એજ બુદ્ધિની સૌથી સારી વંદના છે.

“હે ગૌતમ! મારી માયા બહેને લોક હિતને ખાતરજ તમને જન્મ આપ્યો હતો. તમે દુઃખ, વૃદ્ધાવસ્થા, વ્યાધિ, મૃત્યુ અને શોકનાં રુદનને હરી લીધાં છે.”



૫–गोपा (यशोधरा)

આજથી અઢીહજાર કરતાં પણ વધારે વર્ષ પૂર્વે કપિલ-વસ્તુ નામનું નગર હતું. એ નગર કઇ જગ્યાએ હતું, તે સંબંધે વિદ્વાનોના જુદા જુદા મત છે. એક અંગ્રેજ ઇતિહાસવેત્તાના મત પ્રમાણે સંયુક્ત પ્રાંતમાં બસ્તી જિલ્લાની ઉત્તરે આવેલું હાલનું પિપ્રાવા ગામ તેજ પ્રાચીન કપિલ-વસ્તુ. બૌદ્ધધર્મના ખાસ અભ્યાસી બીજા અંગ્રેજ લેખકના મતે કપિલવસ્તુ હાલની કોહાના નદી તે પ્રાચીન રોહિણી નદીને કિનારે, બનારસથી ઇશાન દિશામાં સો માઇલ છેટે હતું. ગમે તે હો, પરંતુ એટલું તો નિર્વિવાદ છે કે, એ કપિલવસ્તુ નગરમાં પૂર્વે શાક્ય લોકો વસતા હતા. એ જાતિના લોકો ખેતીનો ધંધો કરતા હતા અને એમાંના કેટલાંક કુટુંબો રાજવંશી હતાં. કપિલવસ્તુમાં શુદ્ધોદન નામનો એક શાક્યવંશી રાજા રાજ્ય કરતો હતો. એ રાજા યુદ્ધવિદ્યામાં ઘણો કુશળ અને પ્રતાપી હતો. એને બે રાણી-ઓ હતી. મહામાયા અને પ્રજાપતિ. વૃદ્ધાવસ્થામાં રાણી મહા-માયાના ગર્ભથી તેને એક પુત્ર ઉત્પન્ન થયો હતો. એ બાળક ઘણો સુંદર અને દિવ્ય કાંતિવાળો હતો. પુત્ર સાત દિવસનો થયો એટલે એની માતા મરણ પામી અને સાવકી મા પ્રજાપતિએ તેને પોતા-નાજ બાળકની પેઠે લાડમાં પાળીપોષીને મોટો કર્યો. એ પુત્રનું નામ સિદ્ધાર્થ પાડવામાં આવ્યું. ગૌતમ નામથી પણ એ ઓળખાતા.

સિદ્ધાર્થના જન્મ પછી કોઇ સિદ્ધ પુરુષે રાજપુત્રને જોઇને કહ્યું હતું કે, “ આ બાળક કોઇ વખતે સંન્યાસ ધારણ કરીને એક પ્રસિદ્ધ મહાત્મા થશે.” શુદ્ધોદન ઘણા વખતથી વાંઝિયો હતો. વૃદ્ધાવસ્થામાં રાજકુટુંબના એકમાત્ર આધારરૂપ આ પુત્ર જન્મ્યો. તે પણ રાજ્યનો ત્યાગ કરીને સંન્યાસી થઇ જશે, એ ચિંતાથી રાજાના દુઃખનો પાર રહ્યો નહિ. પુત્રની મતિ વૈરાગ્ય તરફ ન

જાય એટલા સારૂ સિદ્ધાર્થ મોટો થયો ત્યારથી તેને ઘણા પ્રકારના ભોગવિલાસમાં ઉછેર્યો.

પણ બુદ્ધદેવ તો બચપણથીજ ભાવનામય અને વિચારશીલ હતા, એટલે એમને એ બધા ભોગવિલાસ રુચ્યા નહિ. ઘણી વખત પોતે એવા આમોદપ્રમોદમાંથી દૂર જતા રહીને એકાંત સ્થળમાં ચિંત્વન કરતા.

કપિલવસ્તુની પાસે કલિદેશ નામનું એક નાનું રાજ્ય હતું. કલિદેશના રાજા દંડપાણિને ગોપા નામની એક પરમસુંદરી, વિદ્યાવતી અને બુદ્ધિશાળી કન્યા હતી; અને સદ્ગુણોથી એ વિભૂષિત હતી. સિદ્ધાર્થનું વય ઓગણીસ વર્ષનું હતું ત્યારે ગોપા સાથે તેનો વિવાહ થયો.

વિવાહ પૂર્વે રાજાએ અનેક કુમારિકાઓને એક ઉત્સવમાં આમંત્રણ કર્યું હતું અને ત્યાં સિદ્ધાર્થને હાથે એક કિંમતી લહાણી વહેંચાવવાની વ્યવસ્થા કરી હતી. અનેક રાજકન્યાઓ એ ઉત્સવમાં ભાગ લેવા આવી અને રાજકુમારને હાથે લહાણી લઇને ચાલી ગઇ. ગોપા પણ આવી, પરંતુ તેની વારી આવી ત્યારે લહાણી ખૂટી ગઇ. સિદ્ધાર્થની અને ગોપાની ચાર આંખ થઇ. બન્ને એક બીજા પ્રત્યેથી ચક્ષુ ફેરવી શકયાં નહિ, થોડી વાર સુધી બન્ને ચિત્રની પેઠે ઊભાં રહ્યાં. થોડી વાર પછી ગોપા ચમકી, તેને શરમ આવી, આંખ નીચી કરી લઇને તેણે પૂછ્યું: "કુમાર! મને લહાણી નહિ મળે? હું પણ નિમંત્રણથી આવી છું હો."

ગૌતમે કહ્યું: "મેં તમને અપમાન કરવા સારૂ બોલાવ્યાં નથી. સુવર્ણથી પૂર્ણ આ અશોક–પાત્ર તમને લહાણીમાં આપું છું અને સાથે સાથે મારી આંગળીની વીંટી પણ આપું છું." એમ કહીને રાજકુમારે આંગળી ઉપરથી વીંટી કાઢવા માંડી.

ગોપાએ તેને રોકીને કહ્યું: "ના, આપનો અલંકાર મારે જોઇતો નથી. મારી ઇચ્છા પૂર્ણ થઇ છે." એટલું કહી લહાણી લઇને ગોપા ધીરે ધીરે ચાલી ગઈ. ગોપાનું રૂપ નીરખીને, વાતચીતમાં તેની વિદ્યા તથા ગુણનો પરિચય પામીને કુમાર તેની તરફ આકર્ષાયો. ગોપા પણ મનમાં ને મનમાંજ સિદ્ધાર્થને પોતાનો આત્મા સમર્પણ કરીને પિતૃગૃહે ગઈ.

પુત્રનો અભિપ્રાય જાણી જઇને રાજા શુદ્ધોદને દંડપાણિ

પાસે ગોપાની સાથે સિદ્ધાર્થનો વિવાહ કરવાનું માગું મોકલ્યું; પણ ક્ષત્રિયોચિત શૌર્ય, પરાક્રમ આદિ ગુણો કરતાં વિચારશીલ અને તત્ત્વચિંત્વન માટે કુમાર સિદ્ધાર્થ ઘણો પ્રસિદ્ધ હતો; એટલે દંડપાણિએ એવા રાજકુમારને પોતાની કન્યા આપતાં આંચકો ખાધો. સિદ્ધાર્થને એ વાતની ખબર પડતાં એણે જાતજાતની કસરત, ખેલ, અસ્ત્રચાલન, વગેરે ક્ષત્રિયને છાજતા ગુણોમાં અને એ સમયના ઉચ્ચ શિક્ષણમાં પોતાની પ્રવીણતા ઘણી સારી રીતે સાબિત કરી આપી. આ પ્રમાણે કુંવર સિદ્ધાર્થે ક્ષત્રિયોએ અવશ્ય જાણવા યોગ્ય વિષયોની પરીક્ષા પાર ઉતારીને ગોપારૂપી સ્ત્રી-રત્ન પ્રાપ્ત કર્યું.

મનપસંદ વરને વરીને ગોપા છાયાની પેઠે પતિની અનુગામિની બની. સુખદુઃખમાં ગોપા હમેશાં પતિની સાથેજ રહેતી. દશ વર્ષ સુધી એમનો સંસાર ઘણા સુખમાં વ્યતીત થયો. ગૌતમની બધી ચિંતાઓ સુશીલ પત્નીના પ્રેમને લીધે ચાલી ગઇ. બન્ને સુખી થયાં. આનંદના દિવસો વહી જતાં વાર પણ ન લાગી.

એક દિવસ ગૌતમ સૂઇ રહ્યા હતા, રાત્રિ પૂરી થવા આવી હતી, ચંદ્રમા પશ્ચિમ આકાશમાં ડૂબી રહ્યો હતો, પૂર્વ દિશા સૂર્યનાં તરુણ કિરણોથી રંગાઇ રહી હતી. એવામાં એક ગવૈયો એવી મતલબનું ગીત ગાઇ રહ્યો હતો કે, " આ સંસારમાં કશું નિત્ય રહેવાનું નથી. કાળ બધાની પાછળ લાગી રહેલો છે." આ ગાયન સાંભળતાં વારજ એમની નિદ્રા ઊડી ગઇ અને ઊંડા વિચારના તરંગો એમના મનમાં ઉત્પન્ન થયા! વિચારનો પ્રવાહ હવે એ દિશામાંજ વહેવા લાગ્યો. શિકારે જતાં પણ વિચાર આવતો કે, સ્વચ્છંદે રમતા આ નિર્દોષ પશુને મારવાનો મને શો અધિકાર છે? આવો વિચાર કરીને ઉગામેલું ધનુષ્ય પાછું ખેંચીને ઘેર આવતા. કેટલાક ખેડૂતો પોતાના સ્વાર્થની ખાતર બળદને મારતા અથવા એમની પાસે એટલું વધારે કામ લેતા કે એ પશુઓની પીઠ ઉપર ચાઠાં પડી જતાં. એ જોઇને ગૌતમને દયા આવતી. એક દિવસ સારથિની સાથે રથમાં બેસીને ફરવા જતાં એક વૃદ્ધ પુરુષને જોયો. માણસ વૃદ્ધ શાથી થાય છે, વૃદ્ધાવસ્થામાં શાં દુઃખો છે, પરવશતા કેટલી વધી પડે છે, એ બધું સારથિને પૂછ્યાથી જાણ્યું. એ પણ જાણ્યું કે, પોતાનો સુંદર અને સબળ દેહ પણ એક દિવસ આવીજ રીતે જીર્ણ થશે.

ત્યાર પછી એક માણુસના શબને લોકો લઇ જતા હતા તે જોયું. તે ઉપરથી તેમને મનુષ્યના શરીરની નશ્વરતા અને ક્ષણુ-ભંગુરપણાનું ભાન થયું. વળી એક સમયે એક રોગીને રોગથી તરફડિયાં મારતો જોયો. એ સંબંધી તપાસ કરી તો જણાયું કે, થોડા વખત પહેલાં એ સાજો હતો. હવે એને રોગ લાગુ પડ્યો છે; તેથી એ પીડાય છે. રોગ એ પણ શરીરનો ધર્મ છે.

જ્યારે જ્યારે ગૌતમે આવા દેખાવો જોયા ત્યારે ત્યારે એને ઊંઘ ન આવી. ગહન વિચારોમાં ચિત્ત ડામાડોળ થવા લાગ્યું. એક દિવસ સારથિની સાથે ફરવા જતાં એક સંન્યાસીને દીઠો. ગૌતમે એની મુલાકાત લીધી, એનો શો ઉદ્દેશ છે, શા કારણથી સંન્યસ્ત વ્રત લીધું છે વગેરે જાણી લીધું અને મનમાં ને મનમાં કાંઇ પ્રતિજ્ઞા કરી.

ગોપાના વિવાહને દશ વર્ષ વીતી ગયાં. એ ગર્ભવતી થઇ અને દશ માસ પૂર્ણ થતાં એણે એક સુંદર પુત્રને જન્મ આપ્યો. ગૌતમના પિતાને આશા બંધાઇ કે પ્રેમની આ દૃઢ સાંકળથી સિદ્ધાર્થ સંસારમાં બંધાઇ રહેશે. એને તત્ત્વજ્ઞાનના વિચારો કરવાની ફુરસદ હવે નહિ મળે.

સગર્ભાવસ્થામાં એક રાત્રિએ ગોપા પતિની સાથે સૂઇ રહી હતી. એવામાં એને કાંઇક વિષમ સ્વપ્ન આવ્યું અને તે ઝબકીને ઊભી થઇ ગઇ. પતિના હસ્તને ત્રણ વાર ચુંબન કરીને પતિપ્રાણા સાધ્વી બોલી ઊઠી:—

"નાથ! જાગો! નાથ જાગો! વાણી દ્યો આશ્વાસની"

ગૌતમ જાગ્યા. "વહાલી શું છે? કેમ ઝબકી ઊઠી? તબિયત તો ઠીક છે ને?" એમ પ્રેમપૂર્વક પૂછવા લાગ્યા, પણ ગોપાનું રુદન તો ચાલુજ હતું. એને ગળે ડૂમો ભરાઈ ગયો હતો. આખરે સ્વસ્થ થઇને એ નમ્રતાપૂર્વક બોલી:—

સૂતી હું નાથ! સુખે મૃદુ નીંદરે, શિશુ બહુ ઉદરે તુજ તે સ્ફુરે;
જીવન, મોદ અને વળી પ્રેમની, દ્વિગુણુ નાડી વહી હૃદયે રહી.
સુખદ ગાનજ તે તણું હું સુણી, મધુર નીંદરમાં શમતી ઘણી;
પણ અહો, કંઇ સ્વપ્નજ કારમાં, અનુભવી છબી જાગી હું તો હવાં.

એમ કહીને ગોપાએ પોતાને આવેલાં બે સ્વપ્નોની વાત

જણાવી કે, “ પહેલું સ્વપ્ન એવું આવ્યું કે જાણે હું એક ધોળો આખલો જોઉં છું. તેનાં શીંગડાં ફેલાયલાં છે. કપાળમાં એક ચળકતો મણિ છે. એ નગરના દરવાજા તરફ મહાલતો મહાલતો જઈ રહ્યો હતો. કોઇ તેને રોકી શકતું નહિ. એટલામાં ઇંદ્રના મંદિરમાંથી એક વાણી સંભળાઇઃ ‘ જો તમે એને રોકશો નહિ તો નગરની કીર્તિ ચાલી જશે.’ છતાં કોઇ રોકી શક્યું નહિ. હું મોટે સ્વરે રોતી રોતી એ આખલાને કંઠે વળગી અને રોકવા મથી. લોકોને નગરનાં દ્વાર બંધ કરવાની આજ્ઞા કરી, પણ વૃષભ-રાજ મારા હાથમાંથી સહેલાઇથી છૂટીને ચાલ્યો અને દરવાજાની ભોગળો તોડીને દરવાનોને પગ નીચે ચગદીને ચાલ્યો ગયો.

“ વળી બીજું સ્વપ્ન આ પ્રમાણે દીઠું. ચાર દિવ્ય સ્વરૂપો, સુમેરુ પર્વત ઉપર રહેતા દિક્પાળ હોય એમ જણાતાં, આકાશમાંથી અસંખ્ય ગણોની સાથે ઉતરીને નગરમાં ઝડપથી પેઠાં. તે સાથે ઇંદ્રલોકના દરવાજા ઉપરનો, સોનેરી વાવટો, ફડફડીને નીચે પડ્યો; ને તે સ્થળે એક તેજસ્વી વાવટો પ્રગટ થયો. તેના કપડામાં રૂપેરી દોરે સીવેલાં માણેક ગૂંથ્યાં હતાં અને તેનાં કિરણો વડે અપૂર્વ અને અર્થભાર ભરેલાં વચનો રચાયાં. તે વચનોથી સર્વ જીવતાં પ્રાણીઓ હર્ષિત થયાં. પૂર્વમાંથી સૂર્યોદય સાથે પવન નીકળી એ વાવટો પહોળો થતાં એ વચનો સર્વને સ્પષ્ટ જણાયાં અને અદ્‌ભુત પુષ્પોની વૃષ્ટિ થઈ.”

સિદ્ધાર્થે ઘણું આશ્વાસન આપી કહ્યું:—

“ઓ મારી મધુરી પદ્મની કળી ! સર્વ છે સ્વપ્ન એ રૂડાં, દીઠાં જે તે ફરી.”

ગોપાએ ઉત્તર આપ્યોઃ—

“ સત્ય એ નાથ ! પણ એહ વિરામતાં.
ઘોર વાણી સુણી મેં તો; ‘ આવી એ વેળ ’ એમ ત્યાં.

“ વહાલા ! એ ઉપરાંત મને જે સ્વપ્ન આવ્યું હતું તેની પણ વાત સાંભળો અને પછી કહો કે હું ગભરાઉં કે નહિ ? એ સ્વપ્નું આ પ્રમાણે હતું. હું જાણે આપના પડખામાં ભરાવાનું કરતી હતી તો આપ નહોતા. માત્ર વગર દબાયલો તકિયો અને ખાલી જભ્ભો ! સ્વપ્નમાંજ હું ઊભી થઇ અને મારી છાતી નીચે વીંટેલી આપની માળા-મેખલા બદલાઇ જઇને સર્પ બની ગઈ. પગનાં કલ્લાં સરી પડ્યાં, હાથનાં સોનાનાં કંકણ તૂટીને પડી ગયાં; કેશમાંથી જૂઈ-

નાં ફૂલ કરમાઇને રજકણ થઇ ગયાં અને મારી લગ્નશય્યા જાણે જમીનમાં ડૂબી ગઇ અને કિરમજી મચ્છરદાની કશાકથી ચિરાઇ ગઇ. આ પછી દૂર દૂર પેલા ધોળા વૃષભનો અવાજ સંભળાયો અને પેલો ભરતકામનો વાવટો ફરક્યો અને બીજી વાર 'આવી એ વેળ' પુકાર સંભળાયો. એ સાંભળી હું જાગી ઊઠી." આટલું બોલીને ગોપા રડવા લાગી. ગૌતમે તેને દિલાસો આપવા કહ્યું:—

"ધીરજ ધાર તું પ્રાણ! મધુરી! એ ધીરજ ધારે;
અવિચલ પ્રેમ છે સ્થાન, સતત આશ્વાસનનું તારે–ધીરજ૦
(સાખી)
ભલે સ્વપ્ન તુજ ભાવિનાં, ચિત્ર ચીતરે ગૂઢ,
ને દેવો ડગતા ભલે નિજ આસન આરૂઢ;
તદપિ તું ધીરજ ધારે–ધીરજ૦
વિશ્વ શકે ઉદ્ધારનો, માર્ગ જાણવા આજ,
તત્પર ઊભું ભેદ કંઈ, ગૂઢ સમજવા કાજ;
તદપિ તું ધીરજ ધારે–ધીરજ૦
દશા આપણી પલટીને, ભલે તજે નિજ સ્થાન,
સત્ય વદું છું યશોધરા, હૂતી ને છે મુજ પ્રાણ;
હૃદય એ તું ધીરજ ધારે–ધીરજ૦
દુઃખિત જગ ઉદ્ધારવા, અવિરત કરતો ધ્યાન,
નિર્મિત સમયજ આવતાં, ભાવિ નિશ્ચય ફળશે મહાન;
વહાલી! એ ધૈર્ય તું ધારે–ધીરજ૦"

આ પ્રમાણે પ્રેમથી આશ્વાસન આપીને કહ્યું: "પ્રિયતમે! હું અજ્ઞાત જીવોના દુઃખથી દુઃખિત થાઉં છું. તેમને માટે મારો આત્મા તલસી રહ્યા છે, તો પ્રિયમાં પ્રિય યશોધરાના જીવન ઉપર મારો આત્મા ભમ્યા નહિ કરે? સર્વ વિશ્વમાં ભમી વળીને આખર તારા ઉપરજ વિશ્રામ લે છે. જે તીવ્ર શોધ હું કરૂં છું તે સર્વ માનવોને અર્થે છે એ ખરૂં, પણ સર્વથી વિશેષ તારે અર્થે છે.' આમ કહીને તેને શાંત પાડીને સુવાડી દીધી. પતિપ્રાણા યશોધરા પતિની આજ્ઞાથી ઊંઘી ગઇ; નિદ્રામાં પણ એજ સ્વપ્નાંના વિચાર આવી જતા અને તે લવી ઊઠતી: "એ વેળ આવી!"

એ દિવસે તો સિદ્ધાર્થ ગોપાને આશ્વાસન આપીને પોતે પણ સૂઇ ગયા, પણ મનમાં સમજ્યા કે પત્નીનાં સ્વપ્નો અ

સાચાં છે. સંસાર પ્રત્યેની પોતાની આસક્તિ વાસ્તવિક રીતે ઓછી થતી જતી હતી અને જગતને ઉદ્ધારવાની ઇચ્છા પ્રબલ થતી હતી. રાજકુમારના ચિત્તમાં આ પ્રમાણે પરિવર્તન થઇ રહ્યું હતું, એવામાં ગોપાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. પુત્ર થોડાકજ દિવસનો થયો એટલામાં સિદ્ધાર્થની દૃષ્ટિએ આગળ જણાવી ગયા એવા સંસારની નશ્વરતા સૂચવનારા પ્રસંગો જોવાને મળ્યા. એક રાત્રિએ ગોપા નાના બાળક રાહુલને ભેટીને સૂતી હતી, એ વખતે રાજકુમાર સિદ્ધાર્થને વિચાર આવ્યોઃ—

" આવી રજની એ ! ઉદ્ધારવા જન જે ડૂબ્યા.
માર્ગ વર્ય તું પુણ્યનો કે જગત કેરી વિભૂતિનો;
આ ક્ષણુ જ નિર્ણુય કઠિન કર્ય સુખ દુઃખ કેરી પ્રસૂતિનો
રાજનો અધિરાજ બનીને આણુ નિજ વર્તાવવા,
કે મુકુટ ગૃહવિણુ શૂન્ય ભટકી જગત્‌નેજ બચાવવા.

* * * *

કર્યો નિશ્ચય દૃઢ આ વાર, હવે હું ચાલું રે,
નવ પાછો ફરૂં કો કાળ, અચળ પથ ઝાલું રે.
શોધું સત્ય અતિ ગૂઢ તે મળતા લગી ફરૂં નહિ.
અન્વેષણુ અતિ તીવ્ર ને તપ ઉગ્ર ફળે જો કાંઇ."

ભર નિદ્રામાં સૂતેલી પ્રિયાને અને સુકુમાર બાળક રાહુલને તજીને જતાં સિદ્ધાર્થની આંખમાં આંસુ આવી ગયાં. એણે વિચાર્યું કે બાળકને છેલ્લી વાર ભેટી લઉં, પણ રાણીનો એક હાથ બાળક ઉપર પડેલો હતો તે ઉપાડીને પુત્રને લેવા જાય તો રાણી જાગી ઊઠે અને જાગ્યા પછી યશોધરા પતિને સંસારનો ત્યાગ કરીને જવા પણ દે? આવા વિચારથી તેણે હૃદયને કઠણ કરીને—

કીધી પ્રદક્ષિણા ત્રણવાર, શય્યા કેરી ધરી ભક્તિ સાર;
જોડી ધડકતે હૃદયે પાણિ, બોલ્યો સિદ્ધાર્થ અવિચલ વાણીઃ
" ફરી આ રમ્ય શય્યામાંહિ, કરૂં શયન કદી હું નાંહિ."

રાણીના સૌંદર્ય અને સદ્‌ગુણને લીધે સિદ્ધાર્થનો એના ઉપર અઢળક પ્રેમ હતો; એટલે ત્રણ વખત પાછા પત્નીશય્યા પાસે આવ્યા અને ત્રણ વખત પાછા ગયા. છેલ્લી વખતે માયાનાં બધાં બંધનો જ્ઞાનની તલવાર વડે કાપી નાખીને સિદ્ધાર્થ ત્યાંથી વિદાય થયા. આ પ્રસંગને બૌદ્ધધર્મમાં " મહાભિનિષ્ક્રમણ " નામથી ઓળખાવવામાં આવ્યો છે.

સવાર થતાં આ સમાચાર સઘળે ફેલાઇ ગયા. રાજમહેલ અને નગરવાસીઓ રડારોળ કરવા લાગ્યા. સ્વામીના વિચારોમાં થતું પરિવર્તન ગોપાએ ઘણા સમયથી જોયું હતું. પોતાને આવેલાં સ્વપ્નાંમાં ઉપરથી ભવિષ્યનું અનુમાન કર્યું હતું. એ સમજી ગઇ કે સ્વામી ગૃહસંસાર ત્યાગી સંન્યાસી બન્યા. એ તો હવે જગતને ઉદ્ધાર કરશે; પણ હું શું કરૂં ? એક તો સ્ત્રીની જાત હતી, બીજું બાળકપુત્ર ખોળામાં હતો, ઘરને ત્યાગ કરીને ચાલ્યા જવું તેને માટે સંભવિત નહોતું. એ ઘરમાં રહીનેજ સંન્યાસિની થઇ.

રાજવધૂને વેશ કાઢી નાખીને ગોપાએ સંન્યાસિનીને વેશ ધારણ કર્યો. રાજમહેલમાં કુળવધૂના બધા ભોગવિલાસને બિલકુલ ત્યાગ કરીને એણે કઠોર બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું.

સસરાએ ઘણું સમજાવી. સાસુએ ઘણું રુદન કર્યું પણ ગોપાનું મન ચળ્યું નહિ. એણે સંન્યાસિનીને સાદો વેશ તથા કઠોર વ્રત છોડ્યાં નહિ.

સાસુજીને બોલાવીને ગોપાએ કહ્યું: " મા ! તમે ધર્મશીલ હોવા છતાં મને અધર્મમાં શા માટે દોરવા માગો છો ? જેના સ્વામી સંન્યાસી થયા તે સ્ત્રીને વસ્ત્રાભૂષણ, ભોગવિલાસનું શું પ્રયોજન ? સ્વામીજ નારીનું સર્વસ્વ છે; સ્વામી એજ તેનું સુખ, તેને ભોગવિલાસ અને તેનાં આભૂષણ છે. સ્વામીજી જ્યારે ઘરબાર છોડીને સંન્યાસી થઇ ગયા, તો તેમની સાથે મારૂં બધું સુખ પણ ડૂબી ગયું. ગૃહસ્થાશ્રમનું સુખ જતું રહ્યું, ભોગવિલાસ જતા રહ્યા. વસ્ત્રાભૂષણના આડંબર કરવાનું હવે પ્રયોજન રહ્યું નથી. હવે તો મારો ધર્મજ જાણે બદલાઇ ગયો છે.

" સ્વામી જ્યારે રાજપુત્ર હતા ત્યારે હું રાજવધૂ તરીકે તેમની સંગી અને સહધર્મિણી હતી. આજ એ સંન્યાસી થયા તો હું સંન્યાસિની થઇશ. સ્ત્રીનું જીવનવ્રત એજ છે કે સ્વામીની અનુગામિની થવું. એ વ્રત મેં આરંભ્યું છે. તો માજી ! કૃપા કરીને મને એમ કરતાં રોકશો નહિ. વળી મા ! તમારો એકને એક પુત્ર આજે સંન્યાસી થઇ અરણ્યમાં કઠોર તપશ્ચર્યા કરે છે એ તમારાથી સહેવાય છે, તો ઘરમાં બેસીને વહુ સંન્યાસિનીને વેશ ધારણ કરીને, સંન્યાસિનીવ્રત પાળે છે એ શા માટે સહન નથી થતું ? "

ગૌતમીદેવી પુત્રવધૂને જવાબ સાંભળીને ચૂપ રહી. એ સિદ્ધાર્થ-

ની માશી તેમજ ઓરમાન મા થતી હતી. સિદ્ધાર્થની જનની મહામાયા પુત્રના જન્મ પછી સાત દિવસમાં મરી ગઇ હતી. ગૌતમીએ માતાની માફક સિદ્ધાર્થને ઉછેર્યો હતો. ગૌતમીના પુત્ર તરીકેજ સિદ્ધાર્થ ગૌતમબુદ્ધ નામથી પ્રસિદ્ધ થયો.

આ રીતેઃ—

શોક ભરી બેસી રહી, ને જીવન સુખ સહુ છાંડ્યું;
મધુર રાણી યશોધરાએ, વૈધવ્ય વિરલું માંડ્યું.

આ પ્રમાણે અનેક વર્ષ વીતી ગયાં. રાજા શુદ્ધોદને પુત્રની ઘણી તપાસ કરાવી પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. છ વર્ષ સુધી ગૌતમે રાજગૃહની પાસેના વનમાં અને પછી ગયાના ગંભીર અરણ્યમાં તપશ્ચર્યા કરી. આખરે ગયા નગરીની પાસેના એક વૃક્ષ નીચે બેસીને ધ્યાન ધરતાં ધરતાં એમને અંતર્જ્ઞાન પ્રાપ્ત થયું. જે જ્ઞાનની શોધમાં હતા તે મળી ગયું."એ જાગ્યા. હૃદયમાં ખરો બોધ થયો એટલે પોતે બુદ્ધ થયા. આ સમયે તેમની ઉંમર ૩૫ વર્ષની હતી. હવેથી એ ભિક્ષુના વેશમાં સર્વત્ર પોતાને જ્ઞાન થયું હતું તે જ્ઞાનનો પ્રચાર કરવા લાગ્યા. હવે આપણે સિદ્ધાર્થને બુદ્ધદેવ, બુદ્ધ ભગવાનના પવિત્ર નામથી સંબોધીશું.

થોડા સમય પછી બુદ્ધદેવ ધર્મનો પ્રચાર કરતા કરતા એક દિવસ કપિલવસ્તુ નગરીમાં પહોંચ્યા. રાણી યશોધરા એ સમયે પતિવિરહથી દુઃખી બનીને, બાળપુત્ર રાહુલની બાળચેષ્ટાઓ નિહાળતી નદીકિનારે બેઠી હતી અને ઊંડા નિઃશ્વાસ નાખીને મનમાં ને મનમાં પક્ષીઓને કહેતી હતી કેઃ-

" કદી જઇ ચઢો અકસ્માત,જહિં છૂપ્યા રહ્યા મુજ નાથ;
કહેજો યશોધરાના પ્રણામ, પછી વિનવીને વદજો આમઃ
'સુણવા શબ્દ એક તમ મુખનો, લેવા લ્હાવો ક્ષણ સ્પર્શસુખનો,
મરણોન્મુખ જીવતી છે દાસી,' કહેજો એટલું ઓ નભવાસી!"

આ પ્રમાણે રાણી શોકોદ્ગારો કાઢી રહી હતી, એવામાં દાસીએ આવીને શુભ સમાચાર કહ્યાઃ—

" રાણીજી! ઓ રાણીજી! આવ્યા નવીન કો આપણા;
પુરમાંહિ દક્ષિણ દ્વારથી બે વણિક હસ્તિનાપુરતણા,

* * * *

*　　*　　*　　ભંડાર દૂરજ દેશના.
લાવિયા, પણ એહ સર્વે રત્નને ઝંખાવતી,
લાવ્યા અમોલી એક વાર્તા રાણી! તમ મન ભાવતી.!
ભાળ લાગી એહની, તુજ નાથની અમ રાજની,
આ ભૂમિકેરી બધી આશા તણા એ શિરતાજની.
નિરખિયો સિદ્ધાર્થ નજરોનજર એ વ્હેપારિયે,
ને પૂજિયો ચરણે ઢળી અભિવંદિયો શિરનામીને;
ભાખિયું હતું ભવિષ્ય તે અનુસાર બનિયો રાજ એ,
જ્ઞાની તણો ગુરુ, ભુવનવંદ્ય, પવિત્ર અદ્‌ભુત આજ એ;
બુદ્ધ બનિયો, મધુર વચને ને અગાધ દયા ગુણે,
જન તારતો, ઉદ્ધારતો, અહીં આવતો વણિકો ભણે."

અંધને ફરીથી નેત્રની પ્રાપ્તિ થાય તેના કરતાં પણ હજારોગણો હર્ષ આ સમાચારથી ગોપાને થયો. એણે તરતજ એ વણિકોને પોતાની પાસે બોલાવ્યા અને એ શુભ સમાચાર પોતાને કાને સાંભળ્યા તથા અનેક રત્ન–માણિક્ય એ લોકોને ઇનામમાં આપીને વિદાય કર્યા.

બુદ્ધદેવના પિતા રાજા શુદ્ધોદન એ સમયે જીવતા હતા. કપિલવસ્તુ નગરીમાં બધે બુદ્ધદેવના પધાર્યાના સમાચાર પહોંચી ગયા. સર્વત્ર આનંદ વ્યાપી ગયો અને રાજપુત્રને જોવા લોકોનાં ટોળેટોળાં છૂટ્યાં. લોકોએ જોયું કે રાજકુમાર ભિક્ષુકના વેશમાં રસ્તામાં ભિક્ષા માગે છે અને પોતાના ધર્મનો ઉપદેશ કરે છે.

ગોપાએ અગાશીમાં ચઢીને ભિક્ષુ સ્વામીને જોયા.

હાય ! ગોપાથી આ દૃશ્ય દેખી શકાય ? જે રાજકુમારના અંગ ઉપર હજારો મણિમાણિક્ય ઝળકી ઊઠતાં હતાં, સેંકડો દરજીઓ જેનો પોષાક બનાવતાં થાકી જતા હતા, અસંખ્ય નોકરો જેમની સેવામાં રાતદિવસ હાજર રહેતા હતા, જેનું સુંદર રૂપ જોઇને ગોપા પોતે મુગ્ધ થઇ ગઈ હતી, તેજ પ્રિય સ્વામી આજ ધ્રુવની માફક રાજપાટનો ત્યાગ કરીને, પોતાની ઇચ્છાથી દીનવેશ ધારણ કરીને પોતાનાજ રાજ્યના રાજમાર્ગમાં ઉઘાડા પગે ફરે છે ! જે મસ્તકમાં રોજ જાતજાતનાં સુગંધીદાર તેલ નંખાતાં હતાં તે સુંદર ઝૂલફાં હવે ક્યાં છે ? કાનમાં હીરાનાં કુંડળ ક્યાં છે ? એ રાજકુમારનો પહેરવેશજ ક્યાં છે ? ગોપાએ ચુપચાપ બધું જોયું.

તેની આંખોમાંથી અશ્રુધારા છૂટી. સ્વામીનું મુંડન કરાવેલું શિર અને ગરીબ ભિખારી જેવો વેશ જોઇને ગોપાથી પોતાના હૃદયના આવેશને રોકી શકાયો નહિ.

ઘણી વાર સુધી રોઇને આખરે એણે મનને શાંત કર્યું. મનમાં ને મનમાં એ વિચારવા લાગીઃ “ છી ! હું આ શું કરૂં છું ? હું કયા દુઃખથી રોઉં છું ? હું દેખતી નથી કે તેમના ચરણારવિંદથી નગર ઝગઝગાટ થઇ ગયું છે. તેમના દર્શનથી નગરવાસીઓનાં મોં ઉપર કાંઇ દિવ્ય પ્રકાશજ જણાઇ આવે છે અને હું તેમની ધર્મપત્ની છું. હું રુદન કરી રહી છું ! હાય ! વેશાભૂષણહીન હોવા છતાં પણ, એ મૂર્તિ અતુલ જ્યોતિર્મય છે. એની આગળ રાજતેજ શા હિસાબમાં ? એ પૂર્ણ શાંતિ અને જ્યોતિર્મય મહામૂર્તિ મારા સ્વામી છે. એજ મારા સ્વામી આજે મનુષ્યરૂપમાં દેવતા છે. આજ એમણે ભોગવિલાસનો ત્યાગ કર્યો છે, સુખદુઃખથી તે અતીત છે. આજ રાજવેશ અને ભિક્ષુક વેશમાં તેમના મનથી કાંઇ ભેદ નથી. આજ રાજમહેલનો રાજભોગ અને ગરીબ ભિખારીની ઝૂંપડીની ભાજી એમને મનથી સમાન છે. અહા ! આજ એ કેવા મહાન, કેવા ઉચ્ચ છે ! તેમના અમૃતમય ઉજ્જવળ દેહને હું પાર્થિવ વેશાભૂષણોથી ઢંકાયેલું જોવાની ઇચ્છા રાખતી હતી !! આજ મારે સ્વામીના મહત્ત્વના ગૌરવથી પોતાને ગૌરવાન્વિત સમજવી જોઇએ; ન કે આમ મોહાંધ સ્ત્રીની પેઠે રોવું જોઇએ. જો મારામાં એટલું પણ મહત્ત્વ ન હોય તો પછી એવા મહાપુરુષની સ્ત્રી ગણાવું ફોગટ છે.”

ગોપા અગાશીમાંથી બે હાથ જોડીને ભક્તિપૂર્વક દેવતારૂપી સ્વામીને નમસ્કાર કરીને નીચે ઉતરી.

બુદ્ધદેવ નિમંત્રિત થઇને રાજનગરીમાં આવ્યા હતા, પણ સ્વામીના સંન્યસ્તવ્રતમાં ભંગ પડે એ બીકથી ગોપા તેમનાં દર્શન કરવા ગઈ નહોતી. બાળક પુત્ર રાહુલને બોલાવીને અંતઃપુરમાંથી બુદ્ધદેવને દેખાડીને ગોપાએ કહ્યું: “ બેટા ! આ તારા પિતાજી. જા, એમને પ્રણામ કરીને એમની પાસે પિતૃધનની પ્રાર્થના કર !”

હાય ! ગોપા ! રાહુલનું પિતૃધન હવે કઠોર સંન્યાસ છે એ તને ખબર નથી ? સ્વામીના સંન્યાસથી તું સંન્યાસિની થઇને

ગૌરવ માને છે, પણ બાળક પુત્રને પણ એજ કઠોર સંન્યાસનો વારસો અપાવતાં તારૂં હૈયું કેમ ચાલે છે ?

રાહુલ પિતાની પાસે ગયો. પિતૃધન—પિતાના વારસાની ઇચ્છા રાખનાર પુત્રને સંન્યાસી પિતાએ સંન્યાસની દીક્ષા આપી.

વળી કેટલાંએક વર્ષો વીતી ગયાં. પિતા શુદ્ધોદનના મૃત્યુ સમયે બુદ્ધદેવ પાછા એક વાર કપિલવસ્તુ નગરમાં પધાર્યા. શુદ્ધોદનનું મૃત્યુ થયું. ગોપા અને નગરવાસી બીજી કેટલીક સ્ત્રીઓએ બુદ્ધદેવની પાસે આવીને સંન્યાસધર્મ ગ્રહણ કરવાની પ્રાર્થના કરી. એમને દીક્ષા આપીને બુદ્ધદેવે ભિક્ષુણી સંપ્રદાય સ્થાપ્યો. ગોપા ભિક્ષુણી સંપ્રદાયની—એ સેવિકાઓની ટોળીની આગેવાન થઇ.

આજ ગોપાનું જીવન સફળ થયું. આજ સ્વામીના ત્યાગમાં ત્યાગી, સ્વામીના ગૌરવથી ગૌરવિણી, સ્વામીના ધર્મકર્મની સંગી, સ્વામીના પુણ્યતેજના મહિમાથી મહિમામયી, જગતના સર્વશ્રેષ્ઠ મહાસાધકની સહધર્મિણી યશોધરા, ફક્ત કહેવાનીજ નહિ, પણ ખરેખરી રીતે સ્વામીની સહધર્મિણી અને સહચારિણી બની.

એ ત્યાગી અવસ્થામાં પરિવ્રાજિકા યશોધરાએ પતિ—ગુરુદેવને એક વાર પૂછ્યુંઃ—

“ અરહંત તણા ઊંડા, હૃદયે કો સમે પડે;
પૂર્વાવસ્થા તણી છાયા ? ભગવન્ ! પૂછું આદરે.
છાયાએ અર્પતી કાંઇ લાંચ્છનો ઉર શુદ્ધને ?
નિર્વાણ શાંતિમાં એથી પડતો ભંગ કો ક્ષણે ? ”

પત્નીનો એ સરળ પ્રશ્ન સાંભળી બુદ્ધદેવે કૌમુદીપટમાં તદ્રુગુણતા પામતી એક નૌકાને દૃષ્ટાંતરૂપે બતાવીને કહ્યુંઃ—

(વસંતતિલકા)

“ સાધ્વી ! તને કહું હું આજ નિગૂઢ એક,
અજ્ઞાન પામર લહી શકશે ન ભેદ;
નિર્વાણનું અકલ રૂપ ન મંદ જાણે,
શાંતિ જલે લહરિને સ્થિતિ ભંગ માને !
નિર્વાણ સિંધુ જલમાં કદી ના વિકાર;
આભાસ થાય કદી, અન્યજ એ પ્રકાર.
મારા અગાધ હૃદયે બનિયા બનાવ,
તેમાંથી એક વરણું, સુણ્ય ધારી ભાવ.

(અનુષ્ટુપ)

મંથનો મેં કર્યાં ઊંડાં, બોધિવૃક્ષ તળે રહી;
ચિત્રો નાના પ્રકારોનાં, પ્રગટ્યાં ને ગયાં શમી.
અંતે આનંદ-સિંધુના, જળમાં બોળતું મને;
પ્રગટ્યું તીવ્ર કો ઊંડું, સંવેદન કહું તને.
પામ્યો હું સહસા ત્યારે, અપ્રમેય દશા નવી;
ખરો નિર્વાણનો સિંધુ, રેલાયો હૃદયે રમી.

(વસંતતિલકા)

નિર્વાણ એ અનુભવ્યો સતત પ્રવાહી,
વર્ષો અનેક લગી, શાંતિ રહી છવાઇ.
તોએ ઊંડા અનુભવો કદી ભિન્ન ભાસી,
એ શાંતિમાં પ્રગટતા, પછી જાય નાસી.
જો એક વેળ બનિયું ન બન્યું કદી જે,
હું ધ્યાનમાં સ્થિર રહ્યો, નવ લક્ષ બીજે;
ને તે ક્ષણે મધુર મૂર્તિ યશોધરાની,
એ ધ્યાનમાં સ્ફુરતી જો! પ્રગટીજ છાની.
આભૂષણો વળી, દુકૂલજ રાણી જોગાં,
સર્વે ગયાં સરી, અને પ્રગટ્યાંજ બીજાં;
સાદાં, તથાપિ કંઇ દીપિત દિવ્ય તેજે,
તે ધારતી મૃદુલ કાન્તિ નિહાળી મેં તે.

(અનુષ્ટુપ)

નૌકા પેલી સરે જ્યોત્સ્ના, પૂરમાં તે સમી સ્થિતિ;
દિવ્યતા પામતી તારી, મધુરી મૂર્તિની હતી.

(વસંતતિલકા)

એ શુદ્ધ મૂર્તિ આ હૃદયે સ્ફુરંતી,
નિર્વાણ-કૌમુદી જળે દીઠી મેં સરંતી;
નિર્વાણમાં નવ થયો કંઇ તેથી ભંગ,
નિર્વાણ તું બની રહી મમ દિવ્ય અંગ."*

બુદ્ધદેવનો આ ઉત્તર એમનો યશોધરા માટેનો પ્રેમ તથા સદ્ભાવ સૂચવે છે. બૌદ્ધદેવનો ધર્મ બહુ ઝડપથી આખા દેશનાં

* આ ચરિત્રમાંની કવિતાઓ સાક્ષરવર્ય રા. રા. નરસિંહરાવભાઇના 'નૂપુરઝંકાર' ગ્રંથમાંથી લેવામાં આવી છે.

સ્ત્રીપુરુષોમાં ફેલાઇ ગયો. તેનો કાંઈક યશ આ આર્યનારીની પરમ સાધનાને પણ ઘટે છે. ભિક્ષુણી સંપ્રદાયની આગેવાન તરીકે અનેક રમણીઓને સેવા અને પરોપકારના વ્રતમાં પ્રેરીને ગોપાએ જગતને મોટો લાભ પહોંચાડ્યો હતો.

યશોધરાના શરીરનો રંગ કાંચન સમો હોવાથી બૌદ્ધધર્મના ગ્રંથોમાં પણ ભદ્રા કાંચના નામથીજ તેને સંબોધવામાં આવ્યાં છે.

સંઘમાં દાખલ થયા પછી આત્મોન્નતિ ઉપરજ તેણે પોતાનું સઘળું લક્ષ્ય પરોવ્યું હતું. ભિક્ષુણીસંઘના નિયમોનું પાલન તેણે બીજી ભિક્ષુણીઓની પેઠેજ પૂર્ણ કાળજીપૂર્વક કર્યું હતું. ત્યાં એણે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું અને અભિજ્ઞાઓમાં પ્રવીણતા મેળવી. એક દિવસ ધ્યાનમાં બેઠી હતી, ત્યાં એને એકદમ પૂર્વકાળના હજારો જન્મનું સ્મરણ થઇ આવ્યું અને તેનો એ ગુણ વિશેષ પ્રસિદ્ધ થયો.

બુદ્ધ ભગવાને ભિક્ષુણીસંઘમાં પદવિદાનના સમારંભમાં મહાભિજ્ઞા પ્રાપ્ત કરનાર ભિક્ષુઓમાં યશોધરાને અગ્રસ્થાન આપ્યું. મહાભિજ્ઞા પ્રાપ્ત કરનાર ભિક્ષુઓ તો થઇ ગયા છે; પરંતુ સ્ત્રીઓ-માં એ સિદ્ધિ પ્રાપ્ત કરનારી એકલી યશોધરાજ હતી. દિવ્ય શક્તિ-ને અભિજ્ઞા કહે છે. જાતજાતના ચમત્કાર કરવા, દિવ્યનાદ શ્રવણ કરવો, બીજાઓના મનની વાત પારખવી, પૂર્વજન્મનું સ્મરણ થવું, દિવ્ય ચક્ષુ આવવાં અને વિકારોનો ક્ષય થવો એને અભિજ્ઞા કહે છે. મહાભિજ્ઞા એનાથી પણ ઉપરનો દરજ્જો છે. એ પ્રાપ્ત કર્યાથી અસંખ્ય પૂર્વજન્મનું જ્ઞાન થાય છે.

અભ્યાસથી યોગી એ શક્તિઓ પોતાની મેળેજ પ્રાપ્ત કરી શકે છે એવો બુદ્ધદેવનો અભિપ્રાય હતો; પણ એનેજ એકમાત્ર ધ્યેય ન સમજી લેવું જોઇએ અને એના પ્રત્યે આસક્તિ ન રાખવી જોઇએ એવો એમનો ઉપદેશ હતો.



६–किसागोतमी

મહાપ્રજાપતિ ગૌતમી તથા બીજી ગોતમીઓથી જુદી પાડવા સારૂ એને કિસા અથવા કૃશા ગોતમી નામથી ઓળખવામાં આવે છે. કૃશા એટલા માટે કહી છે કે એ કૃશાંગી સુકુમાર દેહવાળી હતી. એમ કહેવાય છે કે, પૂર્વજન્મમાં પદુમુત્તર બુદ્ધના સમયમાં એક ક્ષત્રિય સામંતના વંશમાં એનો જન્મ થયો હતો. ભગવાનને મુખેથી એક સમયે સાદાં વસ્ત્રધારી સંસારત્યાગી ભિક્ષુણીઓની ઘણી પ્રશંસા થતી સાંભળીને એણે મનમાં સંકલ્પ કર્યો હતો કે, "હું પણ કોઇ દિવસ એ ભિક્ષુણીપદ પ્રાપ્ત કરીશ." એ જન્મમાં તો એની એ અભિલાષા પાર પડી નહિ, પરંતુ ગૌતમબુદ્ધના સમયમાં શ્રાવસ્તી નગરીના એક ગરીબ કુટુંબમાં એનો જન્મ થયો. દરિદ્ર ઘરની કન્યા હોવાથી સાસરામાં કોઇ એનો ભાવ પૂછતું નહિ. સૌ કોઇ અનાદરની દૃષ્ટિથી જોતું. આખરે એને એક પુત્ર થયો, ત્યારથી એનું માન વધ્યું; પણ ગરીબનું નસીબ ગરીબજ હોય છે. માતાનું માન વધારનાર, માતાના સુખ અને સૌભાગ્યનો એકમાત્ર આધાર એ બાળક, એક દિવસ રમવા ગયો હતો ત્યાંથી એને સર્પ કરડ્યો અને એ નિર્દોષ હસમુખું બાળક સદાને માટે માતાને દુઃખ અને અશ્રુની ભેટ ધરી કાળના પંજામાં વિલીન થઈ ગયું. બિચારી ગોતમીના સુખનો સૂર્ય અસ્ત થઇ ગયો. એને ખાતરી થઇ કે આ સંસાર ફરી મને દુઃખ દેશે. પુત્રના મરણથી એના શોકનો પાર રહ્યો નહિ. મૃત બાળકને ખોળામાં લઇને મૃતસંજીવની કોઇ ઔષધિની શોધમાં એ ઘેરેઘેર ભિક્ષા માગતી ફરવા લાગી. બુદ્ધ ભગવાન પોતાના શિષ્યો સહિત એ વખતે ધર્મપ્રચાર કરવા નીકળ્યા હતા. ગોતમીએ તેમને દીઠા; પછી શું થયું તે અમે સાક્ષરવર્ય નરસિંહરાવભાઇના પ્રાસાદિક શબ્દોમાં વર્ણવીશું:—

(લલિતછંદ)

યુવતિ તે મળી શાકયનાથને, ચરણ પંકજે જોડી હાથને;
નમન નમ્રતા ભાવથી કર્યું, વદન આંસુડે ભીંજિયુ ઘણું.
નયન છે શીળાં જો કપોતીનાં, નયન તેહવાં એહ રીતીનાં;
યુવતિ ત્યાં પછી દીન વાણીએ, વચન ઉચ્ચરી ભાવ આણીને.

(ઢાળ)

ભાવ આણી બોલી વાણી, વિનત વનિતા ત્યાં પછી,
"ઓ નાથ! આહિં તમેજ આવ્યા! દીનપર કરુણા કરી.
પેલી તટ તરુરાજિમાં, મુજ પર્ણકુટીમાં હું વસું,
ને બાળ મુજ ઉછેરતી રહી, દુઃખ જાણ્યું નહિ કશું.
નાથ એ વટરાજિમાં કરી, તેંજ કાલ્ય દયા ઘણી,
દીધું વચન બાળ ઉગારવા" બહુ દીન તે યુવતિ ભણી.
"બાળુડો મુજ ખેલતો ચાલી ગયો તરુ કુંજમાં,
કંઇ કુંપળ પર્ણ વિશેજ દીઠો કૂટિલ એક ભુજંગ ત્યાં.
વીંટી વળિયો નાગ એ મુજ બાળુડાના કર પરે,
ને બાળ હેને ચીઢવતો કંઇ હાસ ખડખડ શો કરે!
તીવ્ર જિહ્વા યુગલ ધરતો, શીતળ હેનો ગોઠિયો.
મુખ વિકસાવીને ફુંફવાટા કરતો ચીઢવતાં જ્યાં ઊઠિયો.
પણ હાય! એ મુજ બાળુડો ક્ષણવારમાં પીળો થયો,
નિસ્તબ્ધ પડિયો, મેં ન જાણ્યું કેમ એ રમતો રહ્યો.
અધરપુટના બંધથી મુજ સ્તન તજ્યું વળી તે ક્ષણે,
કોઇ કહે 'વિષ ચઢ્યું હેને' 'નહિ જીવે' વળી કો ભણે.
પણ મેં ગૂમાવાયે નહિ, મુજ બાળ મોંઘા મૂલનો,
ને ફરી વિકાસ થવા ચહીને કરમિયા એ ફૂલનો.
માંગ્યું ઔષધ સહુ કને, જે બાળુડાને લોચને,
ફરી ઊડી ગયેલું તેજ પૂરે, પૂરે મન મુજ મોદને.
ચુંબન બિંદુ એ સર્પતણું કંઇ ઝીણું અતિ નાનું,
વૈર ન મુજ બાળ શું એ રાખે હું નિશ્ચય મન જાણું.
માયાળુ મુજ બાળ હતો અતિ, પ્રાણી વિશે ધરે પ્રેમ;
રમત રમતમાં સ્પર્શ કરતાં સર્પ દૂભે હેને કેમ?

(વલણ)

કેમ દૂભે મુજ બાળને ? પ્રેમ ભર્યો એ બાળ,
માનું નહિ હું એ કદી સર્પ ડસે કો કાળ રે.

(ચોપાઇ)

પછી કો મુજને વદિયો વેણ, કહું ઉપાય તુજને ઓ બહેન !
પુણ્યાત્મા કો ગિરિ પર વસે,–જો ! ભગવાં ધરી ચાલ્યો પણે,
જા તું એ ઋષિજનને યાચ, ઔષધ કંઇ તુજ બાળક કાજ;
એહ સુણી કાલે તુજ પાસ, આવી હું ધરી મોટી આશ.

(વૈદર્ભી વનમાં વલવલે–એ રાગ)

આશ ધરી મોટી નાથ હું આવી તારી સમીપ;
ક્રૂર અનિલે હોલવ્યો પ્રકટાવવા મોંઘો દીપ. આશ૦
દેવ સરીખું દીપતું તુજ ભાળ વિશાળ;
નિરખી હું આવીને ઊભી કંપ મા ના તુજ બાળ. આશ૦
આંસુ ઢાળીને ખસેડિયું શિશુ મુખ પટકૂળ,
લળી લળી તુજને પૂછિયું, ‘ ઔષધ કિયું અનુકૂળ ? ’ આશ૦
ને નાથ મોટા ઓ ! તેં મને કાઢી તરછોડી નાહિ;
મીઠી મૃદુ નજરે રહ્યો નિરખી પ્રેમે તું કંઇ. આશ૦
ધીરા કોમળ કરવડે સ્પર્શ કરીને તે વાર;
મુખ પટ પાછું ઢાંકિયું, પછી કીધો ઉચ્ચાર. આશ૦

પુત્રશોકથી વિહ્‌વળ બનેલી માતાને પરમ સાધુ, સંસારત્યાગી બુદ્ધદેવ વગર કોણ આશ્વાસન આપે ? એમણે બાળકના દેહ ઉપર મૃદુ હસ્ત ફેરવીને શાંત ચિત્તે કહ્યું:—

“ બહેન, ઉપાય બતાવું હું, જેથી દુઃખ તુજ રૂઝાય;
ને દુઃખ રૂઝે આ બાળનું, પણ ઔષધ તું લાવ્ય.

* * *

શોધીને લાવ્ય તું કાળી કંઈ તોલો એકજ રાઇ.
પણ જોજે બાઇ ! જે ઘર વિષે, મૃત્યુ પામ્યું કો હોય;
માત, પિતા, સુત કે સુતા, દાસી દાસ વા કોય.
તે ઘેરથી નવ લાવતી રાઇ કણ તું એક;
હેવી મળે કદી રાઇ તો,–ધન્ય તુજ કર્મરેખ.”

બુદ્ધ ભગવાને કેવો સીધો ઉપાય બતાવ્યો ? કહ્યું કે, “હે બહેન !

તું એક તોલો કાળી–છડ્યા વગરની–રાઇ લઇ આવે તો હું તારા છોકરાને જીવતો કરૂં; પણ એક શરત છે. એ રાઇ એવા ઘરમાંથી માગી આણવી જોઇએ કે જે ઘરમાં મા, બાપ, છોકરો, છોકરી, દાસદાસી, ભાઇબહેન કોઇ ન મરણ પામ્યું હોય. શોકાતુર ગોતમી એ વખતે ભગવાનના કથનનું આધ્યાત્મિક રહસ્ય સમજી નહિ. એ ભોળીએ શું કર્યું તે એના શબ્દોમાં જોઇએ.

(ગરબી)

" નાથ ! ભટકી હું ઘેર ઘેર, ઉટજ* ઉટજમાં રે,
આ વનમાં અને ઠેર ઠેર નગર મારગમાં રે;
દાબી હઇડા સરીસો બાળ, બન્યો શીત અંગે રે,
માગતી દીન હું દ્વાર દ્વાર, વ્હીલી સુખ ભંખે રે.
કોઇ આપશો તોલો રાઇ, કાળી, હું વીનવું રે,
આણી હૃદય દયા ઓ ભાઇ! કરમ્યું ફૂલ ખીલવું રે;
અને હૂતી જે'ને જે'ને ઘેર, સર્વેએ આપી રે.
રંક જન પર રંકની મહેર નિરંતર વ્યાપી રે.
પણ પૂછ્યું મેં જેણી વાર–કદી આ ઘરમાં રે;
ભાઇ! કોઇ મૂઉં ? નર, નાર, કે બાળ ચાકરમાં રે?
મળ્યો ઉત્તર તરત આ–'બહેન શી વાત આ પૂછે રે ?
ઘણાં વહ્યાં મરણને વ્હેણ, રહ્યાં અલ્પ પૂંઠે રે.
ભરી શોકે દઇ આભાર દઇ રાઇ પાછી રે;
ચાલી આગળ બીજે દ્વાર, વિનંતિ યાચી રે,
પણ ત્યાં પણ ઉત્તર મળિયોઃ 'રહી આ રાઇ રે,
પણ દાસ હમારો પડિયો મરણમાં બાઈ રે.'
કોઇ કહે વળી–'લ્યો આ રાઇ, પણ આ સદનમાં રે;
ગૃહ નાથ ગયો છે બાઈ અકાલ મરણમાં રે!'
કોઇ કહે–'રાઈ આ જે'ણે વાવી તે વર્ષા વિરામે રે,
હજી લણવા વેળ નથી આવી, ને પહોંચ્યો સ્વધામે રે."

આ પ્રમાણે આખા ગામમાં ફરીને એવું એક પણ ઘર નહિ દીઠું કે જે ઘરમાં મૃત્યુનાં પગલાં ન થયાં હોય. ત્યારે ગોતમી નિરાશ થઇને બીજે દિવસે ભગવાન બુદ્ધની પાસે ગઇ. ભગવાને પૂછ્યું: " કેમ, કિસાગોતમી ! મેં કહ્યું હતું એવી રાઇ લઇ આવ્યાં કે ? ગોતમીએ પોતાનો સઘળો વૃત્તાંત કહી સંભળાવીને જણાવ્યું કે,

* ઉટજ–ઝૂંપડું.

"નવ મળ્યું ઘર મુજને કહીં મૃત્યુ વિનાનું એક,
થાકી પાછી હું વળી, પૂછવા સત્ય વિવેક રે.

(ઢાળ)

સત્ય અર્થ હું શોધવા પાછી આવી તારી પાસ,
નદીતટ દ્રાક્ષાકુંજ મૂકી શિશુ ધાવે ન કરે જે હાસ.
દર્શન કરી તુજ ચરણ ચુંબીને પ્રાર્થન કરવા કાજે,
ક્યાં મળશે મુજને રાઇકણ જ્યાં મૃત્યુ કદી નવ ગાજે.
પણ હાય મુજ બાળુડો હાવાં તો પડિયો હશે મૃત્યુ હાથ,
લોકે કહ્યું, ભય મુજ મન જે રહ્યું, સાચું પડ્યું તે નાથ."

કિસાગોતમીને આ પ્રમાણે શોકાતુર જોઇને ભગવાન બુદ્ધ બોલ્યાઃ—

"સત્ય તત્ત્વ તું પામી ઓ બ્હેન!
જડ્યું જે નહિ કોઈ જનને, દેવ શાંતિ મળ્યું તુજ મનને;
કટુ અમૃત દિવ્યજ એ તો, તુંને આપવા ધાર્યું તું મેં તો;
તુજ બાળ વ્હાલો તુંને હુતો, એ તો મરણ શરણ થઇ સૂતો.
તુજ હૃદય શય્યા પર કાલે, ફરી જીવન એ નવ ઝાલે;
આજે જાણ્યું તેં જગ આ વિશાળ, તું જ દુઃખે ઢાળે આંસુ ધાર;
અન્ય હૃદયોયે ભાગ લીધેલો, શોક થાય છે હળવો વ્હેલો;
મુજ રક્ત રેડ્યેથી રોકાય, તુજ આંસુડાં તો હું આંહ્ય;
સદ્ય અર્પણ કરી દઉં બ્હેન, મુજ રુધિરનું રાતું વ્હેણ;
અને શોધી કાઢું તત્ત્વ ઊંડું, જેથી ઊકલે મહા દુઃખ ભૂંડું.
જેહ દુઃખે કરી પ્રેમ મધુરો, શોકરૂપ બની થાય અધુરો;
અને જે મનુજ ટોળાંને, હાંકી લઇ જાય છે બલિસ્થાને;
મૂક આ પશુ યૂથને જેમ, પશુના નાથ મનુજને તેમ;
રમ્ય કુસુમ અને તૃણ ભૂમિ, ઓળંગાવી હાંકી જાય ઘૂમી;
પહોંચાડે મહા બલિસ્થાનમાં તે તીવ્ર દુઃખ જડ્યું જન્મ સાથે.
હું એ ગૂઢ તત્ત્વ ગોતું બાળ! હવે શિશુને શ્મશાન પહોંચાડ્ય."

બુદ્ધદેવના આ ઉપદેશામૃતથી કિસાગોતમીનાં જ્ઞાનચક્ષુ ઊઘડ્યાં. એના હૃદયનો શોક શમી ગયો. સ્વસ્થ ચિત્તે તેણે પુત્રનો અગ્નિસંસ્કાર કર્યો અને પોતે ગૃહ તજીને બુદ્ધદેવની પાસે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવા લાગી. આખરે એણે થેરી પદ અને છેવટે અર્હત્ પદ પ્રાપ્ત કર્યું. થેરીગાથામાં ૨૧૩ થી ૨૨૩ સુધીના શ્લોક તેના

રચેલા છે. એ ગાથાનો ભાવાર્થ નીચે પ્રમાણે છેઃ—

"સાધુ પુરુષની સાથે મિત્રતા કરવી એ હિતકારી છે. સાધુજનનો સંગ પ્રાપ્ત કરીને મૂઢ મનુષ્ય પણ પંડિત થઇ જાય છે. સાધુની સોબતથી પ્રજ્ઞા વધે છે અને પાપ તથા દુઃખ દૂર થાય છે. દુઃખનો હેતુ શો છે અને દુઃખનો તિરોભાવ કેવી રીતે થાય તેનું શિક્ષણ મેળવ. આર્યોનાં ચાર સત્ય અને અષ્ટાંગ ધર્મને પ્રાપ્ત કર.

"માનવોના સારથિ કહી ગયા છે કે, સ્ત્રીનું જીવન દુઃખમય છે. સપત્ની–શોક્ય–નો સહવાસ, સુવાવડ એ બધાંને લીધે સ્ત્રી-જીવન અતિશય દુઃખમય છે. એ દુઃખને લીધે કેટલીક સ્ત્રીઓ ગળે ફાંસો ખાઇને મરે છે. કોઇ વિષ ખાઇ લે છે. કોઇના ગર્ભમાંનું બાળક પણ માતાની સાથેજ મરણ પામે છે."

ત્યાર પછી પોતાની આપવીતી–જીવનકથા સંક્ષેપમાં જણાવીને કહે છે કે, "કુલહીન, પતિહીન થયેલી મેં આખરે અમૃતત્વ પ્રાપ્ત કર્યું. આર્યોના આઠ અંગવાળા ધર્મનું ચિંત્વન કર્યાથી ધર્મના એ સ્વચ્છ આદર્શ વડે મેં આખરે નિર્વાણ પ્રાપ્ત કર્યું છે.

"હૃદય ઉપરથી દુઃખરૂપી પથ્થરનો ભાર હલકો પડી ગયો છે. મારી કરણી સફળ થઇ છે. મુક્તચિત્ત થઇને મેં કિસાગોતમીએ આજે આ ગાથા ગાઇ છે."



૭–સુજાતા

આ ગ્રંથમાં અન્યત્ર જે સુજાતાનાં ચરિત્ર આપવામાં આવ્યાં છે, તેનાથી ભિન્ન આ સુજાતા છે. ગૌતમ બુદ્ધદેવના સમયમાંજ એ પણ થઇ ગઇ છે. ફલ્ગુ નદીને તીરે એનો નિવાસ હતો. સેનાની વંશના એક ધનવાન પુરુષ સાથે એનું લગ્ન થયું હતું. એ સમયમાં ગાયો મનુષ્યની સમૃદ્ધિનું મુખ્ય અંગ ગણાતું. ગૌ એ ધન હતું. સુજાતાના પતિને ઘેર પુષ્કળ ગાયો હતી. ધનવાન હોવા સાથે એ ઘણો પરોપકારી પણ હતો. સુયોગ્ય પત્નીની સાથે તેનો સમય સંસારસુખમાં વ્યતીત થતો હતો. સુજાતામાં સૌંદર્ય અને સદ્‌ગુણનો અપૂર્વ મણિકાંચનયોગ થયો હતો. કવિશ્રી નરસિંહરાવભાઇના શબ્દોમાં કહીએ તો—

નામ સુજાતા હેતું સુંદર, ચંપક કાયા રંગ,
નીલ કમલસમ લોચન શીળાં, અનુપમ છે લાવણ્ય;
એહ ભૂમિમાં સુંદર હેવી, કો નારી નવ અન્ય,
વિનયવડે એ સતી શોભતી હેત ભરીને દીન.
વેણ મધુર સહુ સંગે વદતી, દીપે વદન કુલીન;
હસતું મુખ ધરતીજ સદા એ લલના મંડલ રત્ન.
ગૃહસંસાર તણા સુખમાં નિર્ગમતી જીવન શાંત.

* * * *

આ પ્રમાણે સુજાતાનો સંસાર ઘણો સુખી હતો; પણ એમાં એકજ વાતની ખોટ હતી. પતિપત્નીના સ્નેહને પવિત્ર સાંકળથી વધારે દઢ કરનાર પુત્રનું મુખ હજુ સુધી એણે જોયું નહોતું.

શાંત ગૃહે વસતીજ સતી એ નિજ સ્વામીની સંગ,
પ્રેમપૂર્ણ જીવન પણ ખારૂં પુત્ર વિના સુખ ભંગ.

પુત્ર વગર જીવનમાં એ દંપતિને કશું પણ સુખ જણાતું નહિ.

પુત્રપ્રાપ્તિની આશામાં સુજાતાએ અનેક વ્રત, જપ, પૂજાપાઠ કર્યાં.

ભક્તિભાવથી દેવ દેવિયો પ્રીતથી સદા પૂજી કેવીઓ!
લક્ષ્મી દેવીને પુણ્યમંદિરે, પ્રાર્થતી સદા પુત્ર અવતરે;
કરી પ્રદક્ષિણા કોટિવાર એ, પ્રાર્થતી મહાદેવ બાણુને;
કાંઇ ધરાવતી નવેદ નવનવાં, પુત્રરત્નની આશમાં હવાં.

એ સમયમાં બુદ્ધદેવ પાસેના વનમાં પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન ધરી રહ્યા હતા. સંસારનાં અનેકવિધ દુઃખોમાંથી મુક્તિ પામવાના ઉપાયો શોધી રહ્યા હતા. તેમની કીર્તિ સુજાતાને કાને પણ પહોંચી હતી. બધાં દેવદેવીઓ તરફથી નિરાશ થયેલી સુજાતાએ બાધા રાખી કેઃ—

"પુત્ર રત્ન જો સાંપડે ભેટ ધરૂં સપ્રેમ,
વનમાં વસિયો સાધુ જે દેવાંશી રે દેવ!
હેને ભોજન ભાવથી અર્પું હું તત્ખેવ;
દેવો જે આરોગવા તલસે, હેવું પાન,
કનક પાત્ર ભરી અર્પું હું;
જ્યાં એ તરુતળ ધરતો ધ્યાન."

સુજાતાની શ્રદ્ધા ફળી. દશ મહિનામાં એક સુંદર પુત્ર એને પેટે જન્મ્યો. સુજાતાના હર્ષનો પાર રહ્યો નહિ. પુત્ર ત્રણ માસનો થયો એટલે બુદ્ધદેવને પગે લગાડવા, પોતાની માનતા પૂરી કરવા એમને સારૂ તૈયાર કરેલા સ્વાદિષ્ટ દૂધપાકના નૈવેદ્ય સાથે સુજાતા વનભૂમિ ભણી જવા નીકળી.

"ઉર આભાર ભરી ડગ ભરતી, બાલ હૃદયા સરસો ધરતી;
રાતી સાડીમાં શિશુને લપેટ્યો, નાનકડા ભુજ ઉર ધરી ભેટ્યો;
નિજ ઉરનું એ આનંદ રત્ન, દાબે ઉરશું કરે કરી જત્ન;
અન્ય કર કરી ઊંચો સુરેખ, શિર સ્થિર ટેકંતી ભાર એક;
પાત્ર યુગલતણો એ ભાર, માંહિ દેવ કાજ આહાર;

દાસીએ વૃક્ષની નીચે બેસી, પદ્માસન વાળી તપસ્યા કરતા દિવ્ય તેજવાળા શાંત અને નમ્ર બુદ્ધદેવને દેખાડ્યા. એટલે સુજાતાએ ત્યાં જઇને માથું નમાવી મૃદુભાવે વિનતી કરીઃ-

અહો! કુંજવાસી સંત! અતિ પવિત્ર,બેલી દીનનો અનાથનો તું મિત્ર;
શ્રેયદાતા! હું યાચું દાસી દીન, દયા દાન ધન્ય દર્શનજ નવીન.
શુભ્ર દહિં બનાવી લાવી આજ તાજું, અને દૂધ, હસ્તિ દંતશું નવાજું;

રંક કેરી ભેટ આટલી સ્વીકારો, અને સફળ થાવ જન્મ આ હમારો.

આ પ્રમાણે વિનતિ કરીને સુજાતાએ કનકપાત્રમાં દૂધ અને દહીં જુદાં જુદાં પીરસ્યાં. ત્યાર પછી સ્ફટિક–પાત્રમાં સુગંધી દ્રવ્યો મૂકીને બુદ્ધદેવને તેનું મર્દન કર્યું.

બુદ્ધદેવે મૌનપૂર્વક અતિ પ્રસન્નતા સહિત એ ભોજન કર્યું. ઉપવાસ અને ઉજાગરાથી જે શ્રમ પહોંચ્યો હતો તે આ પુષ્ટિકારક ભોજન આરોગતાં વાર જતો રહ્યો. એ ભોજનથી બુદ્ધદેવનો એ પ્રસન્ન આત્મા—

દિવ્ય સત્યની ભૂમિ ભણી ઊડવા થયો સમર્થ ઘણો.

ભગવાન બુદ્ધદેવના વદન ઉપર પહેલાં કરતાં વધારે દિવ્યતા અને ગૌરતા નીરખીને સુજાતાની તેમના પ્રત્યે ભક્તિ વધી અને તે હર્ષપૂર્વક પૂછવા લાગી:—

"સાચે શું છો આપ દેવ અવનિમાં ઊતર્યા ?
મુજ આનંદ અમાપ પ્રસન્ન જો મુજ ભેટથી."

બુદ્ધદેવે પૂછ્યું: "દેવિ ! હું તારા આ ભોજનથી ઘણો પ્રસન્ન થયો છું. એનાથી અનેક દિવસનો મારો થાક ઊતરી ગયો છે. ધ્યાન ધરવાને મારામાં નવી સ્ફૂર્તિ આવી છે. આજે મારામાં કાંઇ નવીનજ જીવન આવ્યું હોય એમ લાગે છે. તું એવું સ્વાદિષ્ટ ભોજન ક્યાંથી લાવી ?"

સુજાતાએ ઉલ્લાસપૂર્વક ઉત્તર આપ્યો:—

(કટાવ)

"નાથ સુણોજી, ગોયૂથો મુજ પતિના ઘરનાં, તેમાં થકી સો ગાયો શોધી, નવપ્રસૂતા, દૂધ એહનાં પાઈ પોષી; પચાસ બીજી, સુંદર ધેનું, દૂધ એહનું, પચીસ બીજી ગૌને પાયું; પચીસ કેરૂં બીજી બારને પ્રેમે પાયું; એહ બારનું યૂથ, મહિંની ઉત્તમ ખટ ધેનુને અર્પ્યું; એ ધેનુંનું દૂધ ઉકાળ્યું રૂપા કેરા લોટા મધ્યે; અને પછી મેં શુદ્ધ બીજને વીણી વીણી, મોતી કેરા દાણા સરખાં તાંદુલ લઇને, નવ ખેડેલી ભૂમિ મધ્યે, પ્રથમ થકી ઊગાડી લણેલા ચોખા ઓરી, પાયસ રાંધી અત્ર ધરાવ્યો; ધન્ય ધન્ય મુજ જીવન, પ્રભુને આજે ભાવ્યો."

ત્યાર પછી પોતે વંધ્યાવસ્થામાં કેવું ચિંતામય જીવન ગાળતી

હતી અને પોતાને પુત્ર અવતરવા સારૂ બુદ્ધદેવની કેવી માનતા માની હતી એ બધી વાત વિસ્તારીને કહી અને બાળકને ભગવાનની આગળ ધર્યો. ભગવાને બાળકના ઉપરથી લાલ પાલવ ખસેડીને પ્રેમપૂર્વક નિહાળ્યો તથા એના નાનકડા શિર ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપ્યોઃ—

"લાંબુ સુખ ભોગવજે !
જીવન દુઃખના ભારને વહી નાંખજો સ્હેજે
સુંદર બાળક તારો !
આશ્રય મુજને અન્નનો આપ્યો બહેન! તેં આજે.
હું નથી દેવ કો સ્વર્ગનો હું તુજ બાંધવ સાચે,
સુંદર બાળ નિહાળું હું"

"હું પોતે પૂર્વાશ્રમમાં રાજકુમાર હતો, મોટા સુખવૈભવ ભોગવતાં હતો અને હાલ છ વર્ષથી સંસારનાં દુઃખ અને અંધકારનો નાશ કરે એવા દિવ્ય જ્ઞાનની શોધમાં જંગલે જંગલ ભટકું છું. આજ કેટલાયે દિવસનો હું ભૂખ્યો હતો તેને—

"સુંદર ભગિની જીવાડિયો આપી ભોજન મીઠું;
તે પૂર્વે કાયા નિર્બલી લથડી ગઈ ત્યાં મેં દીઠું.
દર્શન એ દિવ્ય જ્યોતિનું! સુંદર આ બાળક સમું."

આ પ્રમાણે પોતાનો અનુભવ કહી ભગવાન બુદ્ધ ખરા સાધુને છાજે એમ પૂછવા લાગ્યાઃ—

"બહેન! કહે, પણ આજ જીવન સુખમય તું ગણે?
જીવન જીવી એમ સુખ માધુર્ય તું ભોગવે?
જીવનને વળી પ્રેમ એ બે તું બસ માનતી?

(વલણ)

"પ્રેમ અને જીવન તને પૂરાં લાગે માત્ર?"

કેવો સરલ પણ ગંભીર પ્રશ્ન છે! બુદ્ધદેવનો એ પ્રશ્ન પ્રત્યેક વાચક બન્ધુ તથા બહેને પણ હાલને સમયે પોતાને પૂછવો ઘટે છે. પાર્થિવ સુખ તથા વૈભવ પ્રત્યેનો મોહ સુજાતાના કાળ કરતાંયે હજારોગણો હાલમાં વધી પડ્યો છે. સુજાતાએ દીન ભાવે ઉત્તર આપ્યોઃ—

" પૂજ્ય ઓ ભગવાન !
ઉર મારૂં આ નાનકડું, તે ગ્રહે શું ભાર મહાન !
વિશાળ ખેતર ભીંજવે નવ વર્ષા બિંદુ થોડાં,
તેહ બિંદુ ભરી દેતાં કુમુદ પટનાં મોઢાં;
મુજ નાથ કેરી કૃપામાં, ને આ શિશુના સ્મિતમાંહિ;
જીવન રવિનું તેજ મુજને પૂરતું લાગે આંહિ.
ઘરસંસાર તણા વ્યવહારે આનંદમાં સુખ ગાળું,
સૂર્ય ઉગમતાં વ્હેલી ઊઠી દેવ સ્તવન ઉચ્ચારૂં.
ભિક્ષાદાન દઉં, ને તુલસી ક્યારો સીંચું જળથી;
નિત્યકર્મ દાસીજન મધ્યે સોંપું પછી હું કળથી.
મધ્યાહ્ને મુજ નાથ પોઢતા શિર ધરી મુજ ઉચ્છંગે;
વાયુ ઢાળું વીંજણાએ ગીતો ગાઉં ઊમંગે.
શાંત સંધ્યાકાળ થાતાં ભોજન પીરસું પ્રીતે,
સમીપ ઊભી જમતાં નિરખું નાથને એ રીતે.
દેવ દર્શન જઇ કરૂં, સખીયો શું ગોષ્ઠી ભાવે,
ત્યાં તારકગણના દીપ રૂપેરી પ્રગટે નિદ્રા લાવે.
આમ નિરંતર સુખસરિતામાં કેમ ન જાઉં તણાતી;
ને મુજ નાથને સ્વર્ગ અપાવે પુત્ર ધર્યો એ છાતી.
શાસ્ત્ર વદે છે પથિક કાજ જે છાયા વૃક્ષો રોપે,
વાપી કૂપ ખણાવે તૃષિત કાજ તો દૈવ ન કોપે.
પુત્ર રત્ન પામે જે નર તે મરણ પછી શુભ પામે,
શાસ્ત્ર વેદ તે હું શ્રદ્ધાથી માનું છું નમ્ર ભાવે.
વૃદ્ધ મોટા વદે તે થકી વધુ થાઉં નવ શાણી;
દેવો સંગે વાર્તા કરતા વેદ મંત્રના જ્ઞાની.
પુણ્ય અને મોક્ષ તણા પંથો જેને પ્રત્યક્ષ વાત,
હેવા વૃદ્ધો આગળ હું તે નાથ ! કહો કોણ માત્ર ? "

પતિવ્રતા સુજાતાએ સરળતાથી પોતાની દિનચર્યા, પોતાની ધર્મશ્રદ્ધા જણાવી ધર્મનું ખરૂં રહસ્ય પોતે શું સમજી છે તે જણાવ્યું:

" નાથ ! જાણું વળી એક સત્ય—ફળે શુભ થકી શુભ નિત્ય,
અને ભૂંડાનું ફળ છે ભૂંડું, એહ નીતિ બીજ છે રૂડું,
સર્વ જનને એ ન્યાય છાજે, સર્વ કાળે સર્વ સ્થળ સાચે;
મીઠાં મૂળનાં ફળ છે મીઠાં, વિષ મૂળનાં વિષ ફળ દીઠાં.

દ્વેષ ભાવથકી દ્વેષ પ્રગટે, સ્નેહભાવે મળે મિત્ર જગતે;
ધૈર્ય સહન કર્યે શાંતિ ફળશે, આમ આ જીવનમાં મળશે;
તો શું મળતાં નિર્મિત કાળે અહીં જેવું ન શુભ ફળ ત્યારે?
અરે ત્હારે અધિક ફળ રૂડું મળે, માનું એ સત્યજ ઊંડું;
એક કણ તાંદુલનો વાવ્યે, શત કણ ઘર ઊંભી આવે."

શુદ્ધ ચિત્તથી બુદ્ધદેવ આગળ ધર્મનાં બીજરૂપ આ સત્ય સનાતન તત્ત્વો જણાવીને સુજાતાએ આગળ કહેવા માંડ્યું:—

(ગરબી)

"નાથ! તદપિ હું જાણું જીવનમાં ભર્યા,
હૃદય ચીરતા વિધ વિધ દુઃખ પ્રસંગ જો;
સહન કરંતા ધીરજ તૂટી ત્યાં પડે,
કોમળ હઇડાં સહજ પામતાં ભંગ જો. નાથ૦
બાલૂડો મુજ પહેલાં જો ચાલ્યો જશે,
હઇડું મારૂં સદ્ય જશે ફાટી અરે!
પ્રાણ તજી મુજ બાળક ઉરશું ધારીને,
સ્વર્ગે વાટડી પતિની જોઇશ હું ખરે. નાથ૦
પતિની પૂર્વે સ્વર્ગે વાસ સતી કરે,
કેશે કેશે ગણવા વર્ષ કરોડ જો;
દેવલોકમાં વાસ પતિનો એટલો,
વેદ વદે ને સ્મૃતિએ વચન અમોલ જો. નાથ૦
તો નવ ભીતિ ઉર ધારૂં હું જો જરી,
જીવન સુખમાં સરકાવું રસભેર જો;
ને દુઃખીજન દીન દુષ્ટ કે પાપીનાં,
જીવન નવ અવગણુતી હું કો પેર જો. નાથ૦
હું તો પુણ્ય જણાતો પંથજ આદરૂં,
દીન ભાવથી સેવું ધર્મ સદાય જો;
શ્રદ્ધા રાખું અટળ હૃદેમાં આટલી,
અવશ્ય ભાવિ સુખકર અંતે થાય જો. નાથ૦

બુદ્ધદેવ સરળ હૃદયા સન્નારી સુજાતાના ઊંડા જ્ઞાનથી ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા:—

"બોધ દિયે તું અમોલ બોધકને,
જ્ઞાની જનથી અદકું સરલ જ્ઞાન તુજ ખરે સમર્થ બને.

જ્ઞાન વિના તૃપ્ત થજે, આમ પુણ્યને સુધર્મ પથ ભણી,
કોમળ કુસુમ ! તું વધજે શાંત છાયામાં સદાય સુખ માની.
મધ્યાહ્ન સમય કેરું સત્ય સૂર્યનું જ તેજ ઝળહળતું,
કોમળ અંકુર કાજે તવ ઘડિયું એ ભલે રહે બળતું.
મુજ ચરણો પૂજંતી તું તુજ ચરણો હું પૂજતો આજે,
શુદ્ધ હૃદય તું સરતા, અજાણતાં જ્ઞાન કૂપ તું સાચે.
પ્રેમ તણાજ પ્રભાવે સરળ કપોતી પળેજ નિજ માળે,
તેમ તું ભક્તિબળથી લક્ષ્ય સ્થાને જઇશ એ બાલે !
સુખ શાંતિમાં જીવન વીતો તુજ નિર્મળું સદા ક્ષેમે,
તુજ સિદ્ધિ સમી સિદ્ધિ મુજને મળજો—હું ઇચ્છું એ પ્રેમે.
જેને ઇશ્વર ધાર્યા તેં તે તુજનેજ વીનવે આજે,
આશિષ દે મુજને તું 'સિદ્ધિ મળો' સઘ વિશ્વ સુખ કાજે."

આ પ્રમાણે ધર્મનો વિકાસ થવા અને સિદ્ધિ મળવાનો આશીર્વાદ બુદ્ધ ભગવાને પવિત્ર મનની સુજાતા પાસે માગ્યો. સુજાતાએ તથાસ્તુ કહી આશીર્વાદ આપ્યો.

બુદ્ધદેવ પણ બાળકને આશિષ આપી તથા સુજાતાને ભક્તિપૂર્વક પ્રણામ કરી ત્યાંથી વિદાય થયા.

એક સમયે દુનિયાના મોટા ભાગમાં જ્ઞાનરશ્મિ ફેલાવનાર ભગવાન બુદ્ધદેવના મન ઉપર પણ આવી ઊંડી અસર કરનાર દેવી સુજાતાને ધન્ય છે.*



* આ આખું ચરિત્ર મુખ્યત્વે સાક્ષર શ્રી. નરસિંહરાવ ભોળાનાથના 'ગુજરાતી'ના ૧૯૭૮ ના દિવાળી અંકમાં પ્રગટ થયેલા લેખમાંથી તેમની રજાથી ઉપકારપૂર્વક લેવામાં આવ્યું છે.

૮—સુપ્રિયા

એ અનાથપિંડદ નામના એક પ્રસિદ્ધ ધનવાન વેપારીની લાડકી કન્યા હતી. એના સંબંધમાં એમ કહેવાય છે કે, એ કન્યા આ જગતમાં પગ મૂકતાંની સાથેજ પોતાની જનેતાના મુખ તરફ કૌતુકભરી દૃષ્ટિથી જોઇને 'બૌદ્ધગાથા'નું ઉચ્ચારણ કરવા લાગી હતી. એ ગાથાનો અર્થ એવો છે કે, "બૌદ્ધ લોકોને પુષ્કળ ધન અને ખાનપાનના પદાર્થોનું દાન કરીને સંતોષ પમાડો. જે જે સ્થળે પવિત્ર બૌદ્ધસ્થાનો હોય ત્યાં ત્યાં ચંપાનાં ખુશબોદાર ફૂલ ચડાવો." આ તરતની જન્મેલી કન્યાની સૂચના પ્રમાણે તેના પિતાએ પુણ્યદાન કર્યું. કેટલાંક વર્ષો બાદ એક બૌદ્ધ પરિવ્રાજક (સાધુ) તેમને ઘેર ભિક્ષા માગવા આવ્યો. એ સાધુનું ધર્મોપદેશરૂપી બીજ બાળકી સુપ્રિયાની ફળદ્રૂપ ચિત્ત ભૂમિમાં પડતાંની સાથેજ અંકુરિત થયું અને થોડા સમયમાં વધીને એક મોટું વૃક્ષ બની ગયું. એમ કહેવાય છે કે, કોઇ અદ્‌ભુત શક્તિની અસરથી તે પૂર્વજન્મનું વૃત્તાંત સ્મરણ કરીને કહી શકતી. સાત વર્ષની વયેજ મહાપ્રજાપતિ ગૌતમીના હાથે તેણે બૌદ્ધધર્મની દીક્ષા લીધી હતી. દીક્ષા લીધા પછી તેણે પોતાનો બધો અમૂલ્ય સમય કેવળ તત્ત્વજ્ઞાન મેળવવામાં અને બૌદ્ધધર્મના અભ્યાસમાંજ ગાળ્યો હતો એમ નથી; કારણકે એક તત્ત્વજ્ઞાની સ્ત્રી તરીકે તો તે પ્રસિદ્ધ થઇ એટલુંજ નહિ, પણ મરકીથી સપડાયેલા રોગીઓ, દુકાળથી રિબાતા કંગાલો અને ગરીબોની સેવાચાકરી કરીને એ પોતાના સમયના સઘળા લોકોની આભારપાત્ર બની હતી. નીચેના એક બનાવ ઉપરથી એની એ પરોપકાર વૃત્તિનો પરિચય આપણને મળી આવે છે.

શાસ્તા બુદ્ધદેવ એ વખતે જેતવનના વિહારમાં વાસ કરી રહ્યા હતા.

એ વર્ષે શ્રાવસ્તી જેવા ધન અને મનુષ્યોથી પરિપૂર્ણ સમૃદ્ધિ-શાળી નગરના રહેવાસીઓ ઘોર દુકાળના પંજામાં સપડાયા હતા. એમને અન્નના સાંસા પડી રહ્યા હતા. ખેતરોમાં અનાજનું નામ નહોતું, દેશનાં લોકો રોગથી હાડપિંજર સમાં થઇ ગયાં હતાં.

ધનહીન અનાથ ભૂખ્યા દુકાળિયાના રુદનનો અવાજ શેઠિયાઓની હવેલીઓને ફાડીને અનંત આકાશમાં વિલીન થઇ જતો હતો. એ શેઠિયાઓ પોતાની આંખે એમનું દુઃખ જોતા, કાને એમની ચિચિયારી સાંભળતા પણ એમનાં દુઃખનું નિવારણ કરવાનો કોઈ ઉપાય એમણે કર્યો નહિ. એ વિષમ દુકાળના સમય-માં ગરીબોને મદદ આપવાને ધનિકોના હૃદયમાં જરા પણ સહાનુ-ભૂતિ ઉત્પન્ન થઇ નહિ.

શ્રાવસ્તી નગરમાં એ વખતે લક્ષાધિપતિઓની સંખ્યા કાંઇ ઓછી નહોતી; પરંતુ એ દુકાળમાં મદદ કરતી વખતે એમાંના ઘણાખરા કંજૂસીજ દર્શાવતા. દુકાળથી પીડાતાં લોકોની વહારે ધાવું તો ક્યાં રહ્યું, એમને તો રાતદિવસ એજ ચિંતા રહેતી કે, રખે આ લોકો મારા ઘરમાં પેસી જઇને મારી માલમતા લૂંટી ન લે. એ બીકથી ધન અને અલંકારના રક્ષણના બંદોબસ્તમાંજ એમનો બધો સમય વ્યતીત થતો હતો.

ટૂંકામાં એજ કે સૌ કોઇ એ વખતે પોતપોતાના કુટુંબનું પોષણ કરવાના વિચારમાંજ ગૂંથાયલા રહેતા હતા. બીજાઓનો વિચાર કોણ કરે? હાય સંસાર! તું આટલો સ્વાર્થી અને કુટુંબપ્રિય છે!

એ દિવસે સવારે વિહારના બારણા આગળ એક આશ્રય વગરના બાળકને મરણતોલ અવસ્થામાં પડેલો જોઇને બુદ્ધદેવના મુખ્ય શિષ્ય આનંદને ઘણું દુઃખ ઉત્પન્ન થયું હતું. એનું જીવન બચાવવા સારૂ એને ઘણી ચિંતા ઉત્પન્ન થઇ અને એ ભગવાન બુદ્ધદેવ પાસે જઇ હાથ જોડીને પૂછવા લાગ્યોઃ “ભગવન્! આવા સમયમાં મરણતોલ થયેલા અન્નના અભાવે તરફડિયાં મારતા મનુષ્યોના રક્ષણ માટે ભિક્ષુસંઘે શા ઉપાયો લેવા જોઇએ?”

બુદ્ધદેવ એનો પ્રશ્ન સાંભળીને જરા વાર વિચારમાં પડ્યા, ત્યાર પછી પોતાનું શાંત મુખ જરાક મલકાવીને ધીમે સાદે બોલ્યાઃ “આ વખતે તમારૂં કર્તવ્ય શું છે એ તમેજ નક્કી કરી લો,”

આનંદ સ્વામીએ પછી વિશેષ કાંઇ પૂછ્યું નહિ. ઘણી વાર સુધી એકીટશે તથાગત બુદ્ધના મુખ તરફ જોઇ રહ્યા અને પછી તે દૃષ્ટિ તેમણે ભૂરા આકાશ તરફ ફેરવી.

ભૂરૂં આકાશ એ વખતે સૂર્યદેવનાં પ્રખર કિરણોથી પ્રકાશિત થઇ રહ્યું હતું. આનંદ સ્થવિર એ આકાશ તરફ થોડી વાર સુધી પલક પણ હલાવ્યા વગર ઉદાસ ચિત્તે જોઇ રહ્યા. તેમનાં નેત્રમાં પાણી ભરાઈ આવ્યું. આર્ત મનુષ્યોનું રક્ષણ કરવા સારૂ એમનું હૃદય એકદમ ચંચળ થઇ ગયું. એમની આંખમાં હવે સહાનુભૂતિની તીવ્ર જ્યોતિ પ્રગટવા લાગી.

પાસે બેઠેલા બધા ભિક્ષુઓ તેમના એ મુખ તરફ જોઇ રહ્યા હતા. આનંદ સ્વામીએ તેમના તરફ એક વાર સ્નેહભરી દૃષ્ટિથી જોયું.

ત્યાર પછી એ ગુરુજીની રજા લઇને ત્યાંથી વિદાય થયા.

એ દિવસે સંધ્યાકાળે વિહારમાં આવેલા ભક્તોને ભગવાન બુદ્ધે ‘જીવોનાં દુઃખ અને તેનું કારણ’ એ વિષય ઉપર સુમધુર દેશના આપી. ત્યાર પછી વિસર્જન થતાં પહેલાં તેમણે વાતચીતના પ્રસંગમાં શ્રાવસ્તીના એ દુકાળનું વિગતવાર વર્ણન કરીને બધાને એ સંકટનું નિવારણ કરવાનો આગ્રહ કર્યો.

ભગવાન તથાગતે પોતાના ભક્ત સેવકોને સંબોધીને કહ્યુંઃ “તમારામાં તો ઘણા કુબેરના જેટલી સંપત્તિવાળા છે. મારી ખાતરી છે કે તમારામાંનો એક જણ ધારે તો આ દુકાળના દુઃખનું નિવારણ કરી શકે અને એમ ન બને તો બધા મળીને તો જરૂર એ દુઃખ શમાવી શકાય.”

ધનકુબેર રત્નાકર શેઠ ભગવાનની પાસે હાથ જોડીને ઊભા અને કહેવા લાગ્યાઃ “ભગવન્! વિશાળ શ્રાવસ્તી નગરી દુકાળના પંજામાં ફસાઇ છે. એ નગરની વસ્તી કાંઇ નાનીસૂની નથી. એટલાં બધાં લોકોને માટે અન્નની ગોઠવણ કરવી એ મારા તો ગજા ઉપરાંતની વાત છે.”

બુદ્ધદેવે સામંતરાજ જયસેનને કહ્યુંઃ “રત્નાકર શેઠથી જે કામ નથી થઇ શકતું તે કામ તમે કરી શકશો એવી મને આશા છે.”

જયસેન માથું નમાવીને બોલ્યોઃ “ભગવન્! આપનાથી કાંઇ છાનું નથી. મારા પોતાના ઘરમાંજ અન્નનો અભાવ છે. કેવી

રીતે હું દેશની અનાજની તંગી પૂરી કરી શકવાનો હતો! મહારાજ! બાંધી મૂઠી લાખની છે."

બુદ્ધદેવે જરાક હસીને કહ્યું: 'ઠીક.'

ત્યાર પછી બીજા એક લક્ષાધિપતિ શેઠ ધર્મપાલને કહ્યું: "વત્સ! હું ધારૂં છું કે તમારા પ્રયત્નથી આ દુકાળ શમી શકવાનો સંભવ છે."

ધર્મપાલે નમ્રતાપૂર્વક કહ્યું: "ભગવન્! આપને તો ખબરજ છે કે આ વર્ષે પૂરતું અનાજ નહિ પાકવાથી આ દુકાળ પડ્યો છે. મારે પુષ્કળ ખેતરો છે. એ બધામાં પાક નથી થયો. રાજ્યનો વેરો ભરવો એજ મારે માટે વસમું થઇ પડ્યું છે, તો પછી હું આ વિશાળ નગરનાં ભૂખ્યાં રહેવાસીઓને કેવી રીતે અન્ન આપું?"

ભગવાને કહ્યું: "ત્યારે આ સભામાં એવું કોઇ નથી કે જે ધારે તો આ ભયંકર દુકાળથી દેશબંધુઓને બચાવી શકે?"

કોઇએ પ્રશ્નનો ઉત્તર આપ્યો નહિ.

ભગવાનનો પ્રિય શિષ્ય ભાગ્યવાન લક્ષાધિપતિ અનાથપિંડદ એ વખતે સભામાં હાજર નહોતો. બુદ્ધદેવે એક વાર આખી સભા તરફ દૃષ્ટિ ફેરવી જોઇ. એમ જણાયું કે તેમનાં એ પવિત્ર લોચન એ સભામાં અનાથપિંડદને શોધવા સારૂ ફરી રહ્યાં હતાં; પરંતુ એ મેદનીમાં અનાથપિંડદ નહોતો.

બુદ્ધદેવ શાંત ભાવે પોતાના આસન ઉપર બેસી રહ્યા. સભામાંના બધાની દૃષ્ટિ એમના ઉપર હતી. પાસે બેઠેલા ભિક્ષુઓ પણ એમના બીજા આદેશો સાંભળવાને આતુરતાથી બેસી રહ્યા હતા.

એક વાર ફરીથી એ સભા તરફ જોઇને બુદ્ધદેવે કહ્યું: "ત્યારે શું આ સભામાં એવો કોઇ નથી કે જેના પ્રયત્નથી દેશવાસીઓનું રક્ષણ થઇ શકે?"

"છે."

સભામાં બેઠેલા બધા મનુષ્યો નેત્ર ફાડીને જે દિશામાંથી એ અવાજ આવ્યો હતો તે દિશા તરફ ઉત્કંઠાપૂર્વક જોવા લાગ્યા.

બુદ્ધદેવે પ્રસન્ન થઇને પૂછ્યું: "કોણ છે?"

"હું, ભગવન્! આપની દીન સેવિકા આપની આજ્ઞા માથે ચડાવવા સર્વદા તૈયાર છું."

એક તેર વર્ષની બાલિકા ધીમે ધીમે ભગવાનની સામે આવી-ને ધીરે સ્વરે બોલી: "ભગવન્! હું છું. આ અધમ સેવિકા આપની આજ્ઞા પાળવા સારૂ પોતાની જિંદગી આપવાને પણ પાછી પાની કરવાની નથી."

સભાજનો કટાક્ષપૂર્વક હસવા લાગ્યા. આનંદ સ્વામીએ ગંભીર સ્વરે બધાને શાંત રહેવા કહ્યું. ત્યાર પછી બુદ્ધદેવે એ કિશોરીની તરફ દૃષ્ટિ કરીને ધીમે સ્વરે કહ્યું: "દીકરિ! તું તો બાળક છે. તારા પ્રયત્નથી આ વિશાળ શહેરની અન્નની ખોટ કેવી રીતે પૂરી પડશે!"

"અવશ્ય પૂરી પડશે." બાલિકાએ તેજોગર્વિત સ્વરે કહ્યું. "ભગવાનની કૃપા હશે તો અવશ્ય આ બાલિકા નગરવાસીઓને દુકાળની પીડાથી બચાવશે."

બાલિકા થોડી વાર સુધી સ્થિર દૃષ્ટિથી ભગવાનના સામું જોઇ રહી અને પછી બોલી: "પ્રભુ! કહો તો ખરા કે લોકોનું દુઃખ નિવારણ કરવાને ધનવાન લોકો તરફથી કાંઇ પણ પ્રયત્ન ન થાય તો શું એને લીધે દેશનું એ કષ્ટ કદી પણ નિવારણ નહિજ થાય? બીજા કોઇ દયા ન આણે તો શું માતા પણ પોતાનાં ભૂખ્યાં બાળકો ઉપર દયા આણતાં સંકોચ કરશે?"

ભગવાન સ્નેહપૂર્વક બોલ્યા: "બાલિકા! આ તો એક બાળક-નું પાલન કરવાનો પ્રશ્ન નથી. કરોડો દેશવાસી સંતાનો ભૂખે ટળ-વળી રહ્યાં છે. એક માતાના પ્રયત્નથી એટલા બધા બાળકોની ભૂખ કેવી રીતે મટી શકે?"

બાલિકાએ પહેલાંના જેવાજ દૃઢ સ્વરથી કહ્યું: "જરૂર મટી શકશે!" ત્યારપછી પોતાના હાથમાંનું ભિક્ષાપાત્ર બુદ્ધદેવને બતા-વીને એણે કહ્યું: "પ્રભુ! આપની દયા હશે તો મારૂં આ ભિક્ષાપાત્ર સદા ભરેલુંજ રહેશે. જે ધનવાનો આપની આજ્ઞા પાળવાથી વિમુખ રહ્યા છે તેમના ઘરના ભંડારોમાં મારૂં આ ભિક્ષાપાત્ર ભરવાની સામગ્રીની ખોટ નથી. હું ધનવાનોને ઘેરથી ભિક્ષા માગી આવીને ગરીબોને ખવરાવીશ, એ પ્રમાણે પીડાતા લોકોને અન્નની ખોટ પૂરી પડશે."

આનંદ સ્વામી હર્ષઘેલા થઇને પોતાના આસન ઉપરથી ઊભા થઇ ગયા. બાલિકાને આશીર્વાદ આપીને એ બોલ્યા: "મા! ભગ-

વાન અમિતાભ (બુદ્ધ) તારી વાસના પૂર્ણ કરશે."

ભગવાન બુદ્ધે તેને આશીર્વાદ આપીને વિદાય કરી. એ દિવસની સભા વિસર્જન થઇ.

બાલિકા સુપ્રિયાના રાતદિવસ જરા પણ થાક લીધા વગર કરેલા પ્રયત્નને લીધે શ્રાવસ્તીમાં દુકાળથી પીડાતા લોકોનું સંકટ-નિવારણ થયું હતું. પોતાની તીવ્ર બુદ્ધિથી એ બુદ્ધદેવના મનમાં શો અભિલાષ છે તે જાણી શકી હતી. એથી કરીને કુબેરના જેવા ધનાઢ્ય લોકોએ બહાનાં કાઢવા માંડ્યાં, ત્યારે એ ગર્ભશ્રીમંત કન્યાએ દુઃખી અને દરિદ્રોની સેવા કરવા ખાતર હાથમાં ઝોળી લીધી હતી. જે મનુષ્ય પોતાના બંધુઓ ઉપર દયા આણે છે; તેમને દુઃખે દુઃખી થાય છે અને તેમને તન, મન, ધનથી મદદ કરવા પ્રયત્ન કરે છે તેમને ઇશ્વર પણ જરૂર મદદ કરે છે. ભગવાન બુદ્ધના આશીર્વાદથી સુપ્રિયાનું એ ભિક્ષાપાત્ર કદી ખાલી ન થયું. ગામના લોકોએ જ્યારે એ કરોડપતિ શેઠિયાની કન્યાને પારકાંઓની ખાતર ભીખ માગવા આવતી જોઇ, ત્યારે એમનાં કઠોર હૈયાં પણ પીગળ્યાં. તેમની મદદથી સુપ્રિયાએ બધા દુકાળિયાને અન્નની સહાયતા પહોંચાડી. એ અસાધારણ પ્રયત્ન અને ખંતને લીધે બૌદ્ધ સ્ત્રીઓના ઇતિહાસમાં સુપ્રિયા "દયાવંતી" નામથી પ્રસિદ્ધ થઇ ગઇ છે.

આત્મવિશ્વાસ અને પ્રભુકૃપા હોય તો એક નાની અબળા પણ પરોપકારનાં કેટલાં મહાન કામ કરી શકે છે, તે સુપ્રિયાના ઉદાહરણ ઉપરથી જણાઇ આવે છે.

સુપ્રિયા અને અનેક બૌદ્ધભિક્ષુણીઓના જીવન ઉપરથી આપણને બોધ મળે છે કે, ભારત રમણીઓને લોકસેવાનો મંત્ર શીખવા સારૂ યૂરોપમાં દીક્ષા લેવા જવું પડે એમ નથી.



૯–વાસવદત્તા

પૂર્વ કાળમાં મથુરા નગરમાં વાસવદત્તા નામની એક વેશ્યા રહેતી હતી. એના અનુપમ સૌંદર્યથી મોહિત થઇ જઇને મથુરાના શેઠિયાઓના અનેક જુવાન છોકરાઓએ પોતાનું સત્યાનાશ વાળ્યું હતું. એક દિવસ બુદ્ધ ભગવાનના શિષ્ય સંન્યાસી ઉપગુપ્તને જોઇને વાસવદત્તા મુગ્ધ થઈ ગઈ. ઉપગુપ્ત બ્રહ્મચારી હતો. તેનું શરીર લાંબું અને હૃષ્ટપુષ્ટ હતું. મુખ લાવણ્યમય હતું અને વિશાળ લલાટ બ્રહ્મચર્યના પવિત્ર તેજથી દેદીપ્યમાન થઇ રહ્યું હતું. પ્રેમાકાંક્ષી વારાંગના વાસવદત્તાએ તેને પોતાને ઘેર આવવાને નિમંત્રણ મોકલ્યું; પરંતુ એ જિતેંદ્રિય સંન્યાસીએ શાંત ચિત્તે જવાબ મોકલ્યો કે, "ઉપગુપ્તને માટે વાસવદત્તાને ઘેર જવાનો સમય હજુ આવી પહોંચ્યો નથી."

જે વાસવદત્તાના સૌંદર્યરૂપ અગ્નિમાં પડીને ભસ્તીભૂત થઇ જવાને મથુરાના કરોડપતિઓ તૈયાર હતા તેજ વાસવદત્તાના સૌંદર્યની એક ભિખારીએ ઉપેક્ષા કરી!!! વાસવદત્તાએ આશ્ચર્ય પામીને વિચાર કર્યો, સંન્યાસી પાસે પૈસા આપવાના નહિ હોય માટે તે આવતાં સંકોચાતો હશે. એટલા માટે એણે ફરીથી ઉપગુપ્તને કહેવરાવ્યું કે, "વાસવદત્તાને તમારી પાસેથી સોનામહોરો જોઇતી નથી. એ તો તમારા પ્રેમનીજ ભૂખી છે." સંન્યાસીએ પહેલાંની પેઠેજ ધીરજથી એનો એજ જવાબ કહેવડાવી દીધો.

કેટલાક માસ વીતી ગયા. એટલામાં વાસવદત્તા મથુરાના એક ધનાઢ્ય પુરુષ ઉપર ખોટો પ્રેમ બતાવીને તેને ફસાવવાનો પ્રપંચ કરી રહી હતી. એવામાં સાંભળવામાં આવ્યું કે, ભારતનો એક પ્રસિદ્ધ શેઠ મથુરામાં આવ્યો છે. ધનના લોભથી એ પાપી વેશ્યાએ તેને પોતાને વશ કરવાનો યત્ન કરવા માંડ્યો અને એ માટે પેલા મથુરાવાસી યુવકની હત્યા કરીને છાણાંઓના ઢગલામાં તેના મુડદાને સંતાડી દીધું.

એનાં સગાંવહાલાંએ રાજ્યમાં ફરિયાદ કરી અને પોલીસની મદદથી એ ઢગલામાંથી એ મથુરાવાસી યુવકનું શબ ખોળી કાઢ્યું. રાજાની કચેરીમાં મુકદ્દમો ચાલ્યો અને આવું પાપી નિર્દય કામ કરવા માટે, વાસવદત્તાના હાથપગ તથા નાકકાન કાપી નાખીને, તેને સ્મશાનમાં નાખી આવવાનો રાજાએ સિપાઇઓને હુકમ આપ્યો.

સ્મશાનની પાસે વાસવદત્તા પડી રહી છે. હાથપગ અને નાક-કાનના ઘામાંથી લોહી ધડધડ વહ્યા કરે છે. એનાં વસ્ત્ર પણ લોહી-થી તરબોળ થઈ ગયાં છે. કાગડાઓ આવીને તેના શરીરને ચાંચો મારીને તેનું માંસ ખાવા આવે છે. એક દયાળુ દાસી ત્યાં બેસીને એ કાગડાઓને ઉરાડે છે. એવામાં સૌમ્યમૂર્તિ સંન્યાસી ઉપગુપ્ત ત્યાં આવી પહોંચ્યો.

સંન્યાસીને જોતાં વારજ ઘાયલ થયેલો ભાગ ઢાંકી દેવાને વાસવદત્તાએ દાસીને હુકમ કર્યો. ઉપગુપ્તે કરુણામય સ્વરે તેની ખબર પૂછી ત્યારે વાસવદત્તાએ ઊલટી ચિડાઇ જઇને કહ્યું: "એક દિવસ આ દેહ કમળની માફક પોતાના સૌંદર્ય વડે ચારે તરફ સૌને મોહમુગ્ધ કરતો હતો અને એ વખતે હું તમારા પ્રેમની ભિખારણ હતી. એ વખતે આ દેહ મણિમુક્તાથી તથા બારીક મલમલની સાડીઓથી વિભૂષિત હતો. આજે જુલમી રાજાની આજ્ઞાથી હું ઘાયલ થઇ છું. લોહીથી કપડાં મેલાં થઇ ગયાં છે. તમે હવે શા સારૂ આવ્યા?"

બ્રહ્મચારીએ ઉત્તર આપ્યો: "બાઇ! હું કાંઇ ભોગની ઇચ્છાથી તારી પાસે આવ્યો નથી. દેહનું લાવણ્ય તેં ખોયું છે; પણ તેના કરતાં વધારે ઉત્તમ સૌંદર્ય આપવાને માટે હું તારી પાસે આવ્યો છું.

"તું જ્યારે ચોતરફ લાલચોથી ઘેરાયલી હતી, જ્યારે સંસાર-ની ક્ષણિક ભોગલાલસા તારા હૃદયમાં પ્રબળ હતી, ત્યારે મારા ધર્મનો ઉપદેશ તારા મનમાં કદી વસી શકત નહિ, એટલા સારૂ હું જાણી જોઇને એ દહાડે તારી પાસે આવ્યો નહિ. એ વખતે તું ક્ષણભંગુર રૂપના અભિમાનથી ફુલાઇ ગઇ હતી. જગતત્રાતા "તથાગત" (બુદ્ધદેવ) ના પવિત્ર ઉપદેશ ઉપર એ વખતે તેં કદી ધ્યાન આપ્યું નહોતું, માટે આજ હું એ ઉપદેશ સંભળાવવા તારી પાસે આવ્યો છું.

"હાય ! અસ્થાયી બાહ્ય સૌંદર્ય અને ભોગવિલાસમાં તલ્લીન થઇ જવાનું આ કેવું શોચનીય પરિણામ આવ્યું ! ! સુંદર હૃષ્ટપુષ્ટ દેહનું સૌંદર્ય તને છેતરીને સત્યાનાશને માર્ગે લઇ ગયું છે; પણ વાસવદત્તા યાદ રાખજે કે, એક બીજું સૌંદર્ય એવું છે કે જેનો કદી નાશ થતો નથી. પ્રભુ બુદ્ધદેવનો અમૃતમય ઉપદેશ સાંભળવાથી તારા હૃદયને એવી પવિત્ર શાંતિ મળશે તથા એ હૃદય એવું સુંદર બનશે કે, આ જગતમાં ઇંદ્રિયોના ભોગવિલાસથી જે ક્ષણિક સુખ મળે છે, તે એ ચિરકાળના શાશ્વત સુખ આગળ કાંઇજ વિસાતમાં નથી."

ઉપગુપ્તનો આવો મધુર ઉપદેશ સાંભળવાથી વાસવદત્તાનું હૃદય શાંત થયું. આધ્યાત્મિક આનંદને લીધે એ શરીરની વેદના ભૂલી ગઇ.

જગતમાં જે પ્રમાણે દુઃખની વેદના છે તેજ પ્રમાણે બીજી તરફ એ દુઃખ કરતાં પણ વધારે મોટી શાંતિ આપનાર આધ્યાત્મિક જ્ઞાન છે.

બુદ્ધધર્મનો આશ્રય લેવાથી આખી જિંદગી પાપાચરણમાં ગાળનાર વારાંગના વાસવદત્તા પણ શાંત ચિત્તે મૃત્યુ પામી.

૧૦–પ્રભવા

પ્રભવા શ્રાવસ્તી નગરીના એક ધનવાન વણિકની કન્યા હતી. તેની સાથે લગ્ન કરવાને અનેક વણિકો તથા રાજકુમારો ઉત્સુક હતા, પણ વણિકકન્યા પ્રભવાએ તેમની બધાની વિનતિનો અસ્વીકાર કર્યો હતો. તેણે ચિરકૌમારવ્રત ધારણ કર્યું હતું. બુદ્ધદેવની પાસે જઈને તેણે નિર્વાણતત્ત્વનું શિક્ષણ મેળવ્યું હતું. શિક્ષણના પ્રભાવથી એ ઘણી પ્રભાવશાળી સાધ્વી થઈ હતી. નિર્વાણનું તત્ત્વ તેણે ઉત્તમ રીતે હૃદયગત કર્યું હતું તથા ધીમે ધીમે 'અર્હત્' પદ પ્રાપ્ત કર્યું હતું. એમ કહેવાય છે કે, એક જન્મમાં એટલું બધું તત્ત્વજ્ઞાન કોઈને પ્રાપ્ત થયું નથી. પ્રભવાને તેના પૂર્વજન્મના અભ્યાસે એટલું બધું અસાધારણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં મદદ કરી હતી એમ બૌદ્ધ લોકોનું માનવું છે.

૧૧–રુક્માવતી

બૌદ્ધયુગમાં ઉત્પલાવતી નગરીમાં રુકમાવતી નામની એક ધનાઢ્ય, દયાળુ અને વિદ્વાન સ્ત્રી રહેતી હતી. તે જે મહોલ્લામાં રહેતી હતી, તે મહોલ્લામાં વસનારાં સ્ત્રી પુરુષોમાં કોઇ કદી અન્નવસ્ત્રની તંગીને લીધે દુઃખ વેઠે છે એવી ખબર રુકમાવતી-ને કાને પડે તો તે તરત તેનું દુઃખ દૂર કરવાના ઉપાય કરતી. મહોલ્લાઓમાં કોઈ સંકટથી પીડાય છે કે કેમ તેની તે સદા ગુપ્ત રીતે ખબર રાખતી અને દુઃખી મનુષ્યોનું દુઃખ મટાડવા તન, મન, ધનથી યત્ન કરતી. એક દિવસ દયાની મૂર્તિસ્વરૂપ રુકમાવતી રાજમાર્ગ ઉપર ફરી રહી હતી. ત્યાં તેના જોવામાં આવ્યું કે, સરિયામ રસ્તા ઉપર દુકાળથી રિબાતી, દૂબળા શરીરની ભૂખને માર્યે ટળવળતી, એક નારી પોતાની પાસે ખાવાની કાંઇ પણ વસ્તુ નહિ હોવાથી, બીજો કાંઇ પણ ઉપાય ન સૂઝવાથી પોતાના-જ તરતના જન્મેલા બાળકને ચીરી નાખીને ખાઇ જવાની તૈયા-રીમાં હતી. એક અબળા આવું નીચ કામ કરવા તૈયાર થાય એ વાત માનતાં, અમારી કોમળ હૃદયની દયાળુ ગુજરાતી બહેનોને, કદાચ સંકોચ થાય એ સ્વભાવિક છે; પણ અમારી જે બહેનોએ હિંદુસ્તાનમાં આપણાજ જમાનામાં પડેલા ભયંકર દુકાળોના વખતમાં બહાર જઇ દુકાળિયાંની સ્થિતિ નિહાળવાની તસ્દી લીધી હશે તેઓ આ વાતને જરૂર ટેકો આપશે; કારણકે તેમની પોતાની આંખો આગળ એવા ઘણા ત્રાસજનક બનાવો બન્યા હશે. ભૂખ એક એવી આફત છે કે જેથી ગભરાઇ જઇને આદમી જે પાપ કરવા તૈયાર ન થાય તે ઓછું. જે હિંદુઓ માંસનું નામ સાંભળીને અભડાઈ જાય છે, તેજ હિંદુઓ ઘોર દુકાળના વખતમાં કબરો ખોદીને મુડદાંઓનું માંસ ખાતા જોવામાં આવ્યા છે, તો પછી આ કંગાળ સ્ત્રી પોતાના તરતના જન્મેલા બાળકનો ભક્ષ કરવા તૈયાર

થઇ હોય તો તેમાં ન માનવા જેવું કાંઇજ નથી; કેમકે જે વખતની આ વાત છે તે સમયે દેશમાં ઘણો ભયંકર દુકાળ પડ્યો હતો. ભૂખરૂપી અગ્નિથી બળીને ભસ્મ થઇ જતાં પેટવાળાં નરનારીઓનાં માંહોમાંહેના ત્રાસજનક પોકારથી એ સુંદર શહેર સ્મશાન જેવું લાગતું હતું. ચારે તરફ ભૂખે મરતા લોકો જીભ બહાર કાઢીને પડ્યાં હતાં. શહેર અને શહેર બહારનાં પરાંઓમાંની ઝાડની વેલો, પાંદડાંઓ અને ફૂલો, તેમજ ખેતરોમાંનાં ઘાસ સુધ્ધાંત દરેક ચીજો નાશ પામીને દુકાળિયાંઓના જઠરાગ્નિને સંતોષવાના સાધનરૂપ બની હતી. આહાર વગર મૃત્યુના વિકરાળ મોંમાં ફસાઇ પડેલાં નરનારીઓ આમ તેમ તરફડિયાં મારતાં હોવાથી આખા દેશે એક ઘોર સ્મશાનનું રૂપ ધારણ કર્યું હતું.

દયાવતી રુકમાવતીએ જ્યારે જોયું કે સુવાવડમાંથી તરતની ઊઠેલી સ્ત્રી ભૂખની ઝાળથી અધીરી બનીને નવા જન્મેલા બાળકના દેહને ખાઇ જવા તત્પર છે, ત્યારે શું કરવું તેના વિચારમાં તે સ્તંભિત થઇ ગઇ. તે વિચારવા લાગી: "મનુષ્યના હૃદયમાં આટલી હદ સુધી કઠોરતા કેમ પહોંચી હશે? માતા પોતાના શરીરના પોષણ માટે પુત્રના દેહનું માંસ ઉદરમાં નાખી ભૂખ મટાડવા માગે છે એ શું ભેદભાવ જાહેર નથી કરતું?" આવા પ્રકારના વિચાર કરતી કરતી રુકમાવતી એજ ભૂખે મરતી નારીની પાસે ગઇ અને તેને કહેવા લાગી કે, "હે ભૂખે મરતી સ્ત્રી! શાંત થા! ધીરજ પકડ!" તરત તે કંગાળ સ્ત્રીએ જવાબ આપ્યો: "ધીરજ તો ઘણીએ પકડું, પણ ખાઉં શું? આખા દેશનાં જંગલી શાક, પાંદડાં, વનસ્પતિ તથા ઘાસ સુધ્ધાંત પણ લોકોના પેટમાં જઇને ખૂટી ગયાં છે, તો હવે મારે ખાવું શું પથ્થર?" રુકમાવતી બોલી: "ધીરજ ધર બહેન! હું ઘેર જઇને તારે માટે ખાવાની સામગ્રી લઇ આવું છું, તે તું ખાજે; પણ આ તરતના જન્મેલા બચ્ચાને ખાઈ જઇશ નહિ. બહેન જરા સબૂરી રાખ!" એવી રીતે દિલાસો આપીને બુદ્ધિમાન રુકમાવતીએ કેટલાક વખતને માટે એ પિશાચણીને એ દુષ્ટ કામ કરતાં રોકી. તેને પણ એથી જરા હિંમત મળી; પણ દૂરંદેશ રુકમાવતીને તરતજ વિચાર સૂઝ્યો કે, "જો હું ખાવાનું આણવા ઘેર જઇશ અને એટલી વારમાં લાગ મળ્યાથી ભૂખની મારી, પોતાના વચનનું ભાન ભૂલી જઇને, આ અધીરી બનેલી સ્ત્રી બાળકને ખાઇ જાય તો પછી શું કરવું?

બાળકનો પ્રાણ બચાવવાનો મારો પ્રયત્ન તો નિષ્ફળ જાય ને ? વળી બાળકનું રક્ષણ કરવા માટે હું એને માતાના ખોળામાંથી જબરદસ્તીથી લઇ જાઉં તો પુત્રવિયોગના શોકથી અને જઠરાગ્નિની વેદનાથી એ અધીરી બનેલી માતા, પોતાનો પ્રાણ ત્યજી દે, તો મને સ્ત્રીહત્યાનું પાપ ન લાગે ? માટે હવે કરવું શું ? ” રુકમાવતી ઘણી ગૂંચવાડા ભરેલી સ્થિતિમાં આવી પડી. કોઇ પણ ચોક્કસ ઠરાવ ઉપર આવવું તેને મુશ્કેલ પડ્યું. તે પોતાને એક મોટા ધર્મસંકટમાં આવી પડેલી સમજવા લાગી; પરંતુ વધારે વખત ખોવાનો આ પ્રસંગ નહોતો, એટલે વિશેષ વિલંબ ન કરતાં તે એક ગંભીર નિશ્ચય ઉપર આવી. વહાલી બહેનો ! તમારી અટકળને ખૂબ વેગથી દોડાવો અને પછી કહો કે એ નિશ્ચય શો હશે ?

તેણે પોતાનો પવિત્ર વિચાર પાર પાડવા માટે દૃઢ નિશ્ચય અને ધૈર્યપૂર્વક એક ધારવાળી છરી વડે પોતાનું સ્તન કાપી નાખીને તે સંતાનના લોહીની તરસી, દુકાળથી પીડાતી અને ભૂખથી અધીરી બની ગયેલી સ્ત્રી તરફ ફેંક્યું. તરતજ તે સ્ત્રીએ પોતાનો હાથ લંબાવીને એ માંસપિંડ ગ્રહણ કર્યો અને તેને સ્વાહા કરી ગઇ. આ લાગ જોઇને તે દયાળુ બૌદ્ધ મહિલા, તે સાચી સેવિકા બાળકને ત્યાંથી લઇને ચાલી ગઇ. તેની છાતીમાંથી વહેતી રુધિરની ધારાએ ઉત્પલાવતી નગરીના રાજમાર્ગને રંગી નાખ્યો.

૧૨–સોમા

શ્રાવસ્તી નગરીમાં “ સોમા ” નામની એક બ્રાહ્મણની છોકરી થઇ ગઈ છે. તેની બુદ્ધિ અને સ્મરણશક્તિ એવાં પ્રબળ હતાં કે, જે વાત એક વાર સાંભળી તે વાત તેને હમેશાં યાદ રહી જતી. એની એ વાત એની આગળ ફરીથી કહેવાની જરૂર પડતી નહિ. એ અસાધારણ બુદ્ધિ અને સ્મરણશક્તિને લીધે, તેણે બધા બૌદ્ધ ગ્રંથ કંઠાગ્ર કરી દીધા હતા. યોગવિદ્યાનો તેણે સારો અભ્યાસ કર્યો હતો અને તપશ્ચર્યાદ્વારા ઉન્નતિ મેળવીને દુર્લભ ‘અર્હત્’ પદ પ્રાપ્ત કર્યું હતું.

१३-विशाखा मिगारमाता

બૌદ્ધધર્મના ગ્રંથોમાં જે સાધ્વી સન્નારીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં વિશાખાનું સ્થાન ઘણું ઊંચું છે.

શ્રાવસ્તીથી સાત યોજનના અંતરે સાકેત નામનું એક મોટું શહેર વસેલું હતું. તે શહેર વસાવનાર ધનંજય શ્રેષ્ઠીની ગણતરી એ સમયે નવકોટિનારાયણોમાં થતી હતી. વિશાખા એ કરોડાધિપતિ શેઠની એક અત્યંત સ્વરૂપવતી કન્યા હતી. તે વયમાં આવી ત્યારે શ્રાવસ્તીના મિગાર શ્રેષ્ઠીના પૂર્ણવર્ધન નામના પુત્ર સાથે તેનો વિવાહ નક્કી થયો. સાકેત અને શ્રાવસ્તી એ બેઉ શહેરોમાં ઉભય પક્ષે વિવાહ સમારંભ ભારે ઠાઠથી ઊજવ્યો.

વિવાહવિધિ પૂરો થયા બાદ ધનંજય શ્રેષ્ઠી પોતાની કન્યાને લઇ શ્રાવસ્તી આવ્યો. ત્યાં તેણે પોતાની જ્ઞાતિમાંના આઠ કુલીન ગૃહસ્થોને બોલાવી આણી તેમને વેવાઈ સમક્ષ એમ કહ્યું કે, "જો મારી પુત્રીનો કોઇ દોષ જણાઇ આવે, તો તમારે બરોબર ચોકસાઇ રાખવી."

ધનંજય શ્રેષ્ઠી પુત્રીને સાસરે મૂકી સાકેત ગયા પછી એક દિવસ મિગાર શ્રેષ્ઠીએ નિર્ગ્રંથ શ્રમણો (નાગા સંન્યાસી)ને પોતાને ઘેર પુત્રના લગ્નસમારંભ નિમિત્ત ભોજનાર્થે આમંત્રણ આપ્યું. મિગાર શેઠ નિર્ગ્રંથનો ઉપાસક હતો. તેમને માટે તેણે પાણી નાખ્યા વિના ચોખ્ખા દૂધનીજ ખીર કરાવી હતી. નિર્ગ્રંથ આવી પોતપોતાને આસને બેઠા. પછી મિગાર શ્રેષ્ઠીએ પોતે આદરાતિથ્ય કરી તેમને સંતોષપૂર્વક જમાડ્યા અને તેમનું ભોજન પૂર્ણ થયા પછી પોતાની પુત્રવધૂને કહાવ્યું કે, "આપણે ઘેર અર્હંત આવ્યા છે. તેમને નમસ્કાર કરવા આવવું."

'અર્હંત' એ શબ્દ કાને પડતાંજ વિશાખાને ઘણો આનંદ

થયો; કારણકે નાનપણથીજ તે બુદ્ધની ઉપાસિકા હતી તથા બુદ્ધ અને બૌદ્ધ ભિક્ષુ સિવાય અન્યને પણ અર્હંત કહે છે એ તેને ખબર ન હતી. ઉતાવળી ઉતાવળી લૂગડાં પહેરીને તે પોતાનો સસરો અને તેના સૌ, અર્હંત જે દીવાનખાનામાં બેઠા હતા ત્યાં ગઇ; પણ તે નગ્ન શ્રમણોને જોઇ તેને અત્યંત તિરસ્કાર છૂટ્યો અને પોતાના સસરાને કહેવા લાગી કે, "મને આપે અહીં શા માટે બોલાવી? આવા નાગા ઉઘાડા લોકો કદી અર્હંત હોઇ શકે ખરા કે? આવા નિર્લજ્જોને અમે અર્હંત કહેતા નથી." આ ઉદ્દગાર કાઢીને વિશાખા ત્યાંથી ચાલતી થઈ.

આ બાજુ, પેલા શ્રમણોને આ નવવધૂએ પોતાનું અપમાન કર્યા બદલ અતિશય ખોટું લાગ્યું અને તે એકદમ મિગાર શ્રેષ્ઠને કહેવા લાગ્યા કે, "હે ગૃહપતિ! આવી કર્કશાને તું ક્યાંથી પકડી લાવ્યો? જાણે કે તારા પુત્રને આખા જગતમાં બીજી કન્યાજ મળતી નહોતી?"

મિગારે કહ્યું: "હજુ તેનો સ્વભાવ છોકરવાદી છે, ધીરે ધીરે સુધારતા જઇશું. તેના આ ઉદ્ધત આચરણ બદલ તેને ક્ષમા કરવી ઘટે છે."

મિગારે જેમતેમ કરીને નિર્ગ્રંથોને સમજાવીને રસ્તે પાડ્યા અને પોતે દૂધની ખીરથી ભરેલી થાળી લઇ જમવાને બેઠા. વિશાખા તેને પંખાથી પવન નાખતી એક બાજુએ ઊભી રહી હતી. એવામાં દ્વાર પાસે એક બૌદ્ધ ભિક્ષુ આવી ઊભો રહ્યો. મિગાર બેઠેલે ઠેકાણેથી તે ભિક્ષુને જોતો હતો, છતાં તેના ભણી પૂર્ણ દુર્લક્ષ્ય કરી તે પોતાના ભોજનમાં એકરસ થઇ ગયો હતો. ત્યારે વિશાખાએ ત્યાંથીજ તે ભિક્ષુને કહ્યું: "આર્ય! મારો સસરો વાશી ખાય છે. તમે ત્યાં ઊભા ન રહેતાં આગળ વધો."

વિશાખાના આ શબ્દો કાને પડતાંજ મિગારે અતિશય સંતપ્ત થઇ નોકરોને કહ્યું: "આ ખીર અહીંથી લઇ જાઓ અને આ છોકરીને મારા ઘરમાંથી આજ ક્ષણે હાંકી કાઢો. એ એટલી ઉન્મત્ત થઇ છે કે મારા સમક્ષ મારૂં અપમાન કરતાં પણ એને લાજ આવતી નથી."

મિગાર જો કે ઘણો ગુસ્સે થયો હતો, તો પણ વિશાખાના અંગને હાથ લગાડવાની તેની કે તેના નોકરોની છાતી ચાલી

નહિ. તેણે શાંતપણે પોતાના સસરાને જવાબ આપ્યો કે," આપને મારા ઉપર આટલો ક્રોધ કરવો ઘટતો નથી. હું કાંઇ વેચાતી આણેલી દાસી નથી. હું આપના જેવાજ મોટા કુળમાં જન્મી છું. પ્રથમ મારો અપરાધ મને સમજાવો અને પછી મને અહીંથી જવાનું કહો. મારા પર વિના કારણ આરોપ આવે નહિ તેથી મારા માટે મારા પિતાએ અહીં આઠ કુલીન ગૃહસ્થોને મારા અપરાધની ચોકસી કરવા માટે કહી રાખ્યું છે, તો તેમની સમક્ષ મારો શો દોષ છે તે જણાવો. જો તેઓ મને અપરાધી ઠરાવશે તો હું ખુશીથી અહીંથી નીકળી જઇશ."

પુત્રવધૂનું આ સ્પષ્ટ બોલવું સાંભળી મિગારનો મિજાજ જરા ઠેકાણે આવ્યો. તેણે તે આઠ કુલીન ગૃહસ્થોને તરતજ બોલાવી મંગાવ્યા અને પોતાની પુત્રવધૂનો ગુનો તેમને કહી સંભળાવી જણાવ્યું: "આને મારા ઘરમાંથી આજ ને આજ કાઢી મૂકો."

તે ગૃહસ્થોએ પૂછ્યું: "કેમ, બહેન વિશાખા! તારા સસરા વાસી અન્ન ખાય છે એવું તેં કહ્યું હતું કે?"

વિશાખા બોલી: "મારો સસરો જૂના પુણ્ય પર નિર્વાહ કરે છે અને નવીન પુણ્ય સંપાદન કરતો નથી, એવો મારા કહેવાનો અર્થ હતો, તેથી તે જૂનુંપુરાણું ખાય છે એમ મેં કહ્યું હતું."

તે ગૃહસ્થોએ મિગારને કહ્યું: "આ કહેવું ઘણું ડહાપણ ભરેલું જણાય છે. આટલા માટેજ વિશાખાને ઘરમાંથી હાંકી કાઢવી એ તમને ઉચિત નથી."

વિશાખાના બીજાયે કેટલાક બારીક બારીક દોષો મિગારે તે ગૃહસ્થોને જણાવ્યા, પણ તપાસ કરતાં તે દોષ ન હોઇ, મિગારની કેવળ ગેરસમજ થઇ હતી એવું દેખાઇ આવ્યું. જ્યારે મિગાર બોલ્યો: "પણ આનો બાપ જ્યારે અહીં આવ્યો ત્યારે અમારી સમક્ષ એણે દસ નિયમ એની પુત્રીને શીખવ્યા હતા. અમને તો તે કેવળ ઘેલછાજ જણાય છે. પછી આને એનો અર્થ જે સમજાયો હોય તે ખરો."

તે ગૃહસ્થો બોલ્યા: "કેમ, બહેન વિશાખા! ધનંજય શ્રેષ્ઠીએ તને કયા કયા નિયમ શીખવ્યા હતા અને તેમના અર્થ શા છે?"

વિશાખા બોલી: "અંદરની આગ બહાર લઈ જવી નહિ, એ પહેલો નિયમ મારા પિતાએ મને શીખવ્યો. તેનો અર્થ એવો છે

કે ઘરમાં કોઇ તકરાર વગેરે થઇ હોય, તેની વાત બહાર કહેવી નહિ. બહારની આગ અંદર આણવી નહિ, આ બીજો નિયમ. આનો અર્થ એવો છે કે, આડોશીપાડોશી સાસુસસરાના કે જેઠાણી, દેરાણી કે નણંદના અવગુણ બોલતા હોય, તો તે સમાચાર કોઇને ઘરમાં કહેવા નહિ. આપનારનેજ આપવું એ ત્રીજો નિયમ; અને ન આપનારને ન આપવું એ ચોથો નિયમ. આનો અર્થ એ કે જે કોઇ ઘરમાંની વસ્તુ ઉછીની લઇ જઇ પાછી આપે તેનેજ આપવી, જે આપતો નથી તેને તે ન આપવી. આપનાર કે ન આપનાર હોય તોયે આપવી એ પાંચમો નિયમ પાસેનાં સગાંસંબંધીને લાગુ પડે છે. એટલે પોતાના સંબંધીઓમાં કોઇ દરિદ્રી હોય અને ઉછીની લીધેલી જણસ પાછી આપવાનું સામર્થ્ય તેનામાં ન હોય, તો તેને તે આપવી. સુખેથી બેસવું એ છઠ્ઠો નિયમ, સુખેથી જમવું એ સાતમો નિયમ અને સુખેથી સૂવું એ આઠમો નિયમ. આનો અર્થ એ કે વડીલ માણસો જે ઠેકાણે વારંવાર આવજા કરે તે ઠેકાણે બેસવું નહિ; તેમના જમ્યા પહેલાં પોતે જમવું નહિ; નોકરચાકરોની ખબર કાઢીને પછી જમવું; વડીલ માણસોના સૂતા પહેલાં પોતે સૂવું નહિ. તેમની વ્યવસ્થા કરીને પછી સૂવું. અગ્નિની પૂજા કરવી એ નવમો નિયમ. પતિવ્રતા સ્ત્રીને પતિ અગ્નિ સમાન પૂજ્ય હોવો જોઇએ અને બ્રાહ્મણ જેમ અગ્નિની પરિચર્યા કરે છે, તેમ તેણે પોતાના પતિની કરવી, એ આ નિયમનો અર્થ છે. ગૃહદેવતાની પૂજા કરવી એ દસમો નિયમ, એટલે સાસુસસરા ઇત્યાદિ વડીલ માણસોને ગૃહદેવતા સમજી તેમની સેવા કરવી.”

વિશાખાએ પોતાના પિતાએ બતાવેલા દસ નિયમની આ પ્રમાણે સમજણ આપવાથી તે આઠ કુલીન ગૃહસ્થોએ તેની ઘણી પ્રશંસા કરી અને મિગાર શ્રેષ્ઠીને કહ્યું કે, “આપ ગુસ્સે થઇને આ ડાહી છોકરીને ઘરમાંથી કાઢી મૂકવા તૈયાર થયા છો; પણ એ તમારા ગૃહની લક્ષ્મીજ છે એમ સમજો.”

મિગારે પોતાની ભૂલ કબૂલ કરી અને વિશાખાની ક્ષમા માગી.

વિશાખા બોલી: “આપ વડીલજ છો; એટલે ક્ષમા કરવા જેટલો મોટો અપરાધ આપે કર્યો છે એમ હું ધારતી નથી; પરંતુ માત્ર એક વાતમાં મારે અને તમારે મેળ ખાય એમ લાગતું નથી. હું છું બુદ્ધની ઉપાસિકા અને આપ છો નિર્ગ્રંથના ઉપાસક, એટલે

બૌદ્ધ ભિક્ષુ અહીં ભિક્ષાર્થે આવતાં તે આપને પરવડશે નહિ અને એ નિર્ગ્રંથ આવતાં તેમને હું નમસ્કાર કરનાર નથી. આ બાબતમાં કાંઇ નિર્ણય કર્યા સિવાય મારા અહીં રહેવાથી આપને કે મને સુખ થનાર નથી.”

મિગાર બોલ્યો: “તારી ઇચ્છા મુજબ તું વર્તજે; મને તેમાં કાંઇજ હરકત નથી. મારે ઘેર પુષ્કળ ધનદોલત છે. બૌદ્ધ ભિક્ષુને આમંત્રણ કરી તું જમાડે તો તેથી હું કાંઇ દરિદ્રી થઇ જવાનો નથી. હું મારા નિર્ગ્રંથોને અન્નદાન કરીશ અને તું યથાવકાશ તારા બૌદ્ધ ભિક્ષુકોને અન્નવસ્ત્રાદિકનું દાન કરજે.”

વિશાખાએ બીજેજ દિવસે બુદ્ધ અને ભિક્ષુ સંઘને નિમંત્રણ કર્યું. આ સમાચાર નિર્ગ્રંથોને માલૂમ પડતાંજ તેઓ મિગાર શ્રેષ્ઠીને મળ્યા અને બૌદ્ધભિક્ષુઓને કરેલા નિમંત્રણ વિષે તેમનો ખુલાસો માગ્યો.

મિગાર બોલ્યો: “મારી પુત્રવધૂ કાંઇ નાના સૂના કુળની નથી. તેની જોડે દાસી પ્રમાણે વર્તાવ કરવો શકય નથી. મારા ઘરમાં જો સુખ વર્તાવવું હોય તો મારી પુત્રવધૂને મારે યોગ્ય સ્વાતંત્ર્ય આપવુંજ જોઇએ.”

નિર્ગ્રંથ બોલ્યા: “બૌદ્ધ ભિક્ષુઓને તારે ઘેર આવવાની જો તું મનાઇ કરી શકતો ન હોય, તો તું તેનાં દર્શન કરવા ન જતો. એટલું તો જરૂર કરજે. બુદ્ધ મોટો માયાવી છે. તે લોકોને મુગ્ધ કરી, પોતાના પંથમાં ખેંચી લે છે એવું અમે સાંભળ્યું છે, માટે વિશાખા ગમે તેટલો આગ્રહ કરે તોયે તું તેના દર્શને જઇશ નહિ.”

મિગારે બુદ્ધ કે બૌદ્ધભિક્ષુનાં દર્શન ન કરવાનું વચન આપ્યાથી નિર્ગ્રંથ પોતાને આશ્રમે પાછા ફર્યા.

બીજે દિવસે વિશાખાએ ભોજનની સર્વ તૈયારી કરી. બુદ્ધ અને ભિક્ષુઓને બોલાવી, ઘણા આદરસત્કાર સહિત જમાડ્યા. ભોજન પછી વિશાખાએ પોતાને તથા ઘરનાં સર્વ માણસોને ધર્મોપદેશ કરવાની બુદ્ધગુરુને વિનતિ કરી, પણ આ ઉપદેશ સાંભળવા મિગાર આવ્યો નહિ. વિશાખાએ અત્યંત આગ્રહ કર્યાથી તેણે પડદાની આડે બેસી ધર્મોપદેશ સાંભળવા કબૂલ કર્યું. બુદ્ધનું મુખ માત્ર તેને જોવું ન હતું! વિશાખાએ એક બાજુએ પડદો બાંધી પોતાના સસરાને બેસવાની સગવડ કરી.

સર્વ મંડળી ભેગી થયા પછી બુદ્ધે પોતાની અમૃતતુલ્ય વાણીથી તેમને ઉપદેશ કર્યો. દાન, શીલ, ભાવના ઇત્યાદિ વિષય સંબંધે બુદ્ધે કરેલો બોધ સાંભળી મિગાર શ્રેષ્ઠીને ઘણું લાગી આવ્યું. આવા મહાપુરુષ પોતાને ઘેર આવ્યા છતાં પોતે મૂર્ખાઈથી તેનાં દર્શન કરવા તૈયાર નથી, એ વિચારથી એને ઘણો પશ્ચાત્તાપ થયો. તેથી એકદમ પડદો દૂર ખસેડી નાખી બહાર દોડી આવી, તેણે બુદ્ધના ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધું. તે બોલ્યો: “ ભગવન, મારા અપરાધની ક્ષમા કરો. આજથી હું આપનો ઉપાસક થયો છું. આ બાબતમાં વિશાખા મારે માતા સમાન છે. તે જો મારે ઘેર આવી ન હોત, તો આપની અમૃતવાણી મારે કાને ન પડી હોત. તેથી આજથી હું તેને મારી માતાજ કહેતો જઇશ. ”

ત્યારથી વિશાખાનું મિગારમાતા એવું નામ પડયું. શ્રાવસ્તિના ઘણાખરા લોકો તેને મિગારમાતા નામથીજ ઓળખતા. તેણે બુદ્ધને અને ભિક્ષુસંઘને રહેવા માટે પૂર્વારામ નામના ઉદ્યાનમાં એક પ્રાસાદ બાંધ્યો હતો. જેને ‘ મિગારમાતા પ્રાસાદ ’ કહેતા. શ્રાવસ્તિમાં વિશાખાના ડહાપણની અને નીતિમત્તાની કીર્તિ તરતજ પ્રસરી અને રાયથી રંક સૌ કોઇ તેના તરફ આદરબુદ્ધિથી જોતા. મંગળ કાર્યો અને ઉત્સવોમાં વિશાખાને પહેલું આમંત્રણ દેવાનો વહીવટ ચાલુ થયો. શ્રાવસ્તિની બૌદ્ધ ઉપાસિકાઓમાં તે પ્રમુખ હતી. આવતાજતા અને રોગગ્રસ્ત ભિક્ષુઓની માવજત તરફ તે ઘણું લક્ષ આપતી*



* પ્રોફેસર કૌશામ્બીના ‘ બુદ્ધલીલાસારસંગ્રહ ’ નામના ઉત્તમ ગ્રંથમાંથી તેમની રજાથી ઉપકાર સહિત આ ચરિત્ર ઉતારવામાં આવ્યું છે.

१४–कुलवधू सुजाता

ભગવાન તથાગત બુદ્ધના આવિર્ભાવ–કાળમાં જંબુદ્વીપ, અંગ, મગધ, કાશી, કૌશલ વગેરે સોળ ભાગમાં વહેંચાયલો હતો. મહારાજા બિંબિસાર મગધદેશના રાજા હતા. અંગ દેશ પણ તેમનાજ તાબામાં હતો. રાજા પ્રસેનજિત એ સમયમાં કૌશલના સિંહાસન ઉપર બિરાજતા હતા. બિંબિસાર અને પ્રસેનજિત પોતાના સમયમાં ધનવૈભવ આદિમાં ભારતવર્ષના બીજા રાજાઓ કરતાં શ્રેષ્ઠ હતા. તેમના પ્રયત્નથી મગધ અને કૌશલ મહા પ્રતાપી અને ઐશ્વર્યશાળી રાજ્ય બન્યાં હતાં.

કૌશલ રાજ્યની રાજધાની શ્રાવસ્તી નગરીમાં હતી. શ્રાવસ્તી નગરીના વૈભવ અને સૌંદર્યની સીમા નહોતી. અનેક સુંદર આશ્રમસ્થાનો, ઉદ્યાન, વન, ઉપવન અને સરોવરો વગેરેથી એ નગરી સુશોભિત હતી. વિચિત્ર ચિત્ર અને કોતરકામથી સુંદર બનેલી મોટી મોટી હવેલીઓ એ શહેરની શોભામાં વૃદ્ધિ કરી રહી હતી અને તેના રહેવાસીઓની સમૃદ્ધિની સાક્ષી પૂરતી હતી. નગરવાસીઓની આકર્ષક કાંતિ, તેમનાં વિશાલ ઉન્નત શરીર, રમણીય અને ઉજ્જ્વળ મુખારવિંદ એ બધાંને લીધે નગરની શોભામાં સોગણો વધારો થતો હતો.

એ શહેરમાં સુદત્ત નામનો એક વણિક રહેતો હતો. એ શ્રાવસ્તી નગરીમાં સૌથી વધારે ધનવૈભવવાળો પુરુષ હતો. પુણ્યદાન પણ એ પુષ્કળ કરતો હતો. તેનો વેપાર હિંદુસ્તાનમાં બહુ ફેલાયો હતો. પ્રત્યેક મોટા નગરમાં તેની દુકાન હતી. સદાચારી, ઉદાર, અસાધારણ દાતા અને પરમ ધાર્મિક પુરુષ તરીકે શ્રાવસ્તી નગરમાં એ ઘણોજ લોકપ્રિય થઇ પડ્યો હતો. વિદ્વાન અને સદા-

ચારી બ્રાહ્મણો ઉપર પણ તેની વિશેષ પ્રીતિ હોવાથી બ્રાહ્મણો પણ તેનાં ઘણાં વખાણ કરતા હતા.

મોક્ષમાર્ગના શોધક, પરમ શાંતિ, પરમ સુખ અને નિર્વાણ–ધર્મના પ્રવર્તક, સ્વયં ભગવાન બુદ્ધદેવને મુખે તેમના અમૃતમય, ધર્મ અને સંઘની કથા સુદત્તે રાજગૃહ નગરમાં પોતાની બહેનને ઘેર સાંભળી હતી. એ ઉપદેશથી સુદત્તના સંસારનાં દુઃખ અને તાપથી ક્લેશ પામેલા હૃદયે અવર્ણનીય શાંતિ અનુભવી હતી. તેના હૃદયમાં એ દિવસથી કાંઇક અપૂર્વ સુખની રેખા ઉત્પન્ન થઇ હતી. તેણે સંકલ્પ કર્યો હતો કે, “મારી અગાધ દોલતનો ઉપયોગ બૌદ્ધધર્મના પ્રચારમાં કરીશ અને ધર્મચિંત્વન તથા સાધુસેવામાં બાકીનું જીવન ગાળીશ.

બુદ્ધદેવ ઉપર તેને અચળ શ્રદ્ધા અને અટળ ભક્તિ હતી. ચોરાસી કરોડ કાર્ષાપણ (પાંચ રૂપિયાની બરાબરનો સોનાનો એક સિક્કો) ખર્ચીને તેણે શ્રાવસ્તી નગરીની ઉત્તર દિશામાં જેતવન નામના પરમ રમણીય ઉદ્યાનમાં એક મોટો વિહાર બંધાવ્યો હતો. એ સુંદર વિહાર તેણે બુદ્ધદેવ તથા તેમના શિષ્યોને સમર્પણ કરી દીધો હતો. દરરોજ બે હજાર ભિક્ષુકોને તે ભોજન કરાવતો હતો. એ ઉપરાંત અસંખ્ય દીનદુઃખી અનાથો તેને બારણેથી અન્ન મેળવીને બે હાથે આશીર્વાદ આપતા. અનાથોને દરરોજ આહાર કરાવતો હોવાથી વણિક સુદત્ત શેઠ ‘ અનાથપિંડદ ’ નામથી ઓળખાવા લાગ્યો.

ભગવાન બુદ્ધદેવની ઉપાસિકાઓમાં વિશાખા સૌથી મુખ્ય હતી. તેના જેવી દાનશીલ સેવિકા એ સમયમાં બીજી કોઇ નહોતી. શ્રાવસ્તી નગરીમાં પૂર્વ દિશામાં તેણે ૨૭ કરોડ કાર્ષાપણ ખર્ચીને પૂર્ણારામ નામનો એક પરમ રમણીય વિહાર બંધાવી, બુદ્ધ ભગવાનને અર્પણ કર્યો હતો. તેના પિતા મેંડક અંગ દેશના ભદ્રીય નગરના એક જાણીતા ધનૈશ્વર્યશાળી શેઠ હતા. શ્રાવસ્તી નગરના બીજા એક ધનવાન શેઠ મિગારના પુત્ર પુણ્યવર્ધક સાથે તેનું લગ્ન થયું હતું.

આપણી આ ચારિત્રનાયિકા સુજાતા એ વિશાખાની નાની બહેન થાય. અનાથપિંડદના પુત્ર સાથે તેનું લગ્ન થયું હતું. ધનવાન શેઠની કન્યા હોવાથી સુજાતાના મનમાં ઘણું અભિમાન હતું.

એ કોઇનું કહ્યું માનતી નહિ. સાસુસસરાને ગાંઠતી નહિ અને સ્વામી ઉપર પણ તેની શ્રદ્ધા નહોતી.

અનાથપિંડદના આમંત્રણનું માન રાખીને બુદ્ધદેવ એક દિવસ તેને ઘેર ભિક્ષા કરવા ગયા હતા. અગાઉથીજ તેમને સારૂ યોગ્ય આસન વગેરે સામગ્રી તૈયાર હતી. ભગવાન પધાર્યા એટલે અનાથપિંડદે તેમનો સત્કાર કરીને આસન ઉપર બેસાડ્યા તથા પોતે સન્મુખ બેઠો. એ સમયે શેઠના અંતઃપુરમાં ઘણી ગડબડ મચી રહી હતી. ઊંચે સાદે લડતાં મનુષ્યોનો અવાજ બહાર સુધી આવી રહ્યો હતો. ભગવાને પૂછ્યું: "શેઠજી! ઘરમાં આટલી બધી ગડબડ શાની છે? કોઇ માછીમારની માછલી ચોરાઇ ગઇ હોય અને જેવો ખળભળાટ મચી રહે એવી ગડબડ અહીં છે." અનાથપિંડદે હૃદય ખોલીને પોતાના દુઃખની વાત બુદ્ધદેવને કહી. તેણે કહ્યું: "ભગવન્! સાચી વાત છે. મારી એક પુત્રવધૂ મોટા ઘરની દીકરી છે. એ મારે ઘેર આવી છે ત્યારથી કોઇને ગાંઠતી નથી. એ ઘણી મિજાજી છે. તેના સ્વામીને પણ ગણકારતી નથી. સાસુસસરાનું અપમાન કરે છે. ભગવાન ઉપર પણ તેનો અનુરાગ નથી. એ કોઇ દિવસ પૂજા પણ કરતી નથી. તેના આચરણથી કંટાળીને અંતઃપુરવાસી સ્ત્રીઓ બૂમાબૂમ કરી રહી છે."

ખરાબ સ્વભાવનાં મનુષ્યો હંમેશાં વહેમી હોય છે. અનાથપિંડદને ભગવાન બુદ્ધદેવની પાસે જતો જોઇને સુજાતાએ મનમાં વિચાર્યું કે, મારા સસરા મારી નિંદા કરવા જાય છે. એવા વહેમથી એ અંતઃપુરના બારણા આગળ આડમાં ઊભી રહીને બુદ્ધદેવ સાથે અનાથપિંડદને શી શી વાત થાય છે તે સાંભળવા લાગી. ભગવાનને બાતમી મળી કે, સુજાતા છાનીમાની બધું સાંભળી રહી છે, એટલે એમણે અનાથપિંડદને કહ્યું: "સુજાતાને અહીં બોલાવો." ભગવાનની આજ્ઞાને માન આપીને સુજાતા અંદરથી બહાર આવી અને ભગવાનને નમસ્કાર કરી દૂર જઇ બેઠી. ભગવાને તેને સંબોધીને કહ્યું: "સુજાતા! પુરુષને સાત પ્રકારની ભાર્યા હોય છે. જેવી કે:–(૧) વધકાસમા (વધકારિણી) (૨) ચોરીસમા (૩) આર્યસમા (૪) માતૃસમા (૫) ભગિનીસમા (૬) સખીસમા (૭) દાસીસમા. તું આ સાતમાંથી કયા પ્રકારની ભાર્યા છે?"

સુજાતાએ કહ્યું: "પ્રભુ હું આપના સંક્ષિપ્ત ઉપદેશનો મર્મ

સમજી શકી નહિ. સરળ ભાષામાં ખુલાસાવાર મને એ ઉપદેશ સંભળાવો. સમજાવ્યા પછી હું ઉત્તર આપીશ.”

ભગવાને કહ્યું: “ત્યારે ધ્યાન દઈને સાંભળ!”

સુજાતા બોલી: “હા પ્રભુ! સાંભળું છું બોલો.”

ભગવાન બોલ્યા: “જે સ્ત્રી હંમેશાં ક્રોધ કર્યા કરતી હોય, સ્વામીનું ભૂંડું ચાહનારી હોય, પારકા પુરુષ ઉપર મોહી જઈને પતિનું અપમાન કરતી હોય, ધનદ્વારા ખરીદાયલી હોવા છતાં જે ખરીદનારનો વધ કરવા ઉત્સુક હોય એવી સ્ત્રીને વધકાભાર્યા કહે છે.

“શિલ્પ, વેપાર કે ખેતીદ્વારા સ્વામી જે કાંઈ ધન મેળવે છે તેમાનું થોડું પણ ધન ચોરવાની જે સ્ત્રી ઇચ્છા કરે છે અને લાગ આવે ચોરી પણ કરે છે એટલુંજ નહિ પણ ચૂલા ઉપર ચડાવેલા આંધણમાંથી દાળચોખા ચોરીને સંતાડી રાખવાનો જે સ્ત્રી યત્ન કરે છે તેને ચોરીસમા કહે છે.

“જે સ્ત્રી કોઇ પણ કાર્ય કરવાની ઇચ્છા કરતી નથી, આળસુ સ્વભાવની હોય છે, એટલે કે સારૂં ખાધાપીધા વગર અને સારૂં પહેર્યાઓઢ્યા વગર જેને ચેન પડતું નથી, જેની વર્તણુંક કર્કશ છે, પ્રકૃતિ ઉગ્ર છે, જે અપ્રિય અને કર્કશ વ્યવહાર કરે છે અને સ્વામીની ઉપર પોતાની મોટાઇ દાખવે છે તે સ્ત્રી પુરુષની આર્યાસમા ભાર્યા કહેવાય છે.

“જે સ્ત્રી સર્વદા પતિનું હિત ચાહનારી હોય છે, માતા જેવી રીતે પુત્રનું રક્ષણ કરે છે તેવી રીતે જે સ્ત્રી પ્રાણ સાટે પોતાના પતિની રક્ષા કરે છે, જે સ્ત્રી પતિએ કમાયલા ધનનું યત્નપૂર્વક રક્ષણ કરે છે, તે સ્ત્રી માતૃસમા ભાર્યા કહેવાય છે.

“જે સ્ત્રી ભગિનીની પેઠે સ્વામીની ઉપર સ્નેહ અને ભક્તિ રાખે છે અને જે લજ્જાપૂર્વક સ્વામીની આજ્ઞા મુજબ ચાલે છે તે સ્ત્રી ભગિનીસમા ભાર્યા કહેવાય છે.

“ઘણા સમય પછી મળવા આવેલી સખીને જોયાથી સખીને જે પ્રમાણે આનંદનો અનુભવ થાય છે તેવીજ રીતે જે સ્ત્રી પતિને જોતાંજ આનંદમગ્ન થઇ જાય અને જે કુળના ગૌરવનું રક્ષણ કરનારી શીલવતી અને પતિવ્રતા હોય તે સ્ત્રી સખીસમા ભાર્યા કહેવાય છે.

" સ્વામી મારી નાંખવાને તૈયાર થયો હોય તોપણ જે સ્ત્રી પ્રસન્નચિત્તે ભક્તિપૂર્વક સ્વામીની ગેરવર્તણુંક સહન કરે, સ્વામીના ઉપર જરા પણ ક્રોધ ન કરે, જે સ્વભાવથીજ ક્રોધ વગરની હોય અને સ્વામીને વશ રહીને ચાલનારી હોય તે સ્ત્રી દાસીસમા ભાર્યા કહેવાય છે.

" વધકા, ચોરી અને આર્યસમા એ ત્રણ પ્રકારની સ્ત્રીઓ દુઃશીલા, કર્કશ સ્વભાવની અને સ્નેહહીન હોય છે. મૃત્યુ પછી તેમનો નરકવાસ થાય છે.

" માતા ! ભગિની, સખી અને દાસીસમા શીલવતી સ્ત્રી હમેશાં સારાં કામોમાં નિમગ્ન રહેનારી અને સંયમવાળી હોય છે. મૃત્યુ પછી તેઓ સ્વર્ગલોકમાં ગમન કરે છે.

" હે સુજાતા ! પુરુષોને એ સાત પ્રકારની સ્ત્રી હોય છે. તું એમાંથી કયા પ્રકારની છે ? "

સુજાતાએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો: " હે પ્રભુ ! આજથી મને મારા સ્વામીની દાસીસમા ભાર્યા તરીકે ગણજો."

ત્યાર પછી ભોજન કરી ભગવાન જેતવનના વિહારમાં પાછા ફર્યા. સુજાતા એ દિવસથી સાસુસસરા ઉપર ભક્તિ રાખવા અને તેમની સેવાચાકરી કરવા લાગી. સ્વામીના ઉપર અત્યંત શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ રાખીને છાયાની માફક તેની વશવર્તિની થઇ. દાસદાસીઓ ઉપર છોકરાંઓના જેવો પ્રેમ રાખવા લાગી. હવે તેના આચરણથી ઘરનાં તથા પડોશનાં બધાં માણસો સંતુષ્ટ રહેવા લાગ્યાં.

આ ઉપરથી વાચક બહેનો સમજી શકશે કે, ભગવાન બુદ્ધદેવની સ્ત્રીજાતિ ઉપર કેટલી બધી પ્રીતિ હતી. સ્ત્રીઓને ભગવાને જે અમૃતમય ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે જો આપણી ભગિનીઓ અને કન્યાઓ વર્તશે તો સંસારના અનેક પાપતાપથી બચી જશે અને તેમનો સંસાર શાંતિનિકેતન બની જશે. કુસંપને લીધે જે કુટુંબોમાં કલહાગ્નિ સળગી રહ્યો હશે ત્યાં આગળ જો બુદ્ધ ભગવાનના આ ઉપદેશનું સ્મરણ કરવામાં આવશે તો ત્યાં અપૂર્વ શાંતિ–સુધાની વૃષ્ટિ થશે.

બૌદ્ધયુગમાં સુજાતાએ મહાસાધ્વી તરીકે સારી પ્રતિષ્ઠા મેળવી હતી.



૧૫–નકુલમાતા

આ એક બૌદ્ધધર્મની મુખ્ય ઉપાસિકા હતી. તેણે પોતાના પતિને આપેલો ઉપદેશ ઘણો બોધજનક છે અને એ ઉપરથી જણાઇ આવે છે કે, એને ઉપાસિકા વર્ગમાં અગ્રસ્થાન કેમ મળ્યું હતું.

ભર્ગ દેશમાં શિશુમાર ગિરિમાં બુદ્ધદેવ રહેતા હતા. ત્યાં તે વખતે નકુલપિતા નામનો એક ગૃહસ્થ બહુ માંદો હતો. તેનો મરણકાલ સમીપ છે એમ સર્વને લાગ્યું, ત્યારે તેની પત્નીએ તેને કહ્યું: “ હે ગૃહપતિ ! સંસારમાં આસક્ત રહીને તમે મરણ પામો એ બરાબર નથી. આવા પ્રકારનું પ્રપંચાસક્તિયુક્ત મરણ દુઃખકારક છે, એવું ભગવંતે કહ્યું છે. હે ગૃહપતિ ! કદાચિત્ તમારા મનમાં એવી શંકા આવશે કે, ‘ મારા મૂઆ પછી નકુલમાતા છોકરાઓનું પાલન કરી શકશે નહિ, પ્રપંચનું ગાડું હાંકી શકશે નહિ; ’ પરંતુ એવી શંકા તમે મનમાં લાવશો નહિ; કારણકે મને સૂતર કાંતવાની કળા આવડે છે અને મને ઊન તૈયાર કરતાં આવડે છે. એના વડે હું તમારા મરણ પછી છોકરાઓનું પોષણ કરી શકીશ. માટે હે ગૃહપતિ ! આસક્તિયુક્ત અંતઃકરણથી તમારૂં મરણ ન થાય એમ હું ઇચ્છું છું. હે ગૃહપતિ ! તમને બીજી એવી શંકા આવવાનો સંભવ છે કે, ‘નકુલમાતા મારા મરણ પછી પુનર્વિવાહ કરશે; ’ પરંતુ આ શંકા તમે છોડી દો. હું આજ સોળ વર્ષથી ગૃહસ્થ બ્રહ્મચર્યવ્રત (ઉપોસથવ્રત) પાળું છું, તે તમને ખબર છેજ. તો પછી હું તમારા મૃત્યુ પછી વિવાહ કેમ કરીશ ? હે ગૃહપતિ ! તમારા મરણ પછી ‘ હું બુદ્ધ ભગવાનનો અને ભિક્ષુસંઘનો ધર્મોપદેશ શ્રવણ કરવા નહિ જાઉં ’ એવી તમને શંકા આવવાનો સંભવ છે. પણ તમારી પાછળ પહેલાં પ્રમાણેજ બુદ્ધનો ઉપદેશ સાંભળવામાં મારો ભાવ રહેશે, એની તમારે ખાતરી રાખવી અને

કોઇ પણ પ્રકારે ઉપાધિ સિવાય મરણ આવવા દો.હે ગૃહપતિ! તમારી પાછળ ‘ હું બુદ્ધ ભગવાને ઉપદેશેલું શીલ યથાર્થ રીતે નહિ પાળું” એવી તમને શંકા આવવાનો સંભવ છે; પણ જે ઉત્તમ શીલવતી બુદ્ધોપાસિકાઓ છે તેમાંનીજ હું પણ એક છું, એ તમે ખાતરીથી સમજજો. માટે કોઇ પણ પ્રકારની ફિકર વગર મરણ આવવા દો. હે ગૃહપતિ ! ‘ મને સમાધિલાભ થયો નથી, તેથી તમારા મરણથી હું બહુ દુઃખી થઇશ, ’ એમ તમે સમજશો નહિ. જે કોઇ બુદ્ધોપાસિકા સમાધિલાભવાળી હશે, તેમાંની હું એક છું એમ સમજજો અને માનસિક ઉપાધિ છોડી દો. હે ગૃહપતિ ! ‘ બુદ્ધધર્મનું તત્ત્વ મને હજી સમજાયું નથી ’ એવી પણ તમને કદાપિ શંકા આવશે; પરંતુ જે તત્ત્વજ્ઞ ઉપાસિકાઓ છે, તેમાંનીજ હું એક છું, એમ ચોક્કસ ધ્યાનમાં રાખો અને મનમાંની કાળજી કાઢી નાખો. ”

આ પ્રમાણે નકુલમાતાના ઉપદેશથી તેના પતિ—નકુલપિતાના મનનું સમાધાન થયું અને તેનો વ્યાધિ વેળાસર શમ્યો. રોગમાંથી સારો થયા પછી તે બુદ્ધના દર્શન સારૂ ગયો, ત્યારે તેને બુદ્ધદેવે કહ્યું: “ હે ગૃહપતિ ! તું મોટો પુણ્યશાળી છે. નકુલમાતા જેવી ઉપદેશ કરનારી અને તારા ઉપર પ્રેમ રાખનારી સ્ત્રી તને મળી છે. હે ગૃહપતિ ! ઉત્તમ શીલવતી જે ઉપાસિકાઓ છે, તેમાંની એ એક છે. આવી પત્ની તને મળી એ તારૂં મહાભાગ્ય છે.”

આ એક દૃષ્ટાંત ઉપરથી બુદ્ધ ભગવાન સ્ત્રીઓની યોગ્યતાની કેટલી કદર કરતા, એ સહજ સમજી શકાય છે. વળી બુદ્ધ ભગવાન જેવા મહાજ્ઞાની, તપસ્વી અને સિદ્ધ રાજર્ષિ જેને માટે આવા સારા શબ્દો ઉચ્ચારે તે સન્નારીમાં કેટલા બધા સદ્ગુણો હશે તેની પણ કલ્પના વાચક બહેનો કરી શકશે.*

---

* ‘ જ્ઞાનસુધા ’ પત્રમાં પ્રગટ થયેલા ‘ બુદ્ધધર્મ અને સંઘ ’ નામના લેખમાંથી સાભાર ઉદ્ધૃત.

૧૬—બ્રહ્મદત્તા

આ સન્નારી વારાણસીના રાજાની કુમારી હતી. એ ઘણી સુંદર અને ભણેલીગણેલી હતી. તેનું પાણિગ્રહણ કરવા માટે દેશદેશાવરના રાજાઓ તલપાપડ થઇ રહ્યા હતા; પરંતુ બ્રહ્મદત્તાએ લગ્ન નહિ કરવાનો સંકલ્પ કર્યો હતો. બૌદ્ધશાસ્ત્રનું અધ્યયન કરીને શાસ્ત્રની આલોચના કરવામાં જીવન ગાળવાની તેને ઇચ્છા હતી. આખરે ભગવાન કશ્યપ જ્યારે ઋષિપત્તનમાં વાસ કરવા આવ્યા હતા, ત્યારે એ લાગ જોઇને રાજકન્યા બ્રહ્મદત્તા તેમની પાસે ગઈ અને પ્રાર્થના કરી કે, "મારી ઇચ્છા આપની પાસે બૌદ્ધધર્મનો ઉપદેશ ગ્રહણ કરવાની છે." ભગવાન કશ્યપની પાસે શિક્ષણ મેળવીને રાજકુમારી બ્રહ્મદત્તાએ તપશ્ચર્યા કરવાનું આરંભ કર્યું.

એ વખતે રાજકુમારીના પ્રેમાકાંક્ષી રાજકુમારોએ તેને ચિરકૌમારવ્રત અંગીકાર કરતાં રોકવાનો પ્રયત્ન કર્યો, પણ એણે કોઈની વિનતિ ઉપર ધ્યાન આપ્યું નહિ. આખરે તેમણે બળપૂર્વક તેનું હરણ કરી જવાનો નિશ્ચય કર્યો; પરંતુ એ દુષ્ટો રાજકુમારીના આશ્રમમાં જઇ પહોંચ્યા ત્યારે રાજકુમારી પોતાના અદ્ભુત યોગબળથી આકાશમાર્ગમાં ચડી ગઇ. તેનો આ ચમત્કાર જોઇને રાજકુમારો સ્તબ્ધ થઇ ગયા અને તેને પરણવાની મિથ્યા આશા છોડી દઇને વીલે મોંએ પોતપોતાને ઘેર પાછા ગયા.

અંતરીક્ષમાં ચડવું એ યોગમાં મોટી સિદ્ધિ ગણાય છે. એવી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે રાજકુમારી બ્રહ્મદત્તા ધન્યવાદને પાત્ર છે.

૧૭—ક્ષેમા

એક સમયે ભગવાન બુદ્ધદેવ શ્રાવસ્તી નગરીમાં નિવાસ કરી રહ્યા હતા. એ અરસામાં પ્રસેનજિત અને બ્રહ્મદત્ત નામના બે રાજાઓમાં વાદવિવાદ ઊભો થયો અને એટલો બધો વધી પડ્યો કે બે રાજાઓની વચમાં યુદ્ધ થવાનો પ્રસંગ આવી પહોંચ્યો. એજ સમયમાં દૈવસંયોગથી પ્રસેનજિત રાજાને ત્યાં એક કન્યા અને બ્રહ્મદત્ત રાજાને ત્યાં એક પુત્રનો જન્મ થયો. બન્ને રાજાઓએ સૂચના કરી કે આ બન્ને બાળકોનો વિવાહ થઇ જાય તો આપણો વિવાદ બંધ થઇ જાય અને ફરીથી મૈત્રી સ્થાપન થાય. બન્ને જણાએ એ વાત કબૂલ રાખી અને યુદ્ધની તૈયારીઓ બંધ પડી. બિલકુલ શૈશવ અવસ્થામાં—ઘોડિયામાંથીજ પ્રસેનજિતની કન્યા અને બ્રહ્મદત્તના પુત્રની સગાઇ થઇ ગઇ. પ્રસેનજિતની કન્યાનું નામ ક્ષેમા હતું. પ્રસેનજિતે તેને ધર્મ તથા નીતિનું ઊંચું શિક્ષણ આપ્યું હતું. વિવાહ કરવા યોગ્ય ઉંમરની થઇ ત્યારે ક્ષેમાએ સ્પષ્ટ જણાવી દીધું કે, “ મારે લગ્ન કરવું નથી. આખી જિંદગી સુધી કૌમારવ્રત પાળીને ધર્મશાસ્ત્રનું અધ્યયન કરવાની મારી ઇચ્છા છે.”

કન્યાની આવી પ્રતિજ્ઞા સાંભળીને પ્રસેનજિત રાજા ઘણો ઊંડા વિચારમાં પડ્યો. એના મનમાં ચિંતા થવા લાગી કે, રાજા બ્રહ્મદત્તના મનમાં એવો શક ઉત્પન્ન થશે કે, “ મેંજ ક્ષેમાને એવું બહાનું કાઢવાનું શીખવ્યું હશે. મહામહેનતે તો કજિયાનું મોં કાળું કર્યું હતું. પાછી આ અણધારી પંચાત ક્યાંથી આવી ? ”

આવા આવા વિચારો પ્રસેનજિત રાજાને આકુળવ્યાકુળ કરી નાખવા લાગ્યા. તેણે બ્રહ્મદત્ત રાજાને ખાનગી રીતે પત્ર લખ્યો કે, તમે જલદી આવી જઇને તમારા પુત્રનું લગ્ન ક્ષેમા સાથે

કરાવી જાઓ. તત્ત્વજ્ઞાનની પિપાસુ ક્ષેમાને આ વાતની ગુપ્તપણે ખબર પડી ગઇ. તરતજ તે ભગવાન બુદ્ધદેવની પાસે ચાલી ગઇ. ભગવાન બુદ્ધદેવ એ સમયે જેતવનમાં બિરાજતા હતા. બુદ્ધદેવે જોયું કે ક્ષેમા ખરેખર તત્ત્વજ્ઞાન અને ધર્મોપદેશ પ્રાપ્ત કરવાને યોગ્ય છે, એટલે તેમણે પંડે એ રાજકુમારીને ઉપદેશ આપવો શરૂ કર્યો. બુદ્ધદેવના ઉપદેશના પ્રભાવથી ક્ષેમા બૌદ્ધધર્મનું તત્ત્વ શીખી ગઈ અને ષડ્રિપુઓના પ્રલોભનને વશ કરી શકી. આ પ્રમાણે તે એક આદર્શ વિદુષી અને સાધ્વી બની. થોડા સમય પછી તેનાં સગાંસંબંધીઓ આશ્રમમાં આવીને તેને બળપૂર્વક ઘેર લઇ ગયાં. પ્રસેનજિત રાજા ક્ષેમાના લગ્નની તૈયારીઓ કરવા લાગ્યો. ધીમે ધીમે લગ્નનો દિવસ પણ આવી પહોંચ્યો. પુરોહિતે વર અને કન્યાનો હાથ પકડીને બંનેને લગ્નના પવિત્ર બંધનમાં બાંધવા સારૂ મંત્રોચ્ચારણ શરૂ કર્યું. એટલામાંજ લગ્નના સુંદર પાટલા ઉપર બિરાજેલી ક્ષેમા પાટલા સમેત ધીમે ધીમે ઊંચી થઇને આકાશમાર્ગમાં ઊડવા લાગી. આકાશમાં ઊંચે ગયા પછી તેણે વિવિધ પ્રકારના ચમત્કાર બતાવ્યા. એ ઉપરથી સર્વેને ક્ષેમાની અપૂર્વ શક્તિ અને સિદ્ધિની ખાતરી થઇ. વિવાહના મંડપમાં એકઠાં થયેલાં બધાં સ્ત્રીપુરુષો આ દૃશ્ય જોઇને અવાક્ અને સ્તબ્ધ થઇ ગયાં. ત્યાર પછી બધાએ સવિનય પ્રાર્થના કરીને ક્ષેમાને આકાશમાર્ગમાંથી નીચે ઉતારી. હવે તેની આગળ લગ્નની વાત કરવાની કોઇની હિંમત ચાલી નહિ. લગ્ન બંધ રહ્યું અને ક્ષેમા પિતાની આજ્ઞા લઇને પાછી તપશ્ચર્યા કરવામાં તલ્લીન થઈ ગઇ. પ્રાણાયામ, કુંભક આદિ યૌગિક ક્રિયાઓ વડે ક્ષેમાએ આકાશમાં ઊંચા થવાની શક્તિ પ્રાપ્ત કરી હતી; પરંતુ એ તો ઘણી સાધારણ સિદ્ધિ હતી. ભગવાન બુદ્ધદેવ શ્રીમુખે કહી ગયા છે કે, ક્ષેમાએ આકાશમાં ચડવા કરતાં પણ વધારે પ્રશંસાને યોગ્ય શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

નિર્વાણ શું છે, મૃત્યુ પછી આત્માની શી દશા થાય છે, વગેરે તત્ત્વોનું રહસ્ય ક્ષેમાએ પોતાના પિતા પ્રસેનજિત રાજાને ઘણી ઉત્તમ રીતે સમજાવ્યું હતું. ધન્ય છે એવી કન્યાને !!

૧૮–કુવલયા

એક વખત 'ગિરિ બંધુ સંગમ'ના દિવસે શ્રાવસ્તી નગરીમાં એક મોટી ઉજાણી થઇ રહી હતી. એ વખતે દૂર દેશાવરથી સ્રીપુરુષો આવીને શ્રાવસ્તી નગરીમાં એકઠાં થયાં હતાં. એ પ્રસંગે દક્ષિણાપથમાંથી એક વારાંગના પણ ત્યાં આવી હતી. તેનું નામ કુવલયા હતું. તેણે આવીને ભરીસભામાં પૂછ્યું: "મારા સૌંદર્યનું આકર્ષણ રોકી શકે એવો કોઈ પુરુષ આ નગરમાં છે?"

કુવલયા ખરેખરી અપ્સરા જેવી સુંદર હતી. તેના સૌંદર્યની જાળમાં અનેક પુરુષો ફસાઇને પાયમાલ થઇ ચૂકયા હતા, એટલે તેના મુખમાંથી આવા અહંકાર સૂચક શબ્દો નીકળે એ સ્વાભાવિક હતું.

એ મેળામાં આવેલા એક પુરુષે જવાબ આપ્યો: "હા, ગૌતમ નામનો એક શ્રમણ છે."

એ વાત સાંભળતાંજ કુવલયા જેતવનમાં ગઇ. ત્યાં આગળ બુદ્ધદેવ તપસ્યા કરી રહ્યા હતા. બુદ્ધદેવની સન્મુખ જઇને તેણે પોતાનું સૌંદર્ય બતાવીને વેશ્યાને છાજે એવા નાચનખરાં કરીને બુદ્ધદેવના ચિત્તનું આકર્ષણ કરવાનો પ્રયત્ન કર્યો; પરંતુ જેવું કુવલયાનું શારીરિક સૌંદર્ય અનુપમ હતું, તેવુંજ બુદ્ધદેવનું આધ્યાત્મિક સૌંદર્ય પણ અનુપમ હતું. એમ કહેવાય છે કે બુદ્ધદેવની અમાનુષી શક્તિના પ્રભાવથી કુવલયાનું સૌંદર્ય એકદમ નષ્ટ થઈ ગયું. રૂપલાવણ્યવતી અને ભરજુવાનીમાં મસ્ત બનેલી એ યુવતી એકદમ એંસી વર્ષની બુઢ્ઢી બની ગઇ. તેના શરીર ઉપર કરચલિયો વળી ગઇ, મોં કદ્રૂપું થઈ ગયું. બુદ્ધ ભગવાન જેવા પુણ્યાત્મા મનુષ્યના સંસર્ગમાં આવતાં વારજ એ નર્તકીને પોતાના પાછલાં પાપકર્મોનો પશ્ચાત્તાપ થવા લાગ્યો. એ પશ્ચા-

ત્તાપની વેદનાથી તેનું હૃદય વીંધાઇ જવા લાગ્યું. તેણે તરતજ બુદ્ધદેવના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યો તથા પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત સૂચવવાની વિનતિ કરી. તેનું હૃદય શાંતિ મેળવવા ઉત્સુક બન્યું.

બુદ્ધદેવ ખરેખરા ભક્તવત્સલ હતા. પરમ પતિતપાવન મહાત્મા હતા. બુદ્ધદેવે તેના ઉપર ઘણી દયા આણીને જાતે તેને શિક્ષણ અને ઉપદેશ આપવાનું આરંભ કર્યું. બુદ્ધદેવના ઉપદેશથી તેનું ચરિત્ર બિલકુલ સુધરી ગયું તથા તેમના શિક્ષણથી થોડા સમયમાં એ પરમ વિદુષી બની ગઈ. પાછળથી બૌદ્ધ-પરિવ્રાજિકા તરીકે જનસેવા કરીને તેણે સારી ખ્યાતિ મેળવી હતી.

૧૯–શુક્લા

કપિલવસ્તુ નગરમાં શુકલા નામની એક ઘણી સુંદર અને ગુણવતી નારી રહેતી હતી. એ બૌદ્ધધર્મ પાળતી હતી. એક તો તેનું સૌંદર્ય અપૂર્વ હતું અને બીજું એ કે એ પોતાના પિતાની અઢળક દોલતની એ એકલી વારસ હતી. એવી સુંદરીનું પાણિગ્રહણ કરવાને અનેક રાજકુમારો ઉત્સુક રહેતા હતા; પરંતુ શુકલાના કાન ઉપર બચપણથીજ બુદ્ધદેવના નિર્વાણધર્મ અને વૈરાગ્યતત્ત્વનો અમૃતમય ઉપદેશ પડી ચૂકયો હતો. પિતાના અતુલ વૈભવનો ત્યાગ કરીને તેણે થોડા સમયમાં આદર્શ તપસ્વિની તરીકે પ્રસિદ્ધિ મેળવી. બૌદ્ધધર્મમાં એવી દંતકથા ચાલે છે કે તપસ્યા કરતાં કરતાં એણે એવી ઉન્નતિ કરી હતી કે તે આખરે ‘અર્હત્’ પદ પામવાને ભાગ્યશાળી થઇ હતી. તેનું ઊંડું તત્ત્વજ્ઞાન તથા તેનો મધુર સારરૂપ ઉપદેશ સાંભળ્યાથી અનેક રાજકુમારોની મોહનિદ્રા ઊડી ગઇ હતી. બૌદ્ધશાસ્ત્રમાં તેનું અગાધ પાંડિત્ય હતું. તેની વિદ્વત્તા જોઈને મોટા મોટા બ્રાહ્મણ પંડિતો પણ આશ્ચર્યચકિત થઇ જતા. અધ્યયન, અધ્યાપન, તપ, દાન અને અતિથિસત્કાર આદિ સત્કાર્યોમાં રાતદિવસ નિમગ્ન રહીને શુકલા માનવજીવનનું સાર્થક કરી ગઇ છે.

૨૦–ખેમા (ક્ષેમા)

મદ્ર દેશમાં સાગર નામક નગરમાં રાજાના ઘરમાં એનો જન્મ થયો હતો. જન્મથીજ તેના અંગની કાંતિ સુંદર હતી. માતપિતાની એ ઘણી લાડકી હતી. વિવાહ યોગ્ય વયની થઇ ત્યારે એનું સૌંદર્ય ઘણું ખીલી નીકળ્યું અને એના રૂપની પ્રશંસા સાંભળીને અનેક ક્ષત્રિય રાજકુમારો તેની સાથે લગ્ન કરવાનો અભિલાષ રાખવા લાગ્યા. તેમણે મદ્રાધિપતિની પાસે માગાં પણ મોકલવા માંડ્યાં. કોસલ દેશના લોકપ્રિય રાજા બિંબિસારે પણ ખેમાનું માગું મોકલ્યું.

રાજા બિંબિસાર બુદ્ધદેવનો પરમ ભક્ત હતો. ઘર છોડી અરણ્યમાં નીકળી પડ્યા પછી રાજગૃહ નગરમાં એ રાજા સાથે બુદ્ધદેવનો મેળાપ થયો હતો અને એમણે બોધિસત્ત્વને સમજાવીને પાછા સંસારમાં મોકલવાનો પ્રયત્ન કર્યો હતો; પણ બુદ્ધદેવે પોતાનો પરિચય આપીને ઘરબાર છોડવાનો ઉદ્દેશ જણાવ્યો કે, “હું મનુષ્યજાતિનાં દુઃખોને શમાવવાનો ઉપાય શોધી કાઢવા માગું છું.” ત્યારે એમણે એમને જવા દીધા અને પ્રાર્થના કરી કે, “રાજકુમાર ! તમને જગતના ઉદ્ધારનો માર્ગ જડી આવે તો સૌથી પહેલાં તમારે મારું વિહાર–દાન સ્વીકારવું પડશે.” સારાંશ એ કે ગૌતમબુદ્ધના પ્રથમ શ્રાવક તરીકે તેની ગણતરી હતી. એવા યોગ્ય રાજાના માગાથી પ્રસન્ન થઇ મદ્રરાજે પોતાની ગુણવતી કન્યા એને આપી. ક્ષેમા હવે કોસલેશ્વરની પટરાણી બની.

ક્ષેમાના સુખનો હવે પાર રહ્યો નહિ. યોગ્ય પતિને પ્રાપ્ત થયાથી એના સદ્‌ગુણોનો પણ વિકાસ થયો. સાંસારિક સુખમાં એનાં કેટલાંક વર્ષ વીતી ગયા પછી, બુદ્ધદેવ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી પોતાના એક હજાર શિષ્યો સહિત રાજગૃહ પધાર્યા. રાજા બિંબિસાર તેમનાં દર્શને ગયા અને આગ્રહપૂર્વક ભગવાનને પોતા

ઘેર ભોજન કરવા નિમંત્રણ કરી આવ્યા. બુદ્ધદેવ રાજમહેલમાં પધાર્યા ત્યારે બિંબિસાર રાજાએ વેળુવન નામનો પોતાનો સુંદર બગીચો તથા વિહાર બુદ્ધદેવને તથા ભિક્ષુસંઘને અર્પણ કરી દીધાં. બુદ્ધદેવે એ વેળુવનમાં ઘણા સમય સુધી નિવાસ કર્યો હતો. ક્ષેમાએ બુદ્ધદેવના ગુણની તથા એમના ઉપદેશની ઘણી પ્રશંસા સાંભળી હતી; પણ કોઇ દિવસ એમનાં દર્શને ગઇ નહોતી. કારણ એ હતું કે ક્ષેમાને પોતાના સૌંદર્યનું ઘણું અભિમાન હતું. બુદ્ધદેવને સૌંદર્ય પ્રત્યે અભિરુચિ નહોતી, એટલુંજ નહિ પણ એ પોતાના ભાષણોમાં સૌંદર્યના ઘણા દોષ બતાવતા. આથી એને શંકા રહેતી કે, "મારા રૂપની સૌ કોઇ પ્રશંસા કરે છે પણ ભગવાન એમાં કાંઈ ખોડખાંપણ કાઢશે તો !" એ વિચારથી જયારે વેળુવનમાં જવાનો પ્રસંગ આવતો, ત્યારે કાંઇ ને કાંઇ બહાનું કાઢીને એ વાતને ઉડાવી દેતી.

બીજી તરફ રાજા બિંબિસારને એવો વિચાર આવતો કે, "હું બુદ્ધદેવનો પરમ ભક્ત, ગુરુદેવ મારા ઉપર કૃપા કરીને મારા ઉદ્યાનમાં બિરાજે છે અને મારી પટરાણી એમનાં દર્શને પણ ન જાય એ કેવું અયોગ્ય ગણાય ? કોઇ પ્રકારે એવી યુક્તિ કરવી જોઇએ કે જેથી પટરાણીના મગજમાંથી સૌંદર્યની ખુમારી જતી રહે અને ગૌતમબુદ્ધ તરફ તેને ભક્તિ ઉત્પન્ન થાય."

આખરે એણે એક યુક્તિ શોધી કાઢી. તેણે પોતાના દરબારમાંના ભાટચારણોને બોલાવીને કહ્યું કે, "તમે વેળુવનના સૌંદર્યનું વર્ણન મધુરી કવિતામાં રચો અને મીઠે સ્વરે રાણીને કાને પડે એવી રીતે ગાઓ."

ભાટોએ તે પ્રમાણે કર્યું. વેળુવન મૂળ તો હતુંજ રળિયામણું સ્થાન ને તેનું વળી કવિતામાં રૂપાંતર થયું.સંગીત અને પ્રભાવશાલી કવિતાની અસર પાષાણ હૃદય ઉપર પણ થાય છે. ભાટને મુખેથી વેળુવનની પ્રશંસા સાંભળીને રાણીને એ સુંદર ઉદ્યાન જોવાની ઉત્કંઠા થઇ અને તેણે રાજાની પરવાનગી માગી. રાજાને તો એટલું જોઇતુંજ હતું. તેણે પ્રસન્ન થઇને રજા આપી અને કહ્યું કે, "એટલું ધ્યાનમાં રાખજો કે વેળુવન સુધી જાઓ છો તો પછી ભગવાન બુદ્ધદેવનાં દર્શન કર્યા વગર પાછાં નહિ અવાય."

ક્ષેમાએ કાંઈ ઉત્તર આપ્યો નહિ. રાજાએ પોતાના નોકરોને

કહી રાખ્યું હતું કે, " રાણી પોતાની ખુશીથી બુદ્ધદેવના દર્શને જાય તો ઘણી સારી વાત; નહિ તો તમે એમને કહેજો કે, 'અમને રાજાની આજ્ઞા આપને દર્શન કરવા સારૂ લઇ જવાની છે.' ગમે તે પ્રકારે દર્શન કરાવીનેજ લાવજો."

રાતદિવસ અંતઃપુરમાં રહેનારી એ રમણીય બાગને જોઈને ઘણી પ્રસન્ન થઈ. એના ચિત્તને ઘણી શાંતિ વળી. પક્ષીઓના મધુર ગાનથી એના કાનને તૃપ્તિ થઇ. પુષ્કળ ચાલ્યા છતાં એને જરાયે થાક જણાયો નહિ. પાછા ફરતી વખતે નોકરો એને એવે રસ્તે લાવ્યા કે જ્યાં બુદ્ધદેવ બિરાજતા હતા. બુદ્ધદેવે તેને પોતાની તરફ આવતી જોઇને પોતાની ઋદ્ધિના બળ વડે એક સ્વર્ગીય સૌંદર્યની પૂતળી ઊભી કરી. એ પૂતળી હાથમાં પંખો લઇને બુદ્ધદેવને વાયુ નાખી રહી. ક્ષેમાદેવીને એ દૃશ્ય જોતાં વારજ વિચાર આવ્યો કે, "મારા કરતાં અનેકગણી સૌંદર્યવતી આ સુંદરી બુદ્ધદેવની સેવા કરી રહી છે અને હું તો એમનાં દર્શન સુધ્ધાંત કરવા ગઈ નથી. ધિક્કાર છે મારા જીવતરને." ક્ષણમાત્રમાં એના રૂપનો ગર્વ જતો રહ્યો. આટલું વિચારતાંજ તેની વૃત્તિઓ બહારના સુખ ઉપરથી ઊઠીને અંતર્મુખી થઇ. તે બુદ્ધદેવની પાસે જઇને પગે લાગી. થોડી વારમાં તેણે જોયું કે પેલી તરુણ સ્ત્રી મધ્યમ અવસ્થાને પ્રાપ્ત થઈ છે. વળી થોડી વાર પછી તેને ઘરડી ડોશી બનેલી જોઇ. તેનું રૂપ નાશ પામી ગયું હતું, અંગ ઉપર કાંતિ નહોતી, વાળ ધોળા થઇ ગયા હતા, શરીર કદ્રૂપું થઇ ગયું હતું, બળ રહ્યું નહોતું, દાંત પડી ગયા હતા, કમર વળી ગઇ હતી; થોડી વાર પછી તેણે જોયું તો એ ડોશી મરણ પામેલી.

અભિમાનમાં છકેલી પોતાના રૂપ આગળ સંસારને તુચ્છ ગણનારી ક્ષેમાને વિચાર આવ્યો: "શું મારા શરીરની પણ છેવટે આજ ગતિ થશે ? હું કેવી મૂર્ખ છું કે, અજ્ઞાનમાં આટલું બધું આયુષ્ય ગુમાવ્યું." હવે તેણે બુદ્ધદેવનું શરણ લીધું. બુદ્ધદેવે તેને ઉપદેશ આપીને ધર્મનું રહસ્ય સમજાવ્યું. ક્ષેમા તીવ્ર બુદ્ધિની અને વિદુષી તો હતીજ. અહંકારનાં પડળ ઊતરી જવાથી હવે એને જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરતાં વાર ન લાગી. થોડા સમયમાં તેને સંસાર ઉપર વૈરાગ્ય ઊપજ્યો અને તેણે વિધિપૂર્વક થેરી પદ ગ્રહણ કર્યું. થેરી થઇને તેણે એક ગાથા ગાઇ કે, " જે પ્રમાણે પોતે તૈયાર કરેલા જાળામાં કરોળિયો ફસાય છે,

તે પ્રમાણે ઐહિક સુખને વળગી રહેનારા લોકો જન્મમરણના ફેરામાં પડે છે; પણ અનપેક્ષી લોકો એ પ્રવાહમાંથી પાર ઊતરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરીને કામથી ઉત્પન્ન થનારા સુખનો નાશ કરે છે.” ત્યાર પછી અર્થ, ધર્મ, નિરુક્તિ અને પ્રતિભાન એ ચાર પ્રકારનાં જ્ઞાન પ્રાપ્ત કર્યાં. ‘પટિસંભિદા શાસ્ત્ર’માં પૂર્ણ સાક્ષાત્કાર થયા પછી તેણે ‘અર્હત્’ પદ પ્રાપ્ત કર્યું અને બુદ્ધદેવની ઇચ્છાનુસાર પ્રવ્રજ્યા લેવા સારૂ પતિની આજ્ઞા મેળવવા ગઈ.

રાજા તેને જોતાંજ સમજી ગયો કે, રાણી ‘અર્હત્’ પદને પામી છે, છતાં પૂછ્યું: “કેમ, બુદ્ધદેવનાં દર્શન કરી આવ્યાં?”

રાણીએ કહ્યું: “આપ ભગવાન બુદ્ધનાં દર્શન કરવા વારંવાર જાઓ છો, પણ તે ઉપરચોટિયાજ. મેં તેમનાં દર્શન પૂર્ણરૂપે કર્યાં છે અને આપના કરતાં વધારે સારી રીતે એમને ઓળખી શકી છું. મહારાજ! મને પ્રવ્રજ્યા લેવાની રજા આપો.”

કેવો પરીક્ષાનો દિવસ! અસાધારણ રૂપવતીને સ્નેહાળ પતિનો સદાને માટે ત્યાગ કરવાનો પ્રસંગ છે! રાજાએ “દેવી, ઘણું સારૂં” કહી તરતજ રજા આપી અને એક સોનાના મ્યાનામાં બેસાડીને ભિક્ષુણીસંઘના નિવાસસ્થાનમાં મોકલી આપી. બુદ્ધદેવે તેના ગુણની પરીક્ષા કરીને ‘મહાપ્રજ્ઞાવતી’ની ઉપાધિથી તેને વિભૂષિત કરી.

થેરી થયા પછી પણ અસાધારણ રૂપલાવણ્યને લીધે તેને કુમાર્ગે લઈ જવાના ઘણા પ્રયત્નો પાપીઓ તરફથી થયા હતા, પરંતુ કોઈ પણ પ્રકારની લાલચમાં ફસાયા વગર એણે શુદ્ધ બ્રહ્મચર્યયુક્ત સાત્ત્વિક જીવન ગાળ્યું હતું.

થેરી ગાથામાં ૧૩૯ થી ૧૪૪ સુધીના શ્લોક તેના રચેલા છે. બુદ્ધદેવે તેની ગણના આદર્શ ભિક્ષુણીઓમાં કરી છે.

२१-उत्पलवर्णा

ગૌતમબુદ્ધના સમયમાં શ્રાવસ્તી નગરીમાં એક શાહુકારના ઘરમાં એનો જન્મ થયો હતો. તેના શરીરનો વર્ણ નીલોત્પલના અન્નગર્ભના જેવો તેજસ્વી અને કાંતિમાન હતો. એટલે જન્મતાંવારજ માતપિતાએ તેનું નામ ઉત્પલવર્ણા પાડ્યું.

દિવસ જતા ગયા તેમ એ શુકલ પક્ષના ચંદ્રમાની પેઠે વધવા લાગી અને ઉંમરમાં આવી ત્યારે એનું સૌંદર્ય અને ખાસ કરીને એનો કમળ સરખો વર્ણ બધાંનું ધ્યાન ખેંચવા લાગ્યો. જંબુદ્વીપના અનેક રાજ્યાધિપતિઓના રાજકુમારોએ તથા અનેક ધનવાન શેઠિયાઓએ તેના પિતા પાસે માગાં મોકલ્યાં. ઉત્પલવર્ણાનો પિતા હવે મોટા વિચારમાં પડ્યો. બધાને ખુશ કરવા એ અસંભવિત હતું. એકને રાજી કરવા જાય તો બીજાઓ સાથે દુશ્મની બાંધવી પડે એમ હતું. એ ઘણું મૂંઝાવા લાગ્યો. આખરે બહુ વિચાર કરીને એણે એક યુક્તિ શોધી કાઢી; પણ એ યુક્તિ અમલમાં આણી શકાશે કે નહિ તે સંબંધમાં એને ખાતરી નહોતી.

આખરે પોતાની અમૂંઝણ કન્યાની આગળ જણાવી તેનો અભિપ્રાય પૂછવા સારૂ એ ઉત્પલવર્ણાની પાસે ગયો. ઉત્પલવર્ણા ચતુર હતી; પોતાના લગ્નસંબંધથી કેવી વિષમ સ્થિતિ ઊભી થઇ છે અને એના માતપિતા કેવા ગૂંચવાડામાં પડ્યાં છે એ ક્યારનીયે જાણી ચૂકી હતી, પણ વિનયની ખાતર આગળ પડીને એણે પિતાની રૂબરૂ એ વિષય છેડ્યો નહોતો. આજ પિતા તેની પાસે આવ્યા એટલે તેણે ઊઠીને સત્કાર કર્યો તથા પ્રણામ કરીને એમને બેસવાનું આસન આપ્યું. પિતાનું ઉદાસ મુખ જોઇને તે સમજી ગઇ કે આજે પિતાજીના હૃદય ઉપર મોટો ભાર આવી પડ્યો છે અને એ બોજ હલકો કરવા, હૃદય ખાલી કરવા

સારૂજ એ મારી પાસે આવ્યા છે. ચિંતાનું કારણ શું છે તે કળી જતાં પણ એને વાર લાગી નહિ; છતાં એણે પૂછ્યું: " બાપુ ! આપને શું થયું છે ? આજ આપનો ચહેરો ઊતરી કેમ ગયો છે ? " પુત્રીના આ કોમળ અને હૃદયસ્પર્શી શબ્દોએ પિતાના હૃદયને આઘાત કર્યો. મહાપ્રયત્ને મનને સ્થિર રાખીને એમણે કહ્યું: " દીકરિ ! આજકાલ હું શી અમૂંઝણમાં પડયો છું, એ તું કળી શકી હોઇશ, એમ હું ધારૂં છું. જંબુદ્વીપના અનેક રાજકુમારો અને શેઠ લોકોનાં તારે સારૂ માગાં આવ્યાં છે. તું જાણે છે કે હું એ બધાની ઇચ્છા પૂરી કરી શકું એમ નથી. તારા જેવી સુંદર અને વિદુષી કન્યા ગમે તેને વગરવિચાર્યે હું આપી શકીશ નહિ. તારા લગ્નનિમિત્તે મોટો ઝઘડો ઊભો થવાનો મને ભય રહે છે; માટે મેં એક ઉપાય શોધી કાઢ્યો છે. "

ઉત્પલવર્ણાએ કહ્યું: " પિતાજી ! ફરમાવો. આપે કયો ઉપાય શોધી કાઢયો છે ? સંકોચ ન રાખો. દિલ ખોલીને વાત કરો."

પિતાએ કહ્યું: " મારો તારા ઉપર કેવો અને કેટલો બધો પ્રેમ છે એ તું જાણે છે, એટલે તારે માટે એ સૂચના કરતાં મારા હૃદયમાં કેટલું દુઃખ થતું હશે તેની તને કલ્પના આવી શકશે, છતાં સંયોગો જોતાં મને બીજો કોઇ માર્ગજ સૂઝતો નથી. કહે બહેન, તું સંસાર ત્યજીને પ્રવ્રજ્યા લેવાને તૈયાર છે ? "

છેલ્લું વચન ઉચ્ચારતાં પિતાના જીવને કાંઇ કરાર વળ્યો. ઉત્પલવર્ણાએ પિતાનાં વચનો ધ્યાનપૂર્વક સાંભળ્યાં તથા તેમના મુખ ઉપર થતા ફેરફારનું બારીકીથી અવલોકન કર્યું. પોતાને લીધે પિતા કેવી સંકડામણમાં આવી પડયા છે તે વાત તેના સમજવામાં આવી. ઘણા સાહસથી તથા કુમારીસુલભ દિવ્યતાથી એણે કહ્યું: " બાપુ, આપ જરાયે મૂંઝાશો નહિ. હું સારા કુળની કન્યા છું. મારા પિતાનું જેમાં કલ્યાણ હોય તેજ કામ મારે કરવું જોઇએ અને એજ હું કરીશ. " વાત એ હતી કે ઉત્પલવર્ણા પૂર્વજન્મની પણ સંસ્કારી કન્યા હતી. પૂર્વજન્મોમાં તેણે ગૌતમબુદ્ધના પૂર્વાવતારે પદ્મોત્તર બુદ્ધની સારી પેઠે સેવાચાકરી કરી હતી. એ વખતે પદ્મોત્તર બુદ્ધે એક ભિક્ષુણીને ઋદ્ધિમતી કહીને આગળ પડતું સ્થાન આપ્યું હતું. તે વખતથી એના મનમાં પણ એવું ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની અભિલાષા ઉત્પન્ન થઇ હતી. એ દિવસથી એણે સાધુસંતની ઘણી સેવા કરવા માંડી

હતી તથા પુષ્કળ દાન દેવા માંડયાં હતાં અને અનેક પ્રકારનાં સત્કર્મો કરીને મરણ સમયે ભગવાનને એજ પ્રાર્થના કરી હતી કે, "મને પણ ઋદ્ધિમતી ભિક્ષુણીનું મહાન પદ પ્રાપ્ત થજો." શુભ અભિલાષા, યોગ્ય પ્રયત્ન કરવામાં આવે તો એક જન્મમાં કે અનેક જન્મમાં પણ ફળવતી થયા વગર રહેતી નથી. અનેક જન્મો બાદ ગૌતમબુદ્ધના સમયમાં ઉત્પલવર્ણાના જીવનમાં ઉપર વર્ણવેલો પ્રસંગ પ્રાપ્ત થયો. પિતાજીએ તેને પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઇચ્છા જણાવી. પૂર્વજન્મના સંસ્કારોની ઉત્તેજનાથી કુમારી ઉત્પલવર્ણાએ પ્રસન્નચિત્તે એ પ્રસંગને વધાવી લીધો અને ભિક્ષુણી બનવા તૈયાર થઇ.

પિતાનાં ચક્ષુમાં અશ્રુ ભરાઇ આવ્યાં, અંતઃકરણમાં સ્નેહ ઊભરાઈ ગયો અને એમના મુખમાંથી શબ્દ પણ નીકળી શક્યો નહિ. તેણે પ્રેમપૂર્વક પુત્રીને હૃદય સરસી ચાંપીને એના શુભ વિચાર માટે ધન્યવાદ આપ્યો તથા પોતાની સાથે ભિક્ષુણીસંઘમાં લઇ જઇને પ્રવ્રજ્યા અપાવી.

ઉત્પલવર્ણાને નવીન આશ્રમ ઘણો ગમી ગયો અને તેને લાગ્યું કે મોહમાયાના બંધનમાંથી મુક્ત થઇને સ્વતંત્ર વાતાવરણમાં આવી.

ઉપસંપદા પ્રાપ્ત કર્યા પછી તેણે આધ્યાત્મિક ઉન્નતિ માટે અભ્યાસ કરવાની શરૂઆત કરી. ઉપસંપદા એટલે શું તે પણ આ સ્થાને સંક્ષેપમાં સમજાવવું અસ્થાને નહિ ગણાય. ઉપસંપદાના યોગથી ભિક્ષુ અને ભિક્ષુણીસંઘની એક નિયત પ્રકારની વ્યવસ્થા થવા પામતી. પ્રવ્રજ્યા લીધાથી તો ભિક્ષુણીસંઘમાં દાખલ થવાની પરવાનગી માત્ર મળતી, પણ સંઘમાં દાખલ થતાંજ સંઘના બધા હકક એકદમ મળી જતા નહોતા. અનુભવ અને યોગ્યતા પ્રાપ્ત થયા પછી 'ઉપસંપદા' આપવામાં આવતી અને ત્યાર પછીજ ભિક્ષુ કે ભિક્ષુણીને સંઘને લગતી સર્વ બાબતોમાં મત આપવાનો અધિકાર મળતો. અસ્તુ! સંઘમાં રહીને ઉત્પલવર્ણાએ ત્રિપિંટક–બૌદ્ધ ધર્મશાસ્ત્રના મુખ્ય ગ્રંથોનો અભ્યાસ કર્યો. ત્યાર પછી તેણે સીલ સંપદા પ્રાપ્ત કરી અને સમાધિભાવનાનો સાક્ષાત્કાર કરવાને માર્ગે ચડી. બૌદ્ધ ધર્મમાં 'ઉપોસથ' ની ક્રિયા થાય છે. ઉપવસથને દિવસે જે સ્થળે ભિક્ષુકોનો

સંઘ એકઠો થાય તેને ઉપવસથાગાર (પાલી ઉપોસથાગાર) કહે છે. ચૌદશ અને પૂર્ણિમાને દિવસે એ સ્થાનની વ્યવસ્થા કરવાનું કામ ભિક્ષુ અને ભિક્ષુણીઓને માથે વારાફરતી આવતું. એ દિવસે 'પ્રતિમોક્ષ' ગ્રંથનો પાઠ થતો. ભિક્ષુક અને ભિક્ષુકોએ કેવા નિયમથી રહેવું જોઇએ અને કેવી આપત્તિઓથી બચવું જોઇએ, એ સંબંધી ઉપદેશ એ ગ્રંથમાં આપેલો છે. કોઈ ભિક્ષુ કે ભિક્ષુણીએ એમાંનો કોઈ નિયમ તોડ્યો હોય તો એ મેળાવડામાં સંઘ-સ્થવિર તેને ઊભો કરીને અપરાધ કબૂલ કરાવતો અને એને માટે સંઘ જે સજા ઠરાવે તે ભોગવાવતો.

ઉત્પલવર્ણા ઉપોસથાને દિવસે 'પ્રતિમોક્ષ' સાંભળવાને ઘણી આતુર રહેતી અને ઉપોસથશાળાને વાળીઝૂડીને સાફ કરતી તથા દીવો વગેરે લાવીને મૂકતી. એ દીવાની જ્યોત પાસે બેસીને એ ધ્યાન ધરતી. એ પ્રમાણે ધ્યાન ધરીને તેજના વિસ્તૃત સ્વરૂપને પોતાના હૃદયમાં ઉતારીને સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી, સમાધિદશાનો અભ્યાસ કર્યા પછી એણે પ્રજ્ઞા સંપાદન કરી અને પછી અર્હંત્પદનો સાક્ષાત્કાર કર્યો. અર્હત્પદનું ફળ પ્રાપ્ત થયા પછી તેને ઋદ્ધિસિદ્ધિ મળી ગઇ અને ચમત્કાર કરવામાં એ પારંગત થઈ ગઈ.

એક દિવસ ભગવાન ગૌતમબુદ્ધે 'યમ કપાટિ હારિય'નામનો ચમત્કાર કર્યો. બેવડો ચમત્કાર અર્થાત્ ભિન્ન સ્વભાવવાળી બે વસ્તુઓને એકજ સમયે એકઠી બતાવવી તેનું નામ 'યમ કપાટિ હારિય' ચમત્કાર છે. જે દિવસે બુદ્ધદેવે એ ચમત્કાર કર્યો તેજ દિવસે ભિક્ષુણી ઉત્પલવર્ણાએ પણ સિંહનાદ કર્યો કે, "ગુરુદેવ! આપના પછી હું પણ એક ચમત્કાર કરી બતાવીશ" અને પોતાના એ કથનને સિદ્ધ પણ કરી બતાવ્યું.

ત્યાર પછી એક દિવસ શાસ્તા-બુદ્ધદેવ જેતવનમાં સંઘની સામે બેસીને ભિક્ષુણીઓને એમની યોગ્યતા પ્રમાણે જુદા જુદા સ્થાનમાં ગોઠવવા લાગ્યા. તે સમયે ઉત્પલવર્ણાનો વારો આવતાં બુદ્ધદેવે તેના એ સિંહનાદનો ઉલ્લેખ કરીને તેને માટે ઋદ્ધિમતી ભિક્ષુણીના શ્રેષ્ઠ પદની યોજના કરી. આ પ્રમાણે ઉત્પલવર્ણાની અનેક જન્મની ઇચ્છા પરિપૂર્ણ થઈ.

થેરી ગાથામાં એની રચના છે. ઇન્દ્રિયોને વશ થઈ વિષય-

લોલુપ થવાથી મનુષ્ય કેટલી અધોગતિએ પહોંચે છે, કેવી શોકજનક સ્થિતિમાં પડવું પડે છે, એ બતાવવાનો તેની ગાથાનો ઉદ્દેશ છે. ઋદ્ધિ અને અભિજ્ઞા પ્રાપ્ત થયા પછી કેવો આનંદ અને સુખ મળે છે તે પણ તેણે વર્ણવ્યું છે. મારે તેને લલચાવીને ધર્મના માર્ગમાંથી વિચલિત કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે એણે મારને ખંખેરી કાઢ્યો હતો કે, "મેં તૃષ્ણાને છોડી દીધી છે. તમનો નાશ કર્યો છે. હે માર! હું એવી છું. હે પાપી! મેં તારો પણ નાશ કર્યો છે. તારી મગદૂર નથી કે મને પવિત્રતાના ધર્મમાંથી ખસેડી શકે."

ક્ષેમા ભિક્ષુણીની બરોબર એની યોગ્યતા બૌદ્ધ ગ્રંથોમાં માનવામાં આવી છે.

२२–मुक्ता (मुत्ता)

શ્રાવસ્તી નગરીમાં એક સુપ્રસિદ્ધ બ્રાહ્મણના કુટુંબમાં એનો જન્મ થયો હતો. એ જન્મપર્યંત કુમારી રહી હતી અને વીશ વર્ષની ઉંમરે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પિતૃગૃહનો ત્યાગ કરીને શ્રમણી અથવા થેરી બની હતી. સ્વયં મહાપ્રજાપતિ ગૌતમીએ તેને ઉપસંપદા અથવા ધર્મદીક્ષા આપી હતી. મહાપ્રજાપતિ ગૌતમી પાસે તેણે ઊંચા પ્રકારનું આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું હતું. વડીલ ભિક્ષુણીઓ તરફ એ ઘણો પૂજ્યભાવ રાખતી અને તેમની સેવાશુશ્રૂષા કરતી. તેની ભક્તિ અને ધ્યાન ધરવાની પદ્ધતિથી બુદ્ધદેવ ઘણા પ્રસન્ન થયા હતા. બુદ્ધદેવની સહાયતાથી મુક્તા થોડા સમયમાં 'અર્હત્'પદને પામી હતી. મુક્તાએ પોતાને સંબોધન કરીને એક ગાથા રચી છે, જેનો ભાવાર્થ એવો છે કે, "હે મુક્તે! જ્યારે લાગ ફાવે ત્યારે અથવા જ્યારે શુભ ક્ષણ આવી મળે ત્યારે જેવી રીતે રાહુથી ગ્રસાયલો ચંદ્ર શુભ યોગ મળતાં પોતાને મુક્ત કરે છે તેવી રીતે તું પોતાને સંસારનાં બંધનોમાંથી મુક્ત કર. મુક્ત મન વડે ઋણમુક્ત થઈને જીવન ધારણ કર."



૨૩–શૃગાલમાતા

બૌદ્ધ ધર્મમાં શ્રદ્ધાવાળી અને શ્રદ્ધાનાજ બળ વડે મહાન બનેલી કોઇ ભિક્ષુણી હોય તો તે શૃગાલમાતાજ છે.

એમ કહેવાય છે કે પદ્મોત્તર બુદ્ધના સમયમાં હંસાવતી નગરીમાં એ રહેતી હતી અને શાસ્તા બુદ્ધદેવના ધાર્મિક વ્યાખ્યાનોથી એના હૃદયમાં અપૂર્વ શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. ત્યાર પછી એક દિવસ વિહારમાં ધર્મકથા થઇ રહ્યા પછી બુદ્ધદેવે ભિક્ષુણીઓના યોગ્યતા પ્રમાણે વિભાગ પાડ્યા, ત્યારે એક ભિક્ષુણીને શ્રદ્ધાવતી ભિક્ષુણીઓમાં પ્રથમ સ્થાન મળેલું જોઇને આગલા જન્મમાં પોતાને પણ એવુંજ પદ મળે એવી એણે ઇચ્છા રાખી હતી.

શુભ વાસના જન્મજન્માંતરમાં પણ ફળ્યા વગર રહેતી નથી. એ સિદ્ધાંતાનુસાર ભગવાન ગૌતમબુદ્ધનો આવિર્ભાવ થયો તે સમયમાં રાજગૃહ નગરમાં એક શ્રેષ્ઠ કુળમાં એણે જન્મ ધારણ કર્યો. લગ્નને લાયક વય થતાં કુળ, વિદ્યા અને ગુણોમાં એના સરખા એક યુવક સાથે એનો વિવાહ કરવામાં આવ્યો. ગૃહિણી ધર્મનું તેણે યોગ્ય રીતે પાલન કર્યું. એને એક પુત્ર અવતર્યો તેનું નામ શૃગાલ પાડ્યું.

શૃગાલને ભગવાન બુદ્ધે ગૃહસ્થનાં કર્તવ્યકર્મ સંબંધી એક અત્યંત હૃદયસ્પર્શી અને સુંદર ઉપદેશ આપ્યો છે. પોતાના પિતાની આજ્ઞાનુસાર એ તરુણ યુવક દરરોજ સવારે શહેરની બહાર જઈને સ્નાન કરીને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ, ઉપર અને નીચે એમ છએ દિશાઓને ભીને કપડે અને ભીના કેશ સહિત નમસ્કાર કરતો. એક દિવસ એવી અવસ્થામાં બુદ્ધ ગુરુ એને મળ્યા અને દિશાનો ખરો અર્થ સમજાવ્યો અને તેને

વંદન કરવું એટલે એ કે એ ખાસ દિશા વડે જે જે જુદા જુદા સાર પ્રગટ કરવામાં આવ્યા છે, તેના ઉપર આસ્થા રાખવી તથા એ શુભ હેતુઓના રક્ષણુ સારૂ રાતદિવસ પ્રયાસ કરવો અને એને અનુસરીને ગૃહસ્થાશ્રમ ચલાવવો એનું નામજ દિશાઓની પૂજા છે. એ ઉપદેશની અસર યુવક શૃગાલ ઉપર એટલી બધી થઇ કે, એ ભગવાનનો ઉપાસક બન્યો અને પ્રસિદ્ધિ પામ્યો. એ પુત્રને લીધે એની માતા શૃગાલમાતા તરીકે પ્રખ્યાત થઇ.

પુત્ર પાસેથી ભગવાન બુદ્ધ અને એમના સંઘ સંબંધી માહિતી મેળવી તેણે સંઘમાં પ્રવેશ કર્યો. સંઘમાં દાખલ થયા પછી તેણે શાં શાં સત્કર્મો કર્યાં તેનું વિવરણુ મળતું નથી, પણુ એટલું જણાય છે કે સંઘમાં રહીને એણે શ્રદ્ધાનો ગુણુ બહુ ખીલવ્યો હતો.

એક દિવસ એ વિહારમાં ગઇ હતી. એ સમયે શાસ્તા દશ બળ—બુદ્ધદેવ ધર્મકથા કરી રહ્યા હતા. એ વખતે શૃગાલમાતા શ્રદ્ધાપૂર્વક એકાગ્રચિત્તે તેમનો ધર્મોપદેશ સાંભળી રહી હતી અને એ કાર્યમાં એ એવી તલ્લીન થઇ ગઇ કે ભગવાનના તેજસ્વી શરીર ઉપર તેનું ધ્યાન લાગી ગયું. ભગવાને જોયું કે એ સાધ્વી-ની શ્રદ્ધા પૂર્ણતાને પહોંચી ગઈ છે, એટલે એમણે એને એ ધ્યાન બળ વડે અર્હત્‌ની પદવી આપી.

એક દિવસ જેતવનમાં બુદ્ધ ભગવાન ભિક્ષુણીઓના તેમની યોગ્યતા પ્રમાણે વર્ગ પાડવા લાગ્યા, ત્યારે તેમણે શૃગાલમાતાને નિઃસીમ શ્રદ્ધાવાળી ભિક્ષુણીઓમાં અગ્રસ્થાન આપ્યું. આ પ્રમાણે પૂર્વજન્મોની અભિલાષા શૃગાલમાતાના આ જીવનમાં સફળ થઇ.

૨૪—उत्तरा

એનું જીવનચરિત્ર થેરી તિષ્યા (જુઓ પૃષ્ઠ ૯૪)ને મળતું છે. એણે પોતાની ગાથામાં લખ્યું છે કે, “મન, વચન અને કર્મને મેં સાધનાદ્વારા સંયમમાં રાખ્યાં છે અને તૃષ્ણાનો સમૂળગો નાશ કરીને નિર્વાણનું સુખ પ્રાપ્ત કર્યું છે.” એણે અર્હત્‌પદ પ્રાપ્ત કર્યું હતું.

२५–मंडपदायिका

એ બુદ્ધસેવિકા ભગિનીનું નામ જન્મસમયે શું હતું તે જાણ્યામાં નથી આવ્યું. ‘અપદાન ’માં તેનું નામ મંડપદાયિકા લખવામાં આવ્યું છે. દીક્ષા લીધા પછી અર્થાત્ ‘ ઉપસંપદા ’ મેળવ્યા પછી તેનું એ નામ પાડવામાં આવ્યું હોય એમ લાગે છે. વૈશાલી નગરીમાં એક ધનવાન ઉમરાવના કુટુંબમાં તેનો જન્મ થયો હતો. તેનો બાંધો ઘણો હૃષ્ટપુષ્ટ હતો. તેનો વિવાહ એક નવયુવક ઉમરાવ સાથે થઇ ગયો અને એ ઘણા પ્રેમપૂર્વક પતિની સેવા કરવા લાગી. એક દિવસ બુદ્ધ ભગવાન વૈશાલી નગરીમાં પધાર્યા ત્યારે તેમના મધુર ઉપદેશના શ્રવણથી બૌદ્ધધર્મ ઉપર તેની શ્રદ્ધા બેઠી અને એ બુદ્ધદેવની શિષ્યા બની; પરંતુ એ સમયે તે ગૃહસ્થાશ્રમધર્મનું યથાવિધિ પાલન કરતી હતી. એક દિવસ મહાપ્રજાપતિ ગોતમીનું ત્યાં આગળ પધારવું થયું અને તેમણે ત્યાંની સ્ત્રીઓને ધર્મોપદેશ આપ્યો. એ દિવસે સંસારનો ત્યાગ કરવાની ઇચ્છા એના મનમાં પ્રબળ થઇ પડી. તેણે પોતાના સ્વામી આગળ એ ઇચ્છા પ્રકટ કરી, પરંતુ તેણે પોતાની સંમતિ આપી નહિ. એથી એ પતિવ્રતા સ્ત્રી પોતાનાં સાંસારિક કર્મો કરતી ગઇ અને સાથે સાથેજ ધર્મના રહસ્યનું પણ એકાગ્રચિત્તે ચિંત્વન કરતી ગઇ. એક દિવસ એવું બન્યું કે એ સન્નારી રસોડામાં રસોઈ કરી રહી હતી, એટલામાં એક મોટો ભડકો થયો અને એ તાપથી વાસણ એક મોટા કડાકા સાથે ફાટી ગયું. ભોજન બધું બળીને રાખ થઇ ગયું. આ નજીવા બનાવથી પૃથ્વીમાંની સર્વ વસ્તુઓનું ક્ષણભંગુરપણું તેના સમજવામાં આવ્યું. એ દિવસથી એના ચિત્તમાં ખરો વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે સુંદર વસ્ત્રાભૂષણ અને રત્નાલંકારો પહેરવાનું છોડી દીધું. તેના પતિએ એમ

કરવાનું કારણ પૂછ્યું, ત્યારે તેણે વિનયપૂર્વક જણાવ્યું કે, "સ્વામીનાથ ! સંસાર ઉપરથી મારી આસક્તિ ઊઠી ગઇ છે. હવે વિષયવાસના અને સુખવૈભવમાં મારૂં ચિત્ત જરા પણ ચોટતું નથી." તેનો પતિ પણ સંસ્કારી પુરુષ હતો. પત્નીની અભિલાષાને અનુસરીને એ તેને મહાપ્રજાપતિ ગૌતમીની પાસે લઇ ગયો અને નમ્રતાપૂર્વક નમસ્કાર કરીને કહ્યુંઃ "આ મારી ધર્મપત્ની છે. સંસાર ઉપર અરુચિ ઉત્પન્ન થવાથી એને ભિક્ષુણી થવાનું મન થયું છે. આપ એને દીક્ષા આપો."

ત્યાર પછી તે ધનવૈભવમાં ઉછરેલી મંડપદાયિકાએ યથાવિધિ બૌદ્ધધર્મની દીક્ષા લીધી અને રાતદિવસ ગુરુની આજ્ઞા મુજબ ધર્મનું સેવન અને પાલન કરવાનું આરંભ્યું. આખરે એ 'અહત્' પદ પામીને મનુષ્યદેહ સાર્થક કરી ગઇ.

'થેરી ગાથા'માં આ સાધ્વીની એકશ્લોકી રચનાને પ્રથમ સ્થાન મળ્યું છે. એ શ્લોકમાં સાધ્વી પોતાને સંબોધીને કહે છે કે, "હે થેરીકે ! (જ્ઞાનવૃદ્ધ ભિક્ષુણી) ચોળા (પગ સુધી પહોંચે એવું સાધુઓને પહેરવાનું વસ્ત્ર) દ્વારા આખા શરીરને ઢાંકીને સુખે સૂઇ રહે—અર્થાત્ વાસનાશૂન્ય થઇને શાંત ભાવ ધારણ કર; કેમકે કોઇ ઘડામાં જળ ન હોય અને એને ચૂલા ઉપર મૂકયો હોય તો એમાંથી ખળખળ અવાજ થતો નથી, તેવી રીતે તારી વાસનાઓનો વિકાર પણ શમી ગયો છે."

૨૬—અન્સતરા તિષ્યા

બૌદ્ધધર્મમાં નામાંકિત થયેલી આ એક બીજી સાધ્વી રમણી હતી. થેરી થયા પછી તે ઉપસમા પામ્યા સુધીના એના જીવન સંબંધી વિશેષ હકીકત મળી આવતી નથી. એણે રચેલી ગાથાનો ભાવાર્થ નીચે મુજબ છે.

"હે તિષ્યા ! ધર્મયુક્ત થા. ધર્મના કાર્યમાં પોતાને લગાડ. શુભ ક્ષણને તું ચાલી જવા દેતી નહિ; કારણકે જે લોકોએ શુભ ક્ષણને નકામી ગુમાવી દીધી છે—ફોગટ જવા દીધી છે તે લોકો તેને સંભારીને શોક કર્યા કરે છે અને નરકમાં પડે છે."

૨૭—तिष्या (तिस्सा)

એ નો જન્મ કપિલવસ્તુમાં શાકય વંશમાં થયો હતો. રાજકુટુંબની મહિલાઓની એ બહેનપણી હતી. એમની સાથે સુખવૈભવમાં એનો સમય વ્યતીત થયો હતો. મહાપ્રજાપતિ ગોતમીએ જ્યારે સંસાર ત્યજીને ભિક્ષુણીવ્રત લીધું ત્યારે તિષ્યા પણ એમની સાથે ભિક્ષુણી બની. ત્રણ નક્ષત્ર યુક્ત તિષ્યા અથવા પુષ્ય નક્ષત્ર ઉપરથી એનું નામ પડયું છે. સંસારત્યાગ કર્યા પછી એણે તત્ત્વચિંત્વનમાંજ જીવન વ્યતીત કર્યું હતું અને અંતર્મુખી વૃત્તિ રાખી હતી. ભગવાન બુદ્ધદેવે એને દર્શન આપીને જે બોધ આપ્યો હતો તે એણે પોતાની ગાથામાં ગૂંથ્યો છે.

"હે તિસ્સે! શિક્ષણદ્વારા તું પોતાને શિક્ષિત બનાવ. તું યોગને અર્થાત્ શુભ ક્ષણને ફોગટ જવા દઈશ નહિ. સર્વ યોગમાંથી અર્થાત્ બંધનમાં છૂટી થઇને આ લોકમાં અથવા પૃથ્વીમાં અનાસવા એટલે કે પાપશૂન્ય થઇને વિચરણ કર."

૨૮—संघा

એ ની કથા થેરી ધીરાને મળતી છે અર્થાત્ બુદ્ધદેવના ઉપદેશથી તેને જ્ઞાન અને વૈરાગ્ય ઊપજ્યાં હતાં અને ધર્મનું ચિંત્વન કરતાં આખરે અર્હત્પદ પ્રાપ્ત કર્યું હતું. એણે રચેલી ગાથામાં એ પોતાના ત્યાગનું વર્ણન નીચેના શબ્દોમાં કરે છેઃ—

"તજ્યું છે ગૃહ, પુત્ર પશુ આદિ સંપદ,
તજ્યાં છે વળી રાગદ્વેષ, અવિદ્યા વિપદ;
કર્યો છે સમૂળો નાશ જીવનની સમસ્ત તૃષ્ણાઓનો,
મેળવી છે શાંતિ આજે નિર્વાણમાં."

૨૯–ધર્મદિન્ના

આગલા ચરિત્રમાં રાજા બિંબિસારનો કાંઇ પરિચય અમે આપી ગયા છીએ. એ રાજાને એક પરમ ઇષ્ટ મિત્ર હતો. તેનું નામ વિશાખ હતું. વિશાખ બુદ્ધદેવનો પરમ ભક્ત હતો અને એ ધર્મના માર્ગમાં એણે સારી ઉન્નતિ કરી હતી. ધર્મદિન્ના એ પરમ શ્રદ્ધાવાન ઉપાસકની સહધર્મચારિણી હતી. સદ્ભાગ્યે તેનો પતિ જેવો શ્રદ્ધાળુ અને ભક્ત હતો તેવોજ પ્રેમી પણ હતો. ધર્મદિન્ના પણ પરમ સુંદરી, વિદુષી અને સદાચારી હોવાથી એ પ્રેમને પાત્રજ હતી. પતિપત્ની એકબીજા પ્રત્યેના અપૂર્વ પ્રેમની સાંકળથી બંધાયલાં હતાં. રાતદિવસ પતિને પ્રસન્ન રાખવો, એને પ્રિય હોય એવાં કાર્ય કરવાં, મધુરી વાતો કરીને એના કાનને તૃપ્ત કરવા એજ તેના જીવનનો એક માત્ર ઉદ્દેશ હતો. હજુસુધી ધર્મદિન્નાને બુદ્ધ પ્રત્યે ભક્તિ ઉત્પન્ન થઇ નહોતી. વિશાખ પણ પત્નીની સ્વતંત્રતામાં આડે આવે એવો પતિ નહોતો. એણે પરાણે બુદ્ધદેવનો ધર્મ પાળવવાની પત્નીને આજ્ઞા ન આપી. એને ખાતરી હતી કે ધર્મદિન્ના મારી આપેલી સ્વતંત્રતાનો દુરુપયોગ કરે એવી નથી. એને પોતાને બુદ્ધદેવની શક્તિનું ભાન થશે એટલે એ એમનાં દર્શન કરવાની ઇચ્છા કરશે. વિશાખના મન ઉપર ધીમે ધીમે બુદ્ધદેવના ઉપદેશની વધારે ને વધારે અસર થવા માંડી. એ એમનો શિષ્ય બન્યો અને આધ્યાત્મિક માર્ગમાં એક એક પગથિયું આગળ ચડતો ગયો. જેમ જેમ ધર્મની પ્રાપ્તિ થતી ગઇ તેમ તેમ સંસારની આસક્તિ ઓછી થતી ગઇ; છતાં પણ પોતાની સ્નેહાળ પત્નીને ઓછું ન આવે તેને માટે એ બનતો પ્રયત્ન કરતો. ધર્મ સાધતાં સાધતાં એ ત્રીજે પગથિયે, અર્થાત્ અનાગામિ ફળ ઉપર પહોંચવા આવ્યો. એ સ્થિતિએ પહોંચનારને જન્મમરણનું દુઃખ ટળી જાય છે.

એ સ્થિતિમાં વિશાખ એક દિવસ બુદ્ધદેવની મધુર વાણી સાંભળીને ઘેર આવ્યો. પ્રેમમૂર્તિ ધર્મદિન્ના પતિના આવવાની વાટ જોતી દાદરમાં સામી મળી, પણ આજે વિશાખે તેને પ્રેમપૂર્વક બોલાવી નહિ. દરરોજના નિયમનો આજ ભંગ થતાં તેણે કોમળ સ્વરે પતિને પૂછ્યું: "વહાલા! આજે તમે મારી સાથે વાતચીત કેમ ન કરી? આજ મને આલિંગન કેમ ન આપ્યું? શું આજ મારાથી કાંઇ અપરાધ થયો છે?"

વિશાખે ઉત્તર આપ્યો: "દેવિ! તારો કાંઇ અપરાધ થયો નથી; પરંતુ આજથી હું સ્ત્રીને સ્પર્શ કરવાને તથા સ્વાદિષ્ટ ભોજન કરવાને યોગ્ય રહ્યો નથી. જે નવા આશ્રમમાં મેં પ્રવેશ કર્યો છે, તેમાં એ બધા ભોગવિલાસનો નિષેધ છે. તને યોગ્ય લાગે તે પ્રમાણે કર. આ ઘરમાં રહેવું હોય તો એ તારૂં છે, ખુશીથી રહે. પિતાને ઘેર જવાની ઇચ્છા હોય તો મારી ના નથી. જેટલું દ્રવ્ય તથા દાગીના લઇ જવા હોય તેટલા લઇ જા." ધર્મદિન્નાની સહનશીલતાની હદ આવી રહી. જે પતિની જિંદગીપર્યંત સેવા કરી રહી હતી, જેના પ્રેમમાં એ ગાંડીઘેલી બનીને આ લોક અને પરલોકને પણ વીસરી ગઇ હતી તે આજે આવા શબ્દો કાઢે! તેણે વિનયપૂર્વક કહ્યું: "વહાલા! મારાથી એ બેમાંથી એક પણ માર્ગ ગ્રહણ થવાનો નથી. મને ધન, રત્ન તથા વૈભવનો મોહ નથી. આપની પાછળ એ બધું હતું. આપ મારો ત્યાગ કરીને સાધુ બનવા તૈયાર થયા છો, તો હું પિયેરમાં જઇને વૈભવ ભોગવું એ અસંભવિત છે. આપ મને પણ પરવાનગી આપો. હું પણ સંસારનો ત્યાગ કરીને બુદ્ધદેવનું શરણ લઇશ અને ધર્મમાર્ગની પ્રવાસી બનીશ."

વિશાખે કહ્યું: "તારી ઇચ્છા વ્યાજબી છે. હું પ્રસન્ન ચિત્તે તને ભિક્ષુણી બનવાની રજા આપું છું." એ પ્રમાણે કહીને સુવર્ણના મ્યાનામાં બેસાડીને તેણે ધર્મદિન્નાને ભિક્ષુણીઓના મઠમાં મોકલી. ત્યાં આગળ તેણે દીક્ષા લીધી. ત્યાં રહ્યા છતાં પણ એને પતિપ્રેમ અને પતિસુખમાં ગાળેલા આનંદમય દિવસોનું સ્મરણ થઇ આવતું. એ સ્મરણો પોતાના નવા આશ્રમને નહિ છાજે અને આધ્યાત્મિક ઉન્નતિની આડે આવશે એમ ધારી એણે પોતાની ઉપદેશિકા તથા બીજી થેરીઓને કહ્યું: "બહેનો! આવી ભીડવાળી જગ્યામાં રહેવાથી મારા આત્માને શાંતિ મળતી નથી. મને એકાંતવાસ ઘણો પ્રિય છે; માટે આપ રજા આપો તો હું કોઇ નાના

સરખા ગામડામાં જઇ વસું."

ભિક્ષુણીઓએ તેને એકાંત સ્થળમાં મોકલી આપી. એ શાંત, એકાંત અને રમણીય સ્થળમાં ધર્મદિન્નાને ઘણો આનંદ આવ્યો. ધ્યાન ધરવાને માટે એવાંજ સ્થળો અનુકૂળ હોય છે. ત્યાં આગળ એણે ઇંદ્રિયોની વૃત્તિનું દમન કરવાનો અભ્યાસ કર્યો. ધ્યાન ધરતાં ધરતાં એ થોડા સમયમાંજ 'અર્હત્' પદને પામી. જન્મમરણના ચક્રમાંથી એ બચી ગઇ. ત્યાર પછી એણે વિચાર કર્યો કે, "મારે અહીંયાં એકાંત સ્થળમાં જીવન ગાળવું વૃથા છે. હવે હું કોઇ મોટા નગરમાં જાઉં તોપણ મારૂં ચિત્ત ચળે એમ નથી તથા મારા સત્કાર્યમાં વિઘ્ન આવી શકે એમ નથી; બલ્કે રાજગૃહમાં ગયાથી હું બુદ્ધદેવના ચરણની સેવા કરી શકીશ અને મારાં સગાંસંબંધીઓ તથા અજ્ઞાનપાશમાં પડેલી મારી ભગિની-ઓને ઉપદેશદ્વારા લાભ પહોંચાડીશ." એવા શુભ ઉદ્દેશથી એ રાજગૃહ નગરમાં ગઇ. ત્યાં ગયા પછી તેના પતિ વિશાખને ખબર પડી કે ધર્મદિન્ના પાછી આવી છે. એના મનમાં શંકા થઇ કે, "જન્મથીજ સુખ અને વૈભવમાં ઉછરેલી હોવાથી એનાથી ભિક્ષુણીવ્રતના સખ્ત નિયમો નહિ પળાયા હોય અને એ કંટાળી-ને અહીં મારી પાસે આવી હશે." એ એને મળવા સારૂ ગયો અને એકાંતવાસમાંથી પાછા ફરવાનું કારણ પૂછ્યું. તેના ઉત્તર-માં જ્યારે ધર્મદિન્નાએ પોતાનો હેતુ સમજાવ્યો ત્યારે એ ઘણો પ્રસન્ન થયો. પછી એણે પત્નીના ધર્મજ્ઞાનની પરીક્ષા લેવા સારૂ તત્ત્વજ્ઞાન સંબંધી કેટલાક પ્રશ્નો પૂછ્યા. જેટલી સહેલાઇથી કોઇ કમળના દાંડાને છરી વડે કાપી નાખે તેટલીજ સહેલાઇથી ધર્મ-દિન્નાએ પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર ઘણી સરળતાથી અને જલદીથી આપ્યો; ધર્મના પાંચ થાંભલા (રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન) હોય છે તે સમજાવ્યું. ધર્મના ત્રણ માર્ગ સંબંધી પ્રશ્નના ઉત્તર આપ્યા અને પછી આગળ પોતાના અધિકાર ઉપરાંત વિશાખ પ્રશ્ન કરવા ગયો, ત્યારે ધર્મમાર્ગમાં આગળ વધેલી ધર્મદિન્નાએ સમજાવ્યું કે, "આયુષ્મન્ વિશાખ! આપની જ્ઞાનેંદ્રિયથી અગોચર એવા પ્રશ્નોના ઉત્તર તમને આપવાની મારામાં શક્તિ નથી. દાખલા તરીકે નિર્વાણ, બ્રહ્મચર્યનાં કર્તવ્ય, નિર્વાણ પછી શું થાય છે? નિર્વાણમાં અંતે સુખ શું મળે છે? વગેરે પ્રશ્નોના ખુલાસા કરવા એ અઘરૂં છે. તમે ભગવાન બુદ્ધદેવની પાસે જઇ-

ને એ પ્રશ્નો કરો અને એ જે ઉત્તર આપે તે ચિત્તમાં ઠસાવો.”

વિશાખે સઘળો વૃત્તાંત બુદ્ધદેવની આગળ કહી સંભળાવ્યો. એ વૃત્તાંત સાંભળીને બુદ્ધદેવ ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે, “મારી એ છોકરીના મનમાં ભૂત, વર્તમાન કે ભવિષ્યકાળના થાંભલાઓની તૃષ્ણા નથી.” એમ કહીને તેમણે ધર્મની એક ગાથા સંભળાવીઃ “જેને ભવિષ્ય, ભૂત કે વર્તમાન કોઇ પણ કાળના બંધનો સાથે સંબંધ નથી, તેનેજ અકિંચન કહે છે. જે કોઇ એવા અર્થમાં અકિંચન અને નિરાસક્ત હોય છે, તેનેજ હું બ્રાહ્મણ કહું છું.” બુદ્ધદેવે ધર્મદિન્નાના જ્ઞાનની ઘણી પ્રશંસા કરીને કહ્યું: “વિશાખ! ઉપાસિકા, ભિક્ષુણી ધર્મદિન્ના ઘણી મોટી પંડિતા અને મહા પ્રજ્ઞાવતી છે. તું મારી પાસે પૂછવા આવ્યો હોત તો હું પણ તને ધર્મદિન્નાએ આપ્યા છે, એજ ઉત્તર આપત. તેણે જે અર્થ કહ્યો છે તે ખરો છે. તેનેજ તું ધ્યાનમાં રાખજે.”

ત્યાર પછી એક દિવસે જેતવનમાં શાસ્તા (બુદ્ધદેવ) બિરાજ્યા હતા. ભિક્ષુણીસંઘ ત્યાં એકઠો થયો હતો. ભિક્ષુણીઓને તેમની યોગ્યતા પ્રમાણે જુદા જુદા વર્ગમાં બુદ્ધદેવ ગોઠવી રહ્યા હતા. બૌદ્ધધર્મના નવે અંગમાં ધર્મદિન્ના પ્રવીણ હતી. જીવાત્મા છે કે નહિ, જીવાત્માને કેવી રીતે ઓળખાય, આર્યોના ધર્મનાં આઠ અંગ કયાં? સંસ્કાર એટલે શું? વગેરે અઘરા પ્રશ્નોનો તેણે ખુલાસો કર્યો હતો, તેથી બુદ્ધદેવે ભિક્ષુણીસંઘમાં તેને મુખ્ય સ્થાન આપ્યું. ધર્મની કથા કરવા માટે તે પ્રસિદ્ધ થઇ હતી. પોતાના સુંદર વ્યાખ્યાન વડે એ અનેક શ્રોતાઓના ચિત્તનું ધર્મની તરફ આકર્ષણ કરતી. એણે પોતાની કેટલીએ બહેનોને ધર્મકથા કહેવામાં પ્રવીણ કરી દીધી હતી. શુકલા, બટકેશી વગેરે તેની શિષ્યાઓ હતી.

જનસમાજને શિક્ષણ આપવાનું અને ધર્મમાર્ગમાં લાવવાનું કાર્ય ધર્મદિન્નાએ ઘણી ઉત્તમ રીતે સંપાદન કર્યું હતું.

એની રચેલી એક ગાથાનો સારાંશ એવો છે કે, “સર્વોચ્ચ શાંતિની તૃષ્ણા જ્યારે મનુષ્યના મનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે ચિત્તમાં વાસના રહેતી નથી અને જીવ ઉચ્ચ માર્ગે ઊડવા માંડે છે.”

३०–मुक्ता (मुत्ता) बीजी

એ કોશલ દેશના ઓઘાટક નામના દરિદ્ર બ્રાહ્મણની કન્યા હતી. વય પ્રાપ્ત થયા પછી એક કૂબડા બ્રાહ્મણ સાથે તેનું લગ્ન થયું. સ્વાભાવિક રીતે એમનો સંસાર સુખી નીવડ્યો નહિ. કૂબડો સ્વામી મુક્તાને માર પણ મારતો. આખરે સંસારથી કંટાળી સ્વામીની રજા લઇને મુક્તાએ પ્રવ્રજ્યા લીધી હતી. એણે જે ગાથા રચી છે તેમાં સ્વામીનો પરિત્યાગ કરીને સુખી થયાની કથા છે. એ લખે છે કે, "મુક્તા ખરેખર મુક્ત થઇ છે. ત્રણ પ્રકારના કુબ્જ-પણાથી એ મુક્ત થઇ છે. ઊખળીમાં ડાંગેર ખાંડતી વખતે વાંકાં વળવું પડતું, એ ઊખળી વાંકી હતી. મારે પોતાને વાંકાં વળવું પડતું અને પતિ તો કૂબડા હતાજ. એ પ્રમાણે ખાંચણી, મુશળ અને પતિથી છૂટી થઇને વાસના ઉપર જય મેળવીને હું જન્મ-મરણથી મુક્ત થાઉં છું."

સંસારમાં જરામરણના માર્ગ પણ સહજ નથી પરંતુ વાંકા-ચૂંકા છે. આત્મજ્ઞાનદ્વારા એ માર્ગમાંથી પસાર થઇને મુક્તા અર્હત્પદને પામી.

३१–थेरी विशाखा

એનું જીવન થેરી ધીરાને મળતું છે. અર્હત્પદ એણે પણ પ્રાપ્ત કર્યું હતું. એણે પોતાની ગાથામાં કહ્યું છે કે, "બુદ્ધદેવની આજ્ઞા પ્રમાણે ચાલજો. એમના આદેશ પ્રમાણે ચાલ્યાથી તમારે કદી પસ્તાવું નહિ પડે. માટે જલદીથી પગ ધોઇને નીચે દૂર એકલાં બેસો."

એણે પોતાના ઉપદેશ અને ઉદાહરણથી બીજી પણ સ્ત્રીઓ-ને બૌદ્ધધર્મની અનુગામી બનાવી હતી.



३२–सुमना–कौशलकुमारी

બુદ્ધ ભગવાનના સમયમાં શ્રાવસ્તી નગરીમાં એ જન્મી હતી અને કૌશલદેશના રાજાની ભગિની થતી હતી. પ્રસેનજિત રાજાને બુદ્ધદેવે એક વખત અમૂલ્ય ઉપદેશ આપ્યો હતો. એ ઉપદેશનો આરંભ એવી રીતે થતો હતો કે, "આ સંસારમાં ચાર પ્રાણી એવાં છે કે જેની ઉપેક્ષા કરવી ન જોઇએ. રાજા, સર્પ, અગ્નિ અને ભિક્ષુ એ ચાર મહત્ત્વના પદાર્થ છે કે, જે ભલાઇ પણ ઘણી કરી શકે છે અને હાનિ પણ અત્યંત પહોંચાડી શકે છે." એ ઉપદેશ સાંભળીને સુમનાના મનમાં વૈરાગ્યના અંકુર ફૂટ્યા હતા. પરંતુ એ વખતે એની દાદી જીવતી હતી. બંનેનો એકબીજા પ્રત્યે અપૂર્વ સ્નેહ હતો. દાદીની સેવા કરવાના હેતુથી તેણે એ સમયે સંસારનો ત્યાગ કર્યો નહિ. દાદીના મૃત્યુ પછી સુમના પોતાના ભાઇ કૌશલ્યાધિપતિને લઇને બુદ્ધ ભગવાનના વિહારમાં ગઇ અને કિંમતી શેતરંજીઓ તથા શાલદુશાલા વગેરે સાધુઓને ભેટ ધર્યાં. ત્યાં આગળ તેણે ફરીથી બુદ્ધદેવનો ઉપદેશ સાંભળ્યો અને સંસારનો ત્યાગ કરીને થેરી બની તથા તત્ત્વજ્ઞાનનું ચિંતવન કરતાં નિર્વાણપદને પામી.

३३–सुमना (पहेली)

પતિના પીડનથી અને સંતાનોના કલેશથી સંસાર ઉપરથી તેનું ચિત્ત ઊઠી ગયું હતું અને થેરી બની હતી. એનું જીવન થેરી તિષ્યાને મળતું આવે છે. એણે પોતાની થેરીમાં લખ્યું છે કે, "આ દુઃખમય જીવનમાં જાણીજોઇને કોણ ફરીથી જન્મ લેવાની ઇચ્છા રાખે ? માટે જન્માંતરની તૃષ્ણા ત્યજી દઇને તું શાંત ચિત્તે વિચર,"



३४–धम्मा

એ શ્રાવસ્તી નગરીમાં એક પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મી હતી. તેનું લગ્ન પણ યોગ્ય પતિ સાથે થયું હતું. બૌદ્ધધર્મના સિદ્ધાંતોએ તેના કુમળા મગજ ઉપર ઘણી સારી અસર કરી હતી અને તેથી તેણે સંસારનો ત્યાગ કરવાનો વિચાર યુવાવસ્થામાંજ કર્યો હતો, પણ તેના સ્નેહાળ પતિએ થેરી થવાની અનુમતિ આપી નહિ, એટલે તેની હયાતીમાં ધમ્મા પરિવ્રાજિકા બની શકી નહિ; પરંતુ વિધવા થયા પછી તે પરિવ્રાજિકા બની હતી. એક દિવસ ભિક્ષા માગી આવ્યા પછી એ વિહારમાં પાછી ફરતી હતી એવામાં શરીરનું સમતોલપણું નહિ સચવાયાથી રસ્તામાં પડી ગઇ. એ બનાવથી તેની અંતરદૃષ્ટિ ઉઘડી; તેણે તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો અને સાધનાદ્વારા અર્હંત્‌પદને પામી. એણે રચેલી ગાથામાં એ કથાનો ઉલ્લેખ છે. એ લખે છે કે, “ભિક્ષા માગવા સારૂ હાથમાં દંડ લઇને, દુર્બળ પગે હું રસ્તામાં ચાલતી હતી, તેવામાં હું ભૂમિ ઉપર ઢળી પડી. આ નાશવંત દેહને કેટલું બધું દુઃખ ભોગવવું પડે છે તે એકદમ મારી અંતરદૃષ્ટિને દેખાઇ આવ્યું અને દેહનું દમન કરીને મારો આત્મા મુક્ત થયો.”

३५–मोत्तिका

એનું બીજું નામ સુમેખલા હતું. સુમેખલાનું નામ અપદાન ગ્રંથમાં પણ મળી આવે છે. રાજગૃહ નગરમાં એક પ્રસિદ્ધ બ્રાહ્મણ કુટુંબમાં તેનો જન્મ થયો હતો. વૃદ્ધ વયમાં તેણે ગાથાની રચના કરી છે. તેની ગાથા ચિત્રાની ગાથાને તદ્દન મળતી આવે છે. ફક્ત થોડાક શબ્દોનોજ ફરક છે.

३६–अभिरूप नंदा

બુદ્ધ ભગવાનના સમયમાં કપિલવસ્તુ નગરીમાં, શાકયવંશી ક્ષેમકની માનીતી પત્નીના ગર્ભમાં તેનો જન્મ થયો હતો. તેના અસાધારણ લાવણ્ય અને સૌંદર્યને લીધે તે અભિરૂપ નંદા નામથી પ્રસિદ્ધ થઇ હતી. શાકય વંશના એક કુમાર ચારભૂત સાથે તેનું લગ્ન થયું હતું, પણ દૈવયોગથી લગ્નને દિવસેજ તેના પતિનું મૃત્યુ થયું અને નંદા વૈધવ્યને પ્રાપ્ત થઈ. વિધવા થયા પછી તેનાં માતપિતાએ તેની ઇચ્છા વિરુદ્ધ તેને સંસારનો ત્યાગ કરવાની ફરજ પાડી; પરંતુ પરિવ્રાજિકા બન્યા છતાં પણ નંદાનું સૌંદર્ય માટેનું અભિમાન નાશ પામ્યું નહોતું. એને રાતદિવસ બીક રહેતી કે બુદ્ધ ભગવાન જો પોતાનું આ અભિમાન જાણી જશે તો અવશ્ય ઠપકો આપશે. એ ઠપકાના ભયથી એ કદી બુદ્ધ ભગવાનની સમીપમાં જતી નહિ. બુદ્ધ ભગવાનને દિવ્ય જ્ઞાનદ્વારા તેના અંતરની વાતની ખબર પડી ગઇ. તેથી તેમણે એક દિવસે બધી ભિક્ષુણીઓને ઉપદેશ લેવા સારૂ બોલાવવાનો મહાપ્રજાપતિને આદેશ કર્યો; પરંતુ નંદા શરમને લીધે બુદ્ધદેવની આગળ ઉપસ્થિત થઇ નહિ. તેણે પોતાના પ્રતિનિધિ તરીકે એક બીજી સ્ત્રીને મોકલી. પરંતુ બુદ્ધ ભગવાને જણાવ્યું કે, “ આજે પ્રત્યેક ભિક્ષુણીએ જાતેજ આવવું પડશે.” એ આજ્ઞા સાંભળીને નંદાને આવવાની ફરજ પડી. બુદ્ધ ભગવાને એના દેખતાં એક અત્યંત સુંદર રમણીને વૃદ્ધ બનાવી દીધી. એ ચમત્કાર જોઇને નંદાને પોતાના રૂપ ઉપર જે અભિમાન હતું તે એકદમ નષ્ટ થઇ ગયું. તેને અત્યંત પશ્ચાત્તાપ થયો. બુદ્ધ ભગવાને એને એ સમયે અમૂલ્ય ઉપદેશ આપ્યો. એ ઉપદેશને પ્રતાપે તેને અંતર્જ્ઞાન પ્રાપ્ત થયું અને તે અર્હત્‌પદને પામી ગઇ. નંદાએ પોતાનું ચરિત ગાથામાં વર્ણવ્યું છે.

३७–सुमुत्तिका (सुमंगळनी माता)

એઓનું ખરૂં નામ સુમુત્તિકા હતું; પરંતુ થેરી ગાથાના ટીકાકારોએ તેનો ઉલ્લેખ સુમંગળની માતા તરીકેજ કર્યો છે, તેથી અમે પણ તેને એજ નામથી ઓળખાવી છે. શ્રાવસ્તી નગરીમાં એક દરિદ્ર કુટુંબમાં એનો જન્મ થયો હતો અને એક નળકાર સાથે તેનું લગ્ન થયું હતું. એનો પુત્ર સુમંગળ ઘણો જ્ઞાની અને સંસારત્યાગી સુપ્રસિદ્ધ સાધુ–થેર બન્યો હતો. એનો સ્વામી એની સાથે ઘણી નિર્દયતાથી વર્તતો હતો. એ લખે છે કે, “ મારા સ્વામી પોતે બનાવેલી છત્રીના જેવી મને નજીવી ગણે છે. કામ પડે તો મને વેચતાં સુધ્ધાં અચકાય નહિ. થેરી થયાથી હું એ બધા રોગ, દોષથી બચી છું અને સ્વતંત્રપણે વિચરણ કરૂં છું તથા વૃક્ષની છાયા તળે બેસીને ધ્યાનમગ્ન થઇ જાઉં છું.

३८–जयंती (जेन्ती)

વૈશાલી નગરમાં લિચ્છવીના રાજકુટુંબમાં એનો જન્મ થયો હતો. બુદ્ધ ભગવાનનો ઉપદેશ સાંભળીને તેણે અર્હત્પદ પ્રાપ્ત કર્યું હતું. પોતે રચેલી ગાથામાં એ જણાવે છે કે, “જે જે સાધનોદ્વારા, જે જે માર્ગથી મનુષ્ય પરમ નિર્વાણને પ્રાપ્ત કરે છે, તે તે બધાં સાધનો અને માર્ગો મેં બુદ્ધ ભગવાનના આદેશથી પ્રાપ્ત કર્યાં છે. એ ઉપદેશથી હું જીવનની અસારતા સમજી શકી છું. આજ જન્મમરણનો ધ્વંસ થયો છે; હવે મારો પુનર્જન્મ થશે નહિ.”

મનની એકાગ્રતા, જિજ્ઞાસા, ઉદ્યોગ, આનંદ, પ્રશાંતતા, સમાધિઅને અટળતા એ સાત ગુણની સમષ્ટિ જયંતીએ પ્રાપ્ત કરી હતી એમ એણે રચેલી ગાથા ઉપરથી સમજી શકાય છે.



३९–अर्धकाशी

એના પૂર્વજન્મની કથા એવી છે કે, કશ્યપબુદ્ધના સમયમાં કોઇ સુપ્રતિષ્ઠિત કુલીન કુટુંબમાં તેનો જન્મ થયો હતો અને ધર્મનું જ્ઞાન થયા પછી વૈરાગ્ય પ્રાપ્ત થવાથી ભિક્ષુણી બની હતી; પરંતુ એક વખતે પોતાનાથી એક વડિલ ભિક્ષુણીને વેશ્યા કહીને ગાળ દીધી તેથી તેની અધોગતિ થઇ અને ગૌતમબુદ્ધના સમયમાં તેને કાશી નગરીના એક ધનવાન અને સમૃદ્ધિવાન ગૃહસ્થને ઘેર જન્મ લેવો પડ્યો; અને આગલા જન્મના દોષને લીધે ત્યાં તેને પોતાને વેશ્યા થવું પડયું. વેશ્યાના ધંધામાં તેણે એટલું બધું ધન પેદા કર્યું કે અડધી કાશી નગરી ઉપર તેની માલિકી હતી અને તેને લીધેજ તે અર્ધકાશી નામથી ઓળખાઇ છે. પાછળથી પોતાના પાપી જીવન માટે પશ્ચાત્તાપ થતાં, તેણે શ્રાવસ્તી નગરીમાં ભગવાનને પોતાનો સંદેશો કહાવ્યો અને તેમના સાંનિધ્યમાં જવાની રજા માગી. બુદ્ધ ભગવાને તેને પાતાની પાસે બોલાવીને ધર્મનો ઉપદેશ આપ્યો, જેથી તેને અંતર્જ્ઞાન પ્રાપ્ત થયું. ધર્મશાસ્ત્રનું પૂરૂં રહસ્ય જાણ્યા પછી તે અર્હંતૂપદને પામી ગઇ. એણે પોતે રચેલી ગાથામાં વર્ણવ્યું છે કે—

“ આખા કાશીની વિદ્યોટી જેટલી મારી ફી હતી. કાશીવાસી લોકો એટલું ધન તો મારા પગ આગળ અર્ઘ્યરૂપે ધરતા, પરંતુ એ રૂપ વેચવાનો મારો ધંધો ચાલ્યો ગયો છે. મને હવે તેના ઉપર તિરસ્કાર ઊપજ્યો છે. હવે મેં જન્મમૃત્યુના ફેરાને ટાળ્યો છે; હવે મને કાંઇ પણ ડર નથી. હું બુદ્ધદેવના શાસનને માનું છું અને મેં ત્રણ વિદ્યા પ્રાપ્ત કરી છે.”

મુક્તિને માટે જે જ્ઞાન આવશ્યક છે તેને બૌદ્ધધર્મમાં ત્રિવિદ્યા કહે છે. પાપનું મૂળ, કેવા ઉપાયથી પાપ દૂર થાય અને કેવી રીતે સાધનાથી નિર્વાણ પ્રાપ્ત થાય એ ત્રણ વાતનું જ્ઞાન પ્રાપ્ત કરવું તેને ત્રિવિદ્યા કહે છે.

૪૦–चित्रा

રાજગૃહ શહેરમાં એક કુલીન ગૃહસ્થને ઘેર એનો જન્મ થયો હતો. જ્યારે તે પુખ્ત વયની થઇ ત્યારે તેણે એક દિવસ રાજગૃહના દરવાજા આગળ બુદ્ધદેવને ઉપદેશ આપતાં જોયા. તેમના મધુર ઉપદેશની ચિત્રાના ચિત્ત ઉપર ઘણી અસર થઇ, તેથી તેણે મહાપ્રજાપતિ ગૌતમી પાસે દીક્ષા લીધી. ઘણાં વર્ષો સુધી ધ્યાનમગ્ન રહેવાથી એ અર્હંત્પદને પામી હતી. તેણે પોતાની ગાથામાં લખ્યું છે કે—

"હું ઘણી દુર્બળ, ગ્લાનિયુક્ત અને કૃશ હોવા છતાં પણ હાથમાં લાકડી પકડીને પર્વત ઉપર ચઢું છું. મારા ખભા ઉપર ભિક્ષાની ઝોળી લટકી રહી છે. હું ખડકોની સામે થઇને જીવનને ટકાવી રહી છું અને ધ્યાનમગ્ન થઇને અંધકારને દૂર હઠાવું છું."

૪૧–पूर्णा (पुण्णा)

એ શ્રાવસ્તી નગરીના એક વણિકની કન્યા હતી. મોટી વયની થયા પછી એણે મહાપ્રજાપતિ ગૌતમીને મોંએ ધર્મકથા સાંભળીને જ્ઞાન મેળવ્યું હતું અને પાછળથી દીક્ષા લઇને થેરી બની હતી. બુદ્ધદેવે ગંધકુટીમાંથી તેને ધર્મનું દિવ્યજ્ઞાન સમજાવ્યું હતું. તેણે એક ગાથા ગાઈ છે કે, "હે પૂર્ણા ! પૂર્ણિમાને દિવસે ચંદ્રમા જેવી રીતે પૂર્ણ કલાએ પહોંચે છે તેવી રીતે ધર્મથી તું પોતાના જીવનને પૂર્ણ કર ! અને પરિપૂર્ણ પ્રજ્ઞાદ્વારા અજ્ઞાનરૂપી અંધકારને વિખેરી નાખ."

પૂર્ણા પણ અર્હંત્પદને પ્રાપ્ત થઇ હતી.

૪૨-अभयमाता

એનું મૂળ નામ પદ્માવતી હતું. ઉજ્જયિની નગરીમાં તેનો જન્મ થયો હતો. ત્યાં આગળ એ વારાંગનાનો ધંધો કરતી હતી. રાજા બિંબિસાર તેના રૂપલાવણ્યની વાત સાંભળીને તેના ઉપર મુગ્ધ થઇ ગયો અને તેને બોલાવીને પોતાની કામવાસના ચરિતાર્થ કરી. થોડા વખત પછી એણે બિંબિસાર રાજાને સંદેશો કહાવ્યો કે, “હું આપનાથી સગર્ભા થઇ છું.” રાજાએ કહેવરાવ્યું કે, “જો પુત્ર અવતરે તો એને મોટો થયા પછી મારી પાસે મોકલી આપજે.” યથાસમયે પદ્માવતીએ એક પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ અભય પાડવામાં આવ્યું. પુત્ર સાત વર્ષનો થયો એટલે માતાએ તેને તેના પિતાનું નામ કહ્યું તથા બિંબિસાર રાજા પાસે મોકલાવી આપ્યો. રાજાને તેના ઉપર ઘણો પ્રેમ ઉત્પન્ન થયો અને તેમણે એ બાળકને રાજકુટુંબના બીજા બાળક સાથે ઊછરવા દીધો. કુમાર અભય ઘણો બુદ્ધિમાન, સદાચારી અને ધાર્મિક નીકળ્યો. પાછળથી તેણે બૌદ્ધધર્મની દીક્ષા લઇને ધર્મ-પ્રચારક તરીકેનું જીવન ગાળવા માંડ્યું. તેના ધર્મોપદેશની તેની માતા પદ્માવતી ઉપર પણ ઘણી સારી અસર થઇ. તેણે પોતાનાં અધમ આચરણોનો ત્યાગ કર્યો અને સંસારની મોહમાયા છોડી દઇને ધર્માચરણમાં જીવન ગાળવા માંડ્યું. એ પ્રમાણે સત્કર્મોથી અને બૌદ્ધધર્મના આદેશ પ્રમાણે ચાલ્યાથી તેનું જીવન શુદ્ધ અને પાપમુક્ત થયું તથા તેણે આખરે અર્હત્પદ પ્રાપ્ત કર્યું. પુત્ર અભયકુમારે તેને શો ઉપદેશ આપ્યો અને તેની પોતાના ઉપર શી અસર થઇ એ વૃત્તાંત તેણે પોતે રચેલી ગાથામાં ટૂંકમાં વર્ણવ્યો છે.

એ ગાથા ઉપરથી જણાય છે કે પુત્રે માતાને આ દેહની ક્ષણભંગુરતા અને મલિનતાનું ભાન કરાવ્યું હતું. એણે કહ્યું હતું:

“ માતા દેહના સૌંદર્યના અભિમાનને લીધે તમે પતિત જીવન ગાળ્યું છે, પણ જરા એ દેહને પગથી માથા સુધી નિહાળીને વિચાર તો કરી જુઓ ! શિરના કેશથી તે પગનાં તળિયાં સુધી એ આખું શરીર દુર્ગંધથી ભરેલું નથી? એમાં લોહી, માંસ વગેરે સૂગ ચડે એવા પદાર્થ સિવાય બીજું શું છે ? ” એના ઉત્તરમાં માતાએ પુત્રને ખાતરી આપી હતી કે, “ પુત્ર ! તારૂં કથન સત્ય છે. આજથી મારી બધી દુર્વાસનાઓને મેં જડમૂળથી ઉખેડી નાખી છે. હવે હું શાંત અને નિવૃત્તિપરાયણા થઇ છું. ”

૪૩–अभया

ઉજ્જન શહેરમાં એક કુલીન ગૃહસ્થને ઘેર તેનો જન્મ થયો હતો. આગલા ચરિત્રમાં વર્ણવેલી પદ્માવતી (અભયમાતા) તેની બાલ્યાવસ્થાની સખી હતી. અભયમાતાએ જ્યારે સંસારનો ત્યાગ કરીને થેરીપદ ગ્રહણ કર્યું ત્યારે અભયાએ પણ તેનું અનુસરણ કર્યું હતું. એ પણ થેરી બનીને સખીની સાથે રાજગૃહ નગરીમાં સાધ્વીઓના મઠમાં વસતી હતી. શ્મશાનમાં જઇને હાડકાંઓ અને ખોપરીઓના સામું એકાગ્રચિત્તે જોઇને એ દેહની અને સાંસારિક સુખવૈભવની નશ્વરતા પોતાના હૃદયમાં ઠસાવતી હતી. એણે ગાથામાં પોતાને સંબોધીને કહ્યું છે કે, “ હે અભયા ! આ દેહ કે જેને પૃથ્વીના લોકો સુખનો ભંડાર અને સારરૂપ ગણે છે તે ક્ષણભંગુર છે. એ દેહને ફેંકી દઇને હું સ્થિર, નિત્ય અને સારરૂપ જે પદાર્થ છે તેને પ્રાપ્ત કરીશ. બુદ્ધદેવના શાસનથી હું દુઃખના મૂળનો નાશ કરીશ અને તૃષ્ણાનો ક્ષય થવાથી જગતનાં બધાં દુઃખ અને ત્રાસનો નાશ થશે. ”

આ રીતે આત્મચિંતવનથી તેણે અર્હંતપદ પ્રાપ્ત કર્યું હતું.

૪૪-सामा (श्यामा)

કૌશામ્બી નગરીમાં એક ધનવાન ગૃહસ્થના ઘરમાં એનો જન્મ થયો હતો. કૌશામ્બીના રાજાની રાણી સામાવતી તેની અત્યંત પ્રિય સખી હતી. રાણીના મૃત્યુથી સામાને ઘણોજ શોક થયો અને સંસાર ઉપરથી વૈરાગ્ય ઉપજવાને લીધે એણે થેરીપદનો સ્વીકાર કર્યો; પરંતુ સાધ્વી થયા છતાં પણ તે શોકને સમાવી શકી નહિ અને મોહનું નિવારણ થયા વગર આધ્યાત્મિક ઉન્નતિ થઇ શકતી નથી. એક દિવસ બુદ્ધ ભગવાનના મુખ્ય શિષ્ય આનંદનો ધર્મોપદેશ સાંભળ્યાથી તેનો મોહ નિવૃત્ત થયો અને તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું. તૃષ્ણા, દુઃખજ્વાળા અને જીવનની ચંચળતા ચાલી ગયાથી સામાએ દુર્લભ અર્હત્પદ પ્રાપ્ત કર્યું. તેણે પોતાનો એ અનુભવ સ્વરચિત ગાથામાં વર્ણવ્યો છે.

૪૫-उत्तमा (पहेली)

શ્રાવસ્તી નગરીમાં એક ખજાનચીની કન્યા તરીકે તેનો જન્મ થયો હતો. પુખ્ત વયની થતાંવાર પટાચારા નામની વિદુષી થેરીનો ઉપદેશ સાંભળ્યાથી એ પણ સંસારનો ત્યાગ કરીને થેરી બની ગઇ હતી અને આખરે અર્હત્પદને પામી હતી. પોતાનો એ અનુભવ જણાવતાં એ ગાથામાં કહે છે કે, "શાંતિની શોધમાં હું ચાર પાંચ વિહાર છોડી દઇને અરણ્યમાં ચાલી ગઇ,પણ એથી મારા ચંચળ ચિત્તને શાંતિ વળી નહિ. આખરે 'આ જીવન તદ્દન અસાર છે' એવો જેનો ઉપદેશ છે એવી એક ભિક્ષુણીનાં મને દર્શન થયાં. સાત દિવસ સુધી એક આસને હું ધ્યાન ધરીને બેઠી અને અપાર સાધના સાધી. આઠમે દિવસે મારો અંધકાર દૂર થઇ ગયો, પ્રકાશ પ્રકટી નીકળ્યો અને મેં મુક્તિ મેળવી."



૪૬–उत्तमा (बीजी)

એ કોશલ દેશનિવાસી એક બ્રાહ્મણની કન્યા હતી. એક દિવસ ધર્મપ્રચાર કરતા કરતા બુદ્ધ ભગવાન કોશલ દેશમાં આવ્યા. ત્યાં આગળ એમનો ધર્મોપદેશ સાંભળ્યાથી ઉત્તમાના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેણે સંસારનો ત્યાગ કરીને ભિક્ષુણીવ્રત ધારણ કર્યું. ત્યાં આગળ એકાંતમાં ધર્મચિંત્વન કર્યાથી તથા બ્રહ્મચર્યપૂર્વક જીવન ગાળ્યાથી એ અર્હત્પદને પામી. એણે પોતાનો અનુભવ ગાથામાં કવિતાદ્વારા ગાયો છે.

૪૭–दंतिका

એ શ્રાવસ્તીના રાજપુરોહિતની કન્યા હતી. મહાપ્રજાપતિ ગૌતમીએ તેને દીક્ષા આપી હતી. એક દિવસ તે પોતાના મઠની બહાર ઊભી હતી, એવામાં એણે એક હાથીને નદીમાં સ્નાન કરીને પાછો ફરતો જોયો. તેના મહાવતે તેનો પગ નીચો વાળવાનો હુકમ આપ્યો, એટલે હાથીએ તે પ્રમાણે કર્યું અને મહાવત તેના ઉપર પગ મૂકીને હાથીની ગરદન ઉપર ચડી બેઠો.

વનપશુને આવી રીતે કેળવાયલો તથા પોતાના સ્વામીની આજ્ઞા માનતો જોઇને દંતિકાને અંતર્જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે ઘોર અરણ્યમાં એકાંત સ્થળમાં જઇને આત્મચિંત્વન કર્યું અને બૌદ્ધધર્મની દીક્ષા લઇને આત્માનો ઉદ્ધાર કર્યો. તેણે પોતાનું આ જીવનચરિત્ર ગાથામાં સુંદર રીતે વર્ણવ્યું છે.

હાથણીને દંતિકા કહે છે. હાથીને જોઇને એને જ્ઞાન ઉત્પન્ન થયું, એટલા માટે એ દંતિકા નામથી ઓળખાઇ છે.

૪૮–શુક્કા (शुक्ला)

રાજગૃહ નગરમાં એક પ્રસિદ્ધ વણિકના ઘરમાં તેનો જન્મ થયો હતો. બાલ્યાવસ્થામાં તેને સારૂં શિક્ષણ આપવામાં આવ્યું હતું. યૌવન પ્રાપ્ત થયા પછી બૌદ્ધધર્મનું રહસ્ય તેના જાણવામાં આવ્યું અને તે બુદ્ધદેવની ગૃહસ્થ શિષ્યા થઇ. ત્યાર પછી પ્રસિદ્ધ ઉપદેશિકા થેરી ધર્મદિન્નાનાં બોધજનક ધાર્મિક વ્યાખ્યાન તેના સાંભળવામાં આવ્યાં અને તેણે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને દીક્ષા લીધી. અસાધારણ વિદ્વત્તાને લીધે તેને ૫૦૦ ભિક્ષુણીઓની ઉપરી બનાવવામાં આવી. એ ૫૦૦ ભિક્ષુણીઓ-ના સંઘને સાથે લઇને થેરી શુક્કાએ ઘણા દિવસ સુધી બૌદ્ધ-ધર્મના પ્રચારનું કાર્ય કર્યું હતું. તેની અમૃતમયી વાણી સાંભ-ળીને અનેક શોકગ્રસ્ત મનુષ્યોને આશ્વાસન મળતું હતું, અનેક પાપીઓ સત્યમાર્ગના પ્રવાસી બન્યા હતા. તેનો ધર્મોપદેશ થતો તે વખતે સાંભળનારાં સ્ત્રીપુરુષો મંત્રમુગ્ધ થયાં હોય તેમ શાંત અને સ્વસ્થ થઇને એકાગ્રચિત્તે સાંભળ્યાજ કરતાં.

અનેક મનુષ્યોના આત્માને શાંતિ આપનાર ઉપદેશિકા શુક્કા-ના જીવનને ધન્ય છે !

૪૯–मित्रा

શાકય વંશમાં તેનો જન્મ થયો હતો. અપદાનમાં તેનું નામ નાલમાલિકા પણ લખેલું છે. પ્રજાપતિ ગૌતમીની સાથે તેણે પણ સંસારનો ત્યાગ કર્યો હતો; અને ધર્મશાસ્ત્રનું અધ્યયન તથા એકાંતમાં ધર્મચિંત્વન કર્યાથી તેણે અર્હત્‌પદ પ્રાપ્ત કર્યું હતું. એણે ગાથા રચેલી છે. એણે વ્રતવિધાન પણ ઘણાં કર્યાં હતાં.

५०–शैला (सेला अथवा शैलजा)

એ આલવીપતિની કન્યા હતી. ‘સંયુક્ત નિકાય’ ગ્રંથમાં પિતાના નામ ઉપરથી એને ‘આલવિકા’ નામ આપ્યું છે. એના પિતાને બુદ્ધદેવનાં વચનોમાં શ્રદ્ધા ઉત્પન્ન થયાથી એ ગૃહસ્થ ઉપાસક બન્યા હતા. આલવી નગરમાં જ્યારે બુદ્ધદેવ પધાર્યા હતા, ત્યારે પિતાની સાથે રાજકુમારી શૈલા પણ એમનો ઉપદેશ સાંભળવા ગઇ હતી. બૌદ્ધધર્મ ઉપર એને પણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને એ એમની શિષ્યા બની. ત્યાર પછી ધર્મશાસ્ત્રોનો અભ્યાસ અને જિજ્ઞાસા વધતાં એણે સંસારનો ત્યાગ કરીને ભિક્ષુણીવૃત્તિનો સ્વીકાર કર્યો. એ અવસ્થામાં તેને અંતરદૃષ્ટિ પ્રાપ્ત થઇ અને મન, વચન, કર્મ વડે વાસનાઓને દાબી દઇને એ અર્હંત્‌પદને પ્રાપ્ત થઈ.

આલવી નગરી શ્રાવસ્તીથી ત્રીસ યોજન (૧૨૦ ગાઉ) અને કાશીથી બાર યોજન હતી. પાછલી વયમાં શૈલા શ્રાવસ્તી નગરીમાં નિવાસ કરતી હતી અને ત્યાં આગળ વનમાં એક વૃક્ષ નીચે બેસીને તપસ્યા કરતી હતી. એ વખતે માર એની તપસ્યામાં ભંગ કરાવવા સારૂ ગુપ્ત વેશે આવીને કહેવા લાગ્યો: “સુકુમારિ! આવા એકાંત જંગલમાં શા સારૂ વાસ કરી રહ્યાં છો ? એમાં શું વળવાનું છે ? આ દુનિયામાંથી તમારો ઉદ્ધાર કદાપિ થવાનો નથી. સંસારમાં છો ત્યાંસુધી સુખ ભોગવી લો, નહિ તો પાછળથી પસ્તાવું પડશે.”

શૈલા ઘણી વિવેકી અને સમજુ હતી. એ સમજી ગઇ કે નિર્વાણપદ પ્રાપ્ત કરતાં મને રોકી વિષયવાસનામાં ફસાવવા સારૂ મારજ અહીં આવ્યો છે. એને ખબર નથી કે મેં તો અર્હંત્‌-

પદ પ્રાપ્ત કર્યું છે અને એની માયાજાળમાં હું ફસાઉં એમ નથી. એણે ઉત્તર આપ્યોઃ—

"તું જેને સુખ કહે છે, એ સંસારના વિષયભોગ તો શૂળ અને ભાલાની પેઠે મનુષ્યના દેહપિંડને વીંધી નાખે છે. એવી જાતના સુખની મારી આગળ જરાયે ગણુતરી નથી. એવા અસાર સુખ તરફ મારૂં ચિત્ત જતું નથી. ભોગ ભોગવવાની મારી વાસના મરી ગઇ છે. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થયો છે, માટે હે માર ! તારૂં અહીં કાંઈ ચાલે એમ નથી."

૫૧-ઉબ્બિરિ

એનો જન્મ શ્રાવસ્તી નગરીમાં એક વણિકને ઘેર થયો હતો. એ ઘણી સુંદર હતી. એના સૌંદર્યથી મુગ્ધ થઇ જઇને કૌશલ દેશના ક્ષત્રિય રાજાએ તેની સાથે લગ્ન કર્યું. થોડા સમય પછી ઉબ્બિરિએ જીવા નામની એક કન્યાને જન્મ આપ્યો. એ કન્યા અત્યંત સૌંદર્યવતી હતી. તેના ઉપર રાજાને પણ ઘણી પ્રીતિ ઉત્પન્ન થઇ. પરંતુ માતપિતાને આનંદ આપનારી એ કન્યા ઝાઝા દિવસ જીવી નહિ. તેના મૃત્યુથી ઉબ્બિરિને અત્યંત શોક થયો. એ દરરોજ શ્મશાનમાં જઇને રુદન કરવા લાગી. એક દિવસ ભગવાન બુદ્ધદેવ ત્યાં આગળ જઈ પહોંચ્યા અને પૂછ્યું: "હે સુંદરિ ! તું 'ઓ મારી જીવા' કહીને શા સારૂ રડ્યા કરે છે? તારા જેવી હજારો માતાની હજારો જીવાઓ આ શ્મશાનમાં મૃત્યુશય્યામાં સૂતેલી છે, માટે સમજી જા અને શાંત થા."

બુદ્ધ ભગવાનના એટલા આશ્વાસન-વાક્યથી ઉબ્બિરિની મોહનિદ્રા ઊડી ગઈ. તેના શોકનું નિવારણ થઇ ગયું અને અંતરમાં શાંતિ ઉત્પન્ન થઇ. સંસાર ઉપરથી મમતા ઉઠાવી લઇને એ બુદ્ધદેવને શરણે ગઇ અને રીતસર દીક્ષા લઇને થેરી બની તથા આખરે અર્હંત્પદને પામી. થેરી ગાથામાં તેનો સ્વાનુભવ કવિતામાં વર્ણવેલો છે.

૫૨–भद्रा कापिला

ગૌતમબુદ્ધના સમયમાં સાગલ નામના ગામમાં કૌશિક બ્રાહ્મણના કુટુંબમાં તેનો જન્મ થયો હતો. એ બ્રાહ્મણની અવસ્થા બહુ સમૃદ્ધિવાળી હતી, એટલે ભદ્રાનો બાલ્યકાળ ઘણા સુખ અને વૈભવમાં ગયો. યૌવનાવસ્થા પ્રાપ્ત થતાં તેનું લગ્ન મગધ દેશમાં તીર્થ ગણાતા બ્રાહ્મણી નામના એક ધનવાન યુવક સાથે થયું. એ યુવકનાં બે નામ હતાં–કાશ્યપ અને પિપ્પલી. કપિલની પુત્રી હોવાથી કપિલા–કાપિલાનિ એવા નામથી ભદ્રા પ્રસિદ્ધ થઇ છે. મહાકાશ્યપ અને ભદ્રાનો એકબીજા પ્રત્યેનો અત્યંત પ્રેમ હતો. એમનો સંસાર ઉત્તમ પ્રકારે ચાલતો; કેમકે રૂપ, વય, સદ્ગુણ બધામાં બન્ને એકબીજાની સમાન હતાં. આથી કરીને એમની પ્રેમગાંઠ ઘણીજ મજબૂત બંધાઇ હતી. એમનો અસાધારણ પ્રેમ આખા ગામને માટે આદર્શરૂપ થઇ પડ્યો હતો. જ્ઞાનપ્રાપ્તિમાં અને લોકસેવામાં એમનો સમય વ્યતીત થઇ રહ્યો હતો.

એવામાં ગૌતમબુદ્ધે ધર્મપ્રચારનું કાર્ય આરંભ્યું. અનેક તરુણો ગૃહસ્થાશ્રમના મોહને તિલાંજલિ આપીને બુદ્ધદેવને શરણે આવ્યા અને ધર્મપ્રચારના પવિત્ર કાર્યમાં જોડાયા. એ ધાર્મિક આંદોલનના સમયમાં ભદ્રાના પતિએ પણ પતિવ્રતા સ્નેહમૂર્તિ પત્નીના પ્રેમપાશને તોડીને ગૃહત્યાગ કર્યો અને ગૌતમનો શિષ્ય બન્યો. જતી વખતે પોતાની બધી મિલકત પ્રિયતમા ભદ્રાને સોંપી. ભદ્રાએ એ અઢળક સંપત્તિ લઇને મોજ-શોખમાં જીવન વ્યતીત કરવાનું ઉચિત ન ધાર્યું. પોતાના પતિએ સર્વસંગ પરિત્યાગ કરીને પ્રવ્રજ્યા લીધી, એટલે એણે પણ બધી સંપત્તિ સગાંસંબંધીઓને વહેંચી આપી અને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને પતિનું અનુસરણ કર્યું. ભર યુવાવસ્થામાં સંસારનાં સુખને લાત મારીને ભદ્રા ભિક્ષુણી બનવા તૈયાર થઇ.

ભગવાન બુદ્ધે ભિક્ષુસંઘની તો સ્થાપના કરી હતી; પણ ભિક્ષુણીસંઘ ત્યાં લગી સ્થપાયો નહોતો. કાશ્યપ તો સંઘમાં દાખલ થયો પણ ભદ્રાએ તો પાંચ વર્ષ સુધી ભિક્ષુણીઓની પાસે રહીને ધર્મનું શિક્ષણ મેળવ્યું.

પાંચ વર્ષ પછી મહાપ્રજાપતિ ગૌતમીએ ભિક્ષુણીસંઘની નિયમપૂર્વક સ્થાપના કરી. એ ખબર સાંભળીને ભદ્રા પ્રસન્ન થઇ અને ભિક્ષુણીસંઘમાં તેણે પ્રવેશ કર્યો. પ્રવ્રજ્યા લીધા પછી ઉપસંપદા પ્રાપ્ત કરી અને પછી ઉત્તરોત્તર અધિકાર પ્રાપ્ત કરીને એ અર્હંત્પદને પામી. એ સ્થિતિએ પહોંચ્યા પછી પૂર્વજન્મોનું તેને સ્મરણ થયું.

પેલી તરફ મહાકાશ્યપ પણ બુદ્ધસંઘમાં બહુ પ્રસિદ્ધિને પામ્યો. સંઘમાં જે બંધનો ઢીલાં પડી ગયાં હતાં, તેને દૃઢ કરવાનું કામ એને હાથેજ થયું હતું. ગૌતમબુદ્ધના પરિનિર્વાણ પછી મહાકાશ્યપેજ પાંચસો ભિક્ષુઓની મહાસભા ભરીને બૌદ્ધશાસનમાં સુધારો કરીને એને એક ગ્રંથાકારમાં ગોઠવ્યા હતા. મહાકાશ્યપ જેવી રીતે ભિક્ષુસંઘનો આગેવાન બન્યો, તેવીજ રીતે ભદ્રા ભિક્ષુણીસંઘમાં સૌથી ઊંચે સ્થાને પહોંચી. ધર્મની કથા કહેવામાં પણ તેણે કુશળતા અને પ્રસિદ્ધિ મેળવી.

એક દિવસ જેતવનમાં બુદ્ધદેવે ભિક્ષુણીઓને તેમની યોગ્યતા પ્રમાણે પદવી આપવાનો સમારંભ કર્યો ત્યારે એમણે ભદ્રાને પૂર્વજન્મની સ્મૃતિવાળી ભિક્ષુણીઓમાં અગ્રસ્થાન આપ્યું. એ પ્રમાણે ભદ્રાની અનેક જન્મની અભિલાષા પૂર્ણ થઇ.

થેરી ગાથામાં ૬૩ થી ૬૬ સુધીના શ્લોક તેના રચેલા છે. એ ઉપરથી ભદ્રાનો પતિ પ્રત્યેનો પ્રેમ અને તેની ધાર્મિક વૃત્તિઓનો પરિચય મળે છે. પોતાના પતિને એ ‘બુદ્ધિના પુત્ર અને વારસ’ તરીકે સંબોધે છે. ત્રણે વિદ્યાના અધિપતિ હોવાથી એને સાચા બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે. પોતાનો પરિચય આપતાં એ કહે છે કે, “કાશ્યપની પેઠે મેં પણ ત્રણે વિદ્યા પ્રાપ્ત કરી છે; મૃત્યુ ઉપર જય મેળવ્યો છે; સેના સહિત મારનો પરાભવ કર્યો છે; એટલે મારો આ છેવટનો જન્મ છે. જગતમાં સંકટો ઘણાં છે એ વાત સમજીને અમે બંનેએ પ્રવ્રજ્યા લીધી અને ત્યાર પછી ક્ષીણાસ્રવ (અર્હંત્) બનીને, ઇંદ્રિયોનું દમન કરીને શાંત

બનીને અમે નિવૃત્ત થયાં છીએ.”

ભદ્રા મહાભાગ્યશાળી સ્ત્રી હતી. પતિની સાથે સંન્યસ્ત લેવું, એના બધા કાર્યમાં સ્વતંત્રપણે મદદ કરવી અને સાથેજ અર્હંત્-પદ તથા નિર્વાણ પ્રાપ્ત કરવું એ ઉત્તમ પ્રકારનો સહચાર સાધીને એણે સહધર્મિણી અને સહચારિણીપદ સાર્થક કર્યું હતું.

૫૩–સોમા

તેનો જન્મ રાજગૃહ નગરમાં રાજા બિંબિસારના પુરોહિતની કન્યારૂપે થયો હતો. યુવાવસ્થા પ્રાપ્ત થતાં બુદ્ધદેવનો ઉપદેશ તેના સાંભળવામાં આવ્યો અને તે ગૃહસ્થ શિષ્યા બની. ત્યાર પછી ધર્મજિજ્ઞાસા વધારે પ્રબળ થવાથી તે ભિક્ષુણીસંઘમાં દાખલ થઇ. એક દિવસ તે જેતવનમાં જઇને એક વૃક્ષ નીચે ધ્યાન ધરીને બેઠી હતી. ત્યાં આગળ માર આવીને તેને ચલિત કરવા સારૂ કહેવા લાગ્યો:—

“ શું ઋષિઓના જેવા ફળની તું આશા રાખે છે ? એ ફળ તો ઘણું દુર્લભ છે. હે રમણિ ! તારૂં કામ તો બે આંગળીઓ વડે ભાતના દાણા ચાંપી જોવાનું છે. આ કામ તારા જેવી સુકુમાર અબળાનું ન હોય !”

પરંતુ દૃઢપ્રતિજ્ઞ સોમાએ પ્રત્યુત્તર વાળ્યો કે, “હે માર ! સ્ત્રીજાતિમાં જન્મ પામવાથી ધર્મસાધનામાં મને કેવી રીતે અડચણ પડવાની હતી ? મારૂં ચિત્ત જો સ્થિર અને દૃઢ હશે, જો મારી ધર્મદૃષ્ટિ ઉઘડેલી હશે, જો મારા ચિત્તમાં જ્ઞાનનો ઉદય થયો હશે, તો નારીજન્મ મને કોઇ પણ પ્રકારે વિઘ્નરૂપ થઇ પડવાનો નથી; માટે તું મને સંસાર ઉપર મોહ ઉપજાવવાનો મિથ્યા પ્રયત્ન છોડી દઇને ચાલ્યો જા.”

થેરીગાથામાં ૬૦,૬૧ અને ૬૨મા શ્લોકની રચના તેની છે.

૫૪-વિમળા

એક વારાંગનાને પેટે, વૈશાલી નગરમાં તેનો જન્મ થયો હતો. વિમળા મોટી થઇ ત્યારે માતાના કુસંગની અસર તેના ઉપર પણ પડી અને વિષયવાસના ચરિતાર્થ કરવાની ઇચ્છા તેનામાં પ્રબળ થઇ પડી. એવામાં એક દિવસ બુદ્ધ ભગવાનના પરમપ્રિય શિષ્યોમાંના એક પૂજ્યપાદ મહા મોગ્ગલ્લાન ભિક્ષા માગવા સારૂ ત્યાં આગળ થઇને જતા હતા. એ ભિક્ષુના સૌંદર્યથી વિમળા મુગ્ધ થઇ ગઇ અને સાંજે તેમના આશ્રમમાં જઈ, અનેક પ્રકારના સુખવૈભવ અને ભોગવિલાસની લાલચ બતાવી; પરંતુ એ ભિક્ષુનું મન જરા પણ ચળ્યું નહિ. તેણે વિમળાને ઘણોજ ઠપકો આપ્યો તથા ઉપદેશ આપીને તેના મલિન હૃદયને વિમળ બનાવ્યું. વિમળાને પછી પોતાના કૃત્ય માટે ઘણોજ પસ્તાવો થવા લાગ્યો અને તે બૌદ્ધધર્મની ગૃહસ્થ ઉપાસિકા થઇ. પાછળથી તેણે ભિક્ષુણી-વ્રત ધારણ કરીને દુર્લભ અર્હત્પદ પ્રાપ્ત કર્યું. પોતાનું ચરિત્ર તેણે થેરી ગાથામાં નીચે પ્રમાણે વર્ણવ્યું છેઃ—

"વર્ણ, રૂપ, ભાગ્ય, યશ, અને યૌવનના ગર્વથી હું છકી ગઇ હતી. એ વખતે સત્ય વસ્તુ મારા જાણ્યામાં નહોતી આવી. અંગ ઉપર સુગંધીવાળા પદાર્થોનો લેપ કરીને તથા સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરીને, એક પારધિની પેઠે હું મારી જાળ ફેલાવીને બારણા આગળ બેસતી હતી. રસ્તે જનારા પુરુષોના ધર્મનો નાશ કરવા સારૂ હું કેટલી જાતના છળપ્રપંચ કરતી હતી! પરંતુ આજે કેશ મૂંડાવીને તથા ભગવાં વસ્ત્ર ધારણ કરીને હું ભિક્ષા માગી રહી છું, વૃક્ષની નીચે બેસીને શુદ્ધ ધ્યાન ધરૂં છું. મનુષ્યોને અને દેવોને બાંધી રાખનારાં બધાં બંધનોમાંથી હું હવે મુક્ત થઇ ગઇ છું. મારા પ્રાણને નશો ચઢાવનારા આસવોને શરીરમાંથી કાઢી નાખીને હું આજ નિર્વાણસુખ અનુભવું છું"

૫૫–वड्ढेसी

એનું ગોત્રનામ જાણ્યામાં આવ્યું નથી. દેવદહ નગરમાં તેનો જન્મ થયો હતો અને તે મહાપ્રજાપતિ ગૌતમીની ધાત્રી હતી. જ્યારે મહાપ્રજાપતિ ગૌતમીએ સંસારનો ત્યાગ કર્યો ત્યારે તેણે પણ એમનું અનુસરણ કર્યું; પરંતુ પચીસ વર્ષ સુધી તેનું ચિત્ત એકાગ્ર થઈ શકયું નહિ તથા વિષયભોગની લાલસા તેના હૃદયમાંથી જડમૂળમાંથી નીકળી ગઈ નહિ. આખરે ધર્મદિન્નાનો ઉપદેશ સાંભળ્યાથી તેની અધમ વાસનાઓનો નાશ થયો અને તેને અંતર્દૃષ્ટિ પ્રાપ્ત થઈ. પોતે અંતર્જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું, તેનું વર્ણન તેણે થેરી ગાથામાં ૬૭ થી ૭૧ સુધીના શ્લોકમાં કર્યું છે.

૫૬–सीहा (सिंहा)

લિચ્છવી રાજાઓના સેનાપતિઓ સિંહ ઉપાધિથી ઓળખાતા હતા. સીહા એ સમયના વૈશાલિના સેનાપતિની ભાણેજ થતી હતી. કુમારી દશામાંજ તે થેરી થઈ હતી. સાત વર્ષ સુધી તેણે ચિત્તને કાબૂમાં લાવવાનો ઘણો યત્ન કર્યો પણ સફળતા ન મળી, ત્યારે નિરાશ થઈને તેણે ગળે ફાંસો ખાઈને જીવનનો અંત આણવાનો સંકલ્પ કર્યો; પરંતુ ગળે ફાંસો ખાવા જતી હતી તેજ વખતે તેનું ચિત્ત એકદમ સંયમમાં આવી ગયું અને તેને અંતર્જ્ઞાન ઉત્પન્ન થયું. થેરી ગાથામાં ૭૭ થી ૮૧ સુધીના શ્લોક તેના રચેલા છે.

૫૭–સુંદરી નંદા

એ સુંદર યુવતીનો જન્મ મહાપ્રજાપતિ ગૌતમીના ગર્ભમાં થયો હતો, એટલે એ બુદ્ધ ભગવાનનાં બહેન થાય. રાજકુટંબમાં જન્મ અને મહાપ્રજાપતિના હાથનો ઉછેર, એટલે નંદાને કેવું શિક્ષણ મળ્યું હશે તેનું અનુમાન તો વાચકો કરીજ શકશે. એને લોકો ‘જનપદ કલ્યાણી’ નામથી ઓળખતા.

બુદ્ધદેવના ઉપદેશથી પોતાના ભાઇ નંદ અને ભત્રીજા રાહુલે પ્રવજ્યા લીધી, ત્યાર પછી થોડા દિવસમાં પિતા શુદ્ધોદનનું મૃત્યુ થયું. માતા, મહાપ્રજાપતિ અને ભાભી યશોધરાએ પણ ભિક્ષુણીવ્રતને અંગીકાર કર્યું. એ વખતે સુંદરી નંદાના મનમાં પણ વિચાર આવવા લાગ્યો કે, “આજ દિવસ સુધી મેં સંસાર અને સાંસારિક સુખ સિવાય બીજા કશાનો વિચાર કર્યો નથી. આ સંસાર તો ક્ષણભંગુર છે. સંસારનું સુખ તો આજ છે ને કાલ નથી. મારા મોટાભાઇ રાજપાટનો ત્યાગ કરીને બુદ્ધ થયા છે, તેમના પુત્ર રાહુલે પણ સંસારનો ત્યાગ કર્યો છે. મારા ભાઇ નંદ, માતા મહાપ્રજાપતિ તથા રાહુલ માતાએ– બધાંએ સંસારથી વિરક્ત થઇને તેનો ત્યાગ કર્યો છે, તો હું એકલી આ રાજમહેલમાં રહીને શું કરીશ? મારે પણ સંસારનો ત્યાગ કરીને દેહનું સાર્થક કરવું જોઇએ.” એ પ્રમાણે અંતરના તીવ્ર વૈરાગ્યને લીધે નહિ, પણ સગાંસંબંધીઓ પ્રત્યેના પ્રેમને લીધે તેણે ભિક્ષુણીવ્રત લીધું. ભિક્ષુણી બન્યા છતાં પણ તેને પોતાના સૌંદર્ય માટે ઘણું અભિમાન હતું. રૂપવતી સ્ત્રીઓ માટે બુદ્ધદેવને અણગમો છે, એ વાતની એને ખબર હતી. એથી એ કદી બુદ્ધદેવ પાસે જતી નહિ. જ્યારે જ્યારે એમની કથા કે ધર્મોપદેશ સાંભળવાનો વારો આવે ત્યારે એ કાંઇ ને કાંઇ બહાનું કાઢીને મઠમાં રહી જતી અને પોતાને બદલે બીજી કોઇ ભિક્ષુણી-

ને મોકલતી. એને ભય હતો કે ગુરુદેવ એના રૂપને વખોડશે, રૂપના ગર્વ માટે એને ધમકાવશે. બુદ્ધદેવ ભિક્ષુણીસંઘના કામમાં ખાસ કાળજી રાખતા હતા. પોતાના સંઘમાંની દરેક સન્નારી આધ્યાત્મિક માર્ગમાં કેટલી ઉન્નતિ કરે છે તેની પોતે ખબર રાખતા. એમને ખબર હતી કે, નંદાને રૂપલાવણ્યનું અભિમાન છે, સુખ અને વૈભવમાં ઉછરેલી છે, એ અભિમાન એનામાંથી એકદમ લોપ થઈ જાય એ પણ અસંભવિત છે; એટલા માટે એક દિવસ તેમણે આજ્ઞા આપી કે, "આજના ઉપદેશમાં તો નંદાએ જાતેજ આવવું પડશે. બીજી કોઇ ભિક્ષુણીને મોકલ્યે નહિ ચાલે." હવે તો નંદાને જવુંજ પડયું. બુદ્ધદેવ એવી રૂપગર્વવતી સ્ત્રીઓને ઠેકાણે આણવા માટે માયા રચતા. નંદાએ જે સમયે બુદ્ધદેવને સાષ્ટાંગ દંડવત્ કર્યા, તે સમયે તેણે જોયું કે એક અલૌકિક લાવણ્યવતી સ્ત્રી હાથમાં પંખો લઇને શાસ્તાને વાયુસંચાર કરી રહી છે.એ જોઈને નંદાને વિચાર આવ્યોઃ "હું મારા રૂપના અભિમાનમાં અહીં આવતી નહોતી, પણ આ રમણી મારા કરતાં કેટલી વધારે ખૂબસૂરત છે. એ તો એકાગ્રચિત્તે બુદ્ધદેવની સેવા કરી રહી છે." બુદ્ધદેવ તેના મનના વિચારપરિવર્તનને પારખી ગયા અને તેને ખરૂં જ્ઞાન આપવાનો ઠીક સમય આવી લાગ્યો છે એવું જણાતાં ઉપદેશ આપ્યો કે, "આ શરીર તો માંસ અને રક્તથી લિપ્ત હાડકાંનો કિલ્લો છે. જરા અને મૃત્યુ એમાં રાજ્ય કરે છે." ત્યાર પછી આ શરીરની ક્ષણભંગુરતા વિસ્તારથી સમજાવી અને ખરો વિજય દેહાસક્તિ છોડીને નિર્વાણપદ પ્રાપ્ત કરવામાં છે એ વાત એના ચિત્તમાં ઠસાવી.

એક દિવસ જેતવનમાં સંઘનો ઉત્સવ થઈ રહ્યો હતો. ભગવાન બુદ્ધદેવ આસન ઉપર બિરાજેલા હતા. આજે 'નામસંમતકરણ'નો સંસ્કાર થવાનો હતો. એ સમારંભમાં કોઇ ભિક્ષુ કે ભિક્ષુણીનું સન્માન કરીને એને ખાસ ઉપાધિ આપવામાં આવતી. એ દિવસે કોઈ એક ભિક્ષુ ધર્મ સંબંધી વ્યાખ્યાન આપીને પોતાની વિદ્વત્તાનો પરિચય આપતો. આજના સમારંભમાં ભિક્ષુણીસંઘની ઠઠ જામેલી હતી. શાસ્તાએ કેટલીક યોગ્ય ભિક્ષુણીઓને તેમના ગુણાનુસાર પદવી આપી. નંદાનો વારો આવ્યો ત્યારે તેમણે તેને 'ધ્યાનસંપન્ન' અને 'ધ્યાનાભિરત'નું પદ આપ્યું અને એ વર્ગની ભિક્ષુણીઓમાં અગ્રસ્થાન આપી તેની અભિલાષા પૂર્ણ કરી.

થેરી ગાથામાં નંદાએ ગાયેલી ગાથા ઘણી હૃદયસ્પર્શી છે. બુદ્ધદેવના ઉપદેશને અનુસરી, વારંવાર પોતાની જાતને ઉદ્દેશીને એ કહે છેઃ "નંદા! રોગ, અશુચિ, સડો અને દુર્ગંધ એ બધાથી યુક્ત આ શરીરનું નિરીક્ષણ કર! અશુભ ભાવનાની ભાવના કર અને ચિત્તમાં એકાગ્રતા આણ. શરીરની જે હકીકત છે તેજ તારી પણ છે. તારી જે ગતિ તેજ શરીરની ગતિ છે. શાંત, સ્વસ્થ ચિત્તે તું રાતદિવસ એનો વિચાર કર. એમ કર્યાથી સૌંદર્યની ગુલામીમાંથી મુક્ત થઇને, પોતાની પ્રજ્ઞાના બળ વડે તને માર્ગ મળી આવશે અને ચિંતા જતી રહેશે. શાશ્વત સત્યનો વિચાર કર્યાથી તથા પ્રમાદ છોડી દઇને, શરીરની બહાર અને અંદર શું છે, તેનો વિચાર કર્યાથી, આજ ક્ષણે તારી કાયાની માયા જતી રહેશે અને આજ ને આજ પ્રાણ અધ્યાત્મ રાજ્યમાં વિરાજશે. આજ તું અપ્રમત્ત, મુક્ત, શાંત બનશે. એજ ખરૂં નિર્વાણ છે."

૫૮—मित्तकाली (मित्रकाली)

એનો જન્મ કુરૂરાજ્યમાં એક બ્રાહ્મણને ઘેર થયો હતો. એનો વિશેષ વૃત્તાંત જાણવામાં આવ્યો નથી. એટલું જણાયું છે કે ભિક્ષુણી થયા પછી પણ સાત વર્ષ સુધી તે પોતાના સ્વભાવને વશ કરી શકી નહોતી. તેનો સ્વભાવ ઘણો કજિયાખોર હતો. સાથે રહેનારી ભિક્ષુણીઓ સાથે તે વારંવાર કલહ કર્યા કરતી; પરંતુ પાછળથી તેનામાં ધર્મનું દિવ્ય જ્ઞાન ઉત્પન્ન થયું અને ઘણી સુશીલ તથા શાંત પ્રકૃતિની બની ગઈ. થેરી ગાથામાં ૯૨થી ૯૬ સુધીના શ્લોક તેના રચેલા છે.



૫૯–नंदुत्तरा

બુદ્ધભગવાનના સમયમાં કુરુ રાજ્યમાં કમ્મા સદમ્મ નગરમાં એક બ્રાહ્મણકુટુંબમાં તેનો જન્મ થયો હતો. ઘણું સારૂં શિક્ષણ મેળવ્યા પછી તેણે જૈનોના સંઘમાં પ્રવેશ કર્યો હતો. તેનામાં વ્યાખ્યાન આપવાની શક્તિ ઘણી સારી હતી. જૈનધર્મનો પ્રચાર કરવા સારૂ તેણે ભારતવર્ષના ઘણાખરા નગરોમાં ભ્રમણ કર્યું હતું. એક વખત પ્રસિદ્ધ બૌદ્ધધર્મોપદેશક મહા મોગ્ગલ્લાન સાથે તેનો મેળાપ થયો. બંનેની વચ્ચે ધર્મશાસ્ત્ર સંબંધી ચર્ચા થઇ. શાસ્ત્રાર્થમાં નંદુત્તરાનો પરાજય થયો અને મહા મોગ્ગલ્લાનની સલાહથી તેણે બૌદ્ધધર્મની દીક્ષા લીધી. બૌદ્ધધર્મના એક ઉત્તમ અભ્યાસી સાથે શાસ્ત્રાર્થમાં ઊતરનાર સ્ત્રીમાં તત્ત્વજ્ઞાન કેટલું બધું હશે, તેની કલ્પના થઈ શકે એમ છે. થેરીગાથામાં ૮૭ થી ૯૫ સુધીની ગાથાઓ તેની રચેલી છે, જેનો સારાંશ આ પ્રમાણે છેઃ—

પૂજતી—અગ્નિ, ચંદ્ર, સૂર્ય આદિ સર્વ દેવતાને.

જતી—નદી-તીર્થમાં નિયમિત રીતે સ્નાન કરવા.

પાળતી—કેટલાંએ વ્રત અર્ધા શિર ઉપર લેપ કરીને.

રચતી—ભૂમિશય્યા આખી રાત આહાર તજીને.

સજતી—સ્નાન કરીને વિલેપન કરીને સુંદર પોશાક.

પ્રાપ્ત કર્યો—આખરે ધર્મ, ગૃહ તજીને વિચરૂં છું બધે.

સમજી–કે આ દેહનું મૂલ્ય કાંઇ નથી. કામનાઓ ચાલી ગઈ.

સાઠ્યો—ભવક્ષય; ઉખેડીને ઇચ્છાઓ અને વાંચ્છનાઓ.

છોડી દીધી–સર્વ બાધાઓ, ચિત્ત શાંત છે. સાધના સફળ છે.

૬૦–સકુલા

ગૌતમબુદ્ધના સમયમાં શ્રાવસ્તી નગરીમાં એક બ્રાહ્મણને ઘેર એણે જન્મ ધારણ કર્યો હતો. થેરી ગાથામાં એનું નામ પકુલા પણ લખેલું છે. એની સાંસારિક સ્થિતિ ઘણી સારી હતી. કોઇ વાતનું દુઃખ તેને નહોતું. બુદ્ધદેવે અનાથપિંડદના જેતવનના વિહારનો સ્વીકાર કર્યો, તે સમયે સકુલાને એમનાં પુણ્ય દર્શન થયાં. એના હૃદયમાં બુદ્ધદેવ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થઇ. બૌદ્ધધર્મમાં પણ શ્રદ્ધાનું ઘણું મહત્ત્વ ગાયું છે. ધર્મના ઉપદેશની તેના અંતઃકરણ ઉપર સારી અસર થઇ. સંસારનાં બધાં સુખ તેને મનથી તુચ્છ લાગવા લાગ્યાં. પારલૌકિક સુખને શોધવા તે નીકળી પડી અને બુદ્ધદેવના ભિક્ષુણીસંઘના સમાગમમાં આવી. ત્યાં એને શાંતિ મળી. સંસાર ત્યજી ભિક્ષુણી બની. ત્યાં રહ્યાથી એના મનમાં ઉલ્લાસ આવ્યો, કર્તવ્યભાવના સતેજ થઇ, ભિક્ષુકોના પરમ નૈતિક જીવનથી અંતરવૃત્તિઓ શુદ્ધ થઇ. એમ કર્યાથી એ થોડા સમયમાં અર્હત્પદને પામી. ત્યાર પછી એની ઇચ્છા દિવ્યદૃષ્ટિ પામવાની થઇ. બૌદ્ધધર્મમાં પણ યોગને માન્યો છે અને એ યોગના બળ વડે મનુષ્યોને જુદા જુદા પ્રકારની ઋદ્ધિ મળે છે, એવું તેઓ માને છે. એ ઋદ્ધિને '**અભિજ્ઞા**' કહે છે. **અભિજ્ઞા** છ પ્રકારની છે. એમાંની એક અભિજ્ઞાનું નામ દિવ્યદૃષ્ટિ અથવા દિવ્ય ચક્ષુપ્રાપ્તિ છે. એ સિદ્ધિ પ્રાપ્ત થયાથી યોગ સંબંધી વિચાર કરવાને માટે મનુષ્યની દૃષ્ટિ ચર્મચક્ષુ કરતાં વધારે સૂક્ષ્મ થઇ જાય છે. એ દૃષ્ટિને લીધે તેને કયાંય રોકાવું પડતું નથી. એ શક્તિ વડે મરણ પછી મનુષ્યની કેવી ગતિ થઇ છે તે પણ યોગી જાણી શકે છે. મહાત્મા ગૌતમબુદ્ધે પોતે એ શક્તિનો ઉપયોગ ઘણી વાર કર્યો હતો અને એ અભિજ્ઞા પ્રાપ્ત કરવાનું ભિક્ષુણીઓને પણ શીખવ્યું હતું

સકુલાએ પણ ખંતથી એ સિદ્ધિ પ્રાપ્ત કરી, એટલુંજ નહિ પણ એ સિદ્ધિ ધરાવતી ભિક્ષુણીઓમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું.

થેરીગાથામાં એની રચના છે. આત્મચરિત વર્ણવતાં એ કહે છે કે, "ગૃહસ્થાશ્રમમાં ગૃહિણી તરીકે રહેતી હતી તે સમયે મેં એક ભિક્ષુ પાસે ધર્મની કથા સાંભળી. અચ્યુત નિર્વાણ-પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા મારા હૃદયમાં ઉત્પન્ન થઇ. ધનધાન્ય, પુત્રપુત્રીનો ત્યાગ કરીને, કેશલુંચન કરીને મેં પ્રવ્રજ્યા લીધી. મેં વિચાર્યું કે આ સંસારમાં હવે મારો વાસ નથી. શિક્ષણ-દ્વારા મારે ઉચ્ચ માર્ગે ગમન કરવાનું છે. રાગ–દ્વેષને મેં ત્યજ્યા અને સર્વ પ્રકારના આસવનું દમન કર્યું. પૂર્વજન્મનું સ્મરણ થયું. મારાં દિવ્યચક્ષુ ઊઘડયાં. એ બધું વિશુદ્ધ વિચાર અને સાધનાનું પરિણામ હતું. મનુષ્યનું સમગ્ર જીવન સંસ્કારોનો સંગ્રહ છે. એ સંસ્કારની પાર જઇને મેં મનુષ્યના કર્મ અને બંધનનો હેતુ ખોળ્યો.હવે સર્વ પ્રકારનાં બંધનોને તોડી નાખીને, પાપનો ત્યાગ કરીને શાંત મને મેં નિર્વાણનો પુલ ઓળંગ્યો છે."

૬૧–સુજાતા થેરી

એનો જન્મ સાકેત નગરમાં એક વણિકકુટુંબમાં થયો હતો. એનો પિતા રાજ્યનો કોષાધ્યક્ષ અને ઘણો ધનવાન હતો. મોટી વયની થયા પછી તેના પિતાએ પોતાનાજ જેવા એક કુળવાન કુટુંબના યુવક સાથે તેનું લગ્ન કર્યું હતું. તેમનો ગૃહસંસાર ઘણા સુખમાં ચાલતો હતો. એક દિવસ એ સુંદર વસ્ત્રાલંકાર પહેરીને, અંગ ઉપર ચંદનનો લેપ કરીને તથા દાસીઓને સાથે લઈને અંજન વનમાં ચિત્તવિનોદ કરવા સારૂ ગઇ હતી. ત્યાં આગળ અનેક પ્રકારની મનોરંજક રમતો રમીને એ પાછી આવતી હતી, એ વખતે બુદ્ધદેવનાં દર્શન થયાં. બુદ્ધ-દેવને મુખેથી મુક્તિતત્ત્વ સાંભળ્યાથી તેને સંસાર ઉપર વૈરાગ્ય ઊપજ્યો અને સાકેતનગરમાંજ થેરી થઈ.

થેરીગાથામાં ૧૪૫ થી ૧૫૦ સુધીના શ્લોક તેના રચેલા છે,

૬૨–સોણા

શ્રાવસ્તી નગરીમાં એક કુળવાન ક્ષત્રિયના ઘરમાં એનો જન્મ થયો હતો. લગ્ન થયા પછી એક કુશળ ગૃહિણી તરીકે તે પ્રસિદ્ધિ પામી હતી. તેને સંપત્તિ અને સંતતિ બંને પુષ્કળ હતાં. દશ પુત્રપુત્રીઓની માતા હોવાથી લોકો તેને 'બહુ પુત્તિકા' પણ કહેતા. બાળકોને શિક્ષણ આપવામાં તથા સદાચારી બનાવવામાં તેણે બહુ શ્રમ લીધો હતો. એ કાર્યમાં એણે પોતાની બધી સંપત્તિનો ઉપયોગ કર્યો હતો. એને આશા હતી કે આ પુત્રો વૃદ્ધાવસ્થામાં એની સેવા કરશે, પરંતુ એ આશામાં એને નિષ્ફળતા મળી. એના પતિએ તો પહેલેથી પ્રવ્રજ્યા લીધી હતી. પુત્ર અને પુત્રવધૂથી સતાવાયલી સોણાને સંસારમાં શરણ લેવા યોગ્ય બીજું કોઈ સ્થાન ન જડયું. સંસારનાં સુખોની માયા તોડીને, જનસેવાની વ્રતધારિણી ભિક્ષુણી બનવાનો તેણે સંકલ્પ કર્યો. ભિક્ષુણીસંઘમાં દાખલ થઇને તેણે બુદ્ધદેવનું શરણ લીધું.

સુખ અને વૈભવમાં ઉછરેલી હોવાથી શરૂઆતમાં તો સંઘના નિયમો એને બહુ વસમા લાગ્યા, પણ સંયમ વડે એણે એ નિયમોનું પાલન કરવાની ટેવ પાડી. પુત્રોની વર્તણુંકથી તેને કોઇક વાર ખેદ થઇ આવતો. એ ખેદ દૂર કરવાને માટે એણે 'દ્વત્તિસાકાર' નામનું એક વ્રત કરવા માંડયું. એ વ્રત કરનારને આ માનવી કાયાની બત્રીસ પ્રકારની અવસ્થાનું વારંવાર સ્મરણ કરવાનો નિયમ હતો. એકાંતમાં બેસીને એ સ્મરણ કરતી કે, શરીર કેશ, નખ, દાંત, ચામડી, હાડકાં વગેરે વગેરેનું બનેલું છે; એમાંથી લોહી, થૂંક, પરૂ, મળ, મૂત્ર વગેરે ગંદા સૂગ ચડે એવા પદાર્થો નીકળે છે, વગેરે વગેરે. એ પ્રમાણે વિચાર કર્યાથી શરીર પ્રત્યેનો મોહ છૂટી જતો અને વૈરાગ્યનો ઉદય થઇ, ચિત્તમાં જાગૃતિ આવતી. એ વ્રતથી સોણાના હૃદયનું શલ્ય દૂર થયું,

એ વ્રતની ખાતર એણે ઘણાં જાગરણ કીધાં. હવે લોકોએ એને 'બહુપુત્રિકા' કહેવું છોડી દીધું અને 'આરબ્ધવીર્યા' નામથી બોલાવવાનું આરંભ કર્યું. એક ક્ષણની ફુરસદ મળતી તો એમાં પણ એ પોતાનું વ્રત આદરતી. એક વાર ભિક્ષુણીઓ કામ પ્રસંગે બહાર જતી હતી, ત્યારે સોણાને પાણી ઊનું કરવાનું કામ સોંપતી ગઇ. એ કામનેસારૂ રસોડામાં જતી વખતે પણ તેણે પોતાનું નિત્યકર્મ છોડયું નહિ. આધ્યાત્મિક માર્ગમાં પૂર્ણતા પ્રાપ્ત કરી રહી હતી, એટલામાં બુદ્ધદેવે એક ગાથા ગાઈ કે, "ઉત્તમ ધર્મ પાળ્યા વગર સો વર્ષ સુધી જાગ્યા કરવું, તેના કરતાં ઉત્તમ ધર્મને ઓળખીને એક ક્ષણ જાગવું એ વધારે સારૂં છે." સોણાએ દિવ્યજ્ઞાન દ્વારા એ ગાથા સાંભળી. ઉનામણામાં પાણી ગરમ કરવાનું કામ એને ઠેકાણે રહ્યું અને એના હૃદયમાં એ ગાથા સાંભળતાંવારજ એવું પરિવર્તન થયું કે, એ અર્હંત્-પદને પ્રાપ્ત થઇ. અર્હંત્પદની તો પ્રાપ્તિ થઇ પણ ભિક્ષુણીઓ પાછી આવતાં વઢશે એની એને ચિંતા થવા લાગી. થયું પણ એમજ. થોડી વારમાં ભિક્ષુણીઓ પાછી ફરી અને પાણી ગરમ નહિ મળવાથી સોણાને ઠપકો આપ્યો. સોણાએ શાંતપણે ઉત્તર આપ્યો: "બહેન! તમારે અગ્નિની સાથે શું કામ છે. નહાવાની ઇચ્છા હોય તો બેસો હું ઊનું પાણી તમારે માટે લાવું છું." એમ કહીને એ ચૂલા પાસે ગઇ અને પાણીમાં હાથ ઘાલી જુએ છે, તો ખખળતું પાણી તૈયાર હતું. એક ઘડામાં પાણી કાઢયું, પણ એટલામાં જુએ છે તો ઉનામણો ફરીથી ભરાઈ ગયો છે. કેવો ચમત્કાર! સંઘમાં બધાને ખાતરી થઇ ગઇ કે સોણા અર્હંત્-પદને પામી ગઇ છે. તેમણે નમ્રપણે સોણાની પાસે ક્ષમા માગી.

બુદ્ધદેવે તેની યોગ્યતાનુસાર 'વીર્યવતી ભિક્ષુણી'ઓના વર્ગમાં તેને ઉચ્ચ સ્થાને મૂકી.

એકાંત ધર્મસાધનાના બળે સોણાએ ઉચ્ચ પદ પ્રાપ્ત કર્યું અને જન્મમરણના ફેરામાંથી સદાને માટે બચી ગઇ.

૬૩–ભદ્રા કુંડલકેશા

એના ગૂંચળાદાર સુંદર કેશને લીધે એ ભદ્રા કુંડલકેશા કહેવાતી હતી. એક વખત એ જૈનધર્મ પાળતી હતી તેથી એનું બીજું નામ 'પુરાણુ નિર્ગ્રંથી' પણ છે.

એના જીવનચરિત્રમાં કાંઈક વિચિત્રતા છે. એનો જન્મ રાજગૃહ નગરમાં એક ધનવાન વણિકને ઘેર થયો હતો. યુવાવસ્થાને પ્રાપ્ત થતાં વણિકકન્યા ભદ્રા પોતાના પુરોહિતના પુત્ર સાર્થકના ઉપર મોહી પડી. પરંતુ તેના કમનસીબે બ્રાહ્મણપુત્ર સાર્થક ખરાબ ચાલચલણનો હતો. એક દિવસે ચોરી કરવાના અપરાધ સારૂ રાજા તરફથી તેને એવી સજા કરવામાં આવી કે, એને સિંહના પાંજરામાં પૂરીને સિંહ પાસે ફાડી ખવરાવવો. ઘાતક સિપાઇઓ તેને વધ્યભૂમિ તરફ લઈ જતા હતા, એવામાં ભદ્રાની દૃષ્ટિ તેના ઉપર પડી અને તેણે પોતાના પ્રેમની વાત પિતાને જણાવી. તેના ધનવાન પિતાએ રાજ્યના અમલદારોને પુષ્કળ લાંચ આપીને સાર્થકની સજા માફ કરાવી અને તેનું લગ્ન પોતાની પુત્રી સાથે કર્યું.

સાર્થક કુચરિત્ર હતો. ભદ્રાનાં ઘરેણાંની ચોરી કરવાના ઇરાદાથી તેણે એક વખત કપટપૂર્વક કહ્યું કે, "વહાલિ ! એક વેળા મારા ઉપર મોટી આફત આવી પડી હતી. તે વખતે મેં પર્વતના શિખર ઉપર વસનારા એક દેવતાની માનતા માની હતી કે, હું સજોડે આપનાં દર્શન કરવા આવીશ; માટે તું સુંદર વસ્ત્રાલંકાર પહેરીને મારી સાથે ચાલ. આપણે પર્વતના શિખર ઉપર જઇને દેવતાને પગે લાગી આવીએ." બન્ને જણાં પર્વત ઉપર ચડયાં. પછી ભદ્રાને જ્યારે ખબર પડી કે સ્વામી તો તેને વસ્ત્રલોચન કરીને મારી નાખવા માગે છે, ત્યારે તેણે કહ્યું: "સ્વામીનાથ ! આ અલં-

કાર તમારા છે, આ જીવન પણ તમારૂં છે, મારો વધ શું કામ કરો છો? તથા અલંકાર લઈને નાસી જવાનો ઇરાદો શું કામ રાખો છો?" પરંતુ દુષ્ટ સાર્થકના પથ્થર જેવા સખ્ત હૃદય ઉપર તેની કાંઇ અસર થઇ નહિ. તેણે પોતાનો વિચાર બદલ્યો નહિ. ત્યારે ભદ્રાએ પોતાનો જીવ બચાવવા સારૂ બીજી એક યુક્તિ શોધી કાઢી. તેણે કહ્યું: "પ્રાણનાથ! મને મારીજ નાખવી છે, તો મારી એક વિનતિ સ્વીકારો. મને છેલ્લી વખત પ્રેમપૂર્વક આપને આલિંગન આપવા દો." સાર્થકે તેનો સ્વીકાર કર્યો અને આલિંગન સારૂ હાથ પહોળા કર્યા એટલે ભદ્રાએ તે દુષ્ટને ધક્કો મારીને પર્વત ઉપરથી ગબડાવી મૂક્યો. સાર્થક નીચે પડયો એટલે એ પર્વતમાં વસતા દેવતાએ ભદ્રાની સમયસૂચકતાની ઘણી પ્રશંસા કરી. એ પ્રસંગને લઇને ટીકાકાર ધર્મપાલ લખે છે કે, "પુરુષ શું બધી જગ્યાએ પંડિતાઈ બતાવી શકે છે? રમણી પણ કામ પડયે વિચક્ષણ પંડિતાઇ બતાવી શકે છે."

ત્યાર પછી ભદ્રાએ વિચાર્યું કે, "મારે હવે ઘેર પાછાં જવું એ મિથ્યા છે. હું અહીંથીજ સંસારનો ત્યાગ કરીશ." એ ઉદ્દેશથી એ જૈનોના નિર્ગ્રંથ સંપ્રદાયમાં સામિલ થઈને ભિક્ષુણી બની. ત્યાંની સાધ્વીઓએ તેને પૂછ્યું: "તું કયી શ્રેણીમાં દીક્ષા લેવા માગે છે?" એણે કહ્યું: "સૌથી ઊંચા પ્રકારની." ત્યાર પછી તેમણે કાંસકા વતી તેના સુંદર વાળ કાપી નાખીને દીક્ષા આપી. પરંતુ પાછા જયારે તેના વાળ ઊગ્યા ત્યારે ગૂંચળાંવાળા જણાયા. તેથી તેઓએ તેનું નામ કુંડલકેશા પાડયું. સાધ્વીઓના આશ્રમમાં રહીને ભદ્રાએ જૈનધર્મશાસ્ત્રનું પૂરેપૂરૂં જ્ઞાન મેળવ્યું, પરંતુ એથી તેને સંતોષ ન થયો, એટલે તેમની સંગત છોડીને એ બહાર નીકળી પડી. શાસ્ત્રાર્થ કરવાની તેનામાં અદ્ભુત શક્તિ આવી હતી. રસ્તામાં જે જે વિદ્વાન પંડિતો મળ્યા તેમની સાથે ધર્મ સંબંધી વાદવિવાદ કરવા લાગી; પરંતુ એની શંકાઓનું સમાધાન કરે એવો કોઇ પણ પંડિત તેને મળ્યો નહિ. ત્યાર પછી તે એવું કરવા લાગી કે જે ગામમાં જાય તે ગામની ભાગોળ આગળ રેતીનો ઢગલો કરીને એમાં એક છોડવો દાટતી અને ગામનાં છોકરાંઓને કહેતી કે, "તમે અહીંયાં રમ્યા કરજો અને કોઇ શાસ્ત્રી, પંડિત કે સંન્યાસી મારી સાથે શાસ્ત્રાર્થ કરવાની ઇચ્છા બતાવે તો એને આ છોડવાને પગ તળે કચરી નાખવાનું કહેજો."

એમ કહીને એ ગામમાં ધર્મપ્રચાર સારૂ જતી અને આઠ દહાડા પછી ગામની ભાગોળે આવીને જોતી અને પોતાના છોડને સહી-સલામત દેખીને એને ઉપાડી લઈને આગળ પ્રવાસ કરવા લાગતી.

એક દિવસ ભગવાન બુદ્ધદેવનો શિષ્ય સારિપુત્ત ત્યાં આગળ થઈને જતો હતો. તેના દીઠામાં એ ઢગલો અને પુષ્પનો છોડ આવ્યો. તેણે છોકરાંઓ પાસેથી સર્વ વૃત્તાંત જાણી લઈને કહ્યું: "આ છોડને ચગદી નાખો." સાંજે ભદ્રાએ આવીને જોયું તો છોડ ચગદાઈ ગયો છે, એટલે તે સારિપુત્તની પાસે જઈને પૂછવા લાગી: "આપ મારી સાથે શાસ્ત્રાર્થ કરવા તૈયાર છો ?" સારિપુત્તે હા કહી, એટલે ભદ્રા શ્રાવસ્તી નગરીમાં જઈને અનેક વિદ્વાનોને પોતાનો અને બૌદ્ધ સાધુનો વાદવિવાદ સાંભળવા સારૂ તેડી લાવી. ભદ્રાએ પૂછ્યું: "મહારાજ ! પહેલાં પ્રશ્ન કોણ કરશે ? આપ કે હું ?" સારિપુત્તે ઉત્તર આપ્યો: "સાધ્વિ ! પહેલાં તમેજ પ્રશ્ન કરો. પછીથી હું પ્રશ્ન કરીશ." ભદ્રાએ અનેક પ્રશ્નો કર્યા. તેના ઉત્તર સારિપુત્તે સંતોષકારક આપ્યા, એટલે ભદ્રાને શાંત થવું પડ્યું. છેવટે સારિપુત્તે કહ્યું: "ભદ્રા ! તમે ઘણા પ્રશ્ન કર્યા, હવે મને એકજ પ્રશ્ન પૂછવાની રજા આપશો ?" ભદ્રાએ સંમતિ દર્શાવી એટલે સારિપુત્તે પૂછ્યું: "एकम नाम किम् । જેને આપણે એક કહીએ છીએ તે શું છે ?" આ સાદા પરંતુ ગહન પ્રશ્નનો ઉત્તર ભદ્રાથી દેવાઇ શકાયો નહિ. તે ગભરાઇ ગઇ અને કહેવા લાગી: "ભગવન્ ! મને ખબર નથી" એ ઉપરથી બૌદ્ધ સાધુએ કહ્યું: "તને આ વાતની ખબર નથી તો તું બીજું શું જાણતી હોઇશ ?" એમ કહીને તેને પોતાના ધર્મનો ઉપદેશ આપ્યો. ભદ્રા એ સાધુને ચરણે પડીને કહેવા લાગી: "ભગવાનને શરણે આવું છું" સાધુ સારિપુત્તે કહ્યું: "ભદ્રા ! મારે શરણે ન આવશો. મનુષ્યો અને દેવતાઓમાં શ્રેષ્ઠ એવા મહાપૂજ્ય અમારા ગુરુ ભગવાન બુદ્ધદેવ છે તેને શરણે જાઓ." ભદ્રાએ તેની સલાહ પ્રમાણે બુદ્ધદેવ પાસે જઈને ધર્મોપદેશ ગ્રહણ કર્યો અને ઘણા થોડા સમયમાં તેણે અર્હત્પદ પ્રાપ્ત કર્યું. થેરીગાથામાં ૧૦૭ થી ૧૧૧ સુધીના શ્લોક તેના રચેલા છે.



६४–पटाचारा

પટાચારા એક ઇતિહાસપ્રસિદ્ધ રમણી છે. બૌદ્ધધર્મ-માં ભિક્ષુણી બનતાં પહેલાં એનું નામ શું હતું, તે જાણવામાં આવ્યું નથી. શ્રાવસ્તી નગરીમાં એક શેઠિયાના ઘરમાં તેનો જન્મ થયો હતો. પટાચારા જ્યારે યૌવનને પ્રાપ્ત થઇ ત્યારે તેનાં માતપિતાએ પોતાની ન્યાતના એક ધનવાન વણિકના પુત્ર સાથે તેનું લગ્ન કરવાનો વિચાર કર્યો. પરંતુ પટાચારા તો એ પહેલાં બીજી ન્યાતના એક યુવક સાથે પ્રેમસૂત્રથી બંધાઇ ચૂકી હતી, એટલે તેણે પિતાની ઇચ્છા મુજબ એ ધનવાન વણિકપુત્ર સાથે વેવાહ કરવાની ના કહી. એ વખતમાં નાતજાતનાં બંધનો હાલના જેટલાં દૃઢ નહોતાં; તોપણ પોતાની કન્યા પોતાનીજ ન્યાતના એક તવંગર જુવાનને પરણવાને બદલે પરન્યાતના ગરીબ યુવક સાથે લગ્ન કરે એ વાત પટાચારાનાં માતપિતાને પસંદ પડી નહિ. તેમણે પટાચારાના વિચારને અનુમતિ આપી નહિ, એટલુંજ નહિ પણ એને સખ્ત ઠપકો આપ્યો.

પટાચારાએ જ્યારે જોયું કે માતપિતા મારી પોતાની ઇચ્છાનુસાર લગ્ન નહિજ થવા દે,ત્યારે તે એક દિવસ ગુપ્ત રીતે પોતાના મનપસંદ સ્વામીને લઇને પલાયન કરી ગઈ. તે દંપતી દૂર દેશાવરમાં જઇને વસ્યાં અને વિધિપૂર્વક લગ્ન કરીને સુખપૂર્વક જીવન વ્યતીત કરવા લાગ્યાં. એ દૂર દેશાવરમાં પટાચારાને બે પુત્રસંતાન જન્મ્યાં. માતપિતાનો ત્યાગ કરીને પટાચારા ચાલી આવી હતી; છતાં પણ માતપિતા ઉપરનો તેનો સ્નેહ ઓછો થયો નહોતો. ઘણા લાંબા સમય સુધી વહાલાં માબાપથી વિખૂટી રહેવાને લીધે તેને હવે દેશમાં જવાની ઇચ્છા થઈ. તેણે પતિને પોતાની ઇચ્છા જણાવી. પતિએ તેની ઇચ્છાને માન આપીને દેશમાં પાછા જવાનો સંકલ્પ કર્યો. પતિ અને બે પુત્રને લઇને પટા-

ચારા દેશમાં આવતી હતી, એટલામાં એક દુર્ઘટના બની. પટાચારાના પ્રિય પતિને રસ્તામાં સર્પે દંશ દીધો અને રસ્તામાંજ તેનો પ્રાણ છૂટી ગયો. પટાચારાના બન્ને પુત્ર હજી દૂધપીતાં બાળક હતાં. અભાગિની પટાચારા એ મહાકષ્ટ સહન કરીને કરુણાજનક વિલાપ કરતી કરતી પુત્રોની સાથે રસ્તો કાપવા લાગી; પરંતુ તેના ઉપર બીજી વધારે મોટી આફત આવી પડી. પોતાના નાના બાળકને એક ઝાડ તળે સુવાડીને પટાચારા કાંઇ કામ સારૂ જરા દૂર ગઈ એટલામાં એક જંગલી પક્ષી આવીને એ બાળકને લઇને ઊડી ગયું. આટલું દુઃખ પણ પૂરતું ન હોય તેમ તેના ઉપર એક વધારે વિપત્તિ આવી પડી. તેનો બીજો પુત્ર–તેના જીવનનો એક માત્ર આધાર–તે પણ નદી ઊતરતી વખતે પાણીના પ્રવાહમાં તણાઇ જઇને મરણ પામ્યો.

પટાચારાના શોકનો પાર રહ્યો નહિ. એ ગાંડી થઇ ગઇ. છેલ્લી દુર્ઘટના જે સ્થળે બની હતી તે સ્થાન શ્રાવસ્તી નગરથી ઘણે દૂર નહોતું. ગમે તે પ્રકારે એક વાર શ્રાવસ્તી નગરમાં જઇને માતપિતાનાં દર્શન કરવાની તેને ઇચ્છા થઇ; પરંતુ નસીબ ચાર ડગલાં આગળજ ચાલતું હતું. શ્રાવસ્તી નગરમાં ગયા પછી પટાચારાને ખબર પડી કે તેનાં માતપિતા એક દિવસ વંટોળિયામાં ઘર તૂટી પડવાથી, ઘરની નીચે ચગદાઇ જઇને મરણ પામ્યાં છે.આ સમાચાર સાંભળતાંવારજ પટાચારાના હોશકોશ બિલકુલ ઊડી ગયા. એ ખરેખરી ઉન્માદિની થઇને આખા શહેરમાં ફરીને જોરથી પોતાના દુઃખની કહાણી ગાવા લાગીઃ—

उभो पुत्रा कालंकता पंथे मह्यं पति मतो ।
माता पिता च भ्राता च एकचित कस्मिन्डय्यरे ॥

એ સમયમાં ભગવાન બુદ્ધદેવ શ્રાવસ્તી નગરીમાં વાસ કરતા હતા. તેમના મહિમાની તથા તેમના નવા ધર્મની કથા ચારે તરફ પ્રસરી ગઇ હતી. શોકાતુર રમણી પટાચારા પોતાની શોક–કથા કહેતી કહેતી અશ્રુધારાથી તેમનાં ચરણારવિંદ પ્રક્ષાલન કરતી બુદ્ધ ભગવાનના ચરણમાં જઇને પડી. કેવળ પટાચારાજ નહિ પણ બીજાં પણ અસંખ્ય દુઃખી સ્ત્રીપુરુષો આશ્વાસન લેવાને તથા ધર્મોપદેશદ્વારા શોકસંતપ્ત હૃદયને શીતળ કરવા માટે બુદ્ધદેવ પાસે જતાં. બુદ્ધદેવના પવિત્ર ચરિત્ર તથા મનુષ્યો ઉપરની કરુણાએ સર્વેનાં ચિત્તને તેમની તરફ આકૃષ્ટ કર્યાં હતાં,

પટાચારા જ્યારે બુદ્ધ દેવની પાસે ગઇ ત્યારે દયાળુ બુદ્ધદેવે મીઠાં વચનોથી તેનો સત્કાર કર્યો અને તેને એવો અમૂલ્ય મધુર ઉપદેશ આપ્યો કે એ પોતાનું સઘળું દુઃખ એકદમ વીસરી ગઇ. એ ઉપદેશમાંનું એક વચન ' ધમ્મપદ ' ગ્રંથમાં સમાયલું છે. ' જન્મ અને મૃત્યુ જોયા વગર સો વર્ષ સુધી જીવવા કરતાં તેનું ખરૂં રહસ્ય સમજીને એક દિવસ પણ જીવન ધારણ કર્યું હોય તો તેનું ફળ અધિક છે. '

પટાચારા હવે સંસારત્યાગી ' થેરી ' ભિક્ષુણી બની. જનસમાજની સેવા કરવામાં તથા તેમને ધર્મોપદેશ આપવામાં તેણે પોતાનું જીવન સમર્પણ કર્યું. સેંકડો શોકાતુર રમણીઓ પટાચારા પાસે ઉપદેશ સાંભળવા આવતી, તેના ઉપદેશ અને દિલાસાથી તેઓ થોડા સમયમાંજ પોતાનું દુઃખ વીસરી જતી અને પટાચારાનું શિષ્યત્વ ગ્રહણ કરતી. પિટક ગ્રંથ વાંચતાં જણાઈ આવે છે કે એક વખત પાંચસો સ્ત્રીઓની સભામાં પટાચારાએ એવો સરસ ધર્મોપદેશ આપ્યો હતો કે એ સ્ત્રીઓએ બુદ્ધદેવના નવા ધર્મની દીક્ષા લીધી હતી. પોતાના વ્યાખ્યાનદ્વારા એકજ સાથે આટલી મોટી સંખ્યા ઉપર આવી ગંભીર અસર કરવાનું સદ્ભાગ્ય માત્ર થોડાજ પુરુષ વક્તાઓને પ્રાપ્ત થયું હશે. કોઇ પણ દેશના ધર્મસમાજના ઇતિહાસમાં બૌદ્ધધર્મમાં દીક્ષા પામેલી ' થેરી ' (સ્થવિરા અર્થાત જ્ઞાનવૃદ્ધ) ભિક્ષુણીઓના જેટલી પ્રભાવશાળી રમણીઓની કથા વાંચવામાં આવતી નથી.

' થેરીગાથા ' નામના પુસ્તકમાં પટાચારાની સરળ પ્રાકૃત ભાષામાં રચેલી અનેક ગાથાઓનો સંગ્રહ છે. અઢીહજાર વર્ષ પૂર્વે ભારતવર્ષની સ્ત્રીઓ કેવી સરસ રચના કરી શકતી હતી તેનું ભાન એ ગાથાઓ વાંચવાથી થાય છે. એ ગ્રંથમાં પટાચારાના જેવી બીજી પણ ૭૨ ' થેરી 'ઓની રચેલી ગાથા છે.

એક વખત જેતવનના વિહારમાં ઉત્સવ શરૂ થયો. બુદ્ધદેવે આસન ઉપર બિરાજીને ભિક્ષુણીઓને યોગ્યતાનુસાર પદવી આપવા માંડી. પટાચારાનો વારો આવ્યો ત્યારે **વિનયધરા** ભિક્ષુણીઓમાં તેને અગ્રસ્થાન આપ્યું.

ઉત્તમ ધર્મકથાકાર તથા સંઘનાયિકા તરીકે પટાચારાની ખ્યાતિ સર્વત્ર પ્રસરી ગઇ હતી.

૬૫–ચંદા

એક અત્યંત દરિદ્ર બ્રાહ્મણના ઘરમાં તેનો જન્મ થયો હતો. એક વખત એના ગામમાં કોઈ ચેપી રોગ પ્રસર્યો અને તેનાથી તેના માતપિતા વગેરે સર્વે સગાંસંબંધી મરણ પામ્યાં. ચંદા પાસે ઉદરનિર્વાહનું બીજું કોઇ સાધન નહિ હોવાથી, તેણે ભિક્ષાવૃત્તિનો આશ્રય લીધો. એક દિવસ પરમ સાધ્વી પટાચારા ભોજન કરીને પોતાની શિષ્યાઓ સહિત બેઠી હતી, ત્યાં ચંદા આવીને ઊભી. તેની કંગાલ અવસ્થા જોઇને પટાચારાની શિષ્યાઓને દયા ઊપજી અને તેમણે પોતાના ભાગમાંથી બચેલું ભોજન તેને આપ્યું. તેમના આવા પરોપકારી આચરણથી ચંદા ઘણી પ્રસન્ન થઇ અને તેમને વિનયપૂર્વક નમસ્કાર કરીને તેમની પાસે એક કોરાણે જઈને બેઠી.

એ વખતે થેરીઓમાં શાસ્ત્રસંબંધી ચર્ચા ચાલી રહી હતી. ચંદાને ધર્મશાસ્ત્રની વાતમાં ઘણો રસ પડ્યો. તેને પણ જીવન-મરણના ફેરામાંથી છૂટવાની તીવ્ર ઇચ્છા થઈ અને એ ઇચ્છા પૂર્ણ કરવાના ઇરાદાથી સંસારનો ત્યાગ કરીને તેણે ભિક્ષુણી વ્રતને અંગીકાર કર્યું. પટાચારા જેવી વિદુષી અને પરમ જ્ઞાની સાધ્વીના રાતદિવસના સમાગમથી તથા તેના અમૃતમય ઉપદેશથી ચંદાને થોડા સમયમાં અંતર્જ્ઞાન પ્રાપ્ત થયું અને ત્યાર પછી યથાર્થ સમયે તે અર્હત્પદને પામી.

'થેરીગાથા'માંના ૧૨૨ થી ૧૨૬ સુધીના શ્લોકો ચંદાના રચેલા છે.

૬૬—વાશિષ્ઠી

વૈશાલી નગરમાં એક ધનાઢ્ય અને વૈભવશાળી બ્રાહ્મણકુટુંબમાં તેનો જન્મ થયો હતો. પોતાનાજ જેવા ધનવાન અને પ્રતિષ્ઠાવાન કુળના એક યુવક સાથે તેનું લગ્ન કરવામાં આવ્યું હતું. વાશિષ્ઠીને પતિ ઉપર ઘણો પ્રેમ હતો. બંનેનો સંસાર ઘણા સંપમાં સુખપૂર્વક ચાલતો હતો. થોડા સમયમાં વાશિષ્ઠીએ એક સુંદર સુકુમાર પુત્રને જન્મ આપ્યો. હવે એ દંપતીના સુખનો પાર રહ્યો નહિ; પરંતુ વિધાતાની કળા વિચિત્ર છે. એ પ્રેમી દંપતીના નેત્રમણિ સમાન એ બાળક ચાલવા યોગ્ય થયો તે સમયે વિકરાળ કાળનો ગ્રાસ થયો. એના મૃત્યુથી માતપિતા બંનેને દારુણ શોક થયો.

સગાંવહાલાંઓ વાશિષ્ઠીના પતિને આશ્વાસન આપવામાં રોકાયાં હતાં તેવામાં લાગ સાધીને વાશિષ્ઠી ઘરબારનો ત્યાગ કરીને અરણ્યમાં નીકળી પડી. ફરતી ફરતી એ મિથિલા નગરીમાં આવી પહોંચી અને ત્યાં આગળ મહાસંયમી, પૂજ્યપાદ ભગવાન બુદ્ધદેવનાં તેને દર્શન થયાં. તેમના દર્શનમાત્રથી તેનો શોક જતો રહ્યો અને અંતઃશાંતિને સારૂ તેણે ભગવાન પાસે ઉપદેશ માગ્યો તથા ભિક્ષુણીસંઘમાં દાખલ થવાની ઇચ્છા દર્શાવી. ભગવાન બુદ્ધદેવે તેને ભિક્ષુણીસંઘમાં દાખલ કરી તથા આવશ્યક સંસ્કારપૂર્વક તેને દીક્ષા આપી. સ્વયં બુદ્ધદેવને મુખેથી ધર્મનું રહસ્ય શીખ્યાથી વાશિષ્ઠી ઘણા થોડા સમયમાં અર્હંત્પદને પામી ગઇ.

થેરીગાથામાં ૧૩૩થી ૧૩૮ સુધીના શ્લોકમાં તેણે પોતાનું આત્મચરિત્ર વર્ણવ્યું છે.

૬૭–अनोपमा (अनुपमा)

એને જન્મ સાકેત નગરમાં એક શેઠને ત્યાં થયો હતો. એના અનુપમ રૂપલાવણ્યને લીધે લોકો તેને અનુપમા કહેતા. તેના સૌંદર્યથી મુગ્ધ થઇને અનેક રાજકુમારો, પ્રધાન-પુત્રો તથા શેઠિયાઓ તેના હાથની માગણી કરતા. અનોપમા-ના પિતાને તેઓ અનેક પ્રકારની લાલચો બતાવતા. અનોપમાએ એક દિવસ પિતાને કહ્યું કે, "હું સર્વશ્રેષ્ઠ પાત્રને વરીશ." ત્યાર પછી એણે બુદ્ધ ભગવાનના ચરણકમળનો આશ્રય લીધો. બુદ્ધ ભગવાને તેને ધર્મનો ઉપદેશ કર્યો અને અંતર્જ્ઞાન પ્રાપ્ત થવાને માટે જે સાધન કરવાનું હતું તે સમજાવ્યું. ત્યાર પછી બુદ્ધ ભગવાનની આજ્ઞાથી તેણે થેરીપદ સ્વીકાર્યું. ભિક્ષુણી થયા પછી સાતમે દિવસે તેણે અર્હંતપદ પ્રાપ્ત કર્યું.

થેરીગાથામાં ૧૫૧ થી ૧૫૬ સુધીના શ્લોક તેના રચેલા છે.

૬૮–उत्तरा (बीजी)

એને જન્મ શ્રાવસ્તી નગરીમાં એક ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. યુવાવસ્થા પ્રાપ્ત થયા પછી પટાચારાના ઉપદેશથી તેણે ભિક્ષુણીવ્રત ધારણ કર્યું હતું. એક દિવસ પટાચારાએ શીખવેલી પદ્ધતિ પ્રમાણે ધ્યાન ધરવા સારૂ એ એકાંત સ્થળમાં જઇને આસન વાળીને બેઠી તથા સંકલ્પ કર્યો કે, "જ્યાંસુધી મારા હૃદયને બધી જાતના આસવોના અધિકારમાંથી મુક્ત નહિ કરૂં, ત્યાંસુધી હું અહીંથી ઊઠીશ નહિ." એ પ્રમાણે દૃઢ સંકલ્પ કરીને તેણે ધ્યાન ધર્યું અને થોડા સમયમાં અર્હંત્પદ પ્રાપ્ત કર્યું. થેરીગાથામાં ૧૭૫ થી ૧૮૧ સુધીના શ્લોક તેના રચેલા છે.

૬૧–ગુપ્તા

એ નો જન્મ શ્રાવસ્તી નગરીમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. કુમારી અવસ્થામાંજ તેણે માતપિતાની સંમતિથી સંસારત્યાગ કરીને થેરીવ્રત અંગીકાર કર્યું હતું.

યુવાવસ્થાના પ્રભાવને લીધે એકદમ તેનું મન સંયમમાં આવ્યું નહિ. સંસારના ભોગવૈભવ જોઈને તેનું ચિત્ત એ તરફ આકર્ષાતું. એવે સમયે બુદ્ધ ભગવાને તેને દર્શન આપીને કહ્યું કે, "હે ગુપ્તે! પુત્રપુત્રીવગેરેના સુખની આશાનો ત્યાગ કરીને કુમારી દશામાંજ તેં સંન્યસ્ત ગ્રહણ કર્યું છે. પરમ તત્ત્વ પ્રાપ્ત કરવાને સારૂ હવે તારે સાધના કરવી જોઈએ અને ચિત્તને વશ રાખવું જોઈએ. મનુષ્યોના પ્રલોભનમાં ફસાઈ પડ્યાથી તારે સેંકડો વખત જન્મમરણના ફેરામાં પડવું પડશે; માટે કામનો નાશ કરીને, આત્મા ઉપર વિજય મેળવીને સદાચરણપૂર્વક ચાલ. જીવનનાં અસાર કર્મોનો ત્યાગ કરીને દુઃખ ઉપર વિજય મેળવ. હે ભિક્ષુણિ! સંસારની આસક્તિનાં બધાં બંધનોને તોડી નાખ. રાગ, દ્વેષ, માન, અપમાન, અવિદ્યા અને ઉદ્ધતાઈનો ચિત્તમાંથી સમૂળગો નાશ કર; એટલે દુઃખ તને પીડા આપી શકશે નહિ. જીવનનું રહસ્ય જાણીને તું પુનર્જન્મની ઉપાધિમાંથી મુક્ત થા."

બુદ્ધ ભગવાનના આ સુમધુર ઉપદેશની તેના ઉપર ઘણી પ્રબળ અસર થઈ. તરતજ તેણે અર્હત્પદ પ્રાપ્ત કર્યું.

થેરીગાથામાં ૧૬૩ થી ૧૬૮ સુધીના શ્લોક તેના રચેલા છે.



૭૦–વિજયા

રાજગૃહ નગરમાં કોઈ ક્ષત્રિયને ઘેર તેનો જન્મ થયો હતો. મોટી થયા પછી રાજરાણી ખેમા સાથે તેનાં બહેનપણાં બંધાયાં. ખેમાએ જ્યારે સંસારનો ત્યાગ કરીને થેરીપદ ગ્રહણ કર્યું, ત્યારે વિજયાને વિચાર આવ્યો કે, “મારી સખી રાજવૈભવ છોડીને ભિક્ષુણી બની શકે, તો હું પણ એમ શા માટે ન કરૂં ? અનેક દુઃખોથી ભરેલા આ સંસારમાં શા સારૂ પડી રહું?” એમ વિચારીને એ પણ થેરી બની. ખેમાએ એને ધર્મનું તથા ભિક્ષુણીઓનાં કર્મોનું શિક્ષણ આપ્યું. એ પ્રમાણે ચાલ્યાથી તથા એકાગ્રચિત્તે અભ્યાસ કર્યાથી એ અર્હત્પદને પામી હતી.

થેરીગાથામાં ૧૬૪ થી ૧૭૪ મા શ્લોક સુધીની રચના એની છે. એમાં એ પોતાનો ધાર્મિક અનુભવ વર્ણવે છે કે, “મનની શાંતિ અને વિચારો ઉપર કાબૂ મેળવવા સારૂ હું મારો એકાંતવાસ છોડીને બહાર આવી અને ખેતરેખેતર ફરી. ત્યાર પછી હું ભિક્ષુણી ખેમાની પાસે ગઈ અને તેની આગળ મારા ચિત્તને ડામાડોળ કરી મૂકનારી શંકાઓ જણાવી. તેમની પાસેથી હું દુઃખનું કારણ સમજી અને ધર્મ શીખી; વળી શ્રેષ્ઠ તત્ત્વો તથા ઈંદ્રિય ને બલનું નિદાન જાણ્યું. ધર્મના આઠ માર્ગ અને બુદ્ધની આજ્ઞાઓ પણ શીખી. ભિક્ષુણીની આજ્ઞા માનીને સાધનામાં ચિત્ત પરોવ્યું. રાત્રીને પહેલે પહોરેજ પૂર્વજન્મનાં સ્મરણો ઉદય થઈ આવ્યાં અને રાત્રીના બીજા પહોરમાં દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થયાં. ત્રીજે પહોરે આ ચિત્તમાંથી અંધકારનો નાશ થઈ ગયો. આ પ્રમાણે મનમાં સુખ અને શાંતિ પ્રાપ્ત કરીને ઊંડી સાધનામાં હું સાત દિવસ સુધી બેઠી. સાતમે દિવસે મારો અંધકાર ચાલ્યો ગયો.”

૭૧–ચાલા

મગધ દેશના નાલક નામના ગામમાં એનો જન્મ થયો હતો. એની માતાનું નામ સુરૂપસારી હતું. બ્રાહ્મણી સુરૂપસારીનો પુત્ર સારીપુત્ત હતો. સારીપુત્તે સંસાર ત્યાગીને પોતાના જ્ઞાનને લીધે થેર–સાધુ તરીકે ઘણીજ ખ્યાતિ મેળવી હતી. બુદ્ધભગવાનના આગેવાન શિષ્યોમાં તેની ગણતરી હતી. મોટા-ભાઈએ સંસાર ત્યજીને બૌદ્ધધર્મનો સ્વીકાર કર્યો, ત્યારે ચાલા અને તેની બીજી બે બહેનોએ વિચાર કર્યો કે, “મોટાભાઈ જેવા જ્ઞાની અને વિચારશીલ પુરુષે જે ધર્મ અને આશ્રમનો સ્વીકાર કર્યો છે, તેમાં અવશ્ય કાંઈ ઉત્તમ તત્ત્વ હોવું જોઈએ. એ ધર્મ અસાધારણ હોવો જોઈએ. અમે પણ ભાઈનુંજ અનુસરણ કરીશું.” એમ વિચારીને એ ત્રણે બહેનોએ સંસારનો ત્યાગ કરીને થેરીવ્રત અંગીકાર કર્યું. તેમની યુવાવસ્થા અને સૌંદર્યને જોઈને ‘મારે’ તેમને લલચાવવા અને સંસારની જાળમાં ફસાવવાને ઘણો યત્ન કર્યો. મારની સાથેનો પોતાનો વાર્તાલાપ થેરીગાથા-માં ચાલાએ વર્ણવ્યો છે.

સાધુપંથને અનુસરી, ઇંદ્રિયદમન કરી, શાંતપદ અને સંયમનું સુખ પ્રાપ્ત કરી એ ભિક્ષુણી જગતનાં દુઃખોને ત્યજીને બેઠી હતી; એવામાં મારે આવીને તેને પ્રશ્ન કર્યોઃ “શા ઉદ્દેશથી શિર મૂંડાવ્યું છે અને ચીર ધારણ કર્યું છે? શ્રમણીના જેવો વેશ શા સારૂ ધારણ કર્યો છે? પાખંડીઓના દળમાં તું શા સારૂ દાખલ થઈ છે? કયું ફળ મેળવવાની તારી આશા છે?”

ચાલાએ ઉત્તર આપ્યોઃ “પાખંડી તો એ છે કે, જેઓ જ્ઞાન-દૃષ્ટિહીન છે, ધર્મનું તત્ત્વ જાણતા નથી અને મૂર્ખ છે. શાક્ય-કુળમાં જન્મેલા નરશ્રેષ્ઠે મને ઉપદેશ આપીને બધી બાબતોનું

શિક્ષણ આપ્યું છે. દુઃખનું કારણ તથા દુઃખ શાથી જાય છે, તે હું શીખી છું. આર્યોના ધર્મનાં આઠ અંગનું શિક્ષણ પણ મેં મેળવ્યું છે. એ ગુરુદેવની વાણીને અનુસરીને હું જગતમાં વિચરણ કરૂં છું. તથાગતની સેવા કર્યાથી મેં ત્રિવિદ્યાને પ્રાપ્ત કરી છે. મારી ભોગની તૃષ્ણા મરી ગઇ છે; અંધકાર ચાલ્યો ગયો છે. હે માર ! તું અહીંયાં હણાયો છે. ચાલ્યો જા."

૭૨-વડ્ઢમાતા

એ એક ગુર્જર ભગિની હતી. એનો જન્મ નર્મદા નદીના પવિત્ર તટ ઉપર ભરૂચ (ભૃગુકચ્છ) નગરમાં એક ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. તેને વડ્ઢ અથવા વર્ધક નામનો એક પુત્ર હતો અને એના નામ ઉપરથી એ પણ વડ્ઢમાતા તરીકે ઓળખાય છે. એક ભિક્ષુણીનો ધર્મોપદેશ સાંભળીને તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પોતાના એકના એક પ્રિય પુત્રને કોઇ સંબંધીને સોંપીને તેણે ભિક્ષુણી-વ્રત ગ્રહણ કર્યું. તેનો પુત્ર વર્ધક મોટો થયા પછી માતાનાં દર્શન કરવા સારૂ એક વખત ભિક્ષુણીઓના આશ્રમમાં ગયો. માતાએ ત્યાં આવવા સારૂ ઠપકો આપીને નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો: " હે બેટા વર્ધક ! આ ભવરૂપી ઘાડા જંગલમાં તું ફાંફાં મારતો ફર્યા ન કરીશ. બેટા, ફરી ફરીને જન્મમરણ પામવાને લીધે જે દુઃખ ઉત્પન્ન થાય છે, તે તું વહોરી ન લઇશ. ખરા સુખી તો એજ લોકો છે કે, જેમણે જ્ઞાન વડે બધા સંશય દૂર કર્યા છે; જેઓ શાંત, સંયમી અને આસક્તિ રહિત થઇને આ જગતમાં વાસ કરે છે. ઋષિઓ સદા એજ માર્ગે જાય છે, માટે તું પણ એજ માર્ગ ગ્રહણ કર ને ધર્મમાં ચિત્તને પરોવ."

માતાના ઉપદેશથી સંસાર ઉપરથી સઘળી આસક્તિ કાઢી નાખીને પુત્ર વર્ધક પણ વિહારમાં ગયો અને ત્યાં આગળ એકાંતમાં એકાગ્રચિત્તે ધર્મનું ચિંતવન કર્યાથી અર્હત્પદને પામ્યો.

માતાપુત્રનો વાદવિવાદ થેરી વડ્ઢમાતાએ ૨૦૪ થી ૨૧૨ સુધીના શ્લોક દ્વારા થેરીગાથામાં વર્ણવ્યો છે.



૭૩-उपचाला

એ પણ સાધુ સારીપુત્તની અને આગલા ચરિત્રમાં વર્ણ-વેલી સાધ્વી ચાલાની બહેન હતી. એણે પણ ભાઇના સાધુ થયા પછી સંસારનો ત્યાગ કરીને ભિક્ષુણીવ્રત ધારણ કર્યું હતું. થેરીગાથામાં એની રચના છે. એ સત્યમાં શ્રદ્ધાવાળી, સંયમ ધારણપૂર્વક, સાધુઓને મળતી શાંતિ પ્રાપ્ત કરીને ધર્મમાં નિમગ્ન હતી; એવે સમયે માર તેને ધર્મના માર્ગમાંથી ચળાવવા સારૂ એની પાસે ગયો અને કહેવા લાગ્યો:—

"તને આ મનુષ્યજન્મ પસંદ નથી? જીવને ભોગવવા યોગ્ય સુખ અને ભોગવિલાસ નહિ ભોગવે તો પછી પસ્તાવો થશે." ઉપચાલા તો જ્ઞાની હતી. મારની પ્રપંચજાળમાં ફસાય એવી ન હતી. એણે કહ્યું: "જે જન્મ્યો છે, તેને મરવાનું જરૂર છે. માણસોને હાથે હાથપગ કાપી નંખાવા, કેદ થવું અને વધ થવો આદિ અનેક જાતનાં દુઃખ એને લાગેલાં હોય છે. શાક્યકુળમાં જન્મેલા બુદ્ધ અત્યારે જાગ્રત છે, એમણે મને ઉપદેશ આપ્યો છે, તે વડે હું જન્મને જીતી ગઇ છું. દુઃખ શાથી ઉત્પન્ન થાય છે અને શાથી જાય છે, એ આર્યોના અષ્ટાંગ ધર્મને હું જાણું છું."

૭૪-शिशु उपचाला

એ સાધ્વી ઉપચાલાની નાની બહેન હતી અને એમની માફકજ સાધ્વી થઇ હતી. એને પણ માર લલચાવવા સારૂ આવ્યો હતો; પરંતુ મારને ધર્મનો ઉપદેશ આપીને એણે વિદાય કર્યો હતો.

થેરીગાથામાં ૧૯૬ થી ૨૦૩ સુધીના શ્લોક એના રચેલા છે.

७५–पुण्णिका

બૌદ્ધધર્મના ભિક્ષુસંઘમાં જેવી રીતે સારીપુત્ત, કાત્યાયન વગેરે મોટા તત્ત્વજ્ઞાની ધર્મોપદેશક થઇ ગયા છે, તેવીજ રીતે ભિક્ષુણીસંઘમાં ક્ષેમા, ઉત્પલવર્ણા વગેરે ભિક્ષુણીઓ થઇ ગઇ છે. કેટલેક પ્રસંગે મોટા વિદ્વાન પુરુષોને પણ તેમણે અધિકાર યુક્ત વાણી વડે ઉપદેશ કરીને સન્માર્ગે વાળ્યા હતા. તેમાંની એક પુણ્ણિકા નામની ભિક્ષુણીની ગાથા પાલી ગ્રંથોમાંથી અહીં ઉતારીએ છીએ.

પુણ્ણિકા નામની ભિક્ષુણી સવારમાં ઊઠીને વિહારમાંની ભિક્ષુણીઓ માટે પાણી ભરવા નદી ઉપર ગઇ હતી. ત્યાં એક બ્રાહ્મણ પ્રાતઃસ્નાન કરતો હતો તેને જોઇને તે બોલીઃ–

उदकहारी अहं सीते सदा उदकमोतरिं ।
अय्यानं दंडभयं भीता वाचादो सभमद्दिता ॥
कस्स ब्राह्मणत्वं भीतो सदा उदक मोतरिं ।
बेध मानेहि गत्तेहि सोतं बेदयसे भुसं ॥

આ ટાઢમાં ભિક્ષુણીસંઘના ભયથી (મને દોષ આપશે એવા ભયથી) પાણી ભરવા હું આ પાણીમાં ઊતરૂં છું, પરંતુ હે બ્રાહ્મણ! તારાં આ ઠંડીથી અકડાઇ ગયેલાં ગાત્રથી તું આ પાણીમાં ઊતરે છે તે કોના ભયથી? ઠંડીથી તું અકડાઇ ગયેલો લાગે છે."

બ્રાહ્મણે કહ્યું: "હું પુણ્યકર્મ કરૂં છું અને પાપનો નિરોધ કરૂં છું, એ જાણવા છતાં હે પુણ્ણિકા! તું આ પ્રશ્ન કેમ પૂછે છે? જે કોઈ વૃદ્ધ કે તરુણ પાપ કરે છે, તે પ્રાતઃસ્નાનથી તે પાપથી મુક્ત થાય છે (એ તને ખબર નથી શું?)"

પુણ્ણિકા બોલીઃ "હે બ્રાહ્મણ! સ્નાનથી પાપમુક્ત થવાય છે, એ તું અજ્ઞાનને લીધે કહે છે.

"દેડકું, કાચબો, સાપ, મગર, ઇત્યાદિ પાણીમાં રહેનારાં સર્વ પ્રાણીઓ, સ્વર્ગેજ જવાનાં છે કે શું ?

"બકરાં મારનારા, ડુક્કર મારનારા, માછલાં મારનારા કોળી, પારધી, ચોર, ફાંસીની શિક્ષા થઇ હોય તે માણસો અને બીજા પાપી લોકો સ્નાન કર્યાથી પાપકર્મથી મુક્ત થશે કે શું ?

"હે બ્રાહ્મણ! આ નદીઓ જો તારૂં પાપ વહીને લઇ જશે, તો તે સાથે પુણ્ય પણ લઇ જશે, એટલે તારૂં પુણ્ય પણ જશે.

"માટે હે બ્રાહ્મણ! જે પાપના ભયથી તું નિત્ય આ પાણીમાં ઊતરે છે, તેજ પાપ તું કરીશ નહિ. અમસ્તો ઠંડીથી તારા શરીરને દુઃખી શા માટે કરે છે ?"

પુણ્ણિકાનો આ ઉપદેશ સાંભળીને, બ્રાહ્મણ સંતુષ્ટ થયો અને એક વસ્ત્ર લઇને તેની પાસે આવ્યો અને તેને કહ્યું: "હે પુણ્ણિકે! તેં મને કુમાર્ગેથી સુમાર્ગે વાળ્યો, માટે આ વસ્ત્ર હું તને આપું છું."

પુણ્ણિકા બોલી: "હે બ્રાહ્મણ! તારૂં વસ્ત્ર તારી પાસેજ રહેવા દે, હું તે લેવા ઇચ્છતી નથી. તું જો દુઃખથી બીતો હોય, તને દુઃખ અપ્રિય હોય, તો **એકાંતમાં કે લોકસમૂહમાં તું પાપકર્મ કરીશ નહિ.**

"જો તું પાપકર્મ કરે છે અગર કરીશ તો ગમે ત્યાં નાસી જઈશ, તોપણ તું દુઃખથી મુક્ત થવાનો નથી.

"જો તું દુઃખથી બીતો હોય, તને જો દુઃખ અપ્રિય હોય, તો તું બુદ્ધને અને તેના સંઘને શરણે જા. શીલના નિયમ પાળવાથીજ તારૂં કલ્યાણ થશે."

આ ઉપરથી તે બ્રાહ્મણ બૌદ્ધમતાનુયાયી થયો. સાધ્વી પુણ્ણિકાના ઉપદેશથી સન્માર્ગે ચડેલો એ બ્રાહ્મણ આગળ જતાં મોટો સાધુ થયો, ત્યારે તેણે ઉદ્ગાર કાઢ્યા કે, "પહેલાં હું માત્ર નામનોજ બ્રાહ્મણ હતો; પરંતુ હવે ખરો બ્રાહ્મણ થયો છું. કારણ હવે હું ત્રૈવિધ (બૌદ્ધધર્મમાં કહેલી ત્રણ વિદ્યા જાણનારો) છું, વેદસંપન્ન અને જ્ઞાનસંપન્ન છું. હું પુરોહિત (સ્વસ્તિ સુખના લાભવાળો) છું, સ્નાતક (મુક્ત) છું, ધન્ય છે! વિપથગામીઓને સત્પથગામી કરનારી પુણ્ણિકા જેવી દેવીઓને !*

---

* 'જ્ઞાનસુધા' પૃ. ૨૪, અંક ૧૧ માંના એક લેખમાંથી સાભાર ઉદ્ધૃત.

७६–अंबपाली गणिका

બુદ્ધ ભગવાન એક વખતે વૈશાલી નગરમાં અંબપાલી ગણિકાના આમ્રવનમાં વિશ્રામ કરતા હતા. અંબપાલીને તેમનાં દર્શન કરવાની ઇચ્છા થઇ અને તેથી એ બગીચામાં ગઇ. તેનાં વસ્ત્રાભૂષણ સામાન્ય હતાં છતાં પણ તેનું સૌંદર્ય ઘણું મનોહર લાગતું હતું. તેને આવતી જોઇને બુદ્ધ ભગવાન પણ ક્ષણવાર તેના સામું એકીટશે જોઈ રહ્યા. તેના સૌંદર્યને માટે મનમાં ને મનમાં પોતે બોલવા લાગ્યા: “ આ સ્ત્રી કેવી પરમ સુંદરી છે! મોટા મોટા રાજાઓ પણ તેના રૂપ અને લાવણ્ય ઉપર મોહિત થઇ જઇને તેને વશ થઇ જાય છે, તોપણ એ કેવી ધૈર્યવાળી અને શાંત છે. તેના સ્વભાવમાં ચંચળતા જણાતી નથી. જગતમાં એવી સ્ત્રીઓ દુર્લભ હોય છે.” અંબપાલી આવીને બુદ્ધદેવની પાસે બેઠી. બુદ્ધદેવે તેને ધર્મોપદેશ આપીને તેના ચિત્તમાં રહેલી જરા સરખી ચંચળતા પણ એકદમ દૂર કરી નાખી. તેના હૃદયમાંની વાસનાઓનું તેમણે મૂળમાંથીજ ઉચ્છેદન કરી નાખ્યું. તેનું હૃદય પીગળી ગયું. ધર્મ ઉપર તેનો દૃઢ વિશ્વાસ થયો. બુદ્ધદેવને શરણે આવીને એ ગણિકાએ કહ્યું: “ હે પ્રભો! કાલે આપ શિષ્યમંડળી સાથે મારે ઘેર ભિક્ષા કરવા પધારશો તો હું ઘણીજ ઉપકૃત થઇશ.” બુદ્ધદેવે મૌનભાવે સંમતિ દર્શાવી.

એટલામાં એ નગરના કેટલાક ધનવાન યુવકો સુંદર રથમાં આમ્રવનમાં આવી પહોંચ્યા. એ લોકો રંગબેરંગી વસ્ત્ર અને કિંમતી અલંકારોથી ભૂષિત હતા. બુદ્ધદેવે પોતાના ભિક્ષુશિષ્યોને એ યુવકો બતાવીને કહ્યું: “ જુઓ, આ લોકો કેવા ઠાઠથી આવ્યા છે! જાણે કે દેવતાઓ ભૂમિ ઉપર ક્રીડા કરવા આવ્યા હોય એવા લાગે છે.” તેમણે આવીને બુદ્ધદેવને પ્રણામ કર્યા તથા પોતાને ત્યાં ભોજન કરવા પધારવાનું નિમંત્રણ કર્યું; પરંતુ બુદ્ધદેવ પહેલે-

થીજ ગણિકાનું આમંત્રણ સ્વીકારી ચૂકયા હતા, એટલે તેમને એ ધનિક શેઠિયાઓને ના કહેવી પડી. એ શેઠિયાઓની એવી ઇચ્છા હતી કે, બુદ્ધદેવ ગણિકાનું આમંત્રણ પાછું ઠેલે. તેમણે એટલા સારૂ ઘણી દલીલ કરી અને દલીલથી ન ફાવ્યા ત્યારે નમ્રતાપૂર્વક ઘણાજ કાલાવાલા કર્યા; ભેટની પણ ઘણી લાલચ બતાવી, પણ બુદ્ધદેવ કાંઇ આજકાલના લોભી આચાર્યો જેવા થોડા હતા કે, એવી લાલચોથી ધનવાનનું માન રાખીને ગરીબ ભક્તનો અનાદર કરે ? રાજ્યવૈભવને તો એ પહેલીથીજ લાત મારી ચૂકયા હતા. હવે એમને ધનની શી પરવા હતી ? તેમણે એ યુવકોને સ્પષ્ટ રીતે કહી દીધું કે, "તમે મને આખું વૈશાલી નગર અર્પણ કરી દો, તોપણ હું અંબપાલી ગણિકાના નિમંત્રણનો અસ્વીકાર કરી શકું એમ નથી." એ ધનવાન યુવકો બુદ્ધદેવની વિરુદ્ધ બબડતા ઘેર ગયા.

બીજે દિવસે બુદ્ધદેવ પ્રાતઃકાળમાં નિત્યનિયમથી પરવારી-ને ત્રણ વસ્ત્ર પહેરીને, શિષ્યો સાથે અંબપાલીને ઘેર પધાર્યા.

અંબપાલીએ ગણિકાના ધંધામાં અઢળક ધન પેદા કર્યું હતું. તેનું ઘર એક રાજાના મહેલ જેવું ભવ્ય હતું. ઘરની આસ-પાસ સુંદર બગીચો લાગ્યો હતો. આજ બુદ્ધદેવના સત્કારાર્થે તેણે ઘરને શણગારવામાં કાંઇ મણા રાખી નહોતી. જાતજાતનાં ભોજનો તેમને સારૂ તૈયાર કર્યાં હતાં એ સ્વાદિષ્ટ ભોજનથી તેણે બુદ્ધદેવને તૃપ્ત કર્યા. ભોજન કરી રહ્યા પછી હાથ જોડીને ભગવાન બુદ્ધને નિવેદન કર્યું કે, "મહારાજ ! મારા આ બાગ-બગીચા, મહેલ તથા અલંકાર એ બધું હું આપને તથા આપના સંઘને સમર્પણ કરૂં છું. આ ક્ષુદ્ર ઉપહારનો સ્વીકાર કરીને મારો અભિલાષ પૂર્ણ કરો." બુદ્ધદેવે તેણે પ્રીતિપૂર્વક આપેલા ઉપ-હારનો સ્વીકાર કર્યો તથા તેને ઘણો ઉત્તમ ધર્મોપદેશ આપીને પોતાની શિષ્યા તરીકે દીક્ષિત કરી.

બુદ્ધદેવ એ નગરીમાંથી બીજે સ્થળે પધાર્યા પણ અંબપાલી ગણિકા નવજીવન પ્રાપ્ત કરીને જનસમાજની સેવા કરવામાં તથા ધર્મનું ચિંતન કરવામાં પ્રવૃત્ત થઇ.

૭૭-રોહિણી

વૈશાલી નગરીમાં એક ધનાઢ્ય બ્રાહ્મણને ઘેર એનો જન્મ થયો હતો. ધર્મનું જ્ઞાન એને બાલ્યાવસ્થામાંજ થયું હતું. સાધુસંત ઉપર તેની વિશેષ પ્રીતિ હતી. એક દિવસ તેના પિતાએ તેને કહ્યું: “ રોહિણિ! રસ્તામાં શ્રમણ (ભિક્ષુક) ચાલ્યો જતો હોય છે તો તું તેને બોલાવે છે તથા મને કહે છે કે આ શ્રમણનાં દર્શન કરો. તું સદા શ્રમણના ગુણ ગાયા કરે છે. શું તારો વિચાર પણ શ્રમણી થવાનો છે કે? શ્રમણ આવતાં-વારજ તું તેને અન્નદાન કરે છે. એ લોકો તને શા સારૂ એટલા બધા પ્રિય છે! જે લોકો આળસુ અને પારકાના દાનથીજ પેટ ભરનારા, લોભી અને સારૂં સારૂં ખાવાના શોખીન હોય છે, તેવાઓ ઉપર તને પ્રીતિ કેમ ઉત્પન્ન થાય છે?” એના ઉત્તરમાં રોહિણીએ કહ્યું કે, “ પિતાજી! આપે આનો આ પ્રશ્ન ઘણીવાર પૂછ્યો છે. આજે હું આપની આગળ એ સાધુઓના સદ્‌ગુણોનું, તેમના ડહાપણનું તથા તેમનાં સત્કાર્યોનું થોડુંક વિવેચન કરીશ.

“ એ લોકો આપને નિરુદ્યમી અને આળસુ દેખાય છે, પરંતુ ખરૂં જોતાં તેઓ દરરોજ ઉત્તમોત્તમ કર્મ કરે છે. તેઓ રાગદ્વેષનો નાશ કરે છે, તેથી તેઓ મને પ્રિય છે. પાપનાં જે ત્રણ મૂળ છે, તેને તેઓ જડમૂળથી ઉખેડી નાખે છે. તેઓ શુદ્ધ ચિત્તવાળા અને પાપશૂન્ય છે, તેથી તેઓ મને આટલા બધા પ્રિય છે. તેમનાં કાયા, મન અને વચન પવિત્ર હોય છે, તેમનું જીવન પુણ્યકર્મમય છે. એવા સાધુઓ હે પિતાજી! કોને પ્રિય ન લાગે? વળી એ લોકો શાસ્ત્રમાં પ્રવીણ અને ધર્મમાં દક્ષ છે, એમનું જીવન પણ આર્યશાસ્ત્રને અનુકૂળ છે, તેઓ એકાગ્રચિત્ત છે, તેથી હું તેમને ચાહું છું. એમનો ભ્રમ દૂર થયો છે, એમની ઇંદ્રિયો સંયમમાં

આવી છે, તેઓ દુઃખનું નિદાન જાણે છે, તેથી એ શ્રમણો ઉપર મને પ્રીતિ ઊપજે છે. ગામના રસ્તામાં થઈને રોજ જાય છે તો એ કોઈના સામું ઊંચી નજરે જોતા નથી. ભોગવૈભવ અને સંપત્તિ તરફ તેઓ ઉપેક્ષા રાખે છે. પોતે કોઠારમાં ધનધાન્યનો સંચય કરતા નથી, પરંતુ જે સારરૂપી ધન છે તેની શોધ કર્યા કરે છે, એટલા સારૂ તેઓ મને પ્રિય લાગે છે. સોનારૂપાને કદી સ્પર્શ કરતા નથી, જે કાંઇ મળી આવે છે તેનાથી ગુજરાન ચલાવે છે, જુદા જુદા દેશો અને જુદાં જુદાં કુટુંબોમાંથી આવીને તેઓ એકઠા થયા છે અને એક બીજા ઉપર સ્નેહ રાખીને હળીમળીને રહે છે. એ ગુણોને લીધે શ્રમણ મને પ્રિય લાગે છે.”

રોહિણીનો એ ઉત્તર સાંભળીને પિતા ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યાઃ “તારા જેવું કન્યારત્ન મારા ઘરમાં ઉત્પન્ન થયું તેથી હું પોતાને ધન્ય ગણું છું. બુદ્ધ ભગવાનમાં, ધર્મમાં અને સંઘમાં તારી અત્યંત શ્રદ્ધા અને ભક્તિ છે. તને આ ઉત્તમ વિચાર ઉત્પન્ન થયો છે એ તારા આગલા જન્મનાં પુણ્યનો પ્રભાવ છે. અમે પણ આજથી શ્રમણોની સેવાચાકરી કરીશું, જેથી અમે પણ પુષ્કળ પુણ્યનો સંચય કરવા પામીશું.” ત્યાર પછી રોહિણીએ કહ્યું કે, “પિતાજી! જો ખરેખરજ આપને દુઃખ અપ્રિય થઈ પડ્યું હોય અને પાપનો ડર લાગતો હોય, તો બૌદ્ધધર્મના સંઘના ચરણનો આશ્રય લો અને તેના ઉત્તમ ઉપદેશ પ્રમાણે સદાચારયુક્ત જીવન ગાળો, એટલે તમારૂં જીવન સફળ થશે.”

પુત્રીના ઉપદેશથી માતાપિતાએ બૌદ્ધધર્મના સંઘનું શરણુ લીધું, સદાચરણ અને ધર્મચિંત્વનથી તેમનાં પાતકનું નિવારણ થયું અને તેઓ શ્રોત્રિયસ્નાતક થયા.

રોહિણી પણ માતપિતાને ઉપદેશ આપ્યા પછી થેરી થઇ અને પોતાના જ્ઞાન અને કર્મના પ્રતાપે અર્હંત્‌પદને પામી ગઇ.





૭૮–સુંદરી

બનારસ નગરમાં, સુજાત નામના એક બ્રાહ્મણના ઘરમાં તેનો જન્મ થયો હતો. તેના અપ્રતિમ સૌંદર્યને લીધે લોકો તેને સુંદરી કહેતા હતા. સુંદરી મોટી થઈ ત્યારે નાના ભાઇનું મૃત્યુ નીપજ્યું. એના પિતાને એથી ઘણો ઊંડો ઘા લાગ્યો અને એ શોકવિહ્વળ ચિત્તે ચારે તરફ ફરવા લાગ્યો. એવામાં એક દિવસ થેરી વાશિષ્ઠીનાં તેને દર્શન થયાં. સુજાતે એમને પૂછ્યું કે, “મેં સાંભળ્યું છે કે આપનાં તો ઘણાં સંતાન મરણ પામ્યાં હતાં અને તમે રાત્રિદિવસ રુદન કરતાં હતાં, પરંતુ હવે તમે એ બધા ઊંડા શોક–પરિતાપને સમાવીને શાંત થઇને બેઠાં છો, તેનું શું કારણ?”

વાશિષ્ઠીએ ઉત્તર આપ્યો: “હા, એકબે નહિ, પાંચસાત નહિ, પણ સેંકડો પુત્રો અને સંબંધીઓ તેં અને મેં આગલા જન્મોમાં ખોયાં છે; પરંતુ હે બ્રાહ્મણ! જન્મ અને મરણને કેવી રીતે ટાળી શકાય એ હું શીખી છું, તેથી શોક અને દુઃખને લીધી હું હવે ડરતી નથી.” સુજાતે પૂછ્યું: “દેવિ! તમારી વાત સાચી છે. તમને એ જ્ઞાન ક્યાંથી મળ્યું? કોના ધર્મોપદેશથી તમે આવી સુંદર આશ્વાસનભરી વાણી બોલી રહ્યાં છો?”

વાશિષ્ઠીએ કહ્યું: “બ્રાહ્મણ! મેં એ સર્વ જ્ઞાન બુદ્ધ ભગવાન પાસેથી મેળવ્યું છે. હાલમાં પોતે મિથિલા નગરમાં બિરાજે છે અને લોકોને ધર્મદીક્ષા દઇને તેમનાં દુઃખોનું નિવારણ કરે છે. એ ભગવાનના મુખેથી ‘નિરુપધિ’* ધર્મનું રહસ્ય સાંભળ્યા પછી મને ધર્મનું યથાર્થ જ્ઞાન ઊપજ્યું અને માતા તરીકેનો મારો શોક વિસારે પડ્યો.”

---

* ‘નિરુપધિ’ ધર્મ અહીં નિષ્કામ ધર્મના અર્થમાં વપરાયો છે. પુનર્જન્મનો ફેરો ટળે એવા ઉપાયો જેમાં હોય તેને પણ ‘નિરુપધિ’ ધર્મ કહે છે.

સુજાતને પણ એ સમયથી બુદ્ધદેવ તરફ શ્રદ્ધા ઉત્પન્ન થઇ અને તેણે તેમની પાસે જઇને દીક્ષા લીધી. એ સમાચાર બનારસ શહેરમાં સુજાતની પત્ની પાસે પહોંચ્યા ત્યારે તેને ઘણો શોક થયો; પરંતુ સુંદરીએ કહ્યું કે, "પુત્રશોકને લીધે પિતાજીએ સંસારનો ત્યાગ કરીને સંન્યસ્ત ગ્રહણ કર્યું છે, તો હું પણ ભ્રાતૃશોકને લીધે પિતાનું અનુસરણ કરીને થેરીવ્રત ધારણ કરીશ."

સુંદરીની માતાએ તેને ધનવૈભવની ઘણી લાલચ બતાવી પણ તે પોતાના સંકલ્પમાં દૃઢ રહી, એટલે માતાએ તેને સંસારત્યાગ કરવાની રજા આપી. કુમારી અવસ્થામાંજ સુંદરીએ દીક્ષા લીધી. ત્યાં આગળ એકાગ્રચિત્તે ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યાથી તથા શાસ્ત્રાનુકૂળ આચરણ કરવાથી તે અર્હત્પદને પામી. ત્યાર પછી એ ગુરુની આજ્ઞા લઇને બીજી કેટલીક ભિક્ષુણીઓની સાથે ધર્મોપદેશ કરવા નીકળી પડી. તેના ઉપદેશથી તેની માતા તથા બીજાં કેટલાંક સગાંસંબંધીઓએ પણ બુદ્ધદેવનું શરણ લીધું.

થેરીગાથામાં ૩૧૨ થી ૩૩૭ સુધીના શ્લોક તેના રચેલા છે.

૭૯–ચાપા

ગયા જિલ્લાની દક્ષિણમાં જે વનભૂમિ છે તેનો એક ભાગ અતિ પ્રાચીન કાળમાં બંકહાર દેશના નામથી પ્રસિદ્ધ હતો. એ દેશમાં નાલ નામના એક ગામડામાં એક પારધીના ઘરમાં ચાપાનો જન્મ થયો હતો. ચાપાએ જ્યારે યૌવનમાં પ્રવેશ કર્યો, ત્યારે ઉપક નામના એક સંસારત્યાગી ભિક્ષુએ (બૌદ્ધ અથવા જૈન ધર્મનો નહિ) ચાપાના પિતાના ઘરમાં ભિક્ષા સારૂ આશ્રય લીધો હતો. એ પ્રકારના ભિક્ષુઓને આજીવક કહેતા હતા. આજીવક ઉપક, ચાપાના ઉપર પ્રેમથી આસક્ત થઇ ગયો અને તેના પિતાની રજા માગીને તેની સાથે પરણ્યો. ઉપકે સંન્યસ્તાશ્રમનો ત્યાગ કરીને ઘણા દિવસ સુધી મૃગ પકડનારા વ્યાધનું કામ કર્યું. પાછળથી ઉપક બૌદ્ધધર્મ ગ્રહણ કરીને થેર–સાધુ થયો. ચાપા પણ થેરી–સાધ્વી બની. થેરીગાથામાં ૨૯૧ થી ૩૧૧ સુધીના શ્લોક તેના રચેલા છે. એમાં એણે પોતાના પતિની કથા કહી છે.



૮૦–શુભા (સોનીની કન્યા)

એ એક સોનીની કન્યા હતી. તેનો નિવાસ રાજગૃહમાં હતો. એ ઘણી સૌંદર્યવતી હોવાથી એનું નામ શુભા પાડવામાં આવ્યું હતું. એની બુદ્ધિ ઘણી તીવ્ર હતી અને જ્ઞાન પ્રાપ્ત કરવાની તૃષ્ણા પુષ્કળ હતી. એક દિવસ બુદ્ધદેવ રાજગૃહમાં પધાર્યા ત્યારે શુભા એમનાં દર્શન કરવા સારૂ ગઇ અને પ્રણામ કરીને એક બાજુએ બેસી ગઇ. બુદ્ધદેવને નીતિસંબંધી એના ઊંચા વિચારો તથા વિકસિત જ્ઞાનની ખબર પડી એટલે એમણે એને ધર્મોપદેશ આપ્યો. ઘરમાં રહીનેજ એણે ઘણો વખત સાધના કરી, પરંતુ સંસારની જંજાળ ધાર્મિક ઉન્નતિમાં બાધક જણાતાં મહાપ્રજાપતિ ગોતમી પાસે દીક્ષા લઇને સાધ્વી બની.

એ પ્રસંગનું વર્ણન કરતાં એ પોતે રચેલી ગાથામાં કહે છે કે, “ યૌવનમાં ધોળાં વસ્ત્ર પહેરીને એક વાર હું ધર્મકથા સાંભળવા ગઇ હતી. મારા અપ્રમત્ત ચિત્તમાં એ સમયે સત્યનો ઉદય થયો. મારા મનમાં બધાં કામ અને ભોગ પ્રત્યે દારુણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. સંસારમાં યાત્રા કરતાં જેટલી વિપત્તિઓ નડવાનો સંભવ હતો તેનો મેં વિચાર કર્યો અને એ સંસારનો ત્યાગ કરવાની ઇચ્છા થઇ. પછી મેં જ્ઞાતિ, દાસ, ગામ, ખેતરો અને ભોગની બધી સામગ્રીઓનો ત્યાગ કર્યો. જેટલું તજવા લાયક હતું તે બધાનો ત્યાગ કરીને પ્રવ્રજ્યામાં પ્રયાણ કર્યું. શ્રદ્ધાપૂર્વક સંન્યાસિની વ્રત પાળ્યાથી સુંદર સદ્ધર્મ શીખી. મારી વિપુલ સંપત્તિ સામું મેં ઝાંખ્યું પણ નહિ. સોનારૂપાનો એક વાર ત્યાગ કર્યા પછી કયો સાધુપુરુષ એના તરફ ફરીથી ઝાંખે છે? સોનારૂપાથી કદી ચિત્તને શાંતિ મળતી નથી. શ્રમણને ચિત્તમાં (ધર્મરૂપી) વિત્ત મળે છે, તેની સરખામણી આર્યધર્મમાં બીજા કશા સાથે થાય એમ નથી. * * જે લોકો ધન વડે છકી ગયેલા અને મોટા છે, તેઓના મનમાં ઘણો કલેશ રહે છે, કેમકે ધનના લોભને લીધે બધા એકબીજા

ઉપર શત્રુરૂપે આક્રમણ કરે છે. જે લોકો ભોગવિલાસમાં નિમગ્ન છે, તેમને બહુ દુઃખ વેઠવાં પડે છે. મૃત્યુ, કેદખાનું, વેદનાઓ, શોક, આફત અને વિલાપ એ બધું તેમને વેઠવું પડે છે. હે જ્ઞાતિબંધુઓ! તમે શત્રુરૂપ થઇને મારા ચિત્તને ભોગવિલાસમાં શા માટે ફસાવવા માગો છો? માથું મૂંડાવી હું પ્રવ્રજ્યા કરૂં છું, ભિક્ષુણીઓના જેવાં ચીર પહેરૂં છું, ઘેરઘેર ભિક્ષા માગીને જે કાંઇ મળે છે તેથી નિર્વાહ કરૂં છું. મારાં લૂગડાંમાંયે થીંગડાં વાગેલાં છે. આ પ્રમાણે હું ગૃહહીન સંન્યાસિની બની છું. મોટા ઋષિઓ મર્ત્યલોક તથા સ્વર્ગલોક બન્નેના ભોગવિલાસોનો ત્યાગ કરે છે. મુક્તચિત્ત અને ક્ષેમમય થઇને તેઓ ખૂટે નહિ એવું સુખ પામે છે, માટે મને ભોગમાં ફરીથી મગ્ન ન થવા દો, એથી આ ભવસાગરમાંથી મારૂં પરિત્રાણ નહિ થાય. કામવાસનાઓ શત્રુ છે, હણનારી છે અને સળગતા અગ્નિની પેઠે બાળી નાખનારી છે. * * * મોહવશ થઇને કામરૂપી કીચડમાં આ પૃથ્વીમાંનાં ઘણાં સ્ત્રીપુરુષો પડે છે. તેમને ખબર નથી કે જન્મમરણનો ક્ષય શાથી થાય છે; કામવશ થઇને મનુષ્યો દુર્ગતિને માર્ગે જાય છે અને એમ કરીને પોતાને હાથે પોતાના પગ ઉપર કુહાડો મારે છે."

આ પ્રમાણે બહુ વિસ્તારથી મધુરી વાણીમાં કામનાઓ અને ભોગવિલાસથી મનુષ્યને કેટલી હાનિ પહોંચે છે તેનું વર્ણન કરી ફરીથી સંસારબંધનમાં ન ફસાવાનો નિશ્ચય કર્યો અને એકાગ્ર ચિત્તે લાગલાગટ ધર્મની સાધના કરી. આઠમે દિવસે ભગવાન બુદ્ધે એને એક વૃક્ષ નીચે તપસ્યા કરતી જોઇ. પોતે ઘણાજ પ્રસન્ન થયા અને પોતાના શિષ્યોને કહેવા લાગ્યા: "જુઓ! પેલી સોનીની કન્યા શુભા વૃક્ષના મૂળ આગળ ધ્યાનમાં નિમગ્ન થઇને બેઠી છે. ધર્મને લીધે તેણે શાંતિ પ્રાપ્ત કરી છે. જગતનાં બધાં દુઃખ એ વીસરી ગઇ છે. ઉત્પલવર્ણાની પાસે દીક્ષા લઇને એણે પ્રવ્રજ્યા ધારણ કર્યે આઠમો દિવસ છે. ધર્મ અને ત્રિવિદ્યાથી ભૂષિત થયેલી વિનયી શુભાને જુઓ! આજ તેનું મૃત્યુ દૂર ગયું છે. અત્યાર સુધી દાસી હતી, હવે એ મુક્ત, જિતેંદ્રિય નિર્મળ ભિક્ષુણી બની છે. એનાં બંધનો છૂટી ગયાં છે. હવે પાપહીન બની ગઇ છે."

એમ કહેવાય છે કે બુદ્ધ ભગવાનને મુખે આવી પ્રશંસા સાંભળીને ઇંદ્ર આદિ દેવતાઓ પણ ઘણા પ્રસન્ન થયા. તેમણે સુવર્ણકારદુહિતા શુભાની પૂજા કરી.

૮૧-શુભા જીવકંબવનિકા

એ એક ઘણા પ્રસિદ્ધ બ્રાહ્મણની કન્યા હતી. રાજગૃહ નગરમાં તેનો જન્મ થયો હતો. એનો દેહ ઘણો ઘાટદાર અને સુંદર હતો. બુદ્ધદેવ રાજગૃહમાં બિરાજતા હતા એ વખતે એણે એમની પાસે દીક્ષા લીધી હતી અને સંસારનો ત્યાગ કર્યા વગર ઘરમાંજ ધર્મસાધના કરતી હતી. પાછળથી ઇંદ્રિયોના સુખો પ્રત્યે અરુચિ ઉત્પન્ન થતાં અને વૈરાગ્યથી મળતી શાંતિનું ભાન થતાં એ મહાપ્રજાપતિ ગૌતમીના સ્થાપેલા ભિક્ષુણીસંઘમાં દાખલ થઇ.

બિંબિસાર રાજાના વૈદ જીવકે રાજગૃહ નગરમાં એક સુંદર બગીચો બનાવ્યો હતો. એ ઉદ્યાનમાં પુષ્કળ આંબાનાં વૃક્ષ હોવાથી એ આમ્રકાનન નામથી પ્રસિદ્ધ હતું. સાધુમનુષ્યોને ધર્મસાધના કરવાને એ એકાંત મનોહારી સ્થળ ઘણું અનુકૂળ હતું. શુભા એક દિવસ ત્યાં જઈ રહી હતી, તે વખતે એક સુંદર, સ્વચ્છંદી, ધૂર્ત યુવક તેને મળ્યો અને શુભાના સુંદર રૂપથી લલચાઇને તેનો માર્ગ રોકીને ઊભો. શુભાએ તેને કહ્યું: “ભાઇ! મેં તારો શો અપરાધ કર્યો છે? શા માટે મારો માર્ગ રોકે છે? પ્રવ્રજિતા સ્ત્રી સાથે આવું અધમ આચરણ શા સારૂ કરે છે? હે મિત્ર! કોઇ પણ પુરુષે એવું કરવું ઘટતું નથી. મેં મારા પવિત્ર ગુરુજી પાસેથી એવું શિક્ષણ મેળવ્યું છે. એજ પવિત્ર બ્રહ્મચર્યવ્રતમાં અમે ભિક્ષુણીસંઘની પરિવ્રાજિકાઓ ટેવાયલી છીએ. શા માટે તું મારો માર્ગ રોકીને ઊભો છે? હું શુદ્ધ છું, તારૂં મન મેલું છે. હું વાસનાથી મુક્ત છું, તારા હૃદયમાં અધમ વાસનાઓ ભરેલી છે. હું પાપભોગશૂન્ય છું, તો પછી તું મને હેરાન કરવા સારૂ શા માટે ઊભો છે?”

એ યુવક પોતાની વાસના તૃપ્ત કરવા સારૂ તેનું મન પોતાની તરફ વાળવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એ ઉદ્દેશથી તેણે સહાનુ-

ભૂતિ અને લાલચ બન્ને બતાવવા માંડ્યાં અને કહ્યું: "તું નિષ્પાપ યુવતી છે! તું શા માટે ભિક્ષુણી બની છે! ભગવાં વસ્ત્ર કાઢી નાખ; આ રમ્યવનમાં ચાલ આપણે રમીએ. કુસુમિત વૃક્ષો મધુર સુગંધ પ્રસારી રહ્યાં છે. આ બેસતી વસંત ઋતુ છે; ચાલ આપણે પુષ્કળ સુખ ભોગવીએ. પવનના હલાવ્યાથી ફૂલવાળાં વૃક્ષો મૂળથી તે ટોચ સુધી હાલી રહ્યાં છે! એકલી આ વનમાં ગયાથી તને શું સુખ મળવાનું છે! નાના પ્રકારના મૃગ અહીંયાં ફરે છે, મસ્ત હાથીઓ અહીં ફરી રહ્યા છે. આવા દારુણ ભયંકર વનમાં તું એકલી શા માટે જાય છે? સુવર્ણના જેવી ઝગમગતી સ્વચ્છ બનારસી સાડી પહેરીને ચિત્રરથમાં બેસીને, હે સુંદરિ! તું અપ્સરાની પેઠે આ વનમાં ભ્રમણ કર! હે કિન્નરલોચને! મને આ સંસારમાં તારા જેટલું પ્રિય કોઇ નથી. હું તારો દાસ છું. હું તારી સાથે સાથે આ બગીચામાં ફરીશ. મારૂં કહ્યું માનીને મારે ઘેર ચાલીશ તો મહેલમાં નિવાસ કરવાનો મળશે, દાસીઓ સેવામાં હાજર રહેશે. ઝીણી બનારસી સાડી પહેરીશ, ગળામાં કંઠાઓ ધારણ કરીશ, મુખ ઉપર સુગંધી પદાર્થ ચોળેલા હશે અને તારૂં આખું અંગ મોતી અને હીરાના દાગીનાઓથી શણગારવામાં આવશે. સુખડના પલંગ ઉપર, અત્તરો છાંટેલા, કોમળ બિછાના અને સુંદર ચાદરો તથા નવા ઓશીકા અને મચ્છરદાનીવાળી સેજ ઉપર તને સૂવાનું મળશે. આ દુનિયામાં કોઇને ન મળે એવું ખીલેલા કમળ જેવું અંગ બ્રહ્મચર્ય વડે શા સારૂ સૂકવી નાખે છે"

શુભાએ તેને ઉત્તર આપ્યો: "ભાઇ! તને મારી ઉપર આટલો બધો અનુરાગ શાને ઊપજ્યો છે? આ મારૂં શરીર તો શબપુરી છે. આ મારૂં કલેવર તો શ્મશાનની માટીમાંજ વધારો કરનારૂં છે, તો પછી એ શરીર ઉપર તું ભાન ભૂલી જઇને આટલો બધો મોહ કેમ પામી જાય છે?"

પરંતુ આ શબ્દોની એ ધૂર્ત ઉપર કાંઇ અસર થઇ નહિ. એ અતિશય કામાસક્ત હતો.શુભાની કમલ સરખી આંખ, હરિણી શી ચાલ એ બધાનું પ્રશંસાપૂર્વક વર્ણન કરીને એણે પ્રેમભિક્ષા માગી. શુભાએ એ વખતે જરા ગુસ્સે થઇને કહ્યું: "કુમાર્ગે જવા માગે છે? ચંદ્રમા સાથે રમવા માગે છે? મેરુ પર્વતને કૂદી જવા માગે છે? બુદ્ધ–સુતાને પોતાના ઘરમાં રાખવા માગે છે? મૂર્ખ ચાલ્યો જા! મને ભોગવિલાસ ભોગવવાની તૃષ્ણા જરાયે નથી. મારે આ

લોકનાં કે સ્વર્ગલોકનાં સુખ નથી જોઇતાં. ધર્મનું પાલન કર્યાથી એ વાસનાઓ મારામાંથી ક્યારનીયે મરી ગઈ છે. સળગતા અંગારાની સમાન અને ઝેરના પ્યાલાની સમાન ગણીને મેં વિષયવાસનાઓને સમૂળગી તજી દીધી છે. મારે તારી પાસેથી કાંઇ નથી જોઇતું. જેને મારા જેવું સત્યનું જ્ઞાન ન થયું હોય, જેનો ગુરુ પોતે કોઈ શિખાઉ હોય તેવી સ્ત્રીની આગળ જઇને તું આ બધી લાલચો બતાવજે; મારી આગળ તો તું પરાજિત થયો છે. મારૂં ચિત્ત સાફ છે. સુખદુઃખ કે પ્રેમ કશાની મને પરવા નથી. આ જન્મને હું અશુભ ગણું છું. સંસારના કોઇ સુખમાં મારૂં ચિત્ત ચોટતું નથી. હું બુદ્ધદેવની શ્રાવિકા છું. ધર્મના આઠ અંગમાં મારી ગતિ છે. દુઃખપાપશૂન્ય હું છું. અનાગાર–સુખમાં મારી રતિ છે. મેં સુંદર ચિત્રવિચિત્ર લાકડાંનાં પૂતળાંઓ ઘણાં જોયાં છે. યુક્તિપૂર્વક બાંધેલી દોરી અને ખીલી વડે તેઓ જાતજાતના નાચ રમે છે; પરંતુ એ દોરીઓ અને ખીલીઓ કાઢી લે તો એ પૂતળીઓ ઢીલી પડીને વિખરાઇ જાય છે. એ વખતે એનાં દરેક અંગ જુદાં પડી જાય છે. એવી સ્થિતિમાં એના કયા અંગને લોકો નીરખવાની ઇચ્છા કરે છે? એજ પ્રમાણે નરદેહ પણ ધર્મ વિના ઢીલો પડી જાય છે. કહો જોઇએ, ધર્મશૂન્ય દેહ ટકી શકે ખરો કે? બધું નિષ્ફળ છે. દીવાલની ઉપર હડતાળથી રંગેલું એક સરસ ચિત્ર હોય અને મનુષ્ય ભૂલમાં એનેજ સાચું સમજી લે, માયાને વશ થઇને સ્વપ્નમાં સુવર્ણનું વૃક્ષ જુએ અને તેને લેવાને લલચાય, એમ હે! અંધ! મારામાં આરોપણ કરેલા રૂપ ઉપર મુગ્ધ થઈને તું કેમ નાહક એના પ્રત્યે ધાય છે? મારી આ આંખ ઉપર તું મુગ્ધ થઇ ગયો છે? એને તું કમળ વગેરેની ઉપમા આપે છે? એ વાસ્તવમાં શું છે? એક પોલા વૃક્ષમાં ગોઠવેલા બે દડા છે. એમાં આંસુરૂપી કેટલાએ પરપોટા ઉત્પન્ન થાય છે. એવી આંખોમાં તો તને શું ગમી ગયું છે? તેમ છતાં મારાં આ લોચનનીજ તને ઇચ્છા છે ને? કાંઇ હરકત નહિ, લે, આ આંખ.” એમ કહીને તેણે પોતાની આંગળી વડે પોતાનો ડોળો ખેંચી કાઢીને એ કામી પુરુષના હાથમાં મૂક્યો અને ફરીથી કહ્યું: “હે પુરુષ! ચક્ષુનો તું આદર કરતો હતો તે લે. હવે તો તારી તૃષ્ણાનો નાશ થયો ને?” તેનું આ સાહસિક કૃત્ય જોઈ, પેલો માણુસ ગભરાઇ ગયો અને સાષ્ટાંગ નમસ્કાર કરીને ક્ષમા માગીને કહેવા લાગ્યો: “હવે હું

શુદ્ધ બ્રહ્મચારિણીનું અપમાન કદી નહિ કરૂં. તને તારી દૃષ્ટિ ફરીથી પ્રાપ્ત થાઓ! મારો અપરાધ ક્ષમા કરો. તેં મારા પાપને સખત ડંખ દીધો છે. સળગતા અગ્નિને મેં છાતી સરસો ચાંપ્યો છે. હલાહલ ઝેરી સાપને મેં હાથમાં પકડ્યો છે. હાય! ભિક્ષુણિ! મારી શી વલે થશે? મને ક્ષમા કરો.”

ભિક્ષુણી શુભાએ પોતાનાં સત્કર્મોથી મુક્તિ પ્રાપ્ત કરી. ભિક્ષુણીઓ ઉપર આ પ્રસંગો ન આવે એટલા માટે તેમણે એકલાં રહેવું નહિ એવો બુદ્ધદેવે વિચારપૂર્વક નિયમ કર્યો હતો.

શુભાના ચરિત્ર ઉપરથી જણાઇ આવે છે કે, કોમળ સ્ત્રીજાતિ પણ પોતાના શિયળનો ભંગ થવાનો પ્રસંગ આવે ત્યારે કેવું દુઃખ સહન કરી શકે છે તથા તેનું અંતઃકરણ દૃઢ હોય તો કોઇ પણ પાપી તેનું સતીત્વ ભંગ કરવાને શક્તિમાન થતો નથી.

૮૨–ચારુમતી

આ સન્નારી ચક્રવર્તી રાજા અશોકની પુત્રી હતી. અશોકે તેને ઘણું સારૂં શિક્ષણ આપ્યું હતું. બૌદ્ધધર્મનું પણ તેને ઉચ્ચ પ્રકારનું જ્ઞાન હતું. ઇ. સ. પૂર્વે ૨૫૦ માં અશોક રાજા નેપાલનાં તીર્થોની યાત્રા કરવા સારૂ ગયો હતો, તે સમયે ચારુમતી તેની સાથે હતી. ત્યાં આગળ તેણે દીક્ષા લીધી અને ભિક્ષુણી બની. તેના પતિનું નામ દેવપાલ ક્ષત્રિય હતું. સંસારના અનેક સુખ અને વૈભવનો ત્યાગ કરીને પવિત્ર સંન્યાસિની વ્રત એણે પસંદ કર્યું હતું. પિતા અશોક નેપાળની યાત્રાએથી પાછા ફર્યા પણ એ તો નેપાળમાંજ એક મઠમાં રહી. પતિ માટે તેને ઘણી ભક્તિ હતી. એ ભક્તિને કાયમનું મૂર્તિસ્વરૂપ આપવાના હેતુથી તેણે દેવપટ્ટણ નામનું નગર વસાવ્યું હતું. અશોકે એ નગરમાં પાંચ મોટા સ્તૂપ બંધાવીને એની ગણના તીર્થસ્થાનોમાં કરી હતી. આ સ્તૂપ તથા ચારુમતીએ બાંધેલા બીજાં પવિત્ર સ્થાનો હજુ સુધી મોજૂદ છે અને ચારુમતીએ ગાળેલા ધર્મજીવનની સાક્ષી પૂરે છે. એનો મઠ પણ પશુપતિનાથની ઉત્તરે હજુ સુધી દીઠામાં આવે છે.

૮૩–इसिदासी (ऋषिदासी)

ઉજ્જયિની નગરીમાં એક સદાચારી પ્રતિષ્ઠિત અને ધનવાન વેપારીને ઘેર એનો જન્મ થયો હતો. એ પિતાની એકની એક કન્યા હોવાથી પુષ્કળ લાડમાં ઊછરી હતી. પિતાએ એને ઊંચા પ્રકારનું શિક્ષણ પણ આપ્યું હતું. એક સમયે સાકેત નગરના એક વણિકે એના પિતાને ઘેર જઇને એનું માગું કર્યું. ગુણવાન વર જોઇને ઇસિદાસીના પિતાએ પ્રસન્નતાપૂર્વક એનું લગ્ન કરી દીધું. ઇસિદાસી સાસરે ગઇ. પિતાને ઘેરથી મળેલા સારા શિક્ષણને લીધે તે દરરોજ સવારસાંજ ભક્તિપૂર્વક સાસુસસરાને પ્રણામ કરતી. એમની સેવા-શુશ્રૂષા કરતી તથા ઘરનું બધું કામકાજ કરતી. દિયેર, નણંદ વગેરે બીજાં સગાંઓ ઉપર પણ સ્નેહ રાખતી અને તેમને પોતાની પાસે બેસાડીને લાડ લડાવતી. ઘરમાં જે અન્ન હતું, તેમાંથી ભિક્ષુક, અભ્યાગત વગેરે જેને જે કાંઇ આપવાનું હોય તે રીતસર આપતી. સવારના પહોરમાં વહેલી ઊઠી ઘરનું કામકાજ કરી નાહીધોઇને ઝટપટ પતિની પાસે જતી અને તેને સંતોષવાનો પ્રયત્ન કરતી. દાસીની પેઠે પતિની આગળ દાતણપાણીની સામગ્રી, તેલ, આરસી વગેરે મૂકતી અને પોતાને હાથેજ પતિને સજાવતી. એકના એક પુત્રની માતા પોતાના પુત્રને જેટલાં લાડ લડાવે, તેટલાંજ લાડ એ પૂર્ણ મમતાપૂર્વક લડાવતી. પોતાને હાથે સ્વાદિષ્ટ ભોજન રાંધીને પતિને જમાડતી અને તેમનાં વાસણ પણ માંજી નાખતી. કોઈ દિવસ પતિની સાથે ઊંચે સ્વરે બોલતી નહિ. દાસીની પેઠે રાત-દિવસ તેની સેવામાંજ નિમગ્ન રહેતી; પરંતુ આ જન્મમાં સુશીલ પ્રતિવ્રતા અને વિદુષી હોવા છતાં પણ સાતમા આગલા જન્મમાં એણે વ્યભિચારનો મહાદોષ કર્યો હતો. એ ગંભીર પાપનું પ્રાય-શ્ચિત્ત સ્ત્રી કે પુરુષ બન્નેને જન્મજન્માંતર સુધી કરવું પડે છે, એ

પાપની સજારૂપે આ જન્મમાં ઇસિદાસીને પતિભક્તિનું ફળ મળ્યું નહિ. આટલી સેવા અને પ્રેમ બતાવ્યા છતાં પણ એનો પતિ એના ઉપર પ્રસન્ન થયો નહિ. એક દિવસ એણે પોતાનાં માતપિતાને કહ્યું: "હું ઇસિદાસીની જોડે સંસાર માંડવાનો નથી. હું ઘરબાર છોડીને દૂર જતો રહીશ." માતપિતાએ કહ્યું: "ઇસિદાસી તો સારી પંડિતા છે; આળસ શું છે તે તો જાણુતી નથી. પ્રાતઃકાળમાં વહેલી ઊઠે છે. એવી સુશીલ પત્ની તને કેમ ગમતી નથી, દીકરા?"

ઉત્તરમાં ઇસિદાસીના પતિએ જણાવ્યું: "એણે મારૂં કાંઇ બગાડ્યું નથી; પણ હું એની સાથે રહેવાનો નથી. મને વિદાય આપો, હું પાછો નહિ આવું." સાસુસસરાએ ઇસિદાસીને પૂછ્યું: "વહુ! કહો તો ખરાં કે તમારાં એનાં મન ઊંચા શા કારણથી થયાં છે? અમારાથી કોઈ વાત છુપાવશો નહિ. એવો તે શો અપરાધ થયો છે કે પતિ તને છોડીને જતો રહેવા માગે છે?"

ઇસિદાસીએ દિલ ખોલીને કહ્યું: "મારાથી ભૂલમાં પણ કોઇ દોષ થયો નથી; મેં કોઇ દિવસ એમને કડવો શબ્દ કહ્યો નથી. એમ છતાં એમને મારા પ્રત્યે શા સારૂ કંટાળો ઊપજ્યો છે તે હું કહી શકતી નથી."

ત્યાર પછી સાસુસસરાએ તેને કહ્યું: "વહુ! તું તો સ્વરૂપવતી અને ગુણમાં લક્ષ્મી જેવી છે, પણ છોકરાને કોણ જાણે શાથી તારા પર અણગમો ઊપજ્યો છે, તો તું તારે પિયેર જા." એમ કહીને એમણે પુત્રની ખાતર પુત્રવધૂને પિતૃગૃહે વિદાય કરી.

ઇસિદાસી જે જ્ઞાતિમાં હતી તે જ્ઞાતિમાં એ સમયે પુનર્લગ્નનો રિવાજ પ્રચલિત હતો, એટલે એના પિતાએ એને એક બીજા વરને પરણાવી. એ પણ ધનાઢ્ય પુરુષ હતો. ઇસિદાસીએ પોતાના સ્વભાવ પ્રમાણે એની પણ પુષ્કળ સેવા કરી, પરંતુ એક માસ પછી એનું પણ ચિત્ત ફર્યું અને તેણે પણ તેને વગર વાંકે છોડી દીધી. ત્યાર પછી એક દિવસ એક દીન દરિદ્ર સંયમી ભિખારી યુવક માગવા સારૂ ઇસિદાસીના પિતાને ઘેર આવ્યો. તેને તેમણે કહ્યું: "આ ભિક્ષુકની ઝોળી અને કમંડળ ફેંકી દઇને મારા જમાઇ બનો." એણે યુવતીના પિતાની પ્રાર્થના સ્વીકારી અને પંદર દિવસ સુધી પતિપત્ની સુખે રહ્યાં. પછી પેલા જમાઇએ કહ્યું: "મને મારી ઝોળી અને કમંડળ પાછાં આપો, હું તો ભિક્ષા

માગીનેજ મારા જીવનનો નિર્વાહ કરીશ.” એ સાંભળીને ઇસિદાસીનાં માતપિતા તથા સગાંસંબંધીઓએ કહ્યું: “ તમે ઘરમાંજ રહો. જે કાંઇ માગશો તે આપીશું.” તેણે કહ્યું: “ મારા એકલાનું પેટ ભરવા જેટલું તો મને ગમે તે પ્રકારે મળી આવે એમ છે, તો પછી હું શા માટે અહીં રહું ? વળી એ પણ નિશ્ચિત છે કે હું ઇસિદાસી સાથે એકજ ઘરમાં કદી પણ રહેવાનો નથી.” દુઃખી બિચારી ઇસિદાસી ! એની શી અવસ્થા ! શ્રેષ્ઠ પતિવ્રતાને છાજે એવી રીતે તન, મન, ધનથી સેવા કર્યા છતાં એક પણ પતિએ તેને સંઘરી નહિ. પતિ ઘર છોડીને ચાલ્યો ગયો, એટલે એણે માતપિતાને કહ્યું: “ મારા દુઃખ અને શરમનો પાર રહ્યો નથી, હવે તો મને મરવા દો કે સંસારનો ત્યાગ કરવાની રજા આપો.” એવામાં જિનદત્તા નામની પ્રસિદ્ધ ભિક્ષુણી ભિક્ષા માગતી માગતી ત્યાં જઇ પહોંચી. એ પરમ વિદુષી હતી તથા ધર્મશાસ્ત્રોને સારી રીતે જાણનારી હતી. વિનય–પિટક નામના પ્રસિદ્ધ બૌદ્ધગ્રંથનો એણે ખાસ અભ્યાસ કર્યો હતો. ઇસિદાસીએ તેનો સત્કાર કર્યો; તેને બેસવાને માટે આસન બિછાવી આપ્યું તથા પગે લાગીને ભિક્ષા કરાવી. ભોજન કરીને એ ભિક્ષુણી તૃપ્ત થઇ એટલે એણે કહ્યું: “ મારો વિચાર સંસારનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા લેવાનો છે.” તેના પિતાએ એ સાંભળીને કહ્યું: “ પુત્રી ઘેર રહીને પણ તું ધર્મ પાળી શકે છે, સાધુતા સાધી શકે છે અને સાધુ તથા દ્વિજજનોની સેવા કરી શકે એમ છે.” પરંતુ ઇસિદાસીનો સંકલ્પ દૃઢ હતો. એણે કહ્યું: “ ના, પિતાજી ! મારે આ જન્મમાં જે દુઃખ વેઠવું પડ્યું છે, વગરદોષે જે અપમાન સહન કરવું પડ્યું છે, તે અવશ્ય પૂર્વજન્મના કોઈ ગંભીર દોષની સજા છે; માટે હું સંસારનો ત્યાગ કરીને, રાતદિવસ ધર્મની સેવામાં રહીને પૂર્વજન્મનાં પાપનો ક્ષય કરીશ.”

પિતાને હવે પુત્રીના ઉન્નત માર્ગના પ્રયાણમાં વિઘ્ન નાખવું યોગ્ય લાગ્યું નહિ. તેમણે કહ્યું: “ બેટા ! જા ત્યારે. બુદ્ધદેવ નરશ્રેષ્ઠ થયા છે. એમના ઉપદેશને અનુસરીને ધર્મલાભ કર; નિર્વાણ પ્રાપ્ત થવાથી તું નિષ્પાપ થઇશ.” માતપિતા અને જ્ઞાતિજનોને નમસ્કાર કરીને ઇસિદાસી વિદાય થઇ. તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયેલો હોવાથી અને ઊંચા પ્રકારનું શિક્ષણ તો પહેલેથીજ પ્રાપ્ત હોવાથી સાત દિવસની અંદર એણે ત્રિવિદ્યા પ્રાપ્ત કરી લીધી. એનું વ્રત

પૂર્ણ થયું. પૂર્વજન્મો એની આગળ સ્પષ્ટ દેખાવા લાગ્યા. સાતમા જન્મમાં એણે વ્યભિચારનો મહાન અપરાધ કેવી રીતે કર્યો હતો અને તેના દંડરૂપે બીજા છ જન્મોમાં કેટલું દુઃખ વેઠવું પડ્યું, એ બધી વાતનું તેને જ્ઞાન થયું. એ જ્ઞાન થયા પછી તેની હૃદયવેદના તદ્દન શાંત થઇ. એક જન્મની ભૂલથી એણે આ જન્મમાં પણ પુષ્કળ દુઃખ વેઠ્યું; પણ સત્કર્મ તથા સત્સંગના પ્રભાવથી આ જન્મમાં આગલા જન્મોનાં પાપ બાળી નાખ્યાં, એટલુંજ નહિ પણ અનંત પુણ્યનો સંચય કરીને નિર્વાણને પ્રાપ્ત થઇ.

થેરીગાથામાં વિસ્તારથી પોતાનેજ મુખે એણે આ ઇતિહાસ વર્ણવ્યો છે.

૮૪–ઇશાનદેવી

એ કાશ્મીરના રાજા અલીકની રાણી હતી. રાજતરંગિણી અનુસાર કલિને ૧૭૯૬ વર્ષ થયાં. એ સમયમાં અલીક રાજા હતો. એ ઘણો યશસ્વી અને દિવ્ય પ્રભાવવાળો રાજા હતો. કાશ્મીર દેશની સુવ્યવસ્થા એણેજ કરી તથા એના સુશાસનને લીધે દેશની આવક તથા મહત્તા વધી. પોતાના પરાક્રમ અને પ્રભાવથી ઉપાર્જન કરેલી સંપત્તિથી તેણે કેટલાએ અગ્રહાર બંધાવ્યા હતા. તેની રાણી ઇશાનદેવી પણ ધર્મપરાયણા હતી. એણે દરવાજા અને હસ્તિશાલાઓની સમીપ ઉગ્ર પ્રભાવવાળા કેટલાએક ચક્ર બનાવ્યા.



૮૫–સુમેધા

મસ્તાવતી નગરીમાં ક્રૌંચ રાજાની પટરાણીના ગર્ભમાં તેનો જન્મ થયો હતો. સુમેધા બાલ્યાવસ્થાથીજ બુદ્ધિમતી અને સારાં કાર્યોમાં મતિ રાખનારી હતી. શ્રમણ ધર્મની વિધિઓ એ બાળા યત્નપૂર્વક પાળતી. એ અતિશીલવતી, અનેક શાસ્ત્રોમાં પ્રવીણ, સરસ વ્યાખ્યાન આપનારી અને ધર્મમાં નિમગ્ન રહેનારી કન્યા હતી. એવી સુશીલ અને વિદુષી કન્યાને રાજા અનિકર્તની સાથે પરણાવવાની તેના માતાપિતાની ઇચ્છા હતી. અનિકર્ત રાજા પણ તેના ઉપર પ્રેમમુગ્ધ હતો; પરંતુ સુમેધાને તો નાનપણથીજ પોતાની સખીઓસહિત ભિક્ષુણીઓના મઠમાં જવાનો શોખ હતો. સત્સમાગમને લીધે તેનું જીવન ધાર્મિક બન્યું હતું, એટલે તેની ઇચ્છા ગૃહસ્થાશ્રમની મોહજાળમાં પડવાની નહોતી. એક દિવસ તેણે નમ્રતાપૂર્વક માતપિતાને જણાવ્યું કે, " આપ કૃપા કરીને મારી વિનતિ સાંભળો. મારી ઇચ્છા નિર્વાણ પ્રાપ્ત કરવાની છે. હું આ જગત અને પરલોકને અનિત્ય ગણું છું. આ શરીરનાં બધાં સુખ તુચ્છ છે. ભોગવિલાસથી સુખ તો ઘણું થોડું મળે છે અને અસંતોષ તથા દુઃખ ઘણાં પ્રાપ્ત થાય છે. કડવા ઝેર જેવા કામભોગ ઉપર જે લોકો મોહિત થાય છે, તે લોકો મૂઢ હોય છે. એ લોકો અધોગતિમાંજ પોતાનું જીવન વ્યતીત કરે છે. એ મૂર્ખાઓને મન, વચન અને કર્મને સંયમમાં રાખતાં આવડતું નથી. એ પ્રજ્ઞાહીન લોકોને ખબર નથી કે, દુઃખ શાથી અટકાવી શકાય છે; એટલુંજ નહિ પણ જ્યારે તેમને મોહનિદ્રામાંથી જગાડવાનો પ્રયત્ન કરવામાં આવે છે, ત્યારે પણ તેઓ જાગતા નથી અને શીખવ્યા છતાં પણ તેઓ શીખતા નથી. ચાર આર્ય સત્યોનું ભાન એમને કદી થતું નથી. પૂજ્ય બુદ્ધદેવે જે સત્યો આપણને શીખવ્યાં છે, તેને

ઘણાં લોકો જાણતાં નથી. એમને તો જન્મવાનું સુખ જોઇએ છે. વળી એ બધાં સ્વર્ગ મેળવવાની ઇચ્છા રાખે છે, પણ એમને ખબર નથી કે સ્વર્ગનું સુખ પણ શાશ્વત નથી. એ પણ અનિત્ય અને ચંચળ છે અને એક દિવસ જતું રહેશે. સ્વર્ગસુખ ભોગવ્યા પછી પણ પાછા જન્મમરણના ચક્રમાં આવવું પડે છે, એનો એ લોકો વિચાર નથી કરતા. એ લોકોનો ચાર પ્રકારનો વિનિપાત–પડતી થાય છે; અર્થાત્ નરક, પશુજન્મ, પ્રેતજન્મ અને રાક્ષસજન્મ એ ચારમાંથી એક પ્રકારની ગતિ ભોગવવી પડે છે. કેટલાકને બે પ્રકારની ઉચ્ચ ગતિ અર્થાત્ મનુષ્યજન્મ અને દેવતાજન્મ મળે છે. વિનિપાત થયા પછી આ સંસારની મોહજાળમાંથી છુટકારો પણ મળતો નથી અને પ્રવ્રજ્યા પણ લેવાતી નથી. નિશ્ચય મનુષ્યની અધોગતિ થાય છે; માટે હે માતપિતા ! મારી ઇચ્છા તો દશ પ્રકારના બળવાળા બુદ્ધદેવના વિધાન અનુસાર પ્રવ્રજ્યા લેવાની છે.

"બુદ્ધદેવનાં દશ બળ આ પ્રમાણે છેઃ—(૧) સત્ય અને અસત્યનું જ્ઞાન, (૨) કર્મના ઉદ્ભવ તથા પરિણામ, (૩) ઇષ્ટ સાધનમાં પટુતા, (૪) ભૂતજ્ઞાન, (૫) પ્રવૃત્તિની ગતિ અને કાર્ય, (૬) મનુષ્યની આત્મશક્તિ, (૭) વિનય સાધવાનો માર્ગ, (૮) પૂર્વજન્મ, (૯) દિવ્ય ચક્ષુ અને (૧૦) મુક્તિ. જન્મમરણનો નાશ કરવાની ઇચ્છા હવે તો મને થઇ છે. આ અસાર શરીરનાં 'સાંસારિક' સુખ મારે જોઇતાં નથી. ભવની બધી તૃષ્ણાઓને રોકીને હું તો સંસાર ત્યજીને પ્રવ્રજ્યામાં ચાલી જઇશ. અશુભ કાળ જતો રહ્યો છે; બુદ્ધદેવના જન્મથી શુભ ક્ષણ આવી પહોંચી છે. મારી ઇચ્છા છે કે આ જન્મમાં બ્રહ્મચર્ય અને શીલધર્મનો કદી ત્યાગ ન કરૂં. હવે હું ભૂખી મરીશ, પણ આ ઘરમાં ભોજન નહિ કરૂં."

સુમેધાને મુખેથી વારંવાર આવી ને આવીજ સંસારત્યાગ કરવાની વાત સાંભળ્યાથી તેની માતાનું હૈયું ભરાઇ આવ્યું. એ રોકકળ કરવા લાગી. પિતાને પણ ઘણી વેદના થઇ અને સુમેધા ધરતી પર પડી હતી, ત્યાંથી એને ઉઠાડીને શિખામણ આપવા લાગ્યા કે, "દીકરિ ! ઊઠ, જરા વિચાર તો કરી જો. મેં રૂપ, ગુણ અને સંપત્તિમાં યોગ્ય પતિ સાથેજ તારો વિવાહ કરવાનો વિચાર કર્યો છે. રાજા અનિકર્તના કરમાં તને સમર્પણ કરવાનો મારો અભિલાષ છે. એ રાજા પણ હર્ષપૂર્વક તારો સ્વીકાર કરશે અને તને પટરાણી બનાવીને પ્રેમપૂર્વક રાખશે. બ્રહ્મચર્ય, પ્રવ્રજ્યા અને

શીલધર્મ ઘણાં કઠિન છે. હે પુત્રિ! આ યૌવનમાં તું પ્રભુતા અને ધનૈશ્વર્યના ભોગ અને સુખ પ્રાપ્ત કર; રાજ્યનો ઉપભોગ કર.”
સુમેધાના ચિત્ત ઉપર પિતાના આ ઉપદેશની કાંઇજ અસર થઇ નહિ. તેણે દૃઢતાપૂર્વક કહ્યું: “હું આ અસાર સંસારને હવે ભજવાની નથી. હું તો હવે પ્રવ્રજ્યા ધારણ કરીશ. એમ નહિ કરવા દો, તો એના કરતાં મરણને પસંદ કરીશ. આ દેહ જેને તમે પરણાવવા માગો છો, જેને રાજા અનિકર્ત પ્રેમપૂર્વક પોતાનો બનાવવાની ઇચ્છા રાખે છે, તે શું છે? એ તો ગંધ મારતો, ભયંકર અપવિત્ર પદાર્થ છે. શબની પેઠે મળમૂત્રનું એ ઘર ત્યાગ કરવા લાયક છે. એને તો સ્વામી કેવી રીતે ગ્રહણ કરશે? માંસ અને લોહીથી ઢાંકેલા આ પિંડનેજ તમે દેહ કહો છો ને? એ તો કીડાઓનું ઘર છે. ગીધ આદિનું ભોજન છે. એને તો કોણ કન્યાદાનમાં આપી શકે? ‘વિજ્ઞાન’ જતું રહ્યા પછી આ શરીર શ્મશાનમાં નાખી દેવામાં આવે છે, ત્યારે ફેંકી દીધેલા જૂના લાકડાં જેટલી એની કિંમત છે. જ્ઞાનીજનો પણ એના સામું જોવાનું પસંદ કરતાં નથી. તેઓ બીજા જીવોના ભક્ષ્યરૂપ આ દેહને છોડી દઇને સ્નાન કરીને ચાલ્યા જાય છે. માબાપ પણ એજ કરે છે, તો બીજાનું તો પૂછવુંજ શું? હાડકાં અને નાડીઓથી ભરેલા આ દેહરૂપી ઘરમાં બધે ઠેકાણે અપવિત્રતા, ગંદકી ભરેલી છે. એનો તો વળી આદર કોણ કરે? આ દેહને જો ઉકેલી ઉથલાવી નાખવામાં આવે, તો એની અંદરથી એવી અસહ્ય દુર્ગંધ નીકળે કે, પોતાની જનેતા પણ ત્યાંથી દૂર નાસે. આ તો તમારૂં શરીરરૂપી પૂતળું છે. દેહ એ તો જન્મ અને મૃત્યુમય પદાર્થ છે. એને જન્મ લેતાં પણ દુઃખ થાય છે; માટેજ મારી વિવાહ કરવાની મુદ્દલ ઇચ્છા નથી.

“લગ્ન કરીને સંસારનું સુખ ભોગવવા કરતાં તો હું સો વર્ષ સુધી દરરોજ ભાલા ખોસીને મને મારી નાખે તે વધારે પસંદ કરૂં. બુદ્ધદેવનો પવિત્ર ઉપદેશ જાણનાર માણસને ભાલાના ઘા ખમવા સહેલા છે. આ સંસારના લાંબા ફેરામાં મૃત્યુ ફરી ફરીને આવે છે. દેવજન્મ, નરજન્મ, પશુયોનિ, અસુરદેહ, પ્રેતરૂપ એ પ્રમાણે કર્માનુસાર અનેક જન્મ ધારણ કરવા પડે છે અને અનંત દુઃખ વેઠવાં પડે છે. દેવજન્મ ધારણ કર્યાથી પણ નિર્વાણ મળતું નથી. જન્મમરણના ફેરામાંથી છૂટવા માટે જે માણસ બુદ્ધનાં વચન પાળે છે, તેજ નિર્વાણ પામે છે. આ અસાર ભોગવિલાસથી શું

વળવાનું છે ? પિતાજી ! હું તો આજેજ ઘરનો ત્યાગ કરીને ચાલી જાઉં છું. ઊલટી કરેલા ભોજનની સમાન એ બધા ભોગવિલાસ ઘૃણા કરવા યોગ્ય છે. એ અસાર વસ્તુ મારે નથી જોઇતી."

પિતાપુત્રી વચ્ચે આ પ્રમાણે વાર્તાલાપ ચાલી રહ્યો હતો, એવામાં અનિકર્ત રાજા પણ પોતેજ પસંદ કરેલી કન્યાને મળવા તથા લગ્નની બાબતમાં તેની સંમતિ લેવા સારૂ પ્રેમપૂર્વક એ નગરમાં આવી પહોંચ્યો. સુમેધાએ એના આવ્યાની પણ પરવા ન કરતાં પોતાના નિશ્ચય અનુસાર લાંબા કાળા અંબોડાને છરી વડે કાપી નાખ્યો અને બધાની વાતચીતને રોકીને ધ્યાનમગ્ન થઇ ગઇ. એકાગ્રચિત્તે એ જગતની અનિત્યતા સંબંધી વિચાર કરવા લાગી. રાજાને નગરમાં પેસતાં સુમેધાના વિચારો જાણ્યામાં આવ્યા, એટલે એ જે સ્થળે સુમેધા ધ્યાન ધરી રહી હતી ત્યાં ગયો અને પોતાના સુવર્ણ તથા મણિમાણિક્યથી અલંકૃત દેહ વડે હાથ જોડીને યાચના કરવા લાગ્યો:-

"આ યૌવનકાળમાં તો હે સુંદરિ ! તું મારી રાણી થા અને ધન તથા વૈભવનું સુખ ભોગવ. આ દુનિયામાં ભોગ અને સુખ દુર્લભ પદાર્થ છે. તું શાંતિપૂર્વક રાજ્યસુખ ભોગવ. મરજીમાં આવે તેને દાન આપ. મારો આખો ખજાનો તારા હાથમાં રહેશે. તારા મનમાં ઊલટા વિચાર આણવા છોડી દે. જો, તારાં માતપિતા તારા સંસારત્યાગની વાત સાંભળીને મરવા પડ્યાં છે!"

સુમેધાએ કહ્યું: "મારે તમારાં સુખ અને વૈભવ નથી જોઇતાં. મને એમાં જરાયે મોહ રહ્યો નથી. ભોગની વાસનામાં મને હવે ન ધકેલશો. ભોગમાં તો દુઃખ ભોગવ્યા વગર છૂટકોજ નથી. તમે ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસ કેમ વીસરી જાઓ છો ? ચારે દ્વીપના અધિપતિ મહારાજા માંધાતા કેવા શ્રેષ્ઠ પુરુષ હતા ? એમના જેટલું ધન તથા વૈભવ કોની પાસે હતાં ? છતાં પણ એ નરપતિ મરી ગયો અને તેની લાલસા આ દુનિયામાં તો પૂરી ન થઇ. દશે દિશાઓમાં સ્ત્રીરત્નનો વરસાદ વરસે તોપણ ભોગવિલાસથી કોઇને તૃપ્તિ થતી નથી. એ બધું ત્યજીને મનુષ્યો મરી જાય છે. હે ભૂપ ! ભોગ તલવાર સમાન છે, ભોગ શૂલ સમાન છે, ભોગ નાગની ફેણ સમાન છે, ભોગ અગ્નિની ઝાળની પેઠે બાળનારા છે, આ રૂપ હાડકાંના માળા જેવું છે, ભોગ અને સુખ અનિત્ય

અને અધ્રુવ છે, દુઃખપ્રદ અને મહા ઝેરીલાં છે, તપાવેલા લોખંડના દડાના જેવાં છે. એ તો સદા પાપનોજ ઉદય કરે છે. વૃક્ષ ઉપર ચઢીને ફળ તોડવા જતાં માણુસ પડી જાય છે, એજ પ્રમાણે કામભોગનું છે. માંસનો ટુકડો લેવા સારૂ પક્ષીઓ જેવી રીતે પરસ્પર લડાઇ કરે છે એજ પ્રમાણે ભોગની બાબતમાં બને છે. ઉધાર માગીને કોઇ ચીજ લાવ્યા હોઇએ તે જેમ પાછી ન આપીએ ત્યાં સુધી ઉદરાવો રહે છે, તેમજ ભોગના સંબંધમાં છે. એ ભોગ સ્વપ્નની પેઠે છેતરનારા છે. કામભોગ તીવ્ર બાણુસમા, દારુણુ રોગ જેવા અને વિસ્ફોટક સમા છે. તપાવેલા અંગારા સમા એ ભીષણુ છે. પાપ અને મૃત્યુમય હોવાથી ભયાનક છે. આ જિંદગીમાં મેં બતાવ્યાં એવાં અનેક દુઃખ આવી પડે છે, અનેક અડચણો નડે છે; માટે મને સંસારમાં જરાયે વિશ્વાસ નથી રહ્યો. તમે ઘેર જાઓ. મારા માથામાં જ્યારે આગ લાગી રહી છે, ત્યારે બીજું કોઇ મને શું કરી શકવાનું હતું ! જરા અને મૃત્યુ મને બાંધવા આવ્યાં છે. હું તેમનો નાશ કરવાને તત્પર રહીશ.” આ પ્રમાણે કહીને સુમેધા ઘર બહાર નીકળવા લાગી. જોયું તો ઉમરા ઉપર બેસીને માતપિતા અને રાજા અનિકર્ત રોઇ રહ્યાં છે. એ જોઇને સુમેધાને એમના અજ્ઞાન અને મોહ ઉપર દયા આવી. મોહવશ થઇને રુદન કર્યાથી કેટલી હાનિ થાય છે, સંસાર કેવો અનિત્ય છે, દુઃખથી ભરેલો છે એ બધુ મર્મસ્પર્શી ભાષામાં સમજાવ્યું. રાજા અનિકર્તને પણ સમજાવ્યું કે, રાજાઓને સંસારમાં રહ્યાથી બીજા રાજા, અગ્નિ, ચોર અને જળનો ભય રહે છે. એ ઉપરાંત પણ બીજા અનેક શત્રુઓથી ભરેલા સંસારમાં ફસાઇ રહેવાની ઇચ્છા કોણુ કરે ? મોક્ષ સામે હોવા છતાં બંધનમાં પડવાનું કોણુ પસંદ કરે ? આ સંસારમાં કામનાઓની સાંકળથી તમે બંધાયલા છો. એ સાંકળને તોડી નાખીને તમે વાસનાઓને દબાવો. ફરી ફરીને કહું છું કે, ભોગમાં અતિશય અને પાર વગરનું દુઃખ છે. ચિત્ત સદા ચિંતાઓથી ભરેલું રહે છે. એ અધ્રુવ કામભોગનો ત્યાગ કરો. એનાથી કેવલ દુઃખજ ઉપજવાનું છે, બીજું કાંઇ નથી. અજર ધર્મમાર્ગ આ રહ્યો. જે કામનાઓ થોડા વખતમાં જૂની પડી જાય છે તે કામનાઓ–વાસનાઓને લઇને તમે શું કરશો ? એ કામનાઓ તો મૃત્યુ અને વ્યાધિઓને આણુશે અને ફરી ફરીને જન્મ લેવો પડશે. ધર્મનો માર્ગ અજર, અમર, શોક વગરનો,

અમૃતમય, શત્રુહીન, રોકટોક વગરનો, કોઇ ખસેડે નહિ એવો અને અતુટ તથા ભય વગરનો છે. એ અમૃતમય માર્ગ કેટલાએ લોકોએ પ્રાપ્ત કર્યો છે, આજ પણ કેટલાએ લોકો પ્રાપ્ત કરી રહ્યા છે; પરંતુ જેમના ચિત્તમાં ઉત્સાહજ નથી, તેમના ભાગ્યમાં એ માર્ગમાં જવાનું કદીયે લખાયું નથી. આ પ્રમાણે કહીને સુમેધાએ પોતાનો કાપી નાખેલો અંબોડો અનિકર્તની સમક્ષ મૂક્યો.

રાજા અનિકર્તને સુમેધાના અગાધ જ્ઞાન તથા તીવ્ર વૈરાગ્યની ખાતરી થઇ ગઇ હતી. તેણે સુમેધાનાં માતપિતાને વિનતિ કરી કે, "સુમેધા સત્યના માર્ગમાં જવા માગે છે; આપ એને ખુશીથી જવા દો." માબાપે વિદાય આપી. સુમેધા શોક અને ભયરહિત થઇને ભિક્ષુણીરૂપે બહાર નીકળી પડી. પહેલેથીજ ઉચ્ચ શિક્ષણ પામેલી હતી અને પછી ધર્મમાર્ગમાં પડી, એટલે સદ્ગુરુના ઉપદેશથી અંતર્જ્ઞાનની છ વિદ્યાઓ તેણે જલદી પ્રાપ્ત કરી લીધી. પોતાના પૂર્વજન્મોનું પણ એને જ્ઞાન થયું. ત્યાર પછી બુદ્ધદેવના ચરણમાં બેસીને તેણે સંપૂર્ણ શાંતિ અને નિર્વાણ પ્રાપ્ત કર્યાં.

થેરીગાથામાં ૪૪૮ થી ૫૫૨ સુધીના શ્લોક તેના રચેલા છે અને તેમાંથી એના ઉન્નત વિચારોનો યથાર્થ પરિચય મળી આવે છે.



८६–संघमित्रा

આજથી લગભગ અઢી હજાર કરતાં વધારે વર્ષ પૂર્વે ભારતવર્ષના એક દિગ્વિજયી સમ્રાટના ઘરની કન્યા સંસારના ધનવૈભવને તુચ્છ ગણીને ધર્મનેજ વરી હતી અને આખી જિંદગી સુધી કુંવારી રહીને ધર્મપ્રચારના કાર્યમાંજ તેણે પોતાનું અમૂલ્ય જીવન અર્પણ કર્યું હતું. આજે પણ એ વાત સંભારતાં આપણને આનંદ થાય છે. આજે ભારતના એ ગૌરવ-મય યુગની પ્રાતઃસ્મરણીય રાજકન્યાનું જીવનચરિત્ર લખીને અમે અમારી લેખિનીનું સાર્થક થયું ગણીએ છીએ.

એ રાજકુમારી મહાપ્રતાપી રાજાધિરાજ અશોકના વંશમાં ઉત્પન્ન થઇ હતી. એક મત એવો છે કે,એ એમની કન્યા હતી અને એજ મતનું અવલંબન કરીને અમે આ ચરિત્ર લખ્યું છે. અંગ્રેજ ઇતિહાસવેત્તા વિન્સેંટ સ્મિથ એને અશોકની સગી બહેન ગણે છે. ઉજ્જન નગરીમાં એનો જન્મ થયો હતો. એના ભાઇનું નામ મહેંદ્ર હતું. બન્ને ભાઇબહેન નાનપણમાં ઉજ્જયિની નગરીમાંજ વાસ કરતાં હતાં. ત્યાર પછી ઇ. સ. પૂર્વે ૨૬૮માં અશોક મગધના સામ્રાજ્યનો સમ્રાટ બનીને મહેંદ્ર અને સંઘમિત્રાને લઇને પાટલીપુત્ર નગરમાં આવી વસ્યો. હાલ જ્યાં આગળ પટના શહેર છે, ત્યાંજ પહેલાં પાટલીપુત્ર નગર શોભા આપી રહ્યું હતું. એ વખતે એ નગરોની રમણીયતા અને સુખસમૃદ્ધિમાં કોઇ વાતનો અભાવ નહોતો. અનેક જાતના લોકો ત્યાં વસતા હતા. ચિત્રવિચિત્ર રાજમહેલો, બગીચાઓ, શેઠિયાઓની હવેલીઓ અને તરેહ તરેહની વસ્તુઓનાં ચૌટાઓ જોનારાઓને આશ્ચર્ય-ચકિત કરી નાખતાં હતાં. એ નગરનાં સ્ત્રીપુરુષો મહેંદ્ર અને સંઘમિત્રાનું રૂપલાવણ્ય તથા એમની અનુપમ મૂર્તિના દર્શન કરીને અતિશય આનંદ પ્રગટ કરવા લાગ્યાં. મહારાજા અશોકે

બન્ને ભાઈબહેનની માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિ સારૂ તેમને સારી કેળવણી આપવાનો પૂરતો બંદોબસ્ત કર્યો.

અહીંયાં જગતવિખ્યાત રાજા અશોકના જીવનચરિત્રને લગતી બેએક વાતો જણાવવી જરૂરની છે. અશોક ચંદ્રગુપ્તના પુત્ર બિંદુસારનો છોકરો હતો. રાજપુત્ર હોવા છતાં એનો ચહેરો કદ્રૂપો હતો, એટલા સારૂ રાજા બિંદુસાર એને બહુ ચાહતા નહિ. એમ જણાય છે કે પિતા અને સાવકી માની અવગણના અને તિરસ્કારને લીધે ધાર્મિક અશોક પણ યૌવનમાં અતિશય સ્વાર્થી અને અધાર્મિક નીવડ્યો હતો. તેની રક્તપિપાસા અને ક્રૂરતાને લીધે એ ચંડાશોક અર્થાત્ યમદૂત નામથી ઓળખાતો હતો. દંતકથા એવી છે કે, યમરાજ્યનું અનુકરણ કરીને એણે એક નરકપુરી બંધાવી હતી. અપરાધીઓને એ ભયંકર પુરીમાં કેદ રાખીને મારવામાં તથા પીડવામાં આવતા અને અનેક તરેહનાં દુઃખ દઇને રિબાવી રિબાવીને મારી નાખવામાં આવતાં. આવું હોવા છતાં પણ એજ અશોકમાં અસાધારણ શક્તિ અને નાના પ્રકારના સદ્ગુણ પણ જણાતા હતા. રાજા બિંદુસારે પુત્રને પોતાનાથી દૂર રાખવા સારૂ તેને ઉજ્જયિનીનો સૂબો નીમ્યો હતો. ત્યાં આગળજ દેવી નામની એક તરુણી રમણીની મનમોહક મૂર્તિનાં દર્શનાં કરીને એ તેના તરફ આકર્ષાયો અને તેની સાથે પરણ્યો. ત્યાર પછી પિતા બિંદુસારનું મૃત્યુ થયું, એટલે ભાઇના લોહીથી હાથ ખરડીને અશોક પિતાના રાજ્યસિંહાસન ઉપર બેઠો. અશોકનો રાજ્યાભિષેક ઇ૦ સ૦ પૂ૦ ૨૬૯ માં થયો.

મહારાજા બન્યા પછી અશોકે કલિંગ દેશના રાજા સાથે ઇ. સ. પૂ. ૨૬૧ માં એક ભીષણ યુદ્ધ કરીને કલિંગ દેશ અથવા ઓડિસ્સાને પોતાના તાબામાં લીધો. એ યુદ્ધમાં લાખ નરહત્યા થઇ હતી. એ ભયંકર હત્યાકાંડનું સ્મરણ થતાંજ અશોકનું પથ્થરનું હૈયું પણ પીગળી ગયું અને એના હૃદયમાં વૈરાગ્યનો ઉદય થયો. પુણ્યકર્મોનો ઉદય થતાં પાપીઓની પાપવાસનાનો એમજ એકદમ ક્ષય થઇ જાય છે અને એમનું પાપી જીવન એક નવોજ સારો પલટો ખાય છે. એ સમયથી અશોકે પારકું રાજ્ય જીતી લેવાની ઇચ્છા બિલકુલ છોડી દીધી. ત્યાર પછીથી અશોકના જીવનમાં આધ્યાત્મિક શક્તિની ગૂઢ ક્રિયા શરૂ થઇ. એક મહાપ્રતાપી, શક્તિશાળી બૌદ્ધ સંન્યાસીએ અશોકના હૃદય પર કાબૂ

જમાવ્યો. જોતજોતામાં તેના જીવનમાં મહાપરિવર્તન થઇ ગયું. બૌદ્ધધર્મની દીક્ષા ગ્રહણ કરીને મહાપુરુષ બુદ્ધદેવના મહાન આદર્શને તેણે સ્વીકાર્યો. વિશ્વપ્રેમથી તેનું હૃદય પરિપૂર્ણ થઇ ગયું.

એ સમયમાં બૌદ્ધધર્મનો પ્રચાર બહુ જોરમાં ચાલી રહ્યો હતો. બૌદ્ધધર્મના ઉપદેશકો વિશ્વપ્રેમનો પ્રચાર કરીને યાગયજ્ઞ અને પશુવધનું ખંડન કરી રહ્યા હતા. તેમના ઉપદેશથી જીવહિંસા બહુ અટકી હતી. નીચલી જાતિઓને ઊંચ વર્ણના ત્રાસથી બચાવવાને પણ એમણે ઘણો પ્રયત્ન કર્યો હતો. મૈત્રી, કરુણા અને "અહિંસા પરમો ધર્મ" એ ત્રણ પ્રેમમંત્રની વાણીનો ઘોષ ચારે તરફ થઇ રહ્યો હતો. એ પ્રેમ અને કરુણાની વાણી મહારાજા અશોકના હૃદય સુધી પહોંચી અને તેમણે બૌદ્ધધર્મની દીક્ષા લીધી. દીન, દુઃખી નરનારી અને પશુપક્ષીઓનાં દુઃખ અને કલેશથી એનું હૃદય પીગળી ગયું અને તેમનાં સંકટનું નિવારણ કરવા સારૂ એણે પોતાનો રાજભંડાર ખૂલ્લો મૂકયો. નવ કરોડ અને આઠ લાખ સુવર્ણમુદ્રાઓ પુણ્યમાં વાપરવામાં આવી. પશુપક્ષીઓના રોગોનો ઇલાજ કરવા સારૂ દવાખાનાં બંધાવ્યાં. જ્ઞાન, ધર્મ અને નીતિની ઉન્નતિ તથા તેમના સુખની વૃદ્ધિ સારૂ અશોકે જેટલા ઉપાય કર્યા હતા, તેટલા ઘણા થોડા રાજા કે બાદશાહોએ કર્યા હશે.

એવા મહારાજાની દેખરેખ નીચે સંઘમિત્રા અને રાજકુમાર મહેંદ્ર ઊછર્યાં હતાં. બન્ને ભાઇબહેનને જોતાં વારજ તેઓ એક ફૂલની સુંદર બે કળીઓ હોય એમ લાગતું હતું. બન્નેનો સ્વભાવ ઘણો મીઠો હતો. અશોકનો બન્નેના ઉપર અત્યંત પ્રેમ હતો. બન્ને જણાં સાથેજ અનેક વિષયોનું શિક્ષણ મેળવી રહ્યાં હતાં. ઊંચી કેળવણીથી સંઘમિત્રાનું હૃદયકમળ ખીલી ઊઠયું. તેણે નિર્મળ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેના હૃદયમાં ધર્મભાવ જાગૃત થયો. એ વખતે સંઘમિત્રાની વય ૧૮ વર્ષની અને મહેંદ્રની ૨૦ વર્ષની હતી મહારાજા અશોકે મહેંદ્રને યૌવરાજ્ય પદ ઉપર અભિષિક્ત કરી પોતે ભિક્ષુ બનવાનો સંકલ્પ કર્યો હતો; પરંતુ એટલામાંજ બુદ્ધદેવના પવિત્ર આત્માએ બન્ને ભાઇબહેનને ધર્મપ્રચારનું મહાન વ્રત ગ્રહણ કરવા સારૂ આમંત્રણ મોકલ્યું. એ વખતે બૌદ્ધધર્મના એક આચાર્યે મહારાજા અશોકને કહ્યું:-

"રાજન્! જેમણે ધર્મની ખાતર પુત્ર કે પુત્રીને અર્પણ

કર્યાં છે તેજ બૌદ્ધધર્મના ખરા મિત્ર છે.”

આચાર્યની એ વાણીએ અશોકના હૃદયને સ્પર્શ કર્યો. તેણે સ્નેહપૂર્ણ નયને સંઘમિત્ર અને મહેંદ્રના તેજસ્વી મુખ તરફ જોયું અને પછી પૂછ્યુંઃ “કેમ, તમે ભિક્ષુધર્મ સ્વીકારવા તૈયાર છો?”

બન્ને ભાઇબહેન પિતાના મુખમાંથી નીકળેલાં એ વચનો સાંભળીને પોતાનું ધનભાગ્ય ગણવા લાગ્યાં. ધન અને ઐશ્વર્યમાં ઊછરેલાં હોવા છતાં પણ સંન્યસ્તધર્મ ગ્રહણ કરીને ભિક્ષુ અને ભિક્ષુણી બનીશું અને કરુણામય બુદ્ધદેવના દયામય ધર્મનો પ્રચાર કરવા સારૂ આત્મબલિદાન આપીશું, એના કરતાં આ પૃથ્વીમાં બીજું વધારે સુખ કયું હોઇ શકે? એવા વિચારથી બંને ભાઈબહેને ઘણાં પ્રફુલ્લિત વદને મહારાજા અશોકને જણાવ્યુંઃ “પિતાજી! આપની આજ્ઞા મળતાંવારજ અમે એ મહાન વ્રત ગ્રહણ કરીને મનુષ્યજન્મ સફળ કરીશું.”

મહારાજાધિરાજ અશોકે એજ વખતે ભિક્ષુઓના સંઘને જણાવી દીધું કે, “આજે મેં ભગવાન તથાગત બુદ્ધદેવના પવિત્ર ધર્મને સારૂ મારાં લાડકાં પુત્ર અને પુત્રીને અર્પણ કર્યાં છે.”

ત્યાર પછી મહેંદ્ર અને સંઘમિત્રા બૌદ્ધધર્મની પ્રચલિત પદ્ધતિ અનુસાર દીક્ષા ગ્રહણ કરીને ભિક્ષુ અને ભિક્ષુણી બન્યાં. ધર્મપાલી અને આયુપાલી નામની બે ભિક્ષુણીઓએ સંઘમિત્રાને ઉત્તમરૂપે ભિક્ષુણીઓની સાધનાના ઊંડા તત્ત્વોનું શિક્ષણ આપવા માંડ્યું.

અહીંયાં જણાવવું જરૂરનું છે કે, મહાત્મા બુદ્ધદેવના ધર્મમાં સર્વસ્વ ત્યાગી સંન્યાસી અને સંન્યાસિનીનો જે વર્ગ હતો તેજ ભિક્ષુ અને ભિક્ષુણી નામથી ઓળખતો. એ ભિક્ષુ અને ભિક્ષુણીઓ પરણતાં નહિ, પરંતુ કઠોર વૈરાગ્યવ્રત ધારણ કરીને રાતદિવસ ધર્મસાધન અને જીવોના કલ્યાણની ચિંતામાં ગૂંથાયલાં રહેતાં. સંઘમિત્રાએ ભિક્ષુણી બનીને બધી જાતનાં સુખની લાલસા છોડી દીધી અને વાસના ઉપર જય મેળવીને ધર્મસાધન કરવા માંડ્યું.

ભિક્ષુણીઓને સાધારણ રીતે ઉપદેશ આપવામાં આવતો કે, “તૃષ્ણાનો ત્યાગ કરો. થોડામાંજ સંતોષ માનો. ખોટા મોજ-શોખથી દૂર રહો અને એકાંતમાં રહીને ધ્યાનધારણા તથા ધર્મની સાધના કરો. આળસનો ત્યાગ કરી મહેનતુ બનો. અભિમાન તજી દઈને સુશીલા, વિનયી અને નમ્ર બનો અને બધાની સાથે

સદ્ભાવ સાચવીને સંતોષપૂર્વક જીવન ગાળો. બૌદ્ધ તપસ્વિનીઓએ શુદ્ધાચારપૂર્વક પોતાના વ્રતનું પાલન કરવું જોઇએ. ”

ભિક્ષુ અને ભિક્ષુણીઓને કેવા પ્રકારની સાધના કરવી પડતી હતી, તે બાબતમાં વિદ્વાન બંગાળી લેખક શ્રીયુત સત્યેંદ્રનાથ ઠાકુર લખે છે: “ વિષયવાસનાથી વેગળા રહીને ભિક્ષુઓએ એકાંતમાં પંચભાવનાની સાધના કરવી પડતી. મૈત્રી, કરુણા, મુક્તિ, અશુભ અને ઉપેક્ષા એ ભાવનાના પાંચ પ્રકાર હતા.

“ દેવતા હો કે મનુષ્ય હો, બધા જીવો સુખી થાઓ; શત્રુનું પણ ભલું થાઓ; બધા રોગ, શોક અને પાપતાપથી મુક્ત થાઓ, એવા પ્રકારનો શુભ વિચાર કરવો એને મૈત્રી ભાવના કહે છે. ”

“ દુ:ખીનાં દુ:ખ પ્રત્યે લાગણી–દિલાસોજી બતાવવી, શું કર્યાથી જીવોનાં દુ:ખ નાશ પામે અને સુખ વધે એનો રાતદિવસ વિચાર કરવો એને કરુણા કહે છે.

“ ભાગ્યવાન મનુષ્યોના સુખે સુખી થવું, તેમનાં સુખ અને સૌભાગ્ય સ્થાયી થાઓ એવો વિચાર રાખવો એને મુક્તિ ભાવના કહે છે.

“ શરીર વ્યાધિનું ઘર છે, વીજળીના ચમકારાની પેઠે ક્ષણસ્થાયી છે, ઝાંઝવાના જળ જેવું મિથ્યા છે અને મળમૂત્ર, પરૂ વગેરે ગંદા પદાર્થોથી ભરપૂર છે, માનવજીવન જન્મમૃત્યુને અધીન છે, દુ:ખમય અને ક્ષણભંગુર છે એવો વિચાર કરવો તેને અશુભ ભાવના કહે છે.

“ બધા જીવ બરાબર છે, કોઇ પ્રાણી બીજા પ્રાણી કરતાં વધારે પ્રીતિ કે વધારે તિરસ્કારને પાત્ર નથી; બળ, દુર્બળતા, દ્વેષ, મમતા, ધન અને ગરીબાઇ, યશ, અપયશ, જુવાની અને ઘડપણ, સુંદર, અસુંદર, બધા ગુણ અને બધી અવસ્થાઓ સમાન છે એવી સામ્ય ભાવના રાખવી તેને ઉપેક્ષા કહે છે.”

દરરોજ સવારે અને સાંજે આવા ઊંચા પ્રકારના વિષયોનું ચિંત્વન કર્યાથી નરનારીઓ ઘણા ઊંડા ભાવમાં ડૂબી જાય અને તેમનાં મન અતિશય ઉન્નત થાય, હૃદય વિશાળ થાય એ વાત તો સહેજે સમજી શકાય એવી છે. એ સાધનાપ્રણાલીને લીધેજ સુજાતા, વિશાખા વગેરે અનેક બૌદ્ધ રમણીઓએ ઉન્નત જીવન પ્રાપ્ત કર્યું છે. રાજકન્યા સંઘમિત્રા પણ એ સાધન કરવા લાગી અને ધીમે ધીમે ધાર્મિક જીવનની એકે એકે ઊંચી સીડીએ ચઢવા લાગી.

સંઘમિત્રાનો મોટોભાઇ મહેંદ્ર બત્રીશ વર્ષની વયે ધર્મ-પ્રચારને સારૂ સિંહલદ્વીપમાં ગયો. સિંહલદેશના રાજા તિષ્ઠ મહેન્દ્રનું આધ્યાત્મિક જ્યોતિથી પ્રકાશિત થયેલું શાંત સુંદર સ્વરૂપ જોઇને વિસ્મય પામ્યા અને અત્યંત શ્રદ્ધા અને આદર-પૂર્વક તેને પોતાને ત્યાં રાખ્યો. સિંહલનાં હજારો સ્રીપુરુષો મહેન્દ્રનો ઉપદેશ સાંભળીને બૌદ્ધધર્મ ગ્રહણ કરવા લાગ્યાં.

થોડા દિવસ પછી સિંહલની રાજકુમારી અનુલાએ પાંચસો સખીઓ સહિત ભિક્ષુણીવ્રત લેવાનો સંકલ્પ કર્યો. એ વખતે મહેન્દ્રને લાગ્યું કે, આટલી બધી સ્રીઓને ઉત્તમ રીતે ધર્મનું શિક્ષણ આપવા તથા સિંહલની સ્રીઓમાં ધર્મપ્રચાર કરવા સારૂ એક કેળવાયલી અને ધર્મશીલ ભિક્ષુણીની અત્યંત આવશ્યકતા છે. એટલા માટે એણે પોતાની વહાલી બહેન સંઘમિત્રાને સિંહલ મોકલાવવા સારૂ પિતા અશોકને પત્ર લખ્યો. રાજકુમારી સંઘ-મિત્રાને હવે ધર્મ સિવાય બીજા કોઇ પાર્થિવ પદાર્થ ઉપર આસક્તિ રહી નહોતી; એટલા માટે એણે જ્યારે સાંભળ્યું કે, ધર્મપ્રચારની ખાતર દૂર દેશાવર સિંહલદેશમાં ભાઇ મહેન્દ્રની પાસે જવું પડશે ત્યારે એનું હૃદય એકદમ આનંદના સરોવર-સમ થઇ ગયું અને એ સરોવરમાં શાંતિરૂપી કમળ ખીલી રહ્યાં. પુણ્યશીલા નારીએ પ્રફુલ્લ ચિત્તે સગાંવહાલાંની માયાજાળ કાપી નાખીને, સિંહલ જવા સારૂ સમુદ્રગામી વહાણમાં પગ મૂક્યો.

એની પૂર્વે બીજી કોઈ ભાગ્યશાળી ભારતરમણી ધર્મપ્રચાર-ની ખાતર એટલે દૂર દેશાવર ગઇ હતી કે નહિ તે અમે જાણતા નથી; એટલે એ શુભ દિવસ ખરૂં જોતાં ભારતરમણીઓના ઇતિ-હાસમાં સ્મરણમાં રાખવા યોગ્ય દિવસ છે, એમાં જરા પણ સંદેહ નથી. અનુમાન કરીએ છીએ કે એ દિવસ ભારતનું વહાણ કોઇ નૂતન ગૌરવ અનુભવતું સાગરના તરંગો ઉપર આનંદમાં ડોલતું ડોલતું જતું હશે. સંભવ છે કે એ દિવસે કિનારા ઉપર વસનારા આર્ય નરનારીઓએ વહાણના કિનારા ઉપર ઊભાં રહીને રાજ-કન્યાના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરી હશે.

સંઘમિત્રા સિંહલદેશમાં જઇ પહોંચ્યા પછી તેની તેજસ્વી મુખમુદ્રા, તપસ્વિનીનો વેશ અને અપૂર્વ ધર્મભાવ જોયાથી ત્યાંના સ્રીપુરુષોનાં હૃદયમાં કેવા પ્રકારની ભક્તિ અને વિસ્મય ઉત્પન્ન થયાં હશે, તે જાણવાનું આપણી પાસે કાંઇ સાધન નથી. મહા-

રાજા અશોકના જીવનચરિત્રમાંથી કેવળ એટલું તો જણાઈ આવે છે કે, સંઘમિત્રાએ સિંહલદેશમાં જઇને ત્યાં આગળ એક ભિક્ષુણી-સંપ્રદાય સ્થાપ્યો હતો. તેના ત્યાગમંત્રદ્વારા પવિત્ર બનેલા જીવનનો પ્રભાવ સિંહલવાસીઓ ઉપર ઘણો સારો પડ્યો હતો, પણ એ સંબંધી વિશેષ વૃત્તાંત આપણા જાણ્યામાં નથી આવતો; પરંતુ એ સંન્યાસિની રાજકન્યાની બાબતમાં જે થોડીક વાતો જાણી શક્યા છીએ, તેના ઉપર વિચાર કરવાથી કલ્પનાના માયામંત્ર-દ્વારા મનમાં ને મનમાં તેની એક માનસી મૂર્તિ ખડી થાય છે; અને એ મૂર્તિ આગળ આપણે મસ્તક નમાવવુંજ પડે છે. જરા વિચાર કરીને જોયાથી જણાશે કે, ધર્મપ્રચાર કરતાં વધારે ગૌરવ-મય કાર્ય આ સંસારમાં બીજું કાંઇ નથી. આત્મોત્સર્ગ કરીને સત્યની અમૃતમય વાણી મનુષ્યજાતિને સંભળાવવા કરતાં વધારે ઉન્નત કાર્ય સ્ત્રીને માટે કયું હોઇ શકે? લગભગ ૨૧૭૫ વર્ષ પૂર્વે ભારતના એક ચક્રવર્તી મહારાજાધિરાજની કન્યા સંઘમિત્રા-એ એ ધર્મપ્રચારના કાયનું ગૌરવ અનુભવ્યું હતું અને આડો-અવળો કાંઇ પણ વિચાર કર્યા વગર ધર્મની ખાતર પોતાનું અમૂલ્ય જીવન સમર્પણ કરી દીધું હતું. જ્યાંસુધી ભારતનો ઇતિહાસ કાયમ રહેશે ત્યાંસુધી આપણે એ ભારતરમણીના પવિત્ર નામનું ઉચ્ચારણ કરતાં કરતાં પ્રતિદિન તેના પ્રત્યે ખરા અંતઃ-કરણની શ્રદ્ધા અને ભક્તિ પ્રગટ કરવી પડશે.

મહાવંશ વગેરે બૌદ્ધ ગ્રંથોમાં સંઘમિત્રાનો ઉલ્લેખ મળી આવે છે. મહાવંશના લેખક લખે છે કે, “સંઘમિત્રાએ પૂર્ણ-જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. હથલહક નગરમાં વાસ કરતી વખતે તેણે ધર્મની ઉન્નતિને સારૂ પુષ્કળ પુણ્ય કાર્યો કર્યાં હતાં અને ૬૯ વર્ષની વયે પરિનિર્વાણ પદ પ્રાપ્ત કર્યું હતું. સિંહલના રાજાએ અત્યંત માનપૂર્વક સંઘમિત્રાની અંત્યેષ્ટિ ક્રિયા કરી હતી.

ભારતવર્ષની દરેક મહત્તાસૂચક વાતો ઉપર અશ્રદ્ધા રાખ-નાર અંગ્રેજ લેખકો પહેલાં તો ‘સંઘમિત્રા’નો ઐતિહાસિક વ્યક્તિ તરીકે સ્વીકાર કરવાને તૈયાર નહોતા; પરંતુ હવે તો વિન્સેંટ સ્મિથ જેવા પ્રસિદ્ધ ઇતિહાસ લેખક તેનું અસ્તિત્વ સ્વીકારે છે અને પોતાની પહેલાંની ભૂલ માને છે.*

* શ્રી. અમૃતલાલ ગુપ્તના એક બંગાળી લેખ ઉપરથી.

૮૭–શ્રીમતી

રાજા બિંબિસાર બુદ્ધદેવનો પરમ ભક્ત હતો. એણે એક દિવસ બુદ્ધદેવને બહુ વીનવીને તેમના ચરણના નખની એક કણી માગી લીધી હતી. એ કણીને કાળજીપૂર્વક પોતાના રાજમહેલના બગીચામાં દાટીને તેના ઉપર એક સુંદર શિલ્પકળાથી વિભૂષિત સ્તૂપ રચ્યો.

સંધ્યા સમયે રાજકુટુંબની વહુદીકરીઓ સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી સુકુમાર હસ્તમાં ફૂલની છાબડીઓ લઇ, એ સ્તૂપ આગળ આવતી અને સોનાનાં કોડિયાંઓમાં દીપક સળગાવતી.

રાજા બિંબિસારના મૃત્યુ પછી તેનો પુત્ર અજાતશત્રુ ગાદીએ બેઠો. પિતા જેટલો બુદ્ધભક્ત હતો, તેટલોજ પુત્ર બૌદ્ધધર્મનો દ્વેષી હતો. તલવારના બળ વડે એણે બૌદ્ધધર્મને પોતાની રાજધાનીમાંથી કાઢી મૂક્યો. વૈદિક યજ્ઞો ફરીથી ચાલુ કર્યા અને તેમાં બૌદ્ધધર્મગ્રંથોને સ્વાહા કરી દીધા. તેણે આખા શહેરમાં ઢંઢેરો પિટાવ્યો કે, "આ જગતમાં વેદ, બ્રાહ્મણ અને રાજા એ ત્રણ ઉપરાંત બીજું કોઇ પૂજા કરાવવાને અધિકારી નથી. જે કોઇ એ વાત ધ્યાનમાં નહિ લે અને તેથી વિરુદ્ધ વર્તશે તેની હું ખબર લઇ લઇશ."

રાજા બિંબિસારને શ્રીમતી નામની એક દાસી હતી. બુદ્ધદેવ પ્રત્યે એને પરમ ભક્તિ હતી. રાજાની આજ્ઞાથી ડરી જઇને નગરવાસી અનેક સ્ત્રીપુરુષોએ બુદ્ધદેવની પૂજા કરવી છોડી દીધી, ત્યારે શ્રીમતીનું ભક્ત હૃદય કંપી ઊઠ્યું. એણે તો નિશ્ચય કર્યો હતો કે ગમે તે થશે તોપણ હું મારો નિત્યનિયમ નહિ છોડું. ઢંઢેરો પિટાયો તેજ રાત્રે શુદ્ધ, શીતળ જળથી સ્નાન કરીને હાથમાં એક થાળીમાં પુષ્પ તથા દીવો લઇને શ્રીમતી રાજમહિષીની પાસે ગઇ અને સ્તૂપની પૂજા કરવા સારૂ જવાનું સંભાર્યું.

મહારાણીએ ધ્રૂજતે ધ્રૂજતે કહ્યું: "તને ખબર નથી કે અજાતશત્રુએ ઢંઢેરો પિટાવ્યો છે કે, 'જે કોઇ સ્તૂપની પૂજા કરશે તેને શૂળીએ ચઢાવવામાં આવશે, કાં તો દેશનિકાલ થશે.'"

શ્રીમતી ત્યાંથી નીકળીને ધીમે પગે રાજવધૂ અમિતાની પાસે ગઇ. રાણી એ વખતે શણગાર સજી રહી હતી. શ્રીમતીના હાથમાં પૂજાની સામગ્રી જોઇને તેના આવવાનું કારણ સમજી ગઇ અને ઠપકો દેવા લાગી: "મૂર્ખિ ! પૂજાની સામગ્રી અહીં લાવવાની તારી છાતીજ કેમ ચાલી ? હમણાં ને હમણાં અહીંથી ચાલી જા. કોઈ જોશે તો મોટો ગજબ થશે."

શ્રીમતી બીજા ઓરડામાં ગઈ, તો અસ્ત પામતા સૂર્યના પ્રકાશમાં બારી ખુલ્લી મૂકીને રાજકુમારી શુક્લા પડી પડી કવિતાનું પુસ્તક વાંચી રહી હતી. શ્રીમતીને પૂજાની સામગ્રી સહિત આવેલી જોઇને તે ચમકી ઊઠી અને ઝટ એની પાસે જઇને ધીમે ધીમે કહેવા લાગી:—

"રાજાની આજ્ઞા તું નથી જાણતી ? જાણીજોઇને મરણના મુખમાં જવા શા સારૂ નીકળી છે ?"

પૂજાની થાળી લઇને શ્રીમતી બારણે બારણે રખડી અને પોકાર કરવા લાગી: "હે નગરવાસીઓ ! પ્રભુની પૂજાનો સમય થયો છે." એ સાંભળતાંવારજ લોકો ભય પામતા અને કોઇ તો એને ગાળો પણ દેતા. શ્રીમતી લોકોની દુર્બળતાનો વિચાર કરીને વિસ્મય પામવા લાગી.

એમ કરતાં કરતાં દિવસનો છેલ્લો પ્રકાશ બંધ પડ્યો, અંધકાર વ્યાપી ગયો અને માણસોની આવજા બંધ પડી ગઇ. કોલાહલ શમી ગયો.રાજમંદિરમાં આરતીના ઘંટ વાગવા લાગ્યા.

શરદૃઋતુની એ અંધારી રાતે સ્વચ્છ આકાશમાં અસંખ્ય તારાઓ ઝબૂકી રહ્યા હતા.

આવે સમયે કોઈ બુદ્ધદેવના સ્તૂપ આગળ જઇ શકે એમ ન હતું, પણ એ મોડી રાતે રાજમહેલના પહેરેગીરો એક મનુષ્યાકૃતિ જોઇને ચમકી ઊઠ્યા. આગળ જઇને એમણે જોયું તો રાજાના બગીચાના એક ખૂણામાં ઘોર અંધારામાં બુદ્ધદેવના સ્તંભની ચારે તરફ દીપકની જ્યોત ઝગમગી રહી છે.

ખુલ્લી તલવાર લઇને સિપાઈઓ દોડતા આવ્યા. જોયું તો એક રમણી સ્તૂપની પાસે બેઠી છે. એનાં નેત્ર બંધ હતાં અને હોઠ જરા ફરફરી રહ્યા હતા. રાજાના સિપાઇઓએ પૂછ્યું: "તું આવી રાતે અહીં આવનાર અને રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર કોણ છે?" શ્રીમતીએ મધુર સ્વરે ઉત્તર આપ્યો: "હું બુદ્ધની દાસી શ્રીમતી છું."

નાગી તલવાર એ રમણીની ગરદન ઉપર પડી, મંદિરનો એ શ્વેત પથ્થર લોહીથી રંગાઇ ગયો.

શરદ્‌ની એ સ્વચ્છ રાત્રિએ પ્રાસાદ-કાનનમાં સ્તૂપ આગળના એ આરતીના દીવા ચુપચાપ છેલ્લીવાર હોલવાઇ ગયા. શ્રીમતીનું નામ અમર થઇ ગયું.*

૮૮-चंद्रवती

કાશ્મીરમાં પ્રાચીનકાળમાં ઇસવીસન પૂર્વે ૫૦૫ વર્ષ ઉપર મિહિરકુળ નામનો એક રાજા થઇ ગયો છે. એ રાજા ઘણો પ્રતાપી તેમજ ક્રૂર પણ હતો. સિંહલ દેશને તેણે જીત્યો હતો. તેના જીવનના એક પ્રસંગ ઉપરથી એના સ્વભાવનો પરિચય મળશે. સિંહલ-વિજય કરીને કાશ્મીર પાછા ફરતાં, કાશ્મીરના દરવાજા આગળ તેણે એક હાથીને અકસ્માત્ પહાડ ઉપરથી સરકી પડતો અને ચીસો પાડી પાડીને મરી જતાં જોયો. રાજાને એ દેખાવ જોઇને મજા પડી અને તેણે આજ્ઞા આપીને અનેક હાથીઓને એવી રીતે પહાડ ઉપરથી ધક્કેલીને મારી નાખ્યા. જીવનમાં એવાં અનેક પાપકર્મ કરનાર એ રાજાને પાછળથી પશ્ચાત્તાપ પણ બહુ થયો હતો અને પુણ્યે પાપ ઠેલાય એ વિચારથી પુણ્યદાન કરવા લાગ્યો. એ રાજાએ શ્રીનગરીમાં મિહિરેશ્વર મહાદેવની સ્થાપના કરી. વળી તેણે મિહિરપુર નામનું નગર વસાવી એમાં બહુ અગ્રહાર બંધાવ્યા તથા બ્રાહ્મણોને પુષ્કળ દાન દીધાં.

---

* શ્રીયુત્ રવીન્દ્રનાથ ઠાકુરના 'પૂજારિણી' નામના એક સુપ્રસિદ્ધ કાવ્ય ઉપરથી.

એ રાજા એક વખત ચંદ્રકુલ્યા નામની નદીનો પ્રવાહ બીજી દિશામાં વાળવામાં રોકાયો હતો; પરંતુ માર્ગમાં એક મોટી શિલા પડી હતી તે અડચણ રૂપ થઈ પડી. રાજાને લાગ્યું કે મારા પાપને લીધેજ આ વિઘ્ન ઉપસ્થિત થયું છે. એણે વ્રત ઉપવાસ આરંભ્યાં અને દેવતાઓને પ્રસન્ન કરવા એક મોટો યજ્ઞ રચ્યો. દેવતાએ સ્વપ્નમાં દર્શન દઇને તેને કહ્યું: "હે રાજન્! આ શિલા ઉપર બળવાન બ્રહ્મચારી યક્ષ વાસ કરે છે; માટે જ્યાંલગી કોઇ પતિવ્રતા સ્ત્રી પોતાના હાથનો સ્પર્શ નહિ કરે ત્યાં લગી એ પથ્થર હઠવાનો નથી. તે સિવાય તો ભલભલા દેવતામાં પણ એ પથ્થરને ખસેડવાનું સામર્થ્ય નથી."

સવાર થતાંજ રાજાએ ઢંઢેરો પિટાવીને પતિવ્રતા સ્ત્રીઓને એ શિલા આગળ આવવાનું આમંત્રણ કર્યું. હજારો સ્ત્રીઓ પોતાના પાતિવ્રત્યનું અભિમાન ધરાવતી ત્યાં આવી અને શિલાને સ્પર્શ કર્યો, પણ કોઈનાથી પથ્થર ખસ્યો નહિ. એ ગામમાં ચંદ્રવતી નામની એક કુંભારણ પણ રહેતી હતી. એ પણ નદી આગળ આવી હતી. ઉચ્ચ કુળની હજારો નારીઓ નિષ્ફળ નીવડી ત્યારે એ કુંભારણે આગળ આવી વિનયપૂર્વક શિલાને સ્પર્શ કર્યો. સ્પર્શ કરતાં વાર ઝટ શિલા ખસવા લાગી. રાજા ઘણો પ્રસન્ન થયો. તેણે તથા હાજર રહેલાઓએ ચંદ્રવતીના પાતિવ્રત્યની મુક્તકંઠે પ્રશંસા કરી. એમ પણ કહેવાય છે કે એ પ્રસંગથી રાજાને બીજી સ્ત્રીઓ ઉપર ઘણો ક્રોધ ઊપજ્યો અને તેણે તેમનો વધ કરાવ્યો. ગમે તે હો, ચંદ્રવતીએ શિયળના પ્રભાવથી કાશ્મીરના ઇતિહાસમાં પોતાનું નામ ઉજ્જવળ કર્યું છે.

૮૯–अमृतप्रभा

પ્રાગજ્યોતિષપુરના વૈષ્ણવ રાજાની એ કન્યા હતી. એના લગ્ન સમયે પિતાએ સ્વયંવર રચ્યો હતો. અમૃતપ્રભાએ કંદહારના રાજાના પુત્ર મેઘવાહનને વરમાળા પહેરાવી. મેઘવાહન દિવ્ય લક્ષણયુક્ત રાજપુત્ર હતો. એ કાશ્મીરના રાજસિંહાસન ઉપર સંધિમાન રાજાના વાનપ્રસ્થ થયા પછી પ્રજાની પસંદગીથી બેઠો હતો. પ્રજા એના ઉપર ઘણી પ્રસન્ન હતી. રાજા જીવદયાનો મહાન પોષક હતો. રાજ્યાભિષેકને દિવસે એણે ઢંઢેરો પિટાવ્યો હતો કે, "આજથી કોઇ પણ મનુષ્ય કોઇ જાતના પ્રાણીની હિંસા કરવા નહિ પામે." પોતાના એ ઠરાવને અમલમાં લાવવા સારૂ એણે પ્રાણીઓનો વધ કરીને ગુજરાન ચલાવનારા કસાઇ વગેરે લોકોને રાજના ખજાનામાંથી પૂંજીની મદદ અપાવીને ઉપયોગી નિર્દોષ ધંધાઓમાં લગાડી દીધા હતા. એ રાજાના રાજ્યમાં યજ્ઞોમાં પણ ઘીનો હોમ થતો હતો અને બલિદાનમાં પશુને બદલે કણકનું પશુ બનાવવામાં આવતું હતું. એ રાજાએ મેઘવન નામનો એક અગ્રહાર બંધાવ્યો હતો.

રાણી અમૃતપ્રભા યોગ્ય પતિની સુયોગ્ય સહધર્મિણી હતી. એ પણ પુણ્યવાન અને ધર્મપરાયણા હતી. ભિક્ષુઓના આરામને સારૂ એણે અમૃતભવન નામનો ઊંચો વિહાર બંધાવ્યો હતો અને પોતાના પિતાના ગુરુ 'લો' નામના સાધુની આજ્ઞાથી 'લો સ્તુન્વા' નામનો એક સ્તૂપ બંધાવ્યો હતો.

અમૃતપ્રભાના દૃષ્ટાંતથી પ્રેરાઇ રાજા મેઘવાહનની બીજી રાણી યૂકદેવીએ પણ પોતાના નામથી એક વિશાળ વિહાર બંધાવ્યો, જે વિહારના અરધા ભાગમાં વિદ્વાન અને સદાચારી સાધુઓ નિવાસ કરતા હતા અને અરધા ભાગમાં સ્ત્રી, પુત્ર અને પશુસહિત ગૃહસ્થ લોકો રહેતા હતા. રાજાની બીજી એક રાણી ઇંદ્રદેવીએ પણ એક વિહાર અને ચતુઃશાલ સ્તૂપ બંધાવ્યા હતા.

૧૦—વાક્પુષ્ટા

પ્રકૃતિની લીલાભૂમી—નંદનવન સમાન કાશ્મીરમાં વિક્રમ સંવતનાં ૧૨૯ વર્ષ પૂર્વે તુંજીન નામનો એક પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. એ ઘણો પરાક્રમી, ઉદાર અને દાનશીલ હતો. એની રાણીનું નામ વાક્પુષ્ટા હતું. કાશ્મીરનો ઇતિહાસલેખક કહલણ લખે છે કે, "એ બન્ને રાજારાણીએ પૃથ્વીને એવી રીતે અત્યંત ભૂષિત કરી દીધી હતી, કે જેવી રીતે ગંગા અને મૃગાંકના ટુકડાએ શિવજીની જટાને શોભિત કરી રાખી છે; અથવા એ બન્નેએ નાના પ્રકારના વર્ણથી કાશ્મીરને એવી રીતે મનોરમ બનાવ્યું હતું કે, જેવી રીતે વીજળી અને મેઘ મળીને મેઘધનુષ્યની શોભા ઉત્પન્ન કરે છે. એ રાજાએ તુંગેશ્વર નામનું શિવાલય બંધાવ્યું હતું. એક વખત પ્રજાને તડકાનું ઘણું દુઃખ વેઠતી જોઇને એણે સડક ઉપર છાયાવાળાં વૃક્ષો રોપાવવાની ખાસ વ્યવસ્થા કરી હતી. રાજા જેવો પરોપકારી હતો તેવીજ રાણી વાક્પુષ્ટા હતી. પોતાની પ્રજાને એ સંતાન સમાન ગણતી હતી અને એમનાં કષ્ટનું નિવારણ કરવાને સદા તત્પર રહેતી.

એ રાજદંપતીનો સંસાર ઘણા સુખમાં વ્યતીત થઈ રહ્યો હતો, એવામાં એમના ઉપર એક ભારે વિપત્તિ આવી પડી. ખરા રાજાઓ પોતાની પ્રજાના સુખમાંજ સુખ અને પ્રજાના દુઃખમાંજ દુઃખ માને છે. રાજદંપતીનાં ધૈર્ય અને મહત્તાની પરીક્ષા કરવા સારૂજ દૈવે કાશ્મીરની પ્રજા ઉપર મહાન આફત નાખી. ત્યાંની ફળદ્રૂપ જમીનમાં શરદઋતુમાં તૈયાર થવા આવેલા પાક ઉપર ભાદરવા મહિનામાં અકસ્માત્ એટલો બધો બરફનો વરસાદ વરસ્યો કે જાણે વિશ્વનો સંહાર કરવાને તૈયાર થયેલો સાક્ષાત્ કાળ અટ્ટહાસ્ય કરી રહ્યો હોય એવું દેખાવા લાગ્યું. હિમ પડ્યાથી

અનાજનાં ખેતરોની સાથે સાથે પ્રજાના જીવનની આશા પણ નાશ પામી ગઇ. એ સુંદર દેશમાં ઘોર દુકાળ પડ્યો. લોકોને અન્નના સાંસા પડવા લાગ્યા અને દરરોજ હજારો સ્ત્રીપુરુષો કાળના વિકરાળ મુખમાં પડવા લાગ્યાં. પેટની ઝાળથી વ્યાકુળ થયેલી માતાઓ પોતાનાં લાડકાં બાળકોના હાથમાંનો ખોરાકનો કોળિયો ઝૂંટવી લઇને ખાવા તૈયાર થતી હતી. પતિ પત્નીના હાથમાંથી જુવાર પડાવી લેતો અને એવાં અનેક હૃદયવિદારક દૃશ્ય એ દુકાળના સમયમાં દેખાવા લાગ્યાં. ઇતિહાસ કહે છે, કે એ સમયે પેટની જ્વાળાથી પીડાતા ભૂખ્યા મનુષ્યો પત્નીનો પ્રેમ, સંતાનનો સ્નેહ, પિતા પ્રત્યેનો પૂજ્યભાવ–બધું વીસરી ગયા. અલક્ષ્મીના કૃપાકટાક્ષથી એક કોળિયા ધાનની ખાતર લોકોએ લાજ, શરમ, અભિમાન, કુળનું ગૌરવ આદિ બધા વિચારોને તિલાંજલિ આપી દીધી. જ્યાં જુઓ ત્યાં હાડપિંજર સમા દેહવાળા મૂર્તિમાન પ્રેતસમા મનુષ્યો એક રોટલીના ટુકડા સારૂ લડી મરતા દેખાતા હતા. એ ભયંકર દુકાળનું વર્ણન કરીને અમે અમારાં વાચકોનો અમૂલ્ય સમય લઇશું નહિ. છપ્પનિયા-માં જે લોકોએ બહાર જઇ ગરીબ લોકોની દુર્દશા નિહાળી હશે, તેમને કાશ્મીરના એ ભયંકર દુકાળની કાંઇક કલ્પના આવશે.

કાશ્મીરના સદ્‌ભાગ્યે એ સમયે તુંજીન અને વાક્‌પુષ્ટા જેવાં પરોપકારી, દયાળુ અને પ્રજાવત્સલ રાજારાણી હતાં. એમણે એવી આપત્તિના સમયમાં રાજમહેલમાં બેસી રહીને મોજમજાહ ઉડાવવાનું અયોગ્યજ ધાર્યું. દુકાળથી પીડાતા લોકોનો આર્ત-નાદ એમની છાતીને વીંધી નાખવા લાગ્યો. તેઓ બહાર આવ્યાં અને પોતાનો બધો ખજાનો, પોતાના સઘળા દરદાગીના પ્રજા-ના હિતને સારૂ, દુકાળિયાંઓને અન્ન આપવા સારૂ ખુલ્લા મૂક્યા. રાજારાણી જાતે પોળોમાં, રસ્તાઓમાં અને ઘેરેઘેર ફરીને ગરી-બોને અન્ન વહેંચવા લાગ્યાં. એમના દર્શનમાત્રથી રૈયતનું દુઃખ ચાલ્યું જતું. જંગલ, સ્મશાન, ગલી, ચોટું, ઘરબાર કોઇ પણ સ્થાન એવું ન રહ્યું કે જ્યાં રાજારાણીએ જાતે જઇને દુઃખી લોકોને ભોજન નહિ કરાવ્યું હોય. આ પ્રમાણે પ્રજાની સેવા કરતાં કરતાં રાજ્યનો બધો ખજાનો ખાલી થઇ ગયો. વળી પૈસા ખરચીને પણ ખરીદવા ધારે તોપણ દેશમાં અન્નજ ખૂટી ગયું હતું, એટલે રાજા અત્યંત નિરાશ થયો. હવે એનું ધૈર્ય રહ્યું નહિ.

એક દિવસ ભૂખ્યોતરસ્યો આખો દિવસ પરિશ્રમ કરીને રાજા ઘેર આવ્યો અને પ્રજાનું દુઃખ સંભારીને મોટે સાદે વિલાપ કરવા લાગ્યો. એનાં નેત્રમાંથી અશ્રુ દડદડ ટપકતાં હતાં. રાણી વાક્‌પુષ્ટા એ સમયે શયનગૃહમાં ઇષ્ટદેવને પ્રાર્થના કરી રહી હતી કે, “હે પરમાત્મન્ ! અમારા ઉપર દયા કરો. અમારી ગરીબ રૈયતના દુઃખનો પાર રહ્યો નથી. હે કરુણાસાગર! હે કૃપાળુ ! અમારા સામું જુઓ અને એમનું અન્નનું કષ્ટ નિવારો.” જે સમયે રાણી પ્રાર્થનામાં નિમગ્ન હતી તેજ સમયે પતિનો વિલાપ તેને કાને પડયો અને એ આકુળવ્યાકુળ થઇને રાજાના દીવાનખાનામાં ગઇ અને શોક તથા ચિંતાનું કારણ પ્રેમપૂર્વક પૂછવા લાગી. રાજાએ આંસુને રોકીને કહ્યું: “દેવિ ! મારી તો ખાતરી થઇ ગઇ છે કે આપણા અપરાધથીજ ગરીબ, નિર્દોષ પ્રજા આ અસહ્ય દુઃખ વેઠી રહી છે. હાય ! મારા જેવા અભાગિયા રાજાને ધિક્કાર છે કે જેની આંખ આગળ દયાને પાત્ર પ્રજા ટળવળી મરે છે. આ પૃથ્વીમાં મારી રાંક પ્રજાને કયાંય પણ શરણ રહ્યું નથી. આ ઘોર આફતમાંથી મારી એ લાડકવાઈ રૈયતનું રક્ષણ ન કરી શકું, તો મારૂં રાજા બન્યાનું અને જીવ્યાનું સાર્થકજ શું ? મારાથી બન્યું ત્યાંસુધી મેં એમને બચાવ્યાં અને અન્ન વગર મરવા ન દીધાં, પણ હવે શું કરવું ? હવે તો દેશમાં અન્નજ નથી રહ્યું. ઘોર દુઃખસાગરમાં ડૂબેલી મારી આ પ્રજાનો ઉદ્ધાર કેવી રીતે થાય તેનીજ મને ફિકર છે. સૂર્ય વાદળાંઓથી ઘેરાયલો હોવાથી અંધકાર છવાઇ ગયો છે અને કાળરાત્રીએ ચારે તરફથી વિશ્વને ઘેરી લીધું હોય એવો દેખાવ થઇ રહ્યો છે. બરફના પર્વતોને લીધે ચારે તરફનો માર્ગ રોકાઈ ગયો છે અને લોકો કહીં આવજા કરી શકતા નથી. માળામાં બંધ કરેલા પક્ષીના જેવી મારી રૈયતની દશા થઇ છે. રાણિ ! આ દુકાળે તો મોટા મોટા શૂરવીર, બુદ્ધિમાન અને વિદ્વાનોની બુદ્ધિ ચકરાવામાં નાખી દીધી છે. વહાલિ ! મારા રાજ્યમાં એવા અનેક યોગ્ય પુરુષો છે કે જે બહાર જઈને પોતાની સલાહ વડે બીજાઓનાં દુઃખ દૂર કરી શકે, પણ અત્યારે કોઇની બુદ્ધિ કહ્યું કરતી નથી.

“આવી સ્થિતિમાં શું કરવું એ મને સૂઝતું નથી, એટલે મેં સળગતી આગમાં ઝંપલાવીને દેહનો નાશ કરવાનો નિશ્ચય કર્યો છે, મારામાં હવે એટલી શક્તિ નથી રહી કે, મારી નજર આગળ

રૈયતને નાશ પામતી જોઇ શકું. અહા! ધન્ય છે એ રાજાને કે જે પોતાની પ્રજાને પુત્ર સમાન ગણીને તેમને સુખી જુએ છે અને પોતે સુખમાં સૂએ છે." આટલું કહેતાં કહેતાં રાજાનું હૃદય ભરાઇ આવ્યું અને એને ગળે ડૂમો બાઝયો. પલંગ પર સૂઇ જઇને મોં ઉપર કપડું ઢાંકીને એ ખૂબ રોવા લાગ્યો.

પતિના મનની વ્યથા રાણી બરોબર સમજી ગઇ. પતિએ ધૈર્યનો ત્યાગ કર્યો એ વખતે રાણી વાક્પુષ્ટાએ હૃદયને કઠણ કર્યું અને પતિને ધીરજ ધરવાનો ઉપદેશ પ્રેમમયી વાણીમાં આપવા માંડયોઃ "રાજન્! પ્રજાના પાપને લીધે આજ આપની આવી અવળી મતિ થઇ છે કે આપ સાધારણ કાયર મનુષ્યોના જેવી વાતો કરી રહ્યા છો. વીર પુરુષને ન છાજે એવો આત્મહત્યાનો વિચારજ તમને કેમ સૂઝયો? રાજા અસાધ્ય દુઃખોને દૂર ન કરી શકે તો પછી એની મોટાઇ શામાં છે? સત્યવ્રત રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની શક્તિ દેવતાઓમાં પણ નથી. પતિમાં ભક્તિ રાખવી એ સ્ત્રીઓનું વ્રત છે, માંહોમાંહે દ્રોહ અને કુસંપ ન કરવો એ મંત્રીઓનું વ્રત છે અને સર્વ પ્રકારે પ્રજાનું પાલન કરવું એ રાજાનું વ્રત છે; માટે હે વ્રતધારીઓમાં શ્રેષ્ઠ! ઊઠો, મારા વચનને મિથ્યા ન માનશો. પ્રજાપાળ! ચાલો, આપની પ્રજાનું ભૂખમરાનું દુઃખ ટળી ગયું એમ સમજો. નિરાશ થઇને પડી રહ્યે નહિ પાલવે. આપણા દેહમાં પ્રાણ છે ત્યાંસુધી આપણી ફરજ છે કે રૈયતને બચાવવી. એક પણ મનુષ્યને મૃત્યુના મુખમાંથી બચાવી શકીશું તો આપણા જીવ્યાનું સાર્થક છે. આપણા બધા પ્રયત્ન જયારે નિષ્ફળ જશે, પ્રજાજનોમાંથી એકેએક કાળના મુખમાં સપડાઇ જશે, ત્યારે બેશક લાચાર થઇને આપણે બન્ને ચિતામાં ચડીશું; પણ ત્યાંસુધી નિરાશ થવાની કાંઇ આવશ્યકતા નથી. પ્રભુએ આપણી પરીક્ષા લીધી છે. એ પરમ દયાળુ પિતા આપની પવિત્ર નિષ્ઠાનો જરૂર બદલો આપશે. જો મેં સાચા દિલથી પતિસેવા કરી હશે, જો મેં શુદ્ધ મનથી પ્રભુને સેવ્યા હશે, તો એ મને અવશ્ય આ સમયે સહાય કરશે."

એટલું કહીને રાણી વાક્પુષ્ટા એકાગ્રચિત્તે પ્રભુપ્રાર્થનામાં નિમગ્ન થઇ ગઇ. આજે એણે નિશ્ચય કર્યો હતો કે, "પ્રભુને મારી પ્રાર્થનાથી સંતુષ્ટ કરીશ, નહિ તો પતિના પહેલાં હુંજ આ સંસારનો ત્યાગ કરીશ." રાણીએ કલાકેના કલાકો સુધી દીન પ્રજાની

ખાતર પ્રભુની ઉપાસના કરી, પુષ્કળ કરગરી, અસંખ્ય આંસુ પાડ્યાં અને અશરણના શરણ દીનાનાથ તેની વહારે ધાયા.

જોતજોતામાં આકાશમાંથી કબૂતરોનો વરસાદ પડ્યો. નાનાં-મોટાં અસંખ્ય કબૂતરોના મૃતદેહ દુકાળિયાંની પાસે આવીને પડ્યા અને તેમણે અનેક દિવસ સુધી તેનાથી ભૂખ સમાવી.

રાજતરંગિણીકારનું અનુમાન છે કે એ પતિવ્રતા રાણીએ પોતાના પુણ્યપ્રભાવથી કબૂતરના જેવા કોઇ બીજાજ પદાર્થની વૃષ્ટિ કરાવીને પ્રજાનું સંકટ ટાળ્યું હતું; કેમકે પ્રાણીમાત્ર ઉપર દયા રાખનાર અને અહિંસાનું વ્રત ધારણ કરનારાં રાજારાણી અસંખ્ય કબૂતરોની હિંસાનું કલંક પોતાના ઉપર લાગવા દે એ સંભવિત નથી. અમારા અનુમાન પ્રમાણે અતિશય બરફ પડવાથી પક્ષીઓ મોટી સંખ્યામાં મરણ પામેલાં હોવાં જોઇએ; અને જ્યાં પેટની આગ હોલાવવાનોજ પ્રશ્ન રહ્યો ત્યાં મનુષ્ય વિધિનિષેધનો બહુ વિચાર કરવા રહેતો નથી. એ સંકટના સમયમાં કાશ્મીર-વાસીઓએ કબૂતરના માંસથી ઉદરજ્વાળા શાંત કરી હોય તો એમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. અસ્તુ !

થોડી વારમાં આકાશ નિર્મળ થઇ ગયું અને રાજાના શોકની સાથે સાથે દુકાળની પણ શાંતિ થઈ ગઇ.

રાજાએ રાણી વાક્પુષ્ટાને પોતાની રૈયતની રક્ષક ગણીને ઘણો ધન્યવાદ આપ્યો.

રાણી વાક્પુષ્ટા પુણ્યની મૂર્તિ હતી. એણે બ્રાહ્મણોને માટે ઘણી સામગ્રી સહિત બે વિશાળ અગ્રહાર બંધાવ્યા. ત્યાં આગળ ગરીબોને અને બ્રાહ્મણોને છૂટે હાથે અન્ન વહેંચવાની યોજના હતી. સેંકડો વર્ષો સુધી એ અગ્રહારમાં વટેમાર્ગુઓ આશ્રય લેતાં અને રાણી વાક્પુષ્ટાને આશીર્વાદ આપતાં.

રાજા તુંજીન છત્રીસ વર્ષ સુધી રાજ્ય કરીને ભરયુવાવસ્થામાં પરમધામ સિધાવ્યા, એટલે પતિવિરહથી પીડિત થઇને રાણી વાક્પુષ્ટાએ પ્રાણ ત્યજી દીધો. જે સ્થળે એ પતિવ્રતા રાણી સતી થઈ હતી, એ સ્થાન હજુ પણ વાક્પુષ્ટાટવીના નામથી પ્રસિદ્ધ છે.

રાજારાણી નિઃસંતાન મરણ પામ્યાં, પણ એમનો યશ ચિરંજીવ છે.

९१–देवस्मिता

દેવસ્મિતા ધર્મગુપ્ત નામના એક વાણિયાની કન્યા હતી. ધર્મગુપ્ત દેવનગરીનો નિવાસી હતો. બાલ્યાવસ્થામાંજ તેણે કન્યાને પોતાની શક્તિઅનુસાર વાંચતાંલખતાં શીખવ્યું હતું. દેવસ્મિતા રૂપવતી, ગુણવતી અને સુશીલ, ધર્માત્મા સ્ત્રી હતી. રામાયણ અને મહાભારતની કથાઓ ઉપરાંત બૌદ્ધધર્મની કથાઓ પણ તે સારી પેઠે જાણતી હતી. જ્યારે દેવસ્મિતા જુવાન થઇ ત્યારે ધર્મગુપ્તે તામ્રલિપ્તી નગરીના મણિભદ્ર નામના એક સુંદર અને ધાર્મિક યુવક સાથે એનું લગ્ન કર્યું. પતિપત્નીમાં ઘણો મજબૂત પ્રેમ બંધાયો. દેવસ્મિતા પતિવ્રતા સ્ત્રી હતી. ઘરનાં બધાં માણસો એનાથી પ્રસન્ન હતાં. ધર્મનું શિક્ષણ મળેલું હોવાથી એ સાધુસંત અને સંન્યાસીઓની સેવા અને સહાયતા કરતી હતી. ભૂખ્યોતરસ્યો જે કોઇ જઈ ચડે તેને સત્કારતી. આડોશીપાડોશીની વહુદીકરીઓ પર એનો વિશેષ પ્રેમ રહેતો હતો. એ સવારના પહોરમાં ઘણી વહેલી ઊઠતી અને સ્નાન કરીને સૌથી પહેલાં સાસુ અને ઘરની વડીલ સ્ત્રીઓને પગે લાગતી. પછી ઘરનું કામકાજ કરવામાં ગૂંથાતી. સાસુસસરાને એ પોતાના કામકાજ અને સેવાથી એવાં પ્રસન્ન રાખતી કે તેઓ એનેજ ઘરની માલિક ગણતાં અને એને પૂછ્યા વગર પાણી પણ નહોતાં પીતાં. એ જ્યારે પડોશની સ્ત્રીઓને મળવા જતી ત્યારે એમને ધર્મનું શિક્ષણ આપતી. દેવાલયમાં જતીઆવતી તો ત્યાં પણ ખાલી ટાયલાં અને કાથાકૂથલી કરવાને બદલે ધર્મ અને નીતિ સંબંધીજ વાતચીત કરતી. સાસરે આવ્યા પછી થોડા દિવસોમાંજ એણે બધાંને પોતાને વશ કરી લીધાં. બધાં એને ખરાં અંતઃકરણથી ચાહતાં હતાં. એનો બીજાઓ ઉપરનો પ્રેમ તથા ધર્મ ઉપરનો પ્રેમ અને પૂજાપાઠ જોઇને એનાં સાસુસસરા

વારંવાર કહ્યા કરતાં હતાં કે, “આ વહુ અમારા કુળને પવિત્ર અને ઉજ્જવળ કરનારી દેવી છે.”

વિવાહ પછી કેટલાંએ વર્ષો સુધી એમનું જીવન આનંદમાં વ્યતીત થયું; પરંતુ એવામાં દૈવવશાત્ એના સસરાનું મૃત્યુ થયું. એમના મરી ગયાથી સાસુને સંસાર ઉપર વૈરાગ્ય ઊપજ્યો અને ઘરખટલાનો બધો ભાર વહુ દેવસ્મિતા ઉપર નાખીને, પોતે ઈશ્વર-ભજન કરવા લાગ્યાં. દેવસ્મિતાએ એ ભાર ઘણી ખુશીથી ઉપાડી લીધો. સાંજના પહોરની એ રોજ સાસુને ધર્મપુસ્તકો વાંચી સંભળાવતી હતી. મણિભદ્ર જે આટલા દિવસ બાપના રાજ્યમાં સુખચેનમાં દિવસ ગાળતો હતો, તેને પિતાના મૃત્યુથીજ શોક થયો; કેમકે હવે વેપારની બધી જવાબદારી એને માથે આવી પડી.

મણિભદ્ર ધીરજ ધરીને બાપની જગ્યાએ દુકાને બેઠો. એ પણ વાણિયાનો છોકરો હતો એટલે વેપારમાં ઘણો હોશિયાર હતો. એના મિત્રો વેપારને માટે પરદેશ જવા લાગ્યા ત્યારે એને પણ સાહસ ખેડવાની ઇચ્છા થઈ. દેવસ્મિતાને પતિના વિયોગથી ઘણું દુઃખ થયું પણ એ વેપાર તે પતિનો ધંધો છે અને દેશાવર ખેડ્યા વગર વેપારની પૂરી માહિતી મળતી નથી તથા પૂરતો પૈસો પેદા થતો નથી એવું વિચારીને એણે પોતાનો ખેદ હૃદયમાં છુપાવી રાખીને પતિને પ્રસન્નવદને વિદેશ જવાની રજા આપી. છૂટાં પડતી વખતે પતિપત્નીએ પોતપોતાની વીંટીઓ એકબીજાને અદલબદલ કરીને પહેરાવી કે જેથી હમેશાં એમને પરસ્પર પ્રેમનું સ્મરણ થયાં કરે.

જે દિવસે મણિભદ્ર પરદેશ ગયો તેજ દિવસથી દેવસ્મિતાએ બધા અલંકારો ઉતારીને પેટીમાં મૂકી દીધા અને સાદાં વસ્ત્ર પહેરીને એ દિવસો ગાળવા લાગી. ઘરના કામકાજથી જ્યારે પુરસદ મળતી ત્યારે તે સાસુ પાસે જઈને બેસતી અને એમની આગળ ધર્મનાં પુસ્તકો વાંચવામાં વખત ગાળતી.

મણિભદ્ર વહાણમાં બેસીને કટાહ નામના નગરમાં ગયો અને ત્યાં દુકાન કરીને વેપારધંધો ચલાવવા લાગ્યો. ત્યાં એને બેચાર દુરાચારીઓ સાથે દોસ્તી બંધાઈ. બપોરે દુકાનમાંથી ફુરસદ મળતી ત્યારે એ લોકો સાથે બેસીને દારૂ પીતા અને ખરાબ અસભ્ય કામોમાં પોતાનો વખત ગાળતા. એ મિત્રો

ઘણાજ દુરાચારી, અસભ્ય અને ખરાબ ચાલચલણના હતા. એક દિવસ તેઓ દારૂ પીને મસ્ત બન્યા હતા ત્યારે સ્ત્રીઓનીજ નિંદા કરવા લાગ્યા. મણિભદ્ર પણ નશામાં ચકચૂર હતો. તેણે કહ્યું: " તમે જૂઠા છો. સ્ત્રીઓ ઘણી ભલી અને સુશીલ હોય છે. મારી સ્ત્રી એટલે બધી સતી છે કે, લોકો એને દેવીની માફક પૂજે છે." એ દુષ્ટ મિત્રોએ મણિભદ્રના ઘરનું ઠામઠેકાણું પૂછી લીધું અને પાછળથી એ લોકોએ એવો ઠરાવ કર્યો કે તામ્રલિપ્તી નગરમાં જઇને, મણિભદ્રની સ્ત્રીને છેતરીને તેનું સતીત્વ ભ્રષ્ટ કરવું અને પછી મણિભદ્રને શરમાવવો.

આવો વિચાર કરીને એ દુરાચારીઓ તામ્રલિપ્તી નગરમાં આવ્યા અને એક બુદ્ધમંદિરની ધર્મશાળામાં ઉતારો રાખ્યો. પછી ધીમે ધીમે પોતાના અન્યાયી કામની જાળ તેઓ ગૂંથવા લાગ્યા. એમણે વિચાર્યું કે, કોઇ સ્ત્રીની મદદ વગર એવા કામમાં ફાવી શકાય નહિ, માટે એ મંદિરમાં એક બૌદ્ધ સંન્યાસિની રહેતી હતી, તેને પૈસાટકાની લાલચ આપીને પોતાના પક્ષમાં લીધી. એણે જ્યારે એ કામ પાર ઉતારી આપવાની ખાતરી આપી ત્યારે એ હરામખોરો ઘણા ખુશ થઇ ગયા અને મનમાં વિચારવા લાગ્યા કે, " એ ઊંચા કુળની વધૂ આ સંન્યાસિનીના ફંદામાંથી નહિ છૂટે, એટલે થોડા દિવસ પછી અમે મણિભદ્રને સ્ત્રીઓની નીચતા અને બેવફાઇ સાબિત કરી આપી શકીશું."

એ વૃદ્ધ સંન્યાસિનીને બરોબર શીખવીને એ દુષ્ટોએ દેવસ્મિતાને ઘેર મોકલી. સુશીલ, પુણ્યવતી દેવી દેવસ્મિતાએ તેને તપસ્વિની જાણીને એનો સારો આદરસત્કાર કર્યો અને દયા લાવીને પૂછ્યું કે, "હે સંન્યાસિનિ! આજે આપે અહીં પધારવાની તસ્દી શા માટે લીધી?"

એ ઢોંગી વૃદ્ધ સાધુડી પોતાની મતલબ છુપાવીને બહારથી ધર્મની વાતો કરવા લાગી. દેવસ્મિતાએ એની ધર્મ સંબંધી વાતોથી પ્રસન્ન થઇને એનો ઘણો સત્કાર કર્યો અને કદી કદી આવતાંજતાં રહેવાની વિનતિ કરી. એ ડોશીને તો એટલુંજ જોઇતું હતું. એણે જાણ્યું કે હવે મારી મનોકામના પૂરી થવાની. એ દિવસથી એ રોજ દેવસ્મિતાને ઘેર જવાઆવવા લાગી.

જ્યારે પરસ્પર વધારે પરિચય થઇ ગયો, ત્યારે એ વૃદ્ધ

સંન્યાસિનીએ વાતવાતમાં દેવસ્મિતાના યૌવન અને પતિ-વિયોગ સંબંધી વાત કાઢીને દિલગીરી જણાવી. બિચારી ભોળી યુવતી આ કર્કશાના છળપ્રપંચમાં શું સમજે ? એ તો એમજ જાણતી હતી કે, આ સંન્યાસિની એક બહેનપણી તરીકે વાતો કરે છે અને એને લીધે એણે એની વાતો ઉપર બહુ ધ્યાન ન આપ્યું. એક દિવસ જ્યારે દેવસ્મિતા એકલી બેઠી હતી, ત્યારે એણે લાગ જોઇને પેલા કટાહ દેશથી આવેલા ચાર જુવાન બદમાશ વેપારીઓને ઇશારો કર્યો અને સતીને કહ્યું કે, " એ યુવકો તારા વિરહથી વ્યાકુળ થઇ રહ્યા છે અને તું એક વાર તેમની તરફ પ્રેમથી ઝાંખે એવી તેમની ઇચ્છા છે."

બુઢ્ઢી તપસ્વિનીની આવી હલકી વાત સાંભળીને દેવસ્મિતા ચમકી ઊઠી. હવે એને એ દુષ્ટાના આવવાનું ખરૂં કારણ સમજાયું. તેણે સમયસૂચકતા વાપરીને હસીને કહ્યું: "ઠીક, હું કાલે તમારી વાતનો જવાબ આપીશ." બુઢ્ઢી ચાલી ગઇ અને મનમાં ને મનમાં પ્રસન્ન થઇને ઘણી ફુલાઇ જવા લાગી. એને ખાતરી થઇ કે હવે તો સતીને ફસાવી છે. અભિમાન સાથે એણે પોતાના મહેમાનોને એ વાત જણાવી. એ લોકો પણ આનંદમાં ગરકાવ થઇ ગયા.

દેવસ્મિતાએ બુઢ્ઢીના ગયા પછી બધી હકીકત પોતાની સાસુને કહી સંભળાવી. સાસુએ કહ્યું: " કાલથી એને ઓટલે ન ચડવા દઇશ. " પણ દેવસ્મિતા ઘણી ચતુર હતી. એણે વિચાર્યું કે, એ બધા હરામખોરોને સજા કર્યા વગર ન છોડવા જોઇએ. એણે સાસુને સમજાવીને રાતે એ વાણિયાઓને પોતાને ઘેર બોલાવવાની રજા માગી લીધી.

બીજે દિવસે જ્યારે એ બુઢ્ઢી આવી, ત્યારે દેવસ્મિતાએ તેને હસીને કહ્યું કે, " ઠીક, એ યુવકોને આજે અમુક સ્થળે લઇ આવજો. હું એમને પૂછીશ કે તેઓ શા માટે મળવા માગે છે. "

રાતે બધાં સૂઇ ગયાં, એટલે એ વૃદ્ધ સંન્યાસિનીએ એકે એકે એ ચારે યુવકોને ઘરમાં પેસાડ્યા. એ ઓરડામાં દેવસ્મિતાએ પોતાના બે વિશ્વાસુ નોકરોને પણ રાખ્યા હતા. તેમના હાથમાં તપાવેલા લોઢાના કૂતરાના પંજા હતા. ઘરમાં પેસતાંવારજ એ નોકરોએ એ દુષ્ટોના માથામાં એ કૂતરાના પંજાના ડામ દીધા અને અંધારામાં ઉપરથી એમને નીચે ફેંકી દીધા. એમની ઘણીજ

દુર્દશા થઇ. સૂર્ય ઊગતા પહેલાં એ લોકો શરમાઇને મંદિરમાં-થી ચુપચાપ ચાલ્યા ગયા અને એ વૃદ્ધ સંન્યાસિનીને પણ પોતાની વિગત કહી ન શકયા. માથા ઉપરના ડામ કોઇ જુએ નહિ માટે માથે કપડું બાંધી દીધું.

દેવસ્મિતાએ બીજે દિવસે એ સંન્યાસિનીને બોલાવીને ખૂબજ ધમકાવી અને કહ્યું કે, " તું આ પ્રમાણે લોકોને છેતરવા માટેજ સંન્યાસિનીનો વેશ ધારણ કરે છે ? ધિક્કાર છે તને ! વેશ તો સાધુનો રાખે છે અને ધંધો કૂટણીનો કરે છે ! તું ઇંદ્રવર્ણાના ફળ જેવી છે કે, જે દેખાવમાં સુંદર પણ અંદરથી કડવું ઝેર છે. તારા ચાર બદમાશોને તો મેં ખૂબ સ્વાદ ચખાડયો છે. હવે બોલ, તારી શી વલે કરૂં કે, જેથી તારા જેવી ઢોંગી સ્ત્રીઓ હવેથી ચેતીને ચાલે ? "

એ બુઢ્ઢી ડરી ગઈ અને રોતે રોતે દેવસ્મિતાને પગે પડી. એની સાસુ વચ્ચે પડી પણ દેવસ્મિતાએ કહ્યું: " નહિ, સાસુજી એને તો સજા કરવીજ જોઇએ. દુષ્ટોને વાજબી સજા નહિ કરવા-થી પાપ વધતું જાય છે અને અંતે ધર્મકર્મનો લોપ થઈજાય છે."

આખરે સાસુજીની સલાહથી એણે એ બુદ્ધમંદિરના પૂજારી-ને બોલાવ્યો અને એ સંન્યાસિનીનું પોગળ વિસ્તારથી કહી સંભળાવ્યું અને તેને સલાહ આપી કે, " એ ડોશીને હવેથી એ મંદિરમાંથી કાઢી મૂકવી, તેમજ મંદિરના બીજા સાધુ તથા સંન્યાસિનીઓ ઉપર ચાંપતી દેખરેખ રાખવી, જેથી તેઓ સંસારી મનુષ્યોના આચરણને બગાડી ન શકે." પૂજારીએ એમનું કહ્યું માનીને એ ડોકરીને મંદિરમાંથી કાઢી મૂકી.

આ બનાવ બન્યા પછી બે ચાર દિવસે દેવસ્મિતાને વિચાર આવ્યો કે, એ બદમાશો કંઇ સંપ કરીને પરદેશમાં મારા પતિ ઉપર મારી દાઝ ન કાઢે, તેથી એણે પોતાની સાસુને કહ્યું કે, " બા ! તમારા પુત્રના સમાચાર ઘણા દિવસ થયાં આવ્યા નથી. એ ચારે વાણિયાઓ એમના દોસ્ત હતા અને એમને પ્રસાદી ચખાડી છે, એટલે મને શંકા રહે છે કે એ લોકો મારૂં વેર એમના ઉપર ન લે ! આપ આજ્ઞા આપો, તો હું પોતે પરદેશમાં જઇને એમનું રક્ષણ કરૂં અને ક્ષેમકુશળ એમને લઇને પાછી આવું."

સાસુએ પહેલાં જરા આનાકાની કરી, પણ પછીથી વિચાર કર્યો

કે વહુ ધર્માત્મા છે, એને કાંઇ પણ વિઘ્ન આવવાનો સંભવ નથી. પછીથી એમણે વહુને પતિની શોધમાં જવાની રજા આપી.

દેવસ્મિતાએ સાસુને પગે પડીને આશીર્વાદ લીધો તથા પોતાની દાસીઓને સાથે લઇને પુરુષના વેશમાં વહાણમાં બેસીને એ કટાહ બંદરે પહોંચી અને પોતાના પતિની દુકાનની પાસે મકાન ભાડે રાખીને ઠાઠમાઠથી રહેવા લાગી. મણિભદ્રે એને જોઇ; એણે જાણ્યું કે એનો ચહેરો પોતાની સ્ત્રીના જેવો છે, પણ તેનો વેશ પુરુષનો હોવાથી એને જઇને મળવાનું કે વાતચીત કરવાનું સાહસ એનાથી ન થયું. એણે એમ જાણ્યું કે, આ કોઇ મારા દેશના શેઠિયાનો પુત્ર છે.

કુસંગને લીધે મણિભદ્ર જુદાજ રંગમાં રંગાઇ ગયો હતો. એના જે ચાર મિત્રો તામ્રલિપ્તી નગરીથી પાછા આવ્યા હતા, તેમણે દેવસ્મિતા ઉપર વેર લેવાને માટે એની વિરુદ્ધમાં ઘણી ખરાબ ગપો મારી અને એમ કરીને મણિભદ્રના મનમાં પોતાની સતી સ્ત્રી માટે ખરાબ અભિપ્રાય બેસાડયો. દેવસ્મિતા ત્યાં રહીને એ દેશની શીખવા યોગ્ય બધી વાતો શીખી અને પછી એક દિવસ ત્યાંના રાજાની કચેરીમાં જઇને કહ્યું કે, “ મારા ચાર ગુલામો નાસી આવીને આપના રાજ્યમાં સંતાઇ ગયા છે. આપ તપાસ કરીને એમને મારે સ્વાધીન કરો. ” એ દેશનો રાજા સૂરસેન ઘણો ધર્માત્મા અને નીતિકુશળ હતો. એણે આ પરદેશી વેપારીની ફરિયાદ સાંભળીને કહ્યું: “ તારા ગુલામોનો પત્તો દેખાડ, એટલે એમને બાંધી મંગાવીને તારે હવાલે કરીશું.” દેવસ્મિતાએ એ ચારેનાં નામ બતાવ્યાં. એ ચારે યુવકો એ રાજ્યના પ્રસિદ્ધ અને ધનવાન શેઠશાહુકારોના પુત્ર હતા. પહેલાં તો કોઇને એની વાત ઉપર વિશ્વાસ ન આવ્યો પણ એમને પકડી મંગાવ્યા પછી રાજાએ પુરુષવેશધારી દેવસ્મિતાને પૂછ્યું કે, “ જેમને તું દાસ કહે છે એ તો મારા રાજ્યના ધનાઢ્ય શાહુકારોના પુત્રો છે. તું છેતરાય છે. એમનું અપમાન કરવાની કસૂરમાં તું પોતે કંઇ ફસાઇ ન જાય. ”

દેવસ્મિતાએ કહ્યું: “ મારા દાસોના માથામાં કૂતરાના પંજાનું ચિહ્ન હોય છે. આ લોકોએ પાઘડીની નીચે એ ચિહ્નને સંતાડી દીધું છે. આપ એમની પાઘડી ઉતરાવીને જાતે જુઓ કે એ મારા દાસ છે કે નહિ ?” જ્યારે રાજાની આજ્ઞાનુસાર તેમની

પાઘડીઓ ઉતારવામાં આવી ત્યારે એમના માથા ઉપર ખરે-ખાત કૂતરાના પંજાનાં ચિહ્ન દેખાયાં. બધા એ ચિહ્ન જોઇને ઘણા આશ્ચર્ય પામ્યા. રાજાએ ઘણીયે વાર એ યુવકોને એ ચિહ્નોના સબંધમાં ખુલાસો પૂછ્યો પણ શરમના માર્યા એ ચારે જણા ચૂપ રહ્યા. પોતાના બચાવમાં એ એક પણ શબ્દ ન બોલી શક્યા.

દેવસ્મિતાથી હવે ન રહેવાયું. એણે એ પાપીઓના અન્યાયની તથા તેમને પડેલા મારની વાત મૂળથી માંડીને કહી સંભળાવી. રાજા એની વાત સાંભળીને ક્રોધથી તપી ગયો અને એ અપરાધમાં એમને ચારેને કેદની સજા કરી; પરંતુ જ્યારે એમનાં માબાપોએ દેવસ્મિતાને પગે પડીને વિનયપૂર્વક ક્ષમા માગી, ત્યારે એણે રાજાને વિનતિ કરીને એ લોકોની સજા માફ કરાવી.

રાજાએ સતી દેવસ્મિતાના પાતિવ્રત્યધર્મનાં ઘણાં વખાણ કર્યાં અને બહુ ધન તથા અલંકાર આપીને એને માનપૂર્વક તામ્રલિપ્તી નગરમાં વિદાય કરી. મણિભદ્ર પણ પોતાની સ્ત્રીનું ચરિત્ર સાંભળીને ઘણો પ્રસન્ન થયો, તેની બધી શંકાઓ જતી રહી અને એ પણ પોતાની પત્ની સાથે ઘેર ગયો.

મણિભદ્રની માતાને જ્યારે દેવસ્મિતાના બધા વૃત્તાંતની ખબર પડી, ત્યારે તેણે વહુને છાતીસરસી ચાંપીને, પોતાના હૃદયને ઠંડું કર્યું અને પ્રસન્ન થઇ જઇને કહ્યું: " વહુ ! તું દેવી છે. ઈશ્વર તારા સૌભાગ્યને અચળ રાખે. તારા જેવી દેવીઓથી સ્ત્રીજાતિની પ્રતિષ્ઠા વધે છે." નગરવાસીઓએ જ્યારે આ સમાચાર સાંભળ્યા, ત્યારે તેમના પણ આનંદનો પાર રહ્યો નહિ. દેવસ્મિતા માટે તેમના હૃદયમાં વિશેષ પ્રેમ ઉત્પન્ન થયો.

જે દેશ અને જે જાતિમાં એવી ધર્માત્મા સ્ત્રીઓ ઉત્પન્ન થાય છે, તે દેશ અને તે જાતિને ધન્ય છે !

१२–भारती

સ્વામી શંકરાચાર્ય જે વખતે બૌદ્ધધર્મના પાશમાંથી હિંદુધર્મને છોડાવવા માટે પ્રયત્ન કરી રહ્યા હતા અને પોતાનો વેદાંતમત પ્રતિપાદિત કરવાને દેશમાં ઠેકાણે ઠેકાણે ભ્રમણ કરી રહ્યા હતા, તે વખતે તેમને એ ધર્મપ્રચારના કાર્યમાં એક સ્ત્રીએ ઘણી મદદ આપી હતી. એ રમણી મંડનમિશ્ર નામના પંડિતની સ્ત્રી ભારતીદેવી હતી. ભારતી એક મહાન વિદુષી સ્ત્રી હતી.

મંડનમિશ્ર સાથે શંકરાચાર્યને એક વખત શાસ્ત્ર સંબંધી વાદવિવાદ થયો. એ વાદવિવાદ કરતાં પહેલાં શંકરાચાર્યે પ્રતિજ્ઞા કરી હતી કે, "હું આ વાદવિવાદમાં હારૂં તો મારે સંન્યસ્ત ત્યજી દેવો અને મંડનમિશ્રના શિષ્ય થઈને રહેવું." અને મંડનમિશ્રે પ્રતિજ્ઞા કરી હતી કે, "જો હું વાદવિવાદમાં હારૂં તો મારે સંસારનો ત્યાગ કરીને શંકરાચાર્યના શિષ્ય બનવું." બન્ને ધૂરંધર પંડિત હતા, એટલે એમનો વાદવિવાદ કાંઇ સાધારણ હોય એમ તો બનેજ નહિ. હવે આ વાદવિવાદમાં મધ્યસ્થ કોણ થાય? બન્ને પંડિતોનો ફેંસલો આપવાની શક્તિ ધરાવનાર મહાપંડિત કોણ હોય?

પરંતુ એ લોકોને મધ્યસ્થની શોધમાં ઘણે દૂર જવું પડયું નહિ. મંડનમિશ્રની સ્ત્રી ભારતીદેવીને એ સન્માન આપવામાં આવ્યું. એ ઉપરથીજ સમજી શકાશે કે એ કેટલી વિદ્વાન હશે!

વિવાદ શરૂ થઇ ગયો. ભારતી જયમાળા હાથમાં પકડીને બેસી રહી. એ માળા કોના ગળામાં અર્પણ કરવી, કોણ એ જયમાળા પહેરવાને યોગ્ય છે, એનો એ ધીરજથી નિર્ણય કરતી બેસી રહી. બન્નેએ યોગ્ય મધ્યસ્થના હાથમાંજ પોતાનો કેસ સોંપ્યો હતો. ભારતીદેવી પણ પોતાની જવાબદારી સમજતી હતી. તેણે જોયું કે સ્વામી મંડનમિશ્ર પોતાના પક્ષનું સમર્થન કરવામાં નિષ્ફળ

નીવડ્યા છે, એટલે વગર સંકોચે તેણે વિજયમાળા શંકરાચાર્યના ગળામાં પહેરાવી દીધી.

સ્વામીને પરાજિત થયેલા જોઇને ભારતીએ કહ્યું: "હવે મારી સાથે તર્કયુદ્ધમાં અગ્રેસર થાઓ. મને જીતો ત્યારે તમે પૂરા જીત્યા કહેવાશો." રમણીના મુખમાંથી આવી સ્પર્ધાનાં વચનો નીકળ્યાથી શંકરાચાર્ય ચમકી ગયા.

આખરે શંકરાચાર્ય અને ભારતીદેવી વચ્ચે શાસ્ત્રાર્થ શરૂ થયો. ભારતી પ્રશ્ન પૂછવા લાગી; શંકર તેના ઉત્તર આપતા ગયા. પછી શંકર પ્રશ્ન પૂછતા ગયા અને ભારતી તેના ઉત્તર આપતી ગઈ. આ પ્રમાણે રાતદિવસ શાસ્ત્રાર્થ કરતાં કરતાં મહિનાઓ વીતી ગયા, પણ ભારતી જરા પણ થાકી નહિ. તેણે શંકરાચાર્યને જીતીને ઊઠવાનો વિચાર કર્યો હતો. શંકરાચાર્ય પણ તેનું પાંડિત્ય, ધૈર્ય તથા અધ્યવસાય જોઇને સ્તંભિત થઇ ગયા; મનમાં વિચારવા લાગ્યા કે, "હું ઘણા પંડિતો સાથે વાદવિવાદમાં ઊતર્યો છું પણ આવો શાસ્ત્રાર્થ આજ સુધી કોઇની સાથે થયો નથી." ભારતીદેવી એક પણ પ્રશ્ન છોડતી નહિ. એક દલીલ પૂરી થતી તો બીજી દલીલ રજૂ કરતી, પણ એ શંકરાચાર્યને કોઇ પણ રીતે હરાવી શકી નહિ. આખરે ભારતીએ રતિશાસ્ત્ર સંબંધી પ્રશ્ન શરૂ કર્યો, એટલે શંકરે નિરાશ થઇને કહ્યું: "હું સંસારત્યાગી છું. રતિશાસ્ત્રનું મને જરા પણ જ્ઞાન નથી." ભારતીદેવી જય પ્રાપ્ત કર્યાના હર્ષથી ઊઠીને ઊભી થઇ.

પ્રતિજ્ઞા પ્રમાણે પરાજિત મંડનમિશ્ર સંસારત્યાગ કરીને શંકરાચાર્યનો શિષ્ય થયો. ભારતીદેવી પણ સ્વામીની અનુવર્તિની થઇ. શંકરાચાર્યે આ શાસ્ત્રાર્થમાં વિજયી થઇને ફક્ત મંડનમિશ્રનેજ મેળવ્યા એમ નહિ, પણ ભારતીદેવી જેવી વિદુષી સ્ત્રીને પણ પોતાના પક્ષમાં લીધી. શંકરાચાર્યના ધર્મપ્રચારના કાર્યમાં ભારતી જેવી રમણીઓની મદદની ઘણી જરૂર હતી. ભારતીએ ખરા અંતઃકરણથી શંકરાચાર્યને એ કામમાં મદદ આપી. શંકરાચાર્ય પણ તેની કદર જાણતા હતા. જીવનની છેલ્લી ઘડી સુધી એ શંકરાચાર્યના કામકાજમાંજ ગૂંથાયલી રહી હતી. શૃંગેરીમાં શંકરાચાર્યે તેને માટે એક મંદિર બંધાવી આપ્યું હતું જયાં એ પાછલી વયમાં રહેતી હતી.



૧૩–ભામતી

એ શ્રીમન્ શંકરાચાર્ય સ્વામીના ભાષ્ય ઉપર ટીકા કરનાર વિદ્વાન વાચસ્પતિ મિશ્રની પ્રિય પત્ની હતી. એ ઘણી વિદુષી, પતિવ્રતા, લજ્જાવતી, વિનયી, નમ્ર અને બુદ્ધિશાળી હતી. વાચસ્પતિ મહાશયની પેઠે એ પણ ધર્મપરાયણા હતી. પતિને શાસ્ત્રચર્ચામાં મદદ કરવી એને ભામતી પોતાનું મુખ્ય કર્તવ્ય ગણતી હતી.

વિદ્યાનુરાગી લેખકો અને કવિઓ પોતાના કામમાં એવા લીન થઇ જાય છે કે, એમને રાતદહાડાનું ભાન રહેતું નથી. આધુનિક સમયમાં પણ એવા એકાગ્ર ચિત્તવાળા લેખકો અને શોધકોનાં દૃષ્ટાંતો આપણે પાશ્ચાત્ય દેશોમાં ઘણાં જોઇએ છીએ. વાચસ્પતિ પણ એવાજ એક વિદ્વાન હતા. ભાષ્ય ઉપર ટીકા કરવાના કામમાં એ બિલકુલ તલ્લીન થઇ જતા હતા. એટલે સુધી કે જ્યારે એમને ભોજનને માટે સંભારવામાં આવતું, ત્યારેજ એ ભોજન કરતા અને ભોજન કરી ચૂકયા પછી પાછા એના એ કામમાં લીન થઇ જતા.

જે સમયે ભામતી પરણીને સાસરે આવી, તે સમયે પણ વાચસ્પતિ મિશ્રની આવીજ દશા હતી. એ વખતે એ શાંકરભાષ્ય ઉપર ટીકા રચી રહ્યા હતા. ભાષ્યના અર્થનો વિચાર કરવામાં, તેને બીજા ગ્રંથો સાથે સરખાવવામાં તથા ભાષ્યનો અર્થ સુસ્પષ્ટ કરીને લખી કાઢવામાં તેમનું એટલું બધું ધ્યાન રહેતું કે ઘરસંસારનું એમને કાંઇ પણ ભાન નહોતું. એ વખતે મિશ્રજી યુવાન હતા અને મિશ્રાણી ભામતી પણ યુવાવસ્થામાં પ્રવેશ કરી ચૂકી હતી; પરંતુ કામલાલસાએ કોઇ દિવસ તેમના ચિત્તને ટીકા રચવાના કાર્યમાંથી આકર્ષિત કર્યું નહોતું. બન્ને જણાં સાથે રહેતાં હતાં, શયનગૃહમાં બેસીને પણ વાચસ્પતિ મહારાજ ટીકા

કરવાનું કાર્ય કરતા અને ભામતી તેમને માટે બધી સામગ્રી તૈયાર કરી આપતી. આ પ્રમાણે પુસ્તકો રચવામાં બન્નેની યુવાવસ્થા તો વીતી ગઇ અને પ્રૌઢાવસ્થા આવી પહોંચી, પણ પતિને વાંચવાલખવામાં વિઘ્ન આવે એમ ધારીને ભામતીએ સાંસારિક સુખની કદી પણ અભિલાષા કરી નહિ.

ભાષ્ય પૂરૂં થવા આવ્યું એ અરસામાં એક વખત આખી રાતનો ઉજાગરો કરવાથી ભામતીને જરાક ઊંઘ આવી ગઈ અને વાચસ્પતિ મહારાજ જે દીવાના અજવાળામાં બેસીને ટીકા લખી રહ્યા હતા તે દીવામાં તેલ ન રહ્યાથી દીવો હોલવાઇ ગયો. તરત એમણે મોં ઊંચું કર્યું તો નિદ્રાવશ ભામતી ઉપર તેમની દૃષ્ટિ પડી. પત્નીને સૂતેલી જોઇને પહેલાં તો આશ્ચર્ય પામ્યા. પણ પછીથી પ્રેમભાવથી બોલી ઊઠ્યાઃ "સુંદરિ! તને ધન્ય છે! તેં આખરે મને જીતી લીધો. તારી મદદથીજ હું આ કામ સમાપ્ત કરી શક્યો છું. તેં મને આ ટીકા રચવામાં જે મદદ આપી છે, તથા મારે માટે જે અસાધ્ય પરિશ્રમ ઉઠાવ્યો છે, તેથી પ્રસન્ન થઇને હું આ ટીકાનું નામ **ભામતીટીકા** રાખું છું."

આટલું કહીને વાચસ્પતિએ પોતાની ટીકાનું નામ ભામતી-ટીકા પાડ્યું તથા પત્નીનો ઘણોજ આભાર માન્યો.

એકદમ નિદ્રા આવી જવાથી ભામતી ઘણી શરમાઇ ગઇ અને હાથ જોડીને પતિને કહેવા લાગીઃ "પ્રાણનાથ! મને નિદ્રા આવી જવાથી આપના કામમાં વિઘ્ન પડ્યું છે, એ મારો દોષ છે. મને એને માટે ઘણો પશ્ચાત્તાપ થાય છે. તમારી સાથે જ્ઞાનચર્ચા કરવામાંજ મારી સર્વ ઇચ્છાઓ તૃપ્ત થઇ છે. હવે સાંસારિક સુખભોગની મને ઇચ્છા નથી. આપને લીધે મને જે લાભ મળ્યો છે તેને માટે હું આપની ઘણીજ ઉપકૃત છું."

વાચસ્પતિ બોલ્યાઃ "ધન્ય છે તને સતિ! તેં મારા દોષ તરફ જરા પણ લક્ષ્ય આપ્યું નથી. છતે પતિએ તારૂં યૌવન નિરર્થક ગયું તેને માટે તું મારી નિંદા કરતી નથી; બલ્કે ઊલટો મારો ઉપકાર માને છે. ધન્ય છે તારા શાણપણને! તારા જેવી પતિવ્રતા અને પતિને પ્રસન્ન રાખનારી સ્ત્રીઓ ઘણા થોડા મનુષ્યોના ભાગ્યમાં હોય છે."

ભામતીએ હાથ જોડીને કહ્યુંઃ "સ્વામીનાથ! આપ આવાં વચનો કહીને મને શરમાવશો નહિ. પતિની સેવા કરવી એ તો સ્ત્રીઓનો

મુખ્ય ધર્મ જ છે. મેં એમાં અધિક શું કર્યું છે કે આપ આટલી બધી પ્રશંસા કરો છો ? મેં જે કાંઇ કર્યું છે તે પોતાનો ધર્મ ગણીને કર્યું છે, વખાણ કરાવવા સારૂ નથી કર્યું. મહારાજ! તમે તો જ્ઞાની છો. બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છે તે તમે જાણો છો કે, 'દેવપૂજા, વ્રત, દાન, ઉપવાસ, જપ, તીર્થસ્નાન, યજ્ઞ, આખી પૃથ્વીની પ્રદક્ષિણા, બ્રાહ્મણ અને અતિથિસત્કાર એ બધી વાતો પતિસેવાના સોળમા ભાગની પણ બરોબર નથી' વળી કહ્યું છે કે, 'પતિવ્રતા સ્ત્રીએ પતિને દેવતુલ્ય ગણીને સદા તેનાં હિતકારી કાર્યો કરવાં જોઇએ; કારણકે પતિજ તેનો મિત્ર છે, પતિની સેવાથીજ સ્ત્રીનો જન્મ સફળ થાય છે.' વળી સ્કંદપુરાણમાં લખ્યું છે કે, 'તીર્થસ્થાન કરવાની ઇચ્છાવાળી સ્ત્રીઓએ પતિનું ચરણામૃત પીવું જોઇએ. કારણકે સ્ત્રીને માટે પતિ એજ ભગવાન, વિષ્ણુ અને મહાદેવથી પણ અધિક શ્રેષ્ઠ છે.' હે સ્વામીનાથ ! આપ તો મહાવિદ્વાન અને શાસ્ત્રના પારંગત છો. આપને હું વધારે શું કહું ? સંસારમાં સ્ત્રીને માટે પતિસેવા કરતાં અધિક સુખ બીજા કશામાં નથી અને એ પતિસેવાજ મેં બજાવી છે, એટલે કાંઇ અધિક કર્યું નથી."

પત્નીનાં આવાં મધુર વચનો સાંભળીને વાચસ્પતિ મહારાજે ઘણા પ્રસન્ન થઇ જઇને કહ્યું: "પ્રિયે ! તારૂં કહેવું વાજબી છે. વાસ્તવમાં પતિજ સ્ત્રીનું સર્વસ્વ છે, પણ એવું જ્ઞાન ઘણી થોડી સ્ત્રીઓને હોય છે."

ધન્ય છે ભામતીની પતિભક્તિને ! પતિના સહવાસથી એને પણ વિદ્યાનું વ્યસન લાગી ગયું હતું. એમ કહેવાય છે કે એણે કલ્પતરુ નામક ગ્રંથ ઉપર ટીકા લખી છે.

१४–पुष्पावती

આરમણી વલ્લભીપુરના યશસ્વી રાજા શીલાદિત્યની ધર્મપત્ની હતી. શીલાદિત્ય ઇ. સ.(ગુપ્ત અથવા વલ્લભી) ના છઠ્ઠા સૈકામાં રાજ્ય કરતો હતો. તે વલ્લભીપુરના પહેલા રાજા વિજયસેનનો પુત્ર હતો. શીલાદિત્ય ઘણો વીર અને બુદ્ધિમાન રાજા હતો. તેનો પ્રધાન દેશદ્રોહી અને સ્વામીદ્રોહી નીવડીને મુસલમાનોને તેના રાજ્ય ઉપર ચડાઈ કરવા બોલાવી લાવ્યો હતો. શીલાદિત્યે મુસલમાનો સાથે ઘણીજ બહાદુરીથી યુદ્ધ કર્યું હતું. એ વખતે શીલાદિત્ય રાજાની રાણી પુષ્પાવતી સગર્ભા હતી. રાણીને અંબાભવાનીનાં દર્શન કરવાની ઇચ્છા થવાથી તેણે તેને આરાસુર પર્વત ઉપર મોકલી આપી હતી. તે આરાસુર પહોંચી ત્યાર પછી દૈવગતિથી શીલાદિત્યનો પરાજય થયો અને વલ્લભીપુરનું સમૃદ્ધિવાન નગર ખેદાનમેદાન થઇ ગયું. પુષ્પાવતી રાણી પાછી આવી ત્યારે તેને પતિના મૃત્યુના સમાચાર મળ્યા. તેના શોકનો પાર રહ્યો નહિ. તરતજ પતિની સાથે સતી થવાનું તેનાથી બની શકે એમ નહોતું; કારણકે વલ્લભી વંશનું નામ જાળવી રાખનાર બાળક તેના ગર્ભમાં હતો. દેવીએ તેને આશીર્વાદ આપ્યો હતો કે, "તારે પેટે એક પુત્રરત્ન જન્મશે." જન્મતા પહેલાંજ પુત્રને પિતાનું અને રાજ્યનું સુખ ખોવું પડ્યું. આથી તેનું હૃદય ઘણું વ્યાકુળ થવા લાગ્યું; પરંતુ એ સમય શોક કરીને બેસી રહેવાનો નહોતો. ગર્ભનું રક્ષણ કરવાનો તથા સહીસલામત રીતે સુવાવડ થઇ શકે એવું સ્થાન શોધી કાઢવાની તેની ફરજ હતી. એ ત્યાંથી નાસીને પર્વતની ગુફામાં ગઇ. આ વખતે વડનગરની એક નાગર બ્રાહ્મણી કમળાવતીએ તેને ઘણી સારી મદદ આપી હતી. યથાસમયે પુષ્પાવતીએ પુત્રરત્નને જન્મ આપ્યો. ગુફામાં જન્મ પામ્યો એટલા સારૂ તેનું નામ ગુહો (પ્રાકૃતમાં ગુફાને ગુહા કહે છે) પાડ્યું.

એ ગુહોને તેણે પોતાની બહેનપણી કમળાવતીને સુપરત કર્યો હતો અને કહ્યું હતું કે, “ બહેન! હું તો હવે પતિદેવ સાથે સ્વર્ગલોકમાં વિલાસ કરવા સારૂ અગ્નિમાં દેહસમર્પણ કરીશ. જે ઉદ્દેશને સારૂં હું જીવી હતી તે ઉદ્દેશ અંબાભવાનીની કૃપાથી ફળીભૂત થયો. આ સંસારમાં મારૂં સગુંવહાલું કોઇ નથી. જેમાં ગણું તેમાં તુંજ છે. તારા ઉપર મારો પૂર્ણ વિશ્વાસ છે. તું ભણેલીગણેલી અને સમજુ છે. ગુહોને તને યોગ્ય લાગે એવા પ્રકારનું શિક્ષણ આપજે અને એ મોટો થાય ત્યારે કોઇ રજપૂત કન્યા સાથે પરણાવજે.” આ પ્રમાણે કહી ચિતા સળગાવીને એ રાણી સતી થઇ ગઈ. નાગરાણીને હાથે શિક્ષણ મેળવીને ગુહો ઘણો રાજનીતિનિપુણ અને પરાક્રમી નીવડ્યો. એ ગુહોજ હિંદુઓના સૂર્યરૂપ મનાતા, ઉદેપુરના બહાદુર અને ટેકીલા મહારાણાઓના વંશનો આદિ પૂર્વજ હતો. તે પાછળથી ગોહો, ગ્રહાદિત્ય, ઘેલોટી અને બાપારાવળના નામથી ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો.

१५-लल्लावदी

એક કાશ્મીરી રમણી હતી. કાશ્મીરના એક મુસલમાન સાધુ હઝરત બુલબુલ શાહના ઉપદેશથી તેનાં માતપિતા મુસલમાન થયાં હતાં. લલ્લા પણ શાહ સાહેબ પાસે ઉપદેશ લેવા જતી હતી. શાહ સાહેબ એક આદર્શ ફકીર હતા. તેના ઉપદેશથી લલ્લાનું જીવન ઉત્કૃષ્ટ અને સંસ્કારી બન્યું હતું. એ ઘણી વિદુષી અને ભક્ત બની હતી. એમ કહેવાય છે કે લોકોના મનની વાત જાણી જવાની તથા ભવિષ્યમાં દૃષ્ટિ નાખવાની અદ્ભુત સિદ્ધિ તેણે પ્રાપ્ત કરી હતી.

ઇ. સ. ૭૫૬ માં તેનું મૃત્યુ થયું.



૧૬-रूपसुंदरी

ઈ૦સ૦ ના સાતમા સૈકાના પાછલા ભાગમાં આપણી ગરવી ગુજરાત ઉપર જયશિખરી નામનો ચાવડા વંશનો રાજા રાજ્ય કરતો હતો. તેની રાજધાની પંચાસર નામના નગરમાં હતી. પંચાસર કચ્છના રણની પાસે વસેલું હતું. જયશિખરી ઘણો પ્રતાપી, ચતુર અને વીર પુરુષ હતો. પોતાના રાજ્યનો વહીવટ એણે ઘણી સારી રીતે કર્યો હતો અને તેને પરિણામે તેનું રાજ્ય ઘણી સમૃદ્ધ સ્થિતિમાં હતું. ધનધાન્ય, મણિમાણિક્ય તથા સુવર્ણ વગેરેથી ગુર્જરાધીશના ભંડાર એ સમયે ભરપૂર હતા; વળી રાજા જયશિખરીના રાજભવનમાં એક અપૂર્વ રત્ન હતું. એ રત્ન તે રાજા જયશિખરીની ધર્મપત્ની–મુલતાનની રાજકન્યા રાણી રૂપસુંદરી હતી. રૂપસુંદરીમાં નામને અનુરૂપજ ગુણ હતા. તેનું રૂપ નિઃસંદેહ અતિ સુંદર અને દિવ્ય હતું; તે ઉપરાંત તેનામાં શૂરાતન, સહનશીલતા, બુદ્ધિચાતુર્ય આદિ ઉત્તમ ગુણો પણ હતા.

રાજા જયશિખરી જે સમયમાં આપણા ગુજરાતમાં રાજ્ય કરી રહ્યો હતો, તેજ અરસામાં એટલે કે વિ. સં. ૭૫૨ અને ઇ. સ. ૬૯૬ માં કલ્યાણકટક નામના નગરમાં ભુવડ નામનો રાજા રાજ્ય કરતો હતો. કલ્યાણકટક નગર દક્ષિણ ભારતવર્ષમાં આવેલું કલ્યાણ નગર હોય એમ ઇતિહાસવેત્તાઓનું માનવું છે. રાજા ભુવડ પણ ઘણોજ પ્રતાપી હતો. તેણે પોતાનું સામ્રાજ્ય ઘણે દૂર સુધી પ્રવર્તાવ્યું હતું. આસપાસના ઘણા મુલકો રાજા ભુવડના ઝંડાતળે આવી ચૂક્યા હતા. જે રાજ્યો સીધી રીતે તેના રાજ્યમાં ખાલસા નહોતાં થઇ ગયાં તે રાજ્યોએ ભુવડને ખંડણી આપીને તેનું ઉપરીપણું સ્વીકાર્યું હતું. એ સમયના પ્રસિદ્ધ રાજાઓમાંથી ફક્ત ગુજરાતનો રાજા જયશિખરીજ તેના

તાબામાં નહોતો આવ્યો. કોઇનું પણ શરણ લીધા વગર રાજા જયશિખરી સ્વતંત્રપણે ગુજરાતમાં શાસન કરી રહ્યો હતો.

કલ્યાણનો રાજા ભુવડ વિદ્યાનો પણ રસિક હતો. તેના દરબારમાં દૂર દેશાવરથી વિદ્વાનો અને પંડિતો આવતા તથા સાહિત્ય અને કળાની ચર્ચા કરી સારૂં ઇનામ મેળવીને સંતોષ-પૂર્વક ચાલ્યા જતા. એક દિવસે શંકર નામના કોઈ કવિએ ભુવડના દરબારમાં જઇને પોતાની પ્રતિભાયુક્ત કવિતામાં ગુજ-રાતની ઘણી પ્રશંસા કરી. ગુજરાતની ભૂમિ એ વખતે ઘણી રસાળ હતી. લોકો આબાદ હાલતમાં હતા. લક્ષ્મીની રેલંછેલ ગુજરાત-નાં નગરોમાં થઇ રહી હતી. લોકો સુશીલ અને શાંત હતા. એવા દેશની પ્રશંસા એક નિપુણ કવિની મધુર અને અસરકારક વાણીમાં રાજા ભુવડના સાંભળવામાં આવવાથી ગુજરાતને માટે તેના મનમાં મોહ ઉત્પન્ન થયો. અધૂરામાં પૂરૂં કવિ શંકરે ગુર્જ-રેશ જયશિખરીની રાણી રૂપસુંદરીના રૂપ અને ગુણનાં પણ વખાણ કર્યાં. વળી રાજા ભુવડ વિદ્યાનો વ્યસની હોવાથી તેણે એ પણ જણાવ્યું કે, "ગુજરાત આખી પૃથ્વીનું તત્ત્વ છે. ત્યાં સરસ્વતીનો નિરંતર વાસ છે. મેં મારી વિદ્યા પણ એ દેશમાંથી મેળવી છે."

કવિ શંકરની વાણીએ રાજા ભુવડના હૃદય ઉપર ઘણીજ ઊંડી અસર કરી. તેણે ગુજરાત તથા ગુજરાતની રાણી રૂપસુંદરીના સ્વામી બનવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પને સાધવા માટે રાજા ભુવડે પોતાના શૂરા સામંતો સાથે જયશિખરીના રાજ્ય ઉપર ચડાઈ કરી. આ યુદ્ધના પરિણામ સંબંધે રાણી રૂપસુંદરીના મનમાં ઘણી શંકાઓ ઉત્પન્ન થઇ. ભુવડના મોટા સૈન્ય આગળ પોતાના પતિનું બળ ચાલી શકે નહિ અને રખે એ યુદ્ધમાં રાજા જયશિખરીનો કાળ આવી જાય, એવી એવી અનેક શંકાઓ તેના પ્રેમાળ હૃદયને આકુળવ્યાકુળ કરી નાખવા લાગી. પ્રારંભમાં તેણે પતિને યુદ્ધમાં જવાની ના કહી; પણ જયશિખરીએ જણાવ્યું કે, "પ્રિયે! ખરો રજપૂત યુદ્ધથી કોઈ પણ દિવસ ડરતો નથી. જીવતા શત્રુને શરણે જવું, પરાધીન રહીને સુખવૈભવ ભોગવવાં, તેના કરતાં દેશનો બચાવ કરતાં શત્રુઓના શસ્ત્રથી ઘાયલ થઇ, આ નશ્વર દેહને યુદ્ધક્ષેત્રમાં રણદેવીને સમર્પણ કરવો, એ સેંકડો દરજ્જે સારૂં છે. વહાલિ! તમે સુશીલ છો, વીરપત્ની છો અને વીરક્ષત્રિયની કન્યા છો. ક્ષાત્રધર્મ જાણ્યા છતાં પ્રેમના

ક્ષણિક આવેશમાં આવી જઇને મને મારો ક્ષાત્રધર્મ બજાવતાં શા સારૂ રોકો છો? યુદ્ધમાં વિજયી થઇશ તો પાછો આવીને તમને આલિંગન દઈશ. પાછાં આપણે સુખ અને વૈભવમાં જીવન વ્યતીત કરીશું; પણ ઈશ્વરને જો ગુજરાતના રાજ્યની સ્વાધીનતા જાળવી રાખવાનું પસંદજ નહિ હોય, તો દૈવની ગતિને આધીન થઈ સ્વર્ગલોકમાં યથાસમયે તને મળવાની રાહ જોતો બેસીશ. આવે સમયે તારે ઉદાસ વૃત્તિને ધારણ કરવી ન જોઈએ."

વીરાંગનાને માટે આટલા શબ્દો પૂરતા હતા. રૂપસુંદરીને પોતાની દુર્બળતાનું ભાન થયું. તેણે ઘણા પ્રેમપૂર્વક રાજા જયશિખરીને રણક્ષેત્રમાં જવાની રજા આપી; એટલુંજ નહિ પણ યુદ્ધમાં મરણિયા થઇને લડવાને રાજાને ઉત્સાહિત કર્યો.

રાજા જયશિખરી પત્નીની રજા લઇને યુદ્ધક્ષેત્રમાં ગયો. ત્યાં એ ભુવડના અસંખ્ય સૈન્ય સાથે વીરતાથી લડ્યો, પરંતુ દૈવ સાનુકૂળ નહિ હોવાથી એ યુદ્ધમાં સફળ થવાનાં કોઈ ચિહ્ન રાજા જયશિખરીને જણાયાં નહિ. રાજા જયશિખરીનો સાળો—રાણી રૂપસુંદરીનો ભાઇ શૂરપાળ પણ તેની સાથે યુદ્ધમાં હતો. રાજા જયશિખરીએ શૂરપાળને પોતાની પાસે એકાંતમાં બોલાવીને કહ્યું: "શૂરપાળજી! આ યુદ્ધનું પરિણામ આપણા લાભમાં ઊતરે એવો સંભવ જણાતો નથી. હું તો આ રણભૂમિમાંજ કામ આવીશ, પણ મને આ વખતે તમારી બહેનનો વિચાર આકુળવ્યાકુળ કરી રહ્યો છે. એ આ વખતે સગર્ભા છે. એને હવે મહેલમાં રહેવા દેવી, એ જરા પણ સલાહભરેલું નથી. તમારા ઉપર મારો પૂર્ણ વિશ્વાસ છે. તમે જઇને એને કોઇ ગુપ્ત સ્થાનમાં મૂકી આવો, કે જેથી એ નિર્ભયપણે રહી શકે. એના ગર્ભમાંથી પુત્ર જન્મશે તો ચાવડા વંશનું નામ ઊભું રહેશે અને કોઇ પણ દિવસે મારી વહાલી ગુજરાતનો ઉદ્ધાર થવાનો સંભવ રહેશે. અત્યારે રાણી રૂપસુંદરીનું અને તેના ભાવી બાળકનું રક્ષણ કરવાની ઘણીજ જરૂર છે; અને એ કાર્ય તમારા વગર બીજા કોઇથી પાર ઊતરે એમ નથી. જાઓ! સિધાવો! અને વેળાસર યોગ્ય વ્યવસ્થા કરો!"

રાજાની આજ્ઞા મળતાંવારજ શૂરપાળ રાજભુવનમાં ગયો અને રાજાની ઇચ્છાનુસાર રૂપસુંદરીને લઇને વનમાં ચાલ્યો ગયો. રસ્તામાં જ્યારે રૂપસુંદરીને શૂરપાળના ઉદ્દેશની ખબર પડી ત્યારે તેણે ભાઇને ઘણો ઠપકો આપીને કહ્યું: "ભાઇ! તમે આ કેવો

અનર્થ કરી રહ્યા છો ! હું પ્રાણ જતા સુધી પ્રાણનાથનો સાથ છોડવાની નથી. સુખમાં તેમની સાથી રહી છું તો આ સંકટના સમયમાં પણ તેમની સાથીજ રહીશ. તમે મને રણક્ષેત્રમાં લઇ જાઓ. ભુવડને પણ જોઇ લેવા દો કે ગુજરાતની રાણી કેવી રીતે તલવાર ચલાવે છે. ભાઇ ! તમે મને રોકશો નહિ. પ્રાણનાથ રણક્ષેત્રમાં યુદ્ધ કરી રહ્યા છે અને તમે મને પ્રાણ બચાવવા ખાતર નાસી જવાની સલાહ આપી રહ્યા છો, એ કેટલું અનુચિત છે ? જીવન અને મૃત્યુમાં સ્વામીની સહધર્મિણી થવું એજ સ્ત્રીનું પરમ કર્તવ્ય છે. ન કરે નારાયણ ને પતિદેવ વીરશય્યામાં શયન કરશે, તો હું પણ તેમને મારા ખોળામાં લઈને ચિતામાં આરોહણ કરી ભસ્મરૂપ થઇ જઇશ. આ દેહનું સાર્થક એમાં છે. એથી વિપરીત આચરણ કરવામાં મારી જાતને તથા આપણા વીરકુટુંબની પ્રતિષ્ઠાને કલંક લાગે એમ છે. શૂરપાળ ! આપણા દેશના પ્રાચીન ઇતિહાસો તેં નથી સાંભળ્યા ? સીતા, શૈવ્યા અને દ્રૌપદી જેવી સતીઓએ પતિની ખાતર કેટકેટલાં સંકટો વેઠયાં છે, તેનો વિચાર કર. ભાઇ ! તું પણ તારી બહેનને ક્ષાત્રધર્મ બજાવવા રણભૂમિમાં જવા દે.”

શૂરપાળે ઉત્તર આપ્યો: “ બહેન ! તારૂં કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. તારા જેવી કન્યા મારા કુળમાં જન્મ પામ્યાથી મારા કુળનું ગૌરવ વધી ગયું છે, એમ હું માનું છું. ક્ષત્રિયબાળાના મુખમાંથી જે વચનો નીકળવાં જોઇએ તેજ વચનો તારા મોંમાંથી નીકળી રહ્યાં છે. તારા વિચારોની કાંઇક કલ્પના મેં પહેલેથીજ કરી હતી અને એટલા સારૂ મેંજ તારી તરફથી મહારાજા સાથે ઘણો વાદવિવાદ કર્યો હતો, પણ આખરે ઘણો ઊંડો વિચાર કરીને મહારાજાએ મને આજ્ઞા આપી છે કે, મારે તને ગુપ્તપણે કોઇ નિર્ભય સ્થાનમાં મૂકી આવવી. વધારે વિચાર કર્યાથી મને પણ મહારાજાની આજ્ઞા ઉચિત લાગે છે. તું પણ જરા સ્વસ્થ ચિત્તે એ સંબંધી વિચાર કરીશ તો તને જણાશે કે મહારાજાની આજ્ઞા ઘણી દૂરદર્શી અને સમયોચિત છે. સમય અને સ્થિતિને ધ્યાનમાં લઇ, ભવિષ્યનો વિચાર કરી, બુદ્ધિમત્તાથી ચાલવું, એજ સુશિક્ષિત રજપૂતાણીનું કર્તવ્ય છે.”

ચતુર રૂપસુંદરીના હૃદયમાં ભાઇનો બોધ એકદમ ઊતરી ગયો. મહારાજ જયશિખરીની અંતિમ ઇચ્છાનું રહસ્ય એ સમજી ગઇ કે, “ મારા ગર્ભમાં ઇશ્વરકૃપાએ પુત્ર જન્મશે તો એ

કોઇ દિવસ ગુર્જર દેશનો શત્રુઓના હાથમાંથી ઉદ્ધાર કરશે તથા ચાવડા વંશનું નામ ઉજ્જવળ કરશે.”

શાંત ચિત્તે રૂપસુંદરી ભાઈ શૂરપાળની સાથે વનમાં ગઇ. થોડે દૂર ગયા પછી તેણે શૂરપાળને પણ સ્વામીને સહાય કરવા સારૂ રણક્ષેત્રમાં મોકલી દીધો. સગર્ભા રૂપસુંદરી એકલી એ વનમાં ચાલવા લાગી. ચાલતાં ચાલતાં એ ભીલોના નિવાસસ્થાન આગળ આવી પહોંચી. એક ભીલડીએ તેના ઉપર દયા આણીને તેને પોતાના ઝૂંપડામાં આશ્રય આપ્યો. એ ભીલડી રાણી રૂપસુંદરીને સારૂ કંદમૂળ તથા ફળફળાદિ આણી આપતી. રાજવૈભવમાં ઉછરેલી રાણી રૂપસુંદરી એ સાદા ખોરાકને પણ ઘણા આનંદ અને સંતોષપૂર્વક ખાતી તથા પોતાને આશ્રય આપવા સારૂ એ ભીલડીનો વારંવાર આભાર માનતી. એ ભીલડીના ઘરમાંજ રાણી રૂપસુંદરીને પ્રસવ થયો. સંવત ૭૫૨ ની વસંતઋતુમાં વૈશાખ સુદિ ૧૫ ને દિવસે સૂર્યોદય સમયે રાણી રૂપસુંદરીના ગર્ભમાંથી એક પુત્રરત્ને જન્મ લીધો. એ ભીલડીના ઘરમાંજ એ બાળકનું લાલનપાલન થયું. વનમાં જન્મ થવાથી એ પુત્રનું નામ વનરાજ રાખવામાં આવ્યું. વડના ઝાડ નીચે એક ટોપલીમાં વનરાજ હીંચવા લાગ્યો. જે કુમારનો પિતા આખા ગુજરાતના વિશાળ રાજ્યનો રાજા હતો, તે કુમારની આજે આ દશા! ક્યાં એ રાજા! ક્યાં એ રાજવૈભવ! રત્નજડિત સોનાના પલંગ ઉપર શયન કરનારી પટરાણીને આજે એક કંગાલ ભીલડીના ઝૂંપડામાં સૂવા વારો આવ્યો!! મખમલની તળાઇઓમાં અથવા રત્નમાણિક્યજડિત સુંદર હીંડોળામાં હીંચનાર, દાસીઓના હાથમાં ખમા ખમા થનાર કોમળ રાજકુમાર આજે ઝાડની નીચે સૂઇ રહ્યો હતો!! કાળનું ચક્ર એવુંજ છે. એ ઘડીમાં રાજાને રંક અને રંકને રાજા બનાવી દે છે. સાધારણ મનુષ્યો એવા સંકટના સમયમાં ધૈર્ય ખોઇ બેસે છે, પણ રાણી રૂપસુંદરીએ પોતાનું ધૈર્ય ચળવા દીધું નહિ. પૂર્ણ શાંતિથી દુઃખના દહાડા એણે ગુજાર્યા.

વનરાજ છએક મહિનાનો થયો. એવામાં શીલગુણસૂરી નામનો એક જતિ એ ભીલડીના ઝૂંપડા આગળ આવી પહોંચ્યો. તેણે એ વડની ડાળી નીચે કપડાના ખોયામાં વનરાજને હીંચતો જોયો. બાળકનું રૂપ જોઇને જતિ મુગ્ધ થઇ ગયો અને તેને પોતાની સાથે લઇ જવાનો નિશ્ચય કર્યો. રાણી રૂપસુંદરીએ તેને

પરપુરુષ જાણીને પ્રથમ તો કાંઇ વાતચીત ન કરી, પણ જ્યારે એ સાધુની સુશીલતા સંબંધે તેને ખાતરી થઇ ત્યારે તેણે તેને પોતાનો ખરો પરિચય આપ્યો. જતિએ રાજા જયશિખરીના મૃત્યુના સમાચાર રાણીને આપ્યા. એ સમાચારથી રાણીને અત્યંત ખેદ થયો, પણ જતિ શીલગુણસૂરિના આશ્વાસનથી તેને કાંઇ ધૈર્ય આવ્યું. યતિએ તેને કહ્યું: “બહેન! તમે રાજાનાં રાણી છો. તમારે આમ જંગલમાં રહેવું ન ઘટે. તમે મારી સાથે ચાલો. હું તમને મારાં સગાંબહેન તરીકે ગણીને રાખીશ.” રાણી રૂપસુંદરીને તેના વચન પર વિશ્વાસ બેઠો અને તે જૈન યતિના આશ્રયે જઇને વસી. યતિજીએ પોતાના વચનનું અક્ષરશઃ પાલન કર્યું. તેણે રાણી રૂપસુંદરીનો સગીબહેનની પેઠે સત્કાર કર્યો તથા રાજકુમારને પણ યોગ્ય વિદ્યા આપી. થોડા સમય પછી શૂરપાળ પણ ત્યાં આવી પહોંચ્યો અને બહેન તથા ભાણેજને સુખી જોઇને ઘણો પ્રસન્ન થયો.

રૂપસુંદરીએ વનરાજને ઉત્તમ શિક્ષણ આપ્યું અને વીરત્વનો મહિમા તથા રાજધર્મ સંબંધી ઉત્તમ બોધ આપી યથાસમયે પિતાનું વેર લેવાને તેને પ્રેર્યો. વનરાજ ઘણોજ પરાક્રમી યુવક નીવડ્યો.તેણે પિતાના શત્રુનો પરાજય કરીને વિક્રમ સંવત ૮૦૨, ઈ૦ સ૦ ૭૪૬ માં ગુજરાતની રાજગાદી મેળવી.

રૂપસુંદરીએ પુત્રને રાજ્ય મળ્યા પછી, પોતાને આશ્રય આપનાર તથા મદદ કરનારની યોગ્ય કદર કરી.વનરાજ જેવા વીરપુત્રને જન્મ આપ્યાથી રૂપસુંદરી ‘રત્નગર્ભા’ ઉપનામને પાત્ર થઇ છે.

વનરાજની માતાના નામ સંબંધી તથા તેને આશ્રય આપનાર સાધુના નામ સંબંધી ઇતિહાસવેત્તાઓમાં મતભેદ છે. મોઢેરા બ્રાહ્મણોના પુસ્તકમાં વનરાજની માતાનું નામ છત્તા (અક્ષતા) જણાવ્યું છે અને તેને કોઇ બ્રાહ્મણે આશ્રય આપ્યો હતો એમ કહે છે. પોતાની યુક્તિના ટેકામાં બ્રાહ્મણો એવી દલીલ રજૂ કરે છે કે જૈન સાધુઓનો ધર્મ એવો છે કે તેમનાથી વનમાં રાણીને આશ્રય આપી શકાય નહિ; પરંતુ એ વિવાદગ્રસ્ત બાબતો સાથે આપણા ઉદ્દેશને કાંઇ સંબંધ નથી. વનરાજની માતાના સદ્ગુણો સંબંધે સર્વેનો એકમત છે અને એ સદ્ગુણોજ સ્ત્રીઓને અનુકરણ કરવા યોગ્ય છે.



१७–जयशिखरीनी राणीओ

ગુજરાતના ચાવડા વંશના રાજા જયશિખરીનું રાજા ભુવડની સાથે યુદ્ધ કરતાં મૃત્યુ થયું હતું તથા તેની પટરાણી રૂપસુંદરી પતિની આજ્ઞા મુજબ ગર્ભના સંરક્ષણ સારૂ વનમાં ગઇ હતી, તે આપણે આગલા ચરિત્રમાં જોઇ ગયા છીએ. અમે અહીં એટલુંજ જણાવવા માગીએ છીએ કે એ સમયે ગુર્જ-રેશ્વરના અંતઃપુરની સર્વ રાણીઓ અને દાસીઓ વીર અને સ્વામીભક્ત હતી. યુદ્ધમાં રાજા જયશિખરીનું મૃત્યુ થયું તે સમયે બીજી કોઇ દુર્બળ ચિત્તની સ્ત્રીઓ હોત તો ત્યાંથી પલાયન કરી જાત અથવા તો ચુપચાપ મહેલમાં અગ્નિ સળગાવી બળી મરત; પરંતુ જયશિખરીની દાસીઓએ મરતાં મરતાં પણ શત્રુઓને ગુજરાતનું પાણી બતાવવાનો સંકલ્પ કર્યો હતો.

ભુવડ રાજાની ફોજ તેના રાજનગરને લૂંટતી લૂંટતી રાજા જયશિખરીના મહેલ આગળ આવી પહોંચી. શત્રુઓને સામેથી આવતા જોઇને જયશિખરીની પાંચસો દાસીઓ હાથમાં તલવાર અને મજબૂત લાકડીઓ લઇને બહાર નીકળી, અને 'મારો, મારો' કરતી શત્રુઓના ઉપર તૂટી પડી. એ સમયે એ સર્વેએ વીર ચંડી-નાં રૂપ ધારણ કર્યાં હતાં. જીવવાની ઇચ્છા તેમણે સમૂળગી છોડી દીધી હતી અને ક્ષાત્રતેજથી ઉત્સાહિત થઇને શત્રુઓ સાથે યુદ્ધ કરવા નીકળી હતી.

શત્રુને સતાવવામાં તેમણે કાંઇ કચાશ રાખી નહોતી. કોઇ-એ તો શત્રુપક્ષના યોદ્ધાઓને ગળું પકડીને ભોંયમાં ખૂબ રગ-દોળ્યા, કોઇએ તો તીક્ષ્ણ દાંત વડે શત્રુઓનું માંસ તોડી ખાધું. ભુવડના સૈનિકો સ્ત્રીઓથી ત્રાસ પામીને બૂમરાણ કરી મૂકવા લાગ્યા અને તેમના હાથમાંથી બચવું કઠણ છે, એમ ધારીને પૂર-પાટ શહેરના દરવાજા તરફ નાઠા. શૂરવીર સ્ત્રીઓએ 'મારો! દુષ્ટોને મારો!' એવા પોકારોથી ત્યાં પણ એમની પૂંઠ પકડી.

આ પ્રમાણે શત્રુઓ ચાર ગાઉ દૂર પહોંચ્યા એટલે ગુર્જરેશ્વરની દાસીઓ પાછી આવીને શ્મશાનમાં ઉપસ્થિત થઈ. ચંદનનાં લાકડાંની ચિતા ખડકીને તેમાં નાળિયેર હોમ્યાં. પછી પવિત્ર સંસ્કારપૂર્વક રાજા જયશિખરીના શબને અગ્નિદાહ કરવામાં આવ્યો. આ વખતે જયશિખરીની ચાર રાણીઓએ પતિની સાથે સહગમન કર્યું. બીજી પણ અનેક દાસીઓએ રાજાની ચિતામાં પોતાના દેહની આહુતિ આપી. એમ કહેવાય છે કે રાજા જયશિખરીની ચિતા ત્રણ મહિના સુધી સળગતી રહી હતી.

આ પ્રમાણે ગુર્જરેશ્વરની દાસીઓ અને રાણીઓ અપૂર્વ સ્વામીભક્તિનો પરિચય આપી ગુજરાતના ઇતિહાસમાં અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી ગઈ છે.

૯૮–સીતાદેવી

એ ભોજ રાજાના સમયમાં એનાજ રાજ્યમાં એક વિદુષી રમણી હતી. સંસ્કૃત ભાષામાં સારી કવિતા રચી જાણતી. વિદ્વાનોની સભામાં એને આમંત્રણ મળતું અને એ ક્ષોભ પામ્યા વગર પોતાની બુદ્ધિ તથા હાજરજવાબીથી સભાસદોને પ્રસન્ન કરતી. એક વખતે સભામાં કવિઓની વાણી વિષે વાદવિવાદ ચાલી રહ્યો હતો, ત્યારે ભિન્ન ભિન્ન કવિઓએ ભિન્ન ભિન્ન ઉદ્‌ગાર કાઢ્યા હતા. સીતાએ કહ્યું હતું: “એ બિચારા કવિઓને અને બિચારા હાથીઓને દૈવેજ મારી મૂકેલા છે, કે જેમને રાજાધિરાજના ઘર વિના શોભા મળતીજ નથી.”

એક દિવસે કવિ કાલિદાસને સભામાં આવતો જોઇને રાજાને હર્ષ થયો, પણ પાછો કાલિદાસ વેશ્યાલંપટ છે, એવો વિચાર આવતાં જરા ખેદ પણ થયો. તે સમયે વિદ્વાનો જેને વંદન કરતા હતા એવી સીતાદેવીએ રાજાનો અભિપ્રાય જાણી જઇને કહ્યું કે, “ગુણવાન પુરુષોમાં દોષ જોવામાં આવે તોપણ ગુણ ઉપરજ પ્રેમ ધરાવનારા મનુષ્યો તેથી ખેદ પામતા નથી. લોકો ચંદ્રમામાં રહેલા કલંકને પણ પ્રેમથી જુએ છે.”

प्रीत्यैव शशिनि पतितं पश्यति लोकः कलंकमपि ॥

રાજા સીતાદેવીના એ શ્લોકથી પ્રસન્ન થયો અને તેને પુષ્કળ ઇનામ આપ્યું.



૧૯–दाहिर राजानी राणी

હિન્દુગૌરવ સિંધુરાજ દાહિર જે સમયે સિંધદેશનું રાજ્ય-સિંહાસન સુશોભિત કરી રહ્યા હતા, તે સમયની આ કથા છે. એજ સમયમાં ભારતવર્ષને જીતવાને મુસલમાનોએ પહેલવહેલો પ્રયત્ન કર્યો હતો. એ વખતે પરદેશીઓને હિંદમાં પ્રવેશ કરવાનો મુખ્ય રસ્તો સિંધમાં થઈને હતો.

ભારતવર્ષની પશ્ચિમ દિશામાં અરબસ્તાનમાં આરબ જાતિના લોકોમાં મુસલમાન ધર્મનો પહેલવહેલો ઉદય થયો. નવા ધર્મબળના ઝનૂનથી ઉત્સાહિત બનેલી એ વીર આરબજાતિએ ઘણા થોડા સમયમાં એશિયાખંડના પશ્ચિમ ભાગમાં અને આફ્રિકાખંડના ઉત્તર ભાગમાં પોતાનો વિજયવાવટો ફરકાવીને એક વિશાળ રાજ્યની સ્થાપના કરી. આ વિશાળ રાજ્યની પહેલી રાજધાની બગદાદ શહેરમાં સ્થાપવામાં આવી અને ત્યાં બેસીને આરબ રાજાઓ રાજ્ય કરવા લાગ્યા. એ રાજાઓ 'ખલીફા' ના નામથી ઓળખાય છે. એ ખલીફાઓના રાજ્યકાળમાં ઈ. સ. ની આઠમી સદીમાં, મહમ્મદબીન કાસીમ નામના એક સેનાપતિએ સિંધ ઉપર ચઢાઇ કરી. દેવળ બંદર અને બીજાં કેટલાંક નગર ઉપર પોતાનો કબજો કરીને, કાસીમ સિંધુરાજ દાહિરની રાજધાની આલોર શહેર આગળ આવી પહોંચ્યો. રાજા દાહિર સૈન્ય લઇને કાસીમની સામે થયો.

એ સમયમાં ભારતવર્ષના રાજાઓ હાથી ઉપર બેસીને યુદ્ધ કરતા હતા. એમાં સગવડ તેમજ અગવડ બન્ને વાનાં હતાં. હાથીને શૂરમાં ચડાવીને શત્રુના સૈન્યમાં દોડાવવાથી શત્રુઓ ભયભીત થઇને નાસભાગ કરતા, તેમજ કેટલીક વાર એમ પણ થતું કે હાથી શત્રુના લશ્કરમાં જવાને બદલે પાછળ નાસતો, તો પછી એને રોકવાની કે પાછો વાળવાની કોઇની હિંમત ચાલતી નહિ. પોતાના

પક્ષના માણુસોનો કચ્ચરઘાણુ વાળી નાખીને એ નાસી જતો. વળી એમ પણુ બનતું કે રાજાને લઇને હાથીને આ પ્રમાણે નાસતો જોઇને ફોજના સિપાઇઓ એમ સમજતા કે રાજાજી પલાયન કરી જાય છે; આવું વિચારીને તેઓ પણુ એમની પાછળ નાસતા અને અંતે પરાજય પામતા.

આ યુદ્ધમાં પણુ એવું બન્યું. મુસલમાનોના હથિયારથી ઘાયલ થવાથી દાહિરનો હાથી પોતાના સ્વામીને લઇને જોરથી નાઠો અને પાસેની એક નદીમાં જઇને પડ્યો. રાજાને નાસી ગયેલો ધારીને સેનાના લોકો પણુ રણુમાંથી વિખરાઇ ગયા.

દાહિર ઘાયલ થયો હતો, પણુ સૈનિકોનો ભય અને ઉચાટ જોઇને, યુદ્ધમાં પરાજય પામવાની બીકથી એ પોતાનું બધું દુઃખ ભૂલી ગયો. જરા પણુ વિલંબ કર્યા વગર એ એક ઘોડા ઉપર સવાર થઇને, ઝટપટ વિખરાઇ ગયેલા સૈન્યમાં આવી પહોંચ્યો. અત્યંત ઉત્સાહપૂર્ણ શબ્દોમાં સૈનિકોને ઉપદેશ આપીને શૂર ચડાવ્યું અને ફરીથી પરાક્રમપૂર્વક મુસલમાનો સાથે યુદ્ધ કરવાને સૈન્યને હુકમ આપ્યો; પણુ છિન્નભિન્ન થઇ ગયેલું સૈન્ય પહેલાંની પેઠે તો એકઠું નજ થઇ શક્યું. આરબ સૈન્ય આટલી વારમાં આગળ વધી આવ્યું હતું; તે ત્યાંનું ત્યાંજ કાયમ રહ્યું. પાછા હઠવાને બદલે તેઓ દાહિરની છિન્નભિન્ન સેનાને ભેદીને ધીમે ધીમે અગ્રેસર થવા લાગ્યા.

દાહિર સમજી ગયો કે, જય અને રાજ્યરક્ષાની આશા હવે મિથ્યા છે, પણુ સ્વતંત્રતા ખોયા પછી જીવતા રહેવું એ પણુ શા કામનું ? જીવનની શેષ શક્તિ-આશાને લીધે આવેલા છેલ્લા સમયના પ્રચંડ બળ વડે શત્રુસેનાનો નાશ કરતાં કરતાં, આખરે આ વીર નૃપતિ દાહિર, શત્રુઓના લોહીથી રંગાયેલી રણુશય્યામાં ક્ષત્રિય વીરોની પરમગતિને પામી ગયો. દીવો હોલવાઇ ગયો; પણુ ક્ષત્રિયોની મર્યાદા તો એ સમયે અકલંકિત રહી.

અફસોસની વાત એટલીજ છે કે, આ યુદ્ધમાં બહાદુર દાહિરનો બાયલો પુત્ર, ક્ષત્રિયોના ગૌરવને નામોશી લગાડીને, દૂર દેશાવરમાં નાસી ગયો. સિંધુરાજ્ય વિપત્તિના સાગરમાં ગરકાવ થઇ ગયું.

આજ રાજધાની આલોર અરક્ષિત છે. રાજા મરણુ પામ્યો,

રાજપુત્ર અગિયારા ગણી ગયો, સૈન્ય ખેદાનમેદાન થઇ ગયું. હવે રાજ્યનું રક્ષણ કોણ કરશે ? નિરાધાર રૈયત આજે વિદેશીને હાથે અપમાન અને દુઃખ વેઠશે ! પવિત્ર આર્ય સન્નારીઓના દેહને વિદેશીઓનો અપવિત્ર સ્પર્શ કલંકિત કરશે ! પણ શું આલોર-વાસીઓ છેકજ નામર્દ થઇ ગયા છે ? આલોરવાસી પુરુષોમાંથી એક પણ પુરુષના દેહમાં લોહીનું એક પણ ટીપું રહેશે ત્યાંસુધી શું ખરેખાત આલોરનગરી પરદેશીઓની દાસી થશે ? આ કલંક શું ભારતના ઇતિહાસમાં આલોરવાસીઓને સદાને માટે કલંકિત કરી રાખશે ? શું એવું કોઇ પણ રહ્યું નથી કે આલોરનગરના જીવતા રહેલા, ઘાયલ થયેલા સૈનિકોને એકઠા કરીને, તેમના હૃદયમાં એક વાર ફરીથી સાહસનો સંચાર કરીને જીવસટ્ટે આલોર-ની રક્ષાને માટે છેવટનો પ્રયત્ન કરે ?

દાહિર રાજાની રાણીના હૃદયમાં આ ચિંતાનો દાવાનળ સળ-ગવા માંડ્યો. પતિશોકનું મહા દુઃખ એ ક્ષણભરને માટે વીસરી ગઇ. પુત્રની કાયરતાની દારુણ લજ્જાની વેદના પણ એણે એ સમયે પોતાના હૃદયમાંજ સમાવી દીધી અને વગરવિલંબે રણ-રંગિની ભૈરવીનો વેશ ધારણ કરીને, ઘોડેસવાર થઈ, આલોરના રાજમાર્ગમાં આવી ઊભી.

આલોરનું રાજ્ય ચમકી ઊઠ્યું. રણક્ષેત્રમાં રમવા નીકળેલી રાજરાણીના ગંભીર હુંકારાથી આલોરવાસી સ્તંભિત થઇ ગયા. વીરાંગનાના વીર આહ્‌વાનથી ડરી જઇને વિખરાઇ ગયેલા, નાસી આવેલા સૈનિકો નવા સાહસપૂર્વક તેની ચારે તરફ આવીને હાજર થયા. નગરવાસી લોકો પણ ઘરબાર છોડી દઇને હથિયાર સજીને સૈનિકોની પાસે આવી ઊભા. રાણીએ બધાને સંબોધન કરી કહ્યું: "સૈનિકો ! નગરવાસીઓ ! તમે બધા પોતપોતાની જગ્યાએ ઊભા રહી મારૂં કહ્યું સાંભળો ! તમારા વીર રાજાજી રણક્ષેત્રમાં માર્યા ગયા છે, અધમ રાજકુમાર આજ પલાયન કરી ગયો છે, પણ તમે તેથી ગભરાશો નહિ. નિરાશ થશો નહિ. હું હજુ જીવું છું. રાજાની રાણી હું છું. વીર પુરુષની હું સહધર્મિણી છું. આજ હું તમને યુદ્ધ કરવાનો ઉત્સાહ આપીશ; તમને સાહસ અને હિંમત આપીશ, આજ હું તમને બધાને લઇને યુદ્ધ કરવા અગ્રે-સર થઇશ. તમારી માતૃભૂમિ આજે શત્રુના પગતળે રગદોળાઇ જવાની તૈયારીમાં છે; તમારાં દેવમંદિરો આજે વિધર્મીઓને હાથે

તૂટી પડવાની તૈયારીમાં છે; તમારી માતાઓ, પત્નીઓ, બહેનો અને કન્યાઓને આજે પરદેશીની ગુલામડી બનવાનો વારો આવ્યો છે; તો પછી કયા સુખને માટે આ નિર્માલ્ય જીવનનું રક્ષણ કરવા ઘેર નાસી આવ્યા છો ? સ્વદેશ અને સ્વધર્મનું અપમાન પોતાનીજ આંખ આગળ જોવાની ઇચ્છા ન રાખતા હો, કુળની સ્ત્રીઓને વિદેશીઓના સ્પર્શથી કલંકિત થયેલી જોવા ન માગતા હો, કૂતરાને મોતે વિદેશીઓને હાથે મરવા ન માગતા હો અને જંગલી જાનવરની પેઠે પરતંત્રતાની બેડી પહેરીને પરદેશીઓના ઘરમાં ગુલામગીરી કરવાની ઇચ્છા ન હોય તો, ચાલો આજે તમે બધા મારી સમક્ષ આવીને રણક્ષેત્રમાં મરવાની પ્રતિજ્ઞા લો ! મરણની પ્રતિજ્ઞા લઇને દેશનું, જાતિનું, ધર્મનું અને કુટુંબની સ્ત્રીઓનું સર્વશ્રેષ્ઠ ગૌરવ રાખવા તૈયાર થાઓ !”

રાજરાણીના મુખમાંથી નીકળતાં આવાં ઉત્સાહનાં વાકયની અસર ન થાય એવો પાષાણુ હૃદયનો હિચકારો કોણ હોય ? બધાએ રાણીની આજ્ઞા માથે ચડાવી. અસંખ્ય સૈનિકો મરતાં સુધી દેશનું રક્ષણ કરવા સારૂ લડવાની પ્રતિજ્ઞા લઇને રાણીને શરણાપન્ન થયા. રણડંકો વાગી ઊઠ્યો. સિંધુ રાજ્યમાં ખળભળાટ મચી રહ્યો. સૈનિકોના હુંકારથી અને જયનાદથી આખું શહેર ગાજી ઊઠ્યું.

આ તરફ રાણીની આગેવાની નીચે, દેશનું રક્ષણ કરવાનો સૈનિકોએ અને નાગરિકોએ નિશ્ચય કર્યો; પેલી તરફ આરબ લશ્કરે નગરને ઘેરો ઘાલીને કોટ ઉપર હુમલો કર્યો.

સૈનિકો અને નાગરિકોની મદદથી શૂરે ચડેલી વીર રાણીએ નગરના બચાવને માટે મજબૂત ટક્કર ઝીલી અને શત્રુઓના હુમલામાંથી શહેરને બચાવવાનો પાકો બંદોબસ્ત કર્યો. કેટલીક વાર સુધી રાણી પોતાની યુક્તિમાં સફળ નીવડી, પણ આખરે શહેરમાંની ખોરાકી ખૂટી પડી. બહારથી ખોરાકી આવી શકે એવો કોઈ ઉપાય નહોતો. એકાએક આ પ્રમાણે શહેરમાં ફસાઇ જવાશે, એવો પહેલાં કોઇને વિચાર સૂઝયો નહોતો, એટલે લડાઇમાં ઊતરતા પહેલાં અગાઉથી કોઇએ લશ્કરની ખોરાકીને માટે ભંડાર ભરી મૂકયા નહોતા.

રાણીએ દીઠું કે હવે નગરના રક્ષણનો કોઈ ઉપાય નથી.

તરતજ, એ મહાતેજસ્વી નારીએ નગરના આગેવાનોને અને સૈનિકોને એકઠા કરીને કહ્યું: “સિંધુગૌરવ વીર પુરુષો ! આજ

આપણે જોયું કે આપણા પવિત્ર શહેરના રક્ષણનો કોઇ ઉપાય હવે રહ્યો નથી; પણ સાંભળો! રક્ષણનો ઉપાય નથી રહ્યો તેનો અર્થ કાંઇ એવો નથી થતો કે આપણે જીવતા રહીને શત્રુને તાબે થવું! મરવું તો એક દિવસ છેજ, તો પછી ચાલો, આપણે બધાં મનુષ્યની પેઠે મરીએ. મનુષ્ય થઇને, ક્ષત્રિય થઇને, રજપૂત થઇને, મનુષ્યત્વહીન, પરાધીન જીવન કદી સ્વીકારીશું નહિ. અમે આર્ય નારી છીએ. સતીત્વને માટે પ્રાણ આપતાં કદી અચકાઇએ એમ નથી. સ્વામીના પરલોક સિધાવ્યા પછી અસાર જીવન ગાળવાને બદલે, સ્વામીની ચિતામાં બળીને સ્વામીના સાથી બનવું એ આપણું કર્તવ્ય છે. નગરવાસી બહેનો! આજે આપણે બધીઓ સાથે મળીને એકજ ચિતામાં પ્રાણનું બલિદાન આપીશું. ત્યાર પછી આપણા આ ભયંકર મૃત્યુનું સ્મરણ હૃદયમાં તાજું રાખીને, આપણા વીર નાગરિકો શત્રુઓની સામા થશે અને શત્રુઓનો નાશ કરતાં કરતાં શત્રુઓની તલવાર વડે રણક્ષેત્રમાંજ ક્ષત્રિયોને શોભે એવા મૃત્યુને ભેટશે! સાંભળો! આજે આપણે જે પવિત્ર કઠોર, જોહરવ્રતનું અનુષ્ઠાન કરીશું, તેનું અનુકરણ, પરદેશી અને પરધર્મી દુશ્મનોને હાથેથી ધર્મનું રક્ષણ કરવા સારૂ, આપણી ભવિષ્યની રજપૂતાણીઓ કરશે અને એમ કરીને ભારતનારીનું પવિત્ર નામ ઉજ્જવલ કરશે.”

રાણી આટલું ભાષણ આપીને શાંત થઈ. સિંધ દેશના બધા વીરોએ મૂંગે મોંએ રાણીની આજ્ઞાને અનુમોદન આપ્યું.

એ વખતે શહેરની વચ્ચોવચ એક મોટી ચિતા સળગાવવામાં આવી. રાણી અને શહેરમાંની બીજી સ્ત્રીઓએ લાલ સાડીઓ પહેરીને હસતે હસતે ધગધગ સળગતી ચિતામાં પ્રવેશ કર્યો. જોતજોતામાં અગ્નિની હજારો ઝાળો આકાશને સ્પર્શ કરવા લાગી. હજારો મનુષ્યોએ ત્યાં ઊભા રહીને, પોતાની આંખો આગળ સિંધુરમણીઓનું આ મર્મભેદી દૃશ્ય જોયું. કોઇની માતા તો કોઇની સ્ત્રી, કોઇની ભગિની તો કોઈની કન્યા, એકે એકે આ ચિતામાં પ્રવેશ કરવા લાગી. વીરપુરુષોના હૃદયમાં પણ હજારો ચિતા સળગી ઊઠી.

થોડી વારમાં એ સર્વ આર્યરમણીઓ ભસ્મીભૂત થઈ ગઇ; એટલે ભયંકર ગર્જના કરીને હજારો વીરપુરુષો પ્રલયકાળના એક જ્વ-

લંત વજ્રની પેઠે આરબસેના ઉપર તૂટી પડ્યા. તેમના તેજથી, તેમની તલવારોના ઝપાટાથી આરબસેનામાંથી ઘણા લોકો માર્યા ગયા. ઘણા દિવસનો રજપૂતોનો જઠરાગ્નિ એ દિવસે તૃપ્ત થયો.

દાહિર મહિષીના તેજને લીધે એ દિવસનો રજપૂતોનો ટેક સચવાઇ રહ્યો. દાહિર રાજાની મહારાણીથીજ ભારતના ઇતિહાસમાં ભીષણ અગ્નિકાંડ–'જૌહરવ્રત'નો પ્રચાર થયો.

१००–१०१–दाहिरराजानी बे कुंवरीओ

ખલીફા વલીના સેનાપતિ મહંમદ બીન કાસીમે ઈ. સ. ૭૧૮ માં ભારતભૂમિમાં આવીને સિંધદેશના રાજા દાહિર ઉપર ચડાઈ કરી. રાજા દાહિરે ઘણીજ વીરતાથી યુદ્ધ કર્યું; પણ એ સ્વદેશનું રક્ષણ કરવામાં સફળ ન થયો. રાજ્યની સાથે એણે પોતાનો પ્રાણ પણ ખોયો. તેની વીર રાણીએ પણ વીરતાથી શત્રુઓ સાથે યુદ્ધ કરીને, વિજયની કાંઇ પણ આશા ન રહી ત્યારે 'જૌહરવ્રત'નું પ્રથમ ઉદ્યાપન કર્યું. એમ કહેવાય છે કે એ યુદ્ધમાંથી શત્રુઓ દાહિર રાજાની બે રૂપવતી કન્યાઓને પણ ઉપાડી ગયા. એ બંને રમણીઓને બગદાદ શહેરમાં મોકલી આપવામાં આવી. ખલીફા એમના અનુપમ રૂપલાવણ્યની વાત સાંભળીને ઘણો પ્રસન્ન થયો અને એ સુંદરીઓની સાથે પાપકર્મ કરવાની લાલસા તેના મનમાં ઉત્પન્ન થઇ. પોતાના વિલાસભવનમાં એ રાજકુમારીઓને લાવવાનો તેણે હુકમ આપ્યો. આજ્ઞાનું તરતજ પાલન થયું. ક્ષત્રિયકુળની પવિત્ર કમલિની, મદોન્મત્ત હાથી જેવા નિર્દય કામી મુસલમાન બાદશાહની સમક્ષ લાવવામાં આવી. નિઃસહાય, નિરાશ્રિત, અનાથ રજપૂત કન્યાઓનું શિયળભંગ થવાનો પ્રસંગ આવી પહોંચ્યો. દાહિર રાજાના પવિત્ર નામને કલંક લાગવાનો સમય આવી પહોંચ્યો; પણ એ રાજકુમારીઓની રગેરગમાં સાચા રજપૂતનું લોહી વહેતું હતું. પાતિવ્રત્ય ધર્મની હિંદુઓની પવિત્ર ભાવના તેમના દેહના પ્રત્યેક પરમાણુમાં પ્રવેશ કરી ગઇ હતી. એ શુદ્ધ હૃદયની રાજકુમારીઓએ જ્યારે જોયું કે અહીંયાં બચવાનો બીજો કોઈ ઉપાય નથી, ત્યારે એમણે પોતાની બુદ્ધિથી એક યુક્તિ શોધી કાઢી. જે સમયે તેમને ખલીફાની રૂબરૂ લઇ જવામાં આવી તે વખતે એમણે

રોવાનું શરૂ કર્યું અને રોતે રોતે કહ્યું: "અમારૂં શરીર આપને સ્પર્શ કરવા લાયક નથી રહ્યું. હરામખોર કાસીમે અમારા શિયળનો ભંગ કર્યો છે." આટલું સાંભળતાં તો ખલીફા રાતોપીળો થઇ ગયો. તરતજ એણે કાસીમને માટે સખ્ત સજા ફરમાવી. એણે પોતાની સેનાના અમલદારને હુકમ લખી મોકલ્યો કે, "મહંમદ બીન કાસીમને તાજા બળદના ચામડામાં જીવતો શીવી દઇને જલદીથી અહીં રવાના કરી દો." બનતી ઉતાવળથી આ કઠોર આજ્ઞાનું પાલન થયું. આખરે દુર્ગંધમય ચામડામાં શિવાયેલી તેની લાશ બગદાદ પહોંચી. બંને રાજકુમારીઓએ ખલીફાને આ પ્રમાણે ક્રોધાગ્નિમાં નાખીને પોતાના શિયળનું રક્ષણ કર્યું તથા પોતાના પિતાના દેહ અને માતૃભૂમિના સ્વાતંત્ર્યનો નાશ કરનાર મહંમદ કાસીમનું વેર લીધું. ધન્ય છે રાજકુમારીઓ તમારા સાહસને!

૧૦૨–इन्दुलेखा

એ પ્રાચીન ભારતની એક સંસ્કારી વિદુષી નારી હતી. એ કવિતા સારી લખી જાણતી. એના જીવનચરિત્રનો પરિચય અમને મળ્યો નથી; પણ એટલા માટે એના નામનું વિસ્મરણ કરવાના દોષી અમે નથી બનવા માગતા. સુભાષિતાવલિના સંભોગશૃંગાર પ્રકરણમાં મહાકવિ કાલિદાસ અને મેણ્ઠના શ્લોકોના અંતરાળમાં એ વિદુષીનો રચેલો નીચેનો શ્લોક છે.

> एके वारिनिधौ प्रवेशमपरे लोकान्तरालोकनं ।
> केचिद्वह्निसयोगितां निजगदुः क्षीणेऽह्नि चण्डार्चिषः ॥
> मिथ्या चैतदसाक्षिकं प्रियसखि प्रत्यक्षतीव्रातपं ।
> मन्येऽहं पुनरध्वनीनरमणीचेतोऽधिशेते रविः ॥

"સાંજે કેટલાક લોકો પ્રચંડ કિરણોવાળા સૂર્યને સમુદ્રમાં પ્રવેશ કરતો કહે છે; કેટલાક બીજા લોકમાં જતો કહે છે. કેટલાક કહે છે કે એ અગ્નિમાં ભળી જાય છે; પરંતુ હે પ્રિય સખિ! એ ખોટું અને સાક્ષી વગરનું છે. મારૂં માનવું તો એવું છે કે પ્રવાસિની પત્નીનું મન, કે જેમાં પ્રત્યક્ષ આકરો તાપ રહેલો છે, તેમાં સૂર્ય સૂઇ જાય છે."



૧૦૩–સુભદ્રા

આ સન્નારીને માટે રાજશેખર કવિને ઘણું માન હતું. એ કહે છે કે, “ખરેખર સુભદ્રાએ અર્જુનના મનમાં સ્થાન મેળવ્યું છે. સુભદ્રા કવયિત્રીએ વાક્યોના ન્યાસની નિપુણતાથી કવિઓનાં મન હરી લીધાં છે.” કવિઓનાં મન હરી લેનારી આ સન્નારીનો એકજ શ્લોક જળવાયેલો છે.

दुग्धं च यत्तदनुयत् क्वथितं ततो नु माधुर्य तस्य हृतमुन्मथितं च वेगात्। जातं पुन घृत कृते नवनीत वृत्ति स्नेहो निबन्धन मनर्थ परंपराणाम् ॥

“જે દૂધ હતું તેને પ્રથમ દોહવામાં આવ્યું. તે પછી તેને ઉકાળવામાં આવ્યું. આધરકીને તેની મધુરતા હરી લેવામાં આવી અને વેગથી તેને વલોવવામાં આવ્યું. વળી ઘી મેળવવા સારૂ તેને માખણ કરી તપાવવામાં આવ્યું; ખરેખર સ્નેહ (ઘી) એ અનર્થની પરંપરાઓનું નિબંધન છે.”

આ શ્લોકમાં સ્નેહનો શ્લેષ સર્વને સરળતાથી સમજાય તેવો છે.

૧૦૪–નાગમ્મા

એ વિદુષીના જીવનચરિત્રની માહિતી નથી, પણ શારંગધર પદ્ધતિમાં નમસ્કૃતિ પ્રકરણના છેવટમાં સૂર્યના વંદન માટે નાગમ્માનો શ્લોક આપવામાં આવ્યો છે, તે ઉપરથી જણાય છે કે એ સારી કવિતા રચતી હશે.

शुकतुण्डच्छवि सवितुश्चण्डरुचः पुण्डरीकवनबन्धोः।
मण्डलमुदितं वन्दे कुण्डलमाखण्डलाशायाः ॥

પોપટની ચાંચ જેવા લાલ અને પૂર્વ દિશાના કુંડળ સરખા ઊગેલા કમળવનના સમા ઉગ્ર કાંતિવાળા, સૂર્યબિંબને હું નમું છું.

૧૦૫–अवंतिसुंदरी

અવંતિસુંદરી સંસ્કૃત ભાષાના પ્રસિદ્ધ કવિ રાજશેખરની સ્ત્રી હતી. પતિપત્નીનું જીવન ભારતવર્ષમાં અભિન્ન હોય છે, એટલે એ વિદુષીનું ચરિત્ર આલેખતાં પહેલાં એના પતિનું વર્ણન કરવું પડે છે.

રાજશેખરે પોતાને યાયાવરીય અર્થાત્ યાયાવર ઋષિના કુળમાં ઉત્પન્ન થયેલો કહ્યો છે. કાવ્યમીમાંસામાં જ્યાં જ્યાં એણે પહેલાંના આચાર્યોથી જુદા પડીને પોતાનો સ્વતંત્ર અભિપ્રાય દર્શાવ્યો છે, ત્યાં આગળ " इति यायावरीयः । नेति यायावरीयः । આ યાયાવરીનો મત છે, આ યાયાવરીનો મત નથી," એ પ્રમાણે લખ્યું છે. એના વડદાદા અકાલ જલદ મહાકવિ હતા. એમનું નામ તો બીજું કાંઈ હતું; પણ એમના એક ચમત્કારી શ્લોકમાં " અકાલ જલદ " શબ્દ આવી જવાથી એજ નામથી એ ઓળખાયા છે. સંસ્કૃતમાં બીજા કેટલાક કવિઓનાં નામ પણ એવી રીતે પડેલાં દીઠામાં આવ્યાં છે. ચેદિ દેશના ભૂષણ, સુરાનંદ, તરલ, કવિરાજ આદિ પ્રસિદ્ધ કવિઓ પણ આ યાયાવર વંશમાંજ ઉત્પન્ન થયા હતા. રાજશેખરના પિતા દુર્દુળ રાજાના મહામંત્રી હતા. તેની માતાનું નામ શીલવતી હતું.

રાજશેખર કનોજના રાજા મહેન્દ્રપાલનો ઉપાધ્યાય હતો અને તેના પુત્ર મહીપાલના સમયમાં પણ એનું સન્માન હતું. પ્રાચીન લેખ ઉપરથી જણાય છે, કે મહેન્દ્રપાલ વિક્રમ સંવત ૯૬૦ માં અને મહીપાલ ૯૭૪ માં વર્તમાન હતો. એજ રાજશેખરનો અને આપણી ચરિત્રનાયિકાનો સમય છે.

રાજશેખરે પહેલાં બાલરામાયણ અને બાલભારતની રચના કરી, ત્યાર પછી વિદ્ધશાલભંજિકા અને કર્પૂરમંજરી નાટક રચ્યાં અને છેવટે કાવ્યમીમાંસા નામનો અપૂર્વ ગ્રંથ રચ્યો.*

---

* આ ગ્રંથ ગાયકવાડ પ્રાચ્ય પુસ્તકમાલામાં છપાયો છે.

અવંતિસુંદરીનો જન્મ ચૌહાણ ક્ષત્રિયકુળમાં થયો હતો. એ વખતે પણ બ્રાહ્મણે ક્ષત્રિયની કન્યા સાથે લગ્ન કરવું એ અનોખી વાત નહોતી ગણાતી. એકજ બ્રાહ્મણના બ્રાહ્મણીથી થયેલાં સંતાન બ્રાહ્મણ અને ક્ષત્રિય સ્ત્રીથી થયેલાં સંતાન ક્ષત્રિય ગણાયાં હોય એવાં અનેક પ્રમાણ છે.

કર્પૂરમંજરી નાટિકાનો પહેલો ખેલ અવંતિસુંદરીની ઇચ્છાથીજ થયો હતો.

એ ઘણી વિદુષી હતી. કાવ્યશાસ્ત્રમાં એ બહુ સારી રીતે પારંગત હતી. કાવ્યમીમાંસામાં એના પતિએ ત્રણ જગ્યાએ એના અભિપ્રાયને ટાંકયા છે; જેથી વિદ્વાનો અનુમાન કરે છે કે, એણે કાવ્યશાસ્ત્ર ઉપર કોઇ ગ્રંથ પણ લખ્યો હશે.

કવિતાનો ‘ પાક ’ શો છે ? વામનના મતવાળા એવું કહે છે કે કવિએ એવાં એવાં પદ ગોઠવવાં જોઇએ કે જે બદલી ન શકાય. એનુંજ નામ શબ્દપાક છે. એ ઉપરથી અવંતિસુંદરીનો અભિપ્રાય છે કે, એ તો અશક્તિ થઇ, પાક નહિ. એક વસ્તુ ઉપર મહાકવિઓના અનેક પાઠ પણ પાકવાન હોઇ શકે છે; એટલા માટે “ રસોચિત સૂક્તિ ” રસને છાજે એવી રીતે કહેલું સરસ વચનજ પાક છે. ગુણ, અલંકાર, રીત, ઉક્તિ, શબ્દ, અર્થ એને એવા ક્રમથી ગોઠવ્યાં હોય કે વિદ્વાનોને ગમી જાય તો એજ એના અભિપ્રાય પ્રમાણે વાકયપાક છે. કહેનાર પણ હોય, શબ્દ પણ હોય, રસ પણ હોય, છતાંયે એક એવી વસ્તુ બાકી રહી જાય છે કે જેના વગર વાણીમાંથી મધ નથી ટપકતું.

અર્થ ભલે રસનો અનુગુણ હોય કે વિગુણ હોય, કાવ્યમાં કવિ–વચનજ રસ ઉપજાવે છે અથવા બગાડે છે, અર્થ નહિ. પાલ્યકીર્તિનો મત છે કે વસ્તુનું રૂપ ગમે તેવુંજ ન હોય, પણ રસીલાપણું તો કહેનારના હાથમાં છે. જે અર્થને રાગી વખાણશે એનેજ વિરાગી વખોડશે અને મધ્યસ્થ એ બાબતમાં બેપરવા રહેશે. અવંતિ સુંદરી કહે છે કે વસ્તુના રૂપનો સ્વભાવ નકકી કરેલો નથી, એ તો વિદગ્ધના કહેવાના ઢંગ ઉપર આધાર રાખે છે.

એ કહે છે કે ગુણ કે અવગુણ ઉક્તિને વશ છે, વસ્તુસ્વભાવ કવિને કાંઇ કામનો નથી. ચંદ્રમાની સ્તુતિ કરનારો એને “ અમૃતાંશુ ” કહે છે, અને ધૂર્ત એની નિંદા કરીને “ દોષાકર ”(રાતને પાડનારો અથવા દોષનો ભંડાર) કહી નાખે છે.

કાવ્યની ચોરી ઉપર રાજશેખરે ઘણું લખ્યું છે. અંતે સિદ્ધાંત કર્યો છે કે, " ન તો વાણિયા ચોરી કર્યા વગર રહે છે, ન તો કવિ. જેને છાનું રાખતાં આવડે છે તે બદનામ થયા વગર મજા કરે છે.

" नास्त्यचौरः कविजनो नास्त्यचौरो वणिग्जनः।
स नंदति विना वाच्यं यो जानाति निगूहितुम्॥ "

આ વિષયમાં પૂર્વ પક્ષ એવો રાખ્યો છે કે ચોરી ન શીખવવી જોઇએ, કેમકે વખત વીતતાં મનુષ્યની બીજી ચોરીઓ તો જતી રહે છે, પણ વાક્ચૌર્ય–કવિતા કે લખાણની ચોરી–પુત્રપૌત્રો સુધી પણ મટતી નથી.

એના ઉપર અવંતિસુંદરી કહે છે કે, " આ (બીજા કવિ) ની પ્રસિદ્ધિ નથી, મારી છે; એની પ્રતિષ્ઠા નથી, મારી છે; એનું વસ્તુ ક્રમ વગરનું છે, મારૂં ક્રમપૂર્વક છે; એનાં વચન ગળોના જેવાં, મારાં દ્રાક્ષનાં જેવાં છે; એ ખાસ ભાષાનો આદર નથી કરતો, હું કરૂં છું; એની રચનાને ઓળખનારા મરી ગયા, એનો કર્તા દૂર દેશાવરમાં રહે છે, ઇત્યાદિ કારણોને લીધે લોકો શબ્દ કે અર્થને ચોરવામાં મનને પરોવે છે. "

અવંતિસુંદરીએ પ્રાકૃત કવિતામાં આવનારા દેશી શબ્દોનો એક કોશ બનાવ્યો અને એમાં પ્રત્યેક શબ્દોનો પ્રયોગ બતાવવા પોતાનું રચેલું ઉદાહરણ આપ્યું. શ્રી હેમચંદ્રાચાર્યે પોતાની દેશી નામમાલામાં બે જગ્યાએ અવંતિસુંદરીના મતભેદનો ઉલ્લેખ કરીને તેની ઉદાહરણોવાળી કવિતાને ઉતારી છે.

અવંતિસુંદરી જેવી પ્રૌઢ અને વિદુષી પત્નીના પતિના સ્ત્રી-કેળવણી સંબંધમાં કેવા વિચાર હશે? સાંભળો. એ કાવ્યમીમાંસા-માં પૃ. ૪૩ મે લખે છેઃ " પુરુષોની પેઠે સ્ત્રીઓ પણ કવિ બનો. સંસ્કાર તો આત્મામાં છે. એ સ્ત્રી કે પુરુષના ભેદની પરવા નથી કરતા. રાજાઓ અને મંત્રીઓની કન્યાઓ, વેશ્યાઓ, કૌતુકીઓ-ની સ્ત્રીઓ, શાસ્ત્રોમાં પારંગત બુદ્ધિવાળી અને કવિ જોવામાં તેમજ સાંભળવામાં આવી છે. " *

---

* નાગરીપ્રચારિણી–પત્રિકા, ભા. ૨, અં. ૧ માં સ્વર્ગસ્થ પંડિતશ્રી ચંદ્રધરશર્મા ગુલેરી બી. એ., ના લેખ ઉપરથી.



૧૦૬–અક્કાદેવી

ગુપ્તવંશી રાજાઓનું મહારાજ્ય નષ્ટ થયા પછી હિંદુસ્તાનમાં જે અનેક રાજવંશીઓએ સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી, તેમાંના કોઇએ સોલંકીઓના જેવું પ્રભાવશાળી અને વિસ્તારવાળું રાજ્ય સ્થાપ્યું નહોતું. આપણા દેશના ઘણા રાજવંશોનો પ્રાચીન ઇતિહાસ મળી આવતો નથી, પણ સદ્ભાગ્યની વાત છે કે સોલંકી વંશના ઘણા રાજાઓ વિદ્યાના શોખીન અને વિદ્વાનોનો આદરસત્કાર તથા વિદ્યાની વૃદ્ધિ કરનારા થઈ ગયા છે; આથી તેમની પ્રશંસામાં લખેલાં અનેક પ્રાચીન પુસ્તકોમાંથી એમનો થોડોઘણો વૃત્તાંત મળી આવે છે.

સોલંકી રજપૂતો પોતાને અગ્નિવંશી ગણે છે અને વસિષ્ઠ ઋષિદ્વારા તેમનો મૂળ પુરુષ ચૌલુક્ય અથવા ચાલુક્ય આબુ પર્વત ઉપર ઉત્પન્ન થયો હતો, એમ માને છે.

જૂનાં તામ્રપત્રો, શિલાલેખો તથા પુસ્તકો ઉપરથી જણાય છે કે, સોલંકીઓનું રાજ્ય પહેલાં અયોધ્યામાં હતું. ત્યાંથી તેઓ દક્ષિણમાં ગયા. ત્યાંથી પાછા ગુજરાત, રજપૂતાના, વાઘેલ ખંડ આદિ દેશોમાં ફેલાયા.

જે સન્નારીનો ટૂંકો પરિચય આ ચરિત્રમાં અમે આપવા માગીએ છીએ, તેનો જન્મ દક્ષિણના સોલંકી રાજવંશમાં થયો હતો. એ સત્યાશ્રય રાજાના નાનાભાઇ દશદર્માની પુત્રી અને વિક્રમાદિત્ય પાંચમાની બહેન થતી હતી. સત્યાશ્રય રાજાનું મૃત્યુ વિક્રમ સંવત ૧૦૬૫, ઇ૦ સ૦ ૧૦૦૯ ની લગભગમાં થયું હતું અને તેને કોઇ પુત્ર ન હોવાથી તેની ગાદી તેના ભત્રીજા વિક્રમાદિત્યને મળી હતી. અક્કાદેવીની માતાનું નામ ભાગ્યવતી હતું. કેટલીક જગ્યાએ તેનું નામ ભાગલદેવી પણ લખ્યું છે.

અક્કાદેવીને તેનાં માતાપિતા તરફથી સારૂં શિક્ષણ મળ્યું હતું. એ ઘણી વીર પ્રકૃતિની સ્ત્રી હતી. રાજકાર્યમાં પણ એ ઘણી નિપુણ

હતી. તેનું લગ્ન કદંબવંશી કોઈ સામંત સાથે થયું હતું. તેના સ્વામીનું નામ જાણ્યામાં નથી.

બેલુર સ્થાનમાંથી મળી આવેલા શક સંવત ૯૪૪ (વિક્રમ સંવત ૧૦૭૯, ઇ. સ. ૧૦૨૨)ના કાનડી ભાષાના એક લેખ ઉપરથી જણાઇ આવે છે કે એ સંવતમાં (ઈ. સ. ૧૦૨૨) માં એ "કિસુકાડ સપ્તતિ" નામના પ્રદેશ ઉપર રાજ્ય કરતી હતી. સિત્તેર ગામોના કિસુકાડ પ્રદેશને "કિસુકાડ સપ્તતિ" કહેતા હતા. એ પ્રદેશ બાદામી તાલુકામાં આવેલો છે.

અક્કાદેવી ઘણી સદ્‌ગુણી અને એકવચની સ્ત્રી હતી. યુદ્ધ-કળામાં તે ઘણી પ્રવીણ હતી. રણભૂમિમાં તે ભૈરવીની સમાન શત્રુઓનો સંહાર કરતી હતી. ઘણા ઉદાર સ્વભાવની હતી. કોઈ પણ ધર્મ ઉપર તેને દ્વેષ નહોતો. જૈન, બૌદ્ધ, શૈવ તથા વૈષ્ણવ સંપ્રદાયોનો એ એકસરખો આદર કરતી હતી.

પોતાના મોટાભાઇ વિક્રમાદિત્ય પાંચમાના સ્મરણાર્થે તેણે એક ગામનું દાન કરી દીધું હતું અને એક મંડપ બનાવ્યો હતો.

બીજા કેટલાક પ્રાચીન લેખો ઉપરથી જણાય છે કે એકવાર અક્કાદેવીએ ગોકાગે (બેલગામ જિલ્લામાં આવેલું ગોકાક)ના કિલ્લા ઉપર ઘેરો ઘાલ્યો હતો અને ઉપર જણાવેલી સિત્તેર ગામ "કિસુ-કાડ સપ્તતિ" ઉપરાંત ત્રણ બીજા પ્રદેશ પણ તેના અધિકારમાં આવ્યા હતા. તેની જાગીરનું મુખ્ય સ્થાન વિક્રમપુર (બિજાપુર જિલ્લામાં) હતું. શ૦ સં૦ ૯૭૫ (વિ૦ સં૦ ૧૧૧૦, ઇ૦ સ૦ ૧૦૫૩) સુધી તો એ રાજ્ય કરતી હતી, એવું પ્રમાણ મળી આવે છે. આગળની કાંઇ ખબર નથી. તેના પુત્રનું નામ મહામંડલેશ્વર કાદંબ તોયિમદેવ હતું. એ ઇ. સ. ૧૦૬૬ માં વનવાસી અને પાનુંગલ નામના સ્થાનોમાં રાજ્ય કરતો હતો.



૧૦૭–નર્મદા

પ્રસિદ્ધ ભોજરાજાના સમયમાં ધારાનગરીમાં એક સુશર્મા નામનો બ્રાહ્મણ રહેતો હતો. એ સદા ઇશ્વરભક્તિમાં લીન રહેતો હતો. પરોપકારને માટે તેનું મન સમુદ્રની પેઠે ઉછાળા મારતું હતું; પરંતુ એની પાસે પોતાની ઇચ્છા પૂર્ણ કરવા જેટલું ધન નહિ હોવાથી મનના તરંગો મનમાંજ શમાવવા પડતા, છતાં પણ પોતાની શક્તિ મુજબ પુણ્યદાન કરવાનું એ ચૂકતો નહિ. વિધાતાએ સદ્‌ભાગ્યે એક ઘણી સુશીલ અને દયાળુ સ્ત્રી સાથે તેનું પાનું પાડ્યું હતું. તેની સ્ત્રીનું નામ નર્મદા હતું. નર્મદા ઘણી પતિવ્રતા હતી. એ કદી પરપુરુષનું મોં જોતી નહિ. પરપુરુષને તો એ પ્રચંડ અગ્નિ સમાન ગણતી, કે જેની પાસે જવાથીજ શરીરમાં બળતરા ઉત્પન્ન થાય છે, તો તેનો સ્પર્શ કરવાની તો વાતજ શી? નર્મદા હંમેશાં પતિના ઉઠતાં પહેલાં ઉઠી સ્નાન કરતી તથા સ્વચ્છ વસ્ત્ર પહેરીને ગીતાનો પાઠ તથા ભગવદ્‌ભજન કરતી. પતિના ઉઠ્યા પછી એ તેને ગરમ પાણીથી સ્નાન કરાવતી, તેનાં વસ્ત્ર ધોઇને સ્વચ્છ કરતી, તેના પૂજાપાઠ તથા અગ્નિ હોમની સામગ્રી તૈયાર કરતી; અને બીજી સર્વ રીતે તનમનધનથી પતિની સેવામાં તત્પર રહેતી. સુશર્મા કોઇ દિવસ કોઇની પાસે યાચના કરવા જતો નહોતો. દક્ષિણા લેવી એ તેને ઝેરના કરતાં પણ વધારે કડવું લાગતું હતું; એટલા માટે વગર માગ્યેજ જે કાંઇ ઘેર બેઠે મળી જતું તેટલા ઉપર સંતોષ માનીને પતિપત્ની આનંદમાં ગુજરાન ચલાવતાં હતાં.

ભોજરાજા ઘણો દાની, ગુણી તથા ધાર્મિક હતો. તેણે પોતાના આખા રાજ્યમાં કોઇને મૂર્ખ અને અભણ રહેવા નહોતો દીધો. દાન અને વિદ્યાદ્વારા તેણે પ્રજાને સુપંડિત અને અયાચક બનાવી દીધી હતી. એક દિવસ તેણે કવિ કાલીદાસને મોંએ પંડિત સુશર્માની પત્ની નર્મદાના સતીત્વ અને પાતિવ્રત્યની પ્રશંસા સાંભળી.

સતી નર્મદાના સતીત્વની પરીક્ષા કરવાના ઇરાદાથી રાજા ભોજે દ્રવ્ય આપીને લલચાવવા સારૂ પંડિત સુશર્માને બોલાવ્યો. સુશર્મા જે વખતે રાજા ભોજ પાસે જવા લાગ્યો, તે વખતે નર્મદાએ તેને હાથ જોડીને કહ્યું: "મહારાજ! રાજા ભોજ મોટા દાની છે. એ કદાચ તમને દ્રવ્ય આપવા માંડે તો તમે લેશો નહિ; કારણકે દાન લેવાથી આપના તપમાં ભંગ પડી જશે. ભૂખે મરી જવાય તો ભલે, પણ દાન લેવું એ તો ગેરવાજબી છે."

સુશર્મા પણ નિર્લોભી હતો. એ રાજાની સભામાં જઇને ઊભો રહ્યો એટલે રાજા ભોજે તેનો ઘણો આદરસત્કાર કર્યો તથા વિધિપૂર્વક તેનું પૂજન કરીને ચરણોદક પીધું. પછીથી હજારો મહોરો મંગાવીને બ્રાહ્મણને અર્પણ કરી. બ્રાહ્મણે સંતુષ્ટ થઇ રાજાને આશીર્વાદ આપ્યો તથા વિનયપૂર્વક કહ્યું: "પૃથ્વીનાથ! આજે આપની બ્રાહ્મણો ઉપરની ભક્તિ જોઇને હું પ્રસન્ન થયો છું. ઇશ્વર આપને ચિરંજીવી કરે એજ મારો ખરા અંતઃકરણનો આશીર્વાદ છે; પરંતુ આ ધનની મારે કાંઇ પણ જરૂર નથી. ધન તો રાજાઓની પાસેજ શોભે છે. હું એક દીન-દરિદ્ર બ્રાહ્મણ છું. અમારે માટે તો તપ એજ અખૂટ ધન છે અને એ તપદ્વારાજ અમારૂં પાલન થાય છે. મારે લાયક કંઇ કામકાજ હોય તો ફરમાવો."

એટલું કહીને બ્રાહ્મણ સુશર્મા ત્યાંથી ચાલ્યો ગયો. આ યત્નમાં સફળ નહિ થવાથી ભોજરાજાએ બીજી યુક્તિ રચી. જે વખતે બ્રાહ્મણ સુશર્મા દેવમંદિરમાં દર્શન કરવા ગયો હતો તે વખતે સાધુનો વેશ ધારણ કરીને રાજા એને ઘેર પહોંચ્યો અને બારણા આગળ ઊભો રહી 'भवति भिक्षां देहि'ની બૂમ પાડી. નર્મદા કદી કોઇ પરપુરુષ સાથે બોલતી નહોતી, પણ સાધુસંત ઉપર તેની પૂર્ણ ભક્તિ હતી. વળી અતિથિ-અભ્યાગતનો સત્કાર કરવો એ આર્ય લલનાઓનું પ્રથમ કર્તવ્ય છે, એ વાત નર્મદા સારી પેઠે જાણતી હતી, એટલે સાધુનો અવાજ સાંભળીને એ તુરત મૂઠી આટો લઇને બહાર આવી; પરંતુ સાધુરૂપ ભોજરાજાને તો એની પરીક્ષા કરવી હતી, એટલે તેણે લોટ લેવાની ના કહી અને ભોજન કરવાની ઇચ્છા પ્રગટ કરી. જો કે એ વખતે ઘરમાં ધણી-ધણિયાણી બેને ખાવા જેટલુંજ ધાન્ય હતું, તોપણ સતી નર્મદાએ પોતાના ભાગનું ધાન્ય રાંધીને સાધુને હાથપગ ધોવરાવીને

આસન પર બેસાડ્યા તથા થાળીમાં રસોઇ પીરસીને ભોજન કરવાની વિનતિ કરી; પરંતુ સાધુને કાંઇ ભોજન થોડુંજ કરવું હતું. તેને તો જોવું હતું કે નર્મદામાં કેટલું પાણી છે. તેણે કહ્યું: "મીઠી વસ્તુ વગર અતિથિનો પૂરો સત્કાર નથી થતો." સાધુનાં આ વચનો સાંભળીને નર્મદાને ઘણો ખેદ થયો; કારણકે એ વખતે સાધુને ખવરાવવા જેવો કંઈ પણ મીઠો પદાર્થ ઘરમાં નહોતો, તેમજ ઘરમાં પૈસા પણ નહોતા. તેણે પતિના ભાગના ચોખા બજારમાં વેચવા મોકલ્યા તથા એ પૈસામાંથી પડોશણ પાસે ખાંડ મંગાવીને સાધુને પીરસી. સાધુવેશધારી ભોજરાજા નર્મદાની સાધુભક્તિ અને સત્યનિષ્ઠા જોઇને ઘણો પ્રસન્ન થઈ ગયો. મનમાં ને મનમાં એ નર્મદાની ઘણી પ્રશંસા કરવા લાગ્યો. એણે પોતાનાં રાજચિહ્નો છુપાવવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો, પણ ચતુર નર્મદા તેના મોં ઉપરના તેજથી કળી ગઈ કે આ ભોજરાજા છે. તેથી તેણે કહ્યું: "નૃપતિ ભોજરાજ ! આપ ઘણા પુણ્યવાન અને બુદ્ધિના ભંડારરૂપ છો. આપ પરસ્ત્રીને માતારૂપ ગણો છો, માટે મારી પરીક્ષા લેવા આપે આ ઉપાય ગ્રહણ કર્યો, એ વ્યાજબી નથી કર્યું."

સતીનાં આવાં મૃદુ વચનો સાંભળીને સાધુવેશધારી ભોજરાજ ગદ્ગદ થઇ ગયો અને નર્મદાની પ્રદક્ષિણા કરીને નમ્રતાપૂર્વક હાથ જોડીને બોલ્યો: "માતા ! મને ક્ષમા કરો. મેં તમારો મોટો અપરાધ કર્યો છે. હવે દયા લાવીને મને ક્ષમા કરો અને મને આપનો સેવક સમજો."

નર્મદાએ શાંત ભાવે ઉત્તર આપ્યો: "આપ ભય ન પામશો. હું જાણું છું કે આપ કપટ કરીને મારૂં શિયળ ભંગ કરવાની ઇચ્છાથી અત્રે નહોતા આવ્યા. તમારો ઉદ્દેશ મારા પાતિવ્રત્યની પરીક્ષા લેવાનો હતો. એટલા સારૂજ હું તમને આજે માફી આપુ છું; પણ ફરીથી કોઇ દિવસ એ પ્રમાણે સતીને છળવાનો યત્ન ન કરશો. તમારે ખાતરી રાખવી કે તમે કોઇ પણ ઉપાયથી મારૂં શિયળભંગ કરવામાં સમર્થ ન થાત; કારણકે પતિવ્રતા સ્ત્રીનું સત્ તોડાવવાની શક્તિ સંસારમાં કોઇનામાં પણ નથી. હું કોઇ પરપુરુષ સાથે વાતચીત નથી કરતી, પણ આપને સાધુ સમજીને આટલો વાર્તાલાપ કર્યો છે; તેથી મારા પાતિવ્રત્યમાં કાંઇ પણ ન્યૂનતા આવી શકે એમ નથી. પતિવ્રતા સ્ત્રીઓના ચાર પ્રકાર છે-ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ અને અધમ. જે સ્ત્રીનો એવો નિશ્ચય

હોય છે કે, પોતાના પતિ વગર દુનિયામાં કોઈ પુરુષજ નથી; તે ઉત્તમ પ્રકારની પતિવ્રતા છે. એ તો એમજ સમજે છે કે મારા પતિ વગર બધા નપુંસકજ છે. મધ્યમ શ્રેણીની પતિવ્રતા પરપુરુષને ભાઇ, પિતા અને પુત્ર સમાન ગણે છે. જે સ્ત્રીઓ પોતાના કુળની આબરૂ સાચવવા ખાતર, ધર્મથી બીને શિયળ સાચવી રાખે છે, તે નિકૃષ્ટ પતિવ્રતા છે અને જે લાગ નહિ મળવાના સબબથીજ શિયળ સાચવી શકી છે, તે અધમ પતિવ્રતા છે. હું પરણ્યા પછી પતિ સિવાય બીજા બધા પુરુષને નપુંસક ગણુતી આવી છું. આજ દિન સુધી મેં પ્રાણુનાથ સિવાય બીજા કોઇ પુરુષ સાથે વાત નથી કરી. આજ પતિ ઘેર નહિ હોવાથી અતિથિ ગણીને અને અતિથિને ભિક્ષા આપ્યા વગર ખાલી હાથે પાછા મોકલવા એ શાસ્ત્રવિરુદ્ધ હોવાથી આપની સાથે વાતચીત કરી છે. મારી પૂર્ણ ખાતરી છે કે પતિદેવ મારા ઉપર આ અપરાધને માટે કદી અપ્રસન્ન નહિ થાય.”

સતી નર્મદાનો ઉપદેશ સાંભળીને ભોજરાજા ઘણોજ પ્રસન્ન થયો અને તેના શુદ્ધ પ્રતિપ્રેમ તથા સતીત્વની અત્યંત પ્રશંસા કરીને, તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી મહેલ ભણી રવાના થયો.

જ્યારે બ્રાહ્મણ સુશર્મા દેવદર્શન કરીને ઘેર આવ્યો ત્યારે સતી નર્મદાએ ધ્રૂજતે શરીરે હાથ જોડીને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો તથા પરપુરુષની સાથે વાર્તાલાપ કરવા માટે ક્ષમા માગી.

બ્રાહ્મણે ભોજરાજાના સદ્‌ગુણોનો વિચાર કરી પોતાની ગેરહાજરીમાં તેનો સત્કાર કરવા માટે નર્મદાની ઘણી પ્રશંસા કરી.

૧૦૮–मदालसा

શાર્ંગધરના સંગ્રહમાં ધર્મનિવૃત્તિ પ્રકરણમાં વ્યાસના શ્લોક પછી મદાલસાનો નીચે ઉતારેલો શ્લોક છે:–

परलोकहितं तात प्रातरुत्थाय चिन्तय ।
इह ते कर्मणामेव विपाकश्चिन्तयिष्यति ॥

“હે પુત્ર! સવારના પહોરમાં ઊઠીને પરલોકના હિતનો વિચાર કર. આ લોકનો વિચાર તો તારાં કર્મોની ઘટનાઓ ઊભી છે તે કરશે.”

૧૦૯–સુલક્ષણા

રાજા ભોજના સમયમાં વિષ્ણુદત્ત નામનો એક અગ્નિહોત્રી બ્રાહ્મણ ધારાનગરીમાં રહેતો હતો. એ ઘણો પંડિત અને શાસ્ત્રવિશારદ હતો. તેની સ્ત્રીનું નામ સુલક્ષણા હતું. સુલક્ષણામાં નામ પ્રમાણેજ ગુણ પણ હતા. એ ઘણી સ્વરૂપવતી, સુઘડ, ચતુર, પતિવ્રતા, ઘરકામમાં કુશળ અને મધુરભાષી હતી. પતિની આજ્ઞા માનવામાં એ ઘણીજ દૃઢ હતી. એક વખતે વિષ્ણુદત્તે તેની પાસે પાણી માગ્યું. એ પાણીનો પ્યાલો ભરીને લાવી એટલીવારમાં વિષ્ણુદત્ત કોઇ જરૂરનું કામ સાંભરી આવ્યાથી પત્નીને ‘ જરા ઊભી રહે ’ એમ કહીને બજારમાં ચાલ્યો ગયો. દૈવસંયોગથી એ આખો દિવસ વિષ્ણુદત્ત કામમાંજ લાગી રહ્યો અને સાંજ સુધી તેને ઘેર જવાની પુરસદ મળી નહિ. ઘેર આવીને જુએ છે તો તેની પત્ની સુલક્ષણા એની એ જગ્યાએ હાથમાં પાણીનું પવાલું લઇને ઊભી છે. જેઠ મહિનો હતો અને ગરમી બહુ સખ્ત પડતી હતી. જે વખતે વિષ્ણુદત્ત બજારમાં ગયો તે વખતે તો ત્યાં આગળ છાંયડો હતો, પરંતુ પાછળથી બપોરને વખતે ત્યાં ખૂબ તડકો પડવા લાગ્યો, પણ સુલક્ષણા એ તડકાથી જરા પણ કંટાળ્યા વગર પતિના શબ્દોને માન આપીને ત્યાંજ ઊભી રહી હતી. વિષ્ણુદત્ત તેને ત્યાંજ ઊભી રહેલી જોઇને ઘણું આશ્ચર્ય પામી ગયો અને તેનું કારણ પૂછવા લાગ્યો. સુલક્ષણાએ નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો: “ હે નાથ ! આપ જતી વખતે કહી ગયા હતા ને કે, ‘ જરા ઊભી રહે ’ તો પછી હું આજ્ઞા વગર કેવી રીતે બેસી શકું ? ”

વિષ્ણુદત્તને પોતાની સ્ત્રી ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. એ સારી પેઠે જાણતો હતો કે સુલક્ષણા પ્રાણ જતાં સુધી પણ ધર્મને છોડે એવી નથી. એક દિવસ તેણે સુલક્ષણાની પરીક્ષા લેવા સારૂ પોતાના એક મિત્રને કોઈ બાગમાં મોકલી દીધો અને કહ્યું કે, “આ

બાગમાં જે સ્ત્રી આવે તેને લલચાવીને તારે વશ કરવાનો યત્ન કરજે." પછીથી ઘેર જઇને એણે સુલક્ષણાને ભગવાનના પૂજન માટે પુષ્પ લાવવા સારૂ એજ બાગમાં મોકલી. પતિની આજ્ઞાનુસાર સુલક્ષણા ત્યાં જઇને ફૂલની ક્યારીઓમાં પેસીને પુષ્પ તોડવા લાગી એટલામાં એક છેલછબીલા જુવાને આવીને કહ્યું: "પ્યારી! શું કરો છો? જરા મારી પાસે તો આવો! આટલાં બધાં સુંદર હોવા છતાં તમે આવાં મલિન વસ્ત્ર કેમ પહેર્યાં છે? ચાલો મારી સાથે, હું તમને સુંદર વસ્ત્રાલંકાર આપીશ."

આ પ્રમાણે અનેક પ્રકારની લાલચો બતાવીને સુલક્ષણાને પોતાની તરફ ખેંચવાનો તેણે પ્રયત્ન કર્યો. કોઇ ભોળી સ્ત્રી હોત તો જરૂર એ પ્રપંચી યુવકની પ્રેમજાળમાં ફસાઇને પોતાના સતીત્વનો નાશ કરત, પણ સુલક્ષણા તો ખરેખરી પતિવ્રતા હતી. એણે તે યુવકની વાત ઉપર જરા પણ ધ્યાન ન આપ્યું અને પુષ્પ લીધા વગરજ ધડકતે હૃદયે દોડતી દોડતી ઘેર પહોંચી. તેનું મોં ઊતરેલું જોઇને પતિ વિષ્ણુદત્તે વિચાર્યું કે જરૂર કાંઇ ગોટાળો થયો છે; પણ સુલક્ષણાએ વગર પૂછયેજ બધા સમાચાર કહી સંભળાવ્યા તથા ભવિષ્યમાં ફૂલ વીણવા જવાની સાફ ના કહી, ત્યારેજ વિષ્ણુદત્તને ખાતરી થઈ કે સુલક્ષણા પોતાનું પાતિવ્રત્ય સાચવી શકી છે.

એક વખત રાત્રીના સમયે વિષ્ણુદત્ત સુલક્ષણાના ખોળામાં માથું મૂકીને સૂઇ રહ્યો હતો અને સુલક્ષણા તેને પંખો નાખી રહી હતી, એટલામાં અકસ્માત્ તેનો એક દોઢ વર્ષનો કોમળ પુત્ર રમતો રમતો સળગતી આગમાં પડી ગયો. હવે સુલક્ષણા ગભરાઇ કે શું કરવું? "જો પુત્રને બચાવવા સારૂ પતિને ખોળામાંથી ઉઠાડું છું, તો પતિની ઊંઘ ઊડી જવાથી તેમને કષ્ટ થશે અને જો નથી ઉઠાડતી તો વહાલો પુત્ર સળગીને મરી જશે!" એવા સંકટના સમયમાં તેણે હાથ જોડીને પરમેશ્વરની પ્રાર્થના કરી કે, "હે દીનાનાથ! જગતરક્ષક સર્વાન્તર્યામી દીનદયાળુ! જો મેં આજ દિન સુધી મારા પતિ સિવાય બીજા કોઇ પુરુષની સ્વપ્નમાં પણ ઇચ્છા ન કરી હોય, જો મારા હૃદયમાં પ્રાણપતિ સિવાય બીજા કોઈને પણ સ્થાન ન મળ્યું હોય અને જો હું સાચી પતિવ્રતા હોઉં તો આ પ્રચંડ અગ્નિને પણ ચંદનના જેવો શીતળ કરી દેજો."

એમ કહેવાય છે કે સુલક્ષણાના મોંમાંથી આ શબ્દો નીક-

ળતાંવારજ ઈશ્વરની કૃપાથી અગ્નિ એકદમ શાંત થઈ ગયો અને તેનો પુત્ર હસતોરમતો માતાના ખોળામાં આવીને બેઠો. ભોજરાજા આ વખતે નગરચર્ચા જોવા નીકળ્યો હતો. તે કમાડનાં છિદ્રમાંથી આ બધું દૃશ્ય જોઇ રહ્યો હતો. આજનો દેખાવ જોઇને એ ઘણોજ આશ્ચર્ય પામ્યો અને સુલક્ષણાના સતીત્વની પ્રશંસા કરતો કરતો મહેલ તરફ ગયો! ધન્ય છે એવી પતિવ્રતાઓને! એમના સતીત્વના પ્રભાવથીજ ભારતવર્ષ હજુ પણ ટકી શક્યું છે.

૧૧૦–મારુલા

એ સંસ્કૃત ભાષામાં કવિતા લખતી. એનો જીવનપરિચય પણ નથી મળતો; પરંતુ એનું નામ સંસ્કૃત ભાષાના અભ્યાસીઓમાં વધારે જાણીતું હોય એમ લાગે છે. શીલા ભટ્ટારિકા, વિજયિકા અને મોરિકાની સાથે એનું નામ ધનદેવના એક શ્લોકમાં ગવાયું છે. સુભાષિતાવલિમાં વિરહિણીના પ્રલાપના અર્થે મારુલાનો એક શ્લોક લેવામાં આવ્યો છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ–" 'હે સ્ત્રી! તું દૂબળી શાથી થઈ છે? મૂળે તો તારૂં શરીરજ એવું છે. ધુમાડા જેવી મેલી તું શાથી થઇ છે?' 'સાસરે રાંધવાથી.' 'અમને શું તું કદી કદી સંભારે છે?' 'નહિ નહિ.' એમ બોલતાની સાથેજ તે બાળાને સ્મરોત્કમ્પ થયો અને મારી છાતી ઉપર પડતું મૂકીને તે ધ્રુસકે ધ્રુસકે રોઇ."

એજ સંગ્રહની શૃંગાર પદ્ધતિમાં જે શ્લોક સ્થાન પામ્યો છે તેનો સારાંશ આ પ્રમાણે છેઃ–" 'હું જાઉં છું' એવું કહેવા જોગ નિશ્ચય ભલે હૃદયમાં બંધાય, પરંતુ પ્રાણસમાન પ્રિયા સમક્ષ નિર્દયતાથી એવાં વચન બોલવાને કેવી રીતે શક્તિમાન થવાય? તેમ છતાં ધારો કે, 'હું જાઉં છું' એ વચન ઉચ્ચાર્યું, પરંતુ તેનું અસ્ખલિત અતિશય આંસુઓથી ભરપૂર મુખ જોઇને, 'અહો! મારા જેવાની કિંચિત્ ધન મેળવવા પરદેશ જવાની સ્પૃહા ચાલી જાય છે, અર્થાત્ મને એ કારણે ઇચ્છા થતીજ નથી.'"

જલ્હણની સુભાષિત મુક્તાવલિમાં એક શ્લોક મારુલાનો છે.

૧૧૧–કલાવતી

એ કવિ કાલિદાસની કન્યા હતી. પિતાની પેઠે સુશિક્ષિત અને ઘણી ચતુર હતી. એની બુદ્ધિ ઘણી તીવ્ર હતી. પિતાને સાહિત્યચર્ચામાં એ ઘણી વાર મદદરૂપ થઇ પડતી.

એક સમયે ભોજરાજા નદી કિનારે ગયો હતો. ત્યાં એક સુંદર યુવતીને નદીના પૂરમાં તણાઇ આવતી જોઇ. રાજાએ નદીમાં પડીને તેને કિનારે ખેંચી આણી. તેની મનોહર કાંતિ જોઇને એ મોહિત થઇ ગયો અને તેની સાથે વિષયભોગ કર્યો. કામનો કેફ ઊતરી ગયા પછી જોયું તો એ મરી ગયેલીજ જણાઇ. શબની સાથે પોતે ક્રીડા કરી તેથી રાજાને ઘણોજ પશ્ચાત્તાપ થયો. નોકરોને આજ્ઞા આપી, એક રાણીને છાજે એવી રીતે તેનો અંત્યેષ્ટિસંસ્કાર કરાવ્યો.

રાજમહેલમાં જઇ ને ભોજરાજાએ કવિ કાલિદાસને પૂછ્યું:

" **मनोहीना विषयादितातः कामस्य सत्यं जनकः कवे कः ।**

" હે કવિરાજ! કામદેવને જન્મ આપનાર તો રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ વિષયો છે; અર્થાત્ એને ઘણા જનક છે, પણ એમાં ખરો જનક કોણ ?"

રાજાનો આ પ્રશ્ન સાંભળી કાલિદાસ વિચારમાં પડ્યો, પણ કાંઇ ઉત્તર સૂઝ્યો નહિ. આથી તેણે આઠ દિવસની મુદત માગી. આઠમે દિવસે કાંઇ પણ ખુલાસો નહિ સૂઝવાથી એ ઘણા ઊંડા વિચારમાં પડ્યો હતો. એવામાં એની પુત્રી કલાવતી ત્યાં આવી અને પિતાના શોકનું કારણ પૂછવા લાગી.

કાલિદાસે કહ્યું: " અનેક ગ્રંથો ફેંદી નાખ્યા પણ જેનો ખુલાસો મળતો નથી એવા પ્રશ્નનો ઉત્તર તું શો આપવાની છે ?"

કલાવતીએ કહ્યું: " કેટલીક વખત મહાન વિદ્વાનો જેમાં

ગોથાં ખાય છે તેમાં સાધારણ બુદ્ધિના મનુષ્યને માર્ગ જડી આવે છે, માટે આપ આપની શંકા મને જણાવો."

કાલિદાસે રાજાનો પ્રશ્ન જણાવ્યો. કલાવતીએ ત્રીજે દિવસે સવારે એ પ્રશ્નનો ઉત્તર આપવાનું જણાવ્યું.

કળાવતીનું લગ્ન એજ નગરમાં એક પંડિત સાથે થયું હતું. માતાનું મૃત્યુ થયેલું હોવાથી એ સવારસાંજ પિતાને ઘેર જઇ એને જમાડી સાંજ પડતાં પહેલાં પોતાને સાસરે જઈ પતિસેવામાં નિમગ્ન થતી હતી. એ દિવસે એણે સાસરે જવાનું માંડી વાળ્યું અને કામને ઉત્તેજિત કરે એવા તામસી ભોજન તૈયાર કર્યાં તથા પોતે પણ સોળે શણગાર સજીને પિતાને જમાડવા બેઠી. ત્યાર પછી કાલિદાસના પલંગ આગળ જઇ તેની સાથે ચોસર રમવા બેઠી અને હાવભાવ તથા કામકટાક્ષથી કાલિદાસના મનમાં વિકાર ઉત્પન્ન કરાવ્યો. મહાન કવિ પોતાનું ભાન ભૂલી ગયો અને વિષયાંધ બનીને તેણે દીવો હોલવી નાખ્યો. કલાવતી પતિવ્રતા હતી. તેણે પહેલેથીજ આ માટે એક દાસીને પડદામાં બેસાડી રાખી હતી અને કહી મૂક્યું હતું કે, "હું ઇશારો કરૂં એટલે તરતજ તારે મારી જગ્યાએ ગોઠવાઇ જવું." કાલિદાસે દીવો હોલવી નાખ્યો એટલે દાસી આવીને કલાવતીની જગ્યાએ ગોઠવાઇ ગઇ. કામાંધ કાલિદાસે તેને પકડીને વિષયભોગ કર્યો. કામ શાંત થયા પછી તેને અસહ્ય પશ્ચાત્તાપ થવા લાગ્યો કે, "હાય ! મેં આજે આ કેવું ઘોર પાપ કર્યું છે? આજ મારૂં જ્ઞાન ક્યાં બળી ગયું ? મેં ઘણી વાર વાંચ્યું હતું કે પુત્રી સાથે પણ પિતાએ એકાંતમાં ન રહેવું છતાં આજ મારી બુદ્ધિ ક્યાં બહેર મારી ગઇ ?" આ પ્રમાણે કાલિદાસ શોક કરી રહ્યો હતો એટલામાં કલાવતી હાથમાં દીપક લઇને નીચેથી આવી અને કાલિદાસના પલંગમાં પડેલી સ્ત્રી એકદમ શરમાઇને નીચે ચાલી ગઇ. તેથી કાલિદાસ ઘણું આશ્ચર્ય પામ્યો અને પુત્રીના ચાતુર્યની પ્રશંસા કરવા લાગ્યો કે, "હે વિદુષી પુત્રી ! આજ તેં મારી લાજ રાખી છે. બાકી મારી વિદ્યા તો આજે વંઠી ગઈ હતી."

કલાવતીએ કહ્યું : "પિતાજી ! આપ કાંઇ પણ ખેદ ન કરશો. આપના પ્રશ્નનો ઉત્તર આપવા સારૂજ મેં આ યુક્તિ રચી હતી.

કામદેવનો ખરો પિતા એકાંતજ છે. કામોદ્દીપન કરનાર બધી સામગ્રી હોય પણ એકાંત ન હોય તો બધાં સાધનો નિષ્ફળ જાય છે. કાલિદાસે બીજે દિવસે રાજસભામાં જઇને ઉત્તર આપ્યો કે,

"एकान्तमेवैकमवेहि राजन् सर्वेऽपि तेनैव विना व्यलीकाः ।

"હે રાજન ! ખરૂં જોતાં એકાંતજ કામદેવનો સાચો પિતા છે; કેમકે એના બીજા પિતાઓ એકાંત વગર નિષ્ફળ છે."

આ પ્રસંગ કલાવતીની બુદ્ધિમત્તાનો પરિચય આપવાને માટે પૂરતો છે.

૧૧૨–વિકટ નિતંબા

આ સન્નારી એક પરમ વિદુષી હતી. કવિતા સારી લખતી. રાજશેખરે સૂક્તિ મુક્તાવલિ ગ્રંથમાં એની પ્રશંસા કરતાં કહ્યું છેઃ "વિકટ નિતંબાની વાણીથી રંજિત થયેલા કયા પુરુષો પોતાની કાન્તાઓનાં મુગ્ધાથી મધુર લાગતાં વચનો નિંદતા નથી ?"

સુભાગ્યે જે વાણી ઉપર રાજશેખર આટલો બધો કુરબાન થયો હતો તે છ શ્લોક જળવાઇ રહ્યા છે.

એક અન્યોક્તિના શ્લોકમાં એ કહે છે કે, "હે ભમરા! તારો ઉપમર્દ સહન કરી શકે એવી બીજી ફૂલવાળી લતાઓમાં તારા લોલ મનને આનંદ પમાડ; પણ આ નવમાલિકાની મુગ્ધાનના રજ વિનાની નાની કળીને અકાળે શા માટે પીડે છે ?"

બીજા એક શ્લોકમાં એ કહે છેઃ–

"હે દેવહુતિકા ! બારણામાં મોટો કરેલો આંબો શા કામનો ? એ પાપી સહકાર તો ઝેરનું ઝાડ છે; કેમકે એના થોડા પણ વિકાસથી મદનજ્વરનો ઘોર સન્નિપાત થાય છે."

ગોવિંદ સ્વામી સભ્યાલંકારમાં વિકટ નિતંબાના શ્લોક છે.



૧૧૩-યશોદાકુમારી

એ ધારાનગરીના નિવાસી એક વૃદ્ધ બ્રાહ્મણની કન્યા હતી. ભોજરાજા એ સમયે ધારા નગરીમાં રાજ્ય કરતો હતો. યશોદાને પિતા તરફથી ઘણું સારૂં શિક્ષણ મળ્યું હતું. સંસ્કૃત ભાષામાં તે સારી કવિતા પણ રચી જાણતી.

એક વખતે ભોજરાજા લશ્કરની કવાયત જોવા સારૂ ગયો હતો તે વખતે યશોદાએ તેને એક શ્લોક સંભળાવ્યો કે, " હે રાજેન્દ્ર ! તમારો પ્રતાપરૂપી સૂર્ય છત્ર વગરનાઓનો ત્યાગ કરીને છત્રવાળા શત્રુઓના સમૂહને તપાવે છે, એ આશ્ચર્ય છે. વળી હે રાજન્ ! તમારા પ્રતાપરૂપી અગ્નિથી સાતે સમુદ્ર સુકાઈ ગયા હતા, પણ તમારા વૈરીઓની વનિતાઓનાં આંસુના પ્રવાહોથી એ પાછા ભરપૂર થયા છે." આ શ્લોકો સાંભળીને રાજા ઘણો પ્રસન્ન થયો. રાજાએ લોકોની મેદનીમાંથી તેને આગળ બોલાવી અને આસન ઉપરથી ઊતરીને તેનું સન્માન કર્યું અને પોતાની આટલી બધી સ્તુતિ કરવાનું કારણ પૂછ્યું. તેણે ઉત્તર આપ્યો: " રાજન્ ! મેં આપની જે પ્રશંસા કરી છે તે અનુચિત નથી. આપનો ઉજ્જવળ યશ જગતમાં સર્વત્ર આનંદદાયી નીવડ્યો છે. આપનું સૈન્ય જોઈને મને ઘણો આનંદ થાય છે. મહારાજ ! સર્વત્ર આપનો વિજય થજો." આ સાંભળી ભોજરાજે દરેક શબ્દદીઠ લાખ લાખ રૂપિયાનું ઇનામ યશોદાને આપ્યું તથા એની સ્તુતિના ઉત્તરમાં જણાવ્યું કે, " બહેન ! યુદ્ધની સામગ્રીઓને તૈયાર રાખવી એ ક્ષત્રિયોનો ધર્મ છે, કેમકે આફતને વખતે એ એકદમ કામ આવે છે. રોગ તથા શત્રુને ઊગતાંજ છેદવા જોઈએ. રાજાએ એમાં બેદરકાર ન રહેવું જોઈએ."

યશોદાએ વિદાય થતી વખતે રાજાને આશીર્વાદ આપ્યો કે, " આપ વિદ્વાન્ અને સરસ્વતીના ઉપાસકોના આશ્રયદાતા છો. આપની વિદ્યાભિરુચિ અને જ્ઞાન અખંડ રહો."

११४–फल्गुहस्तिनी

આ વિદુષી સ્ત્રીનું નામ સંસ્કૃત સાહિત્યમાં ઘણું જાણીતું નથી. એનું કારણ એ છે કે એની રચેલી કવિતા ઝાઝી મળી આવતી નથી. સુભાષિતાવલિમાં એને નામે બે પદ ઉતારવામાં આવ્યાં છે; જેમાંનું એક ભર્તૃહરિના નીતિશતકમાં પણ મળી આવે છે. એટલા માટે એ પદ્ય (सृजति तावदशेषगुणाकरं) કોનું રચેલું છે તે ચોક્કસપણે કહી શકાતું નથી. બીજું પદ શારંગધર પદ્ધતિમાં પણ મળી આવે છે.

त्रिनयनजटावल्लीपुष्पं मनोभवकार्मुकं
ग्रहकिसलयं सन्ध्यानारीनितम्बनखक्षतम् ।
तिमिरभिदुरं व्योम्नः शृंगं निशावदनस्मितं
प्रतिपदि नवस्येन्दोर्बिम्बं सुखोदयमस्तु वः ॥

ચંદ્ર ત્રણ નેત્રવાળા શિવની જટારૂપી લતાનું ફૂલ છે, કામદેવનું વાંકું ધનુષ્ય છે, ગ્રહોનો નવી કળી સમાન છે, સંધ્યારૂપી નારીના નિતમ્બ ઉપર લાલ નખક્ષત જેવો છે (ઉદય પામતી વખતે ચન્દ્રમામાં કાંઈક લાલાશ હોય છે અને નખક્ષત પણ લાલ હોય છે), અંધકારનો નાશ કરનારા આકાશના શિખર સમાન છે, રાત્રીરૂપી નાયિકાના વદન ઉપર કોમળ સ્મિત સમાન છે; એવો મનોરમ પડવાના ચંદ્રનો ઉદય તમારે માટે સુખરૂપ હો.

આ પદ્યમાં રૂપકની છટા કેટલી સરસ છે!

વિધિના સર્જનમાં દૈવનું પ્રાબલ્ય જોઈને ફલ્ગુહસ્તિની કહે છે કે, "પ્રથમ બ્રહ્મા સર્વ ગુણની ખાણરૂપ અને પૃથ્વીના અલંકારરૂપ પુરુષરત્નને ઘડે છે અને તેજ સમયે તેને ઘડીમાં નાશ પામે એવો કરે છે, તો અહહ! વિધિની એ કેવી મૂર્ખતા!"

ઉપર કહ્યું તેમ આ શ્લોકને માટે ભર્તૃહરિ અને ફલ્ગુહસ્તિની બે દાવાદાર છે, છતાં પ્રથમ શ્લોક ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાઈ આવે છે કે એનામાં ઊંચા પ્રકારની પ્રતિભા હોવી જોઈએ.



११५-मोरिका

મોરિકાના નામથી સુભાષિતાવલિ અને શારંગધર પદ્ધતિ બંને સંગ્રહોમાં ચાર કવિતા મળી આવે છે. તે ઉપરાંત એનાં કાવ્યોનો પત્તો નથી મળતો, તેમજ તેના જીવનનો કાંઈ વૃત્તાંત પણ જાણ્યામાં નથી આવ્યો. શારંગધરના ગ્રંથમાં કવિ ધનદેવનું એક કાવ્ય ટાંકવામાં આવ્યું છે. એમાં સ્ત્રી કવિઓની ગણતરી કરતાં મોરિકાનું પણ નામ આવ્યું છે.

शिलाविज्जामारुलामोरिकाद्याः काव्यं कर्तुं सन्ति विज्ञाः स्त्रियोऽपि। विद्यां वेत्तुं वादिनो निर्विजेतुं विश्वं वक्तुं यः प्रवीणः स वन्द्यः ॥

એ ઉપરથી જણાય છે કે મોરિકા કાવ્ય રચવામાં ઘણી કુશળ હોવી જોઇએ. એની કાવ્યરચનામાં શૃંગાર રસ છલોછલ ભરેલો છે. એની કવિતા સાધારણ અને સારી છે. એકાદ નમૂનો જોઇએઃ—

यामीत्यध्यवसाय एव हृदये बध्नातु नामास्पदं
वक्तुं प्राणसमासमक्षमघृणेनेत्थं कथं सार्यते ।
उक्तं नाम तथापि निर्भरगलद्बाष्पं प्रियाया मुखं
दृष्ट्वाऽपि प्रवदन्त्यहो धनलवप्राप्तिस्पृहा मादृशाः ॥

કોઇ પરદેશી કહી રહ્યો છે કે, પહેલાં તો ‘જાઉં છું’ એવું આગ્રહપૂર્વક કહેવાનુંજ હૃદયમાં ગમે તેમ કરીને નક્કી કરૂં છું, પણ મારી પ્રાણસમાન પ્રિયા સમક્ષ જતાં એવાં વચન કેવી રીતે નીકળી શકે? જો કહી દઉં છું તો પ્રિયાની આંખોમાંથી વિયોગને લીધે આંસુઓની ધારા વહેવા લાગે છે, પરંતુ કરૂં શું? એને પણ જોઇને મારા જેવા નિર્ધન મનુષ્ય ધન કમાવાની લાલચથી પરદેશમાં જાય છે; નહિ તો પ્રિયાને દુઃખસાગરમાં છોડીને જવું એ કદી ન્યાયપૂર્વક વર્તન નથી.×

× આ શ્લોકને પંડિત બલદેવ ઉપાધ્યાય, એમ. એ., મોરિકાનો ગણે છે સ્વર્ગસ્થ સાક્ષરબંધુ રણજિતરામ વાવાભાઇ મહેતાએ એમના સંસ્કૃત કવયિત્રીઓના લેખમાં એ લેખને મારુલાનો ગણાવ્યો છે.

એનો બીજો પ્રસિદ્ધ શ્લોક આ મુજબ છેઃ-

लिखति न गणयति रेखा निर्भरबाष्पाम्बुधौतगण्डतला।
अवधिरिव सावसानं माभूदिति शंकिता बाला ॥

પતિ પરદેશથી થોડાકજ દિવસોને માટે ઘેર આવ્યો છે. બાલા નાયિકાની આંખોમાંથી આંસુની ધારા વહી રહી છે, જેથી તેના ગાલ તદ્દન ધોવાઇ ગયા છે. એ અવધિના દિનોની લીટીઓ દરરોજ ખેંચતી તો જાય છે, પણ ગણતી નથી. મનમાં ડર છે કે રખેને દહાડા પૂરા થઇ જાય અને પ્રિય પતિના જવાનું અસહ્ય દુઃખ હમણાંજ ઉપસ્થિત થાય. આ પદ્યમાં નાયિકાના કોમળ હૃદયનો પરિચય સારી રીતે આપવામાં આવ્યો છે. ત્રીજો શ્લોક આ પ્રમાણે છેઃ-

प्रियतमस्त्वमिमामनघार्हसि प्रियतमा च भवन्तमिहार्हति ।
नहि विभाति निशारहितः शशी न च विभाति निशापि विनेन्दुना ॥

દૂતી નાયકને સમજાવી રહી છે કે, "હે પ્રિય! આ નાયિકાને યોગ્ય છે અને એ પણ તારેજ યોગ્ય છે. જુઓ, રાત્રિ વગર ચંદ્રમાની શોભા નથી હોતી અને રાત પણ ચંદ્રમા વગર શોભતી નથી."

નાયક પરદેશમાં જવાને તૈયાર છે. એની ખબર મળતાંજ નાયિકાની કેવી કરુણાજનક દશા થઇ જાય છે! દૂતી નાયિકાની એ વિયોગદશાની ખબર આપી રહી છેઃ-

मा गच्छ प्रमदाप्रिय प्रियशतैर्भूयस्त्वमुक्तो मया
बाला प्राङ्गणभूगतेन भवता प्राप्नोति निष्ठां पराम् ।
किंचान्यत् कुचभारपीडनसहैर्यत्नप्रबद्धैरपि
त्रुट्यत्कंचुकजालकैरनुदिनं निःसूत्रमस्मद्गृहम् ॥

"હે પ્રમદાપ્રિય! પરદેશ ન જાઓ. સેંકડો વાર હું તમને આજીજી કરી ચૂકી છું. (તમારી પ્રિયતમા તમારે માટે બહુજ પ્રેમ ધારણ કરે છે. હું એની વિષમ દશાનું કેવી રીતે વર્ણન કરૂં?) તમે આંગણામાં પગ મૂકો છો, ત્યારે એ બાળા શ્રેષ્ઠ નિષ્ઠાને પામે છે અને એનાં સ્તનો બહુ મજબૂતીથી બાંધવા જતાં એના ભારને લીધે કંચુકીની કસો હમેશાં તૂટી જાય છે. એથી અમારા ઘરમાં દોરો ખૂટી ગયો છે."

११६-विज्जका

સંસ્કૃત સાહિત્યમાં પ્રતિભાશાળી સ્ત્રીકવિઓમાં વિજ્જકાનું નામ ઘણું પ્રસિદ્ધ છે. એની રસભરી કવિતાનો સ્વાદ ચાખ્યાથી સહૃદય વાચકોના હૃદયમાં આનંદની લહરીઓ નાચવા લાગે છે. વાસ્તવમાં એનાં એ મીઠાં પદો ઉપરથી એની ઉજ્જવલ પ્રતિભાનો પરિચય મળી આવે છે. દિલગીરીની વાત એટલી છે કે એનાં બધાં કાવ્યો મળી આવતાં નથી. સંસ્કૃત કાવ્યોના સંગ્રહરૂપ જે ગ્રંથોમાં એની કેટલીક કવિતાઓ સચવાઈ રહી છે, એ પ્રતિભાસંપન્ન સ્ત્રીકવિના જીવનની ઘટનાઓ પણ અભેદ્ય અંધકારના પડદામાં છુપાઈ રહી છે.

એનું નામ અનેક પ્રકારે સંસ્કૃત સાહિત્યમાં મળી આવે છે. વિજ્જકા, વિજ્જાકા, વિદ્યા વગેરે; પણ એ બધાં વિજ્જકાનાં રૂપાંતર હોય એમ લાગે છે. વિજ્જકા પરમ વિદુષી હતી અને સંસ્કૃત ભાષામાં સારી કવિતા લખી શકતી. સાધારણ રીતે કવિઓમાં અહંકારની માત્રા અધિક હોય છે. પોતાની શક્તિ બીજા કરતાં વધારે સારી છે એવો એમને ફાંકો હોય છે. વિજ્જકા પણ એ દોષથી ખાલી નહોતી. શારંગધર પદ્ધતિમાં ટાંકેલા એક પદ્યમાં વિજ્જકાએ મહાકવિ દણ્ડીની ઝાટકણી કાઢી છે. એ પ્રસિદ્ધ પદ્ય નીચે પ્રમાણે છેઃ-

नीलोत्पलदलश्यामां विज्जकां मामजानता ।
वृथैव दण्डिना प्रोक्तं "सर्वशुक्ला सरस्वती" ॥

પદ્યનું ચોથું ચરણ કાવ્યાદર્શના મંગલાચરણશ્લોકનું પાદ છે. વિજ્જકા કહે છે કે, "ભૂરા કમળના પાંદડાના જેવા શ્યામ રંગવાળી મને જોયા વગરજ દણ્ડીએ નકામી સરસ્વતીને સર્વશુક્લા કહી છે." આ અભિમાનના વચન ઉપરથી એના અસાધારણ પાંડિત્યની ખબર પડે છે અને તે સાથે એક ઐતિહાસિક વાત એ પણ જણાય છે કે વિજ્જકાનો જન્મ દણ્ડીની પછી થયેલો હોવો જોઈએ.

કેટલા સમય પછી તે ચોક્કસપણે કહી શકાતું નથી.

વિજ્જકાનાં કેટલાંક પદ્યોને અલંકારશાસ્ત્રનાં સંસ્કૃત ગ્રંથોમાં દાખલારૂપે ટાંકવામાં આવ્યાં છે. મમ્મટાચાર્યે પોતાના **શબ્દ-વ્યાપાર વિચાર**માં એના બે શ્લોક ઉતાર્યા છે. કાવ્યપ્રકાશના ચોથા ઉલ્લાસમાં પણ એનું એક પદ્ય ઉદાહરણરૂપે આપવામાં આવ્યું છે. જે જે ગ્રંથોમાં એનાં પદ્ય ઉદાહરણરૂપે આપવામાં આવ્યાં છે, તે ગ્રંથકારોના સમય ઉપરથી અનુમાન કરાય છે કે વિજ્જકાનો આવિર્ભાવ આશરે ઇ૦સ૦ ૭૧૦ અને ૮૫૦ની વચમાં થયેલો હોવો જોઇએ. વિજ્જકાનો જન્મ કદાચ દક્ષિણ દેશમાં થયો હોય એમ પણ અનુમાન થાય છે.

એની ઘણી ખરી કવિતામાં શૃંગાર રસ મુખ્ય છે. ભાવ બંધબેસ્તો રાખવામાં આવે છે. સ્વાભાવોક્તિ ઘણી હોય છે.

એનાં કાવ્યનો રસ પણ જરા ચાખી લો:—

कवेरभिप्रायमशब्दगोचरं स्फुरन्तमार्द्रेषु पदेषु केवलम् ।
वदद्भिरङ्गैः कृतरोमविक्रियैर्जनस्य तूष्णीं भवतोऽयमंजलिः ॥

સારાંશ કે:—

"શબ્દોમાં ગોચર ન થાય એવું કવિના કાવ્યનું રહસ્ય કેવળ મૃદુ પદમાંજ સ્ફુરેલું હોય છે, માટે કવિના ગૂઢ અભિપ્રાયને જાણીને જે કોઇ રસિક શબ્દોદ્વારા કાવ્યાનંદની સૂચના નથી આપતો, પરંતુ ચૂપચાપ બેસી રહેવા છતાં પણ જેના રોમાંચિત અવયવ એના હૃદયમાં મચી રહેલી આનંદલહરીને સાફ શબ્દોમાં સૂચવે છે તેજ ખરો રસિક છે અને એવા રસિક શિરોમણિને હું પ્રણામ કરૂં છું."

બીજા એક શ્લોકમાં કહે છે કે, "હે ચંપાના છોડ! તને કોણે આ વાડીમાં રોપ્યો છે? જાણતો નથી કે એની આસપાસ દુષ્ટ જનોની વસ્તી છે, કે ઊગેલા નવા શાકમાં વધારો કરવાના લોભ ખાતર ગાયે ભાંગેલી વાડ સમી કરવાને લાયક તારાં પલ્લવને એ લોકો ગણે છે."

ડાંગર છડવાનું વિજ્જકાએ સુંદર અને સ્વાભાવિક વર્ણન કર્યું છે. સ્ત્રીઓ ચીકણા તથા સુંદર સાંબેલાથી ડાંગર છડી રહી છે. એ કાર્યમાં એમના ચંચળ હાથ ચાલવાથી ચૂડીઓ પરસ્પર અથ-

ડાય છે, જેથી ઘણોજ રમણીય અવાજ ઉત્પન્ન થાય છે. તેઓ વચમાં મનોહર ' હું કાર ' કરી રહી છે. એમનું ઉરસ્થળ ઘણુંજ કંપી રહ્યું છે. તાલસ્વરથી યુક્ત એ ડાંગર છડનારીઓનાં ગીત કેવાં મનોહર લાગે છે !

વિરહિણીનું વર્ણન એ નીચેના શબ્દોમાં કરે છે. એ પોતાની પ્રિય સખીને કહે છે: " હે સખિ ! પ્રેમનું બંધન ઢીલું પડી ગયું, હૃદયનું બહુ માન પણ ગળી ગયું, સારો ભાવ પણ હૃદયમાંથી ખસી ગયો અને સાધારણ માણસની પેઠે પ્રાણપ્યારા પણ ચાલ્યા; ચાલ્યા ગયા એટલુંજ નહિ પણ આટલા દિવસ પણ વહી ગયા, તો હવે વહાલી બહેન ! કયા સુખની આશામાં આ હૃદયના ટુકડે-ટુકડા નથી થઇ જતા ! એજ હું વિચારી રહી છું; અર્થાત્ એવી દશામાં મરણજ શ્રેષ્ઠ છે.

વિપત્તિમાં પડેલી એક નાયિકા પોતાની સખીને નીચેના શબ્દોમાં કહે છે: " પ્રિય સખિ ! ચતુર કુંભારની પેઠે બ્રહ્મા ચિંતા-રૂપી ચાક ઉપર માટીના ગોળાની પેઠે મારા મનને પરાણે મૂકીને વિપત્તિના દંડાની અણીથી મને જોરથી ફેરવી રહ્યા છે. જેવી રીતે કુંભાર માટીના લોંદાને ચાક ઉપર ખૂબ ફેરવે છે અને પછી જેવો ઘાટ બનાવવો હોય તેવો બનાવે છે, તેવીજ રીતે બ્રહ્મા પણ ચિંતાના ચાક ઉપર મારા મનને ફેરવી રહ્યા છે. કોણ જાણે હવે શું બનાવશે? " વિપત્તિમાં ચિંતાગ્રસ્ત અબળાનું કેવું સુંદર ચિત્ર છે !

તળાવની દુર્દશા દેખીને એનું હૃદય દ્રવે છે અને એ સુ-કુમારી લખે છે: " મદોન્મત્ત દિગ્ગજ, હાથીઓના મદથી ક્લિષ્ટ ગંડસ્થળો ધોવાયાથી ક્ષુબ્ધ થયેલા જેના નિર્મળ તરંગો વગર-રોકાયે આકાશની સીમામાં વિચરણ કરતા હતા, એજ તળાવનું જળ વખત બદલાતાં આજે એક બગલાના ચાલ્યાથી પણ બગડી જાય છે. ઘણા દુ:ખની વાત છે. ભાગ્યના પરિવર્તનથી તળાવની આ દશા થઇ છે. "

આવા અનેક ઉચ્ચ ભાવ અને કલ્પનાવાળા શ્લોકો વિજ્જ-કાના રચેલા છે. કેટલાક વિદ્વાનોનું અનુમાન છે કે ' વિજ્જકા ' અને કર્ણાકી ' વિજયા, ' જેણે વૈદર્ભી પદ્ધતિ પ્રમાણે શ્લોક રચ્યા છે અને જેને કાલિદાસ સાથે સરખાવીને રાજશેખર કવિએ ખૂબ વખાણી છે, તે બન્ને એકજ વ્યક્તિ છે; કૂલકેશી બીજાના મોઢા

રાજકુમાર ચંદ્રાદિત્યની મહારાણી ' વિજય ભટ્ટારિકા અને આ વિજ્જકાને એક માનીને એનો સમય ઇ. સ. ૬૬૦ નો માનવામાં આવ્યો છે; કેમકે વિજય ભટ્ટારિકાના લેખ એજ સમયના મળી આવે છે. કેટલાક વિદ્વાનો એથી ઉલટો વિચાર ધરાવીને બન્નેને જુદી વ્યક્તિઓ માને છે. ગમે તે હો! વિજ્જકા એક ઉચ્ચ પ્રકારની કાવ્યશક્તિ ધરાવનારી મહિલા હતી એ નિર્વિવાદ છે.*

૧૧૭–શીલા ભટ્ટારિકા

ધનદેવના સુભાષિતમાં એનું નામ જોવામાં આવે છે. ભોજદેવના દરબારને શોભાવતી કવિમંડળીમાં એ હતી એવી દંતકથા પ્રચલિત છે. એક શ્લોકનો પૂર્વાર્ધ ભોજરાજે રચેલો અને ઉત્તરાર્ધ શીલાએ રચેલો મનાય છે. એ શ્લોકને ભર્તૃહરિ શતકમાં પણ સ્થાન મળ્યું છે એટલે વાસ્તવિક હકીકત કળવાનું કામ સહેલું નથી.

શીલા પરમવિદુષી અને સંસ્કારી કવયિત્રી હતી. રાજશેખર કવિએ એની ઘણી પ્રશંસા કરી છે. એ લખે છે કે, " શબ્દ અને અર્થને એકસરખી રીતે ગૂંથ્યાં હોય એને પાંચાલિ રીતિ કહે છે– જો તે શીલાભટ્ટારિકાની વાણીમાં કે બાણની ઉક્તિમાં હોય તો."

આવી પ્રસિદ્ધ અને વખણાયેલી નારીની કવિતાનો પરિચય નીચેના શ્લોકમાંથી મળે છે. " હે દૂતિ! તું જુવાન છે અને તે યુવક ચપળ છે, દિશાઓ અંધકારથી કાળી છે, સંદેશો રહસ્યવાળો છે, વળી સંકેતસ્થાન જંગલમાં છે; માટે ફરી ફરીને કહું છું કે આ વસંત પવન મનને બીજી બાજુ લઇ જાય તો, હે નિપુણ દૂતિ! તું ક્ષેમ સમાગમને માટે જા. દેવતાઓ તારૂં રક્ષણ કરો."

બીજા શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે. "પ્રિયાના વિરહથી દુ:ખી એવા મારા હૃદયમાં આજે ચિંતાને સ્થાન મળ્યું છે, એમ સમજીને નિદ્રા મને છોડીને ચાલી ગઇ છે. ખરૂં જ છે કે કૃતઘ્નની ઉપાસના કોણ કરે ? "

* આ તથા મેરિકા અને ફલ્ગુહસ્તિનીનાં ચરિત્રો સ્વ૦ સાક્ષર રણજિતરામ વાવાભાઇ મહેતા અને પં. બલદેવ ઉપાધ્યાયના કવયિત્રી સંબંધી લેખ ઉપરથી લખવામાં આવ્યાં છે. —પ્રયોજક

११८–जसमा ओडण

વિક્રમની બારમી સદીમાં ગુજરાત દેશમાં સિદ્ધરાજ નામનો રાજા રાજ્ય કરતો હતો. અણહિલપુર પાટણમાં તેની રાજધાની હતી. સિદ્ધરાજ ઘણો પ્રતાપી અને વીર રાજા હતો. પ્રજાની ઉન્નતિ અને સુખને સારૂ એ સદા પ્રયત્નશીલ હતો. પોતાના પાટનગરમાં એક સારા જળાશયનો અભાવ જોઈને તેણે એક વિશાળ તળાવ બંધાવવા માંડ્યું હતું. એ તળાવ સહસ્રલિંગ તળાવના નામથી પ્રસિદ્ધ છે. આ તળાવનાં અવશેષ આજે પણ પાટણમાં દૃષ્ટિગોચર થાય છે. આ તળાવ ઘણુંજ વિશાળ અને ગોળાકૃતિ હશે, તથા તેની આસપાસ શિવાલયો બાંધ્યાં હશે એમ તેના ‘સહસ્રલિંગ’ નામ ઉપરથી અનુમાન થાય છે.

એ તળાવ ખોદવા માટે સિદ્ધરાજ જયસિંહે માળવા પ્રાંતના ઓડ જાતિના કુશળ અને મજબૂત મજૂરોને બોલાવ્યા હતા. એ કામ ઉપર ઓડ જાતિનાં અનેક સ્ત્રીપુરુષો લાગેલાં હતાં. તળાવનું કામ તપાસવા સારૂ સિદ્ધરાજ ઘણી વખત સાંજને સમયે એ તળાવ ઉપર જઈ બેસતો. એક દિવસ એ બેઠો બેઠો મજૂરોનું કામ તપાસી રહ્યો હતો એવામાં જસમા નામની એક ઓડણ ઉપર તેની દૃષ્ટિ પડી. ઓડ જાતિની એક સાધારણ મજૂરણ હોવા છતાં પણ જસમાનું સૌંદર્ય અપ્રતિમ હતું. એ ઘણી નાજુક અને ગૌર વર્ણની હતી. તેનું મુખ સુકોમળ અને નિર્મળ ચંદ્રમાના જેવું તેજસ્વી હતું. તેના કેશ લાંબા અને કાળા હતા, નેત્ર કમળના જેવાં હતાં, નાસિકા અણીદાર હતી; આખું અંગ ઘાટદાર હતું, તેનો હાવભાવ ચિત્તાકર્ષક હતો. આ બધાં કારણોને લીધે એ એક અપ્સરા સમાન જણાતી હતી અને આવું દૈવી સૌંદર્ય ઓડ જેવી જાતિમાં પરમાત્માએ શા સારૂ મૂક્યું હશે, એ સંબંધી ઘણાને આશ્ચર્ય લાગતું. ઓડ જાતિનો વંશપરંપરાનો ધંધો ખાણોમાંથી પથ્થરો

1-

ખોદવા તથા કૂવા, તળાવ વગેરે ખોદવાનો હતો. એવી જાતિમાં જન્મેલી જસમા ઓડણ કાંઇ ભણેલીગણેલી નહોતી, એ તો વગર કહ્યેજ સૌ કોઇ સમજી શકે એમ છે; પરંતુ એ ઘણીજ સુશીલ, વિવેકી અને સદાચારી સ્ત્રી હતી. સૌંદર્યનું અભિમાન તેના મનમાં કદી પણ ઉત્પન્ન થતું નહોતું. એ સદા થોડું બોલતી, પણ તેની વાણીમાં એટલી મીઠાશ હતી કે સાંભળનાર તેના ઉપર મુગ્ધ થયા વગર રહેતો નહિ.

રાજા સિદ્ધરાજની દૃષ્ટિ જે વખતે જસમા ઉપર પડી તે સમયે જસમા માટીનો ટોપલો લઇને જતી હતી. કામ કરવાથી જસમાના આખા શરીર ઉપર માટી ચોટી રહી હતી, છતાં પણ એ માટીના આવરણમાંથી પણ તેનું અસાધારણ સૌંદર્ય સ્પષ્ટ જણાઇ આવતું હતું. રાજાએ તેનું સુંદર મુખારવિંદ સ્પષ્ટ જોયું, તેના પ્રત્યેક અંગનો ઘાટ દેખ્યો, તેના આખા અંગની સુંદરતા અવલોકી; નખથી તે શિખા સુધી સિદ્ધરાજ એ ઓડણને જોતોજ રહ્યો. અનેક વાર તેણે તેના રૂપ અને યૌવનનું અવલોકન કર્યું, પણ તેની તૃપ્તિ થઇજ નહિ. જસમાની ઉંમર એ વખતે લગભગ અઢાર વર્ષની હતી. યૌવને પોતાનું સામ્રાજ્ય જસમા ઉપર પૂર્ણરૂપે જમાવ્યું હતું. તેને જોતાં વારજ સિદ્ધરાજ પોતાનું રાજપદ ભૂલી ગયો. સિદ્ધરાજે પોતાનું હૃદય એ ઓડણ સુંદરીને સમર્પણ કરી દીધું અને નાતજાતનો જરા પણ વિચાર કર્યા વગર એ સુંદરીથી પોતાના રાજભવનને વિભૂષિત કરવાનો તેણે વિચાર કર્યો. રાજાએ ઇશારો કરીને જસમાને પોતાની તરફ બોલાવી, પણ જસમા તો પૂરી પતિવ્રતા હતી. એ પરપુરુષને ભાઇ સમાન ગણતી હતી. રાજાના ઇશારા ઉપર જરા પણ લક્ષ આપ્યા વગર એ તો પોતાનું કામ કરતીજ રહી. રાજાની તરફ તેણે દૃષ્ટિપાત પણ ન કર્યો.

સિદ્ધરાજ તો એજ દિવસે મિથ્યા પ્રેમના સાગરમાં ઊંડો ડૂબી ગયો હતો. તેને ખાવાપીવાનું ભાન રહ્યું નહોતું. રાજકાજમાં તેનું ચિત્ત ચોટતું નહિ. ઉદાસ ચિત્તે એ મહેલમાં જઇને પલંગ ઉપર પડ્યો રહ્યો અને પડચે પડચે જસમાને પોતાના હાથમાં લેવાની યુક્તિઓ શોધવા લાગ્યો. વળી બીજે દિવસે એ પાછો તળાવ ઉપર ગયો અને એક મનુષ્યદ્વારા જસમાને કહેવરાવ્યું કે, “ તારો પતિ બે હજાર ઓડોનો પટેલ છે, તું પટેલની સ્ત્રી છે, તારે માથા ઉપર ટોપલો ઊંચકીને કામ ન કરવું જોઇએ. તું એવા

હલકા કામને યોગ્ય નથી. તું તો રાજાના મહેલમાં ચાલ, ત્યાં તારે માટે બધી સારી સોઇ અને સગવડ કરી આપવામાં આવશે."

જસમાએ કહ્યું કે, "તમારા રાજાજીને કહેજો કે, હું તો મજૂરણ છું. માટીના ટોપલા ઊંચકવા એ તો અમારો વંશપરંપરાનો ધંધો છે. એ કામ કરવામાં મને જરા પણ હીણુપત નથી. રાજાના મહેલમાં જવું મને પસંદ નથી. તેમને કહેજો કે મને માફ કરે. મને મારી હાલતમાં પૂરો સંતોષ છે."

આ ઉત્તરથી રાજાને સંતોષ ન થયો. એ વધારે વ્યાકુળ બનીને જાતે જસમા ઓડણની પાસે ગયો અને કહેવો લાગ્યોઃ "તું કોમળ સ્ત્રી છે. તારૂં શરીર આટલો બધો પરિશ્રમ વેઠવા યોગ્ય નથી. જો, તારા કોમળ હાથોની ગૌરતા ચાલી ગઇ છે. મહેનતને લીધે તારૂં ચંદ્રવદન લાલચોળ થઇ ગયું છે. તારા આખા અંગમાં પરસેવો છૂટી રહ્યો છે. તારી આવી દશા જોઇને મને ઘણી દયા આવે છે. તું મારા મહેલમાં ચાલ, હું તારે માટે જુદા મકાનનો તથા સ્વાદિષ્ટ ભોજન વગેરેનો બંદોબસ્ત કરી દઇશ."

જસમાએ ઉત્તર આપ્યોઃ "મહારાજ! હું આપના મહેલમાં રહેવા કરતાં અહીં જંગલમાં રહીને મારા ધણીની સેવા કરવી વધારે પસંદ કરૂં છું. મને એમના દર્શનથી જેટલું સુખ મળે છે તેટલું સુખ સ્વર્ગમાં પણ મળવાની મને આશા નથી."

રાજાએ ફરીથી કહ્યું: "જસમા! મારૂં કહ્યું માન! તને ઘણું સુખ મળશે. હું તને મારી રાણી બનાવીશ. તું આખા રાજ્યની અધીશ્વરી બની જઇશ. આખા શહેરમાં તારી આણ વર્તશે. હજારો દાસીઓ તારી સેવામાં રાતદિવસ હાજર રહેશે. તું ગાદી તકિયા ઉપર બેસીને અમનચેનમાં જીવન ગાળીશ. હમણાં તો તારે ટાઢતડકા અને વરસાદમાં ફરતાં ફરવું પડે છે, સૂકા રોટલા ખાવા પડે છે અને ભોંય ઉપર સૂઇ રહેવું પડે છે; પણ મારૂં કહ્યું માનીશ તો તને સ્વાદિષ્ટ ભોજન ખાવાને મળશે અને મશરૂ તથા મખમલની તળાઇઓમાં સૂવાનું મળશે."

રાજાએ તેને ઘણા પ્રકારની લાલચો બતાવી તથા મીઠી મીઠી વાતોથી તેને ફસાવવાનો ઘણોજ પ્રયત્ન કર્યો પણ જસમાના પવિત્ર હૃદય ઉપર તેના શબ્દોની જરા પણ અસર થઇ નહિ. સાક્ષાત્ મહાકાળીના જેવું ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને એ બોલીઃ

"બસ, બસ, મહારાજ! ઘણું થયું. હવે મને ક્ષમા કરો. હું આપની વાતો સાંભળીને મારા કાનોને અપવિત્ર કરવા નથી માગતી. તમને આવી ગેરવાજબી વાત કહેતાં શરમ નથી આવતી? રાજાનો ધર્મ એવોજ છે કે? હું પતિવ્રતા નારી છું અને આપની ઇચ્છા કદી પણ કબૂલ રાખી શકું એમ નથી. તમે પ્રજાના રક્ષક છો અને પ્રજાને બાળક સમાન ગણીને તેનું રક્ષણ કરવું એ તમારી ફરજ છે. તમે મારી આગળ મિથ્યા બકવાદ કરી રહ્યા છો. આપનું એમાં કાંઇ વળવાનું નથી. ચોરીમાં જે પુરુષનો હાથ મેં ઝાલ્યો છે તેને હું કદી છોડવાની નથી. કોઇ નજીવી વસ્તુ પણ કોઇને અર્પણ કરી દીધા પછી પાછી લઇ શકાતી નથી; તો આ દેહ કોઇને એક વાર સમર્પણ કર્યા પછી બીજા કોઇને કેવી રીતે આપી શકાય? હું સુખની ભૂખી નથી. મારે આપના મહેલના વૈભવ નથી જોઇતા. સૂકા રોટલા ખાઇને આખી જિંદગી ગાળવી પડે તેની મને પરવા નથી, પરંતુ હું મારા પતિથી એક ઘડીને માટે પણ વિખૂટી થવાની નથી. આપ મને વધારે આગ્રહ કરશો તો હું આપઘાત કરીને તમારે શિર સ્ત્રીહત્યાનું કલંક ચોટાડીશ."

રાજા નિરાશ થઇને મહેલમાં પાછો આવ્યો અને પોતાના દીવાનને બોલાવીને જસમા સાથે લગ્ન કરવાની ઇચ્છા પ્રકટ કરી તથા જસમા સાથે પોતાનું ચોકઠું બેસાડી આપે તો સારૂં ઇનામ આપવાની લાલચ પણ બતાવી; પરંતુ સિદ્ધરાજનો દીવાન સ્વાર્થી મનુષ્ય નહોતો. ઇનામની લાલચમાં ફસાઇને ગેરવાજબી અને નિંદનીય કૃત્ય કરવા તૈયાર થઇ જાય એવો એ નહોતો. એ ઘણો જૂનો નોકર હતો તથા નીતિવાન, બુદ્ધિશાળી અને રાજકાજમાં પરમનિપુણ હતો. તેણે રાજાને ઘણો સમજાવ્યો તથા જસમાનો વિચાર છોડી દઇને કોઇ સારા ઘરની કન્યા સાથે વિવાહ કરવાની સલાહ આપી પણ કામાંધ રાજાને ગળે કોઇ પણ વાત ન ઊતરી.

પેલી તરફ જસમાએ પોતાના પતિની પાસે જઇને રાજાની અનીતિનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો અને જણાવ્યું કે, "અહીં-યાં ઝાઝો વખત રહેવાથી મારી લાજ લૂંટાવાનો સંભવ છે માટે આપણે અહીંથી નાસી જવું જોઇએ." એ સલાહ મુજબ જસમા-નો પતિ તેને લઇને પાછલી રાતે ઘોર અંધકારમાં પલાયન કરી ગયો. વહાણું વાતાંવારજ રાજાને એ વાતની ખબર પડી એટલે એ કેટલાક સવારોને લઇને જસમાને પકડી આણવા સારૂ ચાલ્યો.

જસમા અને તેનો પતિ થોડે દૂર ગયાં હતાં એટલામાં રાજાના સવારોએ તેમને પકડી પાડ્યાં. જસમાની સાથે તેમની નાતના બીજા પણ અનેક ઓડ હતા. ઓડ લોકો અને રાજાના સવારો વચ્ચે સારી ઝપાઝપી ચાલી. એ લડાઇમાં ઘણા ઓડ મરી ગયા. આખરે જસમાના પતિને પણ એક સખ્ત ફટકો લાગ્યો અને તેને બચવાની આશા ન રહી. પતિનો મરણકાળ સમીપ આવેલો જોઇને જસમાએ પણ પોતાની છાતીમાં ખંજર ભોંકી દીધું તથા ક્રોધ કરીને રાજાને કહ્યું: "દુષ્ટ! હું તો પતિના પહેલાંજ મરણ પામીને સ્વર્ગલોકમાં જાઉં છું. એક ક્ષણ પછી મારા નાથ પણ સ્વર્ગમાં મને આવી મળશે, એટલે હું તો ત્યાં એમની સાથે અખંડ સુખ ભોગવીશ. મને તો તું કાંઇ પણ નુકસાન પહોંચાડી શક્યો નથી, પણ તને તો હું મરતી વખતે શાપ દેતી જાઉં છું કે તારા આ સહસ્રલિંગ તળાવમાં પાણી રહેશે નહિ." આટલું કહીને સતી જસમાએ શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો.

જસમાના પાતિવ્રત્યનો ભાસ આપનાર એક રાસડો ગુજરાતમાં પ્રચલિત છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ પ્રગટ કરેલા 'રાસમાળા' નામના અમૂલ્ય પુસ્તકમાંથી વાચક બહેનોના વિનોદને સારૂ અમે તેને નીચે ઉતારીએ છીએ.

(રાસડો)

રાજા બેઠો ભરીરે સભાએ, જાચક આવ્યા જાચવા;
સર્વે નારી ભણે રાજા–ટેક.
રાજા રે! જસમાનું રૂપ, એ રે નારી તમ ઘર શોભતી; સર્વે૦
રાજાએ મેલ્યા બારીગર બે ચાર, કે જાઓને જસમાને તેડવા. સર્વે૦
ગાયો ચારતલ ભાઇ રે ગોવાળ, કે ક્યાંરે વાસો ઓડોતણો? સર્વે૦
ખિરખિરીઆરડી વાડ, કે ઘૂઘરિયાળો ઝાંપલો. સર્વે૦
કાગળ દીધો જસમાને હાથ કે જસમાએ વાંચીને માથું ધૂણિયું. સર્વે૦
જસમાએ દીધો સસરાને હાથ, સસરે વાંચીને માથું ધૂણિયું. સર્વે૦
વહુ! તારૂં રૂપ સુરૂપ, એણે રે રૂપે લાંછન લાગશે. સર્વે૦
સસરા! તું હઇડે મ હાર, નહિ રે ટળું જસમા ઓડણી. સર્વે૦
જસમાને વારે છે બાપ, મ જાજો ધીઅડી રે ગઢ માંડવે. સર્વે૦
ઘેલા બાપા ઘેલડું શું બોલ, એક વાર જાઉં ગઢ માંડવે. સર્વે૦
હારો રે દળાવ્યા જસમાએ ઘઉં, કળશી દળાવ્યો જસમાએ બાજરો.
વિજયા દશમ કેરી રાત, ઓડોએ ઉચાળા ખડકીયા. સર્વે૦

શરદ પૂનમ કેરી રાત, ઓડોએ ઉચાળા પલાણિયા. સર્વે૦
ઓડોને ઉતારા દેવરાવો, કે જસમાને ઉતારા મેડિયે. સર્વે૦
મેડિયે તારી રાણીને બેસાડ, અમે રે ઓડોને ભલાં ઝૂંપડાં. સર્વે૦
ઓડણોને દાતણિયાં દેવરાવ, જસમાને દાતણ દાડમી. સર્વે૦
દાતણ તારી રાણીને દેવરાવ, અમે રે ઓડોને ભલી ઝીલડી. સર્વે૦
ઓડણોને ભોજનિયાં દેવરાવો, જસમાને ભોજન લાડવા. સર્વે૦
લાડવા તારી રાણીને જમાડ, અમે રે ઓડોને ભલી રાબડી. સર્વે૦
ઓડણોને મુખવાસિયા દેવરાવ, જસમાને મુખવાસ એલચી. સર્વે૦
એલચી તારી રાણીને ખવરાવ, અમેરે ઓડોને ભલી મોથડી. સર્વે૦
ઓડણોને પોઢણિયા દેવરાવ, જસમાને પોઢણ ઢોલિયો. સર્વે૦
ઢોલિયે તારી રાણીને સુવરાવ, અમે રે ઓડોને ભલી ગોદડી. સર્વે૦
જસમા ઓડણ હાલો મારે દ્વાર, કહો તો બતાવું મારી રાણીઓ.
જેવું તારૂં રાણીઓનું રૂપ, તેવી રે મારે ઘેર ભોજાઇઓ. સર્વે૦
જસમા ઓડણ અમારે ઘર હાલ, કહો તો બતાવું મારા કુંવરો. સર્વે૦
જેવું તારા કુંવરોનું રૂપ, તેવા રે મારે ઘેર ભત્રીજા. સર્વે૦
જસમાઓડણ હાલો મારેદ્વાર, કહોતો બતાવું મારા હાથીઓ. સર્વે૦
જેવું તારા હાથીઓનું રૂપ, તેવી રે મારે ઘેર ભેંસડી. સર્વે૦
કેવડું ખણાવશો તલાવ ? કેવડી ખણાવશો તલાવડી ? સર્વે૦
લાખે ખણાવશું તલાવ, અરધ લાખે તલાવડી. સર્વે૦
જસમા તારો પરણ્યો દેખાડ, કિયો રે જસમા તારો ઘરધણી. સર્વે૦
સોનઇયો હીંસ છે હાથ, રૂપલા વેઢ ઓડો તણા. સર્વે૦
જસમા માટી થોડેરી ઉપાડ, તારી રે કેડે લિચ્ચક લાગશે. સર્વે૦
ઘેલા રાજા ઘેલડું શું બોલ ? એહ રે અમારો કસબ થયો. સર્વે૦

આ રાસડો અધૂરો છે, પણ એટલા ઉપરથીજ જસમાના સતીત્વ, પતિભક્તિ અને આત્મગૌરવનો પરિચય મળે છે. આ રાસડો રચનારનો ઉદ્દેશ પણ સ્ત્રીઓમાં પાતિવ્રત્યના મહિમાનો પ્રચાર કરવાનો હોવો જોઇએ.

૧૧૯-મયણલ્લદેવી

પૃથ્વીના કોઈ પણ દેશમાં ઉત્પન્ન થયેલા મહાન પુરુષોનાં ચરિત્રો વાંચતાં જણાઇ આવે છે કે તેમનામાં ઘણા પુરુષોના ભાવી જીવનની મહત્તા, બાલ્યાવસ્થામાં તેમની માતાઓએ પ્રેરેલા સારા સંસ્કારોને આભારી હોય છે. જગન્નિયંતાએ નિર્માણ કરેલી માનવસૃષ્ટિની અધિષ્ઠાતાદેવી માતાજ છે. સુશીલ અને સુશિક્ષિત સ્ત્રીને જ્યારે રાજ્યમાતા થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે, ત્યારે તેના શિક્ષણ અને સદુપદેશનો લાભ કેવળ તેના સંતાનનેજ નહિ પણ આખા દેશને મળે છે. દક્ષિણના ઇતિહાસથી પરિચિત પ્રત્યેક મનુષ્ય જાણે છે કે, છત્રપતિ શિવાજી મહારાજનું મહત્ત્વ કોને આભારી હતું ? નિઃસંદેહ તેમની સુશીલ માતા જીજાબાઇનેજ. અંગ્રેજીમાં એક કહેવત છેઃ “જે સ્ત્રી બાળકના પારણાને હીંચકો નાખે છે તે સ્ત્રી દુનિયા ઉપર રાજ્ય કરે છે.” એ કહેવતનો મર્મ યથાર્થ છે.

આજ અમે જે પ્રસિદ્ધ રાજમાતાનો પરિચય આપવા માગીએ છીએ, તે સન્નારી ગરવી ગુજરાતનું રત્ન હતું. એ પ્રસિદ્ધ મહારાજા સિદ્ધરાજ જયસિંહની માતા હતી.

ઈ૦ સ૦ ૧૦૭૨ માં આપણા ગુજરાતમાં કર્ણ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા કર્ણ સોલંકીવંશનો હતો. પ્રજાના પાલન અને સંરક્ષણ ઉપર તેણે સારૂં ધ્યાન આપ્યું હતું. ભીલ અને કોળીઓ તેની પ્રજાને જે ત્રાસ દેતા હતા તેમાંથી તેમને મુક્ત કરવાનો કર્ણે યથાશક્તિ પ્રયાસ કર્યો હતો. તેણે અનેક દેવસ્થાનો તથા જલાશયો બંધાવ્યાં હતાં.

મયણલ્લદેવી દક્ષિણના રાજા જયકેશીની પુત્રી હતી. તેણે પોતાના મનપસંદ વરને વરવાનો સંકલ્પ કર્યો હતો. એ સંકલ્પ-

ની સિદ્ધિ સારૂ તેણે દેશદેશાંતરના રાજાઓની છબીઓ એકઠી કરી હતી. એ સર્વ રાજાઓની છબીઓમાંથી ગુજરાતના રાજા કર્ણની છબી તેને ઘણી પસંદ પડી ગઇ. રાજા કર્ણનું રૂપ જોઇને કુમારી મયણલ્લદેવી મુગ્ધ થઇ ગઇ અને પરણું તો રાજા કર્ણનેજ પરણું એવો સંકલ્પ કર્યો. કોઇની પણ સંમતિ લીધા વગર રાજા કર્ણને એ પોતાનું હૃદય સમર્પણ કરી ચૂકી; પરંતુ હવે પોતાનો મનોભાવ કર્ણને કેવી રીતે પહોંચાડવો ? મયણલ્લદેવી ઘણી ચતુર કન્યા હતી. તેણે એક સુંદર યુક્તિ શોધી કાઢી. તેણે પોતાના એક દૂતને ચિત્રકારના વેશમાં રાજા કર્ણની પાસે મોકલ્યો. એ ચિત્રકાર લાંબો પ્રવાસ કરીને રાજા કર્ણના દરબારમાં જઇ પહોંચ્યો અને વિવેકપુરઃસર રાજાને નમન કરીને બોલ્યોઃ "મહારાજાધિરાજ ! આપની કીર્તિ ચારે દિશામાં વ્યાપી ગઇ છે. આપની પ્રશંસા પ્રત્યેક મનુષ્યને મોંએ સાંભળ્યામાં આવે છે. આપના દર્શનની અભિલાષા હજારો મનુષ્યો રાખે છે. આ દીન દાસના મનમાં પણ શ્રીમાનનાં દર્શન કરીને કૃતાર્થ થવાની તીવ્ર ઉત્કંઠા હતી. આજે એ ઉત્કંઠા સફળ થઇ તેને માટે પ્રભુનો ઉપકાર માનું છું" એમ કહીને એ ચતુર ચિતારાએ રાજાની સન્મુખ એક સુંદર ચિત્ર મૂક્યું. એ ચિત્રમાં એક રાજાના મોં આગળ લક્ષ્મીને નાચતી ચીતરી હતી અને તેની એક બાજુએ એક કુમારિકાનું ચિત્ર કાઢ્યું હતું. તે સૌંદર્યમાં લક્ષ્મી કરતાં પણ ચડે એવું હતું. રાજાએ એ કુમારિકાના સૌંદર્યની ઘણી પ્રશંસા કરીને પૂછ્યું કે, "એ સુંદરી કયી જાતિની છે અને અને કોની કન્યા છે ?" ચિત્રકારે ઉત્તર આપ્યોઃ "મહારાજ! એ રાજા જયકેશીની પુત્રી છે. દક્ષિણમાં ચંદ્રપુરી નામના નગરમાં જયકેશી રાજા રાજ્ય કરે છે. તેમની આ કન્યાનું નામ મયણલ્લદેવી છે. તે પૂર્ણ યૌવનને પ્રાપ્ત થઇ છે. રાજાએ તેને વિદ્યા અને સદ્‌ગુણોથી વિભૂષિત કરવામાં જરા પણ ન્યૂનતા રાખી નથી. અનેક રાજાઓ અને રાજકુમારો તેને વરવાની ઇચ્છા રાખે છે, પણ એ કોઇનું માગું સ્વીકારતી નથી. સગાંસંબંધીઓ તેને કોઇ યોગ્ય વર સાથે લગ્ન કરવાનો ઉપદેશ આપ્યા કરે છે પણ એ કોઇનું કહ્યું માનતી નથી અને કહે છે કે, 'મને સર્વ પ્રકારે પસંદ આવે એવા સુંદર, સુશિક્ષિત અને પરાક્રમી પુરુષ સાથે હું લગ્ન કરીશ.' હમણાં થોડાક દિવસ ઉપર ચંદ્રપુરમાં મારા જેવા

કોઇ ચિત્રકાર આવ્યો હતો; તેની પાસે આપ શ્રીમાનની છબી જોઇને એ મુગ્ધ થઇ ગઇ છે અને કહેવા લાગી છે કે, 'હું તો આ કર્ણરાજાનેજ પરણીશ.' એ ચિત્ર જોતાંવારજ એ તો પ્રેમઘેલી થઇ ગઇ છે. એને ખાવાપીવાનું ભાન રહ્યું નથી, રાતદિવસ તમારૂંજ ધ્યાન ધરી રહી છે અને તમારી સાથે લગ્ન કરાવી આપવા ઇષ્ટદેવનું ધ્યાન ધરે છે. તેણે રાજા જયકેશીની પણ આ વિષયમાં સંમતિ મેળવી છે અને આપનો પોતાનો અંતરનો અભિલાષ જાણવા સારૂ મને અહીં મોકલ્યો છે. મહારાજ! તમે અમારી રાજકુમારીની વિનતિ માન્ય રાખીને તેના પ્રેમાળ હૃદયને તૃપ્ત કરો." રાજાએ ચિત્રકારની વિનતિ સ્વીકારી.

મયણલ્લદેવી પ્રસન્નચિત્તે અણહિલપુર આવી અને ત્યાં આગળ કર્ણરાજા સાથે તેનાં યથાવિધિ લગ્ન થયાં; પરંતુ લગ્ન થયા પછી રાજા કર્ણે મયણલ્લદેવીને તૃપ્ત કરી નહિ. એમ કહેવાય છે કે મયણલ્લદેવીના સૌંદર્યની જેવી કલ્પના રાજાએ કરી હતી, તેવું સૌંદર્ય તેનું નીકળ્યું નહિ. અણહિલપુર આવ્યા પછી રાજાએ તેના પર લવલેશ પણ પ્રેમ બતાવ્યો નહિ. એક પણ દિવસ તેના તરફ પ્રેમથી દૃષ્ટિ કરી નહિ. મયણલ્લદેવીને બીજા અનેક પ્રકારનાં સુખ હતાં. ખાવાપીવાનું તથા રત્નાલંકારનું કાંઇ દુઃખ નહોતું; પરંતુ સ્ત્રીને આખી પૃથ્વીનું સામ્રાજ્ય મળે અને પતિના શુદ્ધ અંતઃકરણનો પ્રેમ ન મળે તો એ સામ્રાજ્ય પણ શા કામનું? તેને મનથી આખો સંસાર સૂનો થઇ ગયો હતો. ઘણી વખત તેને વિચાર આવતો કે આત્મઘાત કરીને આ હતભાગી જીવનનો અંત આણું; પરંતુ તેની સાસુએ તથા રાજ્યના વૃદ્ધ અમાત્યોએ સમજાવીને એવું સાહસ કરતાં અટકાવી રાખી.

એક દિવસ નમુંજલા નામની એક સુંદર નટી ઉપર રાજા કર્ણની દૃષ્ટિ પડી. તેના સૌંદર્યથી પ્રસન્ન થઇને રાજા તેના ઉપર આશક થઇ ગયો. તેણે એ નટડીને પોતાની પાસે બોલાવી લાવવાનો મંત્રીને હુકમ આપ્યો. આવો સરસ લાગ જોઇને મંત્રીએ રાણી મયણલ્લદેવીને નટીનો વેશ પહેરાવીને તથા નટીના જેવાં નાચનખરાં શીખવીને રાત્રીને સમયે રાજાના શયનગૃહમાં મોકલી. રાજા કર્ણે મયણલ્લદેવીને નટી ધારીને તેની સાથે પ્રેમપૂર્વક ભોગવિલાસ કરીને કામની તૃપ્તિ કરી. રાણી મયણલ્લદેવી ઘણીજ ચતુર સ્ત્રી હતી. રખે આજની રાત્રીના સહવાસથી પોતાને ગર્ભ રહે

અને રાજા તેના ઉપર વ્યભિચારનું મિથ્યા આળ ચોટાડે, એવી આશંકાથી તેણે વિદાય થતી વખતે રાજા કર્ણની પાસેથી સ્મૃતિચિહ્ન તરીકે રાજાની આંગળી ઉપરની મુદ્રિકા માગી લીધી. પ્રેમપાશમાં બંધાયેલા રાજા કર્ણે પ્રસન્નતાપૂર્વક એ મુદ્રિકા મયણુલ્લદેવીની સુકુમાર અંગુલી પર પહેરાવી દીધી.

રાજા કર્ણ ગમે એટલો તોય સુશીલ મનુષ્ય હતો. કામનો ક્ષણિક આવેશ શમી ગયા પછી તેને પોતાના કૃત્ય માટે ઘણો પશ્ચાત્તાપ થવા લાગ્યો અને એ વ્યભિચારના પાપનું કઠણ પ્રાયશ્ચિત્ત કરવાનો તેણે સંકલ્પ કર્યો. તેણે તપાવેલી સાત પૂતળીઓનો સ્પર્શ કરીને એ ઘોર પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો નિર્ણય કર્યો. કર્ણરાજાના પ્રધાન સાન્તૂ મહેતાને જ્યારે એ વાતની ખબર પડી ત્યારે તેણે કહ્યું કે, "મહારાજ! આપ જરા પણ શોચ કરશો નહિ. વ્યભિચાર દોષથી આપ બિલકુલ મુક્ત છો. આપને મેં ઠગ્યા છે. આપે જે સ્ત્રી સાથે એ રાતે વિલાસ કર્યો હતો તે સ્ત્રી નમુંજલા નટી નહોતી, એ તો મહારાણી મયણુલ્લદેવી હતાં." રાજાને એકદમ એ વાત ઉપર વિશ્વાસ બેઠો નહિ, પરંતુ રાણીએ જ્યારે એ રાત્રીનો બધો વૃત્તાંત સવિસ્તાર કહી સંભળાવ્યો તથા રાજાએ નિશાની તરીકે આપેલી મુદ્રિકા બતાવી ત્યારે રાજા પ્રસન્ન થયો અને એ દિવસથી પ્રેમપૂર્વક રાણી મયણુલ્લદેવી સાથે અંતઃપુરમાં રહેવા લાગ્યો.

રાણી મયણુલ્લદેવી થોડા સમયમાં સગર્ભા થઈ અને ઝીંઝુવાડા નગરમાં તેણે સિદ્ધરાજ જયસિંહને જન્મ આપ્યો.

સિદ્ધરાજ બાળવયનો હતો એવામાં, ઈ. સ. ૧૦૯૪ માં રાજા કર્ણનો સ્વર્ગવાસ થયો. રાજા કર્ણના મૃત્યુ પછી ગુજરાતની રાજગાદી સંબંધી ઘણી તકરારો ઊભી થઇ હતી, પણ આખરે સિદ્ધરાજ રાજ્યસિંહાસન ઉપર બેસવા ભાગ્યશાળી થયો. સિદ્ધરાજ નાનો હતો એવામાં થોડા સમય સુધી રાજ્યની લગામ કર્ણના મામા મદનપાળના હાથમાં રહી, પણ મહામાત્ય સાન્તૂ મહેતાએ મદનપાળને મારી નંખાવ્યો. ત્યાર પછી અણહિલપુરના રાજ્યની બધી સત્તા મયણુલ્લદેવીના હાથમાં આવી. રાણી મયણુલ્લદેવીએ રાજ્યનો પ્રબંધ ઘણી સારી રીતે કરવા માંડ્યો. યોગ્ય પ્રધાનોને મુખ્ય મુખ્ય કામ ઉપર નીમી દીધા અને પોતે રાજ્ય ઉપર સાધારણ રીતે દેખરેખ રાખવા લાગી. કુમાર સિદ્ધ-

રાજની કેળવણીનું કામ પણ તેણે પોતાના હાથમાં લીધું. સિદ્ધરાજને તેણે કોઇ દિવસ ખરાબ છોકરાઓ કે ખુશામતિયા નોકરો સાથે ફરવા દીધો નહિ. સિદ્ધરાજ તેનો એક માત્ર પુત્ર હતો, તેના જીવનનો એક માત્ર આધાર હતો, તેની આંખોનો મણિ હતો; છતાં પણ રાણી મયણલ્લદેવીએ તેને કોઇ દિવસ ખોટાં લાડ લડાવ્યાં નહોતાં. બાલ્યાવસ્થાથીજ સિદ્ધરાજના કોમળ હૃદયમાં સારા સંસ્કારો પાડવાનો તેણે યત્ન કર્યો હતો. સિદ્ધરાજ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેને ઘોડે બેસતાં, શસ્ત્ર ચલાવતાં, કુસ્તી કરતાં તથા ક્ષત્રિયોને છાજે એવા અનેક કસરતના પ્રયોગો કરતાં શીખવવા માંડયું. સિદ્ધરાજને બળવાન અને પરાક્રમી બનાવવામાં તેણે કોઇ પણ પ્રયત્નની ખામી રાખી નહોતી. ગુજરાતના પ્રાચીન ઇતિહાસ તથા પોતાના પૂર્વજોના અસાધારણ પરાક્રમ અને બુદ્ધિકૌશલ્યની વાત એ દરરોજ પોતાની મીઠી વાણીમાં સિદ્ધરાજને કહ્યા કરતી. વિદુરનીતિ, શુક્રનીતિ આદિ ગ્રંથોદ્વારા તેણે રાજનીતિના સિદ્ધાંતો સિદ્ધરાજના મનમાં ઠસાવ્યા હતા; તથા રાજાના રાજ્યની સહીસલામતી અને મજબૂતી તેની ન્યાયપરાયણતા અને લોકપ્રિયતા ઉપર આધાર રાખે છે, એ સારી પેઠે હૃદયમાં ઠસાવી દીધું હતું. આર્યધર્મશાસ્ત્રનો અભ્યાસ પણ તેણે સિદ્ધરાજને સારી પેઠે કરાવ્યો હતો. આ બધાનું પરિણામ એ આવ્યું કે પુખ્ત ઉંમરનો થયા પછી સિદ્ધરાજ પાટણની ગાદીએ બેઠો ત્યારે તેના સુપ્રબંધને લીધે ચારે તરફ તેની પ્રશંસા થવા લાગી. આજદિન સુધી સિદ્ધરાજ જયસિંહનું નામ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયલું છે.

સિદ્ધરાજ પંદર વર્ષનો થયો ત્યારે રાણી મયણલ્લદેવી તેને લઇને રાજ્યમાં ફરવા નીકળી હતી અને કુમારને રાજ્યની ખરી હાલતથી વાકેફ કર્યો હતો. એ પ્રવાસમાં પ્રજાનાં દુઃખ તેણે જાતે સાંભળ્યાં હતાં તથા તેમને વાજબી ઇન્સાફ આપ્યો હતો.

રસ્તામાં જ્યાં કંઇ પાણીની તંગી જોતી ત્યાં તળાવ, કૂવા, વાવ વગેરે જળાશય બંધાવી આપતી. રાણી મયણલ્લદેવીએ ઘણાં પરોપકારનાં કાર્ય કર્યાં છે. વીરમગામ આગળનું મીનલસર અથવા માનસર તળાવ અને ધોળકા પાસેનું મલાવ તળાવ એ બે જળાશય રાણી મયણલ્લદેવીએ બંધાવેલાં છે.

રાણી મયણલ્લદેવી જેટલી કુશળ હતી તેટલીજ ન્યાયપરા-

યણ હતી. તેની ન્યાયપરાયણતાની એક દંતકથા ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. રાણી મયણલ્લદેવી ધોળકાનું તળાવ બંધાવી રહી હતી તે વખતે એક ગણિકાનું મકાન વચ્ચે નડતું હતું. એ મકાનને લીધે તળાવની શોભામાં ઘટાડો થાય એમ હતું. તેણે એ મકાન આપી દેવાને વેશ્યાને ઘણુંએ સમજાવી, મનમાન્યું દ્રવ્ય આપવાની લાલચ બતાવી; પણ તેણે સાફ ના કહી. ગણિકાએ જણાવ્યું કે, "રાણીસાહેબનું નામ તો આ મોટું તળાવ બંધાવ્યાથી અમર રહેશે, પણ મારૂં નામ આ ઘર ન આપવાને લીધે પ્રસિદ્ધ થશે." બીજો કોઇ રાજા હોત તો જોરજુલમથી એ વેશ્યાનું મકાન તોડાવી પાડત; પણ ન્યાયી મયણલ્લદેવીએ એવો કાંઇ પણ અન્યાય કર્યો નહિ. તેણે વેશ્યાનું ઘર સહીસલામત રહેવા દીધું. તેના આ કૃત્યને લીધે તેની સુખ્યાતિ દેશદેશાંતરમાં પ્રસરી ગઇ. એ વખતમાં એક કહેવત પ્રચલિત થઇ ગઈ હતી કે, "જો તમારે ન્યાય જોવો હોય તો જઇને મલાવ જુઓ."

રાણી મયણલ્લદેવીએ ઘણી યાત્રાઓ કરી અને યાત્રાળુઓનાં અનેક સંકટો દૂર કર્યાં હતાં.

સોમેશ્વર મહાદેવની પૂજા કરીને મયણલ્લદેવીએ એક હાથી, હાથમાં ત્રાજવાં ઝાલેલાં એવા તુલાપુરુષની એક સોનાની મૂર્તિ અને બીજી મોટી મોટી ભેટો કરી હતી.

આ પ્રમાણે અનેક સત્કાર્યોથી પ્રજાનું મન રંજન કરીને, સિદ્ધરાજને ગાદીએ બેસાડ્યા પછી, મયણલ્લદેવી આ સંસારમાંથી સ્વર્ગલોકમાં સિધાવી. ધન્ય છે એવી રાજમાતાને !*

---

* આ તથા આ સંગ્રહમાં ગુજરાતના ઇતિહાસને લગતાં બીજાં કેટલાંક ચરિત્રો ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ પ્રગટ કરેલી સાક્ષર શ્રી. રણછોડભાઇ ઉદયરામકૃત "રાસમાળા" ના ભાષાન્તરને આધારે લખવામાં આવ્યાં છે. તેને માટે એ પુસ્તકના લેખક અને પ્રકાશક મંડળનો અત્યંત ઉપકાર માનવામાં આવે છે.—પ્રયોજક

૧૨૦–લાહિની

રાજપૂતાનામાં આવેલા સિરોહી રાજ્યમાં વસંતગઢ નામનું એક પ્રાચીન સ્થાન છે. એને કેટલાક લોકો વસંતપુર પણ કહે છે. સાધારણ લોકોમાં એ સ્થાન 'વાંતપરાગઢ' ના નામથી પ્રસિદ્ધ છે. પહેલાંના સમયમાં ત્યાં આગળ પરમાર રાજાઓનું રાજ્ય હતું.

ઇસવીસન ૧૦૪૨ ની લગભગમાં ત્યાં આગળ પૂર્ણપાલ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. લાહિની એ પૂર્ણપાલ રાજાની નાની બહેન હતી. તેનું લગ્ન વિગ્રહરાજ સાથે થયું હતું. તે બાલ્યવયમાં વિધવા થઇને પોતાના ભાઇને ઘેર ચાલી આવી હતી.

ભાઇને ઘેર આવ્યા પછી ધર્મસાધન અને ઇશ્વરભક્તિમાં તેણે ચિત્ત પરોવ્યું હતું. તેનો પૂરો ઇતિહાસ મળી આવતો નથી, પણ એટલું જાણવામાં આવ્યું છે કે તેણે વસિષ્ઠપુરમાં રહીને સૂર્યદેવના તૂટી ગયેલા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા લોકોને પાણી પીવા માટે એક વાવડીનો પણ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એ વાવડી હજુ પણ લાહિનીના ઉપરથી "લાણવાવ" (લાહિનીવાપી) કહેવાય છે. એ વાવડીના શિલાલેખ ઉપર પરમાર રાજાઓની વંશાવળી આપવામાં આવી છે.

લાહિનીનું જે થોડું ઘણું વૃત્તાંત મળી આવે છે, તે ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે એ ધાર્મિક અને પરોપકારી વૃત્તિની સ્ત્રી હતી.



१२१-राणकदेवी

આ રમણી સિંધ દેશના રાજા શેરખાવરની કન્યા હતી. તેનો જન્મ મૂલ નક્ષત્રમાં થયો હતો. તેના જન્મ સમયે રાજજોષીએ તેના જન્માક્ષર બનાવીને કહ્યું હતું કે, "આ બાલિકાના ગ્રહ એવા છે કે એનું મોં જોયાથી એનો પિતા આંધળો થઇ જશે." એ સમાચાર સાંભળીને તેના પિતાએ નવી જન્મેલી બાલિકાને પોતાના નોકરને હાથે એક વનમાં મોકલાવી દીધી. રાજાનો વિચાર તો એવો હતો કે એમ કર્યાથી કોઇ જંગલી પશુ આવીને તેને ખાઈ જશે અને બધી બલા ટળી જશે; પરંતુ રામ રાખે તેને કોણ ચાખે ? પરમાત્માએ તો બાલિકા રાણકદેવીને માટે કાંઇ ઓરજ ભવિષ્ય નિર્માણ કર્યું હતું, તેથી રાણકદેવી એવી નિરાધાર અવસ્થામાં પણ બચી ગઇ. આખી રાત એ શૂનકાર જંગલમાં પડી રહી. બીજે દિવસે સવારમાં હડમતિયો નામનો એક કુંભાર ત્યાં આગળ માટી ખોદવા આવ્યો. તેની નજર એ સુંદર બાલિકા ઉપર પડી. તેનું અપૂર્વ સૌન્દર્ય જોઇને એ અંજાઈ ગયો. એ કુંભારને ઘેર કાંઇ છોકરૂં નહોતું, એટલે તેણે એ કન્યાને પોતાને ઘેર લઇ જઇને ઉછેરવાનો વિચાર કર્યો. આખો દિવસ કામ કરીને ઘેર પાછો ગયો, ત્યારે એ સુંદર બાલિકાને પોતાને ઘેર લેતો ગયો. એ કન્યાના મુખનું તેજ જોતાં-વારજ ખાતરી થતી હતી કે એ કોઇ રાજવંશી કન્યા છે. એ કન્યા જંગલમાંથી મળી આવી હતી માટે કુંભારે તેનું નામ રાણકદેવી પાડ્યું હતું. કુંભાર તથા તેની વહુ રાણકદેવીને ઘણા સ્નેહપૂર્વક ઉછેરવા લાગ્યાં. દિવસે દિવસે તેનું સૌંદર્ય ઘણું વિકાસ પામવા લાગ્યું. તેના રૂપલાવણ્યની પ્રશંસા ચારે તરફ થવા લાગી. કચ્છના લાખાફુલાણીએ પણ એ કન્યા ઉપર મુગ્ધ થઇને હડમતિયા કુંભારને કહેવરાવ્યું હતું કે, " આ કન્યા મને પરણાવો." હડમતિયા

કુંભારે લાખાફુલાણીને જવાબ આપ્યો કે, "મારી નાતવાળાને પૂછીને પરણાવીશ." લાખાફુલાણી તેને ઘણો આગ્રહ કરવા લાગ્યો એટલે કુંભાર ત્યાંથી નાસીને સોરઠ રાજ્યમાં મજેવડી ગામમાં જઇ વસ્યો, પરંતુ ત્યાં પણ એ જંપીને બેસી શક્યો નહિ.

એક દિવસ એવું બન્યું કે ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહના ચાર દસોદી ભાટ ફરતા ફરતા સોરઠમાં જઇ પહોંચ્યા અને એ કુંભારના ઘરમાં રાણકદેવી તેમના દીઠામાં આવી. રાજવંશીને છાજે એવું તેમનું રૂપ જોઇને તેમણે વિચાર કર્યો કે આવી કન્યા તો ગુજરાતના રાજાધિરાજના અંતઃપુરમાં શોભે. તેમણે પાટણ નગરમાં જઇને સિદ્ધરાજને વિનંતિ કરી કે, "રાજાધિરાજ! આપના અંતઃપુરમાં આટલી બધી રાણીઓ છે પણ એક પણ પદ્મિની નથી." રાજાએ આજ્ઞા આપી કે, "તમે મારા ભાટ છો. તમે દેશદેશાંતરમાં જઇ તપાસ કરો અને મારે લાયક કોઇ પદ્મિની કન્યા હોય તેને શોધી લાવો." ભાટ લોકો એ કુંભારને ત્યાં ગયા અને કુંભારને ઘણું સમજાવીને રાણકદેવીનું સગપણ ગુર્જરનરેશ સિદ્ધરાજ સાથે નક્કી કર્યું.

એ સમયમાં જૂનાગઢમાં રા'ખેંગાર રાજ્ય કરતો હતો. રા'ખેંગારની બહેન સિદ્ધરાજ જયસિંહના પિત્રાઇઓમાં પરણાવી હતી. તે પોતાના બે દીકરાઓને લઇને પિયેરમાં રહેતી હતી. એક દિવસ રા'ખેંગારના એ બે ભાણેજ દેશળ અને વિશળ શિકાર ખેલવા ગયા હતા. ફરતા ફરતા તેઓ મજેવડી ગામમાં જઇ પહોંચ્યા. ત્યાં આગળ રાણકદેવીનું સિદ્ધરાજ સાથે સગપણ થયાની ખબર તેના જાણવામાં આવી. તેમણે જઇને પોતાના મામા રા'ખેંગારને કહ્યું કે, "આપણા રાજ્યમાં એક કુંભારની પુત્રી ખૂબસૂરત છે. એ સોરઠના રાજમહેલમાં શોભે એવી છે. તેને ગુજરાતના રાજા સિદ્ધરાજના ભાટ આવીને જોઈ ગયા છે અને તેની સાથે લગ્ન કરવાનું નક્કી થઇ ગયું છે; પરંતુ આપણા રાજ્યમાંની કન્યા બહારનો રાજા લઇ જાય એમાં આપણી આબરૂ રહે નહિ. એવું થાય તો આપણું નાક કપાઇ જાય માટે ગમેતેમ કરીને આ કન્યા હાથ કરવી જોઇએ." રા'ખેંગારે ભાણેજને રજા આપી કે, "તું મારી તરફથી ખાંડુ લઇને જા અને આપણા અંતઃપુરમાં એ કન્યાને લઈ આવ." દેશળ મજેવડી ગામ પહોંચ્યો અને કુંભાર પાસે રાણકદેવીનું માગું કર્યું. સિદ્ધરાજની સાથે તેનો વિવાહ થયેલો

હોવાથી કુંભારે એ કન્યા રા'ખેંગારને આપવાની સ્પષ્ટ ના કહી; પણ દેશળે ઘણો આગ્રહ કર્યો અને સીધી રીતે માની જઇને કન્યા નહિ આપે તો બળાત્કાર કરવો પડશે, એવી ધમકી આપી, એટલે કુંભારે રાણકદેવીને દેશળ સાથે વળાવી દીધી. સોરઠમાં પહોંચ્યા પછી રાજા રા'ખેંગારે યથાવિધિ રાણકદેવી સાથે લગ્ન કર્યું અને એવી સુંદર કન્યા પ્રાપ્ત થઇ એટલા માટે મોટો ઉત્સવ મનાવ્યો. આખા રાજ્યમાં આનંદ આનંદ પ્રવર્તી રહ્યો. રાજા રા'ખેંગારે ત્રણ દિવસ સુધી ગામની દરેક વર્ણને જમાડી. એ સમયમાં રાજા સિદ્ધરાજના પાટનગર પાટણના વાઘરી લોકો માટીનાં વાસણ વેચવા સારૂ સોરઠ ગયા હતા. તેમણે પૂછ્યું કે, "આજે રાજાને ઘેર શું ટાણું છે કે આખું ગામ ત્રણ ત્રણ દહાડાથી જમી રહ્યું છે?" રા'ખેંગારના નોકરે કહ્યું કેઃ—

"સોરઠ સિંહલદ્વીપની, જાત તણી પરમાર;
બેટી રાજા રોળની, પરણ્યો રા'ખેંગાર."

પોતાના રાજાનું જે કન્યા સાથે સગપણ થયું હતું તે કન્યાને બીજો રાજા પરણી ગયો, એ વાત એ વાઘરીઓને પણ અસહ્ય થઇ પડી. તેમણે પાટણ જઇને પોતાના રાજાને એ વાત કહી. સિદ્ધરાજ એ ખબર સાંભળીને ઘણો ગુસ્સે થયો અને સૌરાષ્ટ્ર ઉપર ચડાઇ કરવા તેણે પોતાના શૂરા સામંતોને મોકલ્યા. રા'ખેંગાર પણ વીરરાજા હતો એટલે સિદ્ધરાજના સૈન્યનો પરાજય થયો.

આ પ્રમાણે સિદ્ધરાજને પરાજય આપીને રા'ખેંગાર પૂર્ણ સુખમાં રાણી રાણકદેવી સાથે જીવન વ્યતીત કરવા લાગ્યો. સિદ્ધરાજનું વેર એ બિલકુલ ભૂલી ગયો હતો. આ વખતે રા'ખેંગારના મનમાં એમજ હતું કે, "આ સંસારમાં કોઇ પણ મનુષ્ય સુખી હોય તો તે હુંજ છું." તેને આ પ્રમાણે સંતોષ માનવાનું કારણ પણ હતું. રાણકદેવી પતિપરાયણા નારી હતી. પતિના સુખવૈભવમાં વૃદ્ધિ કરવાને તે રાતદિવસ પ્રયત્ન કર્યા કરતી હતી. સદ્ભાગ્યે એ પ્રેમી દંપતીની સ્નેહગ્રંથિને મજબૂત કરનાર બે પુત્રરત્ન પણ રાણકદેવીના ગર્ભમાંથી ઉત્પન્ન થયાં હતાં.

આ પ્રમાણે રાણકદેવી અને રા'ખેંગારનો સુખી સંસાર ચાલ્યો જતો હતો. પેલી તરફ પાટણમાં સિદ્ધરાજ તેનું વેર લેવાનો લાગ શોધી રહ્યો હતો. તેણે એક વાર ફરીથી ઘણું મોટું સૈન્ય લઇ

જઇને રા'ખેંગારના રાજ્ય ઉપર ચઢાઇ કરી. આ સમયે રા'ખેંગારનો ભાણેજ દેશળ પણ ફૂટીને સિદ્ધરાજના પક્ષમાં ગયો હતો. એ લોકો પુષ્કળ સૈન્ય લઇને ગઢમાં ગયા અને દરવાજો ઉઘડાવીને શરણાઇઓ વગડાવી. દૂદો અને હમીર એ દરવાજાનું રક્ષણ કરવા ઊભા હતા, તેમને સિદ્ધરાજના સૈન્યે ઠાર માર્યા. શત્રુઓને સામા આવતા જોઇને રા'ખેંગાર લડવા આવ્યો. એ વખતનું વર્ણન કરતાં ગુજરાતનો જૂનો કવિ કહે છેઃ—

"ઝાંપો ભાગ્યો ભેળ પડિ, ભેળ્યો ગઢ ગરનાર;
દૂદો હમીર મારીયા, સોરઠના શણગાર.
રણ શરણાઇ વાગિયો, પાખરીઆ કેકાણ;
શૂરા મુખ પાણી ચડે, કાયર પડે ભંગાણ."

એ વખતે રા'ખેંગાર અને સિદ્ધરાજના સૈનિકો વચ્ચે ઘણી ઝપાઝપી ચાલી. બન્ને પક્ષના ઘણા સિપાઇઓ માર્યા ગયા અને છેવટે રા'ખેંગાર પણ એ યુદ્ધમાં કામ આવી ગયો. પછી સિદ્ધરાજને સાથે લઇને, રા'ખેંગારનો નિમકહરામ ભાણેજ દેશળ રાણકદેવીના મહેલમાં ગયો અને કહ્યું કે, "મામીજી! અમે બે ભાઇઓ તથા મામાજી આવ્યા છીએ, બારણાં ઉઘાડો." સરળ હૃદયની રમણી રાણકદેવીના પેટમાં કાંઇ પાપ નહોતું. એણે તરત બારણાં ઉઘાડ્યાં. પતિના મૃત્યુની તેને લેશમાત્ર પણ ખબર નહોતી. એ તો એ સમયે પોતાના બે પુત્રોને આનંદપૂર્વક રમાડવામાં અને લાડ લડાવવામાં તલ્લીન હતી. સિદ્ધરાજે તેની નિકટ જઇને રા'ખેંગારના મૃત્યુના સમાચાર જણાવ્યા તથા પોતાની રાણી બનવા માટે ઘણા પ્રેમપૂર્વક આગ્રહ કર્યો; પરંતુ સતી રાણકદેવીએ તેનો ઘણોજ તિરસ્કાર કરી કાઢ્યો. એથી ગુસ્સે થઇને સિદ્ધરાજે રાણકદેવીના પાંચ વર્ષના કોમળ બાળકને મારી નાખ્યો અને બીજા બાળકને મારવાની પણ બીક બતાવી. બીજો બાળક ૧૧ વર્ષનો હતો. તેનું નામ માણેરો હતું. એ સિદ્ધરાજથી ડરી જઇને માની સોડમાં ભરાઇ ગયો. એ વખતે વીરપત્ની રાણકદેવીએ તેને ક્ષાત્રધર્મના રહસ્યરૂપ સુંદર ઉપદેશ સંભળાવ્યોઃ—

"માણેરા! તું મ રોય, મ કર આંખ્યો રાતિયો;
કુળમાં લાગે ખોટ, મરતાં મા ન સંભારિયે."

એ સાંભળીને સિદ્ધરાજે પોતાના માણસોને હુકમ આપ્યો

કે, "આ છોકરાને અહીંયાં મારશો નહિ. જે વખતે રાણકદેવી પાટણમાં પેસવાને આનાકાની કરશે, તે સમયે તેને પાટણને દરવાજે ઠાર કરજો."

આ પ્રમાણે કહીને સિદ્ધરાજ રાણકદેવીને બળાત્કારથી પાટણ તરફ લઇ જવા લાગ્યો, પરંતુ રાણકદેવીના મનમાંથી પતિભક્તિ લેશ પણ ઓછી થઇ નહોતી. શિયળનું ગમે તેટલા જોખમે પણ રક્ષણ કરવાનો તથા પતિની પાછળ સતી થવાનો તેણે મનમાં સંકલ્પ કર્યો હતો. રાણકદેવીને ગઢમાંથી બહાર લઈ જતા હતા તે વખતે રા'ખેંગારનો ઘોડો તેની નજરે પડ્યો. એ ઘોડાને જોઇને એ ઘણી દિલગીર થઇને બોલી:—

" તરવરિયા તોખાર, હૈયું ન ફાટ્યું હંસલા !
મરતાં રા'ખેંગાર, ગામતરાં ગુજરાતનાં. "

થોડી વાર પછી રા'ખેંગારનો સાબરશૃંગ તેના જોવામાં આવ્યો, તેને જોઇને તેણે નીચેના ઉદ્ગાર કાઢ્યાઃ—

" રે ! સાબર શૃંગાળ, એક દિન શૃંગાળાં હતાં;
મરતાં રા'ખેંગાર, ભવનાં ભીલાં થઇ રહ્યાં. "

થોડી વાર પછી મોરને કેકારવ કરતો સાંભળી તેણે કહ્યું:—

" કાંઉ કે ગચ્છ મોર, ગોખે ગરવાને ચડી;
કાપી કાળજ કોર, પિંજર દાઝ્યો પાણિયે. "

સારાંશ કે, "અરે મોર ! ગિરનારની બારીએ ચઢીને શું કામ ટહૂકે છે? મારા કાળજાની કોર કાપીને, મારૂં પાંજરૂં (ઘર) પાણીએ બળ્યું છે; એટલે કે મારા સગા ભાણેજે મારૂં ઘર ભગાવ્યું છે."

જરા આગળ ચાલતાં પતિ રા'ખેંગારની લાશ રાણકદેવીની દૃષ્ટિએ પડી. તેને જોઇને એ શોકાર્ત્ત રાણી બોલી ઊઠી:—

" સ્વામી ! ઊઠો સૈન્ય લઈ, ખડગ ધરો ખેંગાર;
છત્રપતીએ છાઇઓ, ગઢ જૂનો ગિરનાર. "

પછી દામાકુંડ આગળ આવતાં તે પતિવ્રતા નારી બોલી:—

" ઊતર્યા ગઢ ગિરનાર, તનડું આવ્યું તળાટિયે;
વળતાં બીજી વાર, દામો કુંડ નથી દેખવો. "

પછી ધારગર નામની વાડી પાસે આવીને તે બોલી કે:—

"ચંપા ! તું કાં મહોરિયો, થડ મેલું અંગાર;
મહોરે કળિયું માણતો, માર્યો રા'ખેંગાર."

એમ કહેવાય છે કે રાણીનાં એ વચનો સાંભળીને ચંપાનું ઝાડ સુકાઇ ગયું અને એ લીલીકુંજાર વાડી પણ બળી ગઈ. પછી ગિરનાર પર્વતને જોઇને તે બોલી કે:—

"ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે;
મરતાં રા'ખેંગાર, રંડાપો રાણકદેવડી."

પાંચ ગાઉ ચાલ્યા પછી રાણકદેવીએ પાછું વળીને જોયું. ઊંચો ગિરનાર એ સમયે દૃષ્ટિગોચર થતો હતો. ગિરનાર જાણે એ ફોજ વળાવવા આવતો હોય એવો ભાસ થતો હતો. તેને સંબોધીને રાણકદેવી બોલી:—

"ગોઝારા ગિરનાર ! વળામણ વેરીને કિયો;
મરતાં રા'ખેંગાર, ખરેડી ખાંગો નવ થિયો."

ઘણે દૂર પહોંચ્યા પછી ગિરનારને દૃષ્ટિમર્યાદામાં પેસી જતો જોઇને એ બોલી ઊઠી:—

"મ પડ મારા આધાર ! ચોસલાં કોણ ચઢાવશે ?
ગયા ચડાવણહાર, જીવતા જાતર આવશે."

સારાંશ કે, "ઓ ગિરનાર ! તું પડીશ નહિ, હવે તારાં ચોસલાં પાછાં કોણ ચડાવશે ? ચડાવનાર હતો તે તો ગયો અને હવે જીવતા હશે તેઓ તારી જાત્રા કરવા આવશે માટે તું પડી જઇશ નહિ."

આ પ્રમાણે રસ્તામાં પણ ક્ષણે ક્ષણે પતિનું સ્મરણ કરતી કરતી રાણકદેવી પાટણ આગળ આવી પહોંચી. ત્યાં આગળ સિદ્ધરાજે તેને રહેવા માટે સુંદર સ્થાન બતાવ્યું ત્યારે રાણકદેવીએ કહ્યું કે:—

"બાળું પાટણ દેશ, પાણિ વિના પૂરાં મરે;
સરવો સોરઠ દેશ, સાવજડાં એ જળ પીએ."

પછી પાટણને પાદર આવીને બધાંએ ઉતારો કર્યો. સિદ્ધરાજે શહેર બહાર આખા શહેરને ઉજાણી કરાવીને કહ્યું કે, "સર્વે લોકોએ સારાંસારાં લૂગડાં પહેરીને બહાર આવવું." રાજાની આજ્ઞા માનીને બધા નાગરિકો સુંદર વસ્ત્રાલંકાર પહેરીને ઉજાણીએ આવ્યા, ત્યારે તેમને જોઇને રાણકદેવી બોલી કે:—

"બાળું પાટણ દેશ, જીસે પટોળાં નીપજે;
સરવો સોરઠ દેશ, લાખેણી મળે લોબડી. ,,

પછી ગુજરાતની કોઇ સ્ત્રીએ તેને પૂછ્યું કે, "તમે સિદ્ધરાજની રાણી છો?" તેના ઉત્તરમાં વીરાંગના રાણકદેવીએ ઉત્તર આપ્યો કે, "હું તો મારા કંથને એવી દશામાં મૂકીને આવી છું કે—

"વાયે ફરકે મૂછડી, રયણ ઝબૂકે દંત;
જુઓ પટોળાંવાળીયો, લોબડીવાળીનો કંથ.
જે સાંચે સોરઠ ઘડ્યો, ઘડીયો રા'ખેંગાર;
તે સાંચો ભાગી ગયો, જાતો રહ્યો લુહાર."

પછી તે સ્ત્રીએ તેને પૂછ્યું કે, "એવું છે તારે તમારી આંખોમાં આંસુ કેમ નથી આવતાં?"

રાણકદેવી બોલીઃ–

"પાટણને પડતે, કહો તો કૂવા ભરાવીએ;
માણેરો મરતે, શરીરમાં સરણાં વહે."

આટલા દિવસના સહવાસમાં સિદ્ધરાજ જોઈ શકયો હતો કે રાણકદેવી સાચી સતી છે. તેના હૃદયમાંથી પતિભક્તિ લેશમાત્ર ઓછી થઈ નથી. સામ, દામ, ભેદ, દંડ આદિ ઉપાયો અજમાવીને સિદ્ધરાજે તેને વશ કરવાનો ઘણોએ પ્રયત્ન કર્યો, પણ સતી રાણકદેવીનું ચિત્ત કશાથી ચલિત થયું નહિ. પોતાના ઉપર કુદૃષ્ટિ રાખવા માટે તેણે સિદ્ધરાજનો ઘણોજ તિરસ્કાર કર્યો. સિદ્ધરાજ ગમે તેવો તોપણ સમજુ રાજા હતો. રાણી ઉપર નિરર્થક બળાત્કાર કરવાનું તેણે યોગ્ય ન ધાર્યું. તેણે રાણકદેવીનો ઘણો આદરસત્કાર કરીને પૂછ્યું: "તમારે ક્યાં રહેવાની ઇચ્છા છે?" રાણકદેવીએ કહ્યું કે, "હું વઢવાણ ગામમાં રહીશ." પછી સિદ્ધરાજ તેને લઇને વઢવાણ ગયો, ત્યાં ગયા પછી રાણકદેવીએ સતી થવાની ઇચ્છા દર્શાવી. ઉદારચિત્ત રાજા સિદ્ધરાજે તેની ઇચ્છા માન્ય રાખી અને ભોગાવા નદી આગળ સુગંધીદાર કાષ્ટની ચિતા ખડકાવી; એ ચિતામાં રાણી રાણકદેવીને બેસાડીને સિદ્ધરાજે કહ્યું કે, "તું સાચી સતી હોઇશ તો અગ્નિ વગરજ ચિતા સળગશે." પછી રાણકદેવી ગામમાં દેવતા માગવા ગઇ પણ કોઇએ તેને દેવતા આપ્યો નહિ, એટલે સૂર્યનારાયણને પગે લાગીને એ બોલી કેઃ–

" ફાટ્ટ શહેર વઢવાણુ, ભાગોળે ભોગાવો વહે;
ભોગવતો ખેંગાર રાણુ, ભોગવ ભોગાવા ધણી. "

એમ કહેવાય છે કે એ સમયે ઉષ્ણુ વાયુ વાવા લાગ્યો અને ચિતા એકદમ સળગી ઊઠી. એ સમયે સિદ્ધરાજે પોતાની પામરી તેના ઉપર નાખી; તે રાણકદેવીએ પાછી નાખી અને કહ્યું કે, " મારી ભેગો તું બળી મરે તો આવતા ભવમાં હું તારી રાણી થાઉં." પણ પ્રેમની ખાતર પ્રિયતમાની સાથે બળી મરવાની હિંમત સિદ્ધરાજની ક્યાંથી ચાલે ?

જોતજોતામાં પતિવ્રતા રાણકદેવીનો પવિત્ર દેહ એ ચિતામાં બળીને ભસ્મીભૂત થઇ ગયો.

१२२–महादेवी अक्का

એનો જન્મ કર્ણાટક દેશમાં ઉડરડી ગામમાં ઇ૦ સ૦ ૧૧૬૦ માં એક પ્રતિષ્ઠિત કુટુંબમાં થયો હતો. તેના રૂપ અને ગુણથી પ્રસન્ન થઇને રાજા કંષિકુએ તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા પ્રગટ કરી હતી, પણ એ વિદુષી સન્નારીએ જીવન-પર્યંત બ્રહ્મચારિણી રહીને લિંગાયત ધર્માનુસાર સંન્યાસિની થવાનું પસંદ કર્યું.

લિંગાયત શૈવ સંપ્રદાયનો એક પંથ છે. એ પંથના અનુયાયીઓ ગુરુ પ્રત્યે પુષ્કળ ભક્તિ ધરાવે છે અને શિવલિંગ સદા પોતાની પાસે રાખીને તેનું ધ્યાન તથા પૂજન કરે છે. મહાદેવી અક્કા કવિતા ઘણી સારી લખતી. એના એક કાવ્યનો ભાવાર્થ નીચે પ્રમાણે છેઃ–

" પહાડ ઉપર ઘર બાંધો તો જંગલી જનાવરોથી બીવાનું કેમ પાલવે ? સમુદ્રકિનારે ઘર બાંધો તો મોજાંઓનો ભય રાખવો કેમ પાલવે ? ગામડામાં ઘર બાંધો અને ગડબડથી કંટાળો તો કેમ ચાલે ? આ સંસારમાં આપણે જરા પણ ક્રોધ કર્યા વગર શાંતચિત્તે નિંદા અને સ્તુતિને એકસરખી રીતે સહન કરવાં જોઇએ. "

१२३-राणी सालमणि

એ રાજા ઓરાદતની રાણી હતી. તેણે ભોપાળના કિલ્લા-ની પાસે એક ઘણું વિશાળ અને સંગીન તીર્થ બંધાવ્યું અને તેનું નામ સભામંડળ રાખ્યું. એ મંદિર વિક્રમ સંવત ૧૨૦૮ માં બંધાવા માંડ્યું હતું અને વિ૦ સં૦ ૧૨૪૧ માં બનીને તૈયાર થયું હતું. રાણી સાલમણિ ઘણી ધર્માત્મા સ્ત્રી હતી. તેણે ૫૦૦ બ્રાહ્મણોને રોજગાર બાંધી આપ્યો. એ બ્રાહ્મણો-નું કામ ફક્ત પૂજાપાઠ કરીને બેસી રહેવાનું નહોતું. તેઓ ત્યાંની પ્રજાને ધાર્મિક શિક્ષણ પણ આપતા હતા. હજારો વિદ્યાર્થીઓ તેમની પાસે વેદશાસ્ત્ર ભણવા આવતા. એ સમયે ભારતવર્ષમાં રાણી સાલમણિએ સ્થાપેલા એ મંડળની સારી ખ્યાતિ હતી.

१२४-कान्ति

કાન્તિનો જન્મ કર્ણાટક દેશમાં થયો હતો. એ જૈનધર્મ પાળતી હતી. એ એક ઊંચા પ્રકારની કવયિત્રી હતી. એની કવિતા ઘણી મનોહારી થતી હતી. કાનડી ભાષાના સાહિત્યમાં ઘણુંખરૂં એ પહેલી સ્ત્રીકવિ છે. દેવચંદ્ર કવિના એક લેખ ઉપરથી જણાય છે કે એ સન્નારી છંદ, અલંકાર, કાવ્ય, કોશ અને વ્યાકરણ આદિ અનેક ગ્રંથોના અભ્યાસમાં કુશળ હતી. બાહુબલિ કવિએ એનાં કાવ્યોની બહુ પ્રશંસા કરીને એને એ વખતની સરસ્વતીની પદવી આપી હતી. દ્વાર સમુદ્રના બલ્લા રાજા વિષ્ણુવર્ધનની સભામાં પંપ અને કાન્તિની વચ્ચે વાદવિવાદ થયો હતો. પંપે આપેલી સમસ્યાઓની પૂર્તિ એણે કરી હતી. કાન્તિનો જન્મ ઇ.સ. ૧૧૦૫ માં થયો હતો.



૧૨૫–લીલાવતી

શાલિવાહન શાકે ૧૯૩૬ (વિ. સંવત ૧૧૭૧)માં દક્ષિણ ભારતમાં ભાસ્કરાચાર્ય નામના એક વિદ્વાન પંડિતનો જન્મ થયો હતો. ગણિત અને જ્યોતિષશાસ્ત્રમાં એમણે ઘણી પ્રસિદ્ધિ મેળવી હતી. લીલાવતી એમની કન્યા હતી.

લીલાવતી જ્યારે વિવાહ યોગ્ય થઇ ત્યારે ભાસ્કરાચાર્યે તેના ગ્રહ જોયા. ગ્રહ જોતાં એમને જણાયું કે લીલાવતીના ગ્રહમાં એવો અનિષ્ટ યોગ છે કે પરણ્યા પછી થોડે વર્ષે એ વૈધવ્યને અવશ્ય પ્રાપ્ત થશે.

ભાસ્કરાચાર્ય વિચારમાં પડ્યા. એમણે એવો વિચાર કર્યો કે એવું ઉત્તમ શુભ લગ્ન નિર્ધારીને લીલાવતીનું લગ્ન કરવું કે આ વૈધવ્યદોષ નડે નહિ.

ઘણો વિચાર કરીને તથા ઘણો હિસાબ ગણીને ભાસ્કરાચાર્યે શુભ લગ્ન શોધી કાઢ્યું.

યોગ્ય સમયનો નિર્ણય કરવા સારૂ એવો નિયમ ઠરાવવામાં આવ્યો કે એક નાના ઘડામાં છિદ્ર કરીને એ પાત્રને પાણીમાં તરતું મૂકવું. પાત્રના છિદ્રમાં થઇને જળ પાત્રમાં ભરાતું જાય અને જે ક્ષણે પાત્ર ડૂબી જાય તે મુહૂર્તે લગ્ન કરવું.

આ પ્રમાણે નિર્દિષ્ટ સમયે શુભ મુહૂર્તમાં વિવાહ કર્યાથી કન્યા વિધવા નહિ થાય.

ભાસ્કરાચાર્યે વિવાહની તૈયારીઓ કરી. દિવસ નક્કી થયો. સમયનિર્દેશને માટે જળકૂંડીમાં છિદ્રવાળું પાત્ર મૂકવામાં આવ્યું. ઉત્કંઠિત નેત્રે બધા જોવા લાગ્યા કે પાત્ર ક્યારે ડૂબે છે.

કુતૂહલવશ લીલાવતી પણ પાત્રની પાસે બેઠી હતી. એણે

એ સમયે વિવાહનાં વસ્ત્રો પહેર્યાં હતાં. માથે વિવાહનો મોડ હતો. લીલાવતી પાત્રની તરફ માથું નમાવીને પાત્ર ક્યારે ડૂબે એ આતુરતાથી જોયા કરતી હતી. એવામાં એકાએક તેના મોડમાંથી એક નાનું મોતી ખરી જઇને પાત્રની વચમાં જઇ પડયું અને એનું છિદ્ર પુરાઈ ગયું.

મોતી એટલું નાનું હતું કે, એ તરફ કોઇનું લક્ષ ગયું નહિ.

સાધારણ પરપોટાની પેઠે મોતી ઘડાના જળ ઉપર ક્ષણવાર જણાઇને ડૂબી ગયું. સાથે સાથે લીલાવતીનું સાંસારિક સુખ પણ ડૂબી ગયું.

ઘણી વાર થઇ ગઇ, પણ પાત્ર ડૂબ્યું નહિ. જળ પણ વધ્યું નહિ. બધાએ તપાસ કરીને જોયું તો માલૂમ પડયું કે લીલાવતીના મુગટમાંથી એક નાનું સરખું મોતી ઘડાના છિદ્રમાં ભરાઇ રહ્યું છે. એ કેટલી વારથી ભરાયું છે, કેટલી વાર થયાં છિદ્રોમાંથી પાણી આવતું નથી તે કોઈ નક્કી કરી શક્યું નહિ, એટલે, વિવાહનું શુભ મુહૂર્ત નક્કી કરવાનું કામ પણ અસંભવિત થયું. બધા પ્રયત્નો નિષ્ફળ જવાથી ભાસ્કરાચાર્યને ઘણો શોક થયો.

બનવા કાળને કોઇ રોકી શકતું નથી. વિધાતાના વિધાનનું કોઇ ઉલ્લંઘન કરી શકતું નથી. કર્મોના ફળરૂપે જેને જે દુઃખ ભોગવવાનું નિર્માણ થયું છે તે ભોગવ્યા વગર છૂટકો નથી, એવા વિચારથી ભાસ્કરાચાર્યે વધારે સંકોચ ન આણતાં લીલાવતીનો વિવાહ કરી દીધો.

વિવાહના થોડા દિવસ પછી લીલાવતી વિધવા થઇ.

પતિ કે સંતાન વગરની અભાગી લીલાવતી શૂન્ય સંસારમાં પોતાનું શૂન્ય જીવન કેવી રીતે ગાળશે, એ વિચારે ભાસ્કરાચાર્યને ઘણા આકુળવ્યાકુળ કર્યા. આખરે એમના મનમાં વિચાર ઊપજ્યો કે, "ઠીક, ત્યારે લીલાવતીને ગણિત, જ્યોતિષ આદિ વિદ્યા શા માટે ન ભણાવું? એકાંતમાં પોતાની મેળે એ વિદ્યાઓનો અભ્યાસ કરવાથી તેના જીવનની નીરસતા જતી રહેશે.

"ફક્ત પતિસેવા અને સંતાનપાલનની નાની સીમામાં બંધાઇ ન જવાથી લીલાવતીનું જીવનચરિત્ર ઘણું વિશાળ થશે; સાંસારિક સુખભોગથી વંચિત હોવા છતાં પણ જ્ઞાનને લીધે અમર કીર્તિ મેળવ્યાથી લીલાવતીનું આ પાર્થિવ જીવન ધન્ય થશે; લીલાવતીનું

વૈધવ્ય દુઃખરૂપ થવાને બદલે ઊલટું તેના મહત્ત્વનું કારણભૂત થઈ પડશે.” આવા આવા વિચારોથી ભાસ્કરાચાર્યે ઘણી કાળજીપૂર્વક લીલાવતીને ગણિત અને જ્યોતિષશાસ્ત્રનું શિક્ષણ આપવું શરૂ કર્યું. એ વિદ્યાઓ ભણવામાં લીલાવતીએ પણ પોતાનું બધું મન પરોવ્યું. થોડા વખતમાં અંકગણિત અને બીજગણિતમાં એ ઘણીજ હોશિયાર થઇ ગઈ. (શાકે ૧૦૭૨, વિ. સં. ૧૨૦૭)

અંકગણિત, બીજગણિત અને જ્યોતિષશાસ્ત્ર સંબંધી ભાસ્કરાચાર્યે ‘સિદ્ધાંત શિરોમણી’ નામનો એક મોટો ગ્રંથ રચ્યો. એ ગ્રંથના ગણિતવિભાગનો મોટો અંશ લીલાવતીનો રચેલો છે. અંકગણિતનું તો નામજ ભાસ્કરાચાર્યે લીલાવતી રાખ્યું છે. પિતા પ્રશ્ન પૂછે છે અને લીલાવતી તેનો ઉત્તર આપે છે; એ પ્રમાણે આખું પુસ્તક રચાયું છે. હિંદુગણિત સંબંધી લીલાવતીના નિયમો યૂરોપ વગેરે દેશમાં પણ પ્રસિદ્ધ છે. ત્યાંના ગણિત જાણનારા પંડિતો પણ પ્રાચીન હિંદુ વિધવાના અંકગણિત અને બીજગણિત સંબધી નિયમોની પ્રશંસા કરે છે. સાંભળ્યા પ્રમાણે આઠસેં વર્ષો પૂર્વે આ દેશમાં, લીલાવતીએ ગણિત સંબંધી જે ગૂંચવાડાભરેલી સમસ્યાઓના ખુલાસા કર્યા છે, તે ખુલાસા યૂરોપના પંડિતો ફક્ત થોડા સમય પૂર્વેજ શોધી શકયા છે.

જે ઇચ્છાથી ભાસ્કરાચાર્યે બાળવિધવા કન્યાને વિદ્યાનો શોખ લગાડ્યો તે ઇચ્છા તેમની પૂર્ણ થઇ. પતિપુત્ર સાથે ઘણીએ રમણીઓ સુખમાં સાંસારિક જીવન ગાળે છે, પણ કેટલી સ્ત્રીઓ લીલાવતીની પેઠે જગતમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવીને કીર્તિવતી થઇ શકી છે? યોગ્ય પિતાએ વિધવા બાળાને યોગ્ય વ્રતમાંજ નિમગ્ન કરી, તેને પરિણામે લીલાવતીનું વૈધવ્યજીવન ઘણું ઉચ્ચ નીવડ્યું અને જગતને એ વિદુષી સ્ત્રીના જ્ઞાનથી ઘણો લાભ પહોંચ્યો.

વહાલા આર્ય વાચકો! તમારામાંથી ઘણાઓના ઘરમાં એવી અનેક બાળવિધવા કન્યાઓ છે. તમારા પ્રયત્નના અભાવે, તમારી ઇચ્છા અને લાગણીના અભાવે આ શૂન્ય સંસારમાં તેઓ શૂન્ય, નીરસ, નિરર્થક અને દારુણ દુઃખ તથા નિરાશાભર્યું જીવન ગાળે છે. તમારાજ દેશમાં થઇ ગયેલા મહાવિદ્વાન ભાસ્કરાચાર્યે બેસાડેલા દાખલાનું અનુકરણ કરો. તમારી પોતાની પાસે એટલી અનુકૂળતા ન હોય, તો આપણા દેશવાસી બંધુઓ અને બહેનો-

એ સ્થાપેલાં 'સેવાસદન' 'વનિતાવિશ્રામ' અને પ્રો. કર્વેના 'વિધવાશ્રમ' જેવી સંસ્થાઓમાં યોગ્ય શિક્ષકોના હાથમાં તેમને સોંપીને તમારી વિધવા કન્યાઓનાં શૂન્ય જીવનમાં પૂર્ણતા આણી આપો, સંસારમાં તેમના નિષ્ફળ અને નીરસ થઇ ગયેલા જીવનને જગતના હિતમાં કામે લગાડી સફળ કરો!

સ્વામીની સ્મૃતિની સદા પૂજા કરીને, પવિત્ર વિદ્યાના અભ્યાસથી લીલાવતીની પેઠે વૈધવ્યનું સાર્થક કરીને, તમારા ઘરમાંની બાળવિધવાઓ પણ આપણા હતભાગ્ય દેશનું મુખ ઉજ્જવલ કરે, એજ અમારી જગન્નિયંતા પ્રત્યે પ્રાર્થના છે.

૧૨૬–अतिमंबे

એ કર્ણાટકનિવાસી કવિ ચક્રવર્તી રત્નની પુત્રી હતી. એને જૈનધર્મ ઉપર અગાધ શ્રદ્ધા હતી. એ સદા વ્રતનિષ્ઠ રહેતી હતી. ધર્મકાર્યો કરવા તરફ એનું વિશેષ ધ્યાન હતું. એણે સુવર્ણ અને રત્નજડિત એક હજાર જિન પ્રતિમાઓની સ્થાપના કરી હતી અને લાખો રૂપિયાનું દાન કર્યું હતું. દાનને લીધે એ એટલી બધી પ્રસિદ્ધ થઇ ગઇ હતી કે, લોકો એને દાનચિંતામણિ કહેતા હતા. એજ દાનશીલા રમણીના સંતોષની ખાતર રત્ન કવિએ અજિત પુરાણની રચના કરી હતી.



૧૨૭–જયદેવપત્ની પદ્મિની

આ સાધ્વીનાં માતાપિતા શ્રીજગન્નાથપુરીમાં રહેતાં હતાં. તેના પિતા એક અગ્નિહોત્રી બ્રાહ્મણ હતા. પદ્મિની ઘણી રૂપવતી અને ગુણવતી હતી. તેનો વિવાહ પુરી પાસેના કિંદુરિલ્વ ગામના રહેવાસી જયદેવ કવિ સાથે થયો હતો. જયદેવ કવિ ઘણા પ્રસિદ્ધ અને વિદ્વાન હતા. તેમની સ્ત્રી પદ્મિની પણ ઘણી પતિવ્રતા હતી. પતિ ઉપર તેનો ઘણોજ અગાધ પ્રેમ હતો. શ્રીકૃષ્ણની પણ એ પૂરી ભક્ત હતી. જયદેવ કવિ પોતાના ગામના રાજાના આશ્રિત હતા એટલે પદ્મિની પણ વખતોવખત રાજાની રાણીને મળવા અંતઃપુરમાં જતી હતી.

એક વખત રાજાની એક રાણીનો ભાઈ મરી ગયો અને તેની સ્ત્રી તેની પાછળ સતી થઇ ગઇ. એ કૃત્ય માટે રાણી એ સતીની પ્રશંસા કરીને કહેવા લાગી: “જુઓ, એ કેવી પતિવ્રતા હતી કે પોતાના પતિની પાછળ બળીને ભસ્મ થઇ ગઇ. આજના જમાનામાં એવી સ્ત્રી બીજી કોઇ નહિ હોય!” રાણીની ખુશામતખોર દાસીઓ હાજી હા કહીને તેની વાતને પુષ્ટિ આપતી ગઇ, પણ પદ્મિનીને એ વાત પસંદ ન પડી, તેથી એ ચુપચાપ બેસી રહી. પદ્મિનીને ચુપચાપ જોઇને રાણીને ગુસ્સો ઊપજ્યો અને તેણે આમ મૌન બેસી રહેવાનું કારણ પૂછ્યું. પદ્મિનીએ હાથ જોડીને વિનયપૂર્વક ઉત્તર આપ્યો: “રાણીજી! આપનું કહેવું વાજબી છે, પણ મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે ખરી પતિવ્રતા તો એજ કહેવાય કે જે પતિના મૃત્યુના સમાચાર સાંભળતાંવારજ દેહનો ત્યાગ કરી દે. પતિના મરી ગયા પછી ચિતામાં બળી મરવું એમાં તે શી મોટી વાત છે?”

પદ્મિનીના આ સ્પષ્ટ જવાબથી રાણી ઘણી અપ્રસન્ન થઇ અને કોઈ પ્રસંગે તેની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. એક વખત રાજા

સાત્ત્વિક શિકાર ખેલવા ગયો. તેની સાથે કવિવર જયદેવજીને પણ જવું પડયું. આ લાગ સાધીને રાણીએ આખા શહેરમાં જૂઠી ખબર ફેલાવી દીધી કે જયદેવને તો સિંહે ફાડી ખાધા. આ ખબર સાંભળતાંવારજ પદ્મિની પતિવિયોગથી વિહ્વળ થઇ ગઇ અને એકદમ બેહોશ થઇ જઇને જમીન ઉપર ઢળી પડી. તેના બચવાની જરા પણ આશા રહી નહિ. આખા નગરમાં હાહાકાર વ્યાપી ગયો.પદ્મિનીનો આવો અગાધ પ્રેમ તથા આટલી બધી પતિભક્તિ જોઇને રાણી ઘણીજ આશ્ચર્ય પામી અને ખુલ્લી રીતે તેની પ્રશંસા કરવા લાગી. પોતાનેજ લીધે નિર્દોષ પદ્મિનીનું મૃત્યુ આવી પહોંચ્યું એ વિચારથી એ ઘણીજ ચિંતાતુર થઇ. મનમાં ને મનમાં રાણી વિચારવા લાગી કે, "જ્યારે જયદેવ કવિને આ વાતની ખબર પડશે ત્યારે એ મને શું કહેશે ? આખા શહેરના લોકો મારી નિંદા કરશે અને ઇશ્વરને ત્યાં પણ મારે બ્રહ્મહત્યા તથા સ્ત્રીહત્યાનું પાપ ભોગવવું પડશે. હાય ! મારી બુદ્ધિ કયાં બહેર મારી ગઇ કે મને એવી દુષ્ટબુદ્ધિ સૂઝી ! હાય ! હવે મારા પતિ મને શું કહેશે ? આજથી એમની દૃષ્ટિમાં હું દુષ્ટ અને ઘાતકી ગણાઇશ. હવે એ મને કોઇ દિવસ પોતાની પાસે નહિ રહેવા દે, તથા હમેશાં મારો તિરસ્કાર કરશે."

આ પ્રમાણે રાણીના મનનાં ઘણોજ પશ્ચાત્તાપ થઇ રહ્યો હતો, તથા ક્ષણે ક્ષણે નવી ચિંતાઓ ઊપજતી હતી, એટલામાંજ રાજાની સવારી શહેરમાં આવી પહોંચી અને રાજાએ મહેલમાં પ્રવેશ કર્યો. નગરમાં પ્રવેશ કરતાં વારજ પત્ની સંબંધી હૃદયવિદારક સમાચાર જયદેવ કવિના સાંભળવામાં આવ્યા. તરતજ એ ઘેર પહોંચ્યા અને પત્નીને મૃત્યુના મુખમાં પડેલી જોઇને વિલાપ કરવા લાગ્યા.

રાજાએ પણ પોતાની રાણીને ઘણીજ ધમકાવી: "હે દુષ્ટા ! તું સ્ત્રી નહિ પણ રાક્ષસી છું. તું મારી પાસે રહેવાને યોગ્ય નથી. તેં નિરપરાધી, નિર્દોષી, સદ્‌ગુણી સ્ત્રીને જોતજોતામાં મારી નાખી છે. એના મૃત્યુથી કવિરાજ જયદેવજીનું જીવન પણ નિસ્તેજ થઇ જશે. તારા જેવી નિર્દય સ્ત્રી બીજી કોઇ નહિ હોય."

જયદેવે મૃત્યુશય્યામાં પડેલી પત્નીની પાસે બેસીને મધુર સ્વરથી ગીતગોવિંદ ગાઇને શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા માંડી. એ અપૂર્વ સ્તુતિ સાંભળીને ત્યાં આગળ બેઠેલા બધા લોકો કરુણ રસમાં

લીન થઇ જઇને રુદન કરવા લાગ્યા. એમ કહેવાય છે કે, સ્તુતિ સંપૂર્ણ થતાંવારજ શ્રીભગવાનની કૃપાથી પદ્મિનીનાં નેત્ર ઊઘડ્યાં અને ઊંઘમાંથી ઊઠનારા મનુષ્યની પેઠે આળસ મરડીને એ ઊભી થઇ તથા કહેવા લાગીઃ " અહો ! આજ તો હું ખૂબ ઊંઘી." તેને સાજી થયેલી જોઇને બધાને ઘણોજ આનંદ થયો. આખા શહેરમાં પદ્મિનીના સતીત્વ અને પાતિવ્રત્યની ઘણી પ્રશંસા થવા લાગી અને લોકો તેને દેવી તરીકે પૂજવા લાગ્યા.

૧૨૮-પૃથા

એ વીર પૃથ્વીરાજની બહેન અને મેવાડના રાણા સમરસિંહની રાણી હતી. પિતાને ઘેર એને યોગ્ય શિક્ષણ મળ્યું હતું. પૃથ્વીરાજનો તેના ઉપર વિશેષ પ્રેમ હતો. આદર્શ ક્ષત્રિયાણીને છાજે એવા બધા ગુણોથી એ વિભૂષિત હતી. તેમાં વળી સમરસિંહ જેવાં પુણ્યાત્મા અને રાજનીતિવિશારદ પતિ પ્રાપ્ત થવાથી એના સદ્ગુણો વિશેષ ખીલી નીકળ્યા હતા. પતિને તથા ભાઇને રાજનીતિના કૂટ પ્રશ્નોમાં એ સલાહ આપતી.

શાહબુદ્દીન સાથેના યુદ્ધમાં પૃથ્વીરાજને સહાયતા કરવા સારૂ રાણા સમરસિંહ દિલ્હી ગયા, ત્યારે પૃથા પણ સાથે ગઈ હતી અને પતિ તથા બંધુને યોગ્ય વચનોથી પ્રોત્સાહિત કર્યા હતા. મુસલમાનોની સાથેના એ ભીષણ યુદ્ધમાં પૃથ્વીરાજની સાથે રાણા સમરસિંહ પણ મરણ પામ્યા, એ સમાચાર સાંભળતાંજ વીરાંગના પૃથા યુદ્ધભૂમિમાં પહોંચી હતી અને પતિના શબને ખોળી કાઢી, એને પોતાના ખોળામાં લઇ ચિતા સળગાવી, ભસ્મીભૂત થઈ ગઇ હતી.





१२९–आण्डाल

એ દક્ષિણ ભારતના એક પ્રસિદ્ધ વૈષ્ણવમંદિરના પૂજારીની કન્યા હતી. બાલ્યાવસ્થાથીજ મંદિરમાં એનું જીવન વ્યતીત થયું હતું, એટલે પ્રભુ-ભક્તિમાં એનું ચિત્ત સ્વતઃ પરોવાયું અને એ શ્રીકૃષ્ણની પરમ ભક્ત નીવડી. એ કન્યા મોટી થઇ ત્યારે માતપિતાએ તેને લગ્ન કરવાનો આગ્રહ કર્યો, પણ એણે કહ્યું: “મેં તો આ જીવન શ્રીકૃષ્ણને સમર્પણ કર્યું છે, માટે એના વગર બીજા કોઇને હું પતિ બનાવવાની નથી. આખરે શ્રીવિલ્લીપુથરના મંદિરના ઠાકોરજી સાથે તેનાં લગ્ન કરી દેવામાં આવ્યાં.

આણ્ડાલ સારી કવયિત્રી હતી. પ્રભુપ્રેમથી પ્રેરાઇને ભક્તિ-રસથી પૂર્ણ અનેક કવિતાઓ એણે લખી છે. તિરુપવાઈ અને તિરુવઈમલઇ નામના બે ગ્રંથ પણ એણે લખ્યા છે. વૈષ્ણવ સાધુઓના કાવ્યગ્રંથમાં એ બન્ને ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ સંગ્રહ ઇ૦ સ૦ ૧૦૦૦ ની લગભગ રચાયો હોય એમ મનાય છે. અને આણ્ડાલની ગણતરી દક્ષિણના બાર આલવર–વૈષ્ણવ ભક્ત અને સંતોમાં આઠમી થાય છે.

એના લગભગ દરેક કાવ્યમાં ઊંડી કૃષ્ણભક્તિ પ્રગટ થાય છે.

તામિલ ભાષાના એક કાવ્યમાં એ લખે છે:—

“હે સંસારવાસી જનો!

“અમે અમારા પ્રભુને શું કરવા માગીએ છીએ તે સાંભળો!

“અમે એ વૈકુંઠવાસીના ગુણાનુવાદ ગાઇશું,

“કે જેણે ક્ષીરસાગરમાં પોતાની શય્યા કરી છે;

“અમે ઘી કે દૂધનો ઉપયોગ નહિ કરીએ.

" અમે પ્રાતઃકાળે સ્નાન કરીને કાજળ નહિ આંજીએ.

" અમે પુષ્પમાળા નહિ ધારણ કરીએ.

" વળી ન કરવા યોગ્ય એક પણ કાર્ય અમે નહિ કરીએ; ખરાબ શબ્દનો અમે ઉચ્ચાર નહિ કરીએ. અમે ગરીબોને ભિક્ષા આપીશું અને પ્રભુમય જીવન વ્યતીત કરીશું."

દેશ સમૃદ્ધિશાળી અને ફળદ્રૂપ કેમ થાય એ સંબંધમાં એ ભક્તિમતી નારી લખે છેઃ "જો આપણે પ્રાઃતકાળમાં સ્નાન કરીને પ્રભુને પુષ્પમાળા ધારણ કરાવીએ અને એ સદાચારી દેવના નામનો જપ નિયમિત રીતે કરીએ તો આપણી ભૂમિમાં ખરાબ દિવસ કદાપિ ન આવે, વરસાદ પુષ્કળ વરસે, મહિનામાં ત્રણ ઝાપટાં થાય, ડાંગરનાં ખેતરોમાં પુષ્કળ પાક ઊતરે, માછલીઓ જગ્યાએ જગ્યાએ ઊભરાઇ જાય, પુષ્પની કળીઓ મધથી ભરાઇ જાય અને પતંગોને પોતાના તરફ આકર્ષે; ગાયો અલમસ્ત થાય અને ચરુના ચરુ ભરીને દૂધ આપે. આ પ્રમાણે (પ્રભુભક્તિના મહિમાથી) દેશ અગાધ સુખ ભોગવે."



१३०–अव्वइ

દક્ષિણ ભારતમાં જે સૌથી લોકપ્રિય કવિઓ અને કવયિત્રીઓ થઈ ગયાં છે, તેમાં એ અગ્રગણ્ય હતી. એને માટે દક્ષિણ હિંદુસ્તાનના લોકોને એટલું બધું માન અને પૂજ્યભાવ છે કે, કેટલાક સ્થળે મંગળવારને દિવસે તેની પૂજા થાય છે. એનાં કાવ્યો લોકોને મુખેથી વારંવાર વાતચીતમાં સાંભળવામાં આવે છે અને એનાં વચનોનો ઉલ્લેખ કરવામાં આવે છે. એનાં કેટલાંક કાવ્યો તો કહેવતરૂપ થઈ ગયાં છે.

કહેવાય છે કે એના પિતાનું નામ ભગવાન અને માતાનું નામ આદિ હતું. બન્ને તીર્થયાત્રામાં જીવન ગાળતાં અને જ્યાં આગળ સંતાનનો જન્મ થાય ત્યાંજ એને છોડીને આગળ જતાં. આ પ્રમાણે વરિયુર ગામની ધર્મશાળામાં અવ્વઇનો જન્મ થયો. એ ગામ હાલના ત્રિચિનાપલ્લીની પાસે હતું અને એ વખતના રાજાનું પાટનગર હતું. ગામવાસીઓએ બાલકીને ઉછેરીને મોટી કરી. ભિક્ષુકની કન્યાને કેળવણી તો આપેજ કોણ? પણ પૂર્વજન્મના સંસ્કારથી એને સંગીત અને કાવ્ય પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન થઇ અને એ વિદ્યાઓમાં એણે સારી પ્રવીણતા મેળવી.

એણે પણ પોતાનું આખું જીવન ભિક્ષા માગવામાં અને પોતાની કવિતા તથા સંગીતદ્વારા જનસમાજને ઉપદેશ કરવામાં ગાળ્યું. લોકો એનો આદર કરતા અને બીજા કવિઓ મશ્કરીમાં કહેતા કે, "એતો વાડકી રાબડીને સારૂ ગીત ગાય એવી છે." વાત ખરી છે. લોકશિક્ષણ અને જનસેવાજ જેનો ઉદ્દેશ હોય તેને વધારે લોભલાલચની જરૂર શા માટે હોય? ગરીબ અને ધનવાન સર્વના એ સમાગમમાં આવતી અને સંકટને સમયે બધાંને મદદ કરતી.

અવ્વઇ લાંબુ આયષ્ય ભોગવીને મરણ પામી હતી. ઈ૦ સ૦ ના બારમા સૈકામાં એ થઇ ગઇ. છે. એની કવિતા તામિલ ભાષા-

માં છે. એનાં કાવ્યો બોધજનક છે. 'સદાચારનું મૂલ્ય' એ વિષય ઉપર એ કહે છે કે,

"સદાચારી મનુષ્યો દુર્દશા પામે તોપણ તેઓ હંમેશાં સદાચારીજ રહેવાનાં.

"દુરાચારી દુર્દશાને પ્રાપ્ત થાય તોપણ તેઓ શા કામના?

"સુવર્ણનો કળશ ભાગી જાય તોપણ આખરે સુવર્ણજ છે.

"માટીનો ઘડો ભાગી જાય, તો શા કામનો છે એ ?"

મનુષ્યદેહની નિંદા કરતાં એ લખે છે કે, "હાય! આપણે ગુલામી વેઠીએ છીએ, ભીખ માગીએ છીએ, સાત સમુદ્ર પાર કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ, શાસન કરીએ છીએ, કવિતા રચીએ છીએ અને ઊંચે સ્વરે ગીત ગાઇએ છીએ. આ બધું આપણા આ પાપી પેટને ભરવાને માટે કરીએ છીએ, કે જે એક મૂઠી ચોખાની ખાતર આપણને આટલાં કષ્ટ આપી રહ્યું છે."

ધનના લોભીઓને ઉદ્દેશીને એ વિદુષી નારી કહે છે કે, "હે મૂર્ખ મનુષ્યો! તમે ધનના લોભમાં સખ્ત પરિશ્રમ કરો છો અને જોખમથી બચાવવા સારૂ ધનને ભોંયમાં દાટો છો, પણ સાંભળો! તમારા દેહપિંજરમાંથી આત્મારામ ચાલ્યો જાય છે, ત્યારે તમે મહામહેનતે એકઠું કરેલું એ ધન કોણ ભોગવશે?"

અબ્વઇ સ્ત્રી હતી. આખું જીવન કવિતાદ્વારા ઉપદેશ આપવામાં ગાળ્યા છતાં સ્ત્રીઓ સંબંધી કાંઇ ન લખે એ અસંભવિત હતું. સારી ગૃહિણીની પ્રશંસામાં એ નીચે પ્રમાણે લખે છેઃ—

"જે ગૃહમાં સારી પત્ની છે તે ઘરને કશી વાતની ખોટ નથી; જો એવી સન્નારી ઘરમાં ન હોય અથવા એ ગૃહિણી કર્કશા હોય, મનને દુઃખવે એવા શબ્દો બોલનારી હોય તો એ ઘર વાઘની ગુફા સમાન છે."

૧૩૧–રુક્મિણી વા રુખમાબાઈ

ઈ૦ સ૦ ના તેરમા સૈકામાં દક્ષિણમાં આલંદી નામના ગામમાં સિદ્ધોપંત નામના એક પવિત્ર, સદાચારી અને જ્ઞાની પુરુષ વસતા હતા. એ ચોવીસ ગામના કુલકર્ણી હતા અને સારી ધનસંપત્તિના સ્વામી હતા. તેમની પત્નીનું નામ ઉમાબાઇ હતું. એ પણ પતિના જેવીજ ધર્મપરાયણા હતી. સાધુ અને અતિથિનો સત્કાર કરવાનો એને ઘણો ઉમંગ હતો. એ બંને પતિપત્નીનો સંસાર સુખમાં વ્યતીત થતો. તેમને એક કન્યા હતી. રુકિમણી અથવા રુખમાબાઈ તેનું નામ હતું. રુકિમણીને માતપિતાએ ધર્મશાસ્ત્ર તથા દેવસેવા વગેરેનું સારૂં શિક્ષણ આપ્યું હતું. કન્યા પરણવા યોગ્ય વયની થવાથી સિદ્ધોપંત અને ઉમાબાઇ યોગ્ય વરની શોધમાં હતાં. એવામાં વિઠ્ઠલપંત નામનો એક પરમ પવિત્ર અને ધાર્મિક વૃત્તિનો કુળવાન બ્રાહ્મણયુવક તીર્થયાત્રા અને સાધુસમાગમ કરતો કરતો આલંદીમાં જઇ પહોંચ્યો અને શ્રીસિદ્ધેશ્વર મહાદેવમાં ઊતર્યો. આલંદીના કુલકર્ણી સિદ્ધોપંતની ત્યાં આગળ એમને મુલાકાત થઇ. સિદ્ધોપંત સદ્ગુણી અને ધાર્મિક જમાઇનીજ શોધમાં હતા. આ યુવકમાં એમણે એ બધા ગુણો જોયા. તેના અંગ ઉપર જ્ઞાન તથા વૈરાગ્યની પ્રભા ઝળકી રહી હતી. એ દરરોજ નિત્ય નિયમથી પરવારીને ઉપનિષદ્‌ની કથા કરવા બેસતા. સિદ્ધોપંતે એ યુવકના કુળ તથા માબાપ આદિની તપાસ કરાવી, તો ખબર પડી કે એ દરેક રીતે પોતાની કન્યા સાથે લગ્ન કરવાને યોગ્યજ છે; છતાં પણ વધારે પરીક્ષા કરવા સારૂ એ વિઠ્ઠલપંતને પોતાને ઘેર આગ્રહ કરીને લઇ ગયા અને પંદર દિવસ સુધી એને પોતાની સાથે રાખીને એના સ્વભાવથી પૂરેપૂરા જાણીતા થયા. એ સમયમાં સિદ્ધોપંતને સ્વપ્ન પણ આવ્યું કે, "આજ યુવકને તું તારી

પુત્રીનું દાન કર. એના દ્વારા દિવ્ય ગુણુવાળી પ્રજા ઉત્પન્ન થશે અને એ તારા કુળને ઉદ્ધાર કરશે.” આ સ્વપ્નને સિદ્ધોપંતે વિધાતાની સંમતિરૂપ માની લીધું અને બીજે દિવસે ન્યાતજાતના ચાર પ્રતિષ્ઠિત માણુસોને બોલાવીને એમની સમક્ષ વિઠ્ઠલપંતને પોતાની કન્યા રુકિમણી આપવાની વાત કાઢી. વિઠ્ઠલપંત તો હસવા લાગ્યા: “ હું તો યાત્રાએ નીકળ્યો છું કે ઘોડે ચઢવા ? હજી તો મારે રામેશ્વરની યાત્રા કરવી છે. વળી હજુ મારે માથે વડીલ બેઠાં છે, એમની આજ્ઞા વગર મારાથી લગ્ન કેવી રીતે કરાય ?” સિદ્ધોપંત શાંત થઇ ગયા. ઝાઝો આગ્રહ કરવો એ સમયે એમને યોગ્ય લાગ્યું નહિ. એજ રાતે વિઠ્ઠલપંતને સ્વપ્નું આવ્યું ને ભગવાને દર્શન દઇને એમને આજ્ઞા આપી કે, “તું આ કન્યાનું પાણિગ્રહણ કર. એ સ્ત્રી તારે માટેજ નિર્માણ થઇ છે.” એ સ્વપ્નને પણ ઇશ્વરનો સંકેત ગણીને એણે પોતાની સંમતિ જણાવી. લગ્નનું મુહૂર્ત જ્યેષ્ઠ વદમાં ઠરાવવામાં આવ્યું અને તૈયારીઓ ઝડપથી થવા લાગી. સમય ટૂંકો હોવાથી વિઠ્ઠલપંતનાં માતાપિતા આલંદીમાં પુત્રના લગ્ન પ્રસંગે આવી શક્યાં નહિ.

શુભ મુહૂર્તમાં ઘણી ધામધૂમ સહિત લગ્ન થઇ ગયાં. સિદ્ધોપંતે પુષ્કળ વસ્ત્રાલંકાર કન્યાને આપ્યાં તથા જમાઇને પણ પોતાના દરજ્જાને છાજે એવી પહેરામણી આપી.

લગ્ન સમાપ્ત થયા પછી વિઠ્ઠલપંતે પંઢરપુરમાં વિઠોબાનાં દર્શને જવાની ઇચ્છા જણાવી. સિદ્ધોપંત પણ સહકુટુંબ તેમની સાથે ગયાં અને પુત્રી તથા જમાઇને વિઠોબાને પગે લગાડયાં. ત્યાંથી તેઓ માર્ગમાં ભજનકીર્તન ગાતાં આલંદીમાં પાછાં આવ્યાં.

વિઠ્ઠલપંત ત્યાર પછી સાસુસસરાની આજ્ઞા લઇ દક્ષિણનાં તીર્થોની યાત્રા કરવા ગયા અને રામેશ્વર, શિવકાંચી, વિષ્ણુકાંચી વગેરે પવિત્ર સ્થળોએ જઇ પાછા આલંદી આવ્યા. હવે ઘેર જઇ માતાપિતાનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા એમને થઇ રહી હતી. સિદ્ધોપંતને પણ વેવાઇને મળવાની ઇચ્છા હતી, એટલે એ પણ કન્યાને લઇને આપેગામ જવા નીકળ્યા. ઘણે લાંબે વખતે પુત્રને યાત્રા કરીને ક્ષેમકુશળ ઘેર પાછો આવેલો જોઇને માતાપિતા ઘણાં હર્ષ પામ્યાં. વળી તેમણે જોયું કે પુત્ર કુળવાન ઘરની સુશીલ કન્યાને પણ પરણી લાવ્યો છે, ત્યારે એમના આનંદનો પાર રહ્યો નહિ. સિદ્ધોપંત પુત્રીને વસ્ત્રાલંકાર આપી થોડા દિવસ

ત્યાં રહી પોતાને ગામ ગયો. રુકિમણી અને વિઠ્ઠલપંતનો ગૃહસ્થાશ્રમ સુખમાં ચાલવા લાગ્યો. વિઠ્ઠલપંતના પિતા ગોવિંદપંત અને માતા નિરાબાઇ પુત્ર તથા વહુને સુખી જોઇને થોડા સમયમાં મરણ પામ્યાં.

ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં વિઠ્ઠલપંતનું ચિત્ત બરોબર ચોંટતું નહિ. એમની વૃત્તિ વૈરાગ્ય તરફ હતી. રાતદિવસ હરિકીર્તનમાં એમનો સમય વ્યતીત થતો. રુકિમણીએ એ વાત પિતાને જણાવી એટલે સિદ્ધોપંત પુત્રી તથા જમાઇને પોતાને ગામ તેડી લાવ્યા. રુકિમણીને અત્યાર સુધી કાંઇ સંતાન થયું નહોતું અને થવાનો સંભવ પણ ઓછોજ હતો, એટલે વિઠ્ઠલપંતે પત્નીને કહ્યું: " તમે જાણો છો કે મારા ચિત્તમાં વૈરાગ્યની ઇચ્છા છે, હું કાશી જઇને સંન્યસ્ત લેવા માગું છું. તમે રજા આપો." રુખમાબાઇને પતિના હૃદયમાં વસેલા તીવ્ર વૈરાગ્યની ખબર હતી એટલે એણે જવાની રજા ન આપી અને બધી વાત પોતાના પિતાને જણાવી. સિદ્ધોપંતે વિઠ્ઠલપંતને કહ્યું: "હમણાં તમારે સંન્યસ્ત લેવો ઉચિત નથી. સંતાન થયા પછી ભલે કાશી જઇને પરમહંસ બનજો." એ વખતે તો વિઠ્ઠલપંતે માની લીધું, પણ પછી એક વખત વિઠ્ઠલપંતે સિદ્ધોપંતને કહ્યુ: "ગંગામાં સ્નાન કરવા જાઉં છું." સસરાના મુખમાંથી સ્વાભાવિક રીતે "જાઓ" શબ્દ નીકળી ગયો. તેને આજ્ઞારૂપ જાણીને વિઠ્ઠલપંત ઉતાવળે પગલે ઘરબાર છોડીને કાશી તરફ ચાલ્યા.

કાશીમાં એ સમયે કબીરજીના ગુરુ રામાનંદ સ્વામી બિરાજતા હતા. વિઠ્ઠલપંતે તેમની સેવા કરી અને દીક્ષા આપવાની પ્રાર્થના કરી. આવા તરુણને સંન્યસ્તદીક્ષા આપવાને સ્વામીજીએ વાંધો લીધો ત્યારે વિઠ્ઠલપંતે જણાવ્યું કે, " મારે પત્ની તથા સંતાન કોઇ નથી. તમે નિ:સંકોચભાવે મને દીક્ષા આપો." રામાનંદ સ્વામીએ વિઠ્ઠલપંતને સંન્યાસી બનાવ્યા અને તેમનું ચૈતન્યાશ્રમ નામ પાડયું.

આ વાત ધીમે ધીમે આલંદી પહોંચી; કેમકે કાશીનિવાસ નિમિત્તે દરેક પ્રાંતના લોકો સ્થાયીરૂપે ત્યાં વસે છે અને ગામેગામથી હજારો યાત્રાળુ પ્રતિદિન ત્યાં આવે છે. રુખમાબાઇને એ સમાચારથી ઘણો ખેદ થયો. એણે જાણ્યું કે, "મારો ગૃહસ્થાશ્રમ સમાપ્ત થયો; સંસારના સુખની આશા હવે મિથ્યા છે. પ્રભુ જે કરે

તે સહન કરવું જોઇએ. પતિદેવ સંન્યાસી બન્યા તો હું ઘરમાં રહીને સંન્યાસિનીના જેવું વ્રત અને તપશ્ચર્યામય જીવન ગાળીશ.” હવે એણે ચિંતા કરવી છોડી દીધી અને આખો દિવસ ધર્મકાર્ય-માં ચિત્તને પરોવ્યું. પ્રાતઃકાળે ઊઠી ઇંદ્રાયણીમાં સ્નાન કરતી, બપોર સુધી પીપળાની પ્રદક્ષિણા કરતી, મુખથી રામનામનો જપ કરતી, એકવેણી રહેતી અને એકજ વાર જમતી. એ લોકોની વાતો સાંભળતી પણ નહિ અને બોલતી પણ નહિ. આ પ્રમાણે ભગવાનની સેવામાં બાર વર્ષ એણે વ્યતીત કર્યાં. મૂળથીજ તેનું અંગ કાંતિમાન હતું અને તેમાં વળી આ ઉગ્ર તપ સાધવામાં આવ્યું, એટલે તેનું શરીર ઘણુંજ તેજસ્વી બન્યું. મહાસતીનું આ અનુષ્ઠાન નિષ્કામ બુદ્ધિપૂર્વક હતું. નિષ્કામ વૃત્તિથી સેવા કરનારને પ્રભુ અણધાર્યાં શુભ ફળની પ્રાપ્તિ કરાવે છે.

રામાનંદ સ્વામી પોતાના છપ્પન શિષ્યો સહિત દક્ષિણની યાત્રા કરવા નીકળ્યા. ફરતા ફરતા એમનું ઝુંડ આલંદીમાં આવી પહોંચ્યું. ત્યાં આગળ રુખમાબાઇ એમનાં દર્શન કરવા સારૂ ગઇ. એનું તેજસ્વી મુખ જોઇને રામાનંદ સ્વામી સમજી ગયા કે આ કોઈ પુણ્યાત્મા સ્ત્રી છે. એમણે પ્રસન્ન થઇને આશીર્વાદ આપ્યોઃ “पुत्रवती भव।” આ આશીર્વાદ સાંભળતાંજ રુખમાબાઇ-ને હસવું આવ્યું. હસવાનું કારણ પૂછતાં તેણે જણાવ્યુંઃ “પતિએ તો કાશીએ જઇ સંન્યસ્ત ગ્રહણ કર્યો છે. હું પતિવ્રતા સ્ત્રી છું, તો પછી આપનો આશીર્વાદ કેવી રીતે ફળશે એ વિચારથી મને હસવું આવ્યું.” સ્વામીજીએ તેની પાસેથી સવિસ્તર વૃત્તાંત જાણી લીધો. સ્વામીજીની ખાતરી થઇ કે પોતાનો શિષ્ય ચૈત-ન્યાશ્રમજ આ યુવતીનો પતિ છે. રામાનંદને રુખમાબાઇ ઉપર બહુ દયા ઉત્પન્ન થઇ. એ તેના પિતાને ઘેર ગયા. સિદ્ધોપંતે શ્રદ્ધાપૂર્વક તેમનું પૂજન કરીને પોતાને ઘેર ભિક્ષા કરાવી. સિદ્ધો-પંતે પણ વિઠ્ઠલપંતના સંન્યસ્તગ્રહણની વાત સ્વામીજીને જણાવી અને કહ્યું કે, “એ બનાવથી મારૂં ચિત્ત સદા ચિંતાતુર રહે છે.” સ્વામીજીને હવે એ કુટુંબ ઉપર પૂરી દયા આવી અને રામેશ્વર જવાનો વિચાર માંડી વાળીને એ સીધા કાશી ગયા. સિદ્ધોપંત પણ પોતાની પત્ની તથા કન્યાને લઇને સાથે ગયા. રામાનંદે એમને એક જુદા મકાનમાં ઉતારો આપ્યો અને પોતે મઠમાં ગયા. ગુરુને જલદી પાછા ફરેલા જોઇને ચૈતન્યાશ્રમ

આશ્ચર્ય પામ્યો. સ્વામીએ તેને કહ્યું: "ચૈતન્ય! તારા પૂર્વાશ્રમનો સાચો વૃત્તાંત કહી સંભળાવ. હું આલંદીથી આવું છું." આલંદીનું નામ સાંભળતાંજ ચૈતન્યાશ્રમના હોશકોશ ઊડી ગયા અને તેણે પોતાનો ખરો વૃત્તાંત કહી સંભળાવ્યો તથા નમ્રતાપૂર્વક જણાવ્યું કે, "મારે સ્ત્રી છે એમ જાણીને આપ મને દીક્ષા નહિ આપો એ ભયથી મેં આપની આગળ અસત્ય કથન કર્યું છે. ગુરુદેવ! મને ક્ષમા કરો." સ્વામીએ ચૈતન્યાશ્રમને આશ્વાસન આપતાં કહ્યું: "બેટા! તેં ઘણી મોટી ભૂલ કરી છે. આવી સુશીલ, પતિપરાયણ, સાધ્વી, તરુણ સ્ત્રીનો ત્યાગ કરનાર કદાપિ સંન્યસ્તનો અધિકારી બનતો નથી. એવી શુભ સંસ્કારવાળી પત્નીના સમાગમમાં રહીને પુરુષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે. જા, તું તારી પત્નીને પુનઃ ગ્રહણ કર. તારૂં એ કાર્ય સમાજના નિયમ વિરુદ્ધ ગણાશે. ન્યાતજાતવાળા તને દુઃખ દેશે, પણ તું કશાની દરકાર કરીશ નહિ. આ કાર્યમાં પ્રભુની સહાયતા છે. જા, ઘેર જઇને ગૃહસ્થાશ્રમમાં પુનઃ પ્રવેશ કર અને સ્વધર્માચરણ આચરીને સુખી થા."

વિઠ્ઠલપંતને માટે આ ધર્મસંકટ હતું. એક વખત સંન્યાસી થયા પછી પુનઃ ગૃહસ્થાશ્રમ માંડવો એ આર્યભૂમિમાં અધમમાં અધમ કૃત્ય ગણાય છે, એ પોતે જાણતા હતા. એથી કરીને લોકનિંદા અને લોકયાતના કેટલી સહન કરવી પડશે તેનું પણ તેમને ભાન હતું. બીજી તરફ ગુરુવચન એ પ્રભુની આજ્ઞા સમાન છે. એનો અનાદર કરનાર નરકગામી થાય છે એમ પણ એ માનતા. આખરે બંને બાજુનો પૂરો વિચાર કર્યા બાદ ચૈતન્યાશ્રમ ગુરુવાક્યને માથે ચડાવીને પુનઃ સંસારી થયા. વિઠ્ઠલપંત અને રુખમાબાઇને લઇને સિદ્ધોપંત આલંદી આવ્યા.

દેશમાં આવ્યા પછી તેમના ઉપર નિંદાનો વરસાદ વરસવા લાગ્યો. લોકો એ ધાર્મિક દંપતિ ઉપર અનેક પ્રકારના દોષારોપણ કરવા લાગ્યા. કોઈ વિઠ્ઠલપંતને વિષયલંપટ કહેવા લાગ્યા, તો કોઈ રુખમાબાઇને પતિને ઉન્નતશ્રૃંગ ઉપરથી ચલાવી લાવનારી વિલાસી સ્ત્રી કહેવા લાગ્યા. વિદ્વાનોનો ક્રોધ રામાનંદ સ્વામી ઉપર પણ ઊતરી પડ્યો, કેમકે એમણે શાસ્ત્રોની આજ્ઞા વિરૂદ્ધ વિઠ્ઠલપંતને સંસારમાં પડવાની સંમતિ આપી હતી. વિઠ્ઠલપંતનાં વૈરાગ્ય, ધૈર્ય, સમતા અને જ્ઞાનની પૂર્ણ કસોટીનો

આ સમય હતો. એ કસોટીમાંથી એ કેવા પાર ઊતર્યા તે મહિપતિ કવિના 'ભક્તવિજય' ગ્રંથ ઉપરથી જણાય છે. એ લખે છે કે, "જનનિંદાનું પૂર આવતાં વિઠ્ઠલપંતે ઉદરમાં પૂર્ણ શાંતિ ભરી દીધી અને કામક્રોધનું શમન કર્યું. દ્વિજોએ અને આપ્તોએ તેમનો પરિત્યાગ કર્યો અને તેઓ અરણ્યમાં પર્ણકુટી બાંધીને પોતાની ભાર્યા સહિત રહેવા લાગ્યા. કુટુંબપોષણાર્થે તેઓ ભિક્ષા માગી લાવતા અને રાતદિવસ અખંડ ઇષ્ટચિંતન કરતા. ગીતાભાગવતાદિ ગ્રંથોનું શ્રવણમનન કરતા અને ચિત્તમાં સદાસર્વદા પ્રસન્ન રહેતા." લોકવિરુદ્ધ કામ કર્યાથી સમાજ તરફથી એમને જે કષ્ટ સહન કરવું પડ્યું તેનો કાંઈક ભાસ નિરંજનમાધવના નીચેના શબ્દો ઉપરથી થાય છેઃ "ચૈતન્યાશ્રમે ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કર્યો છે એ વાત સાંભળીને સર્વ બ્રાહ્મણોએ તેમનો પરિત્યાગ કર્યો. કોઈ તેમનું મુખ પણ જોતું નહિ. લોકો પુષ્કળ નિંદા કરતા. ધીમે ધીમે તેમને ભિક્ષા મળતી પણ બંધ થઇ. કોઇ વખત તેમને ઝાડનાં પાંદડાં ખાઈને રહેવું પડતું, તો કોઇ કોઇ વખત તેમને માત્ર એકજ વાર અન્ન મળતું અને કદી કદી વાયુભક્ષણ કરીનેજ નિર્વાહ કરવો પડતો. આમ બાર વર્ષ ચાલ્યાં ગયાં, પરંતુ વિઠ્ઠલપંતને માયાનો સ્પર્શ સુધ્ધાં થયો નહિ."

આ બધાં સંકટમાં રુક્મિણીએ પતિની સાથે રહીને હર્ષપૂર્વક ભાગ પડાવ્યો. પિતાના ઘેર સુખમાં ઉછરેલી એ સન્નારીએ પોતાના મુખ ઉપર કદી શોકની છાયા ન આવવા દીધી. આ આપત્તિકાળમાં સુશીલ પત્ની એજ એક આશ્વાસન વિઠ્ઠલપંતને હતું. એ એકાંતવાસના સમયમાં રુક્મિણીએ ચાર સંતાનને જન્મ આપ્યો. એમનાં નામ અનુક્રમે નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, સોપાનદેવ અને મુક્તાબાઇ હતાં. ચારે સંતાન પૂર્વજન્મના સિદ્ધાત્માઓ હતાં. કેટલાક તો કહે છે કે, એ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા લક્ષ્મીના અવતારરૂપ હતાં. ગમે તેમ હો, પણ એ ચારે સંતાનોના પાછલા જીવને સાબિત કરી આપ્યું કે, એ ઉચ્ચ કોટિના જીવ હતા અને માતાપિતા તરફથી એમને સારૂં શિક્ષણ મળ્યું હતું. ન્યાતબહાર હોવાથી બહાર આવવાજવાનું થોડું થતું, એટલે વિઠ્ઠલપંત તથા રુખમાબાઇએ પોતાનો બધો સમય બાળકોને કેળવવામાંજ ગાળ્યો. નિવૃત્તિનાથ જ્યારે સાત વર્ષનો થયો, ત્યારે એને જનોઇ દેવાનો વિચાર એમને સૂઝ્યો; પણ

સંન્યાસી થયા પછી ગૃહસ્થાશ્રમમાં આવનાર મનુષ્યનો દાખલો પહેલાં બન્યો નહોતો, એટલે પોતાને પુત્રને જનોઇ દેવાનો અધિકાર છે કે નહિ એ બાબત એમને શંકા ઉત્પન્ન થઇ. ધર્મપરાયણા રુકિમણીએ સલાહ આપી કે, "આપણે કાંઇ ધર્માનુષ્ઠાન કરીએ, તેથી પાપનું પ્રાયશ્ચિત્ત થશે." આખું કુટુંબ ત્ર્યંબકેશ્વરમાં ગયું અને ત્યાં દરરોજ મધ્યરાતે નદીમાં સ્નાન કરીને બ્રહ્મગિરિની પ્રદક્ષિણા કરવા માંડી. આ પ્રમાણે છ મહિના વહી ગયા, ત્યાં આગળ દૈવસંયોગે નિવૃત્તિનાથ માતપિતાથી છૂટા પડી ગયા અને તેમણે શ્રીગૈનીનાથ પાથે દીક્ષા લીધી. કેટલેક દિવસે નિવૃત્તિનાથ ગુરુની રજા લઇને ઘેર આવી માતપિતાને મળ્યા.

છોકરાંઓને મોટાં થતાં જોઇને રુકિમણી તથા વિઠ્ઠલપંતની તેમને યજ્ઞોપવીત આપવાની તીવ્ર ઇચ્છા થવા લાગી. હિંદુસ્તાનમાં ન્યાતબહાર રહેવામાં કેટલું દુઃખ સમાયું છે તે તો જેણે ભોગવ્યું હોય તેજ જાણે. આ સુધરેલા જમાનામાં પણ ન્યાતબહાર રહેવાની બીકથી ઘણા સ્વતંત્રતાના અભિમાની સુશિક્ષિત નરોને નીચું મુખ કરીને શ્રદ્ધાવિહીન પ્રાયશ્ચિત્ત કરતા જોયા છે. તો પછી એ યુગમાં વિઠ્ઠલનાથ અને રુકિમણીને પોતાના બાળકોને ન્યાતજાતમાં દાખલ થઇને નિષ્કલંક જીવન ગાળતાં જોવાની ઇચ્છા થાય એ સ્વાભાવિકજ હતું. એમને એ શંકા હતી કે અમારા જીવનમાંજ પુત્રોનું યજ્ઞોપવીત નહિ થાય તો તેમનો બ્રાહ્મણ વર્ણ સાથેનો સંબંધ તૂટી જશે અને તેથી અધઃપતન થશે. આ વિચારથી એમણે બ્રાહ્મણોની ન્યાત મેળવીને એમની આગળ મસ્તક નમાવીને પોતાનો અપરાધ વિનયપૂર્વક કબૂલ કરીને ક્ષમા આપવાની પ્રાર્થના કરી. બ્રાહ્મણોએ ઉત્તર આપ્યો કે, "તમારા અપરાધને માટે શાસ્ત્રમાં કયાંય પણ પ્રાયશ્ચિત્ત જણાવવામાં નથી આવ્યું અને તમારા બાળકોને યજ્ઞોપવીત ધારણ કરવાની શાસ્ત્રની આજ્ઞા નથી. તમારો અપરાધ એવો તો ઘોર છે કે દેહાંત પ્રાયશ્ચિત્ત સિવાય બીજો કોઇ ઉપાય તમારે માટે હવે રહ્યો નથી."

બ્રાહ્મણોનો એ નિર્ણય સાંભળીને વિઠ્ઠલપંત બાળકોના કલ્યાણ સારૂ પોતાના દેહનો અંત આણવા પણ તૈયાર થયા. તેમણે પોતાનું મન દૃઢ કર્યું. સ્ત્રીપુત્રાદિકનો મોહ છોડયો, બ્રાહ્મણોને વંદન કર્યું અને એકદમ પ્રયાગક્ષેત્ર તરફ પ્રયાણ

કર્યું. રુકિમણીદેવી પણ પતિની પાછળ પાછળ ગયાં. પ્રયાગ જઇને ગંગાયમુનાના પવિત્ર સંગમ સ્થળમાં ત્યાગ અને વૈરાગ્યની મૂર્તિ વિઠ્ઠલપંતે દેહનું વિસર્જન કર્યું. પતિપરાયણા રુકિમણીદેવીએ પણ તરતજ સ્વામીનું અનુગમન કર્યું. દેહનો જરા પણ મોહ રાખ્યા વગર સંગમના પવિત્ર જળમાં ઝંપલાવ્યું; જોતજોતામાં તેમનો પુણ્યાત્મા નાશવંત દેહને ત્યજીને ચાલ્યો ગયો.

રુકિમણીબાઈનાં ચારે સંતાને પોતાની વિદ્વત્તા અને ભક્તિને લીધે મહારાષ્ટ્રમાં પુષ્કળ પ્રસિદ્ધિ મેળવી.

રુકિમણીબાઇનાં પતિવ્રતાપણું તથા ભક્તિ ખરેખર પ્રશંસાને યોગ્ય છે.×



× સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયદ્વારા પ્રકાશિત 'શ્રીજ્ઞાનેશ્વરી ગીતા'માં આપેલા શ્રીજ્ઞાનેશ્વર મહારાજના જીવનચરિત્રમાંથી સારરૂપે ઉદ્ધૃત. —પ્રયોજક

१३२–संयुक्ता

મુસલમાનોએ જે વખત ભારતમાં પગપેસારો કર્યો, તે વખતે ઉત્તર હિંદુસ્તાનાં બધે રજપૂતોનું વધારે જોર હતું. ભારતવર્ષના પશ્ચિમ ભાગમાં જે એક વિસ્તીર્ણ પ્રદેશ છે તેનું નામ રાજસ્થાન કે રજપૂતાના છે. રજપૂતોનું એ આદિસ્થાન છે.

સાહસ, વીરતા અને મહાનુભવતામાં રજપૂતોની બરોબરી કરે એવી પ્રજા જગતમાં બીજી કોઇ નથી. એ બધા ગુણોમાં રજપૂત રમણીઓ પણ પુરુષ કરતાં કોઈ પણ પ્રકારે ઊતરે એવી નહોતી. વસ્તુતઃ રજપૂત જાતિમાં જેટલી વીર નારીઓએ જન્મ લીધો છે, તેટલી વીરાંગનાઓ અન્ય જાતિમાં ઉત્પન્ન થઇ નથી.

વિક્રમાદિત્ય, શિલાદિત્ય વગેરે રાજાઓના અસ્ત થયા પછી રાજસ્થાનમાં રજપૂત રાજાઓ વધારે પ્રબળ થયા હતા અને આખા ઉત્તર ભારતમાં તેમની વિજયપતાકા ઊડતી હતી.

મુસલમાનોએ ધીમે ધીમે ઉત્તર ભારતવર્ષના અનેક પ્રદેશો જીતવા માંડ્યા, પણ રજપૂત જાતિના મૂળ વતન રજપૂતાનામાં તેઓ પોતાનો અધિકાર જમાવી શક્યા નહોતા. હિંદુસ્તાનમાં જે વખતે પઠાણ બાદશાહો રાજ્ય કરતા હતા, તે વખતે રાજસ્થાનના રજપૂતો સંપૂર્ણ સ્વતંત્ર હતા. મોગલ બાદશાહ અકબરના વખતમાં, મેવાડ સિવાયના બધા રજપૂત રાજાઓએ બાદશાહનું ઉપરીપણું સ્વીકાર્યું હતું, પણ નામમાત્રમાં તેઓ મોગલોને આધીન હતા. ખરૂં જોતાં તો તેઓ પોતપોતાના રાજ્ય ઉપર સ્વતંત્રપણે રાજ્ય ચલાવતા હતા. કોઇ કોઇ વખત તેમને બાદશાહના તાબામાં સેનાપતિ તરીકે કે કોઇ તાબાના રાજ્યના સૂબા તરીકે નોકરી કરવા પણ જવું પડતું. એવે વખતે તેઓ

વફાદારીથી બાદશાહને ઘણી મદદ કરતા.

રજપૂત રાજાઓમાં કેટલાક પ્રાચીન સૂર્ય અને ચંદ્રવંશીય ક્ષત્રિયોના સંતાન હતા, ત્યારે કેટલાક અગ્નિવંશના સંતાન હતા. અગ્નિકુળની ચારે શાખાઓ હતી. અગ્નિકુળની સ્થાપાના વિષે એવી દંતકથા ચાલે છે કે, પહેલાં આ દેશમાં જૈનલોકોનું ઘણું જોર હતું. પાછળથી બ્રાહ્મણોએ જૈનધર્મનું પ્રાબલ્ય ઓછું કરવા યત્ન કર્યો. બ્રાહ્મણો અને જૈનો વચ્ચે એક વખત ઘણો સખ્ત વાદવિવાદ ઉપસ્થિત થયો, ત્યારે ઋષિઓએ જૈનોનું દમન કરવા માટે યજ્ઞ આરંભ્યો. એ અગ્નિકુંડમાંથી પુરીહર, ચાલુક્ય, પરમાર અને ચૌહાણ નામના ચાર વીર પુરુષો નીકળ્યા. એ ચારમાં પણ ચૌહાણ વીરતામાં સૌથી વિશેષ હતો. તેના પરાક્રમથી જૈનધર્મનો પ્રભાવ ઓછો થઇને હિંદુ ધર્મનું પ્રાબલ્ય પુનઃ સ્થાપિત થયું.

એ ચાર વીર પુરુષોના વંશજો અગ્નિવંશી રજપૂતના નામથી ઇતિહાસમાં ઓળખાય છે. સૂર્યવંશી રજપૂતોમાં મેવાડના રાણાઓ અને મારવાડના રાઠોડ રાજાઓ મુખ્ય છે.

રજપૂત જાતિનો સંક્ષેપમાં પરિચય આપ્યા પછી હવે અમે આ ચરિત્રની નાયિકા વીરનારી સંયુક્તાના જીવનચરિત્રનું અવલોકન કરીશું. ઈસવીસનના અગિયારમા સૈકાના પ્રથમ ભાગમાં ગિઝનીના રાજા સુલતાન મહંમદે બાર વાર હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરી હતી. તેણે અનેક નગરો લૂંટ્યાં હતાં અને ઘણી દેવમૂર્તિઓ તોડી નાખી હતી, પણ પંજાબ સિવાય બીજા કોઇ પ્રાંતમાં તે પોતાનું રાજ્ય સ્થાપી શક્યો નહોતો.

ત્યાર પછી લગભગ દોઢસો વર્ષ સુધી કોઇ મુસલમાને ભારતવર્ષ ઉપર ચઢાઇ કરી નહિ. ત્યાર પછી બારમા સૈકાના છેવટના ભાગમાં અફ્ઘાનિસ્તાનના ઘોરીવંશના રાજાના ભાઇ તથા સેનાપતિ શાહબુદ્દીન ઘોરીએ ભારતવર્ષ ઉપર ચઢાઇ કરી.

એ વખતે દિલ્હી, અજમેર, કનોજ, મેવાડ વગેરે સ્થળે પરાક્રમી રજપૂત રાજાઓ રાજ્ય કરતા હતા.

દિલ્હીના રાજા અનંગપાળને ફક્ત બે કન્યાઓ હતી. એક કન્યા ચૌહાણવંશના રજપૂત અજમેરના રાજા સોમેશ્વરને અને બીજી કન્યા રાઠોડવંશી કનોજરાજ વિજયપાલને પરણાવી હતી. સોમેશ્વરને પૃથ્વીરાજ અને વિજયપાલને જયચંદ નામના પુત્ર

જન્મ્યા. સંયુકતા એ કનોજના રાજા જયચંદની કન્યા હતી. તેનો જન્મ ઇ. સ. ૧૧૭૦ માં થયો હતો.

પુત્રહીન અનંગપાળ, મૃત્યુ સમયે દૌહિત્ર પૃથ્વીરાજને દિલ્હીનું રાજ્ય આપતો ગયો. એથી એનો મશિયાઇભાઇ જયચંદ અદેખાઇથી બળી જવા લાગ્યો. પૃથ્વીરાજને નુકસાન પહોંચાડવાનો એ લાગ શોધવા લાગ્યો.

મનુષ્યસ્વભાવ જોતાં આમાં નવાઇ જેવું કાંઇ નહોતું. જયચંદ અનંગપાળની મોટી પુત્રીનો પુત્ર હતો અને વયમાં પણ પૃથ્વીરાજ કરતાં મોટો હતો. એટલે બધી રીતે નાનો હોવા છતાં પૃથ્વીરાજને માતામહે દિલ્હીની ગાદીનો વારસ ઠરાવ્યો, એટલે જયચંદને ઈર્ષ્યાનો અગ્નિ બાળવા લાગે તેમાં દુનિયાની દૃષ્ટિએ અસ્વાભાવિક કાંઇજ નહોતું; પરંતુ અનંગપાળનોયે એમાં કાંઇ દોષ નહોતો. બન્ને દોહિત્ર ઉપર એનો એકસરખો સ્નેહ હતો. બન્નેને તેણે પોતાનીજ પાસે રાખીને લાડમાં ઉછેર્યા હતા. તેમને શિક્ષણ આપવાને તથા એમના સદ્ગુણોને ખીલવવાને પણ અનંગપાળે એકસરખો પ્રયાસ કર્યો હતો; પરંતુ પાંચ આંગળી સરખી હોતી નથી. એકસરખી કાળજી હોવા છતાં જયચંદ અને પૃથ્વીરાજમાં સમાન ગુણ ખીલી નીકળ્યા નહિ.

પૃથ્વીરાજ વયમાં નાનો હોવા છતાં પણ એણે સર્વ પ્રકારની વિદ્યામાં પારદર્શિતા મેળવી હતી. યુદ્ધવિદ્યામાં પણ તે પરમ કુશળ નીવડ્યો હતો અને ચારિત્ર્ય પણ તેનું ઘણું શુદ્ધ હતું. એ જેવો રૂપવાન, સાહસિક અને શક્તિશાળી હતો, તેવોજ ઉદાર, મહાન ક્ષમાશીલ અને મીઠાબોલો હતો. જયચંદ રૂપવાન હોવા છતાં પણ અહંકારી, બળવાન હોવા છતાં પણ ઉદ્ધત, સાહસિક હોવા છતાં પણ વિલાસી અને અત્યંત ખુશામતપ્રિય હતો. નાનપણથીજ પૃથ્વીરાજનું ધ્યાન માતામહની રાજનીતિને હૃદયમાં ઠસાવવા તરફ રહેતું. જયચંદ એ વિષય ઉપર જરાયે ધ્યાન આપતો નહિ.

એ ગુણોને લીધે પૃથ્વીરાજ આખા રાજ્યમાં બધાનો માનીતો થઇ પડ્યો હતો. જયચંદથી એ દેખી શકાતું નહિ. પૃથ્વીરાજનાં વખાણ સાંભળતાંજ એ બહુ દાઝે બળતો. પૃથ્વીરાજ એ જાણતો પણ હૃદયની ઉદારતાથી તેને ક્ષમા આપતો અને તેની

સાથે સદા સારોજ વ્યવહાર રાખતો.

વૃદ્ધ દાદા અનંગપાળ પણ બન્નેના સ્વભાવ પારખી શક્યા હતા. એમને એ વખતની ભારતની સ્થિતિનું ખરૂં ભાન થઈ ગયું હતું. એ સમજી શક્યા હતા કે પરદેશી મુસલમાનો ભારતભૂમિ જીતવાને તલસી રહ્યા હતા. એ જાણતા હતા કે મોટા દોહિત્ર દ્વારા દિલ્હીની ગાદીનો માનમરતબો સચવાશે નહિ. પૃથ્વીરાજ અને જયચંદ બન્ને ઉપર એમનો સરખો સ્નેહ હતો, પણ પૃથ્વી-રાજ નીતિકુશળ હોવાથી ભારતના ભવિષ્યના કલ્યાણની ખાતર પોતાના વિશાળ રાજ્યના બે ટુકડા કરી નાખવાનું એમને યોગ્ય ન લાગ્યું. એમને ખાતરી હતી કે આ સમયમાં મહાપરાક્રમી પુરુષ સિવાય ભારતવર્ષનું રક્ષણ થવાનું નથી; માટે તેમણે જયચંદને કનોજનું રાજ્ય તથા અનેક મણિમુક્તા વારસામાં આપ્યાં અને પૃથ્વીરાજને દિલ્હીના રાજ્યનો વારસ ઠરાવ્યો.

આ બનાવથી બન્ને મશિયાઇભાઇનાં મન બહુજ ખાટાં થયાં. આ એક પ્રસંગથી ભારતમાં એવી મોટી આગ સળગી કે જેમાં ભારતનું ભાગ્ય ભસ્મીભૂત થઈ ગયું. ભારતવાસીઓને માથે પરાધીનતાનું કલંક એ પ્રસંગને પરિણામે ચોટયું.

જયચંદ પૃથ્વીરાજને શત્રુ સમજતો, પણ એના ઘરનાં બીજાં બધાં એને બહુ ચાહતાં.

પૃથ્વીરાજને સૌથી વધારે ચાહનારી અને તેનો પક્ષપાત કરનારી જયચંદની લાડકી કન્યા સંયુક્તા હતી.

સંયુક્તા અપૂર્વ સુંદરી હતી. તેને જોતાંજ જાણે તે સ્વર્ગ લોકમાંથી ઊતરી આવેલી દેવકન્યા હોય એવો ભાસ થતો. વસંત ઋતુમાં વનલતા જેમ ફૂલના આભરણથી સજ્જ થાય છે, તેમ બાલિકા સંયુક્તાના દેહ ઉપર યૌવનની પરમ શોભા છવાઇ રહી હતી. એનાં નયનમાં લજ્જા હતી, ગાલ ઉપર સ્નિગ્ધ લાલાશ હતી, કટિમાં ક્ષીણતા અને ચાલમાં મંદતા હતી. જે સમયની અમે વાત કરીએ છીએ તે સમયે એ નહોતી તરુણી કે નહોતી બાલિકા. અર્ધ ખીલેલી કુસુમકલિકાસમી સંયુક્તા વડીલોને વહાલી હતી, આશ્રિતોનું પાલન કરનારી હતી, તેની સાથે પ્રસંગ-માં આવનાર સાથે મીઠું પણ રીતસરજ બોલતી. દેવ અને બ્રાહ્મણો તરફ તેને ભક્તિભાવ હતો, ઊંચા પ્રકારનું જ્ઞાન તેણે

સંપાદન કર્યું હતું, લલિત કળાઓનો તેને શોખ હતો, સ્ત્રીજનોને શોભે એવી કોમળતા સહિત એના હૃદયમાં અપૂર્વ ક્ષાત્રતેજ વિરાજતું હતું. ઘોડેસવાર થવું, શસ્ત્ર ચલાવવાં વગેરે વીરવિદ્યામાં પણ એ ઘણી નિપુણ હતી.

બાલ્યાવસ્થાથીજ સંયુક્તાનું આકર્ષણ પૃથ્વીરાજ તરફ હતું. એ પણ એના સદ્‌ગુણ તથા સ્વભાવની મધુરતાથી એના ઉપર પ્રસન્ન હતો. પૃથ્વીરાજની પાસે બેસીને ઘણીએ વાર તેણે પ્રાચીનકાળના આર્યોની વીરતાની કથા સાંભળી હતી.

સંયુક્તા ધારતી કે પૃથ્વીરાજના જેવો પુરુષ આ દુનિયામાં બીજો કોઇ નથી. એ કોઇ શાપભ્રષ્ટ દેવતા છે. એના મુખમાંથી નીકળતો એકેએક શબ્દ એને મનથી વેદવાક્ય સરખો હતો. પૃથ્વીરાજનાં કોઈ વખાણ કરતું તો એ પ્રસન્ન થતી. એની નિંદા કરનારની સાથે લડવા તૈયાર થતી. આ પ્રમાણે કોઈ અદ્‌ભુત રીતે એનો પ્રેમ બાલ્યાવસ્થાથીજ પૃથ્વીરાજ તરફ ઢળ્યો હતો અને વયની વૃદ્ધિ સાથે એ પ્રેમ પણ વધતોજ ગયો હતો.

જયચંદને પૃથ્વીરાજ પ્રત્યે દ્વેષ છે તેની એ બાલિકાને ખબર નહોતી. ખબર હોય તોપણ એનું મહત્ત્વ એ સમજી શકી નહોતી. એ તો મનમાંજ પોતાનો પ્રેમભાવ પોષતી જતી હતી.

અનંગપાળના મૃત્યુ પછી જયચંદ કનોજ જઇને વસ્યો.

એ પ્રાચીનકાળમાં ભારતવર્ષ ભિન્ન ભિન્ન રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. કોઈ રાજા વિશેષ પરાક્રમી નીવડતો તો બીજા રાજાઓ તેને મુખ્ય ગણીને માન આપતા અને એ રાજા પોતે ‘ સમ્રાટ ’ કે ‘ સાર્વભૌમ ’ની ઉપાધિ ગ્રહણ કરતો. પૃથ્વીરાજે એક તો પોતાની વીરતાથી ઘણી ખ્યાતિ મેળવી હતી અને બીજું માતામહ તરફથી દિલ્હીની ગાદી મળવાથી તેનું સામર્થ્ય ઘણું વધી પડ્યું હતું. કૂટિલમતિ જયચંદને એ અસહ્ય થઈ પડ્યું. કનોજનું રાજ્ય સ્વતંત્ર નહોતું. દિલ્હીના તાબામાં એ ખંડણી ભરનારૂં રાજ્ય હતું. છતાં જયચંદે ખંડણી આપવી બંધ કરી અને પોતાને સ્વતંત્ર સાર્વભૌમ રાજા તરીકે જાહેર કરવાનું શરૂં કર્યું. રાજગાદી ઉપર બેઠા પછી તરતજ ગૃહકલહ ઊભો કરવો અને પોતાની શક્તિ ક્ષીણ કરવી એ વ્યાજબી નહિ લાગ્યાથી પૃથ્વીરાજે તેની પરવા ન કરી.

જયચંદ દિવસે દિવસે વધારે અભિમાની થતો જતો હતો. પોતાનું સાર્વભોમત્વ કાયમ રાખવા માટે એણે રાજસૂય યજ્ઞ રચ્યો. એવો યજ્ઞ કળિયુગમાં ઘણા સમયથી થયો નહોતો. ભારતના જુદા જુદા પ્રાંતોના રાજાઓને એ યજ્ઞમાં પધારવાનું નિમંત્રણ મોકલવામાં આવ્યું હતું. ફક્ત પૃથ્વીરાજ અને રાણા સમરસિંહને નિમંત્રણ મોકલ્યાં નહિ. હલકા મનનો જયચંદ એટલુંજ કરીને બેસી રહ્યો નહિ; પરંતુ એ બે વીરોનું અપમાન કરવા સારૂં મંડપના દ્વાર આગળ એ બંને જણનાં પૂતળાં ચોકીદાર તરીકે ઊભાં કર્યાં.

જયચંદે એક પંથમાં બે કામ કરવાનો ઇરાદો રાખ્યો હતો. વરવા યોગ્ય થયેલી કન્યા સંયુક્તાનો વિવાહ પણ સ્વયંવર પદ્ધતિથી કરવાનો તેણે વિચાર રાખ્યો હતો. પૃથ્વીરાજ તરફ પોતાની કન્યાનું આકર્ષણ છે એ તે જાણતો હતો, પણ એનું અનુમાન હતું કે, યજ્ઞપ્રસંગે અનેક દેશવિદેશના નવયુવક પ્રતાપી રાજાઓ આવશે. પૃથ્વીરાજની ગેરહાજરીમાં સંયુક્તા એમાંથી કોઈને પસંદ કરીને વરશે.

યજ્ઞ નિર્વિઘ્ને સમાપ્ત થયો. હવે સ્વયંવરની રચના થઇ. મંડપની શોભા ઘણીજ સરસ હતી. યથાસમયે સંયુક્તા પિતાની આજ્ઞા મુજબ વરમાળા લઇને મંડપમાં દાખલ થઇ. એ જાણતી હતી કે પિતાએ પૃથ્વીરાજને આમંત્રણ મોકલ્યું નથી, પણ દ્વારપાળ તરીકે બારણા આગળ તેમની મૂર્તિ ઊભી કરી છે.

સંયુક્તા એ સભામાં આવીને પ્રથમ તો રાજગુરુને અને પછી પિતા જયચંદને પગે લાગી. જયચંદે ગદ્‌ગદ સ્વરે કહ્યું: “વહાલી દીકરિ! યોગ્ય પતિને પામજે.”

સભા નિશ્ચળ અને નિઃશબ્દ હતી. સંયુક્તાએ દૂર દૃષ્ટિ નાખીને હાજર રહેલા બધા નૃપતિઓને નીરખ્યા, પૃથ્વીરાજને સભામાં ન જોયાથી એનું હૃદય કંપવા લાગ્યું, પગ ઢીલા થઈ ગયા, નયનમાં આંસુ આવ્યાં; પણ થોડીજ વારમાં દ્વાર તરફ નજર જતાં એના મુખકમળ ઉપર આનંદ છવાઇ રહ્યો. એના અધર ઉપર હાસ્યની રેખા અંકાઇ; સ્થિર પગે એ મંચ ઉપરથી નીચે ઊતરી અને બધાને પ્રણામ કર્યા. એની સાથે એક ચતુર દાસી તથા ભારતવર્ષના ઇતિહાસ તથા પ્રત્યેક રાજાના જીવન-

થી સુપરિચિત એક ભાટ હતો. ભાટે એકેએકે રાજાઓનો પરિચય કરાવ્યો; પણ સંયુક્તાના હૃદય ઉપર કોઇએ અસર કરી નહિ. એક પછી એક નૃપની અવગણના કરીને એ આગળજ વધવા લાગી. થોડી વારમાં સંયુક્તા મંડપના દ્વાર આગળ ગઈ અને સખીના હાથમાંથી પૂજનસામગ્રી લઇ, પૃથ્વીરાજની દ્વારપાળ તરીકે ઊભી કરેલી મૂર્તિનું પૂજન કરી તેનાજ ગળામાં વરમાળા પહેરાવી.

પૃથ્વીરાજને સંયુક્તાના અનન્ય પ્રેમની ખબર પહેલેથીજ પહોંચી ગઇ હતી. તેથી એ પોતાના વિશ્વાસુ સામંત સહિત ગુપ્તવેશે મંડપના દ્વાર આગળ ઊભો હતો. વરમાળા પહેરાવતાં વારજ તેના સામંતોએ 'પૃથ્વીરાજનો જય' ઉચ્ચાર્યો અને એ વીર નૃપતિ સંયુક્તાને ઘોડા ઉપર બેસાડીને બધાના દેખતાં ત્યાંથી વીરતાપૂર્વક ચાલ્યો ગયો.

જયચંદને આ કપટની ખબર પડતાંજ તેણે પોતાના સૈન્યને ચૌહાણો ઉપર આક્રમણ કરવાની આજ્ઞા આપી. બન્ને પક્ષ વચ્ચે યુદ્ધ ચાલ્યું, પણ રાઠોડ સૈન્યનું કાંઈ વળ્યું નહિ. બધાની આંખમાં ધૂળ નાખીને પૃથ્વીરાજ સંયુક્તાને વીરતાપૂર્વક સહીસલામત દિલ્હી લઇ ગયો.

સંયુક્તાહરણની ઘટના બાબત મતભેદ છે. કેટલાકનું કહેવું છે કે પૃથ્વીરાજની પ્રતિમાના ગળામાં સંયુક્તાએ વરમાળ પહેરાવી એજ સમયે પૃથ્વીરાજ તેને ઊંચકીને લઇ ગયો. ચંદ કવિનો મત જુદોજ છે. એના મત પ્રમાણે સંયુક્તાએ સ્વયંવર મંડપના દ્વારપાલ તરીકે ઊભી કરેલી પૃથ્વીરાજની મૂર્તિના કંઠમાં વરમાળા પહેરાવી એ સમયે પૃથ્વીરાજ ત્યાં હાજર ન હતો. જયચંદ પુત્રીના એ કૃત્યથી ઘણો ક્રોધ ભરાયો અને તેણે ગંગા નદીના કિનારે એક મહેલમાં સંયુક્તાને કેદ કરી દીધી.

એ ખબર એક બ્રાહ્મણદ્વારા પૃથ્વીરાજને પણ મળી. એ કૃત્યથી જયચંદે પોતાનું મોટું અપમાન કર્યું છે એમ એને લાગ્યું. એ અપમાન બાણની પેઠે એના હૃદયને વીંધવા લાગ્યું અને કોઇ પણ પ્રકારે જયચંદનો બદલો લેવો એવો વિચાર એને સૂઝયો. ચંદ કવિએ જયચંદના પરાક્રમ, તેનું વિપુલ સૈન્ય વગેરેનું વર્ણન કરીને એવું સાહસ ન વહોરવાની ઘણી સલાહ આપી. પણ વૈરાગ્નિથી અંધ થયેલા પૃથ્વીરાજને ગળે એ સલાહ ઊતરી

નહિ અને આખરે ચંદ બરદાઇ તથા બીજા સેવકોને લઇને પૃથ્વીરાજે છૂપા વેશમાં કનોજ તરફ પ્રયાણ કર્યું. એમની સાથે ઘણા સામંતો અને સૈનિકો પણ હતા.

કનોજ પહોંચીને પૃથ્વીરાજે અને ચંદ કવિએ ગુપ્તવેશમાં આખું નગર જોયું. પછી જયચંદની સેના પણ જોઇ. એ વીરસેના જોઇને પૃથ્વીરાજનું હૃદય પણ કંપવા લાગ્યું; પણ હવે શું વળે? કાર્ય સાધવું કે, દેહનો ત્યાગ કરવો એ બેજ માર્ગ ખુલ્લા હતા.

કનોજની બહાર એ લોકોએ તંબૂ ઠોકયા. પૃથ્વીરાજ કવિ ચંદના નોકરનો વેશ લઈને જયચંદનો દરબાર જોવા તૈયાર થયા.

કવિ ચંદ પૃથ્વીરાજને સાથે લઇને જયચંદના દરબારમાં પહોંચ્યો. જયચંદે કવિરાજનો સારો સત્કાર કર્યો. કવિએ પોતાની જાતિની રીત પ્રમાણે એક સરસ કવિત ગાઇને જયચંદની પ્રશંસા કર્યા બાદ પોતાના સ્વામી પૃથ્વીરાજની પ્રશંસામાં પણ ગાયું કે,

“ જહાં વંશ છત્તીસ, આવે હંકારે;
તહાં એક ચહુઆન, પૃથ્વીરાજ ટારે.”

કવિનાં એ વચનોએ જયચંદના હૃદયને વીંધી નાખ્યું. એને પુષ્કળ ક્રોધ ઊપજ્યો અને એ બોલી ઊઠ્યોઃ “ પૃથ્વીરાજ મારી સામે આવે તો ખબર લઇ લઉં.”

પૃથ્વીરાજ તો ચંદના નોકરના વેશમાં ત્યાંજ ઊભો હતો. એનાં નેત્ર પણ ક્રોધથી લાલચોળ થઈ ગયાં; પણ આ વખતે ક્રોધને દબાવ્યા વગર ચાલે એમ નહોતું. એના ચહેરા ઉપરથી જયચંદને શક પણ ગયો, પણ પછી વિચાર આવ્યો કે, “ પૃથ્વીરાજ જેવો પ્રતાપી અને અભિમાની પુરુષ નોકર બનીને મારા દરબારમાં શા સારૂ આવે? ”

ભાટચારણનો સત્કાર કરવાનું રાજાનું કર્તવ્ય ગણાતું હતું, એટલે જયચંદે સત્કારપૂર્વક ચંદને વિદાય કર્યો અને તેના નિવાસ તથા ભોજનાદિનો સારો પ્રબંધ કર્યો. સાથે સાથે પોતાના ગુપ્તચરોને ચંદની સાથે આવેલા વિચિત્ર નોકરની ખબર રાખવા આજ્ઞા આપી. રાજાના ગુપ્તચરોએ પત્તો લગાડ્યો કે ચંદની સાથે નોકર તરીકે આવનાર પુરુષ પૃથ્વીરાજ પોતેજ છે.

જયચંદને મૂળ વહેમ તો હતો તેમાં ગુપ્તચરોની બાતમીથી

પૂરી ખાતરી થઇ ગઇ. હવે એ ચંદ બરદાઇને વિદાય કરવાને બહાને પુષ્કળ ધન તથા હાથી, ઘોડા અને અલંકાર લઇને પોતાના સિપાઇઓ સહિત ચંદને ઉતારે ગયો. સૈનિકોને આજ્ઞા હતી કે ચંદના સાથીઓમાંથી કોઇ પણ નાસવા ન પામે તેની ખાસ ખબર રાખવી; પરંતુ એ સમયે પૃથ્વીરાજે એવી કુશળતાથી પોતાનો વેશ બદલ્યો હતો કે, કેવળ શક ઉપરથી તેને પકડી લેવાની હિંમત જયચંદની ચાલી નહિ. એ પોતાના રાજમહેલમાં પાછો ફર્યો. કવિ ચંદની ખ્યાતિ સત્યવકતા તરીકે હતી. રાજાએ તેને બોલાવીને પૂછ્યું ત્યારે ચંદે સ્પષ્ટ જણાવ્યું કે, “પૃથ્વીરાજ આ સમયે કનોજમાં છે.” રાજાએ ચંદને તો વિદાય કર્યો અને તરતજ પોતાના ભાણેજની સરદારી નીચે ચંદના પડાવને ઘેરો ઘાલીને પૃથ્વીરાજને જીવતો પકડી આણવા એક મોટી સેના મોકલી.

પૃથ્વીરાજ અને તેના સામંતોને પણ એ વાતની ખબર પહોંચી ગઇ. તેઓ પણ યુદ્ધ કરવાને સજ્જ થયા. બંને પક્ષ વચ્ચે ઘોર યુદ્ધ જામ્યું અને પૃથ્વીરાજનો સામંત લંગરીરાય તથા જયચંદનો મંત્રી અને ભાણેજ આ યુદ્ધમાં માર્યા ગયા. હવે જયચંદ પોતે યુદ્ધક્ષેત્રમાં પહોંચ્યો. પંગુરાયને સેનાપતિ બનાવી યુદ્ધનું કામ તેને સોંપીને પૃથ્વીરાજ નગરની તરફ ગયો અને અંતઃપુરની પાસેના ગંગાના ઘાટ ઉપર જઇ પહોંચ્યો. એજ મહેલમાં સંયુક્તા કેદ હતી. એણે પૃથ્વીરાજને ઓળખ્યો.

એટલામાં પૃથ્વીરાજના ઘોડાના ગળામાં લટકી રહેલા મોતીઓના હારમાંથી એક મોતી તૂટીને ગબડતું ગબડતું ગંગામા જઇ પડ્યું. માછલીઓ તેને પોતાનું ભોજન સમજીને ખાવા સારૂ દોડવા લાગી. પૃથ્વીરાજે એ જોઇને હારમાંથી એકેએક મોતી તોડીને નદીમાં નાખવા માંડ્યાં. સંયુક્તાને પણ આ તમાશો જોવામાં આનંદ આવ્યો. તેણે પોતાની એક સખીને મોતીનો થાળ લઇને મોકલી. પૃથ્વીરાજે એ થાળમાંનાં બધાં મોતી માછલીઓને સારૂ નદીમાં નાખી દીધાં. એ દાસીદ્વારા પૃથ્વીરાજને સંયુક્તાની એ વખતની દશાની ખબર પડી તથા જાણ્યું કે સંયુક્તા પ્રેમવિહ્વળ બનીને અત્યારે એજ મહેલમાં નિવાસ કરી રહી છે. દાસીએ પૃથ્વીરાજની સાથે થયેલી વાતચીત સંયુક્તાને જણાવી. દાસીની મારફત પૃથ્વીરાજ અંતઃપુરમાં ગયો. ત્યાંજ બંનેનો ગાંધર્વવિવાહ થયો અને સંયુક્તાના આગ્રહને

વશ થઇ બંને જણુ ત્યાંથી નીકળી પડયાં.

માર્ગમાં જયચંદની ફોજે એમને ઘેરી લીધાં. પૃથ્વીરાજના સૈનિકો પણ એટલામાં તેને આવી મળ્યા હતા. બંને પક્ષ વચ્ચે ઘોર યુદ્ધ જામ્યું, અનેક સામંતો અને સૈનિકો માર્યા ગયા, પણ આખરે પૃથ્વીરાજનો વિજય થયો. સંયુક્તાને પોતાનાજ અશ્વ ઉપર સવાર કરીને પૃથ્વીરાજ ત્યાંથી જયચંદના દેખતાંજ ચાલ્યો ગયો. જયચંદની સેના એમને પકડવા પાછળ પડી પણ કાંઇ વળ્યું નહિ. એ નવદંપતી સહીસલામત દિલ્હી પહોંચ્યાં.

દિલ્હીમાં દંપતીનો સંસાર ઘણાજ સુખ અને વિલાસમાં વ્યતીત થવા લાગ્યો. એક દિવસ સંયુક્તા ઉદ્યાનમાં બેસીને એકાંતમાં કાંઇ વિચાર કરી રહી હતી, એવામાં પૃથ્વીરાજ ત્યાં પહોંચ્યો અને પત્નીનો કર પ્રેમપૂર્વક પોતાના હાથમાં લઇ કહેવા લાગ્યો: "પ્રિયે! તને પ્રાપ્ત કરીને હું કૃતાર્થ થયો છું. હૃદયમાં તને ધારણ કર્યાથી મેં જે સ્વર્ગસુખ પ્રાપ્ત કર્યું છે તે કોણ જાણે કયા સત્કર્મોનું ફળ છે. રોગ, શોક, દુઃખ બધું હું વીસરી ગયો છું. તારા આવ્યાથી પૃથ્વી નંદનવન સમી બની છે. બાલ્યાવસ્થાથીજ મેં તારા પ્રત્યે જે પ્રેમ દાખવ્યો હતો, તેનો તેં પૂરો બદલો આપ્યો છે. તને સુખી કરવી, તારા જીવનને અમૃતમય કરવું, એજ મારા જીવનનો એક માત્ર ઉદ્દેશ બન્યો છે; છતાં વહાલિ! આજ તને ઉદાસ કેમ જોઉં છું? આજ તારાં નેત્રોમાં અશ્રુબિંદુ કેમ દેખાય છે? આ આનંદના દિવસોમાં તારૂં ચિત્ત સ્ફૂર્તિહીન કેમ દેખાય છે? તારા કોડ મારાથી પૂરા ન થઈ શકયા હોય તો સત્વર જણાવ."

સતી સંયુક્તાએ પતિનો હાથ પકડીને ગદ્‌ગદ સ્વરે કહ્યું: "પ્રભુ! ક્ષમા કરો! આજ મારૂં હૃદય ચિરાય છે. મારા અભિલાષ તૃપ્ત નથી થયા."

પથ્વીરાજે આશ્ચર્ય પામીને પૂછ્યું: "પ્રિયે! આજ આ નવી વાત શી સાંભળું છું? તારી શી આશા છે? શી અભિલાષા છે? તારો એવો કયો કોડ છે કે જે મારાથી પૂર્ણ ન થઇ શકયો હોય? વહાલિ! સત્વર બોલ."

સંયુક્તાએ વિનયપૂર્વક ઉત્તર આપ્યો: "પ્રાણેશ્વર! મારો સૌથી મોટો અભિલાષ તો એ હતો કે તમને પતિરૂપે પામું;

પણ બીજો અભિલાષ એ પણ હતો કે પિતાજી મનાય અને એ પોતાને હાથેજ મારૂં દાન આપને કરે. એ ઇચ્છા મારી પૂર્ણ ન થઇ. એમાં વિઘ્ન આવ્યું. પતિપ્રેમ મેળવ્યો છે તેનો મને આનંદ છે, પરંતુ પિતૃસ્નેહનું વિસર્જન થયું છે, તેથીજ મારો પ્રાણ રડી રહ્યો છે. પુણ્ય કરવા જતાં મેં કોઇ પાપ કર્યું છે તેથી મારા ચિત્તને શાંતિ નથી. પિતાજી મને કેટલું ચાહતા! હું તેમની આંખની કીકી હતી. નિદ્રામાં પણ એ મનેજ બોલાવતા. હું પીરસું નહિ તો એ ભૂખ્યા રહેતા, દરેક વાતમાં મારી સલાહ લેતા. મારી આ અવિનયી વર્તણુંકથી પિતાજીને કેટલું માઠું લાગ્યું હશે તેજ મને સાલે છે.

"માતાની સ્થિતિનો વિચાર કરૂં છું, ત્યારે તો મારૂં હૈયું કહ્યુંજ કરતું નથી. હું એની દીકરીજ નહોતી, પણ સેવિકા-સહચરી હતી. મારી આગળ મા પોતાનાં સુખદુઃખની વાત કહેતી. પિતાજી ધમકાવે તો એ મારી આગળ આવીને રડતી. આપ જેવા સુયોગ્ય જમાઇ મળે એવી એની ઉત્કંઠા થતી. એમને ખબર હતી કે બાલ્યાવસ્થાથીજ હું તમને ચાહતી હતી, એના સિવાય બીજા કોઇને ખબર નહોતી. એવી સ્નેહાળ માતાની વિદાય લીધા વગર હું ચાલી આવી એ મને સાલે છે.

"સ્વામીનાથ! રાતદિવસ એ ચિંતા મને બાળી નાખે છે. વિધાતાએ આટલા બધા સુખમાં આવું દુઃખ પણ મારે સારૂ શા માટે નિર્માણ કર્યું હશે? મારી એક ઇચ્છા એજ છે કે હવે તો એક વાર કનોજ જઇ પિતાજીના ચરણમાં પડું. એ લાત મારે, અપમાન કરે તો સહન કરૂં અને બે હાથ જોડીને વિનતિ કરૂં કે, 'બાપુ! ક્ષમા કરો. ક્ષમા કરો. આપના ચરણ કમળમાં મને સ્થાન આપો.'"

સતી શાંત રહી. એના કમળનયનમાંથી અશ્રુધારા દડ દડ વહેતી હતી. પૃથ્વીરાજે તેને પોતાની તરફ ખેંચી હૃદયસરસી ચાંપી, આંસુ લૂછી નાખ્યાં અને એક સ્નેહચુંબન લઇ બોલ્યોઃ "પ્રાણાધિકે! આમ દિલગીર ન થા. તારૂં બધું દુઃખ સમાવી દે. તારા નયનનું એકેએક અશ્રુબિંદુ તીક્ષ્ણ બાણની પેઠે મારા હૃદયને વીંધી નાખે છે. વિધાતાની આજ્ઞા લોપવાની શક્તિ કોનામાં છે? જયચંદ અને હું જન્મથીજ શત્રુ થોડા હતા? અમે તો એક-

બીજાને ચાહતા હતા, પણ કોણ જાણે દાદાજીને દિલ્હીના વારસ મને બનાવવાનું શાથી સૂઝ્યું ? અને મેં શા સારૂ એ દાન ગ્રહણુ કર્યું ? વહાલિ ! હું સાચું કહું છું કે, આવી સો દિલ્હી એક તરફ છે અને બીજી તરફ તું છે. તારી પ્રસન્નતા ખાતર હું રાજ-પાટનો ત્યાગ કરવા તૈયાર છું, ઝૂંપડીમાં રહેવાનું અને કંદમૂળ ખાઇને જીવન ગાળવાનું હું તારી સાથે તો પસંદ કરીશ. તને તૃપ્ત કરવા હું ગમે તે કરવા તૈયાર છું; પણ હવે કાંઇ ઉપાયજ નથી. જયચંદનો સ્વભાવ હું જાણું છું. હવે હું દિલ્હી પાછી આપવા માગું તોપણ એ લેનાર નથી. તારા પિતા એ મારે પણ પિતા સમાન છે. એમના પગની ઠોકરને પણ હું આશીર્વાદ ગણવા તૈયાર થાઉં; પણ પ્રિયે ! કેમ વીસરી જાઓ છો કે, જેવી રીતે એ કનોજના અધીશ્વર છે તેવીજ રીતે હું દિલ્હીશ્વર છું.

"સમગ્ર ચૌહાણ વીરો મારા પક્ષમાં છે. શૌર્ય અને વીર્યમાં તેમની બરોબરી કરે એવા કોઇ નથી. એમની ખાતરી છે કે, મેં જે કાંઈ કામ કર્યું છે તે વાજબી છે. હું હવે જયચંદને નમું તો તેઓ મારે માટે શું ધારશે ? પ્રિયે! મેં સાંભળ્યું છે કે તારા પિતા મને સજા કરવા માટે બહુ તૈયારી કરી રહ્યા છે, મને હાનિ પહોંચાડવા સારૂ એ ગમે તેવા અધમ ઉપાય લેવાને પણ એ તૈયાર થયા છે. જે મુસલમાનોને હું બે વાર વીરતાથી હરાવી-ને પાછા કાઢી ચૂક્યો છું, તેની સાથે એ ગુપ્તપણે મસલત કરી રહ્યા છે. એવા સંયોગોમાં જો હું દિલ્હીના રાજા તરીકે તારા પિતાની માફી માગું, તેને મનાવવા પ્રયત્ન કરૂં તો લોકો કહેશે કે યવનોના ભયથી પ્રાણ બચાવવા સારૂ પૃથ્વીરાજ કનોજનો દાસ બન્યો અને સ્વતંત્રતા ખોઇ. એ અપમાન હું કેવી રીતે સાંખી શકું ? વહાલિ ! તારા મનની સ્થિતિનું પણ હું અનુમાન કરી શકું છું. તને એકલી પિતાની પાસે મોકલતાં મારો જીવ ચાલતો નથી. મારી ખાતરી છે કે નિર્દય જયચંદ તારૂં અપમાનજ કરશે. અભિમાનથી એ મસ્ત થયેલો છે, તારા દેખતાં એ મને ગાળો ભાંડશે, મારી નિંદા કરશે. મારી પતિપરાયણા સંયુક્તા એ વચનોને કેવી રીતે સાંખી શકશે ? મને ભય રહે છે કે તને કનોજ મોકલતાં રખે દક્ષને ઘેર યજ્ઞ સમયે થઇ હતી એજ સતી–લીલા પાછી કનોજના રાજમહેલમાં ન થાય ?

"તું કેવળ રાઠોડ-દુહિતાજ નથી. ચૌહાણોની રાણી, દિલ્હીની

અધીશ્વરી છે. તારે માટે બન્ને પક્ષ સરખા છે. વિચાર કરી જો, કોનો વાંક છે તે ધ્યાનમાં લે. હૃદયના બધા ભાવને શમાવી શાંત થા."

સતી ઉત્તર આપી શકી નહિ. પૃથ્વીરાજ પણ શાંત થયો. ઇંદ્રસમ પતિ પ્રાપ્ત કરી સ્વર્ગસુખમાં મહાલતી દેવી સંયુક્તાના હૃદયમાં પિતૃભક્તિના ભાવને લીધે કેટલું દુઃખ થઇ રહ્યું હતું તેનો ભાસ કરાવવાજ અમે આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો છે. પરમાત્માની લીલા વિચિત્ર છે. સંપૂર્ણ સુખ કે સંપૂર્ણ દુઃખ કહીંજ દીઠામાં નથી આવતું.

પૃથ્વીરાજના જીવનને ભારતના સૌભાગ્યના ઇતિહાસ સાથે ઘણો ગાઢો સંબંધ છે. ભારતના અધઃપતનનું, એક મુખ્ય પ્રકરણ સંયુક્તાહરણથી શરૂ થાય છે. કુસંપે એ સમયે ભારતમાં ઘર ઘાલ્યું હતું. જયચંદ અને પૃથ્વીરાજ આંધળા બનીને એક બીજાનું વેર લેવા તૈયાર થઇ ગયા હતા. સારાખોટાનો વિવેક તેમને રહ્યોજ નહોતો. જયચંદે સ્વદેશભક્તિને તિલાંજલિ આપી હતી. પૃથ્વીરાજ વીરતા અને બુદ્ધિમત્તાથી વિભૂષિત હોવા છતાં પણ અતિ વિલાસી બન્યો હતો. રાસોમાં લખ્યું છે કે, પૃથ્વીરાજે અગિયાર વાર લગ્ન કર્યાં હતાં અને દરેક લગ્નમાં બે ચાર હજાર મનુષ્યોની પ્રાણાહુતિ દેવાનો પ્રસંગ આવ્યો હતો. અનેક પત્નીઓ હોવાથી રાજમહેલમાં જે દ્વેષ, કુસંપ અને ખટપટ સ્વાભાવિક રીતેજ ઊભાં થાય છે તેનાથી પૃથ્વીરાજ બચ્યો નહોતો. વળી પૃથ્વીરાજમાં પોતાના બળ અને પરાક્રમ માટે વધારે પડતું અભિમાન આવી ગયું હતું. અભિમાન આવવું સ્વાભાવિક પણ હતું; કેમકે એણે પહેલાં કેટલીક વાર શાહબુદ્દીનનો પરાજય કરી તેને નસાડી મૂકચો હતો. મુસલમાનોનો પરાજય કરવો એ એને માટે રમત વાત હતી.

પૃથ્વીરાજના અનેક વીર સામંતો બીજાં નાનાંમોટાં યુદ્ધોમાં પરલોક સિધાવી ચૂકયા હતા; છતાં એ સમયમાં ભારતભૂમિ વીર-શૂન્યા નહોતી થઇ ગઇ. હથિયારબંધીનો કાયદો એ સમયે દેશમાં નહોતો. એ સમયે લોકોમાં જીવન હતું. સ્વતંત્રતાનો પ્રેમ હતો. અનેક રજપૂત યુવકો દેશની સ્વતંત્રતા માટે દેહ અર્પણ કરવા તૈયાર હતા. હાય ! પરંતુ પૃથ્વીરાજની શી દશા હતી! સંયુક્તાના પ્રેમપાશમાં એ એવો સપડાયો હતો કે, રાજ-

કાજમાં ધ્યાન આપવું તદ્દન છોડી દીધું હતું. સામંતોને મળવાનું અને દેશની સ્થિતિથી જાણીતા થવાનું પણ બંધ કર્યું હતું. રૈયતને રાજાનાં દર્શન નહોતાં થતાં. એમનું દુઃખ રાજાને કાને નહોતું પહોંચતું. પ્રજામાં અસંતોષ ફેલાવા માંડ્યો હતો. પૃથ્વીરાજ રાતદિવસ સંયુક્તા સાથે રંગમહેલમાંજ પડ્યો રહેતો હતો. 'રાસો'માં ચંદ લખે છે કે, "પૃથ્વીરાજ એ સમયે કર્તવ્ય-હીન થઇ ગયો હતો."

પેલી તરફ ગિઝનીમાં શાહબુદ્દીન મહંમદ ઘોરી અપમાનનો બદલો લેવા સદા તૈયાર રહેતો હતો. એના દૂતો ગુપ્તવેશમાં દિલ્હીમાં ફરતા અને પૃથ્વીરાજની બધી હકીકત પોતાના બાદશાહને લખી જણાવતા. બાદશાહ સમજી ગયો કે, પૃથ્વીરાજે કરેલા અપમાન અને પરાજયનો બદલો લેવાનો આજ ખરો સમય છે. રાજાઓમાં કુસંપ છે અને પૃથ્વીરાજ વિલાસમગ્ન છે. એણે તરતજ સૈન્ય એકઠું કરવા માંડ્યું અને થોડાકજ દિવસમાં એક પ્રચંડ સૈન્યસહિત દિલ્હી તરફ પ્રયાણ કર્યું. જયચંદ આ વખતે અંદરખાનેથી શાહબુદ્દીનની મદદે હતો. ભારતનું ભાગ્ય ફૂટ્યું હતું. એના ઘોર દુર્દિનનો સમય આવી પહોંચ્યો હતો.

પૃથ્વીરાજના સામંતો દેશરક્ષાની તૈયારીમાં ગૂંથાયા; પણ પૃથ્વીરાજ પોતે તો વિલાસમાંજ લીન હતો. ચંદે તેને ચેતવણી આપી પણ રાજાએ તેને ગણકારી નહિ.

આખરે એ સમાચાર પૃથ્વીરાજના બનેવી રાવળ સમરસિંહજીને પણ પહોંચ્યા. એમ પણ કહેવાય છે કે, એમણે એક ભયંકર સ્વપ્ન જોયું હતું, જેથી એમની ખાતરી થઈ ગઇ હતી કે ભારતના અધઃપતનનો દિવસ પાસે આવી પહોંચ્યો છે. પૃથ્વીરાજ પ્રત્યેના સ્નેહને લીધે એ પુત્રને રાજ્યકારભાર સોંપીને પુષ્કળ સૈન્યસહિત, દિલ્હીનું રક્ષણ કરવા સારૂ જઇ પહોંચ્યા. મહેલોમાં પડેલાં પૃથ્વીરાજને એમનું સ્વાગત કરવાનું પણ ભાન નહોતું. સંયુક્તા ચતુર સ્ત્રી હતી. એણે માણસ મોકલીને સમરસિંહનો યોગ્ય સત્કાર કર્યો. આખરે પૃથ્વીરાજને પણ સમરસિંહને મળવા સારૂ આવવું પડ્યું. બહાર આવ્યા પછી સમરસિંહ તથા પોતાના સામંતોને મુખેથી દેશની ખરી સ્થિતિનો પરિચય મળ્યો. પોતાની ભૂલને માટે એને કાંઇ પસ્તાવો થયો. આજ એ મહાવીર કાંઇક મૂંઝાયો પણ ખરો; પરંતુ નામ પ્રમાણે ગુણ ધરાવ-

નાર સમરનીતિવિશારદ સમરસિંહે તેને આશ્વાસન આપ્યું કે, "ગભરાવા જેવું કાંઈ નથી. ચિતોડ, અજમેર અને દિલ્હીની ત્રણ સેનાઓ સજ્જ થઇને યવનદળને રોકશે. આપણા સૈનિકો ઘણા વીર છે. વિજય આપણોજ થશે." પછી જરા હસીને કહ્યું: "પૃથ્વીરાજ! ભય છે તો એક વાતનો છે. નાની રાણી તમને નહિ છોડે તો પછી તમે રણક્ષેત્રમાં કેવી રીતે જઇ શકશો? મને તો લાગે છે કે તમે એને સાથે લઈનેજ યુદ્ધક્ષેત્રમાં જાઓ તો ઘણું સારૂં."

પૃથ્વીરાજે કહ્યું: "મશ્કરી કરવી રહેવા દો. પૃથ્વીરાજ સમરાંગણમાં કદી પીઠ બતાવનાર નથી. તમે યુદ્ધની તૈયારી કરો. તમારા જેવા અનુભવીની સહાયતા છે તો વિજય આપણોજ છે. હું હમણાં આવું છું."

એટલું કહી પૃથ્વીરાજ અંતઃપુરમાં ગયો. ત્યાં ઉદ્યાનમાં સંયુક્તા એકલી બેસીને સુંદર પુષ્પહાર પોતાના કોમળ કર વડે ગૂંથી રહી હતી. એની પાસે ઢાલતલવાર તથા ધનુષબાણ પડેલાં હતાં. પૃથ્વીરાજ એકીટશે તેની તરફ ઘણી વાર સુધી જોઈ રહ્યો અને પછી પૂછવા લાગ્યો: "પ્રિયે! આજ આ શો ધંધો માંડ્યો છે? એક તરફથી કોમળ હસ્ત વડે ફૂલ ગૂંથી રહી છે, બીજી તરફ ઢાલતલવાર પડ્યાં છે. આ વિચિત્ર તૈયારી કોને માટે છે?"

સતીએ કહ્યું: "પ્રાણનાથ! કિશોરાવસ્થાથી મને એક અભિલાષ હતો, કે મારે પોતાને હાથે સજાવીને તમને રણક્ષેત્રમાં મોકલું; એટલા માટે આજ મારે હાથે ધાર કાઢીને આ તલવાર તથા ભાલાને તૈયાર કર્યાં છે. રણભૂમિની યાત્રાએ આપ કાલે નીકળશો તે સમયે પહેરાવવાને આ પુષ્પમાળા ગૂંથી રહી છું. એ વખતે મારે હાથે તમને ઢાલતરવાર ધારણ કરાવીશ તથા મારે હાથે ચાંલ્લો કરી, મુગટ પહેરાવી, પ્રસન્નમુખે વિદાય કરીશ. વીરચૂડામણિ! દાસીનો અભિલાષ કાલે પૂરો પાડવો પડશે. તમે રણભૂમિમાં જઇને તુર્કોને નસાડી મૂકો, એ દિવસ કંઈ ફરી ફરીને નથી આવવાનો."

પૃથ્વીરાજે કહ્યું "વહાલિ! તારો અભિલાષ પૂર્ણ થશે, પણ આ વખતે હું વહેલો પાછો નહિ ફરી શકું. ઇસ્લામના ધર્માનુયાયીઓ આર્યાવર્તમાં રાજ્યની સ્થાપના કરવા માગે છે. આ વખતે શત્રુઓને ખબર પડી ગઇ છે કે, ન્યાતજાતના ભેદ અરે! કુટુંબકલેશને

લીધે રજપૂત જાતિ દુર્બળ થઈ ગઇ છે. રજપૂતોનો સમૂળગો નાશ નહિ કરે ત્યાંસુધી મુસલમાનોને હવે ચેન પડવાનું નથી. આ વખતનું યુદ્ધ જેવું તેવું નથી. આ વખતે મને રણક્ષેત્રમાં લાંબો વખત લાગશે. મારી ઇચ્છા છે કે એટલો સમય તારે રાજકાર્ય સંભાળવું, સુયોગ્ય સચિવોની સલાહ લઇને સમયોચિત આજ્ઞાઓ જારી રાખવી. આવા અણીના વખતમાં પ્રજાને સંતુષ્ટ રાખવી એ ઘણું જરૂરનું છે. મારી લાડકી પ્રજાને ભય કે અસંતોષનું કાંઇ પણ કારણ ન મળે તેની તું ખાસ કાળજી રાખજે. પ્રજાની જનની થઇને તું એમનાં દુઃખને દૂર કરજે. બાલ્યાવસ્થામાં તને સારૂં શિક્ષણ મળ્યું છે. રાજનીતિમાં તું નિપુણ છે. એ જ્ઞાનનો ઉપયોગ કરવાનો આ સમય છે. જે મહાન કાર્યનો ભાર હું તારા હાથમાં સોંપુ છું તેને પાર ઉતારજે.”

સંયુક્તા બોલી: “ આપે મારે માથે આવી ગંભીર જવાબદારી મૂકી તેથી હું કૃતાર્થ થઇ છું. આપનો આદેશ હું જીવસટ્ટે પણ પાલન કરીશ.”

ત્યાર પછી બંન્ને મંદિરમાં ગયાં અને ઇષ્ટદેવતાને પ્રણામ કર્યાં. સંયુક્તાએ પોતાને હાથે સ્વામીને લડાઇનો પોશાક પહેરાવ્યો. યુદ્ધક્ષેત્રમાં ગયા પછી રખે સ્વામીનું ચિત્ત દુર્બળ થાય, રખે એ પ્રિયતમા પત્નીના પ્રેમની ખાતર યુદ્ધક્ષેત્રમાં ક્ષત્રિયોને છાજે એટલી વીરતા ન બતાવે અને રખે રાજાની માફક રાજધર્મનું પાલન કરતાં સંકોચ પામે; એવા વિચારથી વિદાય થતી વખતે સંયુક્તાએ સ્વામીને કહ્યું: “ પ્રાણનાથ ! દેશરક્ષાને સારૂ, રાજધર્મના પાલન સારૂ અને વીરકીર્તિ મેળવવા સારૂ યુદ્ધક્ષેત્રમાં પ્રાણ આપવો પડે, તો તે પણ ખુશીથી આપજો. મોત એક દિવસ જરૂર આવવાનું છે. આ સુંદર હૃષ્ટપુષ્ટ દેહ, આ રાજ્યની સાહેબી અને ભોગવિલાસ એ બધાનો ત્યાગ કરીને, મૃત્યુના કઠોર અને અકસ્માત્ ઘાથી આત્મા એક દિવસ જરૂર ચાલ્યો જવાનો છે, તો પછી યુદ્ધક્ષેત્રમાં વીરધર્મનું પાલન કરતાં કરતાં શા માટે ન મરવું? તમારૂં રાજ્ય, ધન, વૈભવ, યૌવન અને સર્વ કાંઇ એક દિવસ નાશ પામશે, પણ તમે જો વીરતાથી યુદ્ધ કરશો તો તમારી એ કીર્તિ કદી નાશ પામવાની નથી. કોઇ પણ જાતના નાશવંત પાર્થિવ સુખની આશામાં અમર કીર્તિ ગુમાવશો નહિ. જાઓ, પ્રફુલ્લ હૃદયે તેજસ્વિતા દર્શાવતા યુદ્ધમાં સિધાવો. દેવતાઓની

કૃપાથી તમારી તલવાર શત્રુઓના ટુકડેટુકડા કરી નાખશે. તમારે હાથે યુદ્ધક્ષેત્રમાં શત્રુઓના લોહીની નદી વહેશે, તમારો દેહ હોળીમાં ખેલેલા ફાગની પેઠે શત્રુઓના લોહીથી રંગાઇ જશે. જાઓ ! વહાલા જાઓ ! વિજયના ગૌરવથી દીપ્તિમાન થઇને શત્રુઓના લોહીથી ખરડાયેલા હાથે કુળદેવતાના ચરણમાં પ્રણામ કરજો. જાઓ વહાલા ! શત્રુઓના વિનાશથી સંતુષ્ટ થનાર કુળદેવતા તમને આશીર્વાદ આપજો !"

યુદ્ધનો દિવસ પણ આવી પહોંચ્યો. યુદ્ધમાં જતી વખતે પત્નીનાં વીરતાભર્યાં વાક્યોથી ઉત્તેજિત થઇને પૃથ્વીરાજે સમરસિંહને સાથે લઈને પૂર્ણ પરાક્રમપૂર્વક રણક્ષેત્રમાં પ્રવેશ કર્યો. એ બંન્ને વીર રાજાઓના પરાક્રમથી શાહબુદ્દીનની સેનાનો પૂર્ણ પરાજય થયો અને બાદશાહ પોતે કેદ પકડાયો. એ સમયના રજપૂતો ઉદાર હૃદયના હતા. વીરશત્રુનો યોગ્ય આદર કરી જાણતા હતા. કેદી સુલતાન જ્યારે પૃથ્વીરાજના દરબારમાં આવ્યો ત્યારે પૃથ્વીરાજ ઊઠીને સામો ગયો અને તેની બેડીઓ ખોલી નાખીને બોલ્યો: "સુલતાન! યુદ્ધમાં તમારો પરાજય થયો છે ખરો, પણ હિંદુઓ વીરત્વની મર્યાદા ભૂલ્યા નથી. વીરતાનો આદર કરતાં તેમને આવડે છે. તમે મહાપરાક્રમી યોદ્ધા છો. તમારી રણકુશળતા જોઇને હું મુગ્ધ થઇ ગયો છુ. હું વિજેતા છું, તમે બંદીવાન છો, પણ તેથી હું તમારી ઇજ્જત ઓછી કરનાર નથી. હિંદુનું હૃદય ક્ષમાથી પરિપૂર્ણ હોય છે, આપ મારી સાથે સંધિ કરીને સુખે સ્વદેશ સિધાવો."

શાહબુદ્દીન પાસેથી ખંડણી તરીકે ૮૦૦૦ ઘોડા લઈ પૃથ્વીરાજે તેને છોડી મૂકયો. "આ પ્રસંગે રજપૂતોનું ખરૂં ક્ષાત્રતેજ અને યુદ્ધકૌશલ્ય મુસલમાનોના જાણવામાં આવ્યાં. પરાજયથી શાહબુદ્દીન અત્યંત દુઃખી થઇને ત્વરાથી સિંધુ નદી ઊતરીને ગિઝની ગયો. ત્યાં બહારથી ખુશખુશાલીમાં રહીને પોતે હિંદુસ્તાન માટે પરવા કરતો નથી એવું દેખાડવા લાગ્યો; પરંતુ અંદરખાનેથી તે અત્યંત ધૂંધવાઇ રહ્યો હતો. તેણે એક વખત પોતાના પ્રધાનને કહ્યું કે, "મને સ્વસ્થ નિદ્રા કદી પણ આવતી નથી. ઊંઘતો હોઉં કે જાગતો હોઉં પરંતુ ફિકર અને દુઃખનો ડુંગર મારી આસપાસ થયેલો હું જોઉં છું."*

* જુઓ રા. સર દેસાઈકૃત 'મુસલમાની રિયાસત.'

આ યુદ્ધને પાણિપતનું પ્રથમ યુદ્ધ કહે છે. એ ઈ. સ. ૧૧૯૧ માં પાણિપતની પાસે કનલિની ઉત્તરે નારાયણ ગામમાં થયું હતું.× આ યુદ્ધમાં પૃથ્વીરાજનું ગૌરવ વધ્યું પણ તે જયચંદથી સાંખી શકાયું નહિ. પૃથ્વીરાજનો નાશ હરેક રીતે કરવાની તે તજવીજમાં પડ્યો. વૈરાગ્નિ તેના હૃદયમાં ભડભડ સળગવા લાગ્યો. પૃથ્વીરાજનો બદલો લેવાને તેણે અધમમાં અધમ સંકલ્પ કર્યો. એણે શાહબુદ્દીનની પાસે માણસ મોકલીને ભારતવર્ષ ઉપર પુનઃ આક્રમણ કરવાની યાચના કરી અને ખાતરી આપી કે, "આ વખતે હું ખુલ્લી રીતે ધન, શસ્ત્ર, હાથી, ઘોડા તથા સૈનિકની મદદ આપીશ."

જયચંદના આમંત્રણથી ઉત્સાહિત થઇને શાહબુદ્દીને ફરીથી ભારતવર્ષ ઉપર ચઢાઇ કરી. જયચંદ તેની સાથે આવ્યો. પૃથ્વીરાજ અને સંયુક્તાએ જયચંદના દુષ્ટ કૃત્યની વાત સાંભળી, ત્યારે તેમને ઘણોજ કલેશ થયો. સંયુક્તાને તો ઘણી શરમ આવી અને એમ થવા લાગ્યું કે પિતાનું આવું અધમ કૃત્ય જોવા પહેલાં વિધાતા મોત આપે તો સારૂં. પિતાને છેલ્લી વાર સમજાવી દેશદ્રોહનું મહાન પાપ કરતાં રોકવાના ઇરાદાથી સંયુક્તા રાત્રે છાનીમાની જયચંદના તંબૂમાં ગઇ. ત્યાં જઈ એણે પિતાને મુસલમાનોના પડખે ન ઊભા રહેવાની ઘણી સલાહ આપી. એણે કહ્યું: "પિતાજી ! આપ માતૃભૂમિને નથી ઓળખતા તેથીજ માતૃભૂમિનાં અંગ છિન્નભિન્ન થવા બેઠાં છે. દિલ્હી અને કનોજ જુદાં છે, પરંતુ તે એકજ માતૃભૂમિને ખોળે વિરાજેલાં છે. ચૌહાણ અને રાઠોડ લડે છે-વઢે છે, પરંતુ એકજ માતૃભૂમિના ધાવણથી ઊછરેલાં એ સંતાનો છે. એ સંતાનો ભલે લડેવઢે, કપાઇ મરે, પરંતુ ભાંડુઓનાં લોહી રેડવા, પરધર્મી પારકાઓને નોતરવા

× કેટલાક માને છે કે આ યુદ્ધ સંયુક્તાહરણની પૂર્વે થયું હતું; અને જે યુદ્ધમાં સંયુક્તાએ પતિને વીરવેશમાં સજાવીને વિદાય કર્યો તે શાહબુદ્દીન સાથેનું બીજું યુદ્ધ હતું. અસ્તુ ! સંયુક્તાની પતિભક્તિ વીરપત્નીને છાજે એવા ગુણની સાક્ષી તો એ પ્રસંગમાંથી મળીજ આવે છે, ઇમ્પિરયલ ગેઝેટિયરમાં લખ્યું છે કે, પૃથ્વીરાજનું સૌથી પહેલું મોટું કામ સંયુક્તાહરણજ હતું. એ મત ખરો હોય તો પાણિપતના યુદ્ધ સમયે સંયુક્તાનું પતિને વિદાય કરવા હાજર રહેવું સંભવિતજ ગણાય. (રા. રમણલાલ દેસાઇકૃત 'સંયુક્તા' નાટક.)

એ પાપ જોયું જતુંજ નથી. પિતાજી ! પાંડવકૌરવ લડ્યા પણ તેમણે પરધર્મીઓના હાથમાં યુદ્ધનું સુકાન સોંપ્યું ન હતું. આપે આજ યુદ્ધની બધી બાજી મ્લેચ્છોને સોંપી દીધી છે. એ તમારા સેવક થઇ તમારી પાસે નથી આવતા, પરંતુ તમે દાસભાવથી તેમને આવકાર આપતા તેમની સામે જાઓ છો. કદાચ એક દિલ્હી આપને મળશે, પરંતુ એ અને એવી સેંકડો દિલ્હીઓ મુસલમાનોને હસ્તક જશે એનો કાંઇ વિચાર કર્યો ? દિલ્હી લેતાં તમે દિલ્હી અપાવનારના દાસ થઇ રહેશો એ ભૂલશો નહિ; અને દાસ થયા એટલે દિલ્હી ગયું, કનોજ ગયું અને ભારતભૂમિ-માતૃભૂમિ પણ ગઇ માનજો."

જયચંદે કહ્યું: " પછી હું મારા બાહુબળથી મ્લેચ્છોને કાઢી મૂકીશ."

સંયુક્તાએ કહ્યું: " પછી એ બાહુમાં બળ નથી રહેવાનું ! આજ પણ આપના બાહુનું બળ મને ખૂટયું દેખાય છે; નહિ તો એકલાજ લડી લેવાને બદલે પરદેશીઓને કેમ આમંત્રણ આપો ? જે બાહુ બીજાનો આધાર માગે એમાં આપને બળ રહેલું ક્યાં દેખાય છે ? જ્યાં સહાય માગવાની વૃત્તિ થઇ ત્યાં જાણવું કે બળ ઓસરવા માંડયાં અને પરાધીનતા પેસવા માંડી."

હાય ! ભારતના દુર્ભાગ્યને લીધે જયચંદના કઠોર હૃદય ઉપર પુત્રીની આવી સચોટ દલીલોની પણ કાંઇ અસર થઇ નહિ. તેણે પૃથ્વીરાજને માટે અનેક અનુચિત શબ્દોનો પ્રયોગ કર્યો અને અપમાનસહિત સંયુક્તાને તંબૂમાંથી કાઢી મૂકી.

સવારે તિરૌરીના મેદાનમાં રણશિંગાં વાગવા લાગ્યાં. રાજ-દુહિતા અને રાજમહિષી સંયુક્તા આ યુદ્ધની ભયંકરતાનું ખરૂં માપ કાઢી શકી હતી. જે યુદ્ધમાં અનેક કુલાંગાર ભારતવાસી-ઓ શત્રુના પક્ષમાં સામેલ થયા હતા, તે યુદ્ધમાં વિજય મેળ-વવો એ સહેલું નહોતું, એમ એ સમજી શકતી હતી. એનું નારીહૃદય એમ પણ શંકા કરવા લાગ્યું હતું કે, જયચંદ જેવા વીર પુરુષને આવી વિપરીત મતિ સૂઝી છે તો દેશનો વિનાશકાળ પણ જરૂર નિકટ છે. આવી શંકાઓથી પ્રેરાઇ સંયુક્તા નવગ્રહ-ના પૂજન અને શાંતિ સ્વસ્ત્યયન વગેરે ધર્મકાર્યમાં રાતદિન

નિમગ્ન રહેતી હતી. ભગવાનની પૂજા અને પ્રાર્થના કરીને આ વખતે પણ સંયુક્તાએ પોતાને હાથે પતિને યુદ્ધના પોશાકમાં સજાવ્યો હતો અને કહ્યું હતું: "પ્રાણેશ્વર ! યુદ્ધમાં જય મેળવીને વહેલા વહેલા પાછા સિધાવજો. ચક્રપાણિ ગદાધર દેવ તમારૂં રક્ષણ કરજો. મારા તરફની કોઇ ચિંતા ન કરશો. મારા ભાગ્યદોષ વડે, ન કરે નારાયણ ને કાંઇ અમંગળ થશે, તો આ દુનિયામાં હું વધારે વાર ટકીશ નહિ. હું તરતજ આપને સૂર્યલોકમાં આવીને મળીશ કે જ્યાં ફરીથી કદી વિચ્છેદ અને વિયોગનું દુઃખ સહન કરવું પડતું નથી. આ યોગિનીપુર દિલ્હીમાં એક ક્ષણભર હું જીવન ધારણ નહિ કરૂં. વહાલા ! વિદાય થાઓ શત્રુઓનો સંહાર કરી જલદી પાછા ફરો."

અશ્રુભર્યાં નયને વીર પૃથ્વીરાજે પ્રિયાને હૃદયસરસી ચાંપીને પ્રેમપૂર્વક ચુંબન કર્યું અને વિદાય થયો. પાણિપતના મેદાનમાંજ મુસલમાનોને રોકવાનો એનો વિચાર હતો. આ તરફથી પૃથ્વીરાજની સેના આગળ વધી. બીજી તરફથી શાહબુદ્દીનની સેના સામી આવવા લાગી. તરાયનના યુદ્ધસ્થળમાં બન્ને સેનાએ પડાવ નાખ્યો. હિંદુઓ સદા ધર્મયુદ્ધ કરતા આવ્યા છે, તેમને અધર્મયુદ્ધનો કદી વિચાર પણ આવતો નથી. શાહબુદ્દીન હિંદુઓનો એ સ્વભાવ જાણતો હતો તેથી તેણે આ વખતે યુક્તિથી કામ લીધું. તેણે એક પત્ર મોકલીને પૃથ્વીરાજને જણાવ્યું કે, "તમે ઇસ્લામ ધર્મનો સ્વીકાર કરો અને રાજ્યનો થોડોક ભાગ મને આપી દો તો હું સંધિ કરવા તૈયાર છું." એનો ઉત્તર પૃથ્વીરાજે ઘણા સખ્ત શબ્દોમાં આપ્યો અને આગલી લડાઇઓમાં એને કેવી રીતે નાસી જવું પડયું હતું તેનું સ્મરણ કરાવ્યું અને સીધી રીતે પાછા ફરવાની સલાહ આપી. હવે શાહબુદ્દીને દગો દેવાની યુક્તિ શોધી કાઢી. એણે ઉત્તર મોકલ્યો કે, "બાદશાહ તો મારા ભાઈ છે. હું તો કેવળ તેમના હુકમને તાબે થઇ તેમના સેનાપતિ તરીકે આવ્યો છું. એમની મરજી વગર મારાથી પાછા જવાય નહિ, માટે આપ મને થોડીક મુદત આપો. હું એટલી વારમાં દૂત મોકલીને બધો વૃત્તાંત મારા ભાઇને લખી જણાવું છું. જ્યાંસુધી ઉત્તર પાછો ન ફરે ત્યાંસુધી આપણે બન્ને યુદ્ધને બંધ રાખીશું." ભોળો પૃથ્વીરાજ શત્રુની પ્રપંચજાળમાં ફસાયો. રાણા સમરસિંહની સલાહ યુદ્ધ બંધ રાખવાની

નહોતી; પણ બીજા સામંતોને પોતાના બળમાં અતિશય વિશ્વાસ હતો, એટલે એમની સલાહ માની પૃથ્વીરાજે થોડા સમય માટે યુદ્ધ મુલતવી રાખવા આજ્ઞા આપી. સમરસિંહે પોતાના માણુસોને ચેતતા રહેવાની સૂચના આપી હતી, કેમકે એમને મુસલમાનો ઉપર વિશ્વાસ નહોતો. રજપૂતોએ શત્રુ ઉપર આક્રમણ ન કર્યું. શત્રુઓને ચેતવણી આપ્યા વગર ચઢાઇ કરવી એને રજપૂતો હીન કૃત્ય ગણુતા હતા. અસ્તુ ! બન્ને પક્ષ થોડા દિવસ તો પડાવ નાખીને શાંત બેઠા. આ યુદ્ધમાં બન્ને પક્ષ તરફથી બહુ મોટી સેના એકઠી થઇ હતી. રાસોમાં તો બહુ અતિશયોક્તિ ભરેલું વર્ણન છે; પરંતુ વિન્સેટ સ્મિથ કહે છે કે, “ મુસલમાનોની સેના બાર હજાર હતી, હિંદુઓની સંખ્યા એથી ઘણી વધારે હોવી જોઇએ. ” પણ એલ્ફિન્સ્ટન સાહેબ લખે છે કે, “એ સૈનિકો સુસ્ત અને નિરાશ હતા. પદ્ધતિસર લશ્કરી તાલીમ તેમને મળી નહોતી. ”

રજપૂતો શાહબુદ્દીનના પત્ર ઉપર વિશ્વાસ મૂકીને નિશ્ચિંત બેઠા હતા, એવામાં શાહબુદ્દીને એક રાતે એવી યુક્તિ કરી કે, પોતાના સૈનિકોને તંબૂની આગળ સળગતી આગ રાખવાની આજ્ઞા આપી, જેથી હિંદુઓ એમ સમજે કે શત્રુઓ ત્યાંજ છે. થયું પણ એમજ. હિંદુઓ એ આગ જોઇને શત્રુઓ પોતાના તંબૂમાંજ બેઠા છે એમ માની આનંદ કરવા લાગ્યા. શાહબુદ્દીને એ લાગ જોઇને પોતાની સેનાને તૈયાર થવાને આજ્ઞા આપી અને વહાણું વાતાં પહેલાંજ—પૃથ્વીરાજની સેના નિત્યકર્મથી પરવારે તે અગાઉજ તેના ઉપર અણધાર્યો દગાભર્યો હુમલો કર્યો.× રજપૂતો સમજ્યા કે શત્રુઓએ પ્રપંચ કરીને પોતાને છેતર્યા છે. તરતજ તેઓ સજ્જ થઈને યુદ્ધ કરવા તૈયાર થયા. બંન્ને પક્ષ વચ્ચે ઘોર યુદ્ધ જામ્યું. પૃથ્વીરાજ અને સમરસિંહ ઘોડેસવાર થઇને જાતે યુદ્ધમાં ઊતર્યા હતા અને ફરીને પોતાની સેનાને ઉત્તેજિત કરતા હતા. તબક્કાત–ઇ–નાસિરીમાં લખ્યું છે કે કાશ્મીરની હિંદુસેના પણ યવનોના પક્ષમાં આ યુદ્ધમાં પૃથ્વીરાજ સાથે લડી હતી અને જમ્મૂના નરસિંહદેવને હાથે પૃથ્વીરાજનો મોટો સામંત ગોવિંદરાય માર્યો ગયો હતો. રજપૂતોની સંખ્યા ધીમે ધીમે ઘટવા લાગી. એક સ્થળે પૃથ્વીરાજ પણ

× જુઓ, ‘ ફરિસ્તા અને તબક્કાત–ઇ–નાસિરી.’

યવનસેનાથી ચારે તરફથી ઘેરાઇ ગયાં. તેણે અનેકનો સંહાર કર્યો, પણ હવે એનાથી બહાર નીકળાય એમ નહોતું. જેતરાય નામના એક વિશ્વાસુ સામંતે સમયસૂચકતા વાપરી પૃથ્વીરાજના માથાનું છત્ર પોતાના ઉપર ધર્યું. જેતરાય માર્યો ગયો, થોડીવારમાં ચામુંડરાયઃ પણ પરલોક સિધાવ્યો. રજપૂતોએ ઘણું પરાક્રમ દાખવ્યું, પ્રાણની મમતા છોડીને યુદ્ધ કરવા માંડ્યું, પણ ભારતની સ્વતંત્રતાનો સૂર્ય આજે અસ્ત થવાનો હતો; એટલે લડતાં લડતાં વીર સમરસિંહ પણ પરલોક સિધાવ્યા અને સાંજ પડતાં પડતાં તો ચૌહાણવંશનો કુળદીપક, સંયુક્તાનો કંઠહાર, રાજા પૃથ્વીરાજ પણ દેવલોકની યાત્રા કરી ગયો. ઈ૦ સ૦ ૧૧૯૨ માં ભારતવર્ષનાં દુર્ભાગ્યે આ મહાપરાક્રમી વીર ૪૩ વર્ષની વયે સ્વર્ગમાં સિધાવ્યો. ભારતની સ્વતંત્રતા એ દિવસથી ગઇ તે ગઈ! ત્યારથી ભારતવાસીના ભાગ્યમાં પરાધીન થઇ ટપલા ખાવાનું અને જિતાયલી હીણ પ્રજા તરીકે પરદેશીઓને હાથે અપમાનજ સાંખવાનું રહ્યું છે.

પૃથ્વીરાજની અંતિમ દશાના સંબંધમાં ઇતિહાસવેત્તાઓમાં ઘણો મતભેદ છે. ચંદ કવિના રાસામાં પૃથ્વીરાજને કેદ પકડીને શાહબુદ્દીન ગિઝની લઇ ગયો અને ત્યાં પૃથ્વીરાજે એક વાર રાજદરબારમાં શબ્દવેધી બાણનો પ્રયોગ કરી બતાવતાં, ચંદની સૂચના પ્રમાણે નિશાન તાકીને શાહબુદ્દીનનું તાળવું ફોડી નાખ્યું અને પછી ચંદ અને પૃથ્વીરાજ બન્ને પોતાના છરા પેટમાં ખોસી દઇને, આત્મહત્યા કરીને મરી ગયા. ઘેરેઘેર એજ કથા પ્રચલિત છે; પરંતુ ઇતિહાસની દૃષ્ટિએ 'રાસોનું' સ્થાન બહુ ઉચ્ચ નથી. પૃથ્વીરાજ જેવો વીર સહેલાઈથી શત્રુના હાથમાં જીવતો સપડાય એ સંભવિત નહોતું. અનેક અંગ્રેજ તથા મુસલમાન ઇતિહાસ-વેત્તાઓનો અભિપ્રાય એવોજ છે કે, પૃથ્વીરાજ રણક્ષેત્રમાંજ શત્રુઓને હાથે મરણ પામ્યો હતો. અસ્તુ.*

પૃથ્વીરાજના મૃત્યુના શોકસમાચાર દિલ્હી પહોંચાડવામાં આવ્યા. સમાચાર મળતાં વારજ સંયુક્તાએ ચિતા તૈયાર

* વિન્સેન્ટ સ્મિથે સ્પષ્ટ લખ્યું છે કે, "પૃથ્વીરાજના ગિઝનીમાં કેદ રહેવાની અને એને હાથે શાહબુદ્દીનના માર્યા જવાની વાત, તદ્દન જૂઠી છે; કેમકે ઈ૦ સ૦ ૧૨૦૫-૦૬ માં મુલાક જાતિના એક માણસને હાથે એ પંજાબના જેલમ જિલ્લામાં એક ગામમાં માર્યો ગયો હતો.

કરાવી. જોતજોતામાં ચિતાના અગ્નિની ઝાળ આકાશને સ્પર્શ કરવા લાગી. સંયુક્તાએ રત્નમય અલંકારો ઉતારી દઈને લાલ વસ્ત્ર તથા લાલ પુષ્પની માળા પહેરીને એ અગ્નિમાં પ્રવેશ કર્યો. જોતજોતામાં તેનું લાવણ્યમય કોમળ શરીર ભસ્મીભૂત થઈ ગયું.

જાઓ, પૃથ્વીરાજ ! જાઓ, સંયુક્તા દેવિ ! સિધાવો એ પુણ્યલોકમાં કે જ્યાં નથી પાપ, તાપ, નથી ધર્મદ્વેષ, નથી જાતિદ્વેષ કે નથી જ્યાં પરરાજ્યનો લોભ. એ પુણ્યધામમાં નિત્યાનંદ અને નિત્યપ્રેમ વિરાજે છે.

પૃથ્વીરાજ સંયુક્તાને છોડીને જેટલા દિવસ રણભૂમિમાં રહ્યો હતો, તેટલા દિવસ સંયુક્તા કેવળ જળને આધારે રહી હતી. આહાર તેણે બિલકુલ છોડી દીધો હતો. ચંદ કવિના ગ્રંથમાં એક આખા અધ્યાયમાં રાણી સંયુક્તાના આ અસાધારણ પાતિવ્રત્યનું વર્ણન કરેલું છે. પાતિવ્રત્યને માટે સંયુક્તા ઉત્તમ ઉદાહરણરૂપ છે અને સ્ત્રીઓને માટે સદા પૂજ્ય છે. પતિવ્રતા સતીઓમાં તેનું નામ સદા માનપૂર્વક જળવાઇ રહેશે.

હજુ પણ જૂની દિલ્હીમાં સંયુક્તાનાં સ્મૃતિચિહ્ન જણાઈ આવે છે. જે કિલ્લો સંયુક્તાનો વિલાસભવન હતો, તે કિલ્લાની એક દીવાલ હજુ મોજૂદ છે; જે મહેલમાં સૌભાગ્યવતી સંયુક્તા પતિપ્રેમમાં રાતદિવસ લીન રહેતી હતી, તે મહેલના થાંભલાઓ આજ પણ એ પ્રાચીન નગરીમાં દીઠામાં આવે છે. કાળના કઠોર આક્રમણથી એ ખંડેરો કોઈ દિવસ જરૂર નાશ પામશે; પરંતુ એ મહેલોની અધિષ્ઠાત્રી રાણી સંયુક્તાની સ્મૃતિ આ જગતમાંથી કદી વિલુપ્ત થશે નહિ. તેની સરળતા, તેનું પાતિવ્રત્ય, તેની ઉદારતા એ સૌ ગુણોને લીધે તેનું નામ ઇતિહાસમાં અમર રહેશે.





૧૩૩-શશિવૃત્તા

એ દેવગિરિના રાજા ભાનુરાય યાદવની કન્યા હતી. એ અનુપમ સૌંદર્યવતી રમણી હતી. ભાનુરાયની ઇચ્છા એનું લગ્ન જયચંદના ભત્રીજા વીરચંદ કમધજ્જની સાથે કરવાની હતી; એટલા માટે એણે પોતાના ગોરની સાથે જયચંદની પાસે નાળિયેર પણ મોકલી દીધું હતું. એ લઇને ગોર કનોજ ગયો; પરંતુ શશિવૃત્તા પૃથ્વીરાજની પ્રશંસા સાંભળીને એના ઉપર મુગ્ધ થઈ ગઇ હતી. એણે સંકલ્પ કર્યો હતો કે, "વરીશ તો પૃથ્વીરાજનેજ વરીશ." પૃથ્વીરાજને પણ એ સમાચાર પહોંચી ગયા હતા.

લગ્નને‍ા સમય પાસે આવ્યો ત્યારે કનોજથી વીરચંદ પોતાની સેના તથા સામંતોને લઇને પરણવા સારૂ દેવગિરિ તરફ રવાના થયો. એ વૃત્તાંત મળતાં પૃથ્વીરાજ પણ અનેક સૈનિકોને લઇને એ તરફ રવાના થયો.

શશિવૃત્તાનાં માતપિતાએ જ્યારે કન્યાને‍ા મનોભાવ જાણ્યો ત્યારે તેમણે પુત્રીને સમજાવવામાં મણા ન રાખી; પરંતુ શશિવૃત્તા જીવ જાય તોપણ વીરચંદને પરણવા તૈયાર નહોતી. તેની એ દશા જોઇને રાજાએ મંત્રીની સલાહ લીધી. મંત્રીએ કહ્યું કે, "આપ વીરચંદને ચાંલ્લો મોકલી ચૂકયા છો,માટે હવે એની સાથેજ રાજકુમારીનું લગ્ન કરવું જોઇએ." પરંતુ પોતાની કન્યા ઉપરની મમતાને લીધે રાજાએ એમ ન કરતાં, પોતાને હાથે પત્ર લખીને પૃથ્વીરાજને મોકલ્યો. એમાં લખ્યું હતું કે, "શશિવૃત્તા શિવાલયમાં બેઠી હશે. આપ આવીને ત્યાંથી એને લઇ જશો."

એ સમાચાર મળતાંવારજ પૃથ્વીરાજ પોતાની સેનાને‍ા પ્રબંધ એક વિશ્વાસુ સામંતને સોંપી, જાતે બે સામંત લઇને દેવગિરિ તરફ ગયો. શશિવૃત્તા પણ આતુરતાથી પૃથ્વીરાજની વાટ જોઇ રહી હતી. પૃથ્વીરાજના આવ્યાના સમાચાર એને મળી ચૂકયા હતા.

એક દિવસ તેણે રાજમહેલમાંથી પૃથ્વીરાજને જતો જોયો. પૃથ્વીરાજને પણ ખબર પડી ગઇ કે, પોતાના આવ્યાના સમાચાર રાજકુમારીને પહોંચ્યા છે. શાશવૃત્તા બીજે દિવસે પિતાની આજ્ઞા લઇને શિવપૂજન કરવા ગઈ. એની સાથે કમધજ્જ અને શશિવૃત્તાના પિતાની સેના પણ હતી.

પૃથ્વીરાજે આ સમયે યુક્તિ વાપરી. એણે પોતાના સિપાઈઓને યોગીઓના વેશમાં વીરચંદ કમધજ્જની સેનામાં દાખલ કરી દીધા. શસ્ત્રોને છુપાવીને એ લોકો એની સેનામાં ઘૂસ્યા. બીજી તરફથી પૃથ્વીરાજ પણ અશ્વ ઉપર સવાર થઇને મંદિરની પાસે ગયો અને શશિવૃત્તા મંદિરની બહાર પૂજા કરીને નીકળી એ વખતે તેનો હાથ પકડીને ઘોડા ઉપર બેસાડી ચાલ્યો ગયો.

શશિવૃત્તાનું હરણ થયેલું જોઇ વીરચંદની સેના પૃથ્વીરાજની પાછળ પડી. બન્ને પક્ષ વચ્ચે ઘણું ભારે યુદ્ધ થયું. શશિવૃત્તાનો ભાઇ એ યુદ્ધમાં માર્યો ગયો. બન્ને પક્ષના હજારો સૈનિકોનું બલિદાન અપાયા પછી પૃથ્વીરાજ શશિવૃત્તાને લઇને સહીસલામત દિલ્હી પહોંચ્યો.

સંયુક્તાને પૃથ્વીરાજ પરણ્યો ત્યાંસુધી શશિવૃત્તા એના ગળાનોહાર બની રહી હતી.શશિવૃત્તાનો પતિપ્રેમ જન્મભર ઓછો થયો નહોતો. સપત્નીઓ સાથે તેની વર્તણૂક બહેનના જેવી હતી.

શશિવૃત્તાનું વિશેષ વૃત્તાંત જાણ્યામાં આવ્યું નથી.



૧૩૪–વીરકન્યા તાજકુંવર

આ રમણી કાનપુરની પાસે ગંગાકિનારે વસેલા કિસોરા નામના ગામના નાના પણ સ્વતંત્ર ઠાકોર સજ્જનસિંહની કન્યા હતી. તેના ભાઇનું નામ લક્ષ્મણસિંહ હતું. તાજકુંવર સૌંદર્યની પ્રતિમા હતી. તેના સૌંદર્યની પ્રશંસા ચારે તરફ પ્રસરી રહી હતી. એ સમયે મુસલમાન બાદશાહોનો પ્રવેશ હિંદુસ્તાનમાં થઇ ચૂકયો હતો. ગંગાની આસપાસના સુંદર મનમોહક પ્રદેશ ઉપર તેમણે અધિકાર મેળવવા માંડ્યો હતો. તાજકુંવરના સૌંદર્યની વાત મુસલમાન બાદશાહને કાને પણ પહોંચી અને તેણે તેને પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. એ જાણતો હતો કે સજ્જનસિંહ ખરો વીર પુરુષ છે. જબરદસ્તીથી માગણી કરવા જઇશ તો એ કદી પોતાની કન્યા આપવાનો નથી; ઊલટું મેં થોડીઘણી સત્તા હિંદુસ્તાનમાં જમાવી છે, તેનો પણ નાશ થશે; એટલા માટે જ્યાંસુધી પોતાની સત્તા ઘણી પ્રબળ ન થાય ત્યાંસુધી એવું સાહસ કરવાનું તેણે મુલતવી રાખ્યું.

સજ્જનસિંહે પઠાણો સાથે અનેક વાર યુદ્ધ કરીને કિસોરા સંસ્થાનનો બચાવ કર્યો હતો. એક વખત કાનપુર જીતવા જતી ફોજમાંની અડધી ટુકડીએ નાનકડા કિસોરા ઉપર હુમલો કર્યો હતો, પણ સજ્જનસિંહના પરાક્રમ અને સાહસ આગળ એ ગંજાવર સૈન્યનું પણ કાંઈ વળ્યું નહિ. આ પ્રમાણે કિસોરાનું નાનું રાજ્ય પોતાની સ્વતંત્રતા ટકાવી શકયું હતું. એ રાજ્ય નાનું પણ ફળદ્રૂપ હતું; કારણકે ગંગા નદીનો જળપ્રવાહ કિસોરાની ઘણીજ પાસે થઇને વહેતો હતો, એને લીધેજ કિસોરાની સમૃદ્ધિ હતી.

સજ્જનસિંહે કિસોરા શહેરને એક મજબૂત કોટ બંધાવ્યો હતો અને લશ્કરી બંદોબસ્ત પણ ઘણો સારો રાખ્યો હતો.

પઠાણોએ તેને જીતવાને ઘણાએ પ્રયત્નો કર્યા હતા; પણ પોતાની હયાતીમાં કિસોરાનું સ્વાતંત્ર્ય નહિ ગુમાવવાનો સજ્જનસિંહે દૃઢ સંકલ્પ કર્યો હતો.

એવા તેજસ્વી રજપૂત વીરનાં સંતાન પણ તેજસ્વીજ હતાં. લક્ષ્મણસિંહ પણ વીરોચિત ગુણોમાં પિતાના જેવોજ હતો. કન્યા તાજકુંવરે પણ ક્ષાત્રકર્મમાં પૂરૂં નૈપુણ્ય પ્રાપ્ત કર્યું હતું. તીર ચલાવવામાં એ એવી નિપુણ હતી કે પૌરાણિક યુગના શરસંધાનમાં એક્કા ગણાતા યોદ્ધાઓનું તે સ્મરણ કરાવતી. ક્ષત્રિયો તેને ઘણુંજ સન્માન આપતા અને દેવકન્યા સમાન ગણતા. એક પ્રસંગે એ પણ મુસલમાનો સાથે યુદ્ધ કરવા ગઈ હતી. એ યુદ્ધમાં તેને વિજય મળ્યો હતો. કિસોરાના દરવાજા આગળ ડાબા હાથમાં શત્રુના લોહીથી ખરડાયેલો લાંબો ભાલો પકડીને અને જમણા હાથમાં રક્તમાંસથી તરબોળ થઈ ગયેલી તલવાર પકડીને ઘોડા ઉપર સવાર થયેલી એ દેવકન્યાને જોઇને કિસોરાની પ્રજાએ જયજયકાર કરી મૂક્યો હતો.

લક્ષ્મણસિંહ અને તાજકુંવરની માતા તેમને નાના મૂકીનેજ મરણ પામી હતી, ત્યારથી એ બન્ને ભાઇબહેન સંપીને આનંદપૂર્વક રહ્યાં હતાં. મૃગયાનો બન્નેને ઘણો શોખ લાગ્યો હતો.

એક દિવસ સૂર્યાસ્ત થવાને એકાદ કલાકની વાર હતી એવે સમયે હથિયાર સજીને એ ભાઇબહેન, પિતાની આજ્ઞા લઇને ગંગાની આસપાસના પ્રદેશમાં શિકાર રમવા ગયાં હતાં. કિસોરાના જે પ્રદેશમાં થઇને ગંગાનો પુણ્ય પ્રવાહ વહી રહ્યો છે, તે પ્રદેશમાં બન્ને જણાં વાતો કરતાં કરતાં ધીમે ધીમે ઘોડેસવાર થઇને જતાં હતાં. વાયુની ઠંડી લહેરોનું સેવન કરતાં કરતાં તેઓ બન્ને જણાં એક નાળા આગળ આવી પહોંચ્યાં.

લક્ષ્મણસિંહે પૂછ્યુંઃ “ કેમ બહેન ! તું એમ કહે છે કે તું મારા કરતાં વધારે પઠાણોને ઠાર મારીશ ? ”

તાજકુંવરે કહ્યુંઃ “ હા, અવશ્ય !

લક્ષ્મણસિંહે જવાબ આપ્યોઃ “ પણ બહેન ! તને હજુ પુરુષોના બળની ખબર નથી. ”

તાજકુંવરે કહ્યુંઃ “ ત્યારે તમે મને બિલકુલ નિર્બળ સમજો છો ? ભાઇ ! ખરેખાત હું તમારા કરતાં વધારે પઠાણોનેજ મારવાની. ”

જુવાન ભાઈબહેન આ પ્રમાણે વાર્તાલાપ કરી રહ્યાં હતાં, એવામાં એકાએક એક સ્વર તેમને કાને પડ્યો: "અય! કાફિર! જબાન સમાલકે બોલ" આ ઉદ્દગાર સામી બાજુની ઝાડીમાંથી આવ્યા. થોડીકજ વારમાં બે મોટા પથ્થર ધડાક કરતાં લક્ષ્મણસિંહના ઘોડાની ગરદન ઉપર આવી પડ્યા. એ જોઇને બન્ને જણાં ક્ષણભર સ્તબ્ધ થઈ ગયાં, પણ તરતજ તેઓ પરીસ્થિતિ સમજી ગયાં. પઠાણને જોઇનેજ તાજકુંવર બોલી ઊઠી: "ભાઇ! જોઇએ કે કોની તલવાર વધારે પઠાણોનાં મસ્તક તોડે છે."

"હા જોઇ લેજે." એટલું કહીને લક્ષ્મણસિંહ ગરજી ઊઠ્યો: "હે તુર્ક! રજપૂતોને કાફિર કહેનાર તું કોણ છે? મોં સંભાળીને બોલજે. હજુ સુધી રજપૂત સાથે કામ પડયું હોય એમ દીસતું નથી." એમ કહીને તેણે પોતાનો ઘોડો તેના અંગ ઉપર ધસાવ્યો. તાજકુંવર અને લક્ષ્મણસિંહ હથિયાર સજીને તૈયાર થઇ ગયાં, એટલામાં ઝાડીમાંથી દસબાર પઠાણો લાઠી લઇને તેમને મારવા ધસી આવ્યા; પણ આ વીર ભાઇબહેન આગળ તેમનું કાંઈ વળ્યું નહિ. તાજકુંવર અને લક્ષ્મણસિંહના તીક્ષ્ણ ભાલાના પહેલેજ સપાટે ચારપાંચ પઠાણો નીચે પડ્યા. લક્ષ્મણસિંહે તાજકુંવરને હર્ષભેર કહ્યું: "જોયું બહેન! આખરે તારીજ સંખ્યા ઓછી રહી." અભિમાની બાલિકાને એ શબ્દોથી ઘણું લાગી આવ્યું. તેણે તરતજ શરસંધાન કરીને બે પઠાણોને ઠાર કર્યા. બાકીના પઠાણો જીવ લઇને નાસી ગયા. આ પ્રમાણે બન્નેને મનમાન્યો શિકાર મળ્યો, એટલે ભાઇબહેન પ્રસન્ન થયાં અને ઘેર જઇને હર્ષભેર પિતાજીને બધા સમાચાર કહ્યા. સજ્જનસિંહે બાળકોની વીરતાના સમાચાર જાણી ઘણો હર્ષ પ્રગટ કર્યો.

તેમનો એ દિવસ તો આનંદમાં વ્યતીત થઇ ગયો, પણ બધા દિવસ કાંઇ એકસરખા જતા નથી. બીજો દિવસ ઊગતા પહેલાં કિસોરા ઉપર નવું સંકટ આવી પડવાનાં ચિહ્ન જણાવા લાગ્યાં. ઉપર અમે જણાવ્યું છે કે લક્ષ્મણસિંહ અને તાજકુંવરની સાથે યુદ્ધ કરનારા પઠાણોમાંના બે જીવ લઇને નાસી ગયા હતા. તેમણે જઇને પોતાની દુર્દશાનો વૃત્તાંત પોતાના બાદશાહને કહ્યો. બાદશાહને હવે સજ્જનસિંહને સતાવવાનું બહાનું મળ્યું. કિસોરા નગરના અને કિસોરા નગરની શોભારૂપ અત્યંત સૌંદર્યવતી તાજ-

કુંવરના સ્વામી બનવાની તેને તીવ્ર ઇચ્છા હતી. તરતજ તેણે પોતાના સરદારને લડાઇની તૈયારી કરવાનો હુકમ આપ્યો અને સજ્જનસિંહને ખબર મોકલાવી કે, "તારી છોકરીએ મારા સૈનિકોને વગર કારણે ત્રાસ આપ્યો છે, માટે તું એ છોકરીને મારે સ્વાધીન કર; નહિ તો મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થા." આ સંદેશો સાંભળીને સજ્જનસિંહ અને તેના અનુયાયીઓને ઘણોજ ક્રોધ વ્યાપી ગયો. તેમણે તેના ઉત્તરમાં કહેવરાવ્યું કે, "આખું કિસોરા શહેર પોતાના પ્રાણ આપવા તૈયાર છે. અમે કદી પણ અમારા કુળને કલંક લગાડનારૂં કૃત્ય કરીશું નહિ. દુષ્ટ યવનોનો સંહાર કરવા સારૂજ રજપૂતો જન્મ ધારણ કરે છે." આ ઉત્તર સાંભળીને મુસલમાન બાદશાહનો ક્રોધ વધી ગયો. ઘણું મોટું સૈન્ય લઇને એ કિસોરા ઉપર ચડાઇ લઇ ગયો. કિસોરા ઉપર એક મોટું સંકટ આવી પડ્યું, પણ રજપૂત વીરો જરા પણ ભયભીત થયા નહિ. તેમણે પણ તૈયારી કરી રાખી હતી. મરતાં સુધી સ્વતંત્રતાને માટે લડવાનો તેમણે નિશ્ચય કરી રાખ્યો હતો.

પ્રત્યેક રજપૂત વીર પોતાના પવિત્ર કુળની ખાતર, પ્રાણથી પણ અધિક પ્રિય સ્વાધીનતાની ખાતર અને સ્વર્ગથી પણ શ્રેષ્ઠ જન્મભૂમિની ખાતર देहं पातयामि वा कार्यं साधयामि। એવો સંકલ્પ કરીને હથિયાર સજીને શત્રુની રાહ જોતો નગરના કોટ આગળ ઊભો હતો, એટલામાં શત્રુઓએ કિસોરા શહેરને બહારથી ઘેરો ઘાલ્યો અને ફરીથી સંદેશો કહાવ્યો કે, "હજુ સમજી જાઓ. તાજકુંવરને અમારા હાથમાં સોંપી દઇને તમારા રાજ્યની સ્વતંત્રતાનો બચાવ કરો." પણ રજપૂતો એવી ધમકી સાંખી રહે એવા બાયલા નહોતા. "અમે અમારી સ્વતંત્રતાનું રક્ષણ યુદ્ધથીજ કરીશું" એવો સ્પષ્ટ ઉત્તર તેમણે મોકલી આપ્યો. હવે મુસલમાનોને યુદ્ધ કર્યા સિવાય છૂટકોજ નહોતો. યુદ્ધ આરંભાયું.

આ સમયે ઉત્તર તરફના એક ઊંચા બુરજ ઉપર બે તરુણ ધનુષ્યબાણ સજીને ઊભા હતા. બન્નેની ઊભા રહેવાની છટા ઘણીજ ચિત્તાકર્ષક હતી. બન્નેના ચહેરા ઘણા મનોહર દેખાતા હતા; પણ એ બે તરુણોમાંથી એકના મુખ ઉપર સુકુમારતા વધારે સ્પષ્ટ જણાઇ આવતી હતી. તેનો ચહેરો નયનરંજક હતો. વાચકવૃન્દ! એ તરુણ કોણ હતો? એ તો વીરવેશધારી આપણી ચરિત્રનાયિકા વીર કન્યા તાજકુંવર હતી. તેનાં નેત્રોમાંથી આ વેળાએ

અગ્નિ વરસી રહ્યો હતો. યુદ્ધ શરૂ થતાંવારજ યવનોએ પહેલાં તો કોટના દરવાજા ઉપર હુમલો કરીને તેને તોડી નાખ્યો તથા એ રસ્તે અંદર પેસવાનું શરૂ કર્યું. રજપૂતોએ ઘણું પરાક્રમ બતાવીને એ વખત તેમને પાછા હઠાવ્યા; પરંતુ આખરે શત્રુઓએ કિસોરા શહેરમાં પ્રવેશ કર્યો. એ વખતે ઘણુંજ ભયંકર યુદ્ધ થયું. તેમાં રાજા સજ્જનસિંહ મરણ પામ્યો અને રજપૂતપક્ષ નબળો પડ્યો.

પેલી તરફ લક્ષ્મણસિંહ અને તાજકુંવર બુરજ ઉપરથી શત્રુઓ ઉપર તીરોનો એકસરખો વરસાદ વરસાવી રહ્યાં હતાં. સજ્જનસિંહના મૃત્યુ વખતે યવન લશ્કરમાં જયજયકારનો ધ્વનિ થયો અને આખા શહેરમાં મુસલમાન સેના પ્રસરી ગઇ; પરંતુ લક્ષ્મણસિંહ અને તાજકુંવર એ સમયે પણ ઉપરાઉપરી બાણ છોડીને અનેક મુસલમાનોને ભોંયભેગા કરતાં હતાં. તાજકુંવરની છટા જોઇને મુસલમાન સેનાપતિ આશ્ચર્યચકિત થઇ ગયો. તેણે આજ્ઞા આપી કે, "સરદારો! ગમે તેમ કરીને આ તરુણ (તાજકુંવર) ને જીવતો પકડજો. જે કોઇ એ કામ પાર ઉતારશે તેને હું બક્ષિસ...." એટલું બોલતાં બોલતાંમાંજ તે બેશુદ્ધ થઇને નીચે પડ્યો અને મરણ પામ્યો. જે સમયે તેણે તાજકુંવર તરફ ઇશારો કરીને તેને જીવતી પકડવાની સૂચના કરી હતી, તેજ સમયે તાજકુંવરે તેના તરફ તાકીને તીર માર્યું હતું અને એ એકજ તીરે તેની જિંદગીનો અંત આણ્યો હતો. એ સમયે તેના અનુયાયીઓ 'દીન દીન' કરતા બુરજ ઉપર ચડી ગયા. તેમની સાથે યુદ્ધ કરવામાં તાજકુંવરે ઘણી બહાદુરી બતાવી. તેણે એકંદર ૮૦ પઠાણોને ઠાર માર્યા; પણ યવનસેના ઘણી પાસે આવતી ગઇ ત્યારે તેણે ભાઇને પોતાનું રક્ષણ કરવાને વિનતિ કરી; પરંતુ રક્ષણનો કોઇ ઉપાય નહોતો. વાચક! લક્ષ્મણસિંહે તાજકુંવરનું કેવી રીતે રક્ષણ કર્યું તે સાંભળવા માગો છો?

યવનનો સ્પર્શ પોતાની પવિત્ર બહેનને ન થાય એટલા સારૂ વીરયુવકે પોતાની તલવાર એકદમ ઉગામી, મમતાનું આવરણ એકદમ કાઢી નાખ્યું અને પોતાને હાથેજ તાજકુંવરના બે કકડા કરીને તેને શત્રુઓના હાથમાં જતી બચાવી. તાજકુંવર પણ એથી પ્રસન્ન થઇ હતી. આખરે લક્ષ્મણસિંહ પણ શત્રુઓની સાથે યુદ્ધ કરતાં કરતાં મરણ પામ્યો. રાજસ્થાનમાં આજ પણ તાજકુંવરના પરાક્રમનાં યશોગાન ગવાય છે.

૧૩૫–દેવળદેવી

આ ઉદાર હૃદયની વીરમહિલા પ્રસિદ્ધ વીર આલ્હા અને ઉદલની માતા હતી. ટૉડ સાહેબે તેના સંબંધમાં લખ્યું છે કે, દેવળદેવીએ નીચે લખેલા પ્રસંગ ઉપર જેવી સ્વામીભક્તિ પ્રકટ કરી હતી તેવી સ્વામીભક્તિનું દૃષ્ટાંત આખી દુનિયાની કોઇ જાતિમાં નહિ મળે. એ વૃત્તાંત ઉપરથી રજપૂત સ્ત્રીઓના આચારવિચાર, ઉચ્ચ ભાવના, આત્મસન્માન તથા આત્મોત્સર્ગનો પરિચય મળે છે.

પૃથ્વીરાજ, યાદવવંશીય રાજા વિજયપાલની રાજકુમારી સાથે વિવાહ કરીને થોડીક સેના સાથે દિલ્હી પાછો જઇ રહ્યો હતો. એટલામાં શાહબુદ્દીન ઘોરીની મોટી સેનાએ તેના ઉપર આક્રમણ કર્યું. ઘોર યુદ્ધ થયા પછી શાહબુદ્દીનની હાર થઇ. એ લડાઇમાં શાહબુદ્દીનના ૫૦૦૦ સૈનિકો માર્યા ગયા હતા અને એ પોતે પણ કેદ પકડાયો હતો. છેવટે ૮૦૦૦ ઘોડા દંડ તરીકે આપીને એ બંધનમાંથી છૂટ્યો હતો. પૃથ્વીરાજ એ યુદ્ધમાં વિજયી થઇને દિલ્હી ચાલ્યો આવ્યો, પણ એની સેનામાંના કેટલાક ઘાયલ થયેલા સૈનિકો પાછા આવતી વખતે રસ્તો ભૂલી ગયા. ભટકતા ભટકતા તેઓ મહોબા જઇ પહોંચ્યા. સાયંકાળે તેઓ મહોબા નગરની સમીપ આવ્યા ત્યારે પ્રચંડ આંધી સાથે વરસાદ વરસવા લાગ્યો. પાસેજ મહોબાના રાજા પરમાર ચંદેલનો બગીચો હતો. ઘાયલ સૈનિકો વિશ્રામ કરવા સારૂ એ બાગમાં પેસવા લાગ્યા, પણ બાગના માળીએ તેમને રોક્યા. એથી ગુસ્સે થઇને પૃથ્વીરાજના એક સૈનિકે તેનું શિર કાપી નાખ્યું. માળીની સ્ત્રી રોતી રોતી રાણીની પાસે પહોંચી અને પોતાના પતિના મૃત્યુ માટે ઘણો વિલાપ કરવા લાગી. રાણીએ એ દુર્ઘટનાના સમાચાર રાજાને કહ્યા. રાજાએ ચોહાણ યોદ્ધાઓને દમન કરવા સારૂ સૈનિકોનું એક દળ મોકલ્યું; પરંતુ પૃથ્વીરાજના વીર સૈનિકો ઘાયલ હોવા

છતાં પણ એવી વીરતાથી લડ્યા કે અનેક ચંદેલ યોદ્ધાઓનો તેમણે જોતજોતામાં વધ કરી નાખ્યો. એ સમાચાર પણ પરમાર રાજાની પાસે પહોંચ્યા. તેથી તેને ઘણો ગુસ્સો આવ્યો અને તેણે એ ઘાયલ સૈનિકોને પકડી લાવવાનો ઉદલને હુકમ આપ્યો. ઉદલે કહ્યુંઃ “ મહારાજ, ઘાયલો ઉપર શસ્ત્રોનો પ્રહાર કરવો એ વીર પુરુષોનો ધર્મ નથી.” પરંતુ રાજા પરમારના એ મંત્રીએ ઉદલ ઉપર અંદરખાનેથી ઘણો દ્વેષ રાખતા હતા. તેમણે તેનું કાસળ કાઢવાનો આ લાગ સાધીને કહ્યું કે, “ મહારાજ ! ઉદલ પૃથ્વીરાજથી બીએ છે, માટે આવું બહાનું કાઢે છે.” કાચા કાનના રાજા પરમારે પોતાની આજ્ઞા પાળવા માટે ઉદલને વિશેષ આગ્રહ કર્યો; ઉદલે લાચાર થઇને ઘાયલ થયેલા શત્રુઓ ઉપર આક્રમણ કર્યું. એ વખતે ચૌહાણ સૈનિકોની સંખ્યા વીશની હતી, એમ છતાં પણ તેમણે ઉદલ જેવા વીર યોદ્ધા સાથે ઘણી સારી પેઠે ટક્કર ઝીલી. એ જાણતા હતા કે, અમારાં શરીર પહેલેથીજ ઘાયલ થયેલાં છે અને બળવાન શત્રુ સાથે યુદ્ધ કરવાનું છે, એમ છતાં પણ તેમણે શત્રુને શરણે ગયા કરતાં યુદ્ધક્ષેત્રમાં મરવું વધારે યોગ્ય ધાર્યું.

એમનામાં કનક ચૌહાણ નામનો એક મોટો વીર યોદ્ધો હતો. એ બધાનો સરદાર બનીને ઘણી હિંમતથી યુદ્ધ કરવા સારૂ ઉદલની સામે આવ્યો. એકે એકે બધા ચૌહાણ યોદ્ધાઓએ યુદ્ધમાં સંપૂર્ણ વીરતા પ્રગટ કરી અને વીરગતિને પ્રાપ્ત થયા. એ નાનું સરખું યુદ્ધજ આલ્હા અને ઉદલના વંશના નાશનું કારણ થયું. પૃથ્વીરાજે જ્યારે પોતાના ઘાયલ થયેલા યોદ્ધાઓના સંહારના સમાચાર સાંભળ્યા, ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહિ. ઘણી મોટી સેના સાથે મહોબા ઉપર ચડાઈ કરવાને તેણે પ્રસ્થાન કર્યું. માર્ગમાં ચંદેલા રજપૂતોનાં એકેએક ગામને બાળતા બાળતા પૃથ્વીરાજના સૈનિકો મહોબા તરફ ચાલ્યા. એ ચડાઇ વખતે પરાક્રમી યોદ્ધા આલ્હા અને ઉદલ કનોજમાં હતા. એ મહોબા છોડીને ચાલ્યા ગયા હતા. તેમનું મહોબા છોડીને ચાલ્યા જવાનું કારણ એ હતું કે, એક વાર રાજા પરમાર કાલિંજર ગયો હતો. એ કાલિંજર દેવળદેવીના સ્વામી જસરાજને મહોબાના રાજા તરફથી તેની સેવાઓના બદલામાં જાગીર તરીકે મળ્યું હતું. મહોબાના રાજાને આલ્હાની એક ઘોડી ઘણી પસંદ પડી ગઇ, તેથી એ ઘોડી તેની પાસેથી લેવાની તેણે ઇચ્છા કરી. આલ્હાએ ઘોડી

આપવાની ના કહી. મહોબાના રાજાએ એ બહાદુર યુવકની આગલી સેવાનો કાંઇ પણ વિચાર કર્યા વગર તેને ત્યાંથી ચાલ્યા જવાની આજ્ઞા આપી. રાજાની આજ્ઞા માનીને એ બન્ને ભાઇઓ મહોબાની હદમાંથી ચાલ્યા ગયા અને કનોજમાં જઇને રહ્યા. ત્યાં એમને સારી નોકરી મળી ગઇ તથા પ્રતિષ્ઠા પણ ઘણી વધી પડી.

રાજા પરમારને પૃથ્વીરાજના આક્રમણના સમાચાર મળ્યા, ત્યારે તેને આલ્હા અને ઉદલનું સ્મરણ થયું. તેને પોતાની વર્તણૂક માટે ઘણો પશ્ચાત્તાપ થયો. તેણે પોતાના મંત્રીઓ અને સરદારોને બોલાવીને યુદ્ધના વિષયમાં વિચાર ચલાવવાને એક સભા ભરી. મંત્રીઓએ સલાહ આપી કે, "મહોબાના કિલ્લા ઉપરથીજ લડાઇ થવી જોઇએ." રાજાએ તેમની સૂચના માન્ય પણ રાખી; પરંતુ રાજકુમાર બ્રહ્માજિત્‌ને એ સલાહ પસંદ ન પડી. તેણે ઊભા થઇને કહ્યું કે, "વૃદ્ધાવસ્થામાં તમારા બધાની ઇંદ્રિયો શિથિલ થઇ ગઇ છે અને બુદ્ધિ મંદ પડી ગઇ છે. સ્ત્રીઓની પેઠે ઘરમાં બેસી રહીને માતૃભૂમિની દુર્દશા રજપૂત જોઇ શકે કે? હાય! પૃથ્વીરાજની સામા થવા જેટલી શક્તિ ચંદેલાઓમાં નથી કે? શું ચંદેલાઓ પોતાના પૂર્વજોની કીર્તિ એકદમ ભૂલી જશે? તેમને પોતાના પૂર્વજોનું સ્મરણ પણ નથી આવતું? જન્મીને મરતું કોણ નથી? પરંતુ જે કોઇ જન્મીને સ્વદેશની સ્વાધીનતા માટે મરે છે, તેનુંજ મૃત્યુ પ્રશંસનીય છે." કુમાર બ્રહ્માજિત્‌નાં આ વચન સાંભળતાં વારજ યોદ્ધાઓની નસો જોરથી ચાલવા લાગી અને ઘણા આવેશમાં આવી જઇને તેમણે અસીમ પરાક્રમ બતાવવાની દૃઢ પ્રતિજ્ઞા કરી. મલખાન, અરિસિંહ, વીરસિંહ અને નરસિંહ એ ચાર સરદારો સેના લઇને પૃથ્વીરાજને રોકવા માટે આગળ ગયા. સિરસાવા નામક સ્થાનમાં બન્ને સેનાઓ વચ્ચે યુદ્ધ જામ્યું. બન્ને પક્ષના સૈનિકો ઘણી વીરતાથી લડ્યા; પરંતુ અંતમાં પૃથ્વીરાજની સેનાનોજ વિજય થયો. એ પરાજયના સમાચાર મહોબા પહોંચ્યા ત્યારે આખા શહેરમાં શોક પ્રવર્તી રહ્યો. બધાએ પરસ્પર સલાહ લઇને નિશ્ચય કર્યો કે, આલ્હા અને ઉદલને મહોબા પાછા બોલાવવા જોઇએ. તેમણે બીજી તરફથી પૃથ્વીરાજને એક માસ સુધી યુદ્ધ બંધ કરવાની વિનતિ કરી. પૃથ્વીરાજ વીરપુરુષ હતો તેથી તેણે ઘણી ઉદારતાથી પરમારની પ્રાર્થના માન્ય રાખી.

જગમાલ નામનો ભાટ રાજાની આજ્ઞાથી આલ્હા અને ઉદલને બોલાવવા માટે કનોજ પહોંચ્યો અને તેમની પાસે જઈને પૃથ્વીરાજની ચડાઈનું વૃત્તાંત સવિસ્તર કહ્યું તથા જણાવ્યું કે, “ મહોબાના રાજા તમારી મદદ ચાહે છે. તમને રાણી મીનળદેવી ઘણા સંભારે છે. તમારૂં સ્મરણ થતાંવારજ તેમની આંખમાં અશ્રુ આવે છે અને રોતાં રોતાં કહે છે કે, ‘ હાય, એ બે ભાઈઓના ચાલ્યા જવાથી અમારા રાજ્યમાંથી ચંદેલવંશની બધી પ્રસિદ્ધિ અને પ્રતિષ્ઠા લુપ્ત થઈ ગઇ છે.’ તમે મહોબા નહિ આવો તો પછી પસ્તાવું પડશે, માટે હમણાંજ મહોબા આવવાને તૈયાર થાઓ.”

એ ભાઇઓએ જગમાલ ભાટની વિનતિ ઉપર જરા પણ લક્ષ આપ્યું નહિ. એમણે કહ્યું: “તમારા મહોબા ઉપર ધૂળ પડો! અમારે એની શી ગરજ છે? જે રાજાએ વગર કારણે અમને દેશનિકાલ કર્યા છે, તેમની મદદે અમે નથી આવવાના. તમારા રાજાને અમારી તરફથી કહી દેજો કે, આ વખતે એકલા પૃથ્વીરાજની સાથે લડે. અમારા બાપે મહોબા રાજ્યની જિંદગીપર્યંત સેવા કરી અને તેમની તરફથી અનેક યુદ્ધો કરીને રાજ્યની મર્યાદા વધારી. અમે પણ દેવગઢ, ચંદેરી વગેરે મજબૂત ગઢ જીત્યા છે.”

વળી આલ્હાએ કહ્યું: “મેં કછવાહા રાજાને જીત્યો, ગયામાં વિજય મેળવ્યો, રૈપુરા જીત્યું, ગંગા અને યમુનાના પ્રદેશમાં અપૂર્વ વીરતા બતાવી, મેવાતનો નાશ કર્યો, સાત લડાઇઓમાં હું ઘાયલ થયો અને પિતાજીના મૃત્યુ પછી ચાલીસ યુદ્ધોમાં મેં વિજય પ્રાપ્ત કર્યો. ત્રણ મોટાં મોટાં યુદ્ધમાં હું મરતાં મરતાં બચ્યો. ચંદેલ રાજ્યની પ્રતિષ્ઠા મારી મહેનતથી સચવાઇ રહી છે; પણ તેનો બદલો મને એ મળ્યો કે જન્મભૂમિમાંથી અમે દેશનિકાલ થયા.”

તેમને તેડવા ગયેલા દૂતે કહ્યું: “ રાજા પરમારની બાલ્યાવસ્થામાં એમના પિતા ગુજરી ગયા હતા અને અંતકાળે રાજાની સંભાળ રાખવાનું કામ તમારા પિતા જસરાજને સોંપ્યું હતું. તમારા પિતા રાજાના પિતાસ્થાને હતા. તમે એમના ધર્મબંધુ છો. રાજા ઉપર આવી પડેલી આ આફતને સમયે તમારે તેમને છોડી દેવા ન જોઇએ. જે રજપૂત આપત્તિ સમયે પોતાના રાજા સાથે વિશ્વાસઘાત કરે છે તે અંતે નરકગામી થાય છે. તમારા પિતાની પેઠે સ્વામીભક્ત બની રહો. તમારા જન્મના ઉત્સવમાં રાજાએ લાખો રૂપિયાનો ખર્ચ કર્યો હતો અને તમે તેને આપત્તિ-

અસ્ત જોઇને સુખેથી કનોજમાં બેસી રહો એ વાજબી છે કે? શીતળદેવી રાણી તો તમને પોતાના પુત્રતુલ્ય ગણે છે અને તમને મળવાને માટે ઘણીજ ઉત્સુક છે. તેમણે મારી સાથે તમારી માતાને કહેવરાવ્યું છે કે, 'બહેન! તમે વારેઘડીએ કહેતાં હતાં કે, હું મરણપર્યંત મહોબા નહિ છોડું, આજે એ પ્રતિજ્ઞા પૂર્ણ કરો.' જે મનુષ્ય પ્રતિજ્ઞાનો ભંગ કરે છે તે નરકમાં જાય છે."

દેવળદેવીએ રાણીનો આ સંદેશો સાંભળીને ઊંચે સ્વરે કહ્યું: "પુત્રો! ઊઠો અને જલદી મહોબા પહોંચો." આલ્હા તો માની આજ્ઞા સાંભળીને ચૂપ રહ્યો, પણ ઉદલે ઉત્તર આપ્યો કે, "મહોબા સાથે અમારે કાંઈ લાગતુંવળગતું નથી. જે દિવસે રાજાએ અમારૂં અપમાન કરીને દેશમાંથી કાઢી મૂકયા હતા, એ દિવસ હજુ અમે ભૂલી ગયા નથી. હવે તો કનોજ અમારૂં નિવાસસ્થાન છે." દેવળદેવીએ એકદમ ગુસ્સે થઇને કહ્યું: "હાય! હું વાંઝણી શા માટે ન રહી? રજપૂતોની મર્યાદા વિરુદ્ધ આપત્તિમાં આવી પડેલા રાજાની મદદે નહિ જનારા પુત્રો મેં શા સારૂ જણ્યા?" પાછી દુઃખપૂર્ણ હૃદયે આંખમાં આંસુ સાથે કહેવા લાગીઃ "હે ઇશ્વર! શા માટે તેં કુંળને કલંક લગાડનાર આ પુત્રોનો મારે પેટે જન્મ આપ્યો. ખરો ક્ષત્રિય હોય છે, તે તો યુદ્ધનું નામ સાંભળતાંવારજ ઉમંગમાં આવી જાય છે અને પોતાનું પરાક્રમ બતાવવાનો પ્રસંગ મળ્યાથી ખુશખુશ થઇ જાય છે; પરંતુ આ દુષ્ટો તો એવા કપૂત નીકળ્યા કે એમને જસરાજનાં સંતાન કહેતાં પણ શરમ આવે છે."

માતાનાં આ ક્રોધવચન સાંભળીને બન્ને પુત્રો ઉદાસ મુખે અને શોકાશ્રુપૂર્ણ નયન સાથે ઊભા થયા અને કહેવા લાગ્યાઃ "આજે અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે, મહોબાના રક્ષણને માટે રણક્ષેત્રમાં અમે અમારા કુળની આબરૂ અમર રહે એવાં પરાક્રમ નહિ કરીએ, ત્યાંસુધી અમે તમને મોં નહિ બતાવીએ."

આખરે કનોજના રાજાની રજા લઇને આલ્હા અને ઉદલ મહોબા ગયા. જતી વખતે કાંઇક અપશુકન થયા. તેમને તેડવા આવેલા કવિરાજે એ અપશુકનોનું ફળ જણાવ્યું; પણ એ બે વીર ભાઇઓએ હસીને કહ્યું કે, "ધર્મયુદ્ધમાં જનાર ક્ષત્રિય વીરોને માટે મૃત્યુ હર્ષદાયક છે, શોકજનક નથી. ક્ષાત્રધર્મ ઘણો કઠણ છે, કંટકમય છે; પરંતુ અમે એને જરા પણ કષ્ટસાધ્ય નથી ગણતા. જે થવાનું હોય તે થાય. અમે યુદ્ધમાં હર્ષપૂર્વક મરવાને માટે

સદા તૈયાર છીએ." આ પ્રમાણે કહીને બન્ને ભાઈઓએ ઘોડાઓને વેગપૂર્વક ચલાવ્યા. મહોબામાં પેસતાંવારજ તેમણે કેસરિયાં વસ્ત્ર ધારણ કર્યાં. રજપૂતોને જ્યારે મરવાનો સમય આવે છે, ત્યારે તેઓ એવાં વસ્ત્ર પહેરીને યુદ્ધમાં ઊતરી પડે છે અને મરણિયા થઈને લડે છે. મહોબાનો રાજા એ બે વીરોનું સ્વાગત કરવા સામો આવ્યો. રાણી મીનળદેવીએ પણ તેમનો ઘણો સત્કાર કર્યો તથા પોતાની મદદે આવવા માટે ધન્યવાદ આપ્યો. તેણે બન્ને ભાઈઓ-ને પોતાની પાસે બોલાવીને માથા ઉપર હાથ મૂકીને આશીર્વાદ દીધો. બન્નેએ નીચા નમીને રાણીને દંડવત્ કર્યા. આલ્હાએ કહ્યું: "મારૂં શિર મહોબાને અર્પણ છે." રાણીએ એક રત્ન ભરેલો થાળ તેના માથા ઉપરથી ન્યોચ્છાવર કરીને ગરીબોને વહેંચી દીધો. તેમને તેડી લાવનાર દૂતને ચાર ગામ બક્ષિસ મળ્યાં.

પૃથ્વીરાજને આલ્હા અને ઉદલના આવ્યાના સમાચાર મળ્યા, ત્યારે તેણે દૂત મોકલીને કહેવરાવ્યું કે, "યુદ્ધને માટે તૈયાર થઈ જાઓ, કાં તો મહોબા અમને સોંપી દો." પરમાર રાજાએ ઉત્તર મોકલ્યો કે, "રવિવારે યુદ્ધ થશે." પરંતુ પૃથ્વીરાજે રવિવારને બદલે શુક્રવારને દિવસેજ રણવાદ્ય વગાડ્યાં અને કહેવરાવ્યું કે, "તમને જેટલો અવકાશ આપવાનું મેં વચન આપ્યું હતું, તેટલો અવકાશ મળી ચૂક્યો, હવે વધુ સમય આપી શકાય એમ નથી." દિલ્હીની સેના યુદ્ધને માટે તૈયાર થઈ અને યુદ્ધનો ઝંડો જે મેદાનમાં દાટ્યો હતો, તે મેદાનમાં બધા એકઠા થયા.

યુદ્ધમાં જતાં પહેલાં મહોબામાં યુદ્ધ સંબંધી વિચાર કરવા માટે એક દરબાર ભરાયો હતો. મીનળદેવી અને દેવળદેવી પણ પડદામાં બેસીને સભાનું કામ જોતી હતી. મીનળદેવીએ કહ્યું: "આલ્હાની મા! પૃથ્વીરાજ ઉપર વિજય કેવી રીતે મળી શકશે? આ યુદ્ધમાં આપણો પરાજય થશે, તો મહોબા હાથથી જશે. વળી જો આપણે યુદ્ધ કર્યા વગરજ પૃથ્વીરાજના ખંડિયા રાજા બનીએ છીએ, તો તેથી આપણા કુળનું ગૌરવ જાય છે."

એના જવાબમાં દેવળદેવીએ કહ્યું: "પહેલાં સરદારો શી સલાહ આપે છે, તે આપણે સાંભળીએ." માતાના આ શબ્દો સાંભળી-ને આલ્હા બોલી ઊઠ્યો: "હે મા! તમારા પુત્રની વાત ધ્યાન-પૂર્વક સાંભળો. ક્ષત્રિયોને પોતાના સ્વામીની સાથે નિમકહલાલી કરવાની હંમેશાં ઇચ્છા હોય છે. જે ક્ષત્રિયમાં સ્વામીભક્તિ છે,

તેં તો હંમેશાં પોતાના સુખનો વિચાર કર્યા વગર પ્રાણ સમર્પણ કરશે. ચૌહાણોની સાથે યુદ્ધ કરીને હું એવું પરાક્રમ બતાવીશ કે, જે સદા યાદ રહેશે. હે મહારાજ! હું મારા બાળક પુત્ર ઇંદલ-ને તમારે શરણે મૂકું છું. મારૂં મૃત્યું થાય તો એની સંભાળ રાખજો. મારી માતા માટે મારે કાંઇ કહેવાનું નથી. એ બધી રીતે યોગ્ય છે અને પોતાનું કર્તવ્ય ઘણી સારી રીતે સમજે છે."

દેવળદેવીએ કહ્યુંઃ "શૂરવીર પુત્ર! તેં ઠીક કહ્યું."

સભામાં બિરાજેલા બધા આલ્હાને ધન્યવાદ દઇ પ્રશંસા કરવા લાગ્યા.

કેટલાક કાયર પુરુષોએ સલાહ આપી કે, "પૃથ્વીરાજ ચૌહાણનું લશ્કર ઘણું વધારે છે, તેની સામે આપણાથી ટક્કર ઝીલી શકાશે નહિ; માટે એમની સાથે સંધિ કરીને ખંડણી આપ-વાનું વચન આપવું એજ વધારે ડહાપણભરેલું છે." પરંતુ એ દોઢડાહ્યાઓની સલાહના જવાબમાં ઉદલે કહ્યુંઃ "તમે બધા અત્યારે ડાહી ડાહી વાતો કરવા આવ્યા છો, પણ પૃથ્વીરાજના ઘાયલ થયેલા માણસોની સામે ધર્મવિરુદ્ધ પ્રહાર કર્યા હતા, તે વખતે તમે બધા ક્યાં ગયા હતા? એ વખતે વિચાર નહોતો કર્યો કે, પૃથ્વીરાજ આનો બદલો લીધા વગર છોડશે નહિ? હવે તો છેવટનો નિશ્ચય તલવારથીજ થશે. હવે તો તમે બધા તલવાર ખેલીને એવું પરાક્રમ બતાવો કે, તમારા માબાપનું નામ જગત-માં વિખ્યાત થઇ જાય. જુઓ, પૃથ્વીરાજના સૈનિકોએ આપણી પ્રજામાંથી જેમનાં ઘરબાર લૂંટી લીધાં છે, ખેતરપાદર સળગાવી મૂકયાં છે તેઓ અહીંયાં આપણી પાસે ફરિયાદ કરવા આવ્યા છે. તેમને ઇન્સાફ આપશો કે નહિ? એમની ખાતર આપણે યુદ્ધ કરવું જોઇએ કે નહિ? હે યોદ્ધાઓ! ઊઠો અને ચંદેલ રાજ્યની પ્રાચીન પ્રતિષ્ઠાને કલંક ન લગાડો. જ્યાંસુધી મારા દેહમાં જીવ છે, ત્યાંસુધી મહોબાને હાથમાંથી નહિ જવા દઉં."

દેવળદેવી પોતાના શૂરવીર પુત્રની વાત સાંભળીને ગદ્‌ગદ થઇ ગઇ અને કહેવા લાગી કે, "આજ મારી કૂખને ધન્ય છે. આજ તારાં વચનો સાંભળીને હું ઘણી પ્રસન્ન થઇ છું. મારી ખાતરી છે કે તારા પરાક્રમના સંબંધમાં પણ હું ઘણી પ્રશંસા સાંભળીશ."

યુદ્ધનો સમય જેમ જેમ પાસે આવતો ગયો, તેમ તેમ શૂર-વીરોનો ઉત્સાહ વધતો ગયો અને કાયરોનાં હૈયાં ગભરાવા લાગ્યાં.

રાજાએ કહ્યું કે, "કાલે શનિવાર છે એટલે પરમ દિવસે શત્રુની સેના સાથે યુદ્ધ થશે."

આ શબ્દો સાંભળીને આલ્હાએ ક્રોધપૂર્વક કહ્યું: "આપ સર્વે શત્રુનું પ્રજાપીડન અને આક્રમણ જોઇ રહ્યા છો, છતાં પણ યુદ્ધને પરમ દિવસ ઉપર મુલતવી રાખો છો! જે ક્ષત્રિય એવા પ્રસંગે શિથિલતા રાખે છે, તે અવશ્ય નરકગામી થાય છે અને જે યોદ્ધાઓ બીજી કોઇ પણ વાતનો વિચાર કર્યા વગર પોતાનું કર્તવ્ય-પાલન કરે છે, તે સ્વર્ગનું સુખ ભોગવે છે અને તેનું નામ ચિરકાળ સુધી ઇતિહાસમાં પ્રસિદ્ધ રહે છે."

રાજા ચૂપચાપ રાણી મીનળદેવીની પાસે ગયો. તેણે પણ તત્કાળ યુદ્ધમાં જવાની સલાહ આપી અને કહ્યું કે, "હમણાં ને હમણાં તમે આપણી સેનાના અધ્યક્ષ બનીને યુદ્ધક્ષેત્રમાં સિધાવો."

વીરયોદ્ધાઓ એ રાતે શાંતિપૂર્વક સૂઇ રહ્યા. પ્રાતઃકાળે ઊઠીને ધર્મ સંબંધી નિત્ય નિયમિત કાર્યો કરીને, પોતાની માતાઓ તથા પત્નીને મળીને તેઓ યુદ્ધને માટે વિદાય થયા. જતી વખતે આલ્હાએ પોતાની માતા આગળ પોતાની પ્રતિજ્ઞા ફરીથી કહી સંભળાવી કે, "આજ હું યુદ્ધમાં મારૂં અને મારા પિતા જસરાજનું નામ પ્રસિદ્ધ કરીશ. આજ હું જગતને બતાવી આપીશ કે, હું દેવળદેવી જેવી વીર માતાનો પુત્ર છું."

ઉદલે કહ્યું: "હું પણ આપનું અનુકરણ કરીશ."

દેવળદેવીએ કહ્યું: "જાઓ, બેટા જાઓ. ઈશ્વર તમારા સંકલ્પ પૂર્ણ કરશે."

એ યુદ્ધમાં આલ્હા અને ઉદલે એટલું બધું પરાક્રમ બતાવ્યું કે, આજ પણ 'આલ્હાખંડ' ઉત્તર હિંદુસ્તાનમાં ઘેરેઘેર વંચાય છે અને દુર્બળ હૃદયમાં પણ અપૂર્વ વીરતાનો સંચાર કરે છે.

આલ્હા અને ઉદલનાં આખ્યાનોથી સાબિત થાય છે કે, વીરમાતાના પુત્રોજ વીર નીવડે છે. દેવળદેવીએ તેમને યોગ્ય સમયે સ્વામીભક્તિનો ઉપદેશ ન કર્યો હોત તો પોતાનું પરાક્રમ દર્શાવવાનો એવો સરસ પ્રસંગ ફરીથી તેમને ન મળત.

१३६-कर्मदेवी

ચિતોડ રજપૂતાનાનું મુકુટમણિ છે. મેવાડ રાજ્યનું જયનિકેતન છે. ચિતોડનો રાણો સમરસિંહ જેવી રીતે બહાદુરી અને રણકૌશલમાં પ્રખ્યાત હતો, તેવીજ રીતે ધાર્મિકતા અને ચરિત્રની પવિત્રતાને લીધે રૈયતમાં ઘણો શ્રદ્ધાભાજન બન્યો હતો. કવિ ચંદ એનો પરિચય આપતાં કહે છે કે, “રાવલ સમરસિંહ શૂરવીર, શાંત સ્વભાવના અને ધાર્મિક પુરુષ હતા. યુદ્ધમાં જેટલા કુશળ હતા, તેટલાજ રાજકાજમાં સલાહ આપવામાં ચતુર અને ઉત્તમ વક્તા હતા. એમના ઉપર બધા સામંતોનો પૂરો વિશ્વાસ અને પ્રેમ હતો. ચૌહાણ રાજા પૃથ્વીરાજ પણ એમને ઘણા પૂજ્યભાવથી જોતા હતા. શકુન જોવામાં, ઘોડા દોડાવવામાં, ભાલા મારવામાં અને લશ્કર ગોઠવવામાં સમરસિંહ એક્કા હતા. વિશ્રામના સમયમાં કે લડાઇના સમયમાં સામંતોને સલાહ લેવાનું ઠેકાણું સમરસિંહનો તંબૂજ હતો. રાજનીતિના સંબંધમાં મેં મારા ગ્રંથમાં જે કાંઇ લખ્યું છે, તેનો ઘણોખરો ભાગ સમરસિંહના ઉપદેશથી લખ્યો છે.” એમ કહેવાય છે કે, ધર્મતેજને લીધે તેમના શરીરમાં એક અપૂર્વ જ્યોતિ દેખાતી, એટલા માટે લોકો તેમને યોગીંદ્ર કહેતા. મહાવીર સમરસિંહ પૃથ્વીરાજની બહેન પૃથાને પરણ્યા હતા. શાહબુદ્દીન ઘોરીની સાથેના યુદ્ધમાં સમરસિંહે પૃથ્વીરાજના પક્ષમાં લડીને અસાધારણ વીરતા બતાવી હતી અને પાંચ હજારથી વધારે મુસલમાન સૈનિકોનો નાશ કરીને વીરગતિને પામ્યા હતા. એ યુદ્ધમાં પતિ અને ભાઇ માર્યા ગયાના સમાચાર મળતાં, પતિવ્રતા રાણી પૃથા ચિતામાં પ્રવેશ કરીને સતી થઇ ગઇ હતી.

સમરસિંહને પૃથા ઉપરાંત એક બીજી રાણી હતી. તેનું નામ કર્મદેવી હતું. એ આપણા અણહિલપુર પાટણના ચૌલુક્યવંશી

રાજાની કન્યા હતી. મેવાડમાં શૂરવીર રાણીઓ ઘણી થઇ ગઈ છે, પણ એમાં સૌથી પહેલી વીરાંગના ગુર્જર–દુહિતા આ કર્મદેવી હતી, એ આપણે માટે ઓછા ગૌરવની વાત નથી. પૃથ્વીરાજની મદદે યુદ્ધમાં જતી વખતે સમરસિંહે પોતાના સગીર વયના પુત્ર કર્ણને રાજ્યનો કારભાર સોંપ્યો હતો. બાળકપુત્રના વાલી તરીકે કર્મદેવીજ રાજ્ય ચલાવતી હતી. સમરસિંહના મૃત્યુસમાચાર મળતાંવારજ પૃથા તો સતી થઇ ગઇ, પણ રાજધર્મની ખાતર બાળક પુત્રને રાજકાર્યમાં મદદ કરવા ખાતર કર્મદેવી પતિનું અનુગમન કરી શકી નહિ. કઠોર વૈધવ્યવ્રત પાળીને એ પુત્રપાલન તથા રાજ્યનું શાસન ચલાવવા લાગી.

બીજી તરફ મહંમદ ઘોરીએ દિલ્હી જીત્યા પછી બીજે વર્ષે દેશદ્રોહી કનોજરાજ જયચંદને પરાસ્ત કરીને કનોજ લીધું હતું. ધીમે ધીમે તેણે બીજાં પણ હિંદુ રાજ્યો સર કર્યાં અને આ પ્રમાણે ઉપરાઉપરી વિજય મળવાથી ઉત્સાહિત થઇને શાહબુદ્દીન ઘોરીના સેનાપતિ કુતુબુદ્દીને પુષ્કળ સૈન્ય સાથે વીરભૂમિ રજપૂતાનાના મુખ્ય રાજ્ય મેવાડ ઉપર આક્રમણ કર્યું.

મેવાડનો રાજા કર્ણ એ વખતે સગીર વયનો હોવાથી, કર્મદેવી રાજ્ય ચલાવતી હતી. જે પ્રબળ મુસલમાની શક્તિના પ્રવાહમાં આખું ઉત્તર હિંદુસ્તાન તણાઇ ગયું હતું, તે પ્રબળ પ્રવાહ આજે નાનકડા મેવાડ તરફ વહ્યો. એ પ્રવાહને રોકીને આજ મેવાડ પોતાનું રક્ષણ કરશે ? મેવાડના વીરપુરુષોનો નેતા સમરસિંહ હવે આ સંસારમાં નથી, તો પછી એ મહાવીર યોગિંદ્રના કુલગૌરવનું રક્ષણ કોણ કરશે ? સરદારો અને અમલદારો ચિંતાગ્રસ્ત થયા. બધાએ કર્મદેવીની પાસે જઇને સઘળી હકીકત જણાવી. કર્મદેવીએ કહ્યું: “ સરદારો ! તમે આટલા બધા વીર પુરુષો જીવો છો, પછી મેવાડના રક્ષણ માટેની ચિંતા શી ? ”

સરદારોએ કહ્યું: “મેવાડની સ્વતંત્રતાના રક્ષણ સારૂ અમે બધા મરવા તૈયાર છીએ. અમે તો મરીશું પણ મેવાડ તો બચશે નહિ ને ? ”

કર્મદેવીએ કહ્યું: “ તમે બધા જીવસટ્ટે યુદ્ધ કરશો, તો પઠાણોની મગદૂર શી છે કે મેવાડને જીતી લે ? ”

સરદારોએ કહ્યું: “ માજી ! મૃત્યુથી તો દેશની આબરૂનું રક્ષણ થઇ શકશે, દેશનું નહિ. આજ જો સમરસિંહ હોત તો અમારામાં

બળ અને હિંમત આવત. આજ એમની સરદારીમાં લડવાનું હોત, તો સંભવ છે કે અમે આજ મેવાડનું રક્ષણ કરી શકત."

કર્મદેવીએ કહ્યું: "સમરસિંહ આજ નથી એ વાત ખરી, પણ તેની સહધર્મિણી હું તો હજુ જીવું છું. આજ તમે એની સરદારી ખોઇ છે એ વાત ખરી, પણ મારી સરદારી તો ગુમાવી નથી. હું પોતે યુદ્ધમાં તમારી સરદાર થવા તૈયાર છું."

વિસ્મય પામેલા સરદારો ચૂપ થઇ ગયા. કર્મદેવીએ ફરીથી કહ્યું: "સરદારો! હું સ્ત્રી છું, એટલે તમને મારી વાત ઉપર વિશ્વાસ નથી આવતો? સ્ત્રી હોવા છતાં પણ હું રજપૂતરમણી છું. વીરેંદ્ર, યોગીંદ્ર, સમરસિંહની સહધર્મિણી છું. તેમની સહધર્મિણી હોવાથીજ હું આટલા દિવસ રાજધર્મનું પાલન કરી શકી છું. તેની સહધર્મિણી તરીકે જે હાથમાં મેં રાજદંડ ધારણ કર્યો છે તેજ હાથમાં રાજનું ખડ્ગ ધારણ કરીને મેવાડના શત્રુનો નાશ કરીશ. યોગીશ્વર મહાતેજસ્વી મહાપુરુષ રુદ્રની સહધર્મિણી સિંહવાહિની દુર્ગાએ, જેમ દાનવોની સાથે યુદ્ધ કરીને તેમનો સંહાર કરી સ્વર્ગરાજ્યનું રક્ષણ કર્યું હતું, તેમ સમરસિંહની પત્ની તરીકે હું પણ પઠાણોનું દમન કરીને સ્વર્ગભૂમિ મેવાડનું રક્ષણ કરીશ. નિર્ભયપણે તમે આજ રણક્ષેત્રમાં મારી સાથે ચાલો. મેવાડનું રક્ષણ કદાચ ન પણ થાય, તો રણરંગિની રાણી સાથે રણક્ષેત્રમાં પ્રાણ દઇને મેવાડના ગૌરવનું રક્ષણ કરજો. પરાધીન થઇને જીવન ગાળ્યા કરતાં રણક્ષેત્રમાં મરવું લાખ દરજ્જે સારૂં છે."

સરદારોના નિસ્તેજ નિરાશ હૃદયમાં આશાનો ઉષ્ણ પ્રવાહ વહેવા લાગ્યો. ઉલ્લાસથી બધા કર્મદેવીની જય બોલાવવા લાગ્યા. વિધવા રાણી વીરવેશમાં સજ્જ થઇ, મેવાડના વીરોને સાથે લઇ, યુદ્ધ કરવા ચાલી. શક્તિસેવક રજપૂત વીરો, શક્તિસ્વરૂપ રણરંગી કર્મદેવીની સરદારી નીચે અદમ્ય ઉત્સાહથી લડવા લાગ્યા. મુસલમાનોથી તેમનું પરાક્રમ સહન થઇ શક્યું નહિ. વીરાંગના કર્મદેવીના સૈન્યથી કુતુબુદ્દીને હાર ખાધી. ભારતવિજયી પઠાણવીર એક ભારતલલનાને હાથે પરાજિત થવાથી શરમાઇને દિલ્હી પાછો ગયો. આ પ્રમાણે વીરાંગનાએ મેવાડનું રક્ષણ કરીને અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી. એ કીર્તિ ભારતના ઇતિહાસમાંથી કોઈ દિવસ ભુંસાશે નહિ. ખરેખર, મેવાડ વીરત્વની લીલાભૂમિજ છે!!

૧૩૭–સતી નાગમતી

કચ્છ દેશના "વાગડ" પ્રાંતના અગ્નિ ખૂણામાં "કાનમેર" નામનો એક જૂનો પહાડી કિલ્લો છે. એ કિલ્લામાં ઈ૦ સ૦ ની અગિયારમી સદીમાં કાનસૂવો ભેડો નામનો એક બળવાન કાઠી રાજા રાજ્ય કરતો હતો. ૫૦ વર્ષની વય સુધીમાં તેને કોઈ સંતાન થયું નહોતું. તેની રાણી પણ આધેડ થઇ ચૂકી હતી. પુત્રની કામનાથી રાણીએ ખેતરપાળ નાગદેવતાની બાધા રાખી અને તેનું પૂજન કર્યું. તેની કૃપાથી એને મોટી વયે એક પુત્રી અવતરી. વાંઝિયાપણું ટળ્યું તેથી રાજારાણીના હર્ષનો પાર રહ્યો નહિ. નાગદેવતાની પ્રસાદીરૂપ ગણીને તેમણે કન્યાનું નામ નાગમતી પાડ્યું. એ કન્યાનું લાલનપાલન ઘણા પ્રેમથી થવા માંડ્યું; એટલુંજ નહિ પણ યોગ્ય સમયે તેને સારૂં શિક્ષણ આપવાનો પણ બંદોબસ્ત કરવામાં આવ્યો. વયની સાથે એના સૌંદર્ય અને સદ્‌ગુણ બંન્નેનો વિકાસ થવા લાગ્યો. એ સમયના લોકો એમ માનવા લાગ્યા કે, કાનસૂવા ભેડાને ઘેર દેવાંશી નાગકન્યાએ જન્મ લીધો છે.

નાગમતીના રૂપલાવણ્ય તથા ગુણની કીર્તિ ચારે તરફના પ્રદેશમાં ફેલાઇ જતાં વાર લાગી નહિ. અનેક રાજકુમારો એને પરણવાની આશા બાંધવા લાગ્યા, અનેક રાજ્યો તરફથી નાગમતીને માટે માગાં આવવા માંડ્યાં; પરંતુ કાનસૂવાએ પુત્રીને વરાવવા માટે એક વિચિત્રજ શરત રાખી હતી. તેણે બધાને ઉત્તર વાળ્યા કે, "હું મારા દેશની ખેતીની ઉન્નતિ કરવા માગું છું, માટે જે કોઇ ખેતીની કળામાં સૌથી સારૂં જ્ઞાન અને અનુભવ ધરાવતો હશે તેનેજ હું મારી પ્રિય કન્યા વરાવીશ." આ શરત બહાર પડતાં અનેક યુવકો વાગડમાં આવીને ખેતીનું શિક્ષણ લેવા લાગ્યા. ખેતીના જ્ઞાનની પરીક્ષા એવી હતી કે, એક પ્રાજા (સરકારી માપના આઠ એકર બરોબર જમીન)નું જમીનના સમ-

ચોરસ ખેતરમાં સાંતીડાનો તદ્દન સીધો ચાસ કાઢવો કે જેથી ચાસની વચ્ચે એક શેઢે મૂકેલી સોપારી બીજે સેઢેથી જોઇ શકાય. રાજાએ ઉમેદવારોને ખેતીનાં સાધનો પૂરાં પાડ્યાં તથા યોગ્ય સૂચનાઓ પણ આપી. જાતે કોઇ કોઇ વખત તેમનું કાર્ય તપાસી પણ આવતો.

થોડા સમયમાં દેશમાં દુકાળ પડ્યો. મૂળે તો કચ્છમાં વરસાદ ઓછો પડે છે, તેમાં એ વર્ષે વરસાદ બિલકુલ નહિ પડવાથી પાણીના પણ સાંસા પડવા લાગ્યા. લોકો ઢોર તથા કુટુંબીઓને લઇને આસપાસના પ્રદેશમાં નાસવા લાગ્યા.

કાનસૂડો પણ સૌરાષ્ટ્રમાં સમિયાણા નામના રાજ્યમાં પોતાનાં ઢોરોને લઇ જઇને સપરિવાર રહ્યો.

સમિયાણાનો રાજા ઘમ્મરવાળો એક રાજનીતિકુશળ અને ધર્મનિષ્ઠાવાળો દયાળુ રાજા હતો. એની રૈયતે નવા આવેલા લોકોને પોતાની સીમમાં ન આવવા દેવાનો ઘણો આગ્રહ કર્યો; પણ ઘમ્મરવાળો સમજુ રાજા હતો. એણે તપાસ કરાવી અને કાનસૂડો એક કુલીન રાજા છે અને વખાનો માર્યો આશ્રય લેવા આવ્યો છે, એ વાત જાણતાં એ એને મળવા સારૂ પાદરે ગયો. ભેડા રાજાએ તેનો ઘણો આદરસત્કાર કર્યો અને પોતાને ત્યાં ભોજન કરવાનો આગ્રહ કર્યો. ઘમ્મરવાળાને તેના આગ્રહને માન આપવુંજ પડ્યું. ભોજન પ્રસંગે ઘમ્મરવાળાને નાગમતીને જોવાનો પ્રસંગ આવ્યો. તેનું રૂપ તથા સુશીલતા જોઇને એને એ કન્યાને પોતાની પુત્રવધૂ બનાવવાની અભિલાષા થઇ. ભેડા રાજાના નિવાસ માટે અનેક સગવડો કરી આપીને તે પાછો ફર્યો.

ઘમ્મરવાળાના પુત્ર નાગવાળાને કાને નાગમતીના રૂપ તથા ગુણની પ્રશંસા પહોંચી ચૂકી હતી. એ સુંદર કન્યાને જોવાની તેને પણ ઇચ્છા થઇ.

એક દિવસ તે સરોવરકાંઠે ફરવા ગયો હતો, ત્યાં એણે નાગમતીને સ્નાન કરતી જોઇ. તેની કાકી જે પ્રૌઢ વયની હતી તે કિનારે બેસીને તેનાં વસ્ત્ર સાચવતી હતી. નાગમતીનું સૌંદર્ય પ્રત્યક્ષ જોઇને કુમાર મુગ્ધ થઇ ગયો. નાગમતીના હૃદયમાં પણ કુમાર નાગવાળાને જોતાં એકદમ પ્રેમનો સંચાર થયો. બન્નેનાં નેત્ર ઉપરથી પ્રૌઢ કાકી તેમનો મનોભાવ સમજી ગઇ. તેને ખબર

હતી કે, નાગવાળાને આલણુદે નામની પત્ની હતી, તેથી તેણે કુંવરને ઠપકો આપતાં કહ્યું:—

"ઘેરી ઘોડાં વાર, અતડેથી ઉતારમાં;
ઘર આલણુદે નાર, નાગમતી શું ન્યાળિયે?"

નાગવાળો શરમાઇને ત્યાંથી ચાલ્યો ગયો. એનું ચિત્ત હવે કાબૂમાં નહોતું. કોઈ કામમાં એને ગોઠતું નહિ; તેની પત્ની આલણુદેને એ ઉપરથી શંકા પડી કે પતિનું ચિત્ત કોઇ પ્રમદાએ ચોર્યું છે. તેણે પતિને પૂછ્યું:—

"નાગડા! કાં ઉપરાંઠો સૂએ, નખે ચીતરે ભીંત?
ગૂંથી રૂપાળી ગોરડી, (તને) કયી ચડી છે ચિત્ત?"

નાગવાળો તેના ઉત્તરમાં તબિયત ખરાબ હોવાનું બહાનું બતાવી તેની વાત ઉડાવી દેતો.

આખરે એક દિવસ તેણે સાહસ કરીને નાગમતીના પિતાની મુલાકાત લીધી અને વિનયપૂર્વક નાગમતીના હાથની માગણી કરી. નાગવાળાનાં શૌર્ય, વિનય વગેરે ગુણોથી ભેડા રાજા પરિચિત હતો. એવા નરને પોતાની કન્યાનું દાન કર્યાથી કન્યાનું જીવન સુધરશે, એવી એને ખાતરી હતી; છતાં પોતાની પ્રતિજ્ઞા ઉપર તે દૃઢ હતો. નાગવાળાને પણ તેણે એજ પ્રતિજ્ઞા જણાવી. રાજકુમારને માટે રાજ્ય તજી ખેતીના જ્ઞાનની પરીક્ષા આપવા જવું એ લજ્જાસ્પદ હતું, એટલે નાગવાળો નિરાશ થઇ પાછો આવ્યો.

એક દિવસ પ્રાતઃકાળે નાગમતી પોતાની પ્રૌઢ સખી કસ્તૂરી સાથે સરોવરમાં સ્નાન કરવા સારૂ ગઇ હતી, એવામાં નાગવાળો પણ ત્યાં જઇ ચડ્યો અને ઘોડાસહિત સરોવરમાં ગયો. નાગમતીની અને તેની દૃષ્ટિ એક થઈ. નાગમતીને ઘણીવાર સુધી જોવાનો પ્રસંગ મળે તેટલા માટે તેણે પોતાની આંગળી ઉપરનો સોનાનો કિંમતી વેઢ પાણીમાં નાખી દીધો અને પછી એ વેઢ કાઢી આપવાને નાગમતીને પ્રાર્થના કરી. નાગમતી તરવાની કળામાં કુશળ હતી. એ ડૂબકી મારીને સરોવરમાંથી વેઢ શોધવા લાગી. યુવકયુવતીની આ પ્રેમચેષ્ટાઓ નાગવાળાની પત્ની આલણુદે છાનીમાની તળાવકાંઠે આવીને જોઇ રહી હતી. એની આંખમાંથી ઝેર વરસવા લાગ્યું. પોતે આવી છે અને એમની ચેષ્ટા જોઇ લીધી છે એ સૂચવવા સારૂ એણે એક સોરઠો કહ્યો:—

"જળ તરસ્યો જુવાન, જળ દેખી જળમાં પડ્યો;
ભિંજે પાખર (ને) પલાણુ, (તોય) નેણુ હેરે નાગમતી તણાં."

પત્નીનો આ ઠપકો સાંભળી નાગવાળો શરમાઇ ગયો. તેના મુખમાંથી એક શબ્દ નીકળ્યો નહિ, એટલે રૂપનું અભિમાન ધરાવતી આલણદેએ કહ્યું:—

"આભા મંડન વીજળી, ધરતી મંડન મેહ;
નરા મંડન નાગડો (ત્યમ) સ્રિયાં આલણદેહ."

અર્થાત્ મારા જેવી સુંદર સ્રી બીજી કોઇ નથી છતાં, તું શા સારૂ આમ ફાંફાં મારે છે? હવે નાગવાળાથી ચૂપ રહેવાયું નહિ. એણે ઉત્તર આપ્યો:—

"આલણદે એંકાર (તે) કાયાનો કરિયે નહિ;
(ઇ) ઘડિયલ કાચો ધાર (તે) માટીમાં જાશે મળી."

હવે આલણદેનો ગુસ્સો નાગમતી ઉપર ઊતરી પડ્યો. તેણે એ નિર્દોષ કન્યાને ઘણાં મેણાં માર્યાં.

નાગમતીએ વિનયપૂર્વક ઉત્તર આપ્યો કે, "બહેન! હું તમારા પતિને બોલાવવા નહોતી ગઇ. એ અહીં આવ્યા અને એમનો વેઢ પાણીમાં પડી ગયો. હું તેને શોધી રહી છું. ચાલો, તમે પણ આવો તો આપણે બન્ને મળીને શોધી કાઢીએ! આલણદે એ સાંભળતાંજ પાણીમાં પડી અને તેનો ચોટલો પકડીને ખૂબ મારવા લાગી. નાગવાળાએ તેને એમ કરતાં વારી; પણ તેણે નજ માન્યું, ત્યારે આખરે નાગવાળાએ પત્નીને એક ચાબુક ખેંચી કાઢ્યો. આલણદે એ સોળને પંપાળવા લાગી, એટલે નાગમતી પોતાની દાસી સાથે ત્યાંથી ચાલી ગઇ. નાગવાળો પણ ઘોડો દોડાવતો મહેલમાં ગયો.

આજના બનાવથી આલણદેને નાગમતી ઉપર પુષ્કળ ક્રોધ ઊપજ્યો. પોતાના અપમાનનો બદલો લેવાનો એણે નિશ્ચય કર્યો અને એને મારી નાખવા માટે કેટલાંક માણસોને તૈયાર કર્યાં.

કાનસૂવા ભેડાએ હવે બીજા પ્રદેશમાં જવાનો નિશ્ચય કર્યો હતો. નાગમતીએ જતા પહેલાં પ્રિયતમની છેલ્લી મુલાકાત લેવાનો વિચાર કર્યો. પિતાની આજ્ઞા લઇ, કસ્તૂરી કાકી તથા બીજી દાસીઓને સાથે લઇ રથમાં બેસી તે ગામ જોવા ગઇ. ત્યાં આગળ બજારમાં નાગવાળાનાં તેને દર્શન થયાં. નાગમતીએ એક દૂહો

લખીને કસ્તૂરી કાકીને હાથે તેને પહોંચાડ્યો:—

" (અમે) આવેલ ઉભે દેશ, (પણ) કો ગંજો (ગામ) ગમિયો નહિ;
(પણ) નાગડા! તારે નેશ, (અમારે) મનડે માળો ઘાલિયો!"

આ સોરઠો વાંચીને નાગવાળો પ્રસન્ન થયો, પરંતુ પોતાની સાથે વરવામાં જે જોખમ રહેલું હતું, તે સુકુમાર અને પરતંત્ર નાગમતી નહિ ઉઠાવી શકે એમ ધારીને એણે નિરાશાજનક ઉત્તર લખ્યો. એ વાંચીને નાગમતીએ પુનઃ લખ્યું:—

" નાગડા! નાની મ જાણ, મોટાથી પણ મત ઘણી;
કેદિક પડશે કામ (તે દી) નોરા કરશો નાગડા!"

આટલું વાંચ્યા છતાં પણ નાગવાળાએ ઉત્તેજક ઉત્તર ન આપ્યો, ત્યારે નાગમતીએ જણાવ્યું કે, "આપણે પૂર્વજન્મનાં પતિપત્ની છીએ. આપણો સંબંધ કાંઈ નવો નથી.

"જે દી તમે નાગપાર, તે દી અમે નાગની;
(પણ) કાળજે મારે કટાર, (તે દી) સંજોગ આપણો નાગડો!
તમે પાણી અમે પાળ, તે આઠે પહોર આ હટતાં;
તે ધુંની ટાઢાર, (આ) નવી નથી કંઇ નાગડા!"

હવે નાગવાળાએ પ્રતિજ્ઞા કરી કે હું છ મહિનામાં તેને મારી પત્ની બનાવીશ.

નાગમતી પ્રસન્ન થઇને પોતાને મુકામે પાછી ફરી.

નાગવાળાનું ચિત્ત હવે કશામાં ચોટતું નહિ. ગમે તે પ્રયાસે નાગમતીને પ્રાપ્ત કરવી, એજ એના જીવનનો એક માત્ર ઉદ્દેશ બન્યો. એક દિવસે યોગ્ય પ્રસંગ જોઇને તેણે પ્રવાસે જવાની પિતાની આજ્ઞા માગી.

એકના એક પુત્રને દેશાવર મોકલતાં પિતાનો જીવ ચાલ્યો નહિ, એટલે નાગવાળાએ કહ્યું: "પિતાજી! આપ મારી ચિંતા ન કરશો. બાલ્યાવસ્થામાં મેં આંગણામાં એક ચંપાનું વૃક્ષ રોપ્યું છે. તે વૃક્ષને મારા જીવન સાથે સંબંધ છે. મારા જીવનનો અંત આવશે ત્યારે એ વૃક્ષ પણ સુકાઇ જશે. મને મારા પૂર્વજન્મનું સ્મરણ છે. આપની ગાદીએ આવતાં પહેલાં મારે પૂર્વજન્મનું એક ઋણ અદા કરવાનું છે. એ કાર્ય પાર પાડી હું પાછો આપની સેવામાં હાજર થઇશ."

પિતાએ હવે પ્રસન્નતાથી પુત્રને આશીર્વાદપૂર્વક રજા આપી. નાગવાળો પોતાના પાણીદાર ઘોડા ઉપર સવાર થઇને નાગમતીના પિતાના ઉતારા ભણી ગયો. ત્યાં જતાં ખબર પડી કે એ લોકો તો પહેલાં કૂચ કરી ગયાં છે. કુમાર એમની પાછળ પાછળ ભેડાની રાજધાની કાનમેર ગયો. ત્યાં એને ખબર પડી કે કાનમેરમાં હવે વરસાદ સારો વરસવાથી નાગમતીને વરવા સારૂ અનેક ઉમેદવારો ખેતી કરવા સારૂ ત્યાં આવીને હાજર થયા છે. નાગમતીને પ્રાપ્ત કરવાના અભિલાષમાં એ બધા રાજકુમારો સાધારણ ખેડૂતનું કામ કરતા; એટલુંજ નહિ પણ ખેડૂતની પેઠેજ છાશ અને રોટલા-નું સાદુ ભોજન કરતા અને સરળ જીવન ગાળતા. રાજમહેલમાંથી છાશ અને રોટલાનું ભોજન ગાડામાં ભરાઇને એમને સારૂ આવતું અને બધા આનંદપૂર્વક એ સાદો આહાર કરતા. નાગવાળો પણ એ ઉમેદવારવર્ગમાં દાખલ થયો અને ધીમે ધીમે કૃષિકર્મની બારાખડી શીખવા લાગ્યો.

રિવાજ પ્રમાણે ગાડામાં બધાને સારૂ ભોજન આવ્યું. નાગ-વાળાએ એ ભોજન ખાવાની ના કહી. તે ઉપરથી બીજા યુવકોએ મશ્કરી કરી કે, "ભાઇ! એ તો આપણી પેઠે નહિ ખાય. એને તો નાગમતી ભાત લાવી આપશે ત્યારે ખાશે." કુમારે કાંઇ ઉત્તર ન દીધો અને ત્રણ ચાર દિવસ નિરાહારજ રહ્યો. આ સમાચાર નાગ-મતીને કાને પહોંચ્યા એટલે તેણે કસ્તૂરી કાકીને ભોજન લઇને મોકલી. નાગવાળાએ કસ્તૂરીને ઓળખી અને કહ્યું કે, "મારી પ્રતિજ્ઞા છે કે નાગમતી આવીને પોતાને હાથે જમાડે તો જમવું."

કસ્તૂરીએ જઇને નાગમતીને એ સંદેશો કહ્યો. નાગમતી પોતાને હાથે સુંદર રસોઇ બનાવીને રથમાં બેસીને ખેતરમાં ગઇ. તેને જોઇને અનેક યુવકો આગળ આવ્યા. કસ્તૂરીએ તેમની આગળ ખુલાસો કર્યો કે, "પેલો ગાંડો રજપૂત પાંચ દિવસથી જમ્યો નથી, તેને જમાડવા રાજકુમારી આવ્યાં છે; માટે તમે બધા અહીંથી ચાલ્યા જાઓ." નાગવાળાનું ધૂળથી ખરડાયલું શરીર તથા ઉજા-ગરાથી લાલચોળ થયેલી આંખો જોઇને નાગમતીને ઘણું લાગી આવ્યું. પોતાની ખાતર આ સુકુમાર રાજપુત્રને આવું સંકટ વેઠવું પડે છે, એ વિચારથી એનું હૃદય ભરાઇ આવ્યું. તે નાગ-વાળાને હળ છોડાવી દઇને એક વૃક્ષની પાસે લઈ ગઈ. નાગવાળાએ દાતણ કર્યું નહોતું, એટલે પોતાના કોમળ હસ્તવડે બાવળનું

તાજું દાતણ તોડીને નાગવાળાને આપ્યું તથા સ્વચ્છ જળ આપીને મુખ ધોવડાવીને, ભોજન કરવાનો આગ્રહ કર્યો. નાગવાળાએ કહ્યું કે, "મારી પ્રતિજ્ઞા છે કે, તું જમાડે તોજ જમું." નાગમતીએ પ્રેમપૂર્વક પોતાને હાથે તેને જમાડ્યો. ત્યાર પછી બન્ને જણાં વચ્ચે પ્રેમની ઘણી વાતો થઇ અને એવો સંકેત નક્કી થયો કે આવતી કાલે શરદ્‌પૂર્ણિમાની રાતે મધ્ય રાત્રે ચંદ્ર બરોબર આકાશમાં આવે તે વખતે, નાગવાળાએ બે પાણીદાર અશ્વસહિત સરોવરકિનારાના શિવાલયમાં હાજર રહેવું. નાગમતીએ મહેલમાંથી ગુપ્તપણે નીકળી, એ સમયે શિવાલયમાં પહોંચવું અને ત્યાંથી બન્ને જણાંએ કોઈ ન જાણે એ રીતે વાગડની સીમાની બહાર ચાલ્યાં જવું.

પૂર્ણિમાની રાત્રિ આવી પહોંચી. નાગમતીએ સાથે લઇ જવા યોગ્ય ધન, અલંકાર, વસ્ત્ર તથા જરૂરી સામાન એક પોટલામાં કમરે બાંધી લીધાં. સાથે એક તલવાર અને કટાર પણ આત્મરક્ષણ સારૂ રાખી. મહેલની બારીએ એક રેશમની દોરી બાંધીને તેને આધારે નીચે ઊતરી પડી. કસ્તૂરી દાસીએ તેના ગયા પછી એ દોરી છોડી લઇને બાળી નાખી.

નાગમતી શહેરમાંથી નીકળી કિલ્લા પાસે આવી તો દરવાન દરવાજો બંધ કરીને સૂતો હતો. કસ્તૂરીએ પ્રથમથી એવી યોજના કરી હતી કે નાગમતીના પહોંચતાંવાર દરવાન દરવાજો ઉઘાડી દે; પણ છેલ્લી ઘડીએ દરવાન બદલાઇ ગયો. હવે એ કિલ્લાની પાસેના એક વૃક્ષ ઉપર ચઢી અને એના ઉપરથી છલંગ મારીને કોટની રાંગ ઉપર આવી. હવે ત્યાંથી નીચે શી રીતે ઊતરવું એ મહાપ્રશ્ન હતો. આખરે એ વીર કન્યાએ પોતાની રેશમી સાડી કોટની રાંગમાંના બંદૂકની ગોળી મારવાના એક છિદ્રમાં બાંધી અને એ સાડી પકડીને નીચે ઊતરી. સાડી ટૂંકી હતી, એટલે નાગમતીને જરાક ઊંચેથી ભૂસકો મારવો પડ્યો. એમ કરવાથી એના કોમળ અંગને ઇજા થઈ અને થોડી વાર મૂર્છા પણ આવી; પરંતુ ભાન આવતાં તે તરતજ પોતાના પ્રેમી નાગવાળાને મળવા ચાલી; પરંતુ આમ કરવામાં ધાર્યા કરતાં ઘણો વધારે સમય ચાલ્યો ગયો હતો. નાગવાળાએ નાગમતીને કહ્યું હતું કે; "મધ્યરાત્રી પછી તું જો નહિ આવે તો હું પ્રાણત્યાગ કરીશ." નાગવાળો આતુરતાથી પ્રિયાની વાટ જોતો હતો, પરંતુ મધ્યરાત્રિનો સમય વીતી ગયો હતો અને પાછલા પહોરનો આરંભ થવા લાગ્યો;

હતો. નાગમતી વાયદા પ્રમાણે દોડતી પાવડિયારાના શિવમંદિરમાં ગઈ. ત્યાં જુએ છે તો બે ઘોડા બહાર બાંધેલા છે અને મહાદેવનું મંદિર અંદરથી બંધ છે. પ્રેમવિહ્વળા રાજકન્યાએ ઘણીએ બૂમો પાડી, પણ કાંઇ ઉત્તર ન મળ્યો. એણે કહ્યું:—

"વાળા! જોતાં વાટ, નખતર પતિ નમી ગિયો;
(પણ) કરમેં આ કચવાટ, (મેં) નર નિરખ્યો નહિ નાગડો."

ધક્કા મારીને બારણાં હચમચાવ્યાં, પણ કાંઇજ ઉત્તર ન મળ્યો. હવે તેના સ્નેહાળ હૃદયમાં શંકા થવા લાગી કે, નાગવાળાએ આત્મહત્યા તો નહિ કરી હોય! એણે ફરીથી કહ્યું:—

"દરશનિયાં દે નાગ! (હું) મોહન! વગાડું મોરલી;
પણ કરમે કાળો ડાઘ! મેં નર નિરખ્યો નહિ નાગડો!
દિન ઊગે દેવળ ચડાં, જોઉં વાલારી વાટ;
(પણ) આતમમાં ઉચાટ, (મને) નેણાવાળો નાગડો.!"

એને શંકા થઇ કે, નાગવાળો આ સરોવરમાં પાણી પીવા ગયો હોય અને એમાં સરી પડ્યો હોય તો! તેથી તે બોલી:—

"નાગ નિસરણી નાખ, (અમે) કિયે આરે જઇ ઉતરિયે?
પાવડિયારાની પાળ, (અમે) નરજ ગુમાવ્યો નાગડો."

સરોવરની ચારે તરફ ફરતાં નાગવાળાનાં પદચિહ્ન કહીં પણ દેખાયાં નહિ, એટલે એ શિખરના પથ્થર કાઢીને મુશ્કેલીથી દહેરામાં ઊતરી, તો નાગવાળાને પેટમાં કટાર ખોસીને મરણ પામેલો જોયો. આખું મંદિર લોહીલોહાણ થયેલું હતું. હાય! નાગવાળાએ પોતાની પ્રતિજ્ઞા પાળવામાં બહુજ જલદી કરી હતી. પ્રિયાને આવવામાં અણધાર્યાં વિઘ્નો નડ્યાં અને તેને લીધે સહેજ વિલંબ થયો, પણ વાળાના અનુભવશૂન્ય હૃદયમાં એથી ઘણી શંકાઓ ઉત્પન્ન થઇ. એને લાગ્યું કે, નાગમતીએ મારા વિશ્વાસનો ભંગ કર્યો છે. એમ ધારીને તેણે પોતાના જીવનનો અંત આણ્યો હતો.

નાગમતીના શોકનો પાર રહ્યો નહિ. સંયોગની પ્રથમ રાત્રીએ—અરે સંયોગ પહેલાંજ વિયોગ—ચિરવિયોગનું અસહ્ય દુઃખ ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. એણે હૃદય ચીરી નાખે એવો વિલાપ કરવા માંડ્યો:—

"નાગડા! નાગરવેલ, (તે) થડમાંથી થાહિયેં નહિ;
પણ કટકો કુપળ મેલ, અમે આશાભર્યાં આવિયાં.

* * * *

નાગડા! નાગરવેલ, પોળી પાથરિયે નહિ;
મોરલિયું મા મેલ, (તને) નાટક રમાડું નાગડા.

* * * *

નાગડા નાગરવેલ, તું કોં રાફ્ડ રોકી પેઓ?
નીકળ નીકળ ને છેલ, હું વાદણુ વગાડું મોરલી."

નાગરવેલનું મૂળ નામ 'નાગલતા' છે, તેથી નાગમતી કહે છે કે, "હું નાગવલ્લી જેવી તારી પ્રિયતમા ઊભી છું અને તું કેમ ઘોર નિદ્રારૂપ રાફડામાં પડ્યો છે? હું વિયોગના વિલાપરૂપે મોરલી વગાડું છું, માટે હે છેલ! તું બહાર આવ."

એણે વિલાપ આગળ ચલાવ્યો:—

"કાંધે કરંડિયો લઇ, વગાડું છત્રીશે રાગ;
(તું) જાગને વાળા નાગ! આ વેષ જોવા વાદણુ તણો?"

કિનારે આવેલું પોતાનું આશારૂપી વહાણુ ડૂબ્યું, એ વિચારથી એ કહેવા લાગી:—

"વોળાતણાં વહાણુ, આવ્યાં સાયર ઝૂલતાં;
(પણુ) ઊંડા જળ એ લાણુ, (ત્યાં) નાગર તૂટ્યાં નાગડા!"

એ વીર કન્યાને વળી વિચાર આવ્યો કે, સ્વામી યુદ્ધ કરતાં વીરગતિને પામ્યા હોત તો મને આટલો ખેદ ન થાત, પણુ આ તો મારા પ્રેમની ખાતર આપઘાત કરીને દેહનો અંત આણ્યો, એથી મારૂં હૃદય ચિરાઇ જાય છે.

"શરતણિયા સુજાણુ! સૂતે રણુ સજિયે નહિ;
(મુજ) વીંધે કાળજ (ને) પ્રાણુ, (તું) લોહીમાં લોટ્યાં કરે."

વિલાપમાં ને વિલાપમાં રાત્રિ સમાપ્ત થઇ. એણે જોયું કે હવે આ દેહે તો નાગવાળાનો મેળાપ થવો એ અસંભવિત છે. એણે કેશ છોડી નાખ્યા અને પતિની સાથે સતી થવાનો નિશ્ચય કર્યો.

પેલી તરફ રાજકુમારીના ગુમ થયાના સમાચાર વહાણું વાતાંજ રાજમહેલમાં જાહેર થયા અને કાનસૂવો ભેડો શોધ કરતો કરતો પાવડિયારાના શિવાલયમાં જઇ પહોંચ્યો. ત્યાં એણે સતી થવાને તૈયાર થયેલી પુત્રીને જોઇ. પિતાને જોતાંજ નાગમતી બોલી ઊઠી:—

"અગર ચંદનનાં લાકડાં (તેની) ચૌટે ખડકાવો ચેહ;
આ નાગો મું કારણ મુઓ, (તો) એહમાં બળશે એહ."

પુત્રીનો આ નિશ્ચય જાણતાં ભેડાને ઘણો ખેદ થયો. એણે ઘણી દલીલો કરી, પણ સતી નાગમતીએ પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. આખરે એણે પોતાના નોકરોને ચિતા ખડકવાની આજ્ઞા આપી.

એવામાં એક યોગી ત્યાં આવી પહોંચ્યો અને નાગમતીની પ્રિયતમ પ્રત્યે ભક્તિ જોઇને પ્રસન્ન થઇને આશીર્વાદ આપ્યો કે, "બેટા! તારૂં સૌભાગ્ય અખંડ રહેશે."

એમ કહેવાય છે કે થોડી વાર પછી શિવાલયમાંથી લોહીથી ખરડાયલા વસ્ત્રસહિત નાગવાળો જીવતો ઊભો થઇને બહાર આવ્યો. બધાંના હર્ષનો પાર રહ્યો નહિ. નાગમતીને માટે તો આ ખરેખર જીવનનો સૌથી ઉત્તમ દિન હતો. કાનસૂવો બધાને હર્ષપૂર્વક રાજમહેલમાં લઈ ગયો અને ત્યાં ધામધૂમથી નાગમતી અને નાગવાળાનાં લગ્ન કરી દીધાં. આ પ્રેમી દંપતીએ સુખપૂર્વક લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું.*



* આ આખું ચરિત્ર 'ગુજરાતી'ના દિવાળીના એક ખાસ અંકમાંથી, રા. રા. જીવરામ અજરામર રાજગુરુના ઐતિહાસિક લેખ ઉપરથી સારરૂપે–ઘણુંખરૂં તેમનાજ શબ્દોમાં લેવામાં આવ્યું છે, તે બદલ લેખક તથા પ્રકાશકના અમે ઉપકૃત છીએ. —પ્રયોજક

૧૩૮–સુલતાના રઝિયાબેગમ

સૂર્ય, ચંદ્ર કે અગ્નિવંશ જેવાં પ્રતાપી રાજ્યકુળો-થી શાસિત થયેલા આપણા દેશના ભાગ્યમાં ઈ૦ સ૦ ૧૨૦૬ થી ૧૨૮૮ સુધી ગુલામવંશ-ના રાજાઓનો રાજ્યઅમલ ભોગવવાનું નિર્માણ થયું હતું ! ઐબક ઉર્ફે કુતુબુદ્દીન એ વંશનો સ્થાપક હતો. ઐબકને બાલ્યાવસ્થામાં ખુરાસાનની રાજધાની નિશા-પુરમાં આણવામાં આવ્યો હતો. ત્યાં એક ધનવાન પુરુષે તેને ખરીદી લીધો અને ભણાવ્યો. એ શેઠના મૃત્યુ પછી એક બીજા વેપારીએ તેને ખરીદી લીધો અને તેની ચંચળતા જોઇને શાહ-બુદ્દીન ઘોરીને ભેટ આપ્યો. શાહબુદ્દીનની એના ઉપર ઘણી પ્રીતિ થઇ અને તે તેના ઉપર પુષ્કળ પ્રેમ રાખવા લાગ્યો. બાદશાહનો તેના ઉપર ઘણો વિશ્વાસ હતો. બાદશાહે તેને યુદ્ધકળામાં અને રાજ્યપ્રબંધમાં કેળવ્યો અને આખરે એને હિંદુસ્તાનમાં પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યો. ગિઝનીમાં શાહબુદ્દીન મહંમદ ઘોરી-નું મરણ નીપજ્યા પછી કુતુબુદ્દીન પોતાને દિલ્હીનો સ્વતંત્ર બાદ-શાહ ગણવા લાગ્યો. પોતાના નામથી તેણે ખુત્બા પઢાવ્યા અને સિક્કા પણ પડાવ્યા; એટલુંજ નહિ પણ સ્વર્ગવાસી બાદશાહનાં સગાંઓ સાથે લગ્નનો સંબંધ બાંધ્યો. ગિઝનીના સૂબેદારની કન્યા સાથે પોતે લગ્ન કર્યું અને સિંધના સૂબેદારને પોતાની બહેન તથા અલ્તમશ નામના બીજા સરદારને પોતાની પુત્રી પરણાવી. આ પ્રમાણે દિલ્હીની ગાદી પચાવી પાડનાર ગુલામને ઉચ્ચ કુળના મુસલમાનો સાથે સંબંધ બાંધી કુળવાન બની જતાં વાર ન લાગી. કુતુબુદ્દીને પોતાના રાજ્યનો વિસ્તાર ઘણો વધાર્યો. એ એક સજ્જન, ન્યાયી અને ઉદાર બાદશાહ હતો.

કુતુબુદ્દીનને આરામ નામે એક પુત્ર હતો. ઇ૦ સ૦ ૧૨૧૦માં પોલો રમતાં રમતાં બાદશાહનું મૃત્યુ થયું, ત્યારે આરામશાહ

એની ગાદીએ બેઠો, પણ આવડું મોટું સામ્રાજ્ય ચલાવવાની શક્તિ એનામાં નહોતી. એના અનેક સૂબાઓ પોતાના તાબાના પ્રાંત પચાવી પડીને સ્વતંત્ર બનવા લાગ્યા. આવી સ્થિતિ જોઇને દિલ્હીના મુખ્ય સરદારોએ કુતુબુદ્દીનના જમાઇ અલ્તમશને દિલ્હી આવીને રાજ્યપ્રબંધ પોતાના હાથમાં લેવાની વિનતિ કરી. અલ્તમશે આવી આરામશાહનો પરાજય કરી દિલ્હીનું રાજ્ય કબજામાં લીધું. અલ્તમશ સારા કુળમાં જન્મ પામ્યો હતો; પરંતુ મોટાભાઇએ તેને એક તુર્કને ત્યાં ગુલામ તરીકે વેચી નાખ્યો હતો. એ તુર્કે એના સૌંદર્ય અને બુદ્ધિથી પ્રસન્ન થઇ એને સારૂં શિક્ષણ આપ્યું અને પુષ્કળ ધન લઇને કુતુબુદ્દીનને વેચ્યો. કુતુબુદ્દીને તેને ઇ૦ સ૦ ૧૧૯૬ માં ગ્વાલિયરનો કારભાર સોંપ્યો અને તેના ગુણ તથા સેવાથી પ્રસન્ન થઇ પોતાની પુત્રી પણ તેને પરણાવી. અલ્તમશે ઇ૦ સ૦ ૧૨૧૦ થી ૧૨૩૫ સુધી રાજ્ય કર્યું અને અનેક પ્રાંત જીતીને દિલ્હીની સત્તામાં વધારો કર્યો. ઇ૦ સ૦ ૧૨૩૬ માં એ પ્રતાપી બાદશાહનું મૃત્યુ થયું. તેની જગ્યાએ તેનો પુત્ર રૂકનુદ્દીન ફિરોજશાહ ગાદીએ બેઠો. એ ઘણોજ દુર્ગુણી, વ્યસની અને જુલમી રાજા હતો. રાજા શિવપ્રસાદ 'ઇતિહાસ તિમિરનાશક' ગ્રંથમાં એના સંબંધમાં લખે છે કે, "એને તો રાતદિવસ ભાંડ અને વેશ્યાઓનું કામ હતું. નશો કરવો અને તમાશા જોવા એજ વિનોદ આઠે પહોર ચાલ્યા કરતો હતો. રાજ્ય માને ભરોસે છોડયું હતું. ખજાનો ખોટાં ખર્ચોમાં લૂંટાવી દેવામાં આવતો હતો, એની મા પણ ઘણી જુલમી હતી." પ્રજા તેમજ સરદારો માતા અને પુત્રથી ત્રાસી ગયા, એમણે એ બન્નેને કેદ પકડ્યાં અને રૂકનુદ્દીનની બહેન ને બાદશાહ અલ્તમશની પુત્રી રઝિયાને સર્વાનુમતે રાજસિંહાસન ઉપર બેસાડી. ભારતના મુસ્લિમ ઇતિહાસમાં પ્રથમ વારજ એક રમણીને રાજકર્મી થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. દિલ્હીના સિંહાસન ઉપર બિરાજનાર તો રઝિયા પહેલી અને છેલ્લીજ મહિલા હતી. અયોગ્ય રાજ્યકર્તાને લીધે રાજ્ય પર આવી પડેલી ઘોર આપત્તિને સમયે પ્રજા તેમજ સરદારોએ એક મતે રઝિયાનેજ પસંદ કરી, એજ બતાવી આપે છે કે એ ઘણી સુયોગ્ય, વિદુષી અને રાજકાર્યકુશળ સ્ત્રી હોવી જોઇએ.

અલ્તમશ પોતે ઘણો સુંદર હતો. એટલે અપૂર્વ સૌંદર્ય તો રઝિયાને વારસામાં મળ્યું હતું, તે ઉપરાંત પિતાને એના ઉપર

વિશેષ પ્રેમ હોવાથી એક રાજકુમારીને છાજે એવું ઉત્તમ પ્રકારનું શિક્ષણ એને મળ્યું હતું. ફારસી વ્યાકરણ પ્રમાણે રઝિયા સુલતાના કહેવાવી જોઇતી હતી; પરંતુ એ પોતાને સુલતાન (નરજાતિના) શબ્દથી સંબોધાવું પસંદ કરતી હતી. પોતાના નામના સિક્કામાં એણે લખાવ્યું: "સુલ્તાને–આજમ દીન અને દુનિયાની શોભા." ફરિશ્તા પોતાના ઇતિહાસમાં લખે છે: "રઝિયામાં સારા રાજાઓના બધા ગુણોનો સમાવેશ હતો. તેનામાં કોઇ દોષ હોય તો તે એટલોજ હતો કે તે સ્ત્રી હતી." પણ એમાં એનો શો દોષ? એને સ્ત્રી બનાવી એ દોષ તો વિધાતાનો હતો. ગુણવાન મનુષ્યોમાં પૂજવા યોગ્ય તો તેમના ગુણ છે; તેમનું સ્ત્રીપણું, કે પુરુષપણું નહિ. રઝિયા દિલ્હીની ગાદીને શોભાવવાને કેવી રીતે યોગ્ય હતી અને અલ્તમશે પોતાનાં અનેક સંતાનોમાંથી એનેજ એ કામને યોગ્ય શા સારૂ ગણી હતી તે સંબંધે કાંઇક કહીશું.

રઝિયાને વિદ્યાનો ઘણો પ્રેમ હતો. એ કુરાન સારી રીતે વાંચી તથા સમજી શકતી. એ ઉપરાંત સાહિત્યનો પણ એણે સારો અભ્યાસ કર્યો હતો. ફારસી ભાષામાં કવિતા પણ લખતી, દિલ્હીમાં કુતુબમિનાર નામનો જે આશ્ચર્યજનક અને સુંદર મિનારો છે, તે વાસ્તવમાં રઝિયાના પિતા અલ્તમશના સમયમાં બંધાયો હતો. સંભવ છે કે બાદશાહ કુતુબુદ્દીનના સમયમાં તેનો આરંભ થયો હોય અથવા તો મૂળ યોજના એની હોવાથી કુતુબમિનાર નામથી પ્રસિદ્ધ થયો હોય. એ મિનારની પૂર્ણાહુતિ નિમિત્તે થયેલા સમારંભમાં વિદુષી રાજકન્યા હાજર હતી અને એમ કહેવાય છે કે એ પ્રસિદ્ધ સ્તંભ ઉપર કોતરેલા વાક્યની રચના રઝિયાએ પોતેજ કરી હતી.

ઇ. સ. ૧૨૨૯ માં દક્ષિણનાં સ્વતંત્ર રાજ્યોને હસ્તગત કરવાના ઉદ્દેશથી અલ્તમશ બાદશાહ દિલ્હીથી પોતાનું સૈન્ય લઇને નીકળ્યો. આ સવારીમાં તેને સંપૂર્ણ વિજય મળ્યો, પરંતુ એમાં એને છ વર્ષ વીતી ગયાં. પોતાની ગેરહાજરીમાં રાજકારભાર કોને સોંપવો એ એક મહત્ત્વનો પ્રશ્ન થઇ પડ્યો હતો. તે વખતે અલ્તમશના વયે પહોંચેલા વીસ પુત્રો વિદ્યમાન હતા. બાદશાહે દિલ્હી જઇને પોતાના તખ્ત પર રઝિયાને સ્થાપિત કરી અને સાભિમાન કહ્યું: "મારા વીસ પુત્રો આજે હયાત છે તોપણ રાજ્યનો બોજો તે સર્વને ભારે લાગશે; પરંતુ આ મારી કોમળ રઝિયાને તેનો

લેશ પણ ભાર લાગનાર નથી. આ વીસ પુત્રોના અંગમાં જેટલું પાણી છે તે કરતાં આ પુત્રીમાં વિશેષ છે." પિતાની ગેરહાજરીમાં તેણે એવા ઉત્તમ પ્રકારે રાજકારભાર ચલાવ્યો કે, લોકોએ તેના સંબંધમાં બાંધેલી શુભાશાઓ પૂર્ણ થઇ.

રઝિયા જો કે તરુણ હતી તોપણ તે પોતાની જવાબદારી સંપૂર્ણ રીતે જાણતી હતી. ન્યાય અને દયાપૂર્વક રાજ્ય ચલાવવાનો એણે નિશ્ચય કર્યો હતો. એની વૃત્તિ ઘણી ધાર્મિક હોવાથી, એ દરરોજ ઇશ્વરને પ્રાર્થના કરતી કે, "હે ખુદા! મને બુદ્ધિ અને બળ આપ કે જેથી હું સત્કાર્યમાં પ્રવૃત્ત થાઉં અને મારા હાથમાં સોંપાયલી રૈયતનું કલ્યાણ કરૂં." રઝિયાએ કોઇના ઉપર અન્યાય કે જુલમ નહોતો કર્યો. એના સુશાસનથી બધા પ્રસન્ન થતા; એટલે સુધી કે જેમનો હક્ક ડુબાડીને પિતાએ રાજ્યવહિવટ એને સોંપ્યો હતો, તે શાહજાદાઓ પણ બહેન ઉપર બહુ પ્રસન્ન હતા; કેમકે એમને પોતાનું પેન્શન વખતસર મળી જતું. ઇ. સ. ૧૨૩૨માં અલ્તમશ વિજય પ્રાપ્ત કરીને દિલ્હી પાછો ફર્યો ત્યારે રઝિયાએ રાજ્યનો બધો કારભાર એને સોંપી દીધો અને પોતે આજ્ઞાંકિત પુત્રી તરીકે મહેલમાં વસવા અને વિદ્યાધ્યયનમાં પોતાનો સમય ગાળવા લાગી.

પિતાના મૃત્યુ અને રૂકનુદ્દીનના પદભ્રષ્ટ થયા પછી એ સુલતાના બની. એણે 'પડદા'નો ત્યાગ કરીને પુરુષની માફકજ રાજ્યતંત્ર ચલાવવા માંડ્યું.

રાજા શિવપ્રસાદ "સિતારે–હિંદ" નામના પોતાના ઇતિહાસમાં લખે છે: "એ દરરોજ બાદશાહોની પેઠે કબા (ઝભ્ભો) અને તાજ પહેરીને તખ્ત ઉપર બિરાજીને દરબાર ભરતી હતી. મોં ઉપર નકાબ–ઘૂંઘટ કદી નાખતી નહિ અને શુદ્ધ ન્યાય આપીને લોકોની ફરિયાદ સાંભળતી હતી. યુદ્ધના સમયમાં એ બધી સેનાને મોખરે હાથી ઉપર સવાર થઇને જતી અને જાતેજ સૈન્યને ચલાવતી હતી. રાજ્યનો બધો કારભાર જાતે ચલાવતી, જેથી અમલદારોને કાંઇ અસાવધાની કરવાનો પ્રસંગજ નહોતો મળતો. એણે કેટલાએ સારા અને નવા સુધારાઓ દાખલ કર્યા અને સારા કાયદાઓ ઘડ્યા હતા. બધાંને એ કાયદા પ્રમાણે ચલાવવાનો પ્રયત્ન કરતી હતી. ગરીબ અને દુઃખીઓ ઉપર તેને બહુ દયા આવતી હતી. એ ઘણી લાગણીપૂર્વક ન્યાય કરતી અને એક ઉદાર

બાદશાહની પેઠે શાસન કરતી હતી.”

રાજસિંહાસન ઉપર કોઇ નિશ્ચિંત બેસી રહેવા પામતું નથી. દેખીતી રીતે રઝિયા સર્વની સંમતિથી ગાદીએ બેઠી હતી, પણ વાસ્તવિક એક પક્ષ એની વિરુદ્ધમાં પણ હતો. સ્ત્રીજાતિની યોગ્યતા ઉપર વિશ્વાસ ન રાખનાર એક વર્ગ બધા કાળમાં અસ્તિત્વ ધરાવતો રહ્યો છે. એ વર્ગ રઝિયા ગાદી ઉપર બિરાજીને પોતાના ઉપર શાસન ચલાવે એ સાંખી શકયો નહિ. ધીમે ધીમે તેમની નાખુશીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા માંડ્યું. આ ઉમરાવોએ સૈન્ય એકઠું કરીને પદભ્રષ્ઠ થયેલા બાદશાહના વઝીરને તેનો મુખ્ય સેનાધિપતિ બનાવી દિલ્હી પર સવારી કરી. આ લોકોના સૈન્યની આગળ રઝિયાના સૈન્યનો નિભાવ થઇ શકયો નહિ; પરંતુ જે કાર્ય સૈન્યથી થઇ શકયું નહિ તે રઝિયાએ પોતાના ચાતુર્યથી કર્યું. પોતાના શત્રુ પૈકી કેટલાક તેના માનીતા છે; એવો ભાસ ઉત્પન્ન કરી તે ઉમરાવોમાં પરસ્પર દ્વેષાગ્નિ સળગાવ્યો. આથી તેઓમાં પરસ્પર ફાટફૂટ થઇ અને તે સર્વે રઝિયાના તાબેદાર થયા. આ લોકો પૈકી જેમના તરફથી વિશેષ ઉપદ્રવ થવાનો સંભવ જણાયો તેને તેણે દેહાંતદંડ કર્યો અને ઇતરને પોતાના સ્વાભાવિક ઔદાર્યથી પોતાના કરી લીધા. આ પ્રકારે તેણે સર્વ રાજ્ય વિદ્રોહનો અંત આણ્યો અને જ્યાં ત્યાં શાંતિ પ્રસારી દીધી.

ત્યાર પછી બે વર્ષ પર્યંત તેનો રાજ્યકારભાર અત્યુત્તમ રીતે ચાલ્યો. રઝિયાનું રાજ્યનીતિચાતુર્ય શ્રેષ્ઠ પ્રતિનું હતું અને અંતસ્થ કારભારમાં પણ તેની દક્ષતા પ્રશંસાપાત્ર હતી. તે નિત્ય સુલતાનનો પોશાક પહેરી દરબારમાં બેસતી. સ્ત્રીજાતિનો પોશાક અને પડદો તેણે ત્યજ્યો હતો. તે પુરુષની પેઠે મસ્તક પર ટોપી પણ ધારણ કરતી હતી. અરજદારોની અરજ તે પોતે સાંભળતી અને કોઇ પણ પ્રકારનો આડપડદો રાખ્યા સિવાય ખુલ્લે મોઢે હાથી પર બેસતી. તે પોતાનાં રાજ્યવ્યવસ્થાનાં કાર્યો અંતઃકરણની લાગણીપૂર્વક અને સદ્‌સદ્વિવેકબુદ્ધિપૂર્વક કરતી હતી.

ફિરોજશાહની કારકીર્દિમાં જે અંધાધૂંધી પ્રસરી રહી હતી તે સર્વે નિર્મૂળ કરી તેણે સુવ્યવસ્થા સ્થાપી અને ઉત્તમ સુધારા કર્યા. જૂના કાયદાઓ દુરસ્ત કર્યા, મહત્ત્વના મુકદ્દમાઓનો ફેંસલો કર્યો અને એકંદર રીતે રાજ્યવ્યવસ્થાનું કાર્ય એવા ઉત્કૃષ્ટ પ્રકારે કર્યું કે સર્વે જણને આ સ્ત્રી નથી; પરંતુ એકાદ ન્યાયી અને

કાર્યકુશળ પાદશાહજ છે એમ લાગ્યું.

અત્યાર સુધી વિવાહ સંબંધી કાંઇ પણ વિચાર તેના મનમાં આવ્યો હોય એમ દેખાતું નથી. તે અલ્પવયસ્ક હતી ત્યારે તેનું સૌંદર્ય જોઇને અનેક પુરુષોનાં મન તેના પ્રતિ આકર્ષિત થયાં હતાં, પરંતુ આજ પર્યંત કોઇને પણ તેણે ઉત્તેજન આપ્યું નહોતું. તે સિંહાસનારૂઢ થઇ ત્યાંસુધી એ બાબતમાં તેના મનની સ્પષ્ટ વલણ કયી તરફ હતું તે કાંઇ જણાતું નથી; પરંતુ તેના મનની આવી સ્થિતિ ઘણી વાર સુધી ટકી નહિ. રઝિયાની પાસે એક હબસી સરદાર ઘોડેસવારોનો નાયક હતો. આ સરદારના પ્રારંભના દિવસો ગુલામગીરીમાં ગયા હતા. તે રૂપમાં સુંદર, ચતુર અને રઝિયા જેવી સ્ત્રીનું મન હરણ કરે એવી યોગ્યતા ધરાવતો હતો; પરંતુ આ હલકા દરજ્જાના માણસ પર રઝિયાનું ચિત્ત ચોટેલું જોઇ તેના અમીરઉમરાવોને ખોટું લાગ્યું. જ્યારે સુલતાના અશ્વારૂઢ થવાની હોય ત્યારે આ હબસી સરદાર તેને ઊંચકીને બેસાડતો હતો, એ સિવાય તેની સાથે કાંઇ વિશેષ ઘાડો સંબંધ નહોતો. પોતાની ઉજ્જવળ કીર્તિને કલંક લાગે એવું કોઇ પણ કૃત્ય તેના હાથથી થયું નહોતું. સુલતાના રઝિયાના અંગમાં સર્વ સદ્‌ગુણો વાસ કરતા હતા અને તેનું વર્તન સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને દૂષિત લાગતું નહોતું, એમ ફરિશ્તા કહે છે.

સુલતાનાનું મન આ હબસી સરદાર પર ચોટયું હતું એ વાત સત્ય છે. વખત જોઇ તેનો દરજ્જો વધારવો અને તેને પોતાનો પતિ કરી બન્નેએ રાજ્યસુખ અનુભવવું એવો રઝિયાના મનનો વિચાર સર્વ લોકોને જણાઇ ચૂકયો હતો; પરંતુ આ પ્રીતિનું પરિણામ સારૂં આવ્યું નહિ. પોતાના પ્રિયકરની યોગ્યતા વધારવા જતાં રઝિયાને પોતાને અનિષ્ટ પરિણામ ભોગવવું પડયું. તે સરદારને રઝિયાએ મુખ્ય સેનાપતિ અર્થાત્ અમીરઉમરાવની પદવી આપતાંજ સર્વ સરદારોએ તેની સામે ખુલ્લી રીતે બંડ કર્યું.

અલ્ટુનિયા નામનો તુર્કી સરદાર બંડ કરવાને પ્રથમ પ્રવૃત્ત થયો અને તેણે સૈન્ય એકત્રિત કર્યું. આ વાત સુલતાના રઝિયાના સાંભળવામાં આવી કે તરતજ તે પોતાનું પ્રચંડ સૈન્ય લઇનેતેના પર હલ્લો કરવાને ગઇ; પરંતુ માર્ગમાં તેના પોતાનાજ સૈન્યે બંડ કર્યું અને તેના પ્રિયકર પેલા હબસી સેનાપતિને તેની સમક્ષજ ઠાર કર્યો. સૈન્યના આ કૃત્યથી સુલતાના રઝિયાને ઘણો ક્રોધ

ચઢયો; પરંતુ તેના સરદારોએ પોતાના બચાવને માટે તેને કેદ કરી; એટલુંજ નહિ પરંતુ તેની આજીજી પ્રતિ લક્ષ ન આપતાં તેને તેના શત્રુઓના હાથમાં સોંપી દીધી. પછી તે સરદારોએ રઝિયાના બંધુ બહેરામને સિંહાસન પર બેસાડયો. આ બહેરામ અત્યંત નીચ અને વિષયલંપટ હતો.

બેગમ તેના શત્રુના હાથમાં ગઇ એટલે તેમના સરદારને પોતે કેવું કૃત્ય કરે છે એ વાતનું બિલકુલ ભાન રહ્યું નહિ. અલ્ટુનિયાને તેની શોચનીય સ્થિતિ જોઇને દયા આવી અને તેણે તેને સ્વતંત્ર કરવામાં વાર લગાડી નહિ; એટલુંજ નહિ પરંતુ તેનું સૌંદર્ય અને વર્તન જોઇને તેને એટલો આનંદ થયો કે તેણે પોતાનું અંતઃકરણ તેને અર્પણ કર્યું. તે તુર્કી સરદારનું શૌર્ય અને અનુપમ ઉદારતા જોઇને રઝિયા પણ તેના ઉપર મોહિત થઇ અને પરણવા કબૂલ થઈ. થોડા સમયમાં એ ઉભયનો લગ્ન સમારંભ મોટા ઠાઠમાઠ સાથે થયો.

પછી ભટીંડાના કિલ્લામાં બન્નેએ કેટલોક સમય ગાળ્યો. પછી તેમણે પોતાના મહત્ત્વના કાર્ય તરફ લક્ષ આપ્યું અને એક મોટું લશ્કર એકઠું કરીને રાજ્ય પાછું મેળવવા દિલ્હી ઉપર હુમલો કર્યો; પરંતુ બિચારી રઝિયા અને તેના સ્વામીનું કાંઈ વળ્યું નહિ. તેના સૈન્યે અપૂર્વ શૌર્ય બતાવ્યું પરંતુ શત્રુનું જોર વિશેષ હોવાથી તેને પાછું ફરવું પડયું. પાછળથી પણ એકાદ બે યુદ્ધ થયાં; પરંતુ પુષ્કળ માણસો નાશ પામ્યાં અને રઝિયા પોતાના પતિ સહિત શત્રુના હાથમાં સપડાઇ. તેમણે તેને અને તેના પતિને ઠાર મારી નાખ્યાં.

કૃતઘ્ની અને અભિમાની સરદારો રઝિયાની ઉદારતા, વીરતા, અને સુશાસનને એટલા જલદી ભૂલી ગયા! રઝિયા એમની સામ્રાજ્ઞી હતી, એના ઉપર એમણે દયા બતાવવી જોઇતી હતી. અફસોસ!

રાજા શિવપ્રસાદ રઝિયાના મૃત્યુનું વૃત્તાંત આ રીતે લખે છેઃ "રઝિયા પુરુષના વેશમાં નાઠી હતી. રસ્તામાં સૂઇ ગઇ. એક ખેડૂતે એના પોશાકની નીચે કસબ અને મોતીથી ભરેલી ચોળી જોઇ લીધી. તેણે જાણ્યું કે આ કોઈ સ્ત્રી છે.આથી તેને મારી નાખીને કપડાં ઉતારી લીધાં અને લાશ જમીનમાં દાટી દીધી."

આમ કેવળ સાડાત્રણ વર્ષ રાજ્ય કરીને ઇ૦ સ૦ ૧૨૪૦-

માં રઝિયાના જીવનનો અંત આવ્યો. એ ટૂંક સમયના રાજ્ય-શાસનમાં પોતાના ઉચ્ચ ગુણોનો પરિચય આપતી ગઈ છે. મુસલમાની રિયાસતનો ઇતિહાસ લખનાર રા. રા. સર દેસાઇ એના સંબંધમાં નીચે પ્રમાણે લખે છેઃ–

“વાસ્તવિક રીતે રાજ્યકારભાર ચલાવવાને તે સમર્થ હતી; પરંતુ સ્ત્રી રાજ્ય કરે એ કલ્પનાજ તુર્કી લોકોને રુચી નહિ, તેથી તેનો નાશ થયો. આજ સુધી મુસલમાની અમલમાં ત્રણ સ્ત્રીઓએ રાજગાદી ભોગવી છે. એક આ રઝિયા અને બીજી શજારૂદર, ઈ. સ. ૧૨૫૦ માં ઇજિપ્તની રાણી હતી. એણે ધર્મયુદ્ધમાં ફ્રાન્સના નવમા લૂઇ (સેંટ લૂઇ) નો પરાભવ કર્યો હતો. ત્રીજી આબિશ ઇરાનમાં તેરમા સૈકામાં રાજ્ય કરતી હતી. દિલ્હીના તખ્ત ઉપર બેસનાર પહેલી રાણી રઝિયા હતી. ત્યાર પછી કોઈ નારી એ સિંહાસન ઉપર બેઠી નથી. ફક્ત મહારાણી વિક્ટોરિયાએ દિલ્હીમાં દરબારભરીને કૈસરેહિંદનો ખિતાબ ધારણ કર્યો હતો.”

૧૩૯–दाई मनमेल

એનું મૂળ નામ હમબલ હતું એ ખ્વાજા કુતુબુદ્દીનની કાકીની દાઈ હતી. કુતુબુદ્દીન ખ્વાજા સાહેબ એ દાઇનું સ્તનપાન કરીનેજ ઊછર્યા હતા. ખ્વાજા સાહેબ મોટા સિદ્ધ પુરુષ હતા અને પાછળથી દિલ્હીમાં આવી વસ્યા હતા. દિલ્હીમાં ગયા પછી તેમણે દાઇ મનમેલને પોતાને ત્યાં બોલાવીને ઘણી પ્રતિષ્ઠા કરી હતી. ખ્વાજા સાહેબના સહવાસથી એ દાઇ પણ ધાર્મિક અને સાધ્વી થઇ ગઇ હતી. ઇશ્વરભક્તિમાં તેનો સમય વ્યતીત થતો. ખ્વાજા સાહેબના દર્શનાર્થે આવનારી સ્ત્રીઓને એ ઉપદેશ આપતી તથા તેમના જીવનમાં ધાર્મિકતાનો સંચાર કરતી. ખ્વાજા સાહેબનો તેના ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. ઘરનો બધો કારભાર એમણે દાઇ મનમેલને સોંપી દીધો હતો. એ વિનયી અને મર્યાદાશીલ સ્ત્રી હતી. પુરુષોને પોતાનું મોં કદી બતાવતી નહોતી. એની કબર પુરાણી મસ્જિદની સામે પૂર્વ દરવાજા આગળ હજરત ખ્વાજા સાહેબની કબર પાસેજ દિલ્હીમાં છે.



૧૪૦–રૂપસુંદરી (માધવપત્ની)

ઈસવીસનના ૧૩ મા સૈકાના અંતમાં ગુજરાતમાં વાઘેલા વંશનો કરણરાજા રાજ્ય કરી રહ્યો હતો. તેના જીવનની સમાપ્તિની સાથેજ ગુજરાતની સ્વતંત્રતાની પણ સમાપ્તિ થયેલી હોવાથી, આપણા પૂજ્ય સાક્ષર સ્વર્ગસ્થ શ્રી નંદશંકરભાઈએ પોતાની ઉત્તમ નવલકથાદ્વારા તેનું ચરિત્ર ઘણીજ અસરકારક રીતે આલેખેલું છે અને તેથી ગુજરાતમાં પ્રત્યેક મનુષ્ય તેના નામથી પરિચિત છે. એ રાજાનો મુખ્ય પ્રધાન માધવ નામનો એક નાગર ગૃહસ્થ હતો. તેણે વડનગર શહેરમાં કોઈ ગરીબ કુટુંબમાં જન્મ લીધો હતો અને ૧૬ વર્ષની વયે પાટણ શહેરમાં નોકરી શોધવા આવ્યો હતો.

પહેલાં તો લશ્કરના સિપાઈઓના પગાર વહેંચવા ઉપર કારકુન રહ્યો. ત્યાં ચાલાકી, હોશિયારી તથા ઇમાનદારી બતાવી તે ઉપરથી તેને કોઠારીની જગા મળી. ધીમે ધીમે તે સારંગદેવ રાજાનો માનીતો થઈ પડ્યો. સારંગદેવ મરી ગયો ત્યારે તેના છોકરાઓ વચ્ચે ગાદીને માટે તકરાર પડી, તેમાં માધવની હોશિયારી તથા કાવતરાથી કરણનો રાજ્યાભિષેક થયો. તે દિવસથી માધવના ભાગ્યનો ઉદય થયો અને કરણ રાજાએ ગાદી ઉપર નિર્ભય થતાંજ માધવને મુખ્ય પ્રધાનપદ આપ્યું. માધવ ઘણોજ બુદ્ધિમાન, રાજનીતિનિપુણ અને કાર્યકુશળ મંત્રી હતો. તેણે પોતાના બુદ્ધિબળે રાજા (કરણ) ઉપર એટલી તો સત્તા મેળવી હતી કે તેને પૂછ્યા સિવાય રાજા કાંઈ કામ કરતો ન હતો. સઘળું કામકાજ તેજ કરતો. રાજા તો પૂતળા જેવો હતો અને ખરેખરો રાજા તે પોતેજ હતો.

કરણ રાજાના એ મહા પ્રભાવશાળી પ્રધાનની સ્ત્રીનું નામ રૂપસુંદરી હતું. રૂપસુંદરી તેના નામ પ્રમાણે અપૂર્વ સૌંદર્યવાળી

સ્ત્રી હતી. તેનું સૌંદર્ય ચીતરવાનું સાહસ અમે નહિ કરીએ. ફક્ત પ્રસિદ્ધ નવલકથાકારની કુશળ કલમથી આલેખાયલું ચિત્ર જ ગુજરાતી બ્હેનો આગળ રજૂ કરીશું. સાક્ષર શ્રી નંદશંકરભાઈ આ પ્રમાણે રૂપસુંદરીનું વર્ણન કરે છેઃ “ તે સ્ત્રી ખરેખરી પદ્મિની હતી. તેનું મો પૂર્ણિમાના ચંદ્ર જેવું હતું અને તેના ગાલના ગૌરવર્ણ ઉપર વખતે વખતે તેની ભરજુવાનીને લીધે જ્યારે ગુલાબી રંગ ચઢી આવતો ત્યારે તેની આગળ ગુલાબનાં ફૂલનો રંગ પણ ઝાંખો જણાતો. તેનું મોઢું ઘણું નાનું હતું તથા તે ઉપરના બે ઓઠ પાતળાં પરવાળાંના જેવા રંગના હતા. જ્યારે તે મંદ મંદ હસતી ત્યારે તેના દાંત સમાકાર ધોળા મોતીના દાણા જેવા દેખાતા. તેને નાકે ઘણાં ઊંચાં પાણીદાર મોતીની વીંટલી ઘાલેલી હતી. તેનાં મોતી તેના પરવાળા જેવા ઓઠને અડકતાં, ત્યારે તે કમળની લાલ પાંદડી ઉપર ઓસનાં ટીપાં જેવાં ચળકતાં હતાં. તેના ગાલ ઉપર એક છૂંદણું હતું તેથી તેની ખૂબસૂરતી એટલી તો વધતી હતી કે જેમ ફારસી શાયર હાફિઝ, શિરાઝની એક બૈરીના ગાલ ઉપરના કાળા તલને વાસ્તે સમરકંદ તથા બોખારા શહેર આપી દેવા તૈયાર થયો હતો, તેમ તે છૂંદણાને માટે આખું ગુજરાતનું રાજ્ય કોઈ આપે તોપણ થોડું હતું. તેની આંખ જરા લાંબઘાટી હતી અને સ્વાભાવિક રીતે કાળી હતી,તેની સાથે વળી તેમાં કાજળનું ઝીણું અંજન કીધેલું હતું તેથી તે વધારે મોહ પમાડતી હતી. તેની નજર ઘણી નરમાશવાળી તથા કામથી ભરપૂર દેખાતી હતી. તે એટલી ચપળતાથી ચોગરદમ ફરતી કે જે પુરુષ પર તે પડતી તેના હૃદયમાં કારી ઘા માર્યા વિના રહેતી નહિ. તેની ભમર પાતળી ઇંદ્રના ધનુષ્ય જેવી હતી અને એ ધનુષ્યમાંથી મદનદેવ પોતાનાં શસ્ત્ર ઉડાવી હજારો લોકોના મનની શાંતિનો નાશ કરતો. તેના કપાળ ઉપર જે રાતો હિંગળોકનો ચાંલ્લો હતો તે બરફના મેદાન ઉપર લોહીના ટપકા જેવો દેખાતો હતો. ચોટલો નાગની ફેણ જેવો ઘાટદાર અને તેવોજ કાળો હતો. તેના કેશ જો છૂટા મૂકે તો કમ્મર સુધી પહોંચતા. એ સિવાય તેના બીજા અવયવો પણ ઇશ્વરની બેહદ કારીગરી તથા ચાતુર્યના નમૂના હતા. ”

આવા અપૂર્વ રૂપલાવણ્યથી વિભૂષિત થયેલી રમણી રૂપસુંદરી એક દિવસ પોતાના ઇષ્ટદેવ શંકરનું પૂજન કરવા ગઈ

હતી. દૈવસંયોગે રાજા કરણુ પણુ એ સમયે એ માર્ગે થઇને જઈ રહ્યો હતો. તેની દૃષ્ટિ રૂપસુંદરી ઉપર પડી. રૂપસુંદરીની કાંતિ જોઇને કરણુ રાજા અત્યંત કામાંધ થઈ ગયો અને ગમે તે પ્રકારે એ રમણીને પોતાના અંતઃપુરમાં આણુવાનો સંકલ્પ કર્યો. રૂપસુંદરી પતિવ્રતા સ્ત્રી હતી અને માધવ પણુ શૂરવીર નર હતો, એટલે સીધી રીતે કોઈ પણ પ્રકારની લાલચથી પોતાનું કામ પાર નહિ પડે એમ ધારીને કરણુ રાજાએ ઘણો નીચ પ્રપંચ રચ્યો. માધવ પ્રધાન ઘર આગળ ન હોય એવે પ્રસંગે પાછળથી સેના મોકલીને રૂપસુંદરીનું હરણુ કરી લાવવાનો અધમ સંકલ્પ તેણે કર્યો. એક દિવસે માધવ પ્રધાન કોઈ રાજદરબારી કામને માટે બહારગામ ગયો, તે લાગ સાધીને કરણુ રાજાએ પ્રધાનના ઘર ઉપર રૂપસુંદરીને લઇ આવવા માટે સૈન્ય મોકલ્યું. રૂપસુંદરી એ સમયે દેવપૂજા કરીને ભોજન તૈયાર કરવામાં નિમગ્ન હતી. એવામાં તેણે પોતાની ઘરના આગલા ચોગાનમાં શોરબકોર થતો સાંભળ્યો. નોકરને મોકલીને તપાસ કરાવી તો માલૂમ પડ્યું કે રાજાના સિપાઇઓએ તેના ઘરને ઘેરો ઘાલ્યો છે અને તેના ઘણા નિમકહલાલ સેવકોને ઠાર મારવા માંડ્યા છે. એ ખબર સાંભળતાં રૂપસુંદરી ઘણીજ ચિંતાતૂર થઇ ગઇ. તેનો દિયેર કેશવ એ વખતે ઘરમાં હતો. કેશવ ઉપર રૂપસુંદરીનો ઘણોજ સ્નેહ હતો. બાલ્યાવસ્થાથી તેણે પુત્ર સમાન તેનું પાલન કર્યું હતું. કેશવ પણુ મોટીભાભીને માતા સમાન ગણીને ચાહતો હતો. અંગકસરત, દાવપેચ, કુસ્તી, તલવારના પટા આદિ વીરોચિત રમતોમાં તેણે પોતાની જિંદગી ગાળી હતી. તેનું શરીર કસાયેલું અને બળવાન હતું. ભાભીનું હરણુ કરવા રાજાના સિપાઇઓ આવ્યા છે, તે સાંભળતાં વારજ તેની રગેરગમાં ક્રોધ વ્યાપી ગયો. તેની આંખ લાલચોળ થઇ ગઇ અને તેમાંથી ક્રોધનો અગ્નિ વરસવા લાગ્યો. તે પોતાનાં હથિયાર સજીને ભાભીની આગળ આગળ આવી ઊભો અને જીવને જોખમે પણુ તેનું રક્ષણુ કરવા તૈયાર થયો. જોતજોતામાં કરણુ રાજાના સિપાઈઓ ઉપર ચડી આવ્યા અને રૂપસુંદરીને પોતાને સ્વાધીન કરી દેવાને કેશવને ઘણુંએ સમજાવ્યો; પરંતુ કેશવે ક્રોધથી લાલચોળ થઇ જઇને સિંહની માફક ગર્જના કરીને કહ્યું કે, "તમારા કૃતઘ્ની, અધમ, વિષયી રાજાને રૂપસુંદરી જોઈતી હોય,

તો મને મારીને લઇ જાઓ. આ દેહમાં જીવ છે ત્યાંસુધી રૂપ-સુંદરીના દેહને સ્પર્શ કરવા કોઈ પણ મનુષ્ય સમર્થ નથી. પોતાનો જીવ બચાવવા ખાતર નાગર બચ્ચો કોઇ દિવસ કુળ, ધર્મ અને જ્ઞાતિની પ્રતિષ્ઠાને કલંક લાગવા દેનાર નથી." કેશવ-નાં આ વચનો સમાપ્ત થતાંવારજ સેંકડો સિપાઇઓ તેના ઉપર તૂટી પડયા. એકલા કેશવે તેમની સાથે ઘણી નીડરતાથી યુદ્ધ કર્યું. કલમ ચલાવનાર નાગર યુવક તલવારના દાવપેચ પણ કેવી ઉત્તમ રીતે ખેલી શકે છે, તેનું કેશવે સારી પેઠે ભાન કરાવ્યું. તેણે રાજાના અનેક સિપાઇઓને કાપી નાખ્યા; પરંતુ એટલા બધાના પ્રહાર સામે એ એકલો કેટલી વાર સુધી ટકી શકે ? શત્રુઓના અસંખ્ય પ્રહાર ખમીને, શત્રુઓને મારતાં મારતાંજ એ ભૂમિ ઉપર પડયો અને એક ક્ષણુમાત્રમાં વીરગતિને પામ્યો. કેશવનું મૃત્યુ થતાંવારજ રૂપસુંદરીને મૂર્છા આવી ગઇ. એ બેહોશ હાલતમાંજ રાજાના સૈનિકો તેને રાજમહેલમાં લઇ ગયા.

રાજાએ રૂપસુંદરીને લલચાવવા અનેક પ્રકારની લાલચો બતાવી, પોતાની પટરાણી બનાવવાનું વચન આપ્યું; પણ કોઈ પણ પ્રકારની લાલચ કે ધમકીની અસર પતિવ્રતા રૂપસુંદરીના હૃદય ઉપર થઈ નહિ. રાજાની અધમ વિનતિનો તેણે તિરસ્કાર કર્યો અને રાજા પોતાના ઉપર બળાત્કાર કરવાનો યત્ન કરશે તો આપઘાત કરીને શિયળનું રક્ષણ કરીશ, એવું સ્પષ્ટ જણાવી દીધું.

કરણ રાજાના મહેલમાં અનેક પ્રકારનાં સુખ હોવા છતાં પણ રૂપસુંદરી પતિવિયોગથી ઝૂરવા લાગી. પતિનો સત્વર મેળાપ થાય તે સારૂ રાતદિવસ એકાગ્રચિત્તે ઇષ્ટદેવની પ્રાર્થના કર્યા કરતી હતી. એ વિપત્તિના સમયમાં એક ક્ષણુને માટે પણ તેણે પોતાના ચિત્તને ચળવા દીધું નહોતું અને પતિ સિવાય બીજા કોઇને પણ હૃદયમાં સ્થાન આપ્યું નહોતું. પતિની મંગળ-વાસનાજ તેના હૃદયમાં સર્વોપરી સ્થાન ભોગવતી હતી.

માધવ પ્રધાન પોતાના કામથી પરવારીને ઘેર પાછો ફર્યો, ત્યારે રાજા તરફથી પોતાના કુટુંબ ઉપર વરસેલા ત્રાસની તેને ખબર પડી. તેના શોકનો પાર રહ્યો નહિ. ક્રોધ અને વેરનો અગ્નિ તેના હૃદયમાં ઉત્પન્ન થઇને જોરથી સળગવા લાગ્યો. રાજાને પાયમાલ કરવાના ઉદ્દેશથી તે સીધો દિલ્હીના મુસલમાન બાદ-શાહ અલાઉદ્દીન પાસે ગયો અને ગુજરાતની ફળદ્રૂપતા તથા

સમૃદ્ધિનું વર્ણન કરીને એ દેશને જીતવાની સલાહ આપી. અલ્લા-ઉદ્દીનને તો એટલુંજ જોઇતું હતું. કાચા સોના જેવી ગુજરાતની રસાળ ભૂમિનો સ્વામી બનવાની ઇચ્છા તેના મનમાં ક્યારનીએ થયા કરતી હતી, તેવામાં માધવરાવના જેવો ભોમિયો માણસ મદદ કરવાને મળી આવ્યો એટલે પૂછવુંજ શું ? તેણે સેનાપતિ અલફખાંની સરદારી હેઠળ માધવની સાથે ઘણું મોટું સૈન્ય મોકલ્યું. એ યુદ્ધમાં કરણ રાજાનો પરાજય થયો અને ઇ૦સ૦ ૧૩૦૦ માં મુસલમાન લોકોએ ગુજરાતમાં પ્રવેશ કર્યો. માધવે અલ્લા-ઉદ્દીનને ૩૬૦ કચ્છી ઘોડા નજર કર્યા અને દેશનો કારભાર મેળવ્યો. અલફખાંને લશ્કરી ખાતાનો સૂબો ઠરાવ્યો. કરણ રાજાને જીવ લઇને નાસવું પડ્યું. પારકી સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કરનાર એ રાજાની રાણી તથા પુત્રીને અંતે મુસલમાનોને સ્વાધીન થવું પડ્યું તથા મુસલમાનોની સાથે લગ્ન કરીને જાતિભ્રષ્ટ થવું પડ્યું.

આ પ્રમાણે કરણ રાજા ઉપર મનમાન્યું વેર લઇને માધવ પોતાની પ્યારી પત્ની રૂપસુંદરીને મળવા અંતઃપુરમાં ગયો. ઘણા દહાડાના વિયોગ પછી તે પતિપત્ની પાછાં મળ્યાં. તેઓ ભેટ્યાં, રડ્યાં તથા હર્ષનાં બીજાં સઘળાં ચિહ્નો તેઓએ દેખાડ્યાં. રૂપસુંદરીને કરણ લઇ ગયો તેમાં તેની તરફનો કાંઇ વાંક નહોતો, તે માધવને સારી પેઠે માલૂમ હતું. બન્નેના વિયોગ-માં માધવનું દિલ રૂપસુંદરી ઉપરથી ઊતરી ગયું ન હતું પણ તેને પાછી મેળવવાની તથા તેના હરણ કરનારનું વેર લેવાની તેની આતુરતા જે પ્રમાણે પ્રબળ થતી ગઇ તે પ્રમાણે તેની ધણિયાણી ઉપરનું હેત પણ વધતું ગયું. આટલી સહેલાઇથી તેને પોતાની પ્રિયા મળશે એવી આશા નહોતી. જ્યારે રૂપસુંદરી આગળના જેટલાજ હેતથી તેને ભેટી, ત્યારે તેના હર્ષનો પાર રહ્યો નહિ. રૂપસુંદરીના સ્નેહમાં કાંઇ ફેરફાર થયેલો નહોતો. તેના અંતઃ-કરણની પ્રીતિનું નિર્મળ ઝરણ પોતાનો માર્ગ બદલીને બીજી દિશામાં વહ્યું નહોતું તથા તેના હેતના ખજાનાનો ભાગીદાર થવાનો બીજા કોઇનો દાવો તેણે સ્વીકાર્યો નહોતો; એ ઝરણે માધવની તરફજ અસલ માફક વહ્યાં કીધું એટલુંજ નહિ પણ તે પાસે ન હોવાથી તેમાં વધારો થયો.

માધવે શાસ્ત્રીઓની સભા ભરી અને બ્રાહ્મણની સ્ત્રીનો રજપૂત સાથે બળાત્કારથી સ્પર્શ થયો તેનો દોષનિવારણ કર-

વાનું પ્રાયશ્ચિત્ત તેઓની પાસે શોધી કઢાવ્યું. પછી તે પ્રમાણે સઘળી ક્રિયા રૂપસુંદરી પાસે કરાવી, બ્રાહ્મણોને મનમાની દક્ષિણા આપી અને લાડુનું ભોજન કરાવી સઘળા બ્રહ્મદેવોને સંતોષ્યા. હવે બીજી કાંઇ હરકત રહી નહિ, તેથી માધવ તથા રૂપસુંદરી આનંદપૂર્વક દિવસ નિર્ગમન કરવા લાગ્યાં. એ પાછા મળેલા સુખની યાદગીરીને વાસ્તે માધવે વર્ધમાનનગર (વઢવાણ)માં એક વાવ બંધાવી તે હજી તેના નામથી ઓળખાય છે.

કરણ જેવા રાજાની લાલચો અને ધમકીઓની લેશમાત્ર પરવા કર્યા વગર પોતાનું પાતિવ્રત્ય અખંડ રાખવા માટે નાગર રમણી રૂપસુંદરી સર્વ સ્ત્રીઓની શ્રદ્ધાને પાત્ર છે.

૧૪૧–ગુણસુંદરી

આ રમણી ગુજરાતના રાજા કરણ વાઘેલાના પ્રધાન માધવના નાના ભાઇ કેશવની પત્ની હતી. એ જો કે પોતાની જેઠાણી રૂપસુંદરી જેવી ખૂબસૂરત નહોતી, તોપણ નામ પ્રમાણે તેનામાં અનેક ગુણ હતા. એ સુશીલ, ભણેલગણેલ, કાર્યકુશળ અને પતિવ્રતા સ્ત્રી હતી. રૂપસુંદરીના રૂપ ઉપર મોહી જઇને કરણ રાજાએ તેનું હરણ કરવા સૈન્ય મોકલ્યું અને એ સૈન્ય સામે લડીને ભાભીનો બચાવ કરવા જતાં ગુણસુંદરીનો વીર પતિ ભરજુવાનીમાં કામ આવી ગયો, તે આપણે આગલા ચરિત્રમાં જોઈ ગયા છીએ. પતિને મરણ પામેલો જોઇને એ નાગર રમણીએ સતી થવાનો સંકલ્પ કર્યો. આડોશીપાડોશી તથા સગાંવહાલાંઓએ તેને ઘણુંએ સમજાવી; પણ એણે કોઈનું કહ્યું માન્યું નહિ. ગુણસુંદરી શાસ્ત્ર અનુસાર કાર્ય કરીને પતિનું સહગમન કરવા તૈયાર થઇ હતી, તેથી તેની માતા અંદરખાનેથી ખુશ થઇ હતી; પણ પોતાની પુત્રીનું વધારે પારખું જોવા સારૂ તેણે પણ વિલાપ કરીને સતી ન થવાની સલાહ આપી;પરંતુ ગુણસુંદરીએ વિનયપૂર્વક માતાને સમજાવ્યું કે, “સ્ત્રીને માટે પતિ વગરનું જીવન મિથ્યા છે.સંસારમાં સગાંસંબંધીઓના ટપલા ખાઇને અને દુનિયામાં લોકોનું અપમાન સહન કરીને જીવન ગાળવા કરતાં મરણ પામવું ઘણું

સારૂં છે." એ પ્રમાણે કહીને તે 'જય અંબે' 'જય અંબે' કરતી સતી થવાના આવેશમાં આવી જઇને નીચે ઉતરી. સર્વ કોઇ તેને સતી ગણીને પૂજવા લાગ્યાં. તેણે શાસ્ત્રની વિધિ પ્રમાણે પતિને પિંડદાન કર્યું તથા પતિના શબને ખોળામાં લઇને સળગતી ચિતામાં ચડી બેઠી. તેણે મરતી વખતે પોતાના બે હાથ ચોળી, બળતા અંગારાએ ખોબો ભર્યો અને પાટણ શહેર ઉપર એ અંગારા ફેંકી દઇને બોલી કે, "જે રાજાએ વગર વાંકે પોતાના વિશ્વાસુ પ્રધાનની સ્ત્રી અને તે પણ નાગર જેવી ઊંચી બ્રાહ્મણ જાતિની–એવીનું હરણ કર્યું, તે રાજા થોડા દિવસમાં રણમાં ને વગડામાં રઝળશે, તેની સ્ત્રીને બીજા લોકો લઈ જશે, તેની પુત્રી દુઃખ પામી પામીને પરપુરુષના હાથમાં પડશે; રાજા પોતાનું મોત પોતાને હાથે માગશે; તે ક્યાં મૂઓ અને ક્યારે મૂઓ તેનો પણ પત્તો નહિ લાગે.તેના સમૃદ્ધિવાન નગરનો નાશ થશે, તેનું દ્રવ્ય લૂંટાઇ જશે તથા સર્વ રીતે તેની પાયમાલી થશે."

આ પ્રમાણે કહીને તેણે સૂર્યદેવનું આહ્‌વાન કર્યું અને જોતજોતામાં તેનો પવિત્ર દેહ ભસ્મીભૂત થઇ ગયો.





૧૪૨–વીરમતી

તેરમા સૈકામાં દક્ષિણમાં દેવગિરિ અથવા દેવગઢમાં યાદવ રાજાઓનું રાજ્ય હતું. રાજાનું નામ રામરાજા હતું; તેને એક કન્યા હતી. એ ઘણી સુંદર હોવાથી એને પરણવા સારૂ ઘણા શત્રુ રાજાઓ રામરાજા ઉપર ચડાઇ કર્યા કરતા હતા. રામરાજાનો સેનાપતિ ઘણો સ્વામીભક્ત અને સાચો મરાઠા રજપૂત હતો. જ્યારે કોઇ શત્રુ રામરાજાની સાથે યુદ્ધ કરવા આવતો ત્યારે એ સેનાપતિજ સામે જતો અને શત્રુઓને મારીને નસાડી મૂકતો હતો. આ પ્રમાણે એણે ઘણાં યુદ્ધોમાં વિજય મેળવ્યો હતો; પરંતુ દૈવ કાંઇ સદા અનુકૂળ હોતું નથી. એક વખતે શત્રુઓની સાથે યુદ્ધ કરવા જતાં એ વીરગતિને પ્રાપ્ત થયો.

એ સેનાપતિને વીરમતી નામની એક કન્યા હતી. પિતાના મૃત્યુથી એ નિરાધાર થઇ ગઇ; પણ રામરાજાએ તેને પોતાના મહેલમાં બોલાવી લીધી; ત્યાંજ તેનું પાલનપોષણ થવા લાગ્યું. રાજા તેને પોતાની કન્યા જેટલુંજ ચાહતો,એટલે વીરમતી રાજકુટુંબના એક બાળક જેવી થઇ ગઇ. રાજાની કન્યા અને વીરમતી વચ્ચે ઘણી પ્રીતિ બંધાઈ ગઇ. એ બે જણીઓ એકબીજીને સગી બહેન જેવી ગણવા લાગી. યોગ્ય વયની થયા પછી રામરાજાએ પોતાની પુત્રીનું લગ્ન કરી દીધું. એ વખતે વીરમતીની ઉંમર જરા નાની હતી, એટલે તેનું લગ્ન કર્યું નહિ પણ તેનું સગપણ કૃષ્ણરાવ નામના એક મરાઠા સરદારની સાથે કરી દીધું.

કૃષ્ણરાવ દેખાવમાં રૂપાળો અને ઊંચા કુળનો યુવક હતો. વીરતામાં પણ એ એક્કો હતો. તેના ગુણોની પ્રશંસા સાંભળીને વીરમતી ઘણી પ્રસન્ન થતી અને એવો વર આપવા માટે મનમાં ને મનમાં પરમેશ્વરને સેંકડો ધન્યવાદ આપતી. ધીમે ધીમે લગ્નનો

સમય પણ નજીક આવી પહોંચ્યો. પરંતુ એ વખતે એક એવી દુર્ઘટના થઇ ગઇ કે જેને લીધે વીરમતી અને કૃષ્ણરાવનું લગ્ન થઇ શક્યું નહિ.

ઇ૦ સ૦ ૧૨૯૪ માં ખિલજી વંશના બાદશાહ અલાઉદ્દીને દક્ષિણ ઉપર ચડાઈ કરી હતી. અલાઉદ્દીનનો ઉદ્દેશ નવા પ્રાંતોને પોતાના રાજ્યમાં મેળવીને રાજ્ય અને ધનની વૃદ્ધિ કરવાનો તથા સાથે વીરમતી જેવી યુવાન સુંદરીઓને પ્રાપ્ત કરવાનો પણ હતો. અલાઉદ્દીનની પાસે મોટી સેના હતી અને દક્ષિણમાં આ તેની પહેલી સવારી હતી, એટલે લોકો ઘણા ગભરાટમાં પડ્યા હતા.

અલાઉદ્દીનના આવવાની ખબર પડી એટલે રામરાજાએ પણ પોતાનું સૈન્ય એકઠું કર્યું. રજપૂતો ઘણા ઉત્સાહથી લડવા સારૂ તૈયાર થયા. વીરમતીનો ભાવિ પતિ કૃષ્ણરાવ પણ આ યુદ્ધમાં પોતાનું વીરત્વ બતાવવાના ઉમંગમાં શસ્ત્ર અને બખતર સજીને તૈયાર થઇ ગયો અને શત્રુઓની રાહ જોવા લાગ્યો. જેમ જેમ અલાઉદ્દીનની સેના પાસે આવતી જતી હતી, તેમ તેમ રામરાજાની સેના પણ અધિક ઉત્કંઠિત થતી હતી. થોડી વારમાં શત્રુની સેના આવી પહોંચી અને બંને તરફથી લડાઈ શરૂ થઇ. આ યુદ્ધમાં રામરાજાના સૈનિકોએ ઘણું સારૂં પરાક્રમ બતાવ્યું.

અલાઉદ્દીને ઘણી વાર હિંદુસ્તાનના ભિન્ન ભિન્ન પ્રદેશો ઉપર ચડાઇ કરી હતી. અસંખ્ય મનુષ્યોના પ્રાણ અને ધન હરી લીધાં હતાં અને અનેક રાજાઓને પોતાના શરણાગત બનાવ્યા હતા. થોડા સમયમાંજ એણે ભારતમાં પોતાનો વિજયવાવટો ફરકાવ્યો હતો; પરંતુ રામરાજાની સાથે દેવગઢની લડાઇમાં તેણે જેવી હાર ખાધી તેવી પહેલાં કદી ખાધી નહોતી. આથી એને ઘણી શરમ આવી. સીધી રીતે રામરાજાને જીતવાનો કોઇ ઉપાય ન રહ્યો, ત્યારે તેણે એક પ્રપંચ રચ્યો. તેણે એકદમ પોતાની સેનાને પાછા ફરવાની આજ્ઞા આપી અને ચારે તરફ ખબર ફેલાવી દીધી કે, “ રામરાજાની પ્રબલ સેનાથી ડરી જઇને અલાઉદ્દીન બાદશાહ નાસી જાય છે. રામરાજા જેવો શત્રુ એને કોઈ મળ્યો નથી, તેથી લાચાર થઇને પાછા જવું પડે છે.”

શત્રુઓને નાસતા જોઈને રામરાજાની સેનામાં ઘણો હર્ષ ફેલાયો, નિશ્ચિન્ત થઇને સૈનિકો પાછા ફર્યા; પરંતુ થોડી વાર પછી

ખબર પડી કે આ સમાચાર જૂઠા છે. અલાઉદ્દીનની ફોજ તો પાંચસાત ગાઉ ઉપરજ સંતાઈ રહી છે.

એ સમાચાર સાંભળીને રામરાજાએ કૃષ્ણુરાવ અને બીજા સેનાપતિઓને બોલાવીને તેમની સલાહ પૂછી. એ વખતે બધાએ સલાહ આપી કે, "શત્રુઓની પાછળ પડવું જોઇએ, કે જેથી એ લોકો આપણી સીમમાંથી બહાર નીકળી જાય અને પાછા આવવાની હિંમત ન કરે." રામરાજાને એ વાત યોગ્ય લાગી અને તેણે સેનાને તૈયાર થવાનો હુકમ આપ્યો; પરંતુ એટલામાંજ કૃષ્ણુરાવ બોલી ઊઠયોઃ "પૃથ્વીનાથ! શત્રુઓનો જડમૂળથી નાશ કરી નાખવાની મેં એક યુક્તિ વિચારી છે. આશા છે કે ઈશ્વર કરશે તો એમાં આપણે ફાવી જઇશું."

રામરાજાએ ઘણા પ્રેમપૂર્વક પૂછ્યુંઃ "એ કયી યુક્તિ છે?"

કૃષ્ણુરાવે ઉત્તર આપ્યોઃ "યુક્તિ એવી છે કે, એક મનુષ્ય વેશ બદલીને શત્રુસેનામાં જાય અને અંદર જઇને સારી પેઠે જોઇ આવે કે તેમનું સૈન્ય કેટલું છે, સરસામાન કેટલો છે, દારૂગોળો કેટલો છે, વગેરે. એ બધો ભેદ જાણ્યા પછી એમના કરતાં વધારે બળવાન ફોજ લઇને આપણે હલ્લો કરીશું; એટલે એ લોકોનો સમૂળગો નાશ થઇ જશે."

રાજાએ કહ્યુંઃ "આ કામ જેવા તેવા આદમીનું નથી. એને માટે તો કોઇ બહુ હોશિયાર અને પ્રમાણિક મનુષ્યની જરૂર છે. વળી એ માણસનો જાન પણ ભારે જોખમમાં છે; કારણકે શત્રુઓને ખબર પડી જાય કે એ છૂપો દૂત છે તો તેઓ તરતજ તેના પ્રાણ લઇ લેશે."

કૃષ્ણુરાવ તરત બોલી ઊઠ્યોઃ "મહારાજ! આપ એ બાબતની ચિંતા ન કરશો. હું જાતે જવાને તૈયાર છું, ફક્ત હજૂરના હુકમની રાહ જોઉં છું."

રાજાએ એને જવા દેવાની એકદમ હા કહી નહિ, પરંતુ કૃષ્ણુરાવે ઘણોજ આગ્રહ કર્યો એટલે આખરે તેને કબૂલ કરવુંજ પડયું. કૃષ્ણુરાવની મનોકામના પૂર્ણ થઇ ગઇ. મનમાં ને મનમાં એ ઘણો પ્રસન્ન થવા લાગ્યો. એ તરતજ ત્યાંથી ઊઠીને વેશ બદલીને શત્રુની સેના તરફ જવાની તૈયારી કરવા લાગ્યો.

પોતાના ભાવિ પતિને શત્રુના મુખમાં જતો જોઇને વીરમતી

કાંઇક પ્રસન્ન અને કાંઇક દુઃખી થઈ. કૃષ્ણરાવને મળીને એ એકાંતમાં કહેવા લાગી: "હજુ સુધી મારૂં લગ્ન આપની સાથે થયું નથી, તોપણ સગપણ થઈ ચૂક્યું છે અને મારૂં હૃદય મેં આપને સમર્પણ કરી દીધું છે, એટલે આપ મારા પતિ છો અને આપનું સુખદુઃખ તે મારૂં સુખદુઃખ છે. શત્રુસેનામાં જવું એ યમરાજની પાસે જવા બરાબર છે. તમે માથું હાથમાં લઇને સ્વામીનું કલ્યાણ સાધવા જાઓ છો, તેથી મને ઘણો સંતોષ થયો છે. સાચા ક્ષત્રિયો અને વીર મરાઠાઓનો એજ ધર્મ છે. હું આપને આપનું કર્તવ્ય કરતાં રોકતી નથી, પણ મારી એક પ્રાર્થના છે કે, આપ મને પણ આપની સાથે લઇ ચાલો. હું પુરુષનો વેષ બદલીને આવીશ એટલે મને કોઇ ઓળખી શકશે નહિ."

કૃષ્ણરાવે કહ્યું: "પ્રિયે! તું કહે છે એ તો ઠીક છે, પણ સ્ત્રીઓ ગમેતેટલો પુરુષનો પોષાક પહેરે તોપણ એ મરદ બની શકતી નથી. તું મારી સાથે આવીશ તો મારો જીવ તારામાંજ રહેશે અને મારાથી મારૂં કામ પૂરેપૂરૂં થઇ શકશે નહિ."

વીરમતી બોલી: "મારાથી બનશે તેટલી હું આપને મદદ આપીશ; હું આપને કોઇ પણ જાતની તસ્દી આપીશ નહિ. આપ કાળનાં મુખમાં જાઓ અને હું સુખે બેસી રહું, એ વાત મારાથી કદી બનવાની નથી."

એ સાંભળી કૃષ્ણરાવે વીરમતીને વીનવી: "સ્ત્રીઓને યુદ્ધમાં સાથે લઈ જવી એ ઠીક નથી. લોકો મારી નિંદા કરશે."

વીરમતીએ વીરાંગનાને છાજે તે રીતે કહ્યું: "સ્વામીનાથ! મને લઇ જવાથી આપની નિંદા થશે, તો આપને એકલા મોકલવા માટે વીરાંગનાઓ મારી પણ નિંદાજ કરશે; પણ હું બીજી વાતનો આપની પાસે ખુલાસો ચાહું છું. મેં સાંભળ્યું છે કે, આપ કપટથી શત્રુસેનાનો ભેદ લેવા જાઓ છો. મારા વિચાર પ્રમાણે એવું છળકપટ કરવું એ ઠીક નથી."

કૃષ્ણરાવે વાતને ફેરવી નાખતાં કહ્યું: "હું તો શત્રુઓની ફોજને જાતે જોવાજ જઉં છું, કે જેથી લડવામાં સગવડ પડે; કારણકે હજારો મનુષ્યોને પકડીને તેમના પ્રાણ લેવા કરતાં તથા રક્ત નીનદી વહેવરાવવા કરતાં તો શત્રુને અચાનક ઘેરી લઇને છાનામાના પકડી લેવા એ સારૂં કામ છે."

વીરમતી બોલી: “પ્રાણનાથ! દેશ અને ધર્મના રક્ષણ સારૂ હજારો વીર પુરુષોએ પોતાના પ્રાણ ખોયા છે. સાચા વીરપુરુષનું કામ તો મરવું અને મારવું એજ છે. તેને પ્રાણનો ભય હોતો નથી. રણક્ષેત્રમાં મરી જવાથી સીધા સ્વર્ગમાં જવાય છે. મુસલમાનો છળકપટથી કામ લે છે તો તે માટે તેમની કેટલી બધી નિંદા થાય છે? તમારે હાથે એવું નિંદનીય કૃત્ય ન થાય, તેની બહુ સંભાળ રાખવી જોઇએ. મારા પ્રાણ! મારી નમ્ર વિનતિ ઉપર ધ્યાન આપો અને મારી સૂચના પ્રમાણે કાર્ય કરો.”

“હમણાં તો હું ફક્ત શત્રુઓનું બળ જોવા માટેજ જાઉં છું. તું નાહક ચિંતા શા સારૂ કરે છે?” એટલું કહીને કૃષ્ણરાવ ઘોડા ઉપર સવાર થઇને ચાલી નીકળ્યો. વીરમતીથી એકલાં રહેવાયું નહિ. પતિ શત્રુઓના દળમાં જાય અને પોતે નિશ્ચિંત થઇને ઘેર બેસી રહે, એ તેનાથી સહન થઇ શક્યું નહિ. તેણે પુરુષનો વેશ ધારણ કર્યો અને એક તેજ ઘોડા ઉપર સવાર થઇને કૃષ્ણરાવ ગયો હતો તે રસ્તે જવા માંડ્યું. આગળ કૃષ્ણરાવ ઘોડો દોડાવતો જઇ રહ્યો હતો, પાછળ વીરમતી પણ ઘોડાને પૂરપાટ દોડાવતી જઇ રહી હતી. કૃષ્ણરાવને તો વીરમતીના પાછળ આવવાની ખબરજ નહોતી; પરંતુ કૃષ્ણરાવ પણ ઝાડીઓમાં એટલે દૂર નીકળી ગયો હતો કે, વીરમતીની દૃષ્ટિ તેના સુધી પહોંચી શકતી નહોતી. બેએક કલાક એ પ્રમાણે ચાલ્યા પછી વીરમતીએ થોડે દૂર ઘોડાના પગનો ખખડાટ સાંભળ્યો અને બે માણસોને આ પ્રમાણે વાર્તાલાપ કરતાં સાંભળ્યા:—

“કોણ?”

“અલાઉદ્દીન બાદશાહનો દોસ્ત.”

“તમારૂં નામ?”

“કૃષ્ણરાવ.”

“વાહ! કૃષ્ણરાવ! શાબાશ! શાબાશ! મને એજ ફિકર થયા કરતી હતી કે તમે પાછા આવીને અમને બાતમી આપી શકશો કે નહિ?”

“કેમ, એમાં શક લાવવા જેવું શું હતું? એક વખત વચન આપી ગયા પછી મારાથી ફરી જવાય એમ થોડુંજ હતું? આજ હું ઘણી યુક્તિઓ કરીને આવ્યો છું; રામરાજાની આંખમાં ધૂળ

નાખીને આવ્યો છું. એ બિચારો તો એમજ જાણે છે કે હું શત્રુ-સેનાનો ગુપ્ત ભેદ જાણવા આવ્યો છું, પણ એને હજુયે ખબર નથી કે બંદા થોડી વાર પછી એનીજ ગાદીએ બેસશે.”

“બેશક ! તમે જ્યારે અમારા બાદશાહ સલામતને આ પ્રમાણે મદદ કરશો ત્યારે એ તમને જરૂર આ ઈલાકાના સૂબા બનાવશે. તમે ઘણી હિંમત અને અક્કલમંદીનું કામ કર્યું છે.”

આ શબ્દો સાંભળતાંવારજ વીરમતી ચોંકી ઊઠી. દશ હજાર વીંછીઓએ એક સાથે ડંખ માર્યો હોય એવી સખ્ત વેદના તેને થવા લાગી. નખથી માથા સુધી એનું શરીર ચિંતાગ્નિથી સળગવા લાગ્યું. તેના મનમાં ઉપરાઉપરી અનેક વિચારો આવવા લાગ્યા. થોડી વારમાંજ તેણે કર્તવ્યનો નિર્ણય કર્યો. કમરમાંથી એક ચળકતી તલવાર કાઢીને એ પોતાના ભાવિ પતિ કૃષ્ણરાવની તરફ દોડી અને ક્રોધ અને તિરસ્કાર દર્શાવીને બોલીઃ “દુષ્ટ ! નીચ ! અધમ ! પાપિ ! વિશ્વાસઘાતિ ! રાજદ્રોહિ ! કુલાંગર ! ચાંડાલ ! તારા જેવા દેશદ્રોહીઓએજ ભારતવર્ષને પાયમાલ કરી દીધું છે.”

વીરમતીના કોમળ કંઠમાંથી આ કઠોર શબ્દો નીકળ્યા; શબ્દોની સાથે સાથેજ તેના સુકોમળ હાથે એવી સરસ રીતે તલવાર ચલાવી કે કૃષ્ણરાવ પોતાની તલવાર ઉપર હાથ મૂકે તે પહેલાંજ વીરમતીની તલવાર તેની છાતીમાં ઊંડી પેસી ગઇ. કૃષ્ણરાવ તરતજ ઘોડા ઉપરથી નીચે ઢળી પડ્યો. તેણે ઊંચે જોયું તો વીરમતીનું ઉગ્ર સ્વરૂપ તેના દીઠામાં આવ્યું. એ મંદ સ્વરે બોલી ઊઠ્યોઃ “ કોણ વીરમતી ? હાય મારી....” તેને આગળ બોલતો અટકાવીને વીરમતી બોલીઃ “બસ ! બહુ થયું. ચૂપ રહે દુષ્ટ ! વિશ્વાસઘાતિ ! ખબરદાર, મોંમાંથી એક પણ અક્ષર કાઢ્યો છે તો ! દેશને હાનિ પહોંચાડનાર તારા સરખા નરાધમની તો આજ દશા થવી જોઇએ. જે મોંએ તેં વિશ્વાસઘાતી વચનો કહ્યાં છે, તે અપવિત્ર મુખમાંથી મારૂં નામ ઉચ્ચારીને મને અપવિત્ર ન કરીશ. તું દેશદ્રોહી છે, સ્વજનદ્રોહી છે, સ્વામીદ્રોહી છે, સ્વાર્થી છે અને મહાપાપી છે. મોંએ મીઠું બોલીને અંદરખાને-થી દેશની સ્વાધીનતાનો નાશ કરવા ઇચ્છનાર દગાબાજ પુરુષને હું પતિ બનાવવા નથી માગતી. ”

કૃષ્ણરાવને વીરમતીની તલવારનો જે ઘા લાગ્યો હતો તે

ઘણોજ કારી હતો. તેની જીવનયાત્રા પૂરી થવાને પાંચદશ પળનીજ વાર હતી. મૃત્યુ સમયે વીરકન્યા વીરમતીનો તિરસ્કાર સાંભળીને કૃષ્ણરાવને પોતાના કૃત્ય માટે પશ્ચાત્તાપ થયો. તેના મુખમાંથી છેવટને વખતે નીકળી ગયું કે, "પ્રિયે! તેં મને આવા મોટા કલંકમાંથી બચાવ્યો એ ઘણું સારૂં કર્યું. હજુ સુધી કશું બગડયું નથી."

વીરમતીએ કહ્યું: "પતિનો ધર્મ સ્ત્રીને અધર્મમાંથી બચાવવાનો છે, તેવીજ રીતે પુરુષ પણ નિંદનીય અને કલંકિત માર્ગે જતો હોય, તો તેને ઠેકાણે લાવવો એ પત્નીનું કામ છે. હું પણ વીરપુરુષની કન્યા છું. તમે મારા પતિ છો. હું તમને ખરા અંતઃકરણથી ચાહું છું. હું જાણીજોઇને તમને કુમાર્ગે કેવી રીતે જવા દઈ શકું? તમે એમ ન સમજશો કે તમને મારી નાખીને હું પોતે સુખમાં જીવન ગાળીશ. હું તો તમારી સાથેજ આવું છું. આ દુનિયામાં રહીને હવે શું કરવાની છું? તમારા વગર સંસાર મારે માટે નીરસ અને શૂન્ય છે."

એટલું કહીને વીરમતીએ પતિના રક્તથી ખરડાયેલી તલવાર એકદમ પોતાની છાતીમાં ખોસી પતિ સાથે સ્વર્ગે સિધાવી.

આ પ્રમાણે આ પ્રેમી યુગલની જીવનલીલા પૂર્ણ યૌવનાવસ્થામાંજ એકાંત વનમાં સંપૂર્ણ થઇ. રામરાજાએ એ બન્નેની ઘણીએ શોધ કરાવી, પણ પત્તો લાગ્યો નહિ. ઘણે દિવસે અલાઉદ્દીનની સેનાએ દેવગઢનો કિલ્લો પોતાના હાથમાં લીધો ત્યારે મુસલમાન સૈનિકને મોંએ આ ભેદ પ્રગટ થયો.

વીર રમણીઓ સ્વદેશ અને સ્વધર્મની ખાતર પ્રિયમાં પ્રિય વસ્તુની પણ પરવા કરતી નથી. ધન્ય છે એમના જીવનને!!

૧૪૩-સુહડાદેવી

આબુના રળિયામણા પર્વત ઉપર પ્રવાસ કરી આવેલી અમારી વાચક ભગિનીઓ ત્યાંના પુરાતન જૈન મંદિરોનું અપૂર્વ સૌંદર્ય જોઇને મુગ્ધ થઇ ગઈ હશે. ત્યાં આગળ નેમિનાથ મહારાજનું એક મંદિર છે, જે વસ્તુપાલ તેજપાલના મંદિર તરીકે પ્રસિદ્ધ છે. એ મંદિર વસ્તુપાલના નાના ભાઇ તેજપાળે પોતાના પુત્ર લૂણસિંહ અને પોતાની પ્રિય પત્ની અનુપમદેવીની સદ્‍ગતિ નિમિત્તે કરોડો રૂપિયાનું ખર્ચ કરાવીને ઈ૦ સ૦ ૧૨૩૧ માં બંધાવ્યું હતું. એ એક ઘણુંજ સુંદર મંદિર છે અને ત્યાંનાં ઉત્તમ મંદિર વિમળશાહના દહેરાની ઘણા અંશમાં સમાનતા કરી શકે છે. એ મંદિરની કારીગરીના સંબંધમાં ભારતીય શિલ્પકલાના અભ્યાસી પ્રસિદ્ધ લેખક ફર્ગ્યુંસન સાહેબ પોતાના પુસ્તક "પિકચરસ ઇલસ્ટ્રેશન્સ ઑફ એન્શન્ટ આર્કિટેકચર ઇન હિંદુસ્તાન" (અર્થાત્ 'હિંદુસ્તાનમાં પ્રાચીન કોતરકામનાં જોવા લાયક ચિત્રો) માં લખ્યું છે કે, "આ મંદિર આરસપહાણનું બનેલું છે. અત્યંત પરિશ્રમ સહન કરી શકનાર હિંદુઓના ટાંકણાથી, બારીકાઇથી એટલી મનોહર આકૃતિઓ બનાવી છે કે, તેની નકલ ઉપર ગમે તેટલી મહેનત કર્યા છતાં અને ગમે તેટલો સમય રોકાયા છતાં, હું કાગળ ઉપર ઉતારી શકતો નથી." તેના ઘૂમટોની કારીગરીનાં વખાણ કરતાં કર્નલ ટૉડ લખે છે કે, "એનું ચિત્ર તૈયાર કરતાં કલમ થાકી જાય છે અને અત્યંત પરિશ્રમ કરનારા ચિત્રકારની કલમને પણ એમ કરતાં ઘણો પરિશ્રમ પડશે." ગુજરાતના ઇતિહાસકાર ફાર્બસ સાહેબે પણ "રાસમાળા" માં એ મંદિરોના કોતરકામની ઘણી પ્રશંસા કરી છે. એ મંદિરને બંધાવનારા વસ્તુપાળ અને તેજપાળ ગુજરાતની જૂની

રાજધાની અણુહિલપુર પાટણુના રહેવાસી પોરવાળ વાણિયા હતા. તેમના બાપનું નામ અશ્વરાજ (આસરાજ) હતું અને તેઓ ગુજરાતમાં ધોળકા પ્રાંતના (બઘેલ) વંશના રાણા વીરધવળના મંત્રી હતા. જૈનધર્મનાં મંદિરો બંધાવવામાં એમના જેટલું દ્રવ્ય બીજા કોઇએ ખરચ્યું નથી. તેમણે પોતાના કુટુંબનાં અનેક સ્ત્રીપુરુષોનાં નામ ઉપરથી નાનાંમોટાં (બાવન) દહેરાં બંધાવ્યાં છે. મુખ્ય મંદિરના દ્વારની બન્ને તરફ ઘણી સરસ કારીગરીવાળા બે ગોખલા છે. એ ગોખલાને લોકો ' દેરાણી જેઠાણીનાં આળિયાં ' કહે છે, ' એ આળિયાં ' ને માટે એમ કહેવાય છે કે એક આળિયું વસ્તુપાળની સ્ત્રીએ અને બીજું તેજપાળની સ્ત્રીએ પોતાને ખર્ચે બંધાવ્યું હતું. મહારાજ શાંતિવિજયજીની બનાવેલી ' જૈનતીર્થ ગાઇડ ' માં પણ એ પ્રમાણે લખેલું છે; પરંતુ પ્રખ્યાત ઇતિહાસવેત્તા પંડિત ગૌરીશંકરજી એ વાતને સ્વીકારવા યોગ્ય ગણુતા નથી. તેમના કહેવા પ્રમાણે એ બન્ને ગોખલા વસ્તુપાલે પોતાની સ્ત્રી સુહડાદેવીના સ્મારકમાં તેની સદ્‌ગતિ નિમિત્તે બંધાવ્યા હતા.સુહડાદેવી પાટણુના મોઢ વાણિયા જાલ્હણુના પુત્ર આસાજીની પુત્રી હતી. એ વખતે ગુજરાતમાં પોરવાળ અને મોઢ વાણિયામાં પરસ્પર લગ્નવ્યવહાર હતો.

સુહડાદેવી ઘણી યોગ્ય સ્ત્રી હોવી જોઇએ; કેમકે તેના મૃત્યુ પછી તેના પતિએ તેનું સ્મારક જાળવી રાખવા ઘણું મોટું ખર્ચ કર્યું હતું. એ બતાવી આપે છે કે પોતાની હયાતીમાં તેણે પતિનો પ્રેમ ઘણી સારી રીતે સંપાદન કર્યો હશે.





૧૪૪–પદ્મિની

જગતનાં શ્રેષ્ઠ વીર વીરાંગનાઓના પુણ્ય લોહીથી પવિત્ર થયેલી મેવાડની ભૂમી ભારતીય વીરધર્મના મુખ્ય તીર્થરૂપ છે. પૌરાણિક યુગમાં જે પ્રમાણે કુરુક્ષેત્ર હતું તે પ્રમાણે ઐતિહાસિક યુગમાં મેવાડ વીરધર્મની સાધના માટે સર્વશ્રેષ્ઠ સાધનભૂમિ હતું. ભારતમાં કદી વીરધર્મનો અભ્યુદય થશે, વીરધર્મ જો કદી ભારતવાસીઓના હૃદયમાં ફરીથી સ્થાન મેળવશે, તો કુરુક્ષેત્ર અને મેવાડ ભારતવર્ષમાં સર્વશ્રેષ્ઠ તીર્થસ્થાન તરીકે પૂજાશે. જો કોઇ પણ દિવસ ભારતવાસીઓ અનુભવશે કે, કુરુક્ષેત્ર અને મેવાડની ધૂળની પ્રત્યેક રજકણ ભારતવાસી વીરોના રક્તથી અભિષિક્ત થયેલી છે તથા તેમાં ભારતવાસી વીરોની વીરતા અને મહાનુભાવતા સમાયેલી છે; તો એ વખતે જાગૃત ભારતવર્ષનાં કરોડો નરનારીઓ એ બંન્ને તીર્થમાં એકઠાં થઇને, એ પવિત્ર ધૂળનો સ્પર્શ કરીને વીરધર્મથી ઉત્તેજિત થશે. વીરત્વહીન ભારતમાં એવો દિવસ આવશે, ત્યારે ભારતર્ષના એ મહાન વીરોનો આત્મોત્સર્ગ સફળ થશે.

આગલા ચરિત્રમાં અમે મેવાડની રાણી કર્મદેવીની અપૂર્વ વીરતાની કહાણી વર્ણવી ગયા છીએ. આ અને આના પછીનાં ચરિત્રોમાં ક્રમસર જે કેટલાક વીરપુરુષો અને વીરાંગનાઓની કીર્તિકથા વર્ણવવામાં આવશે તે ઉપરથી વાચક બહેનો સમજી શકશે કે મેવાડને ભારતના વીરધર્મના મુખ્ય તીર્થ તરીકે પૂજવાનું કહેવામાં અમે વાજબી છીએ કે નહિ ?

સમરસિંહ અને કર્મદેવીના આવિર્ભાવને સો કરતાં વધારે વર્ષ વીતી ગયા પછી ઈ૦ સ૦ ૧૨૭૫ માં લક્ષ્મણસિંહ ચિતોડની ગાદીએ બેઠો હતો. લક્ષ્મણસિંહ એ વખતે સગીર વયનો હોવાથી

રાજ્યનો વહિવટ તેના કાકા ભીમસિંહના હાથમાં હતો. ભીમસિંહ એક પરાક્રમી વીર હતો અને સિંહલની રાજકુમારી પદ્મિનીને સમુદ્રપારથી પરણી લાવ્યો હતો. પદ્મનું સૌરભ જેમ આખા સરોવરને પ્રફુલ્લિત કરી દે છે તથા ધીમે ધીમે તેની સુગંધ દિગદિગંતમાં પ્રસરાવી દે છે, તે પ્રમાણે કમલાસન ઉપર બિરાજતાં લક્ષ્મીદેવીના જેવી સુંદર પદ્મમુખી રજપૂતાણી પદ્મિનીના રૂપનો મહિમા તથા તેના સદ્ગુણોની કીર્તિ દિવસે દિવસે આખા ભારતવર્ષમાં પ્રસરી ગયાં.

એ વખતે દિલ્હીની ગાદી ઉપર અલાઉદ્દીન ખિલજી બાદશાહ રાજ્ય કરતો હતો. પદ્મિનીના દેવદુર્લભ સૌંદર્યની વાત એક દિવસ તેને કાને પણ પહોંચી અને એ પ્રશંસાથી એ એટલો બધો પ્રેમમુગ્ધ થઇ ગયો કે પદ્મિનીને પોતાની બેગમ બનાવવાના સંકલ્પથી તેણે ચિતોડ ઉપર પ્રચંડ સૈન્ય સાથે ચડાઇ કરી. જાતીય સ્વાધીનતા અને રાજકુટુંબની લલનાના સન્માનની ખાતર રજપૂત વીરો અદમ્ય ઉત્સાહ અને પરાક્રમથી યુદ્ધ કરવા તત્પર થયા. અલાઉદ્દીન દિલ્હીનો બાદશાહ હતો. તેનું સૈન્ય અને બળ અપરિમિત હતું. પૈસાટકાની પણ ખોટ નહોતી; પરંતુ એવા પરાક્રમી શત્રુઓ સાથે પણ મેવાડ સરખા નાના રાજ્યના રજપૂતો એવા અલૌકિક વીરત્વ અને સાહસથી લડ્યા કે મુસલમાન સેના ચિતોડના કિલ્લા તરફ એક ડગલું પણ આગળ ન વધી શકી.

લાંબા સમય સુધી યુદ્ધ ચાલવાથી બન્ને પક્ષના લોકો થાકી ગયા. અલાઉદ્દીને ભીમસિંહને કહેવરાવ્યું કે, "મારે પદ્મિની જોઇતી નથી. મેં સાંભળ્યું છે કે એ અદ્વિતીય સુંદરી છે. એક વાર તેને આંખેથી જોવાની મારી ઇચ્છા છે; તેની સુંદર મૂર્તિનાં એક વખત દર્શન કર્યા પછી, હું સૈન્ય લઈને પાછો દિલ્હી જઇશ."

આ સંદેશો સાંભળીને ભીમસિંહ અને ચિતોડના બીજા સરદારો વિચારમાં પડ્યા. અલાઉદ્દીનની પાપી દૃષ્ટિ આગળ રાજકુટુંબની લક્ષ્મી જેવી પવિત્ર સુંદરીનું સૌંદર્ય કેવી રીતે દેખાડાય? એવી હીનતાનો સ્વીકાર કરવાને કોઈનું મન લલચાયું નહિ. આખરે પદ્મિનીને આ વાતની જ્યારે ખબર પડી, ત્યારે તેણે પતિને કહ્યું: "મારૂં આ ક્ષણભંગુર રૂપ ચિતોડને માટે કાળસ્વરૂપ નીવડ્યું. હવે એ મિથ્યા સૌંદર્યની ખાતર ચિતોડના વીર

રજપૂતોનો રક્તપાત મારાથી જોઇ શકાશે નહિ. મને એક વાર માત્ર જોવાથીજ અલાઉદ્દીન બાદશાહ સંતુષ્ટ થતો હોય અને ચિતોડના વીરોનું રક્ષણ થતું હોય, તો પછી એમ કરવામાં શી હાનિ છે ? હું એકદમ તેને મોં દેખાડવાને તો તૈયાર નથી. આરસીમાં મારૂં મોં જોયાથીજ એની આકાંક્ષા તૃપ્ત થતી હોય તો એને તમે પુછાવી જુઓ કે એમ કરવાને એ રાજી છે ? ”

ઘણો વિચાર કર્યા પછી પદ્મિનીની એ સલાહ ભીમસિંહે પસંદ કરી. આ સમાચાર અલાઉદ્દીનને પહોંચાડવામાં આવ્યા. અલાઉદ્દીને એ સૂચના કબૂલ કરી.

નિયત દિવસે અલાઉદ્દીનને ચિતોડના રાણાજીના મહેલમાં લઇ જવામાં આવ્યો. ઉદાર હૃદયના વીર રજપૂતો એક વખત વચન આપ્યા પછી કદી પણ ફરી જતા નથી. શત્રુને પણ મિત્ર અથવા અતિથિ તરીકે પોતાના ઘરમાં નોતર્યા પછી તેઓ કોઇ દિવસ તેની સાથે વિશ્વાસઘાત કરતા નથી. રજપૂતોના આ ગુણ-વિષે અલાઉદ્દીન બાદશાહની પણ ખાતરી હતી, તેથી એ પણ ફક્ત ગણ્યાગાંઠયા અનુચરોને સાથે લઇને નિર્ભય ચિત્તે રાણા ભીમસિંહના મહેલમાં ગયો.

આરસીમાં તેણે પદ્મિનીની પ્રતિમૂર્તિ દેખી. તેને ખાતરી થઈ કે પોતાની કલ્પના વડે હૃદયમાં તેણે પદ્મિનીનું જે સૌંદર્ય આંકી રાખ્યું હતું, તેના કરતાં હજારોગણું સૌંદર્ય પદ્મિનીનું છે. જોતાંવારજ તેની પાપવાસના દૂર થવાને બદલે સોગણી વધારે પ્રદીપ્ત થઈ ગઈ; પણ પદ્મિનીને મેળવવાનો ઉપાય શો ? મનમાં ને મનમાં તેણે એક યુક્તિ શોધી કાઢી અને જતી વખતે મિત્ર-ભાવે ઘણાં મધુર વચનોમાં રાણા ભીમસિંહને પોતાના તંબૂમાં પધારવાનું નિમંત્રણ કર્યું. સરળ સ્વભાવનો ભીમસિંહ કાંઇ પણ આનાકાની કર્યા વગર અલાઉદ્દીનના તંબૂમાં ગયો. અલાઉદ્દીનના પેટમાં તો પાપ હતુંજ. તેણે ભીમસિંહને કેદ કરી દઇને ચિતોડવાસીઓને જણાવ્યું કે, “ પદ્મિની નહિ આપો, ત્યાંસુધી ભીમસિંહને છોડવામાં નહિ આવે. ”

યથાસમયે આ સમાચાર પદ્મિનીને કાને પહોંચ્યા. ચિતોડના રાજકુટુંબની વધૂના સન્માન અને રક્ષણ સારૂ, ચિતોડવાસીઓ જીવસટ્ટે લડવા તૈયાર છે એ તે જાણતી હતી. દૈવસંયોગે ચિતોડ-

વાસીઓનો એ પ્રયત્ન નિષ્ફળ જાય અને મુસલમાનોનો વિજય થાય, તો ચિતાના અગ્નિમાં પ્રવેશ કરીને નારીધર્મનું રક્ષણ કરતાં પણ પદ્મિનીને આવડતું હતું; પરંતુ એ અત્યંત પતિભક્ત સ્ત્રી હતી. પતિ ભીમસિંહનું રક્ષણ કેવી રીતે થાય, મુસલમાન શત્રુના હાથમાંથી એ કેવી રીતે છુટકારો મેળવે, એજ બાબતની એને ચિંતા હતી. ધર્મના રક્ષણ સારૂ, દેશના રક્ષણ સારૂ, સતીઓના સતીત્વના રક્ષણ સારૂ, શત્રુને હાથે સમરક્ષેત્રમાં તલવારથી મરવું એ રજપૂત વીરની શ્રેષ્ઠ ગતિ છે. પોતાના સ્વામી કુલધર્મને છાજતી આ ગતિને પામ્યા હોત, તો સતી પદ્મિનીને એટલો શોક ન થાત; પણ આ તો પોતાના મહાવીર સ્વામીની, વિશ્વાસઘાતી આતતાયી શત્રુને હાથે નીચપણે કતલ થશે, એ ચિંતા સતી પદ્મિનીને અસહ્ય થઇ પડી. બીજી સાધારણ સ્ત્રીઓની પેઠે પદ્મિની આ વિપત્તિને સમયે જરા પણ ગભરાયા વગર સ્થિર ચિત્તે સ્વામીના ઉદ્ધારની યુક્તિ શોધવા લાગી. તેની સાથે તેના પિયેરથી ગોરા અને બાદલ નામના બે વિશ્વાસુ વીરો ચિતોડમાં આવ્યા હતા. આ વખતે તેણે તેમને બોલાવીને સલાહ લીધી; અને ત્રણે જણાંએ એકમત થઇને એક યુક્તિ શોધી કાઢી.

પદ્મિનીએ અલાઉદ્દીનને કહેવરાવ્યું કે, "સ્વામીને છોડાવવા સારૂ હું બાદશાહને તાબે થઇશ; પરંતુ તે પહેલાં બાદશાહે મારી એક વિનતિ મંજૂર રાખવી પડશે. હું એક રાજકન્યા અને રાજમહિષી છું. મારે ઘણી બહેનપણીઓ છે. તેમાંથી સાતસો બહેનપણીઓ મ્યાનામાં બેસીને મારી સાથે આપની છાવણીમાં આવશે. એમાંની કેટલીક તો પાછી જશે અને કેટલીક સાથે રહેશે. એ બધી સખીઓ સારા ઘરની રજપૂતાણીઓ છે. તેમના સન્માનાર્થે મુસલમાન સૈનિકોએ દૂર ઊભા રહેવું પડશે. બીજું એ કે, તંબૂમાં જતાં પહેલાં હું મારા સ્વામી પાસે એક વાર છેવટની વિદાય લેવા જઇશ. એ વખતે એમના બંદીખાનાની આસપાસ પણ મુસલમાનોને ઊભા ન રહેવા દેવા." સંદેશો મળતાંવારજ અલાઉદ્દીન હર્ષઘેલો થઇ ગયો. આનંદમાં ઉન્મત્ત થયેલો બાદશાહ પદ્મિનીની બધી શરતો પાળવા તૈયાર થયો. પદ્મિનીએ દિવસ અને સમય નક્કી કરીને બાદશાહને ખબર મોકલી.

નિર્દિષ્ટ દિવસે સાતસો મ્યાનાઓ પઠાણ છાવણીમાં ભીમસિંહના કારાગારની સન્મુખ ઉપસ્થિત થયા. મુસલમાન સૈનિકો

અને પહેરેગીરો બધા છેટે હતા. પદ્મિની કોઇ ન જાણે એવી રીતે ભીમસિંહને પોતાની સાથે મ્યાનામાં બેસાડી પલાયન કરી ગઇ. રક્ષક તરીકે બીજા કેટલાક મ્યાનાઓ તેમની સાથે ગયા. બાકીના મ્યાનાઓ ત્યાં તંબૂ આગળજ રહ્યા. મુસલમાનો સમજ્યા કે પદ્મિનીની સાથે આવેલી જે બહેનપણીઓ પાછી જવાની હતી તે ચિતોડ પાછી જઇ રહી છે. પદ્મિની હવે થોડા વખતમાં બાદશાહના તંબૂમાં જશે.

આમ રાહ જોતાં જોતાં ઘણો વખત થઇ ગયો, પણ પદ્મિની બાદશાહ પાસે દેખાઇજ નહિ. બાદશાહ વિચાર કરવા લાગ્યો કે સ્વામીનો ત્યાગ કરવા તો આવી છે અને વળી આટલો બધો વખત વાતચીત શાની કરે છે? બાદશાહનું મન ચંચળ થઈ ગયું. ધીમે ધીમે તેના શંકાશીલ હૃદયમાં કાંઇક શક પણ ઉત્પન્ન થયો. સૈનિકો સાથે તેણે ભીમસિંહના કારાગાર આગળ આવીને તંબૂનો પડદો ઉપાડવાનો હુકમ કર્યો. એકદમ વીરગર્જના કરીને તંબૂની અંદરથી તથા એ મ્યાનાઓમાંથી હથિયારબંધ રજપૂત વીરો નીકળી આવ્યા. મ્યાના ઉપાડનારા ભોઇઓએ પણ પોતાનો કપટીવેશ છોડી દઇને ખરા રજપૂત તરીકે શસ્ત્ર ધારણ કર્યાં. મુસલમાનો અને રજપૂતો વચ્ચે ઘોર યુદ્ધ મચી ગયું.

પદ્મિની આમ સાતસો યોદ્ધાઓને પોતાની બહેનપણીઓ તરીકે તથા દરેક મ્યાના દીઠ છ છ મળીને બેતાળીસેં રજપૂતોને મ્યાનો ઊંચકનારા ભોઈ તરીકે લઇ ગઈ હતી અને યુક્તિ તથા કુશળતાપૂર્વક શત્રુના હાથમાંથી પતિને છોડાવી ગઇ હતી.

બે જગ્યાએ ભીષણ યુદ્ધ આરંભાયું. મુસલમાનોનું એક લશ્કર ઝપાટાબંધ પદ્મિની અને ભીમસિંહની પાછળ ગયું. રસ્તામાં બન્ને પક્ષ વચ્ચે ખૂબ ઝપાઝપી ચાલી. રજપૂત અને મુસલમાન સૈનિકોના રક્તથી યુદ્ધભૂમિ રંગાઈ ગઇ, પણ ભીમસિંહ અને પદ્મિની ક્ષેમકુશળ ચિતોડગઢમાં પહોંચી ગયાં.

ગોરા નામનો પદ્મિનીના પિયરનો સંબંધી એ સમયે ચિતોડમાં સેનાનાયક હતો. તેણે અને તેના બાર વર્ષના ભત્રીજા બાદલે આ યુદ્ધમાં અતુલ પરાક્રમ દેખાડ્યું. પોતાની તલવારથી અસંખ્ય મુસલમાન સૈનિકોનો વધ કરીને ગોરા રણમાં સૂતો. બાળકવીર બાદલ મુસલમાનોના લશ્કરને ભેદીને ચિતોડ આવ્યો

અને પોતાની કાકીને ગોરાના મૃત્યુના સમાચાર જણાવ્યા. બીજી તરફ ચિતોડ જીતવાની તથા પદ્મિનીને વરવાની આશા મિથ્યા છે એમ જાણીને અલાઉદ્દીન બાદશાહ વીલે મોંએ દિલ્હી પાછો ગયો.

ઘણાં વર્ષ વીતી ગયાં. પદ્મિનીના ચાતુર્યને લીધે પોતે જે છક્કડ ખાધી હતી તે તેના હૃદયમાં ખૂંચ્યા કરતી હતી. પદ્મિની, ભીમસિંહ અને ચિતોડના રજપૂતોનું વેર લેવા માટે તેના હૃદયમાં પ્રબળ ડંખ લાગ્યા કરતો હતો; એટલા સારૂ લાગ જોઇને ઈ. સ. ૧૨૯૭ માં તેણે ચિતોડ ઉપર બીજી વાર ચઢાઇ કરી.

પહેલા યુદ્ધમાં રજપૂતોના મોટા મોટા શૂરા સામંતો માર્યા ગયા હતા. એ લોકો હજુ સુધી પોતાની ખોટ પૂરી કરી શક્યા નહોતા, એટલામાં અલાઉદ્દીને પ્રચંડ સૈન્ય સહિત ચિતોડને ફરીથી ઘેરી લીધું. રજપૂતો જલદીથી જેટલી સેના એકઠી થઈ શકે તેટલી કરીને, મુસલમાનોની સાથે મરણિયા થઇને લડવાને તૈયાર થયા. એ યુદ્ધ ઉપર ટીકા કરતાં 'ઇતિહાસ રાજસ્થાન' ગ્રંથના લેખક ચારણ રામનાથ રત્નુ લખે છે કે, "સિસોદિયાઓએ ગઢમાં બેસી રહીને લડાઇ કરી એ એમની મોટી ભૂલ થઇ અને એમના પછી પણ મહારાણા પ્રતાપસિંહજીના વખત સુધી એ ભૂલ ચાલુ રહી, જેને લીધે મુસલમાનોને ઘણુંખરૂં જીત મેળવવાને અવસર મળ્યો; કેમકે ગઢમાં બેસીને લડવાથી રજપૂતો ઘેરાઈ જતા હતા, આખો દેશ શત્રુઓના હાથમાં આવી જતો હતો; પ્રજાને શત્રુઓથી બચાવનાર કોઇ રહેતું નહિ. શત્રુઓને બધી જાતની સુખસગવડતા મળતાં. એમને ફક્ત એટલીજ ફિકર રાખવી પડતી કે કિલ્લાની અંદર બહારથી અન્ન અને જળ પહોંચવા ન પામે. આને લીધે કિલ્લાની અંદરના રજપૂતોને અન્નજળ વગર બેચાર દિવસ રહેવાનો પ્રસંગ આવતાંજ તેઓને બેબાકળા થઇ જઇને કિલ્લો છોડીને બહાર લડવાને નીકળી આવવું પડતું. એ વખતે શત્રુઓ તંદુરસ્ત હાલતમાં રહેતા અને રજપૂતો ભૂખ્યાતરસ્યા બે ત્રણ દિવસના અપવાસી હોવાથી જો કે એ લોકો પુષ્કળ વીરતાથી લડતા, તોપણ આખરે થાકીને ઘણાખરા માર્યા જતા. જો બચતા તો માંહોમાંહે કપાઇ મરતા; કેમકે એવા ભયંકર યુદ્ધ વખતે ક્ષત્રિયો સદા પોતાની સ્ત્રીઓને સળગાવી મૂકીને કેસરિયાં કરવા નીકળતા; એટલે પરાજિત અવ-

સ્થામાં સંસારમાં રહેવું એમને કદાપિ પસંદ નહોતું. આ પ્રમાણે બધા રાજાઓએ દિલ્હીના બાદશાહની આગળ પરાજય મેળવ્યો.

મહારાણા પ્રતાપસિંહે એવા પ્રકારની લડાઈ છોડી દીધી. તેનું પરિણામ એ આવ્યું, કે અકબર જેવો બાદશાહ પણ એમને વશ ન કરી શક્યો. અસ્તુ!

ચિતોડવાસીઓ સ્વદેશના રક્ષણ સારૂ આ વખતે પણ જીવ-સટ્ટે યુદ્ધ કરવા લાગ્યા; પરંતુ ભારતના બાદશાહની પ્રબળ શક્તિ આગળ નાનકડું મેવાડ કેટલા દિવસ ટકી શકે? ઘણા દિવસ સુધી ટકી શકાશે નહિ એમ સમજવા છતાં દેહમાં પ્રાણ હોય ત્યાંસુધી બીજા કોઈની તાબેદારી સ્વીકારવાને બદલે રજપૂત વીરો દેશનું ગૌરવ સાચવવા સારૂ દેહવિસર્જન કરવા તૈયાર થયા.

એક દિવસ રાણા લક્ષ્મણસિંહ ઘાડી રાત્રે એકલા પડ્યા પડ્યા ચિતોડ ઉપર આવી પડેલી આ વિપત્તિનો વિચાર કરતા હતા; એટલામાં ગંભીર સ્વરે "મૈં ભૂખી હું" એ શબ્દો રાણાના સાંભળવામાં આવ્યા. ચમકી જઈને રાણાએ જોયું તો ચિતોડની અધિષ્ઠાત્રી ચતુર્ભુજા દેવી ભયંકર મૂર્તિ ધારણ કરીને સન્મુખ ઊભી છે. રાણાએ દેવીને પ્રણામ કરીને કહ્યું: "મા! ઘણા વર્ષોથી હજારો રજપૂતો રણક્ષેત્રમાં પ્રાણ અર્પણ કરી રહ્યા છે, એમના એટલા બધા લોહીથી પણ તમારૂં પેટ નથી ભરાયું?"

દેવીએ કહ્યું: "ના, હું હજુ ધરાઈ નથી. મારે રાજરક્ત જોઈએ છે. તારા બાર પુત્રો એકેએક રાજ્ય ઉપર અભિષિક્ત થઈને રણભૂમિમાં પ્રાણ આપશે, ત્યારે તેમના તાજા લોહીથી મારી તૃપ્તિ થશે. નહિ તો હું કોઈ દિવસ ધરાવાની નથી અને ચિતોડ-નું રક્ષણ પણ થવાનું નથી."

દેવી અંતર્ધાન થઈ ગઈ. બીજે દિવસે રાણા લક્ષ્મણસિંહે રાજપુત્ર, મંત્રી અને સરદારોને બોલાવી આ અદ્‌ભુત ઘટના કહી સંભળાવી; પરંતુ બધાએ એજ કહ્યું કે, "ફરીથી એક વાર દેવી અમારી સમક્ષ એ પ્રમાણે કહે, તો અમે એવું કરવા દેવા તૈયાર છીએ." એ રાતે દેવીનો આદેશ સાંભળવા માટે બધા ભક્તિપૂર્ણ ચિત્તે લક્ષ્મણસિંહના મહેલમાં સૂઈ રહ્યા.

યથાસમયે દેવીએ ફરીથી આવિર્ભૂત થઈને બધાને પોતાનો આદેશ સંભળાવ્યો. દેશરક્ષાને સારૂ દેશની અધિષ્ઠાતા ચતુર્ભુજા

દેવી જાતે આવીને તેમના લોહીની માગણી કરે છે, એના કરતાં વધારે સદ્‌ભાગ્ય ચિતોડવાસી વીરરાણાવંશી રાજપુત્રોને માટે બીજું શું હોય? આનંદ અને ઉત્સાહથી રાજપુત્રો ઉન્મત્ત થઇ ગયા.

એકે એકે અગિયાર રાજકુમારોએ ગાદી ઉપર બેસીને સૈન્યસહિત યુદ્ધક્ષેત્રમાં પ્રાણ વિસર્જન કર્યાં.

રાણાના બાર પુત્રોમાં એક ફક્ત અજયસિંહ જીવતો હતો. અજયસિંહના મૃત્યુ પછી રાણાવંશ નિર્મૂળ થવાનો સંભવ હતો. એટલે અજયસિંહને બીજે મોકલીને તેની જગ્યાએ પોતે પ્રાણ આપવાને રાણો લક્ષ્મણસિંહ તૈયાર થયો.

આ તરફ, ચિતોડ હવે બિલકુલ વીરશૂન્ય થયું. આ છેવટના યુદ્ધ પછી ચિતોડની રમણીઓની આબરૂ સાચવે એવું કોઈ રહેવાનું નહોતું. દેવીની આજ્ઞા મુજબ બાર રજપૂતોના બલિદાનનું ફળ ક્યારે મળશે, તે તો દેવી જાણે! પણ ચિતોડ મુસલમાનોના તાબામાં જશે, એ વાત એ વખતે બધા સમજી શક્યા હતા.

આવે વખતે પદ્મિનીએ ચિતોડવાસી સ્ત્રીઓને એકઠી કરીને કહ્યું: “બહેનો! આપણા સ્વામી, પુત્ર અને ભાઇઓમાંથી અનેક વીરો વીરશય્યામાં સૂઇ ગયા છે. જે લોકો બચ્યા છે, તેઓ પણ આજે એજ શય્યામાં શયન કરશે. આપણા સ્વમાનરક્ષણનો ભાર આજે આપણા પોતાનાજ હાથમાં છે. રજપૂત લલનાઓ મરતાં બીતી નથી. અગ્નિકુંડમાં દેહ અર્પણ કરવો, એ આવે વખતે રજપૂત બાળાઓનું અવશ્ય ભાવિ નિર્માણ હોય છે; ધર્મરક્ષાનો આ એકમાત્ર ઉપાય છે. રજપૂત વીરો પ્રશાંત ચિત્તે રણક્ષેત્રમાં પ્રાણસમર્પણ કરી રહ્યા છે, તો હે બહેનો! રજપૂત વીરોની યોગ્ય અર્ધાંગનાઓ આપણે પણ આજે અગ્નિમાં પડીને તેમનું અનુગમન કરીએ. મુસલમાનો પણ જોશે કે એમની પાશવશક્તિ કરતાં પણ આપણું ધર્મબળ કેટલું બધું ઉચ્ચ છે. જગત જોશે કે રજપૂત વીરાંગનાઓ કેવી રીતે પાશવશક્તિ ઉપર પોતાનું મહત્ત્વ સિદ્ધ કરી શકે છે.”

બધી રજપૂતાણીઓએ એકે અવાજે પદ્મિનીની વાતને અનુમોદન આપ્યું. રાજધાની ચિતોડમાં એક ઊંડો વિશાળ કૂવો હતો. તેમાં મોટી ચિતા સળગાવવામાં આવી. ગગનસ્પર્શી ઝાળ એ ચિતામાંથી ઊઠવા લાગી. એ રજપૂત લલનાઓમાં પદ્મિની

સૌની આગળ હતી. તેણે પહેલવહેલું એ ચિતામાં ઝંપલાવ્યું અને તેની સાથે સેંકડો રજપૂત સુંદરીઓએ હસતે મોંએ પ્રચંડ અગ્નિદેવને પોતાના રૂપમય દેહ સમર્પણ કર્યા.

ચિતાના ધુમાડાથી ચિતોડ આચ્છાદિત થઇ ગયું. એ ધુમાડાને ભેદીને લક્ષ્મણસિંહ અને ભીમસિંહ, બચેલા રજપૂત વીરોને લઇ પ્રબલ વેગથી મુસલમાન સેના ઉપર તૂટી પડ્યા. પઠાણસૈન્યનો નાશ કરતાં કરતાં, તેમના લોહીથી પવિત્ર રણભૂમિમાં છંટકાવ કરતા કરતા, રજપૂત વીરો એકેએક યુદ્ધમાં કામ આવી ગયા.

યુદ્ધમાં અલાઉદ્દીનનો વિજય થયો અને યુદ્ધ સમાપ્ત થયા પછી, વીર રજપૂતોના લોહીથી ખરડાયેલા ચિતોડમાં, વીરાંગનાઓની ચિતાના ધુમાડાથી આચ્છાદિત થયેલા, એક પણ મનુષ્ય વગરના ચિતોડમાં તેણે પ્રવેશ કર્યો.

જે ચિતાકુંડમાં પદ્મિનીએ હજારો રજપૂત વીરાંગનાઓ સાથે દેહ સમર્પણ કર્યો હતો, તે કુંડ હજુ પણ ચિતોડમાં જોવામાં આવે છે. કોઇ મનુષ્ય એમાં પ્રવેશ કરી શકતો નથી. કહે છે કે એક પ્રચંડ અજગર રાતદિવસ ત્યાં આગળ પહેરો ભરે છે.

૧૪૫-ગોરાની પત્ની

પદ્મિનીના ચરિત્રમાં ગોરા અને બાદલનો પરિચય અમે આપી ગયા છીએ. પદ્મિનીના શિયળના રક્ષણ તથા મહારાણા ભીમસિંહના છુટકારા સારૂ મુસલમાનો સાથે પરાક્રમપૂર્વક યુદ્ધ કરતાં કરતાં ગોરાનો પ્રાણ ગયો હતો. તેના બાર વર્ષની વયના ભત્રીજા બાદલે પણ એ યુદ્ધમાં અસાધારણ વીરતા દાખવી હતી અને અનેક શત્રુઓનો સંહાર કરીને એ વિજયી વીર લોહીલુહાણ શરીરે કાકીની પાસે ગયો હતો. વીર ગોરાની પત્ની પણ એક વીરાંગના રજપૂતાણી હતી. બાદલ એકલો ખિન્ન હૃદયે પાછો ફરતો જોઇને એ સમજુ નારી કળી ગઈ, કે પ્રાણનાથે સંગ્રામભૂમિમાં પ્રાણ ત્યજી દીધા છે. બાલવીર બાદલને ચુપચાપ ઊભેલો જોઇને એ બોલીઃ “બાદલ ! હું શોકસમાચાર તો જાણી ચૂકી છું, હવે તો કેવળ એટલુંજ જાણવાની ઇચ્છા છે, કે પ્રાણેશ્વરે યુદ્ધમાં

કેવી વીરતા પ્રગટ કરીને દેહ ત્યજ્યો. બેટા ! મને એ વૃત્તાંત પૂરે-પૂરો કહી સંભળાવ, એ કથા સાંભળ્યાથીજ મને શાંતિ વળશે.” બાદલે ઉત્તર આપ્યોઃ “કાકીજી! કાકાના પરાક્રમનું વર્ણન મારાથી નથી થઇ શકવાનું. એમની અદ્દ્ભુત વીરતા જોઇને શત્રુનું લશ્કર પણ છક્ થઇ જતું હતું અને તેઓ પણ એમની પ્રશંસા કરતા હતા. એમણે તો પોતાની સામે આવનાર એક પણ શત્રુને જીવતો જવા દીધો નથી.” એ સમાચાર સાંભળીને વીરાંગના ગોરા–પત્ની ઘણીજ પ્રસન્ન થઇ અને બોલીઃ “બસ, મારે આટલુંજ સાંભળવું હતું. હવે સ્વામીની પાસે જતાં મને જેટલી વાર થશે તેટલા સ્વામી અપ્રસન્ન થશે.” એટલું કહીને તેણે પતિના શબના અગ્નિ-સંસ્કાર સારૂ ચિતા તૈયાર કરાવી અને પતિના શબને ખોળામાં લઇને ચિતામાં પ્રવેશ કરીને સતી થઇ ગઇ.

ગોરાની સ્ત્રીએ ભત્રીજાને મુખેથી પતિની વીરતા અને પરાક્રમનું વર્ણન સાંભળ્યું ત્યારે એને પતિના મૃત્યુનો જરા પણ શોક થયો નહોતો; બલકે આનંદોલ્લાસથી તેનું મુખ પ્રફુલ્લિત થયું હતું અને શાંતિથી પતિની સહગામિની થઇ હતી. એ પ્રસંગનું સ્મરણ કરીને એક ઇતિહાસવેત્તા લખે છે કે, “સતી શિરોમણી વીરાંગનાઓ! તમારી જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી થોડી છે. આવાં દૃષ્ટાન્તો ઉપરથી જણાય છે કે, એ વખતની વીર ક્ષત્રિયાણીઓનો પોતાના પ્રાણાધાર પતિઓ સાથે કેટલો બધો પ્રેમ હતો. યુનાન દેશની સ્પાર્ટન જાતિની સ્ત્રીઓ તથા કાર્થેજ દેશની ફિનિશિયન સ્ત્રીઓ પણ એ આર્ય વીરાંગનાઓની આગળ કશી ગણતરીમાં નથી, એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.”

સ્વામીભક્ત ગોરાને અને પતિપરાયણા તેની પત્નીને ધન્ય છે!



१४६–कलावती

મધ્ય ભારતમાં એક નાના સરખા રાજ્યના રાજા કરણસિંહની એ રાણી હતી. દિલ્હીના બાદશાહ અલાઉદ્દીને એક વખત રાજા કરણસિંહના રાજ્ય ઉપર ચઢાઇ કરી. રાજા કરણસિંહનું રાજ્ય ઘણું નાનું હતું. બાદશાહની સેનાના પ્રમાણમાં એની પાસે સૈન્ય પણ વધારે નહોતું; પરંતુ એમ છતાં પણ એ પોતાના ક્ષાત્રધર્મ અનુસાર બળિયા સાથે બાથ ભીડવા તૈયાર થયો. શત્રુથી ભયભીત થઇને યુદ્ધ કર્યા વગર તેને શરણે જવું એ ક્ષત્રિય-ને મનથી મોટામાં મોટું પાપ અને શરમનું કાર્ય છે; એટલે પછી રાજા કરણસિંહ જેવો સાચો રજપૂત બાદશાહના આક્રમણ વિરુદ્ધ યુદ્ધ કરવાના કર્તવ્યથી પરાઙ્‌મુખ કેવી રીતે થાય? એ તરતજ યુદ્ધની તૈયારી કરીને દેશનું રક્ષણ કરવાને માટે રણભૂમિમાં જવા તૈયાર થયો. પોતાના પતિને યુદ્ધને માટે તૈયાર થયેલા જોઇને રાણી કલાવતી પણ ઢાલતલવાર બાંધીને પુરુષવેશ સજીને, ઘોડે-સવાર થઇ પતિની સાથે ગઇ. રણક્ષેત્રમાં યુદ્ધ આરંભાયું. ધીમે ધીમે યુદ્ધની ભીષણતા વધવા લાગી. થોડા સમય સુધી તો બન્ને પક્ષના યોદ્ધાઓ ઘણી વીરતાથી યુદ્ધ કરતા રહ્યા. પોતાની સંખ્યા થોડી હોવાથી રજપૂત વીરો પ્રાણનો મોહ બિલકુલ છોડી દઇને તલવાર ચલાવવા લાગ્યા. અસાધારણ વીરતા અને સાહસથી એ મુસલમાન સૈન્યના સિપાઈઓનાં માથાં ઉડાવી નાખતા ગયા. એ યુદ્ધમાં રાણી કલાવતી ઘણી વીરતાથી પતિને મદદ આપી રહી હતી. જે તરફ રાજા કરણસિંહ શત્રુઓની સાથે લડી રહ્યા હતા, તેજ તરફ એ પણ પોતાનું રણકૌશલ્ય બતાવી રહી હતી, તેમજ પોતાના પતિના અંગરક્ષણનું કામ પણ કરતી હતી. રાજાને યુદ્ધ-માં ઘણા તલ્લીન થયેલા જોઇને વિરુદ્ધ પક્ષનો એક સિપાઇ ડાબી તરફથી આવીને તેમના ઉપર તલવારનો ઘા કરવા જતો હતો;

એટલામાં રાણીએ પોતાનો ઘોડો તેની તરફ દોડાવીને પોતાની તેજ તલવારથી એ સિપાઇના બે ટુકટા કરી નાખ્યા; પરંતુ થોડી વાર પછી રાજાને એક બીજો કારી ઘા વાગ્યો. રાજાની એ દશા જોઇને રાણી ઘણુા ગુસ્સાથી શત્રુસૈન્ય સાથે લડવા લાગી. રાણીનું પરાક્રમ જોઇને રજપૂત યોદ્ધાઓને વધારે શૂર ચડ્યું અને તેઓ બેવડા પરાક્રમથી લડવા લાગ્યા. આખરે રાણી અને રજપૂત વીરોની વીરતા આગળ યવનોની સેના ટકી શકી નહિ. તેમને યુદ્ધભૂમિમાંથી નાસવું પડ્યું. રાણી કલાવતી પોતાના પતિને લઇને રાજધાનીમાં પાછી ફરી અને હોશિયાર વૈદ્યોને બોલાવીને તેમની દવા કરાવવા લાગી. રાજાના ઘા ઉપર વૈદ્યોએ ઘણાએ મલમપટા કર્યા, પણ જ્યારે તેથી કાંઇ પણ ફાયદો ન જણાયો ત્યારે તેમણે રાણીને કહી દીધું કે, "આ ઘા ઝેર પાયેલા હથિયારનો છે. જો ઝેરને કોઇ ચૂસી લે, તો રાજાને આરામ થઇ શકશે, પણ ચૂસનારો મરી જશે. એના વગર રાજાને મટાડવાનો બીજો કોઇ ઉપાય નથી." રાણીએ વિચાર કર્યો કે, "સૌને પોતપોતાનો જીવ વહાલો હોય છે, માટે બીજા કોઇને સોંપવા કરતાં મારે પોતેજ પતિના આરોગ્ય ખાતર એ કામ કરવું જોઇએ." આથી જ્યારે રાજા સૂઇ ગયા હતા ત્યારે એણે રાજાના ઘાનું ઝેર ચૂસી લીધું અને ચૂસતાંવારજ એ કારી ઝેરની અસર એના ઉપર એટલી બધી થઇ ગઇ કે એ તરતજ મરી ગઇ. રાજાની આંખ ઊઘડી ત્યારે એમણે આ સમાચાર સાંભળીને કહ્યું: "જે પ્રાણપ્યારીએ મારો પ્રાણ બચાવવા માટે પોતાનો પ્રાણ આપ્યો, તેના વગર હું પણ આ દુનિયામાં જીવીને શું કરૂં?" તેમણે પણ તરતજ પોતાના પેટમાં કટારી ખોસીને પ્રાણ ત્યજ્યો. ધન્ય છે એ પતિપત્નીને જેમણે એક બીજાની ખાતર જિંદગીના મોહને છોડી દીધો! પતિની ખાતર પ્રાણ સમર્પણ કરનાર આર્ય સ્ત્રીઓનાં દૃષ્ટાંત તો ઘણાં મળી આવે છે; પરંતુ પત્નીના વિયોગથી જીવનને નિરર્થક ગણીને આત્મોત્સર્ગ કરનાર પુરુષોનાં દૃષ્ટાંત વિરલજ હોય છે. ધન્ય છે એ દંપતીને!

१४७–कोटाराणी*

વાચક બ્હેનો ! જે કાર્યદક્ષ અને શીલવતી સન્નારી-નો પરિચય અમે આ ચરિત્રદ્વારા આપવા માગીએ છીએ, તેનો જન્મ રાજસ્થાનમાં થયો નહોતો. કોટારાણીના નામ-થી લોકો સંદેહમાં પડે છે કે રજપૂતાનામાં આવેલા કોટા નામ-ના સુપ્રસિદ્ધ રાજ્યની કોઇ અધીશ્વરની એ રાણી હશે, પરંતુ વસ્તુતઃ એમ નથી. કોટારાણી એ કાશ્મીરના નંદનવનનું એક અત્યુત્તમ પુષ્પ હતું. બિલ્હણ કવિએ શાકે ૧૦૭૦ માં રચેલા 'રાજતરંગિણી' નામના કાશ્મીર દેશના મોટા ઇતિહાસમાં કોટા-રાણીનો વૃત્તાંત લખવામાં આવ્યો છે.

ઇ૦ સ૦ ૧૩૩૦ માં કાશ્મીર દેશનું રાજ્ય શ્રીમાન મહા-રાજા ઉદયદેવના અધિકારમાં હતું. એ રાજા ઘણો પ્રતાપી અને યશસ્વી હતો. ન્યાયી રાજા તરીકે એનું નામ અત્યંત પ્રસિદ્ધ હતું અને દયાળુ તરીકે પણ એ અદ્વિતીય ગણાતો હતો. એ રાજાના રાજ્યકાળમાં દુલ્લચ નામના એક મોગલે પ્રવેશ કર્યો હતો. દુલ્લચ સાક્ષાત્ કાળ જેવો નિર્દય હતો. **शिव शिव न हिंदुर्न यवनः** જેવો અર્થાત્ કે નહિ હિંદુ કે નહિ મુસલમાન એવો એ હતો. એણે કાશ્મીર રાજ્યમાં પ્રવેશ કરીને ત્યાંનાં નગર, મંદિર, મહેલો અને બાગબગીચા વગેરેનું નિકંદન કાઢી નાખ્યું હતું. મનુષ્યોને પણ તેણે ઘાસની પેઠે કાપી નાખ્યાં હતાં. સુંદર કાશ્મીર દેશ ઉજ્જડ થઇ ગયો હતો અને કાશ્મીરમાંથી પ્રાચીન આર્યોના રાજ્યનો નાશ થતો જોઇને વિધાતાએજ તેની પ્રાચીન શોભાનો અંત આણ્યો હોય એવું દેખાતું હતું. ઇ૦ સ૦ ૧૩૩૨ માં મહારાજા ઉદયદેવનો

* આ ચરિત્ર મારા સ્નેહી ગુર્જર વિદ્વાન શ્રી. નારાયણ વસનજી ઠક્કરના લખેલા 'વિશ્વરંગ' નામના પુસ્તક ઉપરથી લખવામાં આવ્યું છે; જેને માટે તેમનો ઉપકાર માનું છું. —પ્રયોજક

સ્વર્ગવાસ થયો. તેમને કંઇ સંતાન નહોતું, એટલે તેની રાણી કોટાએજ રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી.

મહારાજા ઉદયદેવના સમયથીજ શાહમીર નામે એક પુરુષ કારભારીની પદવી ભોગવતો હતો. આસપાસનાં કેટલાંક કારણો-થી રાજ્યનું બળ ઘણા દિવસથી ઘટી ગયું હતું; એટલે કોટારાણીને સિંહાસનારૂઢ થયાને નવ મહિનાનો સમય થયા પછી, તે વિશ્વાસ-ઘાતી કારભારીએ ધીમે ધીમે રાજ્યના બીજા બધા અમલદારોને પોતાના પક્ષના કરી લેવા માંડ્યા. એ પ્રમાણે પોતાનો પક્ષ મજ-બૂત કર્યા પછી એણે કોટારાણીને પદભ્રષ્ટ કરી દીધી અને પોતેજ કાશ્મીરનો રાજા બની ગયો. કાશ્મીરની પ્રજાએ તો એને પોતાના રાજા તરીકે સ્વીકાર્યો નહિ, પરંતુ તેમનામાં એને ગાદીએ બેસતાં અટકાવવા જેટલી શક્તિ નહોતી; એટલે શાહમીર નિર્વિઘ્ને રાજા બની ગયો. પરંતુ નિમકહરામ શાહમીરની દુરાકાંક્ષા એટલેથીજ તૃપ્ત થઈ નહિ. તેણે રાણી કોટા સાથે લગ્ન કરીને તેને પોતાની પત્ની બનાવવાનો નીચ સંકલ્પ કર્યો.

રાણી કોટાને તેના એક વિશ્વાસુ નોકર મારફતે એ બાબતની ખબર મળી. તેના હૃદયને ઘણો ઊંડો ઘા લાગ્યો. એ વિશ્વાસુ સેવકની સહાયતાથી એ રાજધાનીમાંથી પલાયન કરી ગઇ; પરંતુ દુષ્ટ શાહમીરના માણસોએ તેને ગુપ્તવાસમાં પણ ઝાઝા દિવસ રહેવા દીધી નહિ. તેઓ તેને પકડીને રાજધાનીમાં લાવ્યા. દુષ્ટ શાહમીરે હવે ખુલ્લી રીતે લગ્નની તૈયારીઓ કરવા માંડી. આખા શહેરમાં હાહાકાર વર્તી રહ્યો. પોતાના સ્વર્ગવાસી મહારાજાની પ્રિય પત્નીનું શિયળ આજે એક અધમ મુસલમાનને હાથે ભંગ થશે, એ વિચારથી પ્રજાજનને ત્રાસ ઊપજવા લાગ્યો.

પરંતુ રાણી કોટાએ જીવના જોખમે પોતાનું શિયળ સાચવ-વાનો સંકલ્પ કરી રાખ્યો હતો. જે વખતે નરાધમ શાહમીર તેનું પાણિગ્રહણ કરવા લગ્નમંડપમાં આવ્યો, તેજ સમયે એણે સંતાડી રાખેલી કટાર પોતાના પેટમાં મારીને આપઘાત કર્યો.

રાણી કોટાની સાથે કાશ્મીરનું હિંદુ રાજ્ય પણ સમાપ્ત થયું. શિયળને સારૂ દેહનું બલિદાન આપનાર રાણી કોટાને ધન્ય છે!

એક માન્યતા એવી પણ છે કે સતી કોટાએ પોતાની તીક્ષ્ણ કટારથી નરપિશાચ શાહમીરને પણ જહન્નમવાસી કરી દીધો હતો.

૧૪૮-૧૪૯-હમીરમાતા ને હમીરપત્ની

ચિતોડનો સંહાર થયાના થોડા દિવસ અગાઉ રાણા લક્ષ્મણસિંહનો જ્યેષ્ઠ પુત્ર અરિસિંહ મૃગયા રમવાને માટે આન્દાબા નામક એક જંગલમાં ગયો હતો. અરિસિંહ અને તેના અનુચરો એક સૂવરની પાછળ હથિયાર લઇને દોડ્યા. સૂવર એક જુવારના ખેતરમાં પેસી ગયું.

જંગલી પશુપક્ષીઓ આવીને ધાન્ય ખાઇ ન જાય એટલા માટે ખેડૂતો ખેતરમાં એક માળો બાંધીને તેમાં પહેરો ભરવા બેસે છે; તેજ રીતે એ ખેતરના માલિક-ખેડૂતની જુવાન કન્યા એ વખતે માળા ઉપર બેસીને પહેરો ભરતી હતી. સૂવર ખેતરમાં પેઠું હતું પણ રાજકુમાર અને તેના સોબતીઓ પણ તેની પાછળ ખેતરમાં પેસી જઇને દોડાદોડી કરી મૂકે, તો એના ખેતરને ઘણુંજ નુકસાન થવાનો સંભવ હતો; તેથી એણે માળા ઉપરથી નીચે ઊતરીને અરિસિંહને કહ્યું: “રાજકુમાર! આપ ખેતરમાં પેસીને મારૂં ધાન્ય બગાડશો નહિ. હું સૂવર મારી આપું છું.” બધા વિસ્મય પામી ગયા. ખેડૂતકન્યાએ જુવારની એક પૂળી કાપી સૂવરની આગળ નાખી અને પાછી હઠી ગઇ. જ્યારે એ સૂવર ત્યાં આગળ આવ્યું, ત્યારે પોતાના તીરથી એને વીંધીને તરતજ રાજકુમારની પાસે લઇ ગઇ. કુમારીનું આ પુરુષાતન અને પરાક્રમ જોઇને બધા મુગ્ધ થઇ ગયા અને તેની ઘણી પ્રશંસા કરતા કરતા સૌ પોતપોતાને મુકામે ગયા.

તંબૂમાં ગયા પછી રાજપુત્ર અને તેના અનુચરો નદીને કિનારે સ્નાનસંધ્યા કરી રહ્યા હતા, એવામાં એક મોટો પથ્થર આવીને અરિસિંહના ઘોડાના પગ ઉપર પડ્યો. ઘોડો તરતજ જમીન ઉપર પડી ગયો. બધાએ તપાસ કરીને જોયું તો ખબર પડી કે ખેડૂતની

કન્યા માળા ઉપરથી જાનવરોને હાંકવા માટે પથ્થર ફેંકી રહી હતી. તેમાંથી એક પથ્થરે આટલે દૂર આવીને ઘોડાનો પગ ભાગી નાખ્યો હતો. ખેડૂતકન્યાના બળનું આ બીજું પ્રમાણ મળવાથી બધા રજપૂતો આશ્ચર્ય પામી ગયા. એ કુમારીને જ્યારે ખબર પડી કે પથ્થરે રાજકુમારના ઘોડાને ઘાયલ કર્યો છે, ત્યારે એ ઘણી શરમાઇ ગઇ અને ભયભીત થઇને રાજકુમાર પાસે જઇને બોલી: “ રાજકુમાર ! મને ક્ષમા કરો. મારી ગફલતથી આપના ઘોડાને સખ્ત ઇજા થઈ છે. હું સ્ત્રીજાતિ છું. આપની પ્રજા છું. મારો અપરાધ મનમાં ન આણશો. ”

અરિસિંહે હસીને કહ્યું: “ ક્ષમા તો આપીશ,પણ તારી શક્તિ જોઇને અમે બધા છક થઇ ગયા છીએ. તારી બરોબરી કરી શકવાનું અમારામાંથી કોઇનું ગજું નથી. તારા જેવી બળવાન સ્ત્રીઓ મારા દેશમાં ઘણી હોય તો દરેકને હાથે ફેંકાયેલા પથ્થરથી મારા દશ દશ ઘોડાના પગ તૂટી જાય તોપણ હું પરવા ન કરૂં ! મને અફસોસ એટલોજ થાય છે કે અત્યારે તને ભેટ આપવા લાયક કોઇ વસ્તુ મારી પાસે નથી. ”

ખેડૂતકન્યાએ કહ્યું: “ રાજપુત્ર ! આપે મને ક્ષમા આપી છે, તથા આપની મારા ઉપર કૃપા છે, એજ મારે મનથી મોટું ઇનામ છે. મારે બીજું કાંઈ ઇનામ જોઇતું નથી. ગરીબ રૈયતનું સ્મરણ રાખજો, એજ પ્રાર્થના છે. ” રાજપુત્રને પ્રણામ કરીને ખેડૂતકન્યા પોતાને કામે વળગી.

અરિસિંહ પોતાના સોબતીઓ સાથે રાજધાની તરફ જવા નીકળ્યો. રસ્તામાં પાછો એમને એ ખેડૂતકન્યા સાથે મેળાપ થયો. માથા ઉપર એક હાંલ્લું મૂકીને તથા બે હાથમાં બે ભેંસોની સાંકળ પકડીને એ ઘેર પાછી જતી હતી. રાજકુમારના સાથીઓમાંથી એક જણાના મનમાં વિચાર આવ્યો કે, આ છોકરીએ આજે અમને નીચું જોવડાવ્યું છે માટે હવે એને પણ જરા હંફાવવી જોઇએ. એમ વિચારીને એણે પોતાના ઘોડાને એવો પૂરપાટ દોડાવ્યો કે, એની ઠોકરથી ખેડૂતકન્યાના માથા ઉપરનું હાંલ્લું પડી જાય. ખેડૂતકન્યા પણ તેનો મનસૂબો સમજી ગઇ. એણે જરાક હસીને પોતાના હાથમાંની સાંકળ ઘોડાને એવા જોરથી મારી કે, એ કૌતુકપ્રિય રજપૂત ઘોડાસમેત નીચે પડી ગયો.

બધા ખડખડાટ હસી પડ્યા. રાજપુત્રના સોબતીએ બીજાની મશ્કરી કરતાં પોતાનીજ ફજેતી કરાવી. એણે લંગડાતે લંગડાતે ખેડૂતકન્યાની પાસે આવીને કહ્યું: "તું જેવી તેવી સ્ત્રી નથી. તું અમારા શિકારી રાજકુમારની રાણી થા. તારે બીજું કાંઇ નહિ કરવું પડે. એમની સાથે ઘોડા ઉપર બેસીને શિકાર ખેલજે અને લડાઇમાં સાથે રહીને યુદ્ધ કરજે."

ખેડૂતકન્યા શરમાઇને ત્યાંથી ચાલી ગઇ; પણ ખરેખર અરિસિંહની ઇચ્છા એ કન્યા સાથે લગ્ન કરવાનીજ હતી. વીર પુરુષજ વીરાંગનાની મર્યાદા જાણે છે. આવી વીર્યવતી સ્ત્રી ઉપર કયો વીર પુરુષ મોહિત ન થાય? રાજકુમારે પોતાના સોબતીઓને જણાવ્યું હતું કે, "જો એ રજપૂત કન્યા હશે તો હું એને જરૂર પરણીશ."

રાજપુત્રે રાજધાનીમાં જવાનું મુલતવી રાખીને, એ ગામમાં એ કન્યાના કુળ સંબંધી તપાસ કરી. તેને ખાતરી થઇ કે એ વીર બાલા ક્ષત્રિયકન્યાજ છે.

વૃદ્ધ ખેડૂતને બોલાવીને રાજપુત્રે તેની આગળ વિવાહનું માગું કર્યું, પણ વૃદ્ધના મનમાં કોણ જાણે શી ધૂન ભરાઇ કે એણે એ વિનતી સ્વીકારી નહિ. રાજપુત્ર નિરાશ થઇ ચિતોડ પાછો ગયો.

વૃદ્ધે ઘેર જઇને પોતાની સ્ત્રીને બધી વાત કહી. રાજાનો કુંવર જમાઇ થવા આવ્યો અને સ્વામીએ તેને જાણી જોઇને પાછો ઠેલ્યો, એ જાણીને એ સ્ત્રીએ ડોસાને ઘણોજ ધમકાવી નાખ્યો અને કહ્યું: "હમણાં ને હમણાંજ છોકરીને લઇને ચિતોડ જાઓ. રાજપુત્રને આગ્રહ કરીને આપણી છોકરી તેમની સાથે પરણાવો."

વૃદ્ધને પણ પોતાની ભૂલને માટે પસ્તાવો થવા લાગ્યો અને એ કન્યાને લઇને ચિતોડ ગયો. કુમાર અરિસિંહ આવી પરાક્રમી પત્ની મળવાથી પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યો. એ ખેડૂત-કન્યાના ગર્ભમાં અરિસિંહના જ્યેષ્ઠ પુત્ર હમીરનો જન્મ થયો. અલાઉદ્દીનને હાથે જે વખતે ચિતોડના રાજ્યનો નાશ થયો તે વખતે હમીરનું વય ફક્ત બાર વર્ષનું હતું. એ સમયે એ પોતાની માતા સાથે મોસાળમાં હતો.

આવી પરાક્રમી માતાનો પુત્ર હમીર હીનવીર્ય હોય એ તો કદી બની શકેજ નહિ. એ હમીરેજ આખરે ચિતોડનો ઉદ્ધાર કરીને ફરીથી રાણાવંશની ત્યાં સ્થાપના કરી. જે પહાડી પ્રદેશમાં

હમીરનું મોસાળ હતું, તેનું નામ કેલવાડા. રજપૂતાનાના પહાડી પ્રદેશમાં ભીલ નામની કાળા રંગની એક અનાર્ય જાતિ વાસ કરે છે. ભીલ લોકો સાહસ અને રણકૌશલ્યને માટે પ્રખ્યાત છે. ભીલ સરદારો મૂળથી રજપૂત રાજાઓની ઘણી વિશ્વાસુ અને વફાદાર પ્રજા છે. યુદ્ધ અને વિપત્તિમાં હંમેશાં તેઓ રાજાને મદદ કરતા આવ્યા છે. આ કેલવાડા પ્રાંતમાં પણ ઘણા ભીલ સરદારો વસતા હતા. એ બધા ભીલો હમીરને રાણાનો વંશજ ગણીને ખૂબ માન આપતા હતા.

વાચકોને સ્મરણ હશે કે, અલાઉદ્દીનની સાથે છેવટના યુદ્ધ વખતે રાણા લક્ષ્મણસિંહે પોતાના એકના એક પુત્ર અજયસિંહને બીજે કંઇ મોકલાવી દઇ, તેને બદલે પોતે રણક્ષેત્રમાં પ્રાણ વિસર્જન કરીને ચિતોડની અધિષ્ઠાત્રી દેવીનો હુકમ પાળ્યો હતો. એ અજયસિંહે પણ કેલવાડા પ્રદેશમાં વાસ કર્યો હતો. કેટલાક પહાડી રજપૂત સરદારોએ તેની સાથે ટંટો કર્યો. એ લડાઇમાં અજયસિંહના બે પુત્ર આજિમસિંહ અને સુજનસિંહે તેને વિશેષ મદદ કરી નહિ, પણ તેના ભત્રીજા હમીરે શત્રુઓનું દમન કરીને તેમને સંતુષ્ટ કર્યા. તેના મુખ્ય શત્રુ મુંજ નામના સરદારનું મસ્તક કાપીને જ્યારે હમીર અજયસિંહની પાસે લઇ ગયો, ત્યારે તેણે મુંજના કપાયલા મસ્તકના લોહીથી હમીરના કપાળમાં રાજતિલક કરીને હમીરનેજ રાણાવંશનો ઉત્તરાધિકારી જાહેર કર્યો.

ચિતોડ અને મેવાડની સમતલ ભૂમિ એ વખતે અલાઉદ્દીનના તાબામાં હતી. અલાઉદ્દીનના તાબામાં માલદેવ નામનો એક રજપૂત રાજા એ વખતે મેવાડ ઉપર રાજ્ય કરતો હતો; પણ હમીરે રાણાનો ખિતાબ ધારણ કરીને કેલવાડા અને તેની પાસેના પહાડી મુલકોમાં ભીલ સરદારોની મદદથી પોતાનું રાજ્ય વિસ્તારવા માંડયું; એટલા માટે માલદેવ અને હમીરની વચ્ચે ઘણી દુશ્મનાવટ ઉત્પન્ન થઇ.

પરંતુ આટલી શત્રુતા હોવા છતાં પણ માલદેવે પોતાની કન્યા હમીરને પરણાવવાની ઇચ્છા કરી. એ ઉદ્દેશથી તેણે હમીરની પાસે વિવાહના માગા સાથે નાળિયેર મોકલ્યું. હમીરના સ્નેહીઓએ નાળિયેર સ્વીકારવાની ઘણીએ ના કહી; છતાં હમીરે એનો સ્વીકાર કરીને કહ્યું: “ આફત તો રાણાવંશીઓની હમેશની સાથી છે. તો પછી એનો ભય શો? એક ક્ષણને માટે પણ

બાપદાદાની રાજધાનીમાં જવાથી હું કૃતાર્થ થઇશ.”

વિવાહનો દહાડો નક્કી થયો. હમીર પાંચસો સવાર લઇને ચિતોડ ગયો. પણ ત્યાં આગળ વિવાહની કાંઈ તૈયારી નહિ જોતાં એ વિસ્મય પામ્યો. માલદેવ અને તેના પુત્રે તેમનો સત્કાર કર્યો અને તેમની રૂબરૂજ તેમનો વિવાહ થઇ ગયો.

રાત્રે પિતૃગૃહમાં હમીર સૂતો હતો. નવવધૂ હમીરને પ્રણામ કરીને દૂર ઊભી રહી. હમીરે તેને પાસે આવવાનું કહ્યું. તેણે નીચે મોંએ કહ્યું: “ મહારાણા ! દાસીને ક્ષમા કરો. સ્ત્રી તરીકે આપની શય્યામાં સૂઈ રહેવાને યોગ્ય હું નથી. ”

હમીરે કહ્યું: “માલદેવ અમારા દેશના શત્રુ–પઠાણોને શરણે ગયો છે એ જાણવા છતાં પણ હું મારી ઇચ્છાથી તને પરણ્યો છું. સ્ત્રી ગમે તે કુળની હોય, ગમે તેની છોકરી હોય તોપણ સ્વામીના આદર અને સન્માનને તે પાત્ર છે. તો પછી તું આવાં વચન શા માટે બોલે છે?”

માલદેવકન્યાએ કહ્યું: “ મહારાણા ! પિતાની નીચતાને લીધે હું આખી જિંદગીને માટે લજ્જિત અને દુ:ખી થઈ છું. પિતા પઠાણના તાબામાં છે તેથી હું તેમને દેશના શત્રુ ગણીને ધિક્કારૂં છું. મેવાડના ગૌરવરૂપ રાણાવંશીઓજ મારે માટે સદા પૂજ્ય છે. આપને પણ દેવતારૂપ ગણીને ઘણા સમયથી મારા હૃદયમાં પૂજ્યા કરતી હતી, એટલે આપના ચરણકમળ આગળ બેસીને આપની ચરણસેવા કરવાને માટે હું અયોગ્ય નથી; પણ એક બીજું કારણ છે કે જેને લીધે મહારાણાની રાણીના ગૌરવયુક્ત પદની હું અધિકારી છું કે નહિ, તે બાબતનો સંદેહ રહે છે. મહારાણા ! તમે વિચાર કરીને મારો સંશય નિવારો.”

હમીરે કહ્યું: “ એ શું કારણ છે તે જાણ્યા વગર હું વિચાર કેવી રીતે કરી શકું ?”

માલદેવકન્યાએ કહ્યું: “ મહારાણા ! હું વિધવા છું. હું સાવ નાની હતી ત્યારે મારૂં લગ્ન ભટ્ટી વંશના કોઇ સેનાપતિ સાથે થયું હતું. વિવાહ પછી થોડા વખતમાં એ સ્વામીનું મૃત્યુ થયું. વિવાહ સંબંધી તથા સ્વામી સંબંધી કોઇ વાત મને યાદ નથી. મારા પિતાએ દુશ્મનાવટને લીધે આપનું અપમાન કરવા સારૂ આપની સાથે પોતાની વિધવા કન્યાનો વિવાહ કરી દીધો છે.

વિધવાના સંસર્ગથી રાણાવંશને કલંકિત કરવાનો તેમનો ઉદ્દેશ છે. વિવાહની અગાઉથી આ વાતની રખે કોઇને ખબર પડી જાય એમ ધારીને, એમણે પોતાનાં કોઇ સગાંસંબંધીઓને નિમંત્રણ કર્યું નહોતું; એટલા માટેજ ચિતોડના રાજા હોવા છતાં પણ એમણે કાંઇ ધામધૂમ કરી નહોતી.”

હમીર સ્તંભિત થઇને બેસી રહ્યો. ક્રોધ અને અભિમાનને લીધે તેનું બધું અંગ કંપવા લાગ્યું. માલદેવે વિશ્વાસઘાત કરીને પોતાને ઘેર બોલાવી તેને મારી નાખવા યત્ન કર્યો હોત તોપણ તે આટલો બધો ગુસ્સે ન થાત.

પરંતુ પરણેલી સ્ત્રી, માલદેવકન્યા સામેજ ઊભેલી હતી. એ પરમ સુંદરી હતી. અતુલનીય સરળતા, ઉદારતા અને આત્મ-ત્યાગનો મહિમા એ સૌંદર્ય ઉપર એક સ્વર્ગીય પ્રકાશ પાડી રહ્યો હતો. રમણીની સુલભ કોમળતામાં ચરિત્રની દૃઢતા અને તેજસ્વિતા ભળી જવાથી એ મુખ અપૂર્વ વિકસી રહ્યું હતું. હમીરે તેની તરફ ધારીને જોયું. જોતાંવારજ તેનો પ્રાણ મુગ્ધ થઇ ગયો. રોષ અને અભિમાનનો આવેગ ધીમો પડી ગયો. માલદેવકન્યા-એ તેને ફરીથી કહ્યું: “મહારાણા! મને અપરાધી ગણશો નહિ. વિવાહના મંત્રોજ ફક્ત ઉચ્ચારાયા છે, હજુ પણ આ હીન દેહના સ્પર્શથી આપના ચરણ કલંકિત થયા નથી. બધી વાત સાચે-સાચી મેં આપને નિવેદન કરી છે. હમણાં ને હમણાંજ મારો ત્યાગ કરીને આપ આપના વંશને નિર્મળ અને નિષ્કલંકિત રાખી શકશો. આગલા વિવાહનું કે આગલા સ્વામીનું તો મને સ્મરણ પણ નથી. કુમારિકાની પેઠે મારૂં ચિત્ત નિર્મળ છે. હું પોતે આપને સ્વામી ગણીને મનમાં ને મનમાં આપની પૂજા કરવાની અધિકારી છું; એટલા માટેજ મેં એ વિવાહમાં વાંધો લીધો નહિ. મનમાં વિચાર્યું હતું કે આપને બધી હકીકત કહી દઇશ. જો આપ બધું સાંભળ્યા પછી પણ આપની ચરણસેવા માટે યોગ્ય ગણશો તો હું મારા જીવનને સફળ ગણીશ. જો તેમ નહિ કરો તો, સ્વામી તરીકે હૃદયમાંજ આપની માનસિક પૂજા કરવાનો મારો અધિકાર તો કોઇથી છીનવી શકાય એમ છેજ નહિ; એમાં પણ આ અ-ભાગિણી તો સંપૂર્ણ સુખ અને ગૌરવ માનશે.”

હમીર એકદમ મુગ્ધ અને વિસ્મિત થઇ ગયો. પત્નીને આલિં-ગન દઇને તેણે કહ્યું: “તારા જેવી સરળ અને ઉદાર હૃદયની

નારી ચિતોડના રાણાની રાણી થવા યોગ્ય છે. તારા જેવું રત્ન પ્રાપ્ત થયાથી રાણાવંશ ધન્ય થશે; કલંકિત થશે નહિ. માલદેવનો ઉદ્દેશ ગમે તેવો હશે પણ વસ્તુતઃ આવું રત્નદાન કરીને એ મારા ધન્યવાદને પાત્ર થયો છે. ”

સ્વામીની પાસેથી આટલી ક્ષમા અને કૃપાની આશા માલદેવકન્યાએ રાખી નહોતી. આશા કરતાં પણ વધારે સુખ મળવાથી એ પ્રસન્નભાવે સ્વામીની છાતી ઉપર ઢળી પડી. પછી ધીમેથી એ બોલીઃ “ મહારાણા ! રાણાવંશજોને ચિતોડમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. ચિતોડના રજપૂતો પઠાણોના તાબામાં છે, એ વિચાર મને અસહ્ય થઇ પડ્યો છે. મારા પિતા પોતે ચિતોડના માલિક છે એ વિચારથી પણ મને ધીરજ વળતી નથી. આપ ફરીથી ચિતોડનો ઉદ્ધાર કરીને ચિતોડવાસીઓને પોતાના દેશમાંજ ગૌરવપૂર્વક વસાવો, એજ મારી અંતઃકરણની ઇચ્છા છે. સામાન્ય સ્રી હોવા છતાં પણ આપની કૃપાથી આજ હું આપની સહધર્મિણી બની છું. એ મહાન પદનું કર્તવ્ય-પાલન કરવાની રજા દાસીને હવે આપ આપો છો ? ”

હમીર બોલ્યોઃ “ જરૂર રજા આપીશ. તારા જેવી જીવનસંગિની મળી છે તો હું નિશ્ચય ચિતોડનો ઉદ્ધાર કરી શકીશ. ”

માલદેવકન્યાએ કહ્યું: “ જાલ નામનો મારા પિતાનો એક વિશ્વાસુ નોકર છે. એ ઘણોજ ચતુર અને બહાદુર છે. રાજ્યરક્ષા અને રાજ્યપ્રબંધમાં એજ મારા પિતાને મુખ્ય મદદ આપે છે. આપ લગ્નની પહેરામણીમાં પિતાજી પાસેથી એ જાલને માગી લેજો. મારી ખાતરી છે કે જો એ આપના પક્ષમાં આવશે તો આપ જરૂર ચિતોડનો ઉદ્ધાર કરવામાં સમર્થ થશો. ”

બીજે દિવસે પત્નીની સલાહ મુજબ હમીરે સસરા પાસેથી પહેરામણીમાં જાલને માગી લીધો. માલદેવ પણ જમાઇની વિનતિ પાછી ઠેલી શક્યો નહિ. લગ્નના થોડાક દિવસ પછી, હમીર પત્નીને તથા વિશ્વાસુ નોકર જાલને લઇ કેલવાડા ગયો.

થોડા દિવસ પછી હમીરને એક ક્ષેમસિંહ નામનો પુત્ર થયો. એ પુત્રજન્મના ઉત્સવ પ્રસંગે માલદેવે કેલવાડા અને તેની પાસેનો પ્રદેશ દૌહિત્રને દાન કર્યો.

ચિતોડમાં ક્ષેત્રપાળ નામે એક દેવ પ્રતિષ્ઠિત હતા. પુત્રના

કલ્યાણને માટે તેને ક્ષેત્રપાલ દેવતાને પગે લગાડવા જવું પડશે એમ કહીને પતિની રજાથી, જાલને સાથે લઇને હમીર–પત્ની ચિતોડ ગઇ. ચિતોડ ગયા પછી તેણે જોયું કે, માલદેવ અને તેના પુત્રો પોતાનું સૈન્ય લઇને કોઇ શત્રુની સામે યુદ્ધ કરવા ગયા છે. ચિતોડનો ઉદ્ધાર કરવાનો એ ઠીક અવસર હતો. જાલની સલાહ લઇને હમીરપત્નીએ ચિતોડમાં વસનારા મુખ્ય રજપૂતોને બોલાવીને કહ્યું: " રજપૂત વીરો ! હવે તમે કેટલા દિવસ પઠાણોના તાબામાં પડ્યા રહેશો ? તમે બધા મદદ આપો તો રાણાજી ચિતોડનો ઉદ્ધાર કરી શકે એમ છે. રજપૂત કોઇ દિવસ પરદેશીની અધીનતા સહન કરી શકતો નથી. સ્વદેશની સ્વાધીનતાને માટે, રજપૂત જાતિના ગૌરવના રક્ષણને માટે હજારો રજપૂત વીરોએ સમરક્ષેત્રમાં અને રજપૂત વીરાંગનાઓએ અગ્નિમાં પોતાના દેહ સમર્પણ કર્યા છે.

" જે પઠાણોના અત્યાચારથી બચવા માટે આપના બાપદાદાઓએ લોહીની નદીઓ વહેવરાવી છે અને આપની દાદીઓએ પવિત્ર દેહને અગ્નિમાં ભસ્મીભૂત કરી નાખ્યા છે, તે પઠાણોના તાબામાં આજ તમે નામર્દ થઇને શું મોં લઇને પડ્યા રહ્યા છો ? પરાધીન થઇને ભોગવિલાસમાં સમય ગાળતાં તમને શરમ નથી આવતી ? તમારા દેહમાં એજ ક્ષત્રિયોનું લોહી વહેતું નથી ? તમારા પ્રાણમાંથી એ રજપૂતોની મહત્તા અને તેજસ્વિતાનો અંશમાત્ર પણ બાકી નથી રહ્યો ?

" જો આ પ્રમાણે આળસુ થઇને પરાધીનતાની બેડી પહેરી રાખવાનીજ તમારી મરજી હોય તો તમે તમારા વીર માતાપિતાના આત્માને દુભાવવાના દોષથી દૂષિત થશો. પઠાણોથી રક્ષિત, પઠાણોના તાબેદાર માલદેવ હમણાં ચિતોડમાં નથી; એટલે ચિતોડનો છુટકારો કરવાને આ યોગ્ય અવસર આવી પહોંચ્યો છે. દેશને માટે, જાતીય ગૌરવને માટે તમને જરા પણ લાગણી હોય, પઠાણોની સાથે લડતાં લડતાં ઘાયલ થઇને સ્વર્ગમાં ગયેલા બાપદાદાઓ ઉપર જરા પણ શ્રદ્ધા હોય, તો ખરા રજપૂતની પેઠે દૃઢતાથી આજે ચિતોડનો ઉદ્ધાર કરવા તૈયાર થાઓ. રાણાજી સૈન્ય સાથે કેલવાડા તમારી રાહ જોઇ રહ્યા છે. તમે એમને મદદ આપવા તૈયાર છો, એવી ખબર મળતાં વારજ એ અહીં આવી પહોંચશે."

રજપૂતોને વધારે લાંબો ઉપદેશ આપવાની જરૂર પડી નહિ. તરતજ એમણે વચન આપ્યું કે, "રાણા હમીર ચિતોડમાં પધારશે તો અમે બધા તેમને મદદ કરીશું."

આ સમાચાર હમીરને પહોંચાડવામાં આવ્યા.

જરા પણ વિલંબ કર્યા વગર હમીર પોતાના લશ્કર સાથે ચિતોડ પહોંચ્યો. ચિતોડવાસી રજપૂત સરદારોની સહાયતાથી થોડાજ વખતમાં ચિતોડ હમીરના કબજામાં આવ્યું અને ફરીથી ચિતોડમાં રાણા વંશનો અધિકાર સ્થાપિત થયો.

લક્ષ્મણસિંહ અને તેના અગિયાર પુત્રોના રક્તદાનથી ચિતોડની અધિષ્ઠાત્રી દેવીની રક્તપિપાસા શાંત કરવામાં આવી હતી, તેનું ફળ આજે આટલે બધે દિવસે મળ્યું.

હમીર સંવત ૧૩૫૭ (ઈ. સ. ૧૩૦૧) માં ગાદીએ બેઠો અને ૬૪ વર્ષ સુધી રાજ્ય કરીને ઈ. સ. ૧૩૬૫ માં મૃત્યુ પામ્યો હતો.





૧૫૦–સાધુપત્ની કર્મદેવી

રાજસ્થાનના ઉત્તર ભાગમાં અરિન્ત નામના નાના શહેરમાં મોહિલ નામની એક રજપૂત જાતિ રહેતી હતી. એ નગરમાં મોહિલરાજ માણિકરાવ રાજ્ય કરતો હતો.

કર્મદેવી એ માણિકરાવની કન્યા હતી.

પુગલ નામનું એક બીજું નાનું શહેર હતું. ભટ્ટી વંશનો રાજા રણુંગદેવ એ વખતે પુગલમાં રાજ્ય કરતો હતો. રણુંગદેવનો પુત્ર સાધુ ઘણો બળવાન અને પરાક્રમી હતો. એક દિવસ પોતાના વીર સહચરોને લઇને એ કોઇ યુદ્ધમાંથી પાછો આવતો હતો. સિંધુ નદીના કિનારા સુધીનો બધો દેશ કુમાર સાધુના પ્રતાપથી કંપતો હતો. સાધુના વીરત્વની વાત ચારે દિશામાં પ્રસરી ગઇ હતી. વીરાંગના કર્મદેવી સાધુની વીરતાની પ્રશંસા સાંભળીને મનમાં ને મનમાં તેના ઉપર આસક્ત થઈ.

મેવાડના રાણાઓ ગુહિલોત વંશના છે. એ કુળ સૂર્યવંશની એક શાખા ગણાય છે. મારવાડના રાઠોડો પણ સૂર્યવંશની એક બીજી શાખા મનાય છે. રજપૂતોમાં સિસોદિયા રજપૂતોનું કુળ સર્વશ્રેષ્ઠ ગણાય છે. ત્યાર પછી રાઠોડોનું કુળ છે. એ સમયમાં મારવાડના રાઠોડ રાજાઓની રાજધાની મુંદર નગરમાં હતી. પાછળથી જોધસિંહ નામના એક રાજાએ પોતાની રાજધાની જોધપુરમાં સ્થાપી હતી. મુંદરરાજ ચંડના પુત્ર અરણ્યકદેવ સાથે અરિન્તરાજ માણિકરાવની કન્યા કર્મદેવીની સગાઇ થઇ હતી. રાઠોડવંશમાં કન્યા આપ્યાથી પોતાની પ્રતિષ્ઠા વધશે એમ ધારીને કન્યાનો મત જાણ્યા વગર તેણે એ સગપણ બાંધ્યું હતું.

એ સમયમાં કોઇ યુદ્ધમાંથી પાછા ફરતી વખતે કુમાર સાધુ અરિન્ત નગરમાં આવી પહોંચ્યો. માણિકરાવે એ પ્રખ્યાત વીરનું ઘણું સન્માન કરીને તેને પોતાના નગરમાં આવવા માટે વિનતી કરી.

કર્મદેવીએ પૂર્વે કદી સાધુને દીઠો નહોતો. તેના વીરત્વનાં વખાણ સાંભળીનેજ એ તેના ઉપર આસક્ત થઇ હતી. આજે એ વીરયુવકની વીરતેજથી ચળકતી ભવ્ય મૂર્તિ પોતાની આંખે જોઇને અત્યંત મુગ્ધ થઇ ગઇ. કર્મદેવીએ તેને વરવાનો નિશ્ચય કર્યો.

તેના પિતાએ પહેલેથી રાઠોડ રજપૂત અરણ્યકદેવની સાથે તેનો વિવાહ કર્યો હતો. રાઠોડનું કુળ સાધુના કુળ કરતાં શ્રેષ્ઠ હતું. મારવાડનું રાજ્ય ઘણું પરાક્રમી હતું; પુગલ તો જેસલમીરના તાબાનું એક નાનુંસરખું શહેર હતું. સાધુ એક નાના શહેરના રાજાનો કુમાર હતો. વળી પહેલેથીજ નક્કી કરેલી સગાઇ તોડી નાખવાથી મારવાડનો રાજા તેનું વેર વાળ્યા વગર રહે એમ નહોતું. પ્રબળ મારવાડરાજના ક્રોધમાંથી પોતાનું રક્ષણ કરવા જેટલી શક્તિ પુગલ રાજ્યમાં ક્યાંથી હોય ? આ બધી વાતો કર્મદેવીને તેની સખીઓએ સારી પેઠે સમજાવી; પરંતુ કર્મદેવીએ ઉત્તર આપ્યો: “ઊંચું કુળ અને રાજ્યસંપત્તિ કરતાં,રજપૂત બાળા વીરત્વનો ઘણો આદર કરે છે. સાધુ જેવા વીરની સહધર્મિણી થવાનું મળે તો હું મારવાડના તો શું પણ આખી દુનિયાના રાજ્યને લાત મારવા તૈયાર છું. અંતઃકરણના પ્રેમ વગર રાઠોડ રાજાની રાણી થઇને મંદિરમાં રાજવૈભવ ભોગવવાની મને ઇચ્છા નથી. સાધુની સાથે ઘોડા ઉપર બેસીને ફરવા જવામાં મને ઘણી મજા પડશે. એ વીરના પરાક્રમ અને સદ્‌ગુણોથી મુગ્ધ થઇને હું મનમાં ને મનમાં તેને વરી ચૂકી છું.હવે એજ મારા સ્વામી છે.ભય કે લોભને લીધે હવે હું બીજા કોઇની પત્ની બની શકું એમ નથી. આટલી બહાદુર હોવા છતાં, આટલા બધા યુદ્ધોમાં વિજયી નીવડ્યા છતાં પણ સાધુ મારવાડની વિરુદ્ધ થઇને મારૂં રક્ષણ નહિ કરી શકે તો હું માની લઇશ કે, પાર્થિવ સુખ મારા નસીબમાંજ નથી. તેના મૃત દેહની સાથે ચિતામાં બળી મરીને હું આ પાર્થિવ દેહનો ત્યાગ કરીશ તથા સ્વર્ગમાં એમની સાથે દિવ્ય સુખ ભોગવીશ.”

તેની સખીઓ શાંત થઇ ગઇ. પોતાની કન્યાના દૃઢ સંકલ્પની વાત માણિકરાવના જાણવામાં આવી. કન્યાને સમજાવવા તેણે પણ પ્રયત્ન કર્યો; પણ એ પ્રયત્ન વ્યર્થ ગયો. આખરે માણિકરાવે સાધુની પાસે જઇને કર્મદેવીને વરવાની વિનતિ કરી.

સાધુએ તેની વાતચીત સાંભળી લીધી. એ વિવાહને નિમિત્તે મારવાડના રાજા સાથે યુદ્ધ કરવું પડશે એવી તેને ખાતરી હતી;

પરંતુ યુદ્ધના ભયથી પોતાના પર પ્રેમ રાખનાર વીરાંગનાની વિનતિ પાછી ઠેલે એવો કાયર સાધુ નહોતો. સાધુએ ઘણી ખુશી સાથે માગું સ્વીકાર્યું. યથાસમયે પિતાની રજા લઇને સાધુએ કર્મદેવી સાથે લગ્ન કર્યું.

વિવાહને બીજે દિવસે સાધુ નવવધૂ સાથે પુગલ જવા નીકળ્યો. બધાને ભય એ હતો કે રસ્તામાં મારવાડ રાજ્ય તરફથી તેમના ઉપર આક્રમણ થશે. આથી મોહિલરાજ માણિકરાવે પણ તેમની સાથે ચારપાંચ હજાર સૈનિકો મોકલવાનું કહ્યું હતું; પણ આત્મ-શક્તિ ઉપર આધાર રાખનાર સાધુએ સસરાની એ મદદ સ્વીકારી નહોતી. છતાં પણ માણિકરાવે ઘણો આગ્રહ કરીને પોતાના પુત્ર મેઘરાજને સાતસો સૈનિકો સાથે તેમને વળાવવા મોકલ્યો હતો.

રસ્તામાં એક સ્થળે સાધુ વિશ્રામ કરવા બેઠો. એટલામાં મારવાડ–કુમાર અરણ્યકદેવ ચારપાંચ હજાર સૈનિકોને લઇને સાધુની સામે ઊભો રહ્યો.

કુમાર અરણ્યકદેવ સાચો વીર હતો. તેનામાં રજપૂતોની મહત્તા અને વીરતાનો પૂરો અંશ હતો. આ યુદ્ધ કાંઈ રાજ્ય મેળવવા ખાતર કે રાજ્ય સાચવી રાખવા ખાતર નહોતું, પરંતુ ટેકની ખાતર હતું. અરણ્યકદેવ સાથે જેની સગાઇ થઈ ચૂકી હતી, એવી કન્યાને સાધુ પરણી ગયો તેથી અરણ્યકદેવનું ઘણું અપમાન થયું હતું અને એ અપમાનનો બદલો વાળવાની તેની ફરજ હતી. કર્મદેવીની ખાતર તેને સાધુ સાથે વિવાદ ઉપસ્થિત થયો હતો, પણ એ વિવાદમાં તેની સાથે આબરૂભેર યુદ્ધ કરીને બદલો લેવાની અરણ્યકદેવની ઇચ્છા હતી. ગમે તે પ્રકારે સાધુનો વધ કરવાનો તેનો ઉદ્દેશ નહોતો.

એટલા માટે જ્યારે તેણે જોયું કે પોતાના વિપુલ સૈન્યના પ્રમાણમાં સાધુના સાથીઓની સંખ્યા ઘણીજ થોડી છે; ત્યારે પોતાના સૈનિકોને હુમલો કરવાની મના કરી દીધી.

એની ઉદારતાથી પ્રસન્ન થઇને સાધુએ પ્રશંસાપૂર્વક તેના સામું જોયું.

થોડી વાર પછી બંનેએ દ્વંદ્વયુદ્ધ કરવાનું નક્કી કર્યું; પરંતુ ધીમે ધીમે એમના પક્ષના સૈનિકો પણ એમના દ્વંદ્વયુદ્ધમાં સામેલ થવાને તૈયાર થવા લાગ્યા. આ અન્યાય જોઇને બંને વીરપુરુષો

ચિંતાતુર થયા. આ યુદ્ધ સાધુ અને અરણ્યકદેવની વચ્ચે પોતપોતાના ટેક સારૂ થવાનું હતું, તો પછી નિરર્થક બીજા લોકોના જાનને શા માટે જોખમમાં નાખવા? એમણે સૈનિકોને આઘા જતા રહેવાનો હુકમ આપ્યો અને પાછા બંને જણા દ્વંદ્વયુદ્ધ કરવા માટે તૈયાર થયા.

એ વખતે સાધુ પોતાની પત્ની પાસે છેવટની વિદાય લેવા ગયો. કર્મદેવી એટલો વખત સુધી ઊંચી આંખે ઉત્સુકતાથી યુદ્ધ જોઇ રહી હતી. સાધુ વિદાય માગવા આવ્યો ત્યારે તેણે હસીને કહ્યું: "ઘણી ખુશીથી સિધાવો! મેં મારી આંખે તમારૂં વીરત્વ અને રણકૌશલ્ય કોઇ દિવસ જોયું નથી, આજ એ જોઇને નયન સાર્થક કરીશ. જાઓ, રણક્ષેત્રમાં શત્રુની સાથે વીરતાથી યુદ્ધ કરીને વિજય મેળવો. જય ના મળે તો યુદ્ધક્ષેત્રમાં મરણ પામીને તમારી પ્રતિષ્ઠા સાચવજો. મારી કાંઇ ચિંતા કરશો નહિ. તમારા મૃત્યુથી હું દુઃખી નહિ થાઉં. મારા દુઃખનો વિચાર કરીને યુદ્ધક્ષેત્રમાંથી પાછા આવશો નહિ. યુદ્ધમાં તમે કામ આવશો તો હું તમારી સાથે ચિતામાં પ્રવેશ કરીશ એ ખાતરી રાખજો."

સાધુ અને અરણ્યકદેવ યુદ્ધક્ષેત્રમાં ઉપસ્થિત થયા. વીર પુરુષોની રીત પ્રમાણે બંને એકબીજાને માનપૂર્વક પ્રણામ કરીને દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા.

બંને જણા એક બીજાના મસ્તકને લક્ષમાં રાખીને ઘણીજ સ્ફૂર્તિથી તલવારો ચલાવવા લાગ્યા. તલવારના ઘાથી બંને જણા જમીન ઉપર એક સાથે પડ્યા. થોડી વાર પછી અરણ્યકદેવને ચેતના આવી, પણ સાધુ તો પાછો ઊઠ્યોજ નહિ.

કર્મદેવી ચુપચાપ ઊભી રહીને જોયા કરતી હતી. સાધુ નીચે પડ્યો એટલે એ તેની પાસે ગઇ. તેની આંખમાં આંસુ નહોતાં, મોં ઉપર વિષાદના ચિહ્ન નહોતાં. આ સંસારમાં સ્વામીની સાથે સુખ ભોગવી શકી નહિ તો પરલોકમાં જરૂર અનંતકાળ સુધી એ સ્વર્ગીય સુખ ભોગવાશે, એ વિચારને લીધે પતિના આવા અકાળ મૃત્યુ માટે તેણે જરા પણ ખેદ કર્યો નહિ. એ જાણતી હતી કે સ્વામીના આત્મા સાથે તેનો આત્મા મળી ચૂક્યો હતો. મૃત્યુમાં એટલી શક્તિ ક્યાં છે કે આત્માઓના યોગનો વિચ્છેદ કરી શકે? તો પછી સ્વામીના વીરક્ષેત્રમાં આબરૂભેર થયેલા મૃત્યુથી વીર નારી

કર્મદેવી શા માટે ભયભીત થાય? તરતજ નોકરોને બોલાવીને ચિતા તૈયાર કરવાનો તેણે હુકમ આપ્યો.

ચિતા તૈયાર થઇ. સ્વામીને પોતાના હાથે કાળજીપૂર્વક ચિતા ઉપર સુવાડીને, કર્મદેવીએ તેની તલવાર પોતાના હાથમાં લીધી તથા પોતાને હાથે એ તલવારના ઘાથી બીજો હાથ કાપીને સ્વામીના એક વિશ્વાસુ સેવક સાથે સસરાની પાસે મોકલ્યો અને કહ્યું કે, "સસરાજીને મારા સવિનય પ્રણામ કહેજો. તેમના ચરણનાં દર્શન કરવાનું મારા ભાગ્યમાં લખ્યું નહોતું. આ મારો કપાયલો હાથ તેમના ચરણ આગળ મૂકીને કહેજો કે, તમારી પુત્રવધૂનું રૂપ આવું હતું."

એટલું કહીને તેણે પાસે ઊભેલા બીજા નોકરને તલવાર આપીને કહ્યું: "આ એક હાથ મારાથી કાપી શકાશે નહિ, માટે તું એ હાથ કાપી નાખ."

નોકરે હુકમ પ્રમાણે કર્યું.

કર્મદેવીએ કહ્યું: "આ હાથ તું લઇ જા. એ હાથ મોહિલ રજપૂતોના ભટ્ટી કવિને આપજે."

આ પ્રમાણે બે હાથ કાપીને કર્મદેવી ચિતામાં સ્વામીની પડખે જઇને સૂઇ ગઈ. ચિતા સળગી. જોતજોતામાં વીર અને વીરાંગનાના અનુપમ રૂપમય દેહ બળીને ભસ્મીભૂત થઈ ગયા.

કર્મદેવીનો છિન્ન હાથ પુગલ પહોંચ્યો. વૃદ્ધ રણંગદેવ પુત્રવધૂનો હાથ જોઇને ઘણું રોવા લાગ્યો. ત્યાર પછી ચંદન વગેરે સુગંધીદાર કાષ્ઠની ચિતા ખડકાવીને તેમાં એ હાથનો અગ્નિસંસ્કાર કરાવ્યો તથા એ જગ્યાએ એક મોટું તળાવ બંધાવ્યું. એ તળાવ કર્મદેવી સરોવરના નામથી પ્રખ્યાત થયું.

મારવાડના કુમાર અરણ્યકદેવને સાધુને હાથે જે ઘા લાગ્યા હતા તે ઘા બિલકુલ રૂઝાયાજ નહિ. છ મહિનામાં એ પણ સ્વર્ગવાસ પામ્યો.

૧૫૧–સાધ્વી રૌશનઆરા

જે રમણી રત્નનું જીવનચરિત્ર અમે અહીંયાં આપવા માગીએ છીએ તે મોગલ સમ્રાટ ઔરંગઝેબની બહેન રોશનઆરા નથી, પણ એક બીજીજ સન્નારી છે. એ પવિત્ર હૃદયની સ્ત્રીનું સમાધિમંદિર–'રોજો' બંગાળામાં ૨૪ પરગણામાં બસિર હાટ જિલ્લામાં, કાખુલિયા પરગણામાં, તારા ગુણિયા નામના ગામમાં આવેલો છે અને હજી પણ સાતસો વર્ષ પહેલાંના ઇતિહાસનું સ્મરણ કરાવે છે; પણ એ સન્નારી કોણ હતી અને કેવી રીતે તારાગુણિયા ગામમાં આવી વસી તેનો ઇતિહાસ નીચેના વૃત્તાંત ઉપરથી જણાશે.

ઇ૦ સ૦ ૧૨૭૯ માં મક્કાના જમજમ મહોલ્લામાં એનો જન્મ થયો હતો. એ વિદુષી મહિલાનું ખરૂં નામ રૌશનઆરા હતું, પણ જનસમાજમાં રૌશનબીબીના નામથી પ્રસિદ્ધ થઇ છે. એના પિતાનું નામ સૈયદ કરિમ ઉલ્લા અને માતાનું નામ મિન્નત ઉન્નિસા હતું. એનાં માતપિતા બંને વિદ્વાન અને ધર્મશીલ હતાં. પુણ્યાત્મા સૈયદ કરીમ ઉલ્લાને ચાર સંતાન હતાં. પ્રથમ સંતાન બંગ દેશમાં પ્રખ્યાત થયેલા પીર હજરત સૈયદ અબ્બાસ અલી ઉર્ફે ગોરાચાંદ શાહ હતા. આપણી ચરિત્રનાયિકા તપસ્વિની રૌશનઆરા તેમના સંતાનોમાં બીજી હતી. રૌશનઆરા તથા એમના બે નાના ભાઇ રાજર્ષિ શાહજલાલના આશીર્વાદથી જન્મ પામ્યા હતા, એવી દંતકથા છે.

ઇ૦ સ૦ ૧૨૬૫ માં શાહ ગોરાચાંદ ઉર્ફે સૈયદ અબ્બાસઅલીનો જન્મ થયો હતો અને ૨૪ પરગણામાં હાડોયા ગામમાં હજુ પણ તેમનું સમાધિમંદિર છે. ગોરાચાંદના જન્મના ૧૪ વર્ષ પછી ઇ૦ સ૦ ૧૨૭૯માં પુણ્યશીલા, વિદુષી તપસ્વિની ચિરકૌમારવ્રતધારિણી રૌશનઆરાનો જન્મ થયો હતો.

રોશનઆરાના હૃદયમાં બાલ્યાવસ્થાથીજ ધર્મભાવ જાગૃત

થયો હતો અને ઇશ્વર ઉપર તેની પૂરી ભક્તિ હતી. એને સર્વદા પરમેશ્વરની આરાધના અને જપ કરવાનું તથા કુરાન શરીફનો પાઠ કરવાનું ગમતું. હમેશાં સાચું બોલતી, કોઈ પણ દિવસ જૂઠું બોલતી નહિ; એટલુંજ નહિ, પણ મિથ્યાવાદીઓ ઉપર તેને ખરા અંતઃકરણથી તિરસ્કાર ઊપજતો. બાલ્યાવસ્થાથીજ નઠારા સ્વભાવનાં બાલકબાલિકાઓ સાથે રમવાનું પણ એને પસંદ નહોતું. ઈ૦ સ૦ ૧૨૮૩ માં પાંચ વર્ષની વયે તેને નિશાળે બેસાડવામાં આવી. જે 'મક્તબ' માં તેનો વિદ્યારંભ થયો હતો, તે મક્તબના શિક્ષક હમેશાં કહેતા કે, "આગળ જતાં આ કન્યા આધ્યાત્મિક સાધનામાં અસાધારણ ઉન્નતિ કરશે." રોશનઆરાના ત્યાર પછીના જીવનમાં એ શિક્ષકની ભવિષ્યવાણી અક્ષરે અક્ષર સાચી પડી છે.

મુસલમાન લોકોના ધર્મ અનુસાર બાલકબાલિકાઓને ભણાવવાનુ શરૂ કરતાંવારજ સૌથી પહેલાં એમના ધર્મનો પવિત્ર ગ્રંથ કુરાનનો પાઠ કરાવવામાં આવે છે. હિંદુઓમાં પણ "શ્રીગણેશાય નમઃ" કરાવી ધાર્મિક સંસ્કારો બાળકોના ચિત્ત ઉપર પાડવાનો રિવાજ હતો, તેને બદલે હવે તો 'બા ચા પા' થીજ આરંભ કરી વિદેશીઓના આ પરમ પ્રિય પેયનું ધ્યાન ધરાવાય છે. અસ્તુ! રોશનઆરાનો અભ્યાસક્રમ પણ એજ પ્રાચીન રિવાજ મુજબ ચાલ્યો. ઈ૦ સ૦ ૧૨૯૨ સુધી, એટલે કે દશ વર્ષ પર્યંત તેણે ગુરુજી પાસે અરબી સાહિત્ય અને વ્યાકરણ આદિનો અભ્યાસ કર્યો. ૧૨૯૩ ની સાલમાં એણે નિશાળે જવું બંધ કર્યું અને ઘેર બેસીનેજ ભાષાતત્ત્વ, અલંકારશાસ્ત્ર અને દર્શનશાસ્ત્રના વિવિધ ગ્રંથોનો અભ્યાસ ટીકાટિપ્પણી તથા વ્યાખ્યાસહિત શરૂ કર્યો. એજ સમયમાં ઇમન નગરના પ્રખ્યાત દરવેશ—સાધુ શાહ—અહમદ કવિવરના મુખ્ય શિષ્ય રાજર્ષિ શાહ હોસેનની પાસે દીક્ષા ગ્રહણ કરીને તે 'મુરીદ' બની.

વિદુષી રોશનઆરા તેના અસાધારણ સૌંદર્યને લઇને આખા મક્કા નગરમાં પ્રખ્યાત થઇ ગઇ હતી. વળી એણે ઘણી નાની વયમાંજ પૂરતી વિદ્યા પ્રાપ્ત કરી હતી. ધર્મ પ્રતિ તેને અગાધ વિશ્વાસ હતો અને રાતદિવસ તત્ત્વચિંતવનનોજ તેને શોખ હતો, એટલે એના સદ્ગુણોની સુવાસ મક્કામાં પ્રસરી ગઇ અને કોરેશીવંશના અનેક મનુષ્યો તેને પુત્રવધૂતરીકે સ્વીકારવાની

ઇચ્છા પ્રગટ કરવા લાગ્યા અને એ ઉદ્દેશથી તેના પિતા સૈયદ કરીમઉલ્લાની આગળ માગાં મોકલવા લાગ્યા. સૈયદ કરીમઉલ્લા પણ કન્યા મોટી થઇ છે અને વરવા યોગ્ય છે, એ વિચારથી સારા વરની તપાસમાંજ રહેતા હતા. ઘણી તપાસ પછી કુળવાન અને સુયોગ્ય વરનો પત્તો લાગ્યો; પરંતુ ઇસ્લામશાસ્ત્રનો એવો નિયમ છે, કે ઉંમરે પહોંચેલી કન્યાનું લગ્ન તો શું, એની સગાઇ પણ એની પોતાની મરજી વગર ન થઇ શકે; એટલા માટે વિવાહ-સંબંધી કન્યાનો શો અભિપ્રાય છે, એ જાણવાનું કામ કરીમઉલ્લાએ પોતાની એક સગીને સોંપ્યું.

એક દિવસ મધ્યાહ્નકાળે રૌશનઆરા પોતાના ઉપાસના-ગૃહમાં બેસીને તન્મય અને તદ્ગત થઇને કુરાન શરીફનો પાઠ કરી રહી હતી. એ વખતે પેલી વૃદ્ધ સગી ત્યાં પહોંચી અને પાઠ સાંભળવા લાગી. જ્યારે કુરાનનો પાઠ સમાપ્ત થયો, ત્યારે પેલી ડોશીને રૌશનઆરાએ પૂછ્યું: "આપ તો આ વખતે કદી પધારતાં નથી. આજ કવખતે પધારવાનું પ્રયોજન શું છે?" ઉત્તરમાં ડોશીએ તેના વિવાહ સંબધી બધી હકીકત માંડીને કહી. રૌશનઆરાએ કહ્યું: "માજી! મેં પ્રથમથીજ એક જણને મારૂં હૃદય અર્પણ કર્યું છે. જો એની સાથે મારૂં લગ્ન થશે તો હું ખુશીથી લગ્ન કરીશ." ડોશીનું કુતૂહલ વધી પડ્યું અને તેણે પૂછ્યું: "તારા હૃદયરાજ્યનો અધીશ્વર તેં કોને બનાવ્યો છે, એ કહે. હું તેનેજ ખોળી કાઢીશ અને તારા આ શૂન્ય સિંહાસન ઉપર એને પધરાવીશ." એ વાક્યો સાંભળતાંજ રૌશનઆરાએ કહ્યું: "પરમ આરાધ્ય ખુદા તાલાને મેં આ હૃદય સમર્પણ કર્યું છે. એજ મારા એકના એક પ્રણય-પાત્ર છે—આશક છે. તમે એમની સાથે મારૂં લગ્ન કરાવી આપશો? જો એમ ન કરી શકતાં હો, તો નાહક બીજા કોઈ સાથે મારી સગાઇ કરવાની ખટપટમાં પડવાની તસ્દી લેશો નહિ."

ડોશીએ જઇને કન્યાના પિતાને બધી વાત કહી સંભળાવી. પિતાએ પુત્રીનો વિચાર બદલાવવા સારૂ, સાધુ હુસેનનું શરણુ લીધું. મહર્ષિ હુસેને આરંભથી માંડીને બધો વૃત્તાંત સાંભળ્યા પછી કહ્યું: "આપ રૌશનઆરાની ઇચ્છા વિરુદ્ધ જબરદસ્તીથી એનું લગ્ન કરશો નહિ; કારણકે એ બ્રહ્મજ્ઞાનની ઉચ્ચ સીડીએ ચડી ચૂકી છે. હવે એ રિપુઓને અધીન નથી. સંસારના કોઈ પદાર્થ ઉપર તેને આસક્તિ રહી નથી." લાચારીએ કરીમઉલ્લાએ

રૌશનઆરાના લગ્નનો વિચાર માંડી વાળ્યો અને બીજા પુત્ર સાહદત અલી તથા નાની છોકરી મેહરે આરાનાં લગ્ન ઉકેલી નાખ્યાં. એ લહાવો લીધા પછી થોડા દિવસોમાં કરીમઉલ્લા અને તેમનાં પત્નીએ પણ એકે એકે આ સંસારનો ત્યાગ કર્યો. માત-પિતાના મૃત્યુથી રૌશનઆરાને ઘણો શોક થયો; પરંતુ વિધાતાના વિધાન આગળ કોઇનું કાંઇ ચાલતું નથી. તેની આગળ લાખ રૌશનઆરાને પણ હાર માનવી પડે છે. લક્ષ રૌશનઆરાની એકઠી શક્તિ પણ પ્રભુની ઇચ્છા આગળ તુચ્છ છે.

એ બનાવ બન્યા પછી કેટલેક દિવસે મહર્ષિ હુસેન શાહે રૌશનઆરાને ઘેર જઈ દર્શનશાસ્ત્રની ચર્ચા કરીને કહ્યું: “ખુદા તાલાની આજ્ઞાથી હું થોડાકજ સમયમાં ભારતવર્ષ તરફ રવાના થનાર છું, તારે કાંઈ જાણવું પૂછવું હોય તો પૂછી લેજે.” એ વખતે રૌશનઆરાએ કહ્યું: “હજરત એકલાજ ભારતવર્ષ પધારવાના છો ?” શાહ સાહેબે જણાવ્યું કે, “ના મારા શિષ્યોમાંથી ઘણા મારી સાથે આવનાર છે.” એ ઉપરથી રૌશનઆરાએ કહ્યું: “હજરતની આજ્ઞા હોય તો મને પણ આપની સાથે ભારતવર્ષ આવવાની ઇચ્છા થઈ છે.” મહર્ષિએ રૌશનઆરાની ઇચ્છા જાણીને કહ્યું: “ઠીક છે, પણ તારા ભાઈની સમાધિની જાત્રા તારા નસીબમાં નથી લખાઈ, છતાં પણ તું ભારતવર્ષ આવી શકીશ; મારે કાંઈ વાંધો નથી.” એમની એ વાત સાંભળીને રૌશનઆરાના નાના ભાઇ શાહાદતઅલી તથા તેની પત્ની જિનત્ ઉન–નિસાએ પણ ભારતવર્ષ જવાની ઇચ્છા પ્રગટ કરી. મેહર આરા સ્વામીની સાથે સુખપૂર્વક સાસરે રહેતી હતી, એટલે એને પ્રબળ ઇચ્છાનું દમન કરવું પડયું. યથાસમયે મહર્ષિ શાહહુસેન સ્ત્રીપુરુષ મળીને ૧૬૫ શિષ્યો સહિત ભારતવર્ષ તરફ રવાના થયા અને ઇ. સ૦. ૧૩૨૧ના અંતમાં બાદશાહ ગ્યાસુદ્દીન તઘલખના રાજ્યામાં ઠાઠ સહિત દિલ્હી આવી પહોંચ્યા.

બાદશાહ ગ્યાસુદ્દીને મહર્ષિ હુસેન અને તેમના ફકીર શિષ્યોનો ઘણો આદરસત્કાર કર્યો. મહર્ષિ થોડાક દિવસ સુધી પોતાના મુરીદોની સાથે દિલ્હીમાં રહ્યા, ત્યાર પછી શિષ્યોને કેટલાક દળમાં વહેંચી નાખીને, દરેક દળને ભારતવર્ષના ભિન્ન ભિન્ન સ્થાનમાં મોકલવાનું આરંભ્યું અને શાહ સાહેબ પોતે મૃત્યુના દિવસ પર્યંત દિલ્હીમાં રહ્યા હતા. દિલ્હી નગરમાં આજ

પણ તેમનો મકબરો વિદ્યમાન છે અને તેમની પુણ્યગાથાનો પ્રચાર કરી રહ્યો છે. શાહસાહેબે મોકલેલા શિષ્યોની એક ટોળી બંગાળામાં જઇ પહોંચી. એ ટુકડીમાં સાધ્વી રોશનઆરા તથા તેના ભાઈભોજાઇ હતાં. બાદશાહ ગ્યાસુદ્દીન બળવો શમાવવા સારૂ બંગાળા ગયા હતા. તે વખતે એ સાધુઓને પણ પોતાની સાથે બંગ દેશમાં લેતા ગયા હતા. શિષ્યોને વિદાય કરતી વખતે શાહસાહેબે તેમને ખાસ પ્રકારે ઉપદેશ આપ્યો હતો કે, કેવી રીતે રહેવું અને ક્યાં ક્યાં રહેવું. દરેક શિષ્યના હાથમાં એમણે એક મૂઠી ભરીને માટી આપી હતી અને કહ્યું હતું કે, “આ માટીના જેવી સુગંધવાળી માટી જ્યાં આગળ મળી આવે ત્યાં આગળ તમારો આશ્રમ કાયમ કરજો.” કેવળ રોશનઆરાને એવું કહ્યું હતું કે, “જે સ્થળે તને દિવસને વખતે તારા દેખાય તે સ્થળે તારે આશ્રમ કરવાનું વિધાતાએ નિર્માણ કર્યું છે, એમ સમજવું. તારે એ સ્થાનમાંથી ખસવું નહિ.”

મહર્ષિ હુસેનના એ શિષ્યો બંગાળામાં વિચરવા લાગ્યા અને ગુરુની આજ્ઞાનુસાર જે સ્થાનની માટીની સુગંધ પોતાની પાસેની માટીને મળતી આવી ત્યાંજ વસવા લાગ્યા. આ પ્રમાણે એમની સંખ્યા ઘટવા લાગી. એક દિવસ રોશનઆરા, એમના ભાઇ તથા ભાભી એક નોકામાં બેસીને ઇચ્છામતી નદી ઓળંગી રહ્યાં હતાં, એવામાં એક સ્થળે દિવસને સમયે તેમણે તારો દીઠો. તેમણે ત્યાંથી આગળ જવાનું બંધ કર્યું અને ગુરુની આજ્ઞા પ્રમાણે એજ સ્થાનને પોતાનું નિવાસસ્થાન નક્કી કર્યું. હજુ પણ એ સ્થાન ‘તારા ગુણિયા’ નામથી પ્રસિદ્ધ છે. પહેલાં ત્યાં આગળ વસતી નહોતી, પણ રોશનબીબીના વસ્યા પછી ત્યાં આગળ ગામ વસ્યું અને હાલ પણ ઇચ્છામતીને પશ્ચિમ કિનારે એક સારૂં ગામ વસેલું છે. પ્રારંભમાં ત્યાં આગળ વસતી નહિ હોવાથી રોશનઆરાને પોતાના સાથીઓ સહિત થોડા દિવસ તો નોકામાંજ રહેવું પડયું. ત્યાર પછી વૃક્ષની નીચે એક ઝૂંપડી બાંધીને ત્યાંજ રહ્યાં. થોડા દિવસમાં તેમના આવ્યાની ખબર આસપાસનાં ગામોમાં પહોંચી ગઇ અને તેમનાં દર્શન કરીને પુણ્યસંચય કરવા સારૂ ચારે તરફથી લોકો આવવા લાગ્યાં. રોશનઆરા પણ તેમને સદુપદેશ આપવા માંડી. પોતાની મનોવાંચ્છના પૂર્ણ કરવાના ઉદ્દેશથી જે કોઈ તેની પાસે જતું, તેની મનોકામના વાજબી હોય

તો રૌશનઆરા આશીર્વાદ અને પ્રભુપ્રાર્થનાદ્વારા એ પણ પૂર્ણ કરતી. કોઇ વાંઝિયાને ઘેર પુત્રપ્રાપ્તિ થઈ, કોઇનો રોગ મટયો, કોઇનું દારિદ્રય ગયું, એવા એવા ચમત્કારો થવાથી રૌશનઆરાનો યશ સર્વત્ર વ્યાપી ગયો અને દુઃખી તથા આતુર લોકોની ભીડ જામવા લાગી. ધીમે ધીમે ત્યાં આગળ ગામ પણ વસી ગયું. ખરા ઇશ્વરભક્ત સાધુઓની સેવા કરવામાં હિંદુઓ જાતિભેદ કે ધર્મ-ભેદને જોતા નથી. મુસલમાન સંતોનો સમાગમ કરવા, તેમની સેવા તથા ભક્તિ કરવા અને તેમનો આશીર્વાદ લેવા તેઓ સદા તત્પર રહે છે. ખરા મુસલમાન સંતો પણ હિંદુમુસલમાનને એક દૃષ્ટિએ જુએ છે અને પોતાના આધ્યાત્મિક અનુભવનો લાભ બન્નેને એકસરખો આપે છે. ધાર્મિક દ્વેષ અને ઝગડાઓ તો પુરોહિતો, કાજીઓ, મુલ્લાંઓ કે જેમનો નિર્વાહજ ધર્માંધતા ઉપર રહેલો હોય છે તેમની સંકુચિત દૃષ્ટિને લીધે થાય છે. સ્વાર્થને તિલાંજલિ આપી, પ્રભુમાં તન્મય થયેલા સર્વત્યાગી સંન્યાસી-બ્રહ્મવાદીને માટે તો વસુધાનાં દરેક મનુષ્ય એકસમાન પ્રિય હોય છે. રૌશનઆરાના સંબંધમાં પણ એમજ હતું. એ ગામના એક નાગ બાબુ એમની પાસે આવતા અને ઘણી ભક્તિ પ્રગટ કરતા. સાધ્વીની પ્રસન્નતાને લીધે નાગ બાબુએ પુષ્કળ ધન પેદા કર્યું અને અનેક ગામ ખરીદીને પ્રતિષ્ઠિત જમીનદાર બન્યા. એમ કહેવાય છે કે, રૌશનઆરાએ નાગ બાબુને ત્રણ કામ કરવાનો નિષેધ કર્યો હતોઃ— "(૧) જમીનદારીના ગામની કોઇ પણ પ્રજાને કદી પણ પીડા આપવી નહિ. (૨) અહંકાર અને તમોગુણને હૃદયમાં કદી પણ સ્થાન આપવું નહિ. (૩) મારા સેવકો પ્રત્યે કદી પણ અભક્તિ અથવા અશ્રદ્ધા પ્રગટ કરવી નહિ. જો આ ત્રણે ઉપદેશની વિરુદ્ધ આચરણ કરશો તો પડતી દશા આવશે." નાગ બાબુનાં સંતાનોએ એ ઉપદેશ પ્રમાણે અમલ ન કર્યો, ત્યારે તેમની પડતી દશા પણ આવી.

કેટલાંએક વર્ષ આ પ્રમાણે પ્રભુભક્તિ તથા ધર્મોપદેશમાં વ્યતીત થયાં. પછી એક દિવસ રૌશનઆરાને તાવ આવ્યો. ભક્તોએ સેવાશુશ્રૂષા કરવામાં કાંઇ ન્યૂનતા રાખી નહિ. એમના ભાઈએ વૈદને બોલાવવાનું કહ્યું, ત્યારે જણાવ્યું કે, "મારો આ રોગ મટનાર નથી. મને મહાયાત્રાને સારૂ ખુદાના ઘરનું તેડું આવ્યું છે." એ દિવસના તાવમાં ઇ. સ. ૧૩૪૨ માં ૬૪ વર્ષની

વચ્ચે સાધ્વી રૌશનઆરાએ સ્વર્ગવાસ કર્યો. તારાગુણિયા ગામમાં આજ પણ તેમનું સમાધિમંદિર વર્તમાન છે. સૈયદ શાહાદત અલીના વંશજો એ રોજાના સેવક તરીકે ત્યાંજ વસે છે. તેમની કબરને હજુ પણ લોકો પૂજે છે અને તેના સંબંધી અનેક ચમત્કારોની વાતો ગામવાસીઓમાં પ્રચલિત છે.

મક્કાવાસી પવિત્ર અને વિદુષી રમણી રૌશનઆરાએ ગુરુ-આજ્ઞા માનીને ભારતનેજ પોતાનો દેશ બનાવ્યો અને ભારતની પવિત્ર ભૂમિમાંજ પોતાના પંચમહાભૂતના પૂતળાને મેળવી દીધું. એવી પવિત્ર વ્યક્તિઓનાં ચરિત્રનું સ્મરણ હિંદુમુસલમાનોનાં હૃદયને એકતાના મજબૂત સૂત્રથી બાંધો, એજ અમારી પ્રાર્થના છે. રૌશનઆરાના ત્યાગ અને પ્રભુપ્રેમની કથા હિંદુ વાચકોના હૃદયમાં પણ તેને માટે ભક્તિભાવનો સંચાર કર્યા વગર રહેશે નથી.*



* દાક્તર અબ્દુલ ગફુર સિદ્દીકના એક બંગાળી લેખનો ઉચિત ફેરફાર સહિત અનુવાદ. —પ્રયોજક

१५२–मखदूम-ई-जहां-बिदरनी बेगम

દક્ષિણમાં ઇ. સ. ૧૩૪૭ માં અલાઉદ્દીન હુસેન ગંગુ નામના એક અફઘાન મુસલમાને પોતાના આગલા સ્વામીના સ્મરણાર્થે 'બ્રાહ્મણી વંશ' ની સ્થાપના કરી હતી. એ વંશમાં કેટલાએ પ્રતાપી બાદશાહ થયા. બેએક સ્ત્રીઓ પણ થઇ ગઇ. પ્રસિદ્ધ સુલતાના ચાંદબીબી એજ વંશની હતી. એનાં શૌર્ય, પ્રતાપ અને રાજનીતિનો પરિચય તેના ચરિત્રમાં આ ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. એના પણ પહેલાં એ વંશમાં એક વીર, ચતુર અને રાજકાર્યમાં કુશળ સુલતાના થઈ ગઇ છે.

આ વંશની રાજધાની પહેલાં ઇતિહાસપ્રસિદ્ધ બિદર નગરમાં હતી. એ શહેર અહમદશાહ સુલતાને ભીમા નદીને કિનારે એક સુંદર અને રમણીય સ્થાનમાં વસાવ્યું હતું. કાળચક્રની ગતિથી બિદરનો પુરાણો વૈભવ આજ રહ્યો નથી. હવે તો એ નાનુંસરખું કસબાનું ગામ છે. બિદરના નાશનું મુખ્ય કારણ એના રહેવાસીઓનો કુસંપ હતું. ત્યાં આગળ દેશી અને પરદેશી એવા બે ભાગ પડી ગયા હતા. જે મુસલમાનો ત્યાં ઘણા લાંબા સમયથી વસ્યા હતા, તે દેશી ગણાતા હતા અને નોકરીધંધાની ખાતર આવી વસેલા ઇરાની, કાબૂલી વગેરે પરદેશી કહેવાતા હતા.

સુલતાન અલાઉદ્દીન બીજાના મૃત્યુ પછી ઇ. સ. ૧૪૫૮ માં એનો પુત્ર હુમાયુ શાહ ગાદીએ બેઠો. એ હુમાયુ આપણી ચરિત્રનાયિકાનો પતિ થાય. એના સમયમાં દેશી અને પરદેશી પક્ષોમાં પરસ્પર મોટો કજિયો ઊભો થયો હતો. દેશી પક્ષનો આગેવાન ખ્વાજા જહાં હતો અને પરદેશીઓનો નેતા મહમૂદ ગવાં હતો. એ બન્નેમાં બહુજ સખ્ત હરીફાઇ ચાલતી હતી. ગવાં ઘણો બુદ્ધિમાન અને હોશિયાર હતો. સુલતાને તેને 'મલિક ઉત્–

તજ્જાર' નો ખિતાબ આપ્યો હતો તથા બિજાપુરનો સૂબો બનાવ્યો હતો. ખ્વાજા જહાંથી એની ચડતી દેખી શકાઇ નહિ. અદેખાઇનું જોર દિવસે દિવસે એનામાં વધતુંજ ગયું.

હુમાયુ ઘણો કઠોર રાજ્યકર્તા હતો. મૂર્ખતાની તો એ મૂર્તિ હતો. એના જેવો અયોગ્ય રાજકર્તા દક્ષિણમાં ભાગ્યેજ બીજો કોઇ થયો હશે. એની વૃત્તિઓ ઘણીજ રાક્ષસી હતી. એક વાર એ રાજ્યની તપાસ કરવા સારૂ ક્યાંક ગયો હતો, એ વખતે રાજમહેલમાં કાંઇ ગડબડ થઇ ગઈ. કોનો વાંક છે, તેની તપાસ ન કરતાં એકદમ હજારો કમનસીબ માણસો જીવતાં બળતી કઢાઈઓમાં ઉકાળીને મારી નાખ્યાં. પોતાના સગા ભાઈ હસનખાંને પણ ક્રૂરતાથી મારી નંખાવ્યો હતો. કોઇ કહે છે કે, જીવતાં એની આંખો ફોડાવી નાખી હતી; તો કોઈ કહે છે કે, વાઘના મોં આગળ છોડી દઇને એનો પ્રાણ લેવરાવ્યો હતો. રાજગાદી, વૈભવ અને સત્તા મળ્યા પછી પ્રમાદી મનુષ્ય ઉન્મત્ત બની જઇને શું શું નથી કરતો ? નિર્દોષ મનુષ્યોની હાય કદાપિ ખાલી જતી નથી. ભરજુવાનીમાં ગંભીર મંદવાડ ભોગવીને એ દુરાચારી બાદશાહ મરણ પામ્યો. મરતી વખતે એ પોતાના આઠ વર્ષના સગીર પુત્રને યુવરાજ, ગવાંને મુખ્ય મંત્રી, ખ્વાજાને સહાયક અને બેગમને પોતાની વારસ બનાવતો ગયો. હવે અમે બેગમ સાહિબાના સંબંધમાં કાંઇક લખીશું.

હુમાયુનું મૃત્યુ બ્રાહ્મણી રાજ્યને માટે ખરેખર લાભદાયીજ નીવડયું. "ઝાલિમ" (અત્યાચારી–આતતાયી) નામથીજ પ્રસિદ્ધ થયેલો એ બાદશાહ લાંબો વખત જીવ્યો હોત, તો રૈયતને કોણ જાણે કેટલીએ જાતનાં દુઃખ દેત ! બાદશાહ જેટલો કઠોર અને સાંકડા મનનો હતો, તેટલીજ તેની બેગમ દયાળુ, સદાચારી અને ઉદાર મનની હતી. કાદવ અને કમળના સંયોગ જેવો એમનો સંબંધ મનાતો હતો. પતિના મૃત્યુ પછી બેગમે પુત્રને યુવરાજ તરીકે ગાદી ઉપર બેસાડવાની ક્રિયા કરી અને પોતાના રાજનીતિ સંબંધી ઉત્તમ જ્ઞાનને લીધે ગવાં જેવા મંત્રીની સહાયથી રાજ્યની અવ્યવસ્થાને જલદી સુધારી દીધી.

હુમાયુના મૃત્યુના સમાચાર બીજા પ્રાંતોમાં પહોંચતા વારજ માળવાના સુલતાનની દાનત બગડી અને તેણે વિચાર કર્યો કે, બાદશાહ મરણ પામ્યો છે, રૈયત અસંતુષ્ટ અને દુઃખી છે, શાહ-

જાદો બાળક છે; બિદર જીતવાને માટે આના કરતાં સારો લાગ ફરીને મળવાનો નથી." એટલા માટે જલદી એક મોટી સેના તૈયાર કરીને એણે બિદર ઉપર ચડાઈ કરી. એક નિરાધાર અબળાનું રાજ્ય વગર વાંકે પડાવી લેવાનો પ્રયત્ન કરવો એ માળવેશ્વરને માટે ઘણી શરમની વાત હતી; પરંતુ લોભ મનુષ્યનો પરમ શત્રુ છે. એ વિકારને વશ થઇ મનુષ્ય ગમે તેટલાં અન્યાયી કામ કરે છે.

બેગમને જ્યારે સમાચાર મળ્યા કે, માળવાનો મુસલમાન રાજા પોતાના રાજ્ય ઉપર ચડાઇ કરવા સારૂ આવી રહ્યો છે, ત્યારે એના ક્રોધનો પાર રહ્યો નહિ. એ ગભરાઇને આકળી ન થઇ ગઇ, પણ પુખ્ત વિચાર કરીને માળવેશ્વરની સાથે યુદ્ધ કરવા સારૂ એક મજબૂત સૈન્ય જલદી તૈયાર કરવાની સેનાપતિને આજ્ઞા આપી અને પોતે પણ વીરવેશ ધારણ કરીને યુદ્ધક્ષેત્રમાં સેનાપતિ તરીકે જવા તૈયાર થઈ. બેગમનું સાહસ, વીરતા અને શૌર્ય દેખીને સૈનિકો પ્રસન્ન થયા. એની સરદારી નીચે તેઓ પ્રાણ આપીને પણ બિદરની સ્વતંત્રતાનું રક્ષણ કરવા તૈયાર થયા.

માળવેશ્વર બિદરની સીમા ઉપર આવી પહોંચ્યો. બેગમ લશ્કર સહિત વીરાંગનાને છાજે એવી રીતે તેની, સામે ટક્કર લેવા તૈયાર થઇને ગઇ. બન્ને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. બેગમના શૌર્ય અને પરાક્રમથી માળવેશ્વર છક્ થઇ ગયો; યુદ્ધમાં સ્ત્રી પણ આવી વીરતા દાખવી શકે છે, એ એણે પહેલીજ વાર જોયું. એ બહાદુર સ્ત્રી આગળ પોતાનું કાંઇ ચાલવાનું નથી, પરાજય નિશ્ચિત છે, એમ ધારીને રાજા શરમિંદો થઇને વીલે મોંએ પાછો માળવા પહોંચ્યો. બિદરની બેગમે બાલ્યાવસ્થામાંજ સ્વદેશપ્રેમ, રાજનીતિ, વીરતા અને યુદ્ધવિદ્યાનું શિક્ષણ મેળવ્યું હતું. એજ શિક્ષણને અમલમાં મૂકીને આ વખતે એણે પોતાના રાજ્યનું શત્રુના આક્રમણમાંથી રક્ષણ કર્યું.

બેગમે શત્રુ તરફની આ આફતને મહામહેનતે ટાળી હતી, એવામાં એના ઉપર બીજી વધારે ગંભીર દૈવી આપત્તિ આવી પડી. સગીર સુલતાનનું લગ્ન નક્કી થઇ ચૂક્યું હતું, એવામાં અચાનક એનું મૃત્યુ થયું. માતાના ઉપર વજ્રનો ઘા થયો; પણ બેગમ ઘણી ધૈર્યવાળી સ્ત્રી હતી. રાજ્યની લગામ હાથમાં લીધા પછી સ્ત્રી હોય કે પુરુષ, પણ તેને હૃદય કઠણ કર્યા વગર ચાલતું નથી. પથ્થર સરખી છાતી કરીને એણે પોતાના બીજા શાહજાદા

મહંમદને ગાદીએ બેસાડ્યો અને પોતે પ્રજાના હિતની ખાતર પહેલાંની પેઠેજ રાજ્ય ચલાવવા લાગી.

ખ્વાજા જહાં અને મહંમદ ગવાંના એકબીજા પ્રત્યેના દ્વેષની બાબત અમે આગળ કહી ગયા છીએ. મહંમદ ગવાં ખરો સ્વામીભક્ત, પ્રમાણિક અને સદાચારી હતો; પરંતુ ખ્વાજા જહાં સ્વભાવથીજ ક્રૂર અને કુટીલ હતો. બેગમને આપત્તિમાં પડેલી જોઇને એણે પોતાની ક્રૂરતાનો આરંભ કરી દીધો. ગવાં જેવા સજ્જન અને બેગમ જેવી સતી એના છળકપટને એકદમ સમજી શક્યાં નહિ. ખ્વાજા જહાંના પ્રપંચોને પહેલેથી કોઈ સમજી ન શક્યું, તેનું પરિણામ ઘણું ભયંકર આવ્યું. ધૂર્ત ખ્વાજા જહાંએ ખાસ બિદરનો રાજ્યપ્રબંધ પોતાના હાથમાં લઇ લીધો અને બાકીના આખા દેશનો વહિવટ મહંમદ ગવાંને સોંપ્યો; એટલે ગવાંને ઘણુંખરૂં બિદરની બહારજ રહેવું પડતું. ખ્વાજા નગરમાં રહીને રાજ્યપ્રબંધ કરવા લાગ્યો અને ધીમે ધીમે રાજ્યના બધા અધિકારોને પોતાના હાથમાં લેતો ગયો. એને ખાતરી હતી કે, ગવાં બહાર રહે છે, સુલતાન બાળક છે, બેગમ પડદામાં રહેનારી છે; એને મારા છળપ્રપંચની શી ખબર પડનાર છે ? પણ એને ખબર નહોતી કે, પડદાની આડમાંથી પણ બેગમ એનાં બધાં કાર્યોને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇ રહી હતી. બેગમે જ્યારે જોયું કે, એ ધૂર્ત પોતાના પ્રપંચની જાળ ફેલાવતોજ જાય છે, ત્યારે એણે સુલતાનને કહ્યું: “ બેટા ! આ માણસ વિશ્વાસઘાતી છે. કોણ જાણે કયી વખતે શું કરી બેસે તે કહેવાય નહિ; માટે કાલેજ ભર્યા દરબારમાં એનો ફેંસલો કરી દે.”

બીજે દિવસે અમીરઉમરાવોની સામે સુલતાને મહંમદ જહાંની વિશ્વાસઘાતકતાનું પોગળ ઉઘાડું પાડ્યું અને એનો ઇશારો થતાં એક સૈનિકે દરબારની વચમાંજ એનું શિર ઉડાવી દીધું. બેગમની આ ચતુરાઇની અસર જહાંના મળતિયા, બીજા ગુપ્ત શત્રુઓ અને નિમકહરામ નોકરો ઉપર ઘણી સારી થઇ. દુરાચારી જહાંને બરાબર બદલો મળેલો જોઇને બીજા લોકો પણ ચેતી ગયા કે, આપણી કોઈ હિલચાલ આ ચતુર અને દૂરંદેશી બેગમથી છાની રહેવાની નથી અને કાવતરાંની ખબર પડી જતાં બેગમ બદલો વાળ્યા વગર પણ રહેવાની નથી. તેના આ કૃત્યથી રાજ્યમાં ધાક બેસી ગઇ.

મનુષ્યોને પારખવાની શક્તિ બેગમમાં ઘણી સારી હતી. મહંમદ ગવાંની સ્વામીભક્તિ અને સદાચારની ખાતરી થઇ ગઇ હતી, એટલે એ વિશ્વાસુ મંત્રીને રાજકાજ સોંપીને પોતે ઇશ્વર-ભજનમાં વખત ગાળવા લાગી. ગવાં પણ બેગમને માતા સમાન ગણીને ભક્તિપૂર્વક તેની આજ્ઞાનું પાલન કરતો હતો અને રાજ્યનો બધો કારભાર એની સંમતિથીજ કરતો હતો. ગવાંની પ્રમાણિકતા અને નિસ્પૃહતા વખાણવા યોગ્ય હતાં.

બેગમની રાજકાજમાં કુશળતા ઊંચા પ્રકારની હતી અને તેને લીધે તેનું નામ ઇતિહાસમાં યાદગાર રહેશે. મહંમદશાહ મોટો થયા પછી રાજકાર્યમાં બેગમ મખદૂમ–ઈ–જહાંની સલાહ લેતો અને દરરોજ તેને સલામ કરવા જતો. મહંમદ શાહે નલગવાંના કિલ્લા ઉપર ચડાઇ કરી, ત્યારે બેગમ માતા એની સાથે હતી અને એજ અરસામાં તેનું મૃત્યુ થયું.×

૧૫૩–ગંગાદેવી

એ વિજયનગરના પ્રાચીન રાજ્યના સ્થાપકના રાજા રાજકુમાર કંપનદેવની પત્ની હતી. ઈ. સ. ના ૧૪ મા સૈકામાં તેનો જન્મ થયો હતો. એણે ભક્તિમાર્ગની કવિતા સંસ્કૃત ભાષામાં રચી છે.

× મુસ્લિમ મહિલારત્ન મશાહિર નિસ્વાન ડિક્ષનેરી ઓફ ઓરિએન્ટલ બાયોગ્રાફી ઉપરથી.

૧૫૪–લાલદેડ

એ શૈવ સંપ્રદાયની યોગિની હતી. ઇ. સ. ના ૧૪મા સૈકામાં એ થઇ ગઇ છે. કાશ્મીરમાં ઇસ્લામ ધર્મનો પ્રચાર કરનાર સૈયદ અલી હમદની પણ તેના ઉપર બહુ અસર થઇ લાગે છે. એણે ભક્તિમાર્ગનાં કાવ્ય રચ્યાં છે; પણ એમાં કોઇ ખાસ દેવ કે મૂર્તિની પ્રશંસા નથી. પ્રભુને મિત્રરૂપે વર્ણવી પ્રભુની સાથે એકતા સાધવાનો પ્રયાસ તેનાં કાવ્યોમાં જણાઇ આવે છે. કાશ્મીરી ભાષામાં એણે કાવ્યો રચ્યાં છે.

ખરી મુક્તિ કોણ પ્રાપ્ત કરે છે, તે સંબંધમાં એ લખે છેઃ–

“ કેટલાક મનુષ્યો ઘોર નિદ્રામાં હોવા છતાં જાગૃત હોય છે; તેથી વિપરીત કેટલાક પવિત્ર સરોવરમાં સ્નાન કરતા હોવા છતાં, અપવિત્ર છે; ત્યારે એથી ઊલટું કેટલાક એવા પણ છે કે, જે ગૃહસંસારની જંજાળમાં રાતદિવસ ગ્રસાયલા હોવા છતાં, કર્મબંધનથી મુક્ત રહે છે. એવાજ મનુષ્યો જીવન્મુક્ત છે.”

બીજા એક કાવ્યમાં એ સૂચવે છે કે, મનુષ્યદેહ દુર્લભ છે. “ હું ઠીક રસ્તે આવી; (અર્થાત્ મોક્ષ મેળવવાના એકમાત્ર સાધનરૂપ માનવદેહને પામી) પણ ઠીક રસ્તે ગઇ નહિ. વાંકાચૂકા પૂલની વચમાં આવી પહોંચી એટલામાં સાંજ પડી ગઇ. હવે મારે કેવી રીતે પેલી પાર જવું ? (વૈતરણિ પાર ઊતરવા માટે નાવિકને આપવા પૈસા જોઇએ.) મેં મારા પાલવમાં ખોળી જોયું, પણ પાસે એક કોડી પણ રહી નહોતી. (અર્થાત્ પુણ્યસંચય કર્યું નહોતું, પ્રભુજીને ઓળખ્યા નહોતા.) હવે હું હોડીવાળાને ઉતરામણ કેવી રીતે આપીશ ?”

એનાં બીજાં કાવ્યો પણ ઉચ્ચ પ્રભુભક્તિથી પ્રેરાયેલાં છે.

१५५-बांका

એ એક ગુજરાતી કુંભારની પત્ની હતી. એના પતિનું નામ રાંકા હતું. બન્ને જણાં પ્રભુભક્ત હતાં; પંઢરપુરના વિઠોબા ઉપર ભક્તિ હોવાથી ત્યાંજ નિવાસ કરતાં હતાં.

એક દિવસે રાંકાએ કેટલાક ઘડા ઘડીને ઘરમાં તૈયાર રાખ્યા. એવામાં એક બિલાડી વિયાઇ અને એક ઘડામાં તેણે પોતાનાં બચ્ચાં મૂકયાં. કુંભારને તેની ખબર નહોતી, એટલે એણે તો બધા ઘડાને નિભાડામાં ચઢાવ્યા. એટલામાં બિલાડી આવી અને ઘરમાં ચારે તરફ બચ્ચાંઓને ખોળવા લાગી. પછી તે રોતી રોતી, નિભાડા તરફ ગઇ. હવે રાંકાને જણાયું કે, એમાં બિચારી બિલાડીનાં બચ્ચાં રહી ગયાં હતાં; પણ તાપ એટલા જોરથી સળગતો હતો કે, એમાંથી બચ્ચાંને ઉગારવાં એ અસંભવિત હતું. એના શોકનો પાર રહ્યો નહિ; માથું કૂટવા લાગ્યો અને પત્ની બાંકાને બોલાવીને તેની સલાહ પૂછવા લાગ્યો. બાંકાને પ્રભુ ઉપર અથાગ શ્રદ્ધા હતી. તેણે કહ્યું: "બધાંને બચાવનાર પ્રભુ શ્રીકૃષ્ણ છે; આપણે એમનીજ પ્રાર્થના કરવી જોઇએ. લાક્ષાગૃહમાંથી પાંડવોને એમણેજ બચાવ્યા હતા. પ્રહ્‌લાદને સળગતી આગમાંથી ઉગારનાર પણ એજ હતા, માટે ચાલો આપણે પણ ભગવાનની એકચિત્તે પ્રાર્થના કરીએ કે, એ આપણાં બિલાડીનાં બચ્ચાંને બચાવે."

બે દિવસ અને બે રાત એમણે ભગવાનનું કીર્તન સાથે મળીને કર્યું. ત્રીજે દિવસે નિભાડો પાડ્યો અને આગ શાંત થઇ, ત્યારે બન્ને જણાં બિચારાં નિર્દોષ બચ્ચાંઓની શી દશા થઈ છે, તે જોવા આતુરતાથી ગયાં. ભગવાનની લીલા વિચિત્ર છે. એમણે જોયું કે, બધા ઘડા પાકી ગયા છે, પણ જે ઘડામાં બચ્ચાં હતાં, તે ઘડો એવો ને એવો કાચો છે. આગે જાણે એને સ્પર્શજ નથી

કર્યો. બિલાડી હરખભેર દોડતી આવી અને બચ્ચાંને મોંમાં ઘાલીને ચાલી ગઇ.

ધાર્મિક દંપતીને એ દિવસથી કુંભારના ધંધા ઉપર તિરસ્કાર છૂટ્યો; કેમકે એમાં જીવહિંસા થવાનો સંભવ હતો. હવે એમણે કઠિયારાનો ધંધો શરૂ કર્યો. બન્ને જણાં જંગલમાંથી લાકડાં લાવી, ભારો માથે ઊંચકીને શહેરમાં લાવે અને વેચે. એ પ્રમાણે એમનો વ્યવસાય ચાલવા લાગ્યો. એમાં પણ બન્ને એવાં પ્રમાણિક હતાં કે, તેઓ લીલા ઝાડને કાપતાં નહિ; પણ સુકાઇ ગયેલાં લાકડાં લઇ આવતાં અને જે કાંઇ મળે તેથી નિર્વાહ ચલાવતાં. નિર્ધન સ્થિતિ હોવા છતાં બન્ને શુદ્ધ દાનતનાં હતાં. એક દિવસ બન્ને જણાં ભારો લઇને આવતાં હતાં, એવામાં માર્ગમાં એક સોનાની ઇંટ પડેલી જોઈ. રાંકો ભારો લઇને આગળ જતો હતો, એણે સુવર્ણની ઇંટ જોઇ, પણ તેથી એનું મન લલચાયું નહિ; એના મનમાં વિચાર આવ્યો કે, મારી સ્ત્રી પાછળ આવે છે, રખે એનું મન લલચાય અને એ આ વગર પરિશ્રમનું ધન ઉપાડી પાપમાં પડે. એમ વિચારી એણે એ ઇંટ ઉપર પગવડે ધૂળ નાખીને આગળ ચાલવા માંડ્યું. ઘેર આવ્યા પછી પત્નીએ પતિને પૂછ્યું: “તમે પગ વડે ધૂળ કેમ ખસેડતા હતા ?” રાંકાએ ખરૂં કારણ જણાવી દીધું કે, “ મેં તો ઇંટ લીધી નહિ; પણ તમે સ્ત્રીની જાત છો અને રખે લલચાઇને ઉપાડી લો એ શંકાથી મેં ધૂળ ઢાંકી દીધી.” બાંકા ખરેખરી જ્ઞાની હતી. તેણે કહ્યું: “ વાહ રે ! તમે આટલી બધી ભક્તિ કરી તોપણ તમને ખરૂં આત્મજ્ઞાન થયું નહિ ! તમે એને સુવર્ણરૂપ ગણી એજ ભૂલ ! એને લીધેજ તમારે એના ઉપર ધૂળ પાથરવાની જરૂર પડી. ખરૂં જોતાં ધૂળ અને સોનું બન્ને બરાબર છે; એ દૃષ્ટિએ તમે જોયું હોત, તો તમે કદાપિ એના ઉપર ધૂળ પાથરતજ નહિ; કેમકે ધૂળ ઉપર ધૂળ પાથરવાની મૂર્ખતા કોઇ કરતુંજ નથી.” પત્નીનું ખરૂં તત્ત્વજ્ઞાન જોઇને રાંકો પ્રસન્ન થયો અને ઘણો ધન્યવાદ આપીને કહેવા લાગ્યો કે, “ મારી ભક્તિ તારા કરતાં રંક અને ઊતરતા પ્રકારની છે, માટે મારૂં નામ રાંકા છે તે ઠીક છે. તારી ભક્તિ તો ખરેખર બાંકી છે અને તેથી તારૂં નામ પણ યથાર્થ છે.” ધન્ય છે કુંભારપત્ની બાંકાને !



૧૫૬–ટોડાનરેશ રાવ રત્નસિંહની કન્યા તારાબાઈ

રાણા હમીરના મૃત્યુને સો વર્ષ કરતાં વધારે સમય થઇ ગયો હતો. એ વખતે રાણા રાયમલ મેવાડમાં રાજ્ય કરતો હતો. ઇ. સ. ૧૪૭૪ ની સાલમાં એ મેવાડની ગાદી ઉપર અભિષિક્ત થયો હતો. અસાધારણ વીરતા અને ચરિત્રની પવિત્રતા માટે રાણા રાયમલ રજપૂતોના ઇતિહાસમાં વિશેષ પ્રસિદ્ધ છે. એ રાણા રાયમલને ત્રણ પુત્ર હતા. સંગ્રામસિંહ, પૃથ્વીરાજ અને જયમલ. એમાં પૃથ્વીરાજ ઘણો સાહસિક અને બળવાન હતો; પરંતુ એ ઘણો ઉદ્ધત સ્વભાવનો હોવાથી, પિતાએ તેને દેશપાર કર્યો હતો. બીજા બે પુત્રો પિતાની પાસે રહેતા હતા. થોડા સમય પછી સૌથી નાના પુત્રનું આયુષ્ય પૂરૂં થયું. ક્ષત્રિયોને ન છાજતું કાર્ય કરવા જતાં કુમાર જયમલ રાવ સુલતાન સોલંકીના સાળા સાંખલા રત્નસિંહને હાથે માર્યો ગયો હતો. સૌથી મોટા પુત્રે મોગલ બાદશાહ બાબર સાથે બહાદુરીથી યુદ્ધ કરીને ઘણી પ્રસિદ્ધિ મેળવી હતી. આપણે આ આખ્યાનમાં પૃથ્વીરાજનો પરિચય મેળવીશું.

ભારતવર્ષના પશ્ચિમ પ્રાંતમાં ટોડા નામનું એક નાનું સરખું રજપૂતોનું રાજ્ય હતું. રાવ રત્નસિંહ× એ સમયે ટોડાનો રાજા હતો. લલ્લા નામના એક જબરજસ્ત પઠાણે રાવ રત્નસિંહને હરાવીને ટોડા ઉપર અધિકાર મેળવ્યો હતો. રાવ રત્નસિંહે સપરિવાર મેવાડ રાજ્યમાં આશ્રય લીધો હતો. તારાબાઇ એ રાવ રત્નસિંહની એકની એક ઘણીજ રૂપવતી કન્યા હતી.

× તારાબાઇના પિતાનું નામ ટોડ સાહેબે રાવ સુરતાન લખ્યું છે; પણ અમે પ્રસિદ્ધ ઐતિહાસિક, મેવાડના રાજકવિ કવિરાજ શામળદાસજીને અનુસરીને તેનું નામ રત્નસિંહ લખ્યું છે.—પ્રયોજક

એ પરમ સુંદરીના ચિત્તમાં ચિંતાની મોટી જ્વાળા સળગતી હતી. પિતા દેશવટો ભોગવે છે, પોતાનું રાજ્ય પરધર્મી પઠાણોના હાથમાં છે, એ વિચાર બહાદુર રજપૂતાણીને અસહ્ય થઇ પડયો હતો. પિતાને કોઇ પુત્ર નહોતો. પોતેજ તેનું એકમાત્ર સંતાન હતી. અબળા હોવા છતાં પણ સંતાન તરીકેનું કર્તવ્ય પૂર્ણ કરવાની જવાબદારી તેને માથે હતી. તારાબાઇએ મનમાં ને મનમાં સંકલ્પ કર્યો કે, "બીજું કોઇ મને મદદ નહિ કરે, તો હું જાતે યુદ્ધ કરીને પિતાજીના રાજ્યનો ઉદ્ધાર કરીશ."

પહેલાંના સમયમાં રજપૂત કન્યાઓ કેવળ જનાનામાં બેસી રહેતી નહોતી; ઘણી વખત તેઓ યુદ્ધમાં ઊતરી પડતી અને તેટલા સારૂ તેમના પિતાઓ બચપણથીજ તેમને કસરત કરાવતા તથા ઘોડેસવાર થવાનું અને હથિયાર ચલાવવાનું શિક્ષણ આપતા. તારાબાઇએ એ બધી વિદ્યાઓનો અભ્યાસ ઘણી કાળજીપૂર્વક કર્યો હતો અને અશ્વારોહણ તથા અસ્ત્રચાલનમાં એ ઘણી પ્રવીણ થઇ ગઈ હતી; પરંતુ હજાર તોયે તે એક અબળા હતી; રાવ રત્ન નિરાધાર હતો. કોઇ યોગ્ય રજપૂત વીરની મદદ વગર ટોડાનો ઉદ્ધાર થવાનો સંભવ નહોતો. બીજી તરફ તારાબાઇના રૂપ, ગુણ અને શૌર્યની વાત રાજસ્થાનમાં એટલી બધી પ્રસરી ગઇ હતી કે, તેની સાથે વિવાહ કરવાને અનેક રજપૂત યુવકો ઉત્સુક હતા. રાવ રત્નસિંહે ખબર ફેલાવી કે, "જે વીરપુરુષ ટોડા રાજ્યનો ઉદ્ધાર કરશે, તેને મારી એકની એક કન્યા તારાબાઇ વરશે."

એક દિવસ તારાબાઇ અસ્ત્રશસ્ત્રથી સુસજ્જિત થઇને ઘોડા ઉપર બેસીને કંઇ જઈ રહી હતી, એવામાં રાણા રાયમલના કનિષ્ઠ પુત્ર જયમલની તેના ઉપર દૃષ્ટિ પડી. તેના સૌંદર્યથી જયમલ મુગ્ધ થઇ ગયો; પરંતુ રાવ રત્નસિંહનું પણ એ સારી પેઠે જાણતો હતો. એ પણનું રક્ષણ કર્યા વગર રૂપવતી વીરાંગના તારાબાઇને વરવાનો બીજો કોઇ ઉપાય નહોતો. રાવ રત્નસિંહને પોતાની ઇચ્છા જણાવીને જયમલ સૈન્ય સાથે ટોડાનો ઉદ્ધાર કરવા ગયો; પણ એનું કાંઇ વળ્યું નહિ. પઠાણોને હાથે હારીને એ પાછો આવ્યો. હવે નિર્લજ્જ જયમલે બળાત્કારે વીરાંગના તારાબાઇનું હરણ કરવાનો યત્ન કર્યો. એ રાણાનો પુત્ર હતો; રાવ રત્નસિંહ રાણાજીનો આશ્રિત હતો; એટલે એક આશ્રિતની કન્યાનું હરણ કરવાનું સાહસ એ કરી બેસે, તો કાંઈ

આશ્ચર્ય નહિ; પણ રજપૂતોનું આત્મગૌરવ એ સમયે નષ્ટ થયું નહોતું; રાવ રત્નસિંહ રાણાને શરણે હતો એ વાત ખરી, પણ પોતાના કુળનું ગૌરવ સાચવવા ખાતર એ રાણાની રતિભાર પણ પરવા રાખે એવો નહોતો; કન્યાનું હરણ કરવા આવેલા રાજકુમાર જયમલને તેણે ઠાર કરી નાખ્યો.

એ સમાચાર રાણા રાયમલ પાસે પહોંચ્યા. રાણાએ કહ્યું: "જયમલે મેવાડના રાજવંશને કલંક લગાડયું છે; એ કુલાંગારને રાવ રત્ને બરોબર સજા કરી છે; એને લીધે હું રત્નસિંહ ઉપર ખુશ થયો છું; મને તેના ઉપર જરા પણ રોષ ઊપજ્યો નથી. રાવ રત્નની આ વીરતા અને સાહસના બદલામાં તેને હું બેદનોરની જાગીર બક્ષિસ આપું છું."

મેવાડના રાણાવંશમાં ઉત્પન્ન થયેલા મહાન પુરુષો વગર આવી ઉદારતા કયાં દીઠામાં આવશે ?

જયમલની વર્તણુંકથી નિષ્કલંક સિસોદિયાઓના કુળને કલંક લાગ્યું હતું. હવે બહારનો કોઇ વીર આવીને ટોડાનો ઉદ્ધાર કરે, તો ચિતોડના રજપૂતોને એથી પણ વધારે શરમાવું પડે; એટલા માટે રાણા રાયમલનો વચલો પુત્ર પૃથ્વીરાજ, ટોડાનો ઉદ્ધાર કરીને તારાબાઇને પરણવી અથવા એમ ન થાય તો ત્યાંજ યુદ્ધ કરતાં કરતાં મરવું; એવો દૃઢ સંકલ્પ કરીને બેદનોર ગયો.

પૃથ્વીરાજની વીરતા અને તેજસ્વિતાની ખ્યાતિ તારાબાઇ અગાઉથીજ :સાંભળી ચૂકી હતી. આજ ક્ષાત્રતેજની મૂર્તિસ્વરૂપ એ સુંદર યુવકને સાક્ષાત્ જોવાથી એ તેના ઉપર મોહિત થઇ ગઇ. એના મનમાં ખાતરી થઇ કે, આ વીર યુવક જરૂર ટોડા રાજ્યનો ઉદ્ધાર કરી શકશે. મુગ્ધ થયેલી વીરાંગના તારાબાઇ મનમાં ને મનમાં પૃથ્વીરાજને વરી ચૂકી. તારાબાઈએ આ યુદ્ધમાં પણ પૃથ્વીરાજની સાથે જવાની પિતા પાસે રજા માગી. રાવ રત્નસિંહે કેટલીક ઉપયોગી સૂચના સાથે તેને યુદ્ધક્ષેત્રમાં જવાની આજ્ઞા આપી. પૃથ્વીરાજ ત્યાંથી રવાના થઇને એટલો જલદી ટોડા રાજ્યમાં પહોંચ્યો કે, એ દિવસથી એ ચિતોડના ઈતિહાસમાં "ઉડ્ડન પૃથ્વીરાજ"ના નામથી પ્રસિદ્ધ થયો.

એટલા થોડા સૈન્ય સાથે બહાદુર પઠાણોના હાથમાંથી ટોડાનો ઉદ્ધાર કરવો એ કાંઇ સહેલું નહોતું. પૃથ્વીરાજ અને

તારાબાઇએ પરસ્પર સલાહ લઇને નકકી કર્યું કે, કોઇ પણ યુક્તિ રચીને પઠાણોના સરદાર લલ્લાને પહેલાં ઠાર કરવો જોઇએ.

મહોરમનો દિવસ હતો. ટોડા શહેરમાં બધા મુસલમાનો એ તહેવારમાં મસ્ત હતા. તાજિયા લઇને મુસલમાનોના ઝુંડ-નાં ઝુંડ ગામમાં પ્રવેશ કરી રહ્યાં હતાં. પૃથ્વીરાજને માટે ગામમાં પ્રવેશ કરવાનો એ ઘણો સરસ લાગ હતો. પોતાના સૈન્યને બહાર રાખીને એમાંથી એક વિશ્વાસુ સેવકને લઇને પૃથ્વીરાજ તથા તારાબાઇ ગુપ્ત વેશે તાજિયાવાળાઓની સાથે ગામમાં પેસી ગયાં. તાજિયાની સાથે જવા માટે પઠાણ રાજા લલ્લા પણ પોતાના મહેલ આગળ સફેદ પોશાક પહેરીને ઊભો હતો. પૃથ્વીરાજ અને તારાબાઇએ તેને જોતાંવારજ તીક્ષ્ણ બાણ ફેંકયાં. એ બાણ વાગવાથી લલ્લા જમીન ઉપર પડી ગયો. બધાએ ભયભીત થઇને કોલાહલ મચાવ્યો. એ ગડબડનો લાભ લઇને પૃથ્વીરાજ, તારાબાઇ અને તેનો અનુચર પૂરપાટ ઘોડા દોડાવીને ગામની બહાર જવા લાગ્યાં. ઘણા લોકોએ તેમના ઉપર શક જવાથી તેમને રોકવાનો યત્ન કર્યો; પરંતુ એ બધાને હઠાવીને તેઓ આગળ વધતાં ગયાં. શત્રુઓએ ફેંકેલાં બાણ તેમના બખ્તર-ને અથડાઇને જમીન ઉપર પડવા લાગ્યાં. નગરના દ્વાર આગળ જઇને તેમણે જોયું કે, એક મદોન્મત્ત હાથી રસ્તો રોકીને ઊભો છે. તેની આગળ થઇને જવું જોખમભરેલું હતું. તારાબાઇએ પોતાની તલવારથી એ હાથીની સૂંઢ કાપી નાખી. હાથી દૂર નાઠો એટલે રસ્તો ખુલ્લો થયો અને તેઓ સહીસલામત બહાર નીકળી ગયાં.

તેમનું ઘોડેસવાર લશ્કર પાસેજ હતું. પૃથ્વીરાજ અને તારાબાઇએ સૈન્ય લઇને પ્રબળ વેગથી ટોડા નગર ઉપર ચડાઈ કરી. નગરવાસીઓ યુદ્ધને માટે બિલકુલ તૈયાર નહોતા. અધૂરા-માં પૂરૂં તેમનો પઠાણ સરદાર મરી જવાથી બધે ગભરાટ ફેલાયો હતો. આવી સ્થિતિમાં ઓંચિતો હુમલો થવાથી પઠાણોની હાર થઇ. રાવ રત્નસિંહના નામથી પૃથ્વીરાજ અને તારાબાઇએ ટોડા નગર ઉપર વિજયવાવટો ચડાવ્યો. રત્નસિંહે વગર વિલંબે પોતાની કન્યા તારાબાઈનો વિવાહ ઘણી ધામધૂમપૂર્વક પૃથ્વી-રાજ સાથે કરી દીધો.

કમલનેરના કિલ્લામાં રાણા રાયમલે પુત્ર અને પુત્રવધૂનો

ઉતારો નક્કી કરી આપ્યો. પૃથ્વીરાજ ઘણોજ રણપ્રિય હતો. દરરોજ એ કોઇ ને કોઈ શત્રુની સાથે યુદ્ધ કરવામાં નિમગ્ન રહેતો. દરેક યુદ્ધમાં તારાબાઈ તેની સાથે રહેતી. એ નવદંપતીનું પ્રથમ વિવાહિત જીવન પણ યુદ્ધક્ષેત્રમાંજ વ્યતીત થયું; પણ અફસોસ ! કે તેઓ અપૂર્વ પ્રણયસુખ ઘણા સમય સુધી ભોગવ્યા વગરજ, અતિ યુવાન વયમાં મરણ પામ્યાં.

રજપૂતાનામાં આબુ પહાડની પાસે શિરોહી નામનું એક નાનું રાજ્ય છે. એ રાજયના રાજાની સાથે પૃથ્વીરાજની એક બહેનનો વિવાહ થયો હતો. શિરોહીનો રાજા ઘણો અફીણી હતો. અફીણના નશામાં સ્ત્રીના ઉપર ઘણો જુલમ કરતો. સ્વામીનો જુલમ વધારે સહન નહિ થવાથી પૃથ્વીરાજની બહેને પૃથ્વીરાજના ઉપર એક પત્ર લખીને પોતાની બધી હકીકત જણાવી તથા પોતાને પિયેર બોલાવી લેવાની વિનતિ કરી. પૃથ્વીરાજ તરતજ બહેનને સાસરે પહોંચ્યો. શિરોહીરાજ પૃથ્વીરાજનો સ્વભાવ તથા તેનું પરાક્રમ જાણતો હતો. પૃથ્વીરાજે એને ઘણો ધમકાવ્યો, એટલે તેણે વિનયપૂર્વક ક્ષમા માગી; પણ પૃથ્વીરાજ એમ ઝટ મનાઇ જાય એવો નહોતો. એણે લાલપીળા થઇ જઇને કહ્યું: “ તમે રાણા રાયમલની પુત્રીનું અપમાન કર્યું છે, માટે એનાં ખાસડાં તમારા માથા ઉપર મુકાવીને માફી મંગાવીશ ને ત્યાર-પછીજ તમને છોડવામાં આવશે.

આખરે શિરોહીરાજને એજ પ્રમાણે કરવું પડ્યું; પણ આ અપમાન તેની રગેરગમાં પેસી ગયું. તેનો બદલો લેવાની પ્રબળ વૃત્તિ તેના હૃદયમાં ઉત્પન્ન થઇ. ઘણી ઘાતકી રીતે તેણે એ બદલો લેવાનો નિશ્ચય કર્યો.

પોતાની બહેનને મળીને પૃથ્વીરાજ ચિતોડ પાછો જવા નીકળ્યો. તે વખતે શિરોહીના રાજાએ ભાતમાં ઝેરના લાડુ બાંધી આપ્યા. રસ્તામાં ભૂખ લાગી એટલે પૃથ્વીરાજે એજ લાડુ ખાધા. હડહડતા વિષને લીધે તેનું શરીર એકદમ ઢીલું થઇ ગયું. એ સમજી ગયો કે, બનેવીએ દગો કર્યો છે અને હવે મૃત્યુકાળ આવી પહોંચ્યો છે. એક દેવમંદિરમાં તેણે આશ્રય લીધો. તારાબાઇને એ સમાચાર પહોંચાડવામાં આવ્યા. એ તરતજ મંદિરમાં આવી પહોંચી; પણ એ વખતે પૃથ્વીરાજનો આત્મા સ્વર્ગલોકમાં પહોંચી ગયો હતો.

ધીમેથી સ્વામીના મસ્તકને પોતાના ખોળામાં મૂકીને તારાબાઇ મૃત સ્વામીને બોલાવવા લાગી: "પ્રભુ ! સ્વામિ ! તમે વીર હતા. યુદ્ધ એ તમારા જીવનનું પવિત્ર વ્રત હતું. યુદ્ધમાં મૃત્યુ થાય એ વીરોની શ્રેષ્ઠ ગતિ છે. યુદ્ધક્ષેત્રમાં આપની સાથે શત્રુઓને મારતાં મારતાં મરી જવાની મારી ઇચ્છા હતી અને એમ નથી બન્યું, તો ચિતામાં તમારી સાથે બળી મરીને સતી થવા પણ તૈયાર છું; પણ મને આજ ઘણી દિલગીરી એટલા માટે થાય છે કે, સ્વપ્ને પણ ન ધારેલી એવી હલકી રીતે તમારૂં મોત થયું છે. શત્રુઓના લોહીથી રંગાયલા તમારા દેહની સાથે ચિતામાં પ્રવેશ કરવાનો લાભ મને નથી મળ્યો, એજ મને દુઃખ છે; પણ વિધાતાની આજ્ઞાનું ઉલ્લંઘન કોઇથી થાય એમ નથી. આજ આ દેવમંદિરની સામેજ તમારી આ દાસીનો દેહ પણ તમારા પવિત્ર દેહની સાથેજ ચિતામાં ભસ્મીભૂત થઇ જશે. પ્રાણનાથ ! દેવલોકમાં આપણો મેળાપ થશે."

તરતજ ચિતા સળગાવવામાં આવી. સ્વામીના દેહને છાતી ઉપર ધારણ કરીને હસતે મોંએ વીરાંગના તારાબાઇ ચિતામાં સૂઇ ગઇ. જોતજોતામાં તેનો સુંદર દેહ બળીને રાખ થઇ ગયો.

૧૫૭-માહ-માલિક

એ સન્નારી અલાઉદ્દીન જાન સોજની દૌહિત્રી હતી. એનું લાડકું નામ જલાલ-ઉદ્દ-દુનિયાએ-ઉદ્દીન હતું. એ ઘણી વિદ્વાન હતી અને પોતાના જમાનામાં એક વિદુષી સ્ત્રી તરીકે ઘણી પ્રસિદ્ધિ પામી હતી. 'તબકાત-ઇ-નાસિરી'નો ગ્રંથકાર મિનહાજ તેનાજ આશ્રય નીચે ઊછર્યો હતો અને ભણીગણીને મોટો થયો હતો. મિનહાજે પોતાના ગ્રંથમાં બેગમના ઉચ્ચ ગુણની પ્રશંસા કરી છે.

માહ-માલિકના હસ્તાક્ષર મોતીના દાણા જેવા હતા.

૧૫૮-રામમણિ

બંગાળી ભાષાના કાવ્ય-ઇતિહાસનું અવલોકન કરતાં ઘણી વિદુષી રમણીઓનો પરિચય મળી આવે છે. વૈષ્ણવોના પ્રાચીન ગ્રંથોમાં ઘણી સ્ત્રીકવિઓનાં રચેલાં પદ મળી આવે છે. રામમણિ બંગાળી સ્ત્રીઓમાં સૌથી જૂની કવયિત્રી છે. એણે રાધાકૃષ્ણની લીલા સંબંધી ઘણાં પદ રચ્યાં છે. એ પ્રખ્યાત ભક્તકવિશ્રી ચંડીદાસ ઠાકુરની સમકાલીન સ્ત્રીકવિ હતી. એ એક ધોબીની છોકરી હતી. એક દિવસ એ ભૂખીતરસી નિરાધાર અવસ્થામાં ફરતી ફરતી વાંકુડા જિલ્લામાં નાન્નુર ગામમાં વિશાલાક્ષિ દેવીના મંદિરના બારણા આગળ આવીને ઊભી. ચંડીદાસ જે વિશાલાક્ષિ દેવીના પૂજારી હતા, તેમણે રામમણિની દુર્દશા જોઇને તેને દેવમંદિરની દાસી તરીકે નોકર રાખી. રામમણિ બે વખત દેવીનો પ્રસાદ જમીને ત્યાંજ દિવસ ગાળવા લાગી. ચંડીદાસ નીચેના શબ્દોમાં રામમણિનો પરિચય આપે છેઃ—

" રામિણી નામની એક ધોબીની બાલિકા, ઘણી દીન અવસ્થામાં ઘાટ અને મેદાનમાં ભટકતી ભટકતી ભિક્ષા માગતી હતી. તેનો અપાર ક્લેશ જોઇને મંદિરનું વાસીદું વગેરે કામ ઉપર મેં તેને નીમી. એ દેવીના આશ્રયમાં રહેવા લાગી. અલ્પ વયમાંજ એ દુઃખી સ્ત્રી એ કાર્યમાં નિયુક્ત થઇ, દિવસે દિવસે એ વધવા લાગી."

એ સ્ત્રી રામિણી કામકાજમાં નિપુણ હોવાથી બધાને પ્રિય થઇ પડી હતી. ચંડીદાસ કહે છેઃ " તાહાર પિરીતિ જગતે નહિ ઉપમા " તેની પ્રીતિનો જોટો જગતમાં મળે એમ નહોતું.

લોકો એવો અપવાદ મૂકતા કે, ચંડીદાસ આ રામમણિ ઉપર પ્રેમાસક્ત હતા. રામમણિ પણ ચંડીદાસને ચાહતી. તેમના શુદ્ધ પ્રેમનો પરિચય રામમણિના લખેલા પદ ઉપરથી મળી છે.

ચંડીદાસે જ્યારે ચિતામાં શયન કર્યું. ત્યારે રામમણિએ ઉન્મત્ત થઇને એક હૃદયદ્રાવક ગીત ગાયું હતું.

ચંડીદાસ એક ધોબણ (રામમણિ)ના ઉપર આસક્ત થઇ ગયા એવો આરોપ મૂકીને ગામના બ્રાહ્મણોએ તેમને ન્યાત-બહાર મૂકયા હતા અને પૂજારીપદ ઉપરથી પણ કાઢી મૂકયા હતા; પરંતુ એ આરોપ મિથ્યા હતો. ચંડીદાસે રામમણિને ભાવના આવેશમાં કદી માતા તરીકે અને ગુરુ તરીકે સંબોધન કર્યું છે.

ચંડીદાસ અને રામમણિના પ્રેમમાં કોઇ પણ જાતનો વિકાર નહોતો, એ વાતની સાક્ષી તેનાં રચેલાં બંગાળી પદોમાંથી સારી પેઠે મળી આવે છે. પ્રેમની નિર્મળ જ્યોતિથી રામી (રામમણિ) ધોબણે પોતાના ચરિત્રને ધોયું હતું.

૧૫૯-૧૬૨-इंदुमुखी, माधुरी, गोपी अने रसमयी

ભારતવર્ષના પ્રત્યેક પ્રાંતમાં સ્ત્રીકવિઓ થતી આવી છે. આ પુસ્તકમાં આપણા ગુજરાતની તથા ઉત્તર હિંદુસ્તાનની કેટલીક સ્ત્રીકવિઓનો થોડોઘણો પરિચય અમે આપી ચૂકયા છીએ. બંગાળા પ્રાંતમાં પ્રાચીન સમયમાં પણ કેટલીક ઉત્તમ સ્ત્રીકવિઓ થઇ ગઈ છે. તેમાંની એક સ્ત્રીકવિ રામમણિનો થોડો ઘણો વૃત્તાંત અમે ઉપર આપી ગયા છીએ. બંગાળી ભાષામાં ઉપર જણાવેલી ચાર સન્નારીઓએ પણ ઇશ્વરભક્તિ સંબંધી સારી કવિતાઓ લખી છે. વૈષ્ણવોના ગ્રંથોમાં તેમણે રચેલાં બંગાળી પદ મળી આવે છે, પરંતુ તેમનું જીવનચરિત્ર મળી આવતું નથી; છતાં પણ જે સ્ત્રીરત્નોએ પોતાની પ્રાસાદિક વાણીથી ભગવાનના ગુણાનુવાદ ગયા છે, તથા જેમના ઉપદેશથી આજ પણ અમારી અનેક બહેનો ભગવત્પરાયણ બને છે, તેમનાં નામ માત્રનો પણ ઉલ્લેખ કરીને અમે કૃતાર્થ થઈએ છીએ.



१६३–नागबाई–चारणी*

"આઈ! આઈ! આપણે ત્યાં આજે આપણા પવિત્ર મહારાજાધિરાજ પધારે છે; એવી ખબર દૂત લાવ્યો છે. માટે તેમનો યથાયોગ્ય આદરસત્કાર અને સેવા-બરદાસ કરવાની આપણે તૈયારી કરીએ." એમ પુત્રી તુલ્ય પુત્રવધૂએ પોતાની સાસુ નાગબાઇ ચારણિયાણીને ઉતાવળે ઉતાવળે આનંદભેર ખબર આપી. સૌરાષ્ટ્રના મહારાજા રા'માંડળિક પંડે પોતાને ત્યાં પધારવાના છે, એ પોતાનું સદ્‌ભાગ્ય માની નાગબાઇએ તેનો સત્કાર કરવાની સઘળી તૈયારી કરી. પોતાને ત્યાં આજે સોનાનો સૂરજ ઊગ્યો ગણી પોતાના સ્વજન કુટુંબને એકઠાં કર્યું. ચારણનાં બૈરાંઓએ ગીતો ગાવા માંડ્યાં.

'સૂરજ ઊગ્યો રે કેવડિયાની ફૂડશે કે, રાજાજી ભલે આવે રે.'

આ પ્રમાણે નાગબાઇને ત્યાં આનંદમંગળનાં ગીતો સહિત ઉત્સવ થઇ રહ્યો છે; તેવામાં નવ સોરઠના ધણી નવઘણના પુત્ર રા'માંડળિકે મોણિયા ગામમાં પ્રવેશ કર્યો.

ચૂડાસમા રજપૂતોનું રાજ્ય સૌરાષ્ટ્રમાં હતું અને તેઓ રા' (રાહ) ને નામે ઓળખાતા હતા, તે વાત તો ગુજરાતનો ઇતિહાસ ભણી ગયેલા સર્વને સુવિદિતજ હશે. અણહિલપુર પાટણના મહારાજાધિરાજ મૂળરાજ સોલંકીની સામે થનારા જૂનાગઢના રા'ગ્રાહરિયા કે ગૃહરિપુને તેમજ નૃપચક્રચૂડામણિ લોકપ્રિય ગુર્જરેશ્વર મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહની સામે થનારા, રાણકદેવીના પ્રિયપતિ રા'ખેંગારને ગુજરાતના ઇતિહાસના અભ્યાસકો સારી રીતે જાણે છે. તેથી અહીં ટૂંકામાં એટલુંજ જણાવવાનું કે, એ વંશમાં જૂનાગઢની ગાદી પર છેલ્લામાં છેલ્લો જે સ્વતંત્ર રાજા થઇ ગયો, તે રાજા રા'માંડળિક આજે

---

* 'સુંદરી સુબોધ' અંક ૧૦૦–૧૦૧ માંનો શ્રીનિર્મળા બહેનનો લેખ અત્રે ઉપકાર સાથે ઉતારવામાં આવ્યો છે. —પ્રયોજક

જૂનાગઢથી વીસ માઈલ દૂર ગિરનારજીની પવિત્ર છાયામાં આવેલા મોણિયા ગામમાં નાગબાઇ ચારણને ઘેર આવે છે.

રા'માંડળિકને નાગબાઈએ ડેલીના ઉમરા પાસે આવી સોના-રૂપાનાં પુષ્પોથી વધાવ્યા, તેને કળશિયો કર્યો, ચાંલ્લો કરી અક્ષત-રૂપે મોતી ચોડયાં. પોતાના મુખ્ય ગૃહની ઓસરીમાં રાજાજી માટે ગાદીતકિયાની જે બેઠક કરી હતી, ત્યાંસુધી ડેલીએથી મદ્રાસીનું આખું થાન પાથરી દીધું હતું. તે પર રાજાજીને ચલાવીને જોગમાયા જેવી નાગબાઇ તેને તે ઓસરી તરફ લઇ ચાલી. રાજા પણ અતિ પ્રસન્ન થઇ ઉતાવળે ઉતાવળે ચાલી આગળ વધ્યા ને પોતાને માટે તૈયાર રાખેલા સિંહાસન ઉપર આવીને બેઠા. ચારણદેવીઓ મોટા મોટા વીંઝણા વડે તેમને પવન ઢાળવા લાગી.

માંડળિકે ચાંલ્લો કરવાની ઇચ્છા દર્શાવવાથી તે વખતની રીતરસમ મુજબ, નાગબાઈના દીકરાની વહુ રા'માંડળિકને ચાંલ્લો કરવા હાથમાં કંકાવટી અને અક્ષત લઈને આવી. પૂર્વાભિમુખે બેઠેલા રાજાને ચાંલ્લો કરવા જતાં, રાજા ઉત્તર તરફ મોઢું કરીને બેઠા. એટલે પુત્રવધૂ તે દિશામાં તેને ચાંલ્લો કરવા ગઇ, પરંતુ ત્યાંથી પણ ફરીને રા'માંડળિક પશ્ચિમ તરફ મોઢું કરીને બેઠા. વહુ બિચારી તે તરફ વળી તેને ચાંલ્લો કરવા ગઇ, પણ અફસોસ! હજાર વાર અફસોસ, કે રાજાએ પુત્રવધૂ તરફ કુદૃષ્ટિ કરી અને દક્ષિણ દિશા તરફ ફરીને બેઠા. વહુ તરતજ સાસુ તરફ પાછી ફરી અને બોલી કે, “આઇ! રાજા તો ફરતો છે.” નાગબાઇ બોલી કે, “વહુ! હું તેનું મન સમજી ગઇ છું. એ રાજા ફરતો નથી પણ તેનો દિવસ ફરે છે.” સખેદ લખવું પડે છે કે, પોતાની પુત્રી સમાન રૈયતની સ્ત્રીઓ ઉપર જ્યારે પિતા સમાન રાજાની કુદૃષ્ટિ થાય, ત્યારે તો તેનો દિવસ ફરતો–માઠોજ આવ્યો એમ સમજવું.

ચારણિયાણી દેવી કહેવાય છે અને તેમાં પણ નાગબાઈની પવિત્રતાએ તેના કુળને એટલું બધું ઉજ્જવળ બનાવ્યું હતું કે, તે કાળે તે પ્રદેશમાં નાગબાઈ જોગમાયા તુલ્ય ગણાતી હતી. નાગબાઇને રાજાના આવા દુષ્ટ ઇરાદાની પ્રથમથી ખબર નહોતી. તેણે તો પવિત્રતાથી માની લીધું હતું કે, કુલગુરુ જેવા ગણાતા ચારણને ત્યાં મહેરબાનીની નિશાની તરીકે રાજાજીની આ પધરામણી થઇ હતી. રા'માંડળિક પણ મૂળે ઘણો પવિત્ર રાજા હતો.

કાવડિયા રાખી ઠેઠ ગંગાજીથી તે પોતાને માટે ગંગાજળ દરરોજ મંગાવતો હતો. તેના એક મિત્ર વીંજાને રક્તપિત્તનો રોગ હતો, તે તેના સ્પર્શથીજ મટી ગયો હતો; છતાં જ્યારે માણુસની મતિ ભ્રષ્ટ થાય છે, ત્યારે કાંઇ બાકી રહેતું નથી. સારાસારનો વિચાર કરવામાં પણુ તે વખતે તેનું ભેજું કામ કરતું નથી. જોગમાયા જેવી નાગબાઇની પુત્રવધૂના રૂપનાં વખાણુ બદમાસ હજૂરિયાએ કરવાથી તેના કાનમાં ઝેર રેડાયું ને તેને નજરે જોવા તથા પોતાની સાથે જૂનાગઢ ઉપાડી લાવવા તે મોણિયે આવ્યો હતો.

રાજાની કુદૃષ્ટિથી એ વખતે નાગબાઇને તથા તેના સ્વજન કુટુંબીઓને રૂંવે રૂંવે ક્રોધ વ્યાપી ગયો. સૌરાષ્ટ્રના લોકો આજે પણુ પોતાના રાજાનું માન જાળવવામાં ઘણો આનંદ માને છે, તો પછી હાલની સ્વાર્થપરાયણુતાવળી સ્વચ્છંદ હવાથી દૂર રહેલા તે વખતના જૂના માણુસો રાજાનું માન જાળવે તેમાં નવાઇ નથી. તેથી તેઓએ રાજાને ત્યાં ને ત્યાં પૂરો ન કરી નાખતાં, જીવતો ને જીવતો ઘેર જવા દીધો; જેથી લોહીનું એકે બિંદુ તો ન પડ્યું, પણુ ક્રોધાવેશમાં જોગમાયા નાગબાઇએ કહ્યું કેઃ—

"ગંગાજળ ગઢેશા, પંડ તારૂં હુતું પવિત્ર;
વીંજાને રગત ગયાં, પણુ મને તો વાવા માંડળિક."

અને શાપ આપ્યો કેઃ—

"ગઢ જૂનાની પોળ, દામો કુંડ દેખીશ નહિ;
રતન પડશે રોળ, તે દિ મું સંભારીશ માંડળિક.
જાશે રા'ની રીત, રા'પણું રેશે નહિ;
ભમતો માગીશ ભીખ, તે દિ મું સંભારીશ માંડળિક.
ભૂલ્યો રાજા ભીંત, નાગબાઇને નમ્યો નહિ;
મંદિર ઠેકાણે મસીદ, તે દિ મું સંભારીશ માંડળિક.
નહિ વાગે નિશાન, નક્કી બહુ કલશે નહિ;
ઉમટશે અસરાણુ, તે દિ મું સંભારીશ માંડળિક."

સતીના આ શાપનું પરિણુામ એ આવ્યું કે, મહમદ બેગડાએ રા'માંડળિકને હરાવી મુસલમાન કર્યો. અમદાવાદમાં આજે પણુ કંદોઇ ઓળમાં તેની કબર છે.

'ભ્રષ્ટ થયું તેનો શતમુખ વિનિપાતજ નિર્મેલો.'

૧૬૪–ઝીમા ચારણી

એ જાંગલૂ દેશ કે જ્યાં હાલ બિકાનેરનું રાજ્ય છે, ત્યાંના ચારણ બીઠુની બ્હેન હતી. એ ઘણી વાચાળ અને કવિતાના રસિક હતી. એક વખત પોતાની જાતિની વૃત્તિ મુજબ યાચના કરવા હાલ કોટા રાજ્યમાં આવેલા ગાગરોણના કિલ્લામાં ગઇ. ત્યાંના રાજા ખીચી અચળદાસજી આગળ તેણે પોતાના દેશના માલિક સાંખલીરાવ ખીમસીની પુત્રી ઉમાદેનાં વખાણ એવી સરસ ભાષામાં કર્યાં કે, અચળદાસજીએ મોહિત થઈને એને ચાર ઘોડા આપ્યા તથા ઉમાદે સાથે પોતાના વિવાહ કરાવી આપવા માટે, ઝીમાની સાથે પોતાના પ્રધાનને મોકલ્યો. ઝીમાએ ઘેર આવીને પોતાના ભાઇ બીઠુની મારફત પ્રધાનને રાવ ખીમસી સાથે મુલાકાત કરાવી આપી અને વિવાહ નક્કી થયો. અચળદાસજી ઘણી ધામધૂમથી જાન લઇને આવ્યા અને ઉમાદે સાંખલીને પરણી ગયા; પરંતુ રાજાની પહેલી રાણી લાલાંદે મેવાડીએ તેમનું ઉમાદે પાસે જવું બંધ કરી દીધું. લાલાંદે મેવાડી ચિતોડના રાણા મોકળજીની પુત્રી હતી અને અચળદાસજીને પોતાના વંશમાં રાખતી હતી.

ઉમાદે આથી ઘણી દિલગીર થઇ. ઘણાં વર્ષ એણે શોક–સંતાપમાં ગાળ્યાં. આ દુઃખી અવસ્થામાં ઝીમા ચારણી સિવાય બીજું કોઇ એને દિલાસો આપે એવું નહોતું. ઝીમાનો જીવ પણ ઘણો બળી જતો હતો. એક દિવસે રાણી ઉમાદેએ ઘણીજ દુઃખી થઇને ઝીમાને કહ્યુંઃ “ બ્હેન ! તું કેમ કાંઇ ઉપાય કરતી નથી ? તારી વીણા સાંભળીને તો જંગલમાં દોડતાં હરણ પણ ઊભાં રહી જાય છે, તો રાણાજીને એ વીણા સંભળાવીને મારે વશ કેમ નથી કરી દેતી ? ” ઝીમાએ કહ્યુંઃ “ બાઇજી ! હું રાણાજીને એક વાર મળું, તો તો તરત ઠેકાણે લાવું.” ઉમાદેએ કહ્યુંઃ “ એનો પણ ઉપાય તુંજ કર. ” ઝીમાએ ઘણો વિચાર કરીને એક યુક્તિ

શોધી કાઢી. એણે વાતચીત કરતાં કરતાં સ્ત્રીઓમાં એવી ચર્ચા ફેલાવી કે, "ઉમાદેની પાસે રત્નનો એક એવો હાર છે કે, લાલાંદેજીની પાસે એવો હાર કદી નહિ હોય." આ વાત લાલાંદેની પાસે પહોંચી. સ્ત્રીઓને ઘરેણાંનો ઘણો શોખ હોય છે. એણે તરતજ ઉમાદેની પાસે પોતાની એક સખી મોકલીને હીરાનો હાર જોવા મંગાવ્યો. એ હાર એને ઘણો પસંદ આવ્યો, તેથી ફરીથી ઉમાદેને કહેવરાવ્યું કે, "આ હારને એક રાત મારી પાસે રહેવા દો. હું રાણાજીને બતાવીને પાછો મોકલીશ." ઉમાદેએ જવાબમાં કહેવરાવ્યું કે, "તમે રાણાજીને એક રાત મારી પાસે મોકલો, તો હું હાર આપું." લાલાંદેએ એ વાતનો સ્વીકાર કરીને હાર મંગાવ્યો અને સોળ શણગાર સજીને રાત્રે રાણાજીના શયનગૃહમાં ગઇ. એ જોઇને રાણાજી ઘણા પ્રસન્ન થઇને બોલી ઊઠ્યાઃ "ધન્ય છે મેવાડદેશને કે જયાં આવાં આવાં રત્નોનાં આભૂષણ છે!" લાલાંદેએ કહ્યુંઃ "કાલે આપ સાંખલી (ઉમાદે)ના મહેલમાં જજો, પણ ખાલી બેસીનેજ પાછા આવજો."

અચળદાસજી તેના શબ્દોનો મર્મ સમજી ગયા અને તે પ્રમાણે વચન આપીને બીજી રાતે ઉમાદેના વિલાસભવનમાં ગયા અને વાતો કરતાં કરતાં હથિયાર સાથેજ ઊંઘી ગયા. ઉમાદે તેમની પગચંપી કરવા લાગી. ઝીમા ચારણીએ લાગ જોઇને વીણા વગાડવી શરૂ કરી અને આશાવરી રાગમાં પોતેજ રચેલા પ્રસંગને અનુસરતાં ગીત ગાવા લાગી.

કામને ઉત્તેજિત કરનારા એ દોહા સાંભળ્યા છતાં પણ અચળદાસજીએ હથિયાર ઉતાર્યાં નહિ અને લાલાંદેને આપેલું વચન નિભાવતા ગયા. આખરે પ્રાતઃકાળ થવા આવ્યો અને લાલાંદેની દાસી તેમને બોલાવવા માટે આવીને ઊભી રહી. એ વખતે ઉમાદેએ કહ્યુંઃ—

"માંગ્યા લાભે જબ ચણા, માંગી લભે જુવાર,
માંગ્યા સાજન કિમિ મિલે, ગહલી મૂઢ ગવાર;
પહો ફાટી પગડો હુઓ, વિછરણરી હૈ વાર,
લે સખિ થારો વાલમો, ઉર દે મારો હાર."

એટલું સાંભળતાંજ, ઝીમા વીણા ફેંકી દઇને પલંગની પાસે આવીને અચળદાસજીને ઢંઢોળવા લાગી. અચળદાસજીએ કહ્યુંઃ "હું ઊઠું છું, પણ તેં તારા ગીતમાં એ શું ગાયું હતું કેઃ—

"હાર સટે પિવ આનિયો."

ઝીમાએ ગુસ્સે થઇને કહ્યું: "ઠાકાર સાહેબ! આપને તો લાલાંદેજીએ વેચી દીધા છે અને અમે એક હારમાં ખરીદી લીધા છે. અમારો હાર પણ ગયો અને તમે પણ જાઓ તો પછી અમે શું કમાયાં?" આ સાંભળીને અચળદાસજીએ ક્રોધના આવેશમાં કહ્યું: "શું મને લાલાંદે મેવાડીએ વેચી દીધો છે?" ઝીમાએ કહ્યું: "હા જી." એમ કહી એણે એ સંબંધી એક સરસ કવિતા કહી અને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો; એ સાંભળીને રાણાજીએ કહ્યું: "વાહ! લાલાંદેએ હારને મારા કરતાં પણ વધારે પ્યારો ગણ્યો? ઉમા! ચાલો ઊઠો. તમે કહો તો હવે, હું લાલાંના મહેલમાં જવાના પણ સોગન ખાઉં." ઉમાદેએ કહ્યું: "ના, એમ કરવાથી તો આપના વચનનો ભંગ થાય. આપ વચન આપીને આવ્યા છો, તો હાલ તો લાલાંદેજીની પાસે પધારો, પણ મારા ઉપર આજ આપની આટલી બધી કૃપા થઇ છે, તો વચન આપતા જાઓ કે, જ્યારે મારી સખી બોલાવવા આવે ત્યારે તરત પધારજો." વચન આપીને રાણાજી લાલાંદેજીને મહેલ પધાર્યા.

આ વાતને સાતઆઠ દિવસ વીતી ગયા. એક દિવસ લાલાંદે અને રાણાજી અડધી રાતે ચોપાટ રમી રહ્યાં હતાં, એટલામાં ઉમાદેની સખી ત્યાં પહોંચી અને કહેવા લાગી: "આપને સાંખલી (ઉમાદેજી) બોલાવે છે." અચળદાસજી ઊભા થવા લાગ્યા, તો રાણી લાલાંદેએ તેમનું ધોતિયું પકડયું અને કહ્યું: "ક્યાં જાઓ છો? બાજી તો પૂરી કરો." અચળદાસજીએ કહ્યું: "હવે બાજી શાની પૂરી કરે? તું તો મને સાંખલીજીને વેચી ચૂકી છું." એમ કહીને પલ્લો છોડાવીને સાંખલીજી ઉમાદેના મહેલમાં પહોંચ્યા. લાલાંદેએ રોશમાં આવીને કહ્યું કે, "હવે હું તમારી સાથે વાસ કરૂં તો મને રાણાજીના સોગંદ છે." આ સમાચાર સાંભળીને ઉમાદે તથા ઝીમા ચારણી ઘણાં પ્રસન્ન થયાં. રાવજી હવે ઉમાદેની સાથેજ રહેવા લાગ્યા.

આ પ્રમાણે ઝીમા ચારણીએ પોતાની યુક્તિથી તથા સુંદર કવિતાથી ઉમાદે સાંખલીનું દુઃખ દૂર કર્યું. આ બનાવથી એણે એવી કીર્તિ મેળવી કે, હજુ સુધી રાજસ્થાનના ઇતિહાસમાં તેનું નામ અચળ રહ્યું છે.

ઝીમા ચારણી સંવત ૧૪૬૦ ની લગભગમાં થઇ ગઇ છે.

१६५–गुन्नोरनी राणी

મધ્ય હિંદુસ્તાનમાં હાલના ભોપાળ શહેરની પાસે ગુન્નોર નામનું એક નાનું હિંદુ રાજ્ય હતું. જે વખતે એક પછી એક હિંદુ રાજ્યો મુસલમાનોના તાબામાં આવવા માંડ્યાં હતાં, તે સમયે નાનાસરખા ગુન્નોરના રાજ્યે પોતાની સ્વતંત્રતા જાળવવા ધૈર્યપૂર્વક પ્રયત્ન કર્યો હતો. એ સમયમાં દિલ્હીમાં પઠાણોનું રાજ્ય રહ્યું નહોતું. મોગલોનાં ઝુંડનાં ઝુંડ પરદેશમાંથી આ દેશમાં આવવા લાગ્યાં હતાં. પઠાણો પર વિજય મેળવીને તેઓ ભારતવર્ષમાં પોતાના રાજ્યનો વિસ્તાર વધારતા હતા. પઠાણોને જ્યારે મોગલોના ત્રાસથી દિલ્હી છોડવું પડ્યું, ત્યારે તેઓ ભારતવર્ષના બીજા પ્રાંતોમાં અધિકાર જમાવવા નીકળ્યા. માળવા, ગુજરાત, વગેરે પ્રાંતોમાં જઇને તેઓ ત્યાંના નાના નાના હિંદુ રાજાઓને પરાજિત કરીને તેમનાં રાજ્યો પડાવી લેતા. આ પ્રમાણે દિલ્હીમાંથી નાઠેલો એક પઠાણ પોતાના સાથીઓ સાથે ગુન્નોર રાજ્યમાં આવ્યો અને ત્યાં આગળ મુસલમાનોનું રાજ્ય સ્થાપવાનો યત્ન કર્યો. એણે ધાર્યું હતું કે, ગુન્નોર નાનું સરખું રાજ્ય હોવાથી એને સર કરવામાં વિશેષ પરિશ્રમ પડશે નહિ; પરંતુ યુદ્ધ આરંભ્યા પછી એને ખબર પડી કે, ગુન્નોરને કબજે કરવું એ નાનુંસૂનું કામ નથી. શત્રુના આક્રમણના સમાચાર મળતાંવારજ ગુન્નોરનો રાજા પોતાના સૈન્ય સાથે પઠાણની સામે યુદ્ધ કરવા ગયો અને પઠાણસૈન્યને એક એક ડગલું આગળ વધતાં ત્રાહે ત્રાહે પોકરાવી; પરંતુ મુસલમોનોનું સૈન્ય પ્રબળ હતું. શત્રુઓનો પરાજય કરવાને ઘણાએ પ્રયત્ન કર્યા છતાં રાજા પોતાના ઉદ્દેશમાં સફળ થયો નહિ અને પોતાના અનેક વીર સૈનિકો સાથે રણભૂમિમાંજ મરણ પામ્યો.

આ શોકજનક સમાચાર જ્યારે ગુન્નોર નગરમાં પહોંચ્યા, ત્યારે રાણીને ઘણોજ શોક થયો; પરંતુ આ શોક કરવાનો સમય નહોતો. એણે પોતાના દુઃખને મનમાંજ સમાવી દીધું. એણે પોતાના શહેરમાંથી મળી આવે એટલા નવા સૈનિકો એકઠા કર્યા અને તેમનું સેનાપતિપણું પોતે સ્વીકારીને શત્રુઓ સાથે યુદ્ધ કરવા ગઇ. ગુન્નોરના વીર સૈનિકોના હૃદયમાં રાણીનો આટલો બધો ઉત્સાહ જોઇને નવીન બળનો સંચાર થયો. રાણી શસ્ત્રવિદ્યા અને રણકૌશલ્યમાં ઘણીજ પ્રવીણ હતી. પોતાના સ્વર્ગસ્થ પતિની પેઠે એ પણ ઘણી વીરતાથી પઠાણો સાથે લડી. સૈનિકોએ પણ સ્વદેશની ખાતર પ્રાણ આપવામાં બાકી ન રાખી, પરંતુ દૈવ સાનુકૂળ નહિ હોવાથી તેમના બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. પઠાણોનું સૈન્ય ઘણું વિપુલ હતું અને રાણીના સૈનિકો એમના પ્રમાણમાં ઘણાજ થોડા હતા. દિનપ્રતિદિન રાણીના વીર સૈનિકો યુદ્ધમાં મરણ પામતા ગયા અને શત્રુઓના હાથમાંથી ગુન્નોરનું રક્ષણ કરવાની આશા નિરાશામાં બદલાઈ ગઇ; પરંતુ એમ છતાં પણ રાણીએ યુદ્ધ બંધ રાખ્યું નહિ. ઘોરયુદ્ધ કર્યા વગર મુસલમાનોના હાથમાં એક તસુ પણ જમીન ન જવા દેવાનો એણે નિશ્ચય કર્યો હતો; પરંતુ મુસલમાનો પોતાના પ્રબળ સૈન્યને લીધે એકે એકે ગુન્નોર રાજ્યના કિલ્લા પોતાના અધિકારમાં લેતા ગયા. પાંચ કિલ્લાઓ શત્રુઓના હાથમાં આવી ગયા પછી, રાણીએ નર્મદાના કિનારે આવેલા એક મજબૂત કિલ્લામાં આશ્રય લીધો; પરંતુ નદી ઓળંગીને રાણી કિલ્લામાં પ્રવેશ કરે, તે પહેલાં શત્રુઓને તેના ઇરાદાની ખબર પડી ગઇ. તેઓ તેની પાછળ પડ્યા. રાણી પોતાના કેટલાક વિશ્વાસુ સૈનિકોને લઇને શત્રુઓના આવતા પહેલાંજ, દુર્ગમાં પહોંચી ગઇ અને ત્યાં જઇને દુર્ગનાં દ્વાર બંધ દીધાં; પરંતુ આ નાસાનાસમાં રાણીના પક્ષના અનેક સિપાઇઓ માર્યા ગયા. હવે રાણી પાસે કિલ્લાની અંદર ગણ્યા-ગાંઠ્યા મનુષ્યો હતા. મુસલમાનોએ નિસરણીઓ મૂકી મૂકીને કિલ્લાની અંદર પ્રવેશ કરવા માંડ્યો હતો. આ વખતે પોતાનો બચાવ થવો અસંભવિત જાણીને રાણીએ બીજી યુક્તિ રચી. તેણે પઠાણ સરદારને કહેવરાવ્યું કે, “હું આપને શરણે આવવા તૈયાર છું અને હવે આપ કૃપા કરીને આ વૃથા રક્તપાત બંધ કરો.”

રાણીના તરફથી આવો વિનયપૂર્વક સંદેશો પહોંચતાંવારજ

ખાનસાહેબ તો પીગળી ગયા. તેના આનંદનો પાર રહ્યો નહિ. રાણીના અપૂર્વ સૌંદર્યની કીર્તિ તો એણે પહેલેથીજ સાંભળી હતી.

હવે તો ગુન્નોરને સર કરવા કરતાં ગુન્નોરની અપૂર્વ સૌંદર્યવતી રાણીને પ્રાપ્ત કરવાની લાલસા તેના મનમાં વધારે પ્રબળ થઇ પડી. જરા પણ અનાકાની કર્યા વગર, એણે રાણીની વિનતિ માન્ય રાખીને દૂતની સાથે કહેવરાવ્યું કે, "યુદ્ધમાં તમારી અસાધારણ બહાદુરી જોઇને હું ઘણોજ ખુશ થયો છું. આપે આજ સુધી મહારાણીનું પદ ભોગવ્યું છે અને જ્યાંસુધી મારા દેહમાં જીવ છે ત્યાં સુધી તમે એજ પદ ઉપર બિરાજેલાં રહેશો. આ નમ્ર સેવક આપના તાબેદાર તરીકે રહીને આપની આજ્ઞા મુજબ રાજ્યનો વહિવટ કરશે." ખાનસાહેબનો આ વિવેકપૂર્ણ સંદેશો સાંભળીનેજ ગુન્નોરની રાણી તેનો આંતરિક ઉદ્દેશ શો છે, તે કળી શકી. એ ઘણા ઊંડા વિચારમાં પડી ગઇ. એની વિનતિ સ્વીકારે તો પઠાણને હાથે પોતાનું પાતિવ્રત્ય નષ્ટ થવાનો સંભવ હતો અને ન સ્વીકારે તો પોતાનો તથા પોતાના સ્વામીભક્ત સૈનિકોનો અવશ્ય સંહાર થવાનો પ્રસંગ હતો.

આ બન્ને આપત્તિઓમાંથી મુક્ત થવાને માટે તેણે ઘણો વિચાર કરીને એક યુક્તિ શોધી કાઢી. પઠાણ સરદારની વિનતિના ઉત્તરમાં તેણે કહેવરાવ્યું કે, "હું પણ રણસંગ્રામમાં ખાનસાહેબનું અતુલ પરાક્રમ જોઇને અતિ પ્રસન્ન થઇ ગઇ છું. એવા બહાદુર સરદારની પટરાણી થવાની મને ઇચ્છા થાય છે. અમને રજપૂત સ્ત્રીઓને શૌર્ય અને સાહસ એ બે ગુણ ઘણા પ્રસન્ન હોય છે. ખાનસાહેબ મારે માટે યોગ્ય પુરુષ છે. મારી વિનતિનો એ સ્વીકાર કરશે, તો એમણે મારૂં માન રાખ્યું હું માનીશ. મારી ઇચ્છા છે કે, અમારા કુલાચાર પ્રમાણે અમારા ગઢની અગાસી ઉપર ખાનસાહેબ સાથે મારા લગ્નની વિધિ થાય. મારા દરજ્જા પ્રમાણે સુંદર વસ્ત્રાલંકારમાં સજ્જ થવાને મને બે કલાક લાગશે."

ખાનસાહેબે રાણીની બધી વિનતિનો સાદર સ્વીકાર કર્યો. આજ તેના હર્ષનો કાંઇ પારજ નહોતો. આજ એ પોતાના જીવનને ધન્ય થયું સમજતો હતો. થોડીકજ વાર પછી ગુન્નોરની રાણીએ પોતાના ભાવી પતિને માટે એક કિંમતી કિનખાબનો પોશાક તથા અમૂલ્ય રત્નોનો કંઠો પ્રેમના ઉપહાર તરીકે મોકલી આપ્યો અને બે કલાક પછી એ પોશાક સાથે મહેલમાં પધારવાને કહેવ-

રાવ્યું. અત્યારે યુદ્ધનાં રણશિંગડાં બંધ કરી દેવરાવવામાં આવ્યાં હતાં. મંગળ વાદ્ય ચારે તરફ વાગી રહ્યાં હતાં. પોતાના સરદારના આજે ભારતવર્ષની એક અત્યંત રૂપવતી રમણી સાથે 'નિકાહ' થશે, એ સમાચારથી પઠાણ સૈનિકોમાં હર્ષ વ્યાપી ગયો હતો. પઠાણો તલવારોને તંબૂમાં મૂકી દઈને મોજમજા, ગાનતાલ અને નાચતમાશામાં મશગૂલ થઇ ગયા હતા. ઘણા દિવસોથી જે સુંદરીના અપ્રતિમ રૂપલાવણ્યની પ્રશંસા પોતે સાંભળ્યા કરતો હતો, તેનાં આજે દર્શન કરવા, તેને આલિંગન દેવા પઠાણ સરદારનું મન તલપાપડ થઇ રહ્યું હતું.

આખરે નિયત સમયે રાણીનો દૂત ખાનસાહેબને તેડવા આવ્યો. ખાનસાહેબ એ રત્નજડિત કિનખાબનો પોશાક પહેરીને ઉતાવળો ઉતાવળો મહેલમાં ગયો. ત્યાં જઇને રાણીનાં જ્યારે સાક્ષાત્ દર્શન કર્યાં, ત્યારે ખાનસાહેબને ખાતરી થઇ કે, તેનું સૌંદર્ય પોતે સાંભળ્યું હતું તેના કરતાં પણ શ્રેષ્ઠ હતું. પોતે કોઇ સ્વર્ગની અપ્સરાને જોતો હોય એમ તેને લાગ્યું.એક મોટા સિંહાસન ઉપર મખમલના ગાલીચા ઉપર રાણી સુંદર વસ્ત્રાલંકાર પહેરીને બેઠી હતી અને તેની આસપાસ બીજા સાધારણ ગાલીચાઓ ઉપર તેની સખીઓ બેઠી હતી. દાસીઓના હાથમાં નાની નાની સળગતી મશાલો હતી. એ મશાલોના પ્રકાશમાં રાણીનું સૌંદર્ય ઘણું દીપી ઊઠતું હતું. રાણીએ મૃદુ વચનોથી ખાનસાહેબને પલંગ ઉપર બિરાજવા કહ્યું. ખાનસાહેબ તો રાણીના રૂપથી એટલા બધા મુગ્ધ થઈ ગયા હતા કે, રાણીના આદેશનું પાલન કરવામાં જરા પણ વિલંબ કરતા નહિ. રાણીએ તેની સાથે મીઠી મીઠી વાતો કરવાનો આરંભ કર્યો. એ વાતોમાં ખાનસાહેબને એટલો બધો રસ પડ્યો કે, સમય પૂર્ણ વેગથી ચાલ્યો જતો હતો, તેનું તેમને જરા ભાન નહોતું. ગુન્નોરની રાણીના સૌંદર્યનું દર્શન કરવાથી તેને એક કલાક એક મિનિટ જેટલો લાગતો. આ પ્રમાણે વાર્તાલાપ ચાલી રહ્યો હતો, એવામાં ખાનસાહેબની તબિયત બગડી આવી, તેમનો જીવ ગભરાવા લાગ્યો, તેમનું મુખ નિસ્તેજ થવા લાગ્યું, તથા શરીરમાં અત્યંત બળતરા થવા લાગી; રાણીની દાસીઓ પંખો નાખવા લાગી, પીવાને માટે ઠંડાં શરબતો આપવામાં આવ્યાં, પણ કશાથી પઠાણ સરદારની તબિયત સુધરી નહિ. ધીમે ધીમે તેની વેદના વધતીજ ગઈ. એ વસ્ત્ર ફાડવા લાગ્યો. તેની આ દશા

જોઇને ગુન્નોરની રાણી પોતાના આસન ઉપરથી ઊભી થઇને બોલીઃ

"ખાનસાહેબ, હવે તો તમારી છેલ્લી ઘડી આવી પહોંચી છે. તમે જે પોશાક પહેર્યો છે, તે ઝેરી છે અને એ ઝેર તમારી રગે-રગમાં વ્યાપી ગયું છે. મારૂં શિયળ સાચવીને તમારો સંહાર કરવાનો એજ એક માત્ર રસ્તો મારે માટે ખુલ્લો હતો." આ શબ્દો સાંભળીને ખાન અને તેના થોડાઘણા સૈનિકો આભાજ થઇ ગયા. એ લોકોને પોતાની ખરી સ્થિતિનું ભાન થાય તે પહેલાં તો ગુન્નોરની રાણી કિલ્લા ઉપરથી નર્મદામાં કૂદી પડી હતી.

પોતાની સાથે દગો થયેલો જોઇને પઠાણો ત્યાં બેઠેલી રજપૂત સ્ત્રીઓ તરફ ધસ્યા; પણ એ લોકો તેમના અંગને સ્પર્શ કરે, તે પહેલાં તો તેમણે પોતાના ગાલીચાની નીચે દાબેલા દારૂગોળાના કોથળાઓને મશાલ અડકાડી દીધી. તરતજ એક ભયંકર ગર્જના સાથે કિલ્લો તૂટી પડ્યો અને ખાન પોતાના સૈનિકો સાથે એક ક્ષણભરમાં ભસ્મીભૂત થઇ ગયો.

આ પ્રમાણે ગુન્નોરની વીર અને તેજસ્વી રાણીએ પોતાનું પાતિવ્રત્ય સાચવીને શત્રુઓનો સંહાર કર્યો.

१६६–झेबा चहेरा

એ સંગેસરના રાજાની કન્યા હતી. અલાઉદ્દીન બહમની તરફથી દક્ષિણનાં અનેક રાજ્યો જીતવાનો દિલાવરખાંને હુકમ મળ્યો હતો, તે વખતે સંગેસરના રાજાએ બાદશાહ અલાઉદ્દીન બહમનીને જજિયાવેરો આપવાનું કબૂલ કર્યું હતું. દિલાવરખાંએ જોયું કે, રાજાની પુત્રી ઘણીજ સુંદર હતી. તેણે હિજરી સને ૮૪૧માં એ કન્યાને બાદશાહના અંતઃપુરમાં મોકલી આપી. એ રાજકન્યા ઘણીજ ખૂબસૂરત અને સંગીતમાં અતિકુશળ હતી. બાદશાહે તેના ઉપર પ્રસન્ન થઇ જઇને તેનું નામ "ઝેબા ચહેરા" પાડ્યું હતું. અલાઉદ્દીન અને ઝેબા ચહેરાનો પ્રેમ દક્ષિણમાં પ્રસિદ્ધ હતો.

१६७–मीरांबाई

રાજપૂતાનામાં મેડતા નામનું એક નાનું સરખું ગામ છે. બિકાનેરથી જોધપુર જતાં એ ગામ રસ્તામાં આવે છે. એ ગામમાં રાઠોડવંશના રાજા રાજ્ય કરતા હતા. જોધપુર શહેરને વસાવનાર રાવ જોધાજીના પૌત્ર રાવ રત્નસિંહ મેડતામાં વિક્રમના સોળમા સૈકામાં રાજ્ય કરતા હતા. એ રાવ રત્નસિંહ મીરાંબાઇના પિતા થાય. મીરાંબાઇનો જન્મ મેડતાના તાબામાં આવેલા ચોકડી નામનાં ગામડામાં થયો હતો.

જગતમાં જે પૂજ્ય સન્નારીઓ સગાંસંબંધી અને જનસમાજના અત્યાચારને સહન કરીને પણ ભગવાનને પ્રાપ્ત કરવા સારૂ કઠણ સાધના કરી ગઇ છે, તે સન્નારીઓમાં મીરાંબાઈનું નામ ઘણે ઊંચે દરજ્જે બિરાજે છે. મીરાંબાઇના જન્મથી ભારતવર્ષની સ્ત્રીજાતિનું ગૌરવ વધ્યું છે.

મીરાંબાઈનો જન્મ ઇ. સ. ૧૫૦૪ ની લગભગમાં માનવામાં આવે છે. મીરાંબાઈની જનની ઘણીજ ધર્મપરાયણ સ્ત્રી હતી. માતાના શિક્ષણ તથા ઉદાહરણથી મીરાંબાઈના કોમળ હૃદયમાં ધર્મનાં બીજ બાલ્યાવસ્થાથીજ અંકુરિત થયાં હતાં.

મીરાંબાઈ જ્યારે બાલિકા હતી, ત્યારે તેના મહેલ આગળ થઇને એક દિવસ લગ્નનો વરઘોડો જતો હતો. એ વરઘોડો જોવા સારૂ આખા ગામની છોકરીઓ અગાશી ઉપર ચડી હતી. એ વખતે એકાંતનો પ્રસંગ જોઇને મીરાંબાઈની મા નીચે ઠાકોરજીનાં મંદિરમાં જઇને પૂજા કરવા બેસી ગઇ. ભગવાનની પૂજા કરવામાં તેને એવો આનંદ આવ્યો કે, વરઘોડો જોવા જવાની તેને જરા પણ ઇચ્છા થઇ નહિ.

માતાને આ પ્રમાણે ભગવાનની પૂજામાં તન્મય થતી જોઇને, મીરાંબાઈનું ચિત્ત પણ રમતગમત ઉપરથી ઊઠી ગયું.

બાલિકા મીરાં માતાની પાછળ પાછળ પૂજાના મંદિરમાં જતી અને માતાની ભક્તિ ચુપચાપ જોયા કરતી. તેણે એક વખત પોતાની માને પૂછ્યું: "મા, મારે વિવાહ કરવો પડશે? મારો વર ક્યાં હશે?" માએ બાલિકાને છાતીસરસી ચાંપીને સ્નેહ-પૂર્વક ચુંબન કર્યું. ત્યાર પછી ઠાકોરજી તરફ ઇશારો કરીને કહ્યું: "આ ઠાકોરજી તારા સ્વામી."

સરળ બાલિકા માની વાતને સાચી માનીને શાંત થઇ ગઇ. એ દિવસથી મીરાં ખરેખાત એમજ સમજવા લાગી કે, ઠાકોરજી મારા સ્વામી છે. સ્વામીની આગળ નવવધૂ જેમ ઘૂમટો તાણે, તેમ મીરાં માના દેખતાં ઠાકોરજીની લાજ કાઢતી. મીરાંની માતા નાની સરખી બાલિકાનો આવો સ્વાંગ જોઇને ખૂબ હસીને ચાલી જતી.

બાલિકા મીરાંબાઈનો ચહેરો ઘણો સુંદર હતો. તેનો વર્ણ સોના જેવો ઉજ્જવળ હતો. જોતાંવારજ એ કોઇ દૈવીપ્રતિમા હોય, એવો ભાસ થતો હતો. તેનો કંઠ–સ્વર ઘણો મધુર હતો. મીરાંનાં ગીત સાંભળીને મેડતાનાં નરનારી મુગ્ધ થઇ જતાં.

નાની વયમાંજ મીરાંબાઈ વાંચતાંલખતાં શીખી હતી. એ પોતે કવિતા રચીને ગાતી હતી. તેની કવિતા અને સંગીતની પ્રશંસા ચારે તરફ ફેલાઇ ગઇ હતી.

રજપૂતાનામાં મેવાડનું રાજ્ય સૌથી વધારે પ્રતિષ્ઠિત છે. એ રાજ્યમાં અનેક વીર પુરુષો જન્મ્યા છે. એ વીરપુરુષોએ પોતા-ના રાજ્યનું સન્માન સાચવી રાખવા સારૂ બાદશાહની સાથે લડી-ને પ્રાણ આપ્યા છે. એ સર્વ કારણોને લીધે રજપૂતાનાના રાજા-ઓમાં મેવાડની ઘણીજ ઇજ્જત આબરૂ છે. મેવાડપતિ આજદિન સુધી હિંદનો સૂરજ–હિંદુઓના સૂર્યના ઉપનામથી ઓળખાય છે.

જે સમયની આપણે વાત કરી રહ્યા છીએ, તે સમયમાં મેવાડ-ની ગાદી ઉપર રાણા સંગ બિરાજતા હતા. રાણા સંગ એક બહાદુર પુરુષ હતા. માળવા અને ગુજરાતના બાદશાહો ઉપર વિજય મેળવીને તેમણે ઘણી ખ્યાતિ મેળવી હતી. મેવાડપતિ રાણા સંગના સાંભળવામાં મીરાંબાઈના રૂપ અને ગુણની પ્રશંસા આવી હતી, એટલે પોતાના મહારાજ કુમાર ભોજરાજની સાથે તેનો વિવાહ કરવાની તેમને ઇચ્છા થઇ. મેવાડના રાણાના કુમાર સાથે લગ્ન કરવામાં રજપૂતો પોતાનું ગૌરવ સમજતા હતા, એટલે રત્ન-

સિંહ રાઠોડે ઘણુંજ આનંદપૂર્વક ભોજરાજ સાથે મીરાંબાઈનું લગ્ન કરવાનું સ્વીકાર્યું. એ વખતે મીરાંબાઈની ઉમર માત્ર બાર વર્ષની હતી. વિવાહ કરવાની તેની પોતાની મરજી નહોતી; કારણકે એ તો ગિરિધર ગોપાળનેજ પોતાના સ્વામી ગણવા લાગી હતી. વિવાહની ખબર સાંભળવાથી તેના જીવને ઘણું દુઃખ થયું, પણ શરમને લીધે એ માતપિતાની આગળ ના કહી શકી નહિ.

લગભગ ઇ. સ. ૧૫૧૬ માં મેવાડના યુવરાજ ભોજરાજ સાથે મીરાંબાઇનું લગ્ન થઇ ગયું. રાજા મહારાજાનો વિવાહ એટલે વૈભવનું તો પૂછવુંજ શું ? મહારાજ કુમાર ભોજરાજા ઘણી ધામધૂમ સાથે લાવલશ્કર લઇને લગ્ન કરવા આવ્યો હતો.

મીરાંબાઈનું જીવનચરિત્ર બાલ્યાવસ્થાથી તે અંતકાળ સુધી અનેક ચમત્કારી બનાવો અને દંતકથાઓથી ભરપૂર છે. એ કથાઓની સત્યાસત્યતાનો નિર્ણય હજુ સુધી જોઇએ એટલી સંતોષકારક રીતે થયો નથી; પરંતુ એ ચાલતી આવેલી દંતકથાઓમાંથી પણ વાચક બહેનોને કાંઇક ઉપદેશ મળે, એ ઉદ્દેશથી આ ટૂંકા ચરિત્રમાં અમે એ કથાઓનો પણ સમાવેશ કરીશું.

એમ કહેવાય છે કે લગ્ન પ્રસંગે મીરાંને જ્યારે વરની પ્રદક્ષિણા કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે એ વરના સામું પણ જોયા વગર ઠાકોરજીના મંદિરમાં જતી રહી અને ગિરિધરલાલજીની મૂર્તિની પ્રદક્ષિણા કરીને તેમનું ભજન કરવા લાગી.

સાસરે વળાવવાનો વખત આવ્યો, ત્યારે મીરાંબાઇની સખીઓએ તેના સુંદર દેહને અનેક કિંમતી સુવર્ણ અને રત્નના અલંકારથી શણગારી દીધો. તેની માતાએ આંખમાં આંસુ આણીને તેને પ્રેમપૂર્વક શિખામણ આપીઃ " જોજે બહેના સાસરે જઇને આવી ઘેલછા ન કરતી. ત્યાં જઇને સાસુસસરાની સેવા કરજે. પતિને દેવ સમાન ગણજે અને ડાહી થઇને રહેજે." પણ મીરાંના હૃદયમાં આ ઉપદેશે જરાયે અસર કરી નહિ. તેની ઘેલછા એવી ને એવીજ રહી. ભોંય ઉપર ઢળી પડીને એ છાતીફાટ રુદન કરવા લાગી. મીરાંબાઈના રોવાનું કારણ એ હતું કે, સાસરે ગયા પછી ભગવાનની ઉપાસના કરવાનો તથા રાતદિવસ ગિરિધરલાલજીના ગુણ ગાવાનો અવકાશ નહિ મળે. ઠાકોરજીની પૂજા કરવાને જે અનુકૂળતા સ્નેહાળ માતાએ કરી આપી હતી, તે અનુ-

ફૂળતા સાસરે ગયા પછી કદી નહિ મળે. આવા આવા વિચારોથી ભક્તશિરોમણિ મીરાંબાઈ શોકથી આકુળવ્યાકુળ થઇ ગઇ હતી.

પરંતુ વિવાહ કરીને સાસરે ગયા વગર કોઇને ચાલ્યું છે કે, બિચારી મીરાંને ચાલે ? મરજી હોય કે ન હોય, પણ મીરાંને સાસરે જવુંજ પડયું.

સાસરે ગયા પછી મીરાં પોતાના પતિ ભોજરાજને ચાહવા લાગી, પણ પતિના પણ પતિ પરમેશ્વરને એ વીસરી ગઇ નહોતી.

પતિનું સુખ મીરાંબાઇ વધારે સમય સુધી ભોગવી શકી નહિ. લગ્ન પછી થોડાજ અરસામાં રાણા સંગના ગાદીવારસ મહારાજ કુમાર ભોજરાજનું તરુણ વયમાં મૃત્યુ થયું. પરંતુ વૈધવ્યના અસહ્ય દુઃખમાં પણ વિધાતાની અપૂર્વ દયા સમાયેલી જોઇને, સાધ્વી મીરાં એમાં પણ સંતોષ માનવા લાગી તથા પ્રભુભક્તિમાં મનને વિશેષ પરોવીને વૈધવ્યને સફળ કરવા લાગી.

મીરાંબાઇના વિધવા થયા પછી થોડે સમયે રાણા સંગનું પણ મૃત્યુ થયું. રાણા સંગની જગ્યાએ તેનો પુત્ર રત્નસિંહ વિ. સં. ૧૫૮૪ માં ગાદીએ બેઠો અને તેનો બીજો ભાઈ વિક્રમાજિત રણથંભોરની ગાદીએ બેઠો. રાણા રત્નસિંહનું પણ સં. ૧૫૮૮ માં બૂંદી રાજ્યની સરહદ ઉપર બૂંદીના મહારાવ સૂર્યમલને હાથે મૃત્યુ થયું, એટલે ચિતોડની ગાદી વિક્રમાજિતના હાથમાં આવી. એ વિક્રમાજિત ઘણા ખરાબ સ્વભાવનો હતો. એણે થોડા સમયજ રાજ્ય કર્યું હતું, પણ થોડા સમયમાંજ એ પોતાની પ્રજામાં ઘણો અપ્રિય થઈ પડ્યો હતો. એ રાજાનાં દુષ્ટ આચરણોનુ વર્ણન રાજસ્થાનના ઇતિહાસકારોએ ઘણી સારી રીતે કર્યું છે. મીરાંબાઈ ઉપર પણ સખ્તાઈ કરવામાં તથા તેને ભક્તિમાર્ગમાંથી વિમુખ રાખવા માટે તેણે કચાશ રાખી નહોતી.

મીરાંબાઈનાં સાસરિયાંએ તેને ગિરિધર ગોપાળની પૂજા છોડી દેવાનો આગ્રહ કર્યો હતો, પણ મીરાંએ સ્પષ્ટ કહી દીધું હતું કેઃ—

“ મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઇ,
દૂસરા ન કોઇ, હો નાથ ! દૂસરા ન કોઇ.”

મીરાંબાઈની સાસુએ ક્રોધે ભરાઇને તેને જુદા મહેલમાં રાખી હતી. મીરાંને તો ભાવતું હતું અને વૈદે કહ્યું. જુદા મહેલમાં

રહેવાથી સંસારની બધી ગડબડથી તે બચી ગઇ. કોલાહલશૂન્ય મકાનના એક એકાંત ઓરડામાં બેસીને તે મન ખોલીને ભગવાનની પ્રાર્થના કરવા લાગી. સગાંસંબંધીઓએ મીરાંનો ત્યાગ કર્યો, પણ ભક્તવત્સલ ભગવાને તેને પોતાની તરફ વધારે આકર્ષિત કરી. મીરાંબાઈએ હવે ખુલ્લી રીતે સાધુસંતોનો સત્કાર કરવાનું અને તેમની પાસે ભગવાનના ગુણાનુવાદ સાંભળવાનું શરૂ કર્યું. સાધુસંન્યાસીઓ વગર સંકોચે મેવાડની પુત્રવધૂના મહેલમાં આવજા કરે છે, એ સમાચાર ધીમે ધીમે રાણાના મહેલમાં પહોંચ્યા અને તેઓ મીરાં ઉપર ઘણાજ ક્રોધે ભરાયા. મેવાડના કુળને મીરાં આ પ્રમાણે કલંક લગાડે, એ કોઇને પણ રુચ્યું નહિ. મીરાંની એક નણંદ ઉગ્ર ચંડિકાના જેવું રૂપ ધારણ કરીને મીરાંને ધમકાવવા આવી કે, " તમે મહારાણાના ઘરનાં વહુ થઇને, આમ સાધુસંતોને વગર સંકોચે તમારા મહેલમાં આવવા જવા દો છો, એ ઘણીજ શરમની વાત છે. તમારે ઈશ્વરનું ભજન કરવું હોય તો એકલાં બેસીને કરો. અમારા કુળને શું કામ કલંક લગાડો છો ? " સાધ્વી મીરાંએ નણંદનો બધો ઠપકો શાંત ચિત્તે સહન કરીને પ્રભુને પ્રાર્થના કરીઃ " હે ગિરિધારિ ! મારી સાસુ કેવી નિષ્ઠુર અને નણંદ પણ કેવી કજિયાખોર છે ? આ કષ્ટ મારાથી કેમ સહન થાય ? પણ હે ગિરિધર, તારી ખાતર હું બધું સહન કરીશ. " આ પ્રસંગને ઉદ્દેશીને તેણે ગાયું છે કેઃ–

" સાધુન સંગ બૈઠ બૈઠ, લોકલાજ ખોઇ,
યહ તો બાત ફૂટ ગઇ, જાનત સબ કોઇ;
મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઇ.
અંસુઅન જલ સીંચ સીંચ, પ્રેમ બેલ બોઇ,
યહ તો બેલ ફેલ ગઈ, અમૃત ફલ હોઇ;
મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઇ.
આઈથી મેં ભગત જાન, જગત દેખ રોઇ,
લોગ કુટમ ભાઇબંધ, સંગ નહિ કોઇ;
મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ. "

આ બનાવ પછી રાણાના ક્રોધનો પાર રહ્યો નહિ. તેમણે મીરાંને મારી નાખવાના ઉપાયો શોધવા માંડ્યા. એ સંબંધી ખબર કોઇ કોઇ વખત મીરાંબાઇના શુભેચ્છકો તરફથી મીરાંબાઇને કાને પણ પડતી, પણ એ તો સ્પષ્ટ જવાબ આપતી કેઃ–

"રાણાજી મેવાડા મારો કાંઇ કરલેસી
મેં રસિયો રામ રિઝાવા એમાં; રાણાજી મેવાડા.
રાણાજી રૂસેગા તો ઘર જાવેગા,
રામ રૂસ્યાં મર જાવાં એમાં; રાણાજી મેવાડા."

અર્થાત્ કે, "મેવાડપતિ રાણાજી મને શું કરી શકવાના છે? હું તો પરબ્રહ્મ પરમેશ્વરને રીઝવી રહી છું. રાણાજી નાખુશ થઇને ઘર બહાર મને કાઢી મૂકશે, પણ પરમેશ્વર રિસાશે તો મારૂં મોતજ આવશે."

રાણાજીએ હવે ક્રોધના આવેશમાં આવી જઇને એક કાળા ઝેરી સાપને સુંદર પેટીમાં પૂરીને એ પેટી મીરાંબાઇની પાસે એક દાસીની સાથે મોકલાવી આપી તથા કહેવરાવ્યું કે, "હું તમારી દૃઢ ભક્તિ જોઇને ઘણો પ્રસન્ન થયો છું અને આ કિંમતી રત્નોનો હાર તમારે માટે ભેટ તરીકે મોકલું છું, તેને કંઠમાં ધારણ કરજો." મીરાંએ ઘણા આશ્ચર્ય સાથે પેટીનું તાળું ઉઘાડીને હાર કાઢવા સારૂ હાથ ઘાલ્યો. હાથ ઘાલતાંવારજ વિષમય સર્પે તેને દંશ દીધો; પણ મીરાં તો એથી જરા પણ ગભરાઇ નહિ. એણે તો એ વખતે નીચેનું પદ ગાયું:—

"સાપ પિટારો રાણાજીને ભેજયો,
ચંદનહાર વણાસ્યા એમાં."

અને પોતાના ઇષ્ટદેવતા રણછોડજીનું સ્મરણ કરીને એ ઝેરી સાપને પણ મીરાંએ ફૂલોની માળાની પેઠે ગળામાં ધારણ કર્યો.

સદ્ભાગ્યે એ સર્પના ઝેરની કાંઇ પણ અસર મીરાંબાઈના ઉપર ન થઇ. સર્પ કરડ્યાથી પણ મીરાંબાઈ ન મરી, ત્યારે રાણાજીએ બીજી:યુક્તિ શોધી કાઢી. એક સોનાના પ્યાલામાં વિષ ઘોળીને એ પ્યાલો મીરાંબાઈની પાસે મોકલાવી કહેવરાવ્યું કે, "આ શ્રીરણછોડજીનું ચરણામૃત છે, એને પી જજો." ચતુર મીરાંબાઈ સમજી ગઇ હતી કે, આ ચરણામૃત નથી; પણ મને મારી નાંખવા સારૂ મોકલેલું હળાહળ વિષ છે, છતાં પણ એણે તો નીચેનું પદ ગાઇને "ચરણામૃત" પી લીધું:—

"વિષકો પ્યાલો રાણાજીને ભેજયો,
ચરણામૃત કર પીસા એમાં."

અર્થાત્–રાણાજીએ મોકલેલા વિષને પ્રભુનું ચરણોદક ગણીને હું તો પી જઇશ અને ખરેખર પ્યાલો ઉઠાવીને મીરાંએ હળાહળ ઝેર પીજ ગઈ. ધન્ય ! ધન્ય ! ધન્ય ! એવી પરમ સ્ત્રી ભક્તાને !!

વિષપાનથી પણ મીરાંનું મૃત્યુ ન થયું, ત્યારે રાણાજીએ ગામમાં ઢંઢેરો પિટાવ્યો કે, " જે કોઈ સાધુસંત મીરાંના મહેલમાં જશે, તેને મારી નાખવામાં આવશે. "

મીરાં ઘણી વાર એકલી બેસીને ઊંચે સ્વરે પ્રભુની પ્રાર્થના કર્યા કરતી હતી. પહેરાવાળાઓએ એક દિવસ સાંભળ્યું કે, મીરાં કોઇની સાથે ઘરમાં વાતચીત કરી રહી છે. તેમણે જઇને રાણાજીને ખબર આપી કે, " માતાજી કમાડ બંધ કરીને કોઇની સાથે વાત કરી રહ્યાં છે. "

રાણાજી લાલચોળ આંખો કરીને મીરાંના મહેલ તરફ ગયા. રાણાજીના હાથમાંની તલવાર સૂર્યના પ્રકાશમાં ઝગઝગ થઈ રહી હતી. રાણાએ બારણા આગળ જઇને ગર્જના કરીને મીરાંને કહ્યું: " તું છાનીમાની કોની સાથે વાતચીત કરી રહી છે ? ઝટ બોલ, નહિતર જાનથી મારી નાખીશ. " મીરાંએ કમાડ ઉઘાડ્યાં. તેના ચહેરા ઉપર ભયની એક પણ રેખા નહોતી. તેની આંખોમાં ઈશ્વરપ્રેમનું ઉજ્જવલ તેજ હતું. તેણે ધૈર્યપૂર્વક ઉત્તર આપ્યો: " હું ભગવાનની સાથે વાત કરી રહી હતી. " રાણા ગર્જના કરીને બોલી ઉઠ્યા: "ક્યાં છે તારો ભગવાન ? એકદમ કહી દે." મીરાંએ ઉત્તર આપ્યો: " આ મારી સન્મુખ ઊભા છે. મારા હૃદયની અંદર તેમજ બહાર સર્વત્ર એજ વસી રહ્યા છે. " મીરાંનો દૃઢ વિશ્વાસ જોઇને રાણા પણ સ્તંભિત થઇ ગયા અને નીચે મોંએ પોતાના મહેલમાં પાછા ગયા.

આખરે રાણાજીના ત્રાસથી કંટાળીને મીરાંબાઈ યાત્રા કરવા નીકળી પડી. મથુરાં, વૃંદાવન આદિ તીર્થોની યાત્રા કરતી કરતી એ દ્વારિકા નગરીમાં પહોંચી. રાણાજીએ પાછળથી મીરાંને તેડી લાવવા સારૂ માણસો મોકલ્યાં હતાં. પોતાના રક્ષણનો બીજો કોઇ ઉપાય ન સૂઝવાથી, મીરાંબાઇ ગભરાતી ગભરાતી ઇષ્ટદેવ રણછોડજીના મંદિરમાં પેસી ગઇ અને સાષ્ટાંગ પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગી: " હે નાથ, દીનાનાથ, કૃપાળુ, ભક્તવત્સલ, અંતર્યામિ, દુઃખભંજન, ભગવાન ! મારૂં રક્ષણ કરો. આ દુષ્ટોના

હાથમાંથી મને બચાવો !!" દંતકથા એવી છે કે, એવી પ્રાર્થના કર્યા પછી તરતજ મીરાંબાઈ અંતર્ધાન થઇ ગઇ અને રણછોડજીની કૃપાથી સદ્ગતિને પામી ગઇ. જે લોકોએ તેને મંદિરમાં પેસતાં જોઇ હતી, તેમણે તેની ઘણીયે શોધ કરી, પણ કંઈ પણ પત્તો લાગ્યો નહિ. અસ્તુ! આ તો ભક્તોની માન્યતા છે. મહાન ભક્તોની અંતિમ લીલા સંબંધી ચમત્કારી વાતો આપણા દેશમાં સર્વદા પ્રચલિત થાય છે, તો મીરાંબાઈના સંબંધમાં પણ એવી ચમત્કારી વાત કહેવાય તો એમાં કાંઇ આશ્ચર્ય નથી. એટલું તો નક્કી છે કે, ભક્તશિરોમણિ મીરાંબાઇનો દેહાંત દ્વારિકા નગરમાં થયો હતો. તેનું મૃત્યુ સંવત ૧૬૦૩ ના વર્ષમાં થયેલું એમ સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા મુનશી દેવીપ્રસાદજીનો અભિપ્રાય છે; પરંતુ કેટલાકના અભિપ્રાય પ્રમાણે, ત્યાર પછી પણ થોડા વર્ષ સુધી મીરાંબાઇ વિદ્યમાન હતી.

મીરાંબાઇ ઘણી વિદ્વાન સ્ત્રી હતી. તેનાં રચેલાં પદ ભારતવર્ષમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. આપણી ગુજરાતી ભાષામાં પણ તેણે ઘણાં ભજન રચેલાં છે, એમ મનાય છે અને એ ભજનોનો સંગ્રહ એક વિદ્વાન સાક્ષર તરફથી ભવિષ્યમાં થવાનો છે, એમ સાંભળવામાં આવ્યું છે. મીરાંબાઇના ચરિત્રમાંની ખરી ઘટનાઓમાંથી દંતકથાઓ છૂટી પાડીને સત્યાસત્યનો નિર્ણય કરવાની આશા અમે એ વિદ્વાન પાસેથીજ રાખીએ છીએ.

મીરાંબાઇનાં ભજનોના સંબંધમાં રાજસ્થાનના સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા, જોધપુર રાજ્યના મુન્સફ કાયસ્થકુલભૂષણ મુનશી દેવીપ્રસાદજી શું કહે છે, તે અમે નીચે જણાવીએ છીએ:—

"મીરાંબાઈનાં ભજનો દરેક સ્થાને, મંદિરોમાં, સદ્ગૃહસ્થોના ઘરોમાં અને સાધુસંતોના સમાજોમાં ગવાય છે. તેમાં ખરાં તો ઘણાં થોડાં છે, બાકી નકલી ઘણાં છે. સાધુસંતોએ પુષ્કળ ભજનો મીરાંબાઇના નામથી બનાવ્યાં છે અને એ ભજનોમાં રાણાજીને મીરાંનો પતિ ગણીને સારીખોટી ઘણી વાત કહી છે. અજ્ઞાનતાને લીધે, એ લોકો મીરાંબાઇને રાણાજીની પત્ની માને છે. ખરૂં જોતાં એ વાત સર્વથા જૂઠી છે."

એક વખત જોધપુરના મહારાજા શ્રીમાનસિંહજીના દરબારમાં મીરાંબાઇના નામથી પ્રચલિત થયેલું એક બનાવટી પદ ગાવામાં આવ્યું હતું. પદ સાંભળીને એક દરબારીએ પૂછયું હતું

કે, "મીરાં સ્વર્ગમાં ગઇ હશે કે નરકમાં ?" મહારાજે પૂછ્યું: "શા માટે ?" દરબારીએ જવાબ આપ્યો: "એ પદમાં પતિની નિંદા કરવામાં આવી છે; જેમકે—

"અબ નહિ રહું રાણા મૈં હટકી, મન લાગો ગિરિધરસું,
રાણાજી મેવાડો મારો કાંઇ કરસી;
હથ લેવો રાણા સંગ, જુડિયો ગિરિધર ઘર પટરાણી."

મહારાજાએ કવીન્દ્ર જોશી શંભુદત્તજીની તરફ જોયું તો એમણે વિનતિ કરી જણાવ્યું કે, "અન્નદાતાજી ! એવા ભાવનાં ભજનો બોડકાઓ (સાધુઓ)નાં ઘડી કાઢેલાં છે. મીરાંબાઇ તો ઘણી મોટી સતી અને પતિવ્રતા હતી; એ શા સારૂ આવું આડુંઅવળું ભાષણ કરે ? એમણે તો ગીતગોવિંદની ટીકા રચી છે; એ પુસ્તક મંગાવીને આપ વાંચી જુઓ, એટલે આપને મીરાંબાઇનાં વિચાર અને આચરણ સ્પષ્ટ જણાઇ આવશે."

મહારાજાએ એ ગ્રંથ મંગાવીને વાંચ્યો, તો એમાં એ ભજનોને મળતો આવતો ભાવ કંઈ દીઠામાં ન આવ્યો. રાજાની સભાના બધા સભાસદોને જોશીજીના કથન ઉપર વિશ્વાસ બેસી ગયો કે, સાધુઓએ એમના નામથી ઘણાં જૂઠાં પદ બનાવ્યાં છે. ઘણો ઊંડો વિચાર કર્યાથી જણાઇ આવે છે કે, એ પદમાંની કવિતા પણ કાંઇ ઊંચા પ્રકારની નથી. મીરાંબાઇ તો મોટી પંડિતા હતી અને તેની કવિતા પણ ઘણીજ સુંદર, પ્રાસાદિક અને ભક્તિરસપ્રચૂર હતી. મીરાંબાઇને નામે કપોલકલ્પિત ભજનો એટલાં બધાં પ્રચલિત થયાં છે કે એમાં એની મહત્તા અને પ્રતિભાસૂચક અસલ પદો ઢંકાઇ ગયાં છે.

મીરાંબાઇનાં બે અસલી પદ કાંચન કવિરાજ રાજાજી શ્રીસોહનસિંહજી સાહેબે પોતાના હાથથી નકલ કરીને મુનશી દેવીપ્રસાદજીને આપ્યાં છે. સોહનસિંહજી મહારાજા માનસિંહજીના પુત્ર હતા. એ પદ મોકલી આપતી વખતે તેમણે લખ્યું છે કે, "પહેલું પદ શ્રીમીરાંબાઇ દ્વારિકાના મંદિરમાં દર્શન કરવા પધાર્યાં તે વખતે ગાયું હતું અને બીજું પદ લય થતી વખતનું છે.

(રાગ સોરઠ, તાલ જલદ, તિતાલા વધીમા તિતાલા.)

હરિ કરિહો જનકી ભીર.
દ્રૌપદીકી લાજ રાખી, તુમ બઢાયો ચીર;
ભક્ત કારણરૂપ નરહરિ ધર્યો આપ શરીર.

હરિનકસ્યપ માર લીનો, ધર્યો નાહિન ધીર;
બૂડતે ગજરાજ તાર્યો, કિયો બાહિર નીર;
દાસ મીરાં લાલ ગિરિધર, દુઃખ જહાં ન પીર.
સાજન સુધ જ્યોં જાને, ત્યાં લીજે હો,
તુમ બિન મેરે ઔર ન કોઇ, કૃપારાવરી કીજે હો;
ઘોસ ન ભૂખ રૈન નહિ ચૂંતન, પલપલ છીજે હો,
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર મિલે બિછુર નાહિ કીજે હો.

મીરાંબાઈના ગ્રંથ

મીરાંબાઈએ ભક્તિમાર્ગના અનેક ગ્રંથ બનાવ્યા છે. એણે નરસિંહ મહેતાનું મામેરૂં હિન્દી ભાષામાં લખ્યું છે.

બીજો ગ્રંથ ગીતગોવિંદની ટીકાનો છે.

ત્રીજો ગ્રંથ રાગગોવિંદ નામનો છે. એ ગ્રંથ પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા શ્રીગૌરીશંકરભાઇને મળી આવ્યો છે. મીરાંબાઈની કવિતા સંબંધી એ વિદ્વાન લખે છે કે, “ મીરાંબાઈની કવિતા ભક્તિરસથી ભરેલી છે, એમાં ઇશ્વરપ્રેમ અને વૈરાગ્ય ઝળકી ઊઠે છે; તેની કવિતાની વાણી કોમળ, મધુર અને રસિક છે. ”

મીરાંબાઈનાં ભજન

મીરાંબાઈનાં ખરેખરાં ભજનો શોધી કાઢવાનું કામ ઘણું કઠણ છે તે અમે ઉપર જણાવી ગયા છીએ. જોધપુરના પુસ્તકભંડારમાંથી તથા અન્ય વિદ્વાનોના પુસ્તકાલયમાંથી મુનશી દેવીપ્રસાદજીએ મેળવેલાં કેટલાંક ભજનો અમે નીચે ઉતારીએ છીએઃ—

(કાફી)

આજ અનારી લે ગયો સારી, બૈઠી કદમકી ડારી, હે માય.
મારે ગેલ પડ્યો ગિરિધારિ, હે માય, આજ.
મૈં જલ જમુનાં ભરન ગઇથી, આ ગયો કૃષ્ણ મુરારી, હે માય.
લે ગયો સારી અનારી મારી, જલ મૈં ઊભી ઉઘારી, હે માય.
સખી સાઇનિ મોરી હસત કૈં, હસિ હસિ દે મોહિ તારી, હે માય.
સાસ બુરી અર નણદ હઠીલી, લરિ લરિ દે મોહિ ગારી, હે માય.
મીરાં કે' પ્રભુ ગિરિધર નાગર, ચરન કમલકી વારી, હે માય.

(રાગ-સુખ સોરઠ)

પ્રભુજી થે કહાં ગયે। નેહડી લગાય, (ટેક)
છાંડ ગયા વિસવાસ સંગાતી, પ્રેમ કી બાત બણાઇ.
બિરહ સમંદ મેં છાંડ ગયા છો, પ્રેમ કી નાવ ચલાઇ.
મીરાં કહે પ્રભુ કબે મિલોગે, તુમ બીન રહ્યો ન જાઇ.

(પદ)

દેખો સહિયાં હરિ મન કાટો કિયો, (ટેક)
આવન કહ ગયો અજૂં ન આયો, કરિ કરિ વચન ગયો.
ખાનપાન સુધ બુધ સબ બિસરી, કૈસે કરિકે જિયો.
બચન તુમારે તુમહી બીસારે, મન મેરે હર લિયો.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, તુમ બીન ફુટત હિયો.

મીરાંબાઇએ ગુજરાતી ભાષામાં પણ પદ રચ્યાં કહેવાય છે. મીરાંબાઇના નામથી પ્રચલિત પદો ગુજરાતમાં સારી પેઠે પરિચિત છે, એમાંના બેએકનો અત્રે ઉલ્લેખ કરીશું.

બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા. ટેક.
સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે. રાધા૦
ચાંદાસૂરજનું તેજ તજીને, આગિયા સંગાતે પ્રીત જોડ મા રે. રાધા૦
હીરા રે માણેક ઝવેર તજીને, કથીર સંગાતે મણિ તોળ મા રે. રાધા૦
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, શરીર આપ્યું સમતોલ માં રે. રાધા૦

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે.
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.
મીરાંબાઇના મહેલમાં રે, હરિસંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરી પાસ. ગોવિંદો૦
રાણોજી કાગળ મોકલે રે, દેજો મીરાંબાઇને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો૦
વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ. ગો૦
સાંઢવાળા સાંઢ શણગારજે રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મારે, જળ રે પીવાનો દોષ. ગોવિંદો૦
ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમ માંય,
સર્વે છોડી મીરાં નીસર્યાં જેનું, માયામાં મનડું ન કાંય. ગો૦

સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં મારો, નાવલિયો નિર્દોષ. ગોવિંદો૦
ચુંદડી ઓઢું ત્યારે રંગ ચૂવેરે, રંગ બેરંગી હોય;
ઓઢું હું કાળો કાંમળો, દુજો ડાગ ન લાગે કોય. ગોવિંદો૦
મીરાં હરિની લાડણીરે, રહેતી સંત હજૂર;
સાધુ સંઘાતે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર. ગોવિંદો૦

१६८–रंतिबाई

એ કૃષ્ણ ભગવાનની પરમ ભક્ત હતી. એને એક પુત્ર હતો. એના ઘરની પાસેની ધર્મશાળામાં હરિકથા થતી. એ કથામાં રંતિબાઇ અને તેનો પુત્ર વારાફરતી જતાં; કેમકે બન્ને જણાં સાથે જાય તો ઘર સૂનું રહે. એક દિવસ કથામાં શ્રીકૃષ્ણની માખણચોરીની વાત આવી. કૃષ્ણ ભગવાને ગોળીમાંથી માખણ-ચોરીને ખાધું, તેથી તેમની માતા જશોદાએ તેમને દોરડાથી બાંધ્યા. છોકરાએ એ કથા ઘેર જઇ માતાને સંભળાવી. કૃષ્ણ ભક્તિમાં રાતદિવસ લીન રહેનારી, પ્રભુની સાથે સાક્ષાત્કાર અનુભવનારી એ ભકત નારીને એથી ઘણોજ શોક થયો અને તે ભયભીત થઇને બોલી ઊઠી: “કેવી નિર્દય જશોદા કે, મારા સુકુમાર ભગવાનને દોરડાથી બાંધ્યા!” એ ભયના માર્યા તેનું તાળવું ફાટી ગયું અને મરણ પામી.

કૃષ્ણ પ્રત્યે એની એવી ભક્તિ હતી કે તે દેશકાળનું ભાન ભૂલી ગઇ. રંતિબાઇની ગણના ભકત મનુષ્યોમાં થઇ છે.



૧૬૯—नामदेव कुंवरी

એ જયસિંહ નામના એક રાજાની બહેન હતી અને ઘણીજ પ્રભુભક્ત હતી; રાતદિવસ પ્રભુસેવામાંજ જીવન ગાળતી, પણ જયસિંહને બહેનની બરાબર કદર નહોતી. એક વખત એવું બન્યું કે નારાયણ-સિંહ નામનો એક રાજા એને મળવા સારૂ આવ્યો; એ રાજા ઘણો પ્રભુભક્ત હતો. જ્યાં જાય ત્યાં ઠાકોરજીને સાથે લઇ જતો અને પ્રેમપૂર્વક એમની સેવા કરતો. જયસિંહે એની ઘણી પ્રશંસા કરી ત્યારે નારાયણસિંહે ઉત્તર આપ્યો: " તમારી વિધવા બહેન નામદેવ કુંવરી ઠાકોરજીની જે પ્રેમપૂર્વક સેવા કરે છે તેની સરખામણીમાં મારી ભક્તિ કાંઇજ ગણતરીમાં નથી. તમારી બહેન સર્વ ભક્તજનોમાં શ્રેષ્ઠ છે." પોતાની બરોબરીના રાજાને મુખેથી ભગિનીની પ્રશંસા સાંભળી રાજા જયસિંહને આનંદ થયો. હવે તેણે બહેનને સર્વ પ્રકારે સેવાના કાર્યમાં મદદ આપવાનો હુકમ પોતાના નોકરોને મોકલ્યો તથા પોતે એનું એક ગામ જપ્ત કર્યું હતું તે, પાછું આપી દીધું.

નામદેવ કુંવરીએ ઠાકોરજીની ભક્તિમાંજ જીવન ગાળીને પોતાનું નામ અમર કર્યું છે.

૧૭૦—कमला बेगम

એ અકબર બાદશાહના સમયની એક સ્ત્રી કવિ હતી. સુપ્રસિદ્ધ કવિ ફૈઝીના શોકમાં તેણે 'નિવાપાંજલિ' લખી છે.

૧૭૧–વિદુષી ગુલબદન બેગમ

મુસલમાનોનાં સુખ, સૌભાગ્ય, યશ, કીર્તિ, મહાન ગૌરવ, આચારવિચાર એ બધાંનો પરિચય તેમની ધર્મની ભાષા અરબી તથા તેમની જાતીય ભાષા ફારસીમાં મળી આવે છે; પરંતુ એ ભાષા જાણનારા ઘણા થોડા લોકો હોવાથી તથા જે થોડાક ગુજરાતી વિદ્વાનો એ ભાષાઓ જાણે છે, તેમણે મુસ્લિમ સુધારા તથા મુસ્લિમ તવારીખ સંબંધી જ્ઞાનનો ગુર્જર પ્રજામાં પ્રચાર કરવાનું દુરસ્ત નહિ ધારેલું હોવાથી, આપણે એ સંબંધે ઘણું થોડું જાણીએ છીએ; બલકે એવા જ્ઞાનને અભાવે આપણે મુસલમાન ભાઇઓ માટે ઘણોજ ઊલટો અભિપ્રાય બાંધીએ છીએ. ઘણાઓ એમ ધારતા હશે કે મુસલમાનો મૂળથીજ વિદ્યા ભણવા તરફ બેદરકાર હશે; પણ એ વાત બિલકુલ પાયા વગરની છે. મુસલમાનોએ હમેશાં વિવિધ ભાષાઓના જ્ઞાનભંડારમાંથી સંગ્રહ કરીને પોતાની માતૃભાષાને ઉત્કૃષ્ટ બનાવવાનો યત્ન કર્યો છે. ભારતવર્ષમાં જે મુસલમાન બાદશાહો થઈ ગયા છે, તેમણે પણ ફારસી ભાષાની ઉન્નતિ માટે ઘણોજ યત્ન કર્યો છે.

આગલા જમાનામાં કેવળ મુસલમાન પુરુષોજ વિદ્યા પ્રાપ્ત કરતા નહોતા, પણ તેમના અંતઃપુરની રમણીઓ પણ ઊંચા દરજ્જાનું શિક્ષણ મેળવતી હતી.

જે પુણ્યશીલા, દાનશીલા અને જ્ઞાનથી ગૌરવ પ્રાપ્ત કરનારી મહિલાઓનાં નામ મોગલ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખવા યોગ્ય છે, તેમાં ગુલબદન બેગમનું નામ સૌથી આગળ પડતું છે. એ મોગલ સામ્રાજ્યના સ્થાપક બાદશાહ બાબરની પુત્રી, ચઢતી-પડતીની વિચિત્ર લીલાના નાયક હુમાયુની સાવકી બહેન અને સર્વશ્રેષ્ઠ મોગલ સમ્રાટ અકબરની ફોઇ હતી. ગુલબદને ઘણું

લાંબું આયુષ્ય ભોગવ્યું હતું અને એથી પુષ્કળ અનુભવ પ્રાપ્ત કર્યો હતો; ત્રણ મોગલ બાદશાહોની કારકીર્દિ તથા તેમનો અસ્તોદય એણે પોતાની સગી આંખે જોયાં હતાં. બીજી સ્ત્રીઓની પેઠે ગુલબદન બેગમે સુખદુઃખમાં સંસારયાત્રા કરી હતી; તેણે પોતાના લાંબા આયુષ્યમાં રાજકાર્યમાં કદી હાથ ઘાલ્યો નથી, એ વાત ખરી, પણ રાજનૈતિક દૃષ્ટિથી એનું જીવન વ્યર્થ નથી ગયું. "હુમાયુન–નામા" નામનો જે ગ્રંથ એણે રચ્યો છે, તે એને માટે ગૌરવ અને કીર્તિનું કારણ છે. એ સેવાને લીધે તે ઇતિહાસવેત્તાઓની કૃતજ્ઞતા અને શ્રદ્ધાને પાત્ર બની છે.

છેક હમણાં સુધી અંગ્રેજો મોગલ વંશનો જે ઇતિહાસ લખી ગયા છે, તેમાં ગુલબદન બેગમના 'હુમાયુન–નામા' નો ઉલ્લેખ નથી. 'આઇન અકબરી' ના અંગ્રેજી સંસ્કરણમાં મિ. બ્લેકમેન પણ એ બાબતમાં કાંઇજ કહેતા નથી. મોગલ ઇતિહાસની એ અમૂલ્ય સામગ્રીની ખબર હોત,તો મિ. બ્લેકમેન ગુલબદનને અકબરની બેગમ લખવાની ગંભીર અને અક્ષમ્ય ભૂલ કરી ગયો છે, તે કદી ન કરત.

લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં "હુમાયુન–નામા" ની એક હાથની લખેલી નકલ સુરક્ષિત છે. કર્નલ વિલિયમ હેમિલ્ટનની વિધવા પાસેથી ઇ. સ. ૧૮૬૮ માં એ ગ્રંથ સરકારે ખરીદી લીધો હતો. મિસિસ બેવરીજ નામની વિદુષી અંગ્રેજ મહિલાએ એ ગ્રંથનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

ભૂમિકામાં ગુલબદન બેગમ લખે છે: "બાદશાહ અકબરે આજ્ઞા આપી કે બાબર અને હુમાયુના સંબંધમાં તમે જે કાંઇ જાણતાં હો, તે લખો." એ રાજફરમાનને વશ થઈ ગુલબદને "હુમાયુન–નામા" ની રચના કરી. એ ગ્રંથ ઇ૦ સ૦ ૧૫૫૭ માં રચાયો હોય એમ મનાય છે.

એ ગ્રંથના પ્રથમ ભાગમાં બાબરનું વર્ણન છે. એમાં બાબરના આત્મચરિત્રનો ઘણોખરો ઉપયોગ કરવામાં આવ્યો છે. એ બાબતમાં જાતિ અનુભવ ગુલબદનને હોઇ પણ ન શકે, કેમકે પિતાના મૃત્યુ સમયે તેની ઉમર કેવળ આઠ વર્ષની હતી. સગાંઓના હાથે લખાયલાં ચરિત્રોમાં એક દોષ એ રહે છે કે, ચરિત્રનાયકના દોષો ઉપર ઢાંકપીછોડો કરવામાં આવે છે. ગુલબદનના

ગ્રંથમાં પણ એ દોષ છે, તેમ છતાં પણ ઇતિહાસના એક ઉચ્ચ કોટીના ગ્રંથમાં એની ગણના છે.

“ હુમાયુન–નામા ” ઉપરાંત તેણે ફારસીમાં અનેક કવિતાઓ પણ રચી હતી. એ કવિતાનો જનસમાજમાં સારો આદર હતો. સુપ્રસિદ્ધ કાવ્યસંગ્રહોમાં એની કવિતાને સ્થાન મળ્યું છે. એક કાવ્યમાં એ લખે છે: “પ્રિયતમ તરફ વિમુખ થનારી હે સુંદરિ! નિશ્ચય જાણજે કે કોઇએ જીવનરૂપી ફળનો પૂરો સ્વાદ ચાખ્યો નથી; આ જીવન નાશવંત છે, એ ટૂંકા જીવનમાં જેટલું સુખ ભોગવાય, તેટલું ભોગવી લો, જેટલા લહાવા લેવાય તેટલા લઈ લો.”

ગુલબદન બેગમને પુસ્તકો વાંચવાનો ઘણોજ શોખ હતો. એણે એક પુસ્તકાલય સ્થાપ્યું હતું અને તેને માટે અનેક સ્થળોએથી પુષ્કળ ગ્રંથો એકઠા કરવામાં આવ્યા હતા.

१७२–माहमा बेगम

એ પ્રથમ મોગલ બાદશાહ બાબરની પત્ની અને દ્વિતીય મોગલ બાદશાહ હુમાયુની માતા હતી. શેખ અહમદ જાનના વંશમાં ઉત્પન્ન થયેલા ખુરાસાનના રાજાની એ પુત્રી હતી. ૯૧૩ હિજરીમાં બાદશાહ હુમાયુનો તેને પેટે જન્મ થયો હતો. તેણે ૯૬૯ હિજરીમાં એક નિશાળ અને એક મસ્જિદ પુરાણા કિલ્લાની પાસે બંધાવ્યાં હતાં. એ બન્ને ઇમારતો તૂટી જઇને ખંડેરની હાલતમાં આવી ગઈ છે, છતાં પણ તેનાં નિશાન હજુ મોજૂદ છે.



૧૭૩–हमीदा

એ હુમાયુ બાદશાહની પત્ની અને જગપ્રસિદ્ધ મોગલ શહેનશાહ મહાન અકબરની જનેતા હતી. એનો પિતા હુમાયુના ઓરમાન ભાઇનો ગુરુ હતો. એ સૈયદ જાતિનો હતો. હમીદા પોતાના પિતાની સાથે ઘણી વાર રાજમહેલમાં જતી. હુમાયુ પણ પોતાની સાવકી માતાના મહેલમાં આવજા કરતો હતો. એમ કરતાં કરતાં એક દિવસ યૌવનમાં મદમસ્ત હમીદા ઉપર તેની દૃષ્ટિ પડી અને તેના સૌંદર્યથી હમીદા પણ મુગ્ધ થઇ. એ પ્રેમ દિનપ્રતિદિન વધવા લાગ્યો અને થોડા સમયમાં બંન્ને જણાં લગ્નની પવિત્ર ગાંઠથી બંધાઇ ગયાં. આ પ્રમાણે એક સામાન્ય ઉસ્તાદની કન્યા મોગલ બાદશાહની બેગમ બની. એ ઘણીજ ધાર્મિક સ્ત્રી હતી. રાજવૈભવ પ્રાપ્ત થયા પછી પણ તેણે ધર્મનિષ્ઠા ઓછી થવા નહોતી દીધી. તે મક્કા શરીફની જાત્રા કરી આવી હતી, તેથી એ હાજી-બેગમના નામથી પણ પ્રસિદ્ધ છે. હિજરીસન ૯૯૬માં તેનું મૃત્યુ થયું હતું. મરણ પછી તેને મરિયમની ઉપાધિ આપવામાં આવી હતી.

અકબર જેવા ન્યાયપરાયણ સમ્રાટને જન્મ આપ્યાથી હમીદાનું જીવન સફળ થયું છે.

૧૭૪–गुलचेहरा बेगम

મોગલવંશના પ્રથમ બાદશાહ બાબરની પુત્રી અને આગળ વર્ણવેલી ગુલબદન બેગમની એ નાની બહેન હતી. બહેનની માફક એને પણ ઘણું સારૂ શિક્ષણ મળ્યું હતું. એણે પણ ફારસી ભાષામાં કવિતા લખી હતી.

१७५–आमीना

હિજરી સન ૯૬૧માં મરણ પામેલા બરહાન નિઝામશાહની એ માનીતી બેગમ હતી. એની બુદ્ધિ બહુજ તીવ્ર અને સાફ હતી. એણે વિદ્યાભ્યાસ સારો કર્યો હતો. લોકહિતનાં કામોમાં વિશેષ શોખ ધરાવતી હતી. બાદશાહના અંતઃપુરમાં બીજી અનેક બેગમો હતી, પણ સૌથી વધારે પ્રતિષ્ઠા આમીના બેગમનીજ હતી.

હિજરી સન ૯૨૯ પૂર્વે એણે આમીનાબાદનગર વસાવ્યું હતું અને ત્યાંની રૈયતને ઘણી સગવડ કરી આપી હતી. આજ પણ એ ગામ આમીના બેગમની પ્રજાવત્સલતાનું સ્મરણ કરાવે છે.×

१७६–असीर

દિલ્હી નિવાસી અમીર બેગમનું એ તખલ્લુસ હતું. એ દિલ્હીના કવિશાહ ફખરૂદ્દીન અહમદની શિષ્યા હતી. કવિઓમાં તેમજ મુગલાઇ મહેલોમાં અસીર પોતાના સમયમાં અનુપમ હતી. વળી તે શીઘ્ર કવિતા રચી જાણતી હતી. એક વખત કોઇએ કહ્યું: "બેકરારી કરાર હૈ અપના."

અસીરે તરતજ એની પાદપૂર્તિરૂપે કહ્યું કે:—

"ઇશ્ક દારો મદાર હૈ અપના
બેકરારી કરાર હૈ અપના.
ખાકમેં મિલ ગઈ હો જિસપર અસીર,
ઉન કે દિલ મેં ગુબાર હૈ અપના."

ઉર્દુ ભાષાની સારી કવયિત્રીમાં એની ગણના છે.

× જુઓ ફરિસ્તાકૃત "ભારતનો ઇતિહાસ."

१७७–शिहलादि राजानी वीर राणी दुर्गावती

પંદરમી શતાબ્દિ વ્યતીત થઈ ગઈ. સોળમી શતાબ્દિ જગતની પરિવર્તનશીલતા દેખાડતી વિશ્વ–સંસારમાં પદાર્પણ કરી ચૂકી હતી. એ સમયે ભારતવર્ષમાં મુસલમાનોના રાજ્યે ધીમે ધીમે જડ ઘાલી હતી. લોદી વંશના રાજાઓનો નાશ થયા પછી મોગલ વંશના રાજાઓ ભારતમાં રાજ્ય ચલાવતા હતા. પંજાબથી દિલ્હી સુધી મોગલોની જયપતાકા ઊડી રહી હતી. બંગાળા, ગુજરાત અને મધ્યભારતમાં મુસલમાનોનું રાજ્ય ફેલાઈ ગયું હતું. પહેલો મોગલ શહેનશાહ બાબર સ્વર્ગવાસી થયા પછી, તેનો પુત્ર હુમાયુ દિલ્હીના સિંહાસન ઉપર બિરાજમાન થયો હતો. ભારતની સ્વતંત્રતા, પરિવર્તનશીલ સમયના પ્રવાહમાં ધીમે ધીમે ઘસડાતી જતી હતી. એવા દુઃખી સમયમાં એક વીરનારીએ અપૂર્વ તેજસ્વિતા બતાવી હતી.

ગુજરાતમાં હિંદુ રાજ્યનો ઉચ્છેદ થયા પછી મુસલમાનોનું રાજ્ય સ્થપાયું હતું. હુમાયુ જે વખતે દિલ્હીના તખ્ત ઉપર બિરાજતો હતો, તે વખતે બહાદુરશાહ ગુજરાતમાં રાજ્ય કરતો હતો. ઈ. સ. ૧૫૨૮ માં બહાદુરશાહ બીરાડના મુસલમાન રાજાને મદદ કરવા સારૂ અહમદનગરના રાજા નિઝામશાહની સાથે યુદ્ધમાં પ્રવૃત્ત થયો હતો. એ યુદ્ધમાં તે ફાવ્યો નહિ. અહમદનગરનો રાજા નામમાત્રમાં તેમને શરણે આવ્યો, પણ વર્તણુંકમાં એ પહેલાંની પેઠેજ સ્વતંત્રપણે રાજ્ય કરી રહ્યો હતો. ત્યાર પછી ત્રણ વરસે ઈ. સ. ૧૫૩૨માં બહાદુરશાહ અને નિઝામશાહનો ખાનદેશમાં મેળાપ થયો. એ વખતે બહાદુરશાહે નિઝામશાહનો

સારો આદરસત્કાર કર્યો. એ સમયમાં રાઇસિન–દુર્ગમાં હિંદુ રાજા રાજ્ય કરતો હતો. એ રાજાનું નામ ક્ષત્રિયવંશી શિહલાદિ હતું. બહાદુરશાહે રાઇસિનના કિલ્લા ઉપર ચડાઇ કરી. પ્રથમ યુદ્ધમાં શિહલાદિ બહાદુરશાહના હાથમાં કેદ પકડાયો, એટલે યુદ્ધ ચલાવવાની જવાબદારી તેના ભાઇ લક્ષ્મણના ઉપર આવી પડી. યુદ્ધ ચાલવા લાગ્યું.

પરંતુ મુસલમાનો દુર્ગ ઉપર પોતાનો કબજો કરી શકયા નહિ. આખરે બહાદુરશાહે એક યુક્તિ શોધી કાઢી. તેણે લક્ષ્મણને કહેવરાવ્યું કે, "જો તમે સીધી રીતે કિલ્લો અમને સોંપી દેશો, તો હું શિહલાદિને છોડી દઇશ અને તમારા શહેરની પ્રજામાંથી કોઇ પણ સ્ત્રીપુરુષ ઉપર અત્યાચાર કરીશ નહિ. જો સીધી રીતે નહિ માનો, તો યુદ્ધ કરીને કિલ્લો સર કરીશું અને એ વખત કોઇની ઈજ્જતઆબરૂ સચવાશે નહિ, તેમજ રાજા શિહલાદિનો પણ છુટકારો થશે નહિ."

ભોળો લક્ષ્મણ શત્રુઓની મીઠી વાતોમાં ભોળવાઈ ગયો. એણે કિલ્લો મુસલમાનોના હાથમાં સોંપી દીધો.

કિલ્લામાં પ્રવેશ કરતાંવારજ મુસલમાનો પોતે આપેલું વચન ભૂલી ગયા. દુર્ગવાસીઓ ઉપર અત્યાચાર કરવામાં તેમણે કોઇ પણ જાતની બાકી રાખી નહિ. હજાર પ્રકારે તેઓ ગરીબ રૈયતને સતાવવા લાગ્યા. લક્ષ્મણને હવે ખાતરી થઇ કે મુસલમાનોએ તેની સાથે પ્રપંચ રચ્યો છે અને તેમની વાત ઉપર વિશ્વાસ રાખીને એણે દેશનું સત્યાનાશ વાળ્યું છે, પણ હવે કાંઇ ઉપાય નહોતો. મુસલમાનો હિંદુ સ્ત્રીઓના સતીત્વનું રક્ષણ કરશે એવી આશા રાખવી પણ ફોગટ હતી. હવે તો સ્ત્રીઓને લઇને પલાયન કરી જવાય તોજ તેમની લાજમર્યાદા સચવાય એમ ધારીને એ ઉતાવળો અંતઃપુરમાં ગયો.

તેને જોતાંવારજ છંછેડાયેલી સિંહણની પેઠે ગર્જના કરીને દુર્ગાવતી બોલી ઊઠીઃ "મૂર્ખ! હિચકારા! શત્રુના હાથમાં દુર્ગ સોંપી દઇને અંતઃપુરમાં નાસી આવ્યો છું?!"

ભયભીત અને લજ્જિત થઇને લક્ષ્મણે કહ્યું: "દેવિ! મને ક્ષમા કરો. મોટાભાઇનો પ્રાણ બચાવવા ખાતર, દુર્ગવાસી પ્રજાના રક્ષણ ખાતર તથા તમારા ધર્મના રક્ષણ ખાતર મેં

મુસલમાનોના હાથમાં દુર્ગને સોંપી દીધો હતો. તેમણે મને વચન આપ્યું હતું કે, અમે મોટાભાઇને છોડી દઇશું અને દુર્ગ-વાસીઓ ઉપર કોઇ પણ જાતનો જોરજુલમ કરીશું નહિ."

દુર્ગાવતીએ કહ્યું: "શત્રુઓની એવી પ્રપંચયુક્ત વાતોમાં તમે ભોળવાઇ ગયા, એજ તમારી મૂર્ખતા બતાવી આપે છે. બધાનો પ્રાણ બચાવવાની આશામાં યુદ્ધ કર્યા વગર શત્રુના હાથમાં કિલ્લો સોંપી દીધો, એજ તમારૂં હિચકારાપણું સૂચવે છે. તમારા ભાઈ વીરપુરુષ છે. બાપદાદાઓએ બંધાવેલા આ દુર્ગ અને આ રાજ્યની સ્વતંત્રતાના બદલામાં એ કદી પ્રાણને વહાલો કરત નહિ. આપણા દુર્ગમાં વસનારા ક્ષત્રિયો પણ વીર છે, તેઓ પોતાની જન્મભૂમિના રક્ષણને સારૂ પ્રાણ આપતાં સંકોચાત નહિ અને અમે પણ અમારા ધર્મના રક્ષણને માટે શત્રુ પાસે દયાની વિનતિ કરવા ન જાત. આ ક્ષણભંગુર દેહના રક્ષણ સારૂ ક્ષત્રિયસંતાન થઇને દુશ્મનોને શરણે જનાર કોઈ દિવસ જીવ બચાવી શક્યો છે? ક્ષત્રિય વીર તો સિંહની માફક વીરતાથી મરે છે, પણ હિચકારાઓ શિયાળ અને કૂતરાને મોતે મરે છે! તમારે ભરોંસે તમારા ભાઈ કિલ્લો છોડી ગયા હતા, એજ દુર્ગની આજ આવી દશા જોઇને શું મો લઇને અહીં આવ્યા છો?"

લક્ષ્મણને લાગ્યું કે, આ અપમાન કરતાં મોત પણ ઘણું સારૂં. તેણે અત્યંત શરમાઇ જઇને કહ્યું: "દેવિ! બેશક હું આપના હજારો તિરસ્કારને પાત્ર છું; પણ હું જીવ બચાવવા ખાતર અંતઃપુરમાં આવ્યો નથી. આપ સર્વને લઇને કોઈ સહી-સલામત સ્થળેજ નાસી જવાને માટેજ હું અત્રે આવ્યો છું. વધારે વાર સુધી આ દુર્ગમાં રહેવાથી તમારા શિયળનો ભંગ થવાનો ભય રહે છે."

દુર્ગાદેવી બોલી: "ધર્મરક્ષાને માટે ક્ષત્રિય રમણીને પલાયન કરી જવાની જરૂર નથી. જીવનમાં હવે કયું સુખ રહ્યું છે? કઇ આશા રહી છે કે જેની ખાતર નાસી છૂટવાનો યત્ન કરૂં? રાજ્ય ગયું, સ્વતંત્રતા ગઇ, માનઆબરૂ ગયાં; હવે આ નાશવંત દેહ શું એવો કિંમતી છે કે સિંહણ થઇને શિયાળની પેઠે પલાયન કરી જાઉં? એવું કરનારને ધિક્કાર છે! ક્ષત્રિય નારી એવું હીન જીવન કદી પસંદ કરતી નથી. તમારે નાસી જવું હોય તો ભલે

જાઓ. આ દુર્ગ ખોયા પછી તેને છોડીને જીવ બચાવવાનો હું યત્ન કરીશ નહિ. સ્વામી અને પુત્રોને ખોયા પછી મારા દુર્ગની બીજી સ્ત્રીઓ પણ એવું હીન જીવન ગાળવા માટે નાસી જશે નહિ. ક્ષત્રિય રમણી કેવી રીતે પોતાના શિયળનું રક્ષણ કરે છે, તે તમે જોજો.”

એમ કહીને, દુર્ગાવતીએ પોતાના મહેલને આગ લગાડી દીધી. દુર્ગમાં રહેનારી સ્ત્રીઓએ પણ પોતાની રાણીનું અનુકરણ કરીને, પોતપોતાના ઘરને આગ લગાડી દીધી અને એ અગ્નિમાં પ્રાણ વિસર્જન કર્યો. સાતસો વીરનારીઓ જોતજોતામાં ભસ્મીભૂત થઇ ગઇ. આવી અસાધારણ તેજસ્વિતા જોઇને, લક્ષ્મણ ઘણો લજ્જિત થયો. થોડીક વાર વિચાર કર્યા પછી એ હાથમાં તલવાર લઇને, કેટલાક સાહસિક સેવકો સાથે દુર્ગનું રક્ષણ કરવા સારૂ લડાઇમાં ઊતરી પડ્યો; પણ મુસલમાનોના વિશાળ સૈન્ય આગળ એમનું શું ચાલે? થોડીકજ વારમાં એ બધા રજપૂતો કપાઇ મુઆ. મુસલમાન રાજાએ દુર્ગને પોતાના કબજામાં લીધો, પણ દુર્ગના ગૌરવનો નાશ એમનાથી થઇ શક્યો નહિ. વીરનારી દુર્ગાવતીની અનંત કીર્તિને લીધે નાનકડું રાઇસિન ઇતિહાસમાં સદાને માટે પ્રસિદ્ધિ પામી ગયું છે.



૧૭૮-યશોદા

ભારતવર્ષમાં એવો કયો મનુષ્ય હશે કે જે મહાત્મા તુલસીદાસજીનું નામ ન જાણતો હોય ? એ ભક્તકવિનું બનાવેલું રામાયણ આખા હિંદુસ્તાનમાં ઘેર ઘેર વંચાય છે ઉત્તર હિંદુસ્તાનમાં વસનારા હિંદુઓ તો એ ગ્રંથને એટલી બધી પૂજ્ય દૃષ્ટિથી જુએ છે કે, 'તુલસીકૃત રામાયણ'ને એ લોકોનો 'વેદ' કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય. એનું કારણ માત્ર એ છે કે તુલસીદાસનું રામાયણ એટલી સરળ અને રસીલી ભાષામાં લખાયું છે કે, જેને સહેજ પણ વાંચતાં આવડતું હોય તે મનુષ્ય 'રામાયણ' સારી પેઠે વાચી શકે છે. એ રામાયણના રચનાર તુલસીદાસજી યમુના નદીને કિનારે રાજાપુર નામક ગામમાં વસતા હતા. કેટલાક લોકો કહે છે કે, એ કાન્યકુબ્જ બ્રાહ્મણ હતા, ત્યારે કેટલાકના મત પ્રમાણે એ સારસ્વત બ્રાહ્મણ હતા. અસ્તુ ! એટલો તો નિશ્ચય થયો છે કે એ બ્રાહ્મણ હતા. તેમના પિતા ઘણા ધનવાન, પ્રતિષ્ઠિત અને વિદ્વાન હતા; પરંતુ નાની વયમાં મરણ પામ્યા હતા. તુલસીદાસજીની માતા ઘણી સુશીલ હતી. એણે પોતાની શક્તિ અનુસાર પુત્રને ભણાવવા ગણાવવામાં તથા વાજબી લાડ લડાવવામાં કોઈ પણ જાતની કસર રાખી નહોતી. માતાએ પંદર વર્ષની વયમાં તુલસીદાસનો વિવાહ કરી દીધો. સદ્ભાગ્યે તુલસીદાસજીને પત્ની પણ ઘણી સારી મળી. એ ઘણીજ સુશીલ, સાધ્વી, નીતિમાન અને પતિવ્રતા હતી. આ પ્રમાણે સોનામાં સુગંધનો યોગ થાય તેવો યોગ આ દંપતીનો થયો.

તુલસીદાસની પત્નીનું નામ યશોદા હતું. કેટલાકના કહેવા પ્રમાણે એનું નામ રત્નાવલી હતું. તેનું નામ ગમે તે હો, પણ એટલી વાત તો ખરી છે કે તુલસીદાસની પત્ની ઘણી સુશીલ

હતી. જે દિવસથી એ સાસરે આવી તેજ દિવસથી તેણે ઘર સંસારનો બધો ભાર પોતાને માથે ઉઠાવી લીધો હતો. સાસુની પણ એ એવી સેવાચાકરી કરતી કે, સાસુ રાતદિવસ તેનીજ પ્રશંસા કર્યા કરતી. તેનાં આડોશીપાડોશી સૌ તેનાથી ઘણુંજ પ્રસન્ન રહેતાં હતાં. બાળકો પણ તેની સાથે એવાં હળી ગયાં હતાં કે રાતદિવસ તેનીજ પાસે રમ્યા કરતાં.

આ પરમ ગુણવતી સુંદરીના પ્રેમપાશમાં તુલસીદાસ એટલા બધા લુબ્ધ થઇ ગયા હતા, કે પત્નીનો એક ક્ષણભરનો પણ વિયોગ તેમને અસહ્ય થઇ પડતો હતો. સવારમાં ઊઠીને યમુનાકિનારે સ્નાનસંધ્યામાં બે ત્રણ કલાક લાચારીએ ગાળવા પડતા. તે સિવાયનો બધો વખત તુલસીદાસ પત્નીના સહવાસમાં ગાળતા. પત્નીનું ચંદ્રવદન જોઇને રાતદિવસ એ તેની પાસેજ બેસી રહેતા. કામધંધો, લખવુંવાંચવું, એ બધું ખીંટીએ મૂકીને તુલસીદાસજીએ પત્નીના મુખારવિંદનાં દર્શન કરવાનુંજ પોતાનું મુખ્ય કર્તવ્ય માન્યું હતું. તેમનો સાળો પોતાની બહેનને તેડવા આવ્યો, પરંતુ તુલસીદાસજીએ પત્નીને મોકલવાની સાફ ના કહી.

આ પ્રમાણે કામધંધો કર્યા વગર ઘેર બેસીને ખાવામાં તુલસીદાસે બાપની પૂંજી ખુટાડી નાખી. એ દશા જોઇ તેમની માતાને ઘણી ચિંતા ઉત્પન્ન થઇ. તેણે તુલસીદાસને ઘણુંએ સમજાવ્યા, પણ તુલસીદાસની આંખ એ ઉપદેશથી પણ ઊઘડી નહિ.

તુલસીદાસની સ્ત્રી ઘણી બુદ્ધિમાન હતી. એ સ્વામીની નિંદા સાંભળીને ઘણી લજ્જિત થતી હતી. વારેઘડીએ પતિને સમજાવતી કે, “ તમારે આખો દહાડો મારી પાસે ન બેસી રહેવું જોઇએ. પુરુષને કામધંધો કરીને ધન ઉપાર્જન કર્યા વગર ચાલે નહિ. ” પરંતુ તેની આ બધી નમ્ર વિનતિની પથ્થર ઉપર પાણીની પેઠે કાંઈ અસર થતી નહિ. આથી યશોદાને ઘણું દુઃખ ઊપજતું હતું, પણ એ પોતાનું દુઃખ બીજા કોઇને જણાવી શકતી નહિ.

એક દિવસ એવું બન્યું કે, તુલસીદાસ પ્રાતઃકાળે યમુનાનદી ઉપર સ્નાન કરવા ગયા હતા, એવામાં તેમનો સાળો તેમને ઘેર પહોંચ્યો. તુલસીદાસની માતાએ લાગ સાધીને યશોદાને પિયેર રવાના કરી દીધી. તુલસીદાસે ઘેર આવીને જોયું, તો સ્ત્રી ઘર આગળ નથી. તેમણે માતાને પૂછ્યું, તો તેણે જવાબ આપ્યો,

કે, "એ તો પિયેર ગઇ છે." તુલસીદાસ એજ વખતે પ્રેમવિહ્વળ થઇને, ઉઘાડે પગે અને ખુલ્લે માથે સાસરાની તરફ રવાના થયા. ગામ દૂર હતું અને રસ્તામાં નદી આવતી હતી. ચાલતે ચાલતે સાયંકાળે તુલસીદાસ નદીકિનારે પહોંચ્યા; પરંતુ એ વખતે હોડી સામે પાર બાંધેલી હતી અને ખલાસીઓનો પત્તો નહોતો, કે એમને બોલાવીને હોડીમાં બેસીને એ પાર ઊતરે. કોઇ પણ જાતના ભયની પરવા કર્યા વગર શ્રાવણભાદરવાના પૂર વેગ સાથે વહેતી નદીમાં તુલસીદાસજીએ ઝંપલાવ્યું અને મહામુસિબતે તરતા તરતા સામે કિનારે પહોંચ્યા. એ વખતે રાત અડધી વીતી ગઇ હતી. અંધકાર ચારે તરફ વ્યાપી રહ્યો હતો. આકાશમાં વીજળીના ચમકારા થઇ રહ્યા હતા. ગામમાં બધાં ભરનિદ્રામાં સૂઇ ગયાં હતાં.એવે વખતે તુલસીદાસજી સાસરે પહોંચ્યા,તો ત્યાં ઘરનાં કમાડ બંધ હતાં. ઘણી બૂમો પાડી પણ કોઇ બોલ્યું નહિ. હવે એ વિચારમાં પડ્યા કે અંદર જઇને પ્રિયતમાને કેવી રીતે મળું. થોડીક વાર વિચાર કર્યા પછી એક કાળી દોરી બારીમાંથી લટકતી તેમના દીઠામાં આવી. એ દોરીને પકડીને તુલસીદાસજી ઉપર ચડી ગયા; પણ ઉપર જઇને એ દોરીને તેમણે છોડી દીધી, તે વખતે ફુંફવાટા સાથે એ દોરી નીચે ઊતરી. હવે તુલસીદાસજીને ખબર પડી કે પ્રેમના આવેશમાં જે વસ્તુને પકડીને પોતે ઉપર ચડી ગયા હતા, તે વસ્તુતઃ દોરી નહોતી પણ વિષધર સર્પ હતો.

આ પ્રમાણે કામાગ્નિમાં પ્રાણની આહુતિ આપતા આપતા તુલસીદાસજી ઘરની અંદર પહોંચ્યા અને પોતાની સાસુના સૂવાના ઓરડામાં ગયા. ત્યાં આગળ માદીકરી સાથે સૂઇ રહી હતી. તુલસીદાસ પલંગ આગળ પહોંચ્યા, એટલે તેમની સાસુ જાગી ઊઠી અને "ચોર આવ્યો" કહીને બૂમો પાડવા લાગી. ઘરનાં બધાં માણસો તેની બૂમરાણથી જાગી ઊઠ્યાં. યશોદા પણ જાગી ઊઠી અને ચોરને પકડવા સારૂ દીવો સળગાવવા લાગી. દીવો કરતાં વારજ તેણે જોયું કે, "ચોર તો પોતાના પ્રિયપતિ તુલસી-દાસજી છે." પતિની આ દશા જોઇને એ ઘણી શરમાઇ ગઇ. બીજા બધા તુલસીદાસજીની મશ્કરી કરવા લાગ્યા, પણ યશોદા બિચારી લજ્જિત થઇને કોરાણે જઇને બેસી રહી. પતિની આવી વર્તણુંકથી તેને ક્રોધ તો ઘણો આવ્યો હતો, પણ ક્રોધને શમાવી-ને એ ચુપચાપ બેસી રહી. બધાં એ મેડામાંથી જતાં રહ્યાં અને

પતિપત્ની એકલાં રહ્યાં, ત્યારે યશોદાએ તુલસીદાસજીને કહ્યું: "હું તમને ઘણી વાર સમજાવી ચૂકી છું, પણ તમે માનતાજ નથી. તમે જાણુતા નથી કે આ શરીર હાડકાં અને માંસનું પૂતળું છે. એમાં આસક્તિ રાખ્યાથી અંતે નરકમાં પડવા વારો આવે છે. જેમ જેમ દેહ ઉપર આસક્તિ વધતી જાય છે, તેમ તેમ મનુષ્યનું મન સત્કાર્યો ઉપરથી ઊઠતું જાય છે અને અંતે તેને કષ્ટ વેઠવું પડે છે. અતિમોહ એ પણ અનર્થનું મૂળ છે, છતાં તમે મારા ઉપર આટલો બધો પ્રેમ શા સારૂ રાખો છો? મારા આ મળ-મૂત્રથી ભરેલા, અંદરખાનેથી ગંદા અને દુર્ગંધીયુક્ત શરીર ઉપર જેટલો પ્રેમ રાખો છો, તેટલો પ્રેમ ભગવાન શ્રીરામચંદ્રજીના ઉપર રાખો, તો ભવસાગરમાંથી પાર ઊતરી જવાય."

યશોદાના આ શબ્દોએ તુલસીદાસજીના હૃદય ઉપર વીજળી જેવી અસર કરી. તેમનું અજ્ઞાન એકદમ દૂર થઈ ગયું. જે આ-સક્તિ તેમના હૃદયમાં ઘણા સમયથી વાસ કરી રહી હતી તે, પત્નીનો સદુપદેશ સાંભળતાંવારજ નાશ પામી ગઇ. તેમની મનોવૃત્તિ એકદમ બદલાઇ ગઇ. એમણે પશ્ચાત્તાપપૂર્વક કહ્યું: "પ્રિયે! તારૂં કહેવું સત્ય છે! હું આજ સુધી સંસારની મિથ્યા જાળમાં ફસાઈ ચૂકયો હતો, તેં આજે એ જાળમાંથી મને મુક્ત કર્યો છે. હું તારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. તેં આજે મને અમૂલ્ય ઉપદેશ આપ્યો છે, તેને માટે હું જિંદગી સુધી તારો આભારી રહીશ. તેં મને આ અમૂલ્ય ઉપદેશ વહેલો આપ્યો હોત, તો મારા જીવનનાં આટલા બધાં વર્ષો વ્યર્થ ન જાત; પણ થવાનું હતું તે થઇ ચૂકયું. હવે ભવિષ્યમાં મારે તારી શિખા-મણ પ્રમાણે ચાલવું જોઇએ. તેં મને મુક્તિનો માર્ગ બતાવ્યો છે, એટલે તું મારી સ્રી નહિ પણ ગુરુ છે."

એટલું કહીને તુલસીદાસજી એજ વખતે સાસરેથી પાછા ફર્યા અને ચિત્રકૂટમાં જઇને રામચંદ્રજીની ભક્તિ કરવા લાગ્યા.

પતિને કડવાં વેણ કહેવા માટે યશોદાના ચિત્તને પાછળથી ઘણો પશ્ચાત્તાપ થવા લાગ્યો. એણે પણ સંસારનો મોહ છોડી દઇને સાધ્વી તરીકે જીવન ગાળવા માંડયું.

તુલસીદાસજી સામાન્ય મનુષ્યત્વમાંથી પરમ સાધુપદને પામી ગયા, એ યશોદાનાજ પ્રતાપ છે. ધન્ય છે એવી સ્રીને!!

१७९–जवाहिरबाई

રાયમલના મૃત્યુ પછી તેનો જ્યેષ્ઠપુત્ર સંગ્રામસિંહ ચિતોડની ગાદીએ બેઠો હતો. સંગ્રામસિંહના રાજ્યકાળમાં દિલ્હીના પઠાણ રાજ્યનો નાશ થયો હતો અને તેની જગ્યાએ પ્રતાપી મોગલોના રાજ્યની સ્થાપના બાબરે કરી હતી.

સંગ્રામસિંહ મહા પરાક્રમી વીર હતો. ગુજરાતથી જમના નદી સુધીના બધા પ્રદેશ ઉપર તેનો અધિકાર ફેલાયો હતો. પઠાણોના રાજ્યનો નાશ થયા પછી, ઉત્તર હિંદુસ્તાનમાં હિંદુ રાજ્ય સ્થાપવાની તેની ઇચ્છા થઇ. પઠાણવિજયી મોગલવીર બાબરના પ્રતિસ્પર્ધી તરીકે એ રણક્ષેત્રમાં ઊતરી પડ્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે, ઉત્તર ભારતમાં હિંદુરાજ્ય સ્થાપન કર્યા વગર હું મેવાડમાં પગ નહિ મૂકું. ભારત સામ્રાજ્યને માટે મોગલો અને રજપૂતો વચ્ચે ભારે ટંટો ઊભો થયો. આગ્રાથી દસ ગાઉ છેટે, ફત્તેહપુરસિક્રી નામક સ્થાનમાં બે ભયંકર લડાઇઓ થઇ. પ્રથમ યુદ્ધમાં બાબરે હાર ખાધી, પણ બીજા યુદ્ધમાં સંગ્રામસિંહનું ગંજાવર સૈન્ય બિલકુલ નાશ પામ્યું. હિંદુ–ગૌરવ, રજપૂત વીર સંગ્રામ પરાજિત મુખે દેશમાં પાછો ગયો નહિ. પરાજયના થોડા દિવસ પછી ભગ્નહૃદયે તેણે પ્રાણત્યાગ કર્યો. ભારતમાં પ્રબલ પ્રતાપી મોગલ રાજ્યની સ્થાપના થઈ. હિંદુઓની આશા વ્યર્થ ગઇ.

એ વીર રાણા સંગ્રામસિંહના મૃત્યુ પછી ચિતોડનું રાજ્ય ઘણું દુર્બળ થઇ ગયું. એ દુર્બળ રાજ્ય પર રાણા સંગ્રામનો અયોગ્ય, ગર્વિત અને ઉદ્ધત સ્વભાવનો તરુણ પુત્ર વિક્રમાજિત રાજા થયો. એ હલકી જાતના ખવાસો અને સ્વાર્થી ખુશામતિયાઓનું કહ્યું માનીને આબરૂદાર કુળવાન સરદારોનું અપમાન કરતો. મેવાડના શ્રેષ્ઠ રાણાઓ તરફથી લાંબા સમયથી માન પામતા આવેલા સરદારોએ તેની આવી વર્તણુંકથી રિસાઇને દરબારમાં આવવું

બંધ કરી દીધું અને યુદ્ધમાં કે રાજ્યના પ્રબંધમાં વિક્રમાજિતને કોઇ પણ જાતની મદદ ન આપવાનો સંકલ્પ કર્યો.

ત્યાંસુધી મોગલ રાજ્ય પાકા પાયા ઉપર જામ્યું નહોતું. પઠાણ રાજાઓના સૂબાઓ પઠાણ રાજ્યના અધઃપતનના સમયમાં પોતપોતાના તાબા હેઠળના રાજ્યના રાજા બની ગયા હતા. એમાંના કેટલાક સૂબાઓ હજુ પણ સ્વતંત્ર રાજા તરીકે રાજ્ય કરતા હતા. મેવાડની પાસે ગુજરાતમાં અને માળવામાં, એવા બે સ્વાધીન રાજાઓ રાજ્ય કરતા હતા. મેવાડની સાથે વારંવાર એમને યુદ્ધ થયા કરતું. સંગ્રામસિંહે માળવા અને ગુજરાતના રાજાઓને વારંવાર હરાવ્યા હતા; પણ એ ઘણો ઉદાર સ્વભાવનો વીરપુરુષ હતો, એટલે એણે તેમનાં રાજ્યોને પોતાના કબજામાં લીધાં નહોતાં. તેમની પાસે પોતાનું ઉપરીપણું સ્વીકારાવીને તેમને પોતપોતાના રાજ્યમાં કાયમ રાખ્યા હતા.

પણ એટલું અપમાન પણ એ રાજાઓ ભૂલી ગયા નહોતા. સંગ્રામસિંહ હવે મરી ગયો હતો, તેનું વિપુલ રજપૂત સૈન્ય પણ નાશ પામ્યું હતું, દુર્બળ ચિતોડમાં આંતર વિરોધ ઊભો થયો હતો. આવો સરસ લાગ જોઇને ગુજરાતનો બાદશાહ બહાદુરશાહ માલવાના રાજાની મદદથી મેવાડ ઉપર ઇ.સ. ૧૫૩૩માં ચડી આવ્યો. દુર્બુદ્ધિ વિક્રમાજિતને અસંતુષ્ટ સરદારો તરફથી અધિક મદદ મળી નહિ, આથી એ પરાજિત થઇને પલાયન કરી ગયો. મુસલમાનો ચિતોડમાં પ્રવેશ કરવા તૈયાર થયા. નગરવાસી સ્ત્રીઓએ જૌહરની તૈયારી કરી; એવામાં રાણી જવાહિરબાઇ બધી સ્ત્રીઓને સંબોધીને બોલી: “રજપૂત વીરાંગનાઓ! આજ આ આફતને દિવસે આપણે બધાં અગ્નિકુંડમાં બળી મરીને નારીધર્મનું રક્ષણ કરવા તૈયાર થયાં છીએ! એથી આપણી મર્યાદા સચવાશે એ વાત તો ખરી, પણ એથી દેશનું કાંઇ હિત સધાવાનું નથી. આપણે આટલી બધી રજપૂત રમણીઓ મરવાને તૈયાર છીએ, તો ફોગટમાં શા માટે મરી જઇએ? મરવું તો છેજ, તો પછી મૃત્યુના બદલામાં આપણા દેશના શત્રુના પ્રાણ પણ શા માટે ન લેતાં જઇએ? ચિતોડની વીરાંગનાઓના બાહુમાં શું શક્તિ નથી? જે હાથ આપણે રજપૂત વીરના હાથમાં પકડાવ્યો છે, તે હાથમાં રજપૂત વીરના ભૂષણરૂપ તલવાર ધારણ નહિ કરીએ? ફૂલની માળા ગૂંથવાને માટેજ રજપૂત રમણીનો હાથ પરમાત્માએ બના-

ચ્યો નથી. રજપૂત રમણી સ્વામીના ઘરની ગૃહલક્ષ્મી છે; પ્રણયમાં વિલાસિની–વિનોદિની છે; રાજ્યને સમયે એ રાજ્યરાણી છે અને યુદ્ધને સમયે સમરરંગી છે. અનાદિ કાળથી રજપૂત લલનાઓ સ્વામીની સાથે રાક્ષસમર્દિની દુર્ગાદેવીની પેઠે રણક્ષેત્રમાં ઊતરતી આવી છે, તો આજ આપણે શા માટે એવું કરતાં સંકોચાવું જોઇએ? ચાલો બહેનો, ચિતામાં આપણા દેહને ફોગટમાં સળગાવી મૂકયા કરતાં, હાથમાં તલવાર લઇને પ્રબળ વેગથી રણચંડિકાની પેઠે શત્રુના સંહારને માટે રણક્ષેત્રમાં ઊતરી પડો! દેશના શત્રુને મારતાં મારતાં આપણે સહુ શત્રુની તલવારથી યુદ્ધક્ષેત્રમાંજ મરીશું. આપણામાંથી કોઇ કેદ પકડાશે નહિ. આપણને કેદ પકડવાના ઇરાદાથી શત્રુ કદાચ આપણને તલવાર નહિ મારે તો આપણે એક બીજાની છાતીમાં તલવાર મારીને પ્રાણવિસર્જન કરી દઇશું અને પાતિવ્રત્યનું રક્ષણ કરીશું."

રાણીના આવા ઉશ્કેરનારા ઉપદેશથી બધી રજપૂત વીરાંગનાઓ મધુર કંઠે ગંભીર ગર્જના સાથે જયધ્વનિ કરીને ઊભી થઇ. તરતજ ઢાલ, તલવાર, ધનુષબાણ વગેરે હથિયારો લઇને સેંકડો વીરનારીઓ તૈયાર થઇ ગઇ. તેમણે બખતર પણ પહેરી લીધાં.

ચિતોડની જયઘોષણા કરીને ઘોડેસવાર થઇ એ અપૂર્વ લશ્કર, રાણી જવાહિરબાઇની સરદારી તળે પ્રચંડ વેગથી ચિતોડને ઘેરો ઘાલનાર પઠાણ સૈન્ય ઉપર તૂટી પડયું.

પઠાણો તો સ્તંભિત થઇ ગયા. અચાનક મરવા કે મારવાનો દૃઢ સંકલ્પ કરીને આવેલી વીર રજપૂતાણીઓના પ્રચંડ હુમલાથી પઠાણ સૈન્ય છિન્નભિન્ન થઇ ગયું; પણ થોડી વારમાં પઠાણ સેનાપતિએ પોતાના સૈનિકોને એકઠા કરીને જવાહિરબાઇ અને તેની વીર સહચરીઓને ઘેરો ઘાલ્યો. વીરરમણીઓ જીવસટ્ટે લડી.

આ અપૂર્વ યુદ્ધમાં પઠાણોના ઘણા સિપાઇઓ માર્યા ગયા અને ઘાયલ થયા. રાણી જવાહિરબાઇ અને તેની સાહેલીઓએ પણ શત્રુને હાથે અથવા તો પોતાનીજ તલવારથી પ્રાણ તજ્યા.

બહાદુરશાહે ચિતોડ ઉપર અધિકાર મેળવ્યો. રજપૂતાનામાં એક રિવાજ છે કે કોઇ રજપૂત રમણી વિપત્તિમાં આવી પડે, ત્યારે તે કોઇ ને કોઇ વીર પુરુષ પાસે મદદની આશામાં રાખડી મોકલે છે. રાખડીનો સ્વીકાર કર્યાથી એ પુરુષ એનો 'રાખીબંધ' ગણાય

છે અને જીવસટ્ટે બહેનને મદદ કરવાની તેની ફરજ ગણાય છે. વિક્રમસિંહની માતા કર્ણવતીએ આ આફતને વખતે દિલ્હીના બાદશાહ હુમાયુ પાસે રાખડી મોકલી.

ઉદાર હુમાયુ રજપૂત મહિલાની રાખડીનો અસ્વીકાર કરી શક્યો નહિ. સૈન્ય સાથે ચિતોડ આવીને તેણે બહાદુરશાહને પરાજિત કર્યો અને વિક્રમાજિતને પાછો ચિતોડના સિંહાસન ઉપર રાજા તરીકે બેસાડ્યો.

૧૮૦–કૃષ્ણાબાઈ

એ વડનગરની નાગરણ હતી. એના સંબંધમાં 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો'માં એના લેખક રા. રા. કૃષ્ણલાલ ઝવેરી નીચે મુજબ લખે છેઃ—

"એનાં 'કૃષ્ણનાં હાલરડાં' અને 'સીતાજીની કાંચળી' ગુજરાતના સ્ત્રીવર્ગમાં પ્રસિદ્ધ છે. 'કાંચળી'ની વાત જાણીતી છે. પંચવટીમાં રાવણનો મામો મારીચ સુવર્ણમૃગને વેષે આવ્યો ને સીતાજીની દૃષ્ટિએ પડ્યો. સ્ત્રીની સ્વાભાવિક નિર્બળતાને વશ થઇને આ મૃગને મારીને એના ચર્મની કાંચળી સીવડાવવાની સીતાજીને 'રઢ લાગી.' રામ મૃગને મારવા તેની પાછળ ગયા, ને થોડી વારમાં રામ સંકટમાં હોય એવા શબ્દ સંભળાયા. સીતાએ ધાર્યું કે રામ સંકટમાં હશે, તેથી લક્ષ્મણ, જેને એનું રક્ષણ કરવાનું કામ રામ સોંપી ગયા હતા–તેને પોતાના ભાઈની સહાયે જવા સીતાએ કહ્યું. રામે જતી વખતે લક્ષ્મણને આજ્ઞા કરી હતી કે, 'લક્ષ્મણ-બાળ તું મઢીએ રહેજે, મૃગને લાવું મારી.' તે ઉપરથી લક્ષ્મણે રામની સહાયે જવા ના કહી. સીતાએ તેને મેણાંટોણાંને વચનબાણ મારીને રામની પાછળ મોકલ્યો; એટલે રાવણને સીતાનું હરણ કરવાનો માર્ગ મોકળો થયો. આ કવિતામાં રામ અને સીતા અને સીતા અને લક્ષ્મણ વચ્ચેના સંવાદો એવી તો સરળ ઘરગથ્થુ ને જોડે જોડે ઝમકદાર ભાષામાં મૂકવામાં આવ્યા છે કે તેમાં સ્ત્રીહઠ, પતિનું એ હઠને અનુકૂળ વર્તન અને નાના ભાઈનું આજ્ઞાંકિતપણું એ સર્વનાં આબેહૂબ ચિત્ર દેખાય છે." સ્ત્રીના સ્વભાવ તથા આચારવિચારનું એના કાવ્યમાં આબેહૂબ વર્ણન છે.

૧૮૧-ઉમાદે અથવા રૂઠીરાણી

ક્ષત્રિયોમાં અનેક પતિવ્રતા, શૂરવીર, વિદુષી, ગુણવતી અને રૂપવતી સ્ત્રીઓ થઇ ગઇ છે અને તેમણે જે જે દુઃસાધ્ય કામ કર્યાં છે, તેને લીધે આજ સુધી દુનિયામાં તેમનું નામ પ્રસિદ્ધ છે. ક્ષત્રિયાણિઓનો સૌથી મોટો ગુણ પતિવ્રતા ધર્મના રક્ષણનો છે. ઉમાદેએ જે કષ્ટસાધ્ય વ્રત ધારણ કર્યું હતું, તે તેણે આખી જિંદગી સુધી નિભાવ્યું અને તેને લીધેજ આજદિન સુધી તેની પ્રશંસા થયા કરે છે. રજપૂતાનામાં 'રૂઠીરાણી' એટલે કે રિસાયલી રાણીની ચર્ચા કુતૂહલપૂર્વક કહેવામાં અને સાંભળવામાં આવે છે. મારવાડના કવિઓએ તો પોતાના કઠોર વ્રતમાં અટલ રહેવા માટે એની ઘણીજ પ્રશંસા કરી છે. એ બધા કવિઓમાં આશાજી ચારણે 'રૂઠીરાણી'-ની પ્રશંસામાં લખેલી કવિતા પ્રસિદ્ધ છે.

ઉમાદે જેસલમીરના રાવ લુણકરણની પુત્રી હતી. તેનું રૂપ અસાધારણ હતું. સંવત ૧૫૯૩ ના વૈશાખ સુદી ત્રીજને દિવસે તેનો વિવાહ મારવાડના પ્રસિદ્ધ રાવ માલદેવની સાથે થયો હતો. રાવ માલદેવ રજપૂતાનાના ઇતિહાસમાં વીરતા, પરાક્રમ અને યુદ્ધકુશળતા માટે અત્યંત પ્રસિદ્ધ છે; પરંતુ ખેદની વાત છે કે એના ચિત્તમાં પણ પાપી કામવિકાર ઉત્પન્ન થયો અને પોતાની રાણી ઉમાદેની દાસી ભારેલી ઉપર તેણે કુદૃષ્ટિ કરી. પોતાનો વિવાહ થઈ ગયા પછી આઠ મહિને રાણી ઉમાદેને સાથે લઇને એ જેસલમીર ગયા હતા, ત્યારે એક દિવસ દાસી ભારેલીનું રૂપયૌવન જોઇને રાજા માલદેવ કામવિહ્વળ થઇ ગયો અને એ દાસીને પોતાની રાણીના ઓરડામાં એકલી જોઇને પોતાની પાશવવૃત્તિને સંતોષી પોતાની ચિરસ્થાયી કીર્તિને કલંક લગાડ્યું. રાણી ઉમાદેને પતિના આ અધમ કૃત્યની ખબર પડી, ત્યારે તેણે પતિના ક્ષાત્રધર્મથી પતિત થઈ જવા માટે, ઘણોજ શોક પ્રગટ

કર્યો અને એજ વખતે પ્રતિજ્ઞા કરી કે, "એવા પતિ સાથે જન્મ-પર્યંત હું સંબંધ નહિ રાખું." એ પ્રતિજ્ઞા એણે ઠેઠ સુધી નિભાવી. કેટલાક લેખકોનું એવું કહેવું છે કે આ બનાવ ઉમાદેના વિવાહ પ્રસંગે બન્યો હતો. બૂંદીના પ્રસિદ્ધ કવિ સૂર્યમલજી તથા જોધપુરના પ્રખ્યાત ઈતિહાસકાર મુનશી દેવીપ્રાસાદજી એ મત ધરાવે છે, પણ જોધપુરના કવિરાજ મુરારિદાનજીનું માનવું છે કે, આ ઘટના રાજા માલદેવના લગ્ન પછી આઠ મહિને બની હતી. અસ્તુ!

જોધપુર ગયા પછી રાવ માલદેવે રાણી ઉમાદેને મનાવવા ઘણોએ પ્રયત્ન કર્યો; પરંતુ અસલી ક્ષત્રિયાણીની પ્રતિજ્ઞા પર્વતની પેઠે અટલ હોય છે. ક્ષત્રિયાણીઓનો સિદ્ધાંત હોય છે કે, પોતાનો ટેક છોડે તે રજપૂતાણી નહિ પણ કૂતરી છે' તો પછી રાણી ઉમાદે પોતાનો ટેક કેવી રીતે છોડી દે? રાવ માલદેવ જ્યારે તેના મહેલમાં જતા, ત્યારે એ તેમના સન્માનાર્થે ઊભી થઇ જતી; પણ તેમના સામું જોઇને કદી પણ પ્રેમપૂર્વક વાર્તાલાપ કરતી નહિ. ઘણા પ્રયત્ન કર્યા છતાં પણ રાવ માલદેવ રાણી ઉમાદેને મનાવવામાં નિષ્ફળ નીવડ્યો, ત્યારે એણે જૈસલમીરના ચારણ ઈશ્વરદાસને રાણીને સમજાવવા મોકલ્યા; પણ રાણીએ એમને પણ એજ જવાબ દીધો કે, "મેં રાણાજીની સાથે સંબંધ નહિ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે અને એ પ્રતિજ્ઞા જિંદગી સુધી નિભાવીશ" ઈશ્વરદાસે જ્યારે ઘણોજ આગ્રહ કર્યો તથા અનેક પ્રકારનાં દષ્ટાંતોદ્વારા ઉપદેશ આપ્યો, ત્યારે રાણીએ કહ્યું કે, "હું હાથમાં જળ લઇને સંકલ્પ કરી ચૂકી છું. જો આપ એ પ્રતિજ્ઞાભંગનું પાપ આપને માથે લો, તો હું રિસાવું છોડી દઉં." રાણી સમજતી હતી કે ઈશ્વરદાસ ઘણા હરિભક્ત છે, એટલે પ્રતિજ્ઞાભંગ કર્યાનું પાપ પોતાને માથે કદી નહિ લે; પરંતુ ઈશ્વરદાસને તો કોઇ પણ યુક્તિથી રાજાનું દુઃખ મટાડવું હતું, એટલે એમણે એ વાત કબૂલ રાખીને પોતે બહાર આવ્યા. રાવ માલદેવની પાસે જઇને તેમણે બધી વાત કહી તથા રાણીની પ્રતિજ્ઞાનો ભંગ કર્યાનું પાપ પોતાને માથે વહોરી લીધામાં પોતાને માથે કેવો દોષ લેવો પડશે તે પણ જણાવ્યું. માલદેવ હવે ઈશ્વરદાસને સાથે લઇને રૂઠીરાણીને મહેલ ગયા. ઉમાદેએ ઈશ્વરદાસજીને કહ્યું કે, "તમે પડદાની અંદર હાથ રાખીને પાણી લઇને સંકલ્પ કરો કે, ઉમાદેને જે પાપ લાગે તે મારે માથે છે." આ વખતે રાવ માલદેવે ઈશ્વરદાસજીને

બદલે પોતે પડદાની અંદર હાથ ઘાલી દીધો અને પ્રતિજ્ઞા લેવા માંડી. ઉમાદે પોતાના પતિનો હાથ તરત ઓળખી ગઇ. આ પ્રમાણે દગો રમવાથી એ ઈશ્વરદાસજી ઉપર ઘણી અસંતુષ્ટ થઇ અને તેમને કડવાં વેણ સંભળાવીને ત્યાંથી ચાલી ગઇ. ત્યાર પછી એ આખી જિંદગી સુધી પોતાની પ્રતિજ્ઞા ઉપર દૃઢ રહી.

રાણી ઉમાદેનો સૌથી વિશેષ સ્નેહ પોતાની શોકય કછવાહી રાણી લાછલદે ઉપર હતો. રાણી લાછલદે માલદેવની પટરાણી હતી. રાણી લાછલદેના પુત્ર રામસિંહ ઉપર રાણી ઉમાદે સગા પુત્ર જેટલો પ્રેમ રાખતી હતી. એક વખતે રામસિંહે મંડોરમાં માલદેવને ગાદી ઉપરથી ઉતારી મૂકવાનો પ્રયત્ન કર્યો, ત્યારે માલદેવે અપ્રસન્ન થઇને રામસિંહ તથા તેની માતા લાછલદેને પોતાના રાજ્યમાંથી કાઢી મૂકવાનો હુકમ કર્યો. રાણી ઉમાદે પણ આ પ્રસંગે રાણી લાછલદેની સાથે જોધપુર જતી રહી. ઉદયપુરના મહારાણાએ કેલવાગામ રામસિંહને લખી આપ્યું અને ત્રણે જણાં ત્યાં રહેવા લાગ્યાં.

ઇ. સ. ૧૫૬૧ માં અકબર બાદશાહે રાવ માલદેવનું બળ ઓછું કરવા માટે મારવાડ ઉપર પોતાનું સૈન્ય મોકલ્યું. એ વખતે બાદશાહ અને માલદેવની સેના વચ્ચે ઘણું ભીષણ યુદ્ધ થયું. આખરે મહામહેનતે બાદશાહની સેનાએ માલોટ અને નાગોડના કિલ્લાઓ ઉપર અધિકાર મેળવ્યો. બાદશાહના એક સેનાપતિએ રાણી ઉમાદેના ગામ કેલવા ઉપર પણ ચડાઇ કરી. રાણીએ પોતાના વીર રજપૂત સૈનિકોની મદદથી શત્રુઓ સાથે ઘણી બહાદુરીથી યુદ્ધ કર્યું. ઘણા મુસલમાન સૈનિકો માર્યા ગયા અને છેવટે બચેલા સિપાઇઓ પણ અગિયારા ગણી ગયા.

સંવત ૧૬૧૯ ના કાર્તિક સુદિ બારશે રાવ માલદેવનો સ્વર્ગવાસ થયો અને જોધપુરમાં એ વખતે જેટલી રાણીઓ હાજર હતી, તે તેમની સાથે સતી થઇ. મહારાવના મૃત્યુ પછી ત્રીજે દિવસે તેમની પાઘડી ‘ કેલવા ’ ગામમાં પહોંચી. એ પાઘડી લઇને રાણી ઉમાદે પણ સત્વર સતી થવાને તૈયાર થઈ. જે રાણીએ સત્તાવીસ વર્ષ સુધી પતિની સાથે રૂસણું લીધું હતું, તેજ રાણી ઉમાદે આજે પતિના મૃત્યુના સમાચાર સાંભળીને બોલી ઊઠી: “ હવે કોનાથી રિસાવું ? જેમની સાથે રિસાઇ હતી તેજ ચાલ્યા

ગયા તો હવે મારે જીવીને શું કરવું ?" રાણી ઉમાદે અને તેની સપત્ની લાછલદે પતિ માલદેવની પાઘડીને ખોળામાં લઇને ચિતામાં બેસી ગયાં; તેમનો પુત્ર રામસિંહ રાજ્યના લોભમાં એ ચિતામાં આગ મૂકયા વગરજ સીધો જોધપુર ચાલ્યો ગયો હતો, એટલે જોધપુરથી આવેલા એક રાઠોડ રજપૂતે ચિતામાં આગ મૂકી. પોતાની ચિતામાં આગ મૂકયા વગરજ ચાલ્યા જવા માટે રૂઠીરાણી ઉમાદે રામસિંહ ઉપર ઘણી ગુસ્સે થઇ અને પોતાનું નિવાસસ્થાન 'કેલવા' ગામ આગ મૂકનાર રાઠોડને આપી દેવાને ઉદયપુરના રાણા ઉપર એક પત્ર લખતી ગઇ. રાઠોડના સરદારે ઉમાદે તથા લાછલદેની ચિતામાં આગ મૂકી. જોતજોતામાં તેમનાં સુંદર શરીર ભસ્મીભૂત થઈ ગયાં. રૂઠીરાણીને મરી ગયે લગભગ સાડા ત્રણસો વર્ષ થઇ ગયાં, પરંતુ એનું ગુણકીર્તન આજે રાજસ્થાનમાં સર્વત્ર ગવાયા કરે છે.

૧૮૨–પૂરીબાઈ

એ ગુજરાતની સ્ત્રીકવિ હતી. તેણે લખેલું 'સીતામંગળ' કાવ્ય પ્રસિદ્ધ છે. અને તેના કેટલાક ભાગ લગ્નપ્રસંગે સ્ત્રીઓ ગાય છે. તેનાં જે કાવ્યો પ્રસિદ્ધ છે, તે ઉપરથી તેની કવિત્વશક્તિ અસામાન્ય હોય એમ જણાય છે. તેની ભાષા ગૌરવવાળી છે. તેના જીવનની હકીકત જણાયલી નથી. સીતામંગળમાંથી એકાદ કડવું અમે નમૂનારૂપે ઉતારીશું, એથી એની કવિતાનો તથા એના સમયના રીતરિવાજ વગેરેનો પણ પરિચય મળશે.

"ઉત્તમ જળ ઉષ્ણોદક મેલ્યાં, તે કોણુને નાવણ કાજેજી;
પાટ પીરોજા ને સોના આડણિયો, તે જાનને આસન દીજેજી.
વીસલ નગરની થાળિયો અણાવો, ને ડુંગરપુરની ઝારીજી;
વાટકડા વિજાપુરી મેલો તો, સુવરણ લોટા શુભકારીજી.
કાઠા ઘઉંની લાપશી પીરસો તો, માંહે માળવિયો ગોળજી;
ઘી તો ગવરી ગાયનાં પિરસોને, દહીં દૂધ કેરી છોળજી.
શાક તો સૂરણનાં પિરસો તો, રાઇતાનો નહિ પારજી;

દાળ ચંપાના છોડશિ પિરસોને, વિધ વિધ માંહિ વઘારજી.
શેવ સુંવાળી સુંદર પિરસોને, પાપડ પૂનમ ચાંદજી;
ભાત કમોદતણો પિરસો તો, ખોબલે પિરસો ખાંડજી.
ભોજન રૂડાં ભાવથી કીધાં, સંતોકિ સર્વ જાનજી;
શુદ્ધાચમન લેઇ બાર પધાર્યાં, ને આપ્યાં ફોફળ પાનજી."

* * * * *

ત્યાર પછી પહેરામણીનું વર્ણન કરી સીતાજીની વિદાય નીચેના શબ્દોમાં વર્ણવે છેઃ—

"સીતાબાઇ સાસરે ચાલ્યાં ને, દાદાના દેશ મૂકયાજી;
સીતા વિના તો સૂનું લાગે ને, તુલસીના કયારા સૂકયાજી.
પાછું વાળી જુવે સીતા પનોતાંને, દાદાને આશિષ દેયજી;
ઘણું જીવજો દાદાજી મોરા ને, રાજ અવિચળ રહેયજી.
ઘણું જીવજો વીરજી મોટાં ને, ભાભીના નવરંગ ઘાટજી;
સીતાબાઇને પાસે બોલાવીને, કહે છે પોતાની માતજી.
ગદ્‌ગદ કંઠે થયા જનકજી ને, આંસુડાં ઢોળે માયજી;
મારી સીતાને તમે સુખ દેજો ને, ચૌદ ભુવનના રાયજી.
લાડકી સીતા કહ્યું કરજે તું, લાજ વધારજે તારીજી;
રમકડાં રળિયામણાં આલ્યાંને, દીધી શિખામણ સારીજી.
સીતાબાઇ સહિયરોને મળીને, પછી સાસરિયે જાયજી;
પૂરીબાઇ કહે છે કે કડવાં તે, પ્રીતે પૂરણ થાયજી.
ગાય, શિખે ને સાંભળે, તેનો વૈકુંઠ થાયે વાસજી;
અડસઠ તીરથનું ફળ મળશે, પાપ થશે સૌ નાશજી."





१८३–वीरधात्री पन्ना

જવાહિરબાઇના વૃત્તાંતમાં આપણે જોઇ ગયા છીએ કે, રાણા સંગ્રામસિંહનો જ્યેષ્ઠ પુત્ર વિક્રમ દુશ્મનોથી ડરીને કાયર મનુષ્યની પેઠે નાસી ગયો હતો. ગમે તેટલું દુઃખ વેઠ્યા છતાં પણ એણે પોતાની ખરાબ ટેવો છોડી નહિ. ખરાબ યુવકોની દોસ્તી તેણે ચાલુજ રાખી. તેની વર્તણુંક દિવસે દિવસે એટલી બધી ખરાબ થતી ગઇ કે સરદારોનો તેના ઉપરથી બિલકુલ વિશ્વાસ ઊઠી ગયો. વિક્રમસિંહને રાજ્યભ્રષ્ટ કરવાનો તેમણે સંકલ્પ કર્યો, પણ હવે રાણાની ગાદીએ કોને બેસાડવો? વિક્રમનો નાનો ભાઈ ઉદયસિંહ એ વખતે છ વર્ષનો બાળક હતો. રાણાવંશમાં એવો કોઇ પ્રતિભાશાળી પુરુષ નહોતો કે જે વિક્રમ અને તેના પક્ષકારોનું દમન કરીને રાજ્યનો કારોબાર સારી રીતે ચલાવે.

રાણાના કુટુંબમાં વનવીર નામનો સંગ્રામના ભાઇ પૃથ્વીરાજનો ખવાસપુત્ર રહેતો હતો. એ ઘણો બહાદુર હતો. એની વીરતાને લીધે મહારાણા સંગ્રામસિંહ પણ તેના ઉપર ઘણા પ્રસન્ન રહેતા હતા. તે ભણ્યોગણ્યો તો કાંઇ પણ નહોતો, પણ રાતદિવસ રાણા સંગ્રામસિંહ જેવા પ્રતિભાશાળી વીર રાણાની સાથે રહેવાથી, એણે રાજ્યપ્રબંધનું સારૂં જ્ઞાન મેળવ્યું હતું. વિક્રમ અને તેના સાથીઓનું દમન કરીને યુક્તિપૂર્વક રાજ્ય ચલાવે એવો એ વખતે એ એકજ પુરુષ ચિતોડમાં હતો. સરદારોએ વિક્રમને પદભ્રષ્ટ કરીને તેની જગ્યાએ સગીર વયના બાળક ઉદયસિંહને ગાદીએ બેસાડ્યો. ઉદયસિંહ પુખ્ત ઉમરનો થાય, ત્યાં સુધી રાજ્યનો વહીવટ તેમણે વનવીરના હાથમાં સોંપ્યો.

રાણા ઉદયસિંહના વાલી તરીકે આખા ચિતોડની લગામ વનવીરના હાથમાં આવી; પણ એટલાથી એ ધરાયો નહિ. કાળા અક્ષરને કૂટી મારે એવા નિરક્ષર વનવીરના હાથમાં ચિતોડ જેવા

રાજસ્થાનમાં શ્રેષ્ઠ ગણાતા રાજ્યનો પ્રબંધ આવ્યો, તોપણ તેની તૃષ્ણા મટી નહિ. તેનો લોભ વધતોજ ગયો. ઉદયસિંહ પુખ્ત ઉંમરનો થયા પછી પોતાને રાજ્યસત્તા છોડી દેવી પડશે, એ વિચાર તેને અસહ્ય થઇ પડ્યો. વંશપરંપરા રાજ્ય પોતાના હાથમાંજ રહે, એવો પ્રપંચ રચવાનો તેણે યત્ન કર્યો.એ દુષ્ટ વાસનાથી એણે બાળક ઉદયસિંહની હત્યા કરવાનો નિશ્ચય કર્યો.

રાણાના કુટુંબમાં પન્ના નામની એક દાસી હતી. ઘણી પેઢીઓથી તેના પૂર્વજો રાણાવંશીઓનું દાસત્વ કરતા આવ્યા હતા. આથી પન્નાના હૃદયમાં રાણાવંશને માટે ઘણીજ ભક્તિ હતી. માબાપ વગરના બાળક ઉદયસિંહને ઉછેરવાનું કાર્ય પન્નાને સોંપવામાં આવ્યું હતું. પન્નાને ચંદન નામનો એક પુત્ર હતો. તે વયમાં ઉદયસિંહ જેવડોજ હતો. એ બન્ને બાળકને પન્ના સરખા સ્નેહથી પાળતી હતી. બન્નેની સાથે તેનો એવો પ્રેમમય વ્યવહાર હતો કે પન્નાનો પોતાનો પુત્ર કયો અને ઉદયસિંહ કયો તે ઓળખવું મુશ્કેલ હતું. બાળક ઉદયસિંહ પણ પન્નાનેજ 'મા' કહીને બોલાવતો; પન્નાના લાડને લીધે માતૃસ્નેહનો અભાવ તેને કદી જણાતો નહિ. પોતાની માતાને સંભારીને એ કદી રોતો નહિ.

અંધારી રાત હતી. ઉદય અને ચંદન પથારીમાં સૂઇ રહ્યા હતા. પન્ના તેમની પાસે બેસીને કાંઇ કામ કરી રહી હતી.

એવામાં ઓચિંતો એક હજામ ત્યાં આવ્યો. એ હજામ પણ રાણાકુળનો વંશપરંપરાનો નોકર હતો. સ્વામીભક્તિ તેની રગેરગમાં વહેતી હતી. પોતાનાજ જેવો રાણાવંશનો આશ્રિત સાધારણ ગુલામ થોડા દિવસમાં આવી મોટી પદવીએ ચડી ગયો, એ તેને અસહ્ય થઇ પડ્યું હતું. મૂળથીજ તેને વનવીર માટે ઘણો તિરસ્કાર હતો અને તેથીજ વનવીરે પોતાનો સંકલ્પ ગમે તેટલો ગુપ્ત રાખવાનો યત્ન કર્યો હતો, તોપણ ચતુર નાપિતરાજ તેની અધમ વાસના પારખી શક્યા હતા. આજે મોડી રાત્રે એણે પન્નાની પાસે આવીને કહ્યું: "પન્ના ! વનવીરે વિક્રમસિંહનો વધ કર્યો છે અને હમણાંજ ઉદયસિંહની હત્યા કરવા એ મહેલમાં આવશે."

પન્નાના માથા ઉપર આફતનું વાદળ તૂટી પડ્યું. કુમાર ઉદયનું રક્ષણ કરવાનો ઉપાય શો ? એ વખતે મેવાડ વંશનો એકમાત્ર વારસ એ બાળકજ હતો. એની હત્યા કરવામાં આવે તો બાપા

રાવળ, સમરસિંહ, લક્ષ્મણસિંહ, હમીર, રાયમલ અને સંગ્રામસિંહ જેવા રાજસ્થાનના સર્વશ્રેષ્ઠ વીર પુરુષોનો વંશ, નિર્મૂળ જાય એમ હતું. પન્ના રજપૂતાણી હતી, રાણા વંશનું નિકંદન પોતાના ચક્ષુ આગળ થતું એક રજપૂત રમણી કેવી રીતે જોઇ શકે ? એ દૃશ્ય તેનાથી કેમ સહન થાય ?

રાણા–વંશના અસ્તિત્વનો આધાર આજે પન્નાના હાથમાં હતો. આથી પોતાનો જીવ આપીને–જીવ કરતાં પણ હજારગણી પ્રિય વસ્તુ આપીને બાળક ઉદયસિંહનો પ્રાણ બચાવવાનો તેણે દૃઢ સંકલ્પ કર્યો.

કેવી રીતે તેમનું રક્ષણ કરવું, તે સંબંધી પન્નાએ ક્ષણભર વિચાર કર્યો. એક વાર ઉદય અને ચંદનના સામું જોયું. એ વખતે તેના મુખ ઉપર રજપૂત રમણીની ભીષણ દૃઢતા જણાઇ આવતી હતી. થોડી વાર પછી એણે હજામને કહ્યું: " નેગીજી ! (રજપૂતાનામાં હજામને એ નામથી બોલાવાય છે.) આ મેડામાં ફળની એક ટોપલી છે. એમાં ઉદયસિંહને મૂકીને ઉપરથી ફળફૂલ ઢાંકીને મહેલની બહાર લઇ જાઓ. તેને લઇને નદીકિનારે જજો. હું તમને ત્યાં આગળ આવી મળીશ." હજામે કહ્યું: "તું પણ ચંદનને લઇ સાથે શા માટે નથી આવતી ?" પન્નાને કહ્યું: " ઉદયને લઇને આપણે બધાં એક સાથે પલાયન કરી જઇએ, તો તેથી આપણું કાર્ય સરશે નહિ. વનવીર આજે ચિતોડનો કર્તાહર્તા છે. જો એને ખબર પડે કે ઉદય નાસી ગયો છે, તો તરતજ એ ચારે તરફ માણસો દોડાવીને તેને ખોળી કાઢે અને સત્વર એનો સંહાર કરે."

નાપિતે કહ્યું: " તો શું તારા અહીં રહેવાથી એ ઉદયને માટે તપાસ નહિ ચલાવે ?"

પન્ના—હા, એવી તપાસ નહિજ કરાવે.

નાપિત—એ કેવી રીતે ?

પન્ના—વનવીરને ખબર પડે કે ઉદય જીવે છે, તો એ તપાસ કરાવે ને ? એને તો એમજ સમજાવવું જોઇએ કે ઉદયની હત્યા કરીને તેણે પોતાનો માર્ગ નિષ્કંટક કર્યો છે.

નાપિત—એને માટે શું કરવું ?

પન્ના—નેગીજી ! મને એ સંબંધી પૂછશો નહિ. એની કલ્પના કરતાં મારૂં હૈયું ફાટી જાય છે. તમે મારા હૈયાના હાર ચંદન-

ને અહીંયાં જુઓ છો; રાણાવંશના રક્ષણ સારૂ, ચિતોડના ગૌરવના રક્ષણ સારૂ, તેનો હું ત્યાગ કરીશ.

નાપિત—એ કેવી રીતે ?

પન્ના—ઉદયનાં કપડાં પહેરાવીને ચંદનને તેના બિછાનામાં સુવાડીશ. વનવીર આવશે ત્યારે તેનેજ ઉદય તરીકે ઓળખાવીશ.

નાપિત તો સ્તબ્ધજ થઇ ગયો. તેણે આશ્ચર્ય સાથે કહ્યું: “ પન્ના ! તું માણસ છે કે રાક્ષસ છે ? ”

પન્નાએ કહ્યું: “ આજ હું રાક્ષસી છું—સાત વાર રાક્ષસી. જનેતા થઇને પુત્રને મૃત્યુના મુખમાં સોંપું છું” આટલું બોલતાં બોલતાં તેનું હૃદય ભરાઇ આવ્યું.. થોડી વાર પછી આત્મસંવરણ કરીને એણે ખુલાસો કર્યો: “જે રાણાવંશ આજ સુધી મેવાડનું રક્ષણ કરતો આવ્યો છે, જે રાણાવંશને હાથે મેવાડનું ગૌરવ ભવિષ્યમાં પણ વધવાનો સંભવ છે, જે રાણાકુલના નામથી આપણા જન્મસ્થાન ચિતોડની પ્રતિષ્ઠા વધી છે, તે રાણાવંશના રક્ષણ સારૂ હું મારા ચંદનનો ભોગ આપું તો, તેમાં વધારે શું કરૂં છું ? આજ રાણાના કુમાર ઉદયસિંહની ખાતર મારો એક પુત્ર તેનો પ્રાણ સમર્પણ નહિ કરે ? નેગીજી ! હું રજપૂતાણી છું; મારો પુત્ર રજપૂત બાળક છે. રાણાના સોબતી તરીકે, રાણાના જીવનના રક્ષણાર્થે યુદ્ધમાં મરવું એ તેનું મુખ્ય કર્તવ્ય હતું. થોડા વરસ પછી, પોતાની ઇચ્છાથીજ રાણા માટે પ્રાણ આપીને એ પોતાને ધન્ય માનત, તો પછી આજ બાલ્યાવસ્થામાં માની ઇચ્છાથી એજ ગતિને પામવામાં એ પોતાના જીવનને સફળ નહિ કરે ? પોતાના ક્ષુદ્ર જીવનના બદલામાં આજ એ રાણાના પવિત્ર વંશને દુનિયામાં કાયમ રાખવાને ભાગ્યશાળી નીવડશે, એ શું ઓછા ગૌરવની વાત છે ? માટે જાઓ નેગીજી ! હવે તમે વિલંબ ન કરશો. વનવીર હમણાંજ આવી પહોંચશે. હમણાં ને હમણાંજ તમે ઉદયને લઇને સહીસલામત ઠેકાણે પહોંચી જાઓ.”

નાપિતે પન્નાને પ્રણામ કરીને કહ્યું: “ પન્ના ! તને મેં રાક્ષસી કહી એ મારી ભૂલ થઇ. તું રાક્ષસી નથી; માનવી પણ નથી; તું ખરેખરી દેવી છે.”

એટલું કહીને એ એક ફળની ટોપલી લઇ આવ્યો. એ ટોપલીમાં પન્નાએ ઉદયને સુવાડીને તેના ઉપર ફળફૂલ અને પાંદડાં ઢાંકી

દીધાં. નાપિત એ ટોપલી લઇને બહાર ગયો. પન્નાએ ચંદનને ઉદયનાં વસ્ત્ર પહેરાવીને ચુપચાપ ઉદયના પારણામાંજ સુવાડી દીધો.

થોડીકજ વારમાં ખુલ્લી છૂરી લઇને વનવીર આવી પહોંચ્યો. કઠોર સ્વરે તેણે પન્નાને પૂછ્યું: “ ઉદય ક્યાં છે ? ”

પન્ના કાંઇ બોલી શકી નહિ. આંગળીના ઇશારે તેણે ચંદનને બતાવ્યો.વનવીરે તરતજ તીક્ષ્ણ છૂરીથી ચંદનની છાતી ચીરી નાખી. એ વેદનામાં ચંદને એક કારમી ચીસ પાડીને દેહત્યાગ કર્યો. એ ચીસનો પડઘો આખા મહેલમાં ગૂંજી રહ્યો. નિશ્ચળ દેવીપ્રતિમાની પેઠે પન્નાએ ઊભી રહીને આ દારુણ દશ્ય પોતાની આંખે જોયું.

રાણાવંશનું નિકંદન કાઢયું છે, એવા સંતોષ સાથે વનવીર મહેલમાંથી ચાલ્યો ગયો. લોહીથી ખરડાયેલા પુત્રના શબને ખોળામાં લઇને પન્ના વેગસહિત અંધારી રાતે નદીને કિનારે ગઇ. ત્યાં આગળ નાપિત નિદ્રિત ઉદયસિંહને લઇને તેની વાટ જોતો હતો. નાપિતની મદદથી પન્નાએ પોતાના પુત્રનો અગ્નિસંસ્કાર કર્યો અને ત્યાર પછી બન્ને જણાં મેવાડના કોઇ દૂરના સ્થાનમાં જઇને સંતાઇ રહ્યાં.

મેવાડના પહાડી પ્રદેશમાં આશા નામનો કોઇ જૈન શેઠિયો રહેતો હતો. પન્નાએ ઉદયસિંહ સાથે એના ઘરમાં આશ્રય લીધો.

નરપિશાચ વનવીરના જુલમથી ચિતોડના સરદારો ધીમે ધીમે ઘણો ત્રાસ પામી ગયા, એ વખતે ઉદય મોટો થયો હતો. ઉદયસિંહને શોધી કાઢીને સરદારોએ ઇ૦ સ૦ ૧૫૪૧ માં તેને ગાદીએ બેસાડ્યો. પન્ના એ વખતે જીવતી હતી.



૧૮૪–રૂપમતી

રૂપમતીનો જન્મ ઉજ્જનથી ૫૫ માઇલ દૂર ઇશાન ખૂણામાં કાળીસિંધ નદીના કિનારા ઉપર સારંગપુર નામના ગામમાં થયો હતો. તેની માતા એક વેશ્યા હતી. રૂપમતીમાં નામ-અનુસાર ગુણ નહોતા; અર્થાત્ તે અસાધારણ સુંદર નહોતી; પરંતુ એ છેક કદ્રૂપી પણ નહોતી. એની આકૃતિ સુડોળ અને કાંતિ આકર્ષક હતી. તેનો સ્વભાવ સરળ અને સીધો હતો તથા બોલ-ચાલ ઘણીજ મધુર અને મનોહર હતી. વારાંગનાને ઘેર જન્મ લીધાથી ગાવા વગાડવાનો તેને ઘણો શોખ હતો; એટલુંજ નહિ પણ એ વિદ્યામાં એણે ઘણી પ્રવીણતા મેળવી હતી. તેના સંગીત તથા નૃત્યના જ્ઞાનની પ્રસિદ્ધિ ચારે તરફ પ્રસરી ગઇ હતી. એની બુદ્ધિ ઘણી તીવ્ર હતી. કવિતા પ્રત્યે એને અનુરાગ હતો અને સુંદર ગીતોનું રાતદિવસ રટણ કરવાનો પ્રસંગ મળવાથી, પોતે પણ રસભરી કવિતા કરતાં શીખી હતી.

'મુંતખાબ–ઉત્–તવારિખ' નામના ઇતિહાસના ગ્રંથમાં તેનો લેખક બદાયૂની લખે છે કે, "રૂપમતીની પ્રસિદ્ધિ જનસમાજમાં એક પદ્મિની સ્ત્રી તરીકે હતી." મઆસિરૂલ ઉમરા ગ્રંથમાં પણ રૂપમતીના ગુણોની પ્રશંસા કરતાં લખ્યું છે કે, "હિંદુસ્તાનના વિદ્વાનોએ સ્ત્રીઓના જે ચાર પ્રકાર ઠરાવ્યા છે, તેમાંથી ઉત્તમ પ્રકારની સ્ત્રી રૂપમતી હતી; અર્થાત્ પદ્મિની હતી. સારી સ્ત્રીઓના દેખાવમાં જે ખૂબીઓ હોવી જોઇએ તે એનામાં હતી.

સંગીતશાસ્ત્રમાં તેની કુશળતાનાં વખાણ કરતાં માળવાના ઇતિહાસમાં મુનશી કરમઅલીએ લખ્યું છે કે, "તાનસેને એક વાર દીપક રાગ ગાયો હતો અને તેની ગરમીથી એના આખા શરીરમાં આગ વ્યાપી ગઇ હતી. જ્યારે કોઇ પણ ઉપાયથી એ

ગરમી શમી નહિ, ત્યારે એ રૂપમતીની પાસે આવ્યો અને તેણે મેઘરાગ ગાઇને વરસાદ વરસાવ્યો તથા તાનસેનનો તાપ શમાવ્યો.

તાનસેનના સંબંધમાં એવીજ એક દંતકથા ગુજરાતની અજ્ઞાત–નામાનાગરકન્યાના સંબંધમાં છે કે, એણે પણ મેઘરાગ ગાઇને એની ઉષ્ણતાને શાંત કરી હતી, એટલે રૂપમતીના સંબંધમાં એ કથનમાં કેટલું ઐતિહાસિક સત્ય છે, તે અમે કહી શકતા નથી. પરંતુ એ તો નિર્વિવાદ છે કે એ સંગીતશાસ્ત્રમાં અસાધારણ નિપુણતા ધરાવતી હતી.

માળવામાં એ સમયે બાજ બહાદુરનું રાજ્ય હતું બાજ બહાદુર અને બાદશાહ અકબર સમકાલીન હતા, એટલુંજ નહિ પણ બન્ને એકજ વર્ષમાં અર્થાત્ સંવત ૧૬૧૨ માં ગાદીએ બેઠા હતા; પણ ભાગ્ય બન્નેનાં જુદાં જુદાં હતાં. અકબરના ભાગ્યમાં આખા હિંદુસ્તાનના ઘણા મોટા ભાગના બાદશાહ થવાનું સરજાયું હતું અને બાજ બહાદુરના નસીબમાં માળવાનું રાજ્ય કાયમ રહેવાનું પણ નહોતું લખાયું. અસ્તુ ! સારંગપુર એની રાજધાની હતી. પોતાના રાજ્યની સીમા વધારવાના ઉદ્દેશથી એણે ગઢ કરંગાની વીરાંગના રાણી દુર્ગાવતી ઉપર ચડાઇ કરી. રાણી પોતાના બહાદુર ગૌડ સૈનિકોની સેનાપતિ બની અને બહાદુરીથી યુદ્ધ કરીને બાજ બહાદુરનો પરાજય કર્યો. તેનાં ઘણાં માણસો માર્યાં ગયાં અને બાજ બહાદુરને પોતાને પણ વીલું મુખ લઇને સારંગપુર પાછા નાસી આવવું પડ્યું. પોતાનો શોક દૂર કરવા સારૂ એ ઘણા વખત સુધી સારંગપુરની બહાર નહોતો નીકળ્યો અને ત્યાંજ વિનોદમાં સમય ગાળવા લાગ્યો. સારંગપુરમાં એ વખતે મોજ-શોખ અને ભોગવિલાસનાં સાધનોની ખોટ નહોતી. માળવાનું એ અલબેલું શહેર હતું. ગલીએ ગલીએ ગાનતાનની મિજલસો થતી હતી, સુંદર સ્ત્રીઓની મનમોહક મૂર્તિઓ સ્થળે સ્થળે દેખાતી હતી તથા તેમનાં મધુર કંઠનાં ગીત અનેક સ્થાનોમાં સંભળાતાં હતાં. બાજ બહાદુરે પોતાના મહેલમાં અનેક ગાનારીઓ એકઠી કરી રાખી હતી અને તેનો બધો સમય ગાનતાન અને ભોગ-વિલાસમાંજ જવા લાગ્યો હતો. દિવસ ક્યારે આથમે છે, તેનું પણ એને ભાન રહ્યું નહોતું.

આવા યુવક અને રસીલા રાજાની દૃષ્ટિ રૂપમતી જેવી ગુણ-વાન ગુણિકા ઉપર ન પડે એ કેમ સંભવે ? બન્નેના સ્વભાવમાં

સમાનતા હતી; એટલે એ રૂપમતી ઉપર મોહિત થઈ ગયો અને એ ક્ષણુકાળના મોહે, જીવનપર્યંતની મિત્રતા તથા શુદ્ધ પ્રેમનું રૂપ ધારણ કર્યું. બન્નેની એક બીજા પ્રત્યે એટલી બધી આસક્તિ હતી કે બન્ને સાથેજ ખાતાં, સાથેજ પીતાં, ક્ષણભરનો વિયોગ પણ બન્નેને અસહ્ય હતો. આ પ્રમાણે યૌવનનો અમૂલ્ય સમય વ્યતીત થવા લાગ્યો.

રૂપમતીને પોતાના જોબનના લાવણ્યનું ઘણું અભિમાન હતું, પણ બાજ બહાદુરના પ્રેમમાં તો એ એવી આસક્ત થઈ ગઇ હતી કે, વિવાહિતા સ્ત્રીના કરતાં પણ એની વિશેષ આજ્ઞાકારી બની હતી. એની ઇચ્છાનુસાર વર્તવા, એના જીવનને સુખમય બનાવવા એ સદા તત્પર રહેતી. એના હૃદય ઉપર કેવળ બાજ બહાદુરનુંજ સામ્રાજ્ય હતું. બન્નેના દેહ ભિન્ન હતા, પણ પ્રાણ એક હતો. એવા અનન્ય પ્રેમમાં તેઓ જીવનનો ઉપભોગ કરતાં હતાં.

રૂપમતીમાં સ્ત્રીજાતિની કોમળતા સાથે, પુરુષોચિત વીરતા પણ હતી. શિકાર ખેલવામાં એ ઘણી કુશળ હતી. બહાદુરીથી હિંસક પ્રાણીઓનો વધ કરવાનો શોખ પણ એને ઘણો હતો. બાજ બહાદુરની સાથે એ ઘણી વાર શિકારે જતી અને આબાદ નિશાન લગાવતી. એનો ઘોડો સદા બાદશાહથી આગળ રહેતો. એનું તીર છૂટ્યા પછી કોઇ પશુ બચવા પામતું નહિ. જંગલી ભીલ, ગોંડ, કે મોગિયા લોકો આક્રમણ કરવા આવતા, તો રૂપમતીના તીરનો ભોગ થઇ પડીને ત્યાં ને ત્યાંજ રહેતા. તેનાં તીર દુશ્મનો-ની છાતી વીંધીને આરપાર નીકળી જતાં.

પ્રાચીન સમયનાં કેટલાંક ચિત્રોમાં શિકાર સમયની રૂપમતી-ની વીરતાનાં દશ્યો આલેખાયલાં છે અને તે અત્યારે ઇતિહાસની ગરજ સારીને એના ગૌરવની સાક્ષી પૂરે છે.

સુખનો સમય કોઇને પણ સદાને માટે ટકી રહ્યો નથી. બાજ બહાદુરનો એ ભોગવિલાસનો પણ સાત વર્ષમાં અંત આવ્યો.

એશઆરામમાં રાતદિવસ પડ્યાં રહેવું એ કદી સારૂં નથી. આ સંસારમાં જે કર્તવ્ય–કર્મ છે તે કરવાની પ્રત્યેક સ્ત્રી પુરુષની ફરજ છે. રાજારાણીને માથે તો કર્તવ્યનો મહાન બોજો છે; કેમકે એમના ઉપરજ લાખો મનુષ્યના સુખ તથા જીવનમરણનો સવાલ આધાર રાખે છે. રૂપમતીના રૂપમાં આસક્ત થઇને બાજ બહાદુરે

સરકારી કામ ઉપર ધ્યાન આપવું છોડી દીધું હતું. રૂપમતીને પ્રસન્ન કરવાના વિચારજ રાતદિવસ એને આવતા હતા. એને સારૂ એણે એક સુંદર મહેલ બંધાવ્યો હતો, જેનાં ખંડેર આજ પણ એ પ્રેમી યુગલના સ્વર્ગીય પ્રેમની સાક્ષી આપી રહ્યાં છે. બાદશાહ અકબર એ સમયમાં ભારતવર્ષમાં સર્વત્ર પોતાનું સામ્રાજ્ય વિસ્તારવાના પ્રયત્નમાં લાગ્યો હતો. માળવાને પોતાના તાબામાં કરવાના પ્રયત્નોમાં અત્યાર સુધી બાજ બહાદુરની વીરતાને લીધે એને સફળતા મળી નહોતી; પણ એ ચતુર બાદશાહ સમજી ગયો કે બાદશાહ બાજ બહાદુર ભોગવિલાસમાં નિમગ્ન છે. એ સમયમાં ચડાઈ કર્યાથી અવશ્ય વિજય મળશે. ઇ૦ સ૦ ૧૫૯૦માં બાદશાહ અકબરે સરદાર અહમદખાંને એક વિશાળ સૈન્ય લઇને માળવા ઉપર આક્રમણ કરવા સારૂ મોકલ્યો. માળવેશ્વરને ખબર મળતાં એ પણ યુદ્ધને સારૂ તૈયાર થયો; પણ હવે એનામાં પહેલાંના જેવું બળ રહ્યું નહોતું. યુદ્ધમાં જતી વખતે એ પોતાની પ્રિયતમા રૂપમતીની પાસે વિદાય માગવા સારૂ ગયો. બન્નેની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. મુખમાંથી વાણી નીકળતી નહોતી. ભાવિ આપત્તિની આશંકાથી બન્નેનાં હૃદય ધડકવા લાગ્યાં. રૂપમતીએ વજ્ર સમાન હૈયું કરીને સ્વામીને રજા આપી. બાજ બહાદુર યુદ્ધક્ષેત્રની તરફ ચાલ્યો.

એ યુદ્ધમાં અહમદખાંને વિજય મળ્યો. બાજ બહાદુરને જીવ લઇને નાસવું પડયું.

બાજ બહાદુર યુદ્ધક્ષેત્રમાં પ્રયાણ કરતી વખતે રાજમહેલના રક્ષણ સારૂ થોડાક સિપાઇઓને મૂકતો ગયો હતો અને તેમને હુકમ આપતો ગયો હતો કે, “હું યુદ્ધમાં પરાજિત થઇને નાસી જાઉં અથવા તો યુદ્ધમાં મરણ પામું, તો તમે લોકો મારી બેગમો અને પાતરોને શત્રુને હાથ ન પડવા દેતાં, તમારે હાથેજ એમનો વધ કરજો.” એની એ ઇચ્છા પૂર્ણ થઇ. એના સ્વામિભક્ત નોકરોને ખાતરીપૂર્વક ખબર મળ્યા કે, અમારા રાજા યુદ્ધક્ષેત્રમાંથી નાસી ગયા છે, ત્યારે તેમણે સાહસ કરીને અંતઃપુરમાંની બધી સ્ત્રીઓને કાપી નાખી. રૂપમતી ઉપર પણ તલવારનો હાથ ફરી ચૂકયો.

સેનાપતિ અહમદખાંએ રૂપમતીના રૂપગુણની પ્રશંસા પહેલેથીજ સાંભળી હતી અને તેને પોતાની પત્ની બનાવવાને ઘણી મોટી અભિલાષા હતી, એટલે વિજય મળતાંવાર સૌથી પ્રથમ કાર્ય

એણે રૂપમતીની ખબર મેળવવાનું કર્યું. તપાસ કરતાં એને સમાચાર મળ્યા કે, બાજ બહાદુરના વફાદાર સૈનિકોએ એના ઉપર તલવારનો જે પ્રહાર કર્યો હતો, તે સફળ નથી નીવડ્યો. એ લોકો તો એને મરણ પામેલી સમજીને ત્યાં ને ત્યાંજ છોડીને ચાલ્યા ગયા છે; પણ રૂપમતી ઘાયલ અવસ્થામાં પોતાના પ્રાણાધાર બાજ બહાદુરનું સ્મરણ કરીને છાતીફાટ વિલાપ કરી રહી છે. આ સમાચાર મળતાં અહમદખાં બાજ બહાદુરના અંતઃપુરમાં ગયો. લોહીલોહાણ અવસ્થામાં રૂપમતી એ વખતે મૂર્છામાં હતી. અહમદખાંએ એના શબની પરીક્ષા કરી જોઇ તો જણાયું કે, એનો જીવ હજુ ગયો નથી. શ્વાસ ચાલી રહ્યો છે અને શ્વાસ છે ત્યાંસુધી પોતાની ઇચ્છા પૂરી થવાની આશા પણ છે. એણે એની ચિકિત્સાનો પૂરતો બંદોબસ્ત કર્યો. હોશિયાર વૈદહકીમ મલમપટા કરવા લાગ્યા, શક્તિને સારૂ દવાઓ અપાવા લાગી; પણ બેગમને જ્યારે ભાન આવ્યું, ત્યારે એણે તો કહ્યું કે, “ પતિવિહીન થઇને હું જીવવા નથી માગતી. હું કેવી દુર્ભાગિની કે પતિની ઇચ્છાનુસાર મારૂં મૃત્યુ ન થયું. આપ મને પતિનું નામ ઉચ્ચારતાં શાંતિથી મરવા દો ” અહમદખાંએ પોતાની મતલબ સાધવા ખાતર એને ખોટું આશ્વાસન આપ્યું કે, “ બાજ બહાદુર હજુ જીવે છે. તમે નિરાશ કે દિલગીર ન થાઓ. તમે સાજાં થશો, એટલે હું એને તમારી પાસે મોકલી આપીશ.” એ ખબર સાંભળતાં વારજ રૂપમતીનાં જીવમાં જીવ આવ્યો. પ્રિય મિલનની આશામાં એ પોતાનું દુઃખ વીસરી ગઇ. ઉત્સાહથી એણે મલમપટા કરાવવા માંડ્યા તથા ઔષધનું પણ સેવન કરવા માંડ્યું. ‘ ઇકબાલ નામા જહાંગીર ’ નામના ગ્રંથમાં એવું લખ્યું છે કે, રૂપમતીએ અહમદખાંને એવું કહાવ્યું હતું કે, “મને શેખ અહમદની પાસે મોકલી આપો. એમના ઘરની સ્ત્રીઓ મારી સારવાર કરશે. ઘા રૂઝાઇ ગયા પછી હું મહેલમાં આવીશ. શેખ અહમદ એક ધર્માત્મા મહાપુરુષ હતો અને રૂપમતી ઉપર એની દયા હતી. રૂપમતી એને ત્યાંજ કેટલાક દિવસ રહી. ત્યાં એના દેહના ઘા તો રૂઝાયા, પણ પતિના વિયોગજન્ય હૃદયનો ઘા રૂઝાયો નહિ. એણે સેનાપતિ અહમદખાંને બાજ બહાદુર પાસે પોતાને મોકલી આપવાની પ્રાર્થના કરાવી. એણે જવાબમાં કહાવ્યું કે, “ બાજ બહાદુર હજુ સુધી બાદશાહનો દુશ્મન છે. બાદશાહની

સમીપમાં એ હાજર થઇ ગયો હોત તો, હું તમને ખુશીથી એની પાસે મોકલત; પણ હમણાં તો તમારા બન્નેનો મેળાપ કરાવ્યાથી અકબરશાહ મારા ઉપર ગુસ્સે થઇ જાય.”

ચતુર રૂપમતીને હવે મુગલ સેનાપતિની દાનત સંબંધી શક ગયો. એ સમજી ગઇ કે, મારી સાથે પ્રપંચ રમાઇ રહ્યો છે. પતિને મળવાની આશા તૂટી જવાથી એના શોકનો પાર રહ્યો નહિ. એને શંકા થવા લાગી કે, દુષ્ટ અહમદખાં જરૂર મારા શિયળનો ભંગ કરવા સારૂ આ બધી યુક્તિઓ રચી રહ્યો છે. એનું અનુમાન ખરૂં પડતાં પણ વાર ન લાગી. રાત પડતાંજ અધીરા અહમદખાંએ તેને સંદેશો કહાવ્યો કે, “ચાલો, ખાન આપને યાદ કરે છે. હવે તો એજ માળવાના માલિક છે. ચાલો, એની રાણી–બેગમ બનો. બાજ બહાદુરનો વિચાર કાઢી નાખો. એનો તો પત્તો પણ નથી અને જીવતો હશે તો પણ એની પાસે શું બચ્યું છે કે, તમને લાડ લડાવે અહમદખાં સુંદર ઉમંગી યુવક છે, બાજ બહાદુરના કરતાં પણ તમને વધારે લાડમાં રાખશે.”

આ સખત શબ્દો સાંભળવાને રૂપમતી તૈયાર નહોતી. એને દાઝયા ઉપર ડામ જેવું થયું. વેશ્યાને પેટે જન્મ ધારણ કર્યા છતાં અને પ્રથમાવસ્થામાં નાચનારીનો ધંધો કર્યા છતાં, એણે પોતાનું હૃદય કેવળ બાજ બહાદુરનેજ અર્પણ કર્યું હતું અને બાજ બહાદુરના સમાગમમાં આવ્યા પછી સાચી પતિવ્રતાને છાજે એવું જીવન વ્યતીત કર્યું હતું. બાજ બહાદુર સિવાય બીજા કોઇ પુરુષને સ્પર્શ સુધ્ધાં નહિ કરવાના એણે સોગંદ ખાધા હતા અને આજ સુધી એ પ્રતિજ્ઞાનું પાલન કર્યું હતું. એના એ સદ્ગુણની સાક્ષી ઇતિહાસકારોએ પૂરી છે. આજ એને ચિંતા થવા લાગી કે, “શું અહમદખાં મારૂં વ્રત ભંગ કરશે ? એ અધમ કામી છે, એની પાસે પુષ્કળ સત્તા અને સાધન છે, બળાત્કારથી પણ એ પોતાની ઇચ્છા પૂર્ણ કરવાને ચૂકશે નહિ; માટે અત્યારે યુક્તિથી કામ લેવું જોઇએ.” એની તીવ્ર બુદ્ધિએ ઉપાય શોધી કાઢ્યો. પોતાના શોક અને અહમદખાં પ્રત્યેના તિરસ્કારને ઘડીભરને માટે દબાવીને એણે સંદેશો લાવનારને કહ્યું: “ હું તો નવાબ સાહેબની તાબેદાર છું. જેમ ફરમાવશે તેમ કરીશ. તમે જાઓ, એમને લઇ આવો. એટલી વારમાં હું નાહીધોઇ શણગાર સજીને તૈયાર થાઉં છું.” એ માણસ અહમદખાંને ખુશાલીની વધામણી આપવા ગયો. પેલી

તરફ રૂપમતીએ પોતાના વિલાસભુવનને સરસ રીતે સજાવ્યો. પોતે સ્નાન કરીને ઉત્તમ વસ્ત્રાભૂષણ ધારણ કર્યાં. ખૂબ અત્તર લગાડ્યું. ગળામાં સુગંધીદાર ફૂલોની માળા ધારણ કરી. આ બધું શું અહમદખાંના સત્કારને માટે હતું? ના, કદી નહિ. એણે જીવિત દશામાં અહમદખાંના હાથમાં કદી પણ નહિ જવાનો સંકલ્પ કર્યો હતો. ઉત્તમ શણગાર સજીને, ફૂલની ચાદર બિછાવેલા એક પલંગ ઉપર એ હળાહળ ઝેર ખાઇને સૂઇ ગઇ અને મુખ ઉપર અત્તર છાંટેલો રૂમાલ ઢાંકીને પડી રહી. અજાણ્યો માણસ એમજ જાણે કે અહમદખાંને આવતાં વાર લાગી, તેથી રિસાઇને સૂઇ ગઇ હશે.

થોડી વાર પછી મહમદખાં ઘણા ઠાઠ સહિત છેલછબીલો બનીને રાણી રૂપમતીના મહેલમાં ગયો અને તેના પલંગ પાસે જઈને ઘણા પ્રેમપૂર્વક તેને જગાડવા લાગ્યો; પણ જાગે કોણ? રાણી રૂપમતી તો પહેલેથીજ વિષ ખાઇને એવી ગાઢ નિદ્રામાં સૂઈ ગઈ હતી કે અહમદખાં માથું ફોડીને મરી જાય, તોપણ એનું જાગવું સંભવિત નહોતું. રૂપમતીનો પવિત્ર આત્મા તો પરલોકમાં ચાલ્યો ગયો હતો. એનું પાર્થિવ શરીર અહમદખાંનો ગર્વ ઉતારવાને અહીં પડયું હતું. એમ કહેવાય છે કે એના તકિયા નીચેથી એક કાગળનો ટુકડો મળી આવ્યો. તેમાં નીચેનો દોહરો લખ્યો હતોઃ—

“રૂપમતી દુખિયા ભઇ, વિના બહાદુર બાજ;
અબ જિય તુમ પૈ જાત હૈ, યહાં કહા હૈ કાજ.”

અહમદખાન ×દિગ્મૂઢ થઇ ગયો અને રૂપમતીના પાતિવ્રત્યની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યો. એણે રૂપમતીના શબને દફન કરાવવાનો હુકમ આપ્યો અને પોતે નિરાશ થઇને પાછો પોતાના તંબૂમાં ગયો. એક ફારસી કવિ કહે છે કે, “મિત્રને ઘેર જઇને હું શું કહીશ કે હું કેવી રીતે ગયો? પૂરા શોખથી આવ્યો હતો અને પૂરી નિરાશા સહિત પાછો ગયો.” અહમદખાંની એજ દશા હતી.

રૂપમતીએ તો પોતાના જીવન ને મૃત્યુથી બતાવી આપ્યું કે,

“સુન રખે હૈં ઈશ્કકી જો હવસ કરનેવાલે;
ઇસ તરહ ઇશ્ક મેં મર જાતે હૈ મરનેવાલે.”

× અહમદનું નામ અહમદખાન પણ કેટલાકે લખ્યું છે.

રૂપમતીની કબર સારંગપુરમાં છે. ' તવારીખે માળવા ' માં લખ્યું છે કે, રૂપમતીનો ઘુંમટ અને તેની સમાધિ બન્ને એક તળાવમાં છે. કબર ઉપરથી પ્રેમનાં ચિહ્ન જણાઈ આવે છે. ઘુંમટ તૂટી ગયો છે. એ તળાવને કિનારે બાજ બહાદુરના મહેલ પણ હતા, પણ હવે એનું નામનિશાન રહ્યું નથી. કેટલાકનું એવું પણ કહેવું છે કે, માંડુમાં રેવાકુંડ ઉપર રૂપમતીની કબર છે અને એની સામે બાજ બહાદુરનો મહેલ છે.

વાચક બહેનો! વેશ્યાઓને તેના નામમાત્રથી ધિક્કારશો નહિ. નીચ કુળમાં જીવન ધારણ કરવાને લીધે અથવા તો પાપી પેટ ભરવાની ખાતર, કાં તો કોઇ અધમ પુરુષની જાળમાં ફસાયાથી એમને ઘૃણાસ્પદ જીવન ગાળવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થાય છે; પરંતુ એ અશુદ્ધ પાપમય જીવન એમને ખરા દિલથી ભાગ્યેજ પસંદ હોય છે. એકજ પુરુષને પોતાનું હૃદયદાન કરવાની ઇચ્છા તેમને પણ હોય છે અને પ્રસંગ આવ્યે તેમ કરી બતાવે છે, તે આ ઉદાહરણથી સાબિત થાય છે. પતિત સ્ત્રીઓનો ઉદ્ધાર કરવાનો અને સદુપદેશદ્વારા તેમને નીતિના પવિત્ર માર્ગ પર આણવાનો પ્રયાસ શુદ્ધ આચરણવાળાં ઠરેલ સ્ત્રીપુરુષોને હાથે થાય, તો એ અધમ ગણાતા વર્ગમાંથી ઉચ્ચ ગૃહિણીઓ અને દેશસેવિકાઓ નીકળી આવવાનો સંભવ છે.

અમે ઉપર જણાવી ગયા છીએ કે રૂપમતી કવિતા પણ રચતી હતી. "સૈર-ઉલ-મુતાખિરીન" કાવ્યમાં લખ્યું છે કે, "રૂપમતી ગાનવિદ્યામાં અનુપમ હતી, હિંદી ભાષામાં ઘણી વાર કવિતા પણ લખતી હતી અને એમાં પોતાનું નામ એવી ખૂબીથી ગોઠવતી હતી કે હૃદય લોટપોટ થઇ જતું હતું."

"હિંદુઓકી મશહૂર ઔરતેં" નામના ઉર્દુ ગ્રંથમાં લખ્યું છે કે, રૂપમતીનાં રચેલાં અનેક ગીત માળવાની સાદી ભાષામાં ઘણાં છે, જેમાંથી એના હૃદયની વેદના ટપકી આવે છે. એક ગીતનો અનુવાદ આ પ્રમાણે છે:—

"જે દોલતવાળો છે, તેમને પોતાની દોલતનું અભિમાન કરવા દો. અહીંયાં તો નિષ્કપટ પ્રેમમાંજ આનંદ છે, આ ખજાના ઉપર મજબૂત તાળું વાસેલું છે. તેની રખેવાળ હું છું અને જે પારકી આંખોથી બચેલો અને સહીસલામત છે, એની કૂંચી

મારી પાસે છે. એ પૂંજી દિનપ્રતિદિન વધતી જાય છે. એને ઘટ-વાનું શું કામ? મેં તો મારા મનમાં એજ નિશ્ચય કરી લીધો છે કે લાભ થાય કે હાનિ; આખી જિંદગી સુધી બાજ બહાદુરની સાથે રહું અને તેને સહાયતા આપું.” એ અનુવાદનું મૂળ નીચે-નું ગીત જણાય છે:–

“ ઔર ધન જોડતા હૈરી, મેરે તો ધન પ્યારેકી પીત પૂંજી;
કાહુ ત્રિયાકી ન લાગે દૃષ્ટિ, અપને કર રાખુંગી પૂંજી.
દિન દિન બઢે સવાયો ડેવઢો, ઘટે ન એકો ગૂંજી;
બાજ બહાદુર કે સનેહ ઉપર,નિછાવર કરૂંગી ધન ઓરજી.”

રૂપમતીનો મૃત્યુકાળ સંવત ૧૬૧૮ના ચૈત્ર સુદી ૧૩ અને વૈશાખ સુદી ૩ની વચમાંનો કોઇ દિવસ હોય એમ ઇતિહાસ-વેત્તાઓ માને છે.

બાજ બહાદુર અને રૂપમતીનાં પ્રાચીન ચિત્રો કેટલાંક મળી આવ્યાં છે, તે એમના જીવન ઉપર પ્રકાશ નાખે છે.

એક ચિત્રમાં એવું દૃશ્ય બતાવ્યું છે કે, રૂપમતી શિકાર કરી આવીને થાકની મારી મહેલના બગીચામાં પલંગ ઉપર સૂઇ ગઇ છે. બાજ બહાદુર એની પાસે બેઠો છે. સખીઓ કોઇ ઘોડાને પકડીને ઊભી છે, તો કોઇના હાથમાં બાજ પક્ષી છે. કોઇ આમ-તેમ જોઈ રહી છે. બધી પુરુષના અને સૈનિકોના વેશમાં છે.

બીજી એક તસ્વીરમાં રૂપમતીની જંગલી લોકો સાથેની લડાઇ બતાવી છે. બાજ બહાદુર અને રૂપમતીના તીરવડે કેટલા-એક જંગલી લોકો જે એમના ઉપર હુમલો કરતા આવ્યા હતા, તે ઘાયલ અને લોહીલોહાણ થયેલા બતાવવામાં આવ્યા છે.

એક ચિત્રમાં ઘનઘોર ઘટા છવાઇ રહી છે. રૂપમતી પુરુષના વેશમાં બગીચામાં ખુરશી ઉપર એકલી બેસીને હાથમાં તંબૂરો વગાડી રહી છે.

કલકત્તાના “ઇંડિયન મ્યુઝિયમ”માં પણ, એ પ્રેમી યુગલ ઘોડા ઉપર વનમાં જઇ રહ્યાં છે, તે સમયનું સુંદર ચિત્ર છે.*

---

* મુસ્લિમમહિલારત્ન ‘બાજ બહાદુર અને રૂપમતી’ સંબંધી સ્વ૦ મુનશી દેવીપ્રસાદજીનો લેખ (નાગરી પ્રચારિણી પત્રિકા–ભાગ ૩, અં. ૨) મસાહિર ઇનિસ્વાન વગેરે વગેરે ઉપરથી.

૧૮૫–રાણી ચાંપાદે

એ જેસલમીરના રાવ લહરરાજની પુત્રી અને બિકાનેરના રાજા રાજસિંહજીના ભાઇ પૃથ્વીરાજની રાણી હતી. ચાંપાદેના પહેલા પૃથ્વીરાજનું લગ્ન લાલાંદેજી નામની સ્ત્રી સાથે થયું હતું. એ પણ જેસલમીરના ભટ્ટી રજપૂતનીજ કન્યા હતી અને કેટલાકના કહેવા પ્રમાણે એ રાણી ચાંપાદેની બહેનજ હતી; પરંતુ જેસલમીરના ઇતિહાસથી એ વાત સિદ્ધ નથી થતી; કારણકે રાવ લહરરાજની ત્રણ કન્યાઓનાં નામ ગંગા, ચંપા અને નાથી હતાં.

અસ્તુ ! પૃથ્વીરાજ જેવા રસજ્ઞ કવિ હતા, તેવીજ તેમને લાલાંદે જેવી રસીલી રમણી મળી હતી. તેના રસમાં મસ્ત રહીને પૃથ્વીરાજ સુખચેનમાં દિવસ વ્યતીત કરતા હતા; પરંતુ દુર્ભાગ્યથી ભરજુવાનીમાં થોડોક મંદવાડ ભોગવીને રાણી લાલાંદે સ્વર્ગમાં સિધાવી. પૃથ્વીરાજ જેવા પ્રેમી અને રસિક પતિને પ્રાણાધિક પત્નીના અકાળ મૃત્યુથી જે શોક થયો હશે, તેનું અનુમાન રસિક વાંચકોજ કરી શકશે. પોતાની પ્રિયતમાના સુકુમાર દેહને આગમાં બળતો જોઇને એ એટલા બધા વ્યાકુળ થઇ ગયા કે, તેમના મોંમાંથી આ દુહો નીકળી ગયોઃ—

“ તો રાંધ્યો નહિ ખાવસ્યો રે ! બાસ દે નિસહુ;
મો દેખત તૂ બાલિયા, લાલ રહંદા હહુ; ”

પોતાની પ્રિયાના નાજુક દેહને ભસ્મીભૂત કરવાના દોષ માટે તેમણે અગ્નિમાં રાંધેલું ભોજન ખાવું છોડી દીધું. સુખવિલાસમાં જન્મથી રહેલ રાજપુત્ર ફળાહાર કરીને કેવી રીતે રહી શકે ? તેમનું શરીર બગડવા લાગ્યું અને મરણતોલ થઇ ગયા. આખરે લોકોએ એમને ઘણું સમજાવીને તેમનું લગ્ન ચાંપાદે રાણી સાથે કરાવ્યું. ચાંપાદે રૂપ, ગુણ અને લાવણ્યમાં લાલાંદેથી પણ વધે એવી હતી; એટલે પૃથ્વીરાજનું દુઃખી હૃદય કાંઇક શાંત થયું.

બન્ને ઘણા પ્રેમ અને પ્રસન્નતાપૂર્વક રહેવા લાગ્યાં. ચાંપાદેને દેખ્યા વગર પૃથ્વીરાજને જરા પણ ચેન પડતું નહિ.

પૃથ્વીરાજજી ઘણા હરિભક્ત તથા કવિ હતા, એટલે એમની સોબતથી ચાંપાદેને પણ કવિતા રચતાં આવડતું હતું. ઘણી વખત એ પતિને કાવ્યરચનામાં મદદ કરતી.

પૃથ્વીરાજ ડિંગલ (મારવાડી) ભાષામાં રુકિમણી મંગળ કાવ્ય રચી રહ્યા હતા. એક વખત એ કાવ્યમાં રાજા ભીષ્મના વિલાસભવનનું વર્ણન કરતાં કરતાં એ " ચંદનપાટ, ચંદનપાટ " વારંવાર ઉચ્ચારવા લાગ્યા, કારણકે આગળનું પદ એમને જડતું નહોતું. ચાંપાદેએ પતિની મૂંઝવણ સમજી જઇને તરત કહ્યું: " કપાટહી ચંદન. " તરતજ પૂરૂં ચરણ બની ગયું.

" ચંદન પાટ, કપાટહી ચંદન. "

ચાંપાદે જેટલી ચતુર હતી, તેટલીજ ચંચળ અને હાજરજવાબી પણ હતી.

એક વખત પૃથ્વીરાજ વાળ ઓળી રહ્યા હતા. ચાંપાદે છાનીમાની એમની પાછળ આવીને ઊભી રહી. પૃથ્વીરાજે દાઢીમાંથી એક ધોળો વાળ ઉખાડી નાખ્યો, એટલે એ મોં ફેરવીને હસી પડી. આરસીમાંથી ચાંપાદેનો પડછાયો જોઇને પૃથ્વીરાજે પાછું જોયું તથા શરમાઇ જઇને ધોળા વાળને લીધે પોતામાં એક પ્રકારની જે ખોડ આવી ગઇ હતી તેને માટે, એક દોહામાં શોક જાહેર કર્યો. પતિની ગ્લાનિ કાઢી નાખવાને માટે ચાંપાદેએ તરતજ કવિતામાં ઉત્તર આપ્યો કે,

" પ્યારી કહે પીથળ સુનો, ધોળાં દિસમત જોય,
નરઁના હરઁા ડિગમરઁા, પાકઁાહી રસ હોય;
ખેડજ પકકઁા ધોરિયઁા, પંથ જગ ઉધાં વાવ,
નરઁા તુરઙ્ગઁા વન ફળઁા, પકકઁા પકકઁા સાવ."

સારાંશ કે હે પ્રીતમ! તમારે ધોળા વાળને લીધે કાંઇ ઓછું આણવું ન જોઇએ. મોટા મોટા દિગંબર જોગીઓને ધોળા વાળ હોય છે. વળી ખેતી પણ પાકા બળદથીજ થાય છે અને મજલ પણ પાકા ઊંટના પગથીજ કપાય છે. નર, તુરંગ અને વનફળ પાકીનેજ પૂરેપૂરા પાકાં થાય છે.

આ પ્રમાણે રસિક ચાંપાદેએ પતિનો ખેદ નિવાર્યો.

१८६–राणी राडघडीजी

એ મારવાડમાં, રાડઘડ પ્રાંતના રાણાની પુત્રી હતી અને શિરોહીના રાણાજીને પરણી હતી. રાજારાણી બન્ને વિદ્વાન હતાં અને કોઇ કોઈ દિવસ કવિતા રચીને પોતાનાં મનને તૃપ્ત કરતાં હતાં. આબુનો સજળ અને સુરમ્ય પહાડ શિરોહી રાજ્યમાં છે. એક સમય વસંત ઋતુમાં રાણાજીએ ત્યાંની અનુપમ છટા જોઇને નીચેનો દોહો કહ્યોઃ—

“ ટુંકે ટુંકે કેતકી, ઝિરને ઝિરને જાય;
અબુંદકી છબિ દેખતાં, ઓર ન આવે દાય. ”

એ વખતે રાણીજી પગે ચાલીને થાકી ગઇ હતી. વળી એના દેશમાં શિરોહી કરતાં વધારે ઘઉં પાકતા હતા, એટલે એણે પતિની સાથે સંમત ન થતાં નીચેનો દોહો કહ્યોઃ-

“ જબ ખાનો ભખનો જહર, પાલો ચલનો પંથ;
અર્બુદ ઉપર બૈઠનો, ભલો સરાયો કંથ.”

રાણાજીને એ સાંભળીને મનમાં જરાક ખોટું લાગ્યું અને તેમણે કહ્યુંઃ “ શું આબુ તમારા નિર્જલ અને નકામા દેશથી પણ ખરાબ છે ? ” રાણીએ કહ્યું: “ વાહ ! અમારા દેશની તે વાત શી ? એ તો દેવતાઓને પણ દુર્લભ છે.” એમ કહીને એની પ્રશંસામાં નીચેનો દોહો કહ્યોઃ-

“ ઘર ઢાંગી આલમ ધની, પરગલ લુણા પાસ;
લિખિયો જિણને લાભસી, રાડધડારો વાસ. ”

રાણી રાડઘડીજી રાઠોડવંશની રજપૂતાણી હતી અને તેનો સમય સંવત ૧૬૫૦ ની લગભગ માનવામાં આવે છે.

પહેલાંના સમયમાં અંતઃપુરવાસી રજપૂત રમણીઓ કેવો કાવ્યવિલાસ કરતી હતી, તે બતાવવા અમે આ સંક્ષિપ્ત જીવન-ચરિત્ર પ્રગટ કર્યું છે.

૧૮૭-૧૮૯-કર્મદેવી, કમલાવતી અને કર્ણવતી

(પુત્તની માતા, પત્ની અને બહેન)

ઉદયસિંહ જે વખતે ચિતોડમાં રાજ્ય કરતો હતો, તે વખતે અકબર બાદશાહ તરુણ વયે દિલ્હીની ગાદી ઉપર બેઠો હતો. દિલ્હીની ગાદી ઉપર જે પઠાણ અને મોગલવંશના મુસલમાન બાદશાહો બેઠા હતા, તે બધામાં રાજનીતિની કુશળતામાં અને રાજગૌરવમાં બાદશાહ અકબર સૌથી શ્રેષ્ઠ હતો. ઘણી અલ્પ વયમાંજ ઉત્તર ભારતવર્ષમાં પોતાનું સામ્રાજ્ય વિસ્તારીને તેણે ઈ. સ. ૧૫૬૮ માં ચિતોડ ઉપર ચડાઇ કરી.

સોળ વર્ષનો બાળક વીર પુત્ત એ સમયે કેલવાડા પ્રદેશમાં રાજ્ય કરતો હતો. પુત્તની જનની કર્મદેવી બધી વાતે આદર્શ રજપૂત સ્ત્રી હતી. પુત્ત ઉંમરમાં બાળક હોવા છતાં પણ જનનીની સહાયતાથી પોતાના રાજ્ય ઉપર ઘણી સારી રીતે શાસન ચલાવતો હતો.

અકબરે ચિતોડ ઉપર ચડાઈ કરી છે એવા સમાચાર સાંભળીને, કર્મદેવીએ પુત્તને કહ્યું: " પુત્ત ! પ્રબળ શત્રુ મેવાડમાં આવ્યો છે. યુદ્ધની તૈયારી કર. સૈન્ય લઇને ચિતોડનું રક્ષણ કરવા જા."

પુત્તે કહ્યું: " મા ! રાણાજીએ તો મને યુદ્ધમાં જવાનું તેડું મોકલ્યું નથી."

કર્મદેવીએ કહ્યું: " તું હજુ બાળક છે એમ ધારીને રાણાજીએ તને તેડું નહિ મોકલ્યું હોય; પણ એટલા માટે તું મેવાડવાસી રજપૂત થઇને મેવાડ ઉપર આવી પડેલી આફતને વખતે ઘેર

બેસી રહીશ ? રાણાની પ્રજા થઈને શત્રુઓના આક્રમણ સમયે તેમને મદદ નહિ કરે ? જા, સૈન્ય લઈને સ્વદેશના રક્ષણ સારૂ રાણાજીની વહારે ધા અને દુશ્મનો સાથે યુદ્ધ કર. બાળક છું એમ ધારીને બીશ નહિ કે કોઈ પણ જાતનો મનમાં સંકોચ આણીશ નહિ. વયમાં બાળક હોવા છતાં પણ બહાદુરીમાં તું કોઈ પણ પુખ્ત ઉંમરના રજપૂત કરતાં ઊતરે એમ નથી. રાણાએ બોલાવ્યો નથી, એટલા માટે આનાકાની કરીશ નહિ. તારી જન્મ-ભૂમિ વિપત્તિમાં છે અને એ જન્મભૂમિ તને બોલાવે છે. જન્મ-ભૂમિના તેડા કરતાં રાણાજીનું તેડું વધે કે ? વળી તું સૈન્ય લઈને તેમની મદદે પહોંચીશ, તો તેઓ કદી તારી મદદ પાછી નહિ ઠેલે અને એ કદાચ એવું કરે તોપણ રાણાજી ન જાણે એવી રીતે સ્વદેશનું રક્ષણ કરવા અને શત્રુઓનો નાશ કરવા જીવસટ્ટે યત્ન કરજે અને એમ કર્યાથી ભવિષ્યમાં રાણાજી નારાજ થાય, તો એ નારાજી પણ હસતે મોંએ સહન કરી લેજે. ”

પુત્ત સૈન્ય લઈને ચિતોડ તરફ ગયો. પુત્રને આશીર્વાદ સાથે વિદાય કર્યા પછી કન્યા કર્ણવતી અને પુત્રવધૂ કમલાવતીને બોલાવીને કર્મદેવીએ કહ્યું: “ મારો પુત્ત હજુ બાળક છે. તેને એકલો યુદ્ધમાં મોકલીને હું નિશ્ચિંત બેસી શકીશ નહિ. હું પણ યુદ્ધમાં જઇશ. બનશે ત્યાંસુધી હું પુત્તને સહાય કરીશ.”

કર્ણવતીએ કહ્યું: “ મા ! તમે જશો તો હું પણ આવીશ. તમે પુત્રની સહાયતા માટે હથિયાર બાંધશો, તો હું વીર ભાઈની બહેન થઈને હાથમાં એકલા અલંકારજ પહેરી રાખીશ કે ? ”

કમલાવતીએ કહ્યું: “ હું પણ આવીશ. હું વીર રજપૂતની સહધર્મિણી છું. સ્વામીની સાથે રહીને શત્રુઓ સાથે યુદ્ધ કરવું એ મારૂં કર્તવ્ય છે. ગમે તેટલી નાની ઉંમરની હોય; તોપણ રજપૂત બાળા પોતાનો ક્ષાત્રધર્મ પાળતાં કદી સંકોચાતી નથી. સ્વામી યુદ્ધમાં વિજય મેળવશે, તો હું એમની કીર્તિમાં ભાગ પડાવીશ અને દૈવજોગે જો એ સદાને માટે વીરશય્યામાં સૂઈ રહેશે, તો હું પણ તેમને સ્વર્ગમાં મળવા માટે તેમની સાથેજ પ્રાણ ત્યજીશ. ”

કન્યા અને પુત્રવધૂના સાહસ અને વીરતાથી પરમ આહ્લાદિત થઈને કર્મદેવીએ તેમને બન્નેને વીરવેશ પહેરાવ્યો તથા

પોતે પણ વીરવેશ સજીને ઘોડેસવાર થઇને ચિતોડ તરફ ચાલી.

આ યુદ્ધમાં જે બધા સામંતો રાજા ઉદયસિંહની મદદે આવ્યા હતા, તે બધામાં બેદનોરનો ઠાકુર જયમલ બહાદુરી અને હિંમતમાં શ્રેષ્ઠ હતો. રાણા ઉદયસિંહે તેનેજ મુખ્ય સેનાપતિ બનાવ્યો. જયમલ યુદ્ધમાં કામ આવ્યો એટલે પુત્ત તેની જગ્યાએ પ્રતિષ્ઠિત થયો.

આવી ઊંચી પદવી મળ્યાથી તથા ચિતોડનું રક્ષણ કરવાનું જોખમદારીભર્યું કામ પોતાને સોંપવાથી પુત્ત મનમાં ને મનમાં ઘણોજ પ્રસન્ન થઇ ગયો. પુત્તની સાથે અકબરને ભીષણ યુદ્ધ થયું. બાદશાહના સેનાપતિના તાબાનું એક સૈન્ય પુત્તની સાથે યુદ્ધ કરી રહ્યું હતું. બીજું સૈન્ય લઇને અકબર બાદશાહ પોતે બીજી તરફથી પુત્તની ઉપર હુમલો કરવા નીકળી પડ્યો હતો.

એવામાં એકાએક એક સાંકડી ખીણમાં થઇને સીધી ગોળી-ઓની ધારા આવીને અકબરના લશ્કર ઉપર પડવા લાગી અને સૈન્યનો સંહાર કરવા લાગી.

વિસ્મિત અને સ્તંભિત થઇને મોગલોએ ઊંચે જોયું, તો જણાયું કે પર્વતની ખીણ આગળનો રસ્તો રોકી દઇને ત્રણ રજપૂત રમણીઓ ગોળીઓનો વરસાદ વરસાવી રહી છે. તેમની પ્રત્યેક ગોળીથી મોગલ સૈનિકો ઘાયલ થઇને પડવા લાગ્યા.

એ રજપૂત રમણીઓ કોણ હતી ? પુત્તની માતા કર્મદેવી તથા તેની કન્યા અને પુત્રવધૂ.

યુદ્ધના આરંભમાંજ કર્મદેવી સમજી ગઇ હતી કે, અકબર જાતે સૈન્ય લઇને બીજે રસ્તેથી પુત્તના ઉપર આક્રમણ કરશે. એ હુમલાને રોકી શકાશે, તો પુત્ત બીજા સૈન્યને સારી પેઠે પહોંચી વળશે. એ વિચારથીજ એ પોતાની કન્યા તથા વધૂને લઇને ગુપ્ત રીતે પર્વતની ગુફામાં સંતાઈ ગઈ હતી.

અકબરનું સૈન્ય જે વખતે પર્વતની તરફ આગળ વધતું હતું, તેજ વખતે તેણે ગોળીઓનો જબરો મારો ચલાવ્યો. પોતાના જરા સરખા લશ્કરથી અકબર બાદશાહના પ્રબલ સૈન્ય સાથે કેવી રીતે ટક્કર ઝિલાશે, એવી નિરાશા કર્મદેવીના મનમાં ઘડીને માટે પણ ઉત્પન્ન થઇ નહિ. એને એટલી ખાતરી હતી કે પુત્તનું

લશ્કર અકબરના બીજા સૈન્યનો સંહાર કરે, ત્યાંસુધી આ સૈન્યને પુત્તના ઉપર હુમલો કરતાં રોકી શકાશે.

મહાપરાક્રમી મોગલ બાદશાહ સાથે ત્રણ રજપૂત મહિલાઓનું આ અપૂર્વ યુદ્ધ પ્રબળ વેગથી ચાલવા લાગ્યું. થોડી વાર પછી કર્ણવતી મોગલોની ગોળીથી વીંધાઇને જમીન ઉપર પડી. કર્મદેવીએ એક વાર પુત્રીના મુખ તરફ જોઇ લીધું, તો તે મરણ પામી હતી; પણ તેણે પોતાના કામમાં વિક્ષેપ પડવા દીધો નહિ. મરવાને માટે તો પુત્રી આવી હતી, તો પછી તેના મૃત્યુથી શોક શા માટે કરવો? શોક કરવાનો આ સમય નહોતો. કર્મદેવી હાથમાંની બંદૂકને બમણા વેગથી પકડીને ગોળી ચલાવવા લાગી, પણ આવા પ્રબળ સૈન્યના સામે બે સ્ત્રીઓ કેટલી વાર સુધી ટકી શકે? કર્મદેવી અને કમળાવતી બન્ને ઘાયલ થઈને જમીન ઉપર ઢળી પડયાં.

એવામાં બાદશાહના પ્રથમ સૈન્યને હરાવી પુત્ત અકબરના સૈન્ય ઉપર આક્રમણ કરવાના વિચારથી એ પર્વત આગળ આવી પહોંચ્યો. જનની, ભગિની અને પત્નીને પડેલાં જોઇને, સૈન્યને આગળ વધવાનો હુકમ આપીને પોતે એમની પાસે ગયો.

કર્મદેવી અને કમળાવતી એ વખતે પણ જીવતાં હતાં. પુત્તે બન્ને જણને ઉઠાડીને પોતાના ખોળામાં સુવાડયાં. કમળાવતીએ ઊંચી ડોક કરીને પતિના સામું જોયું અને હસતે મોંએ પતિના ખોળામાંજ પ્રાણત્યાગ કર્યો. કર્મદેવી ઘણા કષ્ટપૂર્વક શ્વાસ લેતી લેતી કહેવા લાગીઃ "પુત્ત! હું જાઉં છું. આ યુદ્ધની ગડબડ હું સાંભળી રહી છું. તું અહીંયાં શા માટે નકામો સમય ગુમાવે છે? જા બેટા, જા, યુદ્ધ કર. શત્રુને જીતીને દેશનું રક્ષણ ન કરી શકાય તો ઘેર પાછો જઇશ નહિ. આ માટીના દેહને યુદ્ધક્ષેત્રમાંજ મૂકી દઇને સ્વર્ગમાં ભોગવિલાસ કરવા માટે જજે. હું ત્યાં તને વધાવી લેવા માટે તૈયાર રહીશ."

તેનો અંતિમ ઉપદેશ પૂરો પણ થવા ન પામ્યો, એટલામાં તેનો પવિત્ર આત્મા તેનો દેહ છોડીને ચાલ્યો ગયો. "હરહર મહાદેવ! જય એકલિંગિ!" વગેરે શબ્દોથી ચારે દિશાઓને ગજાવી મૂકીને પુત્તે યુદ્ધમાં પ્રવેશ કર્યો. મોગલ સૈન્યનો સંહાર કરતાં કરતાં એ પણ થોડા વખતમાં માતા, બહેન અને પત્નીનો અનુગામી થયો.

ચિતોડનો નાશ થયો. અકબરે ચિતોડ ઉપર અધિકાર જમાવ્યો. ઉદયસિંહે અરવલ્લી પર્વતમાં આશ્રય લીધો અને ત્યાં ઉદયપુર નામનું નવું રાજ્ય સ્થાપીને પહાડી પ્રદેશ ઉપર રાજ્ય કરવા લાગ્યો.

એમ કહેવાય છે કે, એ યુદ્ધમાં એટલા બધા રજપૂત વીરો મરણ પામ્યા હતા કે તેમની જનોઇનું વજન ૭૪ાા મણ થયું હતું. એ વખતે રજપૂતાનામાં ચાર શેરનો એક મણ થતો હતો. ઘણા લોકો કાગળના સરનામાની પાછળ ૭૪ાા નો આંકડો લખી રાખે છે. એ આંકડો લખેલો હોય તો કાગળના ધણી વગર બીજો કોઈ એને ફોડે તો ચિતોડના નાશનો અને એટલા બધા રજપૂત વીરોના સંહારના પાપનો એ ભાગી થશે, એમ લોકોનું માનવું છે. અસ્તુ!

આ ત્રણે રમણીઓ રાજસ્થાનની ખરેખરી વીરાંગનાઓ હતી. સ્વતંત્રતાના અવતારરૂપ દેવીઓ હતી. એમનું જીવન આત્મ ત્યાગનું અદ્વિતીય ઉદાહરણ છે. સંસારમાં તેમની કીર્તિ અક્ષય અને અમર રહેશે એ નિઃસંદેહ છે.



૧૯૦–ગુલશન

આ મુસલમાન રમણીનો જન્મ માળવામાં એક સાધારણ સરદારને ઘેર થયો હતો. યૌવનાવસ્થામાં માળવાના સ્વતંત્ર નવાબ બાજ બહાદુરે ગુલશનની સાથે લગ્ન કરવાનું માગું કર્યું હતું, પણ ગુલશને તેને રોકડો જવાબ આપી દીધો હતો. નવાબે ઘણાએ પ્રયત્ન કર્યા, પણ ચતુર ગુલશનના હૃદય ઉપર તેની કાંઇ અસર ન થઈ. વાત એ હતી કે ગુલશન માળવાના એક વીર સરદાર ઉંમર અલી સોહાનીની વીરતા ઉપર મુગ્ધ થઈ હતી અને મનમાં એનેજ પોતાનો પતિ માની ચૂકી હતી. એવી દશામાં બાજ બહાદુર ગમે તેવો સમૃદ્ધિવાળો નવાબ હોવા છતાં પણ એની સાથે લગ્ન કરવાને ગુલશન ધર્મવિરુદ્ધનું કાર્ય ગણતી હતી.

સોહાની એ સમયમાં વીરકેસરી હતો. એણે પોતાના બાહુબળથી ઇદલગઢનો કિલ્લો જીતી લઇને એક નાનું સરખું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું. એ પ્રમાણે માળવામાં બાજ બહાદુર અને અલી સોહાની એ નામના બે નવાબ બની ગયા હતા. બાદશાહ અકબરે ઇદલગઢ લેવાને ઘણોએ પ્રયત્ન કર્યો, પણ સોહાનીની આગળ એને હારવુંજ પડયું. અકબરના મહાન શત્રુ મહારાણા પ્રતાપે પચીસ વર્ષ સુધી યુદ્ધ કરીને પોતાની સ્વતંત્રતા કાયમ રાખી હતી. એવીજ રીતે માળવાના બન્ને નવાબ બાજ બહાદુર અને સોહાનીએ પણ મૃત્યુ સમય સુધી પોતાની સ્વતંત્રતાને આંચ આવવા દીધી નહોતી. રજપૂતાનામાં પ્રતાપે મોગલોની જે દશા કરી હતી, તે માળવામાં સોહાનીએ કરી હતી. એ વીર પુરુષનું અકાળ મૃત્યુ ન થાત, તો માળવાને જીતવાને અકબરને કોણ જાણે કેટલી વિપત્તિઓ નડત અને માળવા સર કરી શકત કે નહિ તે પણ કહી શકાય એમ નથી.

સદ્ભાગ્યે સોહાનીને ગુલશન જેવી વીર પત્ની મળી હતી; એથી એનામાં બેવડું બળ આવ્યું હતું. ખરૂં જોતાં સોહાનીને સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં ગુલશન તરફથી વખતોવખત ઘણી સારી મદદ મળી હતી. કેટલીક વાર તો બેગમે એવાં સારાં કામ કર્યાં હતાં કે, મોગલો સોહાની કરતાં પણ ગુલશન બેગમથી ઘણું ડરતા હતા.

એક વાર અકબરે સોહાનીને જીતવા સારૂ પોતાના પ્રસિદ્ધ સેનાપતિ મહોબતખાંને મોકલ્યો. આખો દિવસ યુદ્ધ કરીને સોહાનીએ મોગલ સૈન્યને હાંકી કાઢયું, પણ રાતને વખતે તેમણે કિલ્લાને ફરીથી ઘેરો ઘાલ્યો. સોહાની એ વખતે નિદ્રાદેવીના ખોળામાં વિશ્રામ કરી રહ્યો હતો. આ સમાચાર મળતાંજ ગુલશન કોટની રાંગ ઉપર જઇ પહોંચી અને યુક્તિથી મોગલ સૈન્યને દરવાજા આગળ ખાઇની પાસે કેદ કરી લીધું. પોતાને એક રમણીની ચતુરાઇથી કેદ પકડાયલો જોઇને મહોબતખાં ઘણોજ શરમાયો. ગુલશનને સામે ઊભેલી જોઇને એણે શરમના માર્યા મોં નીચું કરી લીધું. બેગમે ગુસ્સે થઇને કહ્યું: “કેમ મહોબતખાં! અહીંયાં તમે કોની રજાથી આવ્યા? તમે મારા સ્વામીને કેદ કરવાના છો? શિયાળવા! દિવસે પાછી પાની કરીને નાસતાં તને શરમ ન આવી? હવે રાતે ચોરની પેઠે આવ્યો છે! બહાદુરીનું અભિમાન હતું, તો ધોળે દહાડે મેદાનમાં ઊતરી પડવું હતું અને પઠાણ સિપાઇઓની તલવારની ધારની પરીક્ષા કરવી હતી. ખેર! તને પ્રાણનો જરા પણ મોહ હોય, તો હમણાં તારાં તાજ અને તલવાર મારે સ્વાધીન કરીને ચાલ્યો જા, નહિ તો સવાર થતાંજ પઠાણ સૈન્ય તારા ટુકડે ટુકડા કરી નાખશે અથવા તો હુંજ ખાઇમાં પાણી ભરીને તારા પ્રાણ લઇશ.”

ખાં સાહેબે જોયું કે ખાઇમાં પાણી ધીમે ધીમે ભરાવા માંડયું છે અને હવે બચવાની આશા નથી. વાણિયા મૂછ નીચી કરીને પોતાનાં તાજ અને તલવારને ગુલશનને સોંપી દઇને મહોબતખાંએ રજા લીધી. જતી વખતે ગુલશને કહ્યું: “ખાં સાહેબ! આપની આ વસ્તુઓ મારે ત્યાં ગીરવી મૂકેલી છે. તમને વીરતાનું જરા પણ અભિમાન હોય, તો એને છોડાવી લેજો અને શક્તિ ન હોય તો તમારૂં કાળું મોં ફરીથી ન દેખાડશો.”

થોડા દિવસ પછી અકબર બાદશાહે દૂતની સાથે એક તલ-

વાર અને એક સાંકળ મોકલીને સોહાનીની ઇચ્છા જાણવાનો પ્રયત્ન કર્યો. સોહાનીએ સાંકળને ફેંકી દીધી અને ઘાંટો પાડીને કહ્યું: "તમે તમારા બાદશાહને કહેજો કે, આપ પણ મુસલમાન છો અને હું પણ મુસલમાન છું. તમારો જે અધિકાર ભારતના બીજા ભાગો ઉપર છે, તેજ અધિકાર મારો માળવાની ઉપર છે. તમે મારી તલવારને પણ ઓળખો છો. જે દિવસે ઇદલગઢ ઉપર ચઢી આવશો, તે દિવસે પ્રતાપે હલદીઘાટમાં કરી હતી, તેવીજ તમારી દશા થશે.સોહાની મરતાં સુધી સ્વતંત્રતા વેચનાર નથી."

સોહાનીનો એ સંદેશો સાંભળ્યા પછી અકબરના ક્રોધનો પાર રહ્યો નહિ. એક નાના સરખા કિલ્લાનો અધિપતિ ભારતવર્ષના બાદશાહની બરોબરી કરવાનું કરે! એણે તરતજ પોતાના નવા સેનાપતિ ઇસ્કંદરખાંને આજ્ઞા આપી કે, "તમે હમણાં ને હમણાં પચાસ સૈનિકો લઇને ઇદલગઢ જાઓ અને ગમે તેમ કરીને સોહાનીને કેદ પકડી લાવો. હું, સોહાની અને તેની સ્ત્રીને ચાહું છું. આ કામ પાર પાડશો, તો તમને કોઇ એક પ્રાંતના નવાબ બનાવી દઇશ અને નહિ પાર પાડો તો પછી તમારી વાત તમે જાણો!" સેનાપતિએ તરતજ સેના સહિત ઇદલગઢનો રસ્તો લીધો. અહીંયાં એ પણ લખવું જરૂરનું છે કે, સેનાપતિ ઈસ્કંદર અને સોહાની રૂપરંગમાં એકબીજાને તદ્દન મળતા આવતા હતા.

ઇદલગઢમાં એક વૃદ્ધ પઠાણની 'સરાઈ' હતી. મુસાફરો એમાંજ ઊતરતા હતા. ઇસ્કંદર પણ ઇરાની સોદાગરના વેશમાં જઇને ત્યાંજ ઊતર્યો. એના બીજા સૈનિકો પણ ગુપ્તવેશમાં ગામમાં ગમે ત્યાં ભરાઇ ગયા. સોહાનીના જાસૂસોને મોગલોની આ યુક્તિની ખબર પણ ન પડી.

સોહાની કદી કદી એ સરાઈમાં જતા અને એ વૃદ્ધ શેખની તરુણ સ્ત્રી કુલસમના હાથની કાફી પીને ચાલ્યા આવતા હતા. એને લીધે વૃદ્ધ શેખ સોહાની અને કુલસમ ઉપર મનમાં ને મનમાં દાઝ રાખતો હતો; પણ કુલસમ વૃદ્ધ પતિને ચાહતી હતી. એક દિવસ ઇસ્કંદરની ગફલતને લીધે એના કેટલાક કાગળો કુલસમના હાથમાં આવ્યા, એ ઉપરથી બધો ભેદ એને તથા એના વૃદ્ધ પતિને જણાઇ ગયો. એ દુષ્ટ ઇદલગઢનો વિભીષણ નીકળ્યો. વૃદ્ધ તો પહેલેથીજ સોહાનીની સાથે અંદરખાનેથી દુશ્મનાઇ રાખતોજ હતો. આજ એને બદલો લેવાનો પ્રસંગ મળ્યો.

કુલસમે પણ ધનની લાલચમાં આવી જઈને ઇસ્કંદરને મદદ આપવાનો નિશ્ચય કર્યો. સરાયથી કિલ્લા સુધી એક ગુપ્ત માર્ગ હતો, એની ખબર સોહાની, કુલસમ અને એના પતિ સિવાય કોઇને નહોતી. એક દિવસ સોહાનીએ દુર્ગમાં ઉત્સવ કરીને એની ખુશીમાં બધા સિપાઇઓને રજા આપી દીધી. એજ દિવસે વૃદ્ધ શેખ ઇસ્કંદર અને તેના સૈનિકોને લઇને એ ગુપ્ત માર્ગે કિલ્લામાં જઇ પહોંચ્યો; અને એ લોકોને મૂકીને પોતે બીકનો માર્યો પાછો નાસી આવ્યો. એ વખતે દુર્ગમાં સોહાનીની ગુલશન અને કેટલીક બાંદીઓ સિવાય બીજું કોઇ નહોતું.

સોહાની વીર-કેસરી હોવા છતાં પણ મદિરા પીને ઉન્મત્ત થઇ ગયો હતો. હાય નશા ! તારૂં સત્યાનાશ જજો! જે માણસ પોતાના બાહુબળને ભરોસે હમેશાં દિલ્હીશ્વરને ધમકાવી નાખતો હતો, તેજ આજ તારે વશ થયાથી એના એક તુચ્છ નોકરને હાથે કેદ પકડાવાની તૈયારીમાં છે. દુર્ગના નબળાં પડી ગયેલાં કમાડ તોડીને ઇસ્કંદર અંદર ગયો. દ્વાર આગળ પહોંચતાં વારજ એણે જોયું કે, સામે એક અનુપમ સુંદરી ઊભી છે. ઇસ્કંદર એના રૂપથી લોભાયો અને એને પોતાની પત્ની બનાવવાના તરંગો મનમાં ને મનમાં રચવા લાગ્યો. ગુલશન એ વખતે પતિને સારૂ મદિરા લેવા આવી હતી. પરપુરુષને પોતાના અંતઃપુરમાં ઘૂસી આવેલો જોઇને, તેણે સ્ત્રીસુલભ લજ્જાથી ઘૂમટો તાણીને જોરથી કહ્યું: “ તું કોણ છે ? અહીંયાં ચોરની પેઠે શા કામે આવ્યો છે ? ” ઇસ્કંદરે કહ્યું: “ હું મોગલ સેનાપતિ છું. જલદી બતાવો કે સોહાની ક્યાં છે ? હું હમણાં તમને બન્નેને કેદ કરીશ. ” ગુલશને કહ્યું: “ પેલા હરામી ડોસાએ તને મદદ આપી લાગે છે. વહાણું વાતાંજ એને એના પાપની સજા કરવામાં આવશે. હું તને હુકમ આપું છું કે, તને પોતાનો જીવ બચાવવાની જરા પણ ફિકર હોય તો, હમણાંજ રસ્તો પકડ. ” ઇસ્કંદરે કહ્યું: “ હવે શેખીની વાત જવા દો. આજ તમારા આ કિલ્લાને મારા પાંચસો સૈનિકોએ ઘેરો ઘાલ્યો છે. જલદી બતાવો કે સોહાની ક્યાં છે?”

ગુલશનને છેતરવા માટે સેનાપતિએ પાંચસો સૈનિકોની તો ગપજ મારી હતી, પણ ગુલશન એવી વાતોથી ડરી જઈને પોતાનું સાહસ ખૂએ એવી નહોતી. એણે જોઇ લીધું કે, “ વખત ઘણો ફટોકટીનો છે. મારા પતિ ઉપર ઘણી મોટી આફત આવી પડી

છે. આવે વખતે બળથી નહિ પણ કળથી કામ લેવું એજ વાજબી છે.” એમ વિચારીને એણે વિનયપૂર્વક ઇસ્કંદરને કહ્યું: “ તમે વીરપુરુષ જણાઓ છો. મારા પતિને એક ભિક્ષા આપશો ?” ઇસ્કંદરે પૂછ્યું: “ શું જોઇએ છે ? તમને તે ભિક્ષા અપાય ! અસંભવિત છે. ” ગુલશને કહ્યું: “ ઇસ્કંદર ! તમે બહાદુર છો. મારા પતિની બહાદુરી તમારાથી છાની નથી. અત્યારે એ મદિરા પીને મસ્ત બન્યા છે. હું નથી ચાહતી કે મારા પતિને આવી ઉન્મત્તાવસ્થામાં પકડવામાં આવે. એથી દુનિયામાં એમની વીરતાને કલંક લાગશે. મારી એજ ઇચ્છા છે કે, તમે એમને સવાર થતાં સુધીની મુદ્દત આપો. એ વખતે તમે એમને સુખેથી કેદ પકડજો; કેમકે એ જાગી ગયા હશે અને પોતાના ભાનમાં હશે. તમારી સેના અમારા કિલ્લાને ઘેરીને પડી છે, એટલે અમારાથી નાસી તો શકાય એમ નથી. તમે વીરપુરુષ હોઇને મારી આટલી પ્રાર્થના મંજૂર કરશો. હું એક નાના સરખા રાજ્યની બેગમ હોવા છતાં તમને તો શું પણ તમારા બાદશાહને ગણતી નહોતી. આજ દશા બદલાઇ છે; મારા પતિની ખાતર ભિક્ષા માગી રહી છું. સેનાપતિ ! મારી એ પ્રાર્થના સ્વીકારો. કોઈ દિવસ હું એનો બદલો વાળીશ.”

ગુલશનની એ પ્રાર્થના સાંભળીને ઇસ્કંદર ગળગળો થઇ ગયો. એણે વિચાર્યું કે ગુલશન ઉપર તો હું મોહી ગયો છું. બનતી સગવડે જેને હું મારી હૃદયેશ્વરી બનાવનાર છું, તેને આજે આ નવી ભિક્ષા આપું તો એમાં હાનિ શી છે ? એવું વિચારીને એણે ગુલશનની પ્રાર્થના સ્વીકારી લીધી. હર્ષથી ગુલશનનું મુખ પ્રફુલ્લિત થયું અને તેણે કહ્યું: “ સેનાપતિ ! થોડી વાર થોભજો ! હું હમણાં આવું છું. સ્વામી મારી વાટ જોતા હશે. આપના આતિથ્યને માટે પણ એમની રજા લેવી જરૂરની છે ” એમ કહીને એ જતી રહી અને થોડી વારમાં દાસીઓની સાથે આવીને કહેવા લાગી: “ સેનાપતિ ! શત્રુ હોવા છતાં પણ આપ અમારા મહેમાન છો, મહેરબાની કરીને અમારી મહેમાની સ્વીકારશો. ” બેગમની આવી વર્તણુંક જોઇને, ઇસ્કંદર સમજ્યો કે આપણો બેડો પાર છે. આ સુંદરીને પ્રાપ્ત કરવામાં ઝાઝો વિલંબ નથી. બેગમનો ઇશારો થતાંજ એક દાસીએ સેનાપતિનાં હથિયાર અને કપડાં ઉતારીને પાસેના એક પલંગ ઉપર મૂકી

દીધાં અને સુગંધિત જળથી એનાં હાથ તથા મોં ધોવરાવ્યાં. બેગમે સોહાનીનાં નવાં કપડાં ઈસ્કંદરને પહેરાવ્યાં. ત્યાર પછી સ્વાદિષ્ટ ભોજન કરાવ્યાં. ભોજન કરીને ઇસ્કંદર થાક ઉતારવા સારૂ પલંગ ઉપર સૂઇ ગયો. ગુલશન બીન વગાડીને પોતાના મધુર રાગથી સુંદર ગીત ગાઇને તેને પ્રસન્ન કરવા લાગી. ઘણો આગ્રહ કરીને એને પોતાના કોમળ હાથે થોડો દારૂ પણ પિવડાવ્યો. ખાં સાહેબના સુખનો આજે પાર નહોતો. થોડી વારમાં એને નિદ્રા આવી ગઈ. સ્વપ્નમાં એને ગુલશનજ ગુલશન દેખાવા લાગી. વાચક! તમે ગુલશનના ચારિત્ર્ય માટે સંદેહ આણીને એ નિર્દોષ રમણીનું અપમાન ન કરશો. ગુલશન જે કાંઇ કરી રહી હતી તે પતિના રક્ષણ સારૂજ કરી રહી હતી.

પ્હો ફાટતાં ઈસ્કંદર આળસ મરડીને જુએ છે તો ગુલશન ત્યાં નહોતી; તેમજ દાસદાસી કોઇ નહોતું. ચારે તરફનાં કમાડ બંધ હતા અને ઓશીકા આગળ એક પત્ર પડ્યો હતો. એમાં લખ્યું હતું: “ઇસ્કંદર! તમે મારી પ્રાર્થના તથા આતિથ્યનો સ્વીકાર કર્યો, તેને માટે તમારો ઉપકાર માનું છું, પણ એને માટે હું તમારી પ્રશંસા કરી શકું એમ નથી. તમે ઉદારતાથી એ કર્યું નહોતું, પણ મારા ઉપર લોભાઇ જઇને કર્યું હતું; એટલા માટે હું તમને બહુજ તિરસ્કારને યોગ્ય સમજુ છું. ખરૂં જોતાં તમે નથી વીર કે નથી કર્તવ્યપરાયણ. વીરને રૂપથી શો મતલબ? એ તો બધું સૌંદર્ય કર્તવ્યપાલનમાંજ સમજે છે. કર્તવ્યપાલનમાંજ કર્મવીરોને ખરો આનંદ આવે છે. તમે મારા જે રૂપ ઉપર લોભાઇ ગયા હતા, તેજ રૂપના બળ વડે મેં સ્વામીને છોડાવી મારા કર્તવ્યનું પાલન કર્યું છે. હાલ તો તમારે લીધે મારે મારૂં રાજ્ય અને કિલ્લાને છોડવાં પડ્યાં છે, પણ મને એની કાંઇ ચિંતા નથી. મેં મારા કર્તવ્યનું પાલન કર્યું, એથીજ મને ઘણો સંતોષ છે. એના ઉપરથી તમારે કર્તવ્યપાલનનું શિક્ષણ લેવું જોઇએ. વિશ્વાસઘાતિ! એક સામાન્ય રમણીના રૂપ ઉપર મોહી જઇને તમે તમારા સ્વામીનો વિશ્વાસઘાત કર્યો છે. તમારા કરતાં વધારે નીચ બીજું કોણ હશે? તમે આ પત્ર વાંચશો ત્યાંસુધીમાં તો અમે ઘણે દૂર નીકળી ગયાં હોઇશું. હવે તમે લોકો અમને પકડવાનો પ્રયત્ન ન કરશો. હા, હું તમારા ઉપકારને વીસરનાર નથી. વખત આવ્યે એ ઉપકારનો બદલો વાળીશ, ઉપકારનો બદલો ન વાળવો એને હું નીચતા

ગણું છું. પોતાના ઉપર ઉપકાર કરનારનો ઉપકાર વીસરી જાય તે ખરેખર પાપી છે. ખુદા એને જરૂર દંડ દે છે.”

આ ઉપરથી જણાય છે કે, ગુલશન કેવળ વીર અને પતિવ્રતાજ નહિ, પણ બહુ વિદુષી, કર્તવ્યપરાયણ અને રાજનીતિ-કુશળ હતી. એકાવન શત્રુઓમાં થઇને નાસી જવું, એ ખરેખર વસમું અને પ્રશંસાપાત્ર કામ હતું. એની સહાયતા ન હોત તો સોહાની જરૂર કેદ પકડાત એમાં સંદેહ નહિ.

ઇસ્કંદરે તરતજ સોહાનીને પકડવાને સારૂ ચારે તરફ સૈનિકોને દોડાવ્યા. એ પોતે પણ થોડાક સવારોને લઇને એક પહાડની તરફ ચાલ્યો. પહાડની પેલી તરફ એક નદી ખળખળ વહી રહી હતી. ઇસ્કંદર ત્યાં જઇને જુએ છે, તો સોહાની ભોંય ઉપર પડ્યો છે અને ગુલશન વિલાપ કરી રહી છે. એનો વિલાપ જોઇને ઇસ્કંદર પોતાના ક્રોધને ભૂલી ગયો. ગુલશનની આ દશા જોઇને તેને પણ દયા આવી. દુઃખી બેગમે આવેશમાં આવી જઇને કહ્યું: “સેનાપતિ! જેમને મેં તમારા પંજામાંથી છોડાવ્યા, તેમને મોતના પંજામાંથી ન છોડાવી શકી. હાય! મારા પ્રાણપ્રિય સ્વામિ! એક દિવસ સિંહાસનને શોભાવતા હતા, ફૂલોની પથારી પણ જેમને ખૂંચતી હતી, તે આજે આ પથરાવાળી જમીન ઉપર પ્રાણશૂન્ય થઇને પડ્યા છે! પહાડ ઉપરથી પગ સરકી પડ્યાથી એમની આ દશા થઇ છે.” ઇસ્કંદરે આંસુ પાડતાં પાડતાં કહ્યું: “બેગમ! હવે મને શી આજ્ઞા છે?” ગુલશને ઉત્તર આપ્યો: “હવે તમે તમારૂં કર્તવ્યપાલન કરો. તમને બાદશાહની આજ્ઞા છે કે, સોહાની જીવતા ન મળે તો એનું શબજ લેતા આવજો; માટે હવે મને કેદ કરીને સ્વામીના શબને આગ્રા લઇ જાઓ, પણ એટલું ધ્યાન રાખજો કે મારા સ્વામીના શબનું જરા પણ અપમાન ન થાય.” ઇસ્કંદર ઘણા આદરપૂર્વક સોહાનીના શબને આગ્રા લઇ ગયો. ગુલશન પણ સાથે પાલખીમાં હતી. પેલા દેશદ્રોહી શેખ અને તેની પત્ની કુલસમ પણ સાથે ગયાં. અકબરે પોતાને ખર્ચે સોહાનીની અંતિમ ક્રિયા કરવાની ઇચ્છા જણાવી, પણ ગુલશન જેવી સ્વાત્માભિમાની સ્ત્રીએ એમ કરવાને સાફ ના કહી અને પોતાનેજ ખર્ચે સ્વામીના ઉચ્ચ દરજ્જાને છાજે એવી રીતે એમની દફનક્રિયા કરી. આગ્રાના શાહી કબ્રસ્તાનમાં એના શબને દફનાવવામાં આવ્યું. શબના સન્માનની ખાતર બાદશાહ

પોતે કબ્રસ્તાન સુધી ગયા. કબરમાં માટી નાખતી વખતે અકબરે ઇસ્કંદરને કહ્યું: "તમે કર્તવ્યપાલનમાં ત્રુટિ ન કરી હોત, તો આજ મારે આ દુઃખદાયક દૃશ્ય ન જોવું પડત. સોહાની જીવતા પકડાયા હોત, તો આજ હું એમને પ્રેમથી મિત્રરૂપે ભેટત. ભારતમાં મારી સાથે બરોબરી કરે એવા બેજ વીર હતા. એક પ્રતાપ અને બીજો સોહાની! હાય! આજ મારો હરીફ ચાલ્યો ગયો. એનું મૃત્યુ ન થયું હોત, તો આજ એ સૈન્ય એકઠું કરીને વીરતાથી મારી સાથે લડતો હોત. ઇસ્કંદર! તેં એક રમણીની રૂપજાળમાં ફસાઇને પોતાનું કર્તવ્ય છોડી દીધું એ માટે મને ઘણો અફસોસ થાય છે! હું તને જન્મકેદની સજા કરૂં છું." જે સેવાના બદલામાં ઇસ્કંદરે નવાબ બનવાની આશા રાખી હતી, તે સેવાના બદલામાં જિંદગીભરના કારાવાસની સજા થઇ, તેથી તેને ઘણું માઠું લાગ્યું, પણ તેના પાપને માટે એ યોગ્યજ દંડ હતો.

બધા ધીમે ધીમે કબ્રસ્તાનથી પાછા આવ્યા, ત્યારે ગુલશને સમાધિ ઉપર સૂઇ જઇને રોતે રોતે કહ્યું: "પ્રાણેશ્વર! આ નાશવંત દેહથી તો મારો ને તમારો સંબંધ આજે છૂટ્યો, પણ આ અભાગણી તમને ખોઇને કેટલા દિવસ જીવી શકવાની છે?"

વાચક! કલ્પનાચક્ષુથી ગુલશનની આ દયાજનક દશા નીરખ અને તેની સાથે બે આંસુ પાડ! સાંજ પડતાં તો બાદશાહની આજ્ઞાથી ગુલશનને પાછા ફરવું પડ્યું. અકબરે દિલાસો આપીને કહ્યું: "ગુલશન! તું મારી પુત્રી સમાન છે. થોડા દિવસ અહીં રહે. ઇદલગઢ તારૂંજ છે. હું એને કબજે લઇશ નહિ." ગુલશને ઉત્તર આપ્યો: "શહેનશાહ! આપની મહેરબાની છે, પણ હવે હું ઇદલગઢને શું કરૂં? મારા જીવનના જે સર્વસ્વ હતા, તે તો આજ આપની કૃપાથી સ્વર્ગવાસી થયા છે, એટલે ઇદલગઢ લેવાની મને જરા પણ ઇચ્છા નથી. હવે હું રસ્તાની ભિખારણ છું. સંસારત્યાગી ફકીર બનીને હું આ ક્ષણિક જીવન વ્યતીત કરીશ."

અકબરને પણ ગુલશનની આ દશા જોઇને ઘણો ખેદ થયો, પણ એના મનની અવસ્થા જોતાં એણે ગુલશનને પોતાને યોગ્ય લાગે તેજ રસ્તો લેવા દીધો.

હવે અમે ગુલશનના ચરિત્રનો એક એવો અંશ લખીશું કે, જેથી એના હૃદયની વિશાળતા, અદ્ભુત ક્ષમાશીલતા અને ઉપ-

કારનો બદલો વાળવાની અસાધારણ ચીવટનો પરિચય મળે.

બાદશાહના હુકમથી ઇસ્કંદર કેદખાનામાં પડ્યો હતો. થોડા સમય પહેલાં જે ઇસ્કંદર નવાબની મઇદ ઉપર બેસીને એશઆરામ ભોગવવાનાં સ્વપ્ન જોઇ રહ્યો હતો, તેજ ઇસ્કંદર કેદખાનાની અંધારી ઓરડીમાં સૂતો સૂતો પોતાના ભાગ્યમાં થયેલા ફેરફાર સંબંધી વિચાર કરી રહ્યો છે. એવામાં એણે કોઇનાં પગલાં સાંભળ્યાં. એના હૃદયમાં ફાળ પડી કે જરૂર કોઇ ગુપ્ત ઘાતક મારા પ્રાણ લેવા આવે છે.

થોડી વારમાં જુએ છે, તો ગુલશન એની સામે ઊભી છે. ઇસ્કંદર એકદમ ઊભો થઇ જઇને બોલી ઊઠ્યો: "ગુલશન! ગુલશન! તું મને પ્યાર કરે છે? પિશાચિનિ! તારે લીધેજ મારી આ દશા થઇ છે. પ્રાણ લેવા આવી હોય, તો લઇ લે મારા પ્રાણ!" ગુલશને ઉત્તર આપ્યો: "હા ઇસ્કંદર! હું તને ચાહું છું. તારા ઉપર પ્યાર કરૂં છું. તું મારો ભાઇ છે. બહેનની ફરજ છે કે, આફતના સમયમાં ભાઇને મદદ કરવી. તેં એ દિવસે મારી પ્રાર્થના સ્વીકારી મને થોડા સમયની મુદત આપી હતી, એના બદલામાં હું આજ તને સહાયતા કરવા આવી છું. ભાઇ, તેં કર્તવ્યપાલન કરવામાં કચાશ રાખી હતી, મારી તરફ કુદૃષ્ટિથી જોયું હતું, એની સજા તો બાદશાહ પાસે હું તને અપાવી ચૂકી. હવે અહીંયાંથી જલદી નાસી જા. વધારે વખત નથી. મેં લાંચ આપીને અહીંના પહેરાવાળાઓને મારા વશમાં કરી લીધા છે. નદીના કિનારા ઉપર નૌકા તૈયાર મળશે, એમાં બેસીને નદી પાર કરી જજે. રસ્તાખર્ચને સારૂ થોડા રૂપિયા મારી પાસેથી લેતો જા."

મંત્રમુગ્ધ પુરુષની પેઠે ઇસ્કંદર ગુલશનની પાછળ પાછળ ગયો. થોડી વારમાં બન્ને જણાં દુર્ગની બહાર નીકળી પડ્યાં. ગુલશને કહ્યું: "ભાઇ, હવે તું ચાલ્યો જા. હું પણ જાઉં છું." ઇસ્કંદરે પૂછ્યું: "ગુલશન! કેમ તું સાથે નહિ આવે?" પણ એનો ઉત્તર આપ્યા વગરજ એ રાત્રિના અંધકારમાં લીન થઇ ગઇ.

ગુલશન! ધન્ય છે તારી ક્ષમાવૃત્તિને! પોતાના જીવને પણ જોખમમાં નાખીને આવું સાહસ ખેડીને, શત્રુ પ્રત્યે ક્ષમા દર્શાવીને ગુલશન! ખરેખર તું દુનિયાની પ્રશંસાને પાત્ર થઇ છે.

ઇસ્કંદર યમુના પાર કરીને ફરતો ફરતો માળવામાં જઇ પહોં-

ચ્યો. એક દિવસ રાજધાનીની બહાર એક તૂટેલી મસ્જિદમાં એ ઊતર્યો હતો, ત્યાં રાતે માળવેશ્વર બાજ બહાદુર આવી પહોંચ્યો. દુર્ભાગ્યવશ કેટલાક શત્રુઓએ ત્યાં આગળ એમને ઘેરી લીધા. ઇસ્કંદરે વિચાર્યું કે મારા છતાં અહીંયાં રાજરક્ત વહે એ ઘણુા કલંકની વાત છે. આજ હું નવાબને બચાવીને મનુષ્ય તરીકેના મારા કર્તવ્યનું પાલન કરીશ. વીજળીની પેઠે એ નવાબના શત્રુ-ઓ ઉપર તૂટી પડ્યો અને એકની છાતીમાં તલવાર ખોસી દીધી. નવાબના પક્ષમાં અણધારી મદદ આવી પહોંચવાથી શત્રુઓ નાસી ગયા. માળવેશ્વર ઇસ્કંદરની વીરતા જોઇને પ્રસન્ન થયા અને પોતાને આપેલી મદદ માટે તેનો ઘણો ઉપકાર માન્યો. એનો ખરો પરિચય મળતાં નવાબ એને પોતાની સાથે લઇ ગયો અને મહેલોના રક્ષણ તથા સેનાપતિ પદ ઉપર તેની નિમણુંક કરી.

ઇસ્કંદરને મુક્ત કર્યા પછી ગુલશન એજ રાતે પેલા સરાઇવાળા વૃદ્ધ શેખ અને તેની પત્ની કુલસમને સાથે લઇને માળવા તરફ નીકળી પડી હતી. એ બન્નેની દગાબાજીથીજ ગુલશનની આ દશા થઇ હતી, પણ એણે ઉદાર હૃદયથી એમને ક્ષમા આપી હતી, એટલુંજ નહિ પણ એમની આશ્રયદાતા બની હતી.

ગુલશન ઇસ્કંદરના પહેલાંજ માળવા પહોંચી અને કુલસમને આશ્રય અપાવવા ખાતર બાજ બહાદુરને મળી; કેમકે એણે પોતે તો હવે ફરીથી ઇદલગઢ જવાનો વિચાર છોડ્યો હતો અને ખુદાની બંદગીમાં બાકીનું જીવન વ્યતીત કરવાનો સંકલ્પ કર્યો હતો. બાજ બહાદુરને મળીને એણે આગ્રહ કર્યો કે, “આ કુલસમ અને તેના વૃદ્ધ પતિને મારી ખાતર આરામથી રાખશો.” ગુલશનની પ્રાર્થના સ્વીકારીને બાજ બહાદુરે કુલસમને પોતાની પુત્રી રૂબિયાની સહચરી બનાવી.

માળવેશ્વરની રાજધાનીની પાસેજ એક વનમાં શાહજલાલ નામના એક અતિ વૃદ્ધ મહાત્મા રહેતા હતા. એ ઘણા સિદ્ધ પુરુષ અને યોગી હતા. બાદશાહ અકબર અને બાજ બહાદુર બન્ને એ મહાત્માના ચરણમાં શિર ઝુકાવતા હતા. દેવી ગુલશન એજ મહાત્માની પાસે રહેવા લાગી. એ મહાત્મા ગુલશનને ધર્મોપદેશ આપી ધીરજ આપતા તથા એના ઉપર પુત્રી સમાન સ્નેહ રાખતા.

થોડા દિવસમાં ઇસ્કંદર અને બાજ બહાદુરની પુત્રી રૂબિયા-

નો પરસ્પર પ્રેમ બંધાયો; પરંતુ બાજ બહાદુર રૂબિયાનું લગ્ન અહમદનગરના સુલતાનની સાથે કરવા માગતો હતો અને શાહજાદીને એ સંબંધ પસંદ નહોતો. એ તો હૃદયથી ઇસ્કંદરનેજ ચાહતી હતી. બાજ બહાદુરને એ વાતની ખબર પડતાં એણે ઇસ્કંદર, રૂબિયા અને કુલસમ ત્રણેને કેદ કર્યાં.

એ સમાચાર સાંભળીને ગુલશનને ઘણો ખેદ થયો. એ ત્રણેને મદદ કરવા સારૂ મહાત્મા શાહજલાલને સાથે લઇને તે બાજ બહાદુરની પાસે ગઇ અને રૂબિયાનું લગ્ન ઇસ્કંદર સાથે કરવાનો આગ્રહ કર્યો. બાજ બહાદુરના ઉપર ગુલશન અને મહાત્માની સલાહની સારી અસર થઇ અને તેણે ઇસ્કંદર સાથે ઘણી ધામધૂમપૂર્વક પોતાની પુત્રીનાં લગ્ન કરી દીધાં, એટલુંજ નહિ પણ પોતાને પુત્ર નહિ હોવાથી એનેજ ગાદીનો વારસ પણ ઠરાવ્યો.

ઇસ્કંદરે ગુલશનનો ઘણોજ ઉપકાર માન્યો અને રાજમહેલમાં સુખપૂર્વક રહેવા તથા રાજકાર્યમાં પોતાને ઉપદેશ આપતા રહેવાનો આગ્રહ કર્યો; પણ ગુલશને કહ્યું: "ભાઇ! મારે રાજવૈભવને શું કરવો છે? એની ઇચ્છા હોત તો હું ઇદલગઢજ શું કામ છોડત? તમેજ રાજ્ય કરો. આજ તમારા ઉપકારનો બદલો પૂરો વળી ચૂકયો." ઇસ્કંદર ગુલશનને પગે પડ્યો અને રોતે રોતે કહેવા લાગ્યો: "વહાલી બહેન! મને માફ કરો. ખરેખર તમે મનુષ્ય નહિ, પણ સ્વર્ગની દેવી છો."

બીજેજ દિવસે મહાત્મા શાહજલાલ અને ગુલશન મક્કાની યાત્રાએ નીકળી પડ્યાં. ત્યાર પછી એમના કાંઇ સમાચાર ન મળ્યા. સંભવ છે કે ખુદાની બંદગીમાં એ પવિત્ર ધામમાંજ એમણે પોતાનું શેષ જીવન વ્યતીત કર્યું હશે.*

* "મુસ્લિમ મહિલારત્ન" ઉપરથી યોગ્ય ફેરફાર સાથે.

१९१-खोनजा हुमायुन

એ અહમદનગરના બાદશાહ હુસેન નિઝામશાહની પત્ની હતી. એના ગર્ભમાં બે સંતાન ઉત્પન્ન થયાં હતાં. એક મુર્તિજા નિઝામશાહ અને બીજું પ્રસિદ્ધ રાણી ચાંદબીબી.

એ ઘણી બુદ્ધિમાન બેગમ હતી. રાજનીતિમાં પણ એ બહુ કુશળ હતી. વીરતા અને સાહસમાં પણ એક્કો હતી. ચાંદબીબીમાં રાજ્યકાર્ય કુશળતા અને વીરતાના ગુણ માતા તરફથીજ વારસામાં મળ્યા હતા.


એના પતિનું મૃત્યુ થયું એ સમયે પુત્ર મુર્તિજાશાહ બાલ્યાવસ્થામાં હતો, એટલે રાજ્યનો પ્રબંધ કરવાનું કામ રાજમાતા ખોનજા હુમાયુનના ઉપર આવી પડ્યું. ધીરજ અને કુશળતાપૂર્વક એણે રાજ્યનું કામ કરવા માંડ્યું.

ચાંદબીબીનું લગ્ન બિજાપુરના બાદશાહ અલી આદિલશાહની સાથે કર્યું હતું. એ લગ્નથી અહમદનગર અને બિજાપુરના રાજકુટુંબમાં પહેલેથી જે શત્રુતા ચાલતી આવી હતી, તે મટી ગઇ અને બન્ને મિત્ર બન્યા.

બન્ને રાજ્યોએ મળી જઇને વિજયનગરના રામરાજા ઉપર ચઢાઇ કરી; કેમકે પહેલાં એ રાજા ઘણી વાર એમના રાજ્ય ઉપર આક્રમણ કરતો અને મસ્જિદો તોડતો. આ વખતના યુદ્ધમાં રામરાજા માર્યો ગયો અને બન્ને બાદશાહોએ એના રાજ્યને ખૂબ લૂંટયું. રામરાજાનો ભાઇ તનકનાદરી અલી આદિલશાહના તાબામાં ગયો અને એનો ભત્રીજો નીમરાજ હુસેન નિઝામશાહને આધીન થયો, એટલે બન્ને બાદશાહોએ વિજયનગરનો થોડો થોડો ઇલાકો એમને સોંપી દીધો. હુસેન નિઝામશાહ થોડા દિવસ પછી મરી ગયો. ચાંદબીબીનો ભાઇ મુર્તિજા નિઝામશાહ ગાદીએ બેઠો અને ખોનજા હુમાયુન રાજ્ય ચલાવવા લાગી.

એ અરસામાં નીમરાજે અલી આદિલશાહને ફરિયાદ કરી કે, "તનકનાદરી સ્વચ્છંદી થઇ ગયો છે અને તમારો હુકમ માનતો નથી." અલી આદિલશાહે તનકનાદરી ઉપર ચઢાઇ કરી. વિજયનગર ઉજ્જડ થઇ જવાથી એ નલકંડાના કિલ્લામાં રહેતો હતો. એનામાં પોતાનાજ બળ વડે અલી આદિલશાહની સાથે યુદ્ધ કરવાની હિંમત નહોતી, એટલે એણે ખોનજા હુમાયુન બેગમની મદદ માગી. બેગમને માટે આ વિષમ સમસ્યાનો પ્રસંગ હતો. આદિલશાહ પોતાનો જમાઇ હતો, તનકનાદરીને સહાયતા કરવા જતાં એની સાથે શત્રુતા કરવાની હતી; પરંતુ શરણાગતને મદદ આપવી એજ એને એ સમયે પરમ કર્તવ્ય જણાયું. તનકનાદરીને એણે મદદ આપવાનું વચન આપ્યું અને પોતે બાળકપુત્ર મુર્તિજા નિઝામશાહને સાથે લઇને વિજાપુર ઉપર ચઢાઇ કરી અને જમાઇની રાજધાનીને ઘેરો ઘાલ્યો. અલી આદિલશાહ આ ખબર સાંભળતાંવારજ સાસુને હરાવવા સારૂ વિજાપુર પાછો આવ્યો. વિજાપુરની પાસે સાસુજમાઇની વચ્ચે ઘણી લડાઇઓ થઇ. બન્ને પક્ષ બરાબર રહ્યા. હિજરી સન ૯૭૪, સંવત ૧૬૨૩ માં અલી આદિલશાહે ખોનજા હુમાયુન બેગમ સાથે સુલેહ કરી.

છ વર્ષ સુધી એણે ઘણી યોગ્યતાપૂર્વક રાજ્યવહિવટ ચલાવ્યો હતો, પણ તેણે પોતાના ભાઇની પ્રતિષ્ઠા ઘણી વધારી દીધી તેથી બીજા ઉમરાવો અપ્રસન્ન થયા અને તેને "મદાર–ઉલ્–મહામ"ના પદ ઉપરથી ઉતારી દીધી હતી.*



* "ફરિસ્તા, નાગરી પ્રચારિણી પત્રિકા"ના આધારે

૧૯૨–રાણી ચાંદબીબી

જે તેજસ્વી અને પરાક્રમી રાણીના જીવનનું વિવેચન આ ચરિત્રમાં અમે કરવા માગીએ છીએ, તે રમણીરત્ન મુસલમાન કુટુંબમાં ઉત્પન્ન થયું હતું. તેણે પોતાના પરાક્રમથી એક સમયે ભારતવર્ષને વિસ્મિત કરી દીધું હતું. અબળા ગણાતી રમણીઓ કામ પડતાં કેટલું બધું શૌર્ય તથા રાજનીતિમાં કુશળતા દર્શાવે છે, તેનું ઉજ્જવળ દૃષ્ટાંત બેસાડીને ચાંદ સુલતાનાએ સ્ત્રીજાતિનું અને પવિત્ર ભારતભૂમિનું ગૌરવ વધાર્યું છે.

ઇ. સ. ના ૧૪ મા સૈકામાં દક્ષિણમાં બ્રાહ્મણી વંશની સ્થાપના થઇ હતી. મુસલમાની રાજ્યનું નામ બ્રાહ્મણી હોય એ પણ એક વિચિત્ર ઇતિહાસ છે. વાચક બહેનોની જિજ્ઞાસા તૃપ્ત કરવા ટૂંકામાં તે વૃત્તાંત પણ અમે લખીશું. હસન ગંગુ નામનો એક મુસલમાન એ વંશનો સ્થાપક હતો. તે દિલ્હીમાં ગંગુ નામના એક બ્રાહ્મણને ઘેર ઊછર્યો હતો. ગંગુ બ્રાહ્મણ ઉપર મહંમદ તઘલખની કૃપા હતી. હસન ગુલામની પ્રમાણિકતા તથા સેવાથી પ્રસન્ન થઇને ગંગુએ તેને થોડીક જમીન અને બળદની એક જોડ આપી હતી. એ જમીન ખેડતાં તેમાંથી હસનને મહોરોનો એક ઘડો મળ્યો હતો. હસને એ ઘડો પોતાના સ્વામીને સુપરત કર્યો. ગંગુ બ્રાહ્મણે એથી બાદશાહ આગળ હસનના સદ્ગુણની પ્રશંસા કરી. બાદશાહે તેને દસ હજાર ઘોડેસવારોની સરદારી આપી. ગંગુએ હસનનું ભવિષ્ય ભાખ્યું હતું કે, " તું એક દિવસ રાજા થઈશ. એ વખતે તું મારો સંબંધ કાયમ રાખવા સારૂ તારા નામ સાથે મારૂં નામ 'ગંગુ' જોડજે અને મને ફડ–નીસ નીમજે." હસન દિવસે દિવસે બાદશાહની પ્રીતિ સંપાદન કરતોજ ગયો. એ દક્ષિણનો સૂબેદાર નિમાયો તથા બાદશાહ તરફથી એને જાફરખાનનો ખિતાબ મળ્યો. હસન જાફરખાને બાદશાહની વિરુદ્ધ બંડ કરનાર શત્રુ-

એને શમાવ્યા તથા બિદર અને કંધારીના કિલ્લા પોતાના તાબામાં લીધા. દૌલતાબાદનો સુલતાન તેને શરણે આવ્યો અને પોતાનું રાજ્ય તેને સોંપી દીધું. ઇ. સ. ૧૩૪૭ માં હસને જાફરખાન અલાઉદ્દીન હસનનો ખિતાબ ધારણ કરીને પોતાના નામના સિક્કા પડાવ્યા. તેનું રાજ્ય દિનપ્રતિદિન વધતું ગયું. પોતાના આશ્રયદાતા ગંગુને વીસરી ન જતાં, તેણે પોતાના વચન પ્રમાણે પોતાના નામ સાથે ‘ ગંગુ બ્રાહ્મણી ’નો ખિતાબ જોડ્યો અને ગંગુને દિલ્હીથી બોલાવી મોટા માન સહિત રાખ્યો. ઇ. સ. ૧૩૫૮ માં એ મરણ પામ્યો. ઘણાં વર્ષ પછી એના એ વિશાળ રાજ્યના પાંચ ભાગ થઈ ગયા. અહમદનગર એ વિશાળ રાજ્યનો એક મુખ્ય ભાગ હતો. ચાંદબીબી અહમદનગરના સુલતાન નિઝામશાહની પુત્રી હતી. “પુત્રનાં લક્ષણ પારણામાંથી” એ કહેવત અનુસાર બાલ્યાવસ્થાથીજ ચાંદે ઊંચા પ્રકારના ગુણોનો પરિચય આપવા માંડ્યો હતો. બાદશાહે એના શિક્ષણની સારી ગોઠવણ કરી હતી.વિલક્ષણ બુદ્ધિવાળી ચાંદે થોડાંક વર્ષોમાં અરબી, ફારસી તુર્કી અને ઉર્દુ આદિ ભાષાઓનું સારૂં જ્ઞાન સંપાદન કરી લીધું. સંગીત અને ચિત્રકળામાં પણ એણે પ્રવીણતા મેળવી હતી. તે ઉપરાંત પિતાની સાથે રહી રાજનીતિ અને યુદ્ધકળાનું પણ સારૂં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ટૂંકામાં એનામાં સ્ત્રીઓને છાજે એવી કોમળતા તથા લલિતકળાઓના જ્ઞાન ઉપરાંત પુરુષોને શોભે એવી વીરતા પણ હતી. ઘોડેસવારી, શિકાર વગેરે રમતોમાં એ પ્રસિદ્ધ વીર પુરુષોને ઘણી વાર હરાવતી હતી. સૈનિકોનો પોતાના ઉપર વિશ્વાસ બેસે, એમના વિચાર પોતે પ્રત્યક્ષ રીતે જાણી શકે એટલા માટે મરાઠી અને કાનડી ભાષા પણ એ ભણી હતી.

સૌંદર્યમાં ચાંદ તે ખરેખર ચાંદજ હતી. પ્રાચીનકાળનાં એનાં ચિત્ર ઉપરથી એના અસાધારણ સૌંદર્યનો પરિચય મળી આવે છે.

દક્ષિણ ભારતમાં બિજાપુર અને અહમદનગરનાં રાજ્યો એક સંધિના કોલકરારથી જોડાઇને સ્વદેશનું હિત સાધવામાં ગૂંથાયાં હતાં. એ દોસ્તીને વધારે દૃઢ કરવાના ઉદ્દેશથી અહમદનગરના બાદશાહે પોતાની સૌંદર્યવતી કન્યા ચાંદને વિજાપુરના રાજા આદિલશાહ સાથે પરણાવી હતી. સુયોગ્ય અને પરમ સુંદર પત્ની પ્રાપ્ત થયાથી આદિલશાહ પોતાના જીવનને ધન્યવાદ આપવા લાગ્યો. ચાંદે પતિની સેવા કરવામાં કચાશ નહોતી રાખી. એ

એના હૃદયની એકલી અધીશ્વરી થઇ પડી. સુલતાન એને જીવના કરતાં પણ અધિક ચાહતા હતા. પતિપત્નીનો સંસાર ઘણાજ સુખમાં વ્યતીત થતો હતો. ચાંદના હૃદયમાં ચિંતા એકજ વાતની હતી, એનો ખોળો ખાલી હતો. પુત્રને માટે એ તલસતી હતી; પરંતુ ક્રૂર વિધાતાએ એની એ અભિલાષા પૂર્ણ ન કરી; એટલુંજ નહિ પણ એ સુકુમારીના ઉપર બીજો વજ્રાઘાત કર્યો. ચાંદબીબીના લગ્ન પછી થોડાક સમયમાં દક્ષિણ હિંદુસ્તાનમાં મુસલમાનોની સત્તા વધારવાના હેતુથી એક ભયંકર યુદ્ધ થયું. એ યુદ્ધમાં મુસલમાનોનો વિજય થયો અને ઘણાં નાનાં નાનાં રાજ્યો વિજાપુરના મુસલમાન રાજાના તાબામાં આવ્યાં; પણ વિજાપુરનો રાજા ઘણા લાંબા સમય સુધી એ વિશાળ રાજ્ય ઉપર હકુમત ચલાવવા ભાગ્યશાળી થયો નહિ. ઇ. સ. ૧૫૮૦ માં આદિલશાહની જીવનયાત્રા સમાપ્ત થઇ. એ સમયે રાણી ચાંદબીબીની ઉંમર કેવળ સત્તાવીસ વર્ષની હતી. ચાંદબીબી ઉપર અનન્ય પ્રેમ હોવાને લીધે એના પતિએ બીજા મુસલમાન બાદશાહોની પેઠે બીજી બેગમો કરી નહોતી. ચાંદબીબીને કાંઇ સંતાન હતુંજ નહિ, એટલે બાદશાહ નિઃસંતાન મરણ પામ્યો અને મરતી વખતે વસિયતનામું કરીને પોતાના ભત્રીજા ઇબ્રાહીમને ગાદીવારસ નીમતો ગયો. ઇબ્રાહીમ સગીર વયનો હોવાથી, તે પુખ્ત વયનો થાય ત્યાંસુધી તેના વાલી તરીકે કામ કરવાને સુલતાન ચાંદબીબીને આજ્ઞા આપતો ગયો. પતિની છેવટની ઇચ્છાને અનુસરીને ચાંદબીબીએ સગીર રાજા ઇબ્રાહીમનું વાલીપણું ખુશીની સાથે સ્વીકાર્યું તથા રાજ્યનું કામકાજ પોતાના હાથમાં લઇને ઘણી યોગ્ય રીતે તેનો પ્રબંધ કરી કુનેહપૂર્વક કામ લેવા માંડ્યું.

ચાંદબીબીના અમલનાં પ્રથમનાં કેટલાંક વર્ષ અશાંતિ અને વિદ્રોહમાં વ્યતીત થયાં. તેના પોતાના સરદારોએ તેની વિરુદ્ધ હથિયાર ધારણ કર્યાં અને તેને રાજ્યગાદી ઉપરથી ઉઠાડી મૂકીને રાજ્યને પોતાના તાબામાં લેવાનો પ્રયત્ન આરંભ્યો. એ બળવાખોર સરદારોની લાલચરૂપી જાળમાં ફસાઇ જઇને તેના કેટલાક મંત્રીઓ પણ ચાંદબીબીના વિરુદ્ધ પક્ષમાં જોડાઇ ગયા. એ બળવાખોર સરદારો અને મંત્રીઓને શમાવતાં ચાંદબીબીને ઘણો સમય લાગ્યો. શરૂઆતમાં તો બળવાખોર લોકો એટલા બધા પ્રબળ થઇ ગયા કે, તેમના જુલમને લીધે ચાંદબીબીને મહેલ છોડીને

સતારા નાસી જવું પડયું હતું. જ્યારે શત્રુઓ કિશવારખાનની આગેવાની નીચે સતારા પહોંચ્યા ત્યારે તેને સતારા છોડીને બીજે કંઇ નાસી જવું પડયું હતું. રાણી આ પ્રમાણે નાસભાગ કરતી હોવાથી શત્રુઓ ઘણા પ્રસન્ન થયા. તેમણે દેશના લોકોને ઘણી ધામધૂમ સાથે એક ઉજાણી આપી તથા બીજી અનેક રીતે તેમને સંતોષવા પ્રયત્ન કર્યો; પરંતુ લોકો કિશવારખાન ઉપર ખુશ નહોતા. તેઓ તો ખરા અંતઃકરણથી ચાંદબીબીને ચાહતા હતા અને એવી સારી અને પ્રજાવત્સલ રાણીને હેરાન કરનાર કિશ-વારખાનને અત્યંત ધિક્કારતા હતા. આથી કરીને કિશવારખાન ઝંપીને બેસી શકયો નહિ. તેના પાપનો ઘડો ભરાઇ ગયો, એટલે મુસ્તફાખાન નામના એક ખૂનીના ગુપ્ત આક્રમણથી તેના જીવન-નો અંત આવ્યો અને એ પ્રમાણે દેશદ્રોહીને પોતાના પાપની વાજબી સજા મળી. એના મરણ પછી એકલાસખાં નામનો એક હબસી,રાણીનો જમણો હાથ થઇ પડ્યો. એકલાસખાં ઘણો ઘાતકી, કજિયાખોર અને ક્રૂર સ્વભાવનો હતો; પરંતુ તે સાથે તેનામાં સદ્ગુણનો પણ અભાવ નહોતો. યુદ્ધ કરવામાં તે એક્કો હતો તથા અત્યંત નિમકહલાલ હતો. તેના ઉપર વિશ્વાસ મૂકનારની ખાતર પ્રાણ આપે એવો એ વફાદાર હતો. આથી રાણી ચાંદ-બીબીનો તેના ઉપર ઘણો વિશ્વાસ બેસી ગયો હતો. રાણીએ તેને પોતાની ફોજનો સરદાર બનાવ્યો હતો. એ ફોજની મદદથી એકલાસખાંએ ચાંદબીબીના શત્રુઓ ઉપર ઘણી ચઢાઇઓ કરી હતી. હવે ચાંદબીબીના શત્રુઓની આંખમાંથી ઊંઘ ઊડી ગઇ. તેઓ સમજ્યા કે, વિજાપુરને પોતાના સ્વાધીનમાં લેવું એ નાનાં છોકરાંની રમત નથી. તેઓ જાણતા હતા કે,ચાંદબીબી એક વિધવા અબળા હોવાથી થોડા સમયમાં કંટાળી જઇને રાજ્ય અમારે સ્વાધીન કરી દેશે, પણ તેમની એ ધારણા નિષ્ફળ નીવડી. એક સમયે રાણી ચાંદબીબી જાતે હથિયાર સજીને વીર સૈનિકોને સાથે લઇને શત્રુઓ સાથે યુદ્ધ કરવા ગઈ હતી. તેનાં ઉત્સાહપૂર્ણ વાકયોથી ઉત્તેજિત થઇને સૈનિકો ઘણી વીરતાથી યુદ્ધ કરવા લાગ્યા. પ્રારંભમાં તો સામા પક્ષના સૈન્યે નગરની દીવાલ તોડી નાખી. વરસાદ મુશળધાર પડી રહ્યો હોવાથી એ દીવાલ વધારે તૂટી પડી; પરંતુ રાણી ચાંદબીબી કિલ્લા આગળ ઊભી રહીને પોતાના સૈન્યને ઉત્સાહપૂર્વક ઉશ્કેરી રહી હતી. આખરે શત્રુઓ

થાક્યા અને બધાએ એકીઅવાજે ચાંદબીબીને એ રાજ્યની રાણી તરીકે કબૂલ રાખી. થોડા વખતને માટે રાજ્યમાં શાંતિ સ્થપાઇ ખરી, પરંતુ કોઇ ઇર્ષ્યાખોર દુશ્મનની તલવારના ઘાથી એકલાસખાં આંધળો થયો અને સૈન્યની આગેવાની કરવાને અશક્ત બન્યો. એકલાસખાંની આવી શોચનીય દશા જોઇને રાણી ચાંદબીબીને ઘણો શોક થયો. તેનો એક મોટો આધાર જતો રહ્યો, પણ એવે વખતે નિરાશ નહિ થતાં, તેણે વિજાપુરની ઉન્નત્તિ માટે પ્રયત્ન કરવા ચાલુ રાખ્યા.

બાળક ઇબ્રાહીમ આદિલશાહ મોટો થયો, એટલે રાજ્યનો કારભાર તેણે પોતાના હાથમાં લેવાનો આરંભ કર્યો. એ અવસ્થામાં થોડા દિવસ આરામ ભોગવવા સારૂ ચાંદબીબી પોતાને પિયેર અહમદનગર ગઇ, પણ ત્યાં ઝાઝા દિવસ સુધી ઝંપીને બેસી શકી નહિ. એણે જોયું કે એની ગેરહાજરીનો લાભ લઇને પ્રપંચી અને દેશદ્રોહી લોકો બિજાપુર રાજ્યનો નાશ કરવાના ઉપાય કરી રહ્યા છે. તરતજ તે પિયેર છોડી દઇને વિજાપુર આવી. રાજાએ અને પ્રજાએ ઘણાજ ઠાઠ અને ધામધૂમ સાથે તેના આગમનને વધાવી લીધું. તેના આવ્યાથી દેશમાં ફરીથી સુલેહશાંતિ પ્રવર્તી રહ્યાં અને જુવાન રાજા કોઈ પણ જાતના ઉપદ્રવ વગર રાજ્ય ચલાવવા લાગ્યો. રાજા જ્યારે રાજ્યમાં ફરવા જતા અથવા શત્રુઓને દબાવી દેવા સારૂ યુદ્ધક્ષેત્રમાં જતો, તે વખતે રાણી ચાંદબીબી રાજ્યની લગામ પોતાના હાથમાં લેતી. તે ઉપરાંત બીજી કોઇ રીતે રાજાના કામમાં માથું મારતી નહિ. ચાંદબીબી જેવી સદાચારી, તીક્ષ્ણ બુદ્ધિવાળી અને રાજનીતિજ્ઞ હતી, તેવીજ સરળ અને શરણાગતને આશ્રય આપનારી પણ હતી.

બીજી તરફ ચાંદબીબીના લગ્ન પછી અહમદનગરની દશા ઘણી શોચનીય થઇ ગઇ હતી. રાજા યુદ્ધક્ષેત્રમાં માર્યો ગયો અને વગવસીલાવાળા સરદારોએ પોતાની પસંદગીના એક માણસને ગાદી ઉપર બેસાડવાનો યત્ન કર્યો. દક્ષિણી પક્ષના સરદારોએ કોઇ એક બાળકને રાજકુટુંબનો જણાવીને તેને માથે રાજમુકુટ પહેરાવી દીધો. બીજી તરફથી વિરુદ્ધ પક્ષના લોકોએ મરનાર રાજાના બાળક પુત્રનો હક્ક રજૂ કર્યો. આ પ્રમાણે બન્ને પક્ષમાં મજબૂત વિરોધ ઊભો થયો. બીજા પક્ષવાળાઓએ રાણી ચાંદબીબીની મદદ માગી. તેમનો સરદાર રાણીની પાસે પહોંચ્યો અને

અત્યંત વિનયપૂર્વક વિનતિ કરી કે, " રાણી સાહેબ ! આપની શક્તિ એટલી બધી પ્રબળ છે કે, આપનાં પગલાં થતાંવારજ અહમદનગરમાં શાંતિ ફેલાઇ જશે."

ચાંદબીબીએ પ્રફુલ્લિત અંતઃકરણે ઉત્તર આપ્યો: " અહમદનગરને માંહોમાંહેના કુસંપને લીધે પાયમાલ થઇ જતાં બચાવવું એ તો મારૂં કર્તવ્ય છે. ખુદાની મરજી હશે તો હું અવશ્ય ત્યાં આવીશ. " ત્યાર પછી એણે પોતાના વિશ્વાસુ અમલદાર અબ્બાસખાં અને તેની પત્ની જોરાને સાથે લઇને પિતૃરાજ્ય તરફ મુસાફરી કરી. તેના આવ્યાથી અહમદનગરની પ્રજા ઘણી સંતુષ્ટ થઇ. તેમણે તેનો સારી પેઠે આદરસત્કાર કર્યો. રાણી ચાંદબીબીએ પણ અહમદનગરવાસીઓને પોતાની વર્તણુંકથી મુગ્ધ કરી દીધાં તથા વાક્ચાતુર્યથી સમયોચિત સારરૂપ ઉપદેશ આપીને તેમને ઘણાં શાંત કરી દીધાં. દક્ષિણી પક્ષનો આગેવાન ચાંદબીબીના આવતાં પહેલાં પલાયન કરી ગયો હતો. તેણે પણ પોતાના કૃત્ય માટે પશ્ચાત્તાપ કરીને પત્ર લખ્યો અને જણાવ્યું કે, " આપની મદદ સારૂ પૂરતું સૈન્ય એકઠું નહિ કરી શકું, ત્યાંસુધી હું પાછો નહિ ફરૂં." આ પ્રસંગે જણાવવું જોઇએ કે રાજ્યના વિશ્વાસુ સરદારોનો આગેવાન ચાંદબીબી પાસે મદદ માગવા વિજાપુર ગયો હતો, તે વખતે દક્ષિણી પક્ષનો આગેવાન દિલ્હીના બાદશાહના યુવરાજ મુરાદને શરણે ગયો હતો. યુવરાજ મુરાદ એ વખતે મોટી સેના સાથે દક્ષિણની નજદીકમાં વાસ કરી રહ્યો હતો. એ વખતે અહમદનગરના રાજ્યમાં જેવી રીતનો પક્ષાપક્ષ અને કુસંપ ચાલતો હતો, તેવીજ રીતનો કુસંપ દક્ષિણનાં બીજાં રાજ્યોમાં પણ પ્રવર્તી રહ્યો હતો. એ લાગ જોઇને યુવરાજ મુરાદ એ રાજ્યોને પોતાના તાબામાં લઇને દિલ્હીનું સામ્રાજ્ય વધારવા માગતો હતો. દક્ષિણમાંના કોઇ પણ રાજ્ય ઉપર ચડાઇ કરવાનો લાગ ખોળતો રાજકુમાર મુરાદ મોટી ફોજ સાથે ત્યાં આગળ પડાવ નાખીને પડ્યો હતો. આવે પ્રસંગે અહમદનગરથી નાસી આવેલો દક્ષિણી પક્ષનો આગેવાન તેની પાસે મદદ માગવા આવ્યો; એટલે તેના હર્ષનો પાર રહ્યો નહિ. એણે ખુશ થઇને તેની સાથે જઇને અહમદનગર ઉપર ચડાઇ કરવાનું કબૂલ કર્યું.

ચાંદબીબીની મદદે વિજાપુર અને ગોવલકોંડાથી લશ્કર આવી પહોંચ્યું. તેઓ અહમદનગરની ઉત્તર તરફના પર્વતનું

રક્ષણ કરવામાં રોકાયા. અહમદનગરના સ્વર્ગવાસી રાજાના પુત્રને અહમદનગરના હક્કદાર રાજા તરીકે તેઓએ જાહેર કર્યો અને ઘણા ઠાઠમાઠ અને નગરવાસીઓના હર્ષનાદ સાથે તેમણે તેના રાજ્યાભિષેકની ક્રિયા કરી; પરંતુ આ આનંદોત્સવ થઇ રહ્યો હતો, એવામાં વિશ્વાસઘાતી કિલ્લેદારે શાહજાદા મુરાદને લખી મોકલ્યું કે, "શાહજાદા ! આ પત્ર વાંચતાંવાર તમે આ તરફ રવાના થજો. એક બદમાસ ઓરતે રાજ્યનો કારોબાર પોતાના હાથમાં લઈને એક બાળકને ગાદીનશીન કર્યો છે. એ બાળક કયા ખાનદાનનો છે, તે પણ જાણી શકાતું નથી." કિલ્લેદારની આ વિશ્વાસઘાતકતા અને રાજદ્રોહીપણાની વાત ઝાઝા દહાડા છૂપી રહી નહિ. એ વાત જાહેર થતાંવારજ રાજ્યની આજ્ઞાથી ઘાતકોને હાથે તેના જીવનનો અંત આવ્યો અને તેનો પાપી આત્મા પોતાના પાપોનો જવાબ આપવા ઈશ્વરના દરબારમાં હાજર થયો.

આ પ્રમાણે રાજદ્રોહીને સજા કર્યા પછી રાણી ચાંદબીબીએ શાહજાદા મુરાદને લખ્યું: "યુવરાજ ! અત્યાર સુધીમાં શા શા બનાવો બન્યા છે તે વાત આપનાથી છાની નથી. દક્ષિણી પક્ષના આગેવાનોએ આપની દોસ્તી બાંધી છે. આપ પ્રતાપી બાદશાહના પુત્ર છો. પિતાના જેવાજ સદાચારી ને ઉદાર છો. અમે તમારો ઘણો આદરસત્કાર કરીશું, તેમ છતાં પણ આપ અમારા રાજ્યનું અનિષ્ટ કરવાના ઇરાદાથી અત્રે પધારવા અને દોસ્તીનું બંધન તોડી નાખવા માગતા હો, તો હું આપને પહેલેથીજ ચેતવણી આપું છું કે, આપે અત્રે પધારવાની તસ્દીજ ન લેવી. મારી પાસે પૂરતું સૈન્ય છે. અહીં આવ્યાથી આપને વીલે મોંએ પાછા ફરવું પડશે." કેટલો તેજસ્વી સંદેશો ? સ્ત્રીઓને મોંએથી નીકળેલાં આવાં તેજસ્વી વાકયો ઇતિહાસમાં ઘણાં થોડાં વાંચવામાં આવશે.

શાહજાદા મુરાદે રાણી ચાંદબીબીના આ સંદેશા ઉપર જરા પણ લક્ષ આપ્યું નહિ. આખરે રાણી પણ તેની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરવા લાગી.

દક્ષિણી પક્ષનો આગેવાન પોતાના સૈન્યની સાથે આવીને ચાંદબીબીને મિત્રરૂપે મળી ગયો, તે પહેલાં મુરાદે અહમદનગર ઉપર ચડાઇ કરવાનો સંકલ્પ કર્યો હતો.

અહમદનગર પર બહારનો બાદશાહ ચડાઇ લઇને આવે છે,

એ સમાચાર જાણીને દક્ષિણના જુદા જુદા પક્ષકારો પોતાના આંતર વિદ્વેષ ભૂલી જઇને સ્વદેશનું રક્ષણ કરવા સારૂ રાણી ચાંદબીબીને પડખે રહ્યા. રાણી શાંત ચિત્તે યુદ્ધની બધી તૈયારીઓ કરાવવા લાગી. અનાજના ભંડારોને જાતજાતની ખોરાકીની વસ્તુઓથી ભરાવી દીધા. અબ્બાસખાંને સાથે લઇને રાણી દરરોજ શહેરમાં બધે ઠેકાણે જાતે ફરવા જતી. વિજાપુરના સૈન્યને તેણે જલદીથી આગળ કૂચ કરવાની સૂચના આપી. નીલદુર્ગથી બાર હજાર સવારોને મોગલ સેનાનો રસ્તો રોકવા સારૂ મોકલી દીધા. અહમદનગરના કિલ્લા સુધીનો આખો દક્ષિણ માર્ગ ખુલ્લો રહ્યો.

બહારથી મદદ આવવાને હવે કોઇ રસ્તો રહ્યો નહિ. બીજી તરફથી મોગલ સૈન્યે પણ ધીમે ધીમે અહમદનગરના કિલ્લા તરફ ધસારો કરીને ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશામાંથી હુમલો કર્યો. અનેક પ્રકારના પ્રપંચ, અત્યાચાર અને પરાક્રમ બતાવીને તેઓ ધીમે ધીમે કિલ્લાની પાસે પહોંચ્યા, પણ એમ છતાંએ તેઓ કિલ્લાને સ્પર્શ કરી શકયા નહિ; કારણકે રાણી ચાંદબીબીના વીર આરબ સૈનિકો તેમની ખબર લેવાને તૈયારજ ઊભા હતા. અહમદનગરના દરેક કામ ઉપર રાણી ચાંદબીબી જાતે દેખરેખ રાખતી હતી. તેને ખબર મળી કે, મોગલોએ શહેરની અંદર આવવા માટે સુરંગ ખોદી છે. રાણીએ એ સુરંગને ખોલાવી નાખીને દુશ્મનોની યુક્તિ ધૂળધાણી કરી નાખી. એ વખતે દેશમાં સખત દુકાળ પડ્યો હતો. રાણી ચાંદબીબીની હયાતીમાં અહમદનગરનો કિલ્લો પોતાના હાથમાં આવવો મુશ્કેલ છે, એમ ધારીને શાહજાદા મુરાદે પાછા ફરવાનો વિચાર કર્યો.

એક રાતે રાણી ચાંદબીબી કેટલાક નોકરો સાથે કિલ્લા આગળ ઊભી હતી, એવામાં રાત્રીના ઘોર અંધકારમાં શરીરે પિછોડી ઓઢીને ઊભેલા કોઇ મનુષ્યે બીજી તરફથી બૂમ પાડીને કહ્યું: “ રાણિ ! હવે શરણે આવો. પ્રજાના લોહીથી હવે તમારા રાજ્યની ભૂમિને નાહક ખરડશો નહિ. જમીનની અંદર પાંચ સુરંગો અત્યાર સુધીમાં ખોદાઈ ચૂકી છે. તેને ફોડીને તમારા કિલ્લાને ઉરાડી મૂકવામાં આવશે. વધારે શું કહું ? જે સ્થળે તમે ઊભાં છો તે સ્થાન પણ થોડા વખત પછી ઊડી જશે. તમારો પરાજય અનિવાર્ય છે. ” રાણી ચાંદબીબીના સેનાપતિઓ આ નેપથ્યવાણી સાંભળીને ભયભીત થયા તથા શત્રુપક્ષને શરણે જવાનો વિચાર

કર્યો પણ રાણી જોશભેર બોલી ઊઠી: "શું ખરેખાત આપણે બધાં શત્રુઓને શરણે જઇશું ? અને જાણીજોઇને છોકરાંછૈયાંઓને મોગલોની તલવારોને અર્પણ કરીશું ? હું સ્ત્રી છું, અબળા છું; પરંતુ મારા શરીરમાં લોહીનું એક પણ ટીપું હશે ત્યાંસુધી આ જગ્યા છોડીને હું ક્યાંય જવાની નથી. મારી દુર્બળ આંગળી એ ગુપ્ત સુરંગ ખોદી નાખીને શત્રુઓનો પ્રપંચ ધૂળમાં મેળવી દેવા શક્તિમાન નીવડશે." રાણીનાં આવાં તેજસ્વી વાક્યો સાંભળીને સૈનિકોમાં ઉત્સાહ વ્યાપી ગયો. તેઓ ઊંચે સ્વરે પોકારી ઊઠ્યા: "જય, રાણીજી કી જય! અમે કોઇ દિવસ તમારો પક્ષ છોડી દઇશું નહિ. ખુદા તાલાની મરજીને આધીન થઇને શાંતિપૂર્વક અમે રણક્ષેત્રમાં મરણ પામીશું પણ શત્રુઓને શરણે તો નહિજ જઇએ."

રાણી પોતાના હાથમાં પાવડો લઇને અત્યંત ઉત્સાહપૂર્વક સૈનિકોને સાથે લઇને જમીનની નીચેની સુરંગ આગળ ગઇ અને કામ કરવા લાગી. સૈનિકો પણ તેનો દાખલો જોઇને ઉશ્કેરાઇ જઇને ખંતભેર ખોદવા લાગ્યા. એ વખતે રાણી ઠંડું પાણી અને શરબત આપીને થાકેલા સૈનિકોની તરસને પોતાને હાથે છિપાવતી હતી. બીજે દિવસે સવાર સુધીમાં ત્રણ ખાઇઓ નકામી થઇ ગઇ. ત્યાર પછી એક સુરંગના મોં આગળથી એક ભયંકર અવાજ આવ્યો અને એ અવાજથી કિલ્લાના દરવાજા સુધીની જમીન ધ્રૂજી ગઇ. સ્ત્રીઓ અને બાલિકાઓના જીવન અને મર્યાદાના રક્ષણ સારૂ એ સુરંગના મોં આગળ ઊભા રહીને જીવસટ્ટે યુદ્ધ કરવાની રાણીએ સૈનિકોને આજ્ઞા આપી. તેણે મજબૂત બખતરથી પોતાનું સુંદર, નાજુક શરીર ઢાંકી દીધું અને ખુલ્લી તલવારના પટા ખેલતી ખેલતી બોલી: "ચાલો, તમારામાંથી કેટલા જણા મારી સાથે આવે છે? કોણ ગૌરવભેર મૃત્યુને ભેટવા તૈયાર છે?"

સૈનિકો રાણીનાં પ્રોત્સાહિત વચનોથી ઉશ્કેરાઇ જઇને કોલાહલ કરવા લાગ્યા. બધાએ રાણીની સાથે જવાની અને જીવસટ્ટે મરણિયા થઇ યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરી.

બપોરનો વખત થયો. શત્રુપક્ષના લોકો એ સુરક્ષિત સુરંગના મોં આગળ જવાને આકુળવ્યાકુળ થવા લાગ્યા. તેઓ ધીમે ધીમે આગળ ચાલ્યા. સામે ચાંદબીબીના સૈનિકો તેમની ખબર લેવા તૈયારજ હતા. ચાંદબીબીના સૈનિકો એકેએક મોગલ

સિપાઈઓનો સારી પેઠે કચ્ચરઘાણ વાળતા ગયા. ચાર કલાક સુધી યુદ્ધ ચાલ્યું. એમાં અસંખ્ય મોગલ સૈનિકો માર્યા ગયા. જે વખતે યુદ્ધ ચાલી રહ્યું હતું તે વખતે રાણી પોતાના મોં ઉપરનો બૂરખો કાઢી નાખીને સૈનિકોને સૂચનાઓ તથા ઉત્સાહ આપી રહી હતી. સંધ્યાકાળે મોગલોનું સૈન્ય વીલે મોંએ પાછું ફર્યું, એટલે રાણીના શૂરવીર સિપાઈઓએ તેમની પૂંઠ પકડી. શત્રુનું લશ્કર પલાયન કરી ગયા પછી અબ્બાસખાંએ સુરંગના મોં આગળ આવીને જોયું તો રાણી પોતાની પુત્રવધૂ અને બીજી સખીઓ સાથે પરસ્પર ભેટીને આવી ઘોર વિપત્તિને સમયે પણ આનંદાશ્રુ વરસાવી રહી છે!

બીજે દિવસે સવારે શાહજાદા મુરાદના તંબૂમાં એક દૂત મોકલવામાં આવ્યો. યુવરાજે તેની મારફતે રાણી ચાંદબીબીને કહેવરાવ્યું કે, "રાણી ચાંદબીબી જો અમારી પૂંઠ ન પકડે અને વરાડ પ્રાંત મોગલોને આપી દેવાનું વચન આપે, તો અમે અહમદનગર છોડી દઈને ચાલ્યા જવા તૈયાર છીએ; કારણકે વરાડથી અહમદનગરના રાજ્યને કાંઈ લાભ પણ નથી."

ફરી એક વાર શત્રુની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવે તો હાલનો કિલ્લો ટકી શકશે કે કેમ, તેની એક વાર પરીક્ષા કરીને રાણીએ એ દરખાસ્ત પોતાના દરબારીઓ આગળ રજૂ કરી. તેમણે બધાએ મંજૂરી આપી. તેમણે વરાડ સોંપી દેવાનું કબૂલ કર્યું એટલે મુરાદ પાછો ફર્યો.

થોડા સમયને માટે અહમદનગરમાં પાછી શાંતિ ફેલાઈ ગઈ; પરંતુ મંત્રીઓ પોતાની સત્તા જમાવવાના લોભ તથા મિથ્યાભિમાનને લીધે માંહોમાંહે લડી મરવા લાગ્યા. દિલ્હીના બાદશાહે જોયું કે દક્ષિણમાં પોતાની સત્તા જમાવવાનો આ સારો લાગ છે. તેણે ખાનખાનાન અને શાહજાદા મુરાદની આગેવાની હેઠળ એક સૈન્ય અહમદનગર ઉપર ચડાઈ કરવા મોકલ્યું. રાણી ચાંદબીબીને એ વાતની ખબર પડી એટલે તેણે તરતજ આત્મરક્ષણની પૂરતી તૈયારી કરવા માંડી; પરંતુ આ વખતે તેનું સૈન્ય પહેલાં કરતાં થોડું અને દુર્બળ હતું. આ વખતની લડાઈમાં સૈન્યને રોકવું એ અસંભવિત છે, એમ જાણ્યા છતાં પણ આળસુ થઈને બેસી રહેવું અને વીરધર્મ બજાવતાં સંકોચાવું એ તેને વાજબી લાગ્યું નહિ.

હામીદખાં નામના એક પુરુષને કિલ્લાની સંભાળ રાખવાનું

કામ સોંપ્યું હતું. રાણીની એના ઉપર વિશેષ પ્રીતિ હતી. બાલ્યકાળથી એણે હામીદખાંને લાલનપાલન કરીને તથા શિક્ષણ આપીને ઉછેર્યો હતો અને મોટો થયા પછી તેને રાજકાજમાં નીમ્યો હતો. હામીદ ખોજો હતો; પરંતુ એ મોગલોની સાથેના છેવટના યુદ્ધમાં અદ્દ્ભુત વીરત્વ બતાવીને ઊંચે હોદ્દે ચડ્યો હતો; તેમ છતાં એ અબ્બાસખાંને ઘણો ધિક્કારતો હતો અને હમેશાં તેને નુકસાન પહોંચાડવાનો યત્ન કરતો હતો. હામીદનો ક્રોધ એકલા અબ્બાસખાંનાજ ઉપર હતો એમ નહોતું. રાણીએ અબ્બાસખાંને હામીદખાંના કરતાં પણ મોટો હોદ્દો આપ્યો હતો તેથી હામીદનો ક્રોધ રાણી ઉપર પણ હતો, એટલા માટે હામીદે રાણીના હાથમાંથી બધો અધિકાર છીનવી લઇને પોતાના હાથમાં લેવાનો સંકલ્પ કર્યો હતો. રાણીને તેના એ દુષ્ટ વિચારોની ખબર નહિ હોવાથી એ બિચારી તેના ઉપર અગાઉની પેઠેજ વિશ્વાસ રાખીને કામ કરતી હતી.

એ અરસામાં મોગલોનું સૈન્ય અહમદનગરની પાસે આવી પહોંચ્યું. એક દિવસ હામીદખાં સાહસિક યોદ્ધાઓનું એક નાનું સૈન્ય લઇને, ગુપ્તપણે શત્રુઓના ઉપર ચડાઇ કરવા જતો હતો; એટલામાં ઉસમાનખાં નામના એક માણસ સાથે તેનો મેળાપ થયો. એ ઉસમાન ઘણો વ્યભિચારી હતો. અબ્બાસખાંની પત્ની જોરા ઉપર તેની દાનત બગડી હતી અને તેને મેળવવા માટે તેણે ઘણા પ્રયત્ન કર્યા છતાં એ બાઇની શુદ્ધ નીતિને લીધે ફાવી શક્યો નહોતો. આખરે એ મોગલોના સૈન્યમાં દાખલ થયો હતો. એનો ઉદ્દેશ એ હતો કે મોગલ સૈન્ય જેવખતે અહમદનગર ઉપર વિજય મેળવીને શહેરમાં પ્રવેશ કરશે તે વખતે હું જોરાને ઉપાડી જઇશ. ઉસમાનખાં અને હામીદખાં મળી ગયા અને બંને જણાએ મસલત કરીને પ્રપંચ રચવાનો સંકલ્પ કર્યો તથા એ અધમ પ્રપંચ પાર પાડવામાં બંનેએ એકબીજાને મદદ આપવાનું વચન આપ્યું. ત્યાર પછી હામીદખાં કાંઇ બહાનું કાઢીને પાછો કિલ્લામાં આવ્યો.

અબ્બાસખાંએ વારંવાર ચાંદબીબીને અહમદનગર છોડીને ચાલ્યા જવાનો આગ્રહ કર્યો, પણ તેણે એ સૂચનાનો દૃઢતાપૂર્વક વિરોધ કર્યો. સૈનિકોએ પણ ખાતરી આપી કે, "જો રાણીસાહેબ પહેલાંની પેઠે અમને ઉત્તેજન અને હિંમત આપશે તો અમે છેલ્લી ઘડી સુધી લડીશું." એ વખતે રાણીને એક નવો વિચાર ઉત્પન્ન

થયો. એને આશા હતી કે કદાચ એમ કર્યાથી હજારો મનુષ્યોનો નાહક રક્તપાત થતો બચી શકશે. એટલા સારૂ તેણે હામીદખાંને બોલાવીને પૂછ્યું:

“ આપણું સૈન્ય યુદ્ધ કરવા તૈયાર છે ? ”

“ પહેલાંની માફક આ વખતે પણ આપ આગળ ઊભાં રહી તેમને દોરવો અને ઉત્સાહિત કરો તો તેઓ શત્રુને જીતવા અને જીતી ન શકાય તો સાચા વીરને છાજે એવી રીતે શત્રુને હાથે રણભૂમિમાં મરવા તૈયાર છે. ”

“ ઠીક ! એ તો જુદી વાત છે ! પણ હમણાં મારા રાજ્યમાંના ઘણા લોકો રાજ્યદ્રોહી થયા છે. હું કોના ઉપર વિશ્વાસ રાખી શકું ? ”

રાણીનાં વચનો સાંભળીને હામીદની રગેરગમાં ક્રોધ વ્યાપી ગયો, પણ એથી કદાચ પોતાની વિશ્વાસઘાતકતા જણાઇ જશે એમ ધારીને ચૂપ બેસી રહ્યો. રાણીએ તેનો મનોભાવ જાણ્યા વગર કહ્યું:

“ શાહજાદાને આગ્રહ કરો કે મારા બધા અનુચરોને નિર્વિઘ્ને શહેરમાંથી જવા દે. વૃથા રક્તપાત થતો રોકવાની ખાતર આ કિલ્લો તેમના હાથમાં સોંપી દો. આ યુદ્ધમાં નિશ્ચય આપણો પરાજય થશે. આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે તે હું જાણવા માગું છું. ખુલ્લે દિલે જવાબ આપો. નગરવાસીઓના જીવનના રક્ષણ ખાતર મારી ટેક છોડી દઇને આ પગલું ભરવા હું તૈયાર થઇ છું. એ બાબતમાં શત્રુઓ મારા ઉપર કોઈ જાતનું દોષારોપણ કરશે નહિ. ”

હામીદખાં એ સૂચના સાંભળીને બડબડતો બડબતો એકદમ બહાર આવ્યો અને જે સ્થળે સૈનિકો યુદ્ધની તૈયારી કરી રહ્યા હતા ત્યાં પહોંચ્યો. સૈનિકોની વચમાં ઊભો રહીને ક્રોધપૂર્વક પોતાની પાઘડી જોરથી નીચે ફેંકી દઇને ઊંચે સાદે તે બોલ્યો: “ ભાઇઓ ! તમે બધા રાજદ્રોહી છો. ચાંદબીબીએ શત્રુઓના હાથમાં કિલ્લો સોંપી દઇને પોતાનું રક્ષણ કર્યું છે. દીન ! દીન ! તમે બધા મારી સાથે ચાલો; એ વિશ્વાસઘાતી ઓરતને જહન્નમમાં પહોંચાડવી પડશે. ”

સૈનિકો મોટી ગર્જના કરીને, બોલી ઊઠ્યા: “ વિશ્વાસઘાતકતા ! કેવું મોટું પાપ ! બેલાશક, આ તલવારથી અમે એ કમબખ્ત રાણીના બે ટુકડા કરી નાખીશું. ”

હામીદની પ્રપંચજાળમાં ફસાઇ જઇને સૈનિકો ઉગ્ર મૂર્તિ ધારણ કરીને રાણીના મહેલમાં ઘૂસી ગયા.

થોડે દૂર રાણી બેઠેલી હતી. પોતાના સૈનિકોને ઉશ્કેરાયલા દેખીને એ સમજી ગઇ કે શત્રુઓએ કિલ્લામાં પ્રવેશ કર્યો હશે. ઉન્મત્ત સૈનિકો તેની તરફ ધસ્યા એટલે એ સ્થિર અને ધીર ચિત્તે ઊભી થઇ. આવી શાંત સ્વભાવવાળી પૂજનીય રાણીને જોતાંવાર-જ ઘણા સૈનિકોનો ક્રોધ શમી ગયો અને તેઓ તેને મારવાને આનાકાની કરવા લાગ્યા. એટલામાં હામીદખાં એક વિકરાળ પશુ-ની પેઠે તેના ઉપર ધસી ગયો અને પોતાની તીક્ષ્ણ તલવાર રાણી-ના સુકુમાર વક્ષઃસ્થળમાં ખોસી દીધી. સખ્ત ઘા વાગ્યાથી રાણી નીચે પડી ગઇ. જોરા એ વખતે રાણીની પાસે બેઠી હતી. તેણે રાણીના મસ્તકને પોતાના ખોળામાં લઇ લીધું અને ધીમે ધીમે રાણીના સુકાઇ જતા ઓઠ ઉપર ઠંડું પાણી રેડવા માંડ્યું; પરંતુ રાણીએ તેના તરફ દૃષ્ટિપાત કરીને મૃદુ હાસ્યપૂર્વક પાણી પાવા-ની ના કહી. છાતીના ઘામાંથી પુષ્કળ લોહી વહેતું હતું. થોડી વારમાંજ તેને સન્નિપાત થઇ આવ્યો અને તે બોલવા લાગી: “ આ આવી! ફિરસ્તાઓ મને બોલાવી રહ્યા છે. આવું છું ભાઇ! આવું છું. હવે વધારે વાર નથી. હા ખુદા! શું તારી આવીજ ઇચ્છા હતી ?” ત્યાર પછી એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને એ પવિત્ર આત્માએ દેહત્યાગ કર્યો.

એટલામાં ઉસમાન બેગના સૈનિકો આવીને રાણીના શબની પાસે બેઠેલી શોકાતુર રમણી જોરાને જબરજસ્તીથી પકડી ગયા. એ સમયે અબ્બાસખાં યુદ્ધની તૈયારી કરવામાં રોકાયેલો હતો. એ યુદ્ધક્ષેત્રમાંથી પાછો ફરી રહ્યો હતો, એટલામાં એક સિપાઇ-એ હાંફતે હાંફતે તેની સન્મુખ જઇને કહ્યું: “ રાણી ચાંદબીબીને શત્રુઓએ ઘાયલ કરી છે.” એ સમાચાર સાંભળતાંવારજ અબ્બા-સખાં પૂરવેગે મહેલમાં ગયો. ત્યાં પ્રવેશ કરતાં વાર તેણે જોયું કે લોકો એક શબને કાળું વસ્ત્ર ઢાંકીને કબ્રસ્તાન તરફ લઇ જતા હતા. નિષ્ઠુર ઉસમાનબેગ તેની પાસે ઊભો હતો. એક ક્ષણમાં અબ્બા-સખાં બધી હકીકત સમજી ગયો. મ્યાનમાંથી તલવાર કાઢીને વિશ્વાસઘાતી ઉસમાનની છાતીમાં તેણે ભોંકી દીધી. ઉસમાન એજ ક્ષણે નીચે પડીને મરણ પામ્યો. પછી તરતજ અબ્બા-

સખાંએ પોતાની પ્રિય પત્ની જોરાની શોધ કરાવી અને તેને શત્રુઓના પંજામાંથી છોડાવી.

અબ્બાસે ઉદાસ ચિત્તે નોકરોને પૂછ્યું કે, “આ ભયાનક દુર્ઘટનાનું મૂળ કારણ શું ? આ શોચનીય કૃત્ય કોણે કર્યું ?”

બધાએ એકે સ્વરે જવાબ આપ્યો: “હામીદખાંજ આ દુર્ઘટનાનું મૂળ છે. તેણેજ પોતાને હાથે રાણીનું ખૂન કર્યું છે.”

અબ્બાસના હુકમથી સિપાઇઓ હામીદખાંને પકડી આણવા સારૂ ચારે તરફ દોડ્યા. ઘણી શોધ પછી એ પાસેના એક જંગલમાં સંતાયલો મળી આવ્યો. અબ્બાસખાંના સિપાઇઓએ દેખતાંવારજ તેને પકડી લીધો. ત્યારપછી અબ્બાસખાંના હુકમથી રાણી ચાંદબીબીના એ ખૂનીને ઝાડ તળે બાંધીને ફાંસી દેવામાં આવી. આ પ્રમાણે હામીદખાંને તેના રાજદ્રોહ અને સ્વદેશદ્રોહ જેવા મહાપાપની સજા આ દુનિયામાં તરત ને તરતજ મળી ગઇ. “કરણી તેવી પાર ઉતરણી” એ મહાવાકય તેની બાબતમાં ચરિતાર્થ થયું.

મરણ પામ્યા પછી પણ રાણી ચાંદબીબીના ચહેરાનો સ્વર્ગીય ભાવ અને અપૂર્વ દિવ્ય જ્યોતિ લુપ્ત થયાં નહોતાં. પ્રજાજનો તેની કબર આગળ એકઠા થઇને ચોધાર આંસુ વરસાવવા લાગ્યા.

થોડા વખતમાંજ અહમદનગર મોગલોના હાથમાં આવ્યું. અબ્બાસખાં અને તેની પતિવ્રતા પત્ની નિર્વિઘ્ને વિજાપુર પાછાં ફર્યાં. બેએક પેઢીઓમાં ચાંદબીબીનો વંશવેલો લુપ્ત થઇ ગયો; પણ ચાંદબીબીનું નામ તેનાં પરાક્રમ અને દક્ષતાને લીધે ઇતિહાસમાં અમર થઇ ગયું છે. એમ કહેવાય છે કે મોગલ બાદશાહે પણ રાણીના આ પ્રમાણે છળકપટથી માર્યા ગયાના સમાચાર સાંભળ્યા, ત્યારે તેણે ઘણો શોક કર્યો હતો અને આગલા યુદ્ધમાં રાણી ચાંદબીબીએ દર્શાવેલી વીરતા અને તેજસ્વીતાનાં ઘણાં વખાણ કર્યાં હતાં.

ચાંદબીબીનું મૃત્યુ એ અહમદનગરની સ્વતંત્રતાનું મૃત્યું હતું. ચાંદબીબીના ગુણોની પ્રશંસા અંગ્રેજ ઇતિહાસ લેખકોએ બહુ સારા શબ્દોમાં કરી છે. કર્નલ મેડોઝ ટેલર પોતાના ઇતિહાસમાં લખે છે:—

“ઇંગ્લેંડમાં ઘણા થોડા લોકો જાણતા હશે કે અમારી રાણી ઇલિઝાબેથના વખતમાં દક્ષિણ ભારતમાં એક સ્ત્રી રાજ્ય કરી રહી

હતી. યોગ્યતા, રાજનૈતિક નિપુણતા અને શિક્ષણમાં એ ઇલિઝાબેથની સમાનજ હતી. એનું રાજ્ય ઇંગ્લાંડના જેવું સમૃદ્ધિશાળી અને વિસ્તૃત હતું અને એની પ્રજા અંગ્રેજોના જેટલીજ બુદ્ધિમતી હતી. દ્વેષી શત્રુઓથી ચારેતરફથી ઘેરાયા છતાં પણ તેણે પોતાના બળ અને બુદ્ધિથી પોતાના રાજ્યને નાશ અને કુસુંપથી બચાવ્યું હતું. જો કે એના માર્ગમાં ઘણી લાલચો હતી, કેમકે એ સંપૂર્ણ સત્તાની અધીશ્વરી હતી; તોપણ એ બહુ સાદી, ઉદાર, સત્યપ્રિય, દયાળુ, પતિવ્રતા, સદાચારી, ધાર્મિક અને દાનશીલ હતી. એ ભારતની સ્ત્રીઓમાં એક નિર્મળ અને અમૂલ્ય રત્નની સમાન ઝળકી ઊઠે છે."

મિ૦ એલ્ફિન્સ્ટન કહે છે કે, "ચાંદબીબી દક્ષિણની એક અતિ પૂજનીય વીરાંગના હતી. એના સંબંધમાં આ દેશમાં ઘણી કથાઓ પ્રચલિત છે. ખફીખાંએ લખ્યું છે કે, 'એણે મોગલ સેના ઉપર ચાંદીની ગોળીઓનો મારો ચલાવ્યો હતો.' અહમદનગરમાં એક સાધારણ કહેવત છે કે, જ્યારે ગોળીઓ ખૂટી ગઇ ત્યારે એણે તાંબા,ચાંદી અને સોનાના સિક્કા બંદૂકોમાં ભરીને શત્રુઓની ફોજ ઉપર ચલાવવા માંડ્યા; અને જ્યાંસુધી ખજાનામાંથી રત્ન અને મોતીઓ ચલાવવાનો વારો આવ્યો ત્યાંસુધી તેણે સંધિનું નામ લીધું નહોતું."



૧૯૩–ગઢમંડળની વીર રાણી દુર્ગાવતી

મધ્ય પ્રદેશમાં ગઢમંડળ નામનું એક રાજ્ય હતું. એ રાજ્ય પહાડી હતું. રાજધાનીનું શહેર ચારે તરફ ઊંચા પર્વતોથી ઘેરાયલું હતું.

મુસલમાનોએ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતના લગભગ બધા ભાગોમાં વિજય મેળવ્યો હતો, પણ સોળમી શતાબ્દિમાં અકબર બાદશાહના રાજ્ય પહેલાં કોઇ મુસલમાન રાજા કે બાદશાહ ગઢમંડળને જીતી શક્યા નહોતા.

દુર્ગાવતી મધ્ય પ્રદેશમાં મહોબા નામક એક રાજ્યની રાજકન્યા હતી. ગઢમંડળનો રાજા દલપતસિંહ ઘણો પરાક્રમી અને સજ્જન હતો. વીરતા, તેજસ્વિતા અને સૌંદર્યથી દીપી રહેતી તેની મુખમુદ્રા જોનાર હરકોઇ તેના ઉપર મુગ્ધ થઇ જતું. બીજી તરફ દુર્ગાવતી પણ સૌંદર્ય અને પરાક્રમમાં સાક્ષાત્ દેવીસ્વરૂપ હતી. પુરુષશ્રેષ્ઠ દલપત અને રમણીશ્રેષ્ઠ દુર્ગાવતી એક બીજાના ઉપર પ્રેમાસક્ત થયાં. દલપતે મહોબાના રાજા પાસે દુર્ગાવતીના વિવાહનું માગું કર્યું. દલપતનું કુળ ઊંચું નહિ હોવાથી દુર્ગાવતીના પિતાએ તેનું માગું સ્વીકાર્યું નહિ.

પિતા વીરત્વનો મહિમા સમજી શક્યા નહિ, તેથી દુર્ગાવતીને ઘણોજ શોક થયો. તેને રાતદિવસ ચિંતાતુર જોઇને સખીઓ પૂછવા લાગી: "બહેન! હવે શું કરીશ?" દુર્ગાવતીએ કહ્યું: "રૂપ અને બળમાં દલપતસિંહ મનુષ્યોમાં દેવતા સમાન છે. તેમની દેવમૂર્તિને હું મારા હૃદયમાં ધારણ કરીને સદા પૂજું છું. એજ મારા સ્વામી છે. બીજા કોઈ પુરુષને હું વરવાની નથી."

સખીઓએ કહ્યું: "તારા પિતાએ તો તેમનું માગું પાછું ઠેલ્યું છે. હવે તું કેવી રીતે એમને વરીશ?"

દુર્ગાવતીએ કહ્યું: "જો તેમનામાં નામ પ્રમાણે ગુણ પણ હશે

તો કદી પિતાજીના કહ્યાથી બેસી રહેશે નહિ. હું એમને મારા મનથી પતિ તરીકે વરી ચૂકી છું એ વાત તેઓ પોતે જાણે છે અને એ જાણ્યા પછીજ મારી સાથે લગ્ન કરવા તૈયાર થયા હતા. તો પછી પિતાએ મંજૂર નહિ કર્યાથી તેઓ પોતાનો વિચાર માંડી વાળશે ? કોઇ પણ ક્ષત્રિયવીર ક્ષત્રિયબાળાના પ્રેમની ઉપેક્ષા કરી શકે છે? કોઈ ક્ષત્રિય રાજા એમ સહેજમાં પોતાની મનોવાંચ્છિત કુમારીની આશા છોડી દે છે ? અર્જુન સુભદ્રાનું બળપૂર્વક હરણ કરી ગયા હતા; કૃષ્ણ ભગવાને પોતે એના એ કાર્યને અનુમોદન આપ્યું હતું. દિલ્હીશ્વર પૃથ્વીરાજને જ્યારે ખબર પડી કે સંયુક્તા તેમના ઉપર મુગ્ધ છે, ત્યારે એ પણ કનોજ પહોંચી તેનું હરણ કરી ગયા હતા. ક્ષત્રિયવીરને માટે એવું કાર્ય અધર્મરૂપ ગણાતું નથી. એવી રીતે કર્યાથી કોઇ ક્ષત્રિયબાળાનું અપમાન થતું નથી. વીરાંગના હમેશાં વીરતાની પક્ષપાતી હોય છે. પરાક્રમના બળથી પોતાને મનગમતો સ્વામી કોઈ ક્ષત્રિય બાળાનું હરણ કરી જાય તો એમાં એને ખોટું લગાડવાનું કાંઈ પણ કારણ નથી. દલપતસિંહ જો ખરેખર મારા ઉપર પ્રેમ રાખતા હશે, જો તેમનામાં વીરતાની ટેક હશે, તો પિતાની નામરજી હોવા છતાં પણ એ આવીને મને લઇ જશે. જો એ અહીં આવીને મને લઇ જશે તો હું પણ ઘણી ખુશીથી તેમના ગળામાં વરમાળા પહેરાવીને મારી જાતને કૃતાર્થ માનીશ.”

દુર્ગાવતીની આશા પૂર્ણ થઇ. દલપતસિંહે સૈન્ય સાથે દુર્ગાવતીના પિતાના રાજ્ય ઉપર ચડાઇ કરી.

મહારાજા પરાજિત થયા; દલપતસિંહ દુર્ગાવતીને લઇને ગઢમંડળ પાછો ગયો.

થોડા દિવસોમાં દુર્ગાવતી ગઢમંડળની રાણી બની.

વિવાહનાં ચાર વર્ષ પછી એક નાનો પુત્ર મૂકીને દલપતે દેહત્યાગ કર્યો. બાળક વીરનારાયણના પ્રતિનિધિ તરીકે દુર્ગાવતી ગઢમંડળ ઉપર રાજ્ય કરવા લાગી. તેના પંદર વર્ષના રાજ્યશાસનમાં રાજ્ય વિશેષ સમૃદ્ધિશાળી થયું. ઠેકાણે ઠેકાણે મોટાં તળાવો બંધાવીને તથા બીજાં લોકોપયોગી કામો કરીને, એણે રૈયતને સુખી કરી. માજી સાહેબ દુર્ગાવતીને બધા દેવીની પેઠે પૂજવા લાગ્યા.

બીજી તરફ દિલ્હીમાં અફઘાન બાદશાહોની પડતીનો સમય

હતો. ભિન્ન ભિન્ન પ્રાંતોમાંથી દિલ્હીની સત્તા ઊઠી ગઇ હતી. દિલ્હીના તાબાના મુસલમાન અને હિંદુ રાજાઓ સ્વતંત્ર થવા લાગ્યા હતા. મોગલ બાદશાહે દિલ્હી ઉપર વિજય મેળવ્યો હતો; પણ હજુ સુધી એ આખા રાજ્યને પોતાના અધિકારમાં લઇ શકયા નહોતા. અકબર બાદશાહે ગાદી ઉપર બેસતાંવારજ નાનાંમોટાં સ્વતંત્ર રાજ્યોને પોતાના અધિકારમાં લેવાનો સબળ યત્ન આરંભ્યો.

જે રાજાઓ દિલ્હીની સત્તાની સામા થઇને તેના ઉપરીપણામાંથી મુક્ત થયા હતા, તેમને પાછા વશ કરવાને સારૂ તેણે પોતાના મુખ્ય સેનાપતિઓને ચારે તરફ રવાના કર્યા.

આસફખાં નામના એક સેનાપતિને મધ્યપ્રદેશમાં મોકલ્યો.

ગઢમંડળે હજુ સુધી મુસલમાનોનું આધિપત્ય કદી સ્વીકાર્યું નહોતું, પણ તેની આબાદી તથા તેના પ્રાકૃતિક સૌંદર્યથી લોભાઇને આસફખાંએ એના ઉપર પણ ચઢાઇ કરી.

એક તરફ દિલ્હીનું પ્રબળ વિશાળ સૈન્ય, બીજી તરફ નાનું શું ગઢમંડળ ! જે મહાન શક્તિ આગળ આખા ઉત્તર અને મધ્ય હિંદુસ્તાને માથું નમાવ્યું હતું, તે શક્તિને રોકવાની શક્તિ નાના સરખા ગઢમંડળમાં કયાંથી હોય?

પ્રજા ભયભીત થઇ. લોકો સમજી ગયા કે, દેશની સ્વતંત્રતા હવે રહેવાની નથી. માજી સાહેબનું સુવર્ણભૂમિ જેવું સમૃદ્ધિવાન રાજ્ય આજ પાયમાલ થશે.

પરંતુ દુર્ગાવતી પોતે જરા પણ ભયભીત થઇ નહિ. તેણે અપૂર્વ ઉત્સાહ સાથે યુદ્ધની તૈયારીઓ કરવા માંડી. એના આમંત્રણથી વીર યોદ્ધાઓ દેશરક્ષા માટે તૈયાર થયા. અઢાર વર્ષના બાળક વીર નારાયણને લઇને રાણી દુર્ગાવતી યુદ્ધના પોશાકમાં સજ્જ થઈ.

માથા ઉપર ચકચકતો રાજમુકુટ, એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ધનુર્બાણ લઇને સાક્ષાત્ દાનવમર્દિની સિંહવાહિની દુર્ગાની પેઠે મોગલોનો નાશ કરવા માટે રાણી દુર્ગાવતી હાથી ઉપર બેસીને લશ્કરની આગળ આવીને ઊભી. હાથી ઉપર બેઠે બેઠે તેણે પોતાના સૈનિકોને ઘણી તેજોમય ભાષામાં કહ્યું કે, “ સૈનિકો તથા ગઢનગરના પ્રજાજનો ! આ સુંદર ગઢમંડળનું રાજ્ય આજ સુધી તમારૂં હતું. આજ મોગલો તેને પડાવી લેવા

આવ્યા છે; આ રસાળ દેશના જળ અને અન્નથી તમારા અને તમારા પૂર્વજોના દેહ અને પ્રાણ પરિપુષ્ટ થયા છે. તમારા પૂર્વજોની પવિત્ર ભસ્મ આ દેશના વાતાવરણમાંજ ભળી ગઇ છે. આ પવિત્ર દેશ તમારી જન્મભૂમિ છે, તમારી જનની છે અને તમને પાળીપોષીને મોટા કરનાર ધાત્રી છે; માટે તમારે તેને દેવતાની માફક પૂજવી જોઇએ.

" આજ તમારો આ પવિત્ર દેશ શત્રુઓનાં પગલાંથી કલંકિત અને છિન્નભિન્ન થવાનો સમય આવી પહોંચ્યો છે. તમારા દેહમાં પ્રાણ છે ત્યાંસુધી એ અપમાનજનક દશ્ય જોઇ શકશો ? "

સૈનિકોએ એકે અવાજે કહ્યું: " ના માજી, ના. અમે એ અપમાન કદી નહિ સહન કરીએ. દેહમાં પ્રાણ છે ત્યાંસુધી અમારા પવિત્ર દેશને કલંકિત નહિ થવા દઇએ. "

રાણીએ બમણા ઉત્સાહથી કહ્યું: " ત્યારે ચાલો બધા મારી સાથે. અભિમાની મોગલો ઘણા ગર્વપૂર્વક રણવાદ્ય વગાડી રહ્યા છે. તમારા વિજયધ્વનિથી એમના અવાજને બંધ પાડી દો અને એમ કરીને દેવતાઓનો આશીર્વાદ લો.

" ગઢવાસીઓ ! તમે વીર જાતિ છો. યુદ્ધથી બીશો નહિ. મોગલો પ્રબળ અને પરાક્રમી છે અને ગઢરાજ્ય નાનું છે; મોગલોની સેના અસંખ્ય છે, આપણી સંખ્યા ઘણી નાની છે; પરંતુ દેશના રક્ષણને માટે, સ્વર્ગ કરતાં શ્રેષ્ઠ જન્મભૂમિના માનના રક્ષણ માટે, તમારી ભવિષ્યની સંતતિના સુખ તથા આબરૂને માટે, તમારે પુષ્કળ હિંમત રાખીને લડવું પડશે.

" જો વિધાતાની ઇચ્છાથી આ ગઢમંગળમાં મોગલોનું રાજ્ય સ્થપાવાનુંજ નિર્માણ થયું હશે તો, તમે જન્મભૂમિની ખાતર યુદ્ધક્ષેત્રમાં પ્રાણ આપીને આ દુનિયામાં અક્ષય કીર્તિ અને પરલોકમાં સ્વર્ગીય સુખ પ્રાપ્ત કરશો. ગઢમંડળના રક્ષણને સારૂ તમે જે રક્ત વહેવરાવશો તે કદી વ્યર્થ જશે નહિ; માટે ચાલો, આજે મારી સાથે રણભૂમિમાં ચાલો અને મોગલોની સાથે વીરતાથી યુદ્ધ કરીને, ગઢમંડળનું નામ ભારતના ઇતિહાસમાં અમર કરો. "

રાણીનાં ઉત્સાહપૂર્ણ વચનોથી ઉત્તેજિત થઇને સૈનિકોએ કૂચ કરી. પ્રબળ વેગથી દુર્ગાવતીએ મોગલો ઉપર આક્રમણ કર્યું. મોગલ સેના બે વાર પરાજિત થઇ.તેમના સૈનિકો વીખરાઇ ગયા.

આખો દિવસ યુદ્ધ કરીને થાકી ગયેલા સૈનિકોને રાત્રે વિશ્રામ કરવાનો દુર્ગાવતીએ હુકમ આપ્યો.

દુર્ગાવતીની એવી ઇચ્છા હતી કે થોડો વખત થાક ખાઇને પાછલી રાતે પાછો મોગલો ઉપર હુમલો કરીશું; પરંતુ તેના થાકયા પાકયા સૈનિકો આખી રાત વિશ્રામ લેવા દેવાની વિનતિ કરવા લાગ્યા. પ્રજા ઉપર માતાના જેટલોજ સ્નેહ રાખનારી દુર્ગાવતીથી તેમની વિનતિનો અસ્વીકાર કરી શકાયો નહિ. તેણે દયા ખાઇને સૈન્યને આખી રાત આરામ કરવાનો હુકમ આપ્યો. એ પ્રસંગનો લાભ લઇને આસફખાંએ પોતાનું વીખરાઈ ગયેલું સૈન્ય પાછું એકઠું કરીને રાતોરાત દુર્ગાવતીના નિદ્રામગ્ન સૈન્ય ઉપર આક્રમણ કર્યું. એ વખતે પણ ગઢમંડળના સૈનિકોના પરાક્રમથી આસફખાં પરાજિત થયો.

પ્રાતઃકાળે આસફખાં નવું સૈન્ય અને નવો દારૂગોળો લઇને ઉપસ્થિત થયો. નૂતન શક્તિ સાથે એણે ફરીથી દુર્ગાવતીના સૈન્ય ઉપર આક્રમણ કર્યું. ગઢમંડળનું સૈન્ય એક સાંકડી ખીણ આગળ ઊભું હતું. એકાએક તેમની પાછળની એક પહાડી નદીમાં જોરથી પૂર ચડી આવ્યું. એ પૂરને લીધે ગઢવાસીઓ પર્વતનો આશ્રય લઇ શકયા નહિ.

એ અવસ્થામાં તોપોની સામે ઊભા રહીને યુદ્ધ કર્યા વગર ગઢમંડળવાસીઓનો છૂટકો નહોતો. દુર્ગાવતીએ જોયું કે, એ દશામાં જય કે આત્મરક્ષણનો કાંઈ સંભવ નથી. તેથી મોગલોની તોપોના બહારમાંથી જે સૈન્ય બચ્યું હતું તેને લઇને એ રણચંડિકાની પેઠે પ્રબળ પરાક્રમથી યુદ્ધ કરવા લાગી.

એકાએક એક તીર આવીને તેની આંખને વીંધી નાખી. એ તીરને ખેંચી કાઢવા તેણે ઘણોએ પ્રયત્ન કર્યો, પણ એ નીકળ્યું નહિ. તેની વેદનાથી દુર્ગાવતી કાયર થઇ નહિ. એટલી વેદના છતાં પણ તેણે બહાદુરીથી યુદ્ધ જારી રાખ્યું.

બીજા એક બાણે આવીને તેના ગળાને વીંધી નાખ્યું. એ વખતે દુર્ગાવતી ઘણી આકુળવ્યાકુળ થઇ ગઈ. વિજય મેળવવાની આશા તેણે એકદમ છોડી દીધી, પણ એ સ્થિતિમાં પણ હાથી ઉપર બેસીને અસ્ત્ર ચલાવ્યા કરતી હતી. પુત્ર વીરનારાયણ તેની પાસે ઘોડા ઉપર બેસીને યુદ્ધ કરતો હતો. શત્રુના ઘાથી એ પુત્ર

પણ ઘાયલ થઇને જમીન ઉપર પડ્યો. દુર્ગાવતીએ તેના સામું જોયું; પણ એ વખતે પુત્રશોકથી તેનું હૃદય પોચું થયું નહિ. પુત્રને બીજે કંઇ લઇ જવાનો હુકમ આપીને, તેણે પાછું યુદ્ધ આરંભ્યું.

હાથીનો મહાવત કંટાળી ગયો. રાણીની આવી દશા જોઇને, તેણે હાથીને નદીને સામે કાંઠે લઇ જવાની રજા માગી, પણ રાણીએ રજા આપી નહિ. જયની આશા તો એ વખતે હતી નહિ. અગણિત સૈનિકો મરણ પામ્યા હતા, પુત્ર પણ મરણશય્યા ઉપર પડ્યો હતો. ગઢમંડળનું રાજ્ય પરાધીન થવાનો સમય આવી પહોંચ્યો હતો. તો પછી કયા સુખની ખાતર રાણી દુર્ગાવતી યુદ્ધક્ષેત્રમાંથી પલાયન કરી જાય? એણે તો સંકલ્પ કર્યો હતો કે રાજ્ય અને પ્રજાનું રક્ષણ ન થાય તો રણક્ષેત્રમાં પ્રાણવિસર્જન કરવો. પરાધીન થઈને જીવવાથી શો ફાયદો? રાણી દુર્ગાવતીએ યુદ્ધક્ષેત્રનો ત્યાગ કર્યો નહિ. તેનું શરીર શત્રુઓના ઘાથી જર્જરિત થવા લાગ્યું, પણ એણે એની જરા પણ પરવા કરી નહિ. રખેને ઘણી અશક્તિને લીધે મૂર્ચ્છા આવી જાય અને એ અવસ્થામાં શત્રુઓ તેને પકડી લઇ જાય, એ ભયથી એણે છેવટના સમયે પોતાને હાથેજ છાતીમાં તલવાર ભોંકી દઇને પ્રાણત્યાગ કર્યો.

ઘાયલ થયેલા વીરનારાયણને લઇને કેટલાક સૈનિકોએ એક દુર્ગમાં આશ્રય લીધો. આસફખાંએ એ દુર્ગ ઉપર પણ ચડાઈ કરી. વીરનારાયણ માર્યો ગયો. રજપૂત રમણીઓએ ચિતામાં પડીને કુળની મર્યાદા સાચવી.

ગઢમંડળના એ પહાડી માર્ગને હજુ પણ ત્યાંના લોકો પુણ્યસ્થાન ગણે છે. ત્યાં આગળ બેએક મોટા ગોળ પથરા પડ્યા છે. લોકોમાં એવી ગપ ચાલે છે કે, રાણી દુર્ગાવતીના રણડંકાએ હવે પથ્થરનું રૂપ ધારણ કર્યું છે.

१९४-बिकानेरना पृथ्वीराजनी राणी

રાણા ઉદયસિંહના મૃત્યુ પછી તેનો જયેષ્ઠ પુત્ર, જગતના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ થયેલો મહાવીર પ્રતાપસિંહ ચિતોડની ગાદીએ બેઠો.

એ વખતે દિલ્હીના તખ્ત ઉપર અકબર બાદશાહ બિરાજતો હતો. અકબરના જેવા રાજનીતિમાં નિપુણ, દૂરઅંદેશી, વિચક્ષણ અને ઉદાર પ્રકૃતિના પુરુષો જગતમાં ઘણા થોડા જન્મ્યા છે. બીજા ધર્માંધ મુસલમાનોની પેઠે એને હિંદુઓ ઉપર દ્વેષ નહોતો. એ સારી પેઠે સમજી ગયો હતો કે, ભારતવર્ષ મુખ્યત્વે હિંદુઓનો દેશ છે. સાહસ, વીરતા, વિદ્યા, જ્ઞાન અને સ્વાભાવિક બુદ્ધિમાં હિંદુઓ ઘણા શ્રેષ્ઠ છે. કેવળ એ લોકોના કુસંપ અને પરસ્પર દ્વેષને લીધે એવી મહાન જાતિ ઉપર મુસલમાનો વિજયી નીવડ્યા છે.

અકબરના પહેલાં કોઇ બાદશાહ હિંદુઓના એ પરસ્પર લડી મરનારાં રાજ્યોને પણ એકજ સાથે પોતાના તાબામાં લાવી શક્યો નહોતો. જો હિંદુઓ પોતાનો કુસંપ છોડી દઇને મુસલમાનોની સામા થાય, તો જોતજોતામાં મુસલમાનોને નાસી જવું પડે એમ હતું;એટલા માટે ચતુર અકબરે વિચાર્યું કે, કોઇ પણ પ્રકારે બધા હિંદુ રાજાઓને પોતાના મિત્ર બનાવવા જોઇએ તથા એક વખત તેમને વશ કરીને વફાદારીના સોગંદ ખવરાવવા જોઇએ. અકબર સારી પેઠે જાણતો હતો કે, સત્યપ્રિય રજપૂતો વફાદારીનું વચન આપ્યા પછી કદાપિ પોતાની સાથે શત્રુતા રાખશે નહિ; એટલુંજ નહિ પણ કામ પડયે જીવસાટે મદદ કરશે.

અકબરે પોતાના હાથ નીચેના મુસલમાન રાજાઓ અને અમલદારોને એવા સાચા સ્વામીભક્ત જોયા નહોતા. જરા લાગ

મળતાં તેઓ બાદશાહની સામા થતા અને પોતાના હાથ નીચેના મુલકમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો યત્ન કરતા. અકબરને ખાતરી થઇ ગઇ હતી કે, ભારતવર્ષમાં મોગલ રાજ્ય સ્થાયી કરવું હોય તો દરેક વાતમાં હિંદુ રાજાઓની મદદ આવશ્યક છે મોગલોના સદ્વ્યવહારથી તથા તેમના પક્ષપાત વગરના રાજ્યથી હિંદુઓ એક વાર મોગલોના તાબામાં આવશે, તો તેઓ વંશપરંપરા એ રાજ્યને આધીન રહેશે તથા તે રાજ્યનું ગૌરવ સાચવવા માટે આત્મબલિદાન આપતાં પણ સંકોચાશે નહિ, એટલા માટે અકબરશાહે હિંદુ પ્રજાને કોઇ દિવસ દુઃખ દીધું નહિ. તેમજ તેમની સાથે સારી વર્તણુંક ચલાવીને, તેમને માન–આબરૂ તથા સમાન હક્ક આપીને પોતાના મિત્ર બનાવવાનો યત્ન આરંભ્યો.

દૂરદર્શી મોગલ બાદશાહની એ યુક્તિ સફળ નીવડી. હિંદુસ્તાનના હિંદુઓએ ભક્તિપૂર્વક અકબરને 'દિલ્હીશ્વરો વા જગદીશ્વરો વા' શબ્દથી સંબોધન કર્યું.

એ વખતે હિંદુઓમાં વીરતા અને રાજ્યપ્રબંધને માટે રાજસ્થાનના રજપૂતો પ્રખ્યાત હતા. એ બળવાન રજપૂતોની મદદ મેળવવાને અકબરે ઘણો પ્રયત્ન કર્યો. જે રજપૂત રાજા પરાજિત થઇને તેનું ઉપરીપણું સ્વીકારતો, તેને અકબર આદરપૂર્વક પોતાના મિત્ર તરીકે સ્વીકારતો તથા યોગ્યતા પ્રમાણે રાજ્યપ્રબંધમાં કે સૈનિક વિભાગમાં તેને સૂબા કે સેનાપતિનો મોટો હોદ્દો આપતો. તેને પોતાના રાજ્ય ઉપર સ્વતંત્રપણે રાજ્ય ચલાવવા દેતો.

મોગલ રાજ્ય જેવા પ્રતાપી રાજ્ય સાથે નકામું યુદ્ધ કરવાથી પ્રજાની અને ધનની હાનિ વગર બીજો કાંઇ ફાયદો થશે નહિ; મોગલોનું નામ માત્રનું ઉપરીપણું સ્વીકાર્યાથી પોતે અને પોતાના વંશજો સુખચેનમાં પોતાના રાજ્યમાં રાજ્ય કરી શકશે, બહારનો શત્રુ પણ તેમનો વાંકો વાળ નહિ કરી શકે, એવા એવા વિચારથી ઘણા રજપૂત રાજાઓએ અકબરનું ઉપરીપણું સ્વીકાર્યું. મોગલો અને હિંદુ રાજાઓનો સંબંધ વધારે મજબૂત બનાવવા માટે, અકબરે પોતાનાં અને પોતાના પુત્ર સલીમનાં લગ્ન રજપૂત કન્યાઓ સાથે કર્યાં.

એક માત્ર મેવાડના વીર રાણા પ્રતાપસિંહે અકબરની તાબે-

હારી સ્વીકારી નહોતી, તેમજ એ મોગલો સાથે કોઇ પણ જાતના વિવાહસંબંધથી જોડાયો નહોતો.

મનુષ્યોનો એવો સ્વભાવ હોય છે કે, પોતે કોઈ રીતે હીન કામ કરવા માંડે છે તો પછી બીજાઓને પણ એ હલકા કામમાં સામેલ કરીને 'નાકકટ્ટાની ટોળી' વધારવાને તેઓ પ્રયત્ન કરે છે. જે રજપૂત રાજાઓએ અકબરનું ઉપરીપણું સ્વીકારીને તેને તથા તેના પુત્રને પોતાની કન્યાઓ આપી હતી, તેમની આંખમાં પ્રતાપરાણાની સ્વતંત્રતા અસહ્ય થઈ પડી. પ્રતાપનું દમન કરવા માટે તેઓ સઘળા અકબરને મદદ આપવા તૈયાર થયા. પ્રતાપની સાથે અકબરને ઘણા લાંબા સમય સુધી યુદ્ધ ચાલ્યું.

ઉદયપુર અકબરના હાથમાં આવ્યું. રાજ્ય છોડીને રાણા પ્રતાપને સપરિવાર જંગલો અને પર્વતોમાં સંતાતા ફરવું પડયું. અકબર અને તેને શરણે ગયેલા બીજા રજપૂત રાજાઓએ પ્રતાપને વશીભૂત કરવાની હઠ પકડી હતી. પ્રતાપ શરણે આવે તો મોગલ દરબારમાં સૌથી મોટા પદ ઉપર તેને બિરાજમાન કરવાને તેઓ તૈયાર હતા; પરંતુ ટેકીલો પ્રતાપ તેમને વશ થયો નહિ.

ભૂખેતરસે, ટાઢતડકો વેઠીને, પહાડપર્વત અને જંગલોમાં ગમે તેટલું દુઃખ વેઠીને, કદી ઘાસના બિછાનામાં તો કદી પર્વતની ગુફામાં જિંદગી ગાળવી એ પ્રતાપને પસંદ હતું; પણ પરવશ થઇને મોગલ દરબારમાં મોટામાં મોટું સન્માન મેળવવું એ તેને મનથી ઘણુંજ શરમભરેલું હતું. મોગલોના ઘરમાં કન્યા આપીને, પવિત્ર રાણાવંશને તથા બહાદુર રજપૂત જાતિના નામને કલંકિત કરવાની તેની ઇચ્છા નહોતી.

ઘણાં વર્ષો સુધી પ્રતાપે કઠોર દુઃખ વેઠયું. ઘાસના રોટલા ખાઇને, ઝાડીઓમાં સંતાઇ રહીને, પ્રતાપે સ્ત્રી અને પુત્ર સાથે પોતાની જિંદગી ગાળી હતી. ચિતોડનો ઉદ્ધાર કરવાને વીર પ્રતાપ છેલ્લી ઘડી સુધી યત્ન કરતો રહ્યો હતો, પણ તેને તેમાં સફળતા પ્રાપ્ત થઇ નહોતી. ચિતોડની પરતંત્રતાને લીધે દુઃખી હૃદયે અશ્રુવિસર્જન કરતાં કરતાં મહાવીર પ્રતાપે પોતાના નાશવંત દેહનો ત્યાગ કર્યો હતો.

વાચક બહેનોને એ સમયની દેશની સ્થિતિનો કાંઇક પરિચય આપવા સારૂ અમે અકબરની રાજનીતિ અને પ્રતાપની ટેકનું કાંઇક વિસ્તારથી વર્ણન કર્યું છે.

આ આખ્યાયિકાની નાયિકા રાણા પ્રતાપસિંહના ભાઈ શાક્તસિંહની કન્યા હતી. એ બિકાનેરના મહારાજાના ભાઇ પૃથ્વીરાજને પરણી હતી. પૃથ્વીરાજ મોગલ બાદશાહના દરબારમાં નોકર હતો. પૃથ્વીરાજ એક સારો કવિ હતો અને સંયોગવશાત્ એને પરાધીનતા સ્વીકારવી પડી હતી; તોપણ એની રગેરગમાં દેશભક્તિ અને સ્વતંત્રતાનું અભિમાન વહેતું હતું.

પૃથ્વીરાજની સાથે એની સ્ત્રી પણ દિલ્હી ગઇ હતી.

જતી વખતે તેને અનેક સગાંસંબંધીઓએ વારીને કહ્યું હતું કે, "દિલ્હીમાં તારો સ્વામી પરતંત્ર છે. અકબર બીજા રજપૂત સરદારોનું જેટલું માન રાખે છે તેટલું માન પૃથ્વીરાજનું રાખે એવો સંભવ નથી; કારણકે પૃથ્વીરાજ સ્વતંત્ર સ્વભાવનો વીર છે. વળી તું અકબરના શત્રુના વંશની છે, પરમ રૂપવતી છે; આટલા રૂપ સાથે તું મોગલોની રાજધાનીમાં તારા શિયળનું રક્ષણ કેમ કેવી રીતે કરી શકીશ?"

પૃથ્વીરાજની રાણીએ જરાક હસીને પોતાની કાંચળીમાંથી એક તીક્ષ્ણ છૂરી બહાર કાઢીને કહ્યું: "આત્મરક્ષાને માટે મોગલોની દયા ઉપર ભરોસો રાખીને હું દિલ્હી જતી નથી. કામ પડશે ત્યારે આ છૂરી મારૂં રક્ષણ કરશે. શિયળ સાચવવા સારૂ મરવું પડશે તો ખુશી સાથે મરીશ, પણ એવી ખોટી બીકથી જીવતી છું ત્યાંસુધી સ્વામીસેવા કરવાથી વંચિત શા માટે રહું?"

તેનું કહેવું વાજબી હતું. રજપુતાણીની આત્મનિષ્ઠા ઉપર તેમને વિશ્વાસ હતો. તેમણે હવે તેને દિલ્હી જતાં રોકી નહિ. સિસોદિયા રાણાની કન્યા સ્વામી સાથે સહર્ષ દિલ્હી ગઇ.

લોકો ધારતા હતા તે પ્રમાણે અકબરે પૃથ્વીરાજને હીન અવસ્થામાં રાખ્યો નહિ. બીજા રજપૂતોની પેઠે એણે કવિ પૃથ્વીરાજને પણ સન્માનપૂર્વક પોતાના દરબારમાં સ્થાન આપ્યું. પૃથ્વીરાજની પત્ની પણ બીજા સરદારોની રાણીઓની પેઠે આબરૂભેર ત્યાં રહેવા લાગી.

મુસલમાનોમાં નવા વર્ષના દિવસે નૌરોઝનો ઉત્સવ થાય છે, તેનું અનુકરણ કરીને અકબરે દિલ્હીમાં 'ખુશરોઝ' નામનો એક નવો તહેવાર ચલાવ્યો હતો. કેટલાક એ ઉત્સવને પણ નવરોઝના તહેવારના નામથી ઓળખે છે. એ ઉત્સવને દિવસે દિલ્હી

નગરમાં સ્ત્રીનો એક મેળો ભરાતો. આજકાલ મુંબઇ, કલકત્તા, સિમલા વગેરે મોટા નગરોમાં 'ફેન્સી ફેર' નામના મેળા ભરાય છે તેવોજ એ મેળો હતો. બાદશાહની બેગમો, તેના ઉમરાવની સ્ત્રીઓ, રજપૂત સરદારની રાણીઓ તથા મુખ્ય અમલદારોની સ્ત્રીઓ આ મેળામાં વેચનાર અને ખરીદનાર બનતી. એ મેળાની યોજના કરવામાં શહેનશાહ અકબરનો શો ઉદ્દેશ હશે તેની અનેક કલ્પનાઓ થઈ શકે છે. સંભવિત છે કે અંતઃપુરની સંકુચિત હદમાં રાતદિવસ બેસી રહેનારી રજપૂત અને મુસલમાન મહિલાઓને માટે આમોદપ્રમોદનું એક સાધન ઉત્પન્ન કરવાના ઉદ્દેશથી પણ આ મેળો ભરાતો હોય. કોઇ એમ પણ કહે છે કે, એ મેળામાં જાતે અકબર ગુપ્તવેશે હાજર રહીને વસ્તુઓની કિંમત જાણતો તથા પોતાના રાજ્યની સ્ત્રીઓના વિચાર અને અભિલાષાઓ જાણતો. કેટલાકના કહેવા મુજબ એ ચૂપચાપ ઊભો રહીને રજપૂત રમણીઓના સૌંદર્ય સુધારસનું પાનમાત્ર કરતો, ત્યારે કેટલાકના કહેવા મુજબ એ મેળામાંથી તે પરમ સૌંદર્યવાન સ્ત્રીઓને પસંદ કરીને સામ, દામ તથા દંડથી તેમને ફસાવીને બાદશાહ તેમનું સતીત્વ ભ્રષ્ટ કરતો.

અસ્તુ! હવે આપણી મૂળ ઘટના ઉપર આવીએ. આજે નૌરોઝના મેળામાં પૃથ્વીરાજની સ્ત્રી પણ ગઇ હતી. એ મેળો જોઇ રહ્યા પછી બહાર જવાનો રસ્તો ઘણો સાંકડો અને ગૂંચવાડા ભરેલો હતો. એ રસ્તામાં બાદશાહ ગુપ્ત વેશે ઊભો રહીને સ્ત્રીઓને જતી વખતે જોતો. બહાર નીકળતી વખતે એણે ગલીને નાકે બાદશાહને ઊભેલો જોયો. બાદશાહને જોતાંવારજ એ વીર બાળા તેનો દુષ્ટ આશય સમજી ગઇ. તેના પવિત્ર હૃદયમાં બેહદ ગુસ્સાનો આવેશ આવ્યો. ભારતના પ્રબળ બાદશાહને પોતાની સન્મુખ ઊભેલો જોઇને તેને જરા પણ ડર લાગ્યો નહિ. તે નિર્ભય ચિત્તે પોતાના વસ્ત્રમાંથી કટારી કાઢી, બાદશાહની છાતી ઉપર ચડી બેઠી. રજપૂત રમણીનું સાહસ જોઇને બાદશાહ તો સ્તબ્ધજ થઇ ગયો. પોતાના દુષ્ટ ઇરાદા માટે તેણે તેની ઘણીએ ક્ષમા માગી તથા છોડી દેવાને અત્યંત આજીજી કરી.

પૃથ્વીરાજની રાણીએ કહ્યું: "તું બાદશાહ નથી, પણ નીચ વિષયી કૂતરો છે, પિશાચ છે. પશુઓ પણ માતાનું સન્માન રાખે છે, માટે તું પશુ કરતાં પણ અધમ ન હોય તો તારી માતાના શપથ

આઇને આજ પ્રતિજ્ઞા કર કે, આજથી કોઈ પણ દિવસ કોઈ પણ સન્નારીનું શિયળ ભ્રષ્ટ કરીશ નહિ. જો તું એવી પ્રતિજ્ઞા નહિ લે, તો આજે આ કટારીથી તારૂં આયુષ્ય ખતમ કરી દઇશ."

કેટલાક કહે છે કે અકબર આ અધમ કામમાં કામવૃત્તિથી ઉત્તેજિત થયો નહોતો, પણ પોતાને યુદ્ધમાં હરાવનાર વીર સિસોદિયા કુળને કલંક લગાડવા સારૂ તેણે આ અધમ પ્રયત્ન કરીને પોતાની કીર્તિને ડાઘ લગાડયો હતો. અસ્તુ! અકબરના મનમાં ક્ષણિક પાપવૃત્તિનો ઉદય થયો હશે, તોપણ આખરે એ સમજુ બાદશાહ હતો. વીરતા અને સત્યનિષ્ઠાની કદર કરનારો હતો. સતીના ઉપદેશની સાથેજ એની પાપી લાલસા નષ્ટ થઇ ગઇ. એણે પોતાના કૃત્ય માટે ખરા અંતઃકરણથી પશ્ચાત્તાપ કર્યો અને ભવિષ્યમાં કોઇ પણ સ્ત્રીનું શિયળ ભંગ નહિ કરવાની પ્રતિજ્ઞા લઇને રાણીની ક્ષમા માગી. સતીએ ઉદાર ચિત્તે ક્ષમા આપી.

પુરુષસિંહ પૃથ્વીરાજની સ્ત્રી! ધન્ય છે તને! તેં સ્ત્રીજાતિના ગૌરવને માટે જે વીરતા પ્રદર્શિત કરી છે, તેની યથાર્થ પ્રશંસા કરવાને અમારી દુર્બળ લેખિની અસમર્થ છે. તારૂં પવિત્રતામય જીવન અને તારો પાતિવ્રત્ય ધર્મ, તારી ભારતવર્ષીય બહેનોને માટે અનુકરણીય અને આદરણીય છે. તારા સચ્ચરિત્રથી તારા પિતા અને પતિના કુળની આજ સુધી પ્રશંસા થાય છે. ધન્ય છે તને! ધન્ય છે તારા જેવી સતીઓને જન્મ આપનાર આર્ય માતને! સ્ત્રીની પ્રતિષ્ઠા તેના શિયળમાં છે. ધન, યૌવન, માનમર્યાદા કશાની ખાતર પણ સતીત્વ નષ્ટ કરનાર સ્ત્રીઓને ધિક્કાર છે! પ્રભુ તારા જેવી સતીત્વના ગૌરવવાળી સ્ત્રીઓ ભારતવર્ષમાં ઘેરેઘેર ઉત્પન્ન કરો!! અસ્તુ!!



૧૯૫–હોન્નમ્મા

કાનડી ભાષામાં સૌથી વિશેષ વિખ્યાતિ આ સન્નારીની છે. એનું ઉપનામ સાંચિયાહોન્ની હતું. એ પણ માયસોરના રાજા ચિક્કા દેવરાયના સમયમાં થઇ ગઇ છે. એ રાજાના મંત્રીના ભાઈ શિંગરાય પાસે એણે શિક્ષણ મેળવ્યું હતું. એણે રાજાની આગળ પોતાની શિષ્યાની પ્રશંસા કરી હતી, કે કાવ્યશાસ્ત્ર અને પિંગળમાં એ પૂરેપૂરી નિપુણ છે. એક વખત રાજાએ રાણીની મારફતે એ વિદુષીને કહેવરાવ્યું કે, " મારે માટે એક કાવ્ય લખી લાવો. " એ ઉપરથી એણે ' હડીબદેય ધર્મ ' નામનું કાવ્ય લખ્યું. એમાં આદર્શ પત્નીના શા શા ધર્મ છે તેનો ઉપદેશ કરેલો છે. એના કાવ્ય ઉપરથી જણાય છે, કે એના સમયમાં કર્ણાટક દેશમાં પણ સ્ત્રીજાતિ હીન દશામાં હતી. કન્યાનો જન્મ તુચ્છ ગણાતો હતો. સ્ત્રીઓને અધમ ગણનારા જનસમાજને ઉદ્દેશીને, નારીજાતિનું ગૌરવ સૂચવતાં એ કહે છે કે, " હે અંધ, મૂર્ખ પુરુષો ! તમને જન્મ આપનારી શું સ્ત્રી નથી ? તમારૂં લાલનપાલન સ્ત્રીને હાથે નથી થયું ? શા માટે ટૂંકી નજરના મૂર્ખ પુરુષ સ્ત્રીજાતિને તુચ્છ અને ગૌરવહીન ગણીને તેની નિંદા અને મશ્કરી કરતા હશે ?

" સંતાન પુત્ર હોય તો શું કમાયા અને કન્યા હોય તો તમારૂં શું જતું રહ્યું ? આ લોક અને પરલોકનું સુખ તો એજ સંતાન આપે છે, કે જે સત્કર્મ વડે ઉન્નતિ કરે છે, પછી તે પુત્ર હોય કે કન્યા, તેની કાંઇ પરવા નથી.

" પુત્ર સંતાન સદાચારી અને સુશિક્ષિત ન હોય તો કુટુંબને આશીર્વાદરૂપ નથી થઇ પડતો; પણ જે કન્યા એક પ્રતિષ્ઠિત કુટુંબમાંથી બીજા પ્રતિષ્ઠિત કુટુંબમાં જાય છે અને સદ્વર્તન રાખે છે, તેનું જીવન ધન્ય છે, એમ ભવિષ્યની પ્રજા કહેશે. "

૧૯૬–વીરા

એ ચિતોડના રાણુ ઉદયસિંહની ઉપપત્ની હતી. નામ પ્રમાણે તેનામાં વીરતા તો સ્વાભાવિક રીતેજ હતી. જો કે તેના પતિ ઉદયસિંહમાં જરા પણ તેજસ્વિતા નહોતી તોપણ વીરા તો યુદ્ધકળા અને સાહસમાં ઘણી આગળ વધેલી હતી. વીરા કોની પુત્રી હતી, કેવી રીતે તે મહારાણા ઉદયસિંહના પરિચયમાં આવી વગરે હકીકત મળી આવતી નથી. એ કેવળ પોતાની વીરતાને લીધે ઇતિહાસમાં પ્રસિદ્ધ થઇ છે.

દિલ્હીના અકબર બાદશાહે ચિતોડ ઉપર બે વાર ચડાઇ કરી હતી, એવું ભાટ અને ચારણોના લેખોથી જણાઈ આવે છે. પહેલી વારની ચડાઇમાં મુસલમાનોની મોટી હાર થઇ હતી; પરંતુ એ વાતથી પોતાના ચક્રવર્તી બાદશાહનું અપમાન થયેલું માનીને મુસલમાન ઇતિહાસકારોએ ગ્રંથોમાં તેનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી. જે યુદ્ધમાં ચિતોડનું સર્વસ્વ નાશ પામ્યું તેજ યુદ્ધનું વર્ણન તેમણે લખ્યું છે; પરંતુ જે યુદ્ધમાં મુસલમાનોનો પરાજય થયો હતો, જે વખતે તેઓ રણસંગ્રામમાંથી નાસી ગયા હતા, તે યુદ્ધનું વર્ણન પોતાની જાતિને અપકીર્તિમાંથી બચાવવા ખાતર તેમણે લખ્યું નથી. જે વીરબાળાના હાથે મુસલમાનોને અપકીર્તિ મળી હતી તે વીરબાળા વીરા હતી.

અકબર બાદશાહ જે સમયે પોતાની પ્રબળ સેનાને લઇને ચિતોડ ઉપર ચડી આવ્યો, તે સમયે ઉદયપુરમાં કાયર ઉદયસિંહ રાજ્ય કરતો હતો. ઉદયસિંહમાં તેના પૂર્વજોની વીરતાનો અંશમાત્ર પણ નહોતો. મોગલોની રાક્ષસી સેના જોઇને એ ઘણો ભયભીત થઈ ગયો અને બાદશાહને શરણે જવા તૈયાર થયો; પરંતુ એ વખતે મેવાડના રજપૂતો બાયલા થઈ ગયા નહોતા. શત્રુઓની સામે યુદ્ધ કરીને માતૃભૂમિનું સંરક્ષણ કરવાના ઉત્સાહથી તેમની રગેરગમાં લોહી પૂર્ણ વેગ સાથે દોડતું હતું. તેમણે

રાજાને એવું હીન કાર્ય કરતાં અટકાવ્યો તથા યુદ્ધ કરવાને ઉશ્કેર્યો. આખરે લાચાર થઇને એને બાદશાહની સામે યુદ્ધ કરવા જવુંજ પડયું. પરંતુ તેનામાંજ સાહસ, શૌર્ય, ધૈર્ય, દૃઢતા તથા ટેક વગેરે રજપૂતોના આવશ્યક ગુણો બિલકુલ નહોતા, એટલે એ મુસલમાનોના આક્રમણને રોકવાને અશક્ત નીવડયો. છતાં પણ રજપૂત સૈનિકોએ પરાક્રમથી બાદશાહની ફોજ સાથે યુદ્ધ કર્યું; પરંતુ જેનો રાજાજ નિર્વિર્ય હોય તેની સેના કેટલો વખત ટકી શકે ? રાજાની તરફથી ઉત્તેજન નહિ મળવાથી રજપૂતો પણ ધીમે ધીમે નાસી ગયા અને અભાગી ઉદયસિંહને અકબરે કેદ પકડીને પોતાના સૈનિકોના સ્વાધીનમાં રાખ્યો. આ પ્રમાણે સ્વતંત્ર મેવાડનો અધીશ્વર મુસલમાનોના બંધનમાં પડયો. વીરજનની મેવાડ આજે કલંકિત થઈ; કારણકે મેવાડના ઇતિહાસમાં આવો પ્રસંગ પૂર્વે કદી બન્યો નહોતો. મેવાડના રાજાઓ તો એકજ સૂત્ર સમજતા હતા કે,રણભૂમિમાં શત્રુઓને મારવા અથવા તો શત્રુઓને હાથે મરવું. રણભૂમિમાં શત્રુના હાથે મૃત્યુ થાય તો તેઓએ મૃત્યુને માટે ‘ કામ આવવું ’ એ શબ્દોનો પ્રયોગ કરતા. શત્રુના હાથમાં તેઓ કદી જીવતા પકડાયા નહોતા. ઉદયસિંહ દિલ્હીના બાદશાહના હાથમાં કેદ પકડાયો, એ ખબર સાંભળીને રાજકુટુંબમાં ઘણો શોક ફેલાયો; હવે શું કરવું તેનો વિચાર કરવા માટે સામંતોની સભા ભરાઈ; પરંતુ ઉદયસિંહને શત્રુના હાથમાંથી છોડાવવાનો ઉપાય કોઇને સૂઝતો નહોતો; કોઇ સરદાર આગળ આવીને યુક્તિ બતાવતો નહોતો. આજે ચિતોડ નિસ્તેજ જણાતું હતું. એ કાર્ય પાર ઉતારે એવો કોઇ વીર તેમની નજરમાં આવતો નહોતો. ચિતોડની આ દશા જોઇને ઉદયસિંહની ઉપપત્ની વીરાનું વીર લોહી ઊકળી આવ્યું. ક્રોધ અને અભિમાનથી તેનો ચહેરો લાલચોળ થઇ ગયો; તેણે લાજમર્યાદા છોડી દઈને વીરાંગનાને છાજે એવું લોઢાનું બખતર પહેર્યું. હાથમાં ધનુષ્યબાણ લઇને વીર રમણી વીરા વીજળીની પેઠે ચમકી અને મેઘની માફક ગર્જના કરીને સભામંડપમાં આવી. થોડી વાર સુધી બધા સામંતોના મોં સામું જોઇને તે નિર્ભય થઇને બોલી: “ બંધુઓ ! હું આજે કેમ અહીં ઊભી છું તે તમે જાણો છો ? મેવાડ આજે વીરશૂન્ય થઇને વૈધવ્ય પામ્યું છે ! રજપૂતાણીઓના ગરમ દૂધમાં આજ કીડા પડી ગયા છે ! થોડા વખત

પહેલાં મેવાડમાં જે અસંખ્ય રજપૂત વીરો દેખાતા હતા તે ક્ષણવારમાં ઘરના ખૂણામાં જઇને ભરાઇ ગયા! વીર ક્ષત્રિયો શું ઢીલા માંસના લોચા માત્ર છે? રજપૂત માતાઓએ અચેતન હાડકાં અને માંસનાં પૂતળાંઓનેજ ઉત્પન્ન કર્યાં હતાં કે શું? દેશાભિમાન, કુલાભિમાન અને સાહસે આજથીજ આર્યભૂમિનો ત્યાગ કર્યો કે શું? વીરતા અને તેજસ્વિતા એકદમજ મેવાડમાંથી લુપ્ત થઇ ગયાં? હાય! હાય! આજ હું શું જોઉં છું? માટીનાં જડ પૂતળાંઓ કરતાં પણ રજપૂતોની હીન દશા જોઇને મારૂં હૈયું ફાટી જાય છે. અરે! પહેલાંના આર્યવીરો કયાં ગયા? શું હવે મેવાડમાં એક પણ સ્વામીભક્ત તથા દેશહિતૈષી વીર નથી કે જે પોતાના સ્વામીને શત્રુઓના બંધનમાંથી છોડાવી લાવે? શું કોઈ પણ એવો વીર નથી કે જેના હૃદયમાંનું રક્ત પોતાના રાજાની આ હીન દશા જોઇને ઊકળી આવતું હોય?"

વીરાનાં એવાં વીર વાકયો સાંભળ્યાથી પૂર્ણિમાના ચંદ્રમાને જોઇને સમુદ્રમાં જેવી રીતે ભરતી આવે છે, તેવી રીતે વીર રજપૂતો એક સાથે ગર્જના કરીને વીરાની પાસે આવી ઊભા. એકઠી થયેલી રજપૂત સેનાને નવા જોમથી ઉત્સાહિત કરીને કાયર પુરુષ ઉદયસિંહની ઉપપત્ની વીરા સેનાની સન્મુખ ઊભી રહી અને ભીમની પેઠે પ્રચંડ ગર્જનાઓ કરવા લાગી. મુસલમાનો અને રજપૂતો વચ્ચે મહાદારુણ સંગ્રામ મચ્યો. રજપૂતોના મારથી મુસલમાન સેના આકુળવ્યાકુળ થઇ ગઇ. તેમના ઘણા સૈનિકો માર્યા ગયા ને 'તોબાહ' 'તોબાહ' કરીને નાસવા લાગ્યા. આ વખતે વીરાંગના વીરામાં નવું જોમ આવ્યું. યવનોની નિર્બળતા જોઇને વીરા પોતાની સેના સાથે અકબરના સેનાપતિની તરફ ધસી. તેની વીરતા જોઇને મોગલ બાદશાહ સ્તંભિત થઈ ગયો. આખરે એને વિજયની કાંઇ પણ આશા ન રહી, ત્યારે પ્રાણ બચાવવા સારૂ રણભૂમિ છોડીને નાસી ગયો. એક સ્ત્રીએ ભારતવર્ષના ચક્રવર્તી મોગલ બાદશાહ અકબરને પરાજિત કર્યો! પતિને છોડાવીને વીરા ઘેર આવી.

१९७-रायप्रवीण अथवा प्रवीणराय

એ ચતુર સુંદરી જાતની પાતર હતી અને ઉચ્છાના મહારાજ કુમાર ઇંદ્રજિત્‌ની કૃપાપાત્ર હતી. હાવભાવ અને કટાક્ષમાં એ કુશળ હોય એમાં તો નવાઈજ શી? પણ કવિતા કરવામાં પણ એ કુશળ હતી. સુપ્રસિદ્ધ કવિ કેશવદાસે પણ ‘કવિપ્રિયા’ નામના ગ્રંથમાં તેની પ્રશંસા લખી છે.

ઇંદ્રજિતને સંગીતને ઘણો શોખ હતો. એને ત્યાં એક સંગીતની સભા હતી, જેમાં પરમ પ્રસિદ્ધ અને રૂપગુણસંપન્ન નીચે લખેલી છ વારાંગનાઓ હતી. (૧) રાયપ્રવીણ, (૨) રંગરાય, (૩) નવરંગરાય, (૪) તીનતરંગ, (૫) વિચિત્રનયના, અને (૬) લલિતલોચના. એમાંની બીજી બધી વારાંગનાઓ તો નાચવા અને ગાવામાંજ પ્રવીણ હતી; પરંતુ રાયપ્રવીણ તો કવિતા કરવામાં પણ અધિક કુશળ હતી; કવિ કેશવદાસે કહ્યું છે કેઃ—

“ નાચત ગાવત હૈં સબૈ, સબૈ બજાવત બીન;
તિનમેં કરત કવિત ઈક, રાયપ્રવીન પ્રવીન.”

એ ઉપરાંત પણ એની પ્રશંસાના ઘણા દોહા લખાયા છે, જે અમે સ્થળસંકોચને લીધે ઉતારતા નથી.

એક દંતકથા એવી ચાલે છે કે, અકબર બાદશાહે રાયપ્રવીણના સૌંદર્યની વાત સાંભળીને ઇંદ્રજિતને લખી મોકલ્યું કે, “એને મારી પાસે મોકલી દો.” એ ખબર સાંભળીને રાજકુમાર ઇંદ્રજિત તથા વારાંગના રાયપ્રવીણ બન્ને જણાં ખૂબ ગભરાયાં. આખરે એણે ભરી સભામાં નીચેનો સવૈયો ગાઈને સલાહ પૂછીઃ

“આઈ હો બૂઝન મંત્ર તુમ્હે, જીન સ્વાસનસોં, સિગરી મતિ ગોઇ;
દેહ તજો કિ તજોં કુલકાનિ, અજૌં ન લજૌં લજિહે સહ કોઇ;
હાથ રહે પરમારથ સ્વારથ, ચિત્ત બિચારિ કહો, પુનિ સોઈ;

જામેં રહે પ્રભુકી પ્રભુતા, અરૂ મેરો પતિવ્રત ભંગ ન હોઇ."

પરંતુ કોઇ ઉપાય ન રહ્યો, ત્યારે તેણે પોતાની બુદ્ધિ અને હાજરજવાબીપણા ઉપર ભરોસો રાખીને રાજકુમાર ઇંદ્રજિત્‌ને કહ્યું કે, "આપ મારી ખાતર એવા સબળ બાદશાહ સાથે દુશ્મનાવટ ન કરશો. મારૂં લાગ્યું હું ભોગવી લઇશ." છતાં પણ રાજકુમારે તેની સાથે કેશવદાસને મોકલ્યા અને કહ્યું કે, "એને મૂકીને પણ ન આવતા અને બાદશાહની સાથે વેર પણ ન બાંધી આવતા." જ્યારે બન્ને આગ્રા આવ્યાં, ત્યારે કવિ કેશવદાસ બાદશાહના મંત્રીઓની સલાહ લેવા લાગ્યા. પણ વારાંગનાએ કહ્યું કે, "આપ કાંઇ પણ તસ્દી લીધા વગર મનેજ બાદશાહની પાસે મોકલી આપો. હું મુજરાની સાથેજ છૂટી આવવાની યુક્તિ રચીશ." કેશવદાસે એ પ્રમાણે બાદશાહી છડીદારની સાથે તેને દરબારમાં મોકલી આપી. ત્યાં એણે મુજરો કર્યો, એટલે બાદશાહે તેની ઉત્તરાવસ્થા જોઇને નીચેનો અરધો દોહો કહ્યો:–

"યુવાન ચલત તિય દેહ તે, ચટક ચલત કિહિ હેતુ."

તરતજ રાયપ્રવીણે હાથ જોડીને કહ્યું:–

"મનમથ વારિ મસાલ કો, સૈંતિ સિહારો લેતુ."

બાદશાહે ફરીથી અડધો દોહો કહ્યો:–

"ઊંચે વહૈ સુર વસ કિએ, સમ વહૈ નર બસ કીન."

પ્રવીણરાયે તેને પણ પૂરો કરીને કહ્યુંઃ–

"અબ પતાલ બસ કરનકો, ઢર કિ પયાનો કીન."

બાદશાહને તેની મીઠી કવિતાથી સંતુષ્ટ થઇને વધુ વાર્તાલાપ કરવાની ઇચ્છા થઈ હતી, પણ એ કામકાજનો વખત હતો એટલે છડીદારને હુકમ આપ્યો કે, "એને રાતે લાવજો." પરંતુ પ્રવીણરાય એનો ઊલટો અર્થ સમજી, એટલે એણે દોહો ગાયો કે:–

"બિનતિ રાય પ્રબીનકી, સુનિયે સાહ સુજાન;
ઝુંડી પાતર ભખત હૈ, બારી બાયસ સ્વાન."

બાદશાહે એટલું સાંભળતાંવારજ છડીદારને આજ્ઞા આપી કે, "એને જ્યાંથી લાવ્યો છે ત્યાંજ પાછી મૂકી આવ." એટલે રાયપ્રવીણ પોતાને મુકામે આવી ઇંદ્રજિત્‌ની પાસે ગઇ.

પ્રવીણરાયની રચેલી છૂટક કવિતાઓ ઘણી મળી આવે છે. એનો સમય સંવત ૧૬૫૦ ની લગભગ છે.

૧૯૮–જોધબાઈ

મોગલ રાજ્યના ઇતિહાસમાં બેગમ જોધબાઇ ઘણી પ્રસિદ્ધ છે. રાણી જોધબાઇ જોધપુરના રાજા માલદેવની પુત્રી અને ઉદયસિંહની બહેન હતી. મુસલમાનો સાથેની શત્રુતા દૂર કરવાના ઉદ્દેશથી ઉદયસિંહે તેનો વિવાહ દિલ્હીના બાદશાહ અકબર સાથે કરી દીધો હતો. આ સંબંધથી ધારેલું પરિણામ નીપજ્યું હતું. બાદશાહ અને રજપૂતો વચ્ચેનો વૈરભાવ જતો રહ્યો, એટલુંજ નહિ પણ જોધપુર રાજ્યનો વિસ્તાર પણ એ વખતમાં ઘણો વધ્યો. ભારતવર્ષના રજપૂતોમાંથી આ પહેલીજ રાજકન્યા મુસલમાનને પરણાવવામાં આવી હતી. જોધબાઇ ઘણીજ રૂપાળી અને ગુણવતી હતી. બાદશાહ સાથે તેનો વિવાહ ઇ. સ. ૧૫૬૯ માં થયો હતો. તેના સૌંદર્ય અને સદ્ગુણોને લીધે એ અકબર બાદશાહની ઘણી માનીતી બેગમ થઇ પડી હતી. લગ્ન થયા પછી થોડે દિવસે બેગમ જોધબાઇ પતિની સાથે અમીરુદ્દીન ચિસ્તીની સમાધિનાં દર્શન કરવા સારૂ પગે ચાલીને ગઇ હતી. અકબરે એ યાત્રા સંતાનને સારૂ કરી હતી. બાદશાહ અને બેગમ દરરોજ ત્રણ ગાઉ ચાલતાં હતાં. બેગમના પગમાં કાંટા અને કાંકરા ન વાગે તથા ઘાસ ખૂંચે નહિ, એટલા માટે રસ્તામાં ગાલીચા અને શેતરંજીઓ પાથરવામાં આવ્યાં હતાં અને પડદો સાચવવા સારૂ રસ્તાની બન્ને તરફ કનાતો ઊભી કરી હતી. આ પ્રમાણે બાદશાહ અને બેગમ નિત્ય જે જે સ્થળે પડાવ નાખતાં, તે તે સ્થળે ઇંટોનો એક મિનારો બંધાવતાં. આ પ્રમાણે પરિશ્રમ વેઠીને અકબરે તથા જોધબાઇએ અમીરુદ્દીન ચિસ્તીની દરગાહનાં દર્શન કર્યાં અને આખી રાત તેમની આગળ પ્રાર્થના કરીને ત્યાંજ રહ્યાં. દંતકથા એવી છે કે, એ રાતે ઓલિયાએ તેમને સ્વપ્નમાં કહ્યું કે, “ જા, ફતેહપુર સિક્રીમાં એક ઈશ્વરનો ભક્ત સાધુ રહે છે; તેની પાસે જા અને તેને પ્રસન્ન કર,

એ તને વરદાન આપશે.” એ સ્વપ્ન અનુસાર અકબર બાદશાહ ફતેહપુર ગયો અને શેખ સલીમ નામના ફકીરની અત્યંત સેવા કરી. અત્યંત સેવા અને પ્રાર્થનાથી પ્રસન્ન થઇને સાધુએ વરદાન આપ્યું કે, “ જોધબાઈના ગર્ભથી તારે ત્યાં એક અત્યંત તેજસ્વી અને દીર્ઘાયુષી પુત્ર ઉત્પન્ન થશે.” ઈશ્વરની કૃપાથી બેગમ જોધબાઇને ગર્ભ રહ્યો અને પુત્ર અવતરતાં સુધી એ ફકીરની ઝૂંપડીની પાસેજ રહી અને ત્યાં નિર્વિઘ્ને શાહજાદાનો જન્મ થયો. તેનું નામ સાધુના સ્મરણાર્થે મિરઝા સલીમ પાડ્યું. એજ શાહજાદો સલીમ પાછળથી જહાંગીર નામ ધારણ કરીને દિલ્હીના સિંહાસન ઉપર બેઠો.

ઘણી વાચક બહેનોને શંકા થતી હશે કે, જોધબાઈ તો હિંદવાણી હતી, તો પછી એ મુસલમાનોના રણવાસમાં પોતાનો ધર્મ કેવી રીતે પાળી શકતી હશે? પરંતુ એ બહેનોના ખુલાસા ખાતર અમારે જણાવવું જોઇએ કે, અકબર બાદશાહ બીજા મુસલમાનો જેટલો ધર્માંધ નહોતો. ગમે તે પ્રકારે પોતાના ધર્મનો પ્રચાર કરવો અને બીજા ધર્મોનું ખંડન કરવું, એ તેને મુદ્દલ પસંદ નહોતું. ધર્મના વિષયમાં એ ઘણો ઉદાર સ્વભાવનો હતો. એ વખતમાં ચાલતા દરેક મુખ્ય ધર્મોના શાસ્ત્રનો એણે ભિન્ન ભિન્ન વિદ્વાનો પાસે અભ્યાસ કર્યો હતો. એને ખાતરી થઇ ગઇ હતી કે, બધા ધર્મો એકજ જગતકર્તા પરમેશ્વરની ઉપાસના કરે છે. તેથી એને મુસલમાન ધર્મ ઉપર જરા પણ પક્ષપાત નહોતો. એ પોતાની રૈયતને મરજી પ્રમાણે ધર્મ પાળવાની છૂટ આપતો હતો. તે ઉપરાંત એ મોટામાં મોટો રાજનીતિકુશળ બાદશાહ હતો. એનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે, મારી રૈયત મને પરદેશી ન ગણે એવું કામ મારે કરવું જોઇએ. હિંદુઓ તેને પોતાનોજ રાજા ગણીને ખરા અંતઃકરણથી તેની સેવા કરતા રહે, એ તેની ઇચ્છા હતી. એ ધારતો હતો કે, જો મનુષ્યોમાંથી જાતિભેદ જતો રહે, તો બધામાંથી પરસ્પર વૈરભાવ પણ જતો રહે. એટલા માટે એ હિંદુ અને મુસલમાનો સાથે એક સરખો વ્યવહાર રાખતો. હિંદુસ્તાનના પ્રસિદ્ધ ઇતિહાસવેત્તાઓનું વાજબી રીતે માનવું છે કે, અકબરના વખતમાં હિંદુ અને મુસલમાનોમાં જેવો સંપ હતો, તેવોજ સંપ પછીથી પણ કાયમ રહ્યો હોત, તો મોગલ વંશની પડતી કદી પણ ન આવત. હિંદુઓની સાથે વધારે

ઘાડા સંબંધમાં આવવા સારૂ, એણે જોધપુરની કુંવરી સાથે લગ્ન કર્યાં હતાં; અને એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય કે, અકબર બાદશાહના સમયમાં હિંદુઓને જે અપૂર્વ સુખશાંતિ મળી તેને માટે તેઓ જોધબાઇને ઘણા આભારી છે. જોધબાઈ ઉદારચિત્ત, શીલવાન, દયાળુ અને ધર્માત્મા સ્ત્રી હતી. બાદશાહ તેના પ્રેમને વશ હતો.દરેક મોટા કામમાં એ જોધબાઈની સલાહ લેતો. જોધબાઇનો પ્રતાપ એટલો પ્રબળ હતો કે, અકબર તેની ઇચ્છા વિરુદ્ધ કોઇ કાર્ય કરી શકતો નહોતો. એને આર્ય ધર્મનું અભિમાન હતું, એટલે હિંદુઓને સુખી કરવાનો વિચાર તેને રાતદિવસ આવ્યા કરતો હતો.

જોધબાઇનો પરલોકવાસ કયા સમયમાં થયો તે ખાતરીપૂર્વક કહી શકાતું નથી; પણ મિ. કર્નલ ટૉડના લેખથી માલૂમ પડે છે કે, અહમદનગરની જીત પછી ઈ. સ. ૧૬૦૦માં તેનો સ્વર્ગવાસ થયો. જ્યારે જોધબાઇનું મૃત્યુ થયું, ત્યારે અકબર બાદશાહે ફરમાન કાઢયું કે, “બાદશાહી દરબારમાં આવનાર દરેક જણે દાઢી, મૂછ અને માથાના વાળ મૂંડાવીને શોક પાળવો.” બીજા બધા લોકોએ તો બાદશાહના હુકમને લાચારીએ માન આપીને મૂછો મૂંડાવી, પણ બાદશાહનો હજામ જ્યારે હાડા રાજાની મૂછો મૂંડવા આવ્યો, ત્યારે બધા રજપૂતોએ તેને ધક્કો મારીને કાઢી મૂકયો. બૂંદીના રાજા રાવ ભોજની આ ઉદ્ધતાઈના સમાચાર બાદશાહને કાને પહોંચ્યા. રાવ ભોજના દુશ્મનોએ આવો લાગ જોઇને બાદશાહના કાન પણ ભંભેર્યા. બાદશાહે એ વીર રાજાની મદદથીજ અહમદનગર જીત્યું હતું, પણ પોતાની પ્યારી બેગમના શોકમાં તેની અક્કલ એવી બહેર મારી ગઈ હતી કે, એ બધો ઉપકાર વીસરી ગયો અને હુકમ આપ્યો કે, “જે કોઇ ખુશીથી મૂછો ન મૂંડાવે તેના હાથપગ બાંધીને મૂછો મૂંડો.” કહેવું તો ઘણું સહેલું હતું, પણ કોની માએ શેર સૂંઠ ખાધી હોય કે, એવું સાહસ કરવા તૈયાર થાય? સિંહની ગુફામાં હાથ નાખવો એ તો ઘણું સહેલું કામ હતું. પરંતુ બૂંદીના વીર રજપૂત રાજાની મૂછ મૂંડવી એ બિલકુલ અસંભવિત કામ હતું. આ વિચિત્ર આજ્ઞા સાંભળતાંવારજ બધા રજપૂતો ઉશ્કેરાઇ ગયા. શહેરમાં હાહાકાર મચી રહ્યો અને યુદ્ધની તૈયારીઓ થવા લાગી. સદ્ભાગ્યે દૂરંદેશી બાદશાહની બુદ્ધિ ઠેકાણે આવી.

પોતાની મૂર્ખતા માટે પશ્ચાત્તાપ કરતો કરતો એ હાડા રાજાની પાસે ગયો. એ ઘણી સારી વાત થઈ, નહિ તો જોતજોતામાં આ નજીવી વાત ઉપર દિલ્હીના મહોલ્લાઓમાં લોહીની નદીઓ વહેવા લાગત. બાદશાહે આ વખતે વાણિયા મૂછ નીચી કરી. હાડા રજપૂતોની વીરતાની એણે ઘણી પ્રશંસા કરી તથા હાથી ઉપરથી ઊતરીને રાવ ભોજનો ઘણો આદરસત્કાર કર્યો. બુંદીના રાવ રાજાએ બાદશાહને એ વખતે ઘણાં ન કહેવાનાં વેણુ કહ્યાં; પરંતુ પોતાનો વાંક હોવાથી બાદશાહ એ અપમાનનો ઘૂંટડો પી ગયો. અકબરે પોતાની માનીતી રાણીના સ્મરણાર્થે આગ્રામાં એક સમાધિ પણ બનાવી હતી.

૧૯૯-शृंगारम्मा

મા યસોરના રાજા ચિક્કા દેવરાયના દરબારમાં એ સન્નારી કવિતા કરતી હતી. રાજા ચિક્કા દેવરાયનો રાજ્યકાળ ઇ. સ. ૧૬૨૨ થી ૧૭૦૪ છે. એ રાજા સાહિત્યપ્રેમી હતો અને પોતે પણ લેખક હતો. વિદ્વાનો અને કવિઓને સારો આશ્રય આપતો. ઐતિહાસિક ગ્રંથોનો એક સારો સંગ્રહ એણે પોતાના પુસ્તકભંડારમાં કર્યો હતો. પણ આપણા દુર્ભાગ્યે ટીપુ સુલતાને પાછળથી એ ગ્રંથોનો નાશ કર્યો હતો. શૃંગારમ્મા શ્રીવૈષ્ણવસંપ્રદાયની કવયિત્રી હતી. એણે ‘પદ્મિની કલ્યાણ’ નામનું કાવ્ય લખ્યું છે;જેમાં શ્રીનિવાસ અને પદ્મિનીનો વિવાહ ગાયો છે. એની કવિતા સંગીતમય ને વાજિંત્રની સાથે ગાવા યોગ્ય છંદમાં લખાયલી છે. એ કાવ્ય રસમય છે.



૨૦૦–મુક્તાબાઈ

એમનો જન્મ અગાઉ વર્ણવાયલાં રુકિમણી અથવા રુખમાબાઇના ગર્ભમાં થયો હતો. દક્ષિણના પ્રસિદ્ધ સંત જ્ઞાનેશ્વર મહારાજનાં એ નાનાં બહેન થાય. શકે ૧૨૦૧ના આસો સુદિ પડવાને દિવસે એમનો જન્મ થયો હતો. માતાપિતા તથા વડીલભાઇ નિવૃત્તિનાથ અને જ્ઞાનેશ્વર પાસેથી એમને ઊંચા પ્રકારનું શિક્ષણ મળ્યું હતું. એમના હૃદયમાં પ્રભુભક્તિ પૂર્ણપણે વસી રહી હતી, રાતદિવસ ઇશ્વરનું ચિંતન કરતાં.

માતપિતા એની નાની વયમાંજ સ્વર્ગવાસ પામ્યાં હતાં, એટલે તેને ઉછેરવાનો ભાર તેના મોટાભાઇ નિવૃત્તિનાથ ઉપર આવ્યો હતો. નિવૃત્તિનાથ સાચા બ્રહ્મજ્ઞાની હતા. એમના સહવાસમાં રહેવાથી મુક્તાબાઇના જ્ઞાન અને વૈરાગ્યમાં વૃદ્ધિ થઇ હતી. મુક્તાબાઈ ગૃહકાર્યમાં કુશળ હતી અને નાની વયમાંજ સુંદર ભોજન રાંધીને ભાઇઓને જમાડતી. દિવાળીના પર્વના દિવસોમાં એક દિવસ નિવૃત્તિનાથે મુક્તાબાઇને કહ્યું કે, “આજે તો એક વાર ઉત્તમ માંડ (એક જાતની ખાવાની વસ્તુ) જમવાની મારી ઇચ્છા છે.” મુક્તાબાઈ માંડ તૈયાર કરવા માટે વાસણ લેવાને કુંભારવાડે જવા નીકળ્યાં. રસ્તામાં વિસોબા નામનો એક એમના ઉપર દ્વેષ રાખનારો બ્રાહ્મણ મળ્યો. તેણે મુક્તાબાઇને પૂછ્યું કે, “છોકરી ક્યાં જાય છે?” મુક્તાબાઇએ પોતાનો ખરો હેતુ જણાવ્યો. વિસોબા તેની સાથે કુંભારવાડે ગયો અને કુંભારને કહેવા લાગ્યો કે, “ખબરદાર! કોઇએ આ છોડીને વાસણ આપ્યું તો તમારી વાત તમે જાણ્યા!” મુક્તાબાઈ ફરી ફરીને થાક્યાં પણ કોઇએ તેમને વાસણ આપ્યું નહિ. આથી તે ઉદાસ થઇને ઘેર આવ્યાં. જ્ઞાનેશ્વર તેમની આ દશા જોઇને દોડતા દોડતા તેમની પાસે ગયા અને હૃદયસરસાં ચાંપીને ઉદાસ થવાનું કારણ પૂછ્યું. મુક્તાબાઇએ કહ્યું: “આજ મોટાભાઇની ઇચ્છા મારાથી

પૂર્ણ થઇ નહિ શકે માટે મને લાગી આવ્યું છે." મુક્તાબાઇને મુખેથી બધો વૃત્તાંત સાંભળીને જ્ઞાનદેવે તેમને ધીરજ આપી અને યોગદ્વારા પંચાગ્નિનું આહ્‌વાન કરીને પોતાની પીઠ તપેલા સોના સમાન તપાવીને તે ઉપર માંડ શેકવા મુક્તાબાઇને કહ્યું.

મુક્તાબાઇએ જ્ઞાનેશ્વર મહારાજની પીઠ ઉપર માંડ તૈયાર કર્યા. એ દેખાવ વિસોબાએ ગુપ્ત રીતે જોયો. ત્યારથી એને જ્ઞાનદેવ અને તેમનાં ગુણવાન ભાઇબહેનની કદર થઇ. તેણે એમની ઝૂંપડીમાં પ્રવેશ કરીને પોતાના અપરાધની માફી માગી

એક દિવસ મુક્તાબાઇ પોતાની 'સહજ સ્થિતિ' અર્થાત્ નગ્ન દશામાં સ્નાન કરી રહ્યાં હતાં. એટલામાં ચાંગદેવ નામના ભક્ત ત્યાં અચાનક આવી ચઢયા ચાંગદેવ એ દશ્ય જોતાંવારજ સંકોચવૃત્તિથી દૂર જવા લાગ્યા. એ જોઈને જ્ઞાની મુક્તાબાઇએ કહ્યું: "આ મુઓ નગુરો (ગુરુ વિનાનો) છે." ચાંગદેવે એ શબ્દો સાંભળ્યા અને મુક્તાબાઈ સ્નાન કરીને પરવાર્યાં ત્યારે તેમને પૂછયું કે, "મારો એવો શો અપરાધ થઇ ગયો છે કે,આપે મને નગુરો કહ્યો ?" મુક્તાબાઈએ ઉત્તર આપ્યો કે, "ભીંતના ગોખલાને જોઇને તેની પાસે જનારને વિકાર ઉત્પન્ન થતો નથી તેમ ભીંતના ગોખલા સમાન સ્ત્રીના અંગને ગણવાનો ઉપદેશ તને ગુરુકૃપાથી મળ્યો હોત તો તારા અંતઃકરણમાં વિકાર ઉત્પન્ન થાતજ નહિ. ગાય જેવી રીતે વનમાં નવસ્ત્રી ફરે છે, તેવીજ રીતે નગ્નદશામાં તે શહેરની વસ્તીમાં પણ વિચરે છે. તે ગાયના જેવીજ તું મને પણ જાણ.તને એવો વિકારી ભાવ ઉત્પન્ન શાથી થાય છે?"

આ ઉત્તર સાંભળતાંવારજ ચાંગદેવને મુકતાબાઇની ખરી યોગ્યતાનું ભાન થયું. તેમને ખાતરી થઇ કે મુક્તાબાઇ પૂર્ણતાને પહોંચેલી સાધ્વી છે અને દિશાઓનેજ પોતાનાં વસ્ત્ર સમજે છે. હું તો જ્ઞાનમાં એમના કરતાં ઘણે નીચે દરજ્જે છું. જ્ઞાનેશ્વરની આજ્ઞાથી મુક્તાબાઇએ ચાંગદેવને મહાવાકયનો ઉપદેશ કર્યો. પછી જ્ઞાનદેવનાં પાંસઠ રહસ્ય તેને સમજાવીને સ્વાનંદ સામ્રાજ્ય ઉપર આરૂઢ કર્યો. મુકતાબાઇએ ચાંગદેવને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપીને અદ્વૈતસુખનો અધિકારી બનાવ્યો. જે વડના ઝાડ નીચે બેસીને મુક્તાબાઇએ ચાંગદેવને આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો તેને 'વિશ્રાન્તિ વટ' કહે છે. આ વટવૃક્ષ નગર–પ્રદક્ષિણાની વાટ ઉપર છે. ચાંગદેવ જેવા મહાન યોગીને મુક્તાબાઇએ આત્મબોધ

કર્યો તે ઉપરથી તેની યોગ્યતાનું અનુમાન થઈ શકે છે. તે આ વખતે તારુણ્યના ઉમરામાં ઊભી હતી. આવી વયમાં તેનો વિષય-વૈરાગ્ય, ચિત્તની સમતા, સ્થિતપ્રજ્ઞતા અને અખંડ બ્રહ્મસ્થિતિ એ ગુણ લક્ષમાં લેતાં તેની દિવ્યતાનું આપણને ભાન થાય છે અને શ્રદ્ધાપૂર્વક તેના નામનું સ્મરણ કરીને વિનીતભાવે મસ્તક નમાવવાનું મન થાય છે.

મુક્તાબાઈ સારી કવયિત્રી હતી. મરાઠી ભાષામાં તેણે અનેક અભંગ લખ્યા છે. ચાંગદેવને પોતે ઉપદેશ આપ્યો તેનું વર્ણન પણ તેનાં કાવ્યોમાંથી મળી આવે છે. મુક્તાબાઇએ ચાંગાને પોતાના પુત્રવત્ ગણીને ચાંગસુતનાં હાલરડાં ગાયાં છે. એમાંનો એકાદ નમૂનો નીચે આપીએ છીએઃ—

"ભાવેં ભક્તિ કરૂની વૈરાગ્ય જોડસી, તરી તું પાવસી બ્રહ્મસુખ (૧)
જ્ઞાનતત્ત્વીં કરીં કરીં હા વિચાર, નિર્ગુણીં આકાર નિરામય (૨)
ચાંગ્યા સોયધરી જ્ઞાનવટેશ્વરીં, મુક્તાબાઈ જિંહારીં બોધ કરી (૩)

મુક્તાબાઈના મૃત્યુ સંબંધી અનેક મત છે. કેટલાક કહે છે કે, સોળ વર્ષની વયે તેનું મૃત્યુ થયું. ધાર્મિક પુરુષો માને છે કે બ્રહ્મકલ્પપર્યંત તેને સમાધિજ નથી. તે પંઢરપુરમાં હજુ પણ ચિરંજીવ છે. કેટલાક કહે છે કે ખાનદેશમાં એદલાબાદ નામના ગામમાં તેની સમાધિ છે. મુક્તાબાઈ શકે ૧૨૧૯ માં વિદેહ થઇ એમ હાલના વિદ્વાનો માને છે.*



* સસ્તુ સાહિત્યની 'જ્ઞાનેશ્વરી ગીતા'ની પ્રસ્તાવનામાંથી.

२०१-सीता (पीपा भक्तनी राणी)

રજપૂતાનામાં આવેલા કોટા રાજ્યમાં ગાગ-રોન નામનો એક પુરાણો ગઢ છે. એમાં એક સમયે પીપા નામનો એક ભક્ત રાજા રાજ્ય કરતો હતો. પ્રારંભમાં એ દેવીનો ભક્ત હતો, પણ પાછળથી એ કાશી જઇને રામાનંદ સ્વામીનો શિષ્ય બન્યો હતો. એમ કહેવાય છે કે રામાનંદ સ્વામીની પ્રશંસા સાંભળીને એ જ્યારે એમની પાસે ગયો ત્યારે સ્વામીએ કહ્યું કે, "મારે રાજાનું શું કામ છે? મારા શિષ્ય બનવું હોય તો પહેલાં રાજમદ છોડીને રંક બનવું જોઇએ. તમારો બધો પૈસો ઉડાવી નાખો અને પછી એકલા થઇ-ને મારી પાસે આવો." પીપાએ એમજ કર્યું અને પછી રામાનંદ પાસે ઉપદેશ લઇને ત્યાં રહેવા લાગ્યો. રામાનંદજીએ તેને જ્ઞાન આપ્યા પછી ઘેર જઇને પાછો ગૃહસ્થાશ્રમ ચલાવવાની અને સાધુસંતની સેવા કરવાની આજ્ઞા આપી. રાજાએ એજ પ્રમાણે પોતાને ઘેર જઇ સદાવ્રત શરૂ કર્યું અને સાધુસેવા કરવા માંડી. બાર મહિના પછી એણે રામાનંદ સ્વામીની પોતાના નગરમાં પધરામણી કરાવી અને એમની તથા એમના શિષ્યોની ઘણી સેવા કરી. રામાનંદ સ્વામી દ્વારકાની યાત્રાએ નીકળ્યા હતા. પીપાએ પણ તેમની સાથે જવાની ઇચ્છા દર્શાવી. અનેક રાણી-ઓએ પણ એમની સાથે જવાની ઇચ્છા જણાવી. પીપાએ કહ્યું કે, "હું તો સાધુઓની સાથે સાધુ થઇને જાઉં છું, ત્યાં તમારૂં કામ નહિ." પણ રાણીઓએ માન્યું નહિ. આખરે પીપાજીએ ગુરુની સલાહથી એક યુક્તિ શોધી કાઢી. તેણે રાણીઓને કહ્યું કે, "જેમને મારી સાથે આવવું હોય તે કેશ મૂંડાવે અને શ્વેત વસ્ત્ર તથા માળા ધારણ કરે. ગોપીચંદનનું તિલક કરે અને સાધુ-ના વેશમાં મારી સાથે આવે." એ સાંભળીને બધી રાણીઓ

પાછી પડી. સ્ત્રીને શૃંગાર સૌથી વધારે પ્રિય હોય છે. એનો ત્યાગ કરવાને કોઇ તૈયાર થયું નહિ. કેવળ સીતા નામની તેની એક રાણી હતી. તેણે એમ કરવાનું સ્વીકાર્યું અને રાજાની સાથે જવા તૈયાર થઇ. રામાનંદ સ્વામી પણ એની ભક્તિ જોઇને ઘણા પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે, "એ પરમ સતી છે, એને સાથે લો. એ સતી સાધ્વી તમારી ભક્તિને ઓપ દેશે. સ્ત્રી પતિવ્રતા અને પતિના સ્વભાવને અનુકૂળ હોય તો તેને ઉચ્ચ માર્ગે જવામાં વિઘ્નરૂપ થઇ પડતી નથી પણ ઊલટી સહાયભૂત થઈ પડે છે." રાણી સીતા સાધુને વેશે પગે ચાલીને યાત્રાએ ગઇ.

માર્ગમાં એક પઠાણ સીતાનું રૂપ જોઇને તેના ઉપર મોહી ગયો અને રાવણે જનકનંદિનીનું હરણ કર્યું હતું, તેમ પીપાની રાણી સીતાનું તે હરણ કરીને ચાલતો થયો. પણ સીતાએ પોતાનું શિયળ છોડયું નહિ. ભગવાને તેને ઓચિંતી મદદ મોકલી અને સીતા સુરક્ષિત પોતાના ભક્ત પતિની પાસે પહોંચી. પીપાજીએ કહ્યું કે, "અમારી સાથે યાત્રાએ આવવામાં આવું જોખમ રહેલું છે માટે પાછાં જાઓ." પણ સીતાએ કહ્યું: "હું ભયથી બીને તમારો ત્યાગ કરનાર નથી. સતી સ્ત્રીનું સ્થાન પતિની પાસેજ હોય છે."

માર્ગમાં તેમને એક નિર્ધન સ્ત્રીપુરુષનો પરિચય થયો. એ દંપતીએ પીપાનો સારી પેઠે સત્કાર કર્યો હતો અને સ્ત્રીએ પોતાનું એક માત્ર પહેરવાનું વસ્ત્ર વેચીને એમને ભોજન કરાવ્યું હતું તથા પોતે નગ્ન દશામાં કોઠીમાં ભરાઇ રહી હતી. સીતાજી-ને એ દંપતીની ગરીબાઇ જોઇને ઘણી દયા આવી અને તેથી પોતે ગામમાં ગાઇબજાવીને કેટલુંક ધન એકઠું કરીને એ ગરીબ ભક્તને આપ્યું હતું.

એક દિવસ પીપાજી બહાર ગયા હતા અને ઘર આગળ સાધુ આવ્યા. સીતા સીધું લેવા બજારમાં ગઈ, પણ કોઇએ ઉધાર સીધું આપ્યું નહિ! એક વિષયી વાણિયાએ એના રૂપથી મુગ્ધ થઇને સીધું ઉધાર આપ્યું, પણ રાતે પોતાને ઘેર આવવાનું વચન સીતા પાસેથી લીધું. સીતાએ સાધુને જમાડીને પ્રસન્ન કર્યા અને પતિ ઘેર આવતાં તેમને બધી વાત કરી. પછી રાત્રે સીતા પોતાનું વચન પાળવા વસ્ત્ર પહેરીને વાણિયાને ઘેર જવા તૈયાર થઇ. એની ખાતરી હતી કે, શુદ્ધ હૃદયની સ્ત્રી ઉપર કુદૃષ્ટિ કર-વાની હિંમત કોઇની ચાલનાર નથી. એ દિવસે વરસાદ ઘણો

વરસતો હતો, એટલે માર્ગમાં કાદવ હતો. પીપા ભક્ત પત્નીને ખભે બેસાડીને તથા શરીરે કામળો ઓઢાડીને વાણિયાના ઘર સુધી મૂકી આવ્યા. વાણિયો સીતાના પગ ધોવા સારૂ પાણીનો લોટો લાવ્યો, પણ એના પગ તો કોરા જોયા તેથી આશ્ચર્ય પામ્યો અને પૂછ્યું કે, "આવા વરસાદમાં તમે કોરાં કેવી રીતે આવ્યાં?" સતી સીતાએ ખરી વાત કહી. એ ઉપરથી વાણિયાને પોતાના દુષ્ટ વિચાર માટે ઘણો પસ્તાવો થયો અને તેણે સીતાને અનેક વાર 'માતા' કહીને ક્ષમા માગી અને પીપાજી બહાર ઊભેલા હતા, તેમને બોલાવીને તેમના ચરણમાં અનેક વાર પ્રણામ કરી, ક્ષમા માગીને તેમની પાસેથી ઉપદેશ લીધો.

પીપાજીની પત્ની પરમ ભક્ત સીતાનો પ્રભુ ઉપર દૃઢ વિશ્વાસ, તથા ગરીબો અને દુઃખીઓ પ્રત્યે તેમણે બતાવેલી દયાની બીજી પણ અનેક કથાઓ પ્રચલિત છે.

સતી સીતાના સમયનો નિર્ણય કરવા માટે એટલું જણાવવું પૂરતું થશે કે રામાનંદ સ્વામી ચૌદમા અને પંદરમા સૈકાની વચમાં થઈ ગયા છે. તે રામાનુજ સંપ્રદાયના હતા, પણ પાછળથી એમણે પોતાનોજ સંત સંપ્રદાય ચલાવ્યો હતો. એ પરમ ભક્ત હતા, રામાનંદના બાર શિષ્યો હતા; મહાન ભક્ત કબીર તથા રોહીદાસ એનાજ શિષ્ય હતા. ભક્ત પીપો પણ એનોજ ભક્ત હતો. ઊંચનીચ દરેક જાતિના મનુષ્યો રામાનંદના શિષ્ય બની શકતા. રામાનંદી પંથમાં જાતિભેદ મનાતો નથી. રામાનંદના શિષ્યોએ સંસ્કૃતભાષામાં ગ્રંથો ન લખતાં લોકભાષામાં ભજનો લખીને ધર્મનાં ગૂઢ રહસ્યોને બહુ સરળ બનાવ્યાં છે.



૨૦૨–સલીમા સુલતાન બેગમ

બાદશાહ અકબરના અંતઃપુરમાં સૌથી ચતુર, બુદ્ધિમતી અને વાતચીતમાં અદ્વિતીય સ્ત્રી તરીકે એ પ્રખ્યાત હતી. એ મિરઝાનૂર ઉદ્દીનની પુત્રી અને મોગલ વંશના પ્રથમ રાજા બાબરની દૌહિત્રી હતી. એની માતાનું નામ ગુલરૂખ બેગમ હતું. ગુલરૂખ બેગમ હુમાયુની સાવકી બહેન હતી. બહેરામખાં ખાનખાનાનની સાથે સલીમા સુલતાન બેગમનું લગ્ન થયું હતું. એના લગ્નને લગતો પણ ઇતિહાસ છે. પ્રસિદ્ધ વીરપુરુષ શેરશાહ પઠાણે હુમાયુને હરાવ્યો. હુમાયુને ગાદી છોડીને નાસવું પડયું. ફકીરી લઈને બાકીનું જીવન સમાપ્ત કરવાનો તેનો ઇરાદો હતો. એ વખતે બહેરામખાંએ તેને ઉત્તેજિત કર્યો અને ઈરાનના બાદશાહની પાસે જઈને આશ્રય માગવાની સલાહ આપી. મગધના એક સાધારણ જમીનદારના પુત્રે મોગલ શહેનશાહને ગાદી ઉપરથી ઉઠાડી મૂકયો એ વાત સાંભળીને ઈરાનના રાજાને ઘણો ખેદ થયો. તેણે હુમાયુને સારૂં સન્માન આપ્યું. ઈરાનની તથા બહેરામખાંના અપૂર્વ પરાક્રમની મદદથી હુમાયુએ ગયેલું રાજ્ય પાછું મેળવ્યું. વિપત્તિના સમયમાં પોતાને સહાયતા આપનાર બહેરામખાંને બાદશાહ સુખના સમયમાં વીસરી ગયો નહિ. તેણે બહેરામખાંને વચન આપ્યું હતું કે, "તને મારી ભાણેજ સાથે પરણાવીશ. ભારતનો બાદશાહ થયા પછી તેણે પોતાનું વચન પાળ્યું અને ઘણી ધામધૂમપૂર્વક સલીમાનું લગ્ન બહેરામખાંની સાથે કર્યું. પરંતુ બહેરામખાંના નસીબમાં આ રમણીરત્નનું સુખ ઝાઝા વખતને માટે લખાયું નહોતું. પરણ્યા પછી ત્રણ વર્ષ બાદ એક ગુપ્ત હત્યારાએ બહેરામખાંનો વધ કર્યો. બહેરામખાંના કંઠમાંથી સરી પડેલું રત્ન બાદશાહ અકબરે આદરપૂર્વક પોતાના હૃદય

ઉપર ધારણ કર્યું. બાદશાહના ઝનાનામાં દાખલ થયા પછી તેણે પુષ્કળ પુણ્યદાન કરીને પ્રજાને સંતુષ્ટ કરી.

સલીમાને પેટે કંઇ સંતાન થયું નહોતું. એટલે એનો બધો પ્રેમ શાહજાદા સલીમ ઉપર ઊતર્યો હતો. પેટનાં સંતાનની પેઠે લાડથી એ એનું લાલનપાલન કરતી. સલીમને જ્યારે પિતાની વિરુદ્ધ બળવો કરવાની દુષ્ટ બુદ્ધિ સૂઝી ત્યારે એને એ અધમ કાર્યમાંથી રોકવાને સલીમા જાતે અલ્હાબાદ ગઈ હતી અને સમજાવીને પુત્રને બાદશાહની સમીપ લાવી હતી. તીક્ષ્ણ બુદ્ધિવાળી એ વિદુષી મહિલા વચમાં ન પડી હોત, તો એ ગૃહ-કલહ શાંત થાત કે નહિ તે કહી શકાતું નથી.

વિદુષી સલીમાને વાંચવાલખવાનો ઘણોજ શોખ હતો. તેણે વાંચેલાં પુસ્તકોની સંખ્યા અને વિવિધતા ઘણી છે. બત્રીસ પૂતળીની વાત તેણે વાંચી હતી. કવિતા પણ સલીમા સારી લખી જાણતી અને મખફી (ગુપ્ત) સંજ્ઞાથી કાવ્યરચના કરતી. સલીમાનું નીચેનું પદ એ સમયમાં ઘણું પ્રસિદ્ધ હતું:—

" મોહવશ થઇને તારા વાંકા વાળને મેં ' જીવનસૂત્ર ' કહ્યું છે એ મારો ઉન્મત્ત પ્રલાપ હતો. "

સલીમા ઘણી ધાર્મિક સ્ત્રી હતી. એ મુસલમાનોના પવિત્ર તીર્થ મક્કા અને મદીનાની ચાર યાત્રા કરી આવી હતી. ખાફીખાંના ઇતિહાસમાં ધર્મપ્રાણા સલીમાને ' ખાદિજા-ઉજ-જમાની 'ની ઉપમા આપવામાં આવી છે. ખાદિજા મહમદ પેગંબરની પ્રથમ સ્ત્રી હતી. બાદશાહ જહાંગીરના આત્મચરિત્રમાં સલીમાના સદ્ગુણ, માનસિક શક્તિ અને તેણે પોતે આપેલા ઉચ્ચ શિક્ષણની ઘણી પ્રશંસા કરવામાં આવી છે.

२०३-असमत बेगम

એ મિરઝા ગ્યાસઉદ્દીન મહમદની પત્ની હતી. મિરઝાના પિતા ઇરાનમાં યઝદના વઝીરને મોટો હોદ્દો ભોગવતા હતા. પણ પિતાના મૃત્યુથી પડતી દશા આવતાં એ પત્ની સહિત હિંદુસ્તાન આવ્યો હતો. સ્વદેશનો ત્યાગ કર્યો ત્યારે પત્ની સગર્ભા હતી. અને કંદહારમાં તેણે મહેર-ઉન્-નિસાને જન્મ આપ્યો કે જે પાછળથી નૂરજહાનને નામે પ્રસિદ્ધ થઇ. હિંદુસ્તાનમાં આવ્યા પછી મિરઝા અકબર બાદશાહની સેવામાં રહ્યો અને પોતાની બુદ્ધિ અને ચાતુર્ય વડે મોટો અધિકાર પામીને ઇતમાદ-ઉદ્-દૌલાને નામે વિખ્યાત થયો.

અસમત બેગમમાં નામ પ્રમાણે ગુણ હતા અર્થાત્ તે પવિત્ર અને પતિવ્રતા બાઇ હતી. પતિની દુર્દશાના સમયમાં એણે શાંતિથી દુઃખ સહન કર્યું હતું અને પોતાના મીઠા સ્વભાવથી એણે સંકટમાં પતિને ધૈર્યનો ત્યાગ કરવા નહોતો દીધો. જહાંગીર રાજ્યગાદીએ બેઠો અને નૂરજહાનને તેને રાજ્યપ્રબંધમાં પ્રત્યક્ષ સહાય આપવા માંડી, ત્યારે અસમત બેગમની અનુભવી સલાહ તેને ઘણી ઉપયોગી થઇ પડી હતી. અસમત બેગમ એક કેળવાયલી અને ઉચ્ચ કુળની લલનાને છાજે એવા શોખ ધરાવનારી હતી. ‘ અત્ર-ઇ-જહાંગીરી ’ નામથી વખણાયલું સુગંધીદાર અત્તર એણેજ શોધી કાઢ્યું હતું. જહાંગીરે એ અત્તરનાં ઘણાં વખાણ કર્યાં છે, કે એ અત્તરનું એક ટીપું હાથમાં ઘસ્યું હોય તો આખી મહેફિલ મહેક મહેક થઇ રહે છે અને અસંખ્ય ગુલાબ કળીઓ એકદમ ખીલીને સુવાસ પ્રસરાવી રહી હોય એવો ભાસ થાય છે. સંસારના તાપથી દુઃખી થયેલા જીવોને એ અત્તરની સુગંધથી શાંતિ વળે છે. જહાંગીરે એ અત્તરથી પ્રસન્ન થઇને અસમત બેગમને મોતીની એક માળા ભેટ આપી હતી.

ઠરેલ બુદ્ધિની હોવાથી અસમત બેગમ નૂરજહાનને હમેશાં સાચી સલાહ આપતી. નૂરજહાનની મહત્તા અને સફળતામાં અસમત બેગમનો ઘણો મોટો ભાગ હતો. એના સમકાલીન ઇતિહાસ લેખકો એનાં બુદ્ધિ, ડહાપણ અને દાનશીલતાનાં ઘણાં વખાણ કરી ગયા છે.

ઈ૦ સ૦ ૧૬૨૧ માં એ મરણ પામી હતી. એના પરલોકગમનથી એના વૃદ્ધ અને પ્રેમાળ પતિને ઘણોજ શોક થયો હતો. એ ઘા એને વજ્ર સમાન લાગ્યો. રાજવંશી પુત્રી–જમાઇએ એને દિલાસો આપવાને ઘણાયે પ્રયત્ન કર્યા પણ કાંઇ વળ્યું નહિ. પત્નીના વિયોગથી ઝુરાઇ ઝુરાઇને એણે થોડાકજ માસમાં દેહ છોડ્યો. આગ્રામાં જમના નદીને કિનારે એની સુંદર કબર છે.

२०४–मुबारक खातून

એ ઘણી સદાચારી અને વિરક્ત સન્નારી હતી. હિજરી સન ૧૦૦૦ માં તેણે શેખ ઇબાદુલલ્લાબની સાથે લગ્ન કર્યું હતું અને શેખ સાહેબ પાસેજ ધર્મોપદેશ લીધો હતો. ઈશ્વરભક્તિને લીધે તેણે ઘણી ઘણી સિદ્ધિઓ મેળવી હતી. તેણે અનેક ચમત્કારો કરેલા કહેવાય છે. તેના સદાચાર અને વિદ્વત્તાનું મુખ્ય પ્રમાણ એ છે કે, તેણે લાંબા સમય સુધી જહાંગીર બાદશાહને શિક્ષણ આપ્યું હતું.



૨૦૫–માનબાઈ અથવા શાહબેગમ

અકબરે હિંદુ મુસલમાન એકતા સાધવાને માટે અનેક ઉપાયો યોજ્યા હતા. તેમાં રજપૂત રાજ્યો સાથે લગ્નવ્યવહાર બાંધવાની યુક્તિ મુખ્ય હતી. જે હિંદુઓ પાર્થિવ લાલચને વશ થઇ હિંદુપણાનું અભિમાન છોડી ખુશીથી વિજાતીયને કન્યા આપવાને તૈયાર થયા, તેમને માટે અમને માન ઉત્પન્ન ન થાય તો તે સ્વાભાવિક છે; પરંતુ એમાં એ નિર્દોષ બાલિકાઓનો કાંઇ વાંક ન હતો. “ દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય.” એ વિચારના વાતાવરણમાં ઊછરેલી એ કન્યાઓ મુસલમાન બાદશાહોને વરતી અને એક હિંદુ બાળાને છાજે એવી રીતે પતિની એકાગ્ર ભક્તિ કરતી.

માનબાઇ અંબરના રાજા ભગવાનદાસની કન્યા હતી. અકબરના મોટા શાહજાદા સલીમ સાથે તેનું લગ્ન થયું હતું. મોગલોએ હિંદુસ્તાનમાં આવીને હિંદુઓના ઘણા રિવાજ ગ્રહણ કર્યા હતા. બાળલગ્ન એમાંનો એક હતો. એમના સ્વદેશમાં છોકરાઓનાં લગ્ન મોટી વયે થતાં હતાં, પણ સલીમની વય લગ્ન સમયે કેવળ પંદર વર્ષનીજ હતી. માનબાઇની વય એના કરતાં ઘણીજ ઓછી હોવી જોઈએ. સારાસારનો વિવેક એનામાં એ કુમળી વયે ક્યાંથી હોય?

ઈ. સ. ૧૫૮૫ માં ૧૩ મી ફેબ્રુઆરીએ ઘણી ધામધૂમ સાથે એનાં લગ્ન થયાં. બે કરોડ તનખા મહેરમાં કન્યાને મળ્યા. લગ્ન કાઝીઓની રૂબરૂ થયાં, પણ અમુક હિંદુ સંસ્કારો અને કુળાચાર પણ કરવામાં આવ્યા. રાજા ભગવાનદાસે પહેરામણીમાં સો હાથી, પુષ્કળ ઘોડા, હીરામાણેક આદિ રત્નો, સોનાચાંદીનાં વાસણો વગેરે આપ્યું. જાનૈયાને પણ એમના દરજ્જાને છાજતી પહેરામણી આપવામાં આવી. બાદશાહે એ લગ્ન પ્રસંગે ઘણોજ આનંદ મનાવ્યો અને પુષ્કળ પૈસો લૂંટાવ્યો. વરકન્યાની પાલખી ઉપર-

થી એણે છૂટે હાથે સોનું અને ઝવેરાત ઉછાળ્યું હતું.

સાધારણ રીતે રાજદ્વારી હેતુથી બંધાયલા સંબંધ સુખી નીવડતા નથી. એ લગ્નો પ્રેમલગ્ન હોતાં નથી, પણ આ લગ્નમાં એવું ન બન્યું. માનબાઈ સ્વરૂપવતી, બુદ્ધિશાળી અને પતિની સેવા કરનારી હતી. એની પ્રકૃતિ બહુ સારી નહોતી. વંશપરંપરાથી ચાલતા આવેલા એક રોગને લીધે એનું મગજ બહુ પોચું હતું. જરા સરખી વાતમાં એ નિરાશ થઈ જતી અને કેટલીક વાર એની માનસિક દુર્બળતા ઘેલછાની હદે પહોંચતી. એમ છતાં પણ એ પતિના જીવનને આનંદ અને ઉત્સાહમય બનાવવા સદા પ્રયત્ન કરતી.

ઇ. સ. ૧૫૮૬માં એના ગર્ભથી જહાંગીર (જે એ સમયે શાહજાદા સલીમ નામથી ઓળખાતો હતો)નું પ્રથમ સંતાન ઉત્પન્ન થયું. એ કન્યાનું નામ સુલતાન–ઉન્–નિસા પાડવામાં આવ્યું. એ કન્યા સાઠ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવવા ભાગ્યશાળી નીવડી હતી. ઇ. સ. ૧૫૮૭ના ઑગસ્ટમાં શાહજાદો ખુશરૂ એના ગર્ભમાં લાહોર મુકામે જન્મ્યો. પુત્રજન્મથી માનબાઇની પ્રતિષ્ઠામાં વધારો થયો અને 'શાહબેગમ'ની ઉપાધિ એને આપવામાં આવી. ત્યાર પછી જહાંગીર પૂર્વના દેશોના રાજાઓની ફેશન પ્રમાણે અનેક બેગમો પરણ્યો. ઉપપત્નીઓનો તો પારજ નહોતો. આશરે ત્રણસો હતી; પરંતુ મહેર–ઉન્–નિસા ઉર્ફે નૂરજહાનને બાદ કરીએ તો બીજી બેગમો કરતાં માનબાઈ ઉપર જહાંગીરને વિશેષ પ્રેમ હતો. નૂરજહાનનું લગ્ન માનબાઈના મૃત્યુ પછી થયું, એટલે એના જીવનમાં એ પતિને સૌથી અધિક પ્રિય હતી.

સલીમ ઘણો વિલાસી યુવક હતો. રાજકાર્ય ચલાવવાને જે કુશળતા અને ઉચ્ચ ગુણો જોઇએ, તેનો પરિચય એણે મોટી વય સુધી નહોતો આપ્યો. આથી ભારતવર્ષમાં સામ્રાજ્યનો પાયો દૃઢ કરનાર અકબરને ઘણી ચિંતા રહેતી કે, "મારા પછી અયોગ્ય વારસ ગાદીએ બેસશે; મારો પરિશ્રમ નિષ્ફળ જશે." ખુશરૂ એ વખતે ૧૭ વર્ષનો નવજુવાન હતો. એ સુંદર ચિત્તાકર્ષક રીતભાતનો અને શુદ્ધ ચારિત્ર્યનો યુવક હતો. સાહિત્યનું તેમજ યુદ્ધકળાનું એને સારૂં શિક્ષણ મળ્યું હતું. બાદશાહ અકબરનો એના ઉપર વિશેષ પ્રેમ હતો; એના માતામહ ભગવાનદાસ

અકબરના વિશેષ પ્રીતિપાત્ર હતા અને એનો સસરો મિરઝા અઝીઝ કોકા અકબરનો દૂધભાઇ હતો. એ બંને સગાઓની સહાયતાથી પિતાનો હક્ક ડુબાવીને, ગાદીવારસ બનવાના અભિલાષ તેના હૃદયમાં ઊછળવા લાગ્યા. પિતાની વિરુદ્ધના દળમાં એ દાખલ થયો અને ખુલ્લી રીતે પિતાની નિંદા કરવાનું તેણે શરૂ કર્યું.

પતિવ્રતા શાહબેગમ માનબાઇને પુત્રની આ વર્તણુંક જરા પણ પસંદ પડી નહિ. તેણે વારંવાર પુત્રને ઠપકાના પત્રો લખ્યા અને સખ્ત ભાષામાં જણાવ્યું કે, "સલીમના શત્રુઓ સાથેનો બધો સંબંધ છોડી દઇને તેણે તેનાજ પક્ષમાં રહેવું જોઇએ;" પણ રાજ-લોભ આગળ માતાની શિખામણ કાંઈજ ચાલી નહિ. આથી માનબાઇને ઘણુંજ લાગી આવ્યું. એણે જ્યારે જાણ્યું કે એનો ભાઇ માધોસિંહ પણ એના પતિની વિરુદ્ધના કાવતરામાં સામેલ છે, ત્યારે એના શોકનો પાર રહ્યો નહિ. આ ઉપરાંત અનેક શો-કયોનાં સાલ તેને વીંધી નાખતાં હતાં. પતિનો સ્વભાવ, રાજ-કાજમાં બેદરકારી આદિથી પણ એ અસંતુષ્ટજ રહેતી હતી. એ બધા સંયોગોને લીધે કોમળ હૃદયની અને દુર્બળ મગજની એ અબળાના શોકનો પાર રહ્યો નહિ. સંસાર એને દુઃખરૂપ લાગ્યો, જીવન નીરસ લાગ્યું. એણે આપઘાત કરવાનો સંકલ્પ કર્યો અને ઇ. સ. ૧૬૦૪ની ૧૬મી મેએ તેણે અફીણ ખાઈને જીવનનો અંત આણ્યો. સલીમ એ વખતે શિકારે ગયો હતો. પત્નીના મંદવાડના સમાચાર સાંભળીને એ દોડતો આવ્યો; પરંતુ એના પહોંચતા પહેલાં તો એનો પવિત્ર આત્મા આ નશ્વર ભૂમિમાંથી ચાલ્યો ગયો હતો. સલીમના શોકનો પાર રહ્યો નહિ. એના પ્રેમનું પ્રથમ પાત્ર બનેલી, સદા એને સન્માર્ગમાં પ્રેરનારી, પતિ-પરાયણા પત્નીના વિરહથી એને ઘણુંજ દુઃખ થયું. ચાર દિવસ સુધી એણે અન્ન અને જળનો પણ ત્યાગ કર્યો. ભવિષ્યમાં પણ એની વાત કાઢતાં એનું હૃદય ભરાઇ આવતું અને તે એને પૂર્ણ બુદ્ધિમતી, સ્વભાવમાં અને સદાચારમાં શ્રેષ્ઠ અને પોતાના પ્રત્યે અનન્ય ભક્તિ રાખનારી સ્ત્રી તરીકે વર્ણવતો.

બાદશાહની આજ્ઞાનુસાર પ્રયાગના એક ઉદ્યાનમાં એનો મકબરો બનાવવામાં આવ્યો. પાછળથી એ ઉદ્યાન 'ખુશરૂ-બાગ'-ના નામથી પ્રસિદ્ધ થયો.

૨૦૬–નૂરજહાન

વિદ્યા, બુદ્ધિ, અસાધારણ સૌંદર્ય, આદિ ગુણો વડે જે નારીએ મોગલોના રાજ્યની ચડતી કળામાં પોતાનો પૂરો પ્રભાવ જમાવ્યો હતો, તે નારીનું નામ નૂરજહાન હતું. નૂરજહાનનો અર્થ જગતની જ્યોતિ થાય છે. નૂરજહાન ખરેખર જહાંગીર બાદશાહની જીવનજ્યોતિ હતી. પ્રભુ વખતોવખત રંકને રાય બનાવીને પોતાની મહત્તા બતાવે છે. નૂરજહાનનું જીવન પણ પ્રભુની એવી અસાધારણ કરુણાનો નમૂનો છે; નહિ તો મરુભૂમિમાં જન્મેલી અનાથ બાલિકા દિલ્હીના અધીશ્વરનું જીવનસર્વસ્વ–ભારતના ભાગ્યની સાચી વિધાતા બનવાનું સ્વપ્ન પણ ક્યાંથી દેખી શકે?

નૂરજહાનનું આખું જીવન એક રોમાંચક નવલકથા સમું છે.

નૂરજહાનનો પિતૃપક્ષ ઘણો ઉચ્ચ અને કુલીન હતો. એનો પિતામહ ખ્વાજા મહમદ શરીફ, ઇરાનના ખોરાસાન પ્રાંતના તાર્તારી સુલતાન બગલર બેગનો પ્રધાન હતો. એ બાદશાહના મૃત્યુ પછી તેના પુત્ર કઝાકખાનના સમયમાં પણ એણે પ્રધાનપદ ભોગવ્યું હતું. એ બાદશાહના મૃત્યુ પછી શાહ તહમાસ્પે એને યઝદના વજીરના માનભર્યા હોદ્દા ઉપર નીમ્યો હતો. ઈ. સ. ૧૫૭૭ માં યઝદનગરમાંજ નૂરજહાનના એ યશસ્વી દાદાનું મૃત્યુ થયું. ત્યાર પછી એના કુટુંબની પડતી દશા આવી. એ વિપત્તિના સમયમાં નૂરજહાનના પિતાને દેશમાં હીન જીવન ગાળવું અસહ્ય થઇ પડયું. જે સ્થળે પૂર્ણ સમૃદ્ધિમાં જીવન ગાળેલું ત્યાં નિર્ધનતા અને કંગાળ દશામાં જીવન કેમ વ્યતીત થઇ શકે? ભારતવર્ષમાં એ સમયે મુસલમાનોનું સામ્રાજ્ય સ્થપાઇ ચૂકયું હતું અને ઇરાન, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન આદિ દેશોના ઉમંગી અને બુદ્ધિમાન યુવકો કીર્તિ અને ધનની આશા-

એ ભારતવર્ષમાં આવતા. મિરઝા ગ્યાસુદ્દીન મહંમદ, જે સાધારણ રીતે ગ્યાસ બેગ નામથી ઓળખાતો હતો; તે પણ પોતાની પતિવ્રતા પત્ની અસમત બાનુ અને એક કન્યા સહિત, મલિક મસુદ નામના વેપારીના કાફલાની સાથે ભારતવર્ષ આવવા નીકળ્યો. ગ્યાસ બેગની પત્ની એ સમયે સગર્ભા હતી. એ વખતે ઇરાનથી ભારતવર્ષનો પ્રવાસ ઘણો લાંબો અને જોખમ ભરેલો હતો. રસ્તામાં ચોર અને લૂંટારૂનો ઘણો ભય હતો. મોટા કાફલાનો સંગાથ હોવા છતાં પણ અડધે રસ્તે આવતાં ગ્યાસ બેગની સંપત્તિમાંનો મોટો ભાગ ચોરાઇ ગયો. એનાં ખચ્ચરો પણ લૂંટાઇ ગયાં. કેવળ બેજ ખચ્ચર એની પાસે રહ્યાં. એની સાથે એ કંદહાર આવ્યો. ત્યાં આગળ તેની પત્નીએ એક સુંદર બાલિકાને જન્મ આપ્યો. (ઇ. સ. ૧૫૭૭.) એક વખત હિંદના મોટા રાજ્યને પોતાની આજ્ઞાનુસાર ચલાવનાર એ બાળકીના જન્મ સમયે તેની પાસે દાઇ પણ નહોતી. કરુણામયી કુદરતેજ માતા અને કન્યા બન્નેના જીવનું રક્ષણ કર્યું. એકાએક સર્વશ્રેષ્ઠ પદ ભોગવવાને ભાગ્યશાળી થનાર સ્રીપુરુષોનાં બાલ્યજીવન માટે ચમત્કારની કથાઓ આપણા દેશમાં ઘણી પ્રચલિત છે. નૂરજહાનના સંબંધમાં પણ એવી એક કથા છે કે, મુસાફરીમાં બહુજ નિર્ધન સ્થિતિમાં આવી પડ્યાથી અને એવી કુમળી બાલિકા સાથે પ્રવાસ કરવો અગવડ ભરેલો હોવાથી, એના પિતાએ ઝાડના પાંદડામાં વીંટીને એને રસ્તામાં મૂકી દીધી હતી; અને તેનું રક્ષણ કરવાને ગદ્ગદિત કંઠથી પ્રભુની પ્રાર્થના કરી હતી. બાલિકાને આ પ્રમાણે પ્રભુને ભરોસે છોડીને માતપિતા આગળ ચાલ્યાં, પણ થોડી વાર પછી માતાના સ્નેહાળ હૃદયથી પુત્રીનો એ પ્રમાણેનો ત્યાગ સહન થઈ શક્યો નહિ. એ ઘોડા ઉપરથી નીચે ઊતરીને વિલાપ કરવા લાગી અને જે વૃક્ષ નીચે બાલિકા નૂરજહાનને મૂકી હતી તે તરફ દોડવા લાગી. તાજી સુવાવડી અબળા કેટલું દોડી શકે ? થોડી વારમાંજ એ થાકી ગઇ અને પૃથ્વી ઉપર પડી ગઇ. તેના પતિએ તેને શુદ્ધિમાં આણવાના ઉપાય કર્યા અને તેના ખિન્ન હૃદયને ઘણું આશ્વાસન આપ્યું.

પણ પોતાના સંતાનને નિરાધાર અવસ્થામાં છોડીને જવાનું સાહસ નિર્દયમાં નિર્દય માતાથી પણ ન થઈ શકે, તો અસમત બેગમ જેવી કુલીન અને સુશીલ માતા પાસેથી તો એ આશા

રખાયજ કેમ ? એણે તો પુત્રીને પોતાની પાસે લાવી આપવાનો પતિને આગ્રહ કર્યો. ગ્યાસ બેગ લાચાર બનીને પુત્રીને પાછી લાવવા સારૂ પાછળ ગયો, તો એણે એક ચમત્કાર જોયો. એક મોટો ભયંકર કાળો સાપ છોકરીની આસપાસ વીંટાઇને બેઠો હતો. એને જોતાંવારજ ગ્યાસ જેવા વીર પુરુષથી પણ બૂમ પડાઇ ગઇ અને બાલિકાને બચાવવા તે આગળ ગયો. તેની બૂમથી સાપ બીને પાસેના દરમાં પેસી ગયો. પછી ગ્યાસ બેગે પુત્રીને ઊંચકી લીધી અને દોડતો દોડતો જઇને પોતાની સ્ત્રીના ખોળામાં તેને સોંપી. પુત્રીને ભેટતાં તથા તેના અણધાર્યા બચાવનું વર્ણન પતિના મુખે સાંભળતાં અસમત બાનુના હર્ષનો પાર રહ્યો નહિ. એને ખાતરી થઇ કે આ બાલિકાનો ભવિષ્યમાં જરૂર ભાગ્યોદય થવાનો છે. આ ખાનદાન કુટુંબની આવી દુર્દશા જોઇને મલિક મસુદ નામનો વેપારી એમની સાથે હતો, તેને દયા આવી. તેણે ગ્યાસ બેગને પૈસા તથા ખોરાકની મદદ કરી. પ્રવાસમાં ઘણા દિવસ સાથે રહ્યાથી એ વેપારીને ગ્યાસ બેગના અનેક સદ્‌ગુણોનો પરિચય મળ્યો અને બન્ને વચ્ચે મિત્રતા બંધાઈ. ગ્યાસ બેગ એજ વેપારી મલિક મસુદની સાથે ફતેહપુર સિક્રી પહોંચ્યો. અકબર બાદશાહે વેપારીને કહ્યું: “ આ વર્ષે તમે હર સાલના જેવી સારી ભેટસોગાદ નથી લાવ્યા. ” મલિક મસુદે હસીને કહ્યું: “ જહાંપનાહ ! આ વર્ષે હું હજૂરને માટે નિર્જીવ ભેટ નથી લાવ્યો, પણ એક એવી કિંમતી સજીવ ભેટ લાવ્યો છું કે, જેનો જોટો ઇરાન કે તુરાનમાં મળવાનો નથી.”

એમ કહીને તેણે ગ્યાસ બેગને બાદશાહની સેવામાં રજૂ કર્યો, તથા એના ઉચ્ચ કુળ, વિદ્યા અને સદ્‌ગુણનો પરિચય કરાવ્યો. બાદશાહે પ્રસન્ન થઇને તરતજ તેને પોતાની સેવામાં રાખ્યો.

ગ્યાસબેગ ખરેખર પ્રશંસાને પાત્રજ પુરુષ હતો. એ ઘણો વિદ્વાન અને સાહિત્ય વિલાસી હતો. પત્ર લખવાની કળામાં એ વિશેષ કુશળ હતો. એના પત્રો તેમજ એનો વાર્તાલાપ સામા માણસને આનંદ પમાડે એવાં હતાં. આત્મસંયમના ગુણ માટે પણ એ પ્રસિદ્ધ હતો. હાથ નીચેનાં માણસો પાસેથી કેવી રીતે કામ લેવું એ એને સારી પેઠે આવડતું હતું. સેવકો સાથે પણ હમેશાં માનપૂર્વક ને મીઠાશથી બોલતો. ગાળ તો એના મુખમાંથી કદી નીકળતીજ નહિ.કદી કોઇ નોકરને મારતો નહિ કે હાથ-

પગ પણ બાંધતો નહિ. વ્યવસ્થા તથા નિયમપૂર્વક ખરા દિલથી કામ કરવાનો એને ઘણો શોખ હતો. પોતાના સ્વામીની સેવા સાચા મનથી કરતો. એની રહેણીકરણી એક સંસ્કારી માણુસને છાજે એવી સુંદર હતી. જુવાન હતો અને દેશ છોડીને હજારો ગાઉ દૂર આવ્યો હતો, એટલે સત્તા અને ધનનો લોભ એનામાં અધિક પ્રમાણુમાં હતો. એ લોભને વશ થઇને લાંચ પણ લેતો; એજ એનામાં એક માત્ર દોષ હતો.

નૂરજહાનના સ્વભાવને બરોબર ઓળખી શકવા સારૂ અમે એના પિતાનો જરાક વિસ્તારથી પરિચય આપ્યો છે. એની માતા અસમત બાનુના જીવનનો પરિચય પણ આગળ જુદા ચરિત્રમાં આપી ચૂકયા છીએ.

ગ્યાસ બેગને પ્રારંભમાં મિરઝાની ઉપાધિ મળી. ત્યારપછી એની પ્રતિષ્ઠા અને દરજ્જો દિનપ્રતિદિન વધતાંજ ગયાં. ઇ. સ. ૧૫૯૫ માં એને ૩૦૦ ઘોડેસવારનો મનસબ મળ્યો અને કાબૂલના દીવાનનો માનભર્યો હોદ્દો મળ્યો.

આ અરસામાં ગ્યાસની લાડકી કન્યા મોટી થતી જતી હતી. એના સ્વરૂપને અનુસરીને એનું નામ 'મહેર–ઉન્–નિસા' 'સ્ત્રીજાતિનો ચંદ્ર' પાડવામાં આવ્યું હતું. એનું રૂપલાવણ્ય અલૌકિક હતું. સુકુમાર અંગ, ગોળ ચહેરો, વિશાળ લલાટ, કમળનયન અને બિડાયલા હોઠ એ એના સૌંદર્યનાં ખાસ લક્ષણુ હતાં. પંદર વર્ષની થતાં થતાંમાં તો પૂર્ણિમાના ચંદ્રની પેઠે એનું રૂપલાવણ્ય ખીલી ઊઠયું અને એની અમૃતધારા ચારે તરફ વરસવા લાગી. એ સમયમાં એના જેવી સુંદર બાળા આખા ભારતવર્ષમાં કે આસપાસના ઈસ્લામી દેશોમાં નહોતી એમ કહીએ તો તે અતિશયોક્તિ ભરેલું નહિ કહેવાય. કેવળ દેહના સૌંદર્યથીજ તે વિભૂષિત નહોતી. માતાપિતાએ બહુ કાળજીપૂર્વક તેને શિક્ષણુ આપ્યું હતું. ફારસી સાહિત્યમાં એ પ્રવીણ હતી. એ ભાષામાં સુંદર, રસિક અને ભાવમયી કવિતા લખતી. સભ્યતા, સારી રીતભાત, મીઠો સ્વભાવ એ તો એના સ્વભાવના ખાસ ગુણ હતા. એનું સંગીત, ચિત્રકળા અને ગૃહવ્યવસ્થા આદિનું જ્ઞાન એ સમયની સ્ત્રીઓ કરતાં ઘણા ઊંચા પ્રકારનું હતું. પોશાક અને ઘરની સજાવટમાં દરરોજ નવી નવી અને સુંદર ફેશનો એની કલ્પનામાં સ્ફૂરી આવતી. ઘોડેસવાર થતાં તથા શસ્ત્ર ચલાવતાં

પણ એને સારી રીતે આવડતું હતું. નિયમિત રીતે કસરત કર્યાથી એનું આરોગ્ય પણ બહુ સારૂં હતું. આટલા બધા ગુણોથી યુક્ત હોવા છતાં તેના હૃદયમાં કોમળતા અને ગરીબો પ્રત્યે દયાનો ગુણ પણ હતો. એ અસાધારણ સૌંદર્ય અને સદ્ગુણસંપન્ન બાળાને પરણવાને અનેક અમીરઉમરાવ તૈયાર થાય એમાં આશ્ચર્ય જ શું ?

મહેર-ઉન્-નિસાએ સત્તરમા વર્ષમાં પ્રવેશ કર્યો. એજ સમયે એના પિતાએ એને યોગ્ય એક યુવક શોધી કાઢ્યો. એનું નામ અલીકુલી ઇસ્તજલુ હતું. એ પણ ઈરાનનિવાસી હતો અને ભાગ્યોદય થવાની અભિલાષામાં હિંદુસ્તાન આવ્યો હતો. ઇરાનમાં એ ત્યાંના બાદશાહનો સફરચી અર્થાત્ ભોજનની વ્યવસ્થા રાખનાર હતો. ઇરાનના બાદશાહના મૃત્યુ પછી એ કંદહારને માર્ગે મુલતાન આવ્યો હતો અને અબદુરરહિમ ખાનખાનાના સૈન્યમાં જોડાયો હતો. ખાનખાના સિંધના ઠઠ્ઠાનગરને જીતવા સારૂ જઈ રહ્યો હતો. એ યુદ્ધમાં અલીકુલીખાંએ અસાધારણ વીરતા, સાહસ અને કાર્યકુશળતા બતાવી. ખાનખાના એના ઉપર ઘણો પ્રસન્ન થયો અને બાદશાહ ઉપરના પત્રોમાં એ નવયુવકની સેવાની ઘણી પ્રશંસા કરી. આથી બાદશાહે તેને મનસબહાર બનાવ્યો. યુદ્ધ સમાપ્ત થયા પછી ખાનખાના તેને પોતાની સાથે લાહોર લઈ ગયો અને ત્યાં મોટા મોટા સરદારો તથા અમલદારો સાથે તેની મુલાકાત કરાવી. (ઇ. સ. ૧૫૯૪) ગ્યાસ બેગને આ યુવકની કદર કરતાં વાર લાગી નહિ. તેણે પોતાની વિદુષી અને પરમ સુંદરી કન્યાનું દાન એ વીર યુવકને કરાવ્યું. એ લગ્ન પછી થોડાકજ સમયમાં શાહજાદા સલીમની સેનામાં એની નિમણુંક થઇ. શાહજાદો સલીમ એ વખતે મેવાડનો વિજય કરવાને નીકળ્યો હતો. એક સમયે જંગલમાં એ લોકોનો પડાવ હતો ત્યાં આગળ એક વિકરાળ વાઘના સમાચાર આવ્યા. એ વાઘે આસપાસનાં ગામડાંનાં ઘણાં ઢોર મારી નાખ્યાં હતાં અને કેટલાંક માણસોનો પણ તેણે સંહાર કર્યો હતો. એ વાઘનો શિકાર કરવાને સલીમ જાતે નીકળ્યો. તેની સાથે તેના મુખ્ય મુખ્ય સરદાર હતા. અલીકુલી પણ તેની સાથે હતો. એ ટુકડીએ વાઘને કેટલાક માઇલ સુધી નસાડીને એક રાઢીમાં પ્રવેશ કરાવ્યો અને પછી ચારે તરફથી એને ઘેરી લીધો. વાઘ પણ હવે ગર્જના કરતો સામો આવવા લાગ્યો. બાદશાહે હવે પોતાના સાથીઓ-

ને તેના ઉપર આક્રમણ કરવાને આજ્ઞા આપી. અનેક સરદારો શસ્ત્ર સહિત આગળ ધસ્યા. એ વખતે અલી કુલીખાંએ આગળ આવીને પોતાનું પરાક્રમ બતાવવાના ઉદ્દેશથી કહ્યું: "હથિયાર સહિત શેર (વાઘ) ના ઉપર હુમલો કરવો એમાં બહાદુરી નથી. નિઃશસ્ત્ર પશુની સાથે સશસ્ત્ર મનુષ્ય લડે તેમાં એની વીરતા શેની ? ઈશ્વરે બન્નેને અવયવ આપ્યા છે, મનુષ્યમાં વધારામાં બુદ્ધિ છે. એ બુદ્ધિ અને બાહુ બન્નેના બળ વડે વગર હથિયારે જાનવરને મારે ત્યારેજ એની બહાદુરી કહેવાય." એ પ્રમાણે વાઘની સાથે મલ્લયુદ્ધ કરવાનું સાહસ કોઈનું ચાલ્યું નહિ. આખરે અલીકુલીએ પોતાના વિચારની સત્યતા સાબિત કરવા માટે ખાલી હાથે આગળ પ્રયાણ કર્યું. મૃત્યુમુખમાં જતાં એના ઘણા હિતસ્વીઓએ તેને રોકયો; પણ એ સાહસિક યુવક એમની સલાહને ધ્યાનમાં ન લેતાં આગળ વધ્યો અને જોતજોતમાં વિકરાળ વાઘની પાસે પહોંચ્યો. વાઘ ગર્જના કરીને એના ઉપર કૂદ્યો. અલીકુલીએ તેના બન્ને પંજા જોરથી પકડી લીધા. ઘણાં લાંબા સમય સુધી બન્ને વચ્ચે ભયંકર મલ્લયુદ્ધ ચાલ્યું, સાહસિક યુવકને પણ ઘણા ઘા લાગ્યા; પરંતુ આખરે વિજય એનોજ થયો. કાળા માથાના માનવીને હાથે આખા વનને ત્રાસ પમાડનાર વનરાજનો અંત આવ્યો; આ દૃશ્ય જોઈને શાહજાદો સલીમ અને તેના સાથીઓ ઘણુંજ વિસ્મય પામી ગયા. શાહજાદાએ પ્રસન્ન થઈને એ દિવસથી એને 'શેર–આફ્કન'(વાઘને પછાડનાર)ની ઉપાધિ આપી. એજ નામથી ભવિષ્યમાં મહેર–ઉન્–નિસાનો પતિ પ્રસિદ્ધ થયો. એ યુદ્ધમાં તો એ સલીમની સાથે રહ્યો, પણ પાછળથી બાપ દીકરા વચ્ચે ઊંચાં મન થતાં, એણે અકબરનો પક્ષ લીધો.

જહાંગીર જ્યારે ગાદીએ આવ્યો, ત્યારે તેણે શેર આફ્કનનો અપરાધ માફ કર્યો તથા તેને બંગાળાનો સૂબો બનાવીને મોકલ્યો. વર્ધમાન જિલ્લામાં તેને જાગીર બક્ષવામાં આવી. મહેર–ઉન્–નિસા હવે એક સામંતની પત્ની બની. એ જુવાન દંપતીનો સંસાર ઘણા સુખમાં વ્યતીત થવા લાગ્યો.

બંગાળામાં એ સમયે રાજદ્રોહ અને પ્રપંચ ફેલાઈ રહ્યો હતો. બાદશાહ જહાંગીરને શેર આફ્કનના શત્રુઓએ ખોટી ખબર મોકલી કે, વર્ધમાનનો એ સૂબો તમારી વિરુદ્ધ કાવતરૂં રચી રહ્યો છે. સલીમે એ વાતને ખરી માનીને કુતુબુદ્દીનખાન નામના

પોતાના એક પ્રિય દૂધભાઈ અને વિશ્વાસુ સરદારને વર્ધમાન મોકલ્યો અને આજ્ઞા આપી કે, "શેર આફ્કનને રાજધાનીમાં લઈ આવો અને સીધી રીતે ન આવે અને તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે તો ઘટતી સજા કરજો." ૧૬૦૭માં કુતુબુદ્દીન વર્ધમાન પહોંચ્યો અને શેર આફ્કનને પોતાની મુલાકાતે બોલાવ્યો. એનો વિચાર એને એકલો બોલાવીને પકડી લેવાનો હતો. ૩૦ મી મેને દિવસે શેર આફ્કન બે સવારો સહિત કુતુબુદ્દીનને મળવા સારૂ ગયો. એ તંબૂમાં દાખલ થયો એટલે કુતુબુદ્દીને પોતાના સૈનિકોને તેને ઘેરી લેવાની આજ્ઞા આપી. પોતાની સાથે આ પ્રમાણે દગો થતો જોયાથી એ વીર ઈરાનીનું લોહી ઊકળી આવ્યું. એણે કુતુબને પૂછ્યુઃ "તમે આ શું કરી રહ્યા છો ?"

કુતુબ આગળ આવીને ખુલાસો કરવા ગયો પણ શેર આફ્કનનો પિત્તો ઊકળવાજ લાગ્યો, એનો સ્વભાવ હવે કાબૂમાં રહ્યો ન હતો. એણે પોતાની તલવાર મ્યાનમાંથી ખેંચી અને કુતુબુદ્દીનના ઉપર પ્રહાર કર્યો. તલવારના ઘાથી કુતુબુદ્દીનનાં આંતરડાં બહાર નીકળી આવ્યાં, પણ એ વીર તેને હાથમાં પકડી રહ્યો અને પોતાના માણસોને શેર આફ્કનને પૂરો કરવાની આજ્ઞા આપી. એ આજ્ઞા મળતાં પહેલાંજ, અમ્બાખાન નામના એક કાશ્મિરી સૈનિકે શેર આફ્કનના માથામાં ઘા કર્યો હતો. થોડી વારમાં તો એકલા શેર ઉપર ચારે તરફથી સિપાઈઓ ધસી આવ્યા અને તેમણે ક્રૂરતાથી એના ટુકડે ટુકડા કરી નાખ્યા. શેર આફ્કન મરતાં મરતાં પણ અનેકના પ્રાણ લેતો ગયો. અમ્બાખાન એજ ક્ષણે મરણ પામ્યો અને કુતુબુદ્દીને પણ બાર કલાકમાં પ્રાણ ત્યજ્યો. આ પ્રમાણે મહેર–ઉન્–નિસાના વીર પતિનો યુવાવસ્થામાંજ અંત આવ્યો. અંત સમયે પણ તેણે જે વીરતા બતાવી હતી તેની ઇતિહાસકારોએ ઘણી પ્રશંસા કરી છે અને લખ્યું છે છે કે, એને મારીને શત્રુઓએ પોતાની કીર્તિ વધારી નથી પણ ઊલટી બદનામીજ લીધી છે.

શેર આફ્કન (જેને લોકોએ શેર અફગાન નામથી વર્ણવ્યો છે)ના મૃત્યુનું આ સાચું વૃત્તાંત છે; પણ મુસલમાન લેખકો અને તેમને અનુસરીને નાટકો અને નવલકથા લખનારાઓએ એના મૃત્યુને માટે અનેક કલ્પનાઓ કરી છે. (અમે પણ પ્રથમ આવૃત્તિમાં એજ કલ્પનામિશ્ર વૃત્તાંતોના આધારે નૂરજહાનનું ચરિત્ર

આલેખ્યું હતું.) એમ મનાતું આવ્યું હતું કે, કૌમારાવસ્થામાંજ મહેર-ઉન્-નિસા અને શાહજાદા સલીમને એક બીજાનાં દર્શન કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. પ્રથમ દર્શનેજ બંને તરુણોમાં પ્રેમ બંધાયો હતો. સલીમને તેની સાથે લગ્ન કરવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થઇ હતી. ચતુર સમ્રાટ અકબરને એ વાતની ખબર મળતાં તથા શાહજાદાના મનનો અભિલાષ જાણતાં વાર લાગી નહિ. તેણે મહેરના પિતાને કહીને અલીકુલી સાથે તેનું લગ્ન કરાવી દીધું. મહેર આ પ્રમાણે બીજાની થઇ, તોપણ એનું ચિત્ત સલીમ ઉપરજ ચોંટયું હતું અને શાહજાદો એક ક્ષણ પણ એને વીસરી શકયો નહોતો. મહેરને પોતાની કેવી રીતે બનાવવી એ વિચારમાં એને શાંતિથી નિદ્રા પણ નહોતી આવતી. પિતાની હયાતીમાં એનો લાગ ફાવ્યો નહિ, પણ ગાદી ઉપર આવતાં બનતી ત્વરાએ તેણે યુક્તિ પ્રયુક્તિ વાપરીને શેર આફકનનું કાસળ કઢાવ્યું. મહેર-ઉન્-નિસાએ પ્રથમ તો પોતાના પતિનું ખૂન કરવા માટે જહાંગીર પ્રત્યે ઘણો તિરસ્કાર બતાવ્યો, પણ આખરે સ્ત્રીજાતિની દુર્બળતાને વશ થઇ, અધિકારલોભથી ચાર વર્ષ બાદ તે જહાંગીરની બેગમ બની; પરંતુ આ કથાને જહાંગીરના સમયમા લખાયલા કોઇ ઇતિહાસથી પુષ્ટિ મળતી નથી. એ બધી કથા પાછલા લેખકોએ મારેલા ઠંડા પહોરનાં ગપ્પાં છે. જહાંગીર અને નૂરજહાનના વિપક્ષીઓના હાથે લખાયલાં વૃત્તાંતમાં પણ જહાંગીર અને નૂરજહાનનાં લગ્ન પહેલાંના પ્રેમની તથા જહાંગીરે તેના પતિનું ખૂન કરાવ્યાની હકીકત નથી. એ લોકો બાદશાહ અને બેગમની વિરુદ્ધ કાનના કીડા ખરી પડે એવી નિંદાની કહાણીઓ લખતાં સંકોચાયા નથી, તો પછી આવા મોટા બનાવ ઉપર ઢાંકપિછોડો કરે એ અસંભવિત હતું.

વળી એ પણ વિચારવા જેવું છે કે, મિરઝા ગ્યાસ બેગ એક કુલીન મુસ્લિમ હતો. એના બાપદાદા સારા અધિકાર ભોગવી ચૂકયા હતા. એક ખાનદાન મનુષ્યમાં છાજે એવા બધા ગુણો એનામાં હતા. અકબરના સમયમાં પણ એ પ્રતિષ્ઠિત વ્યક્તિ ગણાતો. મહેરના રૂપ અને ગુણ મોગલ અંતઃપુરની શોભામાં વૃદ્ધિ કરે એવા હતા, તો પછી એવી સુકુમારી સાથેના પોતાના શાહજાદાના પ્રણયમાં અકબર વિઘ્ન નાખે એવું માનવાને કાંઇજ કારણ નથી. અકબરના સમયમાંજ શાહજાદાએ અનેક લગ્ન કર્યાં હતાં,

તેમાં અકબરે વાંધો ન લીધો અને મહેર-ઉન્-નિસાની સાથે લગ્ન કરતાંજ શાહજાદાને અટકાવ્યો એ વાત માનતાં જરાક સંકોચાવું પડે છે. શેર આફ્કનના મૃત્યુમાં જહાંગીરનો હાથ હતો. વળી જહાંગીરે એ મૃત્યુ જાણી જોઇને મહેરને પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી કરાવ્યું હતું, એમ માન્યાથી નૂરજહાનના ચરિત્રમાં મોટું કલંક લાગે છે કે, એ આખરે પોતાના પતિની હત્યા કરનારાનેજ વરી અને તેનેજ પોતાનું સર્વસ્વ ગણવા લાગી; પરંતુ સદ્ભાગ્યે હાલમાં એક હિંદુ ઇતિહાસવેત્તા અધ્યાપક વેણીપ્રસાદે ફારસી અને અંગ્રેજી ભાષામાં જહાંગીરને લગતા લખાયલા દરેક ગ્રંથ-નો અભ્યાસ કરીને, મજબૂત પ્રમાણ સહિત જહાંગીર અને મહેર-ઉન્-નિસાના કલંકને ધોઇ નાખ્યાં છે. અસ્તુ! હવે એ વિવાદગ્રસ્ત વિષય ઉપર વધારે વિવેચન ન કરતાં આપણે શેર આફ્કનની વિધવા મહેર-ઉન્-નિસાની ખબર લઈએ. પતિનું આવી રીતે દગાથી મૃત્યુ થયું, તેથી એના હૃદયને ઘણો તીવ્ર આઘાત લાગ્યો. પેલી તરફ બાદશાહ જહાંગીરને કુતુબના મૃત્યુ-થી અસાધારણ શોક થયો; કેમકે કુતુબુદ્દીન બાદશાહ ઉપર બહુજ પ્રેમ રાખતો હતો અને નિઃસ્વાર્થ ભાવથી તેની સેવા બજાવતો હતો. કુતુબને મારનાર શેર આફ્કન ઉપર તેણે ઘણા નિઃશ્વાસ નાખ્યા. એ જીવતો હોત તો જહાંગીર એની દુર્દશા કરત અને સખ્તમાં સખ્ત સજા દેત એમાં પણ સંદેહ નથી; પરંતુ શેર આફ્કન તો વીર ગતિ પામીને પહેલેથીજ એવા સામ્રાજ્યમાં પહોંચી ગયો હતો, કે જ્યાં ભલભલા બાદશાહની સત્તા નથી ચાલતી. જહાંગીર એટલો બધો નીચ પણ નહોતો કે પતિના દોષ ખાતર પત્નીની દુર્દશા કરે. જહાંગીરની આજ્ઞાથી શેર આફ્કનની વિધવા મહેર-ઉન્-નિસા અને તેની એકની એક પુત્રી લાડલી બેગમને આગ્રા—એને પિયેર આણવામાં આવ્યાં. મહેરનો પિતા ગ્યાસ બેગ એ સમયે ઇતિમાદ-ઉદ્-દોલાનો માન-વંતો ખિતાબ અને મોટો અધિકાર ધરાવતો હતો. મહેરે આવી-ને પિતાને ઘેર આશ્રય લીધો. થોડા સમય પછી મહેરની નિમ-ણુંક સુલતાન સલીમા બેગમની સેવામાં કરવામાં આવી. ઇ. સ. ૧૬૧૧ ના માર્ચ માસમાં એટલે કે મહેરના વૈધવ્ય પ્રાપ્ત થયા-ને ચાર વર્ષ બાદ અકબરે સ્થાપેલા નવરોઝના બઝારમાં જહાં-ગીર અને મહેરની મુલાકાત થઇ. મહેર-ઉન્-નિસાની ઉંમર એ

સમયે ૩૪ વર્ષની હતી, તોપણ એના સૌંદર્યમાં ન્યૂનતા આવી નહોતી. જહાંગીર એના મોહપાશમાં એજ સમયે ફસાયો. મહેરના ખાલી પડેલા હૃદયમાં જહાંગીરે સ્થાન મેળવ્યું. મુસલમાનોના ધર્મ અનુસાર વિધવાને ફરીથી લગ્ન કરીને પોતાનો સંસાર સુખી બનાવવાની આજ્ઞા હોવાથી મહેર–ઉન્–નિસાએ જહાંગીરની પ્રેમયાચનાનો સ્વીકાર કર્યો અને ઈ. સ. ૧૬૧૧ માં બન્નેનાં લગ્ન થયાં. અરણ્યના એકાંતવાસમાં જન્મેલી આ બાલિકા આજે ભાગ્યદેવીની કૃપાથી ભારતેશ્વરી બની. જહાંગીર, એને પ્રાપ્ત કર્યાથી પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યો. નૂરજહાને પોતાની વિદ્યા, ચાતુર્ય, સ્વભાવની મધુરતા અને અસાધારણ સૌંદર્ય–બધું જહાંગીરને સમર્પણ કર્યું. તનમનથી એ પતિને પ્રસન્ન કરવામાં લીન થઈ. એને લીધે એણે પ્રથમ પતિના હૃદયરાજ્ય ઉપર અને પછી ભારતના સામ્રાજ્ય ઉપર ધીમે ધીમે પોતાનો અધિકાર જમાવ્યો. જહાંગીરે પ્રેમથી એને 'નૂરજહાન' નામ આપ્યું. ઈ. સ. ૧૬૧૩ માં સુલતાન સલીમા બેગમના પરલોક ગમન પછી એને 'પાદશાહ બેગમ'ની ઉપાધિ મળી અને આખા રાજ્યમાં તથા રાજમહેલમાં સર્વ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ પદ અને અધિકાર એનાં ગણાવા લાગ્યાં.

દિલ્હીશ્વરની માનીતી બેગમ થયા પછી એણે પોતાનો સમય વૃથા ગુમાવ્યો નથી. કુદરતે તેનેજ ગુણોની બક્ષિસ આપી હતી, અથવા જે ગુણોનો વિકાસ મિરઝા ગ્યાસ બેગ અને અસમત બાનુ જેવાં સુશિક્ષિત માતપિતાના સહવાસ અને બોધથી થયો હતો, તેનો ઉપયોગ હવે નૂરજહાને કરવા માંડ્યો.

અરબી અને ફારસી ભાષાના સાહિત્યનો એનો અભ્યાસ ઘણો ઊંડો હતો. 'મખફી' ગુપ્ત નામથી એણે ફારસી ભાષામાં ઘણી કવિતા રચી છે. સંગીતમાં પણ એ વિશેષ પ્રવીણ હતી. ફારસી ભાષામાં એ પ્રસંગને અનુસરતી શીઘ્ર કવિતા પણ રચીને ગાઇ શકતી. જહાંગીરના હૃદય ઉપર અધિકાર જમાવવામાં તેને આ ગુણો વિશેષ સહાયભૂત થઈ પડ્યા હતા.

ભરત, ગૂંથણ, સીવણ તથા પાકશાસ્ત્રમાં પણ એ અસાધારણ પ્રવીણ હતી. પોતાની બુદ્ધિથી પોશાકમાં નવી નવી તરેહો શોધી કાઢતી. પેશવાજની દુદામી, પાંચતોલિયા, બાદલા કિનારી અને ફર્શ–ઇ–ચંદની (ચંદનના રંગની શેતરંજી) વગેરે અનેક

વસ્તુઓ એની ફળદ્રૂપ કલ્પનાનાં પરિણામ હતાં.

નવા નવા નમૂનાના ચિત્રવિચિત્ર અલંકારો પણ નૂરજહાને દાખલ કર્યા હતા. પગ સુધી લાંબો ઝભ્ભો જે લખનૌ શહેરની સારા ઘરની સ્ત્રીઓ પહેરતી, એ એનુંજ અનુકરણ હતું. એનાજ નામ ઉપરથી એક પ્રકારનું 'આંગિયું' સ્ત્રીઓમાં પ્રચલિત થયું હતું. નૂરજહાન સમજતી હતી કે પોતે, હિંદુ અને મુસલમાન બન્નેની મહારાણી છે, તેથી કોઇ કોઇ વખત હિંદુઓનો પોશાક-ઘાઘરો અને ઓઢણી ધારણ કરતાં પણ સંકોચાતી નહિ.

જગતમાં કોઇ પણ સ્ત્રી અદેખાઇ કરી શકે એવા મહાન પદે તે પહોંચી હતી, છતાં નૂરજહાન ઘરનું કામ કરવામાં શરમ નહોતી સમજતી. રસોઇની કળામાં એ વિશેષ કુશળ હતી. પોતાને હાથે રોજ નવા નવા સ્વાદિષ્ટ પદાર્થો બનાવીને બાદશાહને જમાડતી. ભોજન બનાવવામાં એના કરતાં અધિક કુશળ સ્ત્રી એ સમયમાં બીજી કોઇ નહોતી. કેવળ સુંદર ભોજન બનાવીનેજ સંતોષ માનતી નહિ; ગમે તેવું સ્વાદિષ્ટ ભોજન હોય, પણ જમવાનું સ્થાન સ્વચ્છ ન હોય, ભોજન વ્યવસ્થાસર ગોઠવાયું ન હોય તો ચિત્ત પ્રસન્ન થતું નથી. નૂરજહાન 'દસ્તરખાન'ને નવી નવી રીતે સજાવતી. ભોજનની વાનીઓને સુંદર પુષ્પના આકારમાં બનાવીને ગોઠવતી. એ પદ્ધતિ તો એણેજ શોધી કાઢી હતી. જે કોઇ એ જોતું તે સામ્રાજ્ઞીની કલ્પનાશક્તિની પ્રશંસા કર્યા વગર રહેતું નહિ. ઇરાનના નાદીરશાહે પણ પાછલા જમાનામાં ભોજનને ફૂલના રૂપમાં બનાવવા અને ગોઠવવાની એ પદ્ધતિ જોઇને આશ્ચર્ય અને આનંદ પ્રગટ કર્યાં હતાં. એ બધા ઉપરથી એની સૌંદર્યની કલ્પના કેવી હશે, તેનું અનુમાન થઈ શકે છે.

શિલ્પકળાનો પણ તેને ઘણો શોખ હતો. તેણે અનેક બાગ, મહેલ અને બીજી ઇમારતો બંધાવી હતી. જહાંગીર લખે છે કે, "એ વખતમાં એવું શહેર નહોતું કે જ્યાં નૂરજહાનની કીર્તિ માથું ઊંચું ન કરી રહી હોય!" નૂરસરાઇ બંધાવીને એણે મુસાફરોને મોટી સગવડ કરી આપી હતી. કાશ્મીરમાં જેલમ નદીને કિનારે શીતળ છાયાવાળાં વૃક્ષોનો 'નૂર-આફ્શાન' નામનો બાગ અને લાહોરમાં 'શાલિમાર' બાગ એનાજ ખર્ચે બન્યા હતા.

કેવળ સ્ત્રીઓને છાજે એવા ગુણોમાંજ તે નિપુણ હતી એમ

નહિ; એની મૃણાલ સમી ભુજાઓ કોઇ કોઇ વખત એવી વીરતાનો પરિચય આપતી કે લોકો છક થઇ જતા. શિકાર ખેલવામાં તો એ બહુ કુશળ હતી. એક દિવસ જહાંગીર નૂરજહાનને લઇને શિકારે ગયો હતો; શિકારીઓએ હાંકો ઘેરીને ચાર વાઘને વચ્ચે આણ્યા. નૂરજહાને બાદશાહની પરવાનગીથી હાથીના હોદ્દા ઉપર બેઠે બેઠે એ ચારે વાઘને અચૂક ગોળીથી મારી નાખ્યા. સમ્રાટ જહાંગીર પોતાના જીવનચરિત્રમાં લખે છે કે, "આવું ચોક્કસ નિશાન તાકીને વાઘનો શિકાર કરતાં મેં પહેલાં કોઇને જોયો નથી." એ પ્રસંગે બાદશાહના એક સાથીએ નીચેની કવિતા રચીને સંભળાવીઃ—

"નૂરજહાન ગર્ચે બાસુરતજન્ અસ્ત્ 'દર્ સફ્-ઈ-મર્દાન્ જન્-ઇ-શેર આફ્કન્ અસ્ત્'" અર્થાત્ નૂરજહાન જો કે આકારમાં સ્ત્રી છે તોપણ વીર પુરુષોની હારમાં એ વાઘને હણનારી નારી છે; અથવા શેર આફ્કનની સ્ત્રી છે."

આ ગુણોની સાથે એનામાં અસાધારણ ઉદારતા અને દયાના ગુણ પણ હતા. ગરીબ, દુઃખી, અનાથ બાલિકાઓને માટે તો એ આશ્રયસ્થાન હતી. કોઇના ઉપર જુલ્મ થયાની વાત સાંભળતાં એનું કોમળ હૃદય પીગળતું અને એ અત્યાચાર દૂર કરાવવાને એ સત્વર પ્રયત્ન કરતી. માતપિતા વગરની બાલિકાઓને એ પોતાને ખર્ચે પરણાવી આપતી અને કન્યાદાનમાં મોટી રકમ ભેટ આપતી. એના જીવનમાં એણે પાંચસો કન્યાઓનાં લગ્ન કરાવી આપ્યાં હતાં. નાનાં નાનાં દાન તો અસંખ્ય હતાં. સંભવ છે કે બે વાર લગ્ન કરવા માટે હિંદુ સ્ત્રીઓ તેને સતી નહિ ગણે, પણ કોઇ પણ સ્ત્રી કે પુરુષના ગુણની તુલના કરતાં એમના દેશ, જાતિ અને કુળમાં પ્રચલિત આચારવિચારને ધ્યાનમાં લેવા ઘટે છે. મુસલમાનોમાં પુનર્લગ્નનો નિષેધ નથી. નૂરજહાને શેર આફ્કનની પત્ની તરીકે તેની સાથે પૂર્ણ પ્રેમ અને સ્વામિભક્તિની અખંડધારા હતી. જહાંગીરની હૃદયરાણી થયા પછી એની સાથેની વર્તણુંક પણ આદર્શ પત્નીને છાજે એવી હતી. દાંપત્યધર્મમાં એણે કદી વિક્ષેપ પડવા દીધો નથી. ઘરસંસારમાં કે રાજકાર્યમાં એ પતિની મુખ્ય સહાયક બની હતી. નૂરજહાનનો એક માત્ર દોષ સત્તાનો મદ હતો. કોઇને આધીન થઈને રહેવાનું એને પસંદ નહોતું. અસાધારણ પ્રતિભાશાળી વ્યક્તિઓનો સ્વ-

ભાવજ એવો હોય છે. તેઓ હમેશાં આખા જગતને પોતાની ઇચ્છાનુસાર નચાવવાનો અભિલાષ રાખે છે. રાજપ્રપંચમાં એ ઘણી કુશળ હતી અને એક આદર્શ મુત્સદ્દીને છાજે એવી રીતે રાજ્યશાસનમાં એણે દાવ ચલાવ્યા હતા. અમે એના રાજદ્વારી જીવનનો પણ કાંઇક પરિચય આપીશું.

રાજસત્તાનો લોભ રાખનારા માણસોએ પ્રથમ તો પોતાનો પક્ષ સબળ બનાવવો પડે છે. ગમે તેવો પ્રતાપી મનુષ્ય એકલે હાથે સફળતા મેળવી શકતો નથી. નૂરજહાન એ બાબતમાં પણ ભાગ્યશાળી નીવડી. એને પોતાનો પક્ષ સબળ કરવા માટે મદદને સારૂ દૂર જવું ન પડયું. એના લગ્ન પછી એના પિતા તથા ભાઇ ઘણાજ મોટા હોદ્દા ઉપર ચડ્યા હતા. તેમના હાથમાં પુષ્કળ સત્તા હતી. રાજનીતિનો તેમનો અનુભવ પણ ઘણો વિશાળ હતો. એની માતા અસમત બેગમ પણ શાણી સ્ત્રી હતી. એ સર્વ કુટુંબીઓ તથા પોતાના સાવકા છોકરા શાહજાદા ખુર્રમની મદદથી નૂરજહાને સર્વ સત્તા ધીમે ધીમે પોતાના હાથમાં લીધી. શાહજાદો ખુર્રમ પાછળથી બાદશાહ શાહજહાંના નામથી પ્રસિદ્ધ થયો. એની સાથે નૂરજહાનની ભત્રીજી મુમતાજ મહાલનું લગ્ન થયું હતું, એટલે એ પણ એનો નિકટનો સગો હતો. આ પ્રમાણે એ દળના પ્રત્યેક માણસનો એકબીજાને મદદ આપવામાં કુદરતી રીતે સ્વાર્થ રહેલો હતો.

જહાંગીર બાદશાહને ચાર પુત્રો હતા:-(૧) ખુશરૂ, (૨) ખુર્રમ (રાજા માલદેવની પૌત્રીના ગર્ભમાં એનો જન્મ થયો હતો), (૩) જહાંદાર અને (૪) શહરિયાર. નૂરજહાનને તો પ્રથમ પતિથી લાડલી બેગમ નામની કન્યા હતી. તે ઉપરાંત એને કોઇ સંતાન નહોતું. એટલે ભત્રીજાજમાઇ ખુર્રમ ઉપર એનો વિશેષ પ્રેમ હતો અને બાદશાહની પછી એજ ગાદીવારસ નિમાય એવો એનો અભિલાષ હતો. એનો પક્ષપાત અનુચિત પાત્ર ઉપર હતો એમ પણ ન કહી શકાય. બાદશાહ અકબરને પણ ખુર્રમ ઉપર અધિક પ્રેમ હતો. દાદાના મંદવાડ વખતે એણેજ રાતદિવસ સેવાશુશ્રૂષા કરી હતી. એ ઉપરાંત એને ઉચ્ચ શિક્ષણ મળ્યું હતું. નીતિ પણ તેની પ્રશંસનીય હતી. મોગલ રાજ્યમહેલોમાં એ સમયે દારૂનો પ્રવેશ થઇ ચૂક્યો હતો; પરંતુ ૨૩ વર્ષની વય સુધી શાહજાદા ખુર્રમે મદ્યનું એક બિન્દુ પણ પીધું ન હતું. ૨૪મી વર્ષ-

ગાંઠે એના પિતા જહાંગીરે માફકસર શરાબ પીવો લાભકારી છે, એવું મિથ્યા ભાષણ આપીને બહુ સમજાવીને થોડોક દારૂ પાયો હતો. યુદ્ધકળામાં પણ એ ઘણો કુશળ હતો. પોતાની સેનાને યોગ્ય રીતે શાસનમાં રાખતાં એને સારૂં આવડતું. જહાંગીરે એને ૩૦,૦૦૦ સિપાઈ અને ૨૦૦૦ સવારનો ઉપરી બનાવ્યો હતો, તથા સંસાર ફિરોઝની જાગીર અર્પણ કરી હતી. દશ વર્ષ સુધી નૂરજહાનને એની સાથે ઘણો સંપ રહ્યો. નૂરજહાનની સફળતામાં એનો ઘણો મોટો હિસ્સો હતો. એ સમયમાં જહાંગીરે રાજ્યનો ઘણોખરો કારભાર નૂરજહાનના હાથમાં સોંપી દીધો હતો. પડદાનો ત્યાગ કરીને સામ્રાજ્ઞી મહેલના ઝરૂખામાં આવીને બેસતી, અમલદારોને હુકમ લખાવતી, પ્રજાની એકેએક અરજીનો નિકાલ કરતી અને પરદેશના એલચીઓની મુલાકાત લેતી. બાદશાહી ફરમાન પણ એના નામથી જારી થવા લાગ્યાં અને સિક્કા પણ કેટલીક વાર એનાજ નામથી પાડવામાં આવતા. એ સિક્કાઓ ઉપર એવું લખેલું હતું કે, "જહાંગીર બાદશાહની આજ્ઞાથી, સિક્કામાં બેગમ નૂરજહાનનું નામ જોડાયાથી, સુવર્ણનો ઝળકાટ સો ગણો વધી ગયો છે." એકંદરે એની સત્તા એટલી બધી વધી પડી હતી કે, જહાંગીર તો નામ માત્રનો બાદશાહ હતો અને ખરૂં રાજતંત્ર તો નૂરજહાનજ ચલાવતી હતી. જહાંગીર પોતે લખે છે કે, "સ્ત્રીની ખરી યોગ્યતા પ્રથમ મારા જાણવામાં નહોતી. નૂરજહાન સાથે લગ્ન થયા પછી મને જણાવા લાગી. મેં સઘળો કારભાર તેને સોંપેલો છે. એક શેર દારૂ હતાં. અર્ધો શેર માંસ મને દરરોજ મળે એટલે બસ." તેના નામથી જે જાગીર ચાલતી હતી તેમની યોગ્યતા ત્રીસ હજાર મનસબકના જેટલી ગણાતી. નૂરજહાનના અમલમાં ટંટો ફિસાદ નહોતો, સર્વત્ર શાંતિ હતી. નૂરજહાનના કારભાર માટે બાદશાહ ઘણું અભિમાન ધરવા લાગ્યો અને નૂરજહાન જેવું બીજું લાયક મનુષ્ય આ કામ માટે મળનાર નથી એમ એને લાગવા માંડયું." રાણીના ડહાપણનું વર્ણન કરી શકાવાનું નથી. કોઇ પણ બાબતમાં ગમે તે અડચણ જણાય કે તરતજ નૂરજહાન તે દૂર કરતી. જહાંગીર માંદો થાય ત્યારે કહેતો કે, "વૈદ્યોને શી અક્કલ છે ? નૂરજહાનના જેટલી ચતુરાઇ અને અનુભવ તેમને બિલકુલ નથી." તે સ્વભાવે ઉદાર હોઇ કોઇના ઉપર જુલમ

કરતી નહિ. આથી સર્વ લોકો તેનાં વખાણ કરવા લાગ્યા. બાદશાહને તે વિશેષ ઉપયોગી થઈ પડી. તેના લહેરી અને જુલમી વર્તન ઉપર તેણે ઉભય પ્રકારે દાબ રાખીને સારો બંદોબસ્ત રાખ્યો હતો. દિવસે તે તેને મદ્યપાન કરવા દેતી નહિ અને રાત્રે પણ તેને મર્યાદા બહાર જવા દેતી નહિ. બાદશાહ સર્વ લોકો સાથે સભ્યતા અને યોગ્યતાથી વર્તે તે માટે તે વિશેષ ખબરદાર રહેતી અને વ્યસનના છંદથી તેના પોશાક અને રીતભાત બગડવા દેતી નહિ. પોતાની અક્કલ અને પરીક્ષણ શક્તિથી, ડાહ્યા અને પરોપકારી બાપની મદદથી અને પતિના ઉદાર સૌજન્યથી તેણે સઘળા રાજ્યમાં એક ખાસ પ્રકારની વ્યવસ્થા આણી દીધી અને તેથી કરીને ખર્ચ પણ કમી થવા લાગ્યો અને રાજ્યની આબાદી વધવા લાગી. તે વખતની રીતને અનુસરીને લોકોને જે ન્યાય મળવો જોઇતો હતો તે તત્કાળ મળતો હતો. દરબારની શોભા અને વૈભવ વધારવામાં તેની ચતુરાઇ વિશેષ હતી. રાજ્ય મહેલનો સરસામાન વ્યવસ્થિતપણે રાખવામાં તે ઘણી કુશળ હતી. + + સ્ત્રી વર્ગની સ્થિતિ સુધારવાના તેણે ઘણા પ્રયત્નો કર્યા હતા. તેના ગુણોથી મોહિત થયેલા બાદશાહનું વર્તન પણ ઘણું સુધર્યું હતું, પહેલાનાં જેવાં દુષ્ટ કૃત્યો તેના હાથે તે થવા દેતી નહિ. સુલતાના રઝિયા માટે ઇતિહાસકારે આપેલો 'તેનામાં રાજ્યકર્તા પુરૂષને ઘટતા સર્વગુણો હતા. અત્યંત કસોટીથી તેનું વર્તન તપાસીએ તો તે જાતે સ્ત્રી હતી, એ સિવાય અન્ય અવગુણો તેનામાં નહોતા' એવો અભિપ્રાય નૂરજહાનને પણ સારી રીતે લાગુ પડે છે.×

નૂરજહાનના સ્વભાવનું વર્ણન ઉપર અમે એક વિદ્વાન મરાઠી ઇતિહાસ લેખકના શબ્દોમાં આપ્યું છે. એમનાજ શબ્દોમાં કહીએ તો આટલા સારા ગુણો હોવા છતાં નૂરજહાનમાં 'મહત્વાકાંક્ષા' હતી અને પોતાને પુત્ર ન હોવાથી જહાંગીરની ઉત્તરાવસ્થામાં તેની પછી ગાદી ઉપર કોણ બેસે, એ માટે તેણે અનેક પ્રકારની ભાંજગડો અને ઉથલપાથલો ઊભી કરી હતી. આથી રાજ્યમાં સઘળે બખેડા પણ ઉત્પન્ન થવા લાગ્યા હતા.

નૂરજહાનના સંબંધને લીધે જહાંગીરના દરબારમાં ઈરાનીઓનું તત્ત્વ અને સત્તા વધતાં જતાં હતાં. એથી જૂના સરદારો

× જુઓ રા. રા. સર દેસાઈકૃત 'મુસલમાન રિયાસત.'

અને અકબરના પક્ષપાતી રજપૂતોને ઘણું ખોટું લાગ્યું અને તેમણે નૂરજહાનની વિરુદ્ધ પક્ષ ઊભો કર્યો. મહોબતખાન નામનો પ્રતિષ્ઠિત સરદાર એ પક્ષનો આગેવાન હતો. સલીમ બાલ્યાવસ્થામાં મહોબતખાનની દેખરેખ નીચે ઊછર્યો હતો, એટલે બાદશાહ થયા પછી પણ નિઃસંકોચપણે શિખામણના બે બોલ કહેવાની એનામાં હિંમત હતી. એણે બાદશાહને કહ્યું કે, "તમે બેગમને વશ થઈ ગયા છો. રાજ્યમાં સ્ત્રીનું કહ્યું ચાલે છે. અત્યાર સુધી કોઇ રાજાએ જે કાર્ય કર્યું નથી, તે તમારા જેવો સુશિક્ષિત અને બુદ્ધિમાન બાદશાહ કરે અને સ્ત્રીના હાથમાં રાજપ્રબંધ સોંપી દે એ ઘણું અનુચિત છે. તમારે જલદી સ્ત્રીની જાળમાંથી મુક્ત થવું જોઇએ." મહોબતખાન પોતે પણ મહત્ત્વાકાંક્ષી પુરુષ હતો. એ પોતે પણ બાદશાહ ઉપર જે સત્તા જમાવવા માગતો હતો, તેમાં નૂરજહાન અને એના રાજનીતિધુરંધર પિતા આડખીલીરૂપ હતા. તેથીજ તેણે નૂરજહાન અને તેના પંથની વિરુદ્ધ સ્વાર્થદૃષ્ટિએ જહાંગીરના કાન ભંભેરવા માંડ્યા હતા. મહોબતખાનની દલીલ નિષ્ફળ ન ગઈ. જહાંગીરના ઉપર એની ભંભેરણીની અસર તો થઇ, પણ નૂરજહાન ઉપર એનો એટલો બધો પ્રેમ હતો તથા નૂરજહાનનું તંત્ર એવું વ્યવસ્થિત અને દૃઢ હતું કે, બાદશાહથી એમાં કંઇ પણ પરિવર્તન કરી શકાયું નહિ. નૂરજહાનનો પક્ષ શાહજાદા ખુર્રમને ગાદીવારસ ઠરાવવા મથતો હતો, ત્યારે તેનો વિરોધી રજપૂત પક્ષ શાહજાદા ખુશરૂને વારસ ઠરાવવાને તન, મન ધનથી પ્રયત્ન કરી રહ્યો હતો. બાદશાહ જહાંગીરનું વલણ પણ શાહજાદા ખુશરૂ તરફ હતું; પણ સામા પક્ષવાળાઓએ ખુશરૂની વિરુદ્ધ સાચાજૂઠા આરોપ મૂકીને તેને કેદ કરાવ્યો હતો.

ઇ. સ. ૧૬૧૭ માં શાહજાદા ખુર્રમે દક્ષિણ પર ચઢાઇ કરી; પણ ત્યાંનો રાજા આદિલશાહ તેને શરણે આવ્યો અને બન્ને રાજ્ય વચ્ચે સંધિ થઇ. એ સેવાના બદલામાં બાદશાહે શાહજાદાને શાહજહાનનો ખિતાબ આપ્યો અને દરબારમાં પોતાની ખુરશીની પાસેજ બેઠક આપી.

એ પ્રસંગે શાહજહાને બાદશાહને કિંમતી નજરાણું ભેટ કર્યું હતું. પોતાની પક્ષપાતી નૂરજહાનને એ વીસર્યો નહોતો અને બે લાખ રૂપિયાની કિંમતની ભેટ નૂરજહાનના ચરણમાં

ધરી હતી. ખરો વિજય તો અબ્દુર રહિમ ખાનખાનાએ મેળવ્યો હતો. શાહજહાને તો સુલેહ કરીને ખાલી યશ ખાટ્યો હતો, પણ નૂરજહાને અને તેના પક્ષે આ પ્રસંગને પોતાના વિજયરૂપ માનીને મહોત્સવ ઊજવ્યો.

ઇ. સ. ૧૬૧૭ માં નૂરજહાન બેગમે પતિ તથા સાવકા પુત્ર શાહજહાન અને તેના કુટુંબસહિત ગુજરાત તરફ પ્રયાણ કર્યું. બે મહિનાના પ્રવાસ પછી તેઓ ખંભાત પહોંચ્યાં. ખંભાત એ સમયે સમૃદ્ધિશાળી બંદર હતું. ત્યાં દસ દિવસ રહીને તેઓ અમદાવાદ જવા નીકળ્યાં અને ઇ. સ. ૧૬૧૮ ની પાંચમી જાન્યુઆરીએ સમ્રાટ જહાંગીર અને સામ્રાજ્ઞી નૂરજહાનનાં પગલાં અમદાવાદમાં થયાં હતાં.

ગુજરાતનું એ પાટનગર એ સમયે વેપાર અને ઉદ્યોગનું કેન્દ્ર હતું. હિંદુમુસલમાન અને ખ્રિસ્તી વેપારીઓ મોટી સંખ્યામાં ત્યાં વસતા હતા. ધૂળ તો એ સમયમાં પણ હાલના જેટલીજ હતી; પરંતુ રસ્તાઓ પહોળા હતા અને વસ્તી એ સમયની લંડનની વસ્તી જેટલી હતી. એ વર્ષે અમદાવાદમાં ઇન્ફ્લ્યુએંઝાનો રોગ ફાટી નીકળ્યો હતો. બાદશાહ જહાંગીર, રાજકુમાર શાહજહાન અને તેના ઘણા સાથી એ રોગથી પીડાયા હતા.

એ રાજપરિવારે અમદાવાદમાં સાડાત્રણ મહિના નિવાસ કર્યો હતો. એ સમયમાં રાજારાણીનું પધારવું લોકોને માટે દુઃખરૂપ નહોતું થઈ પડતું. વેપારીઓનો વેપાર ચાલતો, મજૂરોને મજૂરી મળતી, નિર્ધનોનું દારિદ્રય મટી જતું. જહાંગીર અને નૂરજહાને અમદાવાદમાં પુષ્કળ ખેરાત કરી—પડદામાં રહેતી નિર્ધન સ્ત્રીઓની શોધ કરીને ખાસ નોકરોદ્વારા ઘેર બેઠે એમને અન્નવસ્ત્રની મદદ પહોંચાડી હતી.

ગુજરાતમાં બાદશાહને અમદાવાદની ગરમી અસહ્ય થઈ પડી. અધૂરામાં પૂરું તેને ઇન્ફ્લ્યુએંઝા થયો, ત્યાર પછી દમના વ્યાધિનાં ચિહ્ન જણાવા લાગ્યાં. આથી કરીને એના મજબૂત બાંધાના શરીરમાં પણ દુર્બળતા જણાવા લાગી. તેણે વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કર્યો. એની અવસ્થા દિનપ્રતિદિન બગડવાજ લાગી. કાશ્મીરના પ્રવાસે પણ એ ગયો, પણ એની તંદુરસ્તીને એથી કંઈ લાભ પહોંચ્યો નહિ. દારૂ અને અફીણની માત્રા વધારીને દુઃખ દબાવવાને એણે પ્રયત્ન કર્યો, પણ એ રીતે પરિણામ ઊલટું જ

આવ્યું. ઉત્તરાવસ્થાના એના મંદવાડમાં કેવળ સ્નેહાળ પત્ની નૂરજહાનની કાળજીભરી માવજતને લીધેજ એનું શરીર ટકી રહ્યું હતું. એણે પ્રેમથી સમજાવીને ધીમે ધીમે દારૂ ઓછો કરાવ્યો. નુકસાનકારક ખોરાક બંધ કરાવીને યોગ્ય ઉપચારો શરૂ કર્યા. એ ગંભીર મંદવાડમાંથી બાદશાહ સાજો તો થયો, પણ તેની શક્તિ સદાને માટે ઘટી ગઇ.

પતિના આ મંદવાડમાં ભવિષ્યના વિચાર દૂરઅંદેશી નૂરજહાનને ઘેરવા લાગ્યા. ઉપર આપણે જોઈ ગયા છીએ તેમ તેને સ્વતંત્ર સત્તા ચલાવવાનો અભ્યાસ પડી ગયો હતો. એ ચતુર સ્ત્રી સમજી ગઇ કે પોતાની ગમે તેટલી કાળજી છતાં બાદશાહનો દેહ લાંબો સમય ટકી શકશે નહિ અને એની પછી શાહજહાન બાદશાહ થશે. અત્યાર સુધી એ શાહજહાનની પક્ષપાતી હતી. તેની સત્તા દૃઢ કરવામાં, તેના માર્ગમાંના કંટકો દૂર કરવામાં એની સહાયતા હતી, પણ લાંબા સમયના અનુભવથી એ જોઇ શકી કે શાહજહાન પણ મનસ્વી અને સ્વતંત્ર સ્વભાવનો પુરુષ છે. ગાદીએ બેઠા પછી એ બધી સત્તા પોતાનાજ હાથમાં રાખવાનોજ. જહાંગીરની પેઠે એ નૂરજહાનનો નચાવ્યો નાચે એ આશાજ વૃથા હતી. શાહજહાનના હાથમાં લગામ આવ્યા પછી તો નૂરજહાનને તેના આશ્રિત તરીકે એકાંતમાં પરાધીન જીવન ગાળ્યા સિવાય છૂટકોજ નહોતો. આવા આવા વિચારોથી સત્તાની લોભી નૂરજહાન શાહજહાનની શત્રુ બની. એણે બીજા બધા શાહજાદાઓમાંથી શહરિયારનેજ ગાદીના ઉમેદવાર તરીકે પસંદ કર્યો. એ સોળ વર્ષનો હતો, પણ એનામાં ઝાઝું પાણી ન હતું. ભવિષ્યમાં એ બાદશાહ થાય તો રાજ્યની લગામ પૂર્ણપણે નૂરજહાનના હાથમાંજ રહેવાનો સંભવ હતો. એ ઉદ્દેશ પાર પાડવા સારૂ એણે પોતાના પ્રથમ પતિની કન્યા લાડલી બેગમને એની સાથે પરણાવી. મોસાળમાંજ એ કન્યાનાં લગ્ન, ઈ. સ. ૧૬૨૧માં થયાં. એજ સમયે નૂરજહાને બાદશાહને હાથે તેને ૮૦૦૦ સિપાઇ અને ૪૦૦૦ ઘોડેસવારનો મનસબ બનાવરાવ્યો.

નૂરજહાન આ પ્રમાણે રાજ્યની બાજીમાં કુશળતાથી દાવપેચ રમી રહી હતી, એવામાં એની માતાનું મૃત્યુ થયું. (ઇ. સ. ૧૬૨૧) અને પિતાએ પણ ત્યારપછી થોડા સમયમાં દેહ ત્યજ્યો. એમના મૃત્યુથી નૂરજહાનની મોટી ઓથ ભાગી પડી.

શાહજહાન તો હવે એનો શત્રુ બન્યો હતો. એનો સગો ભાઇ આસફખાન શાહજહાનનો સસરો થતો હતો, એટલે જમણો 'હાથ મોં ભણી વળે' એ ન્યાયે એ બહેનના જમાઇ શહરિયાર કરતાં પોતાના જમાઇ શાહજહાનને ગાદી મળે એજ પ્રયાસમાં હતો. ખુલ્લી રીતે એણે બહેનની સાથે બોલી બગાડયું નહોતું, પણ ચતુર નૂરજહાન સમજી ગઇ હતી કે, ભાઇની પાસેથી પણ સલાહ કે મદદની આશા રાખવી એ મિથ્યા છે. નૂરજહાનના પક્ષમાં હવે કોઇ સબળ વ્યક્તિ નહોતી. હવે તો એણે પોતાની બુદ્ધિ ઉપર વિશ્વાસ રાખીને એકલે હાથે પ્રયાસ કરવાનો હતો.

એ અરસામાં શાહજહાને દક્ષિણમાં એના ભાઇ ખુશરૂનું કાસળ કાઢયું. નૂરજહાનના માર્ગમાંથી એક કાંટો ઓછો થયો. નૂરજહાન હવે શાહજહાનની વિરુદ્ધ નવો દાવ રમી. ઇરાનના શાહે કંદહાર પોતાના કબજામાં લઇ લીધું હતું. (ઈ.સ. ૧૬૩૧) તે ચડાઈ કરી પાછું લેવા તેણે જહાંગીર તરફથી શાહજહાનને હુકમ અપાવ્યો. નૂરજહાને વિચાર કર્યો હતો, કે શાહજહાન જો એટલે દૂર જશે તો ત્યાં એને ઘણો સમય લાગશે. એટલો વખત એને અહીંયાં પોતાનો પક્ષ સબળ કરવાનો લાગ મળશે. વળી ઇરાનનો રાજા બળવાન હોવાથી એ યુદ્ધમાં શાહજહાનનું મૃત્યુ થાય તો 'ઠંડે પાણીએ ખસ ગયા' જેવું થશે. જો કદાચ શાહજહાન કંદહાર વિજય કરવા જવા ના કહેશે, તો એને આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર પુત્ર તરીકે ગણીને જહાંગીરની દૃષ્ટિમાં ઉતારી પાડવાનું બની શકશે અને શહરિયારને કંદહાર મોકલ્યાથી એને પોતાની કીર્તિ વધારવાનો પ્રસંગ મળશે. થયું પણ એમજ. શાહજહાને દક્ષિણમાં ઘણાં બંડ થતાં હોવાથી પોતાની હાજરીની ત્યાં જરૂર છે એમ બહાનું કાઢીને કંદહાર જવાની ના કહી, એટલે નૂરજહાને મોટા અને બહાદુર સરદારોને શહરિયારના હાથ નીચે મૂકીને એને કંદહાર જીતવા મોકલ્યો.

એજ સમયમાં શાહજાહાને ખુલ્લી રીતે પિતાની વિરુદ્ધ બંડ ઉઠાવ્યું. મોગલોના રાજ્યમાં આંતરવિગ્રહ શરૂ થયો. એ વિગ્રહનું વિગતવાર વર્ણન કરીને અમે વાચકોનો સમય નહિ લઇએ. ત્રણ વર્ષ સુધી એ વિગ્રહ ચાલ્યો. અનેક સ્થળે પિતા-પુત્રની સેનાઓ વચ્ચે લડાઇ થઈ, કરોડો રૂપિયાનું પાણી થયું, શ્રેષ્ઠ સેનાપતિઓ માર્યા ગયા અને આખા રાજ્યમાં ગભરાટ

ફેલાઇ ગયો. એ આંતરવિગ્રહને અંત પણ નૂરજહાનની યુક્તિથીજ આવ્યો હતો. બાદશાહની તરફથી એણેજ ઈ. સ. ૧૬૨૬ ના માર્ચ માસમાં શાહજહાનને પત્ર લખ્યો હતો કે, બાદશાહ નીચેની શરતોએ સુલેહ કરવા તૈયાર છે. રોહતસ અને અસીરના કિલ્લા શાહજહાને સોંપી દેવા અને એના બે પુત્ર દારા અને ઓરંગઝેબને બાદશાહના દરબારમાં મોકલી આપવા. એ શરતો કબૂલ કર્યેથી બાદશાહ સલામત શાહજાદાને ક્ષમા આપશે અને બાલાઘાટને રાજ્યપ્રબંધ તેને સોંપશે. શાહજહાને પિતાના એ ફરમાનને માથે ચડાવ્યું અને બહુમૂલ્ય નઝરાણા સાથે પોતાના બે સુકુમાર બાળકોને બાદશાહની સેવામાં મોકલ્યા. ૧૬૨૬માં દશ વર્ષને દારા અને આઠ વર્ષને ઔરંગઝેબ એ ભેટ અને નઝરાણા સહિત લાહોર પહોંચ્યા અને બાદશાહની આજ્ઞાથી તેમને નૂરજહાનની દેખરેખ નીચે મૂકવામાં આવ્યા.

હવે નૂરજહાનને મોટો શત્રુ મહોબતખાન હતો.તે શાહજાદા પરવીઝની સાથે રહેતો હતો. નૂરજહાને એની બદલી ત્યાંથી બંગાળના સૂબા તરીકે કરાવી. થોડી વાર પછી નૂરજહાને મોહબતખાનને લખી મોકલ્યું કે, “શાહજહાનના બળવાના સમયમાં તમે જે હાથી કબજે કર્યા છે તથા બેવફા જાગીરદારોની જપ્ત થયેલી જે મોટી જાગીર તમારે સ્વાધીન છે, તેને હિસાબ મોકલી આપો.“ એમાં એ પણ લખ્યું હતું કે હિસાબ સંતોષકારક નહિ માલૂમ પડે તો તમને દરબારમાં પાછા બોલાવી લેવામાં આવશે. મહોબતખાનને આથી ઘણું ખોટું લાગ્યું. આ તો એની પ્રમાણિકતા ઉપર આરોપ મુકાતો હોય એવું લાગ્યું. પાંચ હજાર વીર રજપૂત સેનાસહિત એ લાહોર જવા નીકળ્યો. આ વખતે એણે વિચાર્યું હતું કે પ્રસંગ આવશે તો મારી અત્યાર સુધીની સ્વામીભક્તિને તિલાંજલિ આપીને, બાદશાહની વિરુદ્ધ શસ્ત્ર ઊઠાવીશ.

જહાંગીર કાશ્મીરથી ૧૬૨૫ ના આૅકટોબરમાં લાહોર પહોંચ્યો હતો અને ૧૬૨૬ ના માર્ચ માસમાં કાબૂલ જવા રવાના થયો હતો. એનો પડાવ જેલમ નદીના કિનારે પડ્યો હતો; ત્યાં આગળજ મહોબતખાને મોકલેલા હાથી એને મળ્યા. હોડીઓના પૂલ ઉપર થઇને જેલમ નદી ઊતરીને જહાંગીરના સિપાઈઓ પેલી તરફ ગયા હતા. પ્રભાતમાં ઘણીખરી ફોજ અને સરસામાન નદી પાર ગયો અને જહાંગીર પોતાની બેગમ તથા

બાળકો સહિત પેલી છાવણીમાં ઊંઘતો હતો. મહોબતખાન નજદીકમાં છે એમ જાણ્યા છતાં પણ આસફખાને બાદશાહના રક્ષણનો પૂરતો બંદોબસ્ત રાખ્યો નહોતો. આ તકનો લાભ લઈને મહોબતખાને તાબડતોબત આવીને પોતાના રજપૂતો સાથે બાદશાહને ઘેરી પોતાના તાબામાં લીધો. તે વખતે એવી ગડબડ થઇ રહી હતી કે, કાંઇ પૂછવાની વાત નહિ. બાદશાહની સમીપ જઇને મહોબતખાને વિનયપૂર્વક કહ્યું: "આસફખાન મારો શત્રુ છે, એની પ્રપંચ જાળમાંથી છૂટવું મારે માટે અશક્ય થઇ પડ્યું છે. એ બદનામી કરાવીને મારૂં મોત આણશે એવી મારી ખાતરી છે, તેથી લાચારીએ મારે આ રસ્તો લેવો પડ્યો છે. હું આપને શરણે છું, હું આપનો દાસ છું, આ સેવકે આપનુંજ નિમક ખાધું છે, આપ મને મારી નાખવાની સજા ફરમાવો તો હું હર્ષપૂર્વક ભોગવવા તૈયાર છું; પણ આસફખાનના અને નૂરજહાનના પ્રપંચનો ભોગ હું થનાર નથી." બાદશાહ તેનો પૂરો ઉત્તર વાળે તે પહેલાં તો મહોબતખાનના માણસો અંદર ઘૂસ્યા અને બાદશાહને પોતાના કબજામાં લીધો. આથી નૂરજહાનની સ્થિતિ હાથમાંનું ભક્ષ્ય બીજાએ છીનવી લીધેલી વાઘણના જેવી થઇ. નદી ઊતરીને તે પેલી તરફ ગઈ. મહોબતખાનને પાછળથી પસ્તાવો થયો કે, નૂરજહાનને ન પકડી એ ઠીક ન કર્યું. નૂરજહાને સામે કિનારે જઇને બધા સરદારોને એકઠા કરીને ખૂબ ઠપકો આપ્યો કે, "તમારી બેપરવાઇ અને બેવકૂફીભરેલી વ્યવસ્થાથી આ પ્રમાણે બનવા પામ્યું છે. કોઇની પણ કલ્પનામાં ન આવે એવો બનાવ બનવા પામ્યો છે અને ખુદા તથા મનુષ્યની દૃષ્ટિએ તમારે શરમિંદા થઇને ઊભા રહેવા રહેવા વારો આવ્યો છે." એના શબ્દોથી ઉશ્કેરાઇ જઇને સૈનિકોએ જીવસટ્ટે યુદ્ધ કરીને બાદશાહને છોડાવી લાવવાનો સંકલ્પ કર્યો. ખુદ નૂરજહાન હાથી ઉપર શસ્ત્રસહિત બેઠી અને તેમની સરદારી લઇને પૂલ ઓળંગવા તૈયાર થઇ. રજપૂતો તેને અટકાવવા સામે તૈયાર હતા. તેના હોદ્દામાં બેઠેલી એક દાસીને તીર વાગ્યું. તે ખેંચી કાઢતાં નૂરજહાનનું શરીર લોહીથી ભરાઇ ગયું છતાં તે ડગી નહિ. તે પોતે સાહસિક અને શરવિધાનમાં ચોક્કસ હતી. એણે અનેક વાઘ માર્યા હતા, તો મનુષ્યને મારવા એ તેને મનથી રમત વાત હતી. પણ દૈવ પ્રતિકૂળ હોય ત્યાં કાંઇજ ન ચાલે. આ પ્રસંગે તેની ફોજનો પરાજય થયો અને તેને પણ મહોબત-

ખાનની સેનાને હાથે નજરકેદ પકડાવું પડ્યું. મહોબતખાનની ઇચ્છા પાર પડી; જહાંગીર બેગમના કબજામાંથી પોતાના કબજામાં આવ્યો. હવે એ બાદશાહ પાસેથી પોતાની ઇચ્છાનુસાર હુકમ બહાર પડાવી શકતો.

પેલી તરફ નૂરજહાનને માટે પતિના વિયોગનો આ પ્રથમજ પ્રસંગ હતો. એનાથી એ કષ્ટ સહન થઇ શક્યું નહિ. એ સમજી કે મારી હવે અવળી દશા બેઠી છે. મારા પક્ષમાં હવે પહેલાં જેવાં અનુભવી અને રાજનીતિકુશળ મનુષ્ય રહ્યાં નથી. આથી એણે વ્યવહારકુશળતા વાપરીને મહોબતખાનની માફી માગી. મહોબતખાનની નસોમાં આખરે રજપૂતનું રક્ત વહેતું હતું. સ્ત્રીજાતિની સાથે ઉદારતાથી કેવી રીતે વર્તવું એ તે જાણતો હતો. શરણાગત નૂરજહાનને તેણે ક્ષમા આપી અને બાદશાહને મળવાની તથા તેની સાથે રહેવાની રજા આપી.

નૂરજહાન હવે આળસુ થઇને બેસી રહી નહિ. એનું એક માત્ર લક્ષ પતિને સ્વતંત્ર કરવાનું હતું. એણે મહોબતખાનના પક્ષના માણસોને સામ, દામ, ભેદથી પોતાના પક્ષમાં લીધા; એટલે સુધી કે મહોબતખાનનો પોતાનો પુત્ર અમાનુલ્લાખાન નૂરજહાનનો પક્ષપાતી બન્યો. ચાણક્યનીતિમાં નૂરજહાન ઘણી કુશળ હતી. એણે બે યુક્તિઓ શોધી કાઢી. એક તો એણે મહોબતખાનને પોતાને માટે જે સંદેહ હતો તે ઠંડો પડવા દીધો અને એ હવે નૂરજહાનની તરફથી બેપરવા રહેવા લાગ્યો. બીજી તરફથી એણે જહાંગીરને શીખવ્યું કે, “ તમે મહોબતખાનને એમજ ઠસાવો કે, ‘ હું તમારી સોબતમાં રહેવાને અને તમારી સલાહ પ્રમાણે ચાલવાને સદા ઉત્સુક હતો, પણ આસફખાન અને નૂરજહાનના હાથમાં હું પૂતળા સમાન થઇ ગયો હતો એટલે લાચાર હતો. આખરે તમારા જેવા સ્વામીભક્ત સેવકના સહવાસમાં રહેવાનો અને પ્રપંચજાળમાંથી મુક્ત થવાનો પ્રસંગ આવ્યો, માટે હું ખુદાનો ઉપકાર માનું છું. હવે હું કદી એ લોકોની જાળમાં ફસાઇશ નહિ અને નૂરજહાન મને જે કાંઈ વાત કહેશે તે હું તમને કહી દઇશ.’ ” ભોળો મહોબતખાન આથી ભોળવાયો. એને ખાતરી થઈ કે બાદશાહ હવે મારાજ કબજામાં છે. નૂરજહાન અને એના સાથીઓના કાવાદાવાથી એ કંટાળ્યો છે એટલે હવે સામ્રાજ્યની બધી લગામ મારાજ હાથમાં આવશે.

હવે મહોબતખાને જહાંગીર ઉપરનો અંકુશ ઢીલો કર્યો. હવે એ થોડાઘણા રજપૂત સૈનિકોની દેખરેખ નીચે શિકાર ખેલવા પણ જઇ શકતો. વળી જહાંગીરને સાધુસંત અને ફકીરોની સેવા કરવાનો ઘણો શોખ હતો. એ લોકોને મળવા તથા ખેરાત કરવા એ નૂરજહાનની અને કુટુંબનાં બીજાં માણસો-ની સાથે બહાર પણ જઇ શકતો.

પેલી તરફ નૂરજહાને લાંચ આપીને, ખુશામત કરીને તથા ઉત્સાહ આપીને અનેક સરદારોને પોતાના પક્ષમાં લીધા હતા. એક પ્રસંગે નૂરજહાને બતાવેલી યુક્તિ પ્રમાણે બાદશાહે પોતા-ની બધી સેનાને એમની કવાયત લેવાને નિમિત્તે એકઠી કરી અને રજપૂત તથા મુસલમાન સેના એકઠી મળતાં કદાચ ઝપાઝપી થઈ જાય, એવી બીક બતાવીને તેણે મહોબતખાનની સેના દૂર રાખી. જહાંગીરનું ભાગ્ય અનુકૂળ હતું, એટલે મહોબતખાનને એમાં કાંઇ ઊંડો અર્થ સમજાયો નહિ અને તેણે જરા પણ વાંધો લીધો નહિ. બાદશાહ ફોજની તપાસ લેવા ગયો, તે સમયે બેગમે અનેક સૈનિકો એકઠા કરીને બાદશાહને ઘેરી લીધો અને તેને પોતાના તાબામાં લીધો. આ પ્રમાણે વિદુષી અને રાજનીતિકુશળ નૂરજહાનની યુક્તિથી બાદશાહ જહાંગીર નજરકેદમાંથી છૂટ્યો.

ત્યાર પછી થોડા સમયમાં જહાંગીરને ૬૦ મું વર્ષ સમાપ્ત થયું. નૂરજહાનના હાથમાં પુનઃ સર્વ સત્તા આવી હતી. શાહ-જહાનની સેના વધતી જતી હતી. લાહોરમાં ઇ. સ. ૧૬૨૭ ની ૧૧મી માર્ચે જહાંગીરે નવરોઝનો સમારંભ કર્યો. પરંતુ એ સમયે એની તબિયત લથડી હતી; તેથી એ હવાફેર કરવા સારૂ કાશ્મીર ગયો. મુસાફરીના શ્રમથી તે થાકી ગયો હતો. નૂરજહાન અને શહરિયાર તેની સાથે હતાં. શહરિયારને હાથમાં લઇ તેની પાસે રાજ્યકારભાર કરાવવાની નૂરજહાનની ઇચ્છા હતી; પણ દુર્ભાગ્યે શહરિયારજ માંદો પડ્યો અને તે દવા કરાવવા લાહોર ગયો. ઉનાળો પૂરો થતાં જહાંગીર કાશ્મીરથી પાછો લાહોર આવવા નીકળ્યો અને તા. ૨૮ મી ઑકટોબર ૧૬૨૭ ને દિને માર્ગમાંજ તે મરણ પામ્યો. તેનું શબ લાહોર લાવવામાં આવ્યું.

સૌભાગ્યવતી નૂરજહાન આજ નિરાધાર વિધવા બની. સ્ત્રીનું માન તેનું સૌભાગ્ય હોય ત્યાંજ સુધી, એ સિદ્ધાંત નૂરજહાનના પ્રસંગમાં પણ સાચો પડ્યો. જહાંગીરના મૃત્યુ સાથેજ એનું

સન્માન જતું રહ્યું. જહાંગીરને લાહોરમાં જે સ્થળે સમાધિ આપવામાં આવી, ત્યાં નૂરજહાને ભવ્ય મકબરો બંધાવ્યો.

નૂરજહાને શહરિયારને બાદશાહ તરીકે જાહેર કરવાનો પ્રયત્ન કર્યો, પણ એમાં એ ફાવી નહિ. આસફખાનની સેનાએ શહરિયારને રોક્યો. શાહજહાન દક્ષિણમાં હતો. તેને પિતાના મૃત્યુના સમાચાર મળ્યા એટલે શહરિયાર, ખુશરૂના બે પુત્રો તથા દાનિયલના બે પુત્રને મારી નંખાવીને તા. ૨૪ મી જાન્યુઆરીએ આગ્રા પહોંચ્યો અને બાદશાહ તરીકે પોતાને જાહેર કર્યો. ૫ મી ફેબ્રુઆરીએ તેનો રાજ્યાભિષેક થયો.

નૂરજહાનને હવે ઇચ્છાએ કે અનિચ્છાએ રાજ્યકાર્યમાંથી નિવૃત્ત થવું પડ્યું. શાહજહાંએ તેની હત્યા તો ન કરી, પણ એની સર્વ સત્તા છીનવી લઇને વાર્ષિક બે લાખ રૂપિયાનું વેતન બાંધી આપ્યું. એના નામવાળા સિક્કા ચલણમાંથી પાછા ખેંચી લઇને ગળાવી નાખવામાં આવ્યા. હવે નૂરજહાને સાદાઇ અને શાંતિમાંજ જીવન ગાળવાનો આરંભ કર્યો. પતિના મૃત્યુ પછી પોતાની વિધવા કન્યા–શહરિયારની પત્ની–લાડલી બેગમ સાથે, તેણે લાહોરમાં રહીને શોકમય જીવન ગાળ્યું. પતિના મૃત્યુ પછી ૧૮ વર્ષ સુધી તે જીવી અને હિજરી સન ૧૦૫૫ માં (ઈ. સ. ૧૬૭૭) માં એનો આત્મા આ મોહમાયાથી ભરેલા સંસારનો ત્યાગ કરી પરલોક સિધાવ્યો. એની ઇચ્છા હતી કે મૃત્યુ પછી પતિની કબરની પાસેજ પોતાને પણ દફનાવવામાં આવે. પોતાની હયાતીમાંજ એણે કબર ખોદાવી રાખી હતી, ત્યાંજ એની અંતિમ સમાધિ થઈ. કહેવાય છે કે, એની કબર ઉપર કોતરેલી નીચેની કવિતા એનીજ રચેલી છે.

"આ મુજ ગરીબનો મજાર છે, પતંગની પાંખને દઝાડવાને અહીં દીવો બળતો નથી, બુલબુલના સંગીતને આકર્ષવાને અહીંયાં સુંદર બગીચો પણ નથી."

ભારતની રાજરાજેશ્વરી જગતજ્યોતિ નૂરજહાન ચિર અંધકારમાં, ચિર શાંતિમાં લાહોરના એ મકબરામાં સૂતી છે.

સંસારનું સુખ ચાર દિવસનું ચાંદરણું છે. એની પાછળ છળ-પ્રપંચમય જીવન ગાળવું એ મિથ્યા છે, એ બોધ લેવો હોય તો નૂરજહાનના જીવનની ચડતીપડતીનું અવલોકન કરી જાઓ.

२०७–रत्नावलि

એ આમેરના રાજાના નાનાભાઈ માધવસિંહની રાણી હતી. રાણીઓની સેવાચાકરી કરવા સારૂ અનેક દાસીઓ રહે છે; તે પ્રમાણે રાણી રત્નાવલિ પાસે અનેક દાસીઓ-માંની એક વૃદ્ધ દાસી ઘણી ઇશ્વરભક્ત હતી. રાતદિવસ એ કૃષ્ણ-ચંદ્ર–આનંદકંદ–શામળા–સોહામણાના પવિત્ર નામનું ઉચ્ચારણ કર્યા કરતી હતી. કૃષ્ણભક્તિમાં એ એટલી ગરકાવ થઈ જતી, કે કદી કદી તેની આંખમાંથી આંસુ વહેવા માંડતાં, પણ તેનો મર્મ બીજા કોઇના સમજવામાં નહોતો આવતો. બીજી બધી દાસી-ઓ સમજતી કે આ ડોશીની તો સાઠે બુદ્ધિ નાઠી છે, પણ એ પ્રેમાશ્રુ વરસાવવામાં કેવો સરસ આનંદ હતો, તે તો એ ડોશીજ જાણતી હતી. એક દિવસ રાણીએ પણ એ વૃદ્ધ દાસીને એમ રોવાનું કારણ પૂછ્યું. દાસીએ કહ્યું: "રાણી સાહેબ ! આપને એ જાણવાનું શું પ્રયોજન ? આપ તો રાજાનાં રાણી છો. સારી પેઠે ખાઓપીઓ ને મોજ કરો. હમણાં એવી વાત પૂછવાની આપને કાંઇ પણ જરૂર નથી."

તત્ત્વજિજ્ઞાસુ રાણી રત્નાવલિને આ ઉત્તરથી સંતોષ ન થયો. એણે દાસીને વધારે આગ્રહ કર્યો, ત્યારે દાસીએ જવાબ આપ્યો કે, "રાણી સાહેબ ! આ સંસાર જૂઠી માયા છે. આજ આપણી આંખ આગળ જે જે વસ્તુ દેખાય છે; તે બધી કોઇ દહાડો નાશ પામી જશે. વધારે શું કહું ? આપણે પોતે પણ એક દિવસ આ સંસારમાંથી ચાલ્યાં જઇશું. બાંધી મૂઠીએ આવ્યા છીએ અને હાથ પસારીને ચાલ્યાં જઇશું. આ બધો ઠાઠમાઠ, ધન, વૈભવ અહીંજ રહી જશે. જે કાંઇ પુણ્યદાન કર્યું હશે તેજ સાથે જશે. માટે બાઇસાહેબ ! હું ભજન ન કરૂં તો બીજું શું કરૂં ? નોકરી તો પેટ ભરવા માટે કરવી પડે છે, પણ જ્યારે જ્યારે ફુરસદ મળે

છે, ત્યારે ત્યારે ભગવાનનું સ્મરણ કરૂં છું. પુણ્યદાન કરવા સારૂ તો પૈસા જોઇએ, પણ પૈસા હું ક્યાંથી લાવું? મારાથી તો જેટલું બને છે તેટલું ભજન હું તો કર્યા કરૂં છું."

દાસીનો આ ઉત્તર સાંભળતાંવારજ રાણી ચમકી ઊઠીને કહેવા લાગી: "દાસી, તેં આ શું કહ્યું? શું આ બધું અહીંજ રહી જવાનું? આવતા જન્મમાં અમને શું મળવાનું?"

દાસીએ ઉત્તર આપ્યો: "રાણી સાહેબ! આ જન્મમાં જેટલું પુણ્યદાન કરી લેશો, જેટલું ઈશ્વરભજન કરશો, તેટલાજ સુખવૈભવ આવતા ભવમાં મેળવશો. આ તો વહેતી નદી છે; એમાં જેને હાથ ધોવા હોય તે ધોઇ લે. સારાંશ કે આ મનુષ્ય-જન્મમાં પોતાની શક્તિ અનુસાર પુણ્યદાન કરી લેવું જોઇએ; કારણકે એવો લાગ ફરી ફરીને મળતો નથી."

રાણીએ પૂછ્યું: "ત્યારે તો પૈસાવાળાં માણસો આવતા ભવમાં પણ સુખજ ભોગવશે?"

દાસીએ ઉત્તર આપ્યો: "હા, પુણ્યદાન કર્યાથી તો સુખ મળે છેજ, પણ એ સાથે સાચા મનથી ઈશ્વરનું ભજન કરવું જોઈએ. ભગવાન ભક્તિથી જેટલા પ્રસન્ન થાય છે, તેટલા બીજા કશાથી થતા નથી."

રાણીએ પૂછ્યું: "ભક્તિ કેવી રીતે થાય છે?"

દાસીએ ઉત્તર આપ્યો: "ભગવાનના ગુણ ગાવાથી, ભજન કરવાથી અને સારાસારા મહાત્માઓની સંગતિ કરવાથી રાણીજી! સંગતિનું ફળ કેવું છે એ વિષે તુલસીદાસજીએ જણાવ્યું છે કે—

"एक घडी आधी घडी आधी में पुनि आध ।
तुलसी संगत साधुकी, हरै कोटि अपराध ॥"

દાસીનાં આ વચનો સાંભળ્યાથી રાણીની આંખો ઊઘડી ગઇ. એજ દિવસથી સંસારના ભોગવિલાસ ઉપરથી તેનું મન ઊઠી ગયું. એ દિવસથી એણે એ વૃદ્ધ દાસી પાસેથી નોકરી લેવી બંધ કરી અને તેને પોતાનો ગુરુ માનીને રોજ તેની પાસે રામાવતાર અને કૃષ્ણાવતારની કથા સાંભળવા લાગી. એમ કર્યાથી ભગવદ્ભક્તિ ઉપર તેની પ્રીતિ એટલી બધી વધી ગઇ કે, તેના મોંમાંથી રાત-દિવસ 'રામ, રામ! કૃષ્ણ, કૃષ્ણ! હરિ હરિ!' શબ્દો નીકળવા લાગ્યા અને થોડાકજ દહાડામાં એ પૂરેપૂરી ભક્ત બની ગઇ.

ત્યાર પછી એણે પોતાના મહેલમાંજ નટવરજીની મૂર્તિ સ્થાપિત કરી અને પોતાનો બધો વખત ભજન, કીર્તન, સેવા-પૂજા, ભોગરાગ આદિ ઉપાયોથી ઠાકોરજીને લાડ લડાવવામાં ગાળવા લાગી. આ પ્રમાણે ઘણા માસ વ્યતીત થઇ ગયા, એટલે રાણીએ એક દિવસ દાસીને પૂછ્યું: "તારી કૃપાથી રાત-દિવસ ભગવાનના ચરણોનું ધ્યાન ધરતાં તો આવડી ગયું, પણ હવે મને એવો કોઇ ઉપાય બતાવ કે જેથી કરીને હરિના ખરા ભક્તોનાં દર્શન થાય."

દાસીએ ઉત્તર આપ્યો કે, "મહારાણીજી! એનો સુગમ ઉપાય એ છે કે આપના મહેલની પાસે જે બગીચો છે, તેમાં ઠાકોરજી પધરાવો અને સાધુસંતોને ભોજન કરાવવાનો બંદોબસ્ત કરી દો, એટલે આપને ઘેર બેઠે ભગવદ્ભક્તોનાં દર્શન થઇ જશે."

રાણીએ એજ પ્રમાણે કર્યું. પુષ્કળ પૈસા ખરચીને ત્યાં એક મંદિર બંધાવી દીધું અને એમાં વિધિપૂર્વક ઠાકોરજી પધરાવીને તેમના ભોગ વગેરેનો બંદોબસ્ત કરી દીધો. હવે તો દૂર દેશાવરના સાધુસંન્યાસીઓ ત્યાં દર્શન કરવા આવવા લાગ્યા. રાણી રત્નાવલિને પણ સાધુસંતોનો ઉપદેશ સાંભળવાનો સારો યોગ મળ્યો. પરિણામ એ આવ્યું કે રાણીની ભક્તિ ઘણી વધી ગઇ અને સ્વપ્નમાં તેને ભગવાનનાં દર્શન થવા લાગ્યાં.

આ પ્રમાણે ઘણાં વર્ષ વીતી ગયાં. એક દિવસ કેટલાક વ્રજવાસી સાધુઓની એક મંડળી આવીને એ મંદિરમાં ઉતરી. સાયંકાળે આરતી વખતે તેમણે એક એવું મધુર અને હૃદયદ્રાવક પદ ગાયું કે, રાણી પ્રભુપ્રેમથી આકુળવ્યાકુળ થઇ ગઇ. એકદમ એ પડદામાંથી બહાર નીકળી આવી અને મંદિરમાં ઘૂસી ગઇ તથા પ્રસાદનો થાળ પોતાના હાથમાં લઇને બધા સાધુઓને જમાડવા લાગી. જ્યારે બધા સાધુઓ ભોજન કરી રહ્યા ત્યારે તેણે પોતાને હાથે બધાને પાન આપ્યાં, બધાને ચંદન ચોપડ્યું તથા બધાના ચરણમાં નમીને પ્રણામ કર્યા. એ દિવસથી એ દરરોજ પોતાને હાથે સાધુઓને જમાડવા લાગી તથા તેમની સેવાચાકરી કરીને આનંદમાં દિવસ ગાળવા લાગી.

એ વખતે મહારાજા માધવસિંહ દિલ્હીમાં હતા. તેમની પાસે રાણીની આવી વર્તણુંકના સમાચાર પહોંચ્યા, ત્યારે તેમને

ઘણો ગુસ્સો આવ્યો. માધવસિંહ જે વખતે રાણીની સાધુસેવાના સમાચાર વાંચી રહ્યા હતા, તેજ વખતે એમનો પુત્ર પ્રેમસિંહ ત્યાં જઇ પહોંચ્યો. પુત્રના માથા ઉપર સાધુઓના જેવી સાદી ટોપી, ગળામાં તુલસીની માળા અને લલાટ ઉપર ગોપીચંદનનું સફેદ તિલક જોઇને મહારાજાના ક્રોધનો પાર રહ્યો નહિ. ક્રોધાવેશમાં આવીને તેમણે પુત્રને કહ્યું: "બોડકીના છોકરા! ચાલ્યો જા અહીંથી, તમે બંનેએ મારા નામને કલંક લગાડ્યું છે."

પ્રેમસિંહ એ વખતે ત્યાંથી ચાલ્યો ગયો અને એજ વખતે ઘેર જઇને પોતાની માતા રત્નાવલિને એ સંબંધી ખબર લખી મોકલી. પુત્રનો કાગળ પહોંચ્યા પછી રત્નાવલિએ માથાના વાળ મૂંડાવી નાખ્યા અને સાધુ જેવાં સાદાં વસ્ત્ર પહેરીને સાચેસાચી બોડકીજ બની ગઇ. માધવસિંહ મૂળથીજ રાણીનો આવો ઢંગ જોઇને અપ્રસન્ન તો રહેતાજ હતા, પણ જ્યારે તેમણે સાંભળ્યું કે રત્નાવલિએ પડદાનો મલાજો પણ છોડી દીધો છે તથા માથું મૂંડાવીને સાધુડીની માફક રહે છે, ત્યારે તેમના ક્રોધનો પાર રહ્યો નહિ. તરતજ એ દિલ્હીથી આમેર આવ્યા અને રાણીને મારી નાખવાની યુક્તિ શોધવા લાગ્યા.

એકવાર એવું બન્યું કે વૈશાખ સુદિ ચૌદશને દિવસે સાયંકાળને વખતે રાણી રત્નાવલિના નટવરજીના મંદિરમાં ઘણી ધામધૂમ સાથે ઠાકોરજીની પૂજા થઇ રહી હતી. મંદિરમાં ખસની ટટ્ટીઓ લાગી રહી હતી. તેના ઉપર ઠંડા પાણીનો ખૂબ છંટકાવ થઇ રહ્યો હતો. જૂઇ, ચમેલી, મોગરો, ગુલાબ વગેરે સુંદર સુગંધીદાર પુષ્પોના માંડવામાં ઠાકોરજીને પધરાવ્યા હતા અને પોતે આનંદપૂર્વક ઠાકોરજીને રમાડી રહી હતી, એટલામાંજ મહારાજાએ છોડી મૂકેલો એક વિકારાળ સિંહ એકાએક એ મંદિરમાં ધસી આવ્યો. એ સિંહને જોતાંવારજ બધી દાસીઓ ગભરાવા લાગી તથા 'સિંહ આવ્યો' 'સિંહ આવ્યો' એમ કહીને બૂમરાણ કરી મૂકવા માંડી. રાણી એ સમયે ઠાકોરજીની સેવામાં એટલી બધી તલ્લીન થઇ ગઈ હતી કે, તેને પોતાના દેહનું જરા પણ ભાન નહોતું. દાસીઓની બૂમરાણ સાંભળ્યાથી એ સચેત થઇને જોવા લાગી, તો જણાયું કે ખરેખર એક ભયંકર સિંહ અંદર ધસી આવ્યો છે. એ સિંહને જોતાંવારજ રાણી ઊભી થઇ ગઇ અને પુષ્પોનો એક હાર તેના ગળામાં પહેરાવી દઇને

હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી: “ આજ મારૂં અહોભાગ્ય છે કે મને મારા ઇષ્ટદેવનાં દર્શન થઇ ગયાં. મને આપના દર્શનની ઘણી લાલસા હતી, તે આજે પૂર્ણ થઇ. જેવી રીતે આપે નૃસિંહ રૂપ ધારણ કરીને ભક્તરાજ પ્રહ્‌લાદનું દુઃખ ટાળ્યું હતું, તેજ પ્રમાણે આજે આપે મારે માટે પણ નૃસિંહનું રૂપ ધારણ કર્યું છે. અહા ધન્ય છે! આજ પણ ચતુર્દશી છે! ધન્ય છે! મહારાજ ધન્ય છે! આજ આ દાસીનો જન્મ સફળ થયો છે.”

રાણી રત્નાવલિની પૂજા સ્વીકારીને સિંહ બહાર આવ્યો અને બહાર ઊભેલા લોકોને મારી ખાવા લાગ્યો. હવે બધા લોકો ગભરાઇને નાસવા લાગ્યા. માધવસિંહની પાસે એ ખબર પહોંચી, ત્યારે એ ઘણા સ્તબ્ધ થઇ ગયા. એજ વખતે એમના હૃદયમાં રાણી માટે ભક્તિ ઉત્પન્ન થઇ. એકદમ એ મંદિરમાં દોડી આવ્યા અને રાણીના ચરણમાં પડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. રાણી એ વખતે પાછી ઠાકોરજીના ધ્યાનમાં મગ્ન થઇ ગઇ હતી, એટલે તેને ખબર ન પડી કે મહારાજ શું કરી રહ્યા છે, જ્યારે દાસીઓએ પ્રાર્થના કરી કે, “ મહારાજા સાહેબ પ્રણામ કરે છે ” ત્યારે તેણે ઉત્તર આપ્યો: “ હાં, નટવરલાલજીને પ્રણામ કરતા હશે.” દાસીએ ફરીથી કહ્યું: “ નહિ, એ તો આપને પ્રણામ કરે છે. એક વખત એમની તરફ દૃષ્ટિ તો કરો.” રાણીએ ઉત્તર આપ્યો: “ આ દૃષ્ટિ તો એક તરફ લાગેલી છે, હવે બીજી તરફ દૃષ્ટિ નહિ કરાય.”

રાણીનાં આવાં વચનો સાંભળીને રાજાએ હાથ જોડીને કહ્યું: “ પ્રિયે! મને ક્ષમા કરો. આ રાજપાટ બધું તમારૂંજ છે. તમારે એનો જે ઉપયોગ કરવો હોય તે કરો. તમે તેનાં માલિક છો. ”

પતિના વિનયથી પીગળી જઇને પતિના સામું જોઇ રાણીએ કહ્યું: “ આપ આટલો બધો પશ્ચાત્તાપ શા સારૂ કરો છો? જે થવાનું હોય તે થયાજ કરે છે; પરંતુ અહીં તો શ્રીનટવરલાલજીની કૃપાથી ઘણો આનંદ છે. આપ પણ એમનાજ ચરણનું ધ્યાન ધરશો, તો ઘણું સારૂં થશે.”

રાણીના એ શબ્દોએ મહારાજા માધવસિંહના ઉપર ઘણી સારી અસર કરી. એજ વખતથી એમના મનમાંથી દ્વેષભાવ ચાલ્યો ગયો અને એ નટવરલાલજીના પરમ ભક્ત બની ગયા.


એક દંતકથા એવી છે કે, એક દિવસ મહારાજા માધવસિંહ

અને માનસિંહ હોડીમાં બેસીને કોઇ મોટી નદી ઓળંગી રહ્યા હતા, એટલામાં અચાનક વંટોળિયો ચડી આવ્યો અને હોડી ઝોલાં ખાવા લાગી. એ વખતે માધવસિંહે મહારાજા માનસિંહને પોતાની રાણીની કથા કહી સંભળાવી અને તેના નામનું સ્મરણ કર્યું, એટલે તરતજ ઈશ્વરની એવી કૃપા થઇ કે વંટોળિયો એકદમ બંધ થઇ ગયો અને હોડી બચી ગઈ. બધા સહીસલામત કિનારે પહોંચી ગયા. મહારાજા માનસિંહ આથી ઘણા ખુશી થયા અને રાણી રત્નાવલિનાં દર્શન કરવાની તેમને અભિલાષા થઇ. જ્યારે એ આમેર ગયા, ત્યારે પહેલાં રાણીના મંદિરમાં ગયા અને રત્નાવલિને પ્રણામ કર્યા. એજ દિવસથી એ પણ ઈશ્વરભક્ત થઇ ગયા અને રાણી રત્નાવલિને પોતાના કુળનું એક અમૂલ્ય સ્ત્રીરત્ન ગણીને તેને પૂજવા લાગ્યા.

આ કથા ભક્તમાળ માની છે.

૨૦૮–जांबुवती

એ મેવાડના પ્રસિદ્ધ રાણા જગતસિંહની માતા હતી સંવત ૧૬૬૪ માં જગતસિંહે તેના ગર્ભમાં જન્મ લીધો હતો. એ મેવાડની ગાદી ઉપર સંવત ૧૬૮૪ ઇ. સ. ૧૬૨૮ માં બેઠો હતો. ગાદીએ બેઠા પછી તે હમેશાં પોતાની માતાની સલાહ મુજબ ચાલતો. જાંબુવતી ઘણી સમજુ અને રાજનીતિકુશળ સ્ત્રી હતી. એ ઘણી પુણ્યાત્મા અને ધાર્મિક સ્ત્રી હતી. મથુરા, વૃંદાવન, દ્વારિકા, ઓરોપ્રયાગ, કાશી આદિ તીર્થોની તેણે યાત્રા કરી હતી અને ત્યાંના પૂજારીઓને તથા બ્રાહ્મણોને પુષ્કળ દાન આપીને સંતુષ્ટ કર્યા હતા.





૨૦૬—કરમાબાઈ

આ સન્નારી ક્યાંની હતી અને કોણ હતી એ વિષેની માહિતી મળી આવી નથી, પરંતુ એટલું તો અવશ્ય જાણવામાં આવ્યું છે કે એ પરમ ભક્ત હતી. એક ભક્ત તરીકે એનું નામ ઘણું પ્રસિદ્ધ છે. હિંદુઓની યાત્રાનાં ચાર મુખ્ય ધામોમાં જગન્નાથપુરીની ગણતરી છે. જગન્નાથપુરીની યાત્રા કરનાર પ્રત્યેક હિંદવાસીને કરમાબાઈનું નામ જાણીતું છે.

સાધારણ રીતે અનુભવવામાં આવ્યું છે કે, બાળકો સવારના પહોરમાં ઊઠતાંજ કાંઇ ને કાંઇ ખાવાનું માગે છે અને તેમની માતાઓ પોતાના ગજા પ્રમાણે તેમને માટે કાંઇક ખાવાનું અવશ્ય રાખી મૂકે છે. કરમાબાઇને પણ એવીજ ટેવ હતી. પરમ ભક્ત હોવાથી એ સવારમાં ઊઠીને શૌચ તથા સ્નાન કર્યા પહેલાંજ એક તપેલીમાં ખીચડી ઓરી દેતી અને એ ખીચડી તૈયાર થઇ ગયા પછી વાત્સલ્યભાવથી ભગવાનને નૈવેદ્ય ધરાવતી. ભગવાન પણ એની ભક્તિથી એટલા બધા પ્રસન્ન થયા હતા કે દરરોજ બાળકનું રૂપે તેના ખોળામાં આવીને બેસતા અને સ્વાદપૂર્વક ખીચડી ખાતા. રખે મોડું થઈ જાય અને ભગવાનને ભૂખ્યા રહેવું પડે, એ બીકથી કરમા ચાર ઘડી રાત બાકી હોય ત્યારથીજ ઊઠીને ખીચડી રાંધવાનું શરૂ કરી દેતી.

એક દિવસે એવું બન્યું કે, કોઇ એક સાધુએ કરમાબાઈને નાહ્યાધોયા વગરજ ખીચડી રાંધતાં જોઇ. આથી તેણે કરમાબાઇને કહ્યું કે, "ધર્મભગિનિ! તું નાહ્યાધોયા વગરજ રસોઇ કરીને ઠાકોરજીને ધરાવે છે, એ ઘણુંજ ખોટું કરે છે. એથી તો દોષમાં પડાય છે અને પરમેશ્વર ઘણાજ નારાજ થાય છે; કારણકે પરમેશ્વરને ચોખ્ખાઇ અને શુદ્ધતા ઘણાં પ્રસન્ન છે."

કરમાબાઇએ સાધુની શિખામણ માનીને બીજે દહાડેથી સવારના પહોરમાં નાહીધોઇ, સ્વચ્છ કપડાં પહેરીને ઘણી શુદ્ધતાથી રસોઈ કરવાનું શરૂ કર્યું, પણ એમ કરવામાંવાર ઘણી લાગતી હતી અને ઠાકોરજીને ઘણા સમય સુધી ભૂખ્યા રહેવું પડતું હતું.

એક દિવસ ભગવાન કરમાબાઇના ખોળામાં બેસીને ખીચડી ખાઈ રહ્યા હતા, એટલામાંજ જગન્નાથજીના મંદિરમાં રાજભોગનો સમય થયો. ઘંટનાદ સાંભળતાં જગન્નાથજી હાથ ધોયા વગરજ કરમાબાઇના ખોળામાંથી ઊઠીને મંદિરમાં ચાલ્યા આવ્યા. નિયમિત સમયે મંદિરમાં જ્યારે ભોગ ધરાવ્યો, ત્યારે પંડ્યાને જણાયું કે ઠાકોરજીના હાથમાં ખીચડી ચોંટી છે. આથી એને ઘણું આશ્ચર્ય ઉપજ્યું અને તેણે વિનયપૂર્વક હાથ જોડીને પૂછ્યું: “ મહારાજ ! આજ ખીચડી ક્યાં આરોગી છે ? ”

જગન્નાથજીએ ઉત્તર આપ્યો: “ કરમાદાસી રોજ સવારના પહોરમાંજ મારે સારૂ ખીચડીનો ભોગ ધરાવતી હતી અને હું એને ત્યાં જઇને જમી આવતો હતો; પણ એક સાધુએ તેને શુદ્ધ થઇને રસોઇ કરવાનો ઉપદેશ આપ્યો છે, ત્યારથી એ નાહીધોઇને ખીચડી રાંધે છે; એને લીધે ઘણી વાર થાય છે અને મારે ભૂખ્યા રહેવું પડે છે. આજે હું ખીચડી ખાઈ રહ્યો હતો એટલામાંજ ઘંટનાદ થવાથી મારે હાથ ધોયા વગરજ અહીં આવવું પડ્યું. હવે તું એ સાધુને બોલાવીને એની મારફતે કરમાબાઇને કહેવરાવ કે, શૌચસ્નાન કર્યા વિના એ મારે માટે રસોઇકરે. ”

એજ દિવસથી કરમાબાઇનું નામ પ્રસિદ્ધ થયું અને સૌ કોઇ કહેવા લાગ્યું કે, “ આ સન્નારી તો યશોદાનો અવતાર છે. આગલા જન્મમાં વાત્સલ્યભાવથી શ્રીકૃષ્ણની સેવા કરવાનો ઓરિયો મનમાં રહી ગયો હશે તે આ જન્મમાં પૂરો કરી રહી છે.”

કરમાબાઇ જ્યાંસુધી જીવતીરહી ત્યાંસુધી એ દરરોજ જગન્નાથજીને ખીચડી ધરાવતી રહી. તેનું મૃત્યુ થયા પછી પણ શ્રીજગન્નાથજીને આજ દિન સુધી ખીચડીનો ભોગ ધરાવાય છે અને તે ‘ કરમાબાઇની ખીચડી’ ના નામથી પ્રસિદ્ધ છે.

કરમાબાઇની આ કથા ભક્તમાળમાં વર્ણવેલી છે. એમાંની વાતની સત્યાસત્યતાના અમે જવાબદાર નથી. એમાંના સારાસારનો વિચાર અમે વિવેકી વાચકોનેજ સોંપીએ છીએ.

૨૧૦–राणी जसरेश्वरी

જગપ્રસિદ્ધ મોગલ બાદશાહ અકબરે જે સમયે બંગાળાના પઠાણ રાજા ઉપર ચડાઇ કરીને એ પ્રાંત પોતાના કબજામાં લીધો, તે પહેલાં પઠાણ રાજાને ખંડણી આપનારાં નાનાં રાજ્યો ત્યાં ઘણાં હતાં. એ લોકો પઠાણોને ખંડણી આપ્યા પછી બીજી બધી બાબતોમાં પોતાની પ્રજા ઉપર સ્વતંત્રપણે રાજ્ય કરતા. પઠાણોને જ્યારે મોગલોએ હરાવ્યા, ત્યારે એ સઘળા માંડલિક રાજાઓ મહાન અકબરના તાબામાં આવ્યા. એવા માંડલિક રાજાઓમાં જૈસોરનો રાજા વિક્રમાદિત્ય ઘણા વર્ષથી દક્ષિણ બંગાળાના મોટા ભાગ ઉપર રાજ્ય ચલાવતો હતો. વિક્રમાદિત્યનું મૃત્યુ થયા પછી તેનો પુત્ર પ્રતાપાદિત્ય દક્ષિણ બંગાળાનો રાજા થયો.

પ્રતાપાદિત્ય ઘણો સામર્થ્યવાન અને પ્રબળ રાજા નીવડ્યો. તેને એક અત્યંત રૂપવતી અને ગુણિયલ પત્ની હતી. તેનું નામ શું હતું, તે ખબર નથી, પણ લોકો એને જસરેશ્વરી નામથી ઓળખે છે. એ કુટુંબની અધિષ્ઠાત્રી દેવીનું નામ પણ જસરેશ્વરી હોવાથી આ દેવીસ્વરૂપ રાણીને પણ લોકો એજ નામથી ઓળખવા લાગ્યા હતા. કુળદેવી જસરેશ્વરીને માટે એવી દંતકથા ચાલે છે કે, તેમણે એક વખતે જૈસોરના આગલા રાજાને પ્રત્યક્ષ દર્શન આપીને જણાવ્યું હતું કે, “આ કુટુંબમાં કોઈ જાતનો દુરાચાર પ્રવેશ કરશે નહિ, ત્યાંસુધી હું આ નગર છોડીને ચાલી જઇશ નહિ.” વળી તેમણે એવું પણ કહ્યું હતું કે, “જે દિવસે હું આ નગર છોડીને જઈશ, તે દિવસે મંદિરમાં મારી મૂર્તિનું મોં ફરી જશે.” આ પ્રમાણે જૈસોરમાં બે જસરેશ્વરીઓનો વાસ હતો. એક રાજપત્ની અને બીજી કુળદેવી.

પ્રતાપાદિત્ય જેટલો શૂરવીર અને પરાક્રમી હતો, તેટલોજ એ દુષ્ટ દુરાચારી નીવડ્યો. તેણે પોતાની પાસે ઘણું મોટું સૈન્ય

એકઠું કર્યું અને એ સૈન્યમાં ઘણા ફિસાદી લોકોને એકઠા કર્યા. એ લોકોની મદદથી પ્રતાપાદિત્ય બંગાળા પ્રાંતની આસપાસના જાગીરદારો અને રાજાઓ ઉપર ચડાઇ કરીને તેમની પાસેથી ખંડણી વસૂલ કરવા લાગ્યો. વળી પ્રતાપાદિત્યે મોગલ સૂબેદારનું પણ ખુલ્લી રીતે અપમાન કરવું શરૂ કર્યું અને તેને ખંડણી આપવાની સાફ ના કહી.

પ્રતાપાદિત્ય આસપાસના રાજાઓને લૂંટીનેજ ચૂપ બેસી રહ્યો નહિ. તેની નજર હવે પોતાના કાકા વસંતરાય ઉપર ગઈ. વસંતરાય ઘણા સજ્જન અને ડાહ્યા પુરુષ હતા. જૈસોર રાજ્યમાં એજ વૃદ્ધ અને બુદ્ધિમાન પુરુષ હોવાથી લોકો તેમને ચાહતા અને વડીલ તરીકે તેમને ઘણું માન આપતા. એમને પોતાના ભત્રીજા પ્રતાપાદિત્યની વર્તણુંક પસંદ પડી નહિ, એટલે તેને વારંવાર ઉપદેશ આપીને સુધારવાનો તેમણે ઘણો પ્રયત્ન કર્યો, પણ એ ઉપદેશથી કાંઇ વળ્યું નહિ. વસંતરાયનો અમૃત જેવો ઉપદેશ પ્રતાપાદિત્ય એક કાનેથી સાંભળીને બીજે કાને કાઢી નાખતો. એ જાણતો હતો કે મારી પ્રજા મને ચાહતી નથી અને મારી પ્રજાની દૃષ્ટિમાં કાકા વસંતરાય દેવસ્વરૂપ છે. એને ધાસ્તી હતી કે રખે પ્રજા મને પદભ્રષ્ટ કરીને મારી જગ્યાએ મારા કાકાને ગાદી ઉપર બેસાડે. આ ભયને લીધે વસંતરાયનું ખૂન કરીને પોતાના રસ્તામાંથી એક મોટું કંટક દૂર કરવાનો અધમ અને દુષ્ટ પ્રતાપાદિત્યે નિશ્ચય કર્યો.

રાણી જસરેશ્વરીને પતિના આવા દુષ્ટ વિચારોની ખબર પડી, ત્યારે એણે પતિને એ પાપી વિચાર કાઢી નાખવા માટે ઘણો ઉપદેશ આપ્યો; પરંતુ તેનો પ્રયત્ન સફળ થયો નહિ, એટલે એણે પતિને હાથે આવું દુરાચરણ થતું અટકાવવા માટે એક વિલક્ષણ યુક્તિ યોજી કાઢી.

બંગાળામાં ઘણા દિવસથી એક એવો રિવાજ ચાલ્યો આવતો હતો કે, જે વખતે કોઇ કુલીન સ્ત્રીને કોઈ શૂરવીર પુરુષની કોઇ કામમાં મદદ જોઇતી હોય, ત્યારે તે પોતાના હાથનું કંકણ કાઢીને એ શૂર પુરુષ પાસે અથવા તો શૂરવીરોની સભામાં મોકલે. એ સ્ત્રીની દાસી શૂરવીરોના સમાજમાં જઇને એ કંકણ ફેંકતી અને એ સભામાંથી કોઇ પણ પુરુષ એ કંકણ ઉપાડી લેતો અને પ્રતિજ્ઞા લેતો કે આ કંકણ મોકલનાર સ્ત્રીનું કામ હું જીવસાટે

પણ કરીશ. જસરેશ્વરીએ પણ આ ઉપાય અજમાવવાનો નિશ્ચય કર્યો. એક દિવસ પ્રતાપાદિત્ય દરબારમાં બેઠો હતો, એવામાં દાસીએ દરબારના સભાસદો દેખતાં એ કંકણ ફેંક્યું. કંકણ જોતાંજ બધા સરદારો ઘણા આશ્ચર્ય પામી ગયા અને ઘણી ઉત્કંઠાપૂર્વક સર્વે રાજા પ્રતાપાદિત્યની તરફ જોવા લાગ્યા. પ્રતાપાદિત્ય નિષ્ઠુર મુખમુદ્રા કરીને સ્વસ્થ બેસી રહ્યો.

આખરે એક યોદ્ધો ધીમેથી ઊભો થયો. એ યોદ્ધો રાણી જસરેશ્વરીનો ભાઇ અને પ્રતાપાદિત્યનો સેનાપતિ હતો. તેણે આગળ આવીને એ કંકણ ઉપાડી લીધું અને પ્રતાપાદિત્યના સામું જોઇને બોલ્યો: “ આ કંકણ આપનાં રાણીસાહેબ તરફથી આવ્યું છે. રાણી સાહેબના ઉપર એવું તે શું સંકટ આવી પડયું છે,તે કળી શકાતું નથી. જે કામ માટે આ કંકણ મોકલવામાં આવ્યું છે; તે કામ આપ પોતે પાર પાડી આપશો, એમ અમારી સૌની ખાતરી હતી; પણ આપે જ્યારે એ કંકણ ઉપાડી લેવાની કાંઇ પણ વૃત્તિ દર્શાવી નહિ, ત્યારે એ ઉપાડી લેવાની ફરજ મારે માથે આવી પડી છે; કારણકે કોઈ પણ આ કંકણને ન ઉપાડત તો આ દરબાર શૂરવીરોથી ખાલી છે, એમ લોકો કહેત; માટે મેં એ ઉપાડી લીધું છે અને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે શરીરમાં પ્રાણ છે, ત્યાં-સુધી રાણીનું કામ પાર પાડવામાં પાછી પાની કરીશ નહિ.”

સેનાપતિની આ પ્રતિજ્ઞા સાંભળીને પ્રતાપાદિત્ય મનમાં ને મનમાં ઘણો બળી ગયો. સેનાપતિ તરફ તેણે ગુસ્સાની આંખે જોયું; પણ તેના મોંમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ. એટલામાં એ કંકણ લઇ આવનારી દાસીએ પ્રસન્ન થઇને કોમળ મધુર સ્વરે રાણીની ઇચ્છા સભાસદો સન્મુખ પ્રગટ કરી. એણે કહ્યું: “ આપણાં મહારાણી સાહેબની એવી ઇચ્છા છે કે, જે કોઇ શૂરવીર પુરુષ મારા કંકણનો સ્વીકાર કરે, તેણે પોતાનો પ્રાણ જતાં સુધી વસંતરાય અને તેમના કુટુંબનું રક્ષણ કરવું.”

“ તેમની એ ઇચ્છા પૂર્ણ કરીશ ” એમ કહીને સેનાપતિ દૃઢ ડગલાં ભરતો પોતાની જગ્યાએ બેસી ગયો.

રાજાએ દરબાર બરખાસ્ત કર્યો અને તાબડતોબ રાણીના અંતઃપુરમાં ગયો. રાજા પ્રતાપાદિત્યને આખી દુનિયામાં કોઇ પણ વ્યક્તિનો ભય લાગતો હોય તો, તે વ્યક્તિ રાણી જસરેશ્વરી હતી. રાજા પ્રતાપાદિત્ય બીજાઓ આગળ વાઘ જેવો ક્રૂર હતો,

પણ પોતાની રાણી આગળ આવતાં એ ગરીબ ગાય જેવો બની જતો. રાણી જસરેશ્વરીના અંગમાં કોઈ એવી તેજસ્વિતા હતી કે કોઈ પણ મનુષ્ય તેનાં દર્શન કરતાંવાર થરથર કંપવા લાગતો. રાજા પ્રતાપાદિત્યે તેની પાસે જઇને તેને પુષ્કળ વિનતિ કરી, પુષ્કળ પ્રેમ કર્યો અને તેને પોતાને વશ કરવાનો ઘણોએ પ્રયત્ન કર્યો, પરંતુ જ્યારે કશાથી એ વસંતરાયને બચાવવાની રાણીની પ્રતિજ્ઞા ફેરવી શક્યો નહિ, ત્યારે કહ્યું: " વહાલિ ! વસંતરાય જ્યાંસુધી જીવતો રહેશે, ત્યાંસુધી આપણે સુખેથી રાજ્ય ભોગવી શકીશું નહિ. તેને માર્યા વગર છૂટકો નથી. એ અહીંથી ટળશે ત્યારેજ હું સુખી થઈશ." રાણીએ દૃઢતાથી કહ્યું: "સુખી થાઓ કે દુઃખી, પણ હું તમારે હાથે એવું ઘોર પાપ નહિ થવા દઉં."

ખુલ્લી રીતે વસંતરાયનો વધ કરવો અસંભવિત જાણીને પ્રતાપાદિત્યે હવે વિશ્વાસઘાતકતાનો માર્ગ સ્વીકાર્યો. તેણે પોતાનાં આજદિન સુધીનાં દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ દેખાડવો શરૂ કર્યો. એ વસંતરાયની પાસે ગયો અને તેમને પગે લાગ્યો. હજાર વાર તેમની ક્ષમા માગી અને ઘણાજ વિનયપૂર્વક વિનતિ કરી: "આપ મારા મહેલમાં પધારીને ભોજન કરો." રાજા વસંતરાયે તેના પ્રેમપૂર્વકના આમંત્રણનો સ્વીકાર કર્યો.

પ્રતાપાદિત્યનો આ બધો પશ્ચાત્તાપ ખાલી બતાવવાનોજ હતો; તેના અંતઃકરણમાં તો વસંતરાયનો વધ કરવાની દુર્વાસના એવી ને એવીજ કાયમ હતી. રાણી જસરેશ્વરીને પતિના પાપી અંતકઃરણની પહેલેથીજ ખાતરી હતી. તેને ખાતરી હતી કે પ્રતાપાદિત્ય જરૂર કોઇ દિવસ દગો દઇને વસંતરાયનું કાસળ કાઢશે. એથી એણે પહેલેથીજ ચેતી જઇને વસંતરાયના પુત્રને પોતાની દેખરેખમાં બોલાવી લીધો અને પછી પ્રતાપાદિત્યને વસંતરાયને બોલાવવાની રજા આપી. વસંતરાય પ્રતાપાદિત્યના આમંત્રણને માન આપીને જૈસોર આવવા નીકળ્યા. એ વખતે એમને પોતાને પણ કાંઇક શક પડ્યો. એમણે પોતાની સાથે એક કપોત પક્ષી લીધું અને રાણીને કહ્યું કે, " આ કપોત જો મને મૂકીને ઘેર એકલું પાછું આવે, તો સમજજે કે કાં તો મારૂં મૃત્યુ થયું છે કે કાં તો હું કેદ પકડાયો છું."

આ પ્રમાણે રાજા વસંતરાય પોતાની પત્નીને સૂચના કરીને થોડાક સેવકો સાથે જૈસોર જવા નીકળ્યા; પણ એ જૈસોર પહોંચે

તે પહેલાં તો પ્રતાપાદિત્યે ગોઠવી રાખેલા મારાઓએ તેના પ્રાણ લીધા. થનાર હતું તે થઇ ચૂકયું. જે અનિષ્ટ ઘટના રોકવાને માટે રાણી જસરેશ્વરીએ આટલો પ્રયત્ન કર્યો, તે ઘટના આખરે દુર્ભાગ્યે પાર પડી. વસંતરાયનો પ્રાણ નાશ પામતાંવારજ પેલું કપોત પક્ષી ત્યાંથી ઊડીને રાણી પાસે ગયું. કપોતને પાછું આવેલું જોઇને રાણી સમજી ગઇ કે કાંઈ દુર્ઘટના બની છે. પ્રતાપાદિત્ય અને તેના દુષ્ટ સલાહકારો હવે પોતાના મહેલમાં આવીને પોતાના ઉપર કે પોતાનાં બીજાં કુટુંબીઓ ઉપર જૂલમ કરે, એ બીકથી રાણી તળાવમાં પડીને મરી ગઇ. રાજા વસંતરાયનો પુત્ર બચી ગયો, કારણકે એને રાણી જસરેશ્વરીએ પહેલેથી પોતાના સંરક્ષણમાં લીધો હતો.

વસંતરાયનો વધ થયા પછી થોડા દિવસોમાં અકબર બાદશાહના શૂર સેનાપતિ રાજા માનસિંહે જૈસોર ઉપર ચડાઇ કરી. રાજા પ્રતાપાદિત્ય પણ તેમની સામે યુદ્ધ કરવા આવી ઊભો રહ્યો, કારણકે એનું બળ કાંઇ સામાન્ય નહોતું. તેની પાસે પચાસ હજાર તલવારવાળું પાયદળ, ત્રીસ હજાર ભાલાવાળા અને દશ હજાર ઘોડેસવાર સિપાઇઓ હતા; તથા તે ઉપરાંત બસો હાથી, સો તોપે વગેરે સાહિત્ય પણ હતું. વળી ફિરંગી લોકોની પણ એને સારી મદદ હતી. પરંતુ આટલી સરસ સામગ્રી હોવા છતાં પણ આખરે તેનો પરાભવ થયો. તેનું કારણ એવું થયું કે, એકાએક તેના સૈન્યમાં ખબર ફેલાઇ કે દેવી જસરેશ્વરીએ પોતાનું મોં ફેરવી દીધું છે, એટલે પોતાના રાજાનાં દુષ્કૃત્યોને લીધે અપ્રસન્ન થઇને દેવીએ આ રાજ્યમાંથી પોતાનો વાસ છોડી દીધો છે અને હવે દેવીનો કોપ શરૂ થવાનો છે, એ વિચારથી દરેક જગ્યાએ લોકોના મોં ઉપર ઉદાસીનતા છવાઇ રહી. સૈનિકોએ યુદ્ધ કરવાનું છોડી દીધું. રાજાએ તેમનો ભ્રમ મટાડવા માટે ઘણોએ પ્રયત્ન કર્યો પણ કાંઈ વળ્યું નહિ. આખરે એ રાજા સર્વસ્વ ખોઇને રાજા માનસિંહના હાથમાં કેદ પકડાયો.

પ્રતાપાદિત્યને પકડ્યા પછી જૈસોર શહેરને પોતાના કબજામાં લેવા માટે રાજા માનસિંહ શહેરની તરફ આવ્યો, પરંતુ શહેરના સંરક્ષણની એવી ઉત્તમ તજવીજ કરવામાં આવી હતી કે એ આશ્ચર્ય પામ્યો. તપાસ કરતાં માલૂમ પડ્યું કે રાજા પ્રતાપાદિત્યની મહાપ્રતાપી રાણી જસરેશ્વરીએ નગરના સૈન્યની સર-

દારી પોતે લીધી છે અને તે પ્રાણાંતપર્યંત નગરનું રક્ષણ કરવાનો નિશ્ચય કરીને લડવા નીકળી છે. માનસિંહે તેની પાસે એક દૂત મોકલ્યો અને નગર સ્વાધીન કરવાનું ફરમાન મોકલ્યું. રાણીએ પોતાના સામર્થ્યનો વિચાર કરીને, ઘણું શાણપણ વાપરીને જવાબ આપ્યો કે, "શહેરનું રક્ષણ કરવામાં રક્તપાત કરવો વ્યર્થ છે એ વાત હું સારી પેઠે જાણું છું. રાજા માનસિંહ જો મારા નગરને લૂંટે નહિ અને નગરવાસીઓ ઉપર કોઈ પણ પ્રકારનો અત્યાચાર કરે નહિ તો હું વગર હરકતે જૈસોર તેમને સ્વાધીન કરીશ અને આ શરત જો તેમને માન્ય ન હોય તો અમે ખુશીથી લડીશું અને નગરમાં એમનો જુલમ સહન કરવાને માટે કોઈ જીવતું ન રહે ત્યાંસુધી જીવસાટે લડીશું."

રાજા માનસિંહે તેની સર્વ માગણી કબૂલ કરીને જૈસોરને પોતાના હાથમાં લીધું અને રાજા પ્રતાપાદિત્યને પોતાની સાથે દિલ્હી લઈ ગયો. રાણી જસરેશ્વરી પતિ ઉપરના પોતાના અત્યંત પ્રેમને વશ થઈને, તેના દુઃખની પણ ભાગી થવા માટે તેની સાથે જવા નીકળી; પરંતુ રાજા પ્રતાપાદિત્યથી બંદીવાનની દશા સહન ન થઈ અને રસ્તામાંજ તેનું મૃત્યુ થયું. રાણી જસરેશ્વરીએ એજ વખતે પતિનું સહગમન કર્યું.

વાચક! આવી સ્ત્રીને ખરેખર ધન્ય છે. જસરેશ્વરી જેવી રૂપવતી, ગુણવતી અને શૂર સ્ત્રી મળ્યા છતાં પણ અભાગી પ્રતાપાદિત્ય તેના સહવાસનો કાંઈ પણ લાભ લઈ શક્યો નહિ. ઊલટું એ સતીને તેનાં દુષ્કૃત્યોનું ફળ ભોગવવું પડ્યું.

२११–जोधपुरी

એ રૂપસિંહ રાઠોડની કન્યા અને મેવાડના પ્રસિદ્ધ રાણા જયસિંહની રાણી હતી. એ કુળની બીજી સન્નારીઓની પેઠે જોધપુરી રાણી પણ ઘણી સદાચારી, પતિવ્રતા અને પરોપકારી હતી. પ્રજા ઉપર તેનો ઘણો સ્નેહ હતો અને તેને મદદ કરવા એ સદા તત્પર રહેતી. સંવત ૧૭૩૨ માં તેણે ત્રીસ હજાર રૂપિયા ખર્ચીને એક સુંદર વાવ રાજનગરમાં બંધાવી હતી; જે આજ સુધી તેના પ્રજાપાલન અને પરોપકારવૃત્તિનું ભાન કરાવે છે.

૨૧૨–સોનાબીબી

મોગલ શહેનશાહ અકબરના જમાનામાં આખા બંગાળ દેશના બાર ભાગ પાડી દેવામાં આવ્યા હતા. દેશનો વહીવટ સારી રીતે ચાલી શકે એટલા સારૂ, એ વિભાગ પાડી દેવામાં આવ્યા હતા અને પ્રત્યેક વિભાગ એક એક જમીનદારના તાબામાં હતો. સોળમી સદીના અંત અને સત્તરમી સદીના પ્રારંભમાં, મોગલ બાદશાહ જહાંગીરના વખતમાં એ બધા બંગાળી જમીનદારોએ સ્વતંત્ર થવાનો પ્રયત્ન આરંભ્યો હતો. અપરિમિત શૌર્ય–વીર્ય અને અનુપમ સ્વદેશપ્રીતિથી ઉત્સાહિત થઇને યશોહર (જૈસોર)ના રાજા પ્રતાપાદિત્યે પશ્ચિમ બંગાળાને જાગૃત કર્યું હતું. તેવીજ રીતે શ્રીપુરના રાજા મહામતિ કેદારરાયે સ્વતંત્રતાની અમૃતવાણી સંભળાવીને પૂર્વ બંગાળાને ઉશ્કેરી મૂક્યું. જો તેઓ ઇર્ષ્યા અને યશની લાલસાથી માંહોમાંહે લડી મર્યા ન હોત તો સંભવ છે કે બંગાળનો ઇતિહાસ આજે, કદાચ બીજી રીતે લખાયો હોત.

આ ચરિત્રને મથાળે જે રમણીનું નામ લખેલું છે તે બંગાળામાં સુપ્રસિદ્ધ થઇ પડેલા ચાંદરાય અને કેદારરાયની ભગિની હતી. તેનું નામ સ્વર્ણમયી હતું, પરંતુ બધા તેને સોનામણિ નામથી બોલાવતા હતા. એ અસામાન્ય રૂપ અને લાવણ્યવતી હતી. બાલ્યાવસ્થામાંથીજ પતિનું સુખ તેણે ખોયું હતું. બાળવિધવા હોવાથી પિતાને ઘેરજ એ રહેતી. એ મનોરમ રમણીના રૂપવહ્નિમાંજ બંગાળાની આશા ભસ્મીભૂત થઇ ગઇ.

એક દિવસ સુવર્ણગ્રામનો અધિપતિ ઇશાખાં મસનદઅલિ શ્રીપુરમાં આવ્યો અને કેદારરાય સાથે ગાઢી દોસ્તી હોવાથી તેનોજ મેહેમાન થયો. કેદારરાય ઘણો ઉદાર સ્વભાવનો હતો. મુસલમાન અતિથિનો યોગ્ય આદરસત્કાર કરવામાં તેણે જરા

પણ કચાશ રાખી નહિ. દૈવયોગે એ સમયમાં કેદારરાયની વિધવા બહેન સ્વર્ણમયી ઉપર ઈશાખાંની દૃષ્ટિ પડી ગઇ. શ્રીપુરમાં કેટલાક દિવસ વિતાવ્યા પછી ઇશાખાં પોતાની રાજધાની ખિજિરપુરમાં પાછો ફર્યો. ખિજિરપુરમાં આવ્યા પછી પણ પરમ રૂપવતી સ્વર્ણમયીને તે ભૂલી શકયો નહિ. તેનું સૌંદર્ય તેની આંખ આગળ રાતદિવસ તરવા લાગ્યું અને એની સાથે વિવાહ કરીને તેને પોતાના ઝનાનાની પટરાણી બનાવવાનો તેણે વિચાર કર્યો. સ્વર્ણમયીના વિવાહનું માગું કરવા સારૂ તેણે પોતાના એક દૂતને શ્રીપુર મોકલ્યો. તેના એ આચરણથી ધર્માત્મા ચાંદરાય અને કેદારરાયનાં હૃદય કેટલાં બધાં વ્યથિત થશે તેનો કાંઇ પણ વિચાર ઇશાખાંને ન આવ્યો. ઈશાખાંની વિનતી સાંભળ્યાથી કેદારરાય અને ચાંદરાયને ઘણો ગુસ્સો ઉત્પન્ન થયો. એવી અન્યાયી માગણી કરીને ઇશાખાંએ શ્રીપુરના મહારાજાનું અપમાન કર્યું છે એમ તેમણે માન્યું. તેમણે ઇશાખાંની સાથે યુદ્ધ કરવાનું જાહેર કર્યું. અત્યાર સુધી બંગાળાના હિંદુ–મુસલમાનોમાં જે એકસંપી હતી તે તૂટી ગઇ. એ બંને જાતિએ મળીને મોગલોના હાથમાંથી બંગાળાને સ્વતંત્ર બનાવવાની આશા રાખી હતી તે આશા હવે આકાશકુસુમવત્–અસંભવિત થઇ ગઇ. કેદારરાયે પ્રથમ મોરચે કલાગેછનો સુપ્રસિદ્ધ કિલ્લો તોડી નાખ્યો. ત્યાંથી નાસીને ઇશાખાંએ ત્રિવેણીના મજબૂત દુર્ગમાં આશ્રય લીધો. કેદારરાયે આ લાગ સાધીને ઇશાખાંની રાજધાની ખિજિરપુર લૂંટયું અને પાછળથી ત્રિવેણીના કિલ્લાને ઘેરો ઘાલ્યો. બધાના મનમાં આશા બંધાઇ કે ઇશાખાંનું રાજ કેદારાયના હાથમાં આવી જશે.

એ અરસામાં બંગાળાના રાજનૈતિક આકાશમાં બે ધૂમકેતુ ઉત્પન્ન થયા. એક ધૂમકેતુ ભવાનંદ મજૂમદાર હતો અને બીજો શ્રીમંતખાં હતો. ભવાનંદ મજૂમદાર યશોહર (જૈસોર) ના જમીનદાર પ્રતાપાદિત્યનું અન્ન ખાઇને મોટો થયો હતો; છતાં પણ તે નિમકહરામે પોતાના સ્વામીનું સર્વનાશ કરવાના ઉપાય યોજ્યા હતા. શ્રીમંતખાં પણ એવીજ પંક્તિનો માણસ હતો. એ કેદારરાયનો આશ્રિત હતો. કોઇ એક વખત કોઇક સામાજિક વિષયમાં કેદારરાય અને શ્રીમંતખાં વચ્ચે મતભેદ પડ્યો. એ દિવસથી શ્રીમંતખાં કેદારરાય ઉપર અપ્રસન્ન થયો અને કેદાર-

રાયને હાનિ પહોંચાડવાની ખટપટ કરવા લાગ્યો.

કેદારરાય અને ઇશાખાંના કલહને લીધે શ્રીમંતખાંને પોતાનું વેર લેવાનો સારો લાગ મળ્યો. શ્રીમંતખાં ગુપ્ત રીતે ઇશાખાંને મળ્યો અને સોનામણિને તેના હાથમાં લાવી આપવાનું કબૂલ કર્યું. ઈશાખાંને તો એટલુંજ જોઇતું હતું. તેણે શ્રીમંતખાંની સૂચના એકદમ ઉપકાર સાથે માન્ય રાખી અને કાર્ય સફળ થયા પછી પુષ્કળ ઇનામ આપવાનું વચન આપ્યું. આટલા દિવસ સુધી શ્રીમંતખાં ચાંદરાય અને કેદરરાયની સાથે ખિજિપુરમાં રહેતો હતો. આ પ્રપંચ રચ્યા પછી એ છાનોમાનો શ્રીપુરમાં આવ્યો અને આખા ગામમાં ખબર ફેલાવી કે કેદારરાય અને ચાંદરાય શત્રુને હાથે પરાજય પામીને કેદ પકડાયા છે તથા ઇશાખાં થોડા વખતમાં શ્રીપુરમાં આવીને એ ગામને પોતાના તાબામાં લઇ લેશે. આથી આખા નગરનાં સ્ત્રીપુરુષો ઘણાં ચિંતાતુર થયાં. આ વખતે શ્રીમંતખાંએ કેદારરાયના કુટુંબના શુભેચ્છક તરીકે સલાહ આપી કે, આવે વખતે સોનામણિને તેને સાસરે વિદાય કરી દેવી જોઇએ. કેદારરાયનો મુખ્ય મંત્રી રઘુનંદન ઘણો ચતુર હતો. એણે એ સૂચના સંબંધે ઘણો વાંધો લીધો, પણ શ્રીમંતખાંની પ્રપંચજાળમાં બીજા બધા એટલા ભોળવાઇ ગયા હતા કે, મંત્રી રઘુનંદની શિખામણ કોઇને ગળે ઊતરી નહિ અને સોનામણિને તેને સાસરે-ચંડદ્વીપ ગામમાં મોકલવાનો બંદોબસ્ત થયો. ક્રૂર, વિશ્વાસઘાતક, નિમકહરામ, નરપિશાચ શ્રીમંતખાં સોનામણિના અંગરક્ષક તરીકે સાથે ગયો અને થોડા સમયમાંજ રસ્તો ભુલાવીને સોનામણિને ઇશાખાંની પાસે રજૂ કરી દીધી. ઇશાખાંએ જબરજસ્તીથી સોનામણિ સાથે મુસલમાન વિધિથી લગ્ન કર્યું. સોનામણિનું એ દિવસથી 'આલિન્યામત' એવું મુસલમાની નામ પાડવામાં આવ્યું, પણ સાધારણ લોકો તો તેને સોનામણિને બદલે 'સોનાબીબી' નામથીજ ઓળખવા લાગ્યા. હિંદુધર્મની દૃષ્ટિથી ઇશાખાં અને સોનામણિનું લગ્ન ઘણું ગેરવાજબી અને ધર્મવિરુદ્ધ હોવા છતાં પણ પાછળથી ઘણું લાભકારી નીવડયું. ઇશાખાં પણ કાંઇ ઇરાન, અફઘાનિસ્તાન, તુર્કસ્તાન કે તાતારથી આવેલા વિદેશી મુસલમાનોની ઓલાદનો નહોતો.

ઈશાખાંનો પિતા એક ધર્મનિષ્ઠ હિંદુ હતો. તેનું નામ કાલિ-

દાસ હતું.એક મુસલમાન યુવતીના રૂપ ઉપર મોહી જઇને કાલિદાસે તેની સાથે લગ્ન કર્યું હતું; અને એ વિવાહથી ઈશાખાંનો જન્મ થયો હતો. ઇશાખાં અને સોનાબીબીના યોગથી મૂસાખાં અને મહમદખાં નામના બે પુત્ર જન્મ્યા હતા. એમના વંશજો હજી પણ મયમનસિંહ જિલ્લામાં હરવતનગરમાં જમીનદાર તરીકે વાસ કરે છે. હિંદુઓ ઉપર તેમને ઘણી પ્રીતિ હોય છે. એ કુટુંબના જાગીરદારોએ દેવોત્તર અને બ્રહ્મોત્તર જમીનનું જેટલું દાન કર્યું છે, તેટલું દાન બંગાળાના બીજા હિંદુ જમીનદારોએ પણ કર્યું છે કે નહિ એ સંદેહજનક છે.

સોનામણિનું હરણ થઇ ગયા પછી ચાંદરાયે ભૂખ્યાતરસ્યા રહીને દશવિદ્યાદેવીના મંદિરમાં જઇને પ્રાણત્યાગ કરવાનો સંકલ્પ કર્યો, પણ એટલામાં દૈવવાણી થઇ કે, "સોનામણિની ખાતર હવે રક્તપાત કરીશ નહિ." ધર્માત્મા રાજા ચાંદરાય ત્યાંથી પાછો આવ્યો અને લડાઇ બંધ કરી.

સોનામણિને પ્રાપ્ત કર્યા પછી ઇશાખાં ઘણા ઉત્સાહપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. થોડાંક વર્ષ રાજ્ય કર્યા પછી એ મરણ પામ્યો. તેના રાજ્યની સંભાળ રાખે એવો બીજો કોઇ પુરુષ રહ્યો નહોતો. રાજ્યની લગામ સોનામણિએ પોતાના હાથમાં લીધી, પણ ઇશાખાંના મૃત્યુના સમાચાર સાંભળતાંજ કેદારરાય તથા બીજા જમીનદારો અને ફિરંગી લૂંટારાઓ તેનું રાજ્ય લૂંટવા આવી લાગ્યા. સોનામણિને આ વાતની ખબર મળી એટલે એ છંછેડાયલી સિંહણની પેઠે ગર્જના કરીને બોલી: "કોની માએ શેર સૂંઠ ખાધી છે કે મારૂં રાજ્ય લૂંટી લે? એ રાજ્યને આબાદ કરતાં મારા સ્વામીને ઘણો પરસેવો ઊતર્યો છે. મારા દેહમાં જીવ છે ત્યાંસુધી હું આ રાજ્ય કોઇના હાથમાં જવા દેવાની નથી." સ્વામીના શોકને તેણે પોતાના હૃદયમાંજ શમાવી દીધો અને કોમળ હાથમાં તલવાર લઇને બહાર નીકળી પડી. સૈનિકોને હુકમ આપી દીધો કે, "બધા તૈયાર થઈ જાઓ અને કિલ્લાનો અંદરથી બચાવ કરો. તમારામાં જીવ છે ત્યાંસુધી શત્રુઓને અંદર આવવા દેશો નહિ." આ પ્રમાણે સોનામણિએ દુર્ગરક્ષણનો ઉપાય કર્યો. ઘણા દિવસ સુધી વીરતાથી શત્રુઓની સામે યુદ્ધ કરીને અચળ હિમાલયની પેઠે દુર્ગનું રક્ષણ કર્યું; પરંતુ વધારે દિવસ થવાથી કિલ્લાની અંદરની ખાધાખોરાકી ખૂટી ગઇ. બહાર ચારે

તરફ શત્રુઓનો પડાવ હતો અને ખોરાકીનો સામાન કંઈથી આવવાનો સંભવ નહોતો. સોનામણિએ જોયું કે હવે મૃત્યુ નિશ્ચય આવશે; અને સૈનિકો તેમજ નગરવાસીઓ ભૂખેતરસે મરી જશે; પરંતુ એવે વખતે પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરીને શત્રુને શરણે જવાનો વિચાર તેના મનમાં આવ્યો નહિ. પોતાના હાથે ચિતા સળગાવીને તેમાં એ ભસ્મીભૂત થઈ. એક લેખકના જણાવ્યા મુજબ તેણે પોતાના હાથમાં મશાલ લઇને કિલ્લાની અંદરનાં બધાં ઘરોમાં આગ લગાડી દીધી. એ પ્રલયની જ્વાળા ચારે તરફ ફરી વળી અને બંગાળી નારીની વીર કહાણીનો ચારે દિશામાં પ્રચાર કરવા લાગી.

શત્રુઓ કિલ્લાની અંદર ગયા તો તેમને બળી ગયેલા ઘરના કાટ વગર બીજું કાંઇ મળ્યું નહિ.

આ બનાવ ઇ. સ. ૧૫૯૮ અને ઇ. સ. ૧૬૦૦ ની વચમાં બન્યો હતો. બંગાળા પ્રાંતમાં નારાયણગંજની પાસે શીતલલક્ષા નદીની પૂર્વ તરફ સોનાકાંદા નામનું સ્થાન છે. એ સ્થાનને સોનામણિ નામ સાથે સંબંધ છે. હજુ પણ એ સ્થળે સોનામણિના પ્રાચીન દુર્ગનાં ચિહ્ન દીઠામાં આવે છે.

૨૧૩–જાનાં બેગમ

એ અબ્દુલરહિમખાં ખાનખાનાની પુત્રી હતી. તે જેવી સુંદર હતી, તેવીજ સદાચારી હતી. તેના સૌંદર્યની પ્રશંસા એક દિવસ જહાંગીર બાદશાહને કાને પહોંચી અને તેણે એક દૂત મોકલીને તેની સાથે ‘ નિકાહ’ પઢવાની (લગ્ન કરવાની) ઇચ્છા દર્શાવી; પરંતુ એ સદાચારી સ્ત્રીએ પોતાનાં કમળ જેવાં સુંદર નેત્ર અને લાંબા કાળા કેશ ઉખાડીને બાદશાહની પાસે મોકલી આપી કહેવરાવ્યું કે, “ જે વસ્તુઓ ઉપર આપ મોહિત થઇ ગયા છો, તેજ વસ્તુઓ આપની સેવામાં હાજર છે.”

તેનું સતીત્વ જોઇને બાદશાહને પોતાના મનમાં ઘણો પશ્ચાત્તાપ થયો તથા એની પવિત્રતાની ઘણી પ્રશંસા કરી.

ધન્ય છે એવી સદાચારી સ્ત્રીને !

જાનાં બેગમનું મૃત્યુ હિજરી સન ૧૦૭૦ માં થયું.

૨૧૪–પદ્મા ચારણી

બિકાનેરના ઇતિહાસમાં લખ્યું છે કે, એ ચારણુ માલાજી સાંદૂની પુત્રી અને બારહટ શંકરજીની પત્ની હતી. કોઇ ખાસ કારણુસર એ બિકાનેરના મહારાજા રાયસિંહજીના ભાઇ અમરસિંહના અંતઃપુરમાં રહેતી હતી. અને કુલાચાર મુજબ ડિંગલ ભાષામાં ગીત અને કવિત પણુ રચ્યા કરતી હતી.

અમરસિંહજી પહેલાં તો અકબર બાદશાહની નોકરીમાં હતા પણુ પાછળથી કોઇ કારણુસર અણુબનાવ થયાથી બહારવટે નીકળીને બાદશાહનાં ખાલસા ગામોને લૂંટવા લાગ્યા હતા; એટલા સારૂ બાદશાહે સંવત ૧૬૫૪ માં તેમના ઉપર ફોજ મોકલી હતી. જ્યારે એ સેના રજપૂતાનામાં 'હાદણી ખેડા' ગામમાં પહોંચી, ત્યારે અમરસિંહજી અમલ–પાણી કરીને સૂઇ રહ્યા હતા. એમનો એવો વિચિત્ર સ્વભાવ હતો કે જે કોઇ એમને ઊંઘમાંથી જગાડે તેને તલવારથી મારી નાખતા એટલે આ વખતે પણુ ભયથી કોઈ એમને જગાડી શક્યું નહિ. કોઇની હિંમત ન ચાલી ત્યારે આખરે પદ્માએ એક ગીત ગાઇને અમરસિંહજીને જગાડ્યા અને દુશ્મનો ચડી આવ્યાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. અમરસિંહજી પોતાને હાથે બધા રજપૂતોને કસૂંબો પાઇને લડવા ગયા અને બાદશાહના સેનાપતિ હમજાઅરબને મારીને પોતે પણુ તેના હાથી ઉપર લડતાં લડતાં મરણુ પામ્યા. રાણી અને ખવાસણો એમની સાથે સતી થઇ ગઇ. એ પદ્માએ એમની વીરતાના વખાણુમાં કેટલાક દોહા ગાયા અને પછીથી પોતે પણુ એ સ્ત્રીઓની સાથે બળી મરી.

એનાં ડિંગલ ભાષામાં લખેલાં કવિતો હજુ મળી આવે છે.

૨૧૫–પ્રિયંવદા

લલભગ ત્રણસો વર્ષ પૂર્વે બંગાળામાં કોટાલિપાડા ગામમાં શિવરામ સાર્વભૌમ નામે એક અસાધારણ પંડિત રહેતો હતો. તેના યશથી આકર્ષાઇને દેશદેશાવરના વિદ્યાથીઓ તેની કુટીરમાં ભણવા આવતા. એ વિદ્યાર્થીઓને લઇને ઘાસના છાપરાવાળા નાના સરખા ઘરમાં શિવરામ એમને વિદ્યાભ્યાસ કરાવતો. દરરોજ શિવરામ જ્યારે પોતાના શિષ્યોને લઇને ચતુષ્પાઠી મંડપમાં બેસતો, તે વખતે તેની પડખે બેસીને તેની એક નાની છોકરી, કાન માંડીને કાવ્ય અને શાસ્ત્રની ચર્ચા સાંભળતી. બાલિકા એ ગૂઢ વિષયની ચર્ચામાં કાંઈ પણ સમજતી નહોતી; પણ સંસ્કૃત છંદોબદ્ધ સુમિષ્ટ સ્વરે તેના હૃદયમાં એક નવીન આનંદ ઉત્પન્ન કર્યો. એ મધુર સ્વર તેની રમતગમત છોડાવી દઇને આ શિક્ષામંડપમાં લાવતો હતો. વિદ્યાર્થીઓ દરરોજનો પાઠ શરૂ કરે, તે પહેલાં આ બાલિકાને સરસ્વતીની સ્તુતિનું ગાન ગાવાનો આદેશ મળતો. છાત્રમંડળીને મુગ્ધ કરીને જ્યારે એ મધુર કંઠે નીચેનું ગાન ગાઇ રહેતી, ત્યારે તેના હૃદયમાં જે આનંદ ઉભરાઇ જતો, તેની આગળ રમતમાં મળતો આનંદ કાંઇજ લેખામાં નહોતોઃ—

> या कुन्देन्दुतुषारहारधवला या श्वेतपद्मासना।
> या बीणावरदण्डमण्डितभुजा या शुभ्रवस्त्रावृता॥
> या ब्रह्माच्युतशंकरप्रभृतिभिर्देवैः सदा वन्दिता।
> सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा॥

ત્યાર પછી સાંજે ચતુષ્પાઠીમાંથી છૂટી મળતી, ત્યારે આખો દિવસ સાંભળેલા શ્લોકોમાંથી ઘણા કંઠસ્થ કરીને પિતાને સંભળાવતી તથા તેના સંબંધી જાતજાતના પ્રશ્ન પૂછતી. તેને મોંએ ભણવાગણવા સિવાય બીજી કોઇ વાત નીકળતી નહિ.

બાલિકાની આવી અપૂર્વ બુદ્ધિ અને સ્મરણશક્તિ જોઇને તથા વિદ્યાભ્યાસ કરવા તરફ તેનો અત્યંત પ્રેમ જોઇને શિવરામે તેને પોતાના વિદ્યાર્થીઓની સાથેજ બેસવાની રજા આપી.

બાલિકા અસીમ ઉત્સાહપૂર્વક ભણવા લાગી. તેની અગાધ બુદ્ધિ અને તીક્ષ્ણ પ્રતિભાને લીધે તે થોડાજ વખતમાં સંસ્કૃત ભાષા શીખી ગઇ. વિદ્યાર્થીઓના મનમાં ઈર્ષ્યાનો સંચાર કરતી એ દિનપ્રતિદિન જ્ઞાન અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરતી ગઇ.

દરરોજ એ એકાંત કુટીરના પાઠમંડપમાં બેસીને બાલિકા પ્રિયંવદા ખંતપૂર્વક કાવ્યપાઠ અને શાસ્ત્રચર્ચા કરતી, સહાધ્યાયીઓ સાથે સમાનભાવે વાદવિવાદ કરતી તથા મધુર સ્વરે સંસ્કૃત સ્તોત્રનું ગાન કરીને બધાને મુગ્ધ કરી નાખતી. એ દૃશ્ય જોઇને તેના પિતા શિવરામના અંતઃકરણમાં આનંદ સમાતો નહિ અને વિદ્યાર્થીઓના ઉત્સાહનો પાર રહેતો નહિ. તેની સાથે ભણનારા એક પશ્ચિમ દેશવાસી બ્રાહ્મણસંતાનના મનમાં પ્રિયંવદા માટે પ્રેમનો સંચાર થયો. એ બ્રાહ્મણપુત્ર બંગાળી ભાષામાં વાતચીત કરી શકતો નહિ. પ્રિયંવદા સાથે વાર્તાલાપ કરવાની ઘણીજ તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ એ એમ કરી શકતો નહિ; પરંતુ થોડાજ દિવસોમાં બાલિકા પ્રિયંવદાએ સંસ્કૃત ભાષા ઉપર સારો કાબૂ મેળવ્યો, એટલે એ યુવકનો ક્ષોભ જતો રહ્યો. એ પશ્ચિમ દેશવાસી બ્રાહ્મણ વિદ્યાર્થી રઘુનાથ મિશ્ર સાથે પ્રિયંવદાએ લગ્ન કર્યું.

પ્રિયંવદા સંસ્કૃત સાહિત્યનું તથા સંસ્કૃત ભાષામાં વાર્તાલાપ કરવાનું શિક્ષણ મેળવીનેજ બેસી ન રહી; પરંતુ સંસ્કૃતમાં શ્લોક રચવાનું શિક્ષણ પણ પિતા પાસેથી મેળવવા લાગી. બાલ્યાવસ્થામાં સંસ્કૃત છંદોનો જે સુમધુર સ્વરે તેના હૃદયમાં વારંવાર ધ્વનિ કર્યો હતો, તેનો હવે પ્રતિધ્વનિ ઊઠવા લાગ્યો. પિતાના આદેશથી પ્રિયંવદાએ પ્રથમ પોતાના કુળદેવતા ગોવિંદદેવને સંબોધીને એક શ્લોક રચ્યો. એ સુંદર શ્લોક તેણે વિદ્યાર્થીઓની વચમાં ઊભી રહીને ગાઈ સંભળાવ્યો, ત્યારે શિવરામ તેના મુખ સામું જોઇને આનંદાશ્રુને રોકી શક્યો નહિ. વિદ્યાર્થીઓ વિસ્મય પામ્યા. પછી દરરોજ દેવતાઓને ઉદ્દેશીને નવાનવા શ્લોક રચી પ્રિયંવદા પિતાને તથા વિદ્યાર્થીઓને સંભળાવતી.

પરણીને સાસરે ગયા પછી પણ પ્રિયંવદાએ વાંચવાલખવા-

નો શોખ છોડી દીધો નહિ; પરંતુ ઉત્તરોત્તર તેની પ્રતિભા વિકસિત થતી ગઇ. તેનો સ્વામી સાધારણ બ્રાહ્મણ હતો; ઘરસંસારનું કામકાજ કરે એવું ઘરમાં બીજું કોઇ નહોતું, એટલે એ બધું કામ પ્રિયંવદાને પોતાને હાથેજ કરવું પડતું. વિદુષી હોવા છતાં પણ ઘરસંસારના કામકાજને એ કદાપિ તુચ્છકારી કાઢતી નહિ. સ્વામીની સેવા, ઘરની સ્વચ્છતા, પૂજાની તૈયારી, રસોઇ, અતિથિસેવા અને ગોસેવા વગેરે કામો એ જાતેજ કરતી અને એટલું બધું કામ કર્યા પછી જે ફુરસદ મળતી તેનો ઉપયોગ કથાકૂથલીમાં ન કરતાં વિદ્યાધ્યયનમાં કરતી; તેથીજ તેની કીર્તિ ઘણી વધી પડી. વિદ્યાના અભિમાનમાં તે સાંસારિક કામકાજને દાસીના કામ તરીકે હલકાં ગણતાં શીખી નહોતી, પણ જે હાથે સુંદર કાવ્યની રચના કરતી, તેજ હાથે સાવરણી પકડતાં કદી સંકોચાતી નહિ. પ્રિયંવદાના ઉદાહરણ ઉપરથી આપણી ઘણી શિક્ષિત બહેનો શિખામણ લઇ શકશે.

પ્રિયંવદા બાળપણથીજ મધુર સ્વરે ગાતી હતી, તેથી તે પ્રિયંવદા નામથી પ્રસિદ્ધ થઇ છે. સ્વામી ઉપર તેની અત્યંત ભક્તિ હતી. સ્વામીની વાતને તે વેદવાક્ય જેવી ગણીને માન આપતી. તેના સ્વામીને ઘણા વિદ્યાર્થીઓ હતા; પ્રિયંવદા એ બધા વિદ્યાર્થીઓને પોતાને હાથે રાંધીને જમાડતી તથા જનનીની માફક તેમનું પાલન કરતી. તેઓ માંદા પડતા, તો પોતાના પુત્ર સમાન ગણીને તેમની સેવા—શુશ્રૂષા કરતી.

પ્રિયંવદાની સ્મરણશક્તિ ઘણી તેજ હતી. બે પખવાડિયામાં તેણે અમરકોષ, સ્વાદિથી ચુરાદિ સુધીના ગણ અને મહાભારતમાંનાં સાવિત્રી અને દમયંતીનાં આખ્યાન કંઠસ્થ કર્યાં હતાં.

વિવાહિત જીવનમાં એ વાંચવાલખવામાં અધિક સમય ગાળી શકતી નહિ, તોપણ જે થોડો અવકાશ મળતો તેમાં એણે માર્કંડેય પુરાણના મદાલસા—આખ્યાનની દાર્શનિક ટીકા તથા મહાભારતના શાંતિપર્વમાંના મોક્ષધર્મની એક વિસ્તૃત ટીકા રચી છે. પ્રિયંવદાના હસ્તાક્ષર ઘણા સુંદર હતા. એના સ્વામીએ કાશીથી સંસ્કૃત અક્ષરમાં લખેલા અનેક ગ્રંથો આણ્યા હતા. પ્રિયંવદાએ એ બધા ગ્રંથોની બંગાળી લિપિમાં નકલ કરી હતી.×

× બંગાળમાં સંસ્કૃત પણ બંગાળી લિપિમાં લખવાનો રિવાજ છે.

પ્રિયંવદાને પહેલાં તો કાવ્યોનો ઘણો શોખ હતો. એ કેવળ કાવ્યોજ વાંચ્યા કરતી, પણ પરણ્યા પછી તેના સ્વામીએ તેને દર્શનશાસ્ત્ર વાંચવાનો શોખ લગાડ્યો હતો.

એક બંગાળી બ્રાહ્મણની કન્યા આખા દિવસનું ઘરકામનું વૈતરૂં કરીને ફુરસદના વખતમાં ઘરના ખૂણામાં એકાંતમાં સ્વામીના ચરણકમળ આગળ બેસીને, દર્શનશાસ્ત્રના કૂટ પ્રશ્નોનું સમાધાન કરવાનો પ્રયત્ન કરી રહી છે. સ્વામીના મુખમાંથી નીકળતી શાસ્ત્રની વ્યાખ્યા સાંભળવા માટે, સુંદરી ઉત્સુકતાપૂર્ણ નેત્રે તેમના મુખ તરફ એકાગ્ર દૃષ્ટિએ જોઇ રહી છે ! કેવું સરસ દૃશ્ય ! કેવું ધન્ય જીવન !

૨૧૬–राणी मृगनयनी

આ દેશનાં ઘણાં થોડાં મનુષ્યો રાણી મૃગનયનીનું નામ જાણે છે. એ ગુજરાતના રાજાની પુત્રી અને ગ્વાલિયરના તોમર વંશના રાજા માનસિંહની રાણી હતી. માનસિંહ લગભગ સોળમી શતાબ્દિમાં થઈ ગયો છે; કારણકે શાહજહાં બાદશાહના વખતના લંકરાય નામના એક લેખકે પોતાના ઇતિહાસમાં લખ્યું છે કે રાજા માનસિંહને ઘણી રાણીઓ હતી; પરંતુ એ સર્વમાં રાણી મૃગનયની રૂપ અને ગુણમાં સૌથી શ્રેષ્ઠ હતી. રાણી મૃગનયની ઘણી ખૂબસૂરત હતી, એટલુંજ નહિ પરંતુ એ સંગીતવિદ્યામાં ઘણીજ પ્રવીણ હતી. રાજા માનસિંહને ગાનતાનનો ઘણો શોખ હતો. સંકીર્ણ રાગ મૃગનયની ઘણોજ સરસ ગાતી હતી, તેથી રાજા તેના ઉપર ઘણોજ પ્રસન્ન રહેતો હતો. મૃગનયનીએ સંગીતવિદ્યા ઉપરના અસાધારણ કાબૂને લીધે કેટલાએ નવા રાગ શોધી કાઢીને પ્રચલિત કર્યા. ગુર્જર, બહલિગુજારી, માલગુજારી વગેરે રાગો એના નામથી પ્રસિદ્ધ છે. કેટલાક લોકો તો એમ કહે છે કે મૃગનયનીની સંગીતવિદ્યાની પરીક્ષા કરવા માટે સંગીતાચાર્ય તાનસેનજી પણ ગ્વાલિયર પધાર્યા હતા અને ત્યાંજ પોતાનું પાછલું જીવન વ્યતીત કર્યું હતું; પરંતુ એ વાત વિશેષ વિશ્વાસપાત્ર નથી.



२१७–सती अंबा

આદશાહ જહાંગીર જે સમયે દિલ્હીમાં રાજ્ય કરતો હતો, તે સમયે બૂંદીની ગાદી ઉપર રાવ રત્નસિંહ રાજ્ય કરતો હતો. રાવ રત્નસિંહને ચાર પુત્રો હતા. ગોપીનાથ, માધોસિંહ, હરિજી અને જગન્નાથ. એ પૈકી જ્યેષ્ઠ પુત્ર ગોપીનાથ તેમની હયાતીમાંજ ગુજરી ગયો હતો. એ રાજકુમાર ઘણોજ પરાક્રમી હતો; પરંતુ એને વ્યભિચારનો કુછંદ લાગ્યો હતો. રાજા રત્નસિંહે પોતાના રાજ્યમાં વેપારને માટે ચંદેરિયા જાતિના વ્યાપારકુશળ બ્રાહ્મણોને વસાવ્યા હતા.

એ બ્રાહ્મણોમાંથી એકની સ્ત્રી ઘણી સુંદર હતી. રૂપ અને યૌવનમાં રાજકુમાર અને એ ચંદેરી બ્રાહ્મણી સમાન હતાં. એક દિવસે દૈવવશાત્ બન્નેની દૃષ્ટિ વિકારી થઈ; કામદેવે બન્નેના ઉપર પોતાનો પ્રભાવ જમાવ્યો. ધીમે ધીમે કુમારે ગુપ્ત રીતે રાત્રીના સમયે એ ચંદેરી બ્રાહ્મણીને ઘેર પણ જવા માંડયું. એક દિવસ એ બ્રાહ્મણીના પતિએ પોતાની આંખે કુમારને જોયો. એણે પોતાની વ્યભિચારિણી પત્નીને તથા રાજકુમારને એ સંભોગની દશામાંજ મજબૂત દોરી વતી ખાટલાની ઇસો સાથે એવાં સખ્ત બાંધી દીધાં કે સેંકડો વાઘોનો શિકાર કરનાર રાજકુમારથી પણ એ સમયે જરા પણ ચસકાયું નહિ. આ પ્રમાણે કુમારને બાંધી લીધા પછી એમણે રાજમહેલમાં જઇને પોકાર કર્યો કે, “ગરીબનવાજ, અમે એક દુષ્ટને અમારી ઇજ્જત લૂંટતાં પકડયો છે; એને શી સજા કરવી ?” રાજાએ તરતજ હુકમ આપ્યો કે, “કતલ.” રાજાનો હુકમ મળતાંવારજ બ્રાહ્મણ ઘેર પહોંચ્યો અને રાજકુમારનો તથા પોતાની પત્નીનો વધ કરી નાખ્યો. રાવ રત્નને ખબર આપવામાં આવી કે, તેમના ગાદીવારસ ગોપીનાથને

કતલ કરવામાં આવ્યો છે. પરાક્રમી જયેષ્ઠ પુત્રના અકાળ મૃત્યુથી રાજાને ખેદ તો ઘણો થયો, પણ પોતાનું વચન યાદ આવ્યાથી પુત્રનો ઘાત કરનાર બ્રાહ્મણને ક્ષમા આપી.

આ રાજકુમાર ગોપીનાથ આ ચરિત્રની એક નાયિકા સાથે પરણ્યો હતો. એ સિસોદિયા રાજપુત્રની કન્યા હતી; અને અંબા-બાઈ તેનું નામ હતું. એ ઘણીજ પતિવ્રતા સતી હતી. હંમેશાં સ્વામીના ભોજન કરી રહ્યા પછી પોતે જમતી, પતિના દુઃખથી પોતે દુઃખી રહેતી અને પતિ પ્રસન્ન હોય તો પોતે સદા પ્રસન્ન રહેતી. પતિને દુઃખ થાય અને પોતે સુખશાંતિમાં દિવસ નિર્ગ-મન કરે, એ એને અસહ્ય થઈ પડતું. રાજકુમારને એક સમય ઘણો સખત તાવ આવ્યો અને તેમને ૨૧ લાંઘણ કરવી પડી. પતિવ્રતા સતી અંબાએ પણ ૨૧ દિવસ સુધી ઉપવાસ કર્યાં હતા. એક દિવસ રાજકુમાર 'જગન્મણિ' નામના હાથી ઉપરથી પડી ગયા, એ જોઇને સતી અંબાએ અગાશી ઉપરથી પડતું મૂક્યું અને એ પ્રમાણે પતિને જેટલી ઇજા થઇ હતી તેના કરતાં વધારે કષ્ટ ભોગવ્યું. એક દિવસ ઓરડાના તાળાની કૂંચી ખોવાઇ ગઇ. બારણાં ઉઘાડવાનો બીજો કોઈ રસ્તો નહિ સૂઝવાથી પરાક્રમી રાજકુમારે પોતાના ખભાની ટક્કર મારીને બારણું તોડી નાખ્યું. એ વખતે બારણા ઉપરના ત્રણ ખીલાઓ કુમારની જમણી ભુજામાં પેસી ગયા. એ જોઇને અંબાએ પણ છરી લઇને પોતાના હાથમાં ત્રણ ઘા માર્યા. એ સંવત ૧૬૭૧માં પતિનું મૃત્યુ થતાં બે દિવસ અગાઉ સ્વર્ગલોકમાં સિધાવી હતી. સતી અખંડ સૌ-ભાગ્ય સાથે પોતાની અવદશા જોયા વગરજ મૃત્યુ પામી, એ આપણી દૃષ્ટિએ તો મોટું સદ્ભાગ્ય ગણાય, પણ રજપૂતોની વીર-કથા આલેખનાર મહાકવિ સૂર્યમલ શોક કરે છે કે, પતિની સાથે સતી થવાનું સદ્ભાગ્ય એને પ્રાપ્ત થયું નહિ. કવિ કહે છે કે,

" હુવ સાંત દ્વૈ દિન કાંતસો પહિલેં વધુ યહ હાઈ;
જરતી નતો સબ અઝાંહે પરતી ચિતા પરજાઇ."

રાજકુમારને અગિયાર સ્ત્રીઓ હતી, જેમાંની સાત પતિની સાથે સતી થઇ ગઇ હતી. ગોપીનાથને બાર પુત્રો હતા, જેમને રાવ રત્નસિંહે જાગીર કાઢી આપી. જે હજુ સુધી 'કોટડી'ઓ નામથી ઓળખાય છે.

२१८–करमेतीबाई

ભક્ત કવયિત્રી મીરાંબાઈના પવિત્ર નામથી તો ગુજરાતમાં સૌ કોઇ જાણીતું છે. મીરાંબાઈના જેવીજ ભક્તિવાળી, ધાર્મિક અને વિદુષી સ્ત્રી એક બીજી પણ થઇ ગઇ છે. તેનું નામ કરમેતીબાઈ હતું. ભક્તમાળ ગ્રંથમાંથી તેના જીવનનો કાંઇક આભાસ મળી આવે છે.

એ દક્ષિણ દેશમાં ખાજલ નામના ગામડાના રહેવાસી પરશુરામ પંડિત નામના એક રાજપુરોહિતની કન્યા હતી. પરશુરામ પરમ વૈષ્ણવ હતા. પિતાનો સત્સંગ બાળક કરમેતીબાઇને પણ લાગ્યો હતો. પરશુરામના શિક્ષણ અને ઉપદેશથી એ બાલ્યાવસ્થામાંથીજ પરમ વૈષ્ણવી બની હતી. શાસ્ત્રોનો મર્મ સમજાવવા માટે તથા વૈષ્ણવધર્મનાં તત્ત્વોનું રહસ્ય શીખવવા માટે પરશુરામે કરમેતીબાઇને રીતસર વિદ્યાભ્યાસ કરાવ્યો હતો. એ શિક્ષણને પ્રતાપે કરમેતીબાઈ ઘણી નાની વયમાં પંડિતા બની હતી. અને શિક્ષણ સાથે ધર્મ પર તેનો વિશ્વાસ દૃઢ થતો ગયો હતો.

સંસારના બંધનમાં ફસાવાની તેને ઇચ્છા નહોતી; પરંતુ પિતાના આગ્રહને વશ થઈને, પોતાની ઇચ્છા વિરુદ્ધ પણ તેને લગ્ન કરવું પડ્યું હતું.

કરમેતીબાઈ જેટલા દિવસ પિયેરમાં રહી તેટલા દિવસ તો તેણે સુખ અને આનંદમાં જીવન ગાળ્યું. તેને કોઈ પણ પ્રકારનું કષ્ટ ભોગવવું નહોતું પડતું. રાતદિવસ આનંદમાં રહેતી અને હરિનું નામ દઇને તથા પૂજાપાઠ કરીને વખત ગાળતી; પણ સાસરે જતાંવારજ તે ચારે તરફથી અનેક પ્રકારનાં સંકટો અને ઉપાધિઓમાં ફસાઇ પડી. સ્વામીની સાથે પણ તેને ઘણું ઊંચું મન થયું. કરમેતીબાઈ પરમ ભક્ત, વૈષ્ણવ અને સદાચારી હતી;

જ્યારે તેનો પતિ વૈષ્ણવધર્મનો વિરોધી, દુષ્ટ સ્વભાવનો તથા ઘણો વિષયી હતો. કરમેતીબાઈ જેટલાં ધર્મનાં અનુષ્ઠાન કરતી, તેમાં તેનો પતિ વિઘ્ન નાખતો. કરમેતીબાઇને તેણે બીજી પણ ઘણી રીતે હેરાન કરી, એથી કંટાળી જઇને કરમેતીબાઈ સ્વામીનો સંસર્ગ છોડી દઇને પિયેર જઇ વસી; પરંતુ પિતાને ત્યાં પણ એ ઘણા દિવસ સુધી રહી શકી નહિ. તેનો સ્વામી પાછો તેને પોતાને ઘેર તેડી જવા આવ્યો. એ વખતે કરમેતીબાઈ ઘણીજ ચિંતાતુર થઇ. સ્વામીના ત્રાસમાંથી છૂટવાનો બીજો કોઇ ઉપાય નહિ સૂઝવાથી એણે પિતાને ઘેરથી નાસી જઇને વૃંદાવન ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો. એક અંધારી રાત્રે એ પોતાના શયનગૃહમાંથી બહાર આવી. તેણે જોયું કે ઘરનાં બધાં બારણાં બંધ છે, નાસી જવાનો માર્ગ નથી. આખરે તેણે સાહસ કરીને ઉપરથી નીચે કૂદકો માર્યો. આ પ્રમાણે ઘરની બહાર તો એ નીકળી શકી, પણ વૃંદાવન જવાનો રસ્તો એણે કદી જોયો નહોતો. ક્યાં જવું ને ક્યાં નહિ એનો લાંબો વિચાર કરવાનો એ અવસર નહોતો. ઊંચે શ્વાસે કરમેતીબાઇ સીધી ચાલવા લાગી.

પરશુરામ પંડિતે સવારના પહોરમાં કન્યાને દીઠી નહિ, ત્યારે તેમના ખેદનો પાર રહ્યો નહિ. તેમણે રાજાની પાસે જઇને કરમેતીબાઈ ખોવાઇ ગયા સંબંધી ખબર આપી. રાજાએ તેની શોધમાં ચારે તરફ સિપાઇઓ દોડાવ્યા. કરમેતીબાઈ એક મેદાનમાં થઇને જઇ રહી હતી, ત્યાં આગળ તેણે લોકોની ગડબડ સાંભળી. તેને ખબર પડી ગઇ કે પોતાની શોધમાં સિપાઇઓ આવી રહ્યા છે. એ મેદાનમાં ઝાડપાનનું નામનિશાન નહોતું કે જ્યાં આગળ એ સંતાઇ રહે. બીજો કાંઇ પણ ઉપાય નહિ સૂઝવાથી એ ઊંચે શ્વાસે દોડવા લાગી. થોડે દૂર ગયા પછી એક મરી ગયેલું ઊંટ તેના દીઠામાં આવ્યું. શિયાળ, કાગડા, ગીધ વગેરે તેના શરીરમાંથી માંસ ખાઇ ગયા હતા. ખાલી હાડપિંજર પડ્યું હતું. કરમેતીબાઇએ સિપાઇઓથી બચવાને માટે એ હાડપિંજરનોજ આશ્રય લીધો. એમાંથી પુષ્કળ દુર્ગંધ આવી રહી હતી; પણ તેની તેણે આ વખતે પરવા કરી નહિ. રાજાના જે સિપાઇઓ તેની શોધમાં નીકળ્યા હતા, તેઓ તેનો એટલામાં પત્તો નહિ લાગ્યાથી બીજી દિશામાં જતા રહ્યા. એ લોકોના ગયા પછી કરમેતીબાઈ ઊંટના હાડપિંજરમાંથી બહાર નીકળીને વૃંદાવન-

ના રસ્તે જવા લાગી. રસ્તામાં ભૂખ, તરસ, ઉજાગરો વગેરે અનેક જાતની અડચણો વેઠીને એ છેવટે વૃંદાવન પહોંચી. તેની ઘણા દિવસની આશા પૂર્ણ થઈ. હવે એ નિશ્ચિંત થઇને વૃંદાવનમાં વાસ કરવા લાગી અને રાત-દિવસ શ્રીકૃષ્ણની પૂજા-અર્ચના કરીને તેમજ તેમનાજ પવિત્ર નામનો જપ કરીને જીવનને કૃતાર્થ કરવા લાગી.

કન્યાનો પત્તો નહિ લાગવાથી પરશુરામ ઘણોજ આકુળ-વ્યાકુળ થઇ ગયો. એ પણ ખાજલ ગામ છોડી દઇને પુત્રીની શોધમાં નીકળી પડ્યો. આખરે એ પણ વૃંદાવનમાં આવી પહોંચ્યો અને ત્યાં કરમેતીબાઈ સાથે તેનો મેળાપ થયો. તેણે જોયું કે, કરમેતીબાઈ આંખ મીંચીને ધ્યાનમાં બેઠી છે. તેના બન્ને ચક્ષુમાંથી પ્રેમાશ્રુની ધારા દડદડ વહી રહી છે. તેના શરીર ઉપર એક દિવ્ય જ્યોતિ પ્રકાશી રહી છે. કન્યાનું આવું દેવી જેવું સ્વરૂપ જોઇને પિતાએ તેની આગળ મસ્તક નમાવ્યું.

પરશુરામે કન્યાને ઘેર પાછી આવવા માટે ઘણોજ આગ્રહ કર્યો; પરંતુ કરમેતીબાઇએ વિનયપૂર્વક પિતાને ના કહી. આખરે લાચાર થઇને પરશુરામ આંસુ લૂછતો લૂછતો ઘેર પાછો ગયો. કન્યાનો સઘળો વૃત્તાંત તેણે જઇને પોતાના રાજાને કહ્યો.

એ ગામનો રાજા પણ ઘણો ભગવદ્ભક્ત હતો. કરમેતીબાઇ-ની અનન્ય કૃષ્ણભક્તિના સમાચાર સાંભળ્યાથી તેના મનમાં કર-મેતીબાઇનાં દર્શન કરવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. એ ઇચ્છા પૂર્ણ કરવા સારૂ એ વૃંદાવન ગયો. ત્યાં આગળ ભક્ત કરમેતીબાઇનાં દર્શન કરીને અત્યંત પ્રસન્ન થયો. તેણે કરમેતીબાઇના નિવાસ સારૂ વૃંદાવનમાં એક કુટીર બંધાવી આપવાની ઇચ્છા જણાવી, પણ નવું મકાન બંધાવવામાં અનેક જીવજંતુઓનો નાશ થશે, એમ ધારીને કરમેતીબાઇએ નવો આશ્રમ બંધાવવાની સાફ ના કહી. એ ઉપરથી રાજાએ એક તૈયાર મકાનમાં કરમેતીબાઇનો આશ્રમ બનાવી આપ્યો.

કરમેતીબાઇની ભગવદ્ભક્તિની પ્રશંસા આજદિન સુધી વૈષ્ણવોમાં થયા કરે છે. વૃંદાવન ધામમાં બ્રહ્મકુંડ ઉપર આજ-દિન સુધી કરમેતીબાઇની કુટીરનું ખંડિયેર જોવામાં આવે છે, જે 'કરમાબાઇ કી કુટી'ના નામથી પ્રખ્યાત છે.

२१९–नादिरा बेगम

નાદિરા બેગમ અથવા નાદિરા બાનુ શાહજાદા પરવીઝની પુત્રી અને મહાન મોગલ સમ્રાટની પૌત્રી તથા દૌહિત્રી થતી હતી. શાહજહાનના જ્યેષ્ઠ પુત્ર દારા શિકોહની સાથે તેનું લગ્ન થયું હતું. (હિજરી સન ૧૦૪૩.) તેના ગર્ભથી ત્રણ પુત્ર અને એક કન્યા જન્મ્યાં હતાં. નાદિરા બેગમ પુણ્યાત્મા સ્ત્રી હતી. અલ્હાબાદની પાસે એણે બેગમ સરાય નામનું ગામ વસાવ્યું હતું. દારા શિકોહ પિતાનો પક્ષપાતી તથા હિંદુ ધર્મ ઉપર પ્રીતિ ધરાવનારો હોવાથી ઔરંગઝેબ એને પોતાનો કટ્ટર શત્રુ અને પાપી કાફર ગણતો. ઔરંગઝેબે દારા શિકોહને જ્યારે કેદ કર્યો ત્યારે આ પતિપરાયણા સ્ત્રી તેની સાથેજ હતી. તેના સહવાસ અને પ્રેમમય શુશ્રૂષાને લીધે દારાને કેદખાનાનું દુઃખ જરા પણ જણાતું નહોતું. એક વખત દારા તેના નાના ભાઈ ઔરંગઝેબના ત્રાસથી છૂટવાને પત્ની તથા બાળકો સહિત અફઘાનિસ્તાન તરફ નાઠો હતો. માર્ગમાં બોલનની ખીણમાં એક જમીનદારના ઘરમાં તેમણે આશ્રય લીધો. ત્યાં આગળ નાદિરા બેગમને ઝાડાનો રોગ લાગુ પડયો અને ત્યાંજ એનું મરણ થયું. દારાના શોકનો પાર રહ્યો નહિ. આખા જીવનમાં દુઃખના સમયમાં એને સલાહ અને મદદ આપનાર એ એકજ વ્યક્તિ હતી. આવા જંગલમાં જ્યાં એનું પોતાનું કોઇ નહોતું એવા સ્થાનમાં પત્નીનું અકાળ મૃત્યુ નીપજ્યું, એ વિચારથી દારાના હોશકોશ ઊડી ગયા અને એ ગાંડા જેવો અસ્વસ્થ થઇ ગયો.

મોગલ વંશના મનુષ્યોમાં એક ગુણ સર્વસામાન્ય છે કે વિદેશી હોવા છતાં પણ એમણે હિંદનેજ સ્વદેશ માન્યો હતો અને માતૃભૂમિ પ્રત્યે મનુષ્યને જે ભક્તિ હોવી જોઇએ તે ભક્તિ એમને ભારત પ્રત્યે હતી. નાદિરા બેગમના હૃદયમાં

પણ હિંદની પવિત્ર ભૂમિ પ્રત્યે એજ સન્માન અને ભક્તિ હતાં. મૃત્યુ પહેલાં એની છેવટની અભિલાષા એજ હતી કે, એના દેહને હિંદુસ્તાનની પવિત્ર જમીનમાંજ દફનાવવામાં આવે. દારાએ બે દિવસ પછી એની એ ઇચ્છા પૂર્ણ કરી. પોતાના એક વિશ્વાસુ સેવકની સાથે એણે પત્નીના શબને લાહોર મોકલ્યું. ત્યાં એના ગુરુ, પ્રખ્યાત સન્નમિયા મીરના કબ્રસ્તાનમાં એને સદાને માટે સુવાડવામાં આવ્યું. હિજરી સન ૧૦૬૬માં એ પતિવ્રતા બાનુએ આ નશ્વર સંસારનો ત્યાગ કર્યો હતો.

૨૨૦–आराम

એ બાદશાહ જહાંગીરની પત્ની હતી. તેનું ખરું નામ દિલારામ હતું. એ ઘણી સુશિક્ષિત અને ચતુર સ્ત્રી હતી. ફારસી ભાષામાં તેણે સારી પ્રવીણતા પ્રાપ્ત કરી હતી. એ ભાષામાં તેણે રચેલાં કાવ્ય પણ મળી આવે છે. કવિતામાં તેનું તખલ્લુસ (સંજ્ઞા અથવા ધારણ કરેલું નામ) આરામ હતું. શેતરંજની રમતમાં એ ઘણી પ્રવીણ હતી. એક વખત જહાંગીર કોઇ શાહજાદા સાથે શેતરંજ રમવા બેઠો હતો. બંને જણાએ એવી શરત કરી હતી કે, જે કોઇ હારે તે પોતાની બીબી સામા ધણીને આપી દે. દૈવસંયોગે જહાંગીરના દાવ ઊલટા ચાલવા લાગ્યા. તેને ખાતરી થઇ કે, હાર પોતાનીજ થશે. એ ઘણી ચિંતામાં પડ્યો અને પોતાની બેગમોને પૂછ્યું કે, “હવે તમારામાંથી કોને આપી દઉં ?” તેની ત્રણ બેગમોએ કાંઇ ને કાંઇ બહાનું કાઢીને પોતાને નહિ આપી દેવાની વિનતિ કરી; પરંતુ પ્રવીણ બેગમ દિલારામે એક સુંદર દ્વિઅર્થી ફારસી પદ કરીને એ રમતમાં હવે કેવી રીતે દાવ ખેલવા તે સૂચવી દીધું. તેની સૂચના પ્રમાણે દાવ ખેલવાથી જહાંગીરની જીત થઇ.

૨૨૧–નજીરુન્નિસા બેગમ

એ શાહજાદા શિકોહની પરમ પ્રિય અને સતી–સાધ્વી બેગમ હતી. એનો જન્મ શાહજહાનના સમયમાં એક સાધારણ કુટુંબમાં થયો હતો; પરંતુ એ ઘણી રૂપવતી હોવાથી શાહજહાન તેને પોતાના અંતઃપુરમાં દાસીનું કામ કરવા સારૂ રાખી. રૂપમાં અદ્વિતીય હોવા ઉપરાંત એ બાલિકા નાચ અને ગાનવિદ્યા પણ સારી રીતે જાણતી હતી. બાદશાહ એના નૃત્ય અને ગીતથી ઘણા પ્રસન્ન થતા હતા. એ બાલિકાનું નામ એ વખતે ‘ રાનાદિલ ’ હતું.

શાહજહાનના લાડકા પુત્ર દારા શિકોહે એક દિવસ રાનાદિલને જોઇ. એનું છટાયુક્ત ભોળું મુખ જોઇને એ મુગ્ધ થઇ ગયો. એના કોકિલ કંઠમાંથી નીકળતાં સુંદર ગાયન સાંભળ્યા પછી એ પોતાના જીવને રોકી ન શક્યો. એના નયનને તૃપ્તિ આપનારા નૃત્યને જોઇને એ તન્મય થઇ ગયો. એણે રાનાદિલ ઉપર પોતાનું હૃદય ન્યોછાવર કરી દીધું. એ રાનાદિલને પોતાની અર્ધાંગિની બનાવવાને અધીરો થઇ ગયો, પણ દિલ્હીશ્વરને એ સંબંધ કેવી રીતે પસંદ આવે ? ક્યાં દિલ્હીના ચક્રવર્તી બાદશાહનો શાહજાદો દારા અને ક્યાં આ ગરીબ ઘરની દાસી ! દારા શિકોહના સદ્‌ગુણોને લીધે બધા એના પર પ્રસન્ન રહેતા હતા. પિતાને તેમજ પ્રજાજનોને એ પ્રિય હતો. બાદશાહનો પ્યાર બીજા શાહજાદાઓ કરતાં એના ઉપર અધિક હતો. બાદશાહે જ્યારે જોયું કે, રાનાદિલ વગર દારાને દુઃખ થાય છે, ત્યારે એમને ‘ નિકાહ ’ કરી લેવાની રજા આપી. ઘણી ધામધૂમથી બંનેનું પાણિગ્રહણ થયું. રાનાદિલને પત્નીરૂપે પામ્યાથી દારાએ પોતાના જીવનને સફળ માન્યું. યુવરાજ એને પ્રેમથી ‘ નજીરુન્નિસા ’ કહેતો. તેની બધી બેગમોમાં એ સૌથી વધારે ખૂબસૂરત હતી.

નજીરુન્નિસાના જીવનના વચલા ભાગમાં જાણુવા યોગ્ય કાંઇ બનાવ નથી. એટલું કહેવું પૂરતું છે કે, એક પવિત્ર સતી–સાધ્વી– એ જે પ્રકારે તનમનધનથી પતિની સેવા કરવી જોઇએ તેવીજ રીતે એણે કરી. એના જીવનનો અંતકાળ બહુ દુઃખમય અને દયાજનક છે; પણ દુઃખમાંજ માણુસના સદ્‍ગુણની કસોટી થાય છે. એ કસોટીમાં નજીરુન્નિસા સો ટચનું સુવર્ણ સાબિત થઇ, માટેજ આજે અમે એનું ચરિત્ર લખવાનો શ્રમ લઇ રહ્યા છીએ.

નજીરુન્નિસાનો પતિ દારા શિકોહ બાદશાહ શાહજહાનનો જ્યેષ્ઠ પુત્ર હતો. એ ઘણો વિદ્વાન તથા દાનશીલ હતો. સંસ્કૃત ભાષા અને હિંદુધર્મનો એણે અભ્યાસ કર્યો હતો. એને પરિણામે હિંદુઓ પ્રત્યે એને સહાનુભૂતિ હતી. રૈયતનો તેમજ પિતાનો એના ઉપર ઘણો પ્રેમ હતો; પરંતુ ધર્માંધ અને રાજ્ય- લોભી ઓરંગઝેબને મનથી તે કાફિર અને પોતાના માર્ગમાં આડખીલીરૂપ હતો. પિતાને કેદ કરી એણે નાસી ગયેલા દારાને પંજાબની સરહદ ઉપરથી પકડી મંગાવી દિલ્હીમાં એનો વધ કરાવ્યો તથા એની બેગમો અને દાસીઓને કેદ કરી. આપણી ચરિત્રનાયિકા નજીરુન્નિસાને પણ પતિના મૃત્યુ પછી કેદખાનામાં પૂરવામાં આવી હતી; પરંતુ તેના રૂપલાવણ્ય ઉપર દયા આણીને ઓરંગઝેબે તેને ખાસ સગવડો કરી આપી હતી.

તેના ઓરડામાં વિલાસની બધી સામગ્રીઓ રાખવામાં આવી હતી, પણ સતીને મનથી હવે એ બધી વિલાસસામગ્રીઓ નકામી અને દુઃખદાયી હતી. સૌભાગ્યની સાથેજ એ પદાર્થોની કદર હતી. હવે તો એને દેખીને બળવાનું હતું. નજીરુન્નિસા પતિના વિરહની આગથી બળી રહી હતી. એનું લોહી પાણી થઈને અશ્રુના રૂપમાં વહી રહ્યું હતું. એનો એજ રંગમહેલ હતો, એની એજ વિલાસની સામગ્રીઓ હતી, પણ સ્વતંત્રતા ક્યાં હતી? હવે એ દારા શિકોહની સ્વતંત્ર અને પ્રિયતમા બેગમ નથી રહી! આજે એ કેદી છે! જે બાંદીઓ એની આજ્ઞા ઉઠાવવાને તત્પર રહેતી હતી તેજ આજે પહેરો ભરી રહી હતી!

ઔરંગઝેબને એટલેથીજ સંતોષ ન થયો. એ એક દિવસ શાહી કેદીઓને જોવા ગયો. ત્યાં દારાની સુંદર બેગમોને જોઇને એણે હુકમ આપ્યો કે, “એમને બધીને બાદશાહના અંતઃપુરમાં દાખલ કરો અને બાદશાહની સાથે નિકાહ પઢાવી દુનિયાનો

લહાવો લેવા દો." દારાની પતિવ્રતા વડી બેગમ અને તેના ત્રણે શાહજાદાની માતા નાદિરા બેગમ તો પતિની હયાતીમાંજ સૌભાગ્ય લઇને ખરી સહધર્મિણી તરીકે, પતિના દુઃખમાં ભાગ પડાવતાં પડાવતાં, ભારતની ઉત્તર સરહદ ઉપર મરણ પામી હતી; એટલે એ તો ઔરંગઝેબના અત્યાચારથી બચી ગઈ. બીજી બેગમો અને ઉપપત્નીઓએ પ્રાણભય, રાજ્યલોભ અને વિલાસલાલસાને લીધે ઔરંગઝેબનો હુકમ માની લીધો, પણ નજીરુન્નિસાએ એ અનુચિત આજ્ઞાની જરા પણ પરવા ન કરી. ઔરંગઝેબની એવી નીચતાથી એને ઘણુંજ માઠું લાગ્યું. પાતિવ્રત્ય ધર્મે તેના હૃદયમાં બળ આપ્યું અને એ ભાવી વિપત્તિની સામે થવાને પ્રબળા બનીને તૈયાર થઇ.

નજીરુન્નિસાએ બાંદીની મારફતે પુછાવ્યું કે, "બાદશાહ શા સારૂ મને પોતાના મહેલમાં બોલાવવા માગે છે?" ઉત્તર આવ્યો કે, "એ આપના રૂપલાવણ્ય ઉપર મુગ્ધ છે. એમની ઇચ્છા છે કે આપ એમની બેગમ બનીને અંતઃપુરને શોભાવો." એ શબ્દો સાંભળીને એના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો, પણ બંદીખાનામાં પડેલી અબળા શું કરી શકે? તેણે ફરીથી પુછાવ્યું કે, "બાદશાહ મારા ઉપર શા સારૂ મોહી ગયા છે? દુનિયામાં બીજી ઘણી સુંદરીઓ પડી છે." એના ઉત્તરમાં બાદશાહે કહેવરાવ્યું કે, "મને તમારો નાગની ફેણ જેવો લાંબો ચોટલો ઘણોજ પસંદ આવ્યો છે. મેં જ્યારથી તમને જોયાં છે ત્યારથી એ અંબોડારૂપ કાળો નાગ મારા હૃદયને દંશ મારી રહ્યો છે. જ્યારે એને પ્રાપ્ત કરીશ ત્યારેજ મને નિરાંત વળશે." એ સાંભળીને નજીરુન્નિસાએ કાતર લઇને પોતાના રેશમ જેવા સુંવાળા, કાળા અને ખૂબસૂરત વાળને કાપી નાખીને બાદશાહની પાસે મોકલી આપ્યા તથા સંદેશો કહાવ્યો કે, "લો, હજૂર! જે વાળોએ આપનું દિલ બેચેન કરી દીધું હતું, તે આપની સેવામાં હાજર છે. એને સંભાળીને રાખજો. આશા છે કે એનાથી આપના કલેજાને ઠંડક વળશે અને આપ ખુદાની ખાતર મને નહિ સતાવો!"

બીજો કોઇ હોત તો સાધ્વી નજીરુન્નિસાનું આ સતીત્વ જોઇને પ્રસન્ન થઇ જાત અને પોતાની કુચેષ્ટાઓ માટે પસ્તાવો કરત, પણ ઔરંગઝેબ ઉપર એની કાંઈ અસર થઇ નહિ. એણે સંદેશો લાવનારી બાંદી આગળ એના રૂપની પ્રશંસા કરીને કહ્યું કે,

"બેગમની હરિણી જેવી આંખો અને ગુલાબના જેવા ગાલો ઉપર હું આફરીન છું. તમે મારી દયા આણીને મારી બેગમ બનવાનો સ્વીકાર કરો. તમે મારી વિનતિ નહિ માનો તો યાદ રાખજો કે જે દશા તમારા પતિની થઈ છે, તેજ તમારી કરવામાં આવશે." ઔરંગઝેબના આ શબ્દોથી સતીના ક્રોધાગ્નિમાં ઘી રેડાયું. એને પોતાના પ્રિય સ્વામીનું સ્મરણ વધારે તાજું થઇ આવ્યું. ઔરંગઝેબે એ પ્રિય પતિ સાથે કરેલા ઘાતકી અત્યાચારનું દશ્ય તેની આંખ આગળ ખડું થયું. એણે નિશ્ચય કર્યો હતો કે, "જીવ જાય તો ભલે જાય, પણ આ દેહ મારા પતિની હત્યા કરનાર પાપીના હાથમાં કદી નહિ જવા દઉં. પતિવિરહથી વ્યાકુળ બનેલી મરા જેવી દુઃખી વિધવાને પ્રાણ જવાનો ભયજ શાનો હોય ? ભલે કાલે ફાંસી દેતો હોય તો આજ દે !"

એણે પોતાનો ક્રોધ પ્રગટ કરનારો એક પત્ર ઔરંગઝેબને લખ્યો અને તેના અધમ વિચાર માટે ઘણો ઠપકો આપ્યો; એટલુંજ નહિ પણ એક ધારવાળા છરા વડે પોતાના ગુલાબી ગાલોમાં ઠેકાણે ઠેકાણે ઘા માર્યા અને તેમાંથી વહેતા લોહીનો એક કટોરો ભરીને બાદશાહની પાસે મોકલ્યો.

કટોરો જોઇને તથા પત્ર વાંચીને ઔરંગઝેબ સ્તબ્ધજ થઇ ગયો. નજીરુન્નિસાનું પાતિવ્રત્ય જોઇને એ છક્ક થઈ ગયો. એ કામાંધ અને અત્યાચારી બાદશાહને પણ ધર્મ અને સત્યનું બળ રાખનારી અબળાને હાથે હાર ખમવી પડી ! કહેવાય છે કે, જ્યાં સુધી નજીરુન્નિસા જીવતી રહી ત્યાંસુધી ઔરંગઝેબ એને ઘણા માન અને ભક્તિભાવની દૃષ્ટિથી જોતો રહ્યો હતો.*



* પ્રોફેસર જહુરબખ્શ કૃત "મુસ્લિમ મહિલારત્ન "ના આધારે.

२२२–(सम्राज्ञी) मुमताजमहाल

આ પ્રસિદ્ધ શહેનશાહબાનુનું મૂળ નામ આરજમંદ બાનુ બેગમ હતું. પાછળથી જ્યારે એ શહેનશાહની મહારાણી બની, ત્યારે એનું નામ મુમતાજમહાલ રાખવામાં આવ્યું.

આ સૌભાગ્યશાળી બેગમ મિરઝા ગ્યાસબેગ તેહરાનીની દૌહિત્રી હતી. મિરઝા ગ્યાસબેગ દિલ્હીશ્વર જહાંગીર બાદશાહનો મુખ્ય મંત્રી હતો. મુમતાજમહાલના પિતાનું નામ ઇમાનુદ્દૌલા આસફખાન હતું. મુમતાજમહાલ જગવિખ્યાત સુંદરી નૂરજહાન બેગમની ભત્રીજી હતી.

મુમતાજમહાલનો જન્મ ઇ. સ. ૧૫૯૪ માં થયો હતો. એ અસામાન્ય રૂપવતી સ્ત્રી હતી, તેમજ તેની બુદ્ધિ પણ ખૂબ તીક્ષ્ણ હતી. તેના પિતાએ તેને ભણાવવા–ગણાવવાનો સારામાં સારો બંદોબસ્ત કરવામાં કાંઇ કચાશ રાખી નહોતી; એટલા માટે શહેનશાહ જહાંગીરે બાલિકા આરજમંદનાં રૂપ, ગુણ બાદશાહી ખાનદાનને છાજે એવાં જોઇને, પોતાના પુત્ર શાહજહાન સાથે ઇ. સ. ૧૬૧૨ માં તેનો વિવાહ કરી દીધો. એ વખતે યુવરાજ શાહજહાનની ઉંમર વીસ વર્ષ ને અગિયાર મહિનાની હતી. આરજમંદની ઉંમર ઓગણીસ વર્ષ અગિયાર માસ અને તેર દિવસની હતી. શાહજહાનની સાથે વિવાહ થયા પછી આરજમંદ બાનુ મુમતાજમહાલના નામથી ઓળખાવા લાગી.

એ અગાઉ શાહજહાનનું લગ્ન ઈરાનના મિરઝા મુજફ્ફર હુસેનની કન્યા કંદહારી બેગમ સાથે થયું હતું; પણ મુમતાજમહાલે સૌંદર્ય અને બુદ્ધિમત્તાથી શાહજહાનના ચિત્તને પૂરેપૂરું હરી લીધું હતું. બાદશાહના આખા હૃદય ઉપર મુમતાજમહાલનું રાજ્ય સ્થપાઈ ગયું હતું. કંદહારી બેગમ તો બાદશાહને મન નામમાત્રની બેગમ હતી.

જે ગુણને લીધે નૂરજહાન બેગમે જહાંગીર બાદશાહનાં ચક્ષુ તથા હૃદયનું આકર્ષણ કર્યું હતું, તેજ ગુણને લીધે મુમતાજમહાલે શાહજહાનને વશ કર્યો હતો. નૂરજહાન અને મુમતાજમહાલ સરખામણીમાં એક બીજાથી ઊતરે એમ નહોતાં. ઇતિહાસમાં નૂરજહાનની કીર્તિ અસાધારણ છે અને પૃથ્વીના વક્ષઃસ્થળ ઉપર મુમતાજમહાલના પ્રત્યક્ષ સ્મારક સ્વરૂપ 'તાજમહાલ'ની કીર્તિ પણ અસાધારણ અને અતુલનીય છે.

શાહજહાન યુદ્ધ અને વિગ્રહને સમયે પણ બેગમ મુમતાજ-મહાલને પોતાની સાથે રાખતો હતો. નૂરજહાન જે પ્રમાણે જહાં-ગીરને રાજકાર્યમાં સહાય આપતી તે પ્રમાણે મુમતાજમહાલ બેગમ પણ પતિને તેના કાજકાજમાં મદદ કરતી. મુમતાજ-મહાલ કોઇની અરજી મંજૂર ના કરે તો બાદશાહ કાંઇ કરી શકતો નહિ. તે દરેક કામમાં મુમતાજમહાલની સલાહ લેતો.

પ્રાતઃસ્મરણીય મુમતાજમહાલ બેગમ બાદશાહની પ્રિય-તમ રાણી હતી. એમનો અન્યોન્ય પ્રેમ ઘણોજ મધુર હતો. એમના પવિત્ર પ્રેમમાં મલિનતાએ કોઇ પણ દિવસ પ્રવેશ કર્યો નહોતો. શાહજહાન અને મુમતાજ જાણે એકજ કળી ઉપર ફૂટી નીકળેલાં બે પુષ્પો હતાં.

મુમતાજમહાલના પતિપરાયણ પ્રેમી હૃદયમાં દયાનો ભંડાર ભર્યો હતો. ગરીબોની અરજી સાંભળીને તેમને દિલાસો આપવો, વિધવાઓ અને અનાથોની ખબર રાખવી અને ગરીબ કન્યાઓને પરણાવી આપવી, એ તો તેનાં રોજનાં નિયમિત કાર્ય હતાં. તેની દયાને લીધે કેટલાક ખૂનીઓ અને લાંબા વખતની સજા પામેલ કેદીઓને પણ છુટકારો મળતો.

ઈ. સ. ૧૬૩૦ માં બુરહાનપુરમાં મુમતાજમહાલ પ્રસવ-વેદનાથી પીડાવા લાગી. થોડી વારમાંજ સંતાનનો જન્મ થયો; પણ પીડા વધતીજ ગઇ. આખરે રાત્રે ત્રણ વાગે તેની દશા ઘણી-જ ખરાબ થઇ ગઈ. મુમતાજમહાલે એ વખતે જીવવાની આશા છોડી દીધી અને બાદશાહને બોલાવવા માટે જહાનઆરાને હુકમ આપ્યો. બાદશાહ ખિન્ન થઇને આવ્યો અને મુમતાજમહાલનું માથું ખોળામાં લઈને અશ્રુ વરસાવવા લાગ્યો.

મુમતાજમહાલની પતિભક્તિ અનન્ય હતી. તેણે પોતાના

સદ્ગુણોને લીધે શહેનશાહ શાહજહાનના હૃદયને પોતાનું કરી લીધું હતું. એ મૃત્યુ સમયે સ્વામીના ખોળામાં માથું મૂકીને આંખોમાંથી અશ્રુધારા વહેવરાવતી પતિને કહેતી હતીઃ "સ્વામિન્! મારી જિંદગી પૂરી થઇ છે, હવે જીવવાની આશા ફોગટ છે. આખી જિંદગી સુધી તમારો જે પ્રેમ અનુભવ્યો છે, તેનો બદલો વાળવાની શક્તિ મારામાં નથી. હું તમારા પ્રેમસાગરમાં ગળાં-સુધી ડૂબેલી હતી. એ વાત હું જગતમાં મારી બહેનોને બતાવી શકી નહિ, એજ મને અફસોસ થાય છે. વહાલા! મારા દેવતા! તમારી પ્રેમાધીન દાસીની કબર ઉપર તમારા પ્રેમનું ચિહ્ન આંકજો! દુનિયાના લોકો એ જોઇને પ્રેમ અને ભક્તિ સાથે તમારૂં નામ યાદ રાખશે. હું તો જાઉં છું, પણ મારો આગ્રહ છે કે મારાં છોકરાંઓને સ્નેહપૂર્વક પાળજો અને મારાં વૃદ્ધ માતાપિતા-ની ખબર રાખજો. વિદાય દો! વહાલા! વિદાય દો! તમારાજ ખોળામાં, તમારાજ પ્રેમસુખમાં હું મરીશ અને પાછી સ્વર્ગ-માં તમનેજ મળીશ." બાદશાહ મુમતાજમહાલનાં આ કરુણા-જનક વચનો સાંભળી ધીરજ છોડી દઇને રોવા લાગ્યો. મુમ-તાજમહાલ ધરાઇને પતિને જોતી જોતી બેભાન થઇ ગઇ. થોડી વાર પછી ભાન આવ્યું; એની એ પ્રેમવાર્તાની અંતિમ વિનતિ કરતાં કરતાં એનો કંઠ રૂંધાઇ ગયો, આંખો મિચાઇ ગઇ અને પ્રાણ બહાર નીકળી ગયો! બાદશાહનું માથું ભમવા લાગ્યું. જીવનની ઉત્તમમાં ઉત્તમ સહચરીને આમ એકાએક ખોઇ બેસવાથી એ વ્યાકુળ થઇને છાતીફાટ રુદન કરવા લાગ્યો. આ શોકજનક બનાવથી શહેનશાહના હૃદયમાં એવો ઊંડો ઘા લાગ્યો હતો કે, બે વર્ષ સુધી એણે કોઇની સાથે મેળાપ ન કર્યો.

મુમતાજના પ્રેમમાં બાદશાહ ડૂબી ગયેલો હતો. બુરહાન-પુરથી તેના શબને આગ્રા આણવામાં આવ્યું. બેગમની મૃત્યુ સમયની ઇચ્છા બાદશાહે અક્ષરે અક્ષર પૂરી કરી.

આગ્રા શહેરમાં સુંદરી મુમતાજમહાલની સમાધિ છે. ભાર-તેશ્વર શહેનશાહ શાહજહાને પોતાની પ્રિય રાણીની સમાધિ ઉપર એક એવો સુંદર મહેલ બનાવ્યો છે કે, જે સૌંદર્ય અને શિલ્પ–નૈપુણ્યને માટે આખી પૃથ્વીમાં અદ્વિતીય છે. પતિવ્રતા બેગમ મુમતાજમહાલના નામ ઉપરથી એ સમાધિનું નામ 'મુમ-તાજમહાલ' પાડવામાં આવ્યું. આજકાલ તાજમહાલના નામથી

એ સ્થાન જગપ્રસિદ્ધ થયું છે.

મુમતાજમહાલને આઠ પુત્ર અને છ કન્યા જન્મ્યાં હતાં, પણ એના મૃત્યુ સમયે સાત પુત્ર અને એક કન્યા જીવતાં હતાં.

મુમતાજમહાલનું સ્મારક–ચિહ્ન ‘ તાજમહાલ ’ યમુનાના કિનારા ઉપર છે. યમુના નદીને કિનારે ઊભા રહી તેનું અસીમ સૌંદર્ય નિહાળતાં મુગ્ધ થઈ જવાય છે. તાજમહાલ આંખને ખુશ કરે તથા ચિત્તને વિનોદ આપે એવા કિંમતી પથ્થરોનો અને રત્નોનો બનાવેલો છે. રત્નોથી એ એવો સુશોભિત હતો કે અંધારી રાતમાં પણ મહેલ દિવસની માફક ઝગઝગી રહેતો હતો; પણ દિલગીરીની વાત એ છે કે, એ બધાં રત્નો લૂંટાઇ ગયાં છે અને તેને બદલે સામાન્ય પથ્થર ગોઠવવા પડ્યા છે.

બાદશાહે એ મહેલ બંધાવવામાં પાણીની માફક પૈસો વાપર્યો છે. અરબસ્તાન, બગદાદ, મિસર, સિંહલદ્વીપ, કુમાયુન વગેરે દૂર દૂરના દેશોમાંથી એને માટે કિંમતી સામગ્રી મંગાવામાં આવી હતી. બબ્બે હજાર રૂપિયાના માસિક પગારના કેટલાએ કારીગરો એમાં કામે લાગ્યા હતા.

તાજમહાલ બાંધવામાં ચાર કરોડ, અગિયાર લાખ, અડતાળીસ હજાર, આઠસો છવીસ રૂપિયાનું ખર્ચ થયું હતું. તે ઉપરાંત મણિમુક્તા ખરીદવામાં કેટલાએ કરોડ લાગ્યા હશે, તેની તો ગણતરીજ શી ? દરરોજ બાવીસ હજાર કારીગરો કામ કરતા હતા.

ખરેખર ! તાજમહાલ દુનિયાના સાત મહાન આશ્ચર્યોમાંનું એક આશ્ચર્ય છે. જેટલા દિવસ ભારતભૂમિના વક્ષ:સ્થળ ઉપર તાજમહાલ બિરાજે છે, તેટલા દિવસ શાહજહાન અને તેની બેગમ મુમતાજમહાલના અખંડ પ્રેમ, એકનિષ્ઠા અને દાંપત્યધર્મની પુનિત ગાથા જીવંત રહેશે. તાજમહાલ એ પવિત્ર પ્રેમનો મહાન સ્મારક સ્થંભ છે.

મુમતાજમહાલે ફારસી ભાષામાં ઘણી કવિતાઓ લખી છે.

સમ્રાજ્ઞી મુમતાજમહાલનો સંબંધ આપણા અમદાવાદ સાથે પણ રહ્યો છે. કવિશ્રી નાનાલાલના શબ્દોમાં કહીએ તો, “ મુમતાજમહાલની પ્રેમસમાધિ ને મૃત્યુવાસ યમુનાતીરે મંડાયા તે પૂર્વે મુમતાજના રંગમહેલ અને સંસારવાસ સાબરમતી તીરે મંડાયા હતા. ”

२२३-सती उन्-निसा

આ મુસલમાન રમણીના જીવનચરિત્રમાં દિલ્હીના બાદશાહોના અંતઃપુરનું એક ચિત્ર જણાઇ આવે છે. તે ઉપરાંત એ સમયની એક શિક્ષિત ઇરાની મહિલાનું વૃત્તાંત પણ આપણે જાણી શકીએ છીએ. તે સાથે માતાના હૃદયનો સ્નેહ અને શોકનું એક અપૂર્વ દશ્ય પણ આપણા ચક્ષુની સન્મુખ ખડું થાય છે.

મુસલમાનોમાં ઇરાનના વતનીઓ જેવી બુદ્ધિમાન અને સુસભ્ય પ્રજા બીજી કોઇ નથી. યૂરોપમાં જે પ્રમાણે ફ્રેંચ લોકો શિલ્પકળા અને સભ્યતામાં સર્વશ્રેષ્ઠ છે, તે પ્રમાણે એશિયા ખંડમાં ઇરાનના વતનીઓ એ બાબતમાં વિશેષ નિપુણ છે. ભારતવર્ષના મુસલમાન બાદશાહોના અનેક પ્રખ્યાત અને કાર્યદક્ષ મંત્રીઓ, સેનાપતિઓ અને સૂબાઓ ઇરાનના વતની હતા. એ અમલદારોમાં મહમદ ગાઉયાન (બ્રાહ્મણી વંશના સુલતાનોનો વઝીર) મિર જુમલા (ઔરંગઝેબનો પ્રધાન સહાયક), આલિમદાનિખાં (દિલ્હીની નદીની નહેરનો ઇજનેર) વગેરે કેટલાકનાં નામ વિશેષ પ્રસિદ્ધ છે.

સતી ઉન્-નિસા (અર્થાત્ કે રમણીઓમાં શ્રેષ્ઠ) ઇરાનના માજંદ્રાન પ્રદેશના એક સદ્‌ગૃહસ્થની કન્યા હતી. તેના પિતા અને સાસરાનાં કુળ ખાસ કરીને વિદ્યા અને સભ્યતાને માટે પ્રસિદ્ધ હતાં. તેનો ભાઇ તાલબાઇઆમ એ સમયનો પ્રખ્યાત કવિ અને લેખક હતો તથા બાદશાહ જહાંગીરની રાજસભામાં તેને ‘કવિરાજ’ની ઉપાધિ મળી હતી. એ ઇરાની કુટુંબના ઘણા પુરુષો ભારતમાં આવીને નોકરી કરતા હતા, તો કેટલાક ઇરાનમાંજ રહેતા હતા. સતી ઉન્-નિસા પણ એ પ્રમાણે ભારતવર્ષમાં આવી હતી. યુવાવસ્થામાંજ તે વિધવા થઇ હતી. વિધવા થયા

પછી બાદશાહ શાહજહાનની માનીતી બેગમ મુમતાજમહાલના મહેલમાં તે ઘરધંધાનાં સાધારણ કામ કરવા રહી હતી, પણ પોતાની કાર્યદક્ષતા, બોલવાની છટા તથા ચિકિત્સાવિદ્યા અને સદાચરણને પ્રતાપે ઘણી જલદીથી બીજી બધી દાસીઓનો હક્ક ડુબાવીને ઘણે ઊંચે દરજ્જે ચડી ગઇ હતી. થોડાજ સમયમાં તેણે બેગમ મુમતાજમહાલની મુખ્ય સલાહકાર તરીકેનું પદ મેળવ્યું હતું. બેગમનો તેના ઉપર એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કે, તેણે પોતાના નામની મહોર તેનેજ સોંપી રાખી હતી.

સતી ઉન્-નિસાનું ઉચ્ચારણ શુદ્ધ હતું. એ અરબી કુરાને-શરીફ અને ફારસી કવિતાઓ તથા ગદ્યનાં સારાં પુસ્તકો સ્પષ્ટ રીતે વાંચી શકતી. તેની આ વિદ્યાભિરુચિને લીધે તે બાદશાહની મોટી શાહજાદી જહાનઆરાની શિક્ષિકા નિમાઇ હતી અને થોડા દિવસોમાં તેણે શાહજાદીને કુરાન વાંચતાં તથા ફારસી લખતાં શીખવ્યું હતું. જે સદ્‌ગુણી સ્ત્રીઓને ભરણપોષણના સાંસા પડતા તથા જે કુમારિકાઓ પૈસાની તંગીને લીધે લગ્ન કરી શકતી નાહ તેમની મદદને સારૂ સતી ઉન્-નિસા દરરોજ બેગમ સાહેબને વિનતિ કરતી. સાંજે બાદશાહ જ્યારે અંતઃપુરમાં પધારતા, ત્યારે એ બાદશાહને કાને બધી વાત નાખતી અને બાદશાહ શાહજહાં એ ગરીબ નિરાશ્રિતોને મદદ કરવાનો હુકમ આપતો. આ પ્રમાણે દરરોજ કેટલાએ રૂપિયાનું દાન થતું. કોઈને જાગીર અપાતી, કોઇને રોજની વૃત્તિ બાંધી આપવામાં આવતી અને કોઇને એક-સામટી મોટી રકમ આપવામાં આવતી. કુમારિકાઓના લગ્નનું બધું ખર્ચ અપાતું તથા તેમને અલંકારોની બક્ષિસ મળતી. આ પ્રમાણે સતી ઉન્-નિસાની સૂચનાથી, બેગમ મુમતાજમહાલને હાથે કેટલાએ ગરીબોનું દારિદ્રય જતું રહેતું.

બેગમ મુમતાજમહાલનું મૃત્યુ થયા પછી તેનું શબ આગ્રાના જગપ્રસિદ્ધ તાજમહાલમાં લઇ જવામાં આવ્યું, તે વખતે સતી ઉન્-નિસા શબની સાથે સાથે ગઈ હતી. બાદશાહ શાહજહાન ઘણો પ્રેમાળ પતિ હતો. દિલ્હીના સામ્રાજ્યનો અધિપતિ હોવા છતાં તથા મુસલમાન ધર્મમાં ઘણી બેગમો કરવાનો રિવાજ હોવા છતાં પણ તેણે મુમતાજમહાલના મૃત્યુ પછી ફરીથી લગ્ન કર્યું નહિ. પત્નીના મૃત્યુ પછી ૩૫ વર્ષ સુધી બાદશાહ જીવતો રહ્યો, પણ એ લાંબો સમય એણે રાતદિવસ પ્રેયસીનું સ્મરણ

કરવામાંજ ગાળ્યો. તેના હૃદયમાંથી મુમતાજમહાલની સ્મૃતિ કદી ઝાંખી પડી નહિ. એ અરસામાં તેના ઘરસંસારનો બધો કારભાર શાહજાદી જહાનઆરા ઉપર આવી પડયો હતો. રાજ-કુટુંબમાં વિવાહ વગેરે શુભ પ્રસંગોએ બધી વ્યવસ્થા એનેજ કરવી પડતી. રાજવંશી તથા આગેવાન સરદારોની સ્ત્રીઓને નિમંત્રણ કરીને જમાડવા કરવા તથા બીજો શિષ્ટાચાર સાચવવો, એ બધું કામ તેને માથે આવી પડયું હતું. જહાનઆરા હજુ કોમળ વયની હતી; તેનાં બધાં જવાબદારીનાં કામોમાં તેની શિક્ષિકા સતી ઉન્‌-નિસાજ તેને સલાહ તથા મદદ આપતી. રાજકુમારીની મુખ્ય સલાહકાર એજ હતી અને રાજકુમારીની મહોર પણ એનીજ પાસે રહેતી. પરિણામમાં આધેડ વયની દાસી રાજકુટુંબનાં બાળકોની માતારૂપ થઇ પડી.

રાજકુમારોના વિવાહ પ્રસંગે સતી ઉન્‌-નિસા બધી દાસી-ઓની ઉપરી તરીકે કામ કરતી. વરપક્ષ તરફની બક્ષિસો વગેરે રાજમહેલમાંથી લઈ જઇને કન્યાપક્ષને પહોંચાડવાની ફરજ તેના ઉપરજ આવી પડતી. આના બદલામાં એને કિંમતી બક્ષિસો પણ મળતી. બેગમ મુમતાજમહાલે પોતાની જિંદગીમાં છોકરાં-ઓના લગ્ન પ્રસંગને માટે મહામૂલ્યવાન અલંકારો તથા વસ્ત્રા-ભૂષણો તૈયાર કરાવીને સંગ્રહી રાખ્યાં હતાં. ત્યાર પછી જહાન-આરાએ પણ અનેક અલંકારો નવા ઘડાવ્યા હતા. એમાંથીજ વરકન્યાના પોશાક, રાજપરિવાર તથા અમીર-ઉમરાવને બક્ષિસ વગેરે વહેંચવામાં આવતું.

શાહજહાનના મોટા દીકરા દારા શિકોહના લગ્ન પ્રસંગે સોળ લાખ રૂપિયાની વસ્તુઓ વહેંચવામાં આવી હતી. સાત લાખ મણિમુક્તા, એક લાખ નગદ રૂપિયા, ચાર લાખની ચાંદી, સોનાના અલંકાર તથા બાકીના ચાર લાખ હાથી, ઘોડા, પોશાક વગેરે કિંમતી સરપાવમાં ખર્ચ થયા હતા. જહાનઆરાના હુકમથી સતી ઉન્‌-નિસાએ એ બધી સામગ્રી આગ્રાના કિલ્લા-માંના વિશાળ ચોગાનમાં ગોઠવી હતી. રાત્રે ચારે તરફ રોશની કરવામાં આવતી. એ પ્રકાશમાં જાણે કોઇ કિંમતી વસ્તુનું પ્રદ-ર્શન ભરાયું હોય, એવો ભાસ થતો. પ્રજાજનોને વિવાહની એ બધી સામગ્રી જોઈ જવાની પરવાનગી હતી. ખુદ બાદશાહ સલામત પણ એ સંગ્રહ જોવા પધાર્યા હતા. એજ પ્રમાણે શાહ-

જહાનના બીજા પુત્ર સૂજાના વિવાહપ્રસંગે દશ લાખ રૂપિયાની વસ્તુઓ વહેંચવામાં આવી હતી. એ બધા પ્રસંગોમાં સતી ઉન્-નિસાની કાર્યકુશળતા, પ્રબંધ કરવાની શક્તિ તથા કળાનૈપુણ્યનો સારો પરિચય મળી આવ્યો. તેની મહેનત અને બુદ્ધિને લીધેજ બાદશાહને ત્યાં એ બધા પ્રસંગો ધામધૂમથી પસાર થયા.

સતી ઉન્-નિસા કેવળ શાહજાદીની સલાહકારજ નહોતી. બાદશાહના અંતઃપુરની સંભાળ રાખવાનું તથા બાદશાહના આહાર સમયે ભોજન પીરસવાનું અથવા પાસે રહીને પિરસાવવાનું કામ પણ તેને માથે હતું. એ ઉપરથી વાચક બહેનોને જણાઇ આવશે કે, એ સન્નારી ઉપર હિંદુસ્તાનના બાદશાહને કેટલો બધો વિશ્વાસ હતો.

સતી ઉન્-નિસાને કાંઇ સંતાન નહોતું, એટલા સારૂ એણે પોતાના સ્વર્ગસ્થ ભાઈની બે કન્યાઓને દત્તક લીધી હતી. એ વિધવાના હૃદયનો બધો સ્નેહ એ બે બાલિકાઓ ઉપર હતો. તેમાંયે નાની છોકરી તો તેના ગળાનો હાર હતી. ઈરાનથી હકીમ જિયાઉદ્દીન નામના પોતાના દિયરના એક પુત્રને હિંદુસ્તાન બોલાવીને તેની સાથે એ કન્યાનું લગ્ન કર્યું હતું અને બાદશાહને વિનતિ કરીને, તેને મોગલ દરબારમાં એક સારી નોકરી અપાવીને ઘરજમાઇ કરી લીધો હતો. ઇ. સ. ૧૬૪૭ની ૧૩ મી જાન્યુઆરીએ તેના આટલા બધા પ્રેમનું પાત્ર-એ કન્યા સુવાવડના રોગમાં મરણ પામી. આ વખતે તેના શોકનો પાર રહ્યો નહિ. ઘણી જ્ઞાની અને વિદુષી હોવા છતાં પણ આ પ્રસંગે સતી ઉન્-નિસાનું ધૈર્ય રહ્યું નહિ. અગિયાર દિવસ સુધી એ પોતાના ઘરમાં ગાંડા જેવી થઇને શોકગ્રસ્ત દશામાં પડી રહી.

શાહજહાન ઘણોજ દયાળુ બાદશાહ હતો. સ્ત્રી, પુત્ર, નોકરચાકર બધાંના ઉપર તેનો બેહદ પ્રેમ હતો. બાર દિવસ પછી તેણે સતી ઉન્-નિસાને પોતાના મહેલમાં બોલાવી મંગાવી. કન્યા જહાનઆરાને સાથે લઇને, પોતે તેની પથારી આગળ ગયો અને એ દુઃખી સ્ત્રીને બે જણાંએ ઘણોએ દિલાસો આપીને રાતદિવસ મહેલમાંજ રહેવાનો આગ્રહ કર્યો.

બીજે દિવસે બાદશાહ શિકાર રમવા ગયો, ત્યારે સતી ઉન્-નિસા કોઇ કાર્ય પ્રસંગે પોતાને ઘેર ગઇ. સાંજે વાળુ કરીને,

એ વખત નિમાજ પઢીને એ કુરાને શરીફ વાંચવા મંડી. રાતના આઠ વાગ્યે એકાએક તે કહેવા લાગીઃ "મારો દમ ઘૂંટાય છે–" તેની તબિયત એકદમ બગડતીજ ગઈ. તેના સગા મસિ ઉજ્જમાન નામના એક ઇરાની હકીમને તાબડતોબ બોલાવવામાં આવ્યો. એ ઘરમાં પેઠો એટલે સતી ઉન્-નિસા તેને સલામ કરીને એકદમ બેહોશ થઈ ગઇ. હકીમે તપાસ્યું તો એ વખતે નાડી ચાલી રહી હતી. થોડી વાર પછી મૂર્ચ્છા વળી અને ભાન આવ્યું, ત્યારે દવા આપવામાં આવી. પાછી નાડી નરમ પડી અને અંતનો સમય નજદીક આવ્યો છે, એમ બધાની ખાતરી થઈ. થોડા સમયમાંજ તેનું મૃત્યુ થયું. પોતાની લાડકી પુત્રીના મૃત્યુ પછી એક પખવાડિયાની અંદરજ સ્નેહમયી માતા પણ તેને મળવા સ્વર્ગમાં સિધાવી.

બીજે દિવસે તેના મૃત્યુના સમાચાર બાદશાહને પહોંચાડવામાં આવ્યા. તેણે પોતાના એક મોટા અમલદારને હુકમ આપ્યો કે, "ઘણા સન્માનપૂર્વક સતી ઉન્-નિસાના શબને દફનાવવું." તેના અંતિમ સંસ્કારને માટે રાજ્યના ખજાનામાંથી દશ હજાર રૂપિયા આપવામાં આવ્યા. એક વર્ષ પછી તેની લાશ લાહોરથી આગ્રા લાવવામાં આવી અને સુપ્રસિદ્ધ તાજમહાલની બહારના આંગણામાં પશ્ચિમ દિશામાં તેની ઘોર ખોદવામાં આવી. ત્રીસ હજાર રૂપિયા ખર્ચીને બાદશાહે તેના ઉપર સમાધિ બંધાવી. એ આજ સુધી મોજૂદ છે.

આ પ્રમાણે સ્વામીભક્ત, પ્રમાણિક દાસી સતી ઉન્-નિસાના શબને પણ પોતાની શેઠાણીના શબની પાસે સ્થાન મળ્યું.

સેવકને માટે, સાંસારિક દૃષ્ટિએ આથી વધારે માન શું મળી શકે ? તેની વફાદારીની યોગ્ય કદર થઇ.*

---

* સુપ્રસિદ્ધ બંગાળી લેખક પ્રોફેસર યદુનાથ સરકારના બંગાળી લેખને આધારે આ ચરિત્ર લખાયું છે. —પ્રયોજક

२२४-ऐज़ाज़ुन्निसा

એ મોગલવંશના સુપ્રસિદ્ધ બાદશાહ શાહજહાંની બેગમ હતી. તેને અકબરાબાદી પણ કહેતા. એ ઘણી ઇશ્વરભક્ત અને ધર્મપરાયણ હતી. તેણે દિલ્હીમાં એક ઘણી મોટી મસ્જિદ બંધાવી હતી. એ મસ્જિદ આજ પણ ફૈઝા બઝારમાં દીઠામાં આવે છે. એના નામ ઉપરથી એનું નામ અકબરાબાદી મસ્જિદ પડ્યું છે. એ મસ્જિદને ઐઝાઝુન્નિસાએ દોઢ લાખ રૂપિયા ખરચીને હિજરી સન ૧૦૬૦ ના રમઝાન મહિનામાં બંધાવી હતી. એ મકાન બંધાઈને તૈયાર થતાં બે વર્ષનો સમય લાગ્યો હતો. એ મસ્જિદનું ખર્ચ નિભાવવા માટે, તેણે એ મસ્જિદની સાથે સારી વાર્ષિક આવકવાળી જાગીર દાનમાં આપી હતી અને એ જાગીરની આવકમાંથી એ મસ્જિદની અને હમામખાનાની મરામત કરવાની તથા વિદ્વાનો અને વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ આપવાની સૂચના તે કરી ગઇ હતી.

२२५-गुलशन (बीजी)

એ શાહજહાં બાદશાહના સમયની એક કવયિત્રી હતી. તે દિલ્હીમાં રહેતી હતી. તેણે પોતાની કવિતાનો એક દીવાન પોતાને હાથે લખીને તૈયાર કર્યો હતો. તે દીવાન અલ્હાબાદ નિવાસી સૈયદ ગુલામખાંની પાસે મોજૂદ હતો, પણ ૧૮૫૭ ના બળવામાં ખોવાઈ ગયો.

२२६-जहान-जेब-बानु

એ બાદશાહ શાહજહાનના જ્યેષ્ઠ પુત્ર દારા શિકોહની કન્યા હતી. એનું લાડનું નામ જાના બેગમ હતું. દારા શિકોહ પોતે વિદ્વાન હતો, એટલે કન્યાને પણ સારૂં શિક્ષણ આપી વિદ્યારસિક બનાવી હતી. જહાન-આરાની એના ઉપર વિશેષ પ્રીતિ હતી. ઔરંગઝેબના ત્રીજા પુત્ર મહમદ આઝિમની સાથે એ અનુપમ સુંદરીનું લગ્ન ઇ. સ. ૧૬૬૯ ના જાન્યુઆરીમાં થયું હતું. જહાન-આરાએ કન્યાદાન કર્યું હતું. ફોઇ જહાન-આરાને જહાન-જેબ બાનુ આદર્શ સ્ત્રી માનતી અને તેના સદ્ગુણોનું અનુકરણ કરવા સદા તત્પર રહેતી. જાના કેવળ વિદ્યામાં શ્રેષ્ઠ હતી એમ નહિ, પણ રણભૂમિમાં સાહસ અને શૌર્ય બતાવીને તેણે લોકોને આશ્ચર્યચકિત કર્યા હતા. ઇતિહાસલેખકોએ તેના એ ગુણને ખાસ પ્રયત્નપૂર્વક નોંધ્યો છે. ઇ. સ. ૧૬૮૪ માં શાહજાદા આઝિમે વિજાપુરને ઘેરો ઘાલવાનો પ્રયાસ કર્યો, ત્યારે એના દુર્દશામાં આવી પડેલા સૈનિકોને ખોરાકના અભાવને લીધે નિરાશાએ ઘેરી લીધા હતા. એક પણ સિપાઇ આગળ વધવા નહોતો માગતો. જાના (જહાન-જેમ બાનુ) એ વખતે પતિની સાથે સમરાંગણમાં હતી. તે જાતે શસ્ત્ર લઇને હાથી ઉપર સવાર થઇ ન હોત, તો શાહજાદાનો પ્રયત્ન નિષ્ફળ જાત અને વીલે મોંએ તેને પાછા ફરવું પડત; પરંતુ આ વીરાંગના જ્યારે ધનુષ્ય, બાણ, તલવાર લઇને વીર વેશ સજીને આગળ આવી, ત્યારે તેનો આત્મત્યાગ જોઇને, નિરાશ થયેલા સૈનિકોમાં પણ નવીન ઉત્સાહ આવ્યો અને તેઓ આગળ વધ્યા.

અણીને વખતે આવી વીરતા અને સમયસૂચકતા દર્શાવનારી મોગલ મહિલાને ધન્ય છે.

૨૨૭–जहानआरा

આ રમણી દિલ્હીના પ્રસિદ્ધ મોગલ બાદશાહ શાહજહાનની કન્યા હતી. જે સન્નારીના સ્મરણમાં દુનિયાનાં સાત મહા આશ્ચર્યોમાંનું એક આશ્ચર્ય ગણાતા તાજમહાલની ભવ્ય ઇમારત બાંધવામાં આવી છે, તે સન્નારી મુમતાજમહાલના ગર્ભમાં એનો જન્મ થયો હતો. મુમતાજમહાલ શાહજહાનની સૌથી પ્રિય બેગમ હોવાથી, જહાનઆરા ઉપર શાહજહાનનો અત્યંત પ્રેમ હતો. તે એટલી બધી સૌંદર્યવાન હતી કે, તેનું નામ જહાનઆરા-જગતનો અલંકાર પાડવામાં આવ્યું તે યોગ્યજ હતું.

બાલ્યાવસ્થામાં એ બાળાના શિક્ષણનો સારો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. મુમતાજમહાલે પોતાની છોકરીઓના શિક્ષણ સારૂ સતી ઉન્નિસા નામની એક કુલીન અને પુણ્યવતી મહિલાને નીમી હતી. એ ઉપરાંત સારી સોબતમાંજ જહાન-આરા ઊછરે અને ઊંચા પ્રકારના ગુણો એનામાં ખીલે તેનો પ્રબંધ એનાં રાજવંશી માતપિતાએ કર્યો હતો. સતી ઉન્નિસાની ખંતથી થોડા સમયમાંજ જહાનઆરા કુરાનનો પાઠ શીખી ગઇ હતી. તેના ફારસી હસ્તાક્ષર ઘણાજ સુંદર હતા.

નૂરજહાન બેગમ જહાનઆરાની માતાની ફોઇ થતી હતી. જહાનઆરાના શૈશવકાળમાં નૂરજહાનની પૂર્ણ સત્તા મહેલમાં હતી અને અંતઃપુરની બધી મહિલાઓ ઉપર નૂરજહાનનાં સૌજન્ય, રાજનીતિકુશળતા, વાતચીતમાં પ્રવીણતા, વિદ્યાપ્રેમ આદિ ગુણોની શુભ અસર થઇ હતી. જહાનઆરા પણ એવા ઉચ્ચ વાતાવરણમાં ઊછરી હતી.

જહાનઆરાએ આખી જિંદગી સુધી લગ્ન કર્યું નહોતું. જીવનપર્યંત તે કુમારીજ રહી હતી.

મોગલ વિદુષીઓમાં જહાનઆરાનું સ્થાન ઘણું ઊંચું છે. ધર્મતત્ત્વની ચર્ચા કરવાનો એને ઘણો શોખ હતો. સુફી સંપ્રદાય તરફ તેની ઘણી રુચિ હતી અને તત્ત્વદર્શનની વાતો કરવાનું તે પસંદ કરતી. કુરાનનો એનો અભ્યાસ ઘણો સંગીન હતો. એણે રચેલા નિબંધોમાં કુરાનનાં વચનો ઠેકાણે ઠેકાણે ઉતારવામાં આવ્યાં છે. જહાનઆરાએ ધર્મ સંબંધી ગ્રંથ પણ રચ્યા છે; એમાં 'મુનિસ–ઉલ્–આરવા' નામનો એક ગ્રંથ પ્રસિદ્ધ છે. એ ગ્રંથમાં અજમેરના સુપ્રસિદ્ધ સાધુ મોઇનુદ્દીન ચિસ્તી અને તેના કેટલાક શિષ્યોનાં જીવનચરિત્ર લખવામાં આવ્યાં છે. એ ગ્રંથ અનેક પ્રાચીન ગ્રંથોને આધારે લખવામાં આવ્યો છે. એ ચિત્ત-ગ્રાહી ગ્રંથ ઉપરથી તેની તીક્ષ્ણ બુદ્ધિ, શુદ્ધ રુચિ અને વિદ્વત્તા-નો પરિચય મળી આવે છે. એ ગ્રંથમાં એનો ઊંડો ધર્મભાવ અને ઉચ્ચ વિચાર ઘણી જગ્યાએ જણાઈ આવે છે. એની લખવા-ની શૈલી ગંભીર છે.

એના સમયના ફારસી લેખકોમાં સાધારણ દોષ એ દીઠામાં આવે છે કે એમના ગ્રંથોમાં વગર જરૂરની ઉપમાઓ અને અલં-કારો ઠાંસી ઠાંસીને ભરેલા હોય છે. જહાનઆરાની રચના એ દોષથી મુક્ત છે. ઔરંગઝેબને જહાનઆરાએ લખેલા પત્ર ઉપરથી પણ એની રચનાની સરળતા અને સુંદરતા જણાઈ આવે છે. એણે ઔરંગઝેબને લખેલા પત્રો 'જાફરનામા–ઇ–આલમગીરી' અને 'અમલ–ઇ–સાલિહ' ગ્રંથોમાં જળવાઇ રહ્યા છે. પત્રનો વિષય પણ એના ગૌરવમાં વધારો કરે એવોજ છે. પિતા જીવતો હોવા છતાં ઔરંગઝેબ રાજસિંહાસન ઉપર પોતાની સત્તા જમાવવા સારૂ દક્ષિણમાંથી ચડાઇ લઇને આવ્યો ત્યારે જહાનઆરાએ તેને એવા અન્યાયી આચરણથી દૂર રહેવાની સલાહ આપી હતી. તેણે લખ્યું હતું: "આ વખતે કોઇ પણ પ્રકારે કોઇ પણ મનુષ્ય રાજ્યમાં અશાંતિ ઊભી કરે એ બાદશાહ સલામતને પસંદ નથી; કારણકે એમના મંદવાડને લીધે રાજકાજમાં જે શિથિલતા આવી ગઇ છે તેને દૂર કરવાને માટે એ પોતે હાલ પ્રયત્ન કરી રહ્યા છે.

"તમને હું લખું છું કે, આ ચડાઇ કરીને યુદ્ધનો અગ્નિ સળ-ગાવવાનીજ તમારા દિલની ઇચ્છા છે, તો તમારે વિચાર કરી જોવો જોઇએ કે, પિતાની વિરુદ્ધ યુદ્ધ કર્યાથી પરિણામમાં અપ-

કીર્તિ સિવાય કાંઈ ફળ તમને મળવાનું નથી. વળી દારા પ્રત્યે વૈર લેવું એજ જો તમારો અભિપ્રાય હોય તો એ પણ ન્યાયધર્મને અનુકૂળ નહિ ગણાય; કારણકે મોટો ભાઈ મુસલમાન ધર્મના કાયદા તથા ચાલતા આવેલા રીતરિવાજ મુજબ સદા પિતાને સ્થાને ગણાય છે. એટલા માટે તું મોટાભાઈની વિરુદ્ધ હથિયાર ઉપાડે એ વાતને હું અનુમોદન આપતી નથી. આપણે આ ફાની દુનિયામાં થોડા દિવસને સારૂજ આવ્યાં છીએ. મર્ત્યભૂમિના મોજશોખો આપણને નાના પ્રકારનાં ગેરવાજબી કાર્ય કરવા લલચાવે છે અને અનંત દુઃખમાં નાખે છે.

"આ કાર્યમાંથી તમારે વેગળા રહેવું વાજબી છે. તમારાથી બને તેટલી રીતે બાદશાહને સંતુષ્ટ કરવાને પ્રયત્ન કરો; કારણકે આ જગતમાં અને પરજગતમાં શુદ્ધ આનંદ મેળવવાનો એજ માત્ર એક ઉપાય છે. બાદશાહને ભગવાનના જેટલી ભક્તિ અને શ્રદ્ધાની નજરે જોજો."

સરમુરના રાજા બુધપ્રકાશને જહાનઆરાએ લખેલો એક પત્ર હાલમાં (ઈ૦ સ૦ ૧૮૧૧ ના એશિયાટિક સોસાયટી, બંગાલના ત્રિમાસિકમાં) પ્રકટ થયો છે. ગઢવાલના રાજા અને બીજા કેટલાક પહાડી સરદારો વિરુદ્ધ ફરિયાદ કરીને બુધપ્રકાશે બેગમને પત્ર લખ્યો હતો. બીજી તરફ સરમુર રાજ્યના શત્રુઓએ પણ રીતસર તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જહાનઆરાએ બન્ને પક્ષને સ્પષ્ટ જણાવી દીધું કે, "એવા કામમાં હું હાથ નાખનાર નથી. તમે એ બાબતમાં શહેનશાહને એક અરજી આપો." એ બધા પત્રો ઉપરથી જણાય છે કે રાજદ્વારી બાબતોમાં એની બુદ્ધિ ઊંડી અને વિચક્ષણ હતી. કેટલાક પ્રસંગે પ્રત્યક્ષરૂપે પણ એણે રાજકાજ ચલાવવામાં સહાયતા આપી હતી એવું જણાય છે. વિજાપુર અને ગોવલકોન્ડાના સુલતાનોએ બાદશાહની કૃપા મેળવવા સારૂ જહાનઆરાને જે પત્ર લખ્યો હતો તે હજુ સુધી જાળવી રાખવામાં આવ્યો છે. દક્ષિણના સૂબા તરીકે કામ કરતી વખતે મોટાભાઇ દારા શિકોહની, પોતાની સાથેના ખરાબ વ્યવહારથી ત્રાસ પામીને ઔરંગઝેબે પોતાના મનનું દુઃખ પિતાને જણાવવાની હિંમત ન કરતાં, તેના આશ્વાસનરૂપ મોટી બહેન જહાનઆરાનેજ પત્ર લખીને શાંતિ મેળવી હતી. એ પત્ર આજે પણ સુરક્ષિત છે.

જહાનઆરા ઉદાર હૃદયની દાનશીલ મહિલા હતી. તેણે મસ્જિદો તથા સાર્વજનિક ઉપયોગની ઇમારતો બાંધવામાં પુષ્કળ ખર્ચ કર્યું છે. સુંદર ઇમારતો બાંધવાનો અતિશય પ્રેમ અને સૌંદર્યરુચિનો જે પરિચય આપણને શાહજહાન બાદશાહમાં મળે છે, તે ગુણોનો મોટો વારસો જહાનઆરા બેગમને મળ્યો હતો. આગ્રાના કિલ્લાના દરવાજા આગળજ તેણે એક મોટી મસ્જિદ બંધાવી હતી. એ મસ્જિદ ઇ. સ. ૧૬૪૩માં બંધાવા માંડી હતી અને પાંચ વર્ષમાં સમાપ્ત થઇ હતી. તેની બાંધણીમાં પાંચ લાખ રૂપિયાનું ખર્ચ થયું હતું. એ મસ્જિદ કિલ્લાની ઘણી પાસે હોવાથી સરકારે ૧૮૫૭ ના બળવા પછી તેને રાજદ્વારી કારણોસર બંધ કરી હતી; પણ બીજે વર્ષે સર જોન લોરેન્સે તેનો દરવાજો સદાને માટે ઉઘાડો મૂકયો હતો. હવે પ્રવાસીઓ તેને સહેલાઈથી જોઇ શકે છે. દિલ્હીમાં રાજધાની સ્થપાયા પછી ત્યાં આવનાર આબરૂદાર અમલદારોના ઉતારા માટે જહાનઆરાએ એક મનોરમ અને વિશાળ સરાઇ બંધાવી હતી અને તેની વ્યવસ્થા પણ સારી રીતે કરી હતી. હાલમાં દિલ્હી ઇન્સ્ટીટયૂટ છે ત્યાં આગળજ એ સરાઇ હતી. અત્યારે તેનાં ચિહ્ન રહ્યાં નથી, પણ એ સ્થાન હજુ 'બેગમ સરાઇ'ના નામથી ઓળખાય છે અને જૂનો ઇતિહાસ તાજો કરે છે.

દિલ્હી, આગ્રા, અમ્બાલા અને કાશ્મીરમાં જહાનઆરાએ ઘણા સુંદર બગીચા બનાવ્યા હતા. કાશ્મીરનો બગીચો 'આચ-બલ' નામથી ઓળખાય છે.દિલ્હીમાં ચાંદની ચોકનો બાગ 'બેગમ બાગ' નામથી ઓળખાતો હતો. એ બન્ને બાગ જોવા લાયક છે.

આગ્રાના કિલ્લામાં સોનેરી રંગે રંગેલા, સંગેમરમરના ખાસ મહેલના દક્ષિણ ભાગમાં જહાનઆરાનો ઓરડો જોતાં-વારજ એના સૌંદર્યજ્ઞાનની પ્રશંસા કર્યા વિના રહેવાતું નથી. આગ્રાના કિલ્લાના અંદરના ભાગમાં દીવાને–ખાસની પાછળ જે ઓરડો છે, તેની ભીંતમાંનાં તાકાંઓ જહાનઆરાનાં પુસ્તકોથી સજાવવામાં આવતાં, એવી વાત આજ દિન સુધી ચાલતી આવે છે.

જગતના ઇતિહાસમાં જહાનઆરાની પિતૃભક્તિ ઉજ્જવલ-રૂપે લખાયલી છે. શાહજહાનનાં બધાં સંતાનોમાં પિતૃભક્ત કેવળ જહાનઆરાજ હતી, એમ કહીએ તો ચાલે. ઔરંગઝેબ પિતા-નો પ્રગટરૂપે શત્રુ બન્યો હતો. તેણે પિતાની વિરુદ્ધ બંડ મચાવ્યું

હતું, એ વખતે તેની બીજી બહેન રોશનઆરા પણ ભાઇની મદદે હતી. આ આપત્તિને સમયે જહાનઆરા પિતાની પાસેજ રહી હતી અને એને ઘણી મદદ આપી હતી. રાજ્યપ્રપંચમાં એ ઘણી કુશળ હતી. ઔરંગઝેબને પકડવા સારૂ તેણે એવી સરસ યુક્તિ રચી હતી કે, બીજો કોઇ કાચોપોચો હોત તો તે અવશ્ય ફસાઈ જાત. તેણે બાદશાહના નામથી ઔરંગઝેબને મહેલમાં આવવાનું આમંત્રણ મોકલ્યું. પોતાના મહેલમાં તેણે ઘણી બળવાન અને સશસ્ત્ર દાસીઓને સંતાડી રાખી હતી. એ દાસીઓને તેણે આજ્ઞા આપી હતી કે જે સમયે ઔરંગઝેબ મહેલમાં આવે તે સમયે તેને કેદ પકડવો. એ દાસીઓ એવી તો જબરજસ્ત હતી કે તેમના હાથમાં સપડાયા પછી છૂટવું ગમે તેવા પહેલવાનને માટે પણ અઘરૂં હતું. દુર્ભાગ્યે તેની એ યુક્તિ પાર ઊતરી નહિ. તેની પિતૃદ્રોહી બહેન રોશનઆરાએ બધી બાતમી ઔરંગઝેબને આપી દઇને તેને ચેતાવી દીધો.

આગળ એના પત્રો ઉપરથી આપણે જોઈ ગયા છીએ તેમ ઈ. સ. ૧૬૫૮માં એણે ઔરંગઝેબ અને મુરાદ બન્નેને પિતાનો વિરોધ કરતાં અટકાવવાને પુષ્કળ પ્રયત્ન કર્યો હતો; એટલુંજ નહિ પણ જ્યારે એમણે બંડ કર્યું ત્યારે એ પોતાના જીવને જોખમમાં નાખીને બળવાખોર ભાઇની છાવણીમાં ગઇ હતી અને સુલેહ કરવાની સૂચના કરી હતી. જ્યારે બન્ને ભાઇઓએ સુલેહની શરતોનો સ્વીકાર કરવાની ના કહી ત્યારે એક વડીલ બહેનને છાજે એવી રીતે એણે બંધુઓને સખ્ત ઠપકો દીધો હતો અને કહ્યું હતું કે, “તમે તમારો પુત્રધર્મ તજી દઇને વૃદ્ધ પિતાને દગો દેવા બેઠા છો, તો હું કદી સંતાન તરીકેના મારા પવિત્ર ધર્મને તિલાંજલિ આપનાર નથી. હું વૃદ્ધ પિતાની સેવા કરીનેજ મારૂં આયુષ્ય પૂરૂં કરીશ.” એણે પિતા અને ભાઇઓ વચ્ચે સમાધાન કરવાને સારૂ જે શરતો રજૂ કરી હતી તે નીચે પ્રમાણે હતી:—

“બાદશાહ સલામત સામ્રાજ્યના આ પ્રમાણે વિભાગ કરવા તૈયાર છે. દારાને પંજાબ અને તેની આસપાસનો પ્રદેશ, મુરાદને ગુજરાત, સૂજાને બંગાળ, મહમ્મદ સુલતાનને દક્ષિણ અને ઔરંગઝેબને બાકીનું સમસ્ત રાજ્ય આપવા માગે છે અને બુલંદે ‘ઇકબાલ’ની ઉપાધિ આપીને એનેજ ભવિષ્યનો ગાદીવારસ ઠરાવવાનો બાદશાહનો અભિલાષ છે.” પરંતુ ઔરંગઝેબે

બહાનાં કાઢીને એ વાજબી શરતોનો અસ્વીકારજ કર્યો હતો.

રોશનઆરાની સલાહથી ઓરંગઝેબે પિતાને એના આગ્રા ખાતેના મહેલમાં કેદ કર્યો તે વખતે એનો એક માત્ર દિલાસો જહાનઆરા હતી. એ દુઃખી બાદશાહને એ સન્નારીએ એક સાથે સાંત્વનાદાયી માતા અને સેવાપરાયણ દુહિતાની ગરજ સારી. ચિર કૌમારવ્રત–ધારિણી જહાનઆરાએ પોતાનાં સર્વ સુખોને તિલાંજલિ આપીને કેદી પિતાની અંતકાળ સુધી જે સેવા કરી હતી, તે જોઇને ગ્રીસની રાજકન્યા પિતૃભક્ત એન્ટિગનીનું સ્મરણ થઇ આવે છે. પ્રખ્યાત ફ્રેન્ચ કવિ લેકેંત હેલિલેએ એના સંબંધી એક પ્રશંસાનું કાવ્ય લખ્યું છે અને એનું નામ ' હિંદુ એન્ટિ-ગની ' છે. ભાઇઓની તરફથી નિરાશ થયેલી જહાનઆરા-એ શાહજહાનને ચડાવવાને બદલે ત્રણ વખત પિતાને એજ સલાહ આપી કે, " છોરૂ કછોરૂ થાય પણ માબાપ પોતાનો વાત્સલ્ય ભાવ ત્યજી દેતાં નથી. બાદશાહ સલામતે ઓરંગઝેબને ક્ષમા આપવી જોઇએ." ક્રોધે ભરાયલા પિતાએ બે વખત તો ક્ષમા આ-પવાને સાફ ના કહી હતી; પરંતુ ત્રીજી વખત જહાનઆરાની વિનતિ સફળ થઇ. મૃત્યુના થોડા સમય પહેલાં બાદશાહ શાહ-જહાને એક લખાણ કરીને અપરાધી ઓરંગઝેબને, તેણે પોતાની વિરુદ્ધ જે કાંઇ અનુચિત કૃત્યો કર્યાં હતાં તેની ઉદાર અંતઃ-કરણપૂર્વક ક્ષમા આપી હતી.

શાહજહાનના મૃત્યુ પછી ઔરંગઝેબ આગ્રા ગયો ત્યારે એણે જહાનઆરાને ઘણી મુલકાતો આપી, તેના પ્રત્યે ઘણી મમતા દર્શાવી અને સામ્રાજ્યમાં સૌથી પ્રથમ દરજ્જાની સન્નારી તરીકે માન આપીને એનો મરતબો વધાર્યો. રાજ્યના બધા ઉમરાવોને તેણે આજ્ઞા આપી કે, " આગ્રાના કિલ્લામાં એના મહેલ આગળ જઇ બહારથી સલામ ભરવી અને ખ્વાજા સરાઓની મારફતે નજરાણું રજૂ કરવું." પોતાના રાજ્યભિષેકને દિવસે (૨૭ માર્ચ ૧૬૬૬) બાદશાહે તેને ૧૪ લાખ રૂપિયા રોકડા ભેટ આપ્યા અને એના વર્ષાસનમાં વધારો કરીને સત્તર લાખ રૂપિયાનું કરી આપ્યું. આખી જિંદગી સુધી એનું એજ સન્માન કાયમ રહ્યું. ઇ૦ સ૦ ૧૬૬૬ ના ઑકટોબરમાં એ આગ્રાનો નિવાસ છોડીને દિલ્હી ગઇ; ત્યાં એને અલીમર્દનખાનનો ભવ્ય મહેલ રહેવા સારૂ આપવામાં આવ્યો. ઓરંગઝેબ ત્યાં આગળ વારંવાર જતો અને

સ્નેહાળ ભાઇની પેઠે કલાકોના કલાકો સુધી તેની સાથે વાર્તાલાપ કરતો. ઇ૦ સ૦ ૧૬૬૯ માં તેણે પોતાના એક મોટા અમલદાર દાનિશમંદખાનને આજ્ઞા આપી હતી કે, "તમારે દરરોજ જહાનઆરા બેગમની દેવડી ઉપર જઇને હાજરી ભરવી અને એ જે આજ્ઞા ફરમાવે તેનો તરતજ અમલ કરવો." જહાનઆરા ઘણી કુટુંબવત્સલ હતી. દારા શિકોહની પુત્રી જહાન જેબબાનુને જહાનઆરાએ પોતાની પુત્રી તરીકે ઉછેરી હતી. એનું લગ્ન જહાનઆરાના મહેલમાંજ, ઔરંગઝેબના ત્રીજા શાહજાદા મહમ્મદ આઝમ સાથે ઘણા ઠાઠપૂર્વક કરવામાં આવ્યું હતું. ભાગ્યહીન મુરાદની શાહજાદીઓને પણ દયાળુ ફોઇનાજ મહેલમાં શરણ મળ્યું હતું. ટૂંકાણમાં એ કે જહાનઆરા બેગમે પોતાની પાસેના અઢળક ધનનો ઉપયોગ સગાંઓને આશ્રય આપવામાં તથા પુણ્યદાનમાં કર્યો હતો. ઔરંગઝેબ ગાદીએ આવ્યા પછી આખા રાજ્યમાં જે સુખ, વૈભવ અને પ્રતિષ્ઠા જહાનઆરાએ ભોગવ્યાં છે, તેવાં કોઇએ ભોગવ્યાં નથી. મોગલો પરદેશથી આવ્યા છતાં હિંદુઓના રીતરિવાજની એમના ઉપર ઘણી અસર થઇ હતી. નૂરજહાન અને મુમતાજમહાલના દાખલા બાદ કરીએ તો મોગલોના અંતઃપુરમાં અધિષ્ઠાત્રી દેવી તરીકે બાદશાહની બેગમ નહોતી પૂજાતી; પૂર્વની સ્ત્રીઓની સાધારણ લજ્જા એને એ ગંભીર જવાબદારી માથે લેવામાં સંકોચ ઉત્પન્ન કરતી; તેથી વડીલ તરીકેનો અંતઃપુરનો બધો કારભાર બાદશાહની વિધવા માતા અથવા તે ન હોય તો મોટી બહેનના હાથમાં આવતો. ઔરંગઝેબની માતાનો સ્વર્ગવાસ પહેલેથી થઇ ચૂકેલો હોવાથી જહાનઆરાને વડીલ સ્ત્રીનું જોખમદારી ભર્યું પણ ગૌરવપૂર્ણ પદ પ્રાપ્ત થયું હતું. રાજકુટુંબનાં બાલકબાલિકાઓના લગ્નસંબંધ ગોઠવવા, તહેવારો અને શુભ અશુભ પ્રસંગોએ બધી વ્યવસ્થા કરવી, આખા રાજ્યની સ્ત્રીસમાજના આગેવાન બનવું એ બધું કામ જહાનઆરાનું હતું. શાહજહાન બાદશાહ તરફથી એને 'બેગમ સાહેબ'નો માન ભર્યો ઇલકાબ મળ્યો હતો; ૨૭ વર્ષ સુધી જહાનઆરાએ પૂર્ણ સુખ ભોગવ્યું હતું. ત્યાર પછી શાહજહાનના કારાવાસનાં આઠ વર્ષ એણે દુઃખમાં ગાળ્યાં; પણ ઔરંગઝેબે પાછી એની પ્રતિષ્ઠા વધારી તે અંતકાળ સુધી કાયમ રાખી.

જહાનઆરા કવિઓની મોટી પોષક હતી. વિદ્વાનોને એ છુટ્ટે હાથે ઇનામ આપતી. એક દિવસ શેખ મહમ્મદઅલી (માહિર) અકબરાબાદીએ તેની પ્રશંસામાં એક ફારસી પદ્ય રચીને સંભળાવ્યું. તેના બદલામાં તેને પાંચસો રૂપિયા આપ્યા હતા. એજ પ્રમાણે મિરઝા અહસન બેગ નામના કવિને એટલીજ રકમ ઇનામમાં આપી હતી. એક સમયે જહાનઆરા બેગમ પુષ્પવાટિકામાં બુરખો નાખીને ફરી રહી હતી, એવામાં એક જુવાન કવિએ તેને કટાક્ષરૂપે ફારસીમાં સુંદર કવિતા સંભળાવી. તેના અવિનયને માટે તો એ ગુસ્સે થઇ, પણ તેની કવિતા ઉપર ખુશ થઇને પાંચ હજાર રૂપિયા બક્ષિસ આપ્યા.

જહાનઆરા ઘણીજ શરમાળ અને મર્યાદાવાળી સ્ત્રી હતી. ઈ. સ. ૧૬૪૪માં એક રાતે મીણબત્તીના દીવાની ઝપટ લાગવાથી જહાનઆરાનાં વસ્ત્રમાં આગ લાગી. શરમની મારી તેણે કોઇને બૂમ પાડી નહિ. રખે તેનો સ્વર સાંભળીને કોઈ પુરુષ મદદે આવી ચઢે અને તેને નગ્નાવસ્થામાં જોઇ જાય એ બીકે તેણે ચૂં કે ચાં કર્યું નહિ. તેના શરીર ઉપર ફોલ્લા ઊઠી ગયા. "તે વખતે એની સાથે ચાર દાસીઓ હતી. તે કપડાં સળગતાં જોઇ તેના શરીરે વળગી પડી; પરંતુ આથી ઊલટું માત્ર તેમનાં લૂગડાં સળગ્યાં. આ અકસ્માતથી જહાનઆરા આખા શરીરે બળી ગઇ. આ જોઇ તેનો બાપ છેક વિહ્‌વળ બની ગયો. સ્ત્રી મરણ પામ્યા પછી આ મોટી પુત્રીજ તેની સર્વ વાતે સંભાળ રાખતી હતી. તેના આ મંદવાડમાં તે તેની પાસે સઘળો વખત બેસી રહેતો અને પોતાને હાથે તેના ઘા ધોઇને મલમ વગેરે લગાડતો, તેમજ જરૂરના કામ વગર તે તેને છોડીને જતો નહિ અને દરબારમાં પણ થોડીજ વાર બેસીને પાછો આવતો. મોટા મોટા નામાંકિત વૈદ્યો તેણે તેડાવ્યા હતા. દરરોજ મોટું દાન કરીને તેના આરોગ્યનું ચિંતન કરતો. રોજ રાતે એક હજારની થેલી તેના ઓશીકા નીચે મૂકીને તે સવારમાં ગરીબોને વહેંચી આપતો. તે સાજી થાય તે માટે ઘણા કેદીઓને તેણે બંદીખાનામાંથી છોડી મૂક્યા અને લોકો પાસેના લેણાની સાત લાખ રૂપિયાની બાકી માંડી વાળી. મધરાત સુધી તો પોતે પરમેશ્વરની પ્રાર્થના કરતો જાગતો બેસી રહેતો. આ મંદવાડ ચાર મહિના ચાલ્યો. ઘણે ભાગે તેની આશા મૂકવામાં આવી હતી અને તેની સાથે

દાઝેલી દાસીઓ પૈકી બે તો મરણ પામી હતી. ઈરાનના શાહનો એક કુશળ હકીમ પોતાના ધણીના ત્રાસથી કંટાળીને તેજ વખતે શાહજહાન પાસે આવેલો હોઇ તેના ઓસડથી ઘણો ફાયદો થયો. તેને સારી થતાં છ મહિના લાગ્યા.તારીખ ૨૫મી નવેમ્બરને રોજ તેને આરામ થવા માટે મોટો આનંદોત્સવ મનાવવામાં આવ્યો. બાપે છોકરીને દશ લાખ રૂપિયાની સંપતિ બક્ષિસ આપી અને બે લાખ રૂપિયાની ભિખારીઓને ખેરાત કરી.×

જહાનઆરાના આરોગ્ય સંબંધી બીજી એક કથા એવી છે કે, શાહજહાન બાદશાહને એ વાતની ખબર પડી એટલે એણે તરતજ સુરત શહેરમાંથી પ્રખ્યાત અંગ્રેજી ડૉકટર ગેબ્રિયલ બાઉટનને બોલાવી મંગાવ્યો. તેની દવા અને માવજતથી જહાન-આરાને આરામ થઇ ગયો; પરંતુ તેના દેહનું અપૂર્વ સૌંદર્ય એ દિવસથી ઘણું ઓછું થઇ ગયું. એ ડૉકટર ઉપર બાદશાહ ઘણો પ્રસન્ન થયો અને માગ્યું ઇનામ આપવાની ઇચ્છા દર્શાવી. ડૉકટર બાઉટન સ્વાર્થપરાયણ પુરુષ નહોતો. એ ખરેખરો સ્વદેશભક્ત હતો. એણે એવું ઇનામ માગ્યું કે જેને પરિણામે તેના સ્વદેશ-બંધુઓનો આ મહાન સામ્રાજ્યમાં મજબૂત પગપેસારો થયો. તેણે શાહજહાન પાસેથી માગી લીધું કે, "તમારા રાજ્યમાં અંગ્રેજ વેપારીઓને વગર સંકોચે વેપાર કરવાની પરવાનગી અપાવી જોઇએ." ઉદાર ચરિત બાદશાહે એ પ્રાર્થના માન્ય રાખી.

હિજરી સન ૧૦૯૨ ને ઇ. સ. ૧૬૮૨માં જહાનઆરા બે-ગમની જીવનયાત્રા સમાપ્ત થઇ અને તેની અંતિમ ઇચ્છા મુજબ નિઝામઉદ્દીન ઓલિયાની દરગાહમાં તેને દફનાવવામાં આવી. આજ પણ તેની કબર દિલ્હી શહેરમાં જોવામાં આવે છે. "જહા-નઆરાની કબર ઘણી સાદી છે. તેની ઇચ્છાનુસાર એક આરસનો પથ્થર અખંડ કોતરી કાઢીને તેની કબર ઉપર મૂકેલો છે અને ઉઘાડા ભાગ ઉપર ઘાસ ઊગેલું છે. તેની કબર ઉપર લખેલું છે કે, "ઈ. સ. ૧૬૮૨ નાશવંત ફકીર જહાનઆરા બેગમ, શાહજહાન-ની પુત્રી અને ચીસ્ત સાધુઓની શિષ્યા" માથા તરફ ઉત્તર બાજુ-એ એક સુંદર પથ્થર છે. તેના ઉપર શાહજાદીની લખેલી એક શેર કોતરવામાં આવી છે, જે તેના હૃદયની સાદાઈ અને નિરભિમાની-પણું અને સૂફીઓએ માનેલી જગતની અસારતા દર્શાવે છેઃ—

× જુઓ મુસલમાની રિયાસત ભાગ ૧ લો.

"લીલા ઘાસનેજ ફક્ત મારી કબરને છુપાવવા દેજો. ગરીબ માણસની કબરનું ઉત્તમ ઢાંકણુ ઘાસતરણુંજ છે."

આ જીવનચરિત્ર સમાપ્ત કરતાં જણાવવું જોઇએ કે દુનિયાના નિંદાખોર જીવો આ સન્નારીના પવિત્ર જીવનને પણ કલંક લગાડવાનું ચૂકયા નથી. પિતાની ખાતર પોતાનું જીવનસર્વસ્વ સમર્પણ કરનાર આ સાધ્વી સ્ત્રીને માથે એ દુષ્ટોએ એવો આરોપ મૂક્યો છે કે, તેને પોતાના પિતા સાથે આડો વ્યવહાર હતો, પણ તેમનો એ આરોપ માનવા લાયક નથી. બર્નિયર અને ટ્રેવર્નિયર નામના પ્રસિદ્ધ પ્રવાસીઓ પોતાના પ્રવાસવર્ણનમાં એ લોકવાયકાને પુષ્ટિ આપતા નથી; ઊલટું તેઓ સ્પષ્ટ કહે છે કે, એ રાજકન્યા સાધુજીવન ગાળતી હતી.

ઔરંગઝેબે એના મૃત્યુથી ત્રણ દિવસ સુધી શોક મનાવ્યો હતો અને આજ્ઞા પ્રગટ કરી હતી કે ભવિષ્યમાં બધા સરકારી કાગળોમાં એનો ઉલ્લેખ "સાહિબાત-ઉઝ્-ઝમાની" નામથી કરવો. એ ઉપરથી પણ એ અનુમાન થાય છે કે, ઔરંગઝેબ જેવા નીતિની બાબતમાં સખ્ત નિયમપાલનની આશા રાખનાર બાદશાહને પણ તેનું જીવન નિષ્કલંક લાગ્યું હશે.

૨૨૮–રોશનઆરા

એ શાહજહાન બાદશાહની સૌથી નાની પુત્રી હતી. એ ઘણી વિદ્વાન, ચતુર અને રાજપ્રપંચમાં કુશળ હતી. પોતાના ભાઈ ઔરંગઝેબ ઉપર તેની વિશેષ પ્રીતિ હતી. રાજગાદી પ્રાપ્ત કરવા સારૂ ઔરંગઝેબે જે જે પ્રયત્નો કર્યા તેમાં તેને રૌશનઆરાની પૂરતી મદદ કરતી. જહાનઆરા બેગમે જે વખતે કેટલીક હથિયારબંધ સ્ત્રીઓ મારફત છળ કરીને ઔરંગઝેબને પોતાના મહેલમાં બોલાવ્યો હતો તે સમયે દૂરઅંદેશી રૌશનઆરા બેગમેજ તેને એ કાવતરાની ખબર આપીને ચેતાવ્યો હતો.

ઇ. સ. ૧૭૫૯ માં ઔરંગઝેબનો રાજ્યાભિષેક થયો ત્યારે રૌશનઆરાના હર્ષનો પાર રહ્યો નહોતો. એને મનથી સોનાનો સૂર્ય ઊગ્યો હતો. ઔરંગઝેબે પણ બહેનના ઉપકારોનો પૂરતો


બદલો વાળ્યો હતો. રાજ્યાભિષેકને દિવસે તેને પાંચ લાખ રૂપિયા રોકડા ભેટમાં આપ્યા હતા. બાદશાહે આટલી મોટી રકમ પોતાની કોઇ પણ બહેન કે પુત્રીને આપી નહોતી. અનેક વર્ષો એ ઔરંગઝેબના વિશ્વાસ અને કૃપાને પાત્ર બની રહી હતી. એનાં બધાં સંતાનો તથા બેગમો ઉપર ઘણાં વર્ષો સુધી રોશનઆરાનું સામ્રાજ્ય ચાલતું હતું.

ઔરંગઝેબના મંદવાડ વખતે એની રજા સિવાય કોઇ મહેલમાં આવવા પામતું નહિ. ઉત્તરાવસ્થામાં એ કુમાર આઝમની પક્ષપાતી બની હતી અને પોતાની પાસેની રાજમહોરનો ઉપયોગ કરીને શાહજાદાના પક્ષપતી ઉમરાવોને રાજમહેલમાં બોલાવ્યા હતા. ઔરંગઝેબ આથી ઘણો ગુસ્સે થયો હતો અને બહેન ઉપર તેની પ્રીતિ ઓછી થઇ હતી.

રોશનઆરા સારી લેખક પણ હતી. દિલ્હીમાં તેનો બનાવેલો એક બાગ આજદિન સુધી “ રોશનઆરા બાગ ”ના નામથી ઓળખાય છે.

તેની ચાલચલગતની વિરુદ્ધ મુનશી નામનો ઇતિહાસ લેખક જે કાંઇ લખી ગયો છે, તેને એ સમયના બીજા પુરાવાથી પુષ્ટિ મળતી નથી અને તેથી શ્રીયુત જદુનાથ સરકાર જેવા પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા તેના ઉપર જરાયે વિશ્વાસ મૂકતા નથી. પ્રમાણરૂપ ઇતિહાસકાર લખે છે કે, એનામાં ઉચ્ચ પ્રકારના ગુણ હતા અને તેનો સ્વભાવ પ્રશંસનીય હતો. ઔરંગઝેબે તેના મૃત્યુ સમયે ઘણો શોક પ્રકટ કર્યો હતો, તેના આત્માની સદ્ગતિ અર્થે પુષ્કળ દાન કર્યું હતું અને તેનાં દાસદાસીઓ પ્રત્યે મમતા બતાવી હતી.

ઇ. સ. ૧૬૭૧ ની ૧૧ મી સપ્ટેંબરે ૫૬ વર્ષની વયે તેનું મૃત્યુ થયું હતું.



૨૨૧–ઝેબુન્નિસા બેગમ

મોગલવંશની સ્ત્રીઓ કેવી સુશિક્ષિત અને વિદ્યારસિક હતી તેનો કાંઇક ભાસ આગળનાં કેટલાંક ચરિત્રો ઉપરથી વાચક બહેનોને થઇ ચૂક્યો હશે. હવે અમે મોગલવંશના આભૂષણ રૂપ, પોતાની સુમધુર કવિતાથી ઇતિહાસમાં ચિરસ્મરણીય કીર્તિ મૂકી જનાર, રમણીરત્ન ઝેબ–ઉન્–નિસાનો થોડોઘણો પરિચય કરાવીશું. આ રાજકન્યા હિંદુસ્તાનના બાદશાહ ઔરંગઝેબ–આલમગીરની સૌથી મોટી પુત્રી હતી. તેનો જન્મ શાહ અનવરખાંની પુત્રી દિલરસબાનુ બેગમના ગર્ભમાં થયો હતો; એ શાહજાદીનું મૂળ નામ ઝૂબેદા બેગમ હતું; પરંતુ મોટી થયા પછી એ ઝેબ–ઉન્–નિસા–સ્ત્રીજાતિની શોભા–નામથી પ્રસિદ્ધ થઇ. એના જન્મ સમયે એના દાદા શાહજહાન જીવતા હતા અને એમણેજ એનું નામ પાડયું હતું. રાજકન્યાને છાજે એવી રીતે એનું લાલનપાલન થવા લાગ્યું. એ વખતના નિયમાનુસાર પ્રતિષ્ઠિત અને કુલીન સ્ત્રીઓ એની સેવામાં રાખવામાં આવી. શાહજાદી સદા સારી સંગતમાંજ રહે, એટલા માટે અમીરઉમરાવોની કન્યાઓને સાહેલીઓ તરીકે તેની સાથે રમવાને રાજમહેલમાં બોલાવવામાં આવતી. બાલ્યાવસ્થાથીજ એ બાળા મિષ્ટભાષિણી, સૌંદર્યવતી, ચપળ અને નિર્દોષ મુખાકૃતિવાળી હતી. ઝેબુન્નિસા પૂરી ત્રણ વર્ષની પણ ન થઇ, તે પહેલાં એનું ચિત્ત વિદ્યા તરફ આકર્ષાયું. એને ધવરાવવા માટે માયાબાઈ નામની એક ધર્મનિષ્ઠ, સદાચારી અને સાત્ત્વિક પ્રકૃતિની સ્ત્રી રાખવામાં આવી હતી.

એ પવિત્ર બાઇની અસર ઝેબુન્નિસાના જીવન પર ઘણી સારી થઇ હતી. તેના સદ્ગુણોને યાદ કરીને બાદશાહજાદી ઝેબુન્નિસા મોટી થયા પછી પણ માયાબાઇનું ઘણું માન રાખતી. ઝેબુન્નિસાએ શૈશવાવસ્થામાંથી નીકળીને કિશોરાવસ્થામાં પગ મૂકયો, એટલે

ઔરંગઝેબે તેની કેળવણી માટે 'મરિયમ' નામની એક 'હાફિઝા' અને પરમવિદુષી સ્ત્રીની નિમણૂંક કરી. મુસલમાનોમાં જે પુરુષને કુરાને શરીફ કંઠાગ્ર હોય તેને હાફિઝ અને જે સ્ત્રીને આખું કુરાન મોઢે હોય તેને 'હાફિઝા' કહે છે. ઝેબુન્નિસા વારંવાર મરિયમને કુરાનનો પાઠ ભણતાં સાંભળતી: તેની સ્મરણશક્તિ ઘણી તીવ્ર હોવાથી, થોડા સમયમાં આખું કુરાન તેને કંઠાગ્ર થઇ ગયું હતું. બાલિકા ઝેબુન્નિસા સુમધુર સ્વરથી કુરાનની પવિત્ર આયતોનો પાઠ કરતી, ત્યારે તે સાંભળીને લોકો મુગ્ધ થઇ જતા. ઝેબુન્નિસા હાફિઝા બની, એ આખા કુટુંબને માટે ગૌરવ અને આનંદનો દિવસ હતો. ઔરંગઝેબ પુત્રીની તીવ્રબુદ્ધિ તથા ધર્માભિરુચિ જોઇને ઘણો પ્રસન્ન થયો. એ ખુશાલીમાં એણે મોટો સમારંભ કર્યો અને ઝેબુન્નિસાને ત્રીસ હજાર અશરફીઓની એક કોથળી ઇનામમાં આપી. ઉદાર હૃદયની રાજકન્યાએ એ દ્રવ્યનો ઉપયોગ એજ વખતે ગરીબોને દાન આપવામાં કર્યો. ત્યાર પછી એ પ્રસિદ્ધ મુલ્લાં રૂસ્તમ ગાજીની શિષ્યા બની. એ વિદ્વાને એને ફારસી અને અરબી ભાષામાં ઘણી સારી પ્રવીણતા પ્રાપ્ત કરાવી. અરબી ભાષામાં લખાયલા મુસલમાનોના ધર્મ અને તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં એણે વિશેષ પ્રવીણતા મેળવી. બાદશાહ ઔરંગઝેબ ઘણી વખત પુત્રી ઝેબની સાથે ધર્મશાસ્ત્રની ચર્ચા કરતો. ઝેબુન્નિસાનો ધાર્મિક ભાવ એટલો ઊંડો હતો કે, એ ભક્તિભાવપૂર્વક પોતાના મધુર કંઠથી કુરાનનો પાઠ કરતી, ત્યારે શ્રોતાઓનાં નેત્રમાંથી અવિરત અશ્રુધારા વહેવા લાગતી.

ઝેબુન્નિસામાં ઊંચા પ્રકારની કવિત્વ શક્તિ હતી. એના મુખમાંથી સ્વાભાવિક રીતે નીકળનારાં વાક્યો પદ્યમય હતાં. એને પોતાને કલ્પના પણ નહોતી કે, પરમેશ્વરે એને અલૌકિક કાવ્ય શક્તિ આપી છે, પરંતુ સદ્ભાગ્યે એના ગુરુઓ એની કવિત્વ શક્તિને પારખી ગયા અને તેમણે કહ્યું કે, "ઝેબુન્નિસા આગળ જતાં સારી કવયિત્રી થશે." પ્રારંભમાં એણે અરબી ભાષામાં એક સ્તોત્ર રચ્યું અને પોતાનું નામ છુપાવી અરબસ્તાનથી આવેલા એક વિદ્વાન પ્રવાસીને બતાવ્યું. એ મુસાફર પણ સારો કવિ હતો. એણે એ સ્તોત્ર વાંચીને કહ્યું: "એટલું તો સ્પષ્ટ જણાય છે કે, આ સ્તોત્રનો લખનારો વિદ્વાન, સુજ્ઞ અને ભારતવાસી છે. એણે પિંગળના નિયમનું બરોબર પાલન કર્યું છે; પરંતુ શબ્દનો પ્રયોગ

કંઈ કંઇ વાજબી નથી થયો. એમ જણાય છે કે એને કવિતા રચવાનો અભ્યાસ નથી. મને આશ્ચર્ય એ થાય છે કે, હિંદુસ્તાનમાં રહેનાર મનુષ્યે અરબી ભાષાનું આવું સારૂં જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કર્યું ?" અરબી ભાષા પોતાની માતૃભાષા નહોતી, એટલે એમાં કવિતા કરવા જતાં, શબ્દયોજના ઠીક ન થાય, રૂઢિના પ્રયોગ દોષયુક્ત થાય, એ સ્વાભાવિક હતું; એટલે ઝેબુન્નિસાએ હવેથી અરબી ભાષામાં કવિતા ન રચતાં, ફારસી ભાષામાં લખવા માંડી.

સ્ત્રીઓમાં રહેલી સ્વાભાવિક શરમને લીધે, ઝેબુન્નિસાની કવિતાઓ તેની પંદર વર્ષની વય સુધી ગુપ્ત જ રહી. હૃદયના ઊભરાઓ કવિતા દ્વારા તે બહાર કાઢતી અને એને એક પુસ્તકમાં સુંદર અક્ષરે નોંધી રાખતી તથા વખતોવખત એને વાંચીને આનંદ અનુભવતી. આ પ્રસંગે એ પણ કહેવું જોઇએ કે, ઝેબુન્નિસાના અક્ષરો પણ ઘણા સારા, ઠરેલ અને મોતીના દાણા જેવા સુંદર હતા. એનું લખાણુ જોઇને મોટા લહિયાઓપણ છક થઇ જતા.

એક દિવસે દૈવયોગે એનો કવિતાસંગ્રહ એના ઉસ્તાદ શાહ રૂસ્તમજીની નજરે પડ્યો. એ ગ્રંથમાંની કવિતા વાંચીને એ ઘણા પ્રસન્ન થયા અને શિષ્યાને પ્રેમથી પૂછવા લાગ્યા: "આ પ્રાસયુક્ત વાણી નિયમાનુસાર અભ્યાસનું પરિણામ છે ને?" શાહજાદીએ શરમાઇ જઇને શિર નીચું નમાવ્યું. શાહ સાહેબે સંતુષ્ટ થઇને એને કવિતા લખતાં રહેવાની રજા આપી. ઔરંગઝેબ બહુ શુષ્ક પ્રકૃતિનો મનુષ્ય હતો. કવિતાનો એને શોખ નહોતો. કવિતાને એ પસંદ પણ બહુ થોડી કરતો; એટલે ઝેબુન્નિસાને બીતે બીતે કવિતાઓ લખવી પડતી, પણ હૃદયઝરણાં કાંઇ ખાળ્યાં ખાળી શકાય છે ?

ગુરુ તરફથી ઉત્સાહ મળતાં તથા ભૂલચૂક સુધારી આપવાનું વચન મળતાં એનો ઉમંગ વધ્યો અને સુંદર કવિતા લખવા લાગી. એ કાર્યમાં એને જે આનંદ મળતો, તેને એ સ્વર્ગસુખ સમાન ગણતી. શાહજાદીની કવિત્વશક્તિથી પ્રસન્ન થયેલો એનો ગુરુ બાદશાહને વારંવાર વિનતિ કરતો કે, "શાહજાદીની એ શક્તિનો વિકાસ થાય, એવા ઉપાય લેવા જોઇએ." પુત્રી ઉપરના અસાધારણ પ્રેમને લીધે બાદશાહે એ વાત સ્વીકારી અને એના શિક્ષણ સારૂ સારા કવિની શોધ થવા લાગી. અનેક વિદ્વાનો એ પદને સારૂ આવ્યા, પણ આખરે મીર નસિરૂદ્દીન નામનો એક

સાધુ પ્રકૃતિનો જ્ઞાની અને વૈરાગી કવિ એ કામ ઉપર નિમાયો.

એક વખત બાદશાહના દરબારમાં કવિતાની રસભરી ચર્ચા થઇ રહી હતી. એવામાં એક કવિએ નીચેના ચરણની પાદ-પૂર્તિ રૂપે ગઝલ રચવાનું કહ્યું.

"અગર માનદ શબે માનદ શબે દીગર નમી માનદ."

ઘણા કવિઓએ પાદ પૂર્તિ કરી. શાહજાદી ઝેબુન્નિસાએ જે પાદપૂર્તિ કરી તેનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

"નવોઢા સ્ત્રીની લજ્જા તેના પતિના ભુજપાશમાં નથી રહી શકતી; જો રહે તો એક રાત રહે, બીજી રાતે નહિ રહે. એ માશૂકના પ્રેમાધિકારી પતિનો પ્રેમરૂપી રોગ લાંબો વખત નહિ ટકે; ટકે તો એક રાત સુધી શય્યામાં ટકશે, બીજી રાતે એ રોગ રહેવાનો સંભવ નથી." એ વખતે દરબારમાં ઘણા અમીરઉમરાવો અને વિદ્વાનો હતા. તેમણે શાહજાદીની રચનાની પ્રશંસા કરી. એમ કહેવાય છે કે, ઇરાનનો શાહજાદો ઝેબુન્નિ-સાની કાવ્યપ્રતિભા અને અલૌકિક સૌંદર્યની પ્રશંસા સાંભળીને તેને પરણવાની ઇચ્છાથી ભારતવર્ષ આવ્યો હતો. એક દિવસ બાદશાહે એને તથા બીજા કેટલાક મહેમાનોને ભોજન સારૂ નોતર્યા હતા. શાહજાદાના ગુણોની પરીક્ષા લેવા સારૂ ઝેબુન્નિસા પણ બુરખો નાખીને ત્યાં આગળ ભોજન કરવા બેઠી હતી. થોડું-ક જમ્યા પછી ઇરાનના શાહજાદાને કટાક્ષયુક્ત મશ્કરી કરવા-ની ઇચ્છા થઇ અને દુર્વાસનાભરી નજર રાજકુમારી તરફ નાખ-તો તે બોલ્યો: "સેહ બોસામી ખ્વા હમ." આમાં 'સેહ બોસા' શબ્દ ખૂબીથી વપરાયો હતો. એનો અર્થ ચુંબન પણ થાય છે અને ઘૂઘરાના જેવો એક ખાવાનો પદાર્થ પણ થાય છે. પૂરા વાક્યનો અર્થ એવો થાય છે કે, "હું ઘૂઘરાના જેવો એ પદાર્થ ખાવા માગું છું" બીજો અર્થ એ થાય છે કે, "હું તને ત્રણ વાર ચુંબન કરવા માગું છું" ભાષાનો મર્મ જાણનારી ઝેબુન્નિસા શાહજાદાના મનનો વિકાર સમજી ગઇ. એની પાશવ વૃત્તિ તથા આવી ભરસભામાં કરેલી મશ્કરી જોઇને; એને એના પ્રત્યે ઘણો તિરસ્કાર છૂટ્યો. પોતાના ક્રોધને શમાવીને સભ્યતાપૂર્વક એણે ઉત્તર આપ્યો: "અજમત બખે માદર તલબ" અર્થાત્ રસોડા-માં માની પાસે માગી લે. આવો નિરાશાજનક અને મેણારૂપ ઉત્તર સાંભળીને શાહજાદો ઘણો નિરાશ થયો.

એક દિવસ બાલ્યાવસ્થામાં આગ્રાના કિલ્લામાં સખીઓ સહિત એ રમી રહી હતી. રમતાં રમતાં એક બાલિકાએ ભીંતના છિદ્રમાં લોખંડનો સળિયો નાખીને કહ્યું: “નીમે દારૂમ નીમે બરૂમ” અર્થાત્ અડધો સળિયો અંદર છે અને અડધો બહાર છે. એ સાંભળીને છોકરીઓ હસવા લાગી અને શાહજહાન બાદશાહ જે કારાગૃહવાસ ભોગવી રહ્યો હતો, તેણે પોતાના ઓરડામાંથી આવીને છોકરીઓને ધમકાવી. એ ઉપરથી ઝેબુન્નિસાએ આગળ આવીને નિર્ભયતાથી કહ્યું:–

“અજ હૈબેત શાહેજહાં લરજદ જમીનો આસમાં,
અંગુશ્તે હૈરત દરવહાં નીમે દરૂમ, નીમે બરૂમ.”

“પૂજ્ય દાદાજી! અમે તો એમ કહી રહ્યાં હતાં કે, ‘શાહજહાનના ભયથી પૃથ્વી અને આકાશ બન્ને કાંપે છે. એ જોઇને આશ્ચર્યથી મોંમાં અડધી આંગળી અંદર અને અડધી બહારજ રહી જાય છે.” શાહજહાં ચૂપ થઇ ગયો.

એક દિવસ ઉષ:કાળનો રમણીય સમય હતો. મહેલની પાસેની વાડીમાં શાહજાદી હવા ખાઇ રહી હતી. તેના કોમળ અંતઃકરણમાં વિચારો સ્ફૂર્યા અને તે નીચેની કવિતામાં પ્રગટ થયા:–

“ચાર ચીજ જ દિલગમ, બુરદ કુદામ ચાર,
શરાબો સબ્જ હો આબે, રવાનો રૂએ નિગાર.”

“ચાર વસ્તુઓ હૃદયનો ભાર હલકો કરે છે. મદ્ય, સૃષ્ટિસૌંદર્ય, ખળખળ વહેતું ઝરણું અને સુંદર મુખચંદ્ર.” એટલામાં પાછળ ફરીને જુએ છે તો પિતા ઔરંગઝેબ ઊભો છે. શૃંગાર રસનું આ પદ્ય કદાચ પિતાએ સાંભળી લીધું હશે એ શંકાથી એણે તરતજ એના એ પદ્યને બીજી રીતે ફેરફાર રચીને જોરથી ગાયું:–

“ચારચીજ જ દિલગમ, બુરદ કુદમ ચાર,
નામાજ રોજા તસ્બી હો, તો બહઇસ્તે ગફાર.”

અર્થાત્ ચાર વસ્તુઓ હૃદયની વ્યથાને દૂર કરે છે. નમાજ (ઇશ્વરપ્રાર્થના), રોજા–ઉપવાસ, ઇશ્વરસ્મરણ–નામ જપ અને પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગવી.

એક દિવસ રાજકુમારીનો એક કિંમતી આયનો રોશન નામની દાસીના હાથથી જમીન ઉપર પડીને ભાંગી ગયો. ભયથી કાંપતી કાંપતી તે દાસી રાજકુમારીની પાસે આવીને બોલી:

“ અજકજા આઇન યે ચીની શિકસ્ત ” અર્થાત્ અકસ્માતથી કાચ તૂટી ગયો. ઝેબુન્નિસાએ તરત ઉત્તર આપ્યો: “ ખુબ શુદ અસ્બાબ ખુદ બીની શિકસ્ત. ” સારૂં થયું કે, ‘ ખુદબીની ’નું સાધન તૂટી ગયું. અહીંયા ‘ ખુદબીની ’ શબ્દ બેવડા અર્થમાં વાપરવામાં આવ્યો છે. ખુદબીની એટલે પોતાને જોવું તે અને બીજો અર્થ અહંકાર–અભિમાન છે. આપણી ભાષામાં આયનાને એટલાજ સારૂ દર્પણ કહ્યું છે.

‘ દીવાન–ઇ–મખફી ’ નામના ગ્રંથમાં એક સ્ત્રીકવિની ઘણી કવિતાઓનો સંગ્રહ છે, પણ એ ‘ મખફી ’ કોણ હતી તેનો નિર્ણય થઈ શકતો નથી. ‘ મખફી ’ એટલે ગુપ્ત; ગુપ્ત નામથી લખનાર અનેક ફારસી કવિઓ એજ નામથી કવિતા રચતા. ઝેબુન્નિસાનો કવિતાસંગ્રહ–દીવાન છપાયો છે અને તેનો અંગ્રેજીમાં અનુવાદ પણ થયો છે. એ ગ્રંથ વાંચ્યાથી જણાય છે કે એ કોઈ સાધારણ કવયિત્રી નહોતી. રસિક, મનોહર અને ઉચ્ચ ભાવથી ભરેલી કવિતાનાં પદેપદમાં તેની અસાધારણ પ્રતિભા અને પ્રગાઢ ઈશ્વરભક્તિ પ્રગટી આવે છે.

ઝેબુન્નિસા આખી જિંદગી સુધી કુમારીજ રહી હતી. મોગલવંશની અનેક રાજકુમારી ચિરકુમારી રહી હતી, એનું કારણ એ હતું કે સરખેસરખા દરજ્જાવાળા વર એમને મળતા નહિ અને સાધારણ સ્થિતિનો પુરુષ એવા મોટા સામ્રાજ્યના અધીશ્વરની કન્યાને પરણવાનું અને તેનો મિજાજ સહન કરવાનું સાહસ ખેડવાનું પસંદ નહોતો કરતો. સાધારણ રીતે રાજકુટુંબમાંજ એમનાં લગ્ન ગોઠવાઈ જતાં. મુન્શી મહમદખાં, બી. એ., ઝેબુન્નિસાના ચરિત્રમાં લખે છે કે, “ ઈતિહાસપ્રસિદ્ધ દારા શિકોહના પુત્ર ઉપર ઝેબુન્નિસાનો બચપણથીજ પ્રેમ હતો. ઔરંગઝેબે એનું લગ્ન દારા શિકોહના પુત્ર સાથે કરવાનો નિશ્ચય કર્યો હતો, પણ પાછળની રાજકાજમાં દારા પોતાનો વિરોધી જણાયાથી બાદશાહે હત્યારાઓને હાથે એનો વધ કરાવ્યો હતો. પિતાના એ રાક્ષસી કાર્યથી ઝેબુન્નિસાના કોમળ હૃદયને એટલો ભયંકર ઘા પહોંચ્યો કે, એણે ખુદ બાદશાહના કહેવા છતાં પણ જિંદગી સુધી લગ્નજ ન કર્યું. ”

સંસારમાં એવાં નીચ મનુષ્યો ઘણાં છે કે જેઓ બીજાને કલંક લગાડીને બહુ ખુશ થાય છે. એવાં મનુષ્યોએ મોટા મહા-

રમાઓને પણ કલંક લગાડયું છે, તો પછી બિચારી ઝેબુન્નિસા જેવી અબળાને તેઓ શું કામ નિંદામાંથી બચાવે? આ પ્રકારના લોકો કેવળ મૂર્ખમંડળીમાંજ નથી હોતાં,પરંતુ લેખક નામધારી વર્ગમાં પણ દૃષ્ટિગોચર થાય છે. ઝેબુન્નિસા ઉપર તેમણે અનેક કલંક લગાડ્યાં છે. કોઇક તો કહે છે કે, મહારાષ્ટ્ર વીર છત્રપતિ શિવાજીને જ્યારે પકડીને ઔરંગઝેબના દરબારમાં લઇ ગયા ત્યારે પડદાની આડમાંથી ઝેબુન્નિસાની દૃષ્ટિ તેના ઉપર પડી અને તેણે પોતાનો પ્રેમ શિવાજી મહારાજને સમર્પણ કરી દીધો હતો અને શિવાજીને છોડી મૂકવા માટે પિતાને ઘણો આગ્રહ કર્યો હતો; પરંતુ આના કરતાં પણ વધારે આક્ષેપ તેના આકિલખાં સાથેના પ્રેમ સંબંધી છે. આકિલખાં નામના એક અમીરની સાથેના ઝેબુન્નિસાના કલ્પિત અનુચિત સંબંધના વિષયમાં લોકોએ સેંકડો કહાણીઓ ઘડી કાઢી છે. એનો વિસ્તારથી ઉલ્લેખ કરવા બેસીએ તો એક નાની સરખી રસમય નવલકથા લખી શકાય; પરંતુ મૌલાના સઇદ એહમદ કે જેમના એક ઉર્દુ લેખને આધારે આ ચરિત્ર લખવામાં આવ્યું છે, તેઓ જણાવે છે કે એ બધાં કલંકો મિથ્યા છે.

રાજકુમારી ઝેબુન્નિસાના સૌંદર્યનું વર્ણન કરતાં પ્રસિદ્ધ ગુજરાતી લેખક અને નાટ્યકાર સ્વર્ગસ્થ રા. રા. અમૃત કેશવ નાયક આ પ્રમાણે લખે છેઃ—

“ શરૂના વૃક્ષની પેઠે સીધો મધ્યમ આકાર, ગૌર વર્ણ, હાથપગ સુડોળ, સુંદર ગોળ વદન, લીંબુની ચીર જેવી આંખો, સુશોભિત બાંધો, ભરેલા ગાલ, ઘૂંઘરિયાળા વાળ, કપાળમાં વચ્ચોવચ્ચ કાળો તલ, ટૂંકામાં સર્વ વાતે મનોહર હતી. × × મિયાબાઇનું કથન છે કે બેગમ શાહબાએ કદી મસી, કાજળ, સુરમો, મહાવડ કે મેંદી લગાડયાંજ નથી. દિલ્હીથી બહાર નીકળવા પૂર્વે એ સાદી સુકુમારિકાએ કદી રંગીન વસ્ત્ર શરીર ઉપર ઓઢયું ન હતું. જુદા જુદા કટની ફેશનના પછેડા તો હતાજ નહિ. રિવાજી વસ્ત્રોની વેતરકતર મહમદશાહી પછી થઇ. તે પૂર્વે તો કુળવાન અમીરોના ઘરોની સ્ત્રીઓ કાં તો હિંદવાણી ઢબનો કે ઈરાની કાપનો પોશાક ધારણ કરતી. ઝેબુન્નિસા સદૈવ ઇરાની ઘાટીનાં શ્વેત વસ્ત્રોથી પોતાના સુઘડ શરીરને શોભાવતી. દાસીબાંદીઓને ઇચ્છાનુસાર રંગબેરંગી પટકુળ પહેર-

વાની પરવાનગી હતી; એટલુંજ નહિ પણ કેટલીક વાર સાદાં પટ પરિધાન કરી સેવામાં આવેલી સરખી સાહેલીઓને મેણાં મારી મારી પરાણે રંગીન લૂગડાં પહેરાવતી. લાહોરમાં આવ્યા પછી તેણે કોઈ વાર રંગબેરંગી કપડાં પહેરવા માંડયાં. એક બે વાર સખીઓએ કહ્યું કે, 'તું હિંદુઓની પણ શાહજાદી છે માટે તે લોકોના જેવાં વસ્ત્રો તારે પહેરવાં જોઇએ.' જોબનના જોરમાં આવેલી, મદમાતી શાહજાદીએ તે લોકોના અનુરોધથી થોડા દહાડા ચોળી, ઘાઘરો અને સાડી પહેર્યાં. રાતદહાડો ઇરાની વસ્ત્રો પહેરનાર આ નવયૌવનાનો હિંદુ સ્ત્રીના વેશમાં એક મનોહર દેખાવ દેખાતો હતો. આ વાત ધર્માંધ ઔરંગઝેબને કાને પડતાંજ તેણે ક્રોધથી તે કપડાં કાઢી નાખવા આજ્ઞા કરી. ત્યાર પછી તેણે સદા પૂર્વવત્ ઇરાની વેશજ રાખ્યો. તે થોડુંક ઘરેણું પણ પહેરતી. એકસરખાં મોતીનો ભારે કંઠો કે જેમાં બે ત્રણ હીરે જડયાં તાવીજો શોભતાં હતાં તે નિરંતર ગળામાં ઓપતો રહેતો. કાનોમાં રત્નજડિત કરણફૂલ અને હાથોમાં હીરાની બંગડીઓ. બસ, પણ આટલી સાદાઇમાંયે તે એવી મનોહર લાગતી કે સોળે શૃંગારથી સુસજ્જિત હજારો યુવતીઓ તે પરથી ઓવારી નાખવી ગમે."

ઝેબુન્નિસાને બાગબગીચાનો પણ ઘણો શોખ હતો. સુંદર સોહામણી વાટિકામાં ફરવું તેને ઘણું પ્રિય હતું. એ શોખને પૂરો પાડવા સારૂ તેણે એક ઘણો વિશાળ બગીચો બનાવ્યો હતો અને તેનો પ્રબંધ પોતાની ધાવ માયાબાઇને સોંપ્યો હતો. બાગ બની ગયા પછી એક દિવસ ઝેબુન્નિસા તેને જોવા ગઇ. રસ્તામાં તેણે લોકોને મોંએ સાંભળ્યું કે રાજકુમારી માયાબાઇનો બાગ જોવા જાય છે. આથી તેના મનમાં અનેક વિચાર ઉત્પન્ન થયા. આખરે તેણે નિશ્ચય કર્યો કે એ બગીચાના દ્વાર આગળ જે કોઇ પહેલું મળશે તેનેજ એ બાગ આપી દઇશ. ભાગ્યવશાત્ માયાબાઇજ બાગના ઝાંપા આગળ ઊભી હતી. તેને દેખતાંવારજ રાજકુમારીએ એ સુંદર બાગ તેને સમર્પણ કરી દીધો અને પોતે બાગની સહેલ કર્યા વગરજ ઘેર પાછી ચાલી ગઇ.

આ બાગનાં ખંડિયેર લાહોરમાં અનારકલીની દક્ષિણ દિશા તરફ આજ દિન સુધી મોજૂદ છે. હવે લોકો એને 'બુર્જીવાલા બાગ' કહે છે. તેના પૂર્વ તરફના દરવાજા ઉપર આગળ જણા-

વેલી ઘટના સંબંધી કેટલોક વૃત્તાંત ફારસી કવિતામાં લખેલો હજી સુધી દીઠામાં આવે છે.

ઔરંગઝેબ પોતાની વડી દીકરી ઝેબુન્નિસાને ઘણું ચાહતો અને રાજકાજમાં પણ કદી કદી તેની સલાહ લેતો હતો, પણ એક બનાવ એવો બન્યો કે જેથી પિતાનું મન પુત્રી ઉપરથી ઊઠી ગયું. ઇ૦ સ૦ ૧૬૮૦ માં ઔરંગઝેબના પુત્ર અકબરે પોતાના પિતાની સામે બંડ ઉઠાવ્યું. પિતા કરતાં પુત્ર પાસે વધારે સૈન્ય હતું. શાહજાદા અકબરની ચડાઇથી બધા ગભરાઇ ગયા, પણ ઔરંગઝેબ પણ કાંઇ કાચોપોચો નહોતો. એણે એવી યુક્તિ કરી કે, શાહજાદાને નાસી જવું પડયું. જે લોકોએ અકબરને મદદ આપી હતી તે સઘળાને સજા કરવામાં આવી. તપાસ કરતાં માલૂમ પડયું કે શાહજાદી ઝેબુન્નિસાની પણ મદદ અકબરને થોડીઘણી હતી. ઔરંગઝેબ ઘણો કઠોર સ્વભાવનો મનુષ્ય હતો, તેણે ઝેબુન્નિસાનું ચાર લાખ રૂપિયાનું વાર્ષિક પેન્શન બંધ કર્યું તથા તેની મિલકત પણ જપ્ત કરી લીધી; એટલુંજ નહિ પણ તેને સલીમગઢના કિલ્લામાં કેદ કરવામાં આવી. કેટલાક દિવસ પછી શાંત થતાં તેનો અપરાધ માફ કરવામાં આવ્યો, માલમિલકત પાછી સોંપવામાં આવી અને પેન્શન પણ પાછું શરૂ કરવામાં આવ્યું. ત્યાર પછી ઝેબુન્નિસાનું બાકીનું જીવન કાવ્ય રચવામાં અને સાહિત્યની ચર્ચા કરવામાં વ્યતીત થયું.

પેન્શનની મોટી રકમમાંથી એ વિદ્વાનો અને કવિઓને મદદ કરતી. તેણે ઘણો મોટો મહેલ બંધાવ્યો હતો. એ મહેલમાં સારા સારા કવિઓ, પંડિતો અને લેખકોની ઠઠ જામેલી રહેતી.

ઝેબુન્નિસાના ઉત્તેજનથી એ લોકો અનેક વિષયોના ગ્રંથો રચવામાં, સુંદર કવિતાઓ લખવામાં, અન્ય ભાષાઓના અમૂલ્ય ગ્રંથોના અનુવાદ કરવામાં તથા હસ્તલિખિત જૂના ગ્રંથોની નકલો કરવામાં રાતદિવસ કામે લાગેલા રહેતા હતા. ઝેબુન્નિસા તરફથી તેમને બધાને પગાર મળતો હતો. એજ મહેલમાં તેણે પુસ્તકાલય પણ સ્થાપન કર્યું હતું. તેના અમલદારો સારાં પુસ્તકોની શોધમાં બારે મહિના દેશવિદેશમાં ફર્યા-કરતા હતા. જ્યાં કંઇ કોઇ ઉપયોગી પુસ્તક મળી આવતું કે તરતજ એ ખરીદી લઇને અથવા ખરીદી ન શકાય તો તેની નકલ કરીને પુસ્તકાલયમાં મોકલાવી દેતા હતા. આ પ્રકારે આ પુસ્તકાલયમાં

સઘળા વિષયોનાં હજારો અદ્વિતીય, અપૂર્વ અને અલભ્ય પુસ્તકો એકઠાં થવા પામ્યાં હતાં. એ વખતમાં કાશ્મીરમાં ઘણાં પુસ્તકોનો સંગ્રહ હતો, તેથી ઝેબુન્નિસાએ કેટલાક સારા લેખકોને ખાસ ખર્ચ કરીને કાશ્મીર મોકલ્યા હતા અને તેમને આજ્ઞા આપી હતી કે, સારા ગ્રંથો ગમે તેટલું ખર્ચ કરીને પણ સંપાદન કરવા. એ કામનો વહીવટ મુલ્લા મહમદ શફી નામના એક વિદ્વાનના હાથમાં હતો. ઝેબુન્નિસાએ રચાવેલા અને અનુવાદ કરાવેલા ગ્રંથોમાંથી એકાદ સિવાય કોઇ ગ્રંથનો પત્તો હાલ લાગતો નથી. ઇમામ રાઝી નામના એક વિદ્વાને અરબી ભાષામાં કુરાનનું ભાષ્ય લખ્યું છે, તેનું નામ 'તફસિર કબીર' છે. આ અમૂલ્ય પુસ્તકનું ફારસી ભાષાંતર ઝેબુન્નિસાની આજ્ઞાથી મુલ્લાં શફીઉદ્દીન અર્જબેગી નામના એક વિદ્વાને કર્યું હતું. ઝેબુન્નિસાના નામ પરથી એ પુસ્તકનું નામ 'ઝેબુત્તફાસીર' રાખવામાં આવ્યું છે. ઝેબુન્નિસાનું આ એકજ પુસ્તક હાલ મળી આવે છે.

નિર્મળ હૃદયની હોવા છતાં પણ લોકોમાં અને ખાસ કરીને અદેખા શત્રુઓ તરફથી એની જે મિથ્યા નિંદા થતી હતી, તેથી એનું કોમળ હૃદય વીંધાતું હતું. પોતાના પવિત્ર મનનો ભાવ એણે એક પદ્યમાં નીચે પ્રમાણે દર્શાવ્યો છેઃ—

"કાબા અને મહંમદ પેગંબરના સોગન ખાઇને હું કહું છું, કે મારી પવિત્રતાનેજ લોકો પાપ સમજે છે."

નીચેનાં વાક્યો તેનાં કાવ્યોમાંથી અનુવાદ રૂપે આપ્યાં છે. એ વિદુષીના હૃદયની ઉચ્ચતાનું માપ કાઢવાને એ પૂરતાં છે.

"જ્યારે તારી ઇચ્છા પરિપૂર્ણ થાય અને તું સુખી થાય, ત્યારે દુઃખ ને નિરાશામાં ગાળેલા દિવસોની સ્મૃતિ ભૂલીશ નહિ."

* * * *

"જગતમાં જ્યારે દુઃખ અથવા વિપત્તિનો સમય આવે ત્યારે તું તારા મધુર સ્વરથી એને ટાળવાનો પ્રયત્ન કરજે. જેવી રીતે પતંગિયું દીપક ઉપર પોતાનો પ્રાણ આપે છે, તેવીજ રીતે તું પણ સત્કર્મનાં આચરણ તથા દુઃખીઓને સહાયતા કરવામાં તારી જિંદગી ગાળ."

* * * *

"સ્ત્રીની આબરૂમાં એક વાર કાળી ટીલી લાગી જાય, તો

પછી આંસુઓથી સો વાર ધોયા છતાં પણ એ ધોઈ શકાતી નથી.”

“જ્યારે નિરાશાના દિન આવે છે, ત્યારે મિત્ર પણ શત્રુરૂપ થઇ જાય છે અને આનંદનો અંત દુઃખમાં આવે છે.”

* * * *

“મારા મનમાં કોઈના પ્રત્યે શત્રુતા નથી; એવું છતાં પણ જે મારા ઉપર દ્વેષ રાખે તેના ઉપર પરમેશ્વર દ્વેષ રાખે.”

* * * *

“અંતઃકરણથી ખરેખર પવિત્ર હોવા છતાં પણ શત્રુઓએ તને કલંકિત કરી છે; તારી બદનામી કરી છે, તો તું ડરે છે શા માટે? દુઃખ અને લજ્જા શા માટે માને છે?”

ઈ. સ. ૧૭૦૨ માં દિલ્હીના એકાંતવાસમાં ઝેબુન્નિસા એક દિવસ પુસ્તક વાંચતાં વાંચતાં માંદી પડી અને સાત દિવસનો મંદવાડ ભોગવીને આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી ગઇ. એના મૃત્યુ માટે શોક પ્રગટ કરતાં એક સાહિત્યભક્ત લખે છે:—

“હાય! હાય! કવયિત્રી ઝેબુન્નિસા ઈશ્વરેચ્છાથી અચાનક આ નશ્વર જગતનો ત્યાગ કરીને પરલોકમાં ચાલી ગઇ. જ્ઞાનની, કાવ્યની અને અનુપમ સૌંદર્યની મૂર્તિ પૃથ્વીના ઉદરમાં જઇને અદૃશ્ય થઇ ગઇ.”

દિલ્હીમાં કાબુલી દરવાજાની બહાર એક બાગમાં એની સમાધિ હતી; પરંતુ શોકની વાત છે કે, પોતાના દેશના મહાન પુરુષોના કીર્તિસ્તંભ પાછળ લાખો રૂપિયા ખર્ચનાર, એવા કીર્તિસ્તંભોની યાત્રાએ જનારાની સગવડ સારૂ મોટે ખર્ચે રેલવે અને ટ્રામ બાંધનાર આપણા શાસનકર્તાઓએ રેલવે બાંધવા ખાતર એની કબરને ખોદાવી નાખી અને એના શબને મૂળ સમાધિના પથ્થર સહિત સિકંદ્રાના રોજામાં દાટવામાં આવ્યું. એની એ દશા જોઇને એક દેશભક્તનું હૃદય વાજબી રીતે પીગળે છે અને એના મુખમાંથી સ્વાભાવિક ઉદ્‌ગાર નીકળે છે:–

“જે નવયૌવના પુષ્પની શય્યા પર સૂતી હતી, તેની કબ્ર ઉપર, હાય! આજ કોઈ બે સૂકાં ફૂલ પણ નથી ચડાવતું!

“જેના મંદિરમાં અત્તરના સુવર્ણ દીપક બળતા હતા, તેની કબ્ર ઉપર આજે કોઇ ઘાસલેટની ચીમની પણ નથી સળગાવતું.

" જેણે સેંકડો યાચકોને કિનખાબ અને રેશમનાં મૂલ્યવાન વસ્ત્ર અર્પણ કર્યાં હતાં, તેની કબ્ર ઉપર આજ સુતરાઉ ચીંથરૂં પણ કોઇ નથી ચડાવતું ! "

આપણા બેકદર દેશમાં આવાં દૃષ્ટાંતોનો અભાવ નથી !

૨૩૦-झिन्नत-उन्-निसा

એ બાદશાહ ઔરંગઝેબની બીજી કન્યા હતી. એનો જન્મ ઔરંગાબાદમાં ઇ૦ સ૦ ૧૬૪૩ ની પાંચમી ઓકટોબરને દિને થયો હતો. પાછળથી એ પાદશાહબેગમના નામથી પ્રસિદ્ધ થઇ છે. એ ઘણી ધાર્મિક અને પવિત્ર હતી. ધાર્મિકતાનો ગુણ પિતા તરફથી એને વારસામાં મળ્યો હતો. આખી જિંદગી સુધી કુંવારી રહેવાનુંજ એણે પસંદ કર્યું હતું. એણે પિતાને કહ્યું હતું કે, " આપ મારા લગ્નમાં જેટલા રૂપિયા વાપરત તેટલા રૂપિયા મને રોકડા આપી દો. હું એ ધનથી એક સુંદર મસ્જિદ બંધાવીશ. " બાદશાહે એની પ્રાર્થના સ્વીકારી અને રાજકુમારીએ દિલ્હીમાં એક ભવ્ય મસ્જિદ બંધાવી જે હજુ પણ ' કુમારીમસ્જિદ ' ના નામથી ઓળખાય છે.

ઔરંગઝેબ જ્યારે દક્ષિણમાં હતો, ત્યારે શાહજાદી એની સાથે હતી. પિતાની સેવામાં અને અંતઃપુરની વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવામાં એનો સમય જતો. જહાનઆરાએ જેવી રીતે શાહજહાનની સેવા કરી હતી તેવીજ રીતે ઝિન્નત-ઉન્-નિસાએ એકનિષ્ઠાથી પિતા ઔરંગઝેબની શુશ્રૂષા તેની ઉત્તર વયમાં કરી હતી. એનું જીવન જહાનઆરા કરતાં વધારે સુખી નીવડયું હતું. ઔરંગજેબના મૃત્યુ પછી છેક ફરૂખશિયરના રાજ્ય સુધી એ જીવતી હતી અને રાજકુટુંબમાં વૃદ્ધ અને અનુભવી સ્ત્રી તરીકે ઘણું સન્માન પામતી હતી. ઇ૦ સ૦ ૧૭૦૦ માં પોતાનેજ ખર્ચે બંધાવેલ મસ્જીદ ' ઝિત-ઉલ-મસ્જિદ ' માં એને દફનાવવામાં આવી હતી. એ મસ્જિદ દિલ્હીમાં હતી, પણ અંગ્રેજ સરકારના લશ્કરી ખાતાએ એ સ્થાનને પોતાના કબજામાં લઇને એની સમાધિને ત્યાંથી ખસેડી નાખી હતી.

બાદશાહી ગઇ તો એનાં પછી અવશેષોને કોણ પૂછે ?



२३१–सहजोबाई

એ રજપૂતાનાના એક પ્રતિષ્ઠિત ઢુસર જાતિના ગૃહસ્થની સ્ત્રી હતી. એ પરમ ભક્ત હતી અને સાધુસંતોની સેવા કરનારી હતી. એણે ભક્તિમાર્ગની ઘણી સારી કવિતા રચી છે. એની કવિતા ઉપરથી અનુમાન થાય છે કે એ આશરે બસો વર્ષ ઉપર થઇ ગઇ છે. એ પ્રસિદ્ધ મહાત્મા ચરણદાસજીની શિષ્યા હતી. ચરણદાસજી પણ પૂર્વાશ્રમમાં એનીજ ન્યાતના હતા. ભારતવર્ષમાં અનેક સ્થળે એમના અનુયાયીઓ છે.

સહજોબાઈના વિષે કેટલાક ચમત્કારો પણ પ્રસિદ્ધ છે. ગુરુપ્રત્યે એની ઊંડી ભક્તિ હતી અને ઇશ્વર સંબંધી એનું જ્ઞાન બહુ ગહન હતું. એની વાણી કોમળ, મધુર અને હૃદયવેધક છે.

એની કવિતાના નમૂના નીચે આપીએ છીએઃ–

निर्मल आनंद देत हौ, ब्रह्मरूप कर देत ।
जीवरूप की आपदा, ब्याधा सब हर लेत ॥

* * *

गुरु हैं चार प्रकारके, अपने अपने अंग ।
गुरु पारस दीपक गुरु, मलयागिर गुरु भृंग ॥
चरनदास समरथ गुरु, सर्व अंग तिहि मांहि ।
जैसे को तैसामिले, रीता छांडैं नहिं ॥

સાધુનાં લક્ષણ તે નીચે પ્રમાણે વર્ણવે છેઃ—

साध सोई जो काया साधै । तज आलस और वादविवादै ॥
गहै धारना सब गति भारी । तजै बिकलता अस्तुति गारी ॥
छिमावंत धीरजकूं धारै । पांचो बस कर मन कूं मारै ॥
त्यागै झूंठ सांच मुख बोलै । चित्त इस्थिर इत उत ना डोलै ॥

तन जगमें मन हरिके पासा । लोग भोग सूं सदा उपासा ॥
जत सत तनख सि खतसीलताई । तन मन बचन सदा सुखदाई ॥
निर्गुन ध्यानी ब्रह्मज्ञानी । मुखसूं बोलै अमृत बानी ॥
समझ एकता भाव न दूजे । जिनके चरन सहजिया पूजे ॥

[दोहा]

निर्दुंदी निर्वैरता, सहजौ अरु निर्वास ।
संतोषी निर्मल दसा, तकै न पर की आस ॥ વગેરે

જન્મથી મરણુપર્યંત મનુષ્યની શી શી દશા થાય છે તે એણે કવિતામાં સરસ વર્ણવ્યું છે. એમાંને એકજ નમૂને જોઇએ.

तरुनावा भया सकल सरीरा, अंधा भया बिसर हरि हीरा ॥
विषयबासना के मदमाती, अहं आपदा के रंग राती ॥
मूंछ मरोड अकडता डोलै, काहू तें मुख मीठ न बोलै ॥
कहै बराबर मेरे नाहीं, बुद्धिमान कोइ या जग माहीं ॥
मैं बलवंत सब न पर भारी, द्रव्य कमाऊं नर न अगारी ॥
महा दुःखी सुख मान लियो है, मोह अमल अज्ञान पियो है ॥
भया कुटुंबी जब सुख कैसा, सहजो बंध पडे कोइ जैसा ॥
सत पुत्रो उपजे मर जावै, सोच साच तन मन दुःख पावै ॥

[दोहा]

द्रव्यहीन भटकत फिरै, ज्यों सराय को स्नान ।
झिडक दियो जिह घर गया, सहजो रह्यो न मान ॥
आवै ना सत संगति माहीं, कुटुंब जाल छुटकारा नाहीं ॥
हरिकी भक्ति नहीं लौ लाई, दारा सुत धनकी गुमराई×
दुःख धंधा कर जन्म गंवाया, सहज सहज बूढापन आया ॥



× ગુમરાઈ = અભિમાન.



२३२-ठकराणी काकरेचीजी

આ રાજકન્યા ગુજરાતમાં કાકરેચી પ્રદેશમાં દિયોધર ગામના વાઘેલા ઠાકુર અગરાજીની પુત્રી હતી. તેનું લગ્ન મારવાડ દેશના પશ્ચિમ પરગણાના સાંચોરમાં કેસોનગરા ચૌહાણ રાવ બલ્લુજીના પુત્ર નરહરદાસજીની સાથે થયું હતું. બલ્લુજી સંવત ૧૬૯૯માં રાજસિંહાસન ઉપર બેઠા હતા અને શાહજહાન બાદશાહની સેવામાં સકુટુંબ રહેતા હતા. સંવત ૧૭૧૪થી સં. ૧૭૧૬ સુધી રાજયગાદી માટે શાહજહાનના પુત્રોમાં જે લડાઇઓ થતી રહી તેમાં નરહરજી મરી ગયા. નરહરજીનો પુત્ર પણ એમની સાથે લડાઇમાં હતો અને રાણી કાકરેચીજી પોતાને પિયેર હતી. પતિનું મૃત્યુ સાંભળીને એ ઘણીજ શોકવિહ્વળ થઇ ગઇ. એજ અરસામાં એક હજામ કે જેનો ચહેરો નરહરદાસને ઘણો મળતો આવતો હતો, તે નરહરદાસ બનીને દિયોધર ગયો અને રાણીના પિતાને મળીને કહ્યું કે, "મારા મરી ગયાની વાત ખોટી છે. હું તો જીવતો છું અને તમારો શોક નિવારણ કરવા માટે વગર રજાએ એકલો અહીં આવ્યો છું." અગરાજી ભોળા સરદાર હતા. તેમણે એ ઠગારાનું કહ્યું માની લીધું અને પુત્રીને કહ્યું કે, "નરહરદાસજી આવી ગયા છે. દુશ્મનોએ ખોટી ગપ ઉડાવી હતી. હવે તું તારો વૈધવ્ય વેશ કાઢી નાખ." પરંતુ કાકરેચીજી ચતુર સ્ત્રી હતી. એણે ખાતરી કરી કે એ પોતાનો પતિ નથી પણ કોઈ વેશધારી ધુતારો છે. એણે કવિતમાં જણાવ્યું કેઃ—

"નરહર નેજાઁ બાજિયા, કયાઁ પલટાઉ બેસ."

"નરહરદાસ તો લડાઇમાં મરી ગયા. હું વેશ કેવી રીતે બદલું?" આટલું કહીને એણે પોતાના નોકરોને હુકમ આપ્યો કે, "આ કોઇ ઢોંગી ધુતારો છે એને લાત મારીને કાઢી મૂકો."

કાકરેચીના બીજા પણ ઘણા દોહાઓ છે.

૨૩૩–રૂપનગઢની રાજકુમારી

પ્રતાપના મૃત્યુ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર અમરસિંહ ગાદીએ બેઠો. અમરસિંહના રાજ્યમાં અકબરના પુત્ર જહાંગીરે ઘણી વાર ઉદયપુર ઉપર ચડાઇ કરી હતી.

ઘણાં વર્ષો સુધી અમરસિંહે દિલ્હીની પ્રબળ શક્તિની સામે પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કર્યું હતું. તેને હાથે અનેક વાર મોગલ સેના પરાજિત થઇને પાછી ફરી હતી.

પણ આખરે દિલ્હીના પ્રમાણમાં મેવાડ એક નાનું રાજ્ય હતું. જહાંગીર અને તેના તાબાના બીજા રજપૂત રાજાઓએ પ્રતિજ્ઞા લીધી હતી કે, "ગમે તેમ કરીને મેવાડને મોગલોને સ્વાધીન બનાવીશું." આટલી મોટી સત્તાની આગળ, એકલે હાથે પોતાનું રક્ષણ કરવાનું મેવાડનું શું ગજું ? પ્રતાપે રાજ્યભ્રષ્ટ થઇને, ગરીબ ભિખારીની પેઠે દારિદ્રયપૂર્વક વન અને પર્વતોમાં સપરિવાર અસહ્ય દુઃખ વેઠીને જિંદગી ગાળી હતી, પરંતુ મોગલોને શરણે જઇને સિસોદિયાના કુળને કલંક લગાડયું નહોતું. વીર હોવા છતાં પણ અમરસિંહના ચરિત્રમાં પિતાની દૃઢતા નહોતી. આટલા દિવસ તો ગમે તેમ કરીને એણે મોગલોની સાથે યુદ્ધ કર્યું હતું પણ મોગલોના ઉપરાઉપરી હુમલા થયાથી એ એટલો બધો દુર્બળ થઈ ગયો હતો કે તેણે તાબેદારી સ્વીકારીને જહાંગીરની સાથે સંધિ કરી.

પરંતુ બીજા રજપૂત રાજાઓની પેઠે એ જાતે કોઇ દિવસ મોગલોના દરબારમાં ગયો નહિ, તેમજ મોગલોની સાથે તેણે લગ્નનો સંબંધ પણ બાંધ્યો નહિ.

જહાંગીર અને તેના પુત્ર શાહજહાને અકબરની ઉદાર રાજનીતિનું અનુકરણ કરીને રજપૂતો અને બીજા હિંદુ રાજાઓ સાથે ઘણો સારો વ્યવહાર રાખ્યો હતો. તેમના સમયમાં અમરસિંહ-

[illegible] સિંહ રાણા થયો, અને જગતસિંહ મેવાડમાં રાજ્ય કરતા હતા. એ બાદશાહોએ તેમનું ઘણું માન રાખ્યું હતું.

જગતસિંહ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર મહાવીર રાણા રાજસિંહ ગાદીએ બેઠો. દિલ્હીમાં શહેનશાહ શાહજહાનને પદભ્રષ્ટ કરીને તેનો ત્રીજો પુત્ર ઔરંગઝેબ સિંહાસન ઉપર બેઠો.

રૂપનગઢ નામનું રજપૂતાનામાં એક ઘણું નાનું રાજ્ય છે. આપણા આખ્યાનની નાયિકા એ રૂપનગઢના રાજા વિક્રમ સોલંકીની કન્યા હતી. અકબરના સમયથી મોગલ બાદશાહો રજપૂત કન્યાઓ પરણતા આવ્યા હતા. બાદશાહ જહાંગીર અને શાહજહાન બન્ને જણા રજપૂત બેગમોના ગર્ભમાં જન્મ્યા હતા. ઔરંગઝેબની પ્રથમ અને મુખ્ય બેગમ પણ જોધપુરની એક રાજકન્યા હતી. વૃદ્ધાવસ્થામાં પણ મોગલ બાદશાહો વિવાહ કરતાં ચૂકતા નહિ. કોઈ પણ અસાધારણ સુંદર રજપૂતાણી કે મુસલમાન સ્ત્રીની ખબર મળતી તો તરતજ મોગલ બાદશાહ તેને પરણવા યત્ન કરતો. આ પ્રમાણે એક દિવસ રૂપનગઢની રાજકન્યાના અપ્રતિમ સૌંદર્યની પ્રશંસા દિલ્હીનરેશ ઔરંગઝેબને કાને પહોંચી. વૃદ્ધાવસ્થામાં પણ એ સુંદરીને વરવાની તેને પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થઇ. ઔરંગઝેબે તરતજ એક સૈન્ય સાથે રૂપનગઢના રાજાને સંદેશો મોકલ્યો કે, “ તમારે તમારી કન્યાને બાદશાહની બેગમ બનવા સારૂ હમણાં ને હમણાંજ દિલ્હી મોકલી આપવી.”

મારવાડ, અંબર વગેરે મોટા મોટા રજપૂત રાજ્યોના રાજાઓએ પણ મોગલોને કન્યા આપી હતી, તો પછી નાનું સરખું રૂપનગઢ શી વિસાતમાં? મોગલ શહેનશાહને કન્યા આપવામાં રૂપનગઢના રાજાનું કાંઇ અપમાન થાય એમ નહોતું. મનમાં એને જરા ખોટું તો લાગ્યું તોપણ બાદશાહનું માગું પાછું કાઢવાની તેમનામાં હિંમત નહોતી; કારણકે એ જાણતો હતો કે દિલ્હીનો બાદશાહ કોપિત થશે તો એક ક્ષણમાં રૂપનગઢને ભસ્મીભૂત કરી નાખશે. એ વિચારથી રાજા પોતાની કન્યાને દિલ્હી મોકલવા તૈયાર થયો.

પરંતુ રાજકુમારી એક આદર્શ રજપૂતાણી હતી. તેના હૃદયમાં રજપૂતોની મહત્તા અને તેજસ્વિતાનો પ્રવાહ પૂર્ણ વેગથી વહેતો હતો. હિંદુકન્યા થઇને પવિત્ર રજપૂત કુળમાં જન્મ લઇ-

ને, પરધર્મી મોગલના દેહને સ્પર્શ કરવો, તેને પોતાનું સૌંદર્ય અને યૌવન સમર્પણ કરવું તેના કરતાં મૃત્યુ હજારગણું શ્રેષ્ઠ છે એમ તેને લાગ્યું. દિલ્હીના બાદશાહની બેગમ થવાની લાલચમાં તેનો સંકલ્પ જરા પણ શિથિલ થયો નહિ. એણે મનમાં ને મનમાં નિશ્ચય કર્યો કે, "પિતાજી જો દિલ્હી જવાને ઘણોજ આગ્રહ કરશે તો અગ્નિમાં ઝંપલાવીને અથવા તો વિષ ખાઇને મરી જઇશ પણ પરધર્મી બાદશાહની બેગમ તો નહિજ બનું."

એકાંતમાં પિતાની પાસે જઇને રાજકુમારીએ કહ્યું: "પિતાજી! આખરે તમને આવીજ મતિ સૂઝી? રજપૂતના કુળમાં જન્મીને, રજપૂતાણીનો દેહ પામીને, શું હું મોગલની બેગમ બનીશ? આ દેહનું પવિત્ર લોહી મોગલના સ્પર્શથી કલંકિત કરીશ? રજપૂત વીરતાથી ગૌરવવાળા આ પવિત્ર પ્રાણમાં મોગલની પત્ની બનીને હીનતાનો સંચાર કરીશ? દેવપૂજાને લાયકનું પુષ્પ આજે પિશાચના પગ તળે કચરાઇ જશે? મારા દેહમાં પ્રાણ છે ત્યાંસુધી તો એવું કદાપિ નહિ થવા દઉં. વિધાતાએ મને સૌંદર્ય આપ્યું છે તો એ સૌંદર્ય પરધર્મી મોગલને કદી પણ સમર્પણ નહિ કરૂં.

"રજપૂત કન્યા કોઇ વીર રજપૂતની સહધર્મિણી થશે. મારા નસીબમાં એવો કોઇ વીર પુરુષ નહિ લખાયો હોય તો હું કુંવારી અવસ્થામાંજ મરીશ, પણ મોગલ બાદશાહની પાશવલાલસાને કદી તૃપ્ત નહિ કરૂં. પિતાજી! તમે રજપૂત વીર છો. બહાદુર રજપૂતકન્યા મોત પસંદ કરશે પણ પોતાના કુળની મર્યાદાનો, પોતાના ધર્મની મર્યાદાનો નાશ થાય તે કદી સહન નહિ કરે! આજ શું મોં લઇને પોતાની કન્યાને જીવતી નરકમાં મોકલવા તમે તૈયાર થયા છો? પિતાજી આપનાથી આ કલંક કેવી રીતે સહન થશે? હું રાજીખુશીથી હસતી હસતી ચિતામાં બળી મરવા તૈયાર છું, પણ દિલ્હી તો હું કદી પણ જઇશ નહિ."

કન્યાનાં મર્મભેદી વચનો તીરની પેઠે તેના પિતાના હૃદયમાં પ્રવેશ કરી ગયાં; પણ બીજો કાંઇ ઉપાય નહોતો. રૂપનગઢનું રક્ષણ કરવું હોય તો કન્યાને એ નરકમાં મોકલ્યા વગર છૂટકોજ નહોતો. થોડીક વાર વિચાર કરીને તેણે કન્યાને સમજાવવા માંડ્યું: "બેટા! આપણા કરતાં વધારે ઊંચા કુળના રજપૂતોએ પોતાની કન્યાઓ મોગલ બાદશાહને આપી છે. ઘણી રજપૂત કન્યાઓ ખુશીથી મોગલોને વરીને દિલ્હીના મહેલોમાં આનંદ કરે છે, તો પછી તને

એમાં શરમ શાની લાગે છે? વળી તું કાંઇ સાધારણ ઉમરાવને પરણુવા નથી જતી. સાક્ષાત્ બાદશાહ તને પોતાની બેગમ બનાવવા બોલાવે છે. તું દિલ્હીની અધીશ્વરી બનીશ. જોધપુરની રાજકન્યા જે આસન ઉપર બિરાજે છે, તે આસન ઉપર તું બિરાજીશ, એ કાંઇ શરમભરેલું નથી; બલકે રૂપનગઢ જેવા નાના રાજ્યને માટે તો ઊલટું ગૌરવજનક છે.”

ઘણુાજ તિરસ્કારપૂર્વક રાજકન્યાએ ઉત્તર આપ્યો: “પિતાજી! તમારી આવી વાતો સાંભળીને મને ઘણી ઘૃણા આવે છે. યાદ રાખજો કે હું રજપૂતકન્યા છું. સાધારણ જાગીરદારની કન્યા હઇશ તોપણ માનમરતબો અને વંશગૌરવમાં હું કોઇ બીજા મોટા રાજ્યના રાજા કરતાં હીન નથી. જે રજપૂતોએ પોતાના વંશની, પોતાના ધર્મની મર્યાદા છોડી દઇને મોગલોના વંશમાં પોતાની કન્યાઓ આપી છે, તેના કરતાં એક ઝૂંપડીમાં વસનાર રજપૂતનું ગૌરવ અને પદ શ્રેષ્ઠ છે. વીર રજપૂતોની સહધર્મિણી થવા યોગ્ય જે રજપૂત કન્યાઓ વિધર્મી મોગલોની વિલાસ–સંગિની થઇ તે કરતાં ગરીબમાં ગરીબ રજપૂતકન્યાનો દરજ્જો પણ શ્રેષ્ઠ છે.”

અંબર અને મારવાડના રાજાઓ આપણા કરતાં ઘણા મોટા હશે, એ લોકોની શક્તિ ઘણી પ્રબળ હશે એ વાત સાચી, બહારના ઠાઠમાં તેમના ઘરની છોકરીઓ ઘણી સુખી હશે એ વાત પણ ખરી; પરંતુ સ્મરણમાં રાખજો કે, આજ આપ મારા લોહીને મોગલના સ્પર્શથી કલંકિત નહિ થાવા દો—આજ આપ આપની કન્યાને મોગલની બેગમ નહિ થાવા દો તો આપણે રજપૂતાઇની ટેકમાં, હિંદુના એ ગૌરવવંતા રાજ્યો કરતાં પણ શ્રેષ્ઠ ગણાઇશું.

“હું દિલ્હીની સલ્તનતની પરવા રાખતી નથી. રાજ્યસત્તાની લાલચની, અલંકારો અને વૈભવની લાલચથી રજપૂતાણી કોઇ દિવસ પોતાનો ધર્મ વેચતી નથી. રજપૂતાણી રજપૂતની સહધર્મિણી અને ગૃહિણી થવા યોગ્ય છે. મોગલકન્યા, તાતારકન્યા, એ બધીઓ બેગમ થવાનું પસંદ કરે તો વાજબી ગણાય; પરંતુ રજપૂતકન્યા તો મોગલને વરવા કરતાં ગરીબમાં ગરીબ ઝૂંપડીમાં રહેનાર રજપૂતની ગૃહિણી થવામાં વધારે ગૌરવ માનશે.”

રાજકુમારીના પિતાએ ધીમેથી જવાબ આપ્યો: “તારી બધી વાત હું સમજું છું. હું કાંઇ તને મારી રાજીખુશીથી બાદશાહ

[illegible]
[illegible] કરવું
પડે છે. બાદશાહનું કહ્યું નહિ માનીએ તો એ રૂપનગઢનો નાશ કરશે અને તને પણ બળપૂર્વક લઈ જશે.”

રાજકુમારીએ કહ્યું: “રજપૂતાણીને બળપૂર્વક અધર્મના માર્ગમાં લઇ જવાની શક્તિ દિલ્હીના બાદશાહમાં તો શું, પણ જગતના બધા રાજાઓ સાથે મળીને આવે તોપણ નથી. રજપૂતાણી મૃત્યુથી બીતી નથી. અગ્નિ, વિષ અને તલવાર એ રજપૂતાણીના આપત્તિ સમયે મિત્રો છે. એમની મદદથી હંમેશાં રજપૂતાણીઓ પોતાનું રક્ષણ કરતી આવી છે અને ભવિષ્યમાં પણ કરશે. મોગલોની સામે પોતાનું રક્ષણ કરવા જેટલી શક્તિ તમારામાં નથી એ હું જાણું છું. આપ રજા આપો તો હમણાંજ હું ચિતામાં પડીને કે વિષ ખાઇને રજપૂત કુળનું ગૌરવ અકલંકિત રાખવા તૈયાર છું.”

પિતાએ કહ્યું: “ધર્મના રક્ષણાર્થે કન્યાનું મૃત્યુ થવાથી રજપૂત દુઃખી થતો નથી. આજ મોગલ બાદશાહ તારૂં શિયળભંગ કરવા આવ્યો હોત તો હું મારે હાથે તને મૃત્યુના મુખમાં સોંપી દેત; પરંતુ તું હજુ કુમારી છે, બાદશાહે વિધિ પ્રમાણે તારી સાથે લગ્ન કરવાનું માગું મોકલ્યું છે, મોગલો અને રજપૂતો વચ્ચે વિવાહનો સંબંધ બંધાઇ ચૂક્યો છે; એટલે એ વિવાહ એક રીતે ઘણો ધિક્કારવા યોગ્ય હોવા છતાં એમાં તારા શિયળનો ભંગ થતો નથી, તેમ છતાં પણ જો તું ખરા અંતઃકરણથી એ વિવાહની વિરુદ્ધજ હોય તો તારા મૃત્યુ સામે મારે વાંધો નથી. દુઃખી જીવન કરતાં મૃત્યુ વધારે સારૂં છે; પણ યાદ રાખજે કે તારા મરવાથી બાદશાહ મને ક્ષમા કરશે નહિ. એ તો એમજ માનશે કે એની સાથે નહિ પરણાવવા સારૂ મેં પોતાની કન્યાની હત્યા કરી છે. એ વેરનો બદલો લેવા સારૂ બાદશાહ રૂપનગઢને પાયમાલ કરી નાખશે. રૂપનગઢના કલ્યાણ સારૂ તારે આ દુઃખ અને અપમાન વેઠવું જોઇએ. રૂપનગઢની રાજકન્યા થઇને રૂપનગઢનું સત્યાનાશ વાળીશ નહિ.”

રાજકુમારીએ કાંઇ જવાબ ન આપ્યો. મનમાં ને મનમાં એ વિચારવા લાગી: “ભલે એમ થવા દો. પિતા મને દિલ્હી મોકલીને ભલે રૂપનગઢનું રક્ષણ કરે. દિલ્હીના રસ્તામાં વિષ ખાઇને હું

મરી જઇશ. મર્યા વગર હવે છૂટકો નથી. અહીંયાં નહિ મરૂં તો દિલ્હીના રસ્તામાં મરીશ. એમ કર્યાથી રૂપનગઢનું રક્ષણ થતું હોય તો મારે શો વાંધો છે?" આ પ્રમાણે વિચારીને એણે પિતાને કહ્યું: "ભલે, એમ કરો. રૂપનગઢના કલ્યાણ સારૂ હું બધુંએ સહન કરીશ. મને દિલ્હી મોકલવાની તૈયારી કરો."

પોતાની મેડીમાં જઇને રાજકુમારી ખૂબ રોઇ. દુઃખીઓના એક માત્ર આધાર, વિપત્તિગ્રસ્ત મનુષ્યોની છેવટની મદદ, નિરાશોની છેવટની આશા, ભગવાનને પોકારીને એ ગળગળે સ્વરે કહેવા લાગી: "હે ભક્તવત્સલ ભગવાન! રૂપનું પરિણામ આવુંજ આવતું હોય તો તેં મને રૂપ શું કામ આપ્યું? મારૂં યૌવન હજુ તો હમણાંજ ફૂટયું છે. એ પ્રથમ યૌવનમાં મારા હૃદયમાં કેટલા સુખની આશા હતી; પણ આ તો મારૂં યૌવનરૂપી પુષ્પ ખીલતાં-વારજ કરમાઇ જવાનો સમય આવ્યો છે. પ્રભુ! તારા ધર્મરાજ્ય-માં આવો અન્યાય શા માટે? હું નાની બાલિકા છું. માટે શું મારી ઇચ્છા પ્રમાણે વર્તીને મારા જીવનનું સાર્થક કરવાનો અધિકાર મને નથી? શું મારે એ પરધર્મી બાદશાહની કામ-લાલસાના અગ્નિમાં પડવુંજ પડશે, અથવા તો મારે પોતાને હાથે પવિત્ર જીવનને અકાળે મૃત્યુને સોંપવું પડશે? પ્રભુ! રજપૂતાણી-ની આબરૂ સાચવીને તેને બચાવી શકાય એમ હોય તો મને બચાવ. દેવ! દીન બાલિકાની પ્રાર્થના સાંભળ! અને મને આ સંકટમાંથી પાર ઉતારવાનો યોગ્ય ઉપાય બતાવ!"

રાજકુમારીની પ્રાર્થના જગતપિતાના કાને પહોંચી. તેણેજ તેના હૃદયમાં ઊતરીને એક યુક્તિ સુઝાડી. રાજકુમારીને એ અંધકારમાંથી બહાર નીકળવાનો રસ્તો તરતજ જણાઈ આવ્યો. તેને સાંભરી આવ્યું કે, "આ આપત્તિમાંથી મારૂં રક્ષણ કરી શકે એવો એક વીર પુરુષ રાજસ્થાનમાં અવશ્ય છે. એ વીર મેવાડના રાણા રાજસિંહ છે. તેમને જો આશ્રયને માટે વિનતિ કરવામાં આવે તો એ જરૂર રજપૂતબાળાના ધર્મનું રક્ષણ કરશે."

વળી તે મનમાં ને મનમાં વિચારવા લાગી: "મહારાણા રાજ-સિંહની બહાદુરીની વાતો ઘણી સાંભળી છે. સંગ્રામસિંહ અને પ્રતાપસિંહના એ યોગ્ય સંતાન છે. મારૂં રક્ષણ કરવાની જો તેમની ઇચ્છા થશે તો તેઓ જરૂર એ કામમાં સફળ થશે. મારે

નિમિત્તે એમને મોગલો સાથે યુદ્ધ કરવું પડશે. એ યુદ્ધમાં રાજસિંહ મોગલોને હરાવશે તો પરાધીન રાજસ્થાનમાં પાછું સ્વતંત્રતાનું ગૌરવ આવશે. મારે તેમનેજ શરણે જવું જોઇએ.

" હું સાધારણ ગરીબ બાલિકા છું. એ મારૂં રક્ષણ કરી શકશે, તો તેના બદલામાં તેમને અર્પણ કરવા યોગ્ય મારી પાસે કશું પણ નથી. આ રૂપ અને યૌવન તેમના ચરણમાં સમર્પણ કરીશ. એ દેવસ્વરૂપ વીરની પૂજા કર્યાથી મારા સૌંદર્ય અને યૌવનનું પણ સાર્થક થશે. "

રાજકુમારીના દારુણ દુઃખ અને નિરાશામય હૃદયમાં આ વિચારોથી સાંત્વના અને આશાનો સંચાર થયો. એણે રાજસિંહના ઉપર એક પત્ર લખીને એક વિશ્વાસુ બ્રાહ્મણ સાથે મોકલી આપ્યો.

આગળ પાછળનો બધો વૃત્તાંત તથા બાદશાહ સાથે પરણવા સામે પોતાનો મજબૂત વાંધો જણાવીને તેણે લખ્યું હતું કે, " મહારાણા ! હું એક સાધારણ બાલિકા હોવા છતાં પણ રજપૂતકન્યા છું. આપ રજપૂતોના ગૌરવ છો, પવિત્ર મેવાડના રાણા છો, ધર્મ સાચવવા સારૂ, રજપૂતોની ટેક સાચવવા સારૂ, રજપૂતબાળા આપનો આશ્રય માગે છે. મેવાડના રાણા આવી આફતના સમયમાં મને મદદ કરીને રાજધર્મનું પાલન નહિ કરે ? જે મેવાડના રાણાઓ મૂળથીજ રજપૂતોની આબરૂનું રક્ષણ કરતા આવ્યા છે, તે રાણાઓના વંશજ થઇને, તમે રજપૂત બાળાનું અપમાન ચુપચાપ પોતાની આંખે જોઇ રહેશો ? રજપૂત બાળાને માથે આના કરતાં વધારે મોટી આફત બીજી કોઇ હોઇ શકે નહિ. એવી આપત્તિને સમયે હું તમારી સહાયતા માગું છું. રજપૂત કુળતિલક મહારાણા રાજસિંહની હયાતીમાં રજપૂત કન્યા પરધર્મીની બેગમ બનશે ? મહારાજ ! દુરાચારી મોગલોના હાથમાંથી આપ મારૂં રક્ષણ નહિ કરો ? મેવાડની ગાદી ઉપર બિરાજીને તમે આર્યકુળની મર્યાદા ડુબાડશો તો હું પ્રતિજ્ઞા કરૂં છું કે, આત્મહત્યા કરીને હું મારા ધર્મનું રક્ષણ કરીશ. મેવાડાધિપતિ ! આજ તમારી તલવાર મ્યાનમાંથી નહિ નીકળે તો યાદ રાખજો કે પછી કોઇ દિવસ સમશેર ખેલવાનો આવો સરસ પ્રસંગ મળવાનો નથી. હમેશાં તમારી તલવારને કલંકિત થઇને મ્યાનની અંદરજ પડી રહેવું પડશે. "

યથાસમયે આ પત્ર રાજસિંહને પહોંચ્યો.

મોગલ બાદશાહ ઔરંગઝેબ ઘણો ચતુર અને શક્તિશાળી હોવા છતાં પોતાની અતિશય ધર્માંધતાને લીધે દેશના લોકોના તિરસ્કારને પાત્ર થઇ પડ્યો હતો. વહેલામોડા રજપૂતોની સાથે તેને યુદ્ધ કર્યા વગર છૂટકો નહોતો.

એવે વખતે રજપૂત બાળાની પ્રાર્થના રાજસિંહ નામંજૂર કરી શક્યો નહિ. રૂપનગઢની રાજકુમારીનો ઉદ્ધાર કરવા તે પોતાના સૈન્ય સાથે નીકળી પડ્યો અને રૂપનગઢની પાસેના કોઈ પહાડી રસ્તામાં સંતાઇ રહ્યો.

પત્ર મોકલ્યા પછી રૂપનગઢની રાજકુમારી દિલ્હી જવા નીકળી. આજ રૂપનગઢમાંથી તેની છેલ્લી વિદાય હતી. રાજસ્થાન-માંથી આજ તેની છેલ્લી વિદાય હતી અને રાણા રાજસિંહ ક્ષાત્રધર્મનું પાલન કરીને અબળાની વહારે ન ધાય તો પૃથ્વીમાંથી પણ આજ તેની છેલ્લી વિદાય હતી !!

નિરાશીઓની છેલ્લી આશા ભગવાન છે. એ ભીડભંજન ભગવાન ઉપર ભરોસો રાખીને રાજકુમારી આજ દિલ્હી જવા નીકળી. અંતરમાં એ વીર રાણા રાજસિંહની પૂજા કરતી હતી.

જે પહાડી પ્રદેશમાં રાજસિંહ તેમની વાટ જોઇને ઊભો હતો ત્યાં આગળ મોગલોનું સૈન્ય રૂપનગઢની રાજકન્યાને લઇને આવી પહોંચ્યું, એટલે રાજસિંહે પ્રબળ વેગથી તેમના ઉપર હુમલો કર્યો. મોગલો છિન્નભિન્ન થઇને પલાયન કરી ગયા. રાજકુમારીને લઈ વિજયી રાજસિંહ ઉદયપુર ગયો.

આ સમાચાર ઔરંગઝેબની પાસે પહોંચ્યા. થોડાજ વખત-માં રાજસિંહને બાદશાહ સાથે ઘોર યુદ્ધમાં ઊતરવું પડ્યું.

એ યુદ્ધમાં ઔરંગઝેબનો પરાજય થયો. સમરસિંહ, સંગ્રામ-સિંહ અને પ્રતાપસિંહના યોગ્ય વંશજ રાજસ્થાનના મહાવીર રાજસિંહે અસાધારણ પરાક્રમ બતાવીને ઇ૦ સ૦ ૧૬૮૦ ના માર્ચ માસમાં મુસલમાનો ઉપર વિજય મેળવ્યો.

યુદ્ધ સમાપ્ત થયા પછી, રાણા રાજસિંહ પાકી ઉંમરનો હોવા છતાં પણ રૂપનગઢની યૌવનસંપન્ન રાજકુમારીએ સહર્ષ તેની સાથે લગ્ન કર્યું.

२३४-राणी जयमती

સ્ત્રીજાતિ સાધારણ રીતે અબળા અને બીકણ તરીકે ઓળખાય છે; પરંતુ પતિ, પુત્ર, સ્વદેશ અને શિયળના રક્ષણ ખાતર તેમણે પોતાના પ્રાણ પણ વગર સંકોચે સમર્પણ કર્યા હોય એવાં દૃષ્ટાંતો થોડાં નથી. સીતા, સાવિત્રી વગેરે પ્રાતઃસ્મરણીય સ્ત્રીઓના યુગને છોડી દઈને વર્તમાનકાળના ઇતિહાસની આલોચના કરવા જતાં પણ સ્ત્રીઓના આત્મત્યાગનાં અસંખ્ય ઉદાહરણ મળી આવે છે. અહીં જે સાધ્વી રમણીરત્નના જીવનનું અતિ સંક્ષેપમાં અવલોકન કર્યું છે તે આસામની સ્ત્રીઓની શિરોમણિ રાણી જયમતી છે અને તે આ વાતના એક ઉત્તમ દૃષ્ટાંતરૂપ છે.

પર્વતમાળાઓથી શોભી રહેલા આસામ પ્રદેશની રમણીય શોભા જોતાંવારજ જણાઈ આવે છે કે, પ્રકૃતિએ આ સ્થાનને ભગવદ્‌ભક્ત મહાત્માઓને ઇશ્વરની આરાધના કરવા સારૂ નિર્માણ કર્યું હશે. નાનીમોટી પર્વતમાળાઓ ઊંચું મોં કરીને જાણે કોઇ મહાધ્યાનમાં નિમગ્ન હોય તેમ ઊભી છે. આસામની એક માત્ર નદી બ્રહ્મપુત્રા પણ જાણે પરમ પિતાની શોધમાં જતી હોય તેમ સ્થિર અને શાંતભાવે નિરંતર વહ્યા કરે છે; પરંતુ આસામ પ્રદેશ કેવળ પ્રાકૃતિક દૃશ્યને માટેજ પ્રસિદ્ધ નથી. ત્યાંનાં અસંખ્ય દેવમંદિરો આજદિન સુધી પ્રાચીન આસામીઓના ધર્માનુરાગ અને શિલ્પકૌશલ્યનો પરિચય આપે છે. શિવસાગર જિલ્લાથી ત્રણ માઇલ દૂર જયસાગર નામનું એક તળાવ છે. એ તળાવ ઘણુંજ વિશાળ છે અને આશરે બસો વર્ષ પૂર્વે ખોદવામાં આવ્યું હશે એમ મનાય છે. જયસાગર તળાવ આજદિન સુધી મુસાફરોને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. એટલું મોટું તળાવ બીજે કયાંય હશે કે નહિ તેની ખબર નથી. અતિ આશ્ચર્યની વાત

તો એ છે કે એમાં કોઇ પણ દિવસ લીલ બાઝતી નથી. એમાં કોઇ એવી જાતની રાસાયણિક ક્રિયા કરેલી છે તેથી અથવા તો કોઈ વૈજ્ઞાનિક યુક્તિને લીધે તેનું પાણી સ્ફટિકના જેવું સ્વચ્છ અને નિર્મળ રહે છે. એનું પાણી જમીનની સપાટીથી પાંચ છ ફીટ ઊંચું છે. એનો કાંઠો બહારથી ઢોળાવદાર છે. આસામરાજ રુદ્રસિંહે તેની માતા જયમતીના સ્મૃતિચિહ્ન તરીકે એ તળાવ ખોદાવ્યું હતું અને તેના નામ ઉપરથી એ તળાવનું નામ જયસાગર પાડ્યું છે. એ તળાવને કાંઠે "જયદોલ" નામનું એક મંદિર છે. આસામની ભાષામાં મંદિરને દોલ કહે છે. અમે આજ એ મહાન લલનાનું ચરિત્ર ગુર્જર બહેનો સમક્ષ રજૂ કરીશું; પરંતુ તે પહેલાં આસામનો ઇતિહાસ સહજસાજ જાણવો જરૂરનો છે.

લગભગ સાતસો વર્ષ પૂર્વ બ્રહ્મદેશમાં આવેલા પંગ નામક રાજ્યમાંથી માંહોમાંહેના કુસંપકલેશને લીધે કંટાળીને કેટલાક લોકો જન્મભૂમિનો ત્યાગ કરીને આસામમાં પાતકૈ પહાડની પાસેના મુલકમાં આવી વસ્યા હતા. તેમનો રાજા ચુકાફા પણ તેમની સાથે આવ્યો હતો. તેમણે હાલના શિવસાગર અને લક્ષ્મીપુર જિલ્લાના કેટલાક ભાગ ઉપર અધિકાર મેળવીને સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. એમના સમયમાં આસામ પ્રદેશ ઘણો આબાદ થયો. એ લોકો પ્રજાના ખરા હિતૈષી હતા અને લોકકલ્યાણનાં ઘણાં સત્કાર્યો કરવા માટે પ્રખ્યાત થયા હતા. એ બધાં સત્કાર્યોને લીધે તેઓ અસમ (અર્થાત્ અતુલનીય) નામથી પ્રખ્યાત થયા હતા. જૂનો ઇતિહાસ વાંચવાથી જણાઇ આવે છે કે, ઘણા પ્રાચીન કાળમાં પણ આસામ આર્યવંશી રાજાઓના તાબામાં હતું. પ્રાચીન આર્ય રાજાઓનો ધ્વંસ થયા પછી છુટિયા, કોચ વગેરે કેટલીક અનાર્ય જાતિઓના રાજ્યકાળમાં ધર્મ, સભ્યતા, વિદ્યા વગેરે બધા વિષયોમાં આસામની ઘણીજ અવનતિ થઇ હતી. તે પાછી આસામી રાજાઓના સમયમાં એની પુનરુન્નતિ શરૂ થઈ; એટલે પૌરાણિક યુગની વાત છોડી દઇએ તો આસામમાં યથાર્થ રાજશક્તિના સ્થાપનાર 'અહમ' વંશીઓને ગણી શકાય. રાણી જયમતીએ અહમ રાજવંશમાં જન્મ ધારણ કરીને એ વંશની કીર્તિમાં વધારો કર્યો છે. જયમતીનો જન્મ થયો તે સમયે આસામ રાજ્યમાં ભયંકર આંતરવિગ્રહ મચી રહ્યો હતો. રાજ્યનો બધો વહિવટ મંત્રીઓના હાથમાં આવી

ગયો હતો અને તેઓએ પોતાની સત્તા ચાલુ રાખવાના ઉદ્દેશ-થી રાજકુટુંબમાંથી મૂર્ખ, આળસુ અને બાયલા પુરુષોને ગાદી ઉપર બેસાડવાનો પ્રયત્ન કર્યો હતો. તેમણે પ્રપંચ રચીને એ વખતના રાજાની હત્યા કરાવી તથા એક સગીર વયના બાળકને ગાદીએ બેસાડ્યો. આસામી ભાષામાં ‘લરા’ શબ્દનો અર્થ બાળક થાય છે એટલે એ રાજા “લરા–રાજા” અર્થાત્ બાળક રાજાના નામથી પ્રસિદ્ધ થયો.

એક તો એ બાળક હતો, તેમાં વળી ખટપટી મંત્રીઓના હાથમાં પૂતળા જેવો થઇ રહ્યો હતો. રાજકાજ ચલાવવા જેટલું પાણી તેનામાં નહોતું. વળી તે સ્વભાવનો ઘણો બીકણુ હતો. તેને હમેશાં એજ ડર રહેતો કે રખે કોઇ મને પણ આગલા રાજાની પેઠે મારી નાખે. એ ભયને લીધે એ સદા ચિંતાતુર રહેતો તથા રાજકુટુંબના બીજા પુરુષોનો વધ કરાવીને પોતાનો માર્ગ નિષ્કટંક કરવાનો યત્ન કરતો. આસામના મંત્રીઓ પણ લરા–રાજા જેવા દુર્બળ નૃપતિના પક્ષપાતી હતા, એટલે તેઓ પણ તેના કામમાં વિઘ્ન નહિ નાખતાં, ઊલટી મદદ કરતા. એ વખતમાં આસામ રાજ્યમાં એવો કાયદો હતો કે, રાજકુટુંબમાં ઉત્પન્ન થયેલા કોઇ પણ બાળકના અંગમાં ખોડખાંપણ હોય તો તે રાજગાદીનો હકદાર ગણાશે નહિ; એટલા સારૂ લરા–રાજા રાજકુટુંબના મનુષ્યોમાંથી કોઇની હત્યા કરવા લાગ્યો, તો કોઈ-ના હાથપગ કાપીને અપંગ બનાવવા લાગ્યો.

એ સમયમાં કુમારી જયમતીના સૌંદર્ય અને સદ્ગુણની ખ્યાતિ ચારે તરફ પ્રસરી રહી હતી. લરા–રાજાએ તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા દર્શાવી; પરંતુ તેજસ્વી જયમતી વીરનારી હતી. વીરતાનો મહિમા એ સારી પેઠે જાણતી હતી. મંત્રીઓના હાથમાં પૂતળાની પેઠે નાચનારા, પોતાના સ્વાર્થ ખાતર બિલકુલ નામર્દાઇથી બંધુઓનો વધ કરનારા લરા–રાજા માટે તેને ઘણોજ તિરસ્કાર ઊપજ્યો હતો. રાજાની રાણી બનીને રાજ્યસુખ અને વૈભવ ભોગવવાની લાલચમાં આવીને એ એવા કાયર રાજા સાથે પરણે એવી સ્ત્રી નહોતી. તેણે લરા–રાજાને પરણવાની સાફ ના કહી અને એ સમયનાં પ્રચલિત રિવાજ પ્રમાણે સ્વયંવર રચીને, રાજવંશમાં જન્મેલા ગદાપાણિ નામના એક વીર પુરુષને વરમાળા પહેરાવી. ગદાપાણિનું શરીર હૃષ્ટપુષ્ટ અને કસરતથી કસાયેલું હતું.

તેની બુદ્ધિ પણ અસાધારણ હતી. તે પોતાની વીરતા તથા બુદ્ધિ-ચાતુર્ય માટે ઘણોજ પ્રસિદ્ધ હતો. આસામના લોકો તેને ઘણુંજ ચાહતા હતા. બીકણ સ્વભાવના લરા-રાજાને માટે ગદાપાણિનું વીરત્વ અને લોકપ્રિયતા અસહ્ય થઇ પડ્યાં. પહેલેથીજ તેની ઇચ્છા ગદાપાણિની હત્યા કરવાની હતી, પણ જ્યારે જયમતીએ પોતાની સાથે લગ્ન કરવાની ના કહી ને ગદાપાણિ સાથે પાણિગ્રહણ કર્યું ત્યારે તેના હૃદયમાં વેર લેવાની ઇચ્છા ઘણી પ્રબળ થઇ ગઇ. તેણે ગદાપાણિની હત્યા કરવાનો નિશ્ચય કર્યો અને તેના દુષ્ટ મંત્રીઓ પણ તેના હિંસાનલમાં આહુતિ આપવા લાગ્યા.

રાજાના ક્રોધમાંથી બચવાનો બીજો કોઇ ઉપાય નહિ સૂઝ્યાથી, ગદાપાણિ બાળક પુત્ર અને પત્ની જયમતીને ઘર આગળ રાખીને પલાયન કરી ગયો અને રાજાના ગુપ્તચરો અને સિપાઇઓથી બચવા માટે પર્વતોમાં ફરવા લાગ્યો; પરંતુ રાજાએ તેની પાછળ અસંખ્ય સિપાઇઓ અને સવારો મોકલ્યા હતા. એ દુશ્મનોના હુમલામાંથી બચવાને માટે ગદાપાણિને અનેક યુક્તિઓ વાપરવી પડી હતી. ઘણી વખત તેણે અસાધારણ વીરતાનો પરિચય આપ્યો હતો. છંછેડાયલો સિંહ જેમ પોતાના શિકાર ઉપર તૂટી પડે તેમ એ ઘણીએ વખત લરા-રાજાએ મોકલેલા સૈનિકો ઉપર તૂટી પડતો અને બહાદુરીથી તેમની સાથે ઝપાઝપી કરીને, એમની આખી ટુકડીનો વધ કરી નાખતો. આ પ્રમાણે દુશ્મનોનો સંહાર કરીને એ નાસતો નાસતો બ્રહ્મપુત્રા નદી આગળ આવી પહોંચ્યો તથા બ્રહ્મપુત્રા નદી ઓળંગીને તેણે પોતાના પ્રાણની રક્ષા કરી. ભૂખ, ઉજાગરો અને માનસિક ચિંતાને લીધે ગદાપાણિ ઘણો દુર્બળ થઇ ગયો હતો. એવી દશામાં ઘણા દિવસ સુધી પોતાનું રક્ષણ નહિ થાય એમ ધારીને એ નાગાપહાડના એક દુર્ગમ પ્રદેશમાં સંતાઇ રહ્યો. લરા-રાજાના નોકરોએ ગદાપાણિની ઘણી શોધ કરી પણ કાંઈ પત્તો લાગ્યો નહિ. આથી લરા-રાજા ઘણોજ દિલગીર થયો અને બીજી કોઇ રીતે ગદાપાણિનું વેર લેવાનો ઉપાય શોધવા લાગ્યો.

આખરે તેના કુટીલ મંત્રીઓએ સલાહ આપી કે, “જયમતીને રાજસભામાં બોલાવી મંગાવો અને તેને ગદાપાણિના સમાચાર પૂછો; કારણકે સ્વામી ક્યાં છે તેની સ્ત્રીને અવશ્ય ખબર હોવી જોઇએ.” જયમતી પોતાને વરી નહોતી એટલે તેના ઉપર તો લરા-

રાજાને પહેલેથીજ દ્વેષ હતો; અને આ નિમિત્તે ભરસભામાં બોલાવીને તેનું અપમાન કરવાનો લાગ મળશે એમ ધારીને તેણે મંત્રીઓની સલાહને ઘણુજ આનંદપૂર્વક માન્ય રાખી. તરતજ તેણે જયમતીને તેડી લાવવા સારૂ રાજ્યના સિપાઇઓ મોકલ્યા. રાજાના હુકમને માન આપીને જયમતી પણ વગર વિલંબે રાજસભામાં હાજર થઇ. તેના મુખારવિંદ ઉપર તેજસ્વિતાની એક અપૂર્વ જ્યોતિ છવાઇ રહી હતી. તેનો નીડર ચહેરો જોઇને બધા સ્તંભિત થઇ ગયા. લરા-રાજા પણ તેના સતીત્વનું તેજ જોઇને ઘડીભરને માટે અંજાઇ ગયો, પણ તેનો એ ભાવ ઘણી વાર સુધી સ્થાયી રહ્યો નહિ. બીજીજ ક્ષણે તેણે લાલચોળ આંખ કરીને જયમતીને પૂછ્યું: "તારો સ્વામી ક્યાં છે?" બીજી કોઇ સાધારણ સ્ત્રી હોત તો અસત્યનો આશ્રય લેત અને કહેત કે, "મને ખબર નથી." પરંતુ જયમતી ખરેખરી વીર નારી હતી. તેણે આવા આપત્તિના સમયે પણ જૂઠું બોલવાનું વાજબી ગણ્યું નહિ. તેણે ખરેખર વીર રમણીને છાજે એવી રીતે સ્પષ્ટ જવાબ આપ્યો કે, "મારો સ્વામી ક્યાં છે તે હું કહીશ નહિ." રાજાના અમલદારોએ એ પહેલાં તો તેને ઘણો ભય બતાવ્યો, પણ એમ છતાંયે જયમતીનો સંકલ્પ દૃઢજ રહ્યો. ગમે તેટલો ભય બતાવ્યા છતાં પણ એ ચળી નહિ. આખરે તેને કેદખાનામાં પૂરીને તેની સાથે ઘણી ઘાતકી વર્તણુંક ચલાવવા માંડી; પરંતુ રાણી જયમતીએ એટલો બધો જુલમ શાંતિપૂર્વક સહન કર્યો. સ્વામીની ખબર આપી દઇને પોતાનો છુટકારો કરવાનો વિચાર તેના મનમાં એક ક્ષણને માટે પણ ઉત્પન્ન થયો નહિ. એક અબળા ઉપર આટલો બધો અત્યાચાર થઇ રહ્યો હતો, એ જોઇને રાજ્યનાં બધાં સ્ત્રી-પુરુષોનાં હૃદય પીગળી ગયાં; પણ લરા-રાજાના પાષાણ હૃદય ઉપર જરા પણ અસર થઈ નહિ. એ તો ઊલટો દિનપ્રતિદિન નિર્દોષ જયમતી ઉપર વધારે ને વધારે જુલમ કરતો ગયો. એ દુરાત્મા રાજાના હૃદયમાં જરા પણ દયાનો સંચાર થયો નહિ. એમ કહેવાય છે કે, પત્નીના ઉપર જે અસહ્ય અત્યાર થઇ રહ્યો હતો તેના સમાચાર તેના પતિ ગદાપાણિ પાસે પહોંચ્યા. તેને માટે હવે ગુપ્તવાસ અસહ્ય થઇ પડ્યો. પોતાના ગુપ્તવાસમાંથી નીકળીને એ ગુપ્ત વેશમાં બીજા જોવા જનારા ભેગોજ રાણી જયમતીના કેદખાનામાં ગયો અને સ્વામીના સમાચાર કહી દેવાનો

તેને વારંવાર આગ્રહ કર્યો.

ગદાપાણિ ગુપ્ત વેશમાં આવ્યો હતો તોપણ પતિવ્રતા જયમતી તરતજ તેને ઓળખી ગઇ, પરંતુ રખે કોઇ તેમને પકડી લે એ શંકાથી કહેવા લાગીઃ “ મારા સ્વામી ક્યાં છે તે હું જાણું છું, પણ જીવ જતાં સુધી હું એ સમાચાર કોઇને જણાવવાની નથી. આપ નાહક શા સારૂ મને ખોટી સલાહ આપવા આવ્યા છો ? તમને મારા હિતૈષી બનાવીને કોણ તેડી લાવ્યું છે ? તમે સ્વચ્છંદે જ્યાં પધારવું હોય ત્યાં સિધાવો.” ગદાપાણિ પોતાની ધર્મપત્નીનો આ ઇશારો સમજી ગયો અને તેની અદ્‌ભુત સ્વામિભક્તિ જોઇને વિસ્મય પામ્યો. તેને વિચાર થયો કે હું છતો થઇને આટલી બધી પતિવ્રતા પત્નીને આલિંગન દઉં, પણ બીજી ક્ષણે તેને વિચાર આવ્યો કે એમ કર્યાથી એના જીવને ઊલટું દુઃખ થશે. પત્નીની દુર્દશા તેનાથી વધારે વખત જોઇ શકાઈ નહિ અને તેથી તે ત્યાંથી ઉદાસ થઇને ચાલ્યો ગયો. સ્વામીનો પ્રાણ બચાવવા ખાતર પોતાનો પ્રાણ આપી દેવો એ ભારતની સ્ત્રીઓને માટે કાંઈ અઘરી વાત નથી; પરંતુ જયમતીએ જે કષ્ટ ભોગવ્યું તે એકદમ પ્રાણ આપી દેવા કરતાં પણ અધિક હતું. દુષ્ટ લરારાજાએ જયમતીને એક ખીંટી સાથે બાંધી રાખીને પંદર સોળ દિવસ સુધી ચાબખા માર્યા કર્યા. જયમતીએ બધો માર મોં જરા પણ વીલું કર્યા વગર સહન કર્યો. એ ઉપરથી જણાઇ આવે છે કે એનું માનસિક બળ કેટલું બધું હશે ?

ગદાપાણિ એક વખત ફરીથી તેને મળવા આવ્યો હતો પણ જયમતીએ તેને કહી દીધું કે, “ તમારા શરીરમાં જરા પણ દયા નથી કે શું ? તમે મારૂં અપમાન અને કષ્ટ જોવા અહીં સુધી આવ્યા છો ?” જયમતીની એ વખતે અંતિમ દશા આવી પહોંચી હતી. પત્નીની છેવટની ઇચ્છાને માન આપીને ગદાપાણિ પોતાના શોકને હૃદયમાં શમાવીને પાછો પલાયન કરી ગયો.

અત્યંત જુલમ અને અપમાન સહન કરીને સાધ્વી–શિરોમણિ રાણી જયમતી થોડા સમયમાંજ નશ્વર દેહનો ત્યાગ કરીને દિવ્ય ધામમાં ચાલી ગઈ. ક્રૂર રાજાનો પ્રાણ અસહાય રમણીના અશ્રુજળથી પીગળ્યો નહિ; પણ વિશ્વરાજ પરમેશ્વરની આગળ તેનો કરુણ ક્રંદનધ્વનિ પહોંચ્યા વગર રહ્યો નહિ. તેમણે સતી

જયમતીને તો પોતાની સેવામાં બોલાવી લીધી, પણ તેના પતિ ગદાપાણિને રાજસિંહાસન ઉપર બિરાજમાન કરાવીને તેમણે જયમતીની અંતિમ ઇચ્છા પૂર્ણ કરી. લરા-રાજા અને તેના નીચ મંત્રીઓની ખરાબ વર્તણુંકથી પ્રજા ઘણોજ ત્રાસ પામી ગઇ. તેમણે પ્રેમપૂર્વક ગદાપાણિને રાજધાનીમાં પાછા આવવાનું આમંત્રણ મોકલ્યું અને લરા-રાજાનો વધ કરીને ગદાપાણિનો રાજ્યાભિષેક કર્યો. તેના પુત્ર રુદ્રસિંહના સમયમાં આસામ રાજ્યની ઘણીજ ઉન્નતિ થઈ. એ પુત્રે રાણી જયમતીના સ્મરણમાં "જયસાગર" તળાવ બંધાવ્યું. એ તળાવ આજ દિન સુધી રુદ્રસિંહ રાજાની માતૃભક્તિ અને જયમતીના પાતિવ્રત્ય ધર્મનું સ્મરણ કરાવે છે.

પ્રિય બહેનો! જયમતીની સાથે આસામના લરા-રાજાએ જે અમાનુષિક વર્તણુંક ચલાવી હતી તેનું ચિત્ર માનસપટ ઉપર ચિતરવાનો પ્રયત્ન કરી જુઓ! જન્મથીજ રાજ્યના ઠાઠમાઠમાં લાડથી ઊછરેલી લાવણ્યવતી રમણીને બાંધીને ચાબખાઓનો પ્રહાર જોરથી થઇ રહ્યો છે! એ પ્રહાર પણ એક વાર કે બે વાર નહિ; લાગલાગટ બે અઠવાડિયાં સુધી એવો અસહ્ય માર ભોગવવા કેટલી બધી માનસિક શક્તિની જરૂર પડી હશે? તેની કલ્પના કરો. પતિપ્રેમનાં જે અસંખ્ય ઉદાહરણો ભારતવર્ષમાં મળી આવે છે તેમાં જયમતીએ વધારો કર્યો છે અને તે પતિવ્રતા સતી તરીકે ભારતનાં સ્ત્રીપુરુષોની ભક્તિને પાત્ર બની છે.





२३५-राणी हाडीजी

આગલા જીવનચરિત્રમાં આપણે જોઇ ગયા છીએ કે રૂપનગઢની રાજકુમારીના રક્ષણ સારૂ રાજા રાજસિંહ એક મોટું લશ્કર લઇને રવાના થયો હતો. એ લશ્કરના એક ભાગની સરદારી ચૂડાવત સરદારને સોંપવામાં આવી હતી. ચૂડાવત ઉદયપુરના એક અગ્રગણ્ય જાગીરદાર હતા અને રાણાજીનો તેમના ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો.

મહારાણા તરફથી લશ્કર તૈયાર કરવાનો હુકમ મળતાંવારજ ચૂડાવતજી પોતાની રાજધાનીમાં આવ્યા અને બીજે દિવસે લડાઇનો ડંકો વગડાવીને પોતાના યોદ્ધાઓને યુદ્ધને માટે તૈયાર થવાનો ઢંઢેરો પિટાવ્યો. પોતે પણ રણક્ષેત્રને માટે અસ્ત્રશસ્ત્ર તથા બખ્તર વગેરેથી સજ્જ થવા લાગ્યા. એટલામાં તેમણે રાજમહેલના ઝરુખામાંથી પોતાની નવયૌવના રાણીને ડોકિયું કરતી જોઇ. રાણીનું સુંદર મુખ જોતાંવારજ તેમનો યુદ્ધમાં જવાનો ઉત્સાહ કાંઇક મંદ પડી ગયો અને તેમની મુખાકૃતિ ફિક્કી પડી ગઇ. એ ઉદાસ ચહેરે મહેલમાં ગયા; પરંતુ એમની ચતુર રાણીએ તરતજ એમના મનની વાત જાણી લીધી. એ રાણી હાડા રજપૂતની કન્યા હતી અને તેથી હાડીજીના નામથી ઓળખાતી હતી. પતિને નિસ્તેજ થયેલા જોઇને એણે પૂછયું: “ મહારાજ! આજે આમ કેમ? કાંઇ અશુભ સમાચાર તો નથી સાંભળ્યા? આપની કાંતિ આમ એકદમ ફિક્કી કેમ પડી ગઇ? ઘણા ઉમંગથી તમે યુદ્ધનો ડંકો વગડાવ્યો હતો, એ વખતે આપના મુખ ઉપર કેટલું બધું તેજ પ્રકાશી રહ્યું હતું અને એકાએક આ શું થઇ ગયું? આપનો ઉત્સાહ અને ઉમંગ ક્યાં જતો રહ્યો? આપે યુદ્ધનો ડંકો શા સારૂ વગડાવ્યો હતો? શું કોઇ શત્રુ ચડી આવ્યો છે? એમ છે તો તમારૂં મોં ઊતરી કેમ ગયું? યુદ્ધમાં

જવાના સમાચારથી તો ક્ષત્રિયના હૃદયમાં શૂરતાનો આવેશ આવે છે; પરંતુ તમે તો એથી ઊલટા ઢીલાઢબ થઇ ગયા છો. શું કારણ છે તે મને તો કહો વહાલા! તમને મારા શપથ છે.”

ચૂડાવતજીએ ઉત્તર આપ્યો: “રૂપનગઢના રાઠોડ રાજાની રાજકુમારીને દિલ્હીનો બાદશાહ બળાત્કારથી પરણવા માગે છે અને એ રાજકુમારી પોતાના મનથી આપણા રાણા રાજસિંહ-જીને વરી ચૂકી છે; એટલા માટે તેનો ઉદ્ધાર કરવા સવારેજ રાણાજી રૂપનગઢ પધારશે અને બાદશાહનો રસ્તો રોકવાનું કામ જે મેવાડી સેનાને સોંપવામાં આવ્યું છે તેનો સેનાપતિ હું છું, ત્યાં આગળ ઘોર સંગ્રામ થશે. એ યુદ્ધમાંથી પાછા ફરવા-ની મને આશા નથી; કારણકે બાદશાહની સેનાના પ્રમાણમાં અમારી સેના ઘણી થોડી છે. મરવાથી હું જરા પણ બીતો નથી. મનુષ્યમાત્રને મરવું તો અવશ્ય છેજ, તો પછી હું મોતથી ડરૂં તો મારી માતાની કૂખને કલંક લાગે—મારા પૂર્વજ ચૂડાજીના પવિત્ર યશસ્વી નામને ડાઘ લાગી જાય. કોઇ અમર રહ્યું નથી અને હું રહેવાનો નથી. વહેલામોડા જરૂર મરવું છે. મને મૃત્યુ-નો ભય નથી. મને ચિંતા કેવળ તારીજ છે. તું હમણાંજ મને પરણીને આવી છું. હજુ તેં સંસારનો કાંઈ લહાવો લીધો નથી અને એટલા થોડાજ સમયમાં આજે હું મૃત્યુના મુખમાં જાઉં છું! તારો વિચારજ મને વ્યાકુળ કરી રહ્યો છે, જેથી તે વખતે મારૂં હૃદય ઘણું કોમળ થઇ ગયું અને મારો બધો ઉત્સાહ મંદ પડી ગયો.”

એ સાંભળીને હાડી રાણીએ કહ્યું: “મહારાજ! ક્ષત્રિય થઈને આપ આ કેવા શબ્દો બોલી રહ્યા છો? આપ રણક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરશો તો એના કરતાં ગૌરવનું કારણ મારે માટે બીજું શું? મૃત્યુનો વખત આવશે ત્યારે હાલતાં, ચાલતાં, સૂતાં, બેસતાં ગમે ત્યારે અચાનક મોત આવીને આત્માને આ પિંજરામાંથી લઇ જશે. એ વખતે પણ સંસારનું સુખ તો છોડવું-જ પડશે ને? નસીબમાં મૃત્યુ નહિ લખાયું હોય તો તો રણ-ક્ષેત્રમાંથી પણ સાજાતાજા આવશો અને ભાગ્યમાં મૃત્યુ લખાયું હશે તો ઘરમાં ગમે તેટલી સાવચેતી રાખીને બેસશો તોપણ નહિ બચો; માટે યુદ્ધમાં જતી વખતે સગાંસંબંધીઓનો મોહ કરવો તથા સાંસારિક સુખોની વાસના મનમાં રાખવી એ રજ-

પૂતને છાજતું નથી. કોઇ પણ વસ્તુમાં ધ્યાન રાખ્યા વગર રાણાજીએ સોંપેલું કાર્ય પાર પાડવા રાજીખુશીથી યુદ્ધમાં સિધાવો. માતાજીની કૃપાથી આ યુદ્ધમાં તમને વિજય મળશે. પછી આખી જિંદગી ઘણુંએ સુખ ભોગવીશ અને ન કરે નારાયણ, તમે આ યુદ્ધમાં કામ આવી જશો તો પતિના મૃત્યુ પછી રજપૂતાણીનું જે કર્તવ્ય છે તે હું યથાર્થ પાળીશ. રણક્ષેત્રમાં મરણ પામવાથી આપણે સ્વર્ગમાં અનંતકાળ સુધી દાંપત્યસુખ ભોગવીશું; માટે હે પ્રાણનાથ! હર્ષપૂર્વક રણક્ષેત્રમાં પધારો અને શત્રુઓને હરાવ્યા વગર પાછા ન આવશો. આપણી બન્નેની ભેટ અહીંયાં નહિ થાય તો સ્વર્ગમાં તો થશેજ. આપ મારામાં જીવ રાખ્યા વગર સિસોદિયાને છાજે એવી રીતે રણક્ષેત્રમાં લડીને યશ મેળવજો. પછીથી રજપૂતાણીનું કર્તવ્ય શું છે તે હું સારી પેઠે જાણું છું. હું આપની પાછળ મારા ધર્મનું પાલન કરવામાં જરા પણ ત્રુટિ કે વિલંબ નહિ કરૂં."

આ પ્રમાણે પતિપત્નીમાં ઘણી વાતો થઇ રહી. ચૂડાવતજી હાડી રાણી પાસેથી વિદાય થવા લાગ્યા, ત્યારે રાણીએ કહ્યું: "મહારાજ! વિજય મેળવીને વહેલા આવજો. આપ આપના કુળનો ધર્મ જાણો છો, એટલે મારે કાંઇ શિખામણ આપવાની જરૂર નથી; છતાં પણ એક વખત ફરીથી વિનતિ કરૂં છું કે બીજી કોઇ પણ વાતમાં મન રાખ્યા વગર રણક્ષેત્રમાં શત્રુઓનો સંહાર કરવામાંજ ચિત્તને પરોવી રાખજો."

ચૂડાવત બોલ્યા: "હાડીજી! આ યુદ્ધમાં વિજયી થઇને પાછા આવવાની આશા તો ઘણી થોડી છે. મરવું એ તો નિશ્ચિત છે. શત્રુને પીઠ બતાવીને હું કદી પાછો આવવાનો નથી એ ખાતરી રાખજે. તારી સાથે આ છેવટનો મેળાપ છે. તું સમજુ છે, તું પોતાની આબરૂ સાચવજે અને હું યુદ્ધમાં કામ આવી જાઉં તો તું તારી પ્રતિષ્ઠાનું રક્ષણ કરજે." હાડીજીએ ઉત્તર આપ્યો: "મહારાજ! આપ મારી તરફથી નિશ્ચિંત રહેજો. આપ પોતાના ધર્મનું યથાર્થ પાલન કરજો. હું મારૂં કર્તવ્ય કરતાં ચૂકીશ નહિ, એ બાબતની પાકી ખાતરી રાખજો." આ પ્રમાણે ખાતરી આપ્યા છતાં પણ ચૂડાવતજીને સંતોષ ન થયો. તેમના મનમાં વારંવાર એજ શંકા ઉત્પન્ન થયા કરતી કે, "હાડીજી મારા મરી ગયા પછી સતી થશે કે નહિ? હું યુદ્ધ-

માં મરણ પામું અને રાણી સતી થાય તો હું સ્વર્ગમાં જઇશ અને નિરંતર સુખ ભોગવીશ; પરંતુ સંસાર સુખ ભોગવ્યાથી હતભાગી રહેલી યુવાન રાણી સતી થશે કે નહિ ?" એ એમના મનમાં મોટી શંકા હતી. એથી કરીને એ રાણી પાસેથી વિદાય લઇને ચાલ્યા તો ખરા, પણ સીડીઓ ઊતરીને મેદાનમાં જતાં સુધીમાં બે ત્રણ વાર પોતાના વિશ્વાસુ સેવકો સાથે રાણીને એનો એજ સંદેશો કહેવરાવ્યો. ચતુર રાણી સમજી ગઇ કે સ્વામીને પોતાના સતી થવાના વિષયમાં સંદેહ છે. એ જાણતી હતી કે જ્યાંસુધી સ્વામીનું ચિત્ત પોતાની તરફ છે ત્યાંસુધી એ રણક્ષેત્રમાં ખુલ્લા મનથી યુદ્ધ નહિ કરી શકે, એટલા માટે તેણે એ સંદેશો લાવનાર સેવકને કહ્યું કે, "ઊભો રહે, હું મારૂં શિર કાપી આપું છું. તે સ્વામીનાથની પાસે લઇ જઇને કહેજે કે, હાડીજી તો પહેલેથીજ સતી થઇ ગઈ અને પ્રેમના ચિહ્ન તરીકે તમને આ ભેટ મોકલી છે તે લઈને આનંદપૂર્વક રણભૂમિમાં સિધાવો તથા વિજય મેળવીને મનોરથ સિદ્ધ કરો." આટલું કહીને તેણે એક તલવારથી પોતાનું માથું કાપી નાખ્યું. સેવક એ શિર લઇને ચૂડાવતજીની પાસે ગયો અને રાણીની ઇચ્છા મુજબ તેનું શિર ચૂડાવતજીને સોંપ્યું. એ જોઇને ચૂડાવતજીએ નિશ્ચિંત થઇને રણભૂમિ તરફ પ્રયાણ કર્યું.



२३६–जसवंतसिंहनी राणी

જસવંતસિંહ મારવાડના રાજા હતા. તેમની જે રાણીનો અત્રે ઉલ્લેખ થાય છે તે મેવાડના રાણા-વંશની કન્યા હતી. એ વંશની મહત્તા અને તેજસ્વિતા તેના હૃદયમાં પૂર્ણરૂપે વર્તમાન હતાં.

જસવંતસિંહ પહેલેથીજ ઔરંગઝેબનો વિશેષ હિતૈષી મિત્ર હતો. બાદશાહ શાહજહાનને દારા, સૂજા, ઔરંગઝેબ અને મુરાદ એ ચાર પુત્રો હતા. પૃથ્વીમાં બધે સાધારણ રીતે એવો નિયમ હોય છે કે રાજાના મરી ગયા પછી તેનો જ્યેષ્ઠ પુત્ર ગાદીએ બેસે છે, પણ મોગલોમાં એવો કોઇ સખ્ત નિયમ નહિ હોવાથી મોગલ બાદશાહના મૃત્યુ પછી વારંવાર તેના પુત્રોમાં વિવાદ ઊભો થતો. જે ભાઇ બીજાઓને હરાવીને સિંહાસન ઉપર બેસતો તેજ શહેનશાહ થતો.

બાદશાહ શાહજહાનના પુત્રો પિતાના મૃત્યુકાળ સુધી પણ ધીરજ ખમી શકયા નહિ. તેમણે પિતા જીવતો હતો છતાં પરસ્પર યુદ્ધ આરંભ્યું. યુદ્ધમાં અન્ય ભાઇઓનો નાશ કરીને ઔરંગઝેબ દિલ્હીના સિંહાસન ઉપર બેઠો.

મહારાજા જસવંતસિંહ ઔરંગઝેબનો મુખ્ય સહાયક હતો. વસ્તુતઃ સાહસ, બળ, બુદ્ધિ, રાજનૈતિક વિચક્ષણતા, વિદ્યાભિરુચિ વગેરે વિષયોમાં જસવંતસિહ ઘણોજ પ્રવીણ રાજા હતો. હિંદુ, મુસલમાન બધા તેમનું ઘણું સન્માન રાખતા.

પરંતુ મનુષ્ય ગમે તેટલો વીર હોય તોપણ કોઇક વખત તો યુદ્ધમાં પરાજય પામેજ છે. એવીજ રીતે એક વખત કોઇ યુદ્ધમાં જસવંતસિંહનો પરાજય થયો. જસવંતસિહ પીઠ બતાવીને રાજધાનીમાં પાછા આવ્યા.

યુદ્ધક્ષેત્રમાંથી નાસી આવવા માટે રાણી તેમના ઉપર મનમાં

ને મનમાં ઘણીજ ગુસ્સે થઇ. એક તો એ રજપૂતાણી હતી અને તેમાં મેવાડના રાણાના કુળમાં ઉત્પન્ન થઈ હતી. રજપૂત સ્ત્રી પુરુષના સઘળા દોષ માફ કરી શકે, પણ કાયરતા અને ભીરુતાનો અપરાધ કદી માફ કરી શકે નહિ. સ્વામી, પુત્ર, ભાઇ, એ બધાં ઘણાં સ્નેહ અને આદરની વસ્તુ છે; પણ રજપૂતાણી પોતાના ખરા અંતઃકરણથીજ એજ ઇચ્છે છે કે તેઓ યુદ્ધમાં મરણ પામે, પણ કોઈ દિવસ પાછી પાની કરીને ઘરમાં જીવતા ન આવે. પ્રાણાધિક પુત્ર, સ્વામી કે ભાઇના રણક્ષેત્રમાં મરણ પામવાથી રજપૂતાણીના હૃદયમાં જરા પણ દુઃખ થતું નથી, પણ તેને યુદ્ધમાંથી મર્યા કે માર્યા વગર પાછો આવેલો જોઇને રજપૂત રમણી ઘણીજ શરમાઇ જાય છે. એવા કાયરની સાથેના પોતાના સંબંધને લીધે પોતાના જીવતરને એ ધિક્કારે છે.

જસવંતસિંહ યુદ્ધમાંથી પાછો ફરીને જોધપુર પાછો ગયો ત્યારે રાણીએ દુર્ગનાં કમાડ બંધ કરાવી દીધાં અને ખબર કહેવરાવી કે, "મારા સ્વામી જસવંતસિંહ કોઇ દિવસ યુદ્ધમાં પરાજિત થઇને પાછા ફરેજ નહિ. એ કાં તો વિજયના ડંકા સાથે ઘેર પાછા આવે અને કાં તો રણક્ષેત્રમાં શત્રુના હાથે કામ આવે. આ બારણા આગળ આવનાર જસવંતસિંહ હોયજ નહિ, બીજો કોઇ કપટી માણસ એમનું નામ દઈને કિલ્લામાં પેસવા માગતો હશે. જસવંતસિંહની ગેરહાજરીમાં આ દુર્ગની માલિક હું છું. જસવંતસિંહનું નામ લઇને તથા જસવંતસિંહના જેવું રૂપ ધારણ કરીને જે ઠગારો મારા ગઢમાં પ્રવેશ કરવા માગે છે, તેને હું કદી પેસવા નહિ દઉં."

તેજસ્વી પત્નીના આવા તિરસ્કારથી જસવંતસિંહની શરમનો પાર રહ્યો નહિ. પત્નીના ઉપર તેમણે ખોટું લગાડ્યું નહિ; મનમાં ને મનમાં તેને હજારો વાર ધન્યવાદ આપીને કહ્યું: "રાણિ! હું યુદ્ધમાંથી થાકીને થોડોક વખત વિસામો ખાવા અત્રે આવ્યો છું. થોડી વાર થાક ખાઇને પાછો યુદ્ધમાં જઇશ; વિજય નહિ મળે તો કદી હું પાછો નહિ ફરૂં."

રાણીએ દુર્ગનાં દ્વાર ઉઘાડ્યાં. રાજા જસવંતસિંહ જ્યારે જમવા બેઠા ત્યારે પોતે ધાતુનાં વાસણો રસોડામાં રાખ્યાં નહિ. રાજાએ તેનું કારણ પૂછ્યું ત્યારે રાણીએ જણાવ્યું કે, "યુદ્ધક્ષેત્રમાં

લોઢાની તલવારનો ખડખડાટ સાંભળીને તો તમે અહીં નાસી આવ્યા. હવે અહીં પણ એની એજ ધાતુ જોવામાં આવે તો કોણ જાણે ક્યાંએ નાસી જાઓ ?" પોતાના સુકોમળ કરકમળથી રાણાને પંખો નાખતી વખતે તેણે પોતાના હાથની હાથીદાંતની ચૂડીઓ વસ્ત્રથી ઢાંકી દીધી. રાજાએ તેનું કારણ પૂછવાથી તેણે વ્યંગમાં જણાવ્યું કે, "રણક્ષેત્રમાં જે મદમસ્ત પ્રબળ હાથીને જોઇને તમે બી ગયા, તેજ હાથીના દાંતની બનેલી ચૂડીઓ જોતાં તમારા મનમાં ક્ષોભ અને ભય ઉત્પન્ન થાય તેટલા સારૂં મેં ચૂડીઓ ઢાંકીદીધી છે." આ પ્રમાણે રાજાને અનેક પ્રકારે શરમાવીને, થોડીકજ વારમાં તેજસ્વી રાણીએ યુદ્ધક્ષેત્રમાં મોકલ્યા. ભારત–પ્રવાસી બર્નિયરે પોતાના પ્રવાસવર્ણનમાં જસવંતસિંહની રાણીનાં આ કૃત્ય માટે ઘણાં વખાણ કર્યાં છે.

આ વખતે દિલ્હીના સિંહાસન ઉપર ઔરંગઝેબ બાદશાહ બિરાજતો હતો. બાદશાહે પૃથ્વીસિંહને બોલાવીને તેનું ઘણું સન્માન કર્યું તથા તેના ઉપર પોતાની પ્રસન્નતા બતાવીને એક પોશાક બક્ષિસ આપ્યો. એ પોશાક પહેરીને પૃથ્વીસિંહ ઘેર પાછો આવ્યો એટલે તરતજ તેના આખા શરીરમાં બળતરા થવા લાગી. એ બળતરાની વેદનામાં રાજપુત્રે આ નશ્વર દુનિયાનો ત્યાગ કર્યો, કારણકે એ પોશાકમાં ઝેર હતું.

ત્યાર પછી થોડા વખતમાં જસવંતસિંહના બીજા પુત્રોનું પણ મૃત્યુ થયું. પુત્રશોકથી નિરાશ થઇને દુઃખી જસવંતસિંહે પણ કાબુલમાં દેહત્યાગ કર્યો.

બીજી રાણીઓ જસવંતસિંહની સાથે સતી થઇ ગઇ, પણ આપણા આ ચરિત્રની નાયિકા, સિસોદિયણ રાણી એ વખતે ગર્ભવતી હોવાથી સતી થઈ શકી નહિ.

દુર્ગાદાસ નામનો એક પ્રસિદ્ધ રાઠોડ વીર જસવંતસિંહનો નોકર હતો. વિધવા રાણી તથા જન્મેલા બાળકને લઇને વીર દુર્ગાદાસ દિલ્હી આવ્યો.

એ નાના બાળકને પણ જીવતો રાખવાની બાદશાહની મરજી નહોતી. દુર્ગાદાસ રાણી અને બાળક અજિતસિંહને લઇને જોધપુર જવા તૈયાર થયો. ઔરંગઝેબે એમાં વાંધો લીધો.

બાદશાહને વાંધો હોવા છતાં પણ દુર્ગાદાસે દિલ્હી છોડીને

ચાલ્યા જવાનો વિચાર માંડી વાળ્યો નહિ. બાદશાહના સૈન્યે જસવંતસિંહના મહેલ ઉપર આક્રમણ કર્યું.

જસવંતસિંહની રાણીએ કહ્યું: "દુર્ગાદાસજી! સ્વામીના મૃત્યુ પછી જીવતી રહી છું તે આ બાળક ખાતરજ. આજ આ આફત-માંથી મારા સ્વામીના એકના એક વંશજ આ બાળકનો ઉદ્ધાર કરવો પડશે. એને જીવાડવા ખાતર, એને ઉછેરીને મોટો કરવા ખાતરજ હું દેહ ધારણ કરી રહી છું.

"મહાપરાક્રમી જસવંતસિંહનો વંશ ઘાતકી બાદશાહને હાથે પૃથ્વીમાંથી નિર્મૂળ થઇ જશે, એ મારાથી સહન થતું નથી. સ્વામીના બીજા પુત્ર જીવતા હોત તો મારે કાંઇ ચિંતાનું કારણ નહોતું. આજ હસતે મોંએ મારે પોતાને હાથે બાળકને મૃત્યુના મુખમાં સોંપીને સ્વામીનું ગૌરવ સાચવત, પરંતુ હવે મારા આ વહાલા બાળકને શત્રુના હાથમાં તો કદી સોંપવાની નથી."

પોતાના રાજ્યમાં વિશેષ શક્તિ અને પ્રતિભાશાળી અમલ-દારો હોય તો રાજા પોતાને ભાગ્યશાળી માને છે. રાજ્યનું રક્ષણ કરવા સારૂ તથા રાજ્યનો પ્રબંધ ચલાવવા સારૂ એવા અમલદારો ઘણા મદદરૂપ થઇ પડે છે. કોઇ પણ સમજુ રાજા એવા અમલ-દારોથી છૂટો પડવા માગતો નથી; પરંતુ ઔરંગઝેબની બુદ્ધિ અને સ્વભાવ એથી વિપરીત હતાં. એ આખી દુનિયામાં કોઇના ઉપર વિશ્વાસ રાખતો નહિ. પોતાના તાબાનો કોઇ અમલદાર કે સરદાર વધારે શક્તિવાળો નીવડે અથવા તેની પ્રતિભાનો વધારે વિકાસ થયેલો જોવામાં આવે તો ઔરંગઝેબને તેના ઉપર ઇર્ષ્યા ઉત્પન્ન થતી. તેને ભય રહેતો કે રખે એ કોઈ દિવસ તેના વિરુદ્ધ બંડ ન ઉઠાવે.

જસવંતસિંહનું બળ જેમ જેમ વધતું ગયું તેમ તેમ બાદ-શાહના હૃદયમાં તેને માટે ઇર્ષ્યાનો અગ્નિ બળવા લાગ્યો. ખુલ્લી રીતે એવા બહાદુર રાજાને પોતાનો શત્રુ બનાવવાની તેનામાં હિંમત નહોતી. પ્રપંચથી ગુપ્ત રીતે જસવંતસિંહનું અને તેના વંશજોનું નિકંદન કાઢવાનો બાદશાહે નિશ્ચય કર્યો. એટલા માટે જ્યાં જ્યાં પ્રબળ શત્રુઓ સાથે યુદ્ધ કરવાનું કામ પડતું ત્યાં ત્યાં ઔરંગઝેબ જસવંતસિંહનેજ મોકલતો; પણ જસવંતસિંહ દુશ્મનોને મારીને સહીસલામત પાછો આવતો.

આથી બાદશાહ વધારે ગભરાવા લાગ્યો. એક વખત કાબુલમાં ઘણો મોટો બળવો થયો. એ બળવો સમાવવાને માટે બાદશાહે જસવંતસિંહને કાબુલ મોકલ્યો. જસવંતસિંહની ગેરહાજરીનો લાભ લઈને ઔરંગઝેબે તેના જયેષ્ઠ પુત્ર પૃથ્વીસિંહની હત્યા કરી હતી. અને તેનાજ વિચારોમાં વૃદ્ધ જસવંતસિંહ મરણ પામ્યો; પણ તેણે પોતાનું વૈર વાળવાનો ઉપાય દુર્ગાદાસને અને પોતાના બીજા સામંતોને ખાનગીમાં કહી રાખ્યો હતો અને તેથીજ દુર્ગાદાસ પોતાના સ્વામીની અંતિમ ઇચ્છા પૂર્ણ કરવા હામ ભીડી રહ્યો હતો.

રાણીનું વચન સાંભળીને દુર્ગાદાસે કહ્યું: "માજી ! તમે જરા પણ ફિકર રાખશો નહિ. મારા દેહમાં જીવ છે ત્યાંસુધી હું મહારાજા અજિત અને તમારૂં રક્ષણ કરીશ. શહેરની બધી સ્ત્રીઓને લઇને પલાયન કરી શકાય એમ નથી. એમને તો પોતાનું સન્માન સાચવવા સારૂ મરવુંજ પડશે. આપણે અજિતને લઇને મોગલોના લશ્કરને ભેદીને ચાલ્યાં જઇશું. તમારે હિંમત રાખવી પડશે. હાથમાંથી તલવારને જરા પણ ઢીલી મૂકતાં નહિ. જો પોતાનું રક્ષણ નહિજ થાય એમ લાગે અને દુશ્મનોના હાથમાં સપડાવ, તો પોતાને હાથે અજિતને મારીને પછી તમે મરી જજો."

રાણીએ કહ્યું: "એ બાબત તમે કાંઇ ચિંતા ન રાખશો. દુર્ગાદાસજી ! રજપૂતાણીને તલવાર પકડતાં આવડે છે અને કામ પડચે એ તલવાર પોતાના બાળકના ગળામાં તથા પોતાની છાતીમાં પણ મારતાં આવડે છે. હું જસવંતસિંહની રાણી છું. તેનો એકનો એક પુત્ર આજ મારા હાથમાં છે. જીવને જોખમે પણ હું એને દુશ્મનના હાથમાં સોંપવાની નથી.

રાજમહેલના એક વિશાળ દીવાનખાનામાં સળગી ઊઠે એવી ઘણી વસ્તુઓ ભરવામાં આવી. એ દીવાનખાનામાં નગરવાસી સ્ત્રીઓએ પ્રવેશ કર્યો એટલે એક જણે એમાં આગ મૂકી દીધી. જોતજોતામાં પ્રચંડ અગ્નિ સળગી ઊઠયો અને રજપૂત રમણીઓ પોતાનું સતીત્વ અખંડિત રાખીને સ્વર્ગમાં ચાલી ગઇ. અઢીસો સેવકો સાથે રાણી અને અજિતને લઇને દુર્ગાદાસ મોગલોના લશ્કરમાં થઈને સહીસલામત ચાલ્યો ગયો.

દુર્ગાદાસની સાથે રાણી તથા અજિતે મેવાડ જઇને મહારાણા રાજસિંહનું શરણ લીધું.

રાણાએ તેમને અભયવચન આપીને ઉદયપુરમાં આબરૂભેર રહેવાની વિનતિ કરી.

તેમની કૃપાનો ઉપકાર માનતાં રાણીએ કહ્યું: "મહારાણા! અજિત હવે આપને શરણે આવ્યો છે. એના તરફથી હવે હું નિશ્ચિંત થઇ છું; પરંતુ રૂપનગઢની રાજકુમારીનો ઉદ્ધાર કરીને તથા અમને આશ્રય આપીને આપે મોગલ બાદશાહને ઘણો છંછેડ્યો છે. તે વેર લીધા વગર છોડવાનો નથી. આપના ઉપર વેર લેવા ખાતર એ આખા રાજસ્થાનને ખેદાનમેદાન કરવા તૈયાર થશે. રાજસ્થાન ઉપર એવી આફત આવી પડી છે ત્યારે હું શું ઉદયપુરના દુર્ગમાં નિશ્ચિંત થઇને બેસી રહીશ? આટલા દિવસ સુધી મારૂં મુખ્ય કામ અજિતનું રક્ષણ કરવાનું હતું. આજે એને માટે હું નિશ્ચિંત થઇ છું. આજ મારૂં કર્તવ્ય સમાપ્ત થયું છે. તમારા આશ્રયમાં આવ્યાથી અજિત ઉપરનું વિઘ્ન ટળી ગયું છે. હવે પછી મોગલોની સાથે થનારા યુદ્ધમાં દરેક રજપૂતે અને રજપૂતાણીએ જીવસટ્ટે લડવાની જરૂર છે. એ મોટું કર્તવ્ય હવે હું બજાવીશ. હું મારવાડની પ્રજાને ઉશ્કેરીને તમારી સહાયતા કરવા તેમને મોકલીશ. આ મોટી આફત વખતે રજપૂતો પરસ્પરનો કલહ ભૂલી જઇને ખરા રજપૂત સંતાન તરીકે રજપૂતજાતિનું ગૌરવ સાચવી રાખવા માટે એકત્રિત થઇને મોગલો સાથે લડે એવો પ્રયત્ન કરીશ. ભાઈ! તમે મને તમારા ચરણની રજ આપો; આશીર્વાદ આપો કે હું મારા ઉદ્દેશમાં સફળ થાઉં."

રાજસિંહે કહ્યું: "બહેન! તમે ખુશીથી જાઓ; ભગવાન એકલિંગી તમને મદદ કરશે. તમે સિસોદિયાની યોગ્ય પુત્રી છો. અજિતને માટે તમારે કોઇ જાતની ચિંતા રાખવી નહિ. ઉદયપુરના કિલ્લાનો એક પથ્થર પણ રહેશે ત્યાંસુધી અજિતનો કોઈ વાંકો વાળ કરી શકે એમ નથી."

જસવંતસિંહની રાણી ત્યાંથી ચાલી ગઇ અને એ તેજસ્વી રાણીની ઉશ્કેરણીથી મારવાડમાં જાગૃતિ આવી. રજપૂતાનાના ઘણા રજપૂત રાજાઓ રાજસિંહની મદદે આવ્યા.

શાહજાદા અકબર અને સેનાપતિ દિલીપખાંએ ગંજાવર સૈન્ય લઇને રાજસ્થાન ઉપર ચડાઇ કરી.

રાજસિંહ, તેના બે વીરપુત્રો, ભીમસિંહ અને જયસિંહ તથા

દુર્ગાદાસ રાઠોડ, ઘણા રજપૂત સૈનિકોને લઇને મોગલોના લશ્કરની ગતિને રોકવાને માટે ગોઠવાઇ ગયા. રજપૂતોની વીરતા અને રણકૌશલ્યને લીધે મોગલ સૈન્યનો નાશ થયો. શાહજાદો સપરિવાર રજપૂતોના હાથમાં કેદ પકડાયો.

ઔરંગઝેબે ફરીથી સૈન્ય મોકલ્યું. ઘણા દિવસ સુધી યુદ્ધ ચાલ્યું. કેટલાક ઇતિહાસવેત્તાઓ કહે છે કે, ખુદ બાદશાહ ઔરંગઝેબ કોઇ પહાડમાં મરણતોલ થઇને પોતાના સૈન્ય સાથે પકડાયો અને બાદશાહની બેગમ પણ રજપૂતોના હાથમાં સપડાઇ; પરંતુ વિપત્તિમાં આવી પડેલા શત્રુઓ સાથે હમેશાં રજપૂતો ઉદાર વ્યવહાર કરતા આવ્યા છે. તેમણે દયા ખાઇને પોતાના કપટી શત્રુ ઔરંગઝેબને ખોરાકીનો સામાન મોકલી આપ્યો અને આખરે તેને છોડી પણ મૂક્યો. બાદશાહની બેગમને પણ રાજસિંહે આબરૂભેર સ્વામીની પાસે મોકલી આપી.

२३७–अमानी

એ શાહજાદી ઝેબ-ઉન્-નિસાની દાસી હતી. ઝેબ-ઉન-નિસાના સહવાસથી તેને પણ વિદ્યાનો શોખ લાગ્યો હતો. ફારસી ભાષાનું તેને સારૂં જ્ઞાન હતું. તે કવિતા પણ જોડી શકતી. પુષ્પોદ્યાનમાં ભ્રમણ કરતી વખતે દાસી અમાની શાહજાદી સાથે સુંદર પદ્યોદ્વારા જ્ઞાનગોષ્ઠી કરતી. એ સુંદર ગોષ્ઠી ફારસી ભાષામાં હોવાથી તેનો પરિચય ગુજરાતી વાચકોને આપી શકાયો નથી તેને માટે દિલગીર છીએ.



२३८-राजानबाई

એ સાધ્વી રામરાજાની રાણી હતી. એ પરમ દાનશીલ, જ્ઞાની, ધ્યાની અને ભક્તિભાવમાં અદ્વિતીય હતી. એનો પતિ પણ પરમભક્ત હતો. એણે પત્નીને એજ ઉપદેશ આપ્યો હતો કે, “ગમે તે થાય તોપણ દાન કરતાં અટકવું નહિ. દાનથીજ સંસારનાં બધાં દુઃખનું નિવારણ થાય છે. દાની પુરુષને સંસારમાં કોઈ પણ પ્રકારનું દુઃખ જણાતું નથી.”

રાણીએ પતિની એ આજ્ઞાનું ઉત્તમતાપૂર્વક પાલન કર્યું. એક વખત રામરાજા અને રાજાનબાઈ બન્ને મથુરાની યાત્રાએ ગયાં. જે કાંઈ ધન પાસે હતું તે બધું દાન કરી દીધું. રસ્તાના ખર્ચ જોગું ધન પણ પાસે ન રહ્યું. રાણીના હાથમાં એક રત્નજડિત કંકણ હતું, એને પાંચસો રૂપિયામાં વેચીને ઘેર પાછા જવાનો બન્ને જણાંએ વિચાર કર્યો. એટલામાં ભક્તમાળના લેખક નાભાજી ત્યાં જઈ ચઢયા. સાધુ-ભક્ત રાણીએ કંકણ એમને ભેટ કર્યું. કંકણનું દાન કરતી વખતે રાણીએ ભક્તિપૂર્વક નાભાજીને કહ્યું: “આજે કંકણ કામમાં આવ્યું છે. બાકી આટલા દહાડા તો હાથને ભારે મારતું હતું.” ત્યાર પછી કોઇની પાસેથી રૂપિયા ઉછીના લઈને બન્ને જણાં પોતાના રાજ્યમાં પાછાં ફર્યાં. આનું નામ તે ખરૂં દાન!

એક ભક્ત-કવિ કહે છે:—

“ધન દે તન દે મન દે અપના, સીસ દાનમેં દેના;
સિરકા બોઝ ઉતાર દે પ્યારે! પ્રેમ કે ધનકો લેના.
દાની દુખ કલેશ નહિ પાવે, ચિત મન વચ ક્રમબાની;
લાલ ભક્તમેં એક ભક્ત હૈ, સબસે ઉત્તમ દાની.”

२३९-बारमुखी गणिका

દક્ષિણમાં એક વેશ્યા રહેતી હતી. તેનું નામ શું હતું તે જાણ્યામાં નથી. લોકો તેને બારમુખીજ કહેતા. એના જીવનનો અધિક વૃત્તાંત અમારા જાણ્યામાં પણ નથી આવ્યો. દરેક મનુષ્યમાંથી સાર ગ્રહણ કરવાનો અમારો વિચાર હોવાથી એ પતિત સ્ત્રીના જીવનનો એક બોધજનક પ્રસંગજ અત્રે ઉતારીશું. વાસ્તવમાં સંસારમાં કોઇ વ્યક્તિ ધિક્કારવા યોગ્ય નથી. સંયોગ કે સોબતને વશ થઇ મનુષ્યો પાપના ખાડામાં પડે છે, પણ પાપી મનનાં માણસોના હૃદયમાં પણ પુણ્યભાવનો ઉદય થઇ આવે છે અને તેમને હાથે એવાં સત્કૃત્યો થાય છે કે, જેથી એમની ગણના મહાન વ્યક્તિઓમાં થવા લાગે છે.

એ વેશ્યાના ઘર આગળ પીપળાનું એક મોટું વૃક્ષ હતું. તેની નીચે એક સ્વચ્છ અને સુંદર વિશાળ ઓટલો હતો. સાધુઓની એક મંડળી ત્યાં થઇને જઇ રહી હતી. ઓટલાને જોઇ એ લોકો બહુ પ્રસન્ન થયા. શાલિગ્રામની મૂર્તિઓને વાટવામાં મૂકીને ડાળીએએ લટકાવી દીધી અને આસન જમાવીને રાતવાસો કરવાના ઇરાદાથી ત્યાંજ બેસી ગયા. સાંજે ગણિકા બહારથી ઘેર આવી તો એણે પોતાને બારણે સાધુઓની ઠઠ જામેલી જોઇ. એ ઘણી પ્રસન્ન થઈ, પણ મનમાં ચિંતા કરવા લાગી કે, રખે એ લોકો હું ગણિકા છું એ જાણ્યા પછી અહીંથી ચાલ્યા જાય. ખરૂં જોતાં એ વિચારમાંજ એના જીવનની પ્રગતિનું તત્ત્વ છુપાયલું હતું.

સૂર્ય ભગવાન અસ્ત થયા અને શંખ તથા ઘંટ વાગવા લાગ્યા. સાધુઓ પ્રેમથી ભજનકીર્તન કરવા લાગ્યા. ભગવાનની સ્તુતિથી ચારે દિશાઓ ગાજી ઊઠી. વેશ્યા મનમાં વિચારવા લાગીઃ "મેં ખરાબ ધંધો કરીને જાત વેચીને ઘણું ધન એકઠું

કર્યું છે. આજ પ્રભુકૃપાથી સાધુઓ મારે આંગણે આવ્યા છે. સંભવ છે કે મારૂં જીવન આજે સુધરી જાય. સાધુસેવા એ સંસારીનો ધર્મ છે. મારાથી એમની સેવા નહિ થાય તો એ કેટલી શરમની વાત છે." એવા વિચારથી એણે મજૂસ ઉઘાડીને એમાંથી સોનામહોરની કોથળી કાઢી. એક સ્વચ્છ થાળીમાં એ મહોરોને ગોઠવીને સાધુ પાસે જઇને ભેટ ધરી. સાધુઓએ પૂછ્યુંઃ "તું કોણ છે?" એણે કહ્યુંઃ "મહારાજ! બીજું બધું પૂછો પણ હું કોણ છું એ ન પૂછશો." સાધુ કહેવા લાગ્યાઃ "બતાવ તો ખરી, એમાં વાંધો શો છે?" વેશ્યાએ હાથ જોડીને કહ્યુંઃ "હું એ અધમ પ્રાણી છું કે જે નરકમાં જાય તો નરક પણ એને જોઇને દૂર નાસે. ધનની ખાતર પોતાના પવિત્ર દેહ અને ધર્મને તિલાંજલિ આપનાર, રૂપ વેચીને પેટ ભરનાર અધમ વેશ્યા હું છું. મહારાજ! મારા કરતાં અધિક પાપી તે કોણ હશે?" એક અભિમાની સાધુ બોલી ઊઠ્યોઃ "દૂર હઠ! રંડીનું ધન અમને ન ખપે." હવે તો પેલી વેશ્યાએ પણ બોલવાનું સાહસ કર્યું. એણે કહ્યુંઃ "ભગવન્! મેં એમ કહ્યું છે કે નરક પણ મને જોઇ-ને ઘૃણા કરશે અને દૂર ભાગશે; પણ મેં કાંઇ એમ નથી કહ્યું કે, ગંગા પણ મને જોઇને દૂર નાસશે. હું ગંગામાં સ્નાન કરૂં છું, મારો મેલ ઉતારીને શુદ્ધ તથા પવિત્ર થાઉં છું; શું ગંગાજી મારા ઉપર ઘૃણા કરે છે? અત્યાર સુધી હું સાંભળતી આવી છું કે સાધુઓ તો ગંગાજળ કરતાં પણ અધિક પવિત્ર હોય છે. આજ આ નવી વાત જોઉં છું કે, તમે મને તરછોડો છો. જો તમે સાચા સાધુ હો તો મને તારો, વધારે શું કહું?"

વેશ્યાનાં વચનો મહંતના હૃદયમાં આરપાર નીકળી ગયાં. એણે કહ્યુંઃ "મૈયા! ઠાકોરજીને માટે મુગટ બનાવરાવ." એણે કહ્યુંઃ "જ્યારે તમેજ મારી ભેટ સ્વીકારતા નથી તો પછી ઠાકોર-જી ક્યાંથી સ્વીકારશે? પહેલા સાધુ, પછી ઠાકોરજી. આ સંસાર-માં ઠાકોરજીના નમૂનારૂપ તો સાધુઓજ છે. પહેલાં સાધુ મળી આવે છે, પછી ઇશ્વરનાં દર્શન થાય છે."

મહંતે કહ્યુંઃ "મૈયા! તને જે કહેવું હતું તે કહી દીધું. ભેટ ન લેવી હોત તો મુગટ બનાવવાની આજ્ઞા શા સારૂ આપત?"

વેશ્યા સમજી ગઇ. ઘરમાંથી બીજી પણ સોનામહોરો લાવી-ને મહંતને સોંપી. એમાંથી ત્રણ લાખ રૂપિયાનો રત્નજડિત સુંદર

સુવર્ણમુકુટ બનારાવ્યો. વેશ્યા પણ સાધુઓની સાથે રંગનાથજીનાં દર્શન કરવા ગઇ. ત્યાં પહોંચતાં એને અટકાવ આવ્યો. આખી રાત એણે રોઇને કાઢી કે, "હાય! આવી અપવિત્ર દશામાં હું રંગનાથજીનાં દર્શન કરવા કેવી રીતે જઇશ?" કહેવાય છે કે એ રાતે પૂજારીઓને સ્વપ્ન આવ્યું કે, "મારી એક ભક્ત બાઇ આવી છે. સવારના પહોરમાંજ એને મારી રૂબરૂ લાવો." પ્રાતઃકાળ થતાં પહેલાંજ સેવકોએ જઇને એને મંદિરમાં જવાની વિનતી કરી. વેશ્યાએ ઘણી આનાકાની કરી, પણ એમણે માન્યું નહિ અને હાથ પકડીને સાથે લઇજ ગયા. જે વખતે એ મંદિરમાં પહોંચી તે સમયે રંગનાથજીના મસ્તક ઉપરનો મુકુટ પોતાની મેળે ઝૂકી ગયો. સિંહાસન જરા ઊંચું હતું અને વેશ્યાનો હાથ પહોંચે એમ નહોતું. મૂર્તિએ મસ્તક વધારે નીચું નમાવ્યું એટલે વેશ્યાએ આનંદમગ્ન થઇને મુકુટ પહેરાવી દીધો અને પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગી.

ખરા સાધુઓની ક્ષણભર સોબતથી વારાંગનાનું જીવન સુધરી ગયું. જે સમયે મનુષ્યના મનમાં પવિત્ર વિચાર ઉત્પન્ન થાય તે સમયે એ વિચારને પોષીને ઉન્નત માર્ગમાં પ્રયાણ કરવામાં વિલંબ ન કરવો જોઇએ. પ્રભુની આગળ નીચ કે ઊંચ કોઇ નથી. એ તો પ્રેમનાજ ભૂખ્યા છે.

મૈં સેવકકા સેવક મેરા, ભેદ ભાવ નહિ કોઇ;
પ્રેમ પ્રીતકી મહિમા ભારી, સેવક પ્યારા હોઇ.
જાતિ પાઁત પાખંડ પસારા, ઇક ભક્તિકા નાતા;
જો કોઇ મુઝકો મનસે ચાહે, મૈં ઉસકે રંગરાતા.
નાતા પ્રેમકા સબસે ઉત્તમ, યહી સાર હૈ ભાઇ;
પ્રેમભક્તિકી લીલા અદ્દ્ભુત, ભક્તિ હૈ સુખદાઇ.
બડે બને સો નીચે આયે, નીચા ઉંચે આયા;
પાંવકી ધૂલિ ગગનમેં પહુંચી, જલ પતાલ પહુંચાયા.*

* આ તથા બીજાં બેએક ચરિત્ર સાધુચરિત શ્રી. શિવવ્રત લાલજી એમ. એ., ની ભક્તમાળમાંથી અનુવાદરૂપે લેવામાં આવ્યાં છે.

૨૪૦–ધનુર્દાસની સ્ત્રી

શ્રી રામાનુજાચાર્યના શિષ્યોમાં એક ધનુર્દાસ નામનો પુરુષ પણ હતો. પ્રારંભમાં એ ઘણો વિષયલંપટ, માંસાહારી અને દુરાચારી હતો. તે એક સ્ત્રી ઉપર એટલો બધો મોહ પામી ગયો હતો કે એના વગર એક દિવસ પણ રહેતો નહિ. એ રંગનાથજીના મેળામાં ગયો. ત્યાં બહુ ભીડ હતી. ઉનાળાના દિવસો હતા. તાપ તો કહે મારું કામ. એવી ગરમીમાં પણ ધનુર્દાસ એ સ્ત્રીને વળગીને ચાલતો હતો. ગરમીથી એ ઘણો વ્યાકુળ થતો હતો, પણ એ સ્ત્રીને છોડતો ન હતો. રામાનુજાચાર્યે એને જોયો અને બોલાવી મંગાવ્યો. ઈશ્વરના પ્રેમનો મહિમા સંભળાવ્યો. એમનો અમૃતસમો ઉપદેશ સાંભળીને સ્ત્રીપુરુષ બન્ને એમનાં શિષ્ય થઇ ગયાં. ગુરુજીની એમના ઉપર વિશેષ કૃપા રહેવા લાગી. એ જોઇને બીજા ચેલાઓ એમની ઘણી અદેખાઇ કરવા લાગ્યા અને ગુરુજી તથા એ નવાં આવેલાં ચેલાચેલીની વિરુદ્ધ ગમે તેમ બોલવા લાગ્યા. રામાનુજાચાર્યને કાને પણ એ બધી ટીકાઓ પહોંચતી. બેચાર દિવસ પછી એમણે એક વૈષ્ણવને આજ્ઞા આપી કે, “ આ ચેલાઓનાં ધોતિયાં અને ઉપરણાં સંતાડી દો.” તેમણે એ પ્રમાણેજ કર્યું. બીજે દિવસે એ ધોતિયાંની ખાતર તો ચેલાઓ લડી મરવા લાગ્યા. સ્વામીજીએ ચેલાઓને બોલાવીને કહ્યું: “ કોઇ વૈષ્ણવે તમારાં ધોતિયાં તથા ઉપરણાં લઇ લીધાં તો લડી શા માટે મરો છો ? વૈષ્ણવનો માલ વૈષ્ણવેજ લીધો. વૈષ્ણવોએ એક બીજા સાથે હળીમળીને પ્રેમથી રહેવું જોઇએ.” એ સાંભળીને બધા ચૂપ થઈ ગયા.

બીજે દિવસે ધનુર્દાસની નિંદા કરનારા વૈષ્ણવોને સ્વામીજીએ બોલાવી મંગાવ્યા અને કહ્યું: “ ધનુર્દાસ ધનવાન છે અને તમારે ધનની આવશ્યકતા રહે છે. માગ્યાથી એ કદાપિ નહિ આપે, એટલા માટે એ સૂઈ જાય ત્યારે એની સ્ત્રીના બધા દાગીના છાના-

માના ઉતારી લો. એથી તમારૂં કામ નીકળશે.” પેલા ચેલાઓને તો એજ જોઈતું હતું. રાતે જ્યારે ધનુર્દાસ પોતાની સ્ત્રીની સાથે સૂવા ગયો ત્યારે તેઓ છાનામાના ત્યાં જઇ પહોંચ્યા. બન્ને જણાં સાથે સૂતાં હતાં. પેલા ચોર વૈષ્ણવોએ એક હાથ ઉપરથી સ્ત્રીનાં આભૂષણ ઉતારી લીધાં. એ સ્ત્રી તથા ધનુર્દાસ બન્નેની ઊંઘ ઊડી ગઇ, પણ ચોરનારા વૈષ્ણવોજ છે અને પોતાનો બધો માલ વૈષ્ણવોને સારૂજ છે એમ માનીને પાછી આંખ મીંચી દીધી. સ્ત્રીએ જોયું કે એક હાથના બધા અલંકાર ઊતરી ચૂકયા, એટલે એણે ધીમે રહીને પાસું બદલ્યું. પાસું બદલતાંવારજ પેલા ચોર વૈષ્ણવ બીને નાસી ગયા. ધનુર્દાસને એથી ખોટું લાગ્યું. એણે સ્ત્રીને મારવાનું શરૂ કર્યું. પેલી બિચારી સ્ત્રીએ ઘણુંએ કહ્યું કે, ‘ હું નિર્દોષ છું ’ પણ પતિએ ન માન્યું.

પ્રાતઃકાળે રામાનુજાચાર્ય સ્વામીએ ધનુર્દાસને તથા બીજા બધા વૈષ્ણવોને બોલાવ્યા. સ્ત્રી પહેલેથીજ ત્યાં પહોંચી ગઇ હતી અને જણાવી રહી હતી કે,“ હું નિર્દોષ છું. ધનુર્દાસને સમજાવી દો. એણે વગર વાંકે મારી બૂરી વલે કરી દીધી છે. ”

રામાનુજાચાર્યે ધનુર્દાસને પૂછ્યુંઃ “ ધનુર્દાસ ! તેં આ પવિત્ર દેવી સાથે ગેરવાજબી વર્તણુંક કેમ ચલાવી ?”

ધનુર્દાસે ઉત્તર આપ્યોઃ “ સ્વામીજી ! વૈષ્ણવો ધનહીન છે. એ બિચારા તંગીના માર્યા રાતને વખતે ગુપ્ત રીતે મારી સ્ત્રીનાં આભૂષણ ઉતારી રહ્યા હતા. હું એથી પ્રસન્ન થયો કે, ચાલો આજે એ દાગીનાનું સાર્થક થયું. ગરીબ લોકોના કામમાં આવશે. મારે એ ધન શા કામનું છે? પણ એ લોભી સ્ત્રીએ પાસું બદલ્યું અને એ વૈષ્ણવો નાસી ગયા. મને એથી ખોટું લાગ્યું. હવે હું એવી પાપી સ્ત્રીને નહિ રાખું. એ વૈષ્ણવધર્મને નથી જાણતી.”

રામાનુજાચાર્યે પ્રેમપૂર્વક સ્ત્રીને પૂછ્યુંઃ “ કેમ મા ! તારે આ વિષે કંઇ કહેવું છે ? ”

સ્ત્રીએ કહ્યુંઃ “ ભગવન્ ! મારો જરા પણ વાંક નથી. વૈષ્ણવો જ્યારે જમણી તરફના દાગીના ઉતારી ચૂકયા ત્યારે મેં જાણી જોઇને પાસું બદલ્યું કે, એ લોકોને બીજા હાથના દાગીના ઉતારી લેવાનું ફાવે અને તેઓ નિર્વિઘ્ને પોતાનું કામ પાર પાડે; પણ મારા દુર્ભાગ્યે એ બિચારા નાસી ગયા અને મારી

ઇચ્છા પૂર્ણ ન થઇ. એ લોકો મારાં બધાં ઘરેણાં ઉતારી લઇ જાત તો હું મારૂં ધન્યભાગ્ય સમજત. આપ કૃપા કરીને મારા પતિદેવને સમજાવી દો કે એ મને ક્ષમા કરે. હું તો વૈષ્ણવોની ખાતર તન, મન, ધન ન્યોછાવર કરવા સદા તૈયાર છું."

એમ કહીને એ રોવા લાગી. વૈષ્ણવો પણ એનો સાચો ભક્તિભાવ જોઇને પોતાના ઊભરાને ન રોકી શકયા. એમની આંખોમાંથી પણ અશ્રુધારાઓ વહેવા લાગી.

એ વખતે સ્વામીજીએ કહ્યું: "આ બે જણાં ઉપર મારો અધિક પ્રેમ જોઇને તમે નાહકના દાઝે બળી મરો છો. હવે તમે વિચાર કરી જુઓ કે ખરો વૈષ્ણવ કોણ છે, એ લોકો કે તમે? ધનુર્દાસ! તને ધન્ય છે! તારી સ્ત્રી તારા કરતાં પણ વધારે પવિત્ર આત્માવાળી છે. જાઓ, પ્રેમપૂર્વક સાથે રહીને જીવન ગાળો. આ બનાવથી મારે આ ચેલાઓને શિખામણ આપવી હતી, બીજું કાંઇ નહોતું."

વૈષ્ણવો ઘણા શરમાઇ ગયા. ધનુર્દાસ ગુરુને પગે લાગીને સ્ત્રીનો હાથ પકડીને પોતાની સાથે લઇ ગયો અને પોતાનો અપરાધ માફ કરવાને તેને વિનતિ કરવા લાગ્યો.

ધન્ય છે એ નિર્લોભી સાચી વૈષ્ણવ નારીને!

૨૪૧-ભાનુમતી

એવો કોઇ વિષય નથી કે જેની ચર્ચા ભારતવર્ષમાં ન થઇ હોય. જાદુવિદ્યા પણ ભારતવર્ષમાં એક વખતે વિદ્યાઓમાં ગણાતી હતી. ભોજ રાજાની રાણી ભાનુમતી એ વિદ્યામાં ઘણી પ્રવીણ હતી. આજે પણ ગામેગામ તેનું નામ પ્રસિદ્ધ છે. 'ભાનુમતીનો ખેલ' જોઇને બાલકબાલિકાઓ આજ પણ વિસ્મય પામે છે.

૨૪૨–સોનરાણી

સોનરાણી બાળંભના રાણા રાજસિંહની કુંવરી હતી. એણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે, "ઘણુ વણ ઘડ્યાં, એરણે અડ્યાં (એરણુ આભડ્યો) નહિ." આ દૂહાની પૂર્તિ કરનાર સાથેજ લગ્ન કરીશ. રાજગોરને આ દૂહો લઇને રાજદરબારમાં 'પૂર્તિ' માટે મોકલવામાં આવ્યો હતો. ઘણાં સ્થળોએ ફરતાં પણ પૂર્તિ ન થવાથી એ છેવટે બરડાના ડુંગરની તળેટીમાં ઘૂમલી દરબારમાં આવ્યો. ત્યાંના રાણા શિયાજી જેઠવાએ 'પૂર્તિ' કરવાને મહેનત કરી પણ એનાથી તે થઇ નહિ; પરંતુ એના યુવાન ભત્રીજા હલામણે તરત 'પૂર્તિ' કરી કેઃ—

"સરવર સાત (સ્વાત) તણાં મળે મોતી તો નીપજે."

આપણામાં એવી આખ્યાયિકા છે કે સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રમાં માછલીઓ ઉઘાડાં મોં રાખીને આકાશ તરફ જુએ છે. તે સમયે જો વરસાદ પડે ને તેનાં ફોરાં એ માછલીઓનાં મોંમાં પડે તો તેનાં મોતી થાય છે. એટલે એણે એ વાતને અનુસરીને ઉત્તર આપ્યો; કારણ મોતીને ઘડવા (બનાવવા)માં નથી જોઇતો હથોડો કે નથી જોઇતી એરણ. હવે વાસ્તવિક રીતે તો દરબારમાં જે હકીકત બની તેજ રાજગોરે કુંવરીને પાછા જઇ કહેવી જોઇતી હતી, પરંતુ શિયાજીને આ કન્યારૂપી અમૂલું રત્ન પોતાને હાથેથી જતું રહે તે ઠીક લાગ્યું નહિ, તેથી તેણે ગોરને ફોડ્યો ને 'પૂર્તિ' કરનાર તરીકે ગોરે હલામણને બદલે શિયાજીનું નામ ઠસાવી દીધું. આથી એવું ઠર્યું કે કુંવરીએ દાસદાસીઓ લઇને રાજગોરની સાથે ઘૂમલી જઇ રાણા સાથે લગ્ન કરવું. કન્યાવાળાં આવ્યાં ત્યાંસુધી તો હલામણ એમજ સમજતો હતો કે કુંવરીનાં લગ્ન એની સાથે થશે, પરંતુ એના એક વિશ્વાસપાત્ર મિત્રે ભરમ ફોડી દીધો કે કુંવરીનાં લગ્ન તો એના કાકા સાથે થશે. આથી એ

હતાશ થઈ ગયો, પરંતુ વડીલની ઇચ્છાને આધીન થવાના રિવાજ મુજબ એણે કહ્યું કે, "હું એ લગ્નમાં વિઘ્નરૂપ થઇશ નહિ." અહીં તો આમ થયું; પરંતુ બીજી તરફ જુદીજ ઘટના થઈ. સોનકુંવરી અને શિયાજીની દાસીઓ વચ્ચે કૂવે પાણી ભરતાં ઝગડો થયો ને સામસામાં મેણાંટોણાં ચાલુ થયાં. દાસીએ કહ્યું:—

"બાંધી મૂઠી લાખ લિયે, ઉઘાડી વા ખાય;
હલામણ દુહા પારખે સોન શિયાને જાય."

આ સાંભળી સોનકુંવરીની દાસી ચમકીને પોતાની બાઈ પાસે દોડી ગઇ અને તેને આ વાત કહી. ગોર ઉપર શંકા જવાથી સોને ગોરને બોલાવ્યો ને તેને શિક્ષા કરવાની ધમકી આપવાથી તેણે સત્ય વાત કહી દીધી. સાચી વાત જાણી એટલે સોને રાણાને થાપ આપવા વિચાર કર્યો, તેથી રાણાએ જ્યારે વસ્ત્રાભૂષણ મોકલ્યાં ત્યારે તે બધાં ફેંકી દઇને લાવનાર સાથે કહાવ્યું કે—

"સુડિભર્યો શણગાર, મને શિયાનો શોભે નહિ;
હલામણ ભરથાર, શિયો અમારો સાસરો."

આ હકીકત શિયાને પહોંચતાં એ ક્રોધે ભરાયો. આમાં હલામણનો હાથ હશે એમ ધારી તેને દેશવટો દીધો. હલામણે આજ્ઞા માથે ચઢાવી, પરંતુ જતાં જતાં સોનની દાસી સાથે સંદેશો મોકલ્યો કે—

"દેશવટો દરાર, સાચો દીધો શિયે જેઠવે;
હવે જઇ ભણજે જુહાર, હાંબે ગયો હલામણો."

સોનરાણી આ સાંભળી બોલી કે:—

"ઉતારો શૃંગાર, મને જાતાં લાગે જેઠવો;
મારી ઉરમાં માર, ક્યાં હાલ્યો ગયો હલામણો?"

આ માઠા બનાવથી એ બેશુદ્ધ થઇ ગઇ ને જ્યારે રાણા તરફથી માણસ એની પાસે ઉત્તર લેવા આવ્યો, ત્યારે મહામહેનતે દાસીઓએ તેને શુદ્ધિમાં આણી. એણે એક ઓરડામાં ભરાઇ રાણાના માણસને મળવા ના કહીને કહાવ્યું કે, "હવે પુત્રવધૂ પર નજર નાખવી રાણાને છાજે નહિ." રાણાને તો વધારે ગુસ્સો ચઢ્યો ને પોતે બળ વાપરવા તત્પર થયો. એવામાં ખબર આવી કે સિંધીઓએ સરહદ પર હલ્લો કર્યો છે, તેમને મારી હઠાવવા રાણાએ જાતે આવવું. આ અણધાર્યા પ્રસંગથી એનું ધાર્યું ધૂળ થયું. સોન-

કુંવરીને કેદમાં રાખવાનો હુકમ આપી એ ચાલ્યો ગયો. એના ગયા પછી સોનકુંવરી દહેરામાં દર્શન કરવાને બહાને શહેર બહાર નીકળી થોડે દૂર જઇને એણે તથા દાસીએ મળી ગાડી હાંકનાર-ને પૂરો કર્યો ને દાસીએ ગાડી હાંબા ભણી હાંકી મૂકી.

આણી તરફ હલામણ હાંબામાં પોતાની માસીને ઘેર રહેતો હતો. તેનું મન પણ સ્વસ્થ નહોતું. વિયોગી વહાલમની પેઠે એ વનેવન ભ્રમણ કરતો ને કાલિદાસના પુરુરવાની પેઠે વૃક્ષેવૃક્ષને અને પક્ષીપક્ષીને પોતાની પ્રિયાના સમાચાર પૂછતો.

આ દુહા તેમાંના કરુણ રસ માટે પ્રસિદ્ધ છે.

"વહાલા વિયોગી વાંસ, અહીં શી અવગણે આવીઓ
ભણને મારી ભોંયના, મને સંદેશો કાંઇ સોનનો?"

વાંસ ઉત્તર દે છે:—

"કાપ્યો લઇ કવાડીએ, પછી ઝીંકયો ઝખુમાંય?
લોઢે લેવાણો આજ, તેથી શુધ ન રહી સોનની."

એક માછીને એ કહે છે:—

"જાળીડા નાખને જાળ, મીઠા મેરામણ મળે,
કરમ છે કપાળ કે ઓાંતેરસે બરડા રહ્યાં?"

એનું મન વાળવા એની માસીએ એક સિંધી સુંદરી સાથે એનાં લગ્ન કરવા કહ્યું, પણ એણે સોન સિવાય કોઇ સ્ત્રી સાથે લગ્ન કરવા ના કહી. મગજની આવી અસ્વસ્થ સ્થિતિમાં એ જંગલના પથ્થર પર બેઠો હતો, તેની નીચેથી સાપ નીકળ્યો ને એને અંગૂઠે કરડ્યો. તેનું ઝેર ચડવા માંડ્યું એટલે હલામણ સમજ્યો કે મારો અંત હવે નજીક આવ્યો છે. મરતાં મરતાં પણ પોતાની વહાલીને ન મળાયું તેથી એ કહે છે:—

"વળજે સોન સુજાણ, હું સૂતો છેલ્લે સાથરે;
પામી નથી તું પ્રાણ, અધ ઘડી આરામની.
મનહર તારૂં મુખ, મેં જાણે અજાણે જોયું નહિ;
આશા રહી ઉર માંય, શેને પામ્યો આ ગતિ."

હવે રાણાનો મુલક છોડી સોન અને એની દાસીએ હાંબે આવતાં આજ જંગલમાં ટીમણ માટે મુકામ કર્યો હતો ને દાસી પાણી શોધવા નીકળી હતી. ફરતાં ફરતાં જ્યાં હલામણ બેશુદ્ધ

થઇ પડ્યો હતો ત્યાં આવી, એને ઓળખ્યો ને સમાચાર આપવા સોન પાસે દોડી. સોન ત્યાં આવીને પોતાના પ્રિતયમની આ દશા જોઇને બેશુદ્ધ થઈ ગઇ. ઘણી મહેનતે દાસીએ તેને શુદ્ધિમાં આણી, પરંતુ એનો વિલાપ હૃદયભેદક હતોઃ—

“ હાંબાની હદમાંય, મેં વહાલી વસ્તુ વિસારીયુ;
હૈડા કેરો હાર, જે હતો હલામણ જેઠવો.
હાંબા ડુંગર હેઠ, મેં હલામણ હિંચોળ્યો નહિ;
આશાયું રહી અનેક, મને જેઠવો જોવા તણી.”

એને મરણ પામેલો જાણીને એના શબને યોગ્ય રીતે અગ્નિ-સંસ્કાર કરવો પોતાની ફરજ ગણી, તેણે દાસીને જંગલમાં લાકડાં ભેગાં કરવા મોકલીને પોતે સતી થઇ હલામણની ચિતા સાથે બળી મરવા વિચાર કર્યોઃ—

“ હાંબાની હદ માંહે, આજ પીઠી ભર્યો પોઢાડીઓ;
મીંઢળ છૂટ્યાં મસાણ, હું હારી બેઠી હલામણો.
હલામણને હિયે, ખોડચ ખડકીઆં—
હવે કરવા સ્વર્ગે સાથ, મારે બળવું બરડાના ધણી.”

સોન અને એની દાસીનો વિલાપ એ માર્ગેથી પસાર થતા એક મદારીએ સાંભળ્યો ને એ તેમની પાસે આવ્યો. હલામણને તપાસતાં એનામાં હજી ચૈતન્ય છે ને એને બેઠો કરી શકાય એમ છે, એમ તેને લાગ્યું. મદારી પાસે સાપનું મહોરો હતું તે તેણે સર્પદંશ પર લગાડ્યું. થોડી વારે હલામણ શુદ્ધિમાં આવ્યો. સોનને તે સ્થળે જોઇને એને આશ્ચર્ય લાગ્યું ને આનંદ પણ થયો. આ પછી બંનેનાં લગ્ન થયાં ને થોડા કાળમાં શિયાજીનું પણ મૃત્યુ થયું, એટલે એ બંને પોતાને વતન જઇ સુખમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યાં.

જેવી સોન સુજાણ, તેવો હલામણ હીરલો;
તન બે એકજ પ્રાણ, જુગતે જુગતું જોડલું.*

---

* સાક્ષર શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીકૃત ‘ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો’ નામના ગ્રંથમાંથી તેમની પરવાનગીથી સાભાર ઉદ્ધૃત. —પ્રયોજક

२४३-खना

જ્યો તિષ અને ગણિતશાસ્ત્રમાં પ્રાચીન ભારતના આર્યો ઘણા પારદર્શી હતા. ઘણાઓનું એવું માનવું છે કે એ બે શાસ્ત્રો પ્રથમ આજ દેશમાં શોધી કાઢવામાં આવ્યા હતાં અને એ વિદ્યામાં આ દેશે ઘણી ઉન્નતિ કરી હતી. પ્રાચીન સમયની અનેક સ્ત્રીઓ તો પરમ વિદુષી હતીજ, પણ મધ્યકાળમાંયે કેટલીક સ્ત્રીઓ જાતજાતનાં શાસ્ત્રોમાં પ્રવીણતા મેળવીને પ્રસિદ્ધિ પામી છે. ખના એમાંની એક હતી. જ્યોતિષશાસ્ત્રમાં એનું નામ સુવિખ્યાત છે. જ્યોતિષશાસ્ત્રનો પૂરો અભ્યાસ કરીને જનસમાજને એનો લાભ આપવા સારૂ ખનાએ બહુજ સરળ દેશીભાષામાં એનો પ્રચાર કર્યો હતો. બંગાળામાં મહાન વિદ્વાનથી માંડીને અભણ ખેડૂત પર્યંત હરેક સ્ત્રીપુરુષ ખનાના નામથી અને જ્યોતિષ સંબંધી ખનાનાં વચનોથી પરિચિત છે. હાલતાં ચાલતાં ખનાનાં વાક્યો ઉપરથી બંગાળાના લોકો ભવિષ્ય જુએ છે. ખનાનાં વચનોમાં અમુક દિવસે મુસાફરી કરવાની ના કહી હશે તો જૂના વિચારનો બંગાળી એ દિવસે કદી પ્રવાસ નહિ કરે. ખનાએ બતાવેલો શુભ દિવસ નહિ આવે ત્યાંસુધી ભોળો ખેડૂત હળ નહિ ખેડે અને તૈયાર થયેલો પાક નહિ લણે; હિંદુ અને મુસલમાન બંને ઉપર તેનો એકસરખો પ્રભાવ છે.

સુશિક્ષિત ભારતવાસીઓના હૃદયમાં પણ ખનાને માટે સન્માન છે અને તે તેના ઉચ્ચ આત્મત્યાગને લીધે છે.

આજથી આશરે બસો વર્ષ ઉપર શ્રીનગર નામના શહેરમાં અતનાચાર્ય નામનો એક વિદ્વાન કાશ્મીરી બ્રાહ્મણ વસતો હતો. એને વિદ્યાનો પૂરો નાદ હતો. ગણિત અને જ્યોતિષશાસ્ત્રમાં એણે અગાધ પારંગતતા પ્રાપ્ત કરી હતી. રાતદિવસ આકાશમાં ગ્રહો અને નક્ષત્રોનું અવલોકન કરવામાં એનો સમય વ્યતીત

થતો હતો. નહોતી એને રાજદ્વારી બાબતો સાથે પંચાત કે નહોતો એને ધન કે માનમરતબો મેળવવાનો લોભ. વિદ્યાનીજ ખાતર વિદ્યાનું સેવન કરનાર એ નિષ્કામી બ્રાહ્મણ એકાંત સ્થાનમાં આનંદપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરી રહ્યો હતો. અતનાચાર્યનાં પત્ની યુવાવસ્થામાંજ સ્વર્ગવાસી થયાં હતાં. મૃત્યુ સમયે તે એક માત્ર સંતાન-કન્યા ક્ષમાવતીને પોતાના સ્મારકરૂપે મૂકતાં ગયાં હતાં. પંડિત મહારાજ એ પુત્રીને પ્રેમથી ઉછેરતા હતા. માતા અને પિતા બન્નેની ફરજ અતનાચાર્યને બજાવવી પડતી પિતા ખેતરોમાં અને જંગલોમાં ફરવા જાય ત્યારે કન્યા ક્ષમાવતી સાથે જતી; પિતા રાત્રીના સમયે આકાશમાં ગૃહો અને નક્ષત્રોનું નિરીક્ષણ કરતા ત્યારે કન્યા તેના મુખ સામું જોઇ રહેતી અને બાળકની જિજ્ઞાસાવૃત્તિથી અનેક પ્રશ્નો ઉપરાછાપરી પૂછતી. પિતા તરફથી સંતોષકારક ખુલાસો ન મળે ત્યાં લગી એના સવાલોનો અંત આવતો નહિ. આ પ્રમાણે બાલ્યાવસ્થાથી જ ક્ષમાવતીને ખગોળવિદ્યાનો શોખ લાગ્યો હતો, જે પાછલી વયમાં એને ઘણો કામ લાગ્યો.

ક્ષમાવતી-ખનાને બચપણથીજ ગણિતનો સારો શોખ હતો. ગણિતના અઘરા પ્રશ્નો એ બહુ સહેલાઈથી સમજી શકતી. જ્યોતિષ અને ગણિતને બહુ ઘાડો સંબંધ છે, એટલે પિતાએ પ્રથમ એને ગણિતનું ઊંચા પ્રકારનું શિક્ષણ આપ્યા પછી જ્યોતિષના ગ્રંથો શીખવવાનો આરંભ કર્યો. અગિયાર વર્ષની થતાં સુધીમાં એણે ભાસ્કરાચાર્ય અને વરાહમિહિરના ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. દિવસે દિવસે કન્યાની ભણવાની વૃત્તિ વધતી જતી હતી. નવાં નવાં પુસ્તકો વાંચવાં તથા તે સંબંધી વિદ્વાનો સાથે ચર્ચા ચલાવવાની તેને અભિલાષા થતી હતી. કેટલીક વખત તો તેની શંકાઓનું સંતોષકારક સમાધાન અતનાચાર્યથી પણ થઈ શકતું નહિ. જે ગામમાં એ લોકો વસતાં હતાં, તે ગામમાં જ્યોતિષના ઘણા પંડિતો નહોતા. આથી અતનાચાર્યે કન્યાની સાથે ભારતના પ્રસિદ્ધ વિદ્યાપીઠ કાશીક્ષેત્રમાં જવાનો નિશ્ચય કર્યો.

પિતાપુત્રી કાશી આવ્યાં. કેટલાક દિવસ નવી ઓળખાણ કરવામાં વ્યતીત થયા. યૂરોપ-અમેરિકામાં વિશ્વવિદ્યાલયવાળાં નગરોમાં જેવું વિદ્યાનું વાતાવરણ વ્યાપી રહ્યું હોય છે, તેવુંજ શુદ્ધ વિદ્યાનુંજ વાતાવરણ એ સમયે કાશીમાં હતું. ત્યાં

વેદ, વેદાંગ, ઉપનિષદ્ વગેરેના અભ્યાસ સારૂ અનેક શાળાઓ હતી. અનેક બ્રહ્મચારીઓ ત્યાં રહીને અભ્યાસ કરતા. ક્ષમાવતીને એ બધું જોઈને ઘણો આનંદ થયો. તેણે હવે પહેલાં કરતાં વધારે ઉત્સાહથી ભણવા માંડયું અને વારાણસીના પંડિતો પાસેથી જ્યોતિષનું જેટલું શિક્ષણ મેળવાય તેટલું મેળવ્યું. પંડિત અતનાચાર્યની ખ્યાતિ પણ વધવા લાગી અને અનેક વિદ્યાર્થીઓ તેમની પાસે ભણવા સારૂ આવવા લાગ્યા. વિદ્યાર્થીઓના સહવાસમાં ક્ષમાને ભણવાનો અધિક આનંદ આવ્યો અને થોડા સમયમાં એ જ્યોતિષશાસ્ત્ર–ખગોળવિદ્યામાં પારંગત થઈ ગઇ.

વિદ્યાની સાથે સાથે ક્ષમાનું સૌંદર્ય પણ ખીલતું જતું હતું. હવે એ પરમસુંદરી કુમારી બની હતી. હવે એને યોગ્ય વરના હાથમાં સોંપીને પિતા પોતાની એક મોટી ચિંતામાંથી નિવૃતિ લેવા માગતા હતા.

આચાર્યની પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં બંગાળાનો નિવાસી મિહિર નામનો એક બ્રાહ્મણ યુવક હતો. સમુદ્રકિનારાના ચંદ્રપુરા નામના ગામમાં એનો જન્મ થયો હતો. મિહિર એક પ્રતિષ્ઠિત કુટુંબનો યુવક હતો. એનો પિતા રાજા ચંદ્રકેતુના દરબારમાં મોટો અધિકાર ભોગવતો હતો અને રાજપરિવાર સાથે તેને સગપણનો પણ સંબંધ હતો. કુલીન કુટુંબના બાળકને છાજે એવું શિક્ષણ મિહિરને મળ્યું હતું. તેની રીતભાત તથા બોલચાલ બહુ આકર્ષક હતાં. પોતાના રાજ્યમાં એ વ્યાકરણ, અલંકાર, ગણિત અને જ્યોતિષ ભણ્યો હતો, પણ એને વધારે ભણવાની ઇચ્છા હતી અને એ શહેરમાં વધારે ભણવાની સગવડ નહિ હોવાથી તે બનારસ ગયો હતો.

રાજા ચંદ્રકેતુ બનારસની યાત્રાએ નીકળ્યો. કાશી પહોંચ્યા પછી સૌથી પહેલું કામ એણે એ કર્યું કે મિહિરની શોધ કરાવી. પંડ્યાઓને કહેતાં તેમણે તરતજ અનુમાન કર્યું કે એ બંગાળી યુવક અતનાચાર્યની પાઠશાળામાં ભણતો હશે. એમનું અનુમાન ખરૂં પડયું. મિહિરને પોતાના આશ્રયદાતાના આગમનના સમાચાર મળતાં ઘણોજ આનંદ થયો અને તે ઉતાવળે પગે એને મળવા ગયો. મિહિરની વિદ્વત્તા જોઈને રાજા ઘણો પ્રસન્ન થયો અને પોતાના રાજ્યમાં આવીને એની વિદ્વત્તાનો લાભ આપવાને તેને વિનતિ કરી. સભાપંડિત તરીકે રાજ્યમાં નિમ-

ણુંક થવાનો પ્રસંગ આવ્યો. રાજાએ જાતે એની પ્રશંસા કરી તેથી એને ઘણો હર્ષ થયો; પણ એ સૂચના સ્વીકારવામાં એકજ વાતનો વિચાર હતો. દેશ પાછા ફરતાં ખનાનો વિયોગ થવાનો ભય હતો. ખનાએ તેના હૃદયમાં એવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું કે, તેના વિયોગનો વિચાર પણ તેને અસહ્ય થઈ પડ્યો. ખના પણ સાથે દેશમાં આવે તોજ એનો જીવ નિશ્ચિંત રહે. એ હેતુથી એણે એક યુક્તિ શોધી કાઢી. બીજે દિવસે તેણે રાજા પાસે જઇને વિનયપૂર્વક સૂચવ્યું કે, " પોતે હજુ અનુભવ વગરનો તાજો વિદ્યાર્થી છે; પરંતુ એ પદને માટે તો કોઇ અનુભવી પંડિતની નિમણુંક થાય તો તે વધારે ઉચિત ગણાય." રાજાએ પોતે અજાણ્યો હોવાથી યોગ્ય પંડિતની શોધ કરવાનું તેનેજ સોંપ્યું. મિહિરે તેના ઉત્તરમાં પોતાના ગુરુનું નામ સૂચવ્યું અને એના જેવો જ્યોતિષનો વિદ્વાન કાશીમાં બીજો કોઇ નથી એમ જણાવ્યું. મિહિરને મુખેથી અતનાચાર્યની વિદ્વત્તાનો તથા તેની વિદુષી પુત્રીના પાંડિત્યનો પરિચય મળતાં રાજાને એવા ગુણવાન પુરુષનાં દર્શન કરવાની અભિલાષા ઉત્પન્ન થઈ. એક દિવસ એ મિહિરને સાથે લઇને અતનાચાર્યની પાઠશાળામાં ગયો અને સાષ્ટાંગ દંડવત્ કર્યા પછી તથા કુશળ સમાચાર પૂછ્યા પછી, તેમને પોતાની રાજસભાને શોભાવવાની પ્રાર્થના કરી. એણે એ પણ જણાવ્યું કે, તમારી વિદુષી કન્યા પણ મારા રાજ્યમાં સુરક્ષિતપણે નિવાસ કરીને પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરશે.

અતનાચાર્યે રાજાની વિનંતિ સ્વીકારી અને એ પુત્રી સહિત બંગાળાના ગામમાં જઈ વસ્યો. રાજા ચંદ્રકેતુએ પંડિતનો ઘણો સત્કાર કર્યો અને તેના નિવાસ તથા ખર્ચ વગેરેનો પૂરતો પ્રબંધ કર્યો. ખનાની વિદ્વત્તા પણ હવે એણે પ્રત્યક્ષ જોઇ અને તેથી પ્રસન્ન થઇને તેણે મિહિરનું લગ્ન ઘણી ધામધૂમ સહિત ખના સાથે કરાવ્યું. ખનાને હવે મનપસંદ પતિ મળ્યાથી એના સૌભાગ્યનો પાર રહ્યો નહિ. બીજા પ્રાંતની નિવાસી હોવા છતાં એ બંગાળામાં હળી ગઇ અને પોતાના ગામની સ્ત્રીઓ સાથે ભળીને તેમને પોતાના જ્ઞાનનો લાભ આપવા લાગી. ઉચ્ચ પ્રકારની વિજ્ઞાનવેત્તા હોવા છતાં એણે ઘરકામ કરવામાં હીણપત નહોતું માન્યું. પોતાને હાથેજ ભોજન કરીને પિતા તથા પતિને જમાડતી અને એ કાર્ય કરવામાં એને એટલોજ આનંદ આવતો, કે જેટલો

આનંદ ખગોળવિદ્યાના કોઈ મહત્વના પ્રશ્નનું નિરાકરણ થતાં એને પ્રાપ્ત થતો. હવે એની ખ્યાતિ દિનપ્રતિદિન વધવા લાગી અને એના વિચારોનો જનસમાજમાં આદર થવા લાગ્યો.

ક્ષમાવતી સુખને શિખરે પહોંચી ચૂકી હતી, પણ વિધાતાના વિચિત્ર રાજ્યમાં ભાગ્યેજ કોઇનું સુખ સદાને માટે ટકી રહે છે. એના પૂજ્ય પિતાનું મૃત્યુ થયું. પિતા અને માતાની એકસામટી ગરજ સારનાર એ જનકના મૃત્યુથી ખનાને ઘણો શોક થયો. બીજી તરફ ખનાની વિદ્વત્તાની પ્રશંસા બ્રાહ્મણ પંડિતોથી સાંખી શકાતી નહિ. એક સ્ત્રીને પોતાના કરતાં વધારે યશ મળે એ એમને માટે અસહ્ય હતું. તેઓ ગમે તે રીતે એ નિર્દોષ અબળાને દુઃખી કરવાને કમર કસીને તત્પર થયા હતા.

ઈ. સ. ૧૭૪૨ના શિયાળામાં બંગાળામાં ભયંકર ધરતીકંપ થયો. એથી બંગાળાના અખાતને કાંઠે આવેલાં ગામોને તો ઘણુંજ નુકસાન પહોંચ્યું. રાજા ચંદ્રકેતુની ગરીબ રૈયત ઘણી દુઃખી થઇ. એણે પંડિતોની સભા મેળવીને એ આપત્તિનું કારણ તથા તેમાંથી મુક્તિ મળવાના ઉપાય શોધવાની આજ્ઞા આપી. બધા પંડિતોએ મળીને એવી સલાહ આપી કે, "આ ધરતીકંપ ધરતી માતા કોપ્યાથી થયો છે અને ફરીથી એ ન કોપે એટલા માટે એક મોટો યજ્ઞ કરવો જોઇએ." મહિરે પણ એ લોકોના એ નિર્ણયપત્ર ઉપર હસ્તાક્ષર કર્યા.

રાજા ચંદ્રકેતુએ પંડિતોનો એ નિર્ણય ક્ષમાવતીને પણ જણાવ્યો. એ નિર્ણય વાંચીને એને ઘણું આશ્ચર્ય ઉત્પન્ન થયું અને એ પત્ર પર પોતાના પતિની સહી જોઇ ત્યારે એના શોકનો પાર રહ્યો નહિ. એણે રાજાને સ્પષ્ટ કહ્યું કે, "આ ધરતીકંપની સાથે દેવદેવીઓને કાંઇ લેવાદેવા નથી. ધરતીકંપ એ એક કુદરતી બનાવ છે. અમુક કુદરતી સંયોગો બની આવતાં એ ઘટના અનિવાર્ય થઇ પડે છે અને યજ્ઞો કર્યાથી એને રોકી શકાય એ વાત અસંભવિત છે." એણે એ પણ કહ્યું કે, "પંડિતોની હિંમત હોય તો મારી સાથે શાસ્ત્રાર્થ કરીને મારા વિચારો મિથ્યા છે અને એમનો નિર્ણય ખરો છે એવું સાબિત કરી આપે." ક્ષમાવતીના આવા સ્પષ્ટ વિચારોથી બ્રાહ્મણોના ક્રોધાગ્નિમાં ઘી રેડાયું. તેમણે ક્રોધના આવેશમાં એની વિરુદ્ધ અનેક ભાષણો કર્યાં અને દલીલ ખૂટી ત્યારે ગાળોથીજ કામ ચલાવ્યું. ખનાને સારૂ તેમણે

નાસ્તિક, ડાકણ વગેરે શબ્દો વાપર્યા અને આરોપ મૂક્યો કે આ દેશનો સંહાર કરવા સારૂજ વિદેશથી એ આવી છે અને પોતાના જાદૂથી ભોળા મિહિરને વશ કર્યો છે. એમણે મિહિરના કાનમાં પણ નિંદારૂપી વિષ રેડ્યું અને આખરે રાજા પાસેથી એ નિર્દોષ વિદુષીને દેશનિકાલ કરવાની આજ્ઞા મેળવી.

પંડિતોનો એ નિર્ણય અને રાજાની એ અન્યાયી આજ્ઞા પતિદ્વારા ક્ષમાવતીના જાણ્યામાં આવી. એ ચતુર સ્ત્રી સમજી ગઇ કે, ઈર્ષ્યાને વશ થઇને સ્વાર્થી બ્રાહ્મણોએ મારી વિરુદ્ધ આ કાવતરૂં રચ્યું છે. મારા પતિ પણ એમની પ્રપંચજાળમાં ફસાયા છે. પતિના વિયોગમાં અપમાનિત જીવન ગાળવું તેના કરતાં મૃત્યુ હજારગણું શ્રેયસ્કર છે; એ પ્રમાણે વિચાર કરીને ખના ઘરની દેવસેવાની ઓરડીમાં ગઇ. પતિ એ સમયે કાળીની ઉપાસનામાં આંખ મીંચીને એકાગ્રચિત્તે બેઠો હતો. માતાજીના હાથમાં તલવાર હતી. ખનાએ એ તલવાર વડે પોતાનું શિર કાપી નાખીને પતિના ચરણ આગળ મૂક્યું. પતિ ધ્યાન સમાપ્ત થયા પછી નેત્ર ઉઘાડીને જુએ છે તો પૂજા-ગૃહમાં લોહીનું ખાબોચિયું ભરાઇ ગયું છે અને પોતાની પ્રિયતમા ખનાનું માથું ધડથી છૂટું પડ્યું છે. પોતાના બલિદાનથી જાણે એ પતિને કહેતી ગઇ કે, “મારી ખાતર તમારે નિંદા સહન કરવી પડે છે, આખો બ્રાહ્મણસમાજ તમારો શત્રુ થઇ પડ્યો છે, તો હું જાઉં છું. તમારો માર્ગ સરળ કરૂં છું. મારા મૃત્યુથી મેં તમારા કુટુંબને અપકીર્તિમાંથી બચાવ્યું છે.”

આ પ્રમાણે વિદુષી ખનાના જીવનનો અંત આવ્યો; પણ ખનાએ પ્રચલિત કરેલાં જ્યોતિષનાં વચનોથી એનું નામ અમર છે. આપણા ગુજરાતમાં જેમ ભડળી-વાક્ય પ્રચલિત છે તેમ બંગાળામાં ખનાનાં વચનો પ્રચલિત છે.

કેટલાક લોકો ખનાને વિક્રમાદિત્યના સમયમાં થઇ ગયેલી અને તેની સભાના એક પ્રસિદ્ધ રત્ન વરાહના પુત્ર મિહિરની વધૂ માને છે. વરાહ જ્યોતિષમાં ઘણો પ્રવીણ હતો પણ પુત્ર-જન્મ સમયે ગણિતમાં ભૂલ થવાથી અલ્પાયુષી છે એમ જાણતાં તેણે તેને એક માટીના ઘડામાં ભરીને જળમાં ફેંકી દીધો. ત્યાં એક ગરીબ માણસે તેને બચાવ્યો. મોટો થઇને એ લંકાદ્વીપમાં ગયો અને ત્યાં એક પંડિતને ઘેર જ્યોતિષ ભણવા લાગ્યો. એજ

પંડિતશાળામાં ખના ભણતી હતી. બન્ને વચ્ચે પ્રેમ બંધાયો અને લગ્ન થયાં. ત્યાર પછી તેઓ વિક્રમરાજાના રાજ્યમાં આવ્યાં.

ધીમે ધીમે રાજા વિક્રમાદિત્ય સાથે મિહિરનો પરિચય થયો. મિહિરના જ્ઞાનથી ઘણા રાજી થઇને વિક્રમાદિત્ય તેને પોતાની રાજધાનીમાં લઈ આવ્યા. મિહિરને નવરત્ન સભાનો એક સભાસદ બનાવ્યો. મિહિરના બાલ્યજીવનની ખબર પડવાથી તથા બીજી તપાસ ઉપરથી એને પુષ્ટિ મળવાથી, વરાહ સમજી ગયો કે મિહિર મારો પોતાનોજ પુત્ર છે. હવે એ પુત્ર અને પુત્રવધૂને આદરપૂર્વક પોતાને ઘેર લેઈ ગયો.

ખના જ્યોતિષશાસ્ત્રમાં સ્વામી કરતાં પણ વધારે પારંગત હતી. એનું પ્રમાણ જે સમયે શિક્ષા સમાપ્ત કરીને અનાર્યો પાસેથી એણે વિદાય માગી તે સમયની એક ઘટના ઉપરથી મળી આવે છે. જ્યોતિષવિદ્યા પૂરી કરીને ખના અને મિહિર રાક્ષસોની પાસેથી પાછાં ફરતાં હતાં. ઘણા દિવસ અનાર્યોની સાથે રહેવાથી એ લોકોની પણ આ વિદ્યાર્થીઓ ઉપર ઘણી માયા બંધાઇ હતી. એ માયાના બંધનથી વિદાય સમયે ઘણે દૂર સુધી લંકાના લોકો તેમને વળાવવા આવ્યા હતા. નાનાં, મોટાં, સ્ત્રી, પુરુષ, બધાં આ બે જણાંને છેલ્લી વિદાય આપવા ગામની ભાગોળ આગળની એક નદી સુધી આવ્યાં હતાં. ત્યાં આગળ એક ગાય પ્રસવ કરવાની તૈયારીમાં હતી. ગુરુએ મિહિરને પૂછ્યુંઃ “બેટા! જે પ્રાણી આ ગાયના ઉદરમાંથી થોડા સમયમાં આ સંસારમાં જન્મ લેશે તેનો રંગ કેવો હશે તે કહી આપીશ?” મિહિરે ગણના શરૂ કરી, પણ એની ગણતરી ખરી પડી નહિ. ત્યારે ગુરુએ મિહિરના હાથમાં થોડાં પુસ્તકો આપીને કહ્યુંઃ “હજુ તું જ્યોતિષવિદ્યા પૂરી શીખ્યો નથી. આ પુસ્તકો તારી સાથે રાખ અને તેમની મદદથી બાકીનો અભ્યાસ પૂરો કરજે.”

મિહિર પરીક્ષામાં સફળ થયો નહિ. ગુરુને પણ તેના શિક્ષણ માટે સંદેહજ હતો; પણ ખના ઉપર તેમને અગાધ વિશ્વાસ હતો. એમની ખાતરી હતી કે ખનાએ જ્યોતિષશાસ્ત્રનો પૂર્ણ અભ્યાસ કર્યો છે.

મિહિરે ગુરુના હાથમાંથી પુસ્તકો લઇ લીધાં, પણ તેનું

ચિત્ત ચકડોળે ચડ્યું હતું. તેને એવો વિચાર આવ્યો કે આટ-આટલા દિવસ શ્રમપૂર્વક અભ્યાસ કરવા છતાં પણ જ્યોતિષ-વિદ્યા આવડી નહિ તો આ સાધારણ પોથાંથી શું આવડવાનું છે? એવું વિચારીને એણે એ પુસ્તકો ખળખળ વહેતી નદીના પ્રવાહ-માં ફેંકી દીધાં. ખના એ વખતે દૂર ઊભી ઊભી પાછળના ગામનું સુંદર પ્રાકૃતિક દૃશ્ય છેલ્લી વાર જોવામાં નિમગ્ન હતી. એકાએક તેની નજર વહી જતાં પુસ્તકો ઉપર પડી. તેણે મિહિર-ની પાસે દોડી જઇને પૂછ્યું: "આ શું કર્યું?" પણ એટલા-માં એ નદીનો સ્રોત ઘણે દૂર ચાલ્યો ગયો હતો. એ સમયે જ્યોતિષવિદ્યાનાં એ અમૂલ્ય તત્ત્વો આ સંસારમાંથી લુપ્ત થયાં!!

ખના જ્યારે પતિ કરતાં પણ આટલી બધી અધિક પ્રવીણ હતી ત્યારે વરાહ કરતાં તો એ ઘણી હોશિયાર હોવીજ જોઇએ. વરાહ પણ જ્યોતિષવિદ્યામાં ઘણો ઊંડો ઊતર્યો હતો, એ વાત ખરી; પણ તેનું ગણિત જરા કાચું હતું. તેની ગણતરીમાં કદી કદી ભૂલ આવતી. બાળકપુત્ર મિહિરના ત્યાગ વખતે વાચકોને તેનો પરિચય થઇ ચૂક્યો છે. દેશના ઘણા લોકો વરાહ પાસે જોષ જોવરાવવા આવતા. એમ કહેવાય છે કે વરાહની કાંઈ ભૂલ થતી તો ખના ઘરની અંદર બેઠે બેઠે ભૂલ સુધારી આપતી. વરાહને આથી ઘણી શરમ આવતી. પોતાના કરતાં પુત્રવધૂના ચડતા જ્ઞાન માટે તેને થોડીક ઇર્ષ્યા પણ ઉપજી. એટલા માટે એ મનમાં ને મનમાં ખના ઉપર અસંતુષ્ટ રહેવા લાગ્યો. વાચક બહેનો કદાચ વિચાર કરશે કે ખના પણ ઘણી હિંમતવાળી હશે. સસરાની ભૂલ લોકોના દેખતાં કહીને તેને શરમિંદો કરવો એ વાજબી છે? પણ આપણે એક વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે જ્યોતિષ એ ઘરસંસારની સાધારણ વાત નથી. ભાગ્યગણનામાં જરા ભૂલ થાય તો લોકોનું મહા અનિષ્ટ થાય. એક શૂન્યની ભૂલ કરીને ખુદ વરાહે પોતાના પ્રિય પુત્રને મૃત્યુના મુખમાં સોંપ્યો હતો; માટે સસરાજીની ભૂલથી લોકોનું એ પ્રમાણે સત્યાનાશ ના વળે એટલા સારૂ ખના તેમની ભૂલ પકડીને સુધારી આપતી. ખના કેવળ સસરાની ભૂલ પકડી આપતી એટલુંજ નહિ, પણ વરાહ-ની જાણમાં નહોતી એવી કેટલીક ગણતરીઓની પણ એને ખબર હતી. એ બધી ગણનાઓને લગતા પ્રશ્નોમાં સસરા કાંઇક અચ-કાતા તો ખના એમને એ સિદ્ધાન્ત શીખવી દેતી.

આકાશમાં બધા મળીને કેટલા તારા છે એ જાણવાની વિક્રમાદિત્યને એક દિવસ ઘણી ઉત્કંઠા થઈ. એ પ્રશ્નની મીમાંસા કરવાનું કામ મહારાજાએ વરાહને સોંપ્યું; પણ વરાહ પાસે એટલી વિદ્યા ક્યાં હતી કે એનો જવાબ આપી શકે ? આ પ્રશ્ન તેના જ્ઞાનની હદ બહારનો હતો. તેણે સભામાં કહ્યું કે, "હું ઘેર જઇને નિરાંતે ગણિત કરીને એનો જવાબ આપીશ."

વરાહ ચિંતાતુર મોંએ ઘેર આવ્યો. ખના એ સમયે રસોડામાં હતી. એટલી બધી ભણીગણી હોવા છતાં પણ એ પોતાને હાથે રસોઇ કરીને આખા ઘરને ખવરાવતી હતી. રસોઇ સમાપ્ત કર્યા પછી ખના સસરાજીને જમવા તેડવા આવી. તેણે જોયું કે વરાહ ઘણા ઉદાસ બેઠા છે. તેમની ચિંતાનું કારણ સાંભળીને તેણે કહ્યું કે, "આપે ચિંતા કરવી નહિ. આપ જમી લો. હું પ્રશ્નનો જવાબ આપીશ."

વરાહે ભોજન કર્યું. ખનાએ પાસે બેસીને ઘણા થોડા સમયમાં એ અઘરો હિસાબ ગણી આપ્યો. આ વખતે એને લાગ્યું કે પુત્રવધૂની વિદ્યાથી ભરસભામાં પોતાની આબરૂ સચવાશે. આજે વરાહને ઘણો સંતોષ થયો અને એવી વિદ્વાન વહુ મળવા માટે પોતાને ધન્યવાદ આપવા લાગ્યો.

બીજે દિવસે રાજસભામાં જઇને વરાહે વિક્રમાદિત્યના પ્રશ્નનો ઉત્તર આપ્યો; પણ વિક્રમાદિત્યે જાણવા માગ્યું કે, "તમે આ સિદ્ધાંત ઉપર કેવી રીતે આવ્યા ?" વરાહ હવે ગભરાઇ ગયો અને તેણે સાચેસાચું કહી દીધું કે, "મહારાજ ! ક્ષમા કરો. મેં પોતે એ ગણતરી કરી નથી. હું એ કરી શકયોજ નથી."

રાજાએ પૂછ્યું: "ત્યારે કોણે કરી ? મિહિરે ?"

વરાહે કહ્યું: "ના, મહારાજ. મિહિરે પણ નહિ. મિહિરની સ્ત્રી–મારી પુત્રવધૂએ."

બધા અત્યંત વિસ્મય પામી ગયા. ખના જ્યોતિષશાસ્ત્ર થોડુંઘણું ભણી હતી એવી તો બધાને ખબર હતી, એટલું સાધારણ જ્ઞાન વરાહની પુત્રવધૂ અને મિહિરની પત્નીમાં તો સ્વાભાવિક રીતે હોવુંજ જોઇએ; પણ ખનાનું જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન આટલું બધું ઊંડું છે એવી કોઇને સ્વપ્ને પણ કલ્પના નહોતી. આવી વિદુષી નારી પોતાની રાજધાનીમાં છે એ જાણીને

વિક્રમાદિત્ય પોતાને ધન્ય માનવા લાગ્યો. પોતાની રાજસભ
માં ખનાને દસમા રત્નની જગ્યા આપવાની તેને ઇચ્છા થ
તેણે વરાહને હુકમ આપ્યો કે, "આવતી કાલે રાજસભામાં ખન
લઇને આવવું. સભામાં ખના સાથે હું જ્યોતિષવિદ્યા સંબં
ચર્ચા કરીને તેને ઇનામ આપીશ."

વરાહ ઘણો ખેદ પામ્યો. રાજસભામાં પોતાની કુળવ
હાજર થઇને વિદ્યાની ચર્ચા કરશે, પોતાના અને પુત્રના કર
જ્ઞાનમાં પ્રાધાન્ય સ્થાપશે, એ વિચાર વરાહથી સહન થઇ શકે
નહિ. તેણે મિહિરને આજ્ઞા કરી કે, "ખનાની જીભ કાપી નાખ.

મિહિર સ્તંભિત થઇ ગયો. ખના એની સ્ત્રી હતી. વિદ્યામ
જ્ઞાનમાં, ગુણમાં સર્વ પ્રકારે તેના જીવનની સાથી હતી; ખ
જેવી સ્ત્રી મળવાથી તેનું જીવન સફળ અને ગૌરવાન્વિત થ
હતું. આજ એ ખનાની સાથે પોતાના હાથે આવું નિર્દય કૃ
કરીને પોતાને લાંછન લગાડશે? ખના જીવે છે ત્યાંસુધી
એનાથી એવું કામ થઈ શકે નહિ. વગર અપરાધે આવી સા
સ્ત્રીને નિષ્ઠુરતાથી મૃત્યુના મુખમાં સોંપી દેવી? પણ એક ત
પિતાની આજ્ઞા પણ ઉલ્લંઘાય એમ નહોતું. શું કરવું તે ન
નહિ થવાથી મિહિર ચિંતામાં ને ચિંતામાં બહાર બેસી રહ્યો

ખનાને સસરાના આદેશની ખબર પડતાં તેણે પતિને કહ્
"તમે શા માટે પિતાજીની આજ્ઞા પાળતાં અચકાઓ છો? શ
માટે આટલી આનાકાની કરો છો? હું એવી કોણ છું કે મ
વેદના થશે? હું મૂંગી થઇશ કે મારૂં મૃત્યુ થશે એ વિચાર
તમે પિતાની આજ્ઞા ન માન્યાનું મહાપાપ વહોરી લો છો
પડવું, આખડવું, વાગવું, ખોડખાંપણ આવવી અને મરવું
બધું તો મનુષ્યજીવનમાં થયાજ કરે છે. કર્મોના ફળરૂપે જે
નસીબમાં જે દુઃખ ભોગવવાનું છે તે ભોગવ્યા વગર તેનો છૂટ
નથી. તેને રોકવાની ચેષ્ટા કરવી એ મૂર્ખતા છે. વિધાતાના વિધ
નની વિરુદ્ધ જઇને સફળ થઇ શકાશે? તમે એવો વિચાર લા
શોજ નહિ. માયામુગ્ધ થઇને ધર્મપાલનથી વિમુખ થશો નહિ
મેં પોતે પણ ગણતરી કરી જોઇ છે કે, આ દુર્ઘટના બનવાનીજ
અને એ નિમિત્તેજ મારૂં મૃત્યુ થવાનું છે."

મિહિરે ખનાની જીભ કાપી નાખી. ખનાનું મૃત્યુ થયું.

કોઇ કોઈ એમ પણ કહે છે કે ખના વરાહની ગણતરી

ભૂલ પકડી આપતી એટલા માટે ક્રોધ અને ઇર્ષ્યાથી વરાહે મિહિરને હાથે આવું કૃત્ય કરાવ્યું. ગમે તે હો, પણ વરાહની આજ્ઞાથી મિહિરે ખનાની જીભ કાપી નાખી, આથી ખનાનું મૃત્યુ થયું.

ખનાના જીવનને લગતી બીજી કથા વાચકોની જાણ સારૂ અમે વર્ણવી છે, પરંતુ આધુનિક વિદ્વાનો એ વાતને માનતા નથી કે ખના વિક્રમ રાજાના સમયમાં થઇ ગઇ હોય. વળી તેઓ એ પણ માનતા નથી કે એ લંકાનિવાસિની હોય અને લંકામાંજ તેણે જ્યોતિષવિદ્યાનો અભ્યાસ કર્યો હોય.

ખનાનાં જ્યોતિષ સંબંધી જે વચનો બંગાળામાં પ્રચલિત છે તે ઉપરથી તે બંગાળી મહિલા હોવી જોઇએ એમ અનુમાન થાય છે. બંગાળામાં ૨૪ પરગણા જિલ્લામાં બારાસેતનગરની પાસે દેવલી નામનું એક નાનું સરખું ગામ છે. ત્યાં રાજા ચંદ્રકેતુના મહેલનાં ખંડિયેરો હજુ સુધી મોજૂદ છે અને ત્યાંના લોકો ખના અને મિહિરની વાતો હજુ પણ કરે છે. શ્રીયુત્ પંચાનન ભટ્ટાચાર્ય બી. એ., બી. ટી., બીજા વિદ્વાનોના પ્રમાણુસહિત કહે છે કે, "ખનાએ લંકામાં કદી પગ મૂક્યો હોય એવાં પ્રમાણ નથી. એ તો એક પ્રતિષ્ઠિત બંગાળી ઉપન્યાસ લેખકે ચલાવેલી ગપ છે, જેને ભોળા વાચકોએ વગર વિચાર્યે બ્રહ્મવાક્ય માની લીધું છે. વાર્તાએ ઇતિહાસનો નાશ કર્યો છે." પણ ધ્યાનમાં લેવાનું છે કે, વરાહ અને મિહિરને એ દંતકથામાં પિતાપુત્ર તરીકે વર્ણવ્યા છે. વિક્રમની રાજસભાના પંડિતનું નામજ વરાહમિહિર હતું. એક નામના બે ભાગ પાડીને નાહકની પિતા-પુત્રની કલ્પના ઊભી કરવામાં આવી છે.

વાચકોની આગળ ખનાના જીવનને લગતા બંને મતો અમે રજૂ કર્યા છે. એટલી વાત તો બંનેના ચરિત્ર ઉપરથી નિર્વિવાદ છે કે, ખના પોતાના સમયની એક પરમવિદુષી સ્ત્રી હતી. જ્યોતિષશાસ્ત્રમાં વધારે પ્રવીણ હતી. એક સ્ત્રીમાં વધારે વિદ્વત્તા હોવાથી એ પુરુષ–વિદ્વાનોના દ્વેષનું કારણ થઇ પડી હતી અને પતિપ્રેમને વશ થઈ, તેણે પ્રસન્નતાપૂર્વક પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

૨૪૪–ભડળી

એ મારવાડના પ્રસિદ્ધ જોશી હુદાદની એકની એક પુત્રી હતી. હુદાદને પુત્ર નહિ હોવાથી કન્યા ઉપર તેને વિશેષ સ્નેહ હતો. હુદાદે પોતાનું જ્યોતિષનું જ્ઞાન એ કન્યાને આપ્યું હતું. ભડળી ઘણી બુદ્ધિમતી હતી. તેણે પોતાના જ્ઞાનનો ઉપયોગ જનસમાજના કલ્યાણના અર્થે સરળ ભાષામાં એનો પ્રચાર કરવામાં કર્યો. કુદરતમાં થતા ચોક્કસ ફેરફારો ઉપરથી હવાની અને વિશેષે કરીને ચોમાસા માટે ભડળીએ જે વરતારા કાઢ્યા છે તે ભડળીવાકય નામે પ્રસિદ્ધ છે. 'ભડળીવાકય' તે ખેડૂતોનું તો પુરાણજ છે. અમુક માસમાં અમુક દિવસે હવાની સ્થિતિ અમુક પ્રકારની રહે, તેના ઉપરથી ચોમાસું સારૂં નીવડશે કે નબળું તેના એમાં વરતારા કાઢ્યા છે. વેદાંતનાં સૂત્રો જેવાંજ આ સૂત્રો પણ સંક્ષિપ્ત અને નિશ્ચિત છે; જેમકે—

શ્રાવણ પહેલાં પાંચ દિન, મેહ ન ભાંડે આવ;
પિયુ પધારો માળવે, હમે જશું મોસાળ.
પૂરવ તાણે કાચબી, જો આથમતે સૂર;
ભડળી વાયક એમ ભણે, દૂધે જમાડું કૂર.
શનિ આદીતાં મંગળાં, જો પોઢે જદુરાય;
ચાક ચઢાવે મેદની, પૃથ્વી પરલે થાય.

(કરકે પાજ બંધાય.)

ભડળીના બધાજ વરતારા લગભગ સાચા છે. આ વાકયો-માંના ચોમાસાના વરતારા, બહુ લાંબા સમયના અનુભવ અને નિરીક્ષણનું પરિણામ છે અને આખા કાઠિયાવાડના ખેડૂતો આ વાકયો પર લક્ષ આપીને પોતાની ગણુતરીઓ બાંધે છે. ×

× સા. શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના "ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક રતંભો" માંથી ઉપકાર સહિત ઉદ્ધૃત.—**પ્રયોજક**

२४५–कृतराजदुहिता

પ્રાચીન સમયમાં કૃત નામે એક રાજા થઇ ગયો છે. એ રાજાને સાત કન્યાઓ હતી. એ બધી રાજકન્યાઓ ઘણી સુંદર અને લાવણ્યવતી હતી, પરંતુ પૂર્વજન્મના સંસ્કારના બળે ભોગ, વૈભવ તથા સંસારનાં બીજાં અનેક પ્રલોભનો તરફ તેમના ચિત્તનું આકર્ષણ થયું નહોતું. બાલ્યાવસ્થામાંથી તેમને વૈરાગ્ય ઊપજ્યો હતો અને તેમણે રાજમહેલનો ત્યાગ કરીને સ્મશાનમાં નિવાસ કરવા માંડયો હતો.

એ પ્રસંગે એ કન્યાઓને તેમનાં સગાંસંબંધીઓએ ઘર છોડીને સ્મશાનને સેવવાનું કારણ પૂછયું હતું. તેના ઉત્તરમાં એમાંની એક કન્યાએ જણાવ્યું કે, "આ સંસાર મિથ્યા છે; તેમાં વળી આ દેહ નકામો છે. આ પ્રિયજનનો મેળાપ વગેરે જે સુખ છે તે સ્વપ્ન સમાન ચંચળ છે. આ સંસારમાં સારરૂપ સત્ય વસ્તુ એકજ છે અને તે પરોપકાર છે. આ શરીર ક્ષણભંગુર છે. આ દેહ પોતાના માનવ બંધુઓ, પશુપક્ષીઓ, વનસ્પતિ વગેરેની જેટલી સેવા કરી શકે તેટલુંજ એનું સાર્થક્ય છે. આ શરીર ગમે તેટલું સ્વરૂપવાન હોય છતાં બીજા કોઇના કામમાં ન આવે તો તે નિરુપયોગી છે. મેં તથા મારી બહેનોએ નિશ્ચય કર્યો છે કે જીવતાં સુધી પરોપકાર કરીશું અને છેવટે આ દેહને પણ સ્મશાનમાં માંસાહારી પ્રાણીઓના ખપમાં આવે એવી રીતે ત્યજી દઇશું."

દેહના લાવણ્ય અને સૌંદર્યને લીધે મનુષ્યને કેવી લાલચોમાં ફસાવાનો પ્રસંગ આવે છે તે સૂચવવા તેમણે એક દૃષ્ટાંત પણ આપ્યું. એ દૃષ્ટાંત બોધજનક હોવાથી નીચે ઉતારીએ છીએ.

પ્રાચીનકાળમાં એક સુંદર રાજકુમાર યુવાવસ્થામાંજ ઘરબાર

ત્યજીને સંન્યાસી થયો હતો. એક સમયે તે એક વણિકને ઘેર ભિક્ષા માગવા ગયો. સાધુનાં કમળસમાન સુંદર નેત્ર જોઈને વણિક પત્નીના મનમાં વિકાર ઉત્પન્ન થયો. એ તરુણ સાધુ ઉપર મોહી પડી અને કહેવા લાગી: "મહારાજ! તમે તો ઘણા સુંદર છો. આ કોમળ શરીરે સંન્યાસ લેવાની શી જરૂર પડી? તમારાં કમળલોચનની દૃષ્ટિ જે નારી ઉપર પડે તે ખરેખર ઘણી ભાગ્યશાળી ગણાવી જોઈએ." સાધુને એ સ્ત્રીની દુષ્ટ બુદ્ધિ જોઈને દયા આવી. એણે વિચાર્યું કે, "હાય! મારું સૌંદર્ય આજ એક કુલીન સ્ત્રીનું શિયળ ભંગ કરવાને લલચાવવાનું કારણ થઈ પડયું છે." જોતજોતામાં તેણે પોતાનાં એક નેત્રને ખેંચીને બહાર કાઢયું અને એ સ્ત્રીના હાથમાં મૂકી કહ્યું: "હે માતા! જે નેત્રનાં તમે આટલાં બધાં વખાણ કર્યાં તે તો લોહીથી ખરડાયલું છે, તમને તે ગમે છે તો ભલે તમારી પાસે રાખો."

પેલી વણિક પત્નીને આથી ઘણો પશ્ચાત્તાપ થયો અને સાધુની ઘણી ક્ષમા માગવા લાગી. સાધુએ કહ્યું: "માતા! તમારે પસ્તાવાનું કાંઈ કારણ નથી. તમે તો મારા ઉપર ઉપકાર કર્યો છે. નેત્રહીન થયાથી હું તપસ્યા સારી રીતે કરી શકીશ. સૌંદર્યનો નાશ થવાથી મારી ધર્મસાધનામાં કોઈ વિઘ્ન નહિ નાખે."

આ ઉદાહરણ આપીને કૃતરાજાની કન્યાએ કહ્યું: "જે શરીર આવું નાશવંત છે, જેની મોહકતા એક ક્ષણભરમાં જતી રહે છે, તેનાં ઉપર માયા શી રાખવી? આવા વિચારથી અમે રાજમહેલના સુખનો ત્યાગ કરીને આ સ્મશાનમાં નિવાસ કરીએ છીએ અને એમાંજ સુખ માનીએ છીએ."

એ સાતે બહેનોએ એવા શુદ્ધ વિચારથી પ્રેરાઈ પરોપકારમાંજ જીવન ગાળી સ્મશાનમાં દેહત્યાગ કર્યો હતો.

२४६–विष्णुमती

પ્રાચીન કાળમાં કોશામ્બી નગરમાં પાંડવોનો વંશજ જનમેજય રાજાનો પુત્ર શતાનિક રાજ્ય કરતો હતો. એ રાજા ઘણો પરાક્રમી હતો. વિષ્ણુમતી એ રાજાની રાણી હતી. એ ઘણી પતિવ્રતા હતી. રાજાને વિષ્ણુમતીથી કાંઇ સંતાન થયું નહોતું, છતાં રાજાને એના ઉપર એટલો બધો પ્રેમ હતો કે, તેણે બીજી વાર લગ્ન કર્યું નહોતું.

એક દિવસ રાજા શિકાર કરવા ગયો હતો. ત્યાં આગળ શાણ્ડિલ્ય મુનિનાં તેને દર્શન થયાં. વાતચીતમાં મુનિ સમજી ગયા કે રાજાને પુત્ર નથી અને તેથી કરીનેજ તેમના મનમાં ગ્લાનિ રહે છે.એથી એ રાજાની સાથે કોશામ્બી નગરીમાં ગયો અને મંત્ર ભણીને ચોખા, દૂધ અને સાકરનો બનાવેલો એક પદાર્થ રાણીને ખવરાવ્યો. એ પદાર્થ ખાધાથી રાણી સગર્ભા થઇ અને તેને પુત્ર અવતર્યો. એ પુત્રનું નામ સહસ્રાનિક પાડવામાં આવ્યું. માતપિતાને હાથે શિક્ષણ મેળવીને સહસ્રાનિક ઘણો વિદ્વાન, પરાક્રમી અને વિનયી નીવડ્યો. પુત્રને યુવરાજપદ ઉપર સ્થાપી રાજા રાજ્યકાર્યમાંથી નિવૃત્ત થયો હતો.

એક દિવસ ઇન્દ્રને રાક્ષસોની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવતાં તેમણે રાજા શતાનિકની સહાયતા માગી.રાજા શતાનિક ઇન્દ્રની સહાયતાર્થે રાક્ષસોની સાથે યુદ્ધ કરવા ગયો. ત્યાં અનેક અસુરોનો સંહાર કરીને રાજા યુદ્ધક્ષેત્રમાં મરણ પામ્યો.

ઇન્દ્રનો સારથિ માતલી રાજાના શબને ઊંચકીને રાણી પાસે લાવ્યો. પતિનું શબ જોતાંજ રાણી વિષ્ણુમતીના શોકનો પાર રહ્યો નહિ. પતિ વગરનું જીવન તેને મિથ્યા લાગ્યું અને પતિના શબને ખોળામાં લઇને તે સતી થઇ ગઈ.

૨૪૭—કલ્યાણી

પ્રાચીન કાળમાં એક ગામડાની બહાર એક નાની સરખી ઝૂંપડીમાં એક વિધવા રહેતી હતી. તેનું નામ કલ્યાણી હતું. સંસારમાં એના સુખદુઃખમાં ભાગ પડાવનાર કોઇ નહોતું. એનો બધો આધાર એક બાળક પુત્ર ઉપર હતો. એ બાળકજ વિધવાનું સર્વસ્વ હતો. વિધવા એની સાથેજ કુટીરમાં રહેતી. બાળકનું નામ જટિલ હતું. એ બાળક ફૂલના જેવો સુંદર, ઝરણોનાં જળ જેવો નિર્મળ અને આકાશના જેવો ઉદાર હતો; પણ બાલ્યાવસ્થાથીજ એના માથા ઉપર જટા ઊગી હતી, એટલે માતા તેને લાડમાં જટિલ કહેતી હતી.

કલ્યાણીમાં નામ પ્રમાણેજ ગુણ હતા. તેનું કોમળ હૃદય કલ્યાણ અને સ્નેહથી ભરેલું હતું. ગૃહવ્યવસ્થામાં પણ તે ઘણી કુશળ હતી. એની ઝૂંપડી ગામથી એક તરફ છેક એકાંતમાં હતી, છતાં એની વ્યવસ્થા એવી સારી હતી કે એના ઘરમાં કોઇ વસ્તુનો અભાવ નહોતો. એ કુટીરમાં માદીકરો આનંદપૂર્વક સમય વ્યતીત કરતાં હતાં. એમનો એક સિદ્ધાન્ત હતો કે કોઈની હિંસા કરવી નહિ. અહિંસાના એ વાતાવરણમાં જંગલનાં અનેક પશુપક્ષી ઝૂંપડી આગળ આવીને રમવા લાગતાં. કલ્યાણી તેમને દાણા નાખતી. કલ્યાણી ભગવદ્ભક્ત પણ હતી. સર્વદા ભગવાનનું પવિત્ર નામ કાને પડે એટલા સારૂ એણે કેટલાંક મેના તથા પોપટ પણ પાળ્યાં હતાં. ઘરનું કામકાજ કરતાં ભગવાનનું મધુરૂં નામ કાને પડતાં એને ઘણો આનંદ થતો.

કલ્યાણીની ઝૂંપડી રસ્તા ઉપરજ હોવાથી એને ઘેર દરરોજ બેએક મહેમાન આવી ચડતા. કલ્યાણી તેમને કુશાસન ઉપર બેસાડીને પોતે તેમના સ્નાન તથા ભોજનની વ્યવસ્થા કરતી. અતિથિઓ તેમના આદરસત્કારથી એટલા બધા પ્રસન્ન થતા કે તેમણે તેનું નામ "વનલક્ષ્મી" પાડયું હતું અને આસપાસનાં

ગામોમાં એ "વનલક્ષ્મી"ના નામથીજ ઓળખાતી.

એક દિવસ ત્યાં આગળ એક વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો અને બાળક જટિલને રમતો જોઇને પૂછવા લાગ્યો: "બેટા! વનલક્ષ્મીનો આશ્રમ ક્યાં છે?" જટિલ ઘણો આદર કરીને એને માતાની પાસે લઇ ગયો. કલ્યાણીએ અતિથિ બ્રાહ્મણને બેસવા સારૂ કુશાસન બિછાવી આપ્યું. વૃદ્ધ બેઠો. માતા અને પુત્રે ભક્તિપૂર્વક એને પ્રણામ કર્યા. વૃદ્ધે આશીર્વાદ આપ્યો: "બેટા વનલક્ષ્મિ! હું ચારે તરફથી તારા અતિથિસત્કારનાં વખાણ સાંભળતો આવ્યો છું. આજ આ રસ્તે જઇ રહ્યો હતો ત્યારે મનમાં વિચાર ઉપજ્યો કે ચાલ વનલક્ષ્મીનો આશ્રમ જોઇ આવું. એટલા માટે આજે અહીં આવ્યો છું."

વનલક્ષ્મીએ તેને આગ્રહ કર્યો કે, "મહારાજ! અમારાં મોટાં ભાગ્ય કે આપે અત્રે પધારી મારી કુટીરને પાવન કરી. આજ તો કૃપા કરી અહીંજ રહી જાઓ." વૃદ્ધે હા પાડી. જટિલ ચુપચાપ પાસે ઊભો હતો. વૃદ્ધ એને ખોળામાં લઇને રમાડવા લાગ્યો. વૃદ્ધે કલ્યાણીને પૂછ્યું: "વનલક્ષ્મિ, આ તમારો છોકરો છે?" કલ્યાણીએ નમ્રતાપૂર્વક કહ્યું: "હા મહારાજ, આપનો પ્રસાદ છે." આ પ્રમાણે નાના પ્રકારની વાતચીત કરીને વૃદ્ધ સ્નાન કરવા ગયો.

એટલી વારમાં કલ્યાણીએ કુટીરના મંદિરમાં બ્રાહ્મણને સારૂ પૂજાની સામગ્રી તૈયાર કરી. ગંગાજળ, ગંધ, પુષ્પ, તુલસી, દુર્વા, અપરાજિતા, પુષ્પ વગેરે થાળીમાં ગોઠવી દીધાં. ધૂપદાનમાં ધૂપ સળગાવ્યો. ઘીનો દીવો કર્યો. સુગંધથી કુટીર મહેકી રહી.

સ્નાન કરીને વૃદ્ધ પૂજાના આસન ઉપર બેઠો. ઇષ્ટદેવનું સ્મરણ અને પૂજન કરવા સારૂ પોતાને જોઇતી બધી વસ્તુઓ આવી સરસ રીતે કલ્યાણીએ તૈયાર રાખી હતી, એ જોઇને વૃદ્ધ ઘણો સંતુષ્ટ થયો અને માતા તથા પુત્રને ઘણોજ આશીર્વાદ આપ્યો તથા 'અપરાજિતા' સ્તોત્રનો પાઠ તેમને સંભળાવ્યો. એ સ્તોત્રનો પાઠ કરતાં બ્રાહ્મણના ચક્ષુમાંથી જળધારા વહેતી હતી. કલ્યાણી એકીટશે તેની તરફ જોઇ રહી હતી. એની ભક્તિ જોઇને એનું હૃદય પ્રફુલ્લિત થયું.

પૂજા સમાપ્ત થયા પછી વૃદ્ધે અપરાજિતા–રક્ષાકવચ બાળક

જટિલના ગળામાં બાંધી દીધું અને આશીર્વાદ આપ્યો કે, "આ બાળક જ્યાં જશે ત્યાં વિજય પ્રાપ્ત કરશે !"

વાતચીતમાં વૃદ્ધે જટિલના અભ્યાસ વિષે પણ પૂછયું અને એના વિદ્યાભ્યાસનો રીતસર આરંભ નથી થયો એવું જાણવામાં આવતાં સૂચના કરી કે, "સામેના ગામમાં વિશ્વરૂપ મિશ્રની નિશાળ છે, ત્યાં છોકરાને મૂકી આવજે. ત્યાં આગળ પંડિતજી એને વ્યાકરણ, અલંકાર અને કાવ્ય ભણાવશે."

કલ્યાણીએ કહ્યું: "પણ જટિલ તો છેક બાળક છે. જંગલમાં થઇને ગુરુજીને ઘેર આવજા કેવી રીતે કરી શકશે ?"

બ્રાહ્મણે કહ્યું: "મેં એના ગળામાં જે માદળિયું બાંધ્યું છે તે એની રક્ષા કરશે. સાપ, વાઘ, ચોર, લૂંટારા—કોઈ તારા બાળકનો વાળ વાંકો નહિ કરી શકે. તું બેધડક રહેજે."

"જેવી આજ્ઞા" કહી કલ્યાણીએ બ્રાહ્મણની ચરણરજ માથે ચડાવી. બ્રાહ્મણ આશીર્વાદ આપીને વિદાય થયો.

બીજે દિવસે સવારેજ કલ્યાણી વનની સામે પાર જઈને જટિલને ગુરુજીને સોંપી આવી. પેલા વૃદ્ધે ગુરુજીને ભલામણ કરી હતી, એટલે એમણે ઘણી પ્રસન્નતાપૂર્વક એને ભણાવવાનું પોતાને માથે લીધું.

બાળકને શિક્ષણ આપવું એ માતપિતાનો એક મોટો કર્તવ્યભાર છે. એ ભાર હલકો થયાથી કલ્યાણી ઘણી પ્રસન્ન થઇ.

જટિલ સવારે વહેલો ઊઠતો. પાઠ કરી રહ્યા પછી, સ્નાન તથા ભોજન કરીને, સામે પાર ગુરુને ઘેર ભણવા જતો અને આખો દિવસ ત્યાં રહી, સાંજે માની પાસે આવતો.

એક દિવસ જટિલની નિશાળના છોકરાઓ એકબીજાને પૂછી રહ્યા હતા: "તારે કોણ કોણ છે ?" કોઈએ કહ્યું: "મારે મા છે, બાપ છે;" કોઇએ કહ્યું:"મારે આટલાં ભાઈબહેન છે" વગેરે. જટિલનો વારો આવ્યો ત્યારે એણે કહ્યું: "મારે એકલી માજ છે. બીજું કોઈ નથી." એ સાંભળી કામંદક નામના એક વિદ્યાર્થીને નવાઇ લાગી, કે એના ઘરમાં બીજો કોઇ પુરુષ નથી તો બજારમાંથી સીધું, શાક વગેરે લાવવાનું કામ કોણ કરતું હશે ? જરૂર એને બીજું કોઇ હશે, પણ ખબર નહિ હોય.

જટિલે કહ્યું: "ભાઇ ! મને તો ખબર નથી, મેં તો આજ

દિન સુધી બીજા કોઈને મારા ઘરમાં જોયો નથી, છતાં આજે માને પૂછીને કાલે તને કહીશ.”

જટિલ ઘેર આવવા નીકળ્યો. રસ્તામાં તેને ઘણો ભય લાગી રહ્યો હતો, એવામાં એક વૃદ્ધ પુરુષ તેને મળ્યા. એ દયા આણીને જટિલને વનની બહાર મૂકી આવ્યા.

જટિલ માની પાસે પહોંચ્યો. એટલામાં સૂરજ આથમી ગયો હતો. કલ્યાણી એ વખતે ઘંટ વગાડીને સંધ્યા સમયની આરતી કરી રહી હતી. જટિલે પણ ઉમરા આગળ બેસીને ભગવાનની સ્તુતિ કરી. એ એનો રોજનો નિયમ હતો. ભગવાનની પ્રાર્થના કર્યા વગર કલ્યાણી એને ભોજન નહોતી આપતી. ઘરનાં બધાં કામથી પરવારીને કલ્યાણી પુત્ર સાથે વાતો કરવા બેઠી. જટિલે પૂછ્યું: “આપણે બીજું કોઇ છે?” બાળકના આ નિર્દોષ પ્રશ્નનો હેતુ માતા સમજી શકી નહિ. એ ઉપરથી જટિલે કામંદક સાથે થયેલી પોતાની વાતચીત કહી સંભળાવી.

કલ્યાણીએ કહ્યું: “બેટા! આપણે બીજુ કોઈ નથી, કેવળ એક દીનબંધુ છે.”

જટિલે પૂછ્યું: “મા! દીનબંધુ મારા શા સગા થાય?”

કલ્યાણી:—બેટા! એ તારા મોટાભાઇ થાય.

જટિલ:—મા! એ ક્યાં રહે છે?

કલ્યાણી:—એ આ પૃથ્વીમાં બધી જગ્યાએ રહે છે. આકાશમાંયે રહે છે અને પાતાળમાંયે રહે છે; ફળ, ફૂલ, ઘર કે જંગલ બધે એનો વાસ છે. આ દુનિયામાં એવું કોઇ સ્થાન નથી કે જ્યાં એ ન રહેતો હોય.”

જટિલ:—ત્યારે એ આપણી ઝૂંપડીમાંયે રહેતા હશે ને?

કલ્યાણી:—હા ભાઇ, તે અહીં પણ છે.

જટિલ:—ત્યારે આપણે એમને જોઇ કેમ નથી શકતાં?

કલ્યાણી:—તેને જોવાનો ઇરાદો કર્યાથી એને મળી શકાતું નથી. એને જોવાને તો પ્રયત્ન કરવો પડે છે. આ ચામડાની આંખો વડે એને જોઈ શકાય નહિ. એને માટે તો દિવ્ય આંખો જોઇએ.

જટિલ:—તમે એમને જોયા છે?

કલ્યાણી:—ના, ભાઇ, મેં એને જોયો નથી. હું એને ઘણીએ

પોકારૂં છું, પણ એ દર્શન આપતોજ નથી; પણ હું જાણી શકું છું કે તે મારો પોકાર સાંભળીને આવે છે. સુખદુઃખમાં એ મારો સાથી છે. દુઃખથી હું કંટાળીને ગભરાઇ જાઉં છું ત્યારે એજ મને દિલાસો આપે છે.

જટિલઃ—મા ! તમારી આ બધી મોટી મોટી વાતો મારી સમજમાં નથી આવતી. તમારે તો મને એકવાર મોટાભાઇ દીનબંધુ બતાવવા પડશે, ત્યારેજ હું તમારી વાતને સાચી માનીશ.

કલ્યાણીઃ—બેટા ! તું એને બોલાવજે. જરૂર એ આવશે.

જટિલઃ—ઠીક, મા ! હું એને બોલાવીશ. પછી કાંઇ. ?

કલ્યાણીઃ—જેવી તેવી રીતે બોલાવ્યાથી એ નહિ આવે. જેવી જોઇએ તેવી સાચી બૂમ પાડીશ તોજ એ સાંભળશે.

નિર્દોષ બાળકે પૂછ્યુંઃ "ત્યારે શું બહુ જોરથી ઘાંટો પાડીને એને બોલાવું ?"

એ ઉપરથી કલ્યાણીએ પુત્રને પ્રભુની ભક્તિ અને ઉપાસનાનો માર્ગ સરળતાથી સમજાવ્યો; પણ એટલો નાનો બાળક ભક્તિમાં શું સમજે ? એણે તો કહ્યુંઃ "મા ! તમારી એ બધી વાતોમાં હું કાંઇ સમજ્યો નથી. હું તો મોટાભાઇ દીનબંધુને બોલાવીશ અને જ્યારે મળશે ત્યારે તમારી પાસે પકડી લાવીશ અને કહીશ કે તમે કેવા ખરાબ છોકરા છો કે મા બોલાવે તોયે આવતા નથી ?"

કલ્યાણીએ કહ્યુંઃ "ભાઇ ! એવું ના કહીએ. એ તો સત, પવિત્ર અને મંગળમય છે. તું કોઇ પણ જાતની ઇચ્છા કર્યા વગર એકચિત્તે એને બોલાવીશ તો એ સાંભળશે અને તને દેખા દેશે."

એ વાત સાંભળતાંજ જટિલને રસ્તામાં પોતાને મળેલા વૃદ્ધની વાત સાંભરી આવી અને વિસ્તારથી એ વાત માને સંભળાવીને કહ્યુંઃ "મા ! હું આ તરફ આવતો રહ્યો ત્યાર પછી એ ડોસા દેખાયાજ નહિ. કોણ જાણે ક્યાંયે જતા રહ્યા ?"

એ વૃત્તાંત સાંભળીને કલ્યાણી ભગવાનની દયાનો વિચાર કરીને રોવા લાગી. એને વિચાર આવ્યો કે, ભગવાનજ શું બાળકનો ખરો પોકાર સાંભળી ન શકે ? એવીજ રીતે ધ્રુવે એક વાર ભગવાનને સંભાર્યા હતા અને એમણે એ નિર્દોષ બાળકને દર્શન દીધાં હતાં. સંભવ છે કે મારા જટિલનું રક્ષણ કરવા સારૂ એ પોતેજ પધાર્યા હોય. એ વિચાર આવતાં કલ્યાણીએ ભક્તિપૂર્વક

ભગવાનને ઉદ્દેશીને પ્રણામ કર્યાં અને જટિલને કહ્યું: "બેટા! હવેથી જ્યારે આફતમાં સપડાય ત્યારે તારા એ 'દીનબંધુ' ભાઇને બોલાવજે. એ વિપત્તિમાંથી તારો ઉદ્ધાર કરશે."

આ વાતમાં ને વાતમાં રાત ઘણી વીતી ગઇ. કલ્યાણી ભગવાનનું મધુરૂં નામ જપતી જપતી જટિલને ખોળામાં લઇને આત્મસંતોષ અનુભવતી સૂઈ ગઈ.

બીજે દિવસથી એ વનમાં થઇને આવતાં જટિલને કોઈ ને કોઇનો સંગાથ મળી જતો. એની સાથે વાતો કરતાં જટિલનો જંગલનો ભયંકર માર્ગ કપાઈ જતો. આશ્ચર્ય તો એ હતું કે વનની પાર નીકળ્યા પછી જટિલને સાથીનાં દર્શન થતાં નહિ.

આ પ્રમાણે જટિલ નિર્ભયતાપૂર્વક નિશાળે જવા આવવા લાગ્યો. ગુરુના ઉપદેશથી જટિલના જ્ઞાનમાં ઘણો વધારો થયો. રસ્તામાં મળતા વૃદ્ધ સાથીઓની પાસેથી અનુભવની વાતો સાંભળ્યાથી એની બુદ્ધિ બહુ તીવ્ર થઇ ગઇ. ગુરુજીની નિશાળમાં જેટલા છોકરા ભણુતા હતા, તેમાં જટિલનો નંબર પહેલો હતો. બધા વિદ્યાર્થીઓ એને ઘણું ચાહતા હતા. ગુરુ પણ ભણવામાં એનું ચિત્ત ચોટેલું જોઇ બહુ પ્રસન્ન થતા.

જટિલે એક દિવસ નિશાળમાં સાંભળ્યું કે, ત્રણ દિવસ પછી ગુરુજીના પિતાનું શ્રાદ્ધ છે; એ દિવસે વિદ્યાર્થીઓએ એક એક વસ્તુ પોતાને ઘેરથી લાવવાનો ભાર લેવો પડશે. કોઇએ ચોખા તો કોઇએ દાળ, કોઇએ ઘી તો કોઇએ ખાંડ, એમ પોતપોતાની જવાબદારી વહેંચી લીધી. રહ્યો એકલો બિચારો જટિલ! કામંદક નામના એક મશ્કરા છોકરાએ જટિલને દહીં લાવવાનું કહ્યું. ગુરુજીએ દયા આણીને કહ્યું:—

"જટિલ બિચારો રાંડીરાંડનો છોકરો છે. એ દહીં ક્યાંથી લાવશે?" કામંદકે કહ્યું: "ના ગુરુજી! એ એક દિવસ મને કહેતો હતો કે, "મારે દીનબંધુ નામનો મોટો ભાઇ છે." ગુરુજીએ જટિલને પૂછ્યું: "તેં આટલા દિવસ મને તારા મોટાભાઇની વાત તો કરીજ નહિ!"

જટિલે કહ્યું: "ગુરુજી! મેં એક પણ દિવસ દીનબંધુભાઇને જોયા નથી."

ગુરુજીએ પૂછ્યું: "ત્યારે એ ક્યાં રહે છે?"

જટિલ બોલ્યો: "માએ કહ્યું છે કે એ આકાશમાં છે, પાતાળમાં છે, જળમાં છે, સ્થળમાં છે, પૃથ્વીમાં બધે છે."

ગુરુજી સમજી ગયા કે, જટિલના દીનબંધુભાઈ કોણ હતા! તેમણે જટિલને પૂછ્યું: "તેં કોઈ દિવસ એમને દીઠા છે?"

એના ઉત્તરમાં જટિલે માતાની સાથે પોતાને થયેલી વાતચીત, દરરોજ જંગલમાંથી આવતાં પોતે દીનબંધુભાઇને કેવી રીતે પોકારે છે અને જંગલમાં એને મૂકવા સારૂ દરરોજ સાથી કેવી રીતે આવે છે વગેરે વૃત્તાંત સવિસ્તર કહી સંભળાવ્યો.

એની વાતથી આશ્ચર્ય પામીને ગુરુજીએ કહ્યું: "જટિલ! આજ ઘેર જતી વખતે તું તારા મોટાભાઇ દીનબંધુને બોલાવજે અને કહેજે કે, 'આજે હું તમને વટેમાર્ગુના વેશમાં નથી મળવા માગતો. મને તમારૂં ખરૂં રૂપ બતાવો. પછી એ તને કેવા રૂપમાં દર્શન દે છે તે તું મને કાલે જણાવજે; વળી તારા એ મોટાભાઇને એ પણ પૂછજે કે, ગુરુજીના પિતાજીના શ્રાદ્ધમાં દહીં લાવી આપવાનો ભાર તમે લેશોને?' "

જટિલે ગુરુજીને પગે લાગીને કહ્યું: "જેવી આજ્ઞા."

રજા લઇને જટિલ ઘેર આવી રહ્યો હતો. રસ્તામાં ભયાનક જંગલમાંથી આવતાં એના પગ કાંપવા લાગ્યા. રોજની પેઠે આજે પણ એણે દીનબંધુને બૂમ પાડી. થોડી વારમાં જુએ છે તો એની સામે એક શ્યામ વર્ણનો બાળક, પગમાં ઝાંઝર પહેરી, મસ્તક ઉપર મોરપિચ્છ ધારણ કરી, હાથમાં સુંદર વાંસળી લઈ મંદ મંદ હાસ્ય કરતો ઊભો છે. પીતાંબરધારી એ સુંદર બાળકને જોઈ જટિલ અવાક થઇ ગયો અને પ્રણામ કરીને પૂછવા લાગ્યો: "દીનબંધુભાઇ! તમે આવી પહોંચ્યા? આટલા દિવસથી હું તમને બોલાવતો હતો, પણ તમે દેખા દેતાજ નહોતા." દીનબંધુએ કહ્યું: "ભાઈ, તેં જ્યારે જ્યારે મને બોલાવ્યો ત્યારે ત્યારે હું આવીને ઊભો રહ્યો છું." જટિલે કહ્યું: "વાહ! મેં તો તમને કદી દીઠાજ નથી." એટલું કહીને જટિલ એકીટશે દીનબંધુના મધુર સ્વરૂપ તરફ જોવા લાગ્યો. એના મુખમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ. આંખની પાંપણો પણ સ્થિર રહી. જટિલની ભક્તિથી પ્રસન્ન થઇ દીનબંધુએ કહ્યું: "ભાઇ! આજ તું ગુરુજી પાસેથી ઉપદેશ લઇને આવ્યો છે.

ઉપદેશ વગર કોઇને જ્ઞાન થતું નથી." હવે જટિલને યાદ આવ્યું કે માએ ધ્રુવચરિત્ર સંભળાવતી વખતે કહ્યું હતું કે, ધ્રુવજીને પહેલાં નારદનો ઉપદેશ મળ્યો. ત્યાર પછી તેને ભગવાનનાં દર્શન થયાં હતાં.

ત્યાર પછી દીનબંધુ જટિલને જંગલની બહાર મૂકી આવવા સારૂ ગયા. રસ્તામાં જટિલે ગુરુજીના પિતાના શ્રાદ્ધ સંબંધી વાત કરી અને પૂછ્યું: "મોટાભાઇ! તમે એ દિવસે દહીં મોકલાવશો કે નહિ?"

દીનબંધુએ કહ્યું: "જા! તારા ગુરુજીને કહેજે કે દીનબંધુ એ દિવસે મારી સાથે દહીં મોકલી આપશે."

સંધ્યાકાળ હતો. જટિલ માતા કલ્યાણીની પાસે બેસી વાતો કરી રહ્યો હતો. વાતમાં ને વાતમાં ગુરુજીના શ્રાદ્ધના સંબંધમાં છોકરાઓએ કામની કેવી રીતે વહેંચણી કરી હતી, પોતાને માથે દહીંનો ભાર કેવી રીતે સોંપાયો અને દીનબંધુભાઇએ દર્શન આપી દહીં પૂરૂ પાડવાનું કામ પોતાને માથે કેવી રીતે લીધું એ વૃત્તાંત વિસ્તારથી કહી સંભળાવ્યો.

કલ્યાણી એ સમાચાર સાંભળીને ઘણુંજ આશ્ચર્ય પામી અને કહેવા લાગી: "જટિલ! તું શું કહે છે? ખરેખર, તેં દીનબંધુને જોયા છે? ઠીક, કહે જોઇએ તેનું રૂપ કેવું હતું?"

જટિલે દીનબંધુના ચિત્તાકર્ષકરૂપનું વર્ણન કહી સંભળાવ્યું.

કલ્યાણીની સમજમાં કાંઈ ન આવ્યું. જે સ્વરૂપનું જટિલે વર્ણન કર્યું હતું, એ તો ભગવાનના સ્વરૂપનું વર્ણન હતું; પણ એને ભગવાનનાં દર્શન ક્યાંથી થાય? સંભવ છે કે કોઇ દયાળુ માણસ એને મળ્યો હશે અને જટિલ એનીજ વાતો કરતો હશે.

બીજે દિવસે જટિલે નિશાળમાં જઇને જોયું, તો વિદ્યાર્થીઓએ પોતપોતાના ભાગની વસ્તુઓનો ઢગલો કરી દીધો છે. ગુરુજીએ એ બધું ભંડારમાં મૂકી આવવાનો હુકમ આપ્યો. જટિલે ગુરુજીને પ્રણામ કર્યા. ગુરુજી બોલ્યા: "દીકરા જટિલ! તારા દીનબંધુભાઇ મળ્યા હતા કે? તેમણે શું કહ્યું?" જટિલે કહ્યું: "હા, એ મળ્યા હતા અને વખતસર એ મારી સાથે દહીં મોકલાવી આપશે." દહીંની ગોઠવણ થઇ ગઈ જાણી ગુરુજી નિશ્ચિન્ત થયા. તેમણે આદરપૂર્વક જટિલને પૂછ્યું: "તારા દીનબંધુભાઇ કેવા હતા?"

જટિલે સ્વરૂપનું વર્ણન કર્યું. ગુરુજી વિસ્મય પામ્યા. ફરી ફરીને તેમણે જટિલને મુખેથી એના દીનબંધુના સ્વરૂપનું વર્ણન સાંભળ્યું. ગુરુજીએ ધાર્યું કે જટિલના દીનબંધુભાઇ બીજા કોઈ નહિ, પણ નારાયણ છે. દીન મનુષ્યોના બંધુરૂપ એ જટિલ અને તેની માતાનું રક્ષણ કરે છે.

આજ ગુરુજીના પિતાના શ્રાદ્ધનો દિવસ છે. ઘણા બ્રાહ્મણોને નોતરવામાં આવ્યા છે. બપોર વીતવા આવ્યા, પણ જટિલ હજુ સુધી દહીં લઇને આવ્યો નહિ. છોકરાઓ તેની મશ્કરી કરવા લાગ્યા. ગુરુજી પણ ઘણા ચિડાયા. બ્રાહ્મણો પણ અધીરા થઇ ગયા. બધું ભોજન તૈયાર હતું. દહીંનીજ વાર હતી.

બ્રાહ્મણોની અધીરાઇ જોઇને ગુરુજીએ ભોજન પીરસવા માંડયું. આશા હતી કે પીરસતાં વાર થશે એટલામાં જટિલ આવી પહોંચશે; થયું પણ એમજ. જટિલ દહીં લઇને વખતસર આવી પહોંચ્યો. દહીં એક નાની માટલીમાં હતું. એટલા દહીંથી શું થશે એમ જાણીને ગુરુજી જટિલ ઉપર બહુ ગુસ્સે થયા. એમણે જટિલનું આણેલું દહીં ફેંકી દીધું.

જટિલ રોવા લાગ્યો. બ્રાહ્મણોને એ જોઇને દયા આવી. તેમણે કહ્યું: “એ છોકરાને રોવડાવશો નહિ. એના ઘડામાં જેટલું દહીં બાકી રહ્યું હોય તેમાંથી જરા અમને આપો, એટલાથી અમને સંતોષ થશે. ગુરુજીએ એ માટલી ઉપાડી તો એ દહીંથી ભરેલી હતી. બધા આશ્ચર્ય પામ્યા.

બ્રાહ્મણોને દહીં પીરસવામાં આવ્યું. એ દહીંનો સ્વાદ અપૂર્વ હતો. એવું દહીં બ્રાહ્મણોએ આગળ કદી ખાધું નહોતું. ફરી ફરીને એમણે દહીં માગ્યું પણ એ પાત્ર ખાલી થયુંજ નહિ.

વિદ્યાર્થીઓ પણ જટિલને સાથે બેસાડીને એ દિવસે જમ્યા અને જટિલે આણેલું દહીં તો એમણે બહુ સ્વાદપૂર્વક ખાધું.

સાંજ પડવા આવી હતી. વિદ્યાર્થીઓ પોતપોતાને ઘેર ગયા. ગુરુજીએ જટિલને કહ્યું: “ચાલ જટિલ ! આજ તારી માની પાસે જઇને એને પ્રણામ કરી આવું.”

ગુરુજી મહારાજે હજુ ભોજન કર્યું નહોતું. આજ એમની ભૂખતરસ મરી ગઈ હતી. એમના મનમાં સ્વર્ગીય ભાવ રમી રહ્યા હતા, એમનું હૃદય ભક્તિથી મસ્ત અને તરબોળ બન્યું

હતું. જટિલને પોતાની સાથે લઈ જતાં એ કહેવા લાગ્યાઃ "જટિલ! આજ તારા મોટાભાઇ દીનબંધુ મને બતાવવા પડશે. મેં આજ પાણી સરખુંયે પીધું નથી. તારા દીનબંધુ મને ખવડાવશે ત્યારેજ હું ખાઇશ, નહિ તો પ્રાણ ત્યજીશ."

જટિલે કહ્યું: "ગુરુજી! એમાં તે શી મોટી વાત છે? આ જંગલમાંજ એ તમને મળશે."

વનમાં રોજની જગ્યાએ આવતાં જટિલે દીનબંધુને બૂમ પાડી. કોઇએ તેને ઉત્તર આપ્યોઃ "આજ તો તું એકલો નથી. પછી બીએ છે શાનો? આજ મને શું કામ બોલાવે છે?" જટિલે કહ્યું: "મોટાભાઇ! આજ મેં ગુરુદેવને વચન આપ્યું છે કે હું તમારી મુલાકાત કરાવીશ, તમારે આજે તો હવે દર્શન દેવાંજ પડશે." જોતજોતામાં જટિલની સન્મુખ એક દિવ્ય જ્યોતિ હાજર થઇ. એ જ્યોતિથી સંધ્યાકાળનો અંધકાર જતો રહ્યો. આખું જંગલ ઝગમગી રહ્યું. એ જ્યોતિમાં એક છાયામૂર્તિ હતી. જટિલે કહ્યું: "મોટાભાઇ! આજ તમારૂં આવું રૂપ કેમ? રોજ તો આવા રૂપમાં તમે મને દેખા નહોતા દેતા." છાયામૂર્તિએ કહ્યું: "ભાઇ! આજ મારૂં સાચું સ્વરૂપ છે; છતાં ભક્ત જે ભાવથી મારો વિચાર કરે છે તેજ ભાવમાં હું એને મળું છું. તારા ગુરુજીને કહે કે, મને નીરખે."

જટિલે ગુરુજીને દીનબંધુનાં દર્શન કરવાને કહ્યું. ગુરુજી તો કેવળ એક પ્રકાશજ દેખતા હતા. જટિલે જણાવ્યું કે, "એ પ્રકાશની અંદર એક દિવ્ય મૂર્તિ બિરાજમાન છે;" પરંતુ એમને તો કાંઇજ જણાયું નહિ. એ ઉપરથી જટિલે દીનબંધુને પ્રાર્થના કરી દીનબંધુએ જણાવ્યું કે, "તારા ગુરુ સંસારની મોહજાળમાં ફસેલા છે, વળી આજે એમણે તારા ઉપર અણવિશ્વાસ આણ્યો હતો માટે એ મને દેખી શકતા નથી."

જટિલે આગ્રહજ કર્યો, હઠ લીધી કે, "આજે તમારે મારા ગુરુજીને દર્શન દેવાંજ પડશે."

ગુરુજી જટિલને ખોળામાં લઇને બેઠા. ભક્ત જટિલ ઉપર દહીંની બાબતમાં અણવિશ્વાસ લાવવા અને અપ્રસન્ન થવા સારૂ એમને પશ્ચાત્તાપ થયો. એમણે શાંત-નિર્મળ ચિત્તે દીનબંધુનાં દર્શનની ઇચ્છા કરી.

થોડી વારમાં એ દિવ્ય જ્યોતિમાં ગુરુજીને પણ 'દીનબંધુ'-

નાં દર્શન થયાં. ગુરુજીએ એ દર્શનથી પોતાનું જીવન સફળ માન્યું. ગુરુજીએ કહ્યું: "દીનબંધુ! જ્યારે આપે આટલી બધી કૃપા કરી છે, તો મને એક વધારે સુખદ દૃશ્ય બતાવો. તમે બન્ને ભાઇ આજ મારી સાથે ચાલો અને તમારી માતા બતાવો. હું આજે કલ્યાણીદેવીનાં દર્શન કરીને જીવન કૃતાર્થ કરીશ."

દીનબંધુએ કહ્યું: "ઠીક, તમે જટિલને ખંધોલે લઇને જાઓ, હું થોડી વારમાં પાછળ આવું છું."

ગુરુજી જટિલને લઇને કલ્યાણીની કુટીર તરફ ચાલ્યા. કલ્યાણી રાહ જોઇ રહી હતી, એવામાં ગુરુજીને ખંધોલે એને આવતો જોયો. એના સ્નેહાળ હૃદયને ફરી શંકા થઇ કે, આજ એનું શરીર બગડયું તો નહિ હોય? આજ એ પગે ચાલી કેમ નથી આવતો? એટલામાં ગુરુજીએ જટિલને ખોળામાંથી નીચે ઉતારી કલ્યાણીદેવીના ચરણમાં પ્રણામ કર્યા.

જટિલે માને કહ્યું: "મા! આજ મારા દીનબંધુભાઇ તમને મળવાને આવવાના છે."

"ક્યારે આવશે, ભાઇ?" કલ્યાણીએ પૂછ્યું.

"આ આવ્યો મા!" કહીને જોતજોતામાં દીનબંધુ કલ્યાણીના ચરણની રજ લેવા લાગ્યા.

કલ્યાણીએ જોયું કે, દીનબંધુનું રૂપ અલૌકિક છે. એના અંગમાં લાખો સૂર્યની જ્યોતિ હતી, એ તેજથી કલ્યાણીનાં નેત્ર અંજાઈ જવા લાગ્યાં. એણે હાથ જોડીને પ્રાર્થના કરી: "ભક્તવત્સલ ભગવાન! તમારૂં આ તેજ શમાવી દો. દયા કરીને મા તરીકે મને મળવા આવ્યા છો તો જે વેશમાં યશોદાની પાસે ગયા હતા, તેજ વેશમાં એક વાર મારા ખોળામાં બેસો."

દીનબંધુ ગોપાલનંદનના વેશમાં કલ્યાણીના ખોળામાં બેઠા. ગુરુજીએ જટિલને પણ માના ખોળામાં બેસાડીને એકાગ્રતાથી ભક્તિપૂર્વક પ્રણામ કરીને કહ્યું: "મા! યશોદારૂપે આજ કૃષ્ણ-બળરામને તમે ખોળામાં બેસાડ્યા છે. આજ એ સ્વરૂપમાં આ હતભાગી સંતાનના પ્રણામ સ્વીકારો."

જટિલ ધીમે ધીમે સર્વ શાસ્ત્રમાં પારંગત થયો. કલ્યાણી જેવી માતાના ઉપદેશ અને સલાહથી સંસારમાં એ પોતાનાં કર્તવ્યનું બરાબર પાલન કરવા લાગ્યો.

૨૪૮–ચંગાવતી

પ્રાચીનકાળમાં કાંતિનગરીમાં શૃગાલ નામનો એક મહાપુરુષ થઈ ગયો છે. કોઈ કહે છે તે રાજા હતો, કોઈ કહે છે તે વણિક શેઠ હતો. રાજા હો કે શેઠ હો, પણ તે પુષ્કળ ધનવૈભવનો સ્વામી હતો એ વાત નિર્વિવાદ છે. પ્રાચીન ગુજરાતી કવિઓએ તેને શેઠ શૃગાળશારૂપે વર્ણવ્યો છે. એ અત્યંત સત્યવચની, દાતા અને ઉદાર હતો. સાધુઓનો પરમ સેવક હતો. શૃગાળશાની પત્ની ચંગાવતી આદર્શ પત્ની હતી. રમણીઓમાં એ રત્નરૂપ હતી. પરમ પતિવ્રતા હોઇ પતિના પ્રત્યેક શુભ કાર્યમાં સહાયભૂત થતી. સાધુઓ પ્રત્યે પતિના જેટલીજ એને પણ ભક્તિ હતી. તેમણે એવો સંકલ્પ કર્યો હતો કે, દરરોજ એક સાધુને જમાડીને પછી પોતે જમવું. એ દંપતી-ની સાધુસેવામાં એક દિવસ વિક્ષેપ પડ્યો.

એક વખત વરસાદ પુષ્કળ વરસવા લાગ્યો. આઠ દિવસની હેલી મંડાઇ. એવા વરસાદમાં કયો સાધુ બહાર ભિક્ષા માગવા જાય ? આઠ દિવસ સુધી બંનેએ અપવાસ કર્યા. વરસાદ બંધ પડ્યો, ત્યારે શૃગાલશાએ સેવકોને બોલાવીને કહ્યું કે,

"અભ્યાગત વિના મારે અન્ન ન ખપે, તેનો કરો કોક ઉપાય રે."

(ભોજલ)

એમ કહેવાય છે કે કૈલાસમાં શિવપાર્વતી બેઠાં બેઠાં વિનોદ કરી રહ્યાં હતાં, ત્યાં નારદે જઇને મૃત્યુલોકના આ આદર્શ કુટુંબ-ની ઘણી પ્રશંસા કરી હતી. તે ઉપરથી એમના સત્ય, ઉદારતા અને સાધુભક્તિની પરીક્ષા લેવા સારૂ શંકર મૃત્યુલોકમાં આવીને કોઢી સાધુના વેશમાં તળાવકિનારે આવીને બેઠા. શૃગાલશાએ મોકલેલા નોકરોની દૃષ્ટિએ એ સાધુ પડ્યા અને તેમણે જઇને શેઠને ખબર આપી. શૃગાલશાના આનંદનો પાર રહ્યો નહિ. સાધુને તેડવા એ સામો ગયો અને—

"પરિક્રમા દઇને પાય લાગ્યો, એને હેડે હરખ ન માય રે;
દુર્ગંધ આવે ને ભૂત નાસે, વળી મળે તેમાં ખાય નેક રે.
તોયે ડગે ન મન શેઠનું, ભાઈ એવી મોટી ટેક રે;
તેનાં ચરણ ધોઈ ચરણામૃત પીધાં, મારાં સિધ્યાં તે સર્વ કાજ રે;
કરજોડીને પછે કહેવા તે લાગ્યો, મારે મંદિર પધારો મહારાજ રે."

દેખીતી રીતે ગંદા, ચેપી રોગથી પીડાતા અઘોરી સાધુનો આ પ્રમાણે ખરા પ્રેમથી સત્કાર કરી શૃગાળશાએ પોતાને ઘેર ભોજન કરવા પધારવા આગ્રહ કર્યો. કવિ ભોજલ એ માટે વાજબીજ કહે છે કે—

"સત્યવાદીએ સાહેબને ઓળખ્યા, એનો માનવી શું જાણે મર્મ રે."

સાધુએ હઠ લીધી કે, "તું એકલો મને તેડવા આવ્યો છે. તારી સ્ત્રીનો સ્વભાવ કેવો હોય તેની મને શી ખબર ? ત્યાં ગયા પછી મારો અનાદર થાય તો ? માટે તારી પત્ની મને તેડવા આવે તોજ હું જમવા આવું." શૃગાળશા તરતજ ઘેર ગયો અને પ્રિય પત્નીને બધો વૃત્તાંત કહ્યો. સાધુસંતની સેવામાંજ આખું જીવન ગાળનાર સતીને આ પ્રસંગનો મર્મ સમજી જતાં વાર ન લાગી. એણે તરત જવાબ આપ્યો:—

"સ્વામી મારા, તમે ઢીલ ન કરો લગાર રે;
તત્ક્ષણ જઇએ આપણ તેડવા,
એ તો માનવી નહિ છે મોરાર રે."

સામૈયું લઇને શૃગાળશા શેઠ સાધુને તેડવા ગયા. કેવી રીતે એ દુર્ગંધથી સડતા કોઢિયા સાધુને એ ભક્ત દંપતી ઘેર લાવ્યાં, તેનું વર્ણન ભોજલના શબ્દોમાં આપીશું:—

"કનક હિંડોળીને કરંડિયા માંહી, જુગતે બેસાર્યા જદુવીર રે;
સંધ્યાવતીએ જ્યારે શીર પર લીધા, ત્યારે ભીંજાણાં સતીનાં ચીર રે.
નગરના લોક ટોળે મળ્યા, વળી જોવાને વર્ણ અઢાર રે;
અન્યોઅન્ય વાણી ઉચરે, માંહી હાંસી કરે છે હજાર રે.
ઉનાં જળ મેલીને સ્નાન કરાવ્યાં, વળી પોઢાડ્યા પલંગ બિછાઇ રે;
ચંદન ચરચે હરિનાં ચરણ તળાસે, વળી વિંજણ ઢાળે છે વાઇ રે."

આ પ્રમાણે સેવા કર્યા પછી, સતીએ પોતાને હાથે ભાતભાતનાં સ્વાદિષ્ટ ભોજન બનાવીને પીરસ્યાં અને સાધુને જમવાની પ્રાર્થના કરી. સાધુ અઘોરી હતો. એને આ પકવાન્નથી તૃપ્તિ

કેમ થાય? એને તો માંસાહાર જોઇએ. એણે કહ્યું:—

"અન્યે કરી દેહ મારો અગ્નિ કરે છે, મારે છે માટી કેરો આહાર રે;
ઉત્તમ વરણ તમે એ કેમ કરશો, મારે એજ મોટો છે વિચાર રે."

સાધુએ ધાર્યું હતું કે, જીવહિંસાથી સદા દૂર રહેનાર આ દંપતી માંસાહારનું નામ સાંભળીનેજ ચમકશે, પરંતુ સાધુને ગમે તેટલે જોખમે સંતુષ્ટ કરીને વિદાય કરવાનો સંકલ્પ કરનાર ભક્તજને તે પણ કબૂલ કર્યું. લોકલાજની જરા પણ પરવા ન કરતાં કસાઇવાડેથી એ અભક્ષ્ય પદાર્થ પણ મંગાવ્યો; પરંતુ એ માંસ જોઇને પણ સાધુ સંતુષ્ટ થયો નહિ. એને તો શૃગાળશા અને તેની સાધ્વી સ્ત્રીને કસી જોવાં હતાં. એણે કહ્યું: "હું અઘોર પંથી છું. પશુનું માંસ અમે ખાતા નથી. મારે તો નરમાંસ જોઇએ. બીજું કશું મારે ન ખપે."

શૃગાળશાએ કહ્યું: "જેવી આજ્ઞા!"

સાધુએ કહ્યું: "જેવી આજ્ઞા તો ઝટ કહી દીધું, પણ યાદ રાખજે કે મારે વૃદ્ધ, રોગી, અશક્ત તથા યુદ્ધમાં ઘાયલ થયેલા મનુષ્યનું માંસ ન ખપે."

શૃગાળશાએ કહ્યું: "તમે ઇચ્છો છો એવા માંસની વ્યવસ્થા થશે, પછી કાંઇ?"

"હું સમજ્યો. તું કોઇ ચોર કે કેદીને પકડીને જબરજસ્તીથી તેને મારીને મારે સારૂ માંસ આણી આપીશ, નહિ?"

"ના, એવું પણ નહિ કરૂં, રાજીખુશીથી જે પોતાનો દેહ આપવા તૈયાર હશે તેનું માંસ આણીશ, પછી કાંઇ?"

"ના, ભાઇ, ના, મારે તો ભાડૂતી માણસનું માંસ પણ ન ખપે."

"તો પછી હું શું કરૂં? આ દેહ આપને અર્પણ છે. મારા માંસનો આપ આહાર કરી દેહનું સાર્થક કરો."

"ના, તું મહાન પરોપકારી નર છે. તારાથી હજારોનું પાલન થાય છે. હજારોના પાલનકર્તાનું માંસ પણ મારે ન ખપે."

સતી ચંગાવતીએ તરતજ આગળ આવીને હાથ જોડીને કહ્યું: "મહારાજ! મારૂં માંસ હું આનંદપૂર્વક આપવા તૈયાર છું."

સાધુએ કહ્યું: "એ પણ નહિ બને. પરોપકારમાં તું પણ ક્યાં શૃગાળશા કરતાં ઉતરે એવી છે? તું તો સાક્ષાત્ અન્નપૂર્ણા

છે. તું મરણ પામે તો અન્નક્ષેત્ર કેવી રીતે ચાલે? ગરીબોને મળતો આશ્રય કાલથીજ બંધ પડે.”

દંપતીએ કહ્યું: “મહારાજ! અમે મૂઢ છીએ. અમને સ્પષ્ટ સમજાવો કે, આપને કેવું માંસ ખપે?”

“સાંભળ, રાજા! તારે એક સુકુમાર પુત્ર છે ને? બસ, મારે તેનું માંસ ખપે.”

શૃગાળશાને સંતાનમાં કેવળ એક પુત્ર હતો. એનું નામ ચિલયા. ગુજરાતી કવિઓએ તેનું નામ કેલૈયો લખ્યું છે. એ બાળક ઘણો સુંદર, બુદ્ધિમાન અને સદ્‌ગુણી હતો. માબાપનો તેના ઉપર પુષ્કળ પ્રેમ હતો.

સાધુને મુખેથી એ લાડકા પુત્રના માંસની ભિક્ષા સાંભળીને શૃગાળશા અને સતી ચંગાવતી ઉપર વજ્રાઘાત થયો.

એ દુ:ખદ બનાવની કલ્પના કરતાં પણ એમના હૃદયને મોટો આઘાત પહોંચ્યો. તેઓ બેબાકળાં થઇ ગયાં.

એ જોઇને સાધુ ગર્જના કરીને બોલ્યો: “બસ, જોઇ લીધી તમારી સાધુસેવા! દુર્ભાગ્ય મારાં કે, આજ આવાં યજમાન સાથે પાનું પડ્યું. વાર શા માટે લગાડો છો? એક નન્નો સો દુ:ખને હણે. સખીથી ભલો સૂત્ર. ચોખ્ખી ના કહી દો, એટલે હું મારે મુકામે ચાલ્યો જાઉં. તમે કેવાં દાતાર છો તે ખબર પડી ગઇ!”

રાજાએ પત્ની તરફ અર્થપુર:સર દૃષ્ટિ નાખી. પત્નીએ આંખના ઇશારામાંજ પોતાની સંમતિ દર્શાવી. ચંગાવતીના ધૈર્યનું વર્ણન અમે કયા શબ્દોમાં કરીએ?

તેણે પતિને કહ્યું: “અતિથિ રિસાઇને પાછા જાય એ ઠીક નહિ. એમને આસન ઉપર બેસાડો. હું હમણાંજ આપની ઇચ્છાનુસાર મારા બાળકનું માંસ આપની સેવામાં રજૂ કરૂં છું.”

ચંગાવતિ! ધન્ય છે. તને તો માનવી કહીએ કે દેવી? ગમે તેવા કઠણ હૈયાની સ્ત્રી ન કરી શકે, એવું કામ કરવા અને પતિની ટેક નિભાવવા ખાતર તું તૈયાર થઈ!

ચંગાવતી બાળકને ખોળવા ગઇ. સુકુમાર બાળક માતાને જોઇને પ્રેમપૂર્વક દોડતો દોડતો સામે આવ્યો અને માતાને વળગી પડયો. માતાનું હૈયું ભરાઇ આવ્યું. એણે પુત્રને કહ્યું:

"હાય ! આજ હું તારી માતા નથી, આજ હું રાક્ષસી બની છું. ધિક્કાર છે મારા જીવનને !" નિર્દોષ બાળકે માતાના ઉદ્વેગનું કારણ પૂછ્યું. માતાએ સાધુની અપ્રસન્નતાથી ડરીને બધો વૃત્તાંત એને કહી સંભળાવ્યો.

કેલૈયો સુયોગ્ય માતપિતાનો સુપુત્રજ હતો. સ્વાત્માર્પણનો મહાન ગુણ માતાના ગર્ભમાંથીજ એ શીખ્યો હતો. એણે કહ્યું:–

" કાયા તો રે અંતે પડવાની—
સાધુને હાથે મારૂં મૃત્યુ સુધરશે, ટળશે જન્મમરણની જંજાળ રે;
આગે મોરુદ્ધજે પિતા ! અંગને વેરાવ્યું, કર્ણે કીધું કાયાનું દાન રે.
શિબિ રાજાની માટી છાબે તોલાણી, ત્યારે રીઝયા'તા ભગવાન રે;
હરિશ્ચંદ્રને માથે પિતા ! હેલ પાણીની, એવો દૈવે દીધો' તો દંડ રે.
સત્યવાદી બંદા કદી સત્ય ન છોડે, મરને ભાંગી પડે બ્રહ્માંડ રે.
હિંમત રાખો પિતા હાર મા પામો, તમે જુઓ મોટાના મર્મ રે;
પરમાર્થ સારૂ પ્રાણ હોમ્યા'તા, તોયે છોડયા નો'તા સત્ય ધર્મ રે.
દધિચિ ઋષિને જાચ્યા દેવતા, જેના વાંસાનું કરવા વજ્ર રે.
કુવાડે અંગને માંડયું કાપવા, તોય બોલ્યા નહિ બુદ્ધિના સાગર રે;
શિર (તો) મળશે પણ આવો સમય નહિ મળે,
ઘરે મોહન થયા છે મેમાન રે;
અવસર આવ્યો પાછાં પગલાં ન ભરિયે, કરિયે તન
મન ધન કુરબાન રે."

આ પ્રમાણે માતપિતાને આશ્વાસન આપીને કેલૈયાકુમારે પોતાનું શિર કાપી નાખીને માતાને અર્પણ કર્યું. સાધુવેશમાં આવેલા શંકર તો આ કુટુંબની પ્રત્યેક વ્યક્તિનું એકબીજાથી ચઢે એવું સાહસ જોઈને આશ્ચર્યચકિત થઇ ગયા, પરંતુ હજુ એમને ભક્તની વધારે કસણી કસવી હતી. શૃગાળશાએ પુત્રનું માંસ સાધુની આગળ ધર્યું એટલે સાધુએ ગુસ્સે થઇને કહ્યું: "કેમ, તેં મને વાઘવરુ સમાન પશુ ધાર્યો કે કાચું માંસ મારી આગળ ધર્યું ? આવું અપમાન શા સારૂ કરે છે ? સાફજ કહી દે તો મારે ઠેકાણે જાઉં." ચંગાવતીએ હાથ જોડીને કહ્યું: "મહારાજ ! મારી ભૂલ થઈ. મને ક્ષમા કરો. આપ તો દયાના સાગર છો. આપ મોટું મન કરીને આપની આ પુત્રીને ક્ષમા કરો અને થોડી વાર થોભો. હું પુત્રના શિરને રાંધીને હમણાં લાવું છું."

સતીએ પુત્રનું શિર કાપીને ખાંડવા માંડયું. એનાં નેત્રમાંથી

આંસુ ટપકતાં હતા. સાધુએ કહ્યું: " હું નિસાસો નાખેલું ભોજન ખાતો નથી. તમે સોળે શણગાર સજીને પ્રસન્ન ચિત્તે ગીત ગાતાં ગાતાં માંસને સુધારો, તોજ એ ભોજન મારે કામ આવે."

સતી ચંગાવતીએ એ આજ્ઞાને પણ અમલમાં મૂકી. હાલરડાં ગાતે ગાતે પુત્રનું માંસ સુધાર્યું. આટલી કઠણ પરીક્ષા પણ ભગવાનને માટે અધૂરી હતી. સાધુવેશમાં એમણે કહ્યું:—

"વાંઝિયાનું અન્ન ખાવું વરજિત છે, એમ શ્રુતિ કહે છે સમજાઇ રે."

સતીએ કહ્યું: " આપ નિરાશ ન થશો. હું વાંઝિયણ નથી. મારે પાંચ માસનો ગર્ભ છે. આપને ખાતરી ન થતી હોય તો પેટ ચીરીને હું બતાવવા તૈયાર છું." સતીએ છરી લઇ પેટ ચીરવાની તૈયારી કરી, એટલે સાધુવેશધારી હરિએ હાથ પકડી લીધા અને હજારો ધન્યવાદ આપ્યા. એમણે કહ્યું: "તમારાં બન્નેની ઉદારતાની પ્રશંસા સાંભળીને એની કસોટી કરવા સારૂ હું આવ્યો હતો. તમારૂં સત્યવ્રત, અપૂર્વ સાધુભક્તિ તથા ટેક જોઇને હું પ્રસન્ન થયો છું. તમે જે વરદાન માગો તે આપવા હું તૈયાર છું."

સતીએ કહ્યું:—

" આવી કસણી ન દેજો રે કોઇને, સ્વામી એ માગું વરદાન રે.

"વળી બીજું એ માગું છું કે, પતિ અને અતિથિની સેવામાં આ દેહ સદા કામ આવે અને મારી બુદ્ધિ આપની ભક્તિમાં હમેશાં લાગેલી રહે."

ભગવાને "તથાસ્તુ" કહ્યું અને પોતાના ખરા સ્વરૂપમાં પ્રગટ થઇને કેલૈયાકુમારને સજીવન કર્યો. બાળકને—

" માતાએ મોતીડે વધાવ્યો, હઇડે હરખ ન માય."

સતી ચંગાવતીની પતિભક્તિ, સાધુ શ્રદ્ધા, અપૂર્વ ધૈર્ય આદિ ગુણોની પ્રશંસા કરતાં અમે પણ કવિના શબ્દો વડે પ્રભુને એ પ્રાર્થના કરીશું કે, "આવી કસણી ન દેજો રે કોઇને."

२४९-अंबरीषनी राणी

પ્રાચીન કાળમાં સૂર્યવંશમાં અંબરીષ નામનો એક પ્રસિદ્ધ રાજા થઈ ગયો છે. અયોધ્યામાં એની રાજધાની હતી. એ એવો પરાક્રમી હતો કે એકલાએ લાખો યોદ્ધાઓ સાથે યુદ્ધ કર્યું; એણે યજ્ઞ પણ ઘણા કર્યા હતા. લિંગ-પુરાણમાં લખ્યું છે કે એ અત્યંત વિષ્ણુભક્ત હતો. રાજ્યનો કારભાર મંત્રીઓને સોંપી દઇને એણે ઘણા દિવસ સુધી વિષ્ણુભગવાનની આરાધના કરી હતી. ભગવાન વિષ્ણુ એક વખત એની ભક્તિની પરીક્ષા લેવા સારૂ ઇન્દ્રના રૂપમાં ગયા હતા અને તેને વરદાન આપવાની ઇચ્છા જણાવી હતી; પરંતુ વિષ્ણુભક્ત અંબરીષે ઇન્દ્ર પાસે કાંઈ પણ વર નહોતો માગ્યો અને કહ્યું કે, " હું આપને પ્રસન્ન કરવા સારૂ તપસ્યા નથી કરતો અને હું આપનું આપેલું વરદાન પણ નથી લેવાનો. આપ આપને સ્થાને પધારો. મારા પ્રભુ નારાયણ છે અને એમનેજ હું નમસ્કાર કરૂં છું. " વિષ્ણુ એટલાથી પ્રસન્ન થયા અને પોતાના ખરા સ્વરૂપમાં એની આગળ પ્રગટ થયા.

એ સમયમાં એક રાજાને એક વિદુષી કન્યા હતી. રાજા અંબરીષની પ્રેમભક્તિ જોઇને એ કન્યા ઘણી પ્રસન્ન થઇ અને તેના સદ્ગુણોને લીધે એટલી બધી મોહિત થઇ કે એણે સંકલ્પ કર્યો કે, " પરણવું તો એવા નરનેજ. એવા ભક્તરાજ મને પોતાની દાસી બનાવે તો મારા જેવું ભાગ્યશાળી કોઇ નહિ. " એવો વિચાર કરીને એણે પિતાને કહ્યું: " મેં શ્રીઅંબરીષ રાજાને આજથી મારા પતિ માન્યા છે. વરીશ તો તેમનેજ, નહિ તો કુંવારી રહીશ. આપ મારી પ્રાર્થના સ્વીકારીને રાજાને એક પત્ર લખો. " કન્યાની પસંદગી યોગ્ય સ્થાને ઊતરી એ જોઇને પિતાને ઘણો સંતોષ થયો. એમણે વિનયપૂર્વક એક પત્ર લખીને બ્રાહ્મણની સાથે અંબરીષ રાજાની પાસે મોકલ્યો. બ્રાહ્મણે જલદી જઇને

એ પત્ર અંબરીષ રાજાને આપ્યો. મહારાજા એ પત્ર વાંચીને બોલી ઊઠ્યાઃ "રાજકન્યાનો શુભ અભિલાષ હું સમજી શકું છું, પણ મારે બીજી અનેક રાણીઓ છે; સેવાકાર્યને લીધે એમની સાથે વાતચીત કરવાની પણ મને પુરસદ નથી મળતી, તો પછી હું તમારી રાજકન્યાને પરણીને શું કરૂં ?"

"'ઉમા ! રામ સુભાવજિન જાના, તિનહિં ભજન તજિ, ભાવ ન આના.' મારૂં મન તો કેવળ ભગવાનની સેવાના રંગમાંજ રંગાયું છે."

બ્રાહ્મણે જઇને રાજકન્યાને બધો વાર્તાલાપ કહી સંભળાવ્યો અને કહ્યું કે, "બહેન ! હું શું કરૂં ? પવનવેગે હું ગયો; રાજાને તમારા રૂપ, ગુણ તથા એમના પ્રત્યેની ભક્તિની ઘણીયે વાત કહી પણ રાજાનું મન પીગળ્યું નહિ. મારો ફેરો સફળ ન થયો." રાજકન્યા એમ નિરાશ થઇને પોતાનો સંકલ્પ ત્યજી દે એવી નહોતી. એણે કહ્યું: "મહારાજા અંબરીષના અતિ તીવ્ર વૈરાગ્યનું તમે જે વર્ણન કર્યું તેથી હું ઘણી પ્રસન્ન થઇ છું. હું જાણું છું કે એ ઘણાજ ધર્મજ્ઞ છે તથા એમના શુદ્ધ અંતઃકરણમાં ભક્તિલતા એવી સઘન ફેલાઈ છે કે, સ્ત્રીપુત્રાદિકની વાસનાના અંકુરને એમાં સ્થાનજ નથી રહ્યું:" એટલું કહેતાં કહેતાંમાં તો ભક્તરાજના સ્નેહથી એ સુશીલ રાજકન્યાનું હૈયું ભરાઈ આવ્યું. થોડી વાર પછી તે બોલી ઊઠી: "એમની ભગવદ્ભક્તિએ મારા અંતઃકરણનું એટલું બધું આકર્ષણ કર્યું છે, તથા મને એટલી બધી રીઝવી છે કે, હું એમનેજ મારા પતિ, મારા આરાધ્ય દેવ માની ચૂકી છું. (મન ભક્તિહી રિઝાઇ લિયો, કિયો પતિ, મુખ નહિ દેખોં ઔર પિયાકો) હવે હું બીજા કોઇ પુરુષનું મોં સરખું પણ દેખનાર નથી. મહારાજ ! તમે ફરીથી એમની પાસે જાઓ અને કહો કે, 'જો આપ મને આપના ચરણની દાસી નહિ બનાવો તો આપને સ્ત્રીહત્યાનું પાપ લાગશે; કેમકે આપના વગર આ દેહમાં પ્રાણ ટકી શકનાર નથી.'"

કે અપના વહિ મોહિવેં, કૈ મૈં ત્યાગી દેહ
ભક્ત શિરોમણી નૃપતિ તે, કહે હું વિપ્રવર નેહ !

(નાભાજી–ભક્તમાલ)

બ્રાહ્મણે ફરીથી જઇને અંબરીષ રાજાને રાજકન્યાનો એમ-

ના પ્રત્યેનો પ્રેમ જણાવ્યો. રાજા એના સાચા પ્રેમની વાત સાંભળીને પ્રસન્ન થયો અને આ પણ એક ધર્મસંકટ છે, એમ ધારીને પોતાનું ખાંડું મોકલીને તેની સાથે લગ્ન કર્યું.

લગ્ન થયા પછી રાજકન્યા ઘણાજ ઉત્સાહપૂર્વક સાસરે આવી. પતિપત્ની બન્ને એકબીજાનો પ્રભુપ્રેમ જોઇને મુગ્ધ થઇ ગયાં. રાજાએ આજ્ઞા આપી કે, "નવું રાજમંદિર સાફસૂફ કરીને એમાં રાણીનો નિવાસ રાખો અને ઠાકોરજીના ભોગની બધી સામગ્રી ત્યાં તૈયાર રખાવો. એમ લાગે છે કે પૂર્વજન્મમાં એની ભક્તિ સંબંધી કોઇ વિમળ વાસના અધૂરી રહી ગઇ હશે, એ પૂરી કરવા સારૂ મારી સાથે એનું લગ્ન થયું છે. "

ભક્તિમતી રાણી પોતાના મહેલમાં રહેવા લાગી. એક દિવસ પાછલી રાતે ઊઠીને તેણે પતિના પૂજાભવનમાં પ્રવેશ કર્યો અને મંદિરનો પૂંજો પોતાને હાથે કાઢીને તથા વાસણ આદિ માંજીને ઠાકોરજીની સેવા કરી ગઇ. દરરોજ એ સેવાકૃત્ય રાજા પોતે કરતા હતા. સવારના પહોરમાં રાજાએ જઇને મંદિર જોયું ત્યારે એને ઘણું આશ્ચર્ય ઉત્પન્ન થયું કે, મારે કરવાનું કાર્ય કયો ચોર કરી જાય છે ? ત્રણ દિવસ સુધી એજ પ્રમાણે થયું. ચોથે દિવસે રાજા સંતાઇને બેઠા, તો ભક્તિમતી રાણીને સેવા કરતી જોઈને પ્રસન્ન થયા અને કહ્યું કે, " તમારા મનમાં સેવાની આટલી બધી ઉત્કંઠા છે તો એમને તમારા મહેલમાંજ કેમ નથી પધરાવતાં, કે જેથી એમની પૂજાનો ભાર તમારે માથેજ રહે."

શ્રીભક્તરાજના શુદ્ધ અંતઃકરણમાંથી પ્રીતિપૂર્વક નીકળેલા આ શબ્દો સાંભળતાંવારજ પ્રેમમૂર્તિ રાણીને એટલો બધો આનંદ થયો કે, એણે એ સૂચનાને ગુરુમંત્ર સમાન ગણીને સ્વીકારી. પ્રાતઃકાળ થતાંજ તેણે ધામધૂમપૂર્વક પૂજાઅર્ચના સહિત ઠાકોરજીની મૂર્તિને પોતાના મહેલમાં પધરાવી. હવે એણે પોતાનેજ હાથે ઠાકોરજીને શણગાર સજાવવા માંડચા. એનાં નેત્રોમાંથી પ્રેમાનંદ વરસતો હતો. રાણીની ભક્તિની પ્રશંસા ચારે દિશામાં છવાઈ ગઇ.

પત્નીના સુયશનાં વૃત્તાંત રાજાને કાને પણ પડતાં. જે ઠાકોરજીનું પૂજન રાણી આટલા પ્રેમથી કરી રહી હતી, તેમનાં દર્શન કરવાની રાજાને પણ ઉત્કંઠા થઈ અને એક દિવસ વ્યાકુળ ચિત્તે

એ રાણીના મંદિર તરફ ચાલી નીકળ્યા. એમણે ધીમે પગે ત્યાં જઇને દ્વારરક્ષકોને કહ્યું કે, "હું ચુપચાપ રાણીની ભક્તિ જોવા માગું છું, તમે એને મારા આવ્યાની ખબર આપશો નહિ." મંદિરની સમીપ જઇને જુએ છે તો પ્રભુના અનુરાગથી મસ્ત બનેલી સુંદરી પોતાના શરીરનું ભાન ભૂલી જઇને પ્રેમરંગમાં મગ્ન થઇ છે. એનાં નેત્રોમાંથી પ્રેમાનંદની અમૃતધારા દડદડ વહી રહી છે. વીણા વગાડીને કોમળ સ્વરે પ્રભુનો યશ ગાઇને એ ઠાકોરજીને રીઝવી રહી છે. એ સ્થિતિમાં રાણીને જોઇને અંબરીષના હૃદયમાં પત્ની માટે ઘણું માન ઉત્પન્ન થયું. એ મનમાં વિચારવા લાગ્યાઃ "આજની ઘડી ધન્ય છે! આજનો દિવસ ધન્ય છે!"

કોઉ લૈઆઁન નવીન સુરનતે મનહુ વશીકર આપે.
કોઉ મૃગનયની કોકિલબચની, પંચમ રાગ અલાપૈ.

नाहं वसामि वैकुण्ठे योगिनां हृदये न च ।
मद्भक्ता यत्र गायन्ति, तत्र तिष्ठामि नारद ॥

હવે રાજાથી બારણા આગળ ઝાઝો વખત ન ઊભા રહી શકાયું. જાહેર રીતે એ પત્નીની પાસે ગયા. પ્રભુ–પ્રેમનિમગ્ન રાણીનું ધ્યાન હવે સેવામાંથી ભક્તરાજ તરફ ગયું. એણે જોયું કે મારા હરિ–પતિદેવ–હિતોપદેશ આપી સન્માર્ગની મારી વૃત્તિઓને પોષનાર ગુરુ–રાજા અંબરીષ પાસેજ ઊભા છે. એમનો આદરસત્કાર કરવા રાણી ઊભી થઇ, એટલે રાજાએ કહ્યુંઃ "તમારા કાર્યમાં વિક્ષેપ ન પડવા દો. ને 'વૈસેહી બજાવો બીન તાનનિ નવીન લૈકોઝીન સુર કાનપરે, જાતિ મતિ ખોઇએ' પ્રિયે! તમે તો વીણા એક ક્ષણ પણ અટકયા વિના વગાડ્યાજ કરો અને મધુર સ્વરથી પ્રભુનું યશગાન કર્યાજ કરો, કેમકે એ ભક્તિરૂપી અમૃત વગર મારો પ્રાણ અકળાઇ રહ્યો છે."

રાણીના ઉત્સાહમાં પતિના આ શબ્દોથી વધારો થયો. તરતજ એ હાથમાં વીણા લઇને ફરીથી મધુર સ્વરે આલાપવા લાગી. ભજન ગાતાં ગાતાં શ્યામસુંદરની મનમોહક મૂર્તિ તેની આગળ ખડી થઇ ગઇ અને એ એમાંજ મગ્ન થઇ ગઇ. રાજા પણ ભક્તિરસમાં લીન થઈ ગયો. બન્ને જણાંયે એજ પ્રમાણે ભજનમાં રાત્રી ગાળી. એ સુખરાત્રી એમને એક પળ સરખી લાગી. ખરેખર! એ અપૂર્વ સુખ તો જેણે અનુભવ્યું હોય તેજ જાણે! એ સુખમાં પડ્યા પછી મનુષ્ય ભૂખ, તરસ, નિદ્રા બધું વીસરી જાય

છે. જાગૃત, સુષુપ્ત કે સ્વપ્ન અવસ્થાનું પણ તેને ભાન રહેતું નથી અને બાહ્ય ઇંદ્રિયો પોતાનું શાસન છોડી દે છે.

રાણીની ભક્તિના આ સમાચાર બીજી બધી રાણીઓએ સાંભળ્યા કે, આજે તો એના કંઠે પ્રભુનાં ગુણગાન સાંભળવા સારૂ રાજાજીએ આખી રાત એના મહેલમાં વ્યતીત કરી. એ તો બધાની શિરોમણિ થઇ ગઇ, એની બરોબરી તો અમારાથી કેવી રીતે થાય? બધીએ વિચાર કર્યો કે મહારાજા ભગવાનની સેવા અને ભક્તિથીજ પ્રસન્ન થાય છે, માટે અમારે પણ એજ પ્રકારે સેવા અને ભક્તિદ્વારા પતિને વશ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

બધી રાણીઓએ એજ પ્રમાણે કર્યું. વિષયો ઉપરથી બુદ્ધિને ખસેડીને કેવળ ભગવદ્ભજનમાંજ તેઓ રાતદિવસ વ્યતીત કરવા લાગી. રાજા અંબરીષ એમનું વર્તન જોઇને પ્રસન્ન થયા અને બધાનાં મંદિરોમાં પધારીને, ભજનોમાં જોડાઇ, તેમના ઉત્સાહમાં વધારો કરવા લાગ્યા. રાણીઓનો દાખલો જોઇને નગરવાસી જનો પણ રાજાને પ્રસન્ન રાખવા સારૂ ભગવદ્ભક્તિમાં ચિત્ત પરોવવા લાગ્યા. નિત્ય નવા ઉત્સવો અને કીર્તન સમારંભ થવા લાગ્યા. આ પ્રમાણે એક પરમ વિદુષી અને ભક્તિમતી રાણીના પ્રભાવથી ઘેરેઘેર ભક્તિની કલ્પલતા ફેલાઇ ગઈ. ધન્ય છે એ રાણીને!

ग्रंथ बीजो–समाप्त

સ્ત્રીઓને સૂચના

સ્ત્રીઓને સુખી થવા માટે એક સ્ત્રીસહાયક મંડળે આપેલી સૂચનાઓઃ—

૧. ઉડાઉ થશો નહિ. એક પુરુષને આર્થિક પરાધીનતામાંથી છૂટીને સ્વતંત્ર થવાનું ભવિષ્ય જેવું ગમે છે, તેવું બીજું કાંઇ ગમતું નથી.

૨. તમારૂં ઘર સાફ રાખજો. આખો દિવસ કામ કરીને થાકી ગયેલા પુરુષને પોતાના સુવ્યવસ્થિત સ્વચ્છ ઘરથી જેટલો આનંદ મળે છે, તેટલો બીજા કશાથી મળતો નથી.

૩. તમારો દેહ કદરૂપો બને, તેવું કશુંજ થવા દેશો નહિ.

૪. બીજા પુરુષો તમારા તરફ ખેંચાય તેવું પણ કશું કરશો નહિ; કેમકે ઘણીઓ ઘણા અદેખા હોય છે અને કેટલાક નિષ્કારણ વહેમી બને છે.

૫. પતિ વાજબી નિયમ પાળવાનું કહે તો સામાં થતાં નહિ.

૬. તમારા પિયરમાં બહુ વખત ગુમાવશો નહિ.

૭. તમારી કૌટુમ્બિક બાબતોમાં તમારા પાડોશીની સલાહ માનતાં નહિ, અથવા તમારાં પિયરિયાંની સલાહે ચાલવાનો બહુ આગ્રહ કરતાં નહિ, પણ જાતેજ વિચાર કરી લેજો અને તમારા ધણી સાથે મસલત કરજો.

૮. તમારા ધણીને ઉતારી પાડશો નહિ. આવેશમાં પણ તમે તમારા ધણી માટે દર્શાવેલા ખોટા વિચારનો બીજાઓ લાભ લઇ તેને તમારા ધણીના ચારિત્ર્ય અને શક્તિઓનું ખરૂં માપ માનશે.

૯. હસજો, સર્વ બાબતોમાં ધ્યાન રાખજો. તમારો ધણી કંટાળ્યો હશે, થાકયો હશે, તો તમારૂં હાસ્ય તેનો ઉતાર છે. તમારા ધણીની લાગણીઓનો જો તમે ખ્યાલ રાખશો, તો તે પણ તમારી લાગણીઓને માન આપશે.

૧૦. તમારૂં સ્ત્રીત્વ ભૂલશો નહિ. પુરુષો, એ વધારે મોટા થયેલા બાળકો છે. તેઓને તમે પટાવશો, તેની પરવા તેઓ નહિ કરે; પણ દબાવવા જશો, તો સામા થશે અને જો તમે સ્ત્રી-ઉચિત વિનય અને સહનશીલતાથી તેની સાથે વર્તશો, તો તે અવળા સ્વભાવનો હશે, તોપણ તમારા તરફ તેનો સદ્ભાવ ખેંચાશે અને તેને અંકુશમાં રાખી શકાશે.

નવવધૂને ૧૧ ઉપદેશ

જાપાનમાં માતા પુત્રીને લગ્નદિવસે ૧૧ ઉપદેશ આપે છેઃ—

૧. બેટી! આજે લગ્ન થયા પછી તું મારી પુત્રી નહિ રહે. આજ સુધી તું જે પ્રકારે મારી અને તારા પિતાની આજ્ઞા પાળતી રહી છે, તેજ પ્રમાણે હવે તારાં સાસુસસરાની આજ્ઞાનું પાલન કરજે.

૨. લગ્ન પછી માત્ર એક પતિજ તારો સ્વામી થશે. તેની સાથે હમેશાં નમ્રતા અને મોટું મન રાખજે. પોતાના પતિની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું એ સ્ત્રીનો સર્વશ્રેષ્ઠ ગુણ છે.

૩. સાસરિયાં સાથે હમેશાં વિનય અને સહનશીલતા રાખજે.

૪. તેમની સાથે કદી અણબનાવ ન કરીશ, નહિ તો પતિનો પ્રેમ ખોઇશ.

૫. ક્રોધ ના કરીશ; પતિ કંઇ અયોગ્ય કરે, ત્યારે પણ મૌનજ રાખજે. જ્યારે પતિ શાંત થાય, ત્યારે નમ્રતાથી તેમને સમજાવજે.

૬. બહુ વાતો ના કરીશ. જૂઠું ના બોલીશ. પાડોશીની નીંદા પણ ન કરીશ.

૭. હાથ જોનારા વગેરેને તારા ભાગ્યની હકીકત ન પૂછીશ.

૮. તારૂં ગૃહકાર્ય કરકસરથી ચલાવજે અને સાવધાનીપૂર્વક બધી વ્યવસ્થા રાખજે.

૯. તારા પિતાની ઉચ્ચ પદવી અથવા અમીરીનો ફાંકો ન રાખીશ. પતિ સમક્ષ તારા પિતાની ધનાઢ્યતાનાં કદી પણ વખાણ ના કરીશ.

૧૦. તું યુવાન છતાં પણ યુવતીઓના ટોળામાં ન બેસતી. (અર્થાત્ વૃદ્ધો પાસેજ બેસવું હિતકર છે.)

૧૧. હમેશાં સ્વચ્છતા અને લજ્જા જળવાય, એવાંજ વસ્ત્રો પહેરજે. બહુ ભભકાદાર રંગનાં વસ્ત્ર ના પહેરીશ.

આ ઉપદેશ પ્રાચીન કાળથી પરંપરાગત ચાલતો આવ્યો છે.

બહેનો ! આ વાત ન ભૂલશો

મહાભારતમાં ગવાયેલો એક સર્વજ્ઞાત કથા પ્રસંગઃ—

કૌરવોની સાથે દ્યૂતમાં હારેલા પાંડવોની નજર સામે ભર-કૌરવસભામાં દુઃશાસને રજસ્વલા દ્રૌપદીના કેશ અને ચીર ખેંચ્યાં અને પરાજિત (પણ સત્યપાલક) પાંડવોએ એ દારુણ દુરાચાર નમેલે મસ્તકે સહી લીધો. પછી પાંડવો પોતાનું વચન પાળવા વનમાં ફરવા લાગ્યા અને ત્યાં બધે તેમની પાછળ પડછાયાની જેમ, કૌરવોનો અત્યાચાર તેમને સતાવવા લાગ્યો. કૌરવો તરફથી સદાય વરસી રહેલા એ ક્રૂર અને અસહ્ય જૂલમો છતાંયે, તેમનો ક્ષમાશીલ સ્વભાવ એ બધું ભૂલવા લાગ્યો; ત્યારે દ્રૌપદીજી પાંચે પતિઓને પોતાના ખેંચાયલા કેશ અને વસ્ત્રો બતાવી બતાવીને તથા હસ્તિનાપુરના રાજમાર્ગ ઉપર ધૂળમાં રગદોળાયેલી પોતાની દેહ દેખાડી દેખાડીને એ અત્યાચારોનું સ્મરણ કરાવતાં અને કહેતાં કે, “ભૂલવું હોય તો બધુંય ભૂલી જજો; પણ મારૂં—તમારી સ્ત્રીનું—અપમાન ન ભૂલજો.”

ભારતીય બહેનો ! તમારા કેશ અને ચીર આ સરકારના અનેક દુઃશાસનોએ ખેંચ્યાં છે, તમને અનેક દુઃશાસનોએ રસ્તા ઉપર રગદોળી છે, તમારા ઉપર અનેક દુઃશાસનોએ ઘોર અત્યાચાર ગુજાર્યો છે. તમે ભારતના પુરુષોને કહો કે, “ભૂલવું હોય તો બધુંય ભૂલી જજો; પણ અમારૂં-તમારી બહેનોનું, તમારી માતાઓનું, તમારી પત્નીઓનું-અપમાન ન ભૂલજો.” આપણા પુરુષો આજે એ અપમાનો અને અત્યાચારો ભૂલતા જતા લાગે છે. તમારો ધર્મ છે કે આપણા પુરુષોના દિલમાં એ અગ્નિ સદા જ્વલંત રાખવો અને એ અપમાનોની યાદ બુઝાવા ન દેવી. તમે સદાય કહેતાં રહેજો કે, “બધુંય ભૂલજો પણ તમારી નારીઓનું અપમાન ન ભૂલજો.” એ અગ્નિ જો જીવતો હશે, તો એક દિવસ ફરી વાર કુરુક્ષેત્ર મંડાશે અને પાંડવોનો-ધર્મનો-વિજય થયો, તેમ ભારતવર્ષનો વિજય થશે !

(લેખિકાઃ-શ્રી. પાર્વતીદેવી તા. ૬-૯-૨૪ના ‘સૌરાષ્ટ્રમાંથી’)

ઘરેણાં પહેરાવી બાળકોનાં ખૂન કરાવો!

(લેખકઃ—શ્રી. લાભશંકર લક્ષ્મીદાસ, જૂનાગઢ)

આ દેશમાં અવિચારી હિંદુ તથા મુસલમાન માબાપો પોતાનાં બાળકોને ઘરેણાં પહેરાવે છે અને તેને પરિણામે સેંકડો બિચારાં બાળકોનાં જુદી જુદી રીતે ખૂન થાય છે.

હાલમાં બિજાપુરમાં બાર વરસની ઉંમરના એક હિંદુ છોકરાને બે બદમાશોએ ગળું દાબીને તેનાં ઘરેણાં માટે મારી નાખ્યો છે અને તેના માટે એક તહોમતદારને ફાંસીની સજા અને બીજાને જન્મ દેશનિકાલની સજા થયેલી છે.

તે હતભાગી છોકરાની લાશને તેની માએ મરેલી હાલતમાં ઓળખી હશે, ત્યારે તેણે કેટલી બૂમો પાડી હશે, કેટલા જોરથી છાતી કૂટી હશે અને પોતાના વહાલા દીકરાને ઘરેણાં પહેરાવીને પોતેજ તેનું ખૂન કરાવવા માટે તે મૂરખ સ્ત્રી કેટલી બધી પસ્તાણી હશે? વળી બીજી તરફ ફાંસી તથા જન્મદેશનિકાલની સજા પામેલા તહોમતદારોનાં કુટુંબોમાં પણ કેવી ત્રાસદાયક મોકાણ થઈ હશે; તેનો ખ્યાલ કોણ કરી શકશે? બીજા એક કેસમાં એક મુસલમાને પોતાના પાંચ વરસના ભત્રીજાને માત્ર ચાર રૂપિયાનાં ઘરેણાં માટે એક કૂવામાં નાખીને મારી નાખ્યો હતો!

મારા પોતાના શહેર જૂનાગઢની સરકારી કન્યાશાળામાં ઘરેણાં માટે થતાં ખૂનો સંબંધી મારાં હેંડબીલો મેં કેટલીક મુદત ઉપર ફેલાવેલાં હતાં. તે ચેતવણીની દરકાર નહિ કરીને એક છોકરી ઘરેણાં પહેરીને નિશાળે જતી હતી, તેવામાં કોઇ બદમાશ તેને મળ્યો, તે તેને ફોસલાવીને એકાંત જગ્યામાં લઇ ગયો, અને ત્યાં તેને નિર્દય રીતે મારી નાખીને તે બદમાશ તેનાં ઘરેણાં લઇ ગયો!

અહમદનગર જિલ્લાના એક ગામમાં પાંચ વરસની એક છોકરીના દાગીના માટે એક શખસે તેનું ગળું તથા પગ કાપી નાખીને મારી નાખી, તે માટે અહમદનગરના સેશન્સ જજે તે ખૂનીને ફાંસીની સજા કરી છે.

ઉપર પ્રમાણે કાંઈ સેંકડો ખૂનોના રિપોર્ટ આજ સુધીમાં વર્તમાનપત્રોમાં છપાયા છે, પણ હતભાગી હિંદુ તથા મુસલમાન માબાપો બસ ચેતતાંજ નથી. તેઓ તો પોતાનાં બાળકોને ઘરેણાં પહેરાવ્યેજ જાય છે અને પછી જ્યારે બાળકનું ખૂન થાય છે ત્યારે પોતાની મૂર્ખાઇ માટે પોક મૂકે છે!

कचकडानी वस्तुओ वापरवामां पाप छे.

કચકડા માટે બિચારા લાખો કાચબાને કેવું ત્રાસદાયક દુઃખ દેવામાં આવે છે તેનું વર્ણન નીચે પ્રમાણે છેઃ—

“ રાત્રે માછીમારો કિનારા ઉપર જેમ બને તેમ છુપાઈ રહે છે અને જ્યારે કાચબાઓ પાણીની બહાર નીકળીને જમીન ઉપર આવે છે ત્યારે તે માછીમારો દોડી જઇને લોઢાના આંકડાવતી તેમને ચત્તા કરી નાખે છે અને સવાર સુધી એજ સ્થિતિમાં રાખે છે. પછી સવાર પડતાં તેમને કુદરતી સ્થિતિમાં ઊંધા પાડે છે અને ખીલીઓ સાથે તેમને મજબૂત બાંધે છે. પછી તેમની પીઠ પર સૂકાં પાંદડાં કે ઘાસ પાથરીને સળગાવે છે. ઢાલ (કાચબાની પીઠ) સાંધાઓથી છૂટી પડે પણ તે બગડે નહિ એટલી આગ લગાડવામાં આવે છે. પછી એક છરી ઢાલ નીચે ઘાલીને આસ્તે આસ્તે કાચબાની પીઠ કાપી જુદી પાડવામાં આવે છે. કોઇ પણ માણસ સહેજે સમજી શકશે કે એ ક્રિયા ઘણીજ ઘાતકી છે અને ઘણા કાચબાઓ તેથી મરી જાય છે; પરંતુ ઘણાખરા તેથી મરતા નથી અને વખત જતાં માણસની આંગળી ઉપરથી ઊખડેલો નખ પાછો ઊગે તેમ તે કાચબાઓને પણ નવી ઢાલ ઊગે છે.”

ઉપર પ્રમાણે જ્યાંસુધી બિચારા કાચબાઓ જીવતા રહે અને તેમને ફરી ફરીને ઢાલ આવે ત્યાંસુધી ફરી ફરીને પકડીને ભયંકર દુઃખ દેવામાં આવે છે; માટે દરેક દયાળુ સ્ત્રીપુરુષની ફરજ છે કે એવી ક્રૂર રીતે મેળવેલી કાચબાની ઢાલ એટલે કચકડાના કરડા, વીંટી, બટન, ઘડિયાળની સાંકળી, કાંસકી વગેરે વસ્તુઓ વાપરવી જોઇએ નહિ.

रबरनां रमकडांमांथी बाळकोने लागु पडतुं झेर

જે માબાપો બચ્ચાંને રબરનાં રમકડાં રમવા આપે છે, તેમને ખબર નથી હોતી કે તેથી તેઓ પોતાનાં વહાલાં બચ્ચાંઓની હોજરીમાં ઝેર દાખલ કરે છે. રબરનાં રમકડાંની બનાવટમાં સીસાનો ક્ષાર (વ્હાઇટ લૅડ) સફેદો વાપરવામાં આવે છે. આ ક્ષાર ઘણોજ ઝેરી ગણાય છે. જ્યારે બચ્ચાંઓ આવાં રમકડાં મોઢામાં નાખે છે ત્યારે તેના પેટની અંદર આ ઝેરી ક્ષાર જાય છે અને બચ્ચાંઓને અનેક દરદો જેવાં કે ખરાબ દાંત, બેવડો વળી ગયેલ બરડો, ગાગર જેવું પેટ વગેરે થાય છે. જે માતાઓ પોતાનાં બચ્ચાંઓને રમવાને માટે રબરની 'ધાવણી' આપે છે તે આનાથી ધડો લેશે કે? જૂના જમાનાની લાકડાની ધાવણીજ ઉત્તમ છે. રબરના કરતાં તે સસ્તી પણ મળે છે. બીજાં રમકડાં પણ લાકડાનાં અગર સફેદ કાચનાં વાપરવાં જોઇએ.

क्रोध वखते माताना धावणमां ऊपजतुं झेर

વિદ્વાન ડૉક્ટરોએ એવી પરીક્ષા કરી છે કે જે માતા પોતાના બાળકને ધવરાવતી વખતે ક્રોધમાં આવેલી હોય છે તે માતાના ધાવણમાં અમુક પ્રકારનું ઝેર પેદા થાય છે. એક વખત એક માતા તેની પડોશણ સાથે ખૂબ લડવાડ કરીને ઘણીજ ગુસ્સે થઇ ગઇ હતી. એવી હાલતમાં ઘેર આવીને તરતજ પોતાના બાળકને ધવરાવવા છાતીએ વળગાડ્યું. બાળક ધાવ્યું કે તરત તેને આંચકી આવવા લાગી અને મરવા પડ્યું હોય તેવાં ચિહ્નો દેખાયાં. આટલા કારણસરજ આપણી ડોસીઓ જ્યારે જ્યારે માતા બાળકને ધવરાવવા બેસે છે ત્યારે તેને શાંત મનથી બેસીને બાળકને ધવરાવવાની સૂચના કરે છે. હાલના જમાનાની જુવાન માતાઓ આ ડોસીશાસ્ત્રનો અર્થ સમજશે કે પોતાનું ડહાપણ ચલાવશે? (તા. ૩૧-૫-૨૪ના 'હિંદુસ્તાન'માંથી)

ગ્રંથસેવનનો મહિમા

यस्यास्ति सद्ग्रंथविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્ જેને સારા સારા ગ્રંથો વાંચવા વિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય, તેને ચપળાના (લક્ષ્મીના—ઈના) શુષ્ક વિનોદ શી ગણુતરીમાં છે ?

"પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"બંધુઓ ! સારાં પુસ્તકો એટલે શું એ તમે જાણો છો ? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો ? ભાઈ ! હજી આપણે એ નથી સમજતા. જો સમજતા હોઈએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે, જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે ને પુસ્તકો તે લાભ લઈ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ તે પુસ્તકો છે; જ્ઞાન એ સોનાની ખાણુ છે અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર પંખાઓ છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવા લાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો તે રોટલા છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનીય દેવો છે."

—સ્વ૦ પઢિયાર

"પુસ્તકોમાં હું ગૂંથાયેલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તો પણ હું કાયર થાત નહિ; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઊલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતર્વિચાર પણ કરી શકશો."

—મહાત્મા ગાંધીજી